સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ ૯ ફેબ્રુઆરિ ૧૯૪૦ અંક ૧૨

• અનુક્રમ •

સોહરાબ [illegible]	શ્રી ધૂમકેતુ	૮૭૫
[illegible]	શ્રી [illegible]	૮૭૭
[illegible] મિ[illegible]	શ્રી સાંદીપનિ	૮૫૯
[illegible]	શ્રી [illegible]	૮૮૬
[illegible] અને સ્વપ્ન	શ્રી [illegible]	૮૮૮
[illegible]નીમાં જૈનોની [illegible]	શ્રી [illegible] કોઠારી	૮૯૩
[illegible] ચિંતન	શ્રી [illegible]	૮૯૭
આપણા [illegible]	શ્રી [illegible]	૮૯૨
[illegible] મના સુધી	શ્રી [illegible]	૯૦૫
[illegible] ખરી પડ્યું	શ્રી [illegible]	૯૧૦
સમાજના [illegible]ને [illegible]	શ્રી [illegible] દેસાઈ	૯૨૦
ફ્રાન્સ શા માટે [illegible]	શ્રી [illegible]	૯૨૬
[illegible]	શ્રી [illegible]	૯૪૪
[illegible]	[illegible]	૯૪૦

• સંપાદકો •

[illegible]લાલ મહેતા . ઈશ્વરલાલ દવે
[illegible]લાલ શાહ : હરપ્રસન્ન [illegible]

વાર્ષિક લવાજમ

અમદાવાદમાં	પરદેશમાં
[illegible]	૨ [illegible]

છૂટક આઠ આના

સાહિત્ય સંઘ શ્રીમાળી સોસાયટી પો. બૉ. ૭૩ અમદાવાદ

લાઇન, હાફ્ટોન તથા વધારે કલરનાં હાઇકલાસ

બ્લોક, ડીઝાઈન તથા સિને-સ્લાઇડ

બનાવનાર

ભારતી સાહિત્ય સંઘનાં પ્રકાશનોના બધા બ્લૉક અમે બનાવીએ છીએ

ટે. નં. ૩૧૯૭૫ **નવું ઠેકાણું નોંધી લેશોજી** રે. એડ્રેસ 'લૉજ'

રહેવા તથા જમવાની — સગવડ માટે જાણીતું

ઠે. ૧૭૭/૧૭૯ હૉર્નબી રોડ, બોરીબંદર ટ્રામટરમીનસ પાસે,

ભાટિયા હાઇસ્કૂલની બાજુમાં

ફોર્ટ : મુંબઈ

HAPATIYA VIDYA BHAVAN.

ઊર્મિ

• વાર્ષિક લવાજમ •

દેશમાં	બ્રહ્મદેશમાં	પરદેશ
૫-૦-૦	૫-૮-૦	૬-૮-૦

ફેબ્રુઆરી ૧૯૪૦

લેખ સંબંધી

૧. જે લેખનો સ્વીકાર કરવામાં આવે તે લેખ જે પહેલા જ અંકમાં પ્રગટ થઇ શકે એમ હોય તો તેના લેખકને ખબર આપવામાં આવતી નથી. જે લેખનું પ્રકાશન મોડું થવાનું હોય તેની ખબર આપવાનો રિવાજ છે.

૨. જે લેખ સાથે ટપાલખર્ચ નથી હોતું તે લેખ જો સ્વીકારવા યોગ્ય ન લાગે તો રદ્દ કરવામાં આવે છે.

૩. જે લેખનો અસ્વીકાર કરવામાં આવે તેનાં કારણો આપવાને અમે બંધાયેલા નથી. અમારા તરફથી કારણો ન મળે તો અમે નથી રાખવા ઇચ્છતા એમ સમજવું.

૪. કોઈ પણ લેખકનો લેખ જે અંકમાં છપાય તે અંક અને તે લેખની છૂટી પાંચ પ્રતો જ લેખકને મોકલવાનો રિવાજ છે કોઇ પણ કારણસર છૂટી પ્રતો ન મોકલી શકાય તો ફરીથી છપાવી આપવાનું જોખમ અમે સ્વીકારતા નથી.

વ્યવસ્થા સંબંધી

૧. કોઈ પણ ફરિયાદ માટે જવાબી ટપાલખર્ચ અને ગ્રાહકનંબર જણાવવો જરૂરી છે.

૨. જે ગ્રાહકોનું લવાજમ પૂરું થવા આવે છે તેને અગિયારમા અંક સાથે એ જાતની ચેતવણી મોકલવામાં આવે છે. અને એમના તરફથી વખતસર જવાબ નથી આવતો તો બારમો અંક એમને વી. પી. થી મોકલવામાં આવે છે. વી. પી. રૂા. ૫-૪-૦ નું થાય છે, તે ન સ્વીકારે તો છેલ્લો અંક વી. પી. ખર્ચના ચાર આના મોકલીને જ તે પાછો મેળવી શકે છે.

૩. અંગ્રેજી મહિનાના પહેલા અઠવાડિયામાં જ 'ઊર્મિ' નો અંક પ્રાપ્ત ન થાય તો ગ્રાહકોને વિનંતી છે કે તેમણે ટપાલઑફિસમાં ખબર કાઢવી અને ટપાલખાતા તરફથી જે લેખિત જવાબ આવે તે અહીં મોકલી આપવા, એમને તે અંકની બીજી નકલ મોકલી આપવામાં આવે છે.

વર્ષ નવમું ફેબ્રુઆરી ૧૯૪૦ અંક બારમો

લોકરંજન

લોકપ્રિય થવા માટે કોઇ કલા પોતાનું ધોરણ નીચું રાખે તો એથી એ જીવનપ્રતિ દ્રોહ કરતી નથી એવી સાધારણ રીતે ફેલાતી જતી માન્યતા એ સાચી માન્યતા નથી. જ્યારે પોતાને માટે રાખેલી અમુક 'રેખા' નું કોઇ પણ કલા સીમોલ્લંઘન કરે, ત્યારે સાવચેતીનો એક સૂર સંભળાવવો પડે છે કે, કલા લોકપ્રિય થવા માટે નથી, પણ લોકને કલાપ્રિય બનાવવા માટે છે. પ્રજાનુરંજનને નામે ઘણી વખત કલાકાર પોતાની અશક્તિ છુપાવતો હોય છે. ખરી અને સાચી કલા, પછી એની ભાષા રંગમાં હોય, પથ્થરમાં હોય, શબ્દમાં હોય, અભિનયમાં હોય કે સ્વરમાં હોય—પોતાનું અમુક ઉચ્ચ ધોરણ જાળવી રાખવાનો આગ્રહ તો તે રાખે છે જ અને એ ઉચ્ચ ધોરણનો ત્યાગ કરવાથી જ લોકને પહોંચી શકાય તેમ છે, એવી માન્યતા, એ જીવન પ્રતિનો દ્રોહ છે, કારણ કે એમાં પોતાની નિર્બળતા ન જોવાની આપઘાતી શૈલી કામ કરી રહેલી હોય છે, અથવા તો સિદ્ધાંતત્યાગ કરનારું આપઘાતી માનસ દોરવણી આપતું હોય છે. આધુનિક સમાજના જ સઘળા પ્રશ્નો લેવાથી, અને વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ જ નજર સમક્ષ રાખવાથી, કોઇ પણ કલા જીવન-સન્મુખ છે, એવી માન્યતા રાખવી એ પણ એવો જ એક બીજો ભ્રમ છે. આધુનિક સમાજનો કે વર્તમાનકાલીન પરિસ્થિતિનો બહિષ્કાર કરવા માત્રથી જેમ classical કલાનું ઉત્તમાંગ સાધ્ય કરી શકાતું નથી, પણ તેને માટે તો કલાકારની પોતાની પ્રાણશક્તિ ઉપર જ ઘણો આધાર રહે છે, તેમ કેવળ વર્તમાનકાલ અને આધુનિક સમાજ એવા બે શબ્દો વડે કોઇ પણ કલાને આપણે જીવનપ્રતિ દ્રષ્ટિ રાખનારીનું 'સર્ટિફિકેટ' આપી શકીએ નહિ. ખરી રીતે જીવનપ્રતિ દ્રષ્ટિ રાખનારી કોઇ પણ કલા જીવનના સઘળા જ પ્રશ્નોને, અને જીવનના સઘળા જ કાળને, સરખી સરસતાથી સ્પર્શી શકે છે. અને એ તમને પોતાના પ્રાણથી પ્રાણવાન બનાવી, સઘળી પરિસ્થિતિ અને સમયમાં વહી રહેલી જીવનદૃષ્ટિ બતાવે છે. કલાને પ્રાચીન અને અર્વાચીન, સામાજિક ને શિષ્ટ, આધુનિક ને

ભૂતકાલીન, એવી એવી ચિઠ્ઠીઓ લગાડવી એ એક પ્રકારનો વિચારભ્રમ જણાય છે એ ખરું છે કે અમુક પ્રકારના આપણા પ્રશ્નો એ ભૂતકાળના પ્રશ્નો ન હતા, અને નથી આપણા પ્રશ્નોની આપણે આપણી રીતે છણાવટ કરીએ એ પણ જરૂરી છે પણ એવી છણાવટ કરવા માટે માણસે પોતાનામાં રહેલી મગજની વિકૃતિનો આશ્રય લેવો પડે અને એ જે કાંઈ રજૂ કરે તે એવી કઢંગી શૈલીમાં હોય કે જેથી કેવળ ઘૂણા જ ઉત્પન્ન થાય, તો કલાના હાર્દનું આ રીતે ખૂન થાય છે કે એ જોનારને દૃષ્ટિ આપવાને બદલે અંધકાર આપે છે—એવો અંધકાર કે જેમાંથી શો રસ્તો હોઈ શકે એની ખબર જ કોઈને પડતી નથી જે કલા, દૃષ્ટિ ન આપે તે ભલે ને વાસ્તવિક દુનિયાની રેખાએ રેખા શું, રજેરજ કેમ રજૂ કરતી નથી, પણ એ કલા જ નથી એ તો એક પ્રકારનો માનસભ્રમ છે અને કદાચ એ નિશ્ચેતન અવસ્થાની આગાહી છે

લોકરંજન એ કલાનું પ્રધાન અંગ નથી એ એનું આવશ્યક છતાં ગૌણ અંગ છે બહુ જૂજ અપવાદો બાદ કરતાં, સાચી કલાને લોકો સામાન્ય રીતે જાણી શકવા જેટલી શક્તિ ધરાવે છે જ લોકરંજન કરવાનું મારું કામ નથી કલાના એ કાંઈક ગર્વ એકરારમાં જેમ સત્યાભાસ છે, તેમ લોકરંજન પ્રત્યે જ દૃષ્ટિ રાખવી એ એવો જ બીજો સત્યાભાસ છે લોકને ઘણી વખત તો અમુક સમય ગયા પછી જ દૃષ્ટિ મળે છે અને એટલા વખતમાં પોતે લોકપ્રિયતા ખોઈ બેસશે એ ભીરુતાથી કોઈ કલાકારે પોતાનું સામાન્ય ધોરણ તજવાની જરૂર નથી

આજે જ્યારે, જીવનસંમુખ-દૃષ્ટિ ને જીવનવિમુખ-દૃષ્ટિ એ બંને અતિ મહત્ત્વની વિચારસરણી રજૂ થાય છે ત્યારે એ બંને પરિસ્થિતિમાં જે સત્ય છે અને જે આભાસ છે એનો સ્પષ્ટ ખ્યાલ વિચારકને આવી જવો જોઈએ નહિતર તો ઘણી વખત પોતાની અશક્તિને જ શક્તિ માનનારું ભ્રમિત માનસ ઉત્પન્ન થાય, ને કલા કનસે ઠેકાણે રહે, ને વ્યક્તિ કેવળ સમાજદ્વેષને જ સામર્થ્ય ગણવાની ભુલભુલામણીમાં પડી, પોતાની અધોગતિનું નિર્માણ કરે આજે જ્યારે આપણા સમાજમાં અનેક સંગ્રામો અને સંવેદનો, અનેક નવા પ્રશ્નો અને અનેક સમસ્યાઓ ઊભી થઈ એક તુમુલ જીવનમંથન ચાલી રહ્યું છે, તે વખતે સૌ લોકવિકાસ તરફ દૃષ્ટિ રાખનારાઓનો ધર્મ છે કે એમના વિચાર, એમની શૈલી, એમની કલા, એમની ઉપાસના, એમની દૃષ્ટિ લોકસંગ્રહ માટે રહે અને પોતાની જાતવિજ્ઞાપન માટેની એમની વૃત્તિ હમેશાં આઘા ને આઘા રહે શુદ્ધમાં શુદ્ધ વિચારસરણીને પણ સ્વ-અભિમાનનું એક નાનું સરખું બીજ એટલું તો કલુષિત કરી મૂકે છે કે લોકસંગ્રહમાં એની કાંઈ જ કિંમત રહેતી નથી

નવલકથાનું વાતાવરણ

શ્રી કાકાસાહેબ કાલેલકર

કોઈ પણ નવલકથાનું નિરીક્ષણ-પરીક્ષણ કરવા માટેની આવશ્યક પૂર્વ તૈયારી મારી પાસે નથી. પણ આ ઊણપની પૂર્તિ નવા વાચનારમાં જડી આવતી ભોળી ઉત્કંઠાએ સરસ રીતે કરી છે. વાર્તાની ચોપડી વાચવા વિષે સાવ નાનપણમાં જે કુતૂહલ રહેતું તે હજી પણ કાયમ છે, પણ નિબંધ કરતાં નવલકથામાં વખત ઓછો જાય છે અને જ્ઞાનમાં વળતર ઓછું મળે છે એ નથી ગમતું. કોઈ પણ પુસ્તક મને 'બેચી કાઢતાં' આવડતું નથી. તેવો પ્રયત્ન કરતાં વાચનનો કશો લાભ મળતો નથી.

પ્રથમ વાચન વખતે ટીકાદૃષ્ટિને સ્થાન આપવું નહિ. લેખક સાથે તદ્દન એકરૂપ થઈને તેની કલાને વશ થઈને વાચવું એ મારી પદ્ધતિ છે, એ મારો સ્વભાવ જ છે. એટલે કોઈ પણ પુસ્તક વાચતાં મને એમાંથી અધિકાધિક આનંદ મેળવતાં આવડે છે.

* * *

તે દિવસની નવલકથા વાચતાં આ આનંદ વિરમ કરનારી એક વાત હતી તે ડગલે ને પગલે છૂટતો સિગારેટનો ધુમાડો. ગોલ્ડફ્લેક હો કે બીજી કોઈ ઇજિપ્શન સિગાર હો, મને એથી ગૂંગળામણ થાય છે. સાર્વજનિક જીવનમાં જેમને વિષે આદર છે એવી વ્યક્તિઓને ધૂમ્રપાન કરતી ઘણી વાર સહન કરી લેવી પડે છે, પણ પોતાની જ ઓરડીમાં એકાંતમાં બેસીને એકાદ નવલકથા વાચતાં હોઈએ ત્યારે એમાંથી પણ એ બલા જ્યારે પીછો છોડતી નથી ત્યારે ખૂબ કંટાળી જવાય છે.

આજકાલના ઘણા કથાલેખકોને, જે જે પાત્રો વિષે તેઓ સહાનુભૂતિ ઉત્પન્ન કરાવે છે તેને અમુક ફૅશનેબલ વ્યસનો હોવાનાં વર્ણનો કરીને એ વ્યસનો પરત્વે લોકોમાં સહનશીલતા, કૌતુક અથવા આકર્ષણ ઉત્પન્ન કરવાની ટેવ પડેલી દેખાય છે. ચા, કૉફી, ઑવલ્ટાઈન, સિગારેટ, પત્તા વગેરે વસ્તુઓ વેચવા માટે કારખાનદારોએ મોટી મોટી સિંડીકેટો કરી છે, એટલે કોઈ ખાસ કારખાનદારનું નામ ન આપતાં તે તે પદાર્થો વિષે લોકોના મનમાં રસ ઉત્પન્ન કરાય તોપણ કારખાનદારોને બસ છે. આ જાણ્યા પછી ઘણી વાર મનમાં શંકા ઊઠે છે કે આ વાર્તાલેખકોને, આમ એ વસ્તુઓ પ્રત્યે આકર્ષણ પેદા કરવા, સારું સરખું કમિશન તો નહિ મળતું હોય? એ સિવાય પોતાની વાર્તાના વાતાવરણને આવું ધૂમ્રધૂસર કરવાથી તેમને બીજો શો ફાયદો થતો હશે? એ વ્યસનોને સમાજમાં કેટલું ખોટું મહત્ત્વ મળેલું છે તે કંઈ કોઈને કહેવું પડે તેવું નથી, પણ એના વર્ણન વિના કથાનકની વાસ્તવિકતા ઓછી થાય છે, એમ માનવાનું કારણ નથી. પહેલાંના કલાકારો ઇરાદાપૂર્વક ખાણાપીણાંના પ્રસંગોનાં વર્ણનો નહોતા કરતા. હવેના લેખકવાચક આવાં વર્ણનોમાં રાચે છે. કદાચ 'મુક્તાત્મા'ઓને એ આવશ્યક હશે! રતિવિહાર, આલિંગન-ચુંબન, મિજમાનીઓ, નાસ્તા, ચાપાણી, ધૂમ્રપાન, મદિરાપાન—આ બધી બાબતો સાહિત્યિક વર્ણનોમાં આવ્યા પછી જાજરૂ જવું, લઘુશંકાએ જવું, એના જેવા આરામ આપનારા વિધિ વર્ણ્યવિષયો કેમ ન થઈ શકે તે સમજાતું નથી. ઉપનિષદ્‌માં ગાડા નીચે બેસીને ખરજવું ખજવાળતા એક ઋષિનું વર્ણન આવ્યું છે,

મહાભારતમાં ઉત્તર દિશાના ઘરમાં મહેમાન થઈને રહેલા એક ભોળા ઋષિનો સ્નાનાનંદ ખૂબ શ્રદ્ધાથી આલેખાયો છે જો આપણા વાર્તાલેખકો અફીણ ખાવા લાગે તો તેઓ પણ શૌચાનંદની નિજાનંદ કળી જઈને તેની ઉપર પણ લખવા બેસી જાય! એક અંગ્રેજી નવલકથામાં લડતા સિપાહીઓને ખુલ્લા મેદાનમાં શૌચ જવાનું મળતાં થતા શૌચાનંદનું વર્ણન છે, પણ ત્યાં એ યોગ્ય પણ છે

પણ આગગાડી અને ટ્રામમાં જેમ તમાકુનો ધુમાડો પરાણે સહન કરવો પડે છે તેમ વાર્તા વાંચતાં પણ એ ધુમાડો સહન કરવો પડે એ કેટલું દુર્ભાગ્ય!

* * *

શુદ્ધ કલાત્મક આનંદ અનુભવવાનાં સાધન ઇંદ્રિયો તે આંખ, કાન અને વાણી (કંઠ) તેમ જ તાલબદ્ધ હલનચલન અને વિશિષ્ટ પ્રકારના હાવભાવ—આમાં આનંદ અનુભવનારી ઇંદ્રિયો અને તેના વિષયો દૂર રહી શકે છે અને તેથી જ તટસ્થપણે તેનો આસ્વાદ લઈ શકે છે જ્યાં પ્રત્યક્ષ સ્પર્શ થયો ત્યાં નિર્મળ આનંદ હોઈ શકે નહિ ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते। એ ગીતાના સૂત્રમાં ઉપનો સિદ્ધાંત જોવાને મન લલચાય છે, પણ તે જતો કરવો પડે છે सुखमात्यन्तिकं यत्तद् बुद्धिग्राह्यमतीन्द्रियम् । અહીં માત્ર આત્યંતિક સુખ એટલે કલાત્મક સુખ એવો અર્થ કરીએ તો ચાલે એમ લાગે છે નાક, રસના (જીભ) અને ત્વચા એ પ્રધાનપણે ભોગેન્દ્રિયો છે અહીં ઇંદ્રિયોનો વિષયો સાથે સ્થૂળ સ્પર્શ થાય છે અને તેથી એમાંથી ભોગવિલાસ અવતરે છે કલાત્મક અને નિર્વિષય આનંદને આ સ્થિતિ અનુકૂળ નથી

* * *

કેટલાક પાપભીરુ લોકો પાપી વાસના છોડી શકતા નથી, અને કોઈ પણ કારણે પ્રત્યક્ષ પાપનું સેવન એમનાથી થતું નથી આવા લોક બહારથી અલિપ્ત રહી સર્વ પ્રકારના ભોગવિલાસનું માનસપૂજાની પેઠે સવિસ્તર માનસિક સેવન કરતા હોય છે

પૃથક્કરણ-પ્રવીણ એવા આજકાલના માનસ શાસ્ત્રીઓ કહે છે કે જે કોઈ વિષયોનું આવું માનસિક સેવન કર્યા કરે છે તે શારીરિક માનસિક અને સામાજિક રોગ જ પેદા કરે છે He who desires but acts not breeds pestilence આજકાલનું અમુક લલિત સાહિત્ય લોકોને વિષય સેવનની માનસિક આવૃત્તિ અખંડ ચાલુ રાખવાનું શિખવાડી, ઉપર કહ્યા પ્રમાણે ત્રિવિધ રોગો ઉત્પન્ન નથી કરતું શું? દારૂનો એક વાર સ્વાદ લાગ્યો એટલે એનું પ્રમાણ ઉત્તરોત્તર વધારવાનું હમેશાં મન થયા કરે છે, એમ કહે છે અને પછી આગળ જતાં દારૂના નશામાં હોવું એ જ સ્વાભાવિક સ્થિતિ થઈ પડતાં વિશેષ નશો ચડાવવા સોમલ ખાવા, અફીણના ઇન્જેક્શન લેવા કે સાપ કરડાવવા સુધી લોકો પહોંચી જાય છે

સદભિરુચિ કોને કહેવી, વ્રીડા-શાલીનતા વગેરેનું કવચ કેટલું ટકવા દેવું સંયમ-સંકોચ સામાજિક સ્વાસ્થ્યને માટે કેટલે અંશે ઉપયોગી છે, વગેરે બાબતોમાં જૂનો આદર્શ ફગાવી દઈને સમાજને સ્વચ્છંદતા તરફ ધસડી જવો એ આજકાલના વાર્તાલેખકોને પોતાનો સ્વધર્મ અને યુગધર્મ લાગે છે? સ્ત્રીઓના કુમળા અને કૂણા અવયવોના વર્ણન કરવાં સંયમ રૂપી ધૈર્યમેરુને હચમચાવી દે તેવા પ્રસંગના રસના ઘૂંટડા ભરાવવું વર્ણન કરવું, નિર્બળતાનો શક્ય તેટલો બચાવ કરવો અને વિલાસિતાને અધિકાધિક સુંદર કરી દેખાડવી to justify weakness and to beautify passions, અને અંતે સદાચારના સર્વ નિયમો કઠોર છે જુલમી છે એવું સિદ્ધ કરવા માટે કલ્પનાશક્તિ દોડાવી શક્ય તેટલા અપવાદો લોકોની સામે મૂકતા રહેવું એ આજકાલના કેટલાક કલાકારોનો જાણે સ્વધર્મ અને યુગધર્મ થઈ પડ્યો છે

સામાજિક રૂઢિમાં વાંધાભર્યું અને કઠોર એવું ઘણું છે તે દૂર કરીને, રૂઢિ બદલીને નીતિના નિયમ સુધારવા જોઈએ એ વિષે પણ શંકા નથી આવા પ્રકારનો પ્રયત્ન સમાજસુધારકોએ કર્યો પણ છે પણ જડવાદ અને શૂન્યવાદનો ધર્મ સ્વીકારીને અમે પીનલ કોડ અને વૈદ્યશાસ્ત્રથી બહારના કશાને માનતા નથી એવું કહેવાનો વખત આણવો એ કોઈ કલ્યાણો પાસના નથી પછી કોઈ જરૂર કહે કે કાયદાને પણ શા માટે માનવા? કોઈ કહે છે,

પરસ્પર નિષ્ઠા એ જ સદાચાર; એને સાચવવા માટે જુલ્મી, ઢોંગી અથવા ભોળા સમાજને થોડોક છેતરીએ તો ય શું? એથી આગળ જનારા લોક કહે છે કે કુદરતમાં જ્યાં સર્વત્ર કાપાકાપી ચાલુ છે ત્યાં ભ્રૂણહત્યા અથવા ખૂનથી આટલા ગભરાવું શાને? Supermanને કશાનો જ બાધ ન હોવો જોઈએ. એ તો ઇન્દ્રની પેઠે કોઈ પણ વસ્તુની પરવા વિનાનો હોવો જોઈએ !!

સદાચારમાં ભરતી અને ઓટ બંને હોય છે. પણ કલાને નામે, સ્વતંત્રતાને નામે, અને અનિર્બંધનને નામે દુરાચારના આચાર્ય બનવાનું જીવનકાર્ય આ યુગના કેટલાક કલાકારોને જ મળ્યું લાગે છે.

બધા જ કલાકારો અને વાર્તાલેખકો આ આરોપને પાત્ર નથી. તત્ત્વતઃ સ્વચ્છંદતાનો સિદ્ધાંત સ્વીકારનારા લેખકો પણ ઓછેવત્તે અંશે મનની અને જનતાની શરમ રાખનારા હોય છે. પણ કેટલાક ઊગતા લેખકો પોતાની કારકિર્દીની શરૂઆતમાં સમાજ સહજે છળી શકે એવું જ અલ્પસ્વલ્પ બંડ ઉઠાવીને પ્રતિષ્ઠા મેળવે છે. અને પછી ધીમે ધીમે આટલે સુધી જવામાં શો વાંધો છે, એવો યુક્તિવાદ લડાવીને તેઓ એક એક ડગલું આગળ મૂકતા જાય છે, અને પછી કીર્તિ અને પ્રાપ્તિ વધે એટલે સંકોચ અને બીક સ્વાભાવિક રીતે જ દબાઈ જાય છે અને તે એક રાજકારણ સિવાય બાકીનાં સર્વ ક્ષેત્રોમાં સ્વાતંત્ર્યવીર બનીને ઘૂમવા લાગે છે. બધાનું આમ બને છે એમ નહિ, પણ જ્યાં ત્યાં વલણ આવું દેખાય છે. માત્ર હિંમત બધાને સરખી મળેલી નથી હોતી.

સાહિત્ય અને કલામાં આવું વાતાવરણ જામવાથી સમાજનો સદાચાર શિથિલ થાય છે એ ફરિયાદ જો કે સાચી અને મહત્ત્વની છે તોયે પણ એ ફરિયાદ અહીં ન કરતાં, એવા નીતિજન્ય વાતાવરણથી કલાનો આદર્શ અને કલાની અનુભૂતિ બન્ને ક્ષીણ થાય છે એટલું જ મારે અહીં કહેવું છે.

૧૯૩૭ [मूळ मराठी नोंद परथी]

☆

અમદાવાદની મિલહોટેલ

[રેખાચિત્ર]

સાંદીપનિ

આપણે મળ્યાં છીએ કદી?

અમદાવાદને તો તમે ઓછામાં ઓછું એક વાર જોયું જ હશે. માણેકનાથથી માંડીને તે મહાત્માજી સુધીના ગાળાના સવાપાંચસો વર્ષના અમરંગી ઇતિહાસથી સમૃદ્ધ એવા ગુજરાતના અર્વાચીન પાટનગરને જો ધરાઈને જોઈ લેવાના ઉમળકાથી જ તમે આવી ગયા હશો, તો તો માણેકનાથનાં સ્મરણોથી અંકિત એવા એના કિલ્લાથી માંડીને તે મહાત્માજીના પ્રતીક સરખા સાબરમતી આશ્રમ સુધીનાં સ્થળોનું મનભર દર્શન કર્યું હશે. કોઈ રસિક મિત્રને સાધીને એ પ્રત્યેકના માહાત્મ્યની રંગદર્શી દંતકથાઓ પણ ઘડીભર યાત્રાળુની આસ્થા રાખીને સાંભળી હશે. એકાદ શિલ્પસમૃદ્ધ મસ્જિદના ઊંચેરા ઘુમ્મટ પરથી અમદાવાદને જોવાનો યોગ જો તમને સાંપડ્યો હોય તો તો પૂછવું'તું શું! અનેક દિલચસ્પ દૃશ્યો તમે જુઓ અને એની વિવિધ

અસરો અનુભવો તે પહેલાં તો દૂર દૂરથી દેખાતી મિલચીમનીઓએ તમારી નજર બાંધી લીધી હશે. કાપડઉદ્યોગના એક બિનહરીફ કેન્દ્ર તરીકેની અહીંની કારકિર્દી તમે ઘણીવાર વાંચી કે સાંભળી હશે. પણ હવે તો એ દૃશ્યોને નજરોનજર નિહાળીને તમે નિઃશંક બન્યા હશો. અનેક મકાનો પરથી પસાર થતા સેંકડો મજૂરોના ટોળાં જોઈને તમારો પ્રિય લેખક કદાચ નિયતમ વિચારક કાર્લ માર્ક્સ તમને યાદ નહિ આવ્યો હોય એ હું કેમ માનું? ઔદ્યોગિક અભ્યાસની તમારી મજૂરજીવન તરફની કંઈક લાગણીવેલીમય સહાનુભૂતિ અને મૂડીવાદ તરફની ઘૃણા એ ત્રણે તત્ત્વોના પ્રેર્યા તમે કદાચ અહીંના ધૂમાચ્છાદિત મિલવિસ્તારની ય મુલાકાતે જવા લલચાયા હો. અને તમારા મિત્રને ત્યાં ઘરરખ્ખુ ગૃહિણીના હાથના દાળભાત-રોટલી-શાક જમીને લાંબા લાંબા ત્યારે સવા સાખનુ સહમ ખેડી નાખવા એમાંદ જાણીતો મિલમાં પહોંચી પણ ગયા હશો. ખાદીના ધોતિયાની ઢીલી પાટલી કે લાંબા પહેરણના અણીદાર છેડા સાથે કોઈ સાંચાનો પટ્ટો પેચ ન લડાવી બેસે તેની સાવચેતી રાખીને જાગતા જોધ જેવા યંત્રવાદની અનેક ધમાલોને તમે વિવિધ દૃષ્ટિબિન્દુએ અવલોકી હશે. તમારી આત્મશ્લાઘ પ્રતિભાએ તમને મિલના મેનેજર સુધી જવાની સગવડ પણ કરી આપી હશે. અને એવે પ્રસંગે તમારા જેવો જુવાન ન દીસી આવે તો તો થઈ જ રહ્યું ને! ઉગ્રસભર અગ્રેજીના અપ્રતિહત પ્રવાહે તમે માર્ક્સની વિચારવીજળીઓ ચમકાવી હશે. ગોરબો ઘાલીને બેઠું વ્યસન ના ગેર જેવા ગાંધીવાદને ય આ સાદી ઝડીઓ વહેતો ગે ગે હશે. હિંદી કપાસના અપૂર્ણ તત્ત્વોથી માંડીને તે ગ્રિયર્સન્સની ડાળી સુધીના તમારા વચનને તમે જુસ્સાભેર રજૂ કરીને મેનેજરની મિટ્ટી પલિત કરી નાખી હશે. દવાખાનું ને ઘોડિયાખાતું પણ જોયાં હશે.

પણ મને મળ્યા હતા? અમદાવાદના બે લાખ મજૂરો મળી મજૂરી કરતા કરતા જ્યાં હાશ કહેવા આવે છે એવી મારી સંસ્થાની શાખાનો ખ્યાલ પણ કર્યા વિના તમે તમારી યાત્રાની ઇતિશ્રી કરી નાખી ને! મારા રસિક પ્રવાસી! હું દેખાવે ડોશી છું પણ મિલજીવનની રહસ્યવત્તાએ તો જોબનવતી મહારાણી છું હો કે! મળવા આવ્યા હોત તો કંઈ છેક ખાલી હાથે તો ન જ જવા દેત.

હા, એટલું ખરું કે તમને જરા કેવાડી લાગી હોત. કદાચ એકદમ નજરે ન પણ પડી હોત. કારણ કે ગામમાં ઢેડવાડો નક્કી કરનારી દૃષ્ટિ જ મિલમાં મારું સ્થાન નક્કી કરે છે. કંપનીએ જે ઇજનેરી દૃષ્ટિ મારે કમાટે રોકી હોય છે તેના પ્રધાન ગર્વ જ એ હોય છે કે કંપાઉંડની તસુએ તસુ જગાનો સારામાં સારો ઉપયોગ કંપનીના જ લાભાર્થે કરી બતાવવો. રોજને રોજ અવનવી ઇમારતી યોજનાઓ સાથે એ કંપાઉંડને નિહાળી રહે છે. એનું ઔત્સુક્ય કદી આથમતું નથી કે નથી સ્થિરતા પકડતું. એનું ખંડનમંડન ઉત્ક્રાંતિના ક્રમ જેટલું અફર ને અનંત હોય છે. ઘણી વાર હું તો આપના ભગુની જેમ ખૂંચું છું. સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી લાગું છું. જ્યારે જ્યારે કોઈ ઇમારતી યોજનાના ભૌમિતિક સૌષ્ઠવની દૃષ્ટિએ મારું અસ્તિત્વ એને પેલી મસાલ વાળી ડોશીની ઝૂંપડીની જેમ ખૂંચે છે ત્યારે ત્યારે અચૂક ઘડીના છઠ્ઠા ભાગમાં એ મારા ખોરડાને ફનાફાતિયા કરી નાખે છે. આ ઇજનેરી દૃષ્ટિ કદી ય મીનમેખની બને ખરી? મારા ભાગ્યમાં ય નથી બનતી હો! હું તો વસવાયા જેવી છું. ગામનો પટેલ જ્યાં માગ આપે ત્યાં મારી ગરીબ ઘરવખરી લઈને મારે વસવું જ પડે છે. પણ મને ને મારી પડોશમાં ધોમીચાટનું બ્લીચીંગ ખાતું યુ વાત રગુ મશમથી રહ્યું હોય અથવા ભલેને વાળાના જાજરૂના ફુગ્ગાના દિવ્ય અગ્નિનો માગ નક્કી ગયો. આખું દની છીંક જેવો આદેશ આપી ગયા હોય—મારે વસવું જ પડે છે. કેરતી જગામાં કંઈ નામમાત્રનો નાશ અને સૃષ્ટિભરના સનાતનમાં સનાતન સત્ત્વો ને તત્ત્વો ય જે સંપે તો ખુ માગે પેતની ખ્યાતી ય અ રેમાના સ્વીકારીને કહું છું કે અમદાવાદની મિલોમાંના મારાં સ્થાનોની સરેરાશ લંબાઈની સરેરાશ ૧૨×૧૫ થી માંડીને તે ૨૦×૨૫ ફૂટ જેટલી છે. ને અને ગોગાણા મેનીના હાથ પ્રત્યેક નવો ધારા ઘરના રચના જતા ઇસનાગા મેનાની જેમ, મારા પ્રકાર પુરાતિમાને

ઓછી ને ઓછી સાંકડી ને સાંકડી થતી જાય છે, પછી મજૂરોની સંખ્યા ભલે ને ગમે તેટલી હોય. મજૂરોની નહિ પણ કંપનીની સગવડોનો જ વિચાર કરવો એ કલેક્ટરનો પગાર ખાતા મિલના પ્રત્યેક કર્મચારીની નૈતિક ફરજ નથી શું ? હશે, પણ તમે એટલી જગાનું ભાડું સાંભળ્યું છે ? શહેરની પાછળી પરવાડે પડેલી, મિલની પાછલી પરવાડે ઊભેલા મારા નહિવત્ ખૂણાની ખુમારીનો તમે ખ્યાલ કરી શકો છો ? અમદાવાદના ભાડવાતો ને મકાનમાલિકોની સાઠમારી તો જાણે તમે છાપાંમાં રોજ વાંચતા હશો; શરમાળ ને લાજાળ ગણાતી એ માલિકોની 'ઘરરખ્ખુ ગૃહિણીઓ' ઘર રાખવા આવનાર અજાણ્યા આગંતુકની સાથે રાણાના ઘા જેવા જે પ્રથમ સવાલ જવાબ કરે છે તેની સુનાવણી ય તમારા બહુશ્રુત શ્રવણે પહોંચી ચૂકી હશે. પણ તમને ભાગ્યે જ ખ્યાલ હશે કે મારા ખૂણાની ખંડણીની સરેરાશ માસિક ત્રણસોથી છસો રૂપિયા જેટલી છે ! હિન્દુસ્તાનના દેશી રાજાની જેમ મારો માલિક પણ ખંડિયો રાજા છે. કંપનીને ખંડણી આપીને એ પણ દેશી રાજાની જેટલી જ છૂટછાટો, સ્વતંત્રતાઓ અને નાનીમોટી સત્તાઓ ભોગવે છે.

કામદાર ગમે તેટલો નવો હોય, ગમે તેટલો અજાણ્યો હોય અથવા ગમે તેવો મુફલિસ કે મવાલી હોય છતાં ય મારો માલિક તેને નચિંતાઈથી ધીરી શકે છે અને જહાંગીરી ઝનૂનથી નાણાં વસૂલ કરી શકે છે. પગારને દિવસે મારા માલિકનું સ્થાન, પગાર-બારીની અંદરની બાજુએ પગારકારકુનની સાથે જ હોય છે. પ્રત્યેકની પાસેથી પ્રત્યેક હપ્તાનું લેણું તે જ ઘડીએ વસૂલ કરે છે અને બાકીનો પગાર મજૂરના હાથમાં જવા દે છે. આ વખતે કેટલી છૂટછાટ મૂકવી કે કેટલી રાહત આપવી એ તેની જ મરજીની વાત છે. તે ઉપરાંત તે રોકડા પણ ધીરે છે, અને એના વ્યાજનો દર એક મહિને એક રૂપિયે બે આનાથી ઓછો તો કદી ય હોતો નથી. પ્રત્યેક ખાતેદારને શું પગાર મળે છે એ વાતનો એ કીડો હોય છે. અને એ પગારની રકમને નજર સમક્ષ રાખીને તેના પ્રમાણમાં જ એ રમત રમે છે. ઊંડા પાણીમાં કદી ય ઊતરતો નથી. પઠાણને તો દંડાબાજી કરવી પડે છે. કોર્ટમાં જવું પડે છે, મિલોના દરવાજા ઉપર દેણદારોને પકડવા ચોકી પણ કરવી પડે છે, તેમ છતાં ય નાસીપાસ થવું પડે છે. અને કેટલીક વાર ગાંઠનું ય ગુમાવવું પડે છે. અમે તો આવી તમામ ચિંતાઓમાંથી માલિકની મહેરને લઈને મુક્ત છીએ. કારણ કે અમે તો ખંડિયા રાજા ખંડણી ભરવા પૂરતા જ, બાકી સ્વતંત્ર. ખંડણી ભરી દીધા પછી રૈયતનું ગમે તે કરી નાખવાને છુટ્ટા. છાતી થાબડીને પૈસા ધીરીએ પણ છીએ અને છાતી પર પગ મૂકીને લઈ પણ શકીએ છીએ. છુટ્ટીનો અપવાદ બાદ કરતાં કોઈ પણ કામદાર મિલની બહાર જઈ શકતો નથી. હું આપું તેવો માલ, હું આપે તે ભાવે લેવા પ્રત્યેક મજૂર બંધાયેલો છે.

જેમ કોઈ બહાર જઈ શકતો નથી તેમ બહારની કોઈ પણ હોટેલ પોતાનો માલ લઈને પ્રવેશી શકતી નથી, પ્રવેશતાં પકડાઈ જાય છે, તો એ રાંડને મારો પઠાણી હાથ બતાવતાં હું જરા ય પાછી પડતી નથી. એની ભરેલી ને ભરેલી કીટલીઓ મારા નોકરો ઢોળી નાખે છે, રકાબીપ્યાલા ફોડી નાખે છે, વેચેલા માલના પૈસા પડાવી લે છે, સોડાલેમનની બાટલીઓ આંચકી લે છે અને કેટલીક વખત એ મારી શોકયના છોકરાઓને મારા છોકરાઓ એવો તો આબાદ હાથ બતાવે છે કે ફરીથી ઢૂંકવાની હિંમત જ નથી કરી શકતા. આમ હોવા છતાં ય મારે મારી મર્યાદાઓ તો છે જ. અનેક સત્તાઓ અને છડીધરોથી છાજતી રાજરાણીઓને ય અંગરક્ષકો રોકવા પડે છે અને તેમના પૂરતી અમીનજર રાખવી પડે છે. બધા જ કામદારોને એક લાકડીએ હાંકું એવી અવ્યવહારુ થયે મને જરા ય પાલવે તેમ નથી. મારે ય મારા ખાનગી અંગરક્ષકો છે, તેઓ 'દાદા'ના નામે ઓળખાય છે. દરેક મિલમાં આવી પાંચ દશ પ્રતિમાઓ હોય છે, હોય છે ને હોય છે જ. મારા રાજ્યમાં બળવો જગાડનાર કે મારી સામે બહારવટે ચઢનાર ખરી રીતે તો આ જ વર્ગ છે. કોઈ શારીરિક શક્તિથી, સડક પરથી પસાર થતા મારા માલિકને મણનો છપ્પનશેર કરી નાખે છે. કોઈ સારું ભણેલા હોઈને કાયદાના જાણકાર તરીકે પ્રતિષ્ઠા પામેલા હોવાથી મારા વિરુદ્ધ અસરકારક પ્રચાર કરી શકે છે અને મારા માલિકને ય દલીલો

છે હિંદુ મુસ્લિમ અને હરિજન. હરિજનો માટે મુંબઈ સરકારે કરેલો કાયદો માગી ખાનગાર નથી પણ એ તો હવે શહેરની હોટેલોથી શરૂ થઈને વાજતું ગાજતું મારે માંડવે આવે ત્યારે ખરું છીમણી સુધીને એનો વિચાર કરવા બેસવું પડે એ સ્થિતિ હજી માગથી ઘણી દૂર છે પણ એમ ન માનશો કે હરિજનની કોઈ વાત હું ટૂંકામાં કહી શકું એવી શક્યતા છે હરિજન તો આ યુગનો અગ્રપૂજ્ય દેવ છે અને મજૂર મહાજનનો પાટવી કુંવર છે એ વાતનું ભાન જેટલું એને છે તેટલું મને પણ છે એની સંગઠનશક્તિ આગળ અનભના લાખોપતિથી બનેલું અબજોપતિ એસોસિયેશન પણ કંપે છે તો હું કોણ હનુમાનના તેલનો ચેવડો વેચનાર દમલેલ ડોકરી! મારા વિસ્તારનો ત્રીજો ભાગ મેં એને માટે અલાયદો કરી આપ્યો છે સરસ્થાનિક સ્વરાજ્ય સુરત કર્યું છે એની જ કોમનો એક પ્રતિનિધિ તેઓ ચૂંટે છે અને આત્યંતિક દૃષ્ટિબિંદુઓ પર મને વશવર્તીને લીનાનંદ કરે છે એની માગણી પર હું જખ મારીને પહેલો વિચાર કરું છું કારણ કે એની સિસોટી રમતા રમતા રણશિંગું બનીને વિરાટને જગાડે છે એ મને પગુને કેમ પાલવે?

બસ બાકીની તમામ જ્ઞાતિરૂપી સરિતાઓ પોતપોતાના પ્રવાહોની પરંપરિત વાંકવેળામણીએ હિંદુ અને મુસ્લિમરૂપી બે મહાસાગરોમાં વિલીન થઈ જાય છે અને એ બંનેનો એક જ મહા સ્રોત ઘૂઘવી રહે છે એ લીનાનું એ રંગીની રમણાનું થોડુંક વર્ણન કરું હવે?

મારી ફરસબંધી બીડીઓના ઠૂંઠાંની ફૂલશૈય્યા બની રહે છે મારું સમગ્ર બદન અધરામૃતની પીચકારીએ અહર્નિશ છંટાય છે ટેબલોની સપાટ ધરતી પર પડેલા ગોબાઓમાં પ્રકૃતિના પરમ મનોહર પ્રતીક સમા ચાના સરોવરો લહેરાય છે ગાંઠિયા પૂરી અને સેવોના ટુકડારૂપી કમલદલો એમાં ખીલી રહ્યા હોય છે ષટ્પદે ગૂંજતા અલિ સમિખડી અસંખ્ય માખીઓનું પ્રેમગાન હું સુણી રહું છું અને એ ગાનના તાનને મતારે થતું એમનું જલગનું સ્નાન પણ હું મુગ્ધ નજરે નિહાળી રહું છું

મમ્મો ચચ્ચો મ્હારે ત્યાં સાધારણ છે દાળમાં મીઠા જેટલો ચામાં મોગસ જેટલો કોઈ વાર અવાથમાં ઑક્સિજન જેટલો તો કોઈ વાર વાણીમાં અર્થ જેટલો મમ્મો ચચ્ચો મારે ત્યાં વપરાય છે એ શબ્દોમાં કેટલું ઝેર છે નહિ? પણ તેમાં મારે શું? જીવનભર જેણે દંતધાવનમાં કડવા લીમડા જ ઘોળ્યા છે એને સાપ કરડે તો શું થાય? સાપ પોતે જ મરી જાય એ ફૂંફાડા મારતા શબ્દસર્પો ભલે તમે તેટલા ઝેરી હોય પણ મારા લોહીના મૂળભૂત તત્ત્વો જ એવા છે કે જ્યાં એમના ડંખ દ્વારા દાખલ થતું ઝેર પણ લોહી જ બની જાય છે સવારથી સાંજ સુધીમાં એવા સેંકડો બલ્કે હજારો ડંખ સહીસહીને મારી ચામડી હવે બહેર મારી ગઈ છે બીભત્સરસ—માલિકની મહેરબાનીથી હવે હું અનુભવી શકતી જ નથી તમારો ભદ્રસમાજ આમ તો જેકિલ'નું જ જીવન જીવતો લાગે છે પણ એ શરીરના કોઈ અગોચર ખૂણામાં અણુ થઈને સૂતેલો પેલો હાઈડ કોઈ વખત વિરાટ બનીને ધૂણી ઊઠે છે ત્યારે મા બેન દીકરી આચાર્ય વડીલ કે મુરબ્બી કોઈને જોયા વિના વીરભદ્રના ઝનૂનથી એ શબ્દબાણોની ઝડી વરસાવે છે એ હું જાણું છું વળી મને એ પણ ખબર છે કે તમારા કહેવાતા શિષ્ટતમ વર્ગદ્વારા અમુક જ સ્થળે અમુક જ પ્રસંગે અને અમુક જ રીતે એ તત્ત્વનું આવિષ્કરણ થાય છે પણ તેમાં શું ધાડ મારી તમે? તમે ગમે તેટલું જોર કરો પણ માત્ર અમુક જ ચવાઈ ગયેલા ભાવોના આવિષ્કરણઅર્થે ચવાઈ ગયેલા પ્રયોગોથી જ તમને એ ભાષા વાપરતા આવડે છે મારે ત્યાં તો જીવનના તમામ ભાવોનો આવિર્ભાવ—અનુકંપા દયા અને ભક્તિ સરખા ભાવોનો આવિર્ભાવ પણ એ જ ભાષાની અવનવીન સિદ્ધિઓની સહાયદ્વારા થાય છે શાસ્ત્રમાં કેટલાક રસ સ્વતંત્ર હશે કેટલાક એકમેકના અંગી હશે અને કોઈ કોઈ અન્યોન્યાશ્રયી હશે પણ મારે ત્યાં તો માનવજીવનના સર્વ રસ એ રસરાજના જ આશ્રયી છે તમારું કથન ભલે ને

મુંબઈગરા રૂપિયા જેવું હોય, પણ એ ભાષાનો આશ્રય ન લો ત્યાં સુધી, મારી ફરસબંધી પર એ બોગસ જ લાગશે એનો રણકાર કદાપિ નહિ સંભળાય થોડાક દિવસ મારો જાયુકનો સહવાસ જો તમને મળે તો હું તમારે ગળે ઉતારી શકું કે આ ભાષા પણ અજબ ક્ષેત્ર છે ગજબ વિસ્તાર છે એનો, એને ય એના સર્જકો ને વિવેચકો છે, એનો વિકાસ પણ અપ્રતિહત છે અને કોઈ અગમ્ય શક્તિ એ પ્રતિભાબીજની માવજત કરી રહી છે રસાયણિકની શોધનો પ્રથમ પ્રયોગ જેમ ઊંદર પર થાય છે તેમ આ ભાષાના કોઈ નવીન અખતરાનું માધ્યમ મારા 'ચા' આપનારા છોકરાઓ બની રહે છે મારા બહેર મારી ગયેલા જ્ઞાનતંતુઓમાં વીજળી પ્રગટાવીને, મારી બીભત્સરસપ્રચૂર ચામડીના છિદ્રે છિદ્રે દાહ પ્રજ્વાલતા એ પ્રયોગોને ફૂલના ઘા ગણીને મારા છોકરાઓ ઝીલી લે છે

હિન્દભરની કોમો અને જ્ઞાતિઓમાંથી ઉદ્ભવ પામેલો, અનેકવિધ દૃષ્ટિબિન્દુએ અસંખ્ય ભેદ–પ્રભેદો ધરાવતો, આ મજૂરસમુદાય મારી ગંદી પાટલીઓ પર એક બનીને બેસે છે, એક દીવાસળી સળગે છે અને આખી પાટલી પરના મજૂરોની બીડીઓ અગ્નિમુખા બની જાય છે દીવાસળીની ગેરહાજરીમાં એક જ સળગેલી બીડીથી અનેકનું કામ સરે છે આ તો અહીંની સર્વમાન્ય શિરસ્ત છે તમે ગમે તેટલા એકાત્મલીન થઈને સિગરેટ પી રહ્યા હો પણ કોઈએ આવીને પોતાની બીડી ધરી કે તમારે તેને સળગાવા જ દેવી જોઈએ, પછી તે સરહદનો પઠાણ હોય, મારવાડનો મોચી હોય કે અમદાવાદ ખાડિયાનો નાગર હોય હું વર્ણવી રહી છું એવા મારા વાતાવરણની સર્વ સામાન્ય સપાટીએ જ સૌ કોઈ વિહરે છે, એ સપાટીની હવાથી ભાગ્યે જ કોઈ મુક્ત હોય છે, છતાં ય પોતપોતાની પ્રાન્તીય કે વૈયક્તિક વિશિષ્ટતાઓ સાથે તેઓ જ્યારે રંગમાં આવીને અરસપરસ ચર્ચામાં ઝુકાવે છે ત્યારે માનવજીવનની વિશાળતાનું અને માનવતાના નિરવધિ આવિષ્કરણોનું આછું પાતળું ભાન મને ય મારા જેવીને ય–થાય છે

કોઈએ સતી સ્ત્રીઓના નાક વાઢ્યા હોય છે, કોઈએ જેલો તોડી હોય છે, કોઈએ બહારવટા ખેડ્યા હોય છે, કોઈ વૈદકના જાણકાર, અને વ્યાયામના વ્યાસંગી હોય છે, કોઈએ ધરખમ સટ્ટાબાજી ખેલેલી હોય છે, કોઈ અચ્છા શિકારી, તરવૈયા કે ભજનિક હોય છે કોઈએ ચોરીછિનાળી પાછળ જિંદગી સસ્તી કરી હોય છે, તો કોઈએ આયુષ્યભરની ઉપાસનાથી યંત્રોની ગતિઓ ને ઘટમાળો પર કાબૂ મેળવ્યો હોય છે, કોઈને ફારસી બેતબાજી હાજરાહજૂર હોય છે, તો કોઈ કહેવતોના ડુંગર હોય છે, કોઈ ટૂંકા પગારમાંથી જીવન લંબાવતા હોય છે, તો કોઈ લાંબા પગારમાંથી જીવન ટૂંકાવતા હોય છે, કોઈ માબાપની મિલકતને ઠોકરે મારીને 'આપકર્મી અભેસીંગ' બન્યા હોય છે, તો કોઈ બાપીકી મિલકતનું બારમું કર્યા પછી ય મહિને બાર રૂપિયા કમાવા નાલાયક ઠર્યા હોય છે, કોઈએ ચૌદની લડાઈમાં ચાંદ મેળવ્યા હોય છે, તો કોઈએ ત્રીસના સત્યાગ્રહમાં બધું સ્વાહા કરીને આર્થિક સ્થિતિની સ્લેટ પર એકડો ઘૂંટવા માંડ્યો હોય છે, કેંક કાળજાના કબ્રસ્તાને નષ્ટપ્રાય ગૃહઉદ્યોગોની કબરો થીજી રહી હોય છે અને કયામતની રાહ જોતી હોય છે, તો કેંક જણ બળેલા સ્વપ્નોની ભભૂત ચોળીને ફરજની અહાલેક ગજવતા હોય છે

ભાઈ પ્રવાસી! આ બધા સદ્ભાગીઓ કે દુર્ભાગીઓ કિસ્મતના પથ્થર પર બેસીને, અનેકવિધ હવામાનોથી વ્યાપ્ત એવો જીવનપટ વટાવતા વટાવતા અહીં આવ્યા હોય છે હું તેમને ઠારું છું અને નહિ ભુલાતું ભુલાવું છું હું તેમને ઉત્તેજું છું અને માણેલું સ્મરાવું ય છું અને ગમે તેવી છું છતાં ય, આખુંય અધિકારીઓરૂપી રાક્ષસોથી ભરેલા આ દંડકારણ્યમાં હું આણમદ પંચવટી છું કે જ્યાં ક્લાન્ત માનવનારૂપી સીતા પોતાના હૃદયસ્થ રામની જોડે ઘડીક રમી લે છે

☆

સ્વરાજયાત્રા

સ્વાતંત્ર્યદિન

આ ઈ તા. ૨૬ મી જાન્યુઆરીએ સારા યે દેશમાં સ્વાતંત્ર્ય-દિન ભવ્ય રીતે ઊજવાયો. હિન્દુસ્તાનના લગભગ દરેક મોટા શહેરમાં અને હજારો ગામડાઓમાં એક જ વખતે એકઠા મળીને પૂર્ણ સ્વાતંત્ર્ય મેળવવાની પોતાની પવિત્ર પ્રતિજ્ઞા ફરીને એક વખત તાજી કરી અને પાંત્રીસ કરોડની પ્રજાના હૃદયની ઊંડામાં ઊંડી અભિલાષા દુનિયા આખી સાંભળે એમ મોટેથી વ્યક્ત કરી. એમાં સ્ત્રીઓ હતી, પુરુષો હતા, યુવાનો હતા તેમ જ વૃદ્ધો હતા. હિંદુ તેમ જ મુસલમાનો હતા, એટલું જ નહિ, પણ પારસીઓ ઈસાઈઓ, હરિજનો, સવર્ણો વિગેરે તમામ નાતજાતના, તમામ ધર્મના તમામ કોમના લોકો હતા. તેઓ એમ બતાવતા હતા કે જે આઝાદીની હિંદુને જરૂર છે તેની મુસલમાનોને પણ જરૂર છે, તેની હિંદમાં વસતા ખ્રિસ્તી, યહૂદી, પારસી, હરિજન વિગેરે જુદા જુદા ધર્મ અને જુદી જુદી કોમના લોકોને જરૂર છે, સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ સૌને છે, કારણ કે સામ્રાજ્યવાદની નાગચૂડમાં સૌ એક સરખા ભીંસાયા છે. સૌ બ્રિટિશ શાહીવાદની ચૂસણનીતિનો એક સરખો ભોગ થઈ પડ્યા છે. સૌની સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક તેમ જ ધાર્મિક સ્થિતિ બ્રિટિશ સામ્રાજ્યશાહીનો એક સરખો શિકાર બની છે. સૌ કોઈ લૂંટાયા છે, કરમાયા છે, ગરીબાઈનો ભોગ થયા છે. આ ભયાનક પરિસ્થિતિમાંથી છૂટવા માટે સૌ આકળા થયા છે, ઉતાવળા થયા છે. પોતાના પ્રાણ આપીને પણ આ બધા રોગોના મૂળરૂપ સામ્રાજ્યશાહીનો અંત આવી શકે અને દેશની આઝાદી હાંસલ કરી શકાય તો કરવી એવો મક્કમ નિર્ધાર હિંદના લાખો માણસો કરી ચૂક્યા છે.

૧૯૩૦ માં જવાહરલાલજીએ ગર્વીને તરફથી મુકમ્મિલ આઝાદીની ઘોષણા કરી અને એ પ્રાપ્ત કરવા માટે ૨૬ મી જાન્યુઆરીએ હિંદના લાખો નરનારીઓએ જાહેર રીતે પ્રતિજ્ઞા લીધી ત્યારથી આઝાદીની આ પ્રતિજ્ઞા દર વર્ષે તાજી કરવાનો રિવાજ પડ્યો છે. એ મુજબ આ વરસે પણ એ પ્રતિજ્ઞાની યાદ તાજી કરવામાં આવી.

પણ છેલ્લા દશ વર્ષ કરતાં આ વખતનો સ્વાતંત્ર્યદિન કોઈ જુદી જ ભાત પાડતો હતો. છેલ્લા કેટલાએક વર્ષોથી આ પ્રસંગ એકસરખી ઢબે ઊજવાતો હતો, અને દરેક રિવાજમાં બને છે તેમ આ ઉત્સવમાંથી જાણે પ્રાણ ઘસાતો જતો હોય એમ ઉપર ઉપરથી દેખાતું હતું. પણ આ વખતના કેટલાક અસાધારણ સંજોગોને લઈને હિન્દુસ્તાનનો 'સ્વાતંત્ર્યદિન' સ્વાતંત્ર્યદિન બની ગયો, હિંદના રાજકીય વાતાવરણને કોઈ નવી જ ચમક આપનો ઊજવાઈ ગયો.

'૩૯–'૩૨ ની લડત પછી ચૂંટણીમાં મળેલો વિજય, મહાસભાએ કરેલા હોદ્દાસ્વીકાર, વિશ્વયુદ્ધની શરૂઆત, મહાસભાનો હોદ્દાત્યાગ, સરકાર અને મહાસભા વચ્ચે, તેમ જ મુસ્લિમ લીગ અને મહાસભા વચ્ચે થયેલી નિષ્ફળ વાટાઘાટો, હિંદુ-મુસ્લિમ પ્રશ્ને લીધેલું ઉગ્ર સ્વરૂપ, લડત શરૂ કરવા ઉદ્દામવાદીઓનું દબાણ, દેશી રાજ્યો અને મહાસભા વચ્ચે ઠેરઠેર ઊભી થયેલી અથડામણો, મહાસભાની અંદર પણ જુદા જુદા પક્ષો વચ્ચે સ્પષ્ટપણે ઊભી થતી વાદવિવાદની અથડામણો—સ્વાતંત્ર્યદિનની આ વખતી સંધ્યાએ હિંદના રાજકારણનો આ સરવાળો આ ભૂમિકા ઉપર ઊભા રહીને હિંદે સ્વાતંત્ર્યદેવીનો વિજયધ્વજ ફરકાવવાની પ્રતિજ્ઞા કરી, જાણે હિંદી પ્રજા પોતાના સ્વાતંત્ર્ય-પથની એક મજલ કાપીને બીજી ઉપર આવી ઊભી. અત્યારના દિવસો ૧૯૨૮–૨૯ ના દિવસોની યાદ આપે છે. સરકાર સાથે હજી વાટાઘાટો ચાલે છે પણ સૌ કોઈને હૈયે જાણે વસી ગયું હોય તેમ ભાવિ લડતની તૈયારીઓ થવા માંડી છે.

મહાસભાના અંદરના મતભેદોને જરા બાજુએ મૂકીએ તો આ પ્રતિજ્ઞા સામે સૌથી મોટો વિરોધ કોઈએ ઉઠાવ્યો હોય તો મુસ્લિમ લીગના પ્રમુખ

મહમદઅલી ઝીણા સાહેબે મહાસભા કોઈ પણ પગલુ ભરે તેનો આખો મીંચીને બારે માસ અને બત્રીસે ઘડી વિરોધ કરવાની નીતિ ધારણ કરવા માટે જાણીતા થઈ ચૂકેલા લીગના એ સરમુખત્યારે પોતાની સરમુખત્યારી ભાષામા હિંદના તમામ મુસ્લિમોને આદેશ આપી દીધો "સ્વાતંત્ર્ય-દિનમા ભાગ લેશો નહિ કારણ કે એ પ્રસંગ ગાંધીજીએ, મહાસભાએ–હિંદુઓએ યોજ્યો છે" અને છતા યે સેંકડો મુસલમાનો, જેને હૈયે દેશની દાઝ છે, જેના દિલમા આઝાદીની તમન્ના છે, તેમણે સરમુખત્યારી હુકમને અવગણીને પોતાના હિંદુ પારસી શીખ અને ખ્રિસ્તી ભાઈઓ સાથે આઝાદી હાસલ કરવાના શપથ લીધા. મજલિસે અહરાર, જમિયત ઉલ ઉલેમા, સરહદી પઠાણનું લાલવાવટા મંડળ વિગેરે મુસ્લિમ રાષ્ટ્રીય સંસ્થાઓએ સ્વાતંત્ર્યદિન–ઉજવણીમા ભાગ લીધો. નેતાઓની વાત કરીએ તો મૌલાના અબુલકલામ આઝાદ, ખાન ભાઈઓ, બિરાદર મહેરઅલી અને અમીરઅલી વિગેરે મોટાથી માંડી નાના નેતાઓએ મુસ્લિમોને દોરવણી આપી આમ સ્વાતંત્ર્યદિનના આ મંગલ પ્રસંગે અને રાષ્ટ્રની આ કટોકટીની ઘડીએ જરૂર પડે ત્યારે બ્રિટિશ સામ્રાજ્યવાદ સામેના જંગમા પોતાના હિન્દુ ભાઇઓ સાથે કદમ મિલાવી આખર સુધી કુરબાની કરવાની પ્રતિજ્ઞા એમણે કરી મહાસભાના આ વિરાટ સૂરમા મુસ્લિમ લીગનો અવાજ ક્યા યે દબાઈ ગયો. પણ જ્યા સુધી શાહી સરકાર એ ઝીણા અવાજને વધારે પડતુ મહત્ત્વ આપે છે ત્યા સુધી દરેક રાષ્ટ્રવાદી, પછી તે હિંદુ હોય કે મુસલમાન હોય તેમની ફરજ થઈ પડે છે કે તેણે કોમી માનસ ધરાવતા એક એક મુસ્લિમ બિરાદરને પ્રેમથી, સચ્ચાઈથી, સેવાથી જીતવા પ્રમાણિક પ્રયત્ન કરવો જોઇએ

મહાસભાની અંદર જોઇએ તો સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા સામે તો કોઈ પણ મહાસભાવાદીને શો વાંધો હોય? પણ એ પ્રતિજ્ઞાપત્રમા આ વખતે ગાંધીજીએ જે ફેરફાર કર્યો છે તે ફેરફારવાળા ભાગે છેલ્લા પંદર વીસ દિવસથી ખૂબ ઉહાપોહ જગાવ્યો હતો જે હજી સુધી અટક્યો નથી એ ફેરફારવાળો ભાગ પ્રતિજ્ઞા લેનારને રોજ નિયમિત કાતવાની, પોતાના અંગત ઉપયોગમા ખાદી વાપરવાની, તેમ જ જ્યા જાય ત્યા ગ્રામઉદ્યોગની વસ્તુઓને ઉત્તેજન આપવાની ફરજ પાડે છે

આ ભાગ ઉપર સમાજવાદીઓ, સામ્યવાદીઓ, રોયવાદીઓ, તેમજ ઉદ્દામવાદીઓ અને કહેવાતા આગે દમ જૂથના જિગરેશ બધા જ એક સામટા તૂટી પડ્યા. શ્રી અણે જેવા વિનીત આગેવાને પણ આ નવો ભાગ કાઢી નાખવાનુ સમજાવવા ગાંધીજી સાથે ચર્ચાઓ કરી. પણ ગાંધીજી તેમ જ કારોબારી સમિતિ પોતાના નિર્ણયમા મક્કમ રહ્યા

ખરુ જોતા પ્રતિજ્ઞાના આ ફેરફારવાળા ભાગમા કશુ યે નવુ નથી. જેઓ ગાંધીજીને અને તેમની કાર્યપદ્ધતિને જાણે છે તેઓ સૌ સમજી શકે તેમ છે કે ગાંધીજીએ હિન્દના રાજકારણમા પ્રવેશ કર્યો ત્યારથી જ પોતાના તમામ સાથીઓ અને સિપાહીઓ પાસેથી આ કાર્યક્રમને પૂરો કરવાની માગણી કરી છે. શારીરિક શ્રમથી દૂર જઈ બેઠેલા આપણા જેવા બુદ્ધિવાદીઓ એક યા બીજા બહાના હેઠળ એને દૂર દૂર આજ સુધી હડસેલતા આવ્યા છીએ. ગાંધીજીએ અને કારોબારી સમિતિએ આ વળગણને છટકવાની એક પણ બારી નથી રાખી એટલુ જ માત્ર નવુ છે

પણ રોયવાદી, સમાજવાદી, અને ઉદ્દામવાદી વર્ગને તો સૈદ્ધાન્તિક મતભેદ છે 'રેંટિયો એ હિંદની *આઝાદી મેળવવા માટેનુ એક પ્રબળ સાધન છે'* એ વિધાન તેમને ગળે ઊતરતુ નથી. બીજી બાજુ ગાંધીજીને દિવસે ને દિવસે પ્રતીતિ થતી જાય છે કે હિંદુસ્તાનને સત્ય અને અહિંસાને માર્ગે આઝાદી પ્રાપ્ત કરવી હોય તો રેંટિયાને અહિંસાથી એક તસુ પણ અળગો કરી શકાય નહિ. એટલે દેશ જો એમનુ નેતૃત્વ માગે તો બદલામા ગાંધીજી દેશ પાસે ચરખો ચલાવવાનુ–તેના વિશાળ અર્થમા માગે છે

સમાજવાદી પક્ષની સ્થાપના પછી મહાસભામા આદર્શવાદની ઠીક ઠીક અથડામણો થવા લાગી છે, દરેક પક્ષ પોતાનો વાદ રજૂ કરે છે અને જનતાને પોતાના પક્ષમા લેવા મથે છે. ત્રિપુરી કોંગ્રેસ પછી આ અથડામણે કોઈ જુદુ જ સ્વરૂપ

લીધુ છે ગાધીજીને તેમજ ગાધીવાદી નેતાઓને પણ એવી ખાતરી થતી જાય છે કે હવે જુદા જુદા વાદોનો ફેસનો કરવાનો વખત આવી પહોચ્યો છે દરેક વાદે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી નાખવી જોઈએ અને જેનામા વધારે પ્રાણ હોય તેણે ટકવુ જોઈએ

એટલે આ પ્રતિજ્ઞાના સુધારાવાળા ભાગ સામે વિરોધ ઉઠાવનારાઓને તેમણે જવાબ આપી દીધો મારુ નેતૃત્વ સ્વીકારવુ હોય તો મારા સત્ય-અહિંસાથી માડીને ચરખા સુધીના તમામ સાધનો સ્વીકારો મારા સાધનોથી હુ જુદો નથી અથવા તો બન્નેને ફેકી નવો નેતા અને નવા સાધનો શોધી લો, જે હિંદની આઝાદી વહેલામા વહેલી અને સહેલામા સહેલી રીતે મેળવી આપવાનુ બીડુ ઝડપતો હોય

આમ અત્યારે આપણે ત્યા બધા વાદો ત્રાજવે ચડયા છે કોનામા કેટલો માલ છે તેનો હિસાબ થઈ રહ્યો છે થોડા દિવસના બનાવો જોતા તેમ જ રાષ્ટ્રપતિની સ્વાતત્ર્યદિન-ઉજવવાની વિજ્ઞપ્તિને દેશને ખૂણે ખૂણેથી જે સુદર જવાબ મળ્યો છે એ જોતાં ગાધીજીનુ નેતૃત્વ વધુ મજબૂત બનતુ જાય છે એ વિશે લેશમાત્ર પણ શકા નથી.

ત્રિપુરી મહાસભા વખતે સુભાષબાબુની પ્રમુખ તરીકેની ચૂટણીથી સારાયે દેશમા એવી અસર થયેલી જણાઈ કે ગાધીવાદના દિવસો પૂરા થયા અને હિંદના રાજકારણમા ઉદ્દામવાદ પોતાના નિશાનડકા સાથે વિજયી પ્રવેશ કરે છે પણ ત્રિપુરી અધિવેશને એ અસરની ભ્રમજાળ છેદી નાખી અને એ પછીના દરેક પ્રસગે સાબિત કરી આપ્યુ કે ગાધીવાદ હમેશની જેટલો જ અજેય છે હિંદની પાત્રીસ કોટિ જનતાના ગાધીજી એક માત્ર હૃદયસમ્રાટ છે મહાસભા જેવી પ્રબળ સસ્થાના એ એકમાત્ર નેતા છે છેલી છેલ્લી આગામી રામગઢ મહાસભાના પ્રતિનિધિઓની ચૂટણીમા દરેક પ્રાતમા ગાધીવાદી પ્રતિનિધિઓ મોટી બહુમતિમા આવ્યા એ વસ્તુ પણ બતાવે છે કે ગાધીજીનુ નેતૃત્વ રેતી પર ચણાયલા મકાન જેવુ નથી પણ ખડક પર ચણેલી ઈમારત જેવુ છે

સ્વાતત્ર્ય-દિનને દિવસે સુધારાવાળા ચર્ચાસ્પદ ભાગમા પોતાની અશ્રદ્ધા જાહેર કર્યા પછી બીજા કશા ખાતર નહિ તો કેવળ શિસ્તપાલનની દૃષ્ટિએ હિંદના સામ્યવાદીઓ, તેમજ રોયપક્ષના સભ્યોએ નવી પ્રતિજ્ઞા લીધી

આથી એક વાત સાવ સ્પષ્ટ થઈ જાય છે તે એ કે ગાધીજીના નેતૃત્વ નીચે ગાધીજીની શિસ્તને માથે ચઢાવીને આઝાદીની લડાઈ લડનારા કેટલા છે તેનો સ્પષ્ટ ખ્યાલ ગાધીજીને તેમ જ મહાસભાના નેતાઓને આવી જશે આથી જેટલુ ભ્રમ થશે તેટલું દીવા જેવુ ચોકખુ થશે અને કોઈ પણ પ્રકારનો ગોટો રહેવા પામશે નહિ સામ્યવાદીઓ અને રોયવાદીઓએ જે નિર્ણય કર્યો છે તે એક રીતે આવકારદાયક છે સરદાર વલ્લભભાઈ પટેલે સ્વાતત્ર્યદિનને દિવસે અમદાવાદમા જાહેર કર્યું હતુ કે લડાઈ લડવી હોય તો આપણે એક અવાજે બોલતા શીખવુ પડશે એ રીતે જોતા રોયવાદીઓ અને સામ્યવાદીઓએ થોડા વખત પૂરતો પણ પોતાનો અવાજ મહાસભાના વિરાટ સૂરમા મિલાવી દીધો એ ઠીક જ કર્યું પરતુ સવાલ એ થાય છે કે મનુષ્ય એ રીતે વર્તી શકે ખરો? અથવા વર્તે તો એની કિંમત કેટલી? અતરના વિશ્વાસ વિના કરેલા કાર્યમા ખરા પ્રાણનો અભાવ નહિ હોય? પણ એમની પાસે કા તટસ્થ રહેવુ કા વિરોધ કરવો કરવો અને કા એ હુકમને એક મહાન કાર્યની સિદ્ધ અર્થે માથે ચઢાવવો એ સિવાય એક પણ માર્ગ નહોતો અને એમણે દેશભરમા શરૂ થનારા એ મહાન પ્રયોગની સિદ્ધિ અર્થે છેલ્લો માર્ગ પસદ કરી પ્રયોગ કરનારને અનુકૂળતા કરી આપી એ બદલ તેમને અભિનદન ઘટે છે નવી પ્રતિજ્ઞા લેવા માટે બાતલ રહ્યો છે માત્ર સમાજવાદી પક્ષ તેમજ સુભાષબાબુનો પ્રગતિ-પક્ષ

સમાજવાદીઓને પણ બહુ વિરોધ કરવા જેવુ નહિ રહે કારણ કે દેશમા જ્યારે સક્રિય લડાઈ થશે ત્યારે તેઓ હાથપગ જોડીને બેસી થોડા જ રહેવાના છે? એ લોકો પોતાની મનોવૃત્તિને અનુકૂળ સામ્રાજ્ય-વિરોધી કાર્ય તો કરશે જ સભવ છે કે ખરી લડાઈ

[અનુસધાન જુઓ પૃષ્ઠ ૯૩૭]

સૌંદર્ય અને સંયમ

શ્રી અજ્ઞાત

ભાઈશ્રી,

પર્વતમાથી નીકળતા ઝરાના જેવો તમારો પત્ર મળ્યો. ભાઈએ લખેલું કે ભાઈ બહુ મૂઝાય છે તેને કંઈક લખો તો શાતિ થાય એનો ભાવાર્થ હવે હુ સમજ્યો. તમારી સાથે પત્રવ્યવહાર થાય તેમા હુ તમને જે રીતે સબોધીને લખુ છુ તે રીતે તમે પણ મને સબોધીને લખો એ ઇચ્છુ છુ. પૂજ્ય, તપસ્વી, મહાત્મા વગેરે શબ્દોથી મારી ઓળખાણ કરીને અને રાખીને બધા મિત્રો મને સતાવી ગયા છે. તેને કયાક તો હદ આવવી જોઈએ એટલે તમે નવો ચીલો પાડી મને શાતિ આપનારમાના એક બનો એ હુ ખાસ ઇચ્છુ છુ.

(૧) બ્રહ્મચર્યની બાબતમા તમે મારા વિષે જે કલ્પના કરી અને આકર્ષાયા તે વિષે ભભમ કહીએ તો એમ કહેવાય કે "ડુગર દૂરથી રળિયામણા લાગે છે" તેવા હોતા નથી. તમારો કાગળ વાચવાથી તો મને ઊલટુ એમ લાગ્યુ કે મારી સ્થિતિ તમારાથી વધારે ખરાબ પણ હતી અને એમાથી સપૂર્ણપણે મુક્ત થયાને હજુ બે અઢી વર્ષ જ થયા છે. અત્યારે પણ જેને ઊર્ધ્વરેતા કહેવાય તેવો હુ નથી જ. એટલે મારા વિષે તમે ધારી લીધેલુ ખોટુ હોઈને જેટલા માનને પાત્ર લોકો મને ધારે છે તેટલા માનને પાત્ર હુ નથી. મારા મૌનને કારણે તમારી પેઠે ઘણા — લગભગ બધા જ — મિત્રો અને લોકો ભુલાવામા પડે છે અને પરિણામે તેમનો મારા પ્રત્યેનો આદરભાવ મને અતમા તો સતાપનુ જ કારણ બને છે. તમારો મારા વિષેનો ખ્યાલ આથી સુધરે અને જે જે ભાઈઓ તમારા જેવા જ ખોટા ખ્યાલમા છે તેમને પ્રસગ મળ્યે તમે ખરી સ્થિતિથી વાકેફ કરો તો તમે મારા ઉપર ઘણો બધો ઉપકાર કરી શકો.

(૨) સહશિક્ષણના તમને જે અનુભવ થાય છે તેવા અનુભવમાથી પસાર થવાનું મારે તો બન્યુ જ નથી. નાનપણથી જ હુ અતડો રહેલો અને જાહેર હિલચાલમા ભાગ લીધા પહેલા ઇતર જાતિ સાથે પ્રસગમા જ નહિ આવ્યો, અને પછી પણ બહુ જ સકોચથી અને નછૂટકે જ્યારે આવશ્યક થઈ પડે ત્યારે હુ બહેનોના પ્રસગમા આવતો.

પણ ત્યારે તો મારી સમજણ ઠીક ઠીક ચોખ્ખી થયેલી હોવાથી એવી કોઈ લાગણી મે અનુભવી નથી. છતા આપણા જાણીતા એક બીજા ભાઈનો અનુભવ તમારા જેવો જ થયેલો. પણ તેનુ કઈ વખોડવા જેવુ પરિણામ નહિ આવેલ. તમે ગભરાવ છો તેટલુ ગભરાવા જેવુ તેમા નથી.

બ્રહ્મચર્યની મુખ્ય વાતને છેવટે રહેવા દઈ ઉપરની વાત પહેલી ચર્ચુ. પણ હુ જે લખુ તે સાચુ જ છે એમ માની લેવાની કશી જરૂર નથી. મને સમજાયુ તે તેવુ હું લખુ છુ અને મારા પ્રત્યેની અધ શ્રદ્ધા આ પત્રથી ઓછી થઈ હશે તો હુ આશા રાખુ છુ કે તમે મારા લખાણને કસી શકશો અને તેમાં તથ્ય લાગે તેટલુ જ સ્વીકારશો.

(૩) ચીભડા કે તૂરિયાના વેલા તમે જોયા હશે તો જાણતા હશો કે તેને પહેલા ફૂલ બેસે છે તે એમ ને એમ ખરી જાય છે તેમા ફળ બેસતા નથી. પછી ફરીને ફૂલ બેસે છે તેમા ફળ આવે છે. મનુષ્યના જીવનમા પણ કઈક, એવુ જ છે. અમુક વખતે અમુક લાગણીઓ પેદા થાય છે, પણ તે ચિરંજીવી કે કાઈ પરિણામ લાવનારી હોતી નથી. કાળબળે એ પેદા થાય છે અને ઉપર કહ્યુ તેમ ચીભડાના પહેલા ફૂલની પેઠે થોડુ જીવી લય પામી જાય છે. એવા ખોટા ફૂલથી અનુભવી માળી ગભરાતો

નથી અને એ ફૂલ ખરી જતાં શોક પામતો નથી કારણ કે કુદરતના ક્રમમાં એ પહેલા ફૂલનું શું સ્થાન છે તે તે સારી રીતે જાણે છે પણ નાના છોકરા તો ફૂલ બેઠેલા જોઈને જ રાજી થાય છે કે હવે જલદી ચીભડાં બેસશે, ને ફૂલો ખરી જતાં જોઈને શોકને પણ પામે છે પણ કુદરતના ક્રમમાં પહેલા ફૂલનું સ્થાન શું છે તે જે જાણે છે તે તેથી વિહ્વળ થતો નથી પણ થોડા કાળ ગમે તે બીજી પ્રવૃત્તિમાં ગાળી નાખે છે એટલે કાળક્રમે પૂરું થતાં તે ફૂલો આપોઆપ અદૃશ્ય થઈ નવા અને સાચા ફૂલને માટે સ્થાન કરે છે

આવળ અને ગુલાબ એ ફૂલમાંથી તમને કયું ગમશે? કારણ કે એમનું સૌન્દર્ય તમને આકર્ષે તેવું છે તે આકર્ષણમાં તમારા બુદ્ધિવિકાસની આવશ્યકતા નથી તે આકર્ષણ બુદ્ધિ મંદ થાય તોપણ ટળે તેમ નથી સૌન્દર્યનો તમારા મન સાથેનો સંબંધ બુદ્ધિથી સ્વતંત્ર છે કુદરતની રચના જ તે માટે જવાબદાર છે તમને સુંદર ગુલાબ ગમશે

(૪) તમને ગુલાબનું ફૂલ આકર્ષે છે મોર અને ઢેલ તેમાં કોણ આકર્ષે? મોર. તેનું કારણ પણ તે જ છે મોર કંઈ સુધાતો નથી કે ઘોડાની પેઠે તેની સ્વારી પણ થતી નથી તમારા કોઈ પણ કામમાં તે આવતો નથી તોપણ તમને તે ગમે છે અને જો કોઈ મોર તમારા ઘરની સામેના ઝાડ ઉપર વસતો હોય તો તમને તે બહુ જ ગમે એમ થાય કે મારા આંગણામાં આવીને જ તે બેસી રહે તો કેવું સારું! અને તે તેમ કરે તો? તો તમને થાય છે કે કૂતરાની જેમ મારી સાથે સાથે ફરે તો કેવું સારું! અને તે તેમ કરે તો? મને ખાતરી છે કે તમે તેને દિવસમાં અનેક વાર ચાબડો અનેક વાર નચાવો અને અનેક વાર પજવો પણ ખરા ને એમ કરો તો એમાં શું પાપ? શું ખોટું?

મનુષ્યજાતિમાં આ બાબતને લાગુ જાવ તો તે કેમ બધે એમ તે જોઈએ પુરુષ કરતાં સ્ત્રીને કુદરતે જ વધારે સોહામણી બનાવી છે-જેમ ઢેલ કરતાં મોરને બનાવ્યો છે તેમ જ હું તમને પૂછું કે તમને મોર સારો લાગે કે ઢેલ? અને તમે જો જવાબ દો કે મોર તો હું તમારા વિષે શું ધારું? અને હું તમને પૂછું કે તમને સ્ત્રી સારી લાગે છે કે પુરુષ? અને તમે જ જવાબ દો કે સ્ત્રી તો પહેલા પ્રશ્નના જવાબ વખતે તમારા વિષે જે ધાર્યું હતું તેથી જરા પણ વધારે શું ધારી લેવું ઘટે? હું તો ધારું છું કે યોગી પણ એમ જ કહે કે પુરુષ કરતાં સ્ત્રી વધારે સુંદર છે બે અને બે ચાર થાય એવી એ વાત છે એટલે જો પુરુષ કરતાં સ્ત્રી વધારે સુંદર છે એવું જો કોઈને લાગે તો તેમાં પાપ ક્યાં છે? એટલે આકર્ષણ સુંદરનું છે

સુંદર લાગે એટલે શું? હું પૂછું કે આ અક્ષર કયો છે? તમે કહો કે 'મ' અને આ? 'પ' આ 'મ' છે અને આ 'પ' છે એનો ભેદ સમજવો એવો માત્ર તર્કનો ભેદ જ આ સુંદર અને આ નહિ એમાં નથી સમાયેલો એમાં લાગણીનો પ્રશ્ન છે રસ્તે જતાં તમે કોઈ સુંદર પંખી જુઓ તો જરૂર તે તરફ જોવાનું અને તેની પાસે જવાનું મન થવાનું નહિતર તમે તેની સુંદરતા પિછાનો છો એ હું ન માનું એટલે સુંદર લાગે કે ગમે તેના સાનિધ્યનું મન થાય એમ આગળ ચાલીને કહીએ તો અયોગ્ય નથી એ માનવપ્રકૃતિ છે એટલે કુદરતી છે આ એક મુદ્દો થયો તે બરાબર વિચારી જોશો હજુ બે બીજા મુદ્દા રહે છે તે સમજ્યા પછી પાછા ફરીથી એ બધાનો સમગ્ર વિચાર કરવો રહેશે

બીજો મુદ્દો એ છે કે જેમ જેમ જુવાની આવતી જાય છે તેમ તેમ તેની શરૂઆતના ગાળામાં જુવાન પછી તે સ્ત્રી હોય યા પુરુષ પોતાના શરીરને વધારે ને વધારે સુંદર કરવા અને દેખાડવા પ્રેરાય છે એ વખતે ટાપટીપ વધે છે અને મન અતિ સ્વચ્છતા અને અતિ પવિત્રતા તરફ ધસે છે ધસે છે એટલું જ નહિ પણ તેમાં જરા અતગાર આવતા હદ કરતાં વધારે તેને ચાકુ લાગી જાય છે અને એવી લાગણીઓ થોડા જ કારણે પુષ્કળ ઘવાય છે જો તમે નીરખશો તો જણાશે કે લગભગ દરેક જુવાનમાં પવિત્રતા, આદર્શપ્રિયતા અને નિયમનની ખૂબ ભગરા

જ્યારે વેગ પકડે છે ત્યારે જ શારીરિક ટાપટીપ વધે છે અને પહેલા મુદ્દામાં કહ્યો તેવો સ્ત્રીજાતિ પ્રત્યેનો સૌંદર્યપ્રેમ પણ વધે છે આ પણ પ્રકૃતિની જ કૃતિ છે

ત્રીજો મુદ્દો એ છે કે એ કાળે યુવાન કે યુવતી, પોતાને બધા માનની લાગણીથી ઓળખે તેવી તીવ્ર આકાંક્ષા રાખતા થાય છે એ વખતે મોટામા મોટા સાહસ તેમની પાસે એ કારણે જ કરાવી શકાય છે આવી મનની ભૂખ એટલી પ્રબળ હોય છે કે આ કાળે આસપાસના વાતાવરણ પ્રમાણે તેની પાસેથી ગમે તે કામ સહેલાઈથી કઢાવી શકાય. કામ કઢાવનાર ઉપર, જુવાન કેવા કામમા પડે તેનો આધાર હોય છે આની સાથે સાથે સ્વજાતિના વર્ગ કરતા પણ પોતાનાથી ઇતર જાતિની પ્રશસા અને માનની લાગણી વધારે ગમે છે તે તેની પોતાની જાતિની વ્યક્તિથી દોરવાય તેના કરતા સામી જાતિની વ્યક્તિથી તે વધારે દોરવાય છે આ પણ પ્રકૃતિની કૃતિ છે, એટલે કુદરતી છે

આ ત્રણે મુદ્દા તમે વિચારશો તો તમારુ મથન તમે સમજી શકશો તે માનવપ્રકૃતિનો કુદરતી ફાલ છે, અને અમુક કાળે તે આવે છે

પરતુ શરૂઆતમા મે વેનાના પહેલા ફાલની સાથે સરખાવીને લખ્યુ છે તેમ એ લાગણીઓ ક્ષણિક અને કાળબળને આભારી હોઈ તેટલો સમય માણસ યોગ્ય રસ્તાને વળગી રહે તો તેનો વેગ આપોઆપ શમી જાય નદીમા ચાલતા માણસને ખબર પડે કે પૂર આવે છે તો જેમ તે એકદમ કાંઠે દોડી જઈ વાટ જુએ અને થોડા વખતમા જ પાણી ઊતરી જાય છે અને માણસ સહેલાઈથી નદી ઓળગી જાય છે તેના જેવુ આ છે ઉપર કહી તે લાગણીઓ પ્રથમ દર્શને બહુ પ્રબળ હોય છે, પણ પછી તે ઉપર સહેલાઈથી આપણો કાબૂ રહી શકે છે પહેલુ ગુલાબ કે પહેલો મોર જોઈએ ત્યારે પાસે રાખવાનુ મન થાય પણ ગુલાબના વનમા કે મોરના ટોળાવાળા પ્રદેશમા એવુ થતુ નથી

હવે તે કુદરતની પ્રકૃતિની પ્રસાદી ઉપર વિશેષ વિવેચન કરીએ 'કુદરતી છે' એમ કહીને જ આપણે ન છૂટી શકીએ પૂર પણ કુદરતી છે તો શુ તેમા પડવુ? નહિ જ. એટલે એ લાગણીઓ કુદરતી હોવા છતા તેનો કેટલો, કેવો અને કેમ ઉપયોગ કરવો તે તો વિચારવાનુ રહે જ છે અને એ લાગણીઓનુ પૂર કઈ જેવુ તેવુ નથી અતિ વેગથી દોડતી જતી ગાડીએ પેદા કરેલો પવન જેમ બાજુએ ઊભનારને પણ પાડી દે છે, તેવો આકરો તેનો વેગ કેટલાકને માટે થઈ પડે છે

તો પછી એ કુદરતી એમ સમજવાથી શો ફાયદો? બે ફાયદા પહેલુ તો એ જાણવુ જોઈએ કે સૌંદર્ય પ્રતિ આકર્ષણ અને સાનિધ્યની ઇચ્છા વિષયેચ્છા-મૂલક છે, પાપી છે એમ માની લેવાનુ કાંઈ જ કારણ નથી અનમત્ત પાપી વાસનાને પરિણામે સૌન્દર્ય પ્રતિ સાનિધ્યની ઇચ્છા પેદા થાય છે ખરી પણ તેથી ઊલટ પક્ષે ફેરવીને બોલીએ તો વાત સાચી નથી એટલે આપણા પોતાના કે કોઈ બીજાના વિષે અભિપ્રાય બાધતા, અનુમાન કરતા, પૂરી સાવધાનીની જરૂર છે

બીજુ એ કે એ લાગણી કુદરતી હોઈ આપણા કોઈ પણ વાક વિના જ પેદા થાય છે એટલે તે માટે આત્મનિંદા ન સેવવી જોઈએ વધારે પડતી વ્યાકુળતા સેવી મનને વધારે નબળુ ન પાડવુ જોઈએ ને ખોટી કલ્પનાઓ કરી પડવાનો રસ્તો સરળ ન કરવો જોઈએ

કુદરતી હોવાની વાતને ફેરવીને એવી દલીલમા પણ ગોઠવી શકાય કે, કુદરતી છે એટલે આપણે કેવી રીતે તેને મર્યાદામા રાખી શકીએ? કુદરત જ કેમ પોતે મર્યાદામા રહેતી નથી? અને મર્યાદામા રહેવુ આપણે માટે આટલુ બધુ મુશ્કેલ કેમ છે?

તેના બે જવાબ છે

એક તો એ કે જે માણસો કુદરતી જીવન, કુદરતમા વાસ, કુદરતે નિપજાવેલ પદાર્થોનો કુદરતી સ્વરૂપમા જ ઉપયોગ અને કુદરતને અનુકૂળ વ્યવહાર-જીવનકર્મો નથી રાખતા પણ બધી જ રીતે જુદા પ્રકારે જીવે છે, તેમા કુદરત પણ વિકૃતિરૂપ બની જાય તો તે વિકૃતિ માટે કુદરતનો વાક કાઢી શકીએ નહિ, અને એ વિકૃતિને કુદરતની કૃતિ તરીકે ઓળખાવી આપણે છટકી શકીએ નહિ

બીજો જવાબ એ છે કે જેમ પ્રકૃતિ છે તેમ પુરુષ પણ છે બન્ને અનાદિ છે પ્રકૃતિનુ કાર્ય ઘડ મથલ કર્યા કરવાનુ છે, અને આખો સસાર છતાં

પુરુષથી નિરપેક્ષ રીતે પ્રકૃતિ કશું જ ન કરી શકે—જેમ જીવ વિના દેહ.

ઉપદ્રષ્ટા, અનુમંતા, ભર્તા, ભોક્તા અને મહેશ્વર, એટલે તટસ્થપણે જોનાર, સંમતિ આપનાર, પોષનાર, નિયમન કરનાર તરીકે પુરુષને અનુભવવો એનું જ નામ પુરુષાર્થ. પુરુષાર્થ એટલે આપણે કરવાનું કામ.

આ બીજો જવાબ એમ ને એમ નહિ સમજાય, પણ જો ..ભાઈને કદી વખત મળે તો તમે તેમની પાસેથી ગીતામાં કહેલો પુરુષ અને પ્રકૃતિનો ભેદ તથા તેમનો પરસ્પર સંબંધ અને તેમના કાર્ય સમજી લેશો. હાલમાં તો એટલા વારંવાર જાગ્રત રહેતાં શીખવાની જરૂર છે કે પ્રકૃતિ-દેહ છે તેનાથી અલગ એવો પુરુષ પણ છે, જેમ પ્રકૃતિના ધર્મો છે તેમ પુરુષના પણ ધર્મો છે અને તે પુરુષ—આત્મા સ્વયં એવી સત્તાથી મહેશ્વર છે એટલે જેમ આપણે પ્રકૃતિના ગુણધર્મોને કુદરતી માની વશ થઈ જઈએ છીએ તેમ જ પુરુષના ધર્મો એટલા જ કુદરતી છે અને તેનો અનુભવ પ્રત્યેક જણ ધારે તો જરૂર કરી શકે છે.

ઉપર કહ્યું કે આકર્ષણ કઈ પાપી વાસનાને કારણે જ હોતું નથી એ તમે અનુભવ્યું છે, માત્ર કાળધર્મને કારણે એ લાગણીઓ પેદા થાય છે. તે ક્ષણિક હોય છે તેટલો સમય સાવધાન રહેવું જોઈએ અને થોડો કાળ આપણે પ્રકૃતિ ઉપર મહેશ્વરની કુદરતી સત્તા અનુભવી ચાલીએ તો કશો વાંધો આવે નહિ. એ જ બાબત સામાન્ય વ્યવહારુ શબ્દમાં મૂકીએ તો કહેવું જોઈએ કે આપણે જે કાર્ય જે નિત્ય નિયમ પ્રમાણે વર્તતા હોઈએ તેમાંથી એવી લાગણીઓ ચલિત ન કરે એટલું તો આપણે જોવું જ જોઈએ. એ જોવું તો પડશે. અને એ દૃઢ સંકલ્પ માત્રથી જ થઈ શકે. એ એક જ ઉપાય છે, અને નબળામાં નબળો માણસ પણ તેને સેવતો સેવતો જ સબળો બન્યો છે. જો માણસ ગમે તેવી લાગણીઓ થવા છતાં પોતાના નિયમમાંથી બહાર એક પણ ડગલું ન ભરે તો તે લાગણીઓ કુદરતી હોવા છતાં તેને પાડવા સમર્થ નહિ થાય તે નક્કી છે.

આ બાબતમાં વિશેષ અહીં લખતો નથી. ઉપરાંત મારે બ્રહ્મચર્ય વિષે તો લખવાનું છે જ. પણ આ કાગળ થોડી પરચૂરણ બાબતો લખીને પૂરો કરીશ. બીજા પ્રશ્નોનો જવાબ તુરત જ આપવાની જરૂર જોતો નથી, એટલે પખવાડિયે તમને પત્ર લખવા ધારું છું.

વિગતવાર કદ અમલમાં મૂકવાની સૂચનાઓ આમાં નહિ હોવાથી તમને નિરાશા થશે, પણ આટલે દૂરથી બીજું શું થઈ શકે? તમે તમારી મેળે જ રસ્તો કાઢી શકશો.

એડોલ્ફ જુસ્ટનું 'રીટર્ન ટુ નેચર' નામનું પુસ્તક થોડા વખત પહેલાં મારી પાસે ડૉક્ટરે વાંચ્યું હતું. તેનું કહેવું દરેક માણસ માટે ઉપયોગી છે, અને તમે અમલ કરી શકો તેવી કેટલીક સૂચનાઓ તેમાંથી અહીં લખું છું.

(૧) નકરું જ ઘરમાં રહેવું. દિવસ ને રાત ખુલ્લામાં જ કાઢવી, પણ તડકો લેવો નહિ.

(૨) નકરું જ વસ્ત્રો પહેરવાં. લંગોટથી ચાલે ત્યાં ચડ્ડી ન પહેરવી. ચડ્ડીથી ચાલે ત્યાં પહેરણ ન પહેરવું. ટોપી વિના તો બધે ચાલે. દિવસે જેમ કપડાં વિષે તેમ રાત્રે ઓઢવા વિષે. આપણાં હવાપાણી એવાં નથી કે પહેર્યા, ઓઢ્યા અને પાથર્યા વિના ન ચાલે. શરીરને ટેવ પાડવી જોઈએ.

(૩) સ્નાનમાં ઠંડામાં ઠંડું પાણી વાપરવું. સગવડ હોય તો છીછરા પાણીમાં માત્ર ગુહ્યાંગ અને ઘૂંટી સુધીના પગ પલળે એવી રીતે થોડો વખત ઠંડા પાણીમાં સ્નાન પહેલાં બેસી રહેવું. આવી સગવડ ન હોય તો શૌચ માટે ઠંડામાં ઠંડું પાણી પુષ્કળ વાપરવું અને સ્નાનને બદલે એ વખતે બધાં ગુહ્ય ભાગો ઠંડા પાણીથી ધોવા. ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણામાં લઘુશંકા પછી દરેક વખતે પોતાનું ગુહ્યાંગ પાણીથી ધોવાનો જૂનો રિવાજ હતો—હાલ કોઈ પાળતું નથી પરંતુ એ આરોગ્યની દૃષ્ટિથી હશે એમ માનું છું.

(૪) કઠોળ બહુ ન ખાવું અને ખાવું તો શારીરિક શ્રમ કરીને પરસેવો ઉતારવો.

લિ... ... .ના વ. મા.

જર્મનીમાં ખેતીની સુધારણા

શ્રી. વિઠ્ઠલદાસ મ. કોઠારી

હિંદમા પોણા ભાગ જેટલી વસ્તીનો આધાર ખેતી ઉપર છે તેથી ખેતીનો પ્રશ્ન આપણા જેવા દેશો માટે જ છે એમ નથી યુરોપના ઉદ્યોગ પ્રધાન દેશોમા પણ એ પ્રશ્ન ઉપસ્થિત છે ૧૯૧૪ના મહાયુદ્ધમા થયેલા કેટલાક અનુભવો પછી એ દેશોએ ખેતી ઉપર વિશેષ લક્ષ આપવા માડ્યુ છે પહેલા તેઓ ખાધાખોરાકીની વસ્તુઓ અને કારખાના માટે કાચો માલ પરદેશથી લાવતા અને તેને બદલે કારખાનાનો પાકો માલ વેચતા આ રીતે જિંદગીની આવશ્યક જરૂરિયાતો માટે પણ પરદેશ ઉપર આધાર રાખવો પડતો આથી કમાણી વધારે થતી પરતુ લડાઈ જેવા પ્રસગોમા મુશ્કેલી આવતી અને બહારથી આવતા ખાધાખોરાકી અને કાચો માલ બધ થતા પ્રજાને માટે જીવનમરણનો પ્રશ્ન થઈ પડતો આ અનુભવ ઉપરથી યુદ્ધ બધ થયા પછી યુરોપના દેશોમા એક નવો પવન શરૂ થયો અને એ દેશોએ ખેતી સુધારવાવધારવા તરફ લક્ષ દોડાવ્યુ જર્મનીમા એ રીતે ખેતી સુધારવા માટે વિચાર થયો અને યોજનાઓ થઈ જર્મનીની હતાશ થયેલી પ્રજાને ઊચે લાવવા માટે ત્યાના હાલના સરમુખત્યાર હિટલરે અનેક વિચારો કર્યા, તેમા તેણે ખેતીની બાબત પણ વિચારી તે યોજના આપણા દેશની ખેતીને અગે પણ વિચારવા જેવી છે જર્મની અને હિંદની સ્થિતિ જુદી છે આપણા દેશના મોટા ભાગના લોકો ખેતી કરે છે અને તેમા તેમનુ પૂરુ થતુ નથી એટલે ખેતી સિવાયના બીજા ધધાઓ ખીલવવા, અને ખેતી ઉપરનો બોજો ઓછો કરવો તથા ખેતી સુધારવી તે આપણો પ્રશ્ન છે જર્મનીમા ફક્ત ત્રીજા ભાગના લોકો ખેતીમા રોકાયેલા છે, અને તે કરતા વધારે લોકો જુદા જુદા ઉદ્યોગોમા રોકાયેલા છે આમ બન્ને દેશોની પરિસ્થિતિમા ફેર છે, છતા ખેતીના પ્રશ્નોને અગે કેટલુક મળતાપણુ છે ખેતી ઓછા માણસો કરે કે વધારે કરે, પણ જ્યા ખેડૂતોની સ્થિતિ સારી ન હોય ત્યા ખેતીના પ્રશ્નો ઘણાખરા સરખા હોય છે આ બાબત ત્યાની ખેતીસુધારણાની યોજના જોવાથી સ્પષ્ટ દેખાય છે આ રહી તે યોજનાની વિગતો

જર્મની માટે ખેતીની અગત્ય

જર્મન પ્રજા ખાધાખોરાકીની ઘણી વસ્તુઓ પરદેશથી મગાવે છે ૧૯૧૪ના મહાયુદ્ધ પહેલા કારખાનાનો માલ આપીને પરદેશમા રોકેલી એ મૂડીમાથી ખોરાકી માલના પૈસા આપવામા આવતા પણ મહાયુદ્ધ પૂરુ થયા પછી આ સ્થિતિ બદલાઈ ગઈ હવે પરદેશમા દેવુ કરીને આ માલના પૈસા આપવા પડે છે આને લીધે જર્મન પ્રજાને બીજા દેશોનુ દેવુ થાય છે અને દિવસે દિવસે દેવુ વધે છે આમ જો ચાલ્યા કરે તો જર્મન પ્રજા વધુ ને વધુ ગરીબ થઈ જાય

આ ગુલામીમાથી છૂટવાનો એક જ રસ્તો છે કે દેશમા જ જરૂરી ખાધાખોરાકીની વસ્તુઓ પકવી લેવી આ રીતે જર્મનીમા ખેતીની પેદાશ વધારવી એ જર્મન પ્રજા માટે જીવન અને મરણનો પ્રશ્ન છે

ગામડાની પ્રજા આર્થિક રીતે સુખી હોય તો ઉદ્યોગોને માટે પણ લાભકારક છે, કારણ કે ભવિષ્યમા કારખાનાનો માલ દેશમા જ ખપાવવો જોઈશે ગામડાની પ્રજા તદુરસ્તીનો વારસો જાળવી રાખે છે, પ્રજાની જુવાની ટકાવી રાખે છે અને લશ્કરમા માણસો પૂરા પાડે છે આથી કુશળ ખેડૂતોને પોષવા અને વધારવા એ અગત્યની વસ્તુ છે

રાજ્યની ખેડૂતો પ્રત્યે બેદરકારી

ખેતીની પેદાશ વધારી શકાય એમ છે પરતુ તે વધતી નથી, કારણ કે ખેડૂતો દેવાદાર છે એટલે ખેતી માટે જરૂરી વસ્તુઓ ખરીદી શકતા નથી અને ખેતીમાથી ખર્ચ પૂરુ થતુ નથી ખેતીમાથી પૂરતી કમાણી નહિ થવાના કારણો નીચે મુજબ છે .—

૧ ખેડુતો ઉપર વધારે પડતો કરવેરાનો બોજો લાદવામાં આવ્યો છે આનું કારણ એ છે કે યહૂદી મૂડીદારો, જેઓ રાજતંત્ર ઉપર કાબૂ ધરાવે છે તેઓ, જર્મન ખેતીનો નાશ કરવા માગે છે

૨ પરદેશમાં ખેડૂતોને જે સગવડો મળે છે તે ખેડૂતોને મળતી નથી અને તેથી તેઓ હરીફાઈમાં ફાવી શકતા નથી

૩ જથ્થાબંધ વેપાર કરનાર વેપારીઓ અસાધારણ નફો ખાટી જાય છે તેને લીધે ખેડૂતોને પૂરતા દામ મળતા નથી

૪ યહૂદી લોકો મુખ્યત્વે વીજળીના કારખાના વગેરે ચલાવે છે તેઓ ખેડૂતો પાસેથી વીજળીના ઉપયોગ માટે અને બનાવટી ખાતરના ભારે દર લે છે

કરવેરાનો ભારે બોજો ખેડૂતો પોતાની આવકમાંથી ઉપાડી શકતા નથી એટલે તેમને વ્યાજનું દેવું કરવું પડે છે અને તે યહૂદી શાહુકારના હાથમાં વધુ ને વધુ સપડાઈને પોતાની બધી મિલકત ગુમાવે છે આથી જર્મન ખેડૂત મિલકત વિનાનો થઈ જાય છે

જ્યાં સુધી પરદેશી મૂડીદારો જર્મનીના રાજ્યતંત્ર ઉપર કાબૂ ધરાવે છે ત્યાં સુધી જર્મનીના ખેડૂતોની ગરીબાઈ સુધારવાનું કે ખેતીની સુધારણા કરવાનું શક્ય નથી અત્યારના કરતા તદ્દન જુદી જાતના નવા જર્મન રાજ્યમાં ખેડૂતો અને ખેતી પ્રત્યે વધારે ધ્યાન આપવામાં આવશે કારણ કે ખેડૂતો એ જર્મન પ્રજાનો મુખ્ય આધાર છે તેમની સુધારણાના મુદ્દાઓ નીચે પ્રમાણે રહેશે —

૧ જર્મનીની જમીન જર્મન પ્રજાના નિર્વાહ માટે અને વસવાટ માટે જ હોવી જોઈએ જેઓ જમીન ધરાવતા હોય તેમણે આ રીતે જ તેનો ઉપયોગ કરવો જોઈએ

૨ જર્મન પ્રજાજન જ જમીનનો માલિક થઈ શકે

૩ કાયદાનુસાર મેળવેલી જમીન એ વારસાહકને યોગ્ય ગણાશે પરંતુ જમીનના માલિકની ફરજ છે કે તેણે તેનો ઉપયોગ રાષ્ટ્રહિતમાં જ કરવો જોઈએ આ રીતે જમીનનો ઉપયોગ બરાબર થાય છે કે નહિ તેની દેખરેખ રાખવા માટે ખાસ સમિતિઓ નીમવામાં આવશે ને સમિતિઓમાં રાજ્યનો એક પ્રતિનિધિ અને બીજા જમીન ધરાવનાર વર્ગના પ્રતિનિધિઓ હશે

૪ જમીનના વેચાણમાં સટ્ટો નહિ થઈ શકે, તેમ તેના માલિકને અનુપાર્જિત (unearned) આવકનો લાભ નહિ મળી શકે જે પોતે ખેતી કરવા માગતો હોય તે જ જમીન ધરાવી શકશે આથી દરેક જમીનના વેચાણમાં રાજ્યનો પહેલો હક ગણાશે જમીન કોઈ પણ ખાનગી ધીરનારને આપી શકાશે નહિ. રાજ્ય તરફથી અગર રાજ્યે માન્ય રાખેલા મંડળો મારફત ખેડૂતોને ખેતી કરવા માટે સસ્તા વ્યાજે નાણાં પૂરાં પાડવામાં આવશે

૫ પોતે જેટલી જમીન ધરાવતો હશે તેને માટે જમીનના પ્રકાર પ્રમાણે ખેડૂતે રાજ્યને વેરો આપવો પડશે આ ઉપરાંત જમીન ઉપર બીજો કંઈ વેરો નાખવામાં નહિ આવે

૬ દરેક ખેડૂત કેટલામાં ખેતી કરે તેને માટે ચોક્કસ નિયમો નહિ થઈ શકે એટલું ખરું કે નાના અને મધ્યમ પ્રકારના ખેતરો ઘણા હોય તે ઇષ્ટ છે મોટા પાયા પરની ખેતીને પણ અગત્યનું સ્થાન છે પરંતુ બન્ને પ્રકારની ખેતીની વચ્ચે યોગ્ય મેળ હોવો જોઈએ

૭ જમીનના ભાગલા ન પડી જાય અને જમીન ઉપર દેવાનો બોજો ન વધી જાય તે ધોરણે વારસાનો કાયદો કરવામાં આવશે.

૮ યોગ્ય બદલો આપીને રાજ્ય કોઈ પણ જમીનનો કબજો લઈ શકશે નીચેના પ્રસંગોએ રાજ્ય તેમ કરી શકશે

(ક) જર્મન પ્રજા ન હોય તેવા માણસના હાથમાં જમીન હોય ત્યારે,

(ખ) કચેરીએ એવો ચુકાદો આપ્યો હોય કે ખેડૂત રાષ્ટ્રના હિતમાં ખેતી કરતો નથી ત્યારે,

(ગ) ખેડૂત પોતે ખેતી કરતો ન હોય અને તે જમીનમાં રાજ્યને સ્વતંત્ર ખેડૂતોને વસાવવા હોય ત્યારે,

(ઘ) રેલવે કે લશ્કરને માટે કે એવાં ખાસ કામો માટે રાજ્યને જરૂર હોય ત્યારે.

જો કોઈએ જર્મનીનાં કાયદાથી વિરુદ્ધ ગેરકાયદેસર રીતે જમીન મેળવી હશે તો તે જમીન કંઈ પણ બદલો આપ્યા વગર પડાવી લેવામાં આવશે.

૯ જે જમીન રાજ્યને પ્રાપ્ત થાય તેમાં લોકોને વસાવવાની રાજ્યની ફરજ છે. તે જમીન એવી રીતે આપવામાં આવશે કે તે ખેડનારને તેમાંથી નિર્વાહપૂરતું મળી રહે અને તે પોતાનાં વારસોને (નક્કી કરેલી શરતો પ્રમાણે) વારસામાં આપી શકે.

આમ ખેડૂતોને વસાવવા માટે ખેડૂતોની પરીક્ષા કરવામાં આવશે કે તેમની તે ધંધા માટે કેટલી લાયકાત છે અને તે ઉપરથી પસંદગી કરવામાં આવશે. જે ખેડૂતોને વારસામાં જમીન નહિ મળી હોય તેમને ખાસ પસંદગી આપવામાં આવશે.

જર્મનીની પૂર્વ સરહદ પર લોકોને વસાવવા એ ખાસ અગત્યનું છે. ફક્ત ખેતી કરાવવી એટલું બસ નથી પરંતુ ત્યાં માલનાં બજારો માટે શહેરો ઊભાં કરવાં જોઈએ. આ જ રીતે નાનાં ખેતરોમાંથી પૂરતી કમાણી થઈ શકે.

જર્મન પ્રજાને વસાવવા માટે અને તેને પોષવા માટે વિશાળ જમીનો પૂરી પાડવી એ જર્મનીની પરદેશની રાજનીતિનું લક્ષ હોવું જોઈએ.

૧૦ ખેડૂતોની અત્યારની ગરીબાઈ ઘટાડવા માટે કરવેરામાં ઘટાડો કરવો જોઈએ અને બીજા ખાસ ઉપાયો યોજવા જોઈએ. દેવું વધતું અટકાવવા માટે કાયદો કરવો જોઈએ અને વ્યાજનો દર ઘટાડીને મહાયુદ્ધ પહેલાંનો દર નક્કી કરવો જોઈએ. અને વધારે પડતા વ્યાજના દરની સામે સખત પગલાં લેવાં જોઈએ.

૧૧ ખેતીમાં પૂરતી કમાણી થાય એ જોવાની રાજ્યની ફરજ છે. તેથી રાષ્ટ્રીય યોજના કરીને આયાત થતા માલનું નિયમન કરીને અને જકાત નાખીને રાજ્યે ખેતીને રક્ષણ આપવું જોઈએ.

ખેતીના માલની કીમતો ઉપર બજારના સટ્ટાના વેપારની અસર ન થવી જોઈએ અને તે વેપારીઓની જગ્યાએ ખેડૂતમંડળો સ્થાપવા માટે ઉત્તેજન આપવું જોઈએ.

ખેડૂતમંડળોનું એ કામ રહેશે કે ખેતીની પેદાશ વધારવી અને ખેતીનું ખર્ચ ઓછું કરવું. તે મંડળો ખેડૂતોને ખેતીનાં ઓજારો, ખાતર, બી, અને ઢોરઉછેર માટે પશુઓ કિફાયત ભાવે પૂરાં પાડે, જીવાતનો નાશ શી રીતે કરવો તેની અને ખેતી સુધારવા માટે મફત સલાહ આપે અને ખેતીને અંગે સંશોધન કરે. આવાં કામ કરવા માટે આ મંડળોને રાજ્ય સંપૂર્ણ મદદ કરે અને ખાસ કરીને એટલો આગ્રહ રાખે કે વીજળીના ઉપયોગનું ખર્ચ અને બનાવટી ખાતરોની કિંમત ઘટાડે.

૧૨ ખેડૂતમંડળોમાં ખેતીના મજૂરોને પણ સ્થાન મળવું જોઈએ. આ બાબતમાં રાજ્યે ધ્યાન રાખવું જોઈએ. સ્થિતિ એવી હોવી જોઈએ કે સારા મજૂરો પોતે જમીનના માલિક થઈ શકે. જેમ જેમ ખેતીની સ્થિતિમાં સુધારો થતો જશે તેમ તેમ ખેતીના મજૂરોનાં જીવનમાં અને તેમની રોજીમાં પણ સુધારો થશે. જ્યારે આવી રીતે સ્થિતિ સુધરશે ત્યારે પરદેશી મજૂરોને ખેતી માટે રોકવા નહિ પડે, અને ભવિષ્યમાં તો પરદેશી મજૂરોને રોકવાની મનાઈ કરવામાં આવશે.

૧૩ ખેતીની રાષ્ટ્રીય અગત્ય ધ્યાનમાં લઈને રાજ્યે ખેતીવાડીના શાસ્ત્રીય જ્ઞાનને ઉત્તેજન આપવું જોઈએ. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તેનું શિક્ષણ આપવું જોઈએ અને જે બાળકો હોશિયાર હોવા છતાં ભણી શકે તેવાં ન હોય તેમને ભણવાની અનુકૂળતા હોવી જોઈએ.

૧૪ ગામડાના લોકો ગરીબ છે, કારણ કે આખી જર્મન પ્રજા ગરીબ છે આખી પ્રજા ગરીબ હોય છતા કોઈ પણ એક વર્ગ સુખી રહી શકે એમ માનવુ એ ભૂલ છે અને ગામડાની અને શહેરની પ્રજા સારા અથવા નરસા માટે એક બીજા સાથે જોડાયેલી છે એટલે તે બેની વચ્ચે ઈર્ષા કે વિરોધ પેદા કરવા તે ગુનો છે

૧૫ અત્યારની રાજકીય પરિસ્થિતિમા ખેડૂતોની સ્થિતિમા કાયમી સુધારો થાય એવુ કઈ થઈ શકે તેમ નથી, કારણ કે પ્રજાની ગરીમાઈના મૂળમા રાજકીય ગુનામો રહેલી છે અને રાજકીય સાધનો વડે જ તે દૂર થઈ શકે એમ છે

જૂના રાજકીય પક્ષો જેઓ પ્રજાની ગુલામી માટે જવાબદાર છે જ તેઓ સ્વત ત્રતાના રસ્તે આપણને દોરી નહિ શકે ભવિષ્યમા તેવા ધધાદારી મ ડળો ને આધારે માટે અગત્યના કામ કરવાના રહેશે અત્યારે પણ તેઓ ઘણુ તૈયારીનું કામ કરી શકે છે, પરતુ સ્વાતત્ર્ય માટેની રાજકીય લડત, જેમાથી નવી આર્થિક રચનાનુ મડાણ થઈ શકે, તેને માટે તેઓ લાયક નથી, કારણ કે કોઈ એક વર્ગની કે ધધાની દષ્ટિથી એ લડત લડવાની નથી પરતુ સમસ્ત પ્રજાની દષ્ટિથી લડવાની છે *

જર્મની માટે ૧૯૩૦મા લખાયેલા આ શબ્દો આપણા દેશને આજે પણ લાગુ પડે છે તે પ્રજાના ઉદ્ધાર માટે થયેલા વિચારો અને યોજનાનો આપણે આપણા ઉત્થાન માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ

* My Struggle By Adolf Hitler

• શુભચિંતન •

(પૃથ્વી)

તને પૂરણ શાંતિ હો ! કુશળ પથ તારા હજો
સુરમ્ય તવ જિંદગી ખુશખુશાલ દીપ્તભર્યા —
વહો દિવસ શી અને ઉરચહેલ સ્વપ્ના બધા
ફળો જીવનમા : તને સ્મિતલસત ચાહુ મળો ! ૧
કદા દુ મની વાદળી તવ શિરે ય આવી ચડે-
જજો વરસી એ ય તે ગરદઅભ્રછટાય શી
અહો નિજ સુવર્ણથી વિશદ રમ્ય આભા ફરી,
લલાટ પર ભૌમના ઝગટતી હિરણ્યે ભરી ! ૨
પ્રમોદ હસતી બધે ય નિજ નર્તને મગ્ન થૈ-
સરે પગલી કાળની વિષમ પાદરેખા પડે
તથાપિ શિર તાહરે સુખથી વર્ષ ચાલ્યા જજો-
તને કુસુમ એકને સ્પરશ રેખ પાડ્યા વિના ૩
મેં પૃથિવી આ ભમા નિજ પથે ફરે ચક્રમા
અને દિવસ-રાતની અરધ તેજછાયા ઢળે,
પરંતુ તવ વાસ શાશ્વત પ્રકાશખડે હજો !
સદૈવ વરષો સખે ! તવ પ્રતિ સ્મિતો તેજના !' ૪

• ભાગ્દ્રાજ

* આગ્લકવિ Thomas Mooreના Peace be arround thee નામક કાવ્યનો ભાષાનુવાદ

હું

શ્રી. નવીનચંદ્ર પંડયા

કોઈ દિવસ જાતને વિચારી જોઈ નથી પૃથક્કરણ કરવાનો પ્રયત્ન સરખો ય કર્યો નથી આજે જ્યારે એ નવરાશ કાઢી છે ત્યારે અચાનક આગળી મોઢામા મૂકી દેવાય છે, વિચાર થાય છે, 'રે દુનિયા! તું યે રંગીલી છે!'

પણ આજના પ્રયત્નમા એક વાત તો દિનમા દબાવવાના ને શમાવવાના બહુ બહુ પ્રયત્નો કર્યા છતા જાણે સ્થિતિસ્થાપક હોય એમ ઊછળી ઊછળીને બહાર નીકળી પડે છે છૂટકો નથી ઊર્મિને માર્ગ આપવો જ પડશે

મને ખબર નથી કે મારામા શુ આકર્ષણ ભર્યું છે આયનાનો દિવસમા દસ વખત ઉપયોગ કરવા છતા હું કદી મારા રૂપ પર મોહ્યો નથી મારા ગુણને તો હુ પોતે જ જાણી શકુ એવુ મને હજુ અભિમાન છે છતા કોણ જાણે કેમ, પરણીને પહેલી જ વાર આની છતા સરના મારા તરફ આકર્ષાઈ — મે આકર્ષક દેખાવાનો અગર એને આકર્ષવાનો જરાક જેટલો પણ દંભ કર્યો નહોતો — નથી તમને શકા થઈ કે હું જાણુ છુ, અને એટલે જ ચોખવટ કરી દઉ છુ કે સરના મારી કશી ય સગી થતી નહોતી — અને હજુ પણ આમ દુનિયાની દૃષ્ટિએ અમારી વચ્ચે સબધ નથી. હા, એટલુ ખરુ કે એનો પતિ — સુરેશ મારા કરતા વયમા ઠીક મોટો હતો પડોશી હતો, અને એ બન્ને કારણને લીધે મારો કૈંક અંશે મુરબ્બી મિત્ર હતો

આજ જ્યારે મારી આ કહાણી કહેવા જ બેઠો છુ ત્યારે એક વાતનો તો તમને પહેલેથી જ આભાસ આપી દઉં આજે સરના ક્યા છે—કદાચ દુનિયા પર છે કે નહિ, અને કદાચ હશે તો એ કેવુ જીવન ગુજારતી હશે, એ કેમ એના દહાડા એના 'પતિદેવ' સાથે પૂરા કરતી હશે એ બધુ પૂછી મને ગૂગળાવશો નહિ. મને એની કશી યે ખબર નથી

સરના બહુ જ સરલ ભાવે વાત કરી શકતી હતી એની એ શક્તિ પર તો હું મુગ્ધ જ હતો બહુ જ હળવેથી તદ્દન કુદરતી રીતે એણે મારા આશ્ચર્યની વચ્ચે એક દિવસ મારી સાથે વાત કરવી શરૂ કરી હુ હજુ મારા વિસ્મયમાથી જાગ્યો નહોતો એ પહેલા તો એણે પ્રશ્નોની ઝડી વરસાવી મૂકી

'રશ્મિભાઈ તમે તો તોબા છો!" તદ્દન સ્વાભાવિકપણે એણે મારી સાથે વાત કરવાની શરૂઆત કરી ત્યારે પહેલુ વાક્ય આ હતુ

સ્ત્રીજાતિ માટે મને બહુ માન છે એમની નિર્ભયતાની મે અનેક વાતો વાચેલી છે, આજે પ્રથમ અનુભવ થયો મે — જો કે મને છાજતુ નહોતું છતા — સહજ સકોચસહ આટલુ જ પૂછવાની હિંમત કરી

"કા ભના!" એક વખત મોઢામાથી વાચા નીકળી એટલે પછી એને નવા નવા વિચારો પકાવવાની જરૂર પડતી નથી એ જાતે જ સ્વતત્ર બની વિહરે છે "તમે એટલામા એવુ શુ શોધી કાઢ્યુ?"

"તે તમે મારી પેલી નાની સરોજની માફક નવા માણસોને જોઈને ગભરાઈ શેના જાવ છો? અમે કાઈ હેડબાના વરુ નથી?"

આજુબાજુ એકાત હતું એમ તો ન જ કહી શકાય નવી આવેલી પુત્રવધૂને—પોતાને સુધારકમા ગણાવવા મથતા કેટલાક શ્વશુરપક્ષો—અમુક પ્રકારની છૂટ આપે છે જો કે એનો અતિરેક ન થાય એની તો એ પેલી છૂટ આપે છે તેના કરતા ય વધુ કાળજી રાખે છે એ હિસાબે સરના કદીક કદીક મારે ત્યા બેસવા આવતી—એના પર સતત ચોકીપહેરો ચાલુ હોય ને છતા પણ

હું અત્યાર સુધી નીચુ માથુ રાખીને ખોળામા પડેલી ચોપડીમા આખો પરોવીને જ ઉત્તર આપે જતો

હતો, મન મૂઝાયે જતું હતું એની મને ખાતરી હતી મે હા પર શા શા ભાવ પથરાયા હશે તે તો હું કેમ કહી શકુ ? અરીસો લઈને જોવા જઉ તો તરત ભાવ પલટાઈ જાય એની મને શકા નહોતી છતાય છીછડી પૂરબહારમા હતી એણે હિંમતને ધક્કો મારી આગળ કરી

મે મોઢુ ઊચુ કરી એના સામુ જોયુ સામે સતત મને તાકયા કરતી આ મોમા ચોખ્ખી મસ્તી હતી પૂછ્યુ 'તમારી પેલી નાની સરોજ એટલે ?" અને પછી ખધાઈભર્યું સ્મિત કર્યું—એ ખાતરી સાથે કે સરલા તાજી જ પરણીને આવી છે

' જોયુ કાકી મોઢુ દહી દાત ભાગે તે આનું નામ, હું મારી નાની બેનની વાત કરતી હતી, ત્યારે આ ભાઈ સાહેબ માર વર્ષે બાવાજી બોલ્યા— 'બચ્ચા તેરા સત્યા ' અને પછી હસી પડી—જાણે મને સમજી હોય એવી રીતે

એના કાકી અને મારા બા આ સરણુ સતોષથી જોતા હતા એને એમા દુ વાધા જેવુ લાગ્યુ નહિ— કદાચ એના છોકરા તરફના પક્ષપાતને લઈને પણ મે એની આખોમાથી જુદુ જ વાચ્યુ હવે જ તારી વાત છે આને જવા દે પછીથી !'

એ ઘણા વખતથી જીદ પકડીને બેઠી હતી કે મારે મારા લગ્નમા સમતિ આપવી હુ હમેશ કહેતો "મને બી એ થઈ જવા દે બે વર્ષની વાર છે એટલામા શુ ખાટુ મોળુ એ કદી મારુ વાકય મને પૂરુ કરવા દેતી જ નહિ વેકેશનમા ઘેર આવુ એટલે નહિ નહિ તો ય મને કુને મળીને લગભગ પાચસો વખત એ જીદનુ અનેક પ્રકારે રૂપાતર સાભળવા મળતુ

મારા અને સરલાનો આ નિર્દોષ સબધ હુ તો નિર્દોષ જ માનુ છુ અને તે વખતે ય નિર્દોષ માનતો હતો મારા મનમા એ બાબતની લવલેશ શકા નહોતી— આમ વધતો જ ચાલ્યો આખા દિવસમા એક બહાના હેઠળ એ મને મળી જતી હુ પણ એને મળવા લગભગ ઉત્સુક જ રહેતો જો કે કદી પણ મેં મારા એ સતત પ્રયત્નને ખુલ્લો પડવા દીધો નથી—એની આગળ પણ

પ્રથમ મુલાકાતનો એ દિવસ બન્નેના હૃદયમા એક ચિરસ્થાયી છાપ મૂકીને આથમી ગયો ત્યારે મને ખબર નહોતી કે મારા સસ્મરણોના ધાના પોપડા ફરીથી હાથે કરીને અનિચ્છાએ પણ ઉખેડવાનો એક દિવસ ઊગશે

બીજે દિવસ ઊગ્યો પહેલાના કરતા કઈક વિશેષ શ્રદ્ધા મારામા જન્મી હતી ધારુ તો હુ સરલા બોની શકુ છુ એવો વિશ્વાસ પણ પેદા થયો હતો ગઈ કાલની સ્મૃતિ—ઘા પડયા પછી થોડી વાર સુધી કાઈ ખબર પડતી નથી અને પછી દવા લાગતા— 'શુધબુધ' ઠેકાણે આવતા ચણચણે છે એમ—જવા લાગી મનને થયુ કે "તે શુ કરી નાખ્યુ ? કોની જોડે પ્રીત બાધી બેઠો—અજાણી અણપ્રીછી" નહોતું વિચારવુ તો ય વિચાર થઈ ગયો મનને જાણે જવાબ દેતો હોઉ એમ ગણગણ્યો

'ખોટુ શુ કર્યું છે એમા ? અને સબધ કયા ગુનાહિત છે ? મારા સસ્કાર જ મને એમ કરતા અટકાવે તુ કોણ મને ચેતવનાર ? ડરપોક કહીંનો ! એ તો મારી બેન છે વિશુદ્ધ ને પ્રેમાળ વહેમી છે તુ તો !"

મનને ડારતો હતો અને જાતને છાવરતો હતો ત્યા તો એની અધિષ્ઠાત્રીએ દર્શન દીધા—મારે કામના નિમિત્ત આજ નવી શરૂઆત નહોતી એને બન્નેના મા શાત હતા અજાણપણે તો ક્યારની ય વિદાય લઈ ચૂકયુ હતુ

રશ્મિભાઈ અમારા ઘરમા તો તમારા ભાઈ ફિલસૂફ છે અને આ ઘરમા " બાકીનુ કહેવાનુ જાણે ગળી નાખ્યુ હોય એમ એ ચૂપ રહી ગઈ

સરલાબેન' પહેલી જ વાર મે સબોધન કર્યુ 'હું તો વિવિધરગી છુ—કદાચ વિરોધરગી પણ કહી શકાય શાત ને વાચાળ બીકણ ને સ્પષ્ટવક્તા હિંમતવાન ને ના એ બધુ નહિ કહી દઉ—નહિ તો પછી તમને વાર્તાઓ વાચવાનો શોખ છે એટલે મને ક્યાક પાછી ઉપમા મળી જાય એનો ભય છે"

"આ બધી વાસ્તવિક વાતો થઈ, હવે મુદ્દા પર આવું છું" જાણે કશો નિશ્ચય કરીને આવી હોય એમ અવાજ પરથી લાગ્યું

"મારું નસીબ એટલું તેજદાર કે તમે લેખિકા નથી, નહિ તો આફતનો મારો" હું મારી ધૂનમાં જ હતો

"હવે સમજ્યું છે કે નહિ? ઢોંગ માંડ્યા છે તે જાણ્યા" સંબંધને એ વધુ ને વધુ ગાઢ બનાવતી જતી હતી—જાણ્યે કે અજાણ્યે

"હા હા .બોલિયે જનાબ, એ નાચીઝ ગુલામ તયાર હૈ" હું ખીલતો હતો

"હવે ક્યારે પરણવું છે—આમ બધાને સતાવ્યા કરો છો તે?" આ બાબથી હું ગભરાયો સ્ત્રી ક્યારે તમારા જીવનમાં પ્રવેશ કરશે એ તમારાથી કદી નહિ કહી શકાય એવું ભવિષ્યદર્શન કરવું જ થઈ શકે નહિ

"બાની ધમાલ લાગે છે" હું બબડ્યો

આજુબાજુ કોઈ નહોતું સતીશ મને ત્યારનો એને એક બાલવાર્તા લખી આપવા માટે પજવતો હતો આખરે વચન લઈને સંતોષથી એક માસિક અવલોકવામાં એકધ્યાન થઈ ગયો હતો છતાં એક વાત ચોક્કસ હતી, અમે એકમતમાં નહોતા

"જેની હોય તેની તમે જવાબ આપો ને, એટલે થયું આજ તો અહીંથી જવાની જ નથી" આ સ્ત્રી અજબ રીતે નીડર બને જતી હતી

"હું બી એ થાઉં પછી" મે મ રોકડા જવાબ આપવા માંડ્યા

"કેમ, પરણ્યા પછી તરત તમારે ગળે વળગવાની છે? એ આશા રાખો તો ફોગટ" બોલતાં શું બોલી તો ગઈ, પણ પછી કે યાદ આવ્યું હોય, અગર એ જે બોલી એનું એણે ચિત્ર નજર સમક્ષ ખડું કર્યું હોય, એટલે કે ગમે તેમ પણ એ થોડીક વાર આડું જોઈ ગઈ મે માત્ર એના ગાલ સાધારણ વિકસ્યા એ પરથી જ કલ્પના કરી કે એ હસતી હતી.

"ના બાવા ના મારે એ આફત ન જોઈએ" મને ખાતરી હતી કે બાની સિફારસે આ બધું નાટક ભજવાઈ રહ્યું છે મે મારે જે કહેવાનું હતું તે જ કહી દીધું

"એમ ત્હોની ભાઈ, ગભરાવ છો! બાકી મનમાં ભાવ તે મૂડી દબાવો છો એની દવા હું કરી દઈશ ગભરાશો નહિ"

અને 'ગભરાશો નહિ' એમ કહીને મને ગભરાવી મૂકીને એ તો પાછું 'યાદ રાખજે હ ' એમ કહીને ચાલી ગઈ હું વિચારશૂન્ય થઈ પડી રહ્યો

પછી એક જ વિચાર વારે ઘડીએ મનમાં ઝબૂકતો રહ્યો 'આ સગના દાટ વાળશે અત્યાર સુધીની હિકમત ને હિંમત બન્ને પર પાણી ફેરવશે અને હા પડાવશે, અને કોઈ નવા પ્રાણીને આ ઘરમાં દાખલ કરશે ત્યારે જ એને નિરાંત વળશે તોબા એનાથી! અને બાના મહેણાં ટોણાં તો કાયમ જ 'હું સમજાવી સમજાવીને, આજીજી કરીને થાકી ત્યારે ના, ના ને ના જ હવે ઊતર્યાં સીધા' અને એવું તો કેટલું ય

મે ઉપર નહિ કહ્યું કે અમે એકમતના નહોતા વાત ખરી પડી સગનાનો પતિ—સુરેશ—અચાનક જ આવી ચઢ્યો યાદ રાખજે હ ' એ વખતનો શરીરનો વળાંક, આંગળી વડે કરેલો અભિનય, નયનોની મસ્તી (નિર્દોષતાથી છલકાતી પણ એની નજરે નહિ) અને છેલ્લું મુક્ત હાસ્ય! એ બધું એની નજરે પડ્યું પહેલાં અમને બન્નેને આમ જ વાતો કરતા એ જોઈ ગયેલો, મનમાં શંકાનો જન્મ થઈ ચૂક્યો હતો, એમાં આ દર્શને એની વય વધારી દીધી અમારી મિત્રાચારી દૃઢ હતી એવું કશું નહોતું પણ માત્ર આ સ્ત્રીએ મને જીતી લીધો હતો એટલે એના તરફ મને એક જાતનો પૂજ્યભાવ ઊપજ્યો હતો—જ્યારે એના માટે કે એનું ભાગ્ય કેટલું બળવાન છે, તે આ પત્ની પામ્યો

એની બન્ને આંખોમાંથી તિરસ્કાર ને રોષ એકી સાથે પ્રગટ થયા હું ડોબીનો પડી ગયો સગના, પહેલાં કાંઈક આંચકો લાગ્યો હોય એમ અટકી ગઈ પાછું એનું એ જ સર્વજિત હાસ્ય તે બોલી "આ

લો, તમારા ભાઈ આવ્યા લાયબ્રેરીના ચોપડા ચૂથી ચૂથીને જાણે ઉનાળાનો તડકો હોય ને થાકયો મુસાફર આખો મીચીને પાણી પીધે રાખે એમ એમણે ચોપડીઓ જ પીધા કરી છે આખો તો જુઓ ! લાલધૂમ . . ચાલો ચાલો ઘેર, જરા મોઢુ ધોઈ નાખો ને ઠડા પડો "

એને પરાજિત કર્યો, પણ એના મોઢા પર સ્મિત ન ફરકયુ તે ન જ ફરકયુ જો કે મીઠો ઠપકો આપ્યા પછી સરના એટલુ તો હસી હતી—અનવ્રત, એને હસાવવા માટે જ, અને જાણે 'તમે જે જોયુ તે તો એક ભ્રમ છે' એમ ઠસાવવા માટે જ એણે આટલુ બધુ મુક્ત હાસ્ય વેર્યું હતુ મને ય થયુ કે એમા આટલુ બધુ શુ હસવાનુ હતુ ? પણ હું અર્થ સમજ્યો ને ચૂપ રહ્યો—પરતુ મુખ પર સ્મિતની રેખાસહ

અને બન્ને ગયા

અમારો સમય કાળની પરવા ન હોય એમ જીવન લબા યે જ જતો હતો, પણ જન્મ્યુ તે મરવાનુ' એ સાવ સામાન્ય સત્ર એ કેમ ભૂલી ગયો હશે ?

અગ્નિને ઇંધન મળે તો શુ થાય ?

તે દિવસે એ રોષ પ્રગટ થયો નહિ હું મારી જાતને બચી ગયેલી માનવા લાગ્યો પણ ના ! સ્ત્રી હૃદય પારખવામા પુરુષને ટપી જાય છે અને તેમા ય જેનો નિકટનો પરિચય સાધવાનો હોય છે ત્યા એની એ શક્તિ સોળે કળાએ ખીલી ઊઠે છે બહુ ઝડપથી સરલાએ સુરેશના ભારેલા અગ્નિને ઓળખ્યો

સારુ આકર્ષણ એનાથી સહન થતુ ન હતુ કે ગમે તેમ પણ બીજે જ દિવસે એ મને મળી હુ એના સાનિધ્યમા સર્વ કાઈ આગલુ પાછલુ વીસરી ગયો હુ મુગ્ધ બની રહ્યો

"આપણને તો ખિતાબ મળી ગયો " એની દૃષ્ટ હવે મને સાધારણ બની ગઈ હતી

"ચાલો-મિજબાની "

પણ પૂછો તો ખરા કે શો એ ખિતાબ છે ? જાણવાની જરા ય જિજ્ઞાસા જ નહિ જાણે ! "

"હા હા, વદો "

"બહુ મઝાનો છે અને તો યાદ જ રહી જશે "

"હા જિજ્ઞાસા લબાવીને મને પજવવો છે, એમને ? પણ મારે જાણવુ જ નથી ને ! "

"ના, હુ કહુ છુ "

"વાદર જેવી "

'આ તો ઉપમા કહેવાય. પણ સામાન્ય લક્ષણ કહુ ? "

"ખી ખી, વાદર જેવી હસવામા જ સમજી છો ?' એમ કહીને મને નવાજી ત્યારે તમે એને ઉપમા અલકાર કહો છો ?"

અને જાણે કઈ થયુ ન હોય માઠુ જ લાગ્યુ ન હોય, એ સહજ વાત હોય એવી રીતે સરલા કહેતી હતી પણ મે એમા ચોખ્ખો વેદનાનો રણકાર સાભળ્યો, સાથે જ યાદ આવ્યુ "બિચારી ! કોડભરી નવોઢા મુગ્ધા, કેટકેટલી આશા ને ઊર્મિ એના હૃદયમા જન્મતી હશે ! " અને એમ હુ વિચાર-ચકડોળે ચઢી ગયો મન મને ફિટકાર આપતુ હતું 'મૂડા, આ બધું તારે કાજે ! તારે શા માટે એમા વચમા પડવુ જોઈએ ? તુ કોણ ? તારી આટલી છાતી જ કેમ ચાલી ? એક નવવધૂ પર એના પતિનો સપૂર્ણ હક્ક છે હસવાનો અને હસાવવાનો ય સુદ્ધા. હિંદુસમાજને આટલી બધી નફરત નહિ પાલવે "

"ના, ના, હુ ખસી જ જઈશ-પ્રેમનો જે છોડ ઊગવો શરૂ થયો છે તેને કચરીને પણ મારે પ્રેમને કદી ઓળખવો જ નથી-પછી ભલે તે વિશુદ્ધ હોય તોપણ મારામા હિમત નથી ? અને હુ હિંમત કરીને પણ શુ કરી શકવાનો છુ ? આ નાનાભાઈની માફક મને રમાડતી રમતિયાળ સરલાનું જીવન મારે વિષમા મેળવવુ છે ? મારાથી સહન નથી થતુ " મે મનનુ સમાધાન કર્યું ત્યારે જ એ શાત પડયુ

ધીરે ધીરે મે માથુ ઊચુ કર્યું એની આખોમા મારી આખો પરોવી એના ચહેરા તરફ નજર ફેકી

જોઈ કેટલુ શુદ્ધ ઝમકારા મારતું તેજ! મે આટલુ તેજસ્વી મો તો કદી યે જોયું નહોતુ કલ્પના જ કરી હતી આજ અનુભવ કર્યો મનમા થયુ, અને ઉદ્ગાર પણ નીકળી ગયો, "મારે આવી બ્હેન હોય તો?"

કદાચ એણે આ ઉદ્ગાર નહિ સાભળ્યો હોય, પણ હુ કાંઈક બબડ્યો હતો એમ તો એણે મારા હોઠ ઊઘડી ને બિડાઈ ગયા તે પરથી જ ધારી લીધુ

"શુ બબડો છો? મે 'ફિલસૂફ' નામ નકામુ નથી પાડયુ" મને આ સહનમૂર્તિને વધુ કશુ કહેવુ એને વધારે સહન કરવાની ફરજ પાડવી રુચી નહિ, પણ મન કઠણ કર્યું

"સરુબ્હેન હુ સમજુ છુ સઘળુ પણ હવે તો આવતી કાલે હુ જવાનો છુ એટલે તમારે હમણા નિગત છે અને મે સાભળ્યુ છે ત્યા સુધી, સુરેશભાઈએ પણ નોકરી શોધી કાઢી છે તમે ત્યા જતા રહેશો—તમારી નોકરીના સ્થાનકે હુ મારી કોલેજમા એટલુ કહુ છુ કે તમે મને વીસરી જજો એક માત્ર મારે કારણે. "

હુ ચૂપ થઈ ગયો થોડીક વાર નીરવ શાંતિ પ્રસરી રહી

"તમે મારી વાતને ટેકો આપતા જાવ છો હુ લગભગ આવી જ મતલબનુ કૈંક કહેવા આવી હતી પણ જીભ ઊપડી નહિ" એ પણ આજ ગભીર થઈ ગઈ હતી—અચાનક જ "પણ મને મારા હૃદય પર શ્રદ્ધા નથી એ કદી પણ તમને ભૂલશે નહિ— હુ ગમે તેટલુ કરીશ તોપણ આપણે ફરી તો મળીશુ ને કોઈવાર?"

"મને વિશ્વાસ નથી બ્હેન! કદાચ હુ અહી હવે આવુ જ નહિ. આવીશ ત્યારે જ, જ્યારે તમે અહી નહિ હો."

"રશ્મિભાઈ! આવજો આ બ્હેન તમારાથી કદી ભુલાવાની નથી જ" અને એમ એ ગઈ— ચિર જીવ બનીને

પ્રથમ મળી ત્યારે હસતી હતી, અને આંખોમા હર્ષના નીર રેલાતા હતા આજ ગઈ ત્યારે પણ એની આખો તો ભિંજાયેલી જ હતી—પણ કોઈ બીજા જ ભાવથી

આ જીવનમા ફરી કદી એને જોઈ નથી માન એનુ તે દિવસનુ અશ્રુ વહાવતુ મુખ હજુ મારી દૃષ્ટિ આગળથી ખસતુ નથી એ શુ કરે છે એની કદી તપાસ કરી નથી તપાસ કરવાનો વિચાર સુદ્ધા આવ્યો નથી અનુમાન કરુ છુ કે એનો પતિ એનાથી પ્રસન્ન હશે અને એ પણ ધીર બનીને પતિસેવા કરતી હશે!

●

અજ્ઞાત કવિતા – લેખકોને

મુંબઈમા ચાલતુ પ્રવૃત્તિસઘ ગુજરાતના અજ્ઞાત – જેમની કૃતિઓ ક્વચ્ચે જ માસિકોમા છપાતી હોય તેવા–લેખકોની કૃતિઓની એક પુસ્તિકા બહાર પાડવા ઈચ્છે છે તો તેઓ પોતાના કાવ્યોમાથી વૈવિધ્યભર્યા દશ ઉત્તમ કાવ્યો નીચેના સરનામે મોકલી આપે જેમની કૃતિઓ છપાશે તેમને એક નકલ મોકલવામા આવશે નહિ લેવાયેલી કૃતિઓ પાછી મોકલવાની સગવડ કરવામા આવશે છેલ્લી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૦ છે

મોકલવાનુ સરનામુ . બિપિનચદ્ર ૨ ચિનાઈ એમ એ. પ્રભુનિવાસ વિઠ્ઠલભાઈ પટેલ રોડ મુબઈ–૪

આપણાં ફળો

શ્રી. બાપાલાલ ગ. વૈદ્ય

[ગયા અંકથી ચાલુ]

નારંગી

નારંગી બહુ જ સુંદર ફળ છે એ ક્ષુધાદીપક અને રક્તશુદ્ધિ કરનાર છે નારંગી પિત્તશામક હોવાથી તાવમા તે બહુ જ ઉપયોગી છે તાવવાળો માણસ દિવસમા ૧૦–૧૨ સતરા ખાય તો યે તેને કોઈ પણ જાતનુ નુકસાન થતું નથી તૃષ્ણાનિગ્રહણ, સારક અને રક્તપિત્તપ્રશમન ગુણોને લીધે તે ઘણા રોગોમા ઉપયોગી ખાદ્ય છે નારંગીના છોડામા ઉપયોગી તેલ રહેલુ છે જે દવાના કામમા આવે છે નારંગીમા ૧·૭ ટકા સાઇટ્રીક ઍસિડ ૭ ૬ ટકા શર્કરા (ઇન્વર્ટેડ સુગર), ૦ ૫૨ ટકા ગખ, ૦·૦૨૭ ટકા ફૉસ્ફરીક ઍસિડ અને ૧૦·૯ ટકા ઘન પદાર્થો (solids) છે કોનીગ (Koenig)ના મત મુજબ એક આખી નારંગીમા ૨·૭૩ ટકા જેટલી રાખ (ash) છે જે નીચેના પ્રમાણમા વહેચાયેલી છે —પોટાશ ૪૭·૦૯ ટકા, સોડા ૨ ૪૮ ટકા, લાઇમ ૨૨·૧૧, મૅગ્નેશિયા ૫·૨૨, લોહ (iron oxide) ૧·૩૬, ફૉસ્ફરીક ઍસિડ ૧૨·૬૩, સલ્ફ્યુરીક ઍસિડ (ગંધક) ૫·૧૪, સીલીસીક ઍસિડ ૧·૨૮, ક્લોરીન ૦·૮૧ ટકા રક્તશુદ્ધિ માટે નારંગી ઉત્તમ છે ઑસ્બૉર્ન અને મેન્ડલની શોધોથી નક્કી થયુ છે કે નારંગીમા એ, બી અને સી ત્રણે ય જાતનાં વિટામિન્સ છે 'સી'નુ પ્રમાણ અતિશય છે

ચરક નારંગીને દુર્જર (પચવામા ભારે), વાતનાશક અને ભારે ગણાવે છે સુશ્રુત તેમ જ બીજા આચાર્યોનો પણ આ જ મત છે નારંગી શુ ભારે હશે ? એ વખતે કેવી નારંગી થતી હશે ?

લિંબુ

ફળોમા લિંબુનુ સ્થાન અનોખુ જ છે લિંબુની ઉપયોગીતાને લઈને પશ્ચિમમા 'લિંબુ-ચિકિત્સા' (Lemon–Cure) શરૂ થઈ છે ઘણાખરા રોગો ઉપર લિંબુ સારુ કામ કરે છે મેલેરિયાના જંતુને લિંબુનો રસ મારે છે એવી માન્યતા છે રક્તપિત્ત (સ્કર્વી)ને તે મટાડે છે લિંબુનો રસ રક્તશુદ્ધિ કરનાર છે લિંબુના રસમા સાઇટ્રીક, મેલીક અને ફૉસ્ફરીક ઍસિડ છે લિંબુનુ શરબત લહેજતદાર ઉપયોગી પીણુ છે કૉલેરાના જંતુ લિંબુના રસથી મરે છે અતિસાર, કૉલેરા, અજીર્ણ, કૃમિ વગેરેમા લિંબુનો રસ ઉપયોગી છે દાંતના રોગોમા લિંબુ ગુણકારક છે પિત્તશામક હોવાથી તાવની તૃષામા લિંબુનો રસ ફાયદાકારક છે ઉનાળાના દિવસોમા લિંબુનુ શરબત ખૂબ જ શાંતિ અર્પે છે જે માણસોની જઠરાગ્નિ મંદ હોય તેવાઓએ આહાર સાથે થોડો લિંબુનો રસ લેવો જોઈએ કારણ કે લિંબુનો રસ પાચક રસોને વધારનારો છે લિંબુના છોડામા ઘણા ઉપયોગી તેલો રહેલા છે એટલે છીણી ઉપર લિંબુને છોતા સાથે છીણી નાખી તેની ચટણી બનાવવી વધુ સરસ છે છોડાના તેલ ઉપયોગી છે

ચરક કહે છે–લિંબુનો રસ રુચિકારક છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર છે, મોંને સાફ કરનાર છે, કફ અને વાયુને હણનાર છે અને ખાધેલુ પચાવનાર છે

મોસંબી

નારંગીના જેવા જ ગુણ છે નારંગી કરતા મોસંબીમાથી રસ વધારે નીકળે છે એટલે તાવમા આજકાલ આ ફળ વધારે વપરાય છે

પપનસ (ચિકોતરાં)

આ ફળ કડુ છે, સ્વાદિષ્ટ છે, ભૂખ લગાડનાર છે

બિજોરું

બિજોરાનો ગર્ભ ખૂબ ખાટો છે ચૂંક, ઊલટી, કફ, અરુચિ, ગોળો, હરસ વગેરેને મટાડનાર છે

અરુચિ માટે એની કળીઓ સિંધવ છાંટી ખવાય છે તાવમા મોમા રુચિ નથી હોતી તે વખતે બિજોરાની કળીઓ સિંધવ સાથે ખાવા આપવાથી મોમા રસ થાય છે ગર્ભિણી સ્ત્રીની અરુચિ માટે બિજોરાની કળીઓ સહેજ મરી છાંટી જીભ ઉપર રાખવાથી અરુચિ મટે છે કળીઓનો રસ કાઢી તેનો ગંડૂષ (કોગળો) ભરવાથી દાતના જંતુ મરે છે લિંબુ જેવા જ ઍસિડો આમા હશે

દાડમ

દાડમ ઘણી જાતના થાય છે સ્વતી દાડમ શ્રેષ્ઠ મનાય છે ખાટા દાડમ ખાવા જોઈએ નહિ સુશ્રુત કહે છે, ખાટુ દાડમ વાત અને કફને હણે છે જ્યારે મધુર દાડમ ત્રિદોષઘ્ન છે ચરક કહે છે કે મધુર દાડમ પિત્તને ટાળનાર છે અને એ જ ઉત્તમ મનાય છે ઝાડા અને સંગ્રહણીમા દાડમનો રસ સરસ ગણાય છે એક આખા ફળમા ૧૦ થી ૧૫ ટકા જેટલી શર્કરા હોય છે દાડમના મૂળની છાલ ઉત્તમ કૃમિઘ્ન છે

ચરકે હૃદ્ય, છર્દિનિગ્રહણ અને શ્રમહર દશેમાનિમાં દાડમનો ઉલ્લેખ કર્યો છે અર્થાત્ દાડમ હૃદયને હિતકર, ઊલટી અને મોળને મટાડનાર તથા થાકનો નાશ કરનાર છે

પપૈયુ

પપૈયાના કાચા ફળમાથી એક વીર્યવાન્ ઉપાદાન **પેપેઘાટીન** નામનું હાથ આવે છે આ પેપેરોટીન માથી વુકૂત્રે પૅપેન (Papain) જુદુ પાડયુ છે આ પેપેરોટીન પોતાના વજનથી ૨૦૦ગણા તુરત મદેના માસરસને પચાવી શકવાની શક્તિ ધરાવે છે ૭ ગ્રેન પેપેઘાટીન ૧૧ શેર દૂધને જોતજોતામા પચાવી શકે છે આ ગ્રેન પેપેઈન ૩૦ મિનિટમા ૧૧ શેર દૂધને પચાવી શકે છે પેપેઈન આ બ્યુમિનયુક્ત ખોરાકને પેપ્ટોનમા સ્ટાર્ચને શર્કરામા અને સ્નેહને ધ્રમ સીફાઈ ઈંગમા— પરિણત કરે છે માચા પપયાગથી જે છીર નીકળે છે તે માચા માસને પમાવવાની શક્તિ ધરાવે છે એ વાત આ દેશના બમરચીઓ સારી રીતે જાણે છે કર્બોદિત, નત્રિન અને સ્નેહ—આ ત્રણે પદાથો ઉપર એક સાથે કૃતેહ મેળવનાર આ એક જ કેનમદ્રવ્ય (Enzyme) છે પેપેઈન સંગ્રહણી, આમાજીર્ણ, મંદાગ્નિ, વિષ્ટબ્ધાજીર્ણ ઉપર ઉત્તમ ઔષધ છે

જો કાચા ફળના આટલા બધા ઉત્તમ ગુણો છે તો પછી ઝાડ ઉપર પાકેના પક્વફળમા તો એનાથીય અધિક ગુણો હોવા જોઈએ એ વિચારશીલ વાચકો કલ્પી જ શકશે ગર્ભિણી સ્ત્રીઓએ પપૈયુ કદી ન ખાવુ કારણ કે તે ગરમ છે અને ગર્ભપાત થવાનો સંભવ છે પપૈયુ બરોળ ઉપર સરસ છે કાચા પપૈયાનું શાક અને કચુંબર થઈ શકે એવુ અથાણુ પણ થાય છે કાચુ પપૈયુ પણ ચાવીને ખાવાથી મીઠુ લાગે છે પાકુ પપૈયુ ખરેખર ઉત્તમ ખાદ્ય છે મંદાગ્નિવાળાએ તો પપૈયુ એકલુ જ ખાઈને રહેવુ જોઈએ પપૈયાના પાન ડીજીટેલીસ જેવુ કાર્ય કરે છે એમ એક વિદ્વાન માને છે પપૈયાનો સ્વાદ, સુગંધી વિગેરે ઉત્તમ છે

શ્રીફળ

હિંદુઓને મન આ એક પવિત્ર ફળ છે નાળિયેર વિશ્વામિત્રની સૃષ્ટિ મનાય છે એની સુંદર આખ્યાયિકાઓ છે નાળિયેરના ગોટા ઉપર ત્રણ આખો હોય છે એટલે એનુ નામ ત્ર્યક્ષ રાખવામા આવ્યુ છે ખારુ પાણી પીને મીઠુ સાકર જેવુ પાણી સંઘરી રાખનાર આ પરોપકારી ઝાડને માથુ નમી પડે છે

લીલા કોપરામા ૧૪ ૨ ટકા પાણી, ૫ ૭ ટકા નત્રિન ૫૦ ૬ ટકા ચરબી (સ્નેહ) ૨૭ ૯ ટકા કર્બોદિત, ૧ ૭ ટકા રાખ અને ૪ ૪૨ ટકા કાષ્ટક (cellulose) છે તાજા લીલા નાળિયેરના પાણીમા ૯૭ ૧૭ ટકા પાણી ૦ ૨ ટકા નત્રિન, ૦ ૭ ટકા મેદ ૦ ૫૩ ટકા ખાંડ અને ૦ ૦૯ ટકા રાખ હોય છે, લીલા નાળિયેરનું પાણી અતિશય ઠંડુ આહ્લાદજનક પીણું છે મધુમેહવાળા માટે આ પાણી ઘણુ જ ફાયદાકારક છે ન ડૉ બી ડી બસુ લખે છે– The cocoanut water is a very pleasant beverage, beneficial to the diabetic, as it assuages thirst greatly, being about

twenty-five degrees cooler than the atmosphere "

Diabetic & its dietetic treatment p. 71

નાળિયેરનું લીલુ કોપરુ ખૂબ ચાવીને ખાવાથી સહેલાઈથી પચી જાય છે, સૂકુ કોપરું પચવામા ભારે છે આપણા લોકોમાં શિયાળાની ઋતુમા કોપરા પાક ખાવાનો ચાલ છે ઘણા કોપરુ અને ગોળ ખાય છે કોપરા પૌષ્ટિક છે

સુશ્રુત કહે છે, નાળિયેર (કોપરુ) ભારે, સ્નિગ્ધ, પિત્તઘ્ન, સ્વાદિષ્ટ અને ઠડુ છે બળ અને માસને વધારનાર છે, હૃદયને હિતકર છે, શરીરને સ્થૂલ બનાવનાર છે અને મૂત્રાશયનું શોધન કરનાર છે

નાળિયેર જેમ કૂણુ હોય તેમ તેનુ કોપરુ ખાવામા સારુ ગણાય છે બહુ પાકટ નાળિયેરનું કોપરુ પચવામા ભારે છે કારણ કે તેના રેસાઓ ચીવટ થાય છે

ભાવમિશ્ર કહે છે, કોપરુ પિત્તજ્વર અને પિત્તના દોષોને હણનાર છે પાકટ નાળિયેર પચવામા ભારે છે, પિત્તને કરનાર છે, વિદાહિ છે અને પેટમા ગુડ ગુડાટ મચાવનાર છે નાળિયેરનુ પાણી શીતળ છે, હૃદ્ય છે, દીપન છે, શુક્લ છે, હલકુ છે, તૃષા અને પિત્તને જીતનાર છે, સ્વાદિષ્ટ છે અને મૂત્રાશયને સાફ કરનાર છે

સૂકુ કોપરુ પચવામા ભારે છે, દાહ કરનાર છે, મળનુ સ્તભન કરનાર છે, બલ, વીર્ય અને રુચિપ્રદ છે

નાળિયેરનુ તેલ શરીરને પુષ્ટ બનાવનાર છે, બળ વધારનાર છે, વાતપિત્તને હણનાર છે રુચિકારક છે કૉડલીવર ઑઈલની જગાએ આ તેલ વાપરી શકાય એવુ તે પૌષ્ટિક છે એમ અત્યાર સુધી મનાતુ પણ વિટામિન્સના અભ્યાસે એ ભ્રમણા ભાગી છે

લીના કોપરાને છીણી ઉપર છીણી નાખવુ પછી એ બારીક છરેલા ભાગને ધોયેલા સાફ વસ્ત્રના કકડામા નાખીને નિચોવી લેવુ સફેદ દૂધ જેવુ પ્રવાહી નીકળે છે આ સફેદ દૂધ જેવુ પ્રવાહી સહેજ મધ કે સાકર નાખીને પીવુ શ્રેયકારક છે નાના બચ્ચાને આવુ પ્રવાહી આપવાથી કૉડલીવરની ગરજ સારે છે શક્તિ હોય તો દરેક સ્ત્રીપુરુષમાત્રે એકાદ લીલુ કોપરુ (અર્ધું ફાડિયુ) લેવુ જોઈએ ઘી કરતા આ જાતના પ્રવાહીમા વિશેષ સુપાચ્ય સ્નેહ રહેલુ છે

આ જમાનામા સ્વચ્છ ઘી મળતું નથી ખરાબ ઘી ખાવા કરતાં તાજા સારા કોપરાનુ ઘાણીમા પિલાવી તેલ કઢાવ્યુ હોય અને તે ખાધુ હોય તો સારુ છે—જો કે તલના તેલ કરતા આ તેલ ખાવા માટે ચડિયાતુ નથી

સ્વ ડૉ. બી ડી. બસુ કહે છે કે "લીલા કોપરાને બારીક છીણી તેમા થોડોક ચણાનો લોટ (બેસન) અને ઘી મેળવીને સુદર ચપાટીઓ અને બીજી વિવિધ બનાવટો બને છે, અને મે પોતે આ બનાવટો ખાઈ જોઈ છે જ્યા નાળિયેર સારા જથામા મળી શકતા હોય અને દુર્દૈવવશાત્ જ્યા દર વર્ષે હજારો મનુષ્યો મધુપ્રમેહનો ભોગ બનતા હોય તેવા પ્રદેશોના વૈદ્ય-ડૉક્ટરોને હુ ભલામણ કરુ છુ કે તેઓ નાળિયેરનો છૂટથી ઉપયોગ કરે "

શુષ્કતાનવાળા બચ્ચાને કોપરાના છીણનુ પ્રવાહી આપવુ હિતાવહ છે

ઘણાખરા આહાર ઉપર શોધખોળ કરનાર વિદ્વાનો જણાવે છે, ઘણાખરા ઉદ્ભિજ્જ તેલોમા (કોપરેલનો સમાવેશ આમા થાય છે) વિટામિન 'એ' છે જ નહિ તેનો કેવી રીતે કાઢવામા આવે છે તે રીત ઉપર વિટામિનનો આધાર છે

દ્રાક્ષ

દ્રાક્ષની ઘણી જાતો થાય છે મુનક્કા, કીસમીસ, અંગૂર, કાળી દ્રાક્ષ વગેરે જાતો અત્યારે બજારોમા વેચાય છે મુનક્કા ગાયના સ્તન જેવી લાબી મોટી દ્રાક્ષ છે કીસમીસ બીજ વગરની નાની જાત છે ખાવા માટે મુનક્કા અને કીસમીસ સરસ છે આ તો સૂકી દ્રાક્ષની વાત થઈ લીલી દ્રાક્ષની પણ ઘણી જાતો થાય છે આમા કેટલીક ઘણી મોટી રસદાર અને મિષ્ટ હોય છે, કેટલીક નાની, ખાટી અને તૂરી હોય છે

સદાર, મધુર અને મોટી દ્રાક્ષ ખાવામા લેવી જોઈએ મોટી દ્રાક્ષમા ખાંડનુ પ્રમાણ ઘણુ હોય છે સારી રીતે પાકેલી મીઠી લીલી દ્રાક્ષ માંદા માણસો માટે સુંદર ખોરાક છે, કારણ કે તે જલદીથી પચી જાય છે લીલી દ્રાક્ષમા ૭૭ ૪ ટકા પાણી ૧.૩ ટકા નત્રિન, ૧.૬ ટકા સ્નેહ, ૧૯.૨ ટકા કર્મોદિત, ૦.૫ ટકા ખનિજ દ્રવ્યો છે કાળી દ્રાક્ષમા અને લાલ દ્રાક્ષમા રંગો ફેર છે તાજી લીલી દ્રાક્ષમા પણ 'એ' વિટામિન વહિ જેવા પ્રમાણમા હોય છે સૂકી દ્રાક્ષ (Raisins)મા 'બી' વિટામિન હોય છે બજારમા વેચાતી દ્રાક્ષમા 'સી' વિટામિન નહી હોતુ

ચરક કહે છે કે દ્રાક્ષ તરસ, દાહ જ્વર, શ્વાસ, રક્તપિત્ત, ક્ષય, ઉદાવર્ત (આફરો) સ્વરભેદ મદાત્યય વગેરે રોગોમા અતીવ પથ્ય છે દ્રાક્ષ વાત અને પિત્તને હણનાર છે અરુચિ, ખાંસી, મોની મ્હવાસ, શોષ વિગેરેમા દ્રાક્ષ હિતકર છે

દ્રાક્ષ સારક છે, પેશાબને સાફ લાવનાર છે દ્રાક્ષમા પોટાશનુ પ્રમાણ ઠીક છે દ્રાક્ષનો રસ હમેશ પીવા મળે તો તેના જેવુ મહદ્‌ભાગ્ય બીજુ કયુ ?

ખજૂર

ખજૂર મધુર છે, શરીરને પુષ્ટ બનાવનાર છે, વીર્યવર્ધક છે, ઠંડુ છે, ભારે છે ક્ષયમા, અભિઘાતમા, દાહમા અને વાત તેમ જ પિત્તમા ખજૂર હિતકર છે (ચરક)

સારા ખજૂરમા (ખાદ્યભાગમા) ૧૫ ૪ ટકા પાણી ૨.૧ ટકા નત્રિન, ૨.૮ ટકા સ્નેહ, ૭૮.૪ ટકા કર્મોદિત, ૧.૩ ટકા ખનિજ પદાર્થો છે જેમ આપણો મુખ્ય ખોરાક ચોખા છે તેમ ઇજિપ્તના લોકોનો મુખ્ય ખોરાક ખજૂર છે ચોખામાનુ કર્મોદિત સ્ટાર્ચના રૂપમા હોય છે જ્યારે ખજૂરમાનુ કર્મોદિત ખાંડના રૂપમા હોય છે તાજુ, સ્વચ્છ ખજૂર સુંદર ખાદ્યપદાર્થ છે બજારમા મળતુ માખીઓ પડતુ ગંદુ ખજૂર ખાવુ ન જોઈએ કદી ખાવા હોય તો ગરમ કરીને ખાવા, પછી ભલે તે મોઘા પડતા હોય. મોઘુ ખીને ગંદુ ન ખાવુ જોઈએ

જ્વરમા ખજૂરનુ પીણુ (ખજૂરને પાણીમા ચોળી નાખી તેમા સહેજ જીરુ-મીઠુ નાખવુ) ઉપયોગી છે સંગ્રહણીમા, રક્તપિત્તમા, દમમા, ક્ષયમા ખજૂર ઉપયોગી છે

ખજૂરીના ઝાડનુ વાવેતર વધવુ જોઈએ, કારણ કે તે famine defying-tree-દુષ્કાળનો સામનો કરનાર ઝાડ છે

અંજીર

ચરક કહે છે, અંજીર તૃપ્તિ કરનાર છે, શરીરને પુષ્ટ બનાવનાર છે, ઠંડુ છે, ભારે છે અને વિષ્ટંભી (પેટમા ગુડગુડાટ) છે તાજા લીલા અંજીર પૂના તરફ ખૂબ વેચાય છે તે સ્વાદિષ્ટ છે અંજીરમા ખાંડનુ પ્રમાણ મોટુ છે આરબ લોકો અંજીર ખૂબ ખાય છે લીલા પાકેલા અંજીર પૌષ્ટિક છે, સારક છે, રક્તપિત્ત, જ્વર વિગેરેમા ઉપયોગી છે તાજા અને સૂકા અંજીરની ઘટના નીચે મુજબ છે —

તાજા અંજીર

પાણી	નત્રિન	સ્નેહ	કર્મોદિત	ખનિજ દ્રવ્યો
૭ ૧ ટકા	૧ ૫		૧૮ ૮	૦ ૬

સૂકા અંજીર

પાણી	નત્રિન	સ્નેહ	કર્મોદિત	ખનિજ દ્રવ્યો
૧૮ ૮ ટકા	૪ ૩	,૦ ૩	૭૪ ૨	૨ ૪

સફરજન

"સફરજન સ્વાદિષ્ટ છે ને તે જરા સારક છે. પાશ્ચાત્ય ફળાહારી લોકોએ તેને ફળરાજ એવી સંજ્ઞા આપેલી છે કારણ કે શરીરમાના વિજાતીય દ્રવ્યોનો નાશ કરવાનો જે ફળોમા ગુણ છે તે સફરજનમા વિશેષ હોય છે "[1] સફરજનમા પોટાશ, ઈથર મેલીક એસિડ, પાણી—આ અગત્યના તત્ત્વો છે સંધિવામા સફરજન હિતકારી છે પોટાશ મૂત્રાશયના દર્દોને, ઈથર ભેજાના દર્દોને મેલીક એસિ. મરજાઠ દર્દ માટે ઉપયોગી છે

પ્રાચીન લેખકોએ સફરજન માટે જે નામ ગણ્યુ છે તે સમજાતુ નથી કેટલાક સિંચિતાફલનો

1. આહારશાસ્ત્રપ્રવેશિકા પા ૬૮

અર્શ સફરજન કરે છે સિચિતિફાફલ ગ્રાહી ઝાડો ક્બજ કરનાર, કડુ અને તૂરુ છે (ચરક)

ફાલસાં

ફાલસાના ઝાડ બાગબગીચાઓમા થાય છે ફળ કાચા હોય છે ત્યારે ખાટા હોય છે, પાકે છે ત્યારે મધુર લાગે છે ફાલસાંનુ શરબત બહુ સારુ થાય છે પાકા ફાલમા મધુર છે, રુચિપ્રદ છે, પિત્તને હરનાર છે અને તાવની ગરમી પિત્તજ્વર વાયુ ક્ષય વિગેરેમા અતિ હિતકર છે ચરકે વિરેચનોપગ જ્વરહર અને શ્રમહર દશેમાનિમા ફાલસાનો ઉલ્લેખ કરેલો છે ફાલસામાંથી એક જાતનો ઊચો દારૂ બને છે,

જાંબુ

જાબુ ઘણી જાતના થાય છે મોટા રસદાર જાબુ ખાવામા શ્રેષ્ઠ છે નના ખાટા જાબુ ન ખાવા જોઈએ કેટલાક નાના જાબુ જે ઘણા સ્વાદિષ્ટ અને મધુર હોય છે તે ખાવામા વાધો નથી જાબુ પરમ વાતલ[2] દી ભૂખે પેટે જાબુ ન ખાવા જોઈએ ખાવા પછીથી ખાવા જોઈએ જાબુ કફ અને પિત્તને જીતનાર છે શ્રમ, અતિસાર શ્વાસ, કાસ શોષ આસ્યવૈરસ્ય વગેરેને જાબુ મટાડે છે જાબુ ગ્રાહી હોવાથી અતિસાર સગ્રહણી વગેરેમાં ઉપયોગી છે બરોળ વધી હોય, અજીર્ણ હોય તેને જાબુ હમેશા ખાધા પછીથી ખાવા બરોળવાળાએ જાબુનો રસ તોલા પાચ હમેશા પીવો હિતકર છે જાબુ વીર્યપ્રદ છે મધુપ્રમેહમા જાબુના ઠળિયા વપરાય છે

રાયણાં

રાયણને સસ્કૃતમા રાજાદન કહેલ છે ભાવમિશ્ર કહે છે, રાયણા તૂરા (ટૅનિક) છે બલપ્રદ છે, સ્નિગ્ધ છે, ઠડા છે ગુરુ છે તૃષ્ણા મૂર્છા મદ ભ્રાન્તિ, ક્ષય, રક્તપિત્ત વગેરેમા હિતકર છે મદનપાલ કહે છે કે રાયણા વીર્યવર્ધક અને શરીરને સ્થૂલ બનાવનાર (સ્થૌલ્યકર્તા) છે, અને પ્રમેહનો નાશ કરનાર છે રાયણા વાતનાશન છે,

સૂકા રાયણા 'કોકડી' અથવા 'રાયણ-કોકડી' નામથી ઓળખાય છે એમા ખાડનુ પ્રમાણ ઠીક હોય છે સારા રસદાર રાયણાની કોકડી ઘણીજ સ્વાદિષ્ટ લાગે છે

મહુડાં

પંચમહાલ અને ખાનદેશ તરફ મહુડાના ઝાડ ખૂબ થાય છે મહુડો બહુ અગત્યનુ ઝાડ છે જેમાથી દારૂ બને છે તે મહુડાના ફૂલ છે ફળ નથી આ ફૂલને લોકો 'મહુડા' કહે છે એના ફળને 'ડોળીઓ' કહે છે ડોળીઓમાથી ઘી જેવુ સફેદ તેલ નીકળે છે જે ઘીની માફક ગરીબ લોકો ખાય છે તાજા ડોળિયા ખાવામા સારુ છે લીના મહુડા લોકો હર્ષથી ખાય છે અને ત્ત આપણા જેવાઓને તે બહુ ભાવતા નથી લોકો એને સૂકવી નાખે છે અને પછી રોટલા કરીને અથવા તેને શેકીને હર્ષથી ખાય છે શેકેલા મહુડા ઘણા સરસ લાગે છે લીના મહુડાનું શાક બનાવવાની રીત અને તે શાકના ગુણ ક્ષેમકુતૂહલ માં નીચે મુજબ વર્ણવ્યા છે —

सद्यश्च्युत स्थूलमधूकपुष्प सशोधित केशरधूलिवर्जितम् ।
सपाचित शुभ्रसिताघृताभ्यां सनीरक तद्धि जविनाम् ।

અર્થ—મહુડાના રસદાર પુષ્પ તુરતના ખરી પડેલા હોય તે લેવા પછી એને કપડા વડે લૂછી નાખવા જેથી ધૂળ લાગેલી નીકળી જશે પછી અંદરના પુકેસર કાળજી પૂર્વક કાઢી નાખવા ને એને ઘી-જીરાનો વઘાર મૂકી તેમા વઘારવા અને ધીમે તાપે ચડવા દેવા ચડી જાય એટલે થોડી સાકર અને મીઠુ-મરચુ વગેરે મસાલો નાખવો આ શાક ખાવાથી જીવન લબાય છે

મહુડા મધુર છે, વીર્યવર્ધક છે, હૃદ્ય છે, ઠડા છે, પિત્ત અને વિદાહને હરનાર છે *(રાજનિઘંટુ)* ભાવમિશ્ર કહે છે કે મહુડાના પુષ્પ મધુર, શીતળ, ગુરુ બૃહણ છે બલ અને વીર્યને વધારનાર છે, વાતપિત્તનો નાશ કરનાર છે

સગ્રહણીમાં મહુડાનો રસ હિતકર છે ગરીબ લોકોનુ આ ફળ જ છે અને એથી જ એને અત્રે દાખલ કર્યું છે એનું એક નામ *મધુપુષ્પ* છે એના ગર્ભમા મધ છે

---

૨ जाम्बवम् वातलानाम् (चरक)

ફણસ

ફણસમા ખાદ્યનો ઘણો જ ભાગ હોવાથી તેની ખોરાકમા ગણના થાય છે જે ઠેકાણે ફણસ ઘણુ પાકે છે ત્યાના લોકો સવારના નાસ્તામા ફણસનો ઉપયોગ કરે છે કોંકણમા ઘણા લોકો ફણસની મોસમમા ફણસ ઉપર નિર્વાહ કરીને રહે છે

ફણસ મધુર છે, ચીકણુ છે, ભારે છે, હૃદયને અથવા મનને પ્રિય છે બળ અને વીર્યને વધારનાર છે શ્રમ, દાહ પિત્તનો નાશ કરનાર છે રુચિકૃત્ છે ફણસ પચવામા ભારે છે (રાજનિઘંટુ)

ફણસની એક નાની જાત (ક્ષુદ્રપનસ) થાય છે જેને હિંદીમા બડહર કહે છે આના ફળને ચરક ફળોમા અધમ ગણ્યા છે

ફણસની ગોટલીનુ શાક સરસ થાય છે કેટલાક ગોટલીઓને શેકીને ખાય છે મધુપ્રમેહવાળાઓ માટે આ ગોટલી ઉપયોગી છે એમ મેજર બી ડી બસુ જણાવે છે

ફણસની મજ્જા ('ચાપા ' તરીકે પ્રચલિત છે) બજારોમા વેચાય છે કેટલીયે માખો તેની ઉપર ગણગણતી હોય છે આવા કાપેલા ફળ કદી ન ખાવા જોઈએ ફળ ખાવા હોય તો આખા જ ખરીદવા અને ઘેર આગળ તેને કાપીને ખાવા

સીતાફળ

આ ફળ અમેરિકાનુ વતની છે એમ વનસ્પતિ શાસ્ત્રીઓ માને છે સીતાફળને મળતુ બીજુ રામફળ થાય છે તે પણ પરદેશી છે અત્યારે આ બન્ને ફળો હિંદમા ખૂબ થાય છે

સીતાફળ શીત, ધાતુપુષ્ટિ કરનાર, કફ કરનાર, વાતપિત્તને મટાડનાર, ઊલટી, મોળ વગેરેનો નાશ કરનાર, માંસ અને રક્તને વધારનાર, દાહપિત્ત વગેરેને મટાડનાર, બલપ્રદ છે એમા ખાદ્યનુ પ્રમાણ સારુ છે (નિઘંટુરત્નાકર)

ઝાડ ઉપર પાકેલા સીતાફળ અતિ સ્વાદિષ્ટ છે ઘર આગળ પકાવેલા એટલા સ્વાદિષ્ટ નથી હોતા

સીતાફળીના બીજ ઝેરી છે એના બીજ આખમા આજવાથી આખ નકામી થઈ જાય છે બીજ માથાની જૂઓને મારનાર છે

કોઠું

ઝાડ ઉપર પાકીને ખરેલા જ કોઠા ખાવા જોઈએ પાકા કોઠાના ગર્ભમા સાઈટ્રીક અસિડ, પોટાશ, લાઈમ અને લોહનુ સારુ પ્રમાણ છે કાચુ કોઠુ કફને ખતમ કરનાર છે, ઝાડાને બંધ કરનાર છે અને ખાસી કરનાર છે પાકુ કોઠુ રુચિપ્રદ છે, પિત્તને હણનાર છે, વાતપિત્તને અને કફને જીતનાર છે, ભારે છે અને ગ્રાહી છે પાકુ કોઠુ શ્વાસ કાસ, અરુચિને હરનાર છે, તરસને છિપાવનાર છે અને કંઠનુ શોધન કરનાર છે સંગ્રહણી અને ઝાડાના રોગોમા કોઠુ ઉપયોગી છે કોઠાની ચટણી અને શરબત બને સારા થાય છે કોઠામા વિટામિન 'સી' સારા પ્રમાણમા છે કોઠામા કેલ્સ્યમ્ ફોસ્ફરસ અને લોહનુ પ્રમાણ સારુ છે ગરીબ માણસો માટે પાકા કોઠા સારા ફળ છે

બોર

બોરની ઘણી જાતો થાય છે કાશીગોર અને ખારેકી બોર આ બે જાતો ઉત્તમ મનાય છે જગલી બોર ખટમધુરા હોય છે, માટે જગલી બોર બનતા સુધી ન ખાવા બાગમા ઊછરેલી સારી બોરડીના મીઠા મોટા ફળ જ ખાવા કેટલાક બોર એટલા તો મીઠા હોય છે કે આપણે સાકરને ભૂલી જઈએ પણ મીઠા બોરમા અંદર જીવડા હોય છે માટે દરેક બોર કાપી જોઈને જ ખાવુ જોઈએ

બોર મધુર છે, સ્નિગ્ધ મળને ભેદનાર છે, વાત અને પિત્તને જીતનાર છે સૂકા બોર કફ અને વાતને હણનાર છે અને પિત્ત સામે પણ તેનો વિરોધ નથી

(ચરક)

હરસ, અતિસાર, સ્વરભેદ, ખાસી વગેરેમા મીઠા બોર ઉપયોગી છે

અર્થ સફરજન કરે છે સિચિતિકાફલ ગ્રાહી ઝાડો ફેબજ કરનાર કડુ અને તૂરુ છે (ચરક)

ફાલસાં

ફાલસાના ઝાડ બાગબગીચાઓમા થાય છે ફળ કાચા હોય છે ત્યારે ખાટા હોય છે પાકે છે ત્યારે મધુર લાગે છે ફાલસાનુ શરબત બહુ સારુ થાય છે પાકા ફાલસા મધુર છે રુચિપ્રદ છે પિત્તને હરનાર છે અને તાવની ગરમી પિત્તજ્વર વાયુ ક્ષય વિગેરેમા અતિ હિતકર છે ચરકે વિરેચને પણ જ્વરઘ્ન અને શ્રમહર દશેમાનિમા ફાલસાનો ઉલ્લેખ કરેલો છે ફાલસામાથી એક જાતનો ઊચો દારૂ બને છે

જાબુ

જાબુ ઘણી જાતના થાય છે મોટા રસદાર જાબુ ખાવામા શ્રેષ્ઠ છે નના ખાટા જાબુ ન ખાવા જોઈએ કેટલાક નાના જાબુ જે ઘણા સ્વાદિષ્ટ અને મધુર હોય છે તે ખાવામા વાંધો નથી જાબુ પરમ વાતકર છે ભૂખે પેટે જાબુ ન ખાવા જોઈએ ખાધા પછીથી ખાવા જોઈએ જાબુ કફ અને પિત્તને જીતનાર છે શ્રમ અતિસાર શ્વાસ ગસ શોષ આસ્યવૈરસ્ય વગેરેને જાબુ મટાડે છે જાબુ ગ્રાહી હોવાથી અતિસાર સગ્રહણી વગેરેમા ઉપયોગી છે ઝરાળ વધી હોય અજીર્ણ હોય તેને જાબુ હમેશા ખાધા પછીથી ખાવા ઝરાળવાળાએ જાબુનો રસ તોલા પાચ હમેશા પીવો હિતકર છે જાબુ વીર્યપ્રદ છે મધુપ્રમેહમા જાબુના ઠળિયા વપરાય છે

રાયણાં

રાયણને સસ્કૃતમા રાજાદન કહે છે ભાવમિશ્ર કહે છે રાયણાં વૃષ્ય (ટોનિક) છે બલપ્રદ છે સ્નિગ્ધ છે ઠડા છે ગુરુ છે તૃષ્ણા મૂર્છા મદ ભ્રાન્તિ ક્ષય રક્તપિત્ત વગેરેમા હિતકર છે મદનપાલ કહે છે કે રાયણા વીર્યવર્ધક અને શરીરને સ્થૂલ બનાવનાર (સ્થૌલ્યકરી) છે અને પ્રમેહોનો નાશ કરનાર છે રાયણા વાતનાશન[૧] છે

સૂકા રાયણાં 'કોકડી' અથવા 'રાયણ-કોકડી' નામથી ઓળખાય છે એમા ખાટનુ પ્રમાણ ઠીક હોય છે સારા રસદાર રાયણાની કોકડી ઘણી જ સ્વાદિષ્ટ લાગે છે

મહુડાં

પચમહાલ અને ખાનદેશ તરફ મહુડાંના ઝાડ ખૂબ થાય છે મહુડો બહુ અગત્યનુ ઝાડ છે જેમાથી દારૂ બને છે તે મહુડાના ફૂલ છે ફળ નથી આ ફૂલને લોકો 'મહુડા' કહે છે એના ફળને 'ડોળીઓ' કહે છે ડોળીઓમાથી ઘી જેવુ સફેદ તેલ નીકળે છે જે ઘીની માફક ગરીબ લોકો ખાય છે તાજુ ડોળિયુ ખાવામા સારુ છે લીલા મહુડા લોકો હર્ષથી ખાય છે અલબત્ત આપણા જેવાઓને તે બહુ ભાવતા નથી લોકો એને સૂકવી નાખે છે અને પછી રોટલા કરીને અથવા તેને શેકીને હર્ષથી ખાય છે શેકેલા મહુડા ઘણા સરસ લાગે છે લીલા મહુડાનું શાક બનાવવાની રીત અને તે શાકના ગુણ ક્ષેમકુતૂહલ માં નીચે મુજબ વર્ણવ્યા છે —

सद्यश्च्युत स्थूलमधूकपुष्प सन्नोपित केसरधूलिवर्जितम् ।
तप्त चित्र गुडमिनाघृताभ्यां सनीरक नवाद हि जचिनाम् ।

અર્થ—મહુડાના રસદાર પુષ્પ તુરતના ખરી પડેલા હોય તે લેવા પછી એને કપડા વડે લૂછી નાખવા જેથી ધૂળ લાગેલી નીકળી જશે પછી અંદરના પુકેસર કાળજી પૂર્વક કાઢી નાખવા [illegible] એને ઘીમા [illegible] મૂકી તેમા વઘારવા અને ધીમે તાપે [illegible] ચડી જાય એટલે મેથી સાકર અને મીઠુ–મરચુ વગેરે મસાલો નાખવો આ શાક ખાવાથી જીવન લબાય છે

મહુડા મધુર છે વીર્યવર્ધક છે હૃદ્ય છે ઠડા છે પિત્ત અને વિદાહને હરનાર છે (રાજનિઘટુ) ભાવમિશ્ર કહે છે કે મહુડાના પુષ્પ મધુર શીતલ ગુરુ બૃહણ છે બલ અને વીર્યને વધારનાર છે વાતાસ્રનો નાશ કરનાર છે

સગ્રહણીમા મહુડાનો રસ હિતકર છે ગરીબ લોકોનું આ ફળ જ છે અને એથી જ એને અન્ને દાખલ કર્યું છે એનુ એક નામ મધુપુષ્પ છે એના ગર્ભમા મધ છે

---

[૧] आम्रातक वातनाशनम् (चरक)

ફણસ

ફણસમા ખાડનો ઘણો જ ભાગ હોવાથી તેની ખોરાકમા ગણના થાય છે જે ઠેકાણે ફણસ ઘણા પાકે છે ત્યાના લોકો સવારના નાસ્તામા ફણસનો ઉપયોગ કરે છે કોકણમા ઘણા લોકો ફણસની મોસમમા ફણસ ઉપર નિર્વાહ કરીને રહે છે

ફણસ મધુર છે, ચીકણુ છે, ભારે છે, હૃદયને અથવા મનને પ્રિય છે બળ અને વીર્યને વધારનાર છે શ્રમ, દાહ, વિષનો નાશ કરનાર છે રુચિકૃત્ છે ફણસ પચવામા ભારે છે (રાજનિઘંટુ)

ફણસની એક નાની જાત (ક્ષુદ્રપનસ) થાય છે જેને હિંદીમા બડહર કહે છે આના ફળને ચરકે ફળોમા અધમ ગણ્યા છે

ફણસની ગોટલીનુ શાક સરસ થાય છે કેટલાક ગોટલીઓને શેકીને ખાય છે મધુપ્રમેહવાળાઓ માટે આ ગોટલી ઉપયોગી છે એમ મેજર બી ડી બસુ જણાવે છે

ફણસની મજ્જા ('ચાપા' તરીકે પ્રચલિત છે) બજારોમા વેચાય છે કેટલીયે માખો તેની ઉપર ગણગણતી હોય છે આવા કાપેના ફળ કદી ન ખાવા જોઈએ ફળ ખાવા હોય તો આખા જ ખરીદવા અને ઘેર આગળ તેને કાપીને ખાવા

સીતાફળ

આ ફળ અમેરિકાનું વતની છે એમ વનસ્પતિ શાસ્ત્રીઓ માને છે સીતાફળને મળતુ બીજુ રામફળ થાય છે તે પણ પરદેશી છે અત્યારે આ બન્ને ફળો હિંદમા ખૂબ થાય છે

સીતાફળ શીત, ધાતુપુષ્ટિ કરનાર, કફ કરનાર વાતપિત્તને મટાડનાર, ઊલટી, મોળ વગેરેનો નાશ કરનાર, માસ અને રક્તને વધારનાર, દાહપિત્ત વગેરેને મટાડનાર, બળપ્રદ છે એમા ખાડનુ પ્રમાણ સારુ છે (નિઘંટુરત્નાકર)

ઝાડ ઉપર પાકેના સીતાફળ અતિ સ્વાદિષ્ટ છે ઘર આગળ પકાવેલા એટલા સ્વાદિષ્ટ નથી હોતા

સીતાફળીના બીજ ઝેરી છે એના બીજ આખમા આજવાથી આખ નકામી થઈ જાય છે બીજ માથાની જૂઓને મારનાર છે

કોઠું

ઝાડ ઉપર પાકીને ખરેના જ કોઠા ખાવા જોઈએ પાકા કોઠના ગર્ભમા સાઈટ્રીક એસિડ, પોટાશ, લાઈમ અને લોહનુ સારુ પ્રમાણ છે કાચુ કોઠુ કઠને ખરાબ કરનાર છે, ઝાડાને કબજ કરનાર છે અને ખાસી કરનાર છે પાકુ કોઠુ રુચિપ્રદ છે, વિષને હણનાર છે, વાતપિત્તને અને કફને જીતનાર છે, ભારે છે અને ગ્રાહી છે પાકુ કોઠુ શ્વાસ કાસ અરુચિને હરનાર છે, તરસને છિપાવનાર છે અને કઠનુ શોધન કરનાર છે સગ્રહણી અને ઝાડાના રોગોમા કોઠુ ઉપયોગી છે કોઠાની ચટણી અને શરબત બને સારા થાય છે કોઠામા વિટામિન 'સી' સારા પ્રમાણમા છે કોઠામા કૅલ્શ્યમ્ ફૉસ્ફરસ અને લોહનુ પ્રમાણ સારુ છે ગરીબ માણસો માટે પાકા કોઠા સારા ફળ છે

બોર

બોરની ઘણી જાતો થાય છે કાશીબોર અને ખારેકી બોર આ બે જાતો ઉત્તમ મનાય છે જગલી બોર ખટમધુરા હોય છે, માટે જગલી બોર બનતા સુધી ન ખાવા બાગમા ઊછરેની સારી બોરડીના મીઠા મોટા ફળ જ ખાવા કેટલાક બોર એટના તો મીઠા હોય છે કે આપણે સાકરને ભૂલી જઈએ પણ મીઠા બોરમા અદર જીવડા હોય છે માટે દરેક બોર કાપી જોઈને જ ખાવુ જોઈએ

બોર મધુર છે, સ્નિગ્ધ મળને ભેદનાર છે, વાત અને પિત્તને જીતનાર છે સૂકા બોર કફ અને વાતને હણનાર છે અને પિત્ત સામે પણ તેનો વિરોધ નથી (ચરક)

હરસ, અતિસાર, સ્વરભેદ, ખાસી વગેરેમા મીઠા બોર ઉપયોગી છે

સ્વપ્ન ખરી પડ્યું*

શ્રી. તારાચંદ રવાણી

આ મારી હોટેલમા કુમારી કેરિન્ગ્ટન નામે એક વિચિત્ર સ્ત્રી પણ ઊતરી હતી એના રહસ્યને કોઈ જાણી શકતું નહોતું માગ જેવો આ વસ્તુને બહુ ગણકારતો નહિ એટને કુતૂહલવૃત્તિથી હું એના હલનચલનમા તેમ જ કોઈની પાસેથી જે કઈ જાણવા મળે તે જાણી લવામા રસ લેવા માડ્યો એ સાવ એકલી હતી, જો કે એની સાથે એક ચાકરડી હતી પણ એ તો માત્ર કામ પૂરતી જ એની સાથે નહોતો એનો પતિ કે નહોતો કોઈ મિત્ર તેમ હોટેલમા એણે કોઈની સાથે ઓળખાણ પણ નહોતી બાધી

પણ આટલુ ન હોય એટલે કોઈ વિચિત્ર જ ગણાય એવુ થોડુ છે! ઘણી હોટેલોમા જે ફર્યો હશે એને ખ્યાલ હશે કે કેટલા ય સ્ત્રી-પુરુષો એકના હોય છે, કારણ કે માનવીને કેટલા ય એવા પ્રસગો આવી પડે છે કે જ્યારે એકલા પ્રવાસે જવુ પડે તેમ જ કોઈ સ્વતત્રતા માણવા પણ એકલા નીકળી પડે છે છતા ય આવા પ્રવાસીઓને લાબા સમય સુધી એક જ હોટેલમા રહેવાનુ મળે તો ત્યા એ ઓળખાણ બાધી લે છે ઘણાંની સાથે મળતા હળતા રહે છે અને બીજાંની સાથે પરિચયમા આવવા એ તલસતા હોય છે માનવીની એ સહવાસની સુજનજૂની ભૂખ છે

પણ એવુ આ સ્ત્રીમા ન હતુ

એનો દેખાવ રીતભાત અને એનું આખુ વાતાવરણ આ બધાં તરફ સૂગ દેખાડતુ એ જ્યારે અમારી બાજુમા થઈને પસાર થતી ત્યારે એમ જ લાગતું કે એ અમારામાહેની નથી. છતા એ અમારો સંગત પણ નહોતી છોડતી

ઉપરને માળે એણે એક અનાયદી ઓરડી રાખી હતી બધા બેસતા ઊઠતા તે મોટા ઓરડામા એ વાર વાર આવતી અને ખૂણામા ટેબલ-ખુરસી પડ્યા હતાં ત્યા જઈ બેસતી અને કઈક ચોપડી વાંચતી અમે બધા એના તરફ ટીકી રહ્યા છીએ એનો ખ્યાલ પણ ભાગ્યે જ કરતી નાસ્તા વખતે જ્યારે બેન્ડ વાગતુ ત્યારે એ ત્યા બેસીને સાભળતી, તો ક્યારેક અગાસી ઉપર જઈ બગીચામા નજર નાંખતી બેસી રહેતી નાસ્તા અને ભોજન સમયે એ મોટા ઓરડામા ખૂણામા ટેબલ-ખુરસી ઉપર બેસીને બધુ પતાવતી દિવસનો મોટો ભાગ એ હોટેલના બગીચામા આરામખુરસી નાખી પડી રહેતી જ્યા જતી ત્યાં ચોપડીઓ તો સાથે જ લઈ જતી અને સદા ય એકલી જ રહેતી મે ક્યારે ય એને કોઈની સાથે વાત કરતી સાભળી નથી, સિવાય કે નોકર, માળી, ગાડીવાન કે એવા કોઈની સાથે કામ પૂરતું બોલવુ પડ્યુ હોય તે એની દાસીને પણ મે ક્યારે ય એની સાથે જોઈ નથી સાજે જમીને તુરત જ ઉપલે માળે પોતાની ઓરડીમા એ ચાલી જતી સાજના નૃત્યમા એ ભાગ તો શેની લે!—પણ જોવાય ઊભી ન રહેતી

એ કાઈ ઘરડી ન હતી મારા ધારના પ્રમાણે ૩૦-૩૨ વર્ષની માડ હશે હોટેલમા કેટલાક મનુષ્યો એવા હોય છે કે એની પાસેથી જે કોઈ પસાર થાય એને વિષે એ કાઈ ને કાંઈ માહિતી મેળવે જ એવા પાસેથી મને જાણવા મળ્યુ કે એ એક અમેરિકાવાસી છે એના કુટુબમા અત્યારે કોઈ નથી પણ એની પાસે પુષ્કળ દોલત છે, એથી જ એ સફેદ વાળ વાળીબુઢ્ઢી ચાકરડી સાથે છેના આઠ દસ વરસથી પ્રવાસ જ કર્યા કરે છે

સફેદ વાળવાળી ઘરડી ચાકરડી! જેમ જેમ હું કુમારી કેરિન્ગ્ટનના વિષે વિચાર કરતો ગયો તેમ તેમ આ ઘરડી દાસીના વાળના રગમા જ મને આ વિચિત્ર સ્ત્રીનુ રહસ્ય દેખાવા લાગ્યુ

* રોબર્ટ હિચિન્સની 'ડ્રીમ્સ ફેઈડ'નો અનુવાદ

મે આગળ કહ્યુ હતું કે એનો દેખાવ, રીતભાત અને એનુ આખું વાતાવરણ આ બધા તરફ સૂગ દેખાડતું મને લાગેલુ પણ એને તોછડાઈથી વર્તતા–એવો ઇંગદો સુદ્ધા દેખાડતા–મે જોઈ નથી છતા એટલુ તો હુ ખાતરીથી કહીશ, અને મારા મિત્રો પણ એમા સાક્ષી પૂરશે કે અમારા તરફ એને કશો ભાવ નહોતો એના સ્વભાવની આવી વિચિત્રતા છતાં એ અમારી સાથે ભળી શકત પણ અમારી સાથે દરેક જાતનો પ્રસગ પાડવાનું જ એ ટાળતી એની અમારા તરફની સૂગ બિલકુલ સ્વાભાવિક લાગતી, ક્યારે ય એને કૃત્રિમતા લાવવી પડતી હોય એવુ મને લાગ્યુ નથી

પરતુ વારવાર એ મોટા ઓરડામા અમારી વચ્ચે આવતી એ જોઈને જ મારી ગૂચવણ વધતી એ શુ એમ નથી બતાવતું કે એને મનુષ્યના સહવાસની થોડી પણ ભૂખ છે ? અને દરેક દેહધારીને એના જેવા બીજા દેહધારીઓના સહવાસમા રહેવાની ઇચ્છા થાય એમા અસ્વાભાવિક પણ શુ છે?

પણ આવા કોઇ સહવાસની એ ઇચ્છા જ ન કરતી ત્યારે શુ એ સપૂર્ણ આત્મસંતોષી હતી? પણ એ સુખી નહોતી દેખાતી

૨

ઇટાલિના લાગો બદરના કાઠા પરની ‘ડ્યુક આફ વેનિસ’ હોટેલમા અમે ઊતર્યા હતા બીજા ઘણા દેશોના મુસાફરો પણ અહીં ઊતરેલા એમા કેટલાક દેખાવડા જુવાનો હતા, તેમ જ કેટનાક મધ્યમ વર્ગના પૈસાદાર માણસો પણ હતા અત્યારે સહુ નાસ્તાના ટેબલ પાસે બેસી કુમારી કેરિન્ગ્ટનની જ વાતો કરતા હતા એમાના એક ઇટાલિયન જુવાન મિ બેરન સાથે મે શરત લગાવી એ ટેનિસનો ખેલાડી હતો અને જુવાન સ્ત્રીઓને પોતાના તરફ આકર્ષવામાં અને એમની સાથે ભળી જવામા એ પોતાને એક્કો માનતો–જો કે એને એટલો બધો દેખાવડો તો ન જ કહી શકાય પણ એના શરીરનો બાધો ઘણો સરસ હતો એનામા આત્મશક્તિ ઘણી હતી આવી આત્મશક્તિવાળા જુવાનો મે બહુ ઓછા જોયા છે

કુમારી કેરિન્ગ્ટનને આકર્ષવામા એને પોતાની અશક્તિ લાગી એટલે જ એની લગભગ તમામ રીતભાતથી બેરનની જિજ્ઞાસાવૃત્તિ ઉશ્કેરાતી ને એ વિષે બધુ જાણવા તે વલખા મારતો પરંતુ એ હિંમત કરી શક્યો નહિ મને કહેવા લાગ્યો કે, ‘કેવી વિચિત્ર આ સ્ત્રી છે!

બેરનની હાલત પર હુ હસ્યો, ખૂબ હસ્યો આથી બેરનનુ ઇટાલિયન ખમીર ઊછળી આવ્યુ એ ઉશ્કેરાઈ જઈને બોલ્યો

આ સ્ત્રીની સાથે તું વાત કરવામા સફળતા મેળવ તો હુ ૫૦૦ ‘લીરા *’ની શરત મારુ છુ ’

‘સફળતાની તારી વ્યાખ્યા શી છે?’ મે પૂછ્યુ

‘એ સ્ત્રી તને મિત્ર બનવાની છૂટ આપે ને તુ માત્ર એક બે વખત બોલી આવ, એટલુ જ નહિ પણ ત્રણેક વખત સારી પેઠે વાતો કરી આવ ’

‘બે ત્રણ નહિ પણ ચાર વખત વાતો કરી આવુ, પછી?’

‘કબૂલ, ૫૦૦ લીરાની શરત કબૂલ છે ને?’ એણે પૂછ્યુ

મારે કબૂલ કરવુ જોઈએ કે આ શરત મારવામા મે ઉતાવળ કરી હોટેલમા બીજી સ્ત્રીઓને મિત્ર બનાવવા કરતા આમા ઘણી મુશ્કેલી હતી ઉતાવળે શરત મારવામા બેરનના મુખ પરનો કોઇને પકડમા લીધાનો મરકાટ હુ જોઈ શક્યો.

‘હા, હું જીતુ તો ૫૦૦ લીરા તારે મને આપવા, ને હું હારુ તો મારે તને આપવા ’ મે કહ્યુ

‘સમયની મુદત પણ નક્કી કરવી જોઈશે ’ તુરત જ બેરને કહ્યુ

‘જરૂર ’

---

* લીરા – ઇટાલિનું ચલણી નાણું

'હું તને ગુરુવારની રાત સુધીની મુદત આપું છું. આજે મંગળવાર, એટલે આજ સવારથી ગુરુની રાતના બાર વાગ્યા સુધીનો સમય તારી પાસે છે '

'બહુ સારું ' મેં કહ્યું 'મારે બહુ ઝડપ કરવી પડશે '

અને અમે બન્ને છૂટા પડયા

હું એકલો પડયો ઘડી પહેલાં મેં જે કર્યું એનો હવે મને પશ્ચાત્તાપ થવા લાગ્યો મને એ મૂર્ખાઈ લાગી મૂર્ખાઈ એટલા માટે કે એની સાથે જે શરત બકી એમા હું કોઈ પણ રીતે જીતુ એવુ મને ન લાગ્યુ

એ વિચિત્ર સ્ત્રીને મળવા માટે મારા મનમા મેં ઘણી યોજનાઓ વિચારી એને સીધે સીધા એના ઓરડામાં ઓસરીમા અગાસી ઉપર બગીચામા કે એવા કોઈ સ્થાને મળુ પ્રથમ હવાપાણી વિષે કંઈક વાત કરીશ, પછી અહીંના લોકો, રીતરિવાજ ઈત્યાદિ વાતો કાઢીશ આવુ નક્કી કર્યું છેવટનુ બધુ નસીબ પર છોડયુ એમ નહિ બને। ચોક્કસ આ રીતે એને મળવાનું નહિ બની શકે। હવાપાણી। કુમારી કેરિન્ગ્ટન। ના। ના।

એ બહુ વાચતી મેં એને ચોપડી વગર કદી દીઠી નથી અને હું પણ સાહિત્યમાં રસ લેનાર તો છુ જ શું હુ આ સબધી માફી માગીને એની સાથે વાત ન કરી શકુ ? એની નજીકમા આજુ બાજુના કોઈ સ્થળે બેસીશ કાચ બગીચો આ માટે વધુ અનકૂળ થશે હુ એની પાસે બેસીશ એ શુ વાચે છે એ જાણી લઈ એના સબધી વાત ઉપાડીશ વળી એ વાત પણ રસદાયક પણ થશે એકાદ મુદ્દો એવો શોધીશ કે એનુ ધ્યાન ખેચવામા એ ભારે મદદગાર થાય પછી મારી પાસેથી વધારે સાંભળવાની એની ઈચ્છા સતેજ થશે હુ એ કરી શકીશ ? શા માટે નહિ ?

તુરત જ મેં નિશ્ચય કર્યો કે આ સારામા સારી યુક્તિ છે અને એ જ દિવસે બપોરે ચા પાણી પી કરીને એની બાજુમાં એક ખુરસી પર બેસી ગયો બાજુમાં જ જાપાનથી પોતાને માટે તૈયાર કરાવેલી આરામખુરસી પર લાંબી થઈને આરામ કરતી એ પડી હતી એની પાસે કઈ ચોપડી છે એ મેં લાંબી નજર નાખીને જોઈ લીધુ 'એસીરિયન શિલ્પકળા' એ નામનું પ્રો હોરેસ વિસ્ટનનું લખેલું પુસ્તક હતું લેખકના નામ પાછળ એની મહત્તા બતાવતા ઘણા ઘણા અક્ષરો હતા

હું સ્તબ્ધ બન્યો એસીરિયન શિલ્પકળા પરતું મારુ જ્ઞાન અને એ વિષયનો રસ એમાથી કોઈ મુદ્દો પકડી પાડી મારુ કામ પાર પાડી શકે એવુ મને ન લાગ્યુ પુસ્તકના લેખક પ્રો વિસ્ટન વિદ્વાન પુરુષ હતા પરતુ મારા જાણવામા એ નહોતા આવ્યા હુ મારી ખુરસીમા ચુપચાપ બેસી રહ્યો ને કુમારી કેરિન્ગ્ટન એસીરિયન શિલ્પકળા ના પાનાંમા તલ્લીન થઈ

હુ ચા તૈયાર કરી આપવામા કે ટોસ્ટને માખણ ચોપડવામા મદદગાર થઈ શકુ ? ઘણી વખત નોકરો કાળજી વિનાના હોય છે હુ ચાના ટેબલ નજીક આવ્યો પણ કુ કેરિન્ગ્ટને બહુ સફાઈ અને સાદાઈથી પતાવ્યુ અને નોકરે પણ ભારે કાળજી બતાવી દિવસ પસાર થઈ ગયો રાત પડી એ ઉપરને માળે ચાલી ગઈ હવે આવતી કાલ સવારે નીચે આવવાની

બુધવાર થયો સવારનો ચળકતો સૂર્ય પૃથ્વીને અજવાળતો ઉપર ચાલ્યો અને આખર એ પણ વિલય પામ્યો એ દિવસે કશી પ્રગતિ ન થઈ મિ બરન જ્યારે જ્યારે સામે મળી જતો ત્યારે પોતાની જ જીત થવાની હોય એમ મે હુ મલકાવતો ચાલ્યો જતો

ગુરુવારનુ સવાર થયુ સૂર્ય સરોવરના જળ પર કિરણો પ્રસરાવતો ઊગ્યો આજે મારે ૫૦૦ લીરા આપવા પડશે એ વિચારે હુ ધ્રૂજ્યો પૈસા જવાના દુખ કરતા વધુ તો મિ બરને આખી હોટેલમા અમારી શરતની વાત કરી હતી તેથી હોટેલના માણસોમા મારી મશ્કરી થશે એનુ મને દુખ હતું નાનામા નાનો નોકર પણ આ વાત જાણે છે એ હુ જોઈ શકયો હતો નોકરો મારી અને કુ કેરિન્ગ્ટન પાછળ કુતૂહલપૂર્વક જોઈ રહેતા અને હસતા

જેમ દિવસ ચડતો ગયો તેમ મારી નિરાશા વધતી ગઈ કુમારી કેરિન્ગ્ટનને મળવાના હજાર રસ્તા હું વિચારી ગયો, પણ એકેય કાર્યસાધક ન લાગ્યો સવારનો ચાનો સમય થવા આવ્યો તેમ મારી મૂંઝવણ વધતી ગઈ

કુમારી કેરિન્ગ્ટન મોટા ઓરડામા ચા લેતી ત્યારે ઓરકેસ્ટ્રા વાગતું ફરીથી મે મારી જગ્યા એની નજીક લેવા વિચાર્યું આગળથી આવીને બેસી જઈશ એટલે ખાણાપીણામા જે વસ્તુ આવશે એને કુ કેરિન્ગ્ટન માટે તૈયાર કરી આપવાની મને તક મળશે

નોકરો હમેશા નફટ હોય છે કાંઈ ને કાંઈ ઢોળફોડ કરે જ પ્યાલારકાબી જોયાકર્યા વિના ચા રેડી જ દેશે પીરસતા પીરસતા ય હાથમાથી વસ્તુ ઢોળતા જશે અને મહેમાનોના કપડા બગાડશે

કુ કેરિન્ગ્ટન આવી હુ એની નજીક જઈ શકયો નહિ, એણે ચૉકલેટ લીધી હવા ગરમ હતી ચૉકલેટ નરમ અને ભેજવાળી હતી. મે કંઈક બનાવની આશા રાખી પણ કાંઈ બન્યું નહિ છેલ્લી હળથી ચૉકલેટ ખવાઈ પછી ચા આવ્યો ચા પણ ધીરજથી પિવાયો અને હુ નિરાશ થયો

એટલામા બૅન્ડ વાગવુ શરૂ થયું મને થયુ, શા માટે એ ગીત હુ નથી જાણતો? હુ બહુ જૂન વાણીનો શોખીન હઈશ પણ એના સ્વર બહુ મીઠા હતા દૂર ઊભો ઊભો મિ બૅરન મારા તરફ તાકતો હતો અને એક સુદર સ્ત્રીના કાનમા કાંઈક કહેતો હતો એ મે જોયુ, અને તુરત જ મે નિર્ણય કર્યો કે મારે કુ કેરિન્ગ્ટન પાસે જવુ જ જોઈએ, એની પાસે ખુરસી લેવી જ જોઈએ અને મારે મિ. બૅરન સાથેની મારી મૂર્ખાઈભરેલી શરતની વાત એને કરવી જ જોઈએ

૩

કુમારી કેરિન્ગ્ટનની બાજુમા નેતરની ખુરશી ખાલી પડી હતી હિંમત કરીને મારા ટેબલ પરથી હું ઊઠયો મિ બૅરનની નજર મારા પર જ હતી મે પણ એને આંખના ઇશારાથી મારી આ વખતની મક્કમતા બતાવી. હુ કુ કેરિન્ગ્ટનની તરફ ગયો જેવો હુ એની ખુરશી બાજુ ગયો કે તુરત જ આફત ઊભી થઈ. મિ બૅરનની સામે તાકી રહેવામા મારો ઘણો સમય ગયો પરિણામે જેવો હું ખુરશી પર બેઠો કે આરકેસ્ટ્રાનુ ગીત બધ થયુ સર્વત્ર સ્મશાનશાંતિ વ્યાપી

આવી શાંતિની મે આશા નહિ રાખેલી મારી ધારેલી મુરાદ જાણે તૂટી પડતી હોય એવુ મને લાગ્યુ જ્યારે કુ કેરિન્ગ્ટને પોતાના ગુચ્છાદાર વાળ વાળુ માથુ ઊચુ કરી મારી સામે જોયુ ત્યારે ખુરશીમા હુ પાછો પડયો મારી આ વર્તણૂક માટે હું માફી માગી ન શકયો હુ કાંઈ બોલી શકયો નહિ, માત્ર એની સામે તાકી રહ્યો આમ ઘણો સમય શાંતિમા ચાલ્યો ગયો હોય એમ મને લાગ્યુ જો કે મે બોલવા માટે વિચારેલું, સમજાવવા માટે નહિ, પણ માફી માગવા સુધીનો મે વિચાર કર્યો પણ આવુ હુ કાંઈ કરી શકુ તે પહેલા બૅન્ડ ફરી પાછુ શરૂ થયુ, આ વખતના ગીતે મારામા આનદ અને જુસ્સો આપ્યો પણ કવિની કરુણતાએ મારા જુસ્સાને પિગળાવી નાખ્યો આવુ ગીત સાભળતા સાભળતા હુ મિ બૅરન સાથેની શરત પર વિચાર કરવા લાગ્યો ને આવી જાતનુ નિવેદન મારે કુ કેરિન્ગ્ટન આગળ કરવુ એમા મને મારી નામોશી લાગી આવુ કાંઈ પણ કરવાનો વિચાર મે છોડી દીધો અને હુ શાંતિથી બેઠો

"મે સાભળ્યા છે એ ગીતોમા આ એક અતિ સુદર ગીત છે જાણે ધરતીના પડમાથી આવતુ હોય એવુ લાગે છે" કુ કેરિન્ગ્ટન પ્રત્યે આખરે મેં કહ્યુ

'ના, એ તો ડાંગરના ખેતરમાથી આવે છે,' કુ કેરિન્ગ્ટન સહસા બોલી 'હિંદુસ્તાનના ડાંગરના ખેતરોમા આવુ ગીત મે ઘણી વાર સાભળ્યુ છે'

એણે વાત એવી રીતે ઉપાડી કે જાણે એ આપણી સાથે કસારની યે વાતો ન કરતી હોય! એનો અવાજ ધીમો ને ખૂબ મીઠો હતો મહાન ગૂંચવણમાથી હુ પાર નીકળી ગયો હોઉં એવુ મને લાગ્યુ

'તમે હિંદુસ્તાન ગયા હતા ?' મે વાત લબાવવાની તક લીધી

'હ '

'અહીં કોઈએ મને કહ્યુ કે તમે તો આખી દુનિયા ફરી વળ્યા છો '

'પણ હુ તો અહીં કોઈને નથી જાણતી '

'છતા ય હોટેલમા કેટલાક માણસો બધી બાતમી મેળવી લે છે '

'તેઓ શુ આવુ કરી શકે છે ? બીજાના અંગત જીવનમા રસ લે એ કેટલુ વિચિત્ર !'

'તમે આ બધાને જુઓ છો એમા રસ નથી લેતા ? મે તો જોયુ છે કે ચા પીની વખતે બધા તમારી તરફ જ ટીકી રહ્યા હોય છે '

'મિનકુન નહિ મને એનો ખ્યાલ પણ આવતો નથી ને એમને હુ ગણકારતીયે નથી સચુ પૂછો તો હુ એમને જોતી જ નથી '

'પરતુ તમે આ બધાની વચ્ચે હરોફરો તો છો '

'એક માણસ આખો દિવસ થોડુ ઓરડીમા એકલુ બેસી શકે છે ?'

'તમે રોજ સાજે નૃત્ય વખતે તમારી ઓરડીમા ઉપર ચાલ્યા જાઓ છો ?

'હા '

'મને આશ્ચર્ય થાય છે કે તમે સાજ કેમ પસાર કરતા હશો '

'ઓરડીમા ફરુ છુ કોઈ વખત ભરત ભરુ છુ '

'ભરતગૂથણ '

'હા હુ ભરતગૂથણ કરુ છુ જ્યારે હુ વહેલી ઊઠુ છુ—જો કે રોજ વહેલી ઊઠુ છુ, ત્યારે ભરત ભરુ છુ ઘણી સ્ત્રીઓ આવુ ભરતગૂથણ કરે છે '

'એમા બહુ રસ પડે એવુ છે ?'

'એટલા ખાતર નહિ પણ આપણે મનથી રમ લઈ શકીએ એવી કેટલી વસ્તુઓ છે ! મને લાગે છે કે બહુ જ ઓછી.' કહી, નોકરને ચાના પૈસા ચૂકવી એ તુરત જ બગીચામા ચાલી ગઈ

મિ બેરન મારી પાસે આવ્યો

'તમે જોયુ ને ? ચડકવાને બદલે કેટલી શાતિથી મે વાત કરી ?' મે કહ્યુ

'તે વાત કરી એ સાચુ પણ તુ સફળતાપૂર્વક વાત કરી શક્યો છે ? આપણે તો એની શરત છે '

'હુ આજે સાજે એને ફરી મળીશ '

'ક્યારે ?'

'જમ્યા પછી '

'પણ જમીને તો એ પોતાની ઓરડીમા જાય છે'

'તો એ મને ત્યા આવવાનુ કહેશે '

'કદી કહે જ નહિ '

'ચાલ, ધાર કે એ મને પોતાની ઓરડીમા લઈ જાય તો હુ જીત્યો કહેવાઉ ને ?'

'ચોક્કસ, પણ એ કદી લઈ જ ન જાય ને.'

'હવે ધાર કે કદાચ એ નીચે અહી જ બેસી રહે અને મારી સાથે વાતો કરે તો ?'

મિ બેરન પ્રમાણિક હતો થોડી વાર વિચાર કરી તેણે કહ્યુ તો યે તુ જીતે '

'ત્યારે માની લે કે હુ જીત્યો છુ આજે સાજે અને આવતી કાલે પણ મારી સાથે એ વાતો કરશે.'

'જો એ એમ કરે તો હુ હાર્યો ' થોડીવાર રહી તે બોલ્યો. 'ત્યારે તુ નસીબવાન મે તને ધાર્યો હતો એના કરતા તુ વધારે હોશિયાર નીકળ્યો ગણાય '

સ્ત્રીઓમા ભળી જવાના મારા સ્વભાવને આવકારવામા એનુ ઘટ લિયન ખમીર ઝળકી ઊઠ્યુ

એ રાત્રિએ હુ સાવધ બન્યો કુ કેરિન્ગટન સામાન્ય રીતે રાત્રિના આઠ વાગે જમતી અને બહુ જ થોડુ જમતી ઘણુ કરીને સાડા આઠ વાગે તો એ જમવાનો ઓરડો પણ છોડી જતી. મારાથી એને આમ ભાગી જવા ન દેવાય. તેમ એના ખાતર ભૂખ્યા રહેવાની પણ મારી ઇચ્છા નહોતી. એટલે હુ પોણા આઠે

આવીને જમવા બેઠો. જ્યારે હું અરધુંપોણું જમી રહ્યો હઈશ ત્યારે મેં એને વાદળી પોષાકમાં ધીમેથી આવતી જોઈ.

મારી પાસેથી પસાર થવા છતાં મારી તરફ એક નજર સરખી પણ એણે ન કરી. મને તો આશ્ચર્ય થયું કે બપોરની આ વખતે જે પુરુષે એની સાથે વાત કરી હતી એને ભૂલી તો નહિ ગઈ હોય! ખરેખર એ એટલી અસામાન્ય હતી કે કોઈ એને ન સમજી શકે. એ જ્યારે મારી સાથે વાત કરતી હતી ત્યારે મોટા ડોળા કાઢીને એ મારા સામું જોઈ રહેતી. પણ જાણે એ મને જોતી જ નથી એમ મને લાગતું. એની આંખ મને તાકીને જોતી હોય એવું જરાય નહોતું એની આંખો કોઇ સ્વપ્નદર્શી જેવી હતી. હું એની સાથે ફરી વખત વાત કરું તો કદાચ મને એ ઓળખી યે ન શકે.

બરાબર આઠ ને પચીસ મિનિટે મેં જમવાનું પૂરું કર્યું ને ઉપરના માળે જવા માટે લિફ્ટ હતી ત્યાં આવીને બેઠો. એ વખતે ત્યાં કોઇ નહોતું. લિફ્ટવાળો ઊભો ઊભો ઝોકાં ખાતો હતો. આમ દસેક મિનિટ ગઈ હશે ત્યાં કુ. કેરિન્ગ્ટન ધીમે પગલે મારા તરફ આવતી દેખાઈ.

અત્યારે જ મારું ધ્યાન ગયું કે એણે કપડાં ઘણાં સુંદર પહેર્યાં હતાં. બીજાની પ્રશંસા મેળવવા કે સ્ત્રીઓને ઈર્ષા ઉપજાવવાને બદલે પોતાને વધારે ગમ્યાં હોવાને અંગે જ પહેર્યાં હોય એવું મને લાગ્યું.

ખુરશી પરથી ઊઠીને હું એને મળવા સામે ગયો. જેવો હું મળ્યો કે તુરત જ મેં સ્મિત કર્યું, જેમ એક મિત્રને મળતાં કરીએ તેમ.

'હું હમણાં જ બગીચામાં જતો હતો.' મેં વાત શરૂ કરી.

'તમે?'

આટલું બોલ્યા પછી પણ એણે મને ઓળખ્યો છે કે નહિ એની મને શંકા હતી, જાણે કોઈ અજાણ્યાને એ પહેલવહેલી જ મળતી હોય એમ મને લાગ્યું.

'હા, અત્યારે આકાશ રળિયામણું છે. તમે થોડી વાર નહિ આવો?'

'મને એવી ઇચ્છા નથી. હું મારા ઓરડામાં જઈને બેસીશ.'

'તમે ભરતગૂંથણમાં લાગી જશો?'

એ લુખ્ખું હસી. 'હા. અત્યારે તો એ જ કરીશ. મારા ઓરડામાં અગાશી છે એટલે પહેલાં ત્યાં બેસી થોડી વાર સિગારેટ પીશ.'

'હું તમારો સાથ ન કરી શકું?' મને ખબર નથી કે મેં કેવા ઉત્તરની આશા રાખી હતી. મને થયું કે કદાચ સીધી ના પાડશે. અગર તો હસીને જવાબ આપવાનું જ ટાળશે, પણ એણે તો પ્રશ્ન પૂછ્યો.

'તમારે શી જરૂર છે?'

મને મિ બૅરતની શરતનો વિચાર આવ્યો ને હું ગુનેગાર હોઉં એમ લાગ્યું પણ અત્યારે મને ખબર છે કે ત્યારે શરતને ને કુમારી કેરિન્ગ્ટનની સાથે સાંજ ગાળવાની મારી ઇચ્છાને કશો સબંધ નહોતો. પણ આ વાત એ જાણે તો?

'એકલા ફરવા કરતાં તમારી સાથે સાંજ ગાળવાની મારી ઇચ્છા છે. તમે ના પાડો તો વળી કોઈ...પણ મને તમારા ભરતગૂંથણમાં દખલ કરવાની જરા ય ઇચ્છા નથી.'

'મારે રોજ ભરતગૂંથણ કરવું જોઈએ એવું નથી. એને કાલ પર છોડીશ. મને એમાં હરકત નથી.' તેણે કહ્યું.

લિફ્ટમાં એણે પગ મૂક્યો અને હું પણ એની પાછળ ગયો.

૪

એ દિવસે સાંજના એ સ્વપ્નદર્શી બાઈની કથા મેં સાંભળી. એ એક પુરુષને ચાહતી હતી. પુરુષને નહિ પણ એના આદર્શોને એ ચાહતી. ને એ આદર્શ પાછળ એ કેટલી ઘેલી બની હતી! એણે એ પુરુષની જિંદગી કેટલી મધુર બનાવી હતી! પણ એ

મધુરતાને એ ન સાચવી શકચો બધા પુરુષોની જેમ એ પણ અભિમાની બન્યો ખરુ પૂછો તો એ બાઈને પુરુષની પડી નહોતી પણ એ આદર્શને માટે ગરીબ બની હતી ને એ આદર્શે જ એને આમ રઝળતી મૂકી

આ બધુ મે કેવી રીતે જાણ્યુ એનુ મને પણ આશ્ચર્ય થાય છે એની ઓરડીમા બેસીને અમે ખૂબ વાતો કરી પણ હુ એને કાઈ ગમી ગયો હતો એટના માટે આ બધુ એ નહોતી કહેતી એને મારી મ્શી યે દરકાર નહોતી હુ ત્યા હોઉ કે ન હોઉ એની એને મન કઈ કિમત પણ નહોતી કેટલીક વખત આવો ઉપેક્ષાભાવ જ એકબીજાને સ્વાભાવિક રીતે નજીક લાવે છે અને એવુ અમારે વિષે બન્યુ અમે અગાશીમા બેઠા હતા શરૂઆતમા મનમા આવતુ એમ બગીચા ઉપર, તારા, આકાશ, અને એવા ગમે તે વિષય પર વાતો કરતા હતા બેમાથી એકે યને વાત પાછળ કોઈ હેતુ ન હતો બધુ સ્વાભાવિક લાગતુ

વાતમા મે એને કહ્યુ 'તમે આપ્તજનોથી વિખૂટા પડેલા હો એવા દયામણા લાગો છો

એણે કહ્યુ હુ સદા ય એકલી જ રહુ છુ છે ના સાત વરસથી મારી ચાકરડી સાથે પ્રવાસ કરુ છુ એ સાત વરસથી હુ હોટેલમા પુરુષોની વચ્ચે જ રહુ છુ પણ એમની સાથે બોલવાનો પ્રસગ પાડતી નથી તેમ એમના વિષે કશુ જાણતી નથી ને તેની ઉત્કઠા પણ થતી નથી હુ ચીન જપાન હિન્દુસ્થાન સિયામ જાવા, દક્ષિણ અમેરિકા ઈરાન સીરિયા ઇજિપ્ત અને યુરોપ એ બધે સ્થળે જઈ આવી છુ મારે માટે હવે કયુ સ્થળ બાકી છે? અને સદા ય હુ એકલી જ રહુ છુ, જેમ અહીં છુ '

'પરતુ તમારે મિત્રો તો હશે જ

'ના, મારે કોઈ મિત્ર નથી હા હુ ઘણા પુરુષોને જાણુ છુ ખરી પણ મારે એકે ય મિત્ર નથી '

'અને અમેરિકા? તમે તો અમેરિકાવાસી છો ખરુ?'

'હા પણ હુ અમેરિકાને ધિક્કારુ છુ '

'તમે અમેરિકાવાસી થઈને અમેરિકાને ધિક્કારો છો? બહુ નવાઈ કહેવાય!'

'મને ખબર નથી પડતી કે હુ તમારી સાથે શા માટે વાતો કરુ છુ પણ તમે મારા તરફ મમતાથી જોઈ રહ્યા છો એટલે લાગે છે કે તમે મારા વિષે કઈ જાણવા ઇચ્છો છો '

મને મારી શરતનો ફરી વિચાર આવ્યો ને હુ શરમાયો પણ એને કદી ખબર નહિ પડે જો કે બધા નોકરો તો જાણે જ છે અને એને પણ એક ચાકરડી છે એ જ પળે મને સફેદ વાળવાળી ઘરડી દાસીનો ભય લાગ્યો

'હુ અમેરિકાને ધિક્કારુ છુ કારણ કે એણે જ મારી જિદગીનો નાશ કર્યો છે '

'પરતુ તમે તો અહીં દુનિયામા જીવતા છો?'

'તમને શુ હુ જીવતી લાગુ છુ?' એણે પૂછ્યુ

અને ત્યારે મને ખબર પડી કે અમારામા જે કઈક જીવન જેવુ છે તેવુ કઈક એનામા નથી

'કદાચ બધા હોય છે એના કરતા તમે જુદી જ કક્ષાના હો ' મે ઉતાવળે કહી નાખ્યુ

જરૂર જુદી કક્ષાની મારામા કાઈક ઓછુ છે એથી નહિ કે મારામા કઈ વિશેષતા છે તેથી મરેલા માણસો જીવિતમા રસ જ લઈ શકતા નથી ' એ બેધ્યાનથી બોલતી હતી

'એવુ શા માટે?' મે પૂછ્યુ મને વધારે જાણવાની ઇચ્છા હતી

હુ શ્રીમત છુ એવુ તમને કહુ તો તમે મને જગતી કે અજાયબ નહિ માનતા '

આવુ એ બોલશે એવી ધારણા મે નહોતી રાખી અને એણે પોતાની કથા કહેવી શરૂ કરી

'મારા પિતા અમેરિકામા રેલ્વેમેનેજર હતા એ ગુજરી ગયા અને મારા માટે પુષ્કળ પૈસો મૂકતા ગયા અમેરિકામા પણ એની ગણના થાય એટલી એની પાસે દોલત હતી તમને ખ્યાલ હશે કે અમેરિકામા પૈસા વિષે ખૂબ લેખો આવે છે એવી જ રીતે મારી દોલત વિષે લેખમાળાઓ લખાવા માડી એ એટલે સુધી કે મને એનો ખરેખર કટાળો આવ્યો

મારી યુવાની ખીલતી જતી હતી અને મારી પાસે પુષ્કળ પૈસો છે એની જાણ થતી જતી હતી એથી હું બહુ મૂઝાતી ડાગણુ કે મને પોતાને પૈસાની બહુ ખેવના નહોતી, છતા મારી જાહેરાત તો હું પૈસાવાળી છુ એવી જ થતી, એથી મને ચિંતા થતી મને પોતાને ખબર નહોતી કે હુ શુ હતી ખરે ખર હું કશુ જ નહોતી જગતે એની સ્વાર્થી નજર મારા તરફ ફેકી એવાની સાથે ભળવાની મારી જરા ય ઈચ્છા નહોતી તમે જુવાન માણુસ છો અને તમે દુનિયા જોઈ હશે દુનિયા કેટલી સ્વાર્થી છે? ભયકર! પશુ જ્યારે ભૂખ્યુ થાય છે ત્યારે કેટલુ વિકરાળ બને છે? ખરેખર દુનિયા પણ ત્યારે એવી વિકરાળ મને લાગવા માડી આ બધુ હુ જોતી હતી અને મારે એ વિકરાળ મુખને તાબે થવુ પડ્યુ

એ વખતે હુ બહુ જ દુખી હતી હુ સાચુ આત્મસુખ શોધતી હતી પણ બધે ઠેકાણે મને પાશવી જીવન જ દેખાયુ અને જગતમા આખર એ જ વસ્તુ ભરી છે એવુ મને લાગ્યુ આજે પણ એમ જ લાગે છે હુ અત્યારે ૩૨ વરસની છુ આજથી બાર વરસ પહેલા જ્યારે ૨૦ વરસની હતી ત્યારે ઘણા સ્વાર્થી માનવીઓએ મને પોતાની કરવા મને લલચાવી, કારણ કે મારી પાસે દોલત હતી

આ અરસામા મને એક એવો માણસ મળ્યો કે જેણે મારા પર ખૂબ અસર કરી પણ તે આ બધા જેવો નહોતો ત્યારે હુ ખૂબ પૈસાદાર હતી ને પૈસાની જાળમા ગૂચવાણી હોઉ એવુ મને લાગતુ ગરીબ માણુસોને સમજી શકે એવો કોઈ માનવી મે જોયો નહોતો

આવુ મારુ બોલવાનુ સાભળીને કદાચ તમે હસશો પણ અમેરિકાની આ હકીકત છે શ્રીમત માણસો શ્રીમતોમા જ જાણ આવે છે તેઓ ગરીબ માણસોને જાણતા જ નથી તેમ જ એના માણસોના પરિચયમા પણ આવતા નથી અહી હુ નોકર–ચાકર કે દરવાન વિષે નથી કહેતી આ નોકર માણસો સિવાય એમનાથી એક પળ પણ ચાલી શકે એમ નથી પણ હુ તો એમની જ જાતના, પણ જેઓ ગરીબ છે, એવાની વાત કરુ છુ, એવા માણસો સાથેની મિત્રાચારી વિષે વાત કરુ છુ, હુ જેટલા માણસોને જાણુ છુ એ બધા મન ફાવે એવુ જીવન ગાળી શકે એવા છે પૈસા ક્યાથી આવે છે અને ક્યા જાય છે, એમને એની પરવા નથી હું જ્યા જ્યા ગઈ ત્યા મે આવા ધનના ઢગલા જોયા મરજીમા આવે એમ એને વેડફી નાખતા, ભૂડ જેમ કાદવમા રગ્યુપચ્યુ રહે છે તેમ એશઆરામમા ગળાબૂડ આ બધા માણસો રહેલા છે

આ વખતે આ બધાથી જુદા એવા એક માણસને હુ મળી ' અહીં એ સહેજ અટકી

' પહેલી વાત તો એ કે એ પોતે ગરીબ હતો પરતુ એના વિષે ધ્યાન ખેચાય એવી વાત તો એ હતી કે એ પૈસાદાર થવા પણ ઈચ્છતો નહિ હુ ખાતરીથી કહુ છુ કે મોટા ભાગના ગરીબ માણસોને પૈસાદાર થવાની ઈચ્છા તો થાય જ છે પણ આને એવુ ન હતુ મારે ન્યુયોર્કમા એક સ્પેસ્યાનિસ્ટને મળવુ હતુ, ત્યા એના મકાને આ માણસની મુલાકાત થઈ અમે બે જ ત્યા દીવાનખાનામા રાહ જોતા બેઠા હતા હુ જ્યારે ત્યા પહોચી ત્યારે એ ત્યા મોટા ટેબલ આગળ બેસીને માથુ હલાવતો કોઈ સચિત્ર માસિકના પાના ઉથલાવી રહ્યો હતો

તે બહુ દૂબળો, ફિક્કો અને ઠીગણો લાગતો હતો પણ એની કાળી આખોમા કોઈ ઓર ચમક હતી છતા એની આખો બહુ માયાળુ હતી અને એમા બીજુ પણ કઈક એવુ હતુ કે જે હજુ સુધી મે બીજા કોઈની આખોમા જોયુ નથી સ્વાર્થી, માદક કે પાશવી આખોને બદલે એ કરુણા અને સહાનુભૂતિમય હતી એમા મને સાચુ જીવન જણાયુ ત્યા ટેબલ પાસે હુ બેસી ગઇ

એણે મારી તરફ એક નજર કરી એણે એટલી સ્વાભાવિકતાથી જોયુ કે એણે આમ ન જોયુ હોત તો એ અસ્વાભાવિક લાગત મારે એને ઓળખવો જ જોઈએ, એક ક્ષણ મને લાગ્યુ, જાણે હુ એના તરફ ખેચાઈ રહી હોઉ આવી જાતનો અનુભવ મને ક્યારે ય નહોતો થયો હુ એને છોડી શકુ એમ નહોતી એણે

સ્વસ્થ પોષાક પહેર્યો હતો પરંતુ મારા પરિચયમાં જે ચપળ માણસો આવેલા એની સરખામણીમાં એ અવશ્ય ગરીબ જ લેખાય

મારી તરફ ઝાંખી વાર જોઈને એ વળી પાછો માસિકના પાના ઉથલાવવા માંડયો થોડી વારમાં માસિક પડતું મૂકીને મારી તરફ ફરી વાર જોઈને બોલ્યો

'આ બધું ભયંકર નથી ?'

મને એનો અવાજ ગમ્યો બાળકના જેવો એ નિખાલસ હતો મેં કહ્યું,

'શા માટે ?'

'લોકો આટલા પૈસાદાર છે છતાં યે હજુ પૈસા પાછળ આટલા પાગલ કેમ બને છે ?' ખેદપૂર્વક એ બોલ્યો

'અને બીજી તરફ પાર વગરની ગરીબાઈ !' થોડી વાર રહીને ફરી આટલું બોલી બંધ રહ્યો

અમે થોડી વાતો કરી મેં એને કહ્યું કે હું શ્રીમંત છું ત્યારે મારી સામે એ દયાર્દ્રતાથી જોઈ રહ્યો એ પોતે ગરીબ હતો એણે પોતાની અને એના મિત્રોની ગરીબાઈ વિષે વાત કરી છતાં એને એવા મિત્રો ગમતા કારણ કે શ્રીમંત મિત્રો કરતાં એ સાદા ને સાચા હતા શ્રીમંત લોકોથી એ ખરેખર ત્રાસેલો મેં એને મારો ભય ન રાખવા કહ્યું

નોકરે આવી એને સ્પેશ્યાલિસ્ટ પાસે અંદર જવા કહ્યું એણે મને વાત કરી કે બહાર ગરીબોનું ટોળું સ્પેશ્યાલિસ્ટને મળવા ભેગું થયું છે એમની પાસે પૈસા નથી એટલે અંદર કેમ આવી શકે ? એ મળવા માટે ઊઠયો ત્યારે મેં એની પાસેથી એનું સરનામું લીધું અને મારું સરનામું એને આપ્યું

અમે ફરીવાર મળ્યા મળવાનું મેં નક્કી જ કર્યું હતું કારણ કે એ ગરીબ હતો ને એને શ્રીમંતો ગમતા નહોતા મારા માટે આ એક નવું હતું મને ફરી મળવાની એની ઇચ્છા હતી કે કેમ તે હું નથી જાણતી પણ મને તો હતી જ હું પણ એક ગુનેગાર શ્રીમંત હતી

'તમે આ એનું વાક્ય ટાંકો છો ?' મેં વચ્ચે પૂછ્યું

"હા, એનું વાક્ય ટાંકું છું એ વખતે એ એવો હતો" તેણે જણાવ્યું અને એની આંખોમાં એક ચમકારો આવી ગયો એણે વાત ચાલુ કરી

"અમે એકબીજાને સમજી શકીએ એટલા નજીક આવ્યા મને એને વિષે જાણવાની તાલાવેલી લાગી મારે એના આદર્શો જાણવા હતા ઘણા માણસોને આદર્શ હોતો નથી પરંતુ એને આદર્શ હતો "

એ બોલતી બંધ પડી અને જાણે શોકમાં ડૂબી ગઈ હોય એમ લાગ્યું થોડી વાર હું થોભ્યો પછી મેં પૂછ્યું

'એનો શો આદર્શ હતો ?"

'સેવા " એણે ઊંચું જોઈને કહ્યું

"સેવા ?"

'સ્વાર્પણ એણે મને કહેલું કે એણે દુનિયા ખૂબ જોઈ હતી એ વિષે સારી પેઠે વિચાર કર્યો હતો સાર એ લાગ્યો કે સઘળે જ્યાં જે તિરસ્કારવૃત્તિ દેખાય છે એનું કારણ માનવીના મનમાં પેઠેલી અભિમાનવૃત્તિ જ છે

મેં અમેરિકાવાસી શ્રીમંતોના બચાવ માટે એની દાનવૃત્તિની વાતો કરી એના જવાબમાં એણે કહ્યું કે એવું દાનવીરનું બિરુદ મેળવવા કોણે સ્વાર્થત્યાગ કર્યો છે ? ગરીબોના દુ:ખ દૂર કરવા કોણે પોતાની મુશ્કેલીની સફર છોડી દીધી ? આવો એક પણ માણસ તમે મને બતાવશો ? એ બધા તો એમનું બચાવીને સોનું દાન કરવા નીકળી પડયા છે ' એની વાત સાચી હતી મારા જાણવામાં જેટલા પુરુષો આવ્યા હતા એ બધા પાસે એટલી દોલત હતી કે ગરીબોને માટે પુષ્કળ દોલત દાનમાં આપી દે તો યે કોઈને મુશ્કેલીની સફર પડતી ન મૂકવી પડે

એણે મારો આગ્રહ જોઈને કહ્યું કે 'કોઈ પણ વસ્તુ દાનમાં આપતાં તમને એની ખોટ ન લાગે તો એવા દાનની કંઈ કિંમત નથી ' એનો આદર્શ સ્વાર્થત્યાગનો હતો, માનવસેવાનો હતો '

"એ શું કરતો હતો ?' મેં પૂછ્યું

'એક મોટા પુસ્તકાલયનો એ પ્રધાન હતો એના પગારની મને પૂરેપૂરી ખબર નથી પણ એ

નાની રકમ હતી. ઘણુ કરીને વર્ષના એને બેએક હજાર ડોલર મળતા એણે ઘણા મિત્રો સાથે મળીને એક મંડળ સ્થાપ્યુ હતુ સૌ પોતાના પગારનો ત્રીજો ભાગ મંડળને આપતા એમ જે ફંડ ભેગુ થતુ એનો ઉપયોગ ગરીબોના ભલા માટે થતો પોતના આદર્શને જીવનમા ઉતારવાનો આ એનો પ્રયત્ન હતો એવુ એણે મને કહેલુ

એ બધુ કલ્પનાના ઘોડા જેવુ નથી લાગતુ? પણ પોતના આદર્શને એ એટલો વફાદાર હતો કે મારા અંતરને એ સ્પર્શી ગયો પાછળથી એના મિત્રો અને મંડળના સમાગમમા મારે આવવાનુ બન્યુ પરંતુ મારુ જીવન આ બધાથી કેટલુ ભિન્ન હતુ!

દુનિયાને ચૂસવાને બદલે એ તો કંઈક આપવા ઈચ્છતા હતા એમનામા પશુવૃત્તિ હજુ નહોતી આવી પૈસા માટે એ મરી પડતા નહોતા હું જ્યારે એના પ્રસંગમા આવી ત્યારે મને મારી જાત એક લૂટારાની લાગી બીજાની શક્તિનો-મગજનો લાભ લૂટનાર માહેની હુ એક હોઉ એવુ મને લાગ્યુ અને ખરેખર તે સાચો હતો સ્વાર્થ જ વ્યક્તિને અને રાષ્ટ્રને અધમ કરી મૂકે છે

આ બધા તરફ મને મમતા ઊપજી તેઓ ખરેખર મહાન હતા રેતીના રણ જેવા ન્યુયોર્ક શહેરમા એ એક લીલી છાયા જેવા હતા બધામાથી એ મને વધુ ગમતો

મે મારી આ વાત એને કહી, પણ મારા પ્રેમને એ સાચો માની શક્યો નહિ ને અમે ધનિકો નગતાળ જૂઠાણુ આચરતા હોઈએ ત્યારે એ સાચુ માને પણ કેમ?"

"કોઈક વખતે આવો ભ્રમ થાય છે" મે કહ્યુ

"મે એની ભ્રમણા ભાગી-અમે પરણ્યા"

"તમે એને પરણ્યા?" હુ અચંબો પામ્યો

કુમારી કેનિંગ્ટન પરણેલી સ્ત્રી છે એ જાણી હુ ખરેખર અચરજ પામ્યો હુ એને જુદી જ દૃષ્ટિથી જોવા માંડ્યો અને જરા જ મનથી વિચારવા લાગ્યો

"હા હુ એને પરણી પરણીને મે એને મોટુ નુકસાન કર્યુ તેમ જ નગર માટે જવુ ખરાબ સ્થિતિ ઊભી કરી. મારા માટે એણે પોતના આદર્શો છોડી દીધા એથી ઊલટી મારી મૂઝવણ વધી મને પોતાને હુ લુગારુ પૈસાદાર વર્ગની સ્ત્રી લાગતી હતી

અમે બન્ને એકબીજાને આનંદથી ચાહીએ છીએ એવુ જાણીને પરણ્યા અમારા પરણવાનુ આ એક જ કારણ હતુ નહીંતર હુ આ ગરીબ પ્રધ્યાપકને પરણી જ નહોત તેમ જ એ પણ આવી લાખો ડોલરની માલિકણને ન પરણ્યો હોત

જીવનની રહેણીકરણીની કોઈ પણ યોજનાના વિચાર વિના અમે એકદમ પરણી ગયા અમે એકબીજાને ખરેખર બહુ જ ચાહીએ છીએ એવુ ધારીને જ અમે પરણ્યા

તમને કદાપિ પણ ખ્યાલ આવ્યો છે કે જૂની રહેણીકરણીને બાજુ નાખી નવી રીતે જીવન ગાળવુ હોય તો કેટલી મુશ્કેલી આવે છે?"

મને આવો પ્રશ્ન પુછાશે એવી આશા મે નહિ રાખેલી હુ તો ચકિત થઈ ગયો મે જવાબ આપ્યો,

"હુ ધારુ છુ કે એવુ તો થાય જ"

"હા મને એનો કદી ખ્યાલ નહિ આવતો પણ એમા વળી મુશ્કેલીઓ ઊભી થાય છે એમ મે અનુભવે જાણ્યુ હુ કદાપિ ગરીબ નહોતી ત્યારે એ ગરીબ સિવાય બીજુ કશુ કદી હતો નહિ અને પોતાની પાસે જે કઈ હતુ એમાથી આપીને પણ એ વધુ ગરીબ બનતો જતો હતો હવે અમે પરણેલા હતા એટલે બીજુ કોઈ શ્રીમંત પરણેલુ જોડુ હોય એવાં અમે થયા કારણ કે હવે એના પૈસામા કે મારા પૈસામા કોઈ જુદાઈ નહોતી અમે એક થયા હતા એ જ ક્ષણથી મારા પૈસા એ 'અમારા' થયા હતા આ સિવાય બીજુ કઈ થઈ શકે નહિ હવે અમારે કેવી રીતે રહેવુ એ પ્રશ્ન આવીને ઊભો રહ્યો જો કે આ સવાલ માત્ર મારો જ. જાણવાપૂનો હતો મારે કા તો ગરીબ સ્ત્રી તરીકે રહેવુ જોઈએ અથવા બન્નેએ મધ્યમ રસ્તો પસંદ કરવો જોઈએ

એ વખતે મારે 'વેલિંગ્ટન ન્યૂયોર્ક'મા એક જૂની ઢબનું ઘર હતુ જો કે એ શ્રીમંત લોકોને જ પાલવે એવુ હતુ પણ એ શ્રીમંતાઈની હતા એટલે તેમ નહોતુ મને એ ઘર ગમતુ નહિ છતા અમે ત્યા રહ્યા

એ પોતે એક ગંદી ચાલીમા રહેતો હતો ત્યાથી હુ એને મારે ઘેર લાવુ એ જ સ્વાભાવિક હતુ

આ એના આદર્શના પતનનુ પ્રથમ પહેલું પગથિયુ

અમે પરણીને ઘેર આવ્યા એનું મને બરાબર સ્મરણ છે અમે ક્યા ય મધુરજની માણવા નહોતા ગયા એને સહકાર આપતા મને લાગતુ કે હુ એના આદર્શમા ભળતી જાઉ છુ એણે ગ્રંથપાલ તરીકેની પોતાની નોકરી ચાલુ રાખી હતી અમે સેવા કરવામા કાયમ સાથે જ હતા મે મારો નાણો પૈસો એ મંડળને આપ્યો અત્યાર પહેલા એ મારે ઘેર કોઈ દિવસ આવેલ નહિ તેમ જ હુ મારી દોલતથી અને મારી રહેવાની ટેવથી હમેશા શરમાતી એ શરમ મને સ્વાભાવિક લાગતી એથી જ મે એમને મારે ઘેર કદી બોલાવેલ નહિ

પરતુ એ ઘર હવે તો એને પોતાનુ લાગ્યુ તમે કદાચ એ નહિ માનો પણ એને આ ઘર ખૂબ ગમ્યુ "

આ વખતે એણે મારી સામુ જોયુ અને હવે જાણે અંતરને વલોવી નાખે એવો બનાવ આવશે એમ મને લાગ્યુ

'હા, મને લાગ્યુ કે એ તો એવુ જ બને ' મે કહ્યુ

"ઘર જોઈને એણે કહ્યુ આ કેટલુ સુદર લાગે છે! પણ તુ જાણે છે કે એ આપણે માટે નથી આપણા જેવા આદર્શવાળા આવા ઘરમા ન રહી શકે'

હુ એને વેચી શકુ છુ મે કહ્યુ પણ એ અમારા કેરિન્ગ્ટન કુટુમ્બનું જૂનુ ઘર છે એટલે જરા સકોચ થાય છે '

'જરૂર સૌને એમ થાય જ' એણે કહ્યુ 'આપણુ જો આવુ ઘર નહોત તો આજે આપણે આવા ઘરમા વસનારા હતા ? પણ —' એટલુ બોલી એ ચૂપ રહ્યો અને પેલા સ્પેશ્યાલિસ્ટને ત્યાં જ્યારે અમે પહેલવહેલા મળેલા ત્યારે માસિક વાચતા જેમ માથુ હલાવેલુ તેમ અત્યારે કર્યું

અને આમ અમે નવા ઘરની વાત પડતી મૂકી

લોકો કહે છે કે નવા પરણેલાને શરૂઆતમા કંઈ વાદ થાય જ છે ને એમા જેની જીત થાય એનો હાથ જીવે ત્યાસુધી બીજા પર રહે છે

અમારા પરિણીત જીવનની શરૂઆત પણ વાદથી થઈ પણ આ વાદ મારી ને એની વચ્ચેનો નહોતો પણ એના આદર્શો અને મારી રહેણીકરણી વચ્ચેનો હતો મને ધ્યાન છે કે આમા મે કશો જ ભાગ નહોતો લીધો જો કે મારી ઇચ્છા કોઈ પક્ષ લેવાની તો હતી જ પણ હુ જેને પરણી હતી એનો મારે તાગ લેવો હતો

'આપણે ઘર બદલવુ જોઈએ આપણા જેવાને માટે આ ઘર યોગ્ય જ નથી ' એણે કહ્યુ

તુરત જ તો અમે જૂનુ ઘર બદલી શકીએ તેમ ન હતુ અને આવુ મોટુ ઘર ખાલી રાખીને અમે બીજે ભાડુ ખરચી રહેવા જઈએ એ પણ ઠીક ન લાગ્યુ એટલે આખરે અમે એમા જ રહ્યા એવડા મોટા ઘરમા નોકર રાખ્યા વિના ચલાવતા

ત્યાથી એ રોજ સવારે પોતાના ગ્રંથપાલના કામ માટે જતો. સાંજના અમે એના મિત્રોને મળતાં પણ અમે એને અમારે ઘેર કદી નોતરતા નહિ

'આપણે એમને અહીં નોતરી જ ન શકીએ, એ કહેતો એ આપણને સમજી શકે નહિ આપણુ અહીંનુ જીવન એમને દુ ખી કરશે '

હુ ય આ ઘરથી છૂટવા ઇચ્છતી (ઇચ્છતી એટલુ જ નહિ પણ તલપાપડ થતી), કાયમને માટે નહિ તો થોડા વખત માટે અને આ ઘર લાખી મધણીએ કોઈને ભાડે આપી દેવાનુ કહેતી

'તો તો વળી પૈસા વધશે !' એણે કહ્યુ 'એના કરતા આપણે જેમ રહીએ છીએ એમ જ રહીએ એમા આપણે જેટલી બની શકે એટલી સાદાઈથી રહેશુ '

એ સાચુ હતુ કે, અમે સાદાઈથી રહેતા પણ મને એટલુ તો લાગ્યુ કે આ સુદર ઘર છોડી જવાની એની જરાય ઇચ્છા નહોતી અહી આરામ હતો, મોજ હતી, સુવાળી મજા એને જકડતી જતી

હતી આ બધું એને લલચાવતું હતું જરૂર, આ ઘરે જ એને મોજમજાહની લાલચમાં ફસાવ્યો છેવટે ધીરે ધીરે કરતાં જેમ બગીચાની દીવાલની કાળજી માળી ન રાખે તો લીલા વેલાઓ છાઈ વળે છે અને થોડી કાળજી મળતાં ખીલી ઊઠે છે તેમ થોડી મજાએ એને સંપૂર્ણ વિલાસી બનાવી દીધો.

ધીરે ધીરે ! બધું ધીરે ધીરે એકેક પગથિયું ઊતરતાં માણસ નીચે જાય છે તેમ ',

એણે નીસાસો નાખ્યો અને થોડીક પળ શાંત રહી સરોવરના શાંત નીર પર નજર દોડાવી રહી મને લાગ્યું કે જેનું નામ મને એણે હજી સુધી નહોતું કહ્યું, એની સાથે એ જાણે ફરી જીવી રહી ન હોય !

" એકેક પગથિયે ! " એણે ફરી પાછું બોલવાનું શરૂ કર્યું 'એક દિવસ એણે કહ્યું, ' વહાલી ! આવડા મોટા ઘરમાં એક પણ નોકર ન રાખીને તને હું કેટલી દુ:ખી કરું છું ? હું અહીં આવ્યો ત્યાર પહેલાં તું જેમ રહેતી હતી એમ રહે '

પછી બીજું પગથિયું ! એણે મને કહ્યું કે, ' આટલો પગાર લેવા માગે એવો પુસ્તકાલયમાં કામ કરવા કરતાં એ મને એક નાટક કરતો હોઉં એવું લાગે છે એને બદલે મારા કરતાં ઓછા સાધનવાળાને આ જગ્યા સોંપી હું નીકળી જાઉં એ વધારે સારું છે મારા કરતાં કોઈ ગરીબને વર્ષના એ બે હજાર ડૉલર મળે એ ઇચ્છનીય નથી ? મને હું એ જગા પચાવી પડ્યો છું એની શરમ થાય છે '

હવે જ્યારે જ્યારે નીચે ઊતરવાનાં કોઈ પગલાં ભરતો ત્યારે એ જાણે મારે ખાતર કંઈક કરી રહ્યો હોય એમ ઢોંગ કરતો.

' નગતાળ જૂઠાણું ! એણે આપમતલબી નહોતું થવું જોઈતું અને મને દુ:ખી નહોતી કરવી પોતાની સગવડ ખાતર એણે મને સગવડમાં નહોતી મૂકવી અને હલકી નોકરી પાડવી એ મને એના આદર્શ તરફ લઈ જનાર એમ હું ઇચ્છતી હતી, એટલા ખાતર જ તો હું એને પરણી હતી પણ ઊલટાનો એ મારે ખાતર એનો આદર્શ છોડતો જતો હતો.

હું મારી લાંબી વાતથી તમને કંટાળો નહિ આપું જે બન્યું હતું તે આ છે ધીરે ધીરે કરતાં એની વિલાસની ઇચ્છા વધતી ગઈ ને એને એશઆરામની તલપ લાગી, જો કે એવી લાગણી મને કયારેય નથી ઉદ્ભવી હું ધારું છું કે જેણે એવો અનુભવ કર્યો નથી અને જે અત્યંત ગરીબાઈમાંથી એકદમ શ્રીમંત થઈ ગયો હોય છે તેને જ આવી ઉત્કંઠા થાય છે

એક વખત જે પોતાના પગ જમીન પર ખૂંપીને ચાલતો, તેને અત્યારે આકાશમાં ઊડતો જોઈને મને મૂંઝવણ થઈ મને એવી કલ્પના કદી નહિ આવેલી કે આવો માણસ આટલી હદે જઈ શકે "

" પણ તમે એના નિશ્ચયની સામે ન થયાં ? " મારાથી આટલું બોલ્યા વિના ન રહેવાયું

" ના કદી નહિ " એણે સખત અવાજથી કહ્યું ' એ મને મારા કરતાં ઘણો મહાન લાગેલો તેથી તો મેં એને મારી જાત સોંપી દીધેલી, હું એને રોકી શકી નહિ મારા કરતાં એ વધારે મજબૂત હતો એના કરતાં વધારે મજબૂત હોવાનો પ્રયત્ન મેં ન કર્યો હું જે કાંઈ કરી શકતી તે ફક્ત એની ટીકા ! "

જ્યારે એ છેલ્લો શબ્દ બોલી ત્યારે એના અવાજમાં કઠોરતા વ્યાપી ગઈ

' એ એની સાબિતી ! ' એટલું આસ્તેથી વધારામાં એ બોલી

' શેની સાબિતી ? " મેં પૂછ્યું

" મેં એને કદી નહોતો ચાહ્યો એની હું તો માત્ર એના આદર્શોને ચાહતી હતી પરંતુ જ્યારે તમે સાચી રીતે કોઈને ચાહતા હો છો ત્યારે આળસુ બનીને બેસી રહેતા નથી એના ટીકાકાર પણ બની શકતા નથી તમારે એને ખૂબ મદદ કરવી જોઈએ જ્યારે તમે કોઈ પુરુષને ખૂબ ચાહતા હો ત્યારે એના તરફ દયાર્દ્ર બનવું જોઈએ જો તમે એને દારૂડિયો કે વ્યભિચારી બની જતા જુઓ તો તમને દુ:ખ થાય, ખૂબ દુ:ખ થાય પણ આવા દુ:ખમાં ચાહવું એ મારા માટે ઘણું મુશ્કેલ હતું હું એને ચાહી શકી જ નહોતી અને જ્યારે ટેકને છેલ્લે મને

જાણ થઈ કે એના આદર્શો જતા રહ્યા છે, એની સાચી વસ્તુઓ જતી રહી છે, ત્યારે એને ચાહવો મે તદ્દન છોડી દીધો "

"અને આ બધું તમે એને જણાવ્યું ?"

' હા, છેવટે એ પણ કહ્યું કે ' હું નટી નથી ' મારી પાસે જે મિલકત હતી એમાથી અરધી એને આપીને હુ ચાલી નીકળી તમે ક્યારેય મિ હેરિશ લિવરમોટ, મિલમાલેક ને પોલેના ખેનાડીનુ નામ જાણ્યુ છે ?"

"જરૂર એનુ નામ કોણે નહિ સાભળ્યુ હોય! અમેરિકાના ઘણા ધનકુબેરોમા એનું નામ પણ સારી રીતે જાણીતું છે "

"હું એમી લીવરમોટરની પત્ની હતી "

હુ અચબો પામ્યો ને શાત થઈ ગયો છેવટે એણે કહ્યુ

"એ એના આદર્શ સાથે મૃત્યુ પામ્યો છે અને મારા માટે તમે જુઓ છો કે હુ શુ છુ, પણ આને હુ કાળજીથી સભાળી રાખીશ, કારણ કે મે ભયકર ખૂન કરી છે "

"શુ ?'

' મે પ્રેમ કરવામાં ભારે ખૂન કરી પુરુષને ચાહવાને બદલે હુ એના આદર્શને ચાહતી હતી અને એની સજા મને મળી ચૂકી '

એ રાત્રિએ કુમારી કેરિન્ગ્ટનની ઓરડીમાથી હુ પાછો આવ્યો ત્યારે મિ મેગન મને મોટા ઓરડામા મળ્યો

"અત્યાર સુધી તુ એની સાથે હતો ?" એણે પૂછ્યુ

મે માથુ હલાવ્યુ એ મને અત્યારે ગમ્યો એથી એના તરફ તિરસ્કાર આવ્યો

"ઠીક ત્યારે, મારે તને ૫૦૦ લીગ આપવાના " તે બોલ્યો

"કાલ સવાર સુધી રાહ જો એ સારુ છે " મે ટૂકાણથી પતાવ્યુ 'હુ માનુ છુ કે આપણી શરત ત્રણચાર વખત મળવાની છે માટે તારા પૈસા અત્યારે કોઈ પણ રીતે હુ નહિ લઉ "

અને હુ ત્યાથી ચાલ્યો ગયો

મે કુમારી કેરિન્ગ્ટનને બીજી સવારે મળવા વિષે કાઈ વાત તો નહોતી કરી

બીજે દિવસે સવારે મકાનના ટાગા જોવા લાગ્યા ને પાતળા અક્ષરોમા નીચે મુજબની એક ચિઠ્ઠી મને મળી જે વાચતા પણ મુશ્કેલી પડી તેમા નીચે મુજબ લખ્યું હતુ

'હુ તને તમને હવે નહિ મળુ અત્યારે જ ખબર પડી કે તમે મને શા માટે જાણવા ઇચ્છતા હતા '

મને ખબર પડી કે ચિઠ્ઠીની લેખિકા વહેલી પરોઢે સ્વીટ્ઝર્લેન્ડ જવા રવાના થઈ ચૂકી છે

પેલી સફેદ વાળવાળી ઘરડી ચાકરડીએ જ નક્કી આ વાત કહી દીધી હશે

સમાજવાદ—વર્ગવિગ્રહ નહિ, પણ વર્ગમેળદ્વારા

શ્રી. જગન્નાથ દેસાઈ

જ્યારે જ્યારે આપણે સમાજવાદનો વિચાર કરીએ છીએ ત્યારે ત્યારે તેની સાથે વર્ગવિગ્રહ શબ્દ અચૂક આવે છે સમાજવાદી કાર્યકરો અને લેખકોનાં ભાષણો અને લેખોમાં પણ વર્ગવિગ્રહનો એટલો બધો ઉલ્લેખ થાય છે કે જાણે વર્ગવિગ્રહ એ સમાજવાદનો પર્યાયવાચક શબ્દ ન હોય! જેમ ક્રાન્તિની સાથે હિંસા અને ધર્મની સાથે ત્યાગ–તપશ્ચર્યાનો ખ્યાલ માણસોને આવ્યા જ કરે છે તેમ સમાજવાદ સાથે વર્ગવિગ્રહનો ખ્યાલ લોકોને આવ્યા વગર રહેતો નથી આ વર્ગવિગ્રહના ખ્યાલથી સમાજવાદના પ્રચારને ઊલટું વિઘ્ન નડ્યું છે, અને સમાજવાદની નવસર્જનની સક્રિય બાજુને બદલે તેની ખંડનાત્મક બાજુ ઉપર વધુ ભાર મૂકવાની વૃત્તિને કારણે સમાજવાદની સાચી ઓળખ લોકોએ કરી નથી.

વર્ગવિગ્રહ દ્વારા સમાજવાદ સિદ્ધ કરવાની હિમાયત કરનારાઓની દલીલ એ છે કે દુનિયામાં બે વર્ગો છે: એક શ્રીમંતોનો અને બીજો ગરીબોનો, એક શોષકોનો અને બીજો શોષિતોનો. આ વર્ગો વચ્ચેનો વિગ્રહ ઘણા જૂના વખતથી ચાલ્યા કરે છે. અને તેમાં શોષકોએ પોતાના હિતને અનુકૂળ એવી સમાજરચના સત્તાને જોરે કરી છે આની સામે શોષિતોમાં વર્ગભાન કરાવી તેમને સંગઠિત કરીને શોષકોની સામે વિગ્રહમાં ઉતારવા અને શોષકોને પરાસ્ત કરીને વર્ગભેદો નાબૂદ કરવા અને આજ સુધી જે શોષિતો હતા તેમનાં હિતોને અનુકૂળ એવી સમાજરચના કરવી મૂડીવાદીઓ અને શોષકોના સ્વાર્થની દૃષ્ટિએ આ નવી સમાજરચના અનુકૂળ નહિ આવે તેથી તેઓ સમાજવાદની સ્થાપનામાં ——સમાજના આર્થિક પુનર્વિધાનમાં કદી સાથ આપવાના નથી; આટલુંજ નહિ પણ બનશે ત્યાં સુધી તેને રોકવાના. આથી વર્ગવિગ્રહ અનિવાર્ય છે. આ તેમની દલીલોનો સાર છે.

બીજા ઘણા વાદો અને પરંપરાઓની માફક આમાં પણ કેટલીક વસ્તુ ગૃહિત લેવામાં આવી છે. જો આ ગૃહિત વસ્તુને ન સ્વીકારીએ તો તેના ઉપર રચાયેલી આખી વિચાર–ઇમારતનો છેદ થઈ જાય છે. દાખલા તરીકે કોઈ ચુસ્ત ધૂની આર્યસમાજીને પૂછીએ તો કહેશે કે હિંદમાં જાતિ બે, એક હિંદુ અને બીજી મુસ્લિમ, આ બન્નેનો મેળ કદી મળવાનો નથી; એમ કહીને તે આગળ ચાલે. જો કોઈ ગુમાસ્તાને પૂછીએ તો તેની દુનિયાનું વર્ગીકરણ શેઠ અને નોકર એવા બે વર્ગોમાં થશે. કોઈ જાતીયજ્ઞાનના રસિકને પૂછ્યું તો તેની દુનિયાના બે વર્ગો, સ્ત્રી અને પુરુષ એવા પડશે. કોઈ વેદાંતીને પૂછ્યું તો તે બ્રહ્મ અને જગત એવા બે ભાગો દર્શાવશે અને એકને સત્ય અને બીજાને મિથ્યા કરશે આમ જગતને જોવાની અને ઈતિહાસના મૂલ્યાંકન કરવાની અનેક દૃષ્ટિઓ હોય છે. તેમાં અમુકાંશ સત્ય હોય તો પણ તે એકાંગી સત્ય છે, સર્વાંગી સત્યની રજૂઆત નહિ પણ અમુક વિશિષ્ટ ચશ્માદ્વારા જગતને જોવાનો અને સમજવાનો પ્રયાસ છે. સમાજવાદમાં પણ આવી જ વસ્તુ બની છે. જગતમાં શોષકો અને શોષિતો એવા બે સ્પષ્ટ વર્ગો નથી. જે શોષકો ગણાય છે, તેમનું પણ બીજાઓ શોષણ કરતા હોય છે, અને જે શોષિતો ગણાય છે, તેઓ પોતે પણ બીજાનું શોષણ કરતા હોય છે. એટલે સત્ય તો એ જ છે કે આપણો બધો વર્તમાન સમાજવ્યવહાર માનવસત્કાર અને બંધુત્વના ધોરણે નહિ ચાલતાં શોષણ અને આંધળા સ્વાર્થની દૃષ્ટિએ ચાલે છે. એટલે આખી સમાજવ્યવસ્થા દૂષિત છે, જેના ગેરફાયદા શ્રીમંતો અને ગરીબો

ફ્રાન્સ શા માટે યુદ્ધમાં છે?

શ્રી. ડુંગરશી ધરમશી સંપટ

દેશસ્થિતિ

રશિયાને બાદ કરતા ફ્રાન્સ દેશ યુરોપમા સૌથી મોટો દેશ છે યુરોપમાં એનુ અગત્ય ગરુ હોઈ તે મહાન સામાન્ય ગણાય છે એની ઉત્તરમાં ઈંગ્લેંડ સામેનો લાંબો કિનારો, પશ્ચિમમાં અમેરિકા તરફ લાંબો કિનારો અને દક્ષિણમાં ભૂમધ્ય સમુદ્રનો અગત્યનો કિનારો છે આમ ફ્રાન્સની દરિયાઈ સ્થિતિ ઘણી સરસ હોઈ તેનુ ઘણુ મહત્ત્વ આંકવામા આવે છે દુનિયા સાથેના વપારને માટે આ સારામા સારી સગવડ કહેવાય

એના વસ્તી અને વિસ્તાર નીચે મુજબ છે

ક્ષેત્રફળ (ચોરસમાઈલ) ૨૧૨૬૫૯

વસ્તી-૪૧૮૩૪૯૨૩ (ચાર કરોડ, અઢાર લાખ)

મુખ્ય શહેર પેરિસની વસ્તી—૨૮૯૧૦૨૦ (૨૯ લાખ)

બીજા શહેર માર્સેલ્સની વસ્તી—આઠ લાખ

ફ્રાન્સની વસ્તી વિશેષ વધતી નથી આથી તેના પાડોશી જર્મનીની વસ્તી વધતી જતી જોઈ તેને ચિંતા પેઠી છે ઝાઝી વસ્તી, એ દેશનુ ઉત્પન્ન કરનાર અને સૈન્યનુ કામ આપનાર શક્તિ ગણાય છે આથી ફ્રેંચ સરકાર વધારે સંતાનો ઉત્પન્ન કરનાર માબાપોને પેન્શનો આપે છે આથી જોઈ શકાય છે કે ફ્રાન્સનો આજનો મોટામા મોટો પ્રશ્ન વસ્તી કેમ વધારવી તે છે

બંધારણ

સને ૧૮૭૦ની સાલથી ફ્રાન્સ પ્રજાસત્તાક રાજ્ય છે એનો પ્રમુખ સાત વરસ માટે ચૂંટાય છે આલ્બર્ટ લેબ્રુન છેલ્લા સાત વરસથી પ્રમુખ છે મોટા પ્રધાન અને બીજા ૧૯ પ્રધાનોને જે પક્ષનું પાર્લામેન્ટમા વિશેષ પ્રતિનિધિત્વ હોય તેમાથી પ્રમુખ ચૂંટી કાઢે છે ફ્રાન્સની પ્રજા રાજ્યકારણમા બહુ તરંગી છે પ્રધાનમંડળો વારંવાર બદલાય છે ઘણી વખત તો પ્રધાનમંડળનુ આયુષ્ય થોડા દિવસોનું જ રહે છે ચેમ્બર ઓફ ડેપ્યુટીઝના સભ્યો ચાર વરસ માટે ચૂંટાય છે ૨૧ વરસના દરેક શહેરીને મતનો હક છે સેનેટના ૩૧૪ સભ્યો હોય છે તેમની ચૂંટણી માટે ૪૦ વરસની દરેક વ્યક્તિને હક છે સત્તા સર્વ પાર્લામેન્ટમા કાયદાનુસાર સોંપાયેલી છે

લોકો

ફ્રાન્સના લોકો રંગીલા, રસીલા અને મળતાવડા છે એ પ્રજામા રંગભેદ નથી, ચામડીનો દ્વેષ મુદ્દલ નથી સીદીઓ પણ મેળાવડાઓમા સમભાવે ભાગ લેવા મળે છે લોકોમા ધર્મદ્વેષ પણ બિલકુલ નથી રાજ્ય કોઈ પણ ધર્મને સ્વીકારતુ નથી સ્ત્રીપુરુષોના સમાન હક માટે પ્રજા આગ્રહી છે ફ્રાન્સના લોકો સંસ્કૃતિમા યુરોપમા ઊંચા ગણાય છે ફ્રેંચ ભાષા ઉચ્ચ સાહિત્ય માટે ખૂબ પ્રસિદ્ધ છે વિદ્વાનોનો ત્યાં ખૂબ આદર થાય છે ફ્રાંસમા લલિતકળાઓનુ પણ ખૂબ માન છે ફ્રેંચ ભાષા આખા યુરોપમા સમજાય છે *યુરોપની એ હિંદુસ્તાની છે ફ્રેંચ લોકો શાંતિપ્રિય* છે યુદ્ધ તરફ એમને તિરસ્કાર છે જીવનમા મોજ, સૌંદર્ય અને લાલિત્ય એ દૃષ્ટિ રાખી તેઓ વસ્ત્રાભૂષણો અને નિત્યનો વ્યવહાર યોજે છે લોકો સ્વતંત્રતાપ્રિય પણ ખૂબ છે ત્યાં સમાજવાદીઓનું વિશેષ પ્રાબલ્ય છે એમના બે ત્રણ પક્ષો વચ્ચે રાજકારભારનુ શાસન રહે છે સ્વતંત્ર ફ્રેંચ લોકો દેશને

પ્રેમ કરનારા છે દેશને માટે એ ગરીબ લોકો દેશને માટે પ્રાણાર્પણ પણ કરવા તૈયાર રહે છે

પેદાશ, ખર્ચ અને અર્થવ્યવસ્થા

સને ૧૯૩૪માં ફ્રાન્સની પેદાશ ૪૭ અબજ ફ્રાન્કની હતી * ખર્ચ ૪૮ અબજ ફ્રાન્ક હતું પેદાશ મુખ્ય કરોમાંથી થાય છે હમણાં યુદ્ધના વધારાના કરોને લીધે પેદાશ કાંઈક ઉપરાંત થઈ ગઈ છે, ખર્ચ ચારગણું વધ્યું છે સને ૧૯૩૪માં યુદ્ધમાં સાધનો પાછળ દશ અબજ ફ્રાન્ક ખર્ચાયા હતા આ યુદ્ધકાળમાં તે ખર્ચ ચાલીસ અબજ ફ્રાન્ક પહોંચેલ છે લોકોને માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત છે, કુલ કેળવણી પાછળ વાર્ષિક ચાર અબજ ફ્રાન્ક ખર્ચાય છે આ ઉપરાંત વૃદ્ધોને પેન્શન, બેકારોને ભથ્થું, અશક્તોને સહાય ઇત્યાદિ પાછળ દશ અબજ ખર્ચાય છે ફ્રેંચ પ્રજા અંગ્રેજોની પેઠે ધનવાન નથી, પણ અંગ્રેજોમાં થોડી વ્યક્તિઓ અતિ ધનવાન છે અને ફ્રેંચોમાં ધન મધ્યમ વર્ગમાં વહેંચાયેલું છે અંગ્રેજોમાં ૬૭ ટકા પ્રજા ઉદ્યોગોમાં અને ૧૩ ટકા ખેતીવાડી પાછળ રોકાયેલી છે જ્યારે ફ્રાન્સમાં ઉદ્યોગ અને ખેતીવાડી પાછળ રોકાયેલી પ્રજાના ટકા અર્ધો અર્ધ સમાન ગણતરીએ છે ફ્રાન્સનું કરજ બે ખર્વ ફ્રાન્કનું છે તે ઘણુંખરું પોતાના દેશમાં જ ઊભું કરેલું છે એકંદરે ફ્રાન્સની પ્રજા સુખી છે, ફ્રાન્સમાં ૫૦ લાખ પરદેશીઓ (મુખ્યત્વે ઇટાલિયનો) રહે છે

રાજકીય ઇતિહાસ

અનેક સદીઓ સુધી ફ્રાન્સમાં વૅલૉય અને બુર્બોન વંશના રાજાઓનું શાસન હતું અંગ્રેજો અને ફ્રેંચોને સતત ચારસો વર્ષો સુધી હાડવેર ચાલ્યું બન્ને વચ્ચે અનેક યુદ્ધો થયાં ઘણા સમય સુધી ફ્રાન્સનું કૅલે બંદર અંગ્રેજોના કબજામાં રહ્યું સત્તરમી સદીમાં લુઈ ચૌદમા (રાજા) ના સમયમાં ફ્રાન્સમાં ખૂબ ચડતી થઈ લુઈ પંદરમાના સમયમાં રાજાઓની વિલાસિતા બેહદ વધી ગઈ હતી રાજા અને અમીરો પ્રજા ઉપર અનેકવિધ આકરા કરો નાખી, ગરીબ પ્રજાના પૈસામાંથી મન ભાવતી મોજમજાહો ઉડાવવા લાગ્યા દુકાળોને લીધે લોકો મરતા હતા ત્યારે પણ રાજા અને અમીરો નાચરંગ અને મહેફિલોમાં ગુલતાન રહેતા હતા અંતે પ્રજા વીફરી સોળમા લુઈ વિરુદ્ધ પ્રજાએ બળવો કર્યો. આ બળવો ફ્રેંચ વિપ્લવને નામે મશહૂર છે

વિપ્લવમાં રાજારાણી કેદ પકડાયાં પ્રજાઅગ્નિ ભડકો થઈ ઊઠ્યો હતો તેણે પોતાની જ્વાળામાં અમીર-ઉમરાવ અને એમનાં કુટુંબીઓને પોતાની લાલ જીભો લાંબી પસારી પસારીને ઝડપ્યા, અનેકોના શિરચ્છેદ થયા, અનેકોના ઘરબાર અને વાડીવજીફા લૂંટાયા, બળાયા, કંઈક ભાગી છૂટ્યા પછી કેદમાં પડેલા રાજારાણી અને રાજકુમારના મસ્તકોને રોળી નાખ્યાં રાજા પ્રત્યે વફાદારીનો શબ્દ સરખો ઉચ્ચારનારનો કે રાજા પ્રત્યેની વફાદારીનો જેની ઉપર શક ગયો તેવા હજારો સ્ત્રીપુરુષોનો નાશ કરવામાં આવ્યો લોકો એવા જોશે ચડ્યા હતા કે રાજાની વહારે આવેલા પરરાજ્યના સૈન્યોને પણ એમણે ઉડાડી દીધાં ત્યારપછી પ્રજામાંના ઉદ્દામ પક્ષે રોબસપિયરના હાથમાં રાજની કુલ સત્તા મૂકી આ પક્ષે પણ પોતાની નીતિની વિરુદ્ધ જનાર હજારો વ્યક્તિઓને ફાંસીએ ચડાવી, ઊંડા ભોંયરામાં ભંડારી અરાજકતા અરાજકતા! આખા ફ્રાન્સમાં ક્યાંય વ્યવસ્થા નહોતી

આ અંધાધૂંધીમાંથી નેપોલિયનનો સિતારો એકદમ ઝળહળીને બહાર આવ્યો ફ્રાન્સની દક્ષિણે આવેલા નાના ટાપુ કોર્સિકાના એક ગરીબ ગૃહસ્થનો એ છોકરો નેપોલિયન બોનાપાર્ટ સૈન્યમાં પોતાની હોશિયારી બતાવતો આગળ જતો ફ્રાન્સનો સર્વ સત્તાધીશ બન્યો એણે ફ્રેન્ચ પ્રજાને પોતાના વ્યક્તિત્વથી ચૂપ કરી દીધી એ શહેનશાહ બન્યો એણે ઑસ્ટ્રિયા, પ્રશિયા, સ્પેન અને ઇટાલિના સૈન્યોને મહાત કરી તે દેશોનું આધિપત્ય મેળવ્યું જમીન પરની લડાઈમાં અંગ્રેજોને પણ હરાવ્યા પણ અંગ્રેજો સામે દરિયાની લડાઈમાં એ હાર્યો અંગ્રેજ નૌકા-સેનાપતિ નેલ્સને એના કાફલાને વેર-વિખેર કરી નાખ્યો, ભર શિયાળે રશિયા પર ચડાઈ કરવા જતાં એના સાડા ચાર લાખના સૈન્યમાંથી બહુ થોડા

* ૧ પૌંડ—લગભગ ૧૬૮ ફ્રાંક, હમણાંનો ભાવ

સિપાહીઓ જીવતા પાછા વળ્યા અહીંથી એ યુદ્ધવિશારદની પડતી થઈ હતી અને અંગ્રેજોના હુકમ નીચે એને સેંટ હેલિનીના ટાપુમા કેદ થઈ પડવુ પડ્યુ

ફ્રાન્સના ત્રીજા નેપોલિયને પ્રશિયા (જર્મની) સાથે યુદ્ધ જાહેર કર્યું આ યુદ્ધમા સને ૧૮૭૦ મા ફ્રાન્સ હાર્યું એને એલેસ લોરેનના બે પ્રાતો અને બીજો મોટો દંડ આપવો પડ્યો એ પછી પ્રજાએ કોઈ રાજાને ફ્રાન્સની હકુમત કરવા આવવા ન દીધો ત્યારથી આજ પર્યંત ત્યા પ્રજાસત્તાક રાજ્ય રહ્યુ છે

પણ એ જ સમયે પ્રશિયાના પ્રિન્સ બિસ્માર્કે જર્મન સામ્રાજ્યની સ્થાપના કરી હતી તે સમયથી અડ કરોડની વસ્તીવાળા જર્મની અને સવા ચાર કરોડની વસ્તીવાળા ફ્રાન્સ વચ્ચે વૈમનસ્ય ચાલે છે અને એકબીજાની ઉપર ઘા મારવાની તક શોધતા હોય છે અને ઘા મારે છે જર્મનીના વધતા જતા બળની ફ્રાન્સને સતત ચિંતા રહે છે

સને ૧૯૧૪–૧૮ નુ મહાયુદ્ધ

૧૯૧૪–૧૮ મા ઇંગ્લેંડ સાથે મળી ફ્રાન્સે પારકા કજિયો ઉછીનો લઈને પણ જર્મનીને મારવાની તક ઝડપી ભયંકર દુકાળને કારણે જર્મની હાર્યું જર્મનીના ચાળીસ લાખ માણસો મર્યા ને ઘવાયા ત્રીસ લાખ વિધવાઓ બની ૭ કરોડ પૌંડનો દંડ એની ઉપર ઠોકાયો (આ દંડના બે ત્રણ હપ્તાજ જર્મનીએ ભર્યા) એની સ્ટીમરો, મનવારો અને આખા નૌકાદળનો નાશ થયો એના વિમાનો ગયા એના સર્વે સંસ્થાનો ગયા, એનુ પરદેશી નાણુ અનામતનુ લેણુ જપ્ત થયુ, એનુ સૈન્ય વિખેરી નાખવામા આવ્યુ એના ઉદ્યોગોનો નાશ થયો એને પોતાને ત્યા ભૂખમરો ચાલતો હતો છતા જીતેલા રાજ્યોને એણે અનાજ આપવુ પડ્યું હતુ આ બધા ઉપરાંત એની ખાણોનો પ્રદેશ સાર અને રૂહર પ્રાંતો ફ્રાન્સે કબજે લીધા રૂહરમા સત્યાગ્રહ ચાનુ કરાવનારી જર્મનીના નાણાને તોડી નાખ્યુ ફ્રાન્સે આખા જર્મનીને તોડી નાખ્યુ

ફ્રાન્સ અને ઇંગ્લેંડની વિરુદ્ધ–નીતિઓ

જર્મનીને તોડી નાખી ફ્રાન્સ આખા યુરોપમાં સર્વસત્તાધીશ બનવા ઇચ્છતું હતું એનુ સૈન્ય એ સમયે યુરોપમા શ્રેષ્ઠ હતુ પણ અંગ્રેજોની નીતિ યુરોપમા કોઈ એક રાજ્યને અતિ બળવાન થવા દેવાની નહોતી આથી ફ્રાંસ અને ઇંગ્લેંડની મૈત્રી ટકી નહિ અંગ્રેજો જર્મનીનો પુનરુદ્ધાર કરી ફ્રાંસની સામે મજબૂત હરીફ ઊભો કરવા માગતા હતા બીજી બાજુ ફ્રાન્સે અંગ્રેજોની વિરુદ્ધ તુર્કી સાથે સુલેહ કરી, અંગ્રેજોની ઉપેક્ષા કરી રશિયા સાથે સુલેહ કરી. પ્રજાસંઘમા અંગ્રેજો અને ફ્રેંચો મોવડીઓ હતા હવે બંનેની રાજ્યનીતિ સામસામી અથડાવા લાગી

ફ્રાન્સે ઇંગ્લેંડનો સહકાર મૂકી દીધો, પણ જર્મની બેઠુ થાય છે તે વાતની આશંકાથી તે ભય પામવા લાગ્યુ આથી એણે બેલ્જિયમ, રૂમાનિયા, ઝેકોસ્લોવેકિયા, તુર્કી પોલેંડ વિગેરે નાના રાજ્યોને ખૂબ નાણા ધીરી એમની સાથે સંધિઓ કરી પોતાના મિત્રોનું ટોળુ ઊભુ કર્યું પ્રજાસંઘમા જર્મનીને તેણે અનેક બાજુથી મુશ્કેલીમા મૂકવા માડ્યુ અંગ્રેજોએ હિંદ અને પોતાના બીજા તાબાના દેશોને પ્રજાસંઘના સભ્ય બનાવી બહુમતિ પોતાને પક્ષે એકઠા કરવા પ્રયત્ન કરવા માડ્યો, ફ્રાંસે પોતાના મિત્રોની મદદથી એને હરાવવા માડ્યુ પ્રજાસંઘ એ પ્રજાસંઘ ન રહેતા આ બે મહારાજ્યોની રાજરમતનુ મેદાન બની ગયો

યુદ્ધ પછીના પંદર વર્ષો આ બંને રાજ્યો વચ્ચે ખૂબ રાજદ્વારી અને આર્થિક ખેંચતાણના ગયાં ફ્રાન્સે સોનાનો જથ્થો એકઠો કરી ઇંગ્લેંડના ચલણને મુશ્કેલીમા મૂક્યુ, ઇંગ્લેંડને એથી ૧૯૩૧ મા સોનાનું ચલણ મૂકી દેવુ પડ્યુ એણે જાપાનને ટેકો આપી તેને મંચુરિયા લેવા દીધુ અને તેની મિત્રતાની ધારણા મજબૂત કરી ફ્રાન્સના ચલણને ડુબાવવાની પેરવીઓ કરી ફ્રાન્સને માટે આર્થિક કોયડો ઊભો કર્યું ફ્રાન્સ એમા ૭ વરસ સુધી ખૂંતેલુ રહ્યુ ફ્રાન્સે ઇટાલિને એબિસીનિયા જીતવા દેવાની સગવડતા કરી અંગ્રેજો વિરુદ્ધ તેની દોસ્તી સાધી અંગ્રેજોએ જર્મનીને તેનો વિકાસ બિનઅટકાયતે કરવા દીધો, જર્મનીને ગોરો રાઈનની કિલ્લેબંદી કરવા દીધી, ઓસ્ટ્રિયા અને સુડેટન પ્રદેશ લેવા દીધા આમ ફ્રાન્સને ડરાવી શકે તેવો તેનો પાડોશી તૈયાર કરવા માડ્યો પરસ્પર ભારે કડવાશ અને આર્થિક યુદ્ધો ચાલ્યા

પણ આ બંનેના વૈમનસ્યે યુરોપનો અને જગતનો મામલો બગડતો ચાલ્યો. આ સ્થિતિએ જ હેર હિટલરને જન્માવ્યો.

હેર હિટલર ૧૯૩૩ના ફેબ્રુઆરીમાં જર્મનીના સત્તાધીશપદે આવ્યો ત્યારે તેને જર્મનીના વિકાસના માર્ગો ઘણા સાફ દેખાયા, એણે પ્રજાસંઘને છોડ્યો. લોકોની પાસે પોતાની તીખી જબાનમાં ભવિષ્યનો ઉજ્જવલ કાર્યક્રમ મૂક્યો. આંતરિક સંગઠન મજબૂત બનાવી, લોકોને ફરીને કસી ઈંગ્લેંડ-ફ્રાન્સના વૈમનસ્યનો લાભ ઉઠાવી ફ્રાન્સના સર્વોપરિપણા નીચેનાં નાનાં રાજ્યોને ચતુર્નીતિ અને બહુનીતિથી ફ્રાન્સની લાગવગમાંથી છોડવી પોતાનો દોર બેસાડવા માંડ્યો. ફ્રાન્સને ખાદ્યસામગ્રીની ત્રુટિ નહોતી. પણ જર્મનીને એ વિષેની ખેંચ હતી એટલે પરદેશોનું તે ગ્રાહક બની શકે તેમ હતું. તેણે ખાદ્યસામગ્રી, યંત્રો અને યુદ્ધની સામગ્રી અને કાચાં દ્રવ્યો એ રાજ્યો પાસેથી ખરીદવા માંડ્યાં અને સંબંધ બાંધી લાગવગ જમાવવા માંડી. મને કમને પણ સૌ જર્મની તરફ ખેંચાયા.

અને બીજાં રાજ્યો

બીજાં રાજ્યોની સ્થિતિ ઘણી ડામાડોળ બની. રાજ્યો પરસ્પર અસંતોષ અને અવિશ્વાસથી જોતાં હતાં. હંગરી, ઑસ્ટ્રિયા અને સ્પેનનાં રાજ્યોમાં પણ શત્રુતા પ્રવર્તતી હતી. ઈટાલિ પોતાના લાભો માટે ટાંપીને બેસી રહેતું હતું, પરિણામે બધાં રાજ્યો એકબીજાંથી ડરવા અને એકબીજાને ડરાવવા અને પાડી નાખવા તત્પર રહેતાં, એકમેક સામે આર્થિક યુદ્ધો માંડતાં, એકબીજાના માલની આયાત આડે મોટી જકાતી દીવાલો ઊભી કરતાં, એકબીજાનો નિકાશ-વેપાર તોડવા મથતાં, એકબીજાનાં ચલણોને ડુબાવવાની વેતરણો કરતાં. આથી સર્વ સ્થળે અરાજકતા વ્યાપેલી રહેતી. એક ઠેકાણે દુકાળ હોય તો એ જ સમયે બીજે ઠેકાણે માલના ભરાવાનો પ્રશ્ન મૂંઝવતો હોય અને બેકારી ન વધે, ભાવો તૂટી ન જાય, તે માટે ભરાઈ રહેલા માલનો નાશ કરવો પડતો હોય.

ફ્રાન્સે યુરોપને ડારવાને પોતાનું મોટું સૈન્ય તૈયાર રાખ્યું. જર્મનીને બાંધ્યા પછી પણ સૈન્યમાં ઘટાડો ન કર્યો. જર્મનીએ ફરી સત્તા પર આવવા આખી પ્રજાકીય નવરચના યુદ્ધસામગ્રીની આસપાસ જ રચી. જર્મની સજ્જ થવા માંડ્યું અને બીજાં રાજ્યોએ પોતપોતાની શક્તિના પ્રમાણમાં લશ્કરને માર્ગે દોટ દેવા માંડી. ઈટાલિ, જાપાન અને જર્મનીને જોઈ સૌ પોતાને ત્યાં વિમાનો, સ્ટીમરો, તોપો અને દારૂગોળો તૈયાર કરવા માંડ્યા. યુરોપનો લશ્કર પાછળ વાર્ષિક ખર્ચો એક અબજમાંથી નવ અબજ પૌંડ સુધી પહોંચ્યો. પ્રજાનું જીવનનિર્વાહ અને જીવનસુખ માટે પરસેવો પાડીને પેદા થતું ધન જીવનનાશ અને જીવનદુ:ખ માટે વપરાવા લાગ્યું. પ્રજાની પેદાશનો ચોથો ભાગ જીવનનાશની યુદ્ધસામગ્રી પાછળ ખર્ચાવા લાગ્યો. સત્તાધીશોની ધાકે પ્રજા પોતાના મનમાં ખોટું ખોટું પણ આશ્વાસન ઊભું કરવા મથે છે કે એ જીવનનાશમાંથી મહાજીવનનું નિર્માણ ઊભું થવાનું છે. પણ એને હૈયે એવો વિશ્વાસ નથી, પણ એ લાચાર છે.

પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, બધી દિશાએ મહાસાગર રાખીને દુનિયાથી દૂર પડેલું અમેરિકા પણ શાંત નથી. ઈટાલિ, જર્મની, ફ્રાન્સ, ઈંગ્લેંડ, ઑસ્ટ્રિયા, અનેક રાજ્યોને એણે નાણાં ધીર્યાં છે. પહેલા મહાયુદ્ધમાં ધીરેલા બે અબજ પૌંડ એના લેણા નીકળે છે. પણ એનું લેણું ખોટું થયું છે. પહેલાં ત્રણ ચાર વર્ષો સુધી એને વ્યાજ મળ્યું. પછી તો સૌની અરજને વશ થઈ વ્યાજનો દર ઓછો કર્યો પણ કોઈ એને વ્યાજ પણ ભરતું નથી, મૂડીની વાત ક્યાં કરવી? સૌએ દેવાળાં કાઢ્યાં. અમેરિકા બૂમો મારે છે. 'તમે યુદ્ધસામગ્રી પાછળ આટલું ખર્ચો છો તો મારાં નાણાં પહેલાં આપી દો ને!' પણ કોણ આપે! શી રીતે આપે? હવે યુદ્ધ માટે અનુભુક્ત અમેરિકાએ નક્કી કર્યું છે કે કોઈને ધીરધાર ન કરવી.

આર્થિક અને શાંતિની પરિષદો

પ્રજાસંઘના આશ્રયે સૌ રાજ્યોની મોટી આર્થિક પરિષદ ભરાઈ હતી, ખૂબ વાટાઘાટો ચાલી. જકાત-દીવાલો દૂર કરી ચલણને નિયમિત કરવા અને પરસ્પર સહકાર કરવા ઘણી ચર્ચાઓ થઈ. પણ પરિષદ નિષ્ફળ ગઈ. ઈંગ્લેંડનાં મન્ત્રમંડળોના

આગ્રહથી સૈન્ય અને સૈન્યસામગ્રી ઘટાડવાની સર્વે રાજ્યોના પ્રતિનિધિઓની મોટી પરિષદ ભરાઈ પણ તે ય નિષ્ફળ ગઈ અમેરિકાના દબાણથી નવ રાજ્યોની સંધિ થઈ તેના, ચીન પર આક્રમણ કરવું નહિ એવા કરારનો પ્રથમ જાપાને જ ભંગ કર્યો લોકાર્નો અને બીજી ઘણી સંધિઓ મોટા મોટા રાજ્યો વચ્ચે થઈ પરંતુ એકેયનું પાલન નથી થયું સ્વાર્થ માટે એક યા બીજા કારણે કોઈએ ને કોઈએ એ સંધિઓનો ભંગ કર્યો જ છે સંધિઓની કિંમત કાગળના ટુકડાની જ રહી છે

કારણ ? સાંકડો સ્વદેશવાદ

યુરોપમાં એટલો તો સાંકડો સ્વદેશવાદ ચાલે છે પંદર કે વીશ લાખની વસ્તીનો પ્રદેશ પણ પોતાનો જ દેશ બનાવવા માગે છે કે પોતાના પ્રદેશને એક પૈસાનો લાભ કરાવવા બીજાના પ્રદેશને રૂપિયાનું નુકસાન કરતા પણ કોઈ ખચકાતું નથી ફેસિઝમ અને નાઝીઝમે આ સ્વાર્થવૃત્તિને શિખરે ચડાવી છે તેને કોઈ પણ કુટિલનીતિમાં ખોટું નથી દેખાતું જિસસ ક્રાઇસ્ટના ઉપદેશનું ડગલે ને પગલે આખા યુરોપમાં ખૂન થાય છે પાડોશી પ્રત્યે દૂરનાની પ્રત્યે પ્રેમ, રહેમ ક્ષમા અને સહિષ્ણુતા લેશ માત્ર નથી રહ્યા

આ વસ્તુ ઉત્પન્ન થઈ વર્સાઈલ્સની સંધિમાંથી એ સંધિએ જર્મનીને તોડયા અને એ સંધિના ઘડવૈયાઓએ અલગ પક્ષો રચવા નવા નવા રાજ્યો ઊભા કર્યા, નવી સરહદો રચી જૂના રાજ્યોને ભીંસમાં આણ્યા જૂની પ્રજાઓને નબળી બનાવી અને સૌને નવું મળેલું જાળવવા અને ગુમાવેલું પાછું મેળવવા ઉશ્કેર્યા

ફેસિસ્ટ ગજવરી

જર્મની, ઈટાલિ અને જાપાનની એકસંપીની રાજધરી બંધાઈ તેનો આશય બહારથી રશિયાના સામતાનો અને અંદરથી તમામ મૂડીવાદી શાહીવાદી રાજ્યોના બળને તોડવાનો હતો હંગેરી યુગોસ્લોવેકિયા પોર્ટુગાલ સ્પેન વગેરે આ ધરીમાં જોડાયા બીજી તરફ ઇંગ્લેંડ અમેરિકા, ફ્રાન્સ વિગેરે શાહીવાદી રાજ્યો છે બંને પક્ષો વચ્ચે આંતરિક રસાકસી ચાલવા લાગી, કાવાદાવા અને હરીફાઈઓની યોજનાઓને પાર પાડવા યુદ્ધસામગ્રીઓ વધતી ચલી સ્પેનમાં બે વરસ સુધી ફાસિસ્ટ બળવાખોરોએ ફાસિસ્ટ દેશોની મદદથી લડાઈ ચલાવી અને ત્યાં ફાસિઝમને સ્થાપ્યો સ્પેનના પ્રજાપક્ષને શાહીવાદી દેશોએ મદદ ન કરી યુરોપના આજના યુદ્ધની આગાહી કરતું એ યુદ્ધ હતું

ફ્રાન્સ ચેત્યું

સર્વોપરિપણાના સ્વપ્નોમાંથી બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે થયેલ રસાકસી આજના યુદ્ધનું મૂળ એમાંથી જ વર્સાઈલ્સના કરારો થયા, એમાંથી જ જર્મની બેઠું થાય કે ન થાય અને પોતાના શ્રેષ્ઠત્વને હાનિ ન પહોંચે એવી પેરવીઓ જન્મી ફ્રાન્સને હંમેશ બીક છે કે જર્મની જે તેની પૂર્વે પડેલ તેનું પાડોશી છે તે બળવાન ન થઈ જાય ઇંગ્લેંડ જ્યાં સુધી સમુદ્રની સામ્રાજ્ઞીપદે છે ત્યાં સુધી તે બંને દોસ્ત ન બની જાય તેની સાવચેતી તે રાખે છે ૧૯૩૭માં ફ્રાન્સે આ ભયને ઓળખ્યો જર્મની અતિ બળવાન થતું હતું, ઇંગ્લેંડ એની જોડે સહકાર કરતું હતું ફ્રાન્સે પોતાની નીતિ બદલી એણે ઇંગ્લેંડની વિરુદ્ધતા છોડી તેની મિત્રતા શોધી ઇંગ્લેંડને પણ ફ્રાન્સના જેવો જ ભય હતો, તેણે એ મિત્રતાને સત્કારી પણ એની શરત કડક હતી ફ્રાન્સની રાજનીતિ ઉપર એણે કાબૂ માગ્યો આર્થિક રીતે મુશ્કેલી ભોગવતા ફ્રાન્સે પોતાની ચોટલી એના હાથમાં મૂકી ઇંગ્લેંડનું આર્થિક અને નૌકાબળ અને ફ્રાન્સનું ખુશ્કી લશ્કર એ બંને જર્મની સામે બરાબર થઈ રહેશે એવી ખાતરીથી બંને જોડાયા

ફ્રાન્સની તૈયારી

(૧) મેગિનોટ કિલ્લેબંદી—જર્મનીની આક્રમણ નીતિની આશંકાથી ફ્રાન્સે તેના અને પોતાના દેશ વચ્ચે એક મજબૂત અખંડ કિલ્લેબંદી કરી છે તે મેગિનોટ લાઈન કહેવાય છે દેશના શ્રેષ્ઠ સ્થપતિઓ, યુદ્ધવિશારદો અને વિદ્યુદ્ શાસ્ત્રીઓની મદદથી આ અખંડ કિલ્લેબંદી બસો માઈલ લાંબી બાંધી છે પોલાદની [illegible] અને મિઓ

ઉપર મોળ ફીટ જાડી દીવાલો જમીનમાંથી ઊંડી ચણવામાં આવી છે એ નમો ફીટ ઊંડી છે, અંદર અનેક માળ બાંધવામાં આવ્યા છે એમાં લાખો નાના મોટા ઓરડા છે, જેમાં ખાવાપીવાની બધી સગવડો છે, સુરંગો અને ગોડાઓ છે જેમાં હજારો તોપો છે મોળ ફીટ જાડી એ દીવાલો તોડવી તોપોને માટે પણ સહેલું નથી. આ કિલ્લેબંદીમાં સેંકડો ગામડાઓ વસી શકે તેવી મોકળાશ છે વિજ્ઞાનના બળથી એ અભેદ્ય બની છે કિલ્લેબંદી પાસે વીજળીના વાળા ઓના ગૂંચળા યુક્તિપૂર્વક મુકાયેલા છે. આ વાડ સહિત કિલ્લેબંદી લેવામાં દુશ્મનને લાખો સૈનિકોનો ભોગ આપવો પડે આ તૈયાર કરતાં ફ્રાન્સને એક અબજ ડોલરનું ખર્ચ થયું છે જર્મનીએ પણ એની સામે એવી જ 'પશ્ચિમની કિલ્લેબંધી' સિગફ્રીડ લાઈન બાંધી છે હંમેશાં એમાં નવા નવા સુધારા વધારા થયા કરે છે જર્મની પોતાની કિલ્લેબંદીને ખેવડાવે છે બન્ને સૈન્યો પોતપોતાની કિલ્લેબંદીને આશ્રયે પડ્યા છે

(૨) એકતાની કિલ્લેબંદી—આ મેગિનોટ કિલ્લેબંદી ઉપરાંત ફ્રાન્સે યુદ્ધને માટે એક બીજી પણ કિલ્લેબંદી તૈયાર કરી છે અને તે છે એકતાની જમ્મૂમતા ભર સામે ફ્રાન્સના રાજદ્વારી પુરુષોએ મતભેદોને છોડી દઈ પોતાની અંદર એકતા આણી છે ફ્રાન્સની પાર્લામેન્ટ મધ્યમ વર્ગ ઉપર વધુ કરો નાખવા દેતી નહોતી તેમાં હવે તેમણે સમજૂતી કરી લઈ મોટા કરો નાખ્યા છે. મધ્યમવર્ગ ફ્રાન્સમાં બહુ મોટા પ્રમાણમાં છે, તેણે પોતાની ઉપર એ કરો પડવા દીધા છે યુદ્ધને વિષે તેમનામાં મતભેદ હતા, ફ્રેન્ચ પ્રજા શાંતિચાહક છે, યુદ્ધને તે ધિક્કારે છે, આથી તેણે આક્રમણનીતિને બદલે સંરક્ષણની નીતિ અખત્યાર કરી તે વિષેના મતભેદોને શમાવ્યા છે આજે પ્રજા પોતાની સંપૂર્ણ શક્તિ વિકસાવીને ઉત્સાહથી યુદ્ધમાં ભાગ લે છે આ એકતાએ દેશને ઘણી મદદ કરી છે

(૩) ફ્રાન્સનો ઇતિહાસ—ફ્રાન્સનો સિક્કો ફાંક મહારાજ્યોની આર્થિક સાઠમારીમાં ફૂગીને નરમો થઈ ગયો હતો પાછળથી રાજદ્વારીઓએ સોનાનું ચલણ ચાલુ રાખી પોતાની શાખ વધારવા ઇચ્છ્યું હતું, તેમણે સોનાનું ધોરણ છોડ્યું નહિ, તેથી તેમની પાસે સોનું લેવા પરદેશો ફાંકની નોટો લઈ દોડ્યા આથી ફ્રાન્સનો સુવર્ણજથ્થો ઘણો ઘટી ગયો પરિણામે મોટો ભોગ આપ્યા છતાં ફ્રાન્કને ટકાવી શકાયો નહિ ફ્રાન્ક ઉપર અનેક તડકા છાંયા ગયા છે પ્રધાનમંડળો વારંવાર બદલવા માટે ફ્રાન્સ જાણીતું છે આથી સ્થિર રાજનીતિ નહોતી થતી આથી નાણાકીય સ્થિતિ ખૂબ ખરાબ બનતી હતી કરજનો ખૂબ વધતો હતો બજેટમાં મોટો ખાડો પડતો હતો, કરો વધુ નાખવા વિષે પાર્લામેન્ટ મંજૂરી આપતી નહોતી તેમાં એકમત થઈ જઈને ફ્રાન્સે નાણાકીય સ્થિતિને સુધારી લીધી અને તે પણ યુદ્ધ માટેની એક સારી તૈયારી થઈ

ફ્રાન્સનું સૈન્ય

જમીનમાર્ગે ફ્રેન્ચ સૈન્ય અતિ બળવાન છે. સૈન્યને '૧૪–'૧૮ના યુદ્ધ પછી પણ ચાલુ તાલીમ મળી છે ૧૯ વર્ષથી ઉપરની ઉંમરથી પચાસ વર્ષની ઉંમર સુધીનો દરેક માણસ ફરજિયાત લશ્કરી તાલીમમાંથી પસાર થાય છે જર્મનીને તો મહાયુદ્ધ પછી પંદર વર્ષ સુધી તેવી કંઈ જ તાલીમ મળી નહોતી આમ ફ્રાન્સનું ખુશ્કી લશ્કર ખૂબ તાલીમબદ્ધ છે એના સૈન્યના અધિકારીઓને વ્યૂહરચના માટેની શાળાઓમાં બહુ કડક કસોટી સાથે શિક્ષણ મળે છે આથી રણક્ષેત્રમાં એના અધિકારીઓ નિપુણ વ્યૂહવિધાયકો હોય છે ફ્રાન્સનું તોપખાનું જથ્થા અને જાતની દૃષ્ટિએ પણ સરસ છે માત્ર એની ૭૫ નંબરની અગત્યની તોપ કંઈક જૂના ધોરણની છે

ફ્રાન્સનાં હથિયારો

ફ્રાન્સનાં બીજાં હથિયારો જર્મનીની પેઠે અદ્યતન નથી એની ૩૫૦૦ ટેંકોમાંથી ¼ ભાગની ટેંકો જૂની જાતની છે, જ્યારે જર્મનીની ૮૦૦૦ ટેંકો તદ્દન અદ્યતન અને કલાકે પચાસ માઈલ ઉપરની ઝડપની છે, ફ્રેન્ચ ટેંકો માત્ર દશ માઈલની ઝડપ ધરાવે છે એની રાઈફલો પણ અમેરિકન છે અને તે આધુનિક ઢબની

નથી ગણાની આ માટે તો હમણા જ ફ્રાંસે પોતાના કારખાનાઓને લશ્કરી દેખરેખ નીચે મૂક્યા છે, એટલે નવા અને આધુનિક હથિયારો બનતા વાર લાગશે ત્યા સુધી અમેરિકાએ શસ્ત્રમધીનો કાયદો રદ કર્યો હોવાથી તેની પાસેથી રોકડે તે ખરીદશે, આશા રખાય છે કે ૭ મહિના સુધીમા ફ્રેચો એ વિષયમા સ્વાયત્ત હશે

રણક્ષેત્રમાં ફ્રાન્સનુ સૈન્ય

ફ્રાન્સ એકદમ ૨૫ લાખ માણસોને શસ્ત્રસજ્જ કરી યંત્રની પેઠે તેમના ચાલુ કામધધા છોડાવીને સૈન્યમા દાખલ કરાવી શક્યુ છે બધી યોજના અગાઉથી તૈયાર કરવામા આવી હતી એટલે વિજ્ઞપ્તિ નીકળતા ૨૪ કલાકમા ગામેગામ અને શહેરે શહેરથી લોકો સૈન્યમા જવા સ્ટેશનોએ હાજર થઈ ગયા જુદા જુદા લશ્કરી મથકોએ એ સૌને તાત્કાલિક ગણવેશ અને હથિયારો મળી ગયા એમ દમ ટુકડીઓ ગોઠવાઈ ગઈ અને ઘડિયાળના કાંટાની સાથે ચાલી રેલ્વે અને મોટર બસો હાજર થઈ અને ૪૮ કલાકમા ટુકડીઓ મેગિનોટ લાઇન પર પહોચી ગઈ આટલી જગી ગોઠવણ છતા ક્યાયે ગડબડ નહિ ગૂચવાડો નહિ, ખોટી ઉતાવળ નહિ યોજનાની ઝીણી ઝીણી વિગતો અગાઉથી નિયત સમયે સૌને મળી ગઈ હતી દારૂગોળો, ખોરાકી ચાહ તમાકુ, હજારો જાતની એવી ચીજો યોગ્ય સ્થાનોએ આવી ગઈ કેવી બધી શિસ્ત ! એ પચીસ લાખ માણસો પોતાના કામો ૨૪ કલાકમા પોતાના ચાલુ ઉદ્યોગધધા કેમ છોડી શક્યા હશે બીજાઓએ એ ધધા એ જ કલાકોમા કેમ સભાળી લીધા હશે, જેથી જરૂરિયાતોના ઉત્પાદનમા વિક્ષેપ ન આવે આ આજે પણ સીધી કે આડકતરી રીતે આખી પ્રજા યુદ્ધને કઈ પણ વિરોધી સૂર ઉઠાવ્યા વિના કેમ અપનાવી શકી હશે ? ફ્રાન્સે બીજી લાઇનની પણ વીસ લાખ સૈનિકોની પાછી કેળવણી શરૂ કરી છે છ માસમા ફ્રાન્સ ૪૫ લાખના સૈન્યને યુદ્ધભૂમિ પર હાજર કરી શકવાની તૈયારી મેલે છે ઉપરાત પાચ લાખ સીદીઓને પણ તે યુદ્ધમા લાવી શકશે જર્મની ફ્રાન્સ કરતા વધારે જથ્થામા સૈનિકો ઉતારી શકશે નહિ, પણ ફ્રાન્સની વ્યૂહરચના આક્રમણ માટે નથી, રક્ષણ માટે છે

વિમાનો

વિમાનોમા ફ્રાન્સ પછાત છે જર્મનીએ બણ વર્ષમા પોતાના તમામ વિમાનો નવા બનાવી નાખ્યા છે એના વિમાનો કલાકે ૪૦૦ માઈલની ગતિ ધરાવનાર હોઈ તે બાબતમા એ સરસાઈ ભોગવે છે ફ્રાન્સે ૧૫૦૦ વિમાનો અમેરિકાથી મગાવ્યા છે અમેરિકન વિમાનો જર્મન કરતા ચડિયાતા જણાય છે વિમાની યુદ્ધ હજી શરૂઆતમા છે પાછળથી આ યુદ્ધ જોર પકડશે તેની તૈયારી માટે ફ્રાન્સમા નવા નવા કારખાના ઊભા થાય છે પરતુ સરસ વિમાનો બનાવવામા વખત જાય છે, એટલે ફ્રાન્સ ૭ માસ પછી તેમા વધુ બળવાન બની શકશે

નૌકાદળ

ફ્રેચ નૌકાદળ ઇટાલિ જેટલુ છે, જર્મનીથી તે સહેજ વધારે છે, અગ્રેજી નૌકાદળ સાર્વભૌમત્વ ભોગવે છે તે બતાવનારા આકડા નીચે પ્રમાણે છે—

દેશ	તૈયાર નૌકાદળ	તૈયાર થતુ નૌકાદળ
બ્રિટન અને ફ્રાન્સ	૨૦,૫૦,૦૦૦ ટન	૯૮૦૦૦૦
જર્મની	૨,૯૬,૦૦૦	૨,૮૨૦૦૦

આથી જ જર્મન કાફલો ઍગ્લો-ફ્રેચ કાફલાનો સામનો કરતો નથી છૂપી રીતે જર્મન સબમરિનો અને સુરગો ત્રાસ વર્તાવતી હતી પણ તે ય હમણા કાબૂમા આવતો દેખાય છે છતા ય ભવિષ્યની આગાહી ન થઈ શકે હજી પણ ઓચિંતા સ્ટીમરો ડૂબવાના સમાચારો આવે છે

મોરચા પર

મેગિનોટ ને સિગફ્રીડ લાઈન પર પચીસ લાખ ફ્રેચો અને બે લાખ અગ્રેજો જમા થયા છે અને તેમા વધારો- સુધારો તેમા અર્ધા કરોડ સૈનિકોને સમાવવાનુ વિચારાય છે બ્રિટનમા યુદ્ધને માટે ૨૦ લાખ માણસોને તાલીમ અપાઈ રહી છે જર્મનીનુ પણ ઘણુ ખરુ લશ્કર તેની સામેની પોતાની સિગફ્રીડ લાઈન પર પડ્યુ છે અનેની કિલ્લેબદી મજબૂત હોઈ અને શિયાળાની પ્રતિકૂળતા હોઈ ત્ર ણ માસથી ત્યા આગળની લશ્કરી

હિલચાલ ઠંડી છે, ક્યારેક તોપગોળાનો વર્ષાદ અને વિમાની યુદ્ધ જામે છે મનાય છે કે વસંત ઋતુમાં ખૂબ ખેલાશે

ફ્રાન્સનો બીજા દેશો સાથેનો સબંધ

યુદ્ધને અસર કરતા ફ્રાંસના સબંધોમાં બ્રિટન સાથેના મૈત્રીસબંધની તો ખૂબ વાતો થઈ ઈટાલિ સાથેનો તેનો સબંધ એબિસીનિયાની લડાઈ વખતે બહુ મીઠો હતો, પણ એબિસીનિયાની જીત પછી જર્મની જોડે ઈટાલિનો મૈત્રીસબંધ થયો, એટલે ફ્રાંસનો તે સબંધ મોળો થયો સ્પેનના બળવાખોરોને ઈટાલિ ખુલ્લી રીતે મદદ કરતુ હતુ, પરિણામે ઈટાલિના નૌકાદળને હાથે ફ્રાંસની અને બ્રિટનની ઘણી સ્ટીમરો ભૂમધ્ય સાગરમાં ફરતા ડુબાડાઈ એવા આરોપને કારણ મળ્યુ સને ૧૯૩૮ મા ઈટાલિએ ફ્રાંસ પાસે નવી માગણીઓ કરી (૧) ફ્રાંસે સુએઝની નહેરનો કબજો રાખીને સ્ટીમરોને તેમાથી પસાર થવા દેવા માટેના ભાવો બહુ મોટા રાખ્યા છે તે હળવા કરવા (૨) ફ્રેચ ટયુનિસિયા ઉપર ઈટાલિનો હક્ક છે માટે તે તેને સોપવો અને (૩) ભૂમધ્ય સાગરમાં આવેલા અંગ્રેજી હકુમત હેઠળના બેટમા ઈટાલિયન વસ્તી છે માટે તે બેટ ઈટાલિને મળે ફ્રાન્સે આ માગણીઓનો અસ્વીકાર કર્યો અને બને વચ્ચે વૈમનસ્ય જાગ્યુ

અત્યારે યુદ્ધકાળમાં તુર્કી ફ્રાન્સ અને બ્રિટનની તરફદારી કરે છે ગત મહાયુદ્ધમા તુર્કી જર્મનીને પક્ષે હતુ આ વર્ષોમાં ઈંગ્લેંડ અને ફ્રાન્સે તુર્કીને પોતાના પુનરુદ્ધાર અને ઔદ્યોગિક વિકાસ માટે કરોડો પૌંડ ધીરવા સ્વીકાર્યું આથી જ તુર્કીએ પોતાના પડોશી રશિયાને પણ તરછોડ્યુ બોસ્ફરસની સામુદ્રધુનીમાથી અંગ્રેજ અને ફ્રેંચ મનવારોને પસાર થવા દેવાનું તુર્કીએ સ્વીકાર્યું છે આથી ઉત્તરની બાજુએ રશિયા ઉપર આક્રમણ કરવાનો ફ્રાન્સ-બ્રિટનને માટે માર્ગ ખુલ્લો થયો છે

ફ્રાન્સ અને રશિયાને ઘણો સારો સબંધ હતો ફ્રાન્સના ઉત્તેજનાથી જ રશિયા પ્રજાસંઘમા જોડાયુ હતુ પણ રશિયાનો હક્ક હોવા છતા તેને પૂછ્યા વિના ફ્રાન્સ બ્રિટને મ્યુનિક કરારો કર્યા તેથી એ સબંધમા વિઘ્ન દેખાયુ પોલેંડ પરના આક્રમણ વખતે જર્મની વિરુદ્ધ રશિયાને પોતાની સાથે લેવા ફ્રાન્સ-ઈંગ્લેંડે પ્રયત્ન કર્યો, અંગ્રેજ અને ફ્રેચ પ્રતિનિધિઓ મોસ્કો ગયા, છ માસ સુધી વાટાઘાટ ચાલી, પોતપોતાના સૈનિક બળ અને વ્યૂહરચના રશિયન સૈનિક અધિકારી એને બતાવવા અંગ્રેજ અને ફ્રેચ મુખ્ય સેનાધ્યક્ષો મોસ્કો ગયા પરંતુ રશિયા અંદરખાનેથી જુદી જ રમત રમ્યુ એણે જર્મની સાથે સધિ કરી, આથી રશિયાને લાભો ઘણા થઈ ગયા પોલેંડનો અર્ધો ભાગ તેને મળ્યો, જેમાથી તે તેને મોટી શહેરો, જર્મનીની યુદ્ધ અને યંત્રવિશારદોની શક્તિ અને અન્ય સાધનો મળશે અને કાચા પદાર્થો વેચવાનુ બજાર મળશે આવા કારણોએ ફ્રાન્સનો તેની જોડેનો સુસબંધ તૂટ્યો

યુદ્ધનો વ્યૂહ

એ તો જોઈ શકાય છે કે આ વખતે યુદ્ધનો વ્યૂહ બહુ વિચિત્ર બનતો જાય છે એક કેન્દ્ર બનતુ નથી પોલેંડનુ કેન્દ્ર મટી જર્મનીનો પશ્ચિમ મોખરા અને તે મહનાઈ હથિયારી યુદ્ધ અને હવે ફરીથી ફર્યો છે ફિનલેન્ડ રશિયન યુદ્ધનો રશિયાએ ફિનલેન્ડ પાસે પોતાની સરહદને અડતો કેટલોક ફિનીશ ભાગ માગ્યો અને ફિનલેન્ડે એને પોતાના રાષ્ટ્રીય સ્વમાનનો પ્રશ્ન ગણી ન આપ્યો તેમાથી એ યુદ્ધ ફાટયુ સમાચાર એવા આવે છે કે નાનકડુ ફિનલેન્ડ યુરોપના કેટલાક જબ્બર રાજ્યો અને અમેરિકાની આર્થિક અને માનવીય સહાય મેળવે છે, અત્યારે સૌનુ ધ્યાન ત્યા છે પણ તેમ તો એ જ કે રશિયાને ક્ષીણ બનાવી જર્મનીની પાંખ તોડી નાખી જર્મનીને ફટકો મારવો

આ યુદ્ધ ક્યા જઈ અટકશે, તેમ કેવા પલટા આવશે તે નાઈ કહી શકે નહિ સિવાય કે આગના ભડકામાં બળતુ તેમ કરતી આફત આવે અત્યારે તો સૌ વધુ ને વધુ યુદ્ધસામગ્રી મગાવવા માડયા છે સૌ કહે છે અમારી પાસે એક પણ માણસ અને એક પણ રૂપિયો હશે ત્યા સુધી અમે લડશુ અને ત્યા સુધી માનવ દુખી ભવિષ્યનો સમય ...ો કરવાનો છે

संगठन-विवेक

श्री काकासाहेब कालेलकर

"ઘણા દિવસોથી કેટલાક કોમી મંડળ બનાવવાની અનિષ્ટ પ્રથા વિદ્યાર્થીઓમાં ચાલી રહી છે સામાન્ય રીતે આવા મંડળો ધાર્મિક દૃષ્ટિથી કામ નથી કરતા તેઓ તો કેવળ પોતાની જાતિના વિદ્યાર્થીઓને અધિક સગવડો આપાવવાના અને પોતાના સ્વધર્મી ભાઈઓને સુખી કરવાના પ્રયત્નમાં રચ્યા રહે છે કોમને કેટલી સગવડો હોય તો તે સુખી ગણાય તેની કોઈ હદ નક્કી થઈ નથી ઉપરથી જોતા તો તેની આખી કાર્યપદ્ધતિ રાષ્ટ્રની પ્રગતિને પ્રતિકૂળ માલુમ નથી પડતી પરંતુ જ્યારે કોમી ઝેર સમાજમાં આગળ વધુ ફેલાઈ રહ્યું છે તેવી સ્થિતિમાં આપ શું નથી માનતા ? આવા પ્રકારની કોમી સંસ્થાઓ ખાસ કરીને વિદ્યાર્થીઓમાં તો મુદ્દલ ન હોવી જોઈએ ? કારણ કે એવી સંસ્થાઓમાં કામ કરનાર વિદ્યાર્થી બીજી કોમોના સંસર્ગમાં બહુ ઓછા આવશે એ નિઃશંક વાત છે એ પણ ચોક્કસ છે કે કોમીવાદની દવા તો પરસ્પર સંસર્ગ વધારવો એ જ છે આ લખતા મને આપના 'જીવનવિકાસ'માંથી એક વાક્ય યાદ આવે છે અને આપ જો ટાંકી બતાવું તો મારું દૃષ્ટિબિંદુ અધિક સ્પષ્ટ થઈ જશે

"'મારો નમ્ર અભિપ્રાય છે કે કોમી છાત્રાલયો સ્થાપવાં લાભદાયક નથી આજના જમાનામાં ભિન્નભિન્ન સમાજના છોકરાઓ સાથે રહે, સાથે ભણે તો જ તેમના બુદ્ધિ અને હૃદયનો યોગ્ય વિકાસ થઈ શકે' (પા. ૫૭૫)

'આ તો છાત્રાલય સંબંધી થયું, પરંતુ શું મંડળોની બાબતમાં પણ આપનું આ કથન એટલું સત્ય નથી ? એ મંડળોના સંચાલકોની પાસે એક મોટું બહાનું હોય છે આપણે નાના ક્ષેત્રથી જ આરંભ કેમ ન કરીએ ? એકદમ વિશાળ ક્ષેત્રમાં પડવાથી કોઈ કામ નથી થતું આ અને એવી દલીલોમાં કેટલું તથ્ય છે ? નાનું ક્ષેત્ર શોધવું છે તો જિલ્લા જિલ્લાના અલગ મંડળ કેમ નથી બનાવતા ? એવા ક્ષેત્રનિષ્ઠ મંડળ કોમી એકતા માટે કોમી મંડળો કરતા શું વધારે લાભદાયી નહીં બને ?"

આ પત્રને મારી પાસે આવ્યે બે મહિના થઈ ગયા વિસ્મરણને કારણે એનો જવાબ આપવો રહી ગયો. આજ એકાએક એ એવા મોકા પર હાથ આવ્યો કે જે વખતે હું પોતે આ વિષય ઉપર ખૂબ જોરથી વિચારી રહ્યો છું એક તો 'જાતપાત તોડક મંડળ' તરફથી એક અંગ્રેજી પરિપત્ર આવ્યો છે, જેમાં એવી સૂચના છે કે 'આગામી વસ્તીગણતરીમાં આપણે જાહેર કરવું જોઈએ કે અમે કોઈ પણ જાતના નથી' અને બીજી બાજુ આ સમયે ગોવાના 'સારસ્વત બ્રાહ્મણ સમાજ'ના વાર્ષિક અધિવેશનના સભાપતિ બનવા જઈ રહ્યો છું સાવંતવાડી અને ગોવા મારા વડીલોનું સ્થાન છે અમે સારસ્વત લોકો ગોવાને અમારું ખાસ પોતાનું સ્થાન માનીએ છીએ એ સમાજના વાર્ષિક અધિવેશનમાં જવાનો વાયદો મેં સને ૧૯૩૨માં કર્યો હતો ત્યાં જવાને બદલે ત્યારે હું જેલમાં ચાલ્યો ગયો એ વાયદામાંથી મુક્ત થવાને માટે આજ સત્તર વર્ષ પછી ત્યાં જઈ રહ્યો છું

'જાતપાત તોડક મંડળ'ને શો જવાબ આપું ? પોતાના જાતિભાઈઓને શો સંદેશો સંભળાવું ? ઉપરનો પ્રશ્ન પૂછનારને શો જવાબ આપું ?

વર્ણ અને જાતિની બાબતમાં જે વિચાર મેં નક્કી કર્યો છે, જે સિદ્ધાન્તો ઉપર હું આવી પહોંચ્યો છું એનો કાંઈક નિર્દેશ મારા પુસ્તક 'જીવન સંસ્કૃતિ'માં કર્યો છે

હું જાતિમાં માનતો નથી એટલું જ નહિ પણ હું જાતિને વર્ણની વિરોધી માનું છું સનાતની લોકો ઘણી વાર કહે છે કે જાતિઓ વર્ણના સિદ્ધાન્ત ઉપર રચેલ સમાજસંગઠનનો ઉપવિભાગ છે વર્ણ જો વિરાટ સમાજની શાખા છે, તો જાતિઓને એની પ્રશાખાઓ કહી શકાય મારી દૃષ્ટિએ આ ખ્યાલ ખોટો છે વર્ણ સમાજનો કર્તવ્યાત્મક (ફંક્શનલ)

વિભાગ છે ત્યારે જાતિઓ ગોત્ર અથવા કુળસંબંધી (કૌટુંબિક) છે વર્ણ સદ્ગુણ-મૂલક છે ત્યારે જાતિ કેવળ વંશમૂલક, બહુ તો વર્ગમૂલક છે બધી જાતિઓ એક તત્ત્વથી બની નથી, જાતિમીમાંસા કોઈ ધારો વર્તન કરવા પણ વધારે જટિલ છે

જાતિસંસ્થા પ્રાકૃતિક છે એટલા માટે એને પાપમૂલક ન કહેવાય પણ એ સંસ્થા હાલના જમાનામાં અસ્ત થઈ ગઈ છે એની નિંદા કર્યા વિના એને દફનાવવી જોઈએ જાતિ પ્રાકૃતિક હોવાથી એમાં કેટલીક શક્તિ હતી, અને હજી યે છે પણ આજે તે સંસ્કૃતિ તથા પ્રગતિને પોષક નથી રાષ્ટ્રીયતાની તો એ ઘાતક છે એટલા માટે પણ એને તોડવી જોઈએ

સમાજશાસ્ત્રનો એક વ્યાવહારિક સિદ્ધાંત આપણે હમેશાં ધ્યાનમાં રાખવો જોઈએ સમાજ સામેના સંગઠનની હમેશાં એક સ્વાભાવિક મર્યાદા હોય છે એને યુગધર્મ સમજવો જોઈએ યુગધર્મના બતાવેલા સંગઠનથી જો નાનું અથવા સંકુચિત સંગઠન કરવામાં આવે, તો તે સમાજદ્રોહી સિદ્ધ થઈ જાય છે અને જો યુગધર્મની મર્યાદા લંઘાવીને અધિક વ્યાપક સંગઠન કરવાની કોશિશ કરવામાં આવે તો તે વ્યર્થ જાય છે પરશુરામના દિવસોમાં બ્રાહ્મણ-સંગઠન અને ક્ષત્રિય-સંગઠન કદાચ યોગ્ય હતાં આજ તો કોઈ એવું સંગઠન કરવા જાય તો એથી કંઈ લાભ ન થાય ઊલટું એમ કરવામાં વિરાટ હિંદુસમાજનો દ્રોહ થઈ જશે શિવાજી અથવા પૃથ્વીરાજના સમયમાં કોઈએ બ્રાહ્મણ સંગઠનની વાત નથી કરી પરન્તુ અર્ધા લોકો હિન્દુસંગઠનની જ પાછળ પડ્યા એ દિવસોમાં હિંદુ સંગઠનમાં એક મોટી ખામી રહી અને તે અસ્પૃશ્યના નિવારણની હરિજનોને અસ્પૃશ્ય સમજીને સમાજબાહ્ય કરવામાં આપણે જે દ્રોહ કર્યો, એની પૂરી સજા આપણે ભોગવવી પડી, અને આજે પણ ભોગવી રહ્યા છીએ જે સમાજ પોતાના કમજોર અંગની ઉપેક્ષા કરે છે, તે શાપિત થઈ જાય છે — એની જીવનસિદ્ધિ નષ્ટ થઈ જાય છે

આજે જો આપણે રાષ્ટ્રસંગઠનને છોડીને કેવળ હિંદુસંગઠન કરવા જઈશું અને હિંદુસંગઠનમાં પણ હરિજનોને ભૂલી જઈશું, તો યુગદ્રોહ થશે આજે તો બધી જાતિઓ, બધા ધર્મો, બધા પ્રાન્તો અને બધા વર્ગોનું એક ભારતવ્યાપી અને વિરાટ સંગઠન આવશ્યક છે એવું આજનો યુગધર્મ પોકારી પોકારીને કહી રહ્યો છે એથી નાનું સંગઠન રાષ્ટ્રદ્રોહી હશે – યુગધર્મ તેને ઉથલાવી પાડશે

જાતિઓ તો આખરે એક વિરાટ સમાજનાં નાનાં નાનાં અંગો છે જાતિ ક્યાંક ક્યાંક વંશમૂલક છે, ક્યાંક ક્યાંક આજીવિકાના ધંધા ઉપર આધાર રાખે છે, એની સાથે ક્યાંક ક્યાંક એમને પ્રાદેશિક તત્ત્વ પણ મળ્યું છે ધાર્મિક મતભેદના તત્ત્વે ક્યાંક ક્યાંક જાતિઓ પેદા કરી છે એ જાતિઓનો નાશ કરવો એ આજનો યુગધર્મ છે એના સંગઠનની વાત થઈ શકે જ નહિ

હવે રહી પ્રશ્નકારે સૂચવેલી ક્ષેત્રસંગઠનની વાત ક્ષેત્રસંગઠન ગ્રામસંગઠન, પ્રાદેશિક સંગઠન આજકાલ બહુ લોકપ્રિય થતાં જાય છે પુરાણા સંગઠનનો દોષ અનુભવસિદ્ધ છે એથી એના તરફ અરુચિ પેદા કરવી સરળ છે નવા સૂઝેલા સંગઠનમાં એક દોષ હોય છે તે એ કે એનો અનુભવ ક્યારે કોઈએ કર્યો હોતો નથી એથી નવી વાતનો પુરસ્કાર સુધારક ભારે જોરથી કરી શકે છે અને પુરાણી વાતોથી કંટાળેલો સમાજ નવી વાતોને તેમની નવીનતાને કારણે પણ અજમાવવા માટે તૈયાર થાય છે

કોઈ પણ સંગઠનની મૂળભૂત પ્રેરણા જ્યારે મલિન થાય છે ત્યારે ભલે તે ગમે તે જાતનું સંગઠન હોય, એમાં ભયાનક દોષ આવી જ જાય છે સંકુચિત સ્વાર્થ, પરસ્પર અવિશ્વાસ, ઈર્ષા, દ્વેષ આદિ સામાજિક દુર્ગુણ જ્યારે સમાજમાં ફેલાતા જાય છે, ત્યારે કોઈ પણ પ્રકારનું સંગઠન શુભપરિણામી નથી બનતું ક્ષેત્રસંગઠન હોય કે ભાષાસંગઠન, પણ જ્યારે લોકોનું ચારિત્ર્ય હીણ થઈ જાય છે, ત્યારે આ બધામાંથી ગંદકી પેદા થાય છે આજે ભારતવર્ષમાં આપણે નથી દેખતા કે કોમીવાદના ઝઘડાઓ કરતાં પ્રાન્તીયતા અને ભાષાના ઝઘડા કંઈ ઓછા બેહૂદા નથી ? જ્યાં જે જોયો ત્યાં આ

સાંકડા દિલના લોકોને વિરોધની દુર્ગંધ આવતી લાગે છે જ્યાં જરા અલગ રિવાજ દેખાયો ત્યાં તેઓ કહેવા લાગે છે કે, આ તો મોટો સંસ્કૃતિભેદ છે અને ફરીથી સ્વત્વરક્ષાની વાત વાયુમંડળમાં ગૂંજવા લાગે છે એ બધી વાતો કઈ સ્થિતિનું લક્ષણ છે? એ વાતો બતાવે છે કે આપણા લોકોમાં પ્રાગૈતિહાસિક જંગલીપણાનો અંશ આજે પણ મોજૂદ છે, અને ધર્મને નામે આપણે એને આજ સુધી સાચવી રાખ્યો છે

ટૂંકી દૃષ્ટિવાળો અને ઉતાવળિયો સુધારક આ ગંભીર દોષનું મૂળ શોધીને એને ઉખેડવાને બદલે ભેદના તત્ત્વોનો નાશ કરવા ચાહે છે તેઓ એ *નથી જોતા કે ભેદના બધાં તત્ત્વ નષ્ટ કરવા લાયક* નથી હોતા અર્થશૂન્ય, કાલગ્રસ્ત અથવા અવખતના ભેદોનો તો તરત નાશ કરવો જ જોઈએ, પણ ભેદ-માત્રનો નાશ નથી શક્ય કે નથી ઇષ્ટ. ભેદથી તો વ્યક્તિગત તેમ જ સામાજિક જીવન સમૃદ્ધ પણ થઈ શકે છે ભેદ હોવા છતાં પણ અભેદને પરિપુષ્ટ કરવો, હૃદયસંગઠન કરવું, એ તો જીવનકળા છે

હવે સવાલ એ થાય છે કે જે કોમી સંગઠન મોજૂદ છે એનું શું કરવું જોઈએ? એને માટે બે રસ્તા છે જે લોકોનો કોમ અને કોમી સંગઠન ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો છે તેમણે તરત બંનેમાંથી પોતાનું રાજીનામું આપી દેવું જોઈએ અને એની તરફ કેવળ અસહયોગની નીતિ રાખવી જોઈએ પ્રતિષ્ઠિત, સંસ્કારી, ચારિત્ર્યશીલ અને સેવાપરાયણ લોકો જ્યારે કોઈ પણ સંગઠનને છોડી દે છે, ત્યારે તે સંગઠન એની મેળે અપ્રતિષ્ઠિત થઈને તૂટી જાય છે અથવા તો ગળી જાય છે કોમી સંગઠનનું પણ એમ જ થશે. પરંતુ એવા સંગઠનમાં વિશ્વાસ રાખવાવાળા પ્રતિષ્ઠિત લોકો પણ છે, અને એની સંખ્યા પણ ઓછી પ્રતિષ્ઠિત નથી એથી કોમ ઉપરથી જેનો વિશ્વાસ ઊઠી ગયો છે તેઓ પોતાના જીવનમાં તો કોમી તત્ત્વનું પાલન કદાપિ ન કરે અને એમ કરવા છતાં પણ કોમને માનનાર પ્રતિષ્ઠિત લોકોની સાથે સંગઠનસુધારના કામોમાં મદદ આપે

મેં ઉપર કહી દીધું છે કે કોમી તત્ત્વ મૂળથી દોષપૂર્ણ નથી, કોમી સંગઠન સ્વભાવતઃ પાપમૂલક નથી, પરંતુ તે કાળગ્રસ્ત છે અને એમાં અનેક દોષો ઘૂસી ગયા છે એનો એક મુખ્ય દોષ તો એ છે કે કોમનિષ્ઠ લોકો કોમની બહારના સમાજ તરફ પોતાનું જે સ્વાભાવિક કર્તવ્ય છે એને ભૂલી જાય છે જો કોમી સંગઠનમાં ઘૂસીને એને આ કર્તવ્યનો બોધ કરવામાં આવે અને એવા કર્તવ્યનું પાલન પૂર્ણ રૂપે કરવા પ્રેરણા આપવામાં આવે તો તે ઇષ્ટ જ છે

કહેવામાં આવે છે કે કોઈ વાછરડાને પૂરતી લાંબી દોરીથી એક ઝાડ સાથે બાંધીને ચરવાના સ્થાને છોડવામાં આવેલો એણે પોતાની દોરી ઝાડની આજુબાજુ *ચરતાં એને લપેટીને ઓછી કરી, અને તે એટલે સુધી* કે એના ગળામાં ફાંસો આવવા માંડ્યો હવે આ વાછરડાની મુક્તિ બે રીતે થઈ શકે કાં તો દોરી કાપવામાં આવે, કે કાં તો વાછરડાને પહેલાથી ઊલટું ચક્કર લગાવવાની પ્રેરણા આપવામાં આવે, જેથી દોરડું ઢીલું થાય અને તેને ચરવા તથા ફરવાની સગવડ મળે

જ્યાં સ્વાર્થ વધે અને કૃતાર્થનું ગળું દબાવા લાગે ત્યાં સ્વાર્થની દિશા છોડીને પરાર્થ, પરમાર્થ અને બલિદાનનું તત્ત્વ વધારવું જોઈએ અને એ રીતે કોમી તત્ત્વનો ઉદ્ધાર કરી એને વ્યાપક સંગઠન અને વ્યાપક સેવામાં વિસર્જન કરવું જોઈએ

નાના નાના સંગઠન કાર્યશક્તિની મર્યાદાને લઈને કરવામાં આવે છે, સ્વ-પર ભાવ વધારવા માટે નહિ

પ્રસંગે ક્ષેત્રસંગઠનની વાત આપણી સામે મૂકી છે કેટલાક સામ્યવાદી લોકો ક્ષેત્રસંગઠનનો ઘોર વિરોધ કરે છે તેઓ કહે છે કે, 'એક પ્રદેશમાં યા ક્ષેત્રમાં રહેવું' એ કાંઈ એકતાનું અને સંગઠનનું તત્ત્વ નથી એક ગામમાં રહેવાથી બધી જાતના લોકોમાં એકતા પેદા નથી થતી જેના હિતસંબંધ પરસ્પરવિરોધી છે તેઓ એક જ પ્રદેશમાં રહે છે, એથી શું તેઓ એક થઈ શકે છે? પ્રાદેશિક સંગઠન અર્થશૂન્ય છે, એથી વર્ગસંગઠન તરફ ધ્યાન આપવું જોઈએ ' કોમ્યુનાલિસ્ટ (કોમીવાદી) અને કોમ્યુનિસ્ટ (સામ્યવાદી) માં એટલું તો સામ્ય છે જ.

અસલ વાત એ છે કે આપણે વંશ, વર્ણ અને વર્ગ આ ત્રણ સામાજિક પ્રશ્નોનો સ્વભાવ સમજી લેવો જોઈએ કઈ વાતોમા ભાષાસંગઠન ઠીક છે? કેમા ક્ષેત્રસંગઠન લાભદાયી છે? વર્ણસંગઠન કયા સ્વરૂપનુ હોવુ જોઈએ? વર્ગસંગઠનનો હેતુ શો હોઈ શકે? વંશસંગઠન શા માટે ન કરવુ જોઈએ? વગેરે બધી વાતો સારી રીતે સમજી લેવી જોઈએ એ વાતોનુ સ્વરૂપ સમજવાથી જ આગળનો રસ્તો સાફ થઈ જશે

જે સંસ્થા માટે હુ સેવા જઈ રહ્યો છુ એનુ નામ જ માત્ર કોમી છે એના સભ્યોમા અને દાતાઓમા ભિન્ન જાતિના લોકો પણ છે આખા સમાજની જ તેઓ સેવા કરે છે શિક્ષાપ્રચાર અને સાહિત્યસેવાના એના કામમા એણે કોઈ પણ જાતની સંકુચિતતા નથી રાખી વાછરડાએ પોતાના ગળાનો ફાસો ઢીલો કર્યો છે અને તે પોતાને હરવા ફરવાનુ સ્થાન વિશાળ કરે છે

જ્યારે મિલના મજૂર લોકો પોતાની મજૂરી વધારવા માટે નહિ પરંતુ ગ્રાહકોને માટે માલ સસ્તો કરાવવા સંગઠન કરે અને હડતાલ પાડે છે ત્યારે આવા સંગઠનનુ સ્વરૂપ જ બદલાઈ જાય છે *

માર્ચ, ૧૯૩૯

* હિંદી ' सर्वोदय 'માથી

☆

સ્વરાજયાત્રા

[પાન ૮૮૮થી ચાલુ]

વખતે તે ત્યાગ કરવામા, સહન કરવામા ગાંધીજીના પ્રગળમા પ્રબળ સૈનિકની હરીફાઈ કરે માત્ર ગાંધીજી એમના ઉપર કોઈ મદાર બાંધી શકશે નહિ એટલુ જ છે. એ રહ્યો પ્રાગતિક પક્ષ એ વિશે શુ કહેવુ? શરૂ થયો ત્યારથી માંડીને અત્યાર સુધી મહાસભાની કારોબારી સમિતિ સામે મોરચા માંડવા સિવાય બીજી કોઈ પણ દિશામા એણે પ્રગતિ કરી હોય એમ લાગતુ નથી એનો જ્યારે જન્મ પણ નહોતો થયો અને સાવ બીજ-દશામા હતો ત્યારથી તેણે બ્રિટિશ સલતનતને છ મહિનાના અલ્ટિમેટમની વાત કરવા માંડી એ અલ્ટિમેટમને આજે છ નહિ પણ બાર મહિના થઈ ગયા અને થોડા વખતમા અઢાર મહિના પણ થઈ જશે પણ એ અલ્ટિમેટમનો પત્તો સરખો લાગ્યો નથી જગે આઝાદીની વાતો કરતા ચે ઘણો સમય ગયો ગાંધીજીને અને કારોબારી સમિતિને શૂરાતન ચડાવવામા પણ તેમણે કઈ બાકી રાખી નહિ આખરે બ્રિટિશ સરકારને તો નહિ પણ કારોબારીને તો અલ્ટિમેટમ આપ્યુ કે યા તો તમે લડાઈ શરૂ કરો નેતાગીરી સ્વીકારો, નહિ તો હિંદુસ્તાનની આઝાદીની લડાઈ પ્રાગતિક પક્ષ શરૂ કરશે પણ સુભાષબાબુની દૃષ્ટિએ જવાન માનસ ધરાવનાર નેતાઓને પાણી ચડ્યુ નહિ એમણે તો સુભાષબાબુ જેવા લડવૈયાની સૂચનાને વધાવી લીધી અને કહ્યુ કે ગોળ કરતા ગળ્યુ શુ? પ્રાગતિક પક્ષ જો લડીને હિન્દુસ્તાનને આઝાદી અપાવશે તો સ્વાભાવિક રીતે દેશનુ નેતૃત્વ તેમના હાથમા આવશે સરદારે પણ અનેક વખત કાયરને પણ શૂરાતન ચડે એવી પોતાની વિશિષ્ટ ભાષામા સુભાષબાબુને લડી લેવા આગ્રહ કરી જોયો પણ સુભાષબાબુએ લડાઈ શરૂ કરી જ નહિ અને એક સારુ ઊંડુ એ કહેવત ચરિતાર્થ કરી બતાવી છેવટે ગાંધીજીને હરિજનબંધુમા ત્યા સુધી લખવુ પડ્યુ કે ' બંગાળને કે બીજા ગમે તે પ્રાંતો માટે પોતાની પહેલથી અને પોતાને જોખમે સવિનયભંગ કરવાનો માર્ગ ખુલ્લો પડ્યો છે, જો

બંગાળ પ્રાંતિક સમિતિ (એટલે કે સુભાષબાબુ) માનતી હોય કે મુસ્લિમ અગ્રવર્ગ કોંગ્રેસ જોડે છે, જો એ માનતી હોય કે હિંદુ-મુસલમાન બેઉ બ્રિટિશ સરકાર સામે લડત આપવા તૈયાર છે, જો એ માનતી હોય કે અહિંસા કે રેંટિયો એકે ય જરૂરી નથી, અગર તો એમ માનતી હોય કે અહિંસાને રેંટિયા સાથે કશો સંબંધ નથી, અને આ બધું છતાં જો એ લડત ઉપાડવામાં પાછી પાની કરશે તો તે પોતાની જાતને અને પોતાના દેશને બેવફાદાર ઠરશે "

મવાળ ગણાતા નેતા તરફથી આવા આકરા શબ્દોમાં આહ્વાન મળ્યા પછી સૌ કોઈને લાગે કે હવે પ્રાગતિક પક્ષ સરકાર સમક્ષ જરૂર લડાઈ જાહેર કરશે પણ કોણ જાણે કેમ દેશ તૈયાર હોવા છતાં, સુભાષબાબુને પોતાના નેતૃત્વમાં, પોતાની સેનામાં અને દેશની લડાયક શક્તિમાં વિશ્વાસ હોવા છતાં, તથા દુશ્મન મુશ્કેલીમાં હોવાથી નિર્બળ થયેલો છે, વિજય માટે કેવળ લડાઈ જાહેર કરવાની, અલ્ટિમેટમ આપવાની જ વાર છે એવી ચોક્કસ માન્યતા ધરાવતા છતાં લડાઈ ઉપાડતા નથી તેમ જ છેલ્લા ત્રણ ત્રણ વરસથી જે પ્રશ્ને ઉગ્ર સ્વરૂપ પકડ્યું છે તે બંગાળના કેદીઓ છોડવવા માટે બ્રિટિશ સરકારના એક અંગ જેવી બંગાળ સરકાર સાથે પણ લડી લેવાની વાત સરખી કરતા નથી એ સમજમાં આવતું નથી પ્રાગતિક પક્ષનું તત્ત્વજ્ઞાન એટલું બધું અટપટું લાગે છે કે તે સામાન્ય માણસની બુદ્ધિની બહારનો એ વિષય હોય સુભાષબાબુના કહેવા મુજબ રાજકારણમાં સીધી સાદી વાતને સ્થાન ન પણ હોય રાજકીય દૂરદેશિતાની કસોટી તેનામાં કેટલા પ્રમાણમાં અટપટાપણું છે તે ઉપરથી થતી હોય રાજકીય વિશેષજ્ઞની વિશેષતા જ તેની અટપટાપણું અને ગૂંચો ઊભી કરવાની શક્તિમાં હોય (બંગાળ પ્રાંતિક સમિતિના ઝઘડામાં સુભાષબાબુએ સારો પરિચય આપ્યો છે) ગમે તેમ હોય પ્રાગતિક પક્ષનું તત્ત્વજ્ઞાન અટપટું છે, એ ચોક્કસ સામાન્ય માણસની અને ખાસ કરીને ચુસ્ત મહાસભાવાદીની સમજમાં આવી શકે નહિ, અત્યારે તો તેઓ લડાઈમાં સંડોવાયેલી પડુ પડુ થઈ રહેલી નબળી સરકારને તોડી પાડી હિંદની આઝાદી હાસલ કરવા તેમ જ બીજી બાજુ મહાસભાની નબળી નેતાગીરીને ફગાવી દેવા કયું પ્રાગતિક પગલું ભરે છે તે જોવા થોભીએ

કા

સંસ્થાનિક સ્વરાજ્ય કે પૂર્ણ સ્વતંત્રતા

વાયસરૉય સાહેબના મુંબઈના છેલ્લા ભાષણ અને તે ઉપરના 'એમાં હું માનભરી સમાધાનીના બીજ જોઉં છું' એવી મતલબના ગાંધીજીના નિવેદન પછી મહાસભાના ઉદ્દામ તેમ જ વિનીત તમામ મંડળોમાં આ પ્રશ્ન પરત્વે ખૂબ ઊહાપોહ થયો છે ટાઇમ્સે પણ ગાંધીજીને આ સુવર્ણ તક વધાવી લેવાનું અને યુદ્ધને અંત વહેલામાં વહેલી તકે વેસ્ટ મિનિસ્ટર-છાપનું સંસ્થાનિક સ્વરાજ સ્વીકારી લેવાનો મજબૂત આગ્રહ કર્યો છે આ સામે જવાહરલાલથી માંડીને જયપ્રકાશ નારાયણ સુધીના તમામ ઉદ્દામવાદીઓએ તેમ જ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુથી માંડીને રાજાજી જેવા ગાંધીવાદીઓએ ચેતવણીના સૂર કાઢ્યા છે અને સંપૂર્ણ સ્વાતંત્ર્યથી જરાકે ઓછું સ્વીકારવાની ના પાડી છે તેમણે પોત પોતાની રીત મુજબ કારણો દર્શાવ્યાં છે

બધા નેતાઓએ સંસ્થાનિક સ્વરાજ્ય શા માટે નહિ સ્વીકારવું એના જે કારણો આપ્યાં છે તેમાં સૌની વધુમાં વધુ સચોટ અને તાર્કિક કારણ અમને રાજાજીનું લાગ્યું છે એમણે કહ્યું છે કે વેસ્ટ મિનિસ્ટર સ્ટેટ્યુટને અનુસરીને બ્રિટન આજે સંસ્થાનિક સ્વરાજ્ય આપે પણ એ સ્ટેટ્યુટ ફેરવવાની, તેને રદ કરવાની કે તેમાં સુધારાવધારા કરવાની છેલ્લી સત્તા તો બ્રિટિશ પાર્લમેન્ટ પાસે છે એટલે હિંદનો સંસ્થાનિક દરજ્જો બ્રિટિશ પાર્લમેન્ટની દયા ઉપર જ નભી શકે આવી પરાધીન સ્થિતિ હિંદ કદી કબૂલ કરે નહિ હિંદ માત્ર એક જ વસ્તુ માગે છે અને તે પોતાનું રાજકીય બંધારણ ઘડવાની છેલ્લી સત્તા હિંદના પ્રતિનિધિઓના એટલે કે લોકપ્રતિનિધિસભાના હાથમાં, એટલે કે સંપૂર્ણ સ્વાતંત્ર્ય આથી એક તસુ વધારે નહિ તેમ જ ઓછું નહિ

ગાંધીજીએ વૉયસરૉયની જાહેરાતમાં સમાધાનના બીજ જોયાં છે તેથી ઘણા ઉદ્દામવાદીઓ અને

ગાંધીઓવાદીઓ પણ અકળાયા છે કોઈ કોઈ તો બોલે છે કે ગાંધીજી લોર્ડ લિનલીથગોની મીઠી જબાનના બદલામા હિંદનુ સ્વાતંત્ર્ય વેચી મારશે આવી આકરી વાણી લોકો શા માટે ઉચ્ચારે છે તે સમજાતુ નથી, આપણા દેશની આજની સ્થિતિનુ, એટલે કે આપણી લડાયક તૈયારી કેટલી છે તેનુ આપણને જ્ઞાન અને ભાન હોય તો આપણી વાણીમા અવશ્ય સયમ આવી જાય એમ અમે માનીએ છીએ ગાંધીજીએ માન ભર્યા સમાધાનના જે બીજ જોયા છે તેનો અમને તો એ અર્થ લાગે છે કે તેઓ બ્રિટિશ મુત્સદ્દીઓના દિલ ઉપર ઠસાવવા માગે છે કે હિંદના ધ્યેય તરીકે પૂર્ણસ્વરાજનો સ્વીકાર કરો અને હાલને તબક્કે લડાઈ પૂરી થયા પછી તુરત જ સાંસ્થાનિક સ્વરાજ દાખલ કરો અમને નથી લાગતુ કે આમ કરવામા આપણા આદર્શ સાથે આપણે કશી બાંધછોડ કરતા હોઈએ આપણે પ્રધાનપદનો સ્વીકાર કર્યો તેથી જો દેશ આગળ વધ્યો હોય તો સાંસ્થાનિક સ્વરાજથી આગળ વધશે જ એમા શકા ન રહેવી જોઈએ

પરતુ અમને પોતાને શકા છે કે બ્રિટન ગાંધીજીની આવી માગણીનો સ્વીકાર કરે અમારી સમજ પ્રમાણે બ્રિટનની તૈયારી અત્યારે આટલી છે લડાઈ ચાલે છે તે દરમિયાન વોઈસરોયની કાઉન્સિલમા રાષ્ટ્રીય નેતાઓનો ઉમેરો કરી એમા વધારો કરવો અને લડતને અતે હિંદી રાજબધારણમા ફેરફાર કરવા માટે, બ્રિટન જેને હિંદના પ્રતિનિધિ માને તેને એકઠા કરી એક નવી ગોળમેજી પરિષદ બોલાવવી અને હિંદના બધારણીય ધ્યેય તરીકે વેસ્ટ મિનિસ્ટરના ધારા પ્રમાણેનુ સાંસ્થાનિક સ્વરાજ જાહેર કરવુ 'આથી વધુ કરવા માટે બ્રિટનની તૈયારી જણાતી નથી ત્યારે આપણી બાજુ મહાસભાની બહુમતિ ઓછામા ઓછુ આટલુ માગશે જ' એમ અમે માનીએ છીએ કાગચનાઉ ગોઠવણ એવી થાય કે જેને પરિણામે મધ્યસ્થ સત્તા ઉપર હિંદના પ્રતિનિધિઓ આવે અને લડતને અતે સાંસ્થાનિક સ્વરાજનું બધારણ ઘડવા માટે જે પરિષદ કે સમિતિ બોલાવવામાં આવે તે હિંદી પ્રજાનું ચોક્કસ પ્રતિનિધિત્વ ધરાવે છે, તેની ખાતરી માટે એ પરિષદ કે સમિતિ કોઈ ને કોઈ પદ્ધતિ દ્વારા ચૂટાયલા પ્રતિનિધિઓની જ બનેલી હોય આ સમિતિ કે પરિષદ સાંસ્થાનિક સ્વરાજના દરજ્જા પ્રમાણે બધારણ ઘડી કાઢે અને હિંદના આખરી ધ્યેય તરીકે પૂર્ણ સ્વરાજને જાહેર કરે આ પરિષદ જે કરે તેને પાર્લામેન્ટ સપૂર્ણ રીતે મજૂરી આપે "

અમારી દૃષ્ટિએ આ તફાવત ઘણો મોટો છે અને તેથી અમને સમાધાનની આશા દેખાતી નથી ગાંધીજી આ કરતા ઓછાનો સ્વીકાર કરે એમ અમે માનતા નથી એટલે આજની કટોકટીનુ પરિણામ સમાધાનમા નહિ પણ અપૂર્વ લડાઈમા આવશે એમ અમે ધારીએ છીએ આ લડાઈને અતે, જેમ કોઈ પણ હિંસક કે અહિંસક લડાઈને અતે હોય છે તેમ, સમાધાન આવશે જ પરતુ એ સમાધાન બરાબર આપણી શક્તિ અને લાયકાત પ્રમાણેનુ જ હશે

મો

સક્ખરનુ રમખાણ

સક્ખરમા શુ બની ગયુ તે હમણા સુધી બહારનુ જગત જાણતુ નહોતુ કલ્પનાથી પણ ન માની શકાય એવા કરપીણ બનાવો ત્યા બન્યા છે તેની આ આકડાઓ સાબિતી આપે છે

રમખાણ દરમિયાન ૧૪૨ હિંદુઓના ખૂન થયા ૧૦ને જીવતા બાળ્યા અને ૫૮ને ઈજા થઈ, જેમાથી ૯ દવાખાનામા જ મરણ પામ્યા આની સામે ૧૪ મુસલમાનોના ખૂન થયા અને ૧૨ને ઈજા થઈ

ઘર ૧૬૪ બાળવામા આવ્યા જેમા ઘણા ખરા હિંદુઓના હતા એમા લગભગ દોઢ લાખનું નુકસાન થયુ ૪૬૭ ઘરો લૂટવામા આવ્યા જેમા લગભગ સાત લાખનુ નુકસાન થયુ

અપહરણ થયેલી સ્ત્રીઓમાથી છને પાછી લાવવામા આવી છે ઝપાઝપીમા સાત લૂટારાઓ માર્યા ગયા છે અને ૭૦૦ની ધરપકડ થઈ છે

આ આકડાઓ સાબિત કરે છે કે સિંધની સરકાર કા તો અપગ અને લાચાર છે અને કાં તો બેદરકાર કે પક્ષપાતી છે

ખરેખર આટલું ઘણું છે આમાં ગરબા અને રાસડા, હાલરડાં અને લગ્નગીતો, બાળગીતો, ઋતુગીતો અને આપણા, પરપ્રાતના અને પરદેશના લોકગીતોની છણણી ખૂબ વિગતથી થઈ છે પણ આ તો છે કેવળ લોકસાહિત્યનો એક ભાગ–ગીતભાગ એવો જ ભાગ વાર્તા અને કથાઓનો છે શ્રી મેઘાણીને આપણે વિનતિ કરીએ કે એ બીજો ભાગ પણ તેઓ જલદી પ્રગટ કરે કારણ કે આ ભાગથી તો તરસ શમી નથી પણ ઊલટી વધુ જાગી છે આ ભાગનું નામ કેવું છે !–ધરતીનું ધાવણ ! ખરેખર આ ધાવણ છે અને વળી ધરતીનું છે ધાવણથી જ તો બાળકનો દેહ અને આત્મા પોષાય છે અને ધરતીમાથી તો એ પેદા થયો છે મૃત્યુ વખતે પણ તેને તેનો જ એક આશરો છે લોકગીતો એ ધરતીનુ ધાવણ છે તો એ લોકગીતો ધાવીને દેશની પ્રજા તૃપ્તિ અર્થે વધુ કંઈક માગે જ અને તે ધરતીમાથી લોકમાથી જ પેદા થયેલુ હોવુ જોઈએ આજે સાહિત્ય તો નિતનવુ ઘણુ સર્જાય છે પણ તેમાથી કેટલુ લોકસમુદાય સાથે ધરતી સાથે તદાકાર કે પ્રાણને પુષ્ટિ આપે તેવુ છે ? એટલે જ તો જૂના પાસે જ ફરી ફરીને સ્વાદ લેવા જવુ પડે છે અને એ સ્વાદમાં ડોલાવનાર એની મધુર પ્રશસ્તિ સમા વિવેચનોની પ્રતિભા જાગે છે

'બીજા પંડિતજી મળવા અશક્ય માનુ છુ સગીત અને શ્રેષ્ઠ નીતિનો મેળ કયા શોધુ ?' આવા પંડિત ખરેજીના સગીતવિષયક પ્રગટ અપ્રગટ લેખો અને ભાષણોનો અને એમના મૃત્યુ પછી ગાધીજી વગેરેએ એમને વિષે જે લખ્યુ તેનો આ સગ્રહ છે

આપણે સગીતમા આગળ નથી વધ્યા પરતુ જે ખોયુ તેને ફરીથી મેળવવુ છે તેવી આશાથી ઉત્તેજિત થઈને આ લેખો લખાયા છે સગીત વિષેના એમના વિચારો ખરેખર સુદર છે સગીત તેમને બહુ પ્રિય હતુ છતા તેમણે સગીતને જીવનઉદ્ધારના એક માત્ર અગ તરીકે અથવા સર્વથા અને સર્વદા હિતકર નથી માન્યુ એક ઠેકાણે તેઓ આ પ્રમાણે લખે છે 'દુકાળમા જેમ અત્યત આવશ્યક વસ્તુઓ સૂકા રોટલાથી ચલાવી લેવાય છે તેમ કેળવણીમા સગીત છે સગીતમા બધી શુભ ભાવના જાગૃત કરવાની શક્તિ છે જ, સગીત મારફતે જે ભાવનાનુ ઉદ્દીપન થાય છે તેમા ચારિત્ર્યનુ સ્થૈર્ય આવી જ જાય છે, એવો અમે દાવો કરતા નથી પરતુ ભાવનાની ખીલવણીમા સગીતની મદદ અસાધારણ છે'

ભારતના ઐતિહાસિક લેખો અને સગીતજ્ઞ વ્યક્તિઓ પરનુ કથન એ ત્રીજો ખડ અને ચોથો ખડ શાસ્ત્ર વિષયક લેખોનો અતીવ ઉપયોગી છે

(૧૧૩) મારુ ગામડુ—લેખક શ્રી બમલભાઇ મહેતા પ્રકાશક ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, પ્રાપ્તિસ્થાન નવજીવન કાર્યાલય અમદાવાદ મૂલ્ય નવ આના

શિક્ષક તરીકે મારો અનુભવ છે કે તોફાનીમા તોફાની બાળકને વધુમા વધુ સરળતાથી કેળવી શકાય છે, એમા જોઇએ કે કલા શ્રી બમલભાઈએ એ રીતે તોફાનીમાં તોફાની ગણાતા માસરા ગામને સરસ રીતે કેળવ્યુ તેની આખી હકીકત વર્ણવતુ આ પુસ્તક ઉપયોગિતાની દૃષ્ટિએ તો ઘણુ કીમતી છે જ, પણ વાચન લેખે પણ બહુ રસપ્રદ છે ચોરી, લૂટ અને અણવડપણા માટે જાણીતા એ ગામના બારૈયા ભાઈઓને જાણે જાદુ કરીને જ વશ કરી લીધા ! એ જાદુ તો ખરુ, પણ જાદુ અભેદભાવ પ્રેમ અને સત્યનિષ્ઠાનુ સવારના ચાર વાગ્યાથી રાત્રિના દશ વાગ્યા સુધી શરીર તોડીને શ્રમ કરે, પોતાનુ ધોવુ, રાધવુ દળવુ, સીવવુ, સાફ કરવુ એ બધુ તો પોતાને હાથે કરવુ જ, ઉપરાત ગામ આખાની સફાઈ કરવી, ગામના ઘરોને અને છોકરાને સાફ કરવા, છોકરાને ભણાવવા, રોગમા ગામની સારવાર કરવી, દુકાળમા ગામને વેરામાથી મુક્તિ અપાવવી, કામ દાણે ખેતરોમા ગામનુ કામ કરવા જવુ આવા નિયમવાળો ગામસેવક ગામને કહે કે આ ત્રણ માટલીઓ છે, એકમા દાળ એકમા ડાગર અને એકમા બાજરો ભરવાનો છે, ગામનુ હુ કામ કરુ છુ માટે ગામે એ ભરી દેવાની છે એ ભરશે તો હુ મારી ખીચડી અને મારો રોટલો કરી ખાઈશ, નહિતર ભૂખ્યો રહીશ ', તો કયુ એવુ ગામ હશે કે એ માટલીને એક દિવસ પણ ખાલી રહેવા દે ? ઘી-દૂધ તો સેવક માગતો ન હોય શ્રી બબલભાઈ આ રીતે ગરીબ માસરામા રહ્યા અને ગામની સેવા કરવા લાગ્યા મુશ્કેલીઓ વણી નડી પણ શરૂઆતમા જે ગામ રહેવાને ભાડે મકાન ન આપે તે પછી મકાન આપે ત્યારે ભાડુ તો ન લે પણ સૌ સાથે મળીને જાતે મજૂરી કરીને સગવડતાવાળુ મકાન મફત બાધી આપે હરિજનોને અડવાના પ્રસગે મારી નાખવા સુધીની વાત થાય છતા એ જ દિવસોમા એમની દાણાની માટલી ભરેલી રાખે અને અંતે હરિજન પ્રશ્નને ભૂલી જાય એટલુ જ નહિ પરતુ મહાસભાના અધિવેશનમા સફાઈ વિભાગમા જ્યા મળ મૂત્ર પણ ચૂથવા પડે ત્યા સ્વયસેવક તરીકે જાય, તે બતાવે છે કે સાચી સેવા સામે આવતી મુશ્કેલીઓ ધખતી ધોમ ઉપર પડતા પાણીના ટીપા પેઠે અદૃશ્ય થઈ જાય છે

આ બધી રસિક વાત ઉપરાત બમલભાઈએ વિધવિધ ઘણા પ્રસગોનુ બહુ રસિક વર્ણન આપ્યુ છે, જેમાથી ગામને અને એમને પણ શી મળવા મળ્યુ ગામની સ્થિતિ દર્શાવતા આકડાઓ, ભૂવા, વહેમો વગેરેમા એમણે જે રીતે સુધારો કરાવ્યો દેખાય છે તે આપણને સેવાનો કાર્યક્રમ અને રીત બતાવનાર છે

પુસ્તકની શરૂઆતમા પૂ રવિશકર મહારાજનો લેખ પણ વાચવા જેવો છે

૧૧૪ ભારતીય રાષ્ટ્રધ્વજ—લેખક ના સુ હાર્ડીકર પ્રાપ્તિસ્થાન મહાદેવ રામચદ્ર જગુષ્ટે, અમદાવાદ મૂલ્ય ત્રણ આના

આપણા રાષ્ટ્રીય ધ્વજનો પણ ઇતિહાસ છે આજે આપણો રાષ્ટ્રધ્વજ જે સ્વરૂપ અને રગમા આપણી સામે છે તે પહેલા ૧૯૦૫મા મેડમ કામા, ૧૯૧૫ મા હોમરૂલ ચળવળ ૧૯૨૧મા રાષ્ટ્રીય મહાસભા અને ૧૯૩૧મા રાષ્ટ્રીય મહાસભાની ધ્વજસમિતિ દ્વારા એક જુદા પ્રકારનો, એમ ચાર પાચ ધ્વજો નક્કી થઈ ગયેલા અને જનતામા પ્રચાર પામેલા ધ્વજનો આ ઇતિહાસ તેની ઇજ્જતની સમજ અને તેના વદનની શિસ્ત ડૉ હાર્ડીકરે ૧૯૩૦મા આ પુસ્તિકામા આપેલ ૧૯૩૦મા આ પુસ્તિકા પ્રથમ પ્રગટ થઈ ત્યારે હિદની ઘણી ભાષાઓમા તુરતાતુરત એના અનુવાદો પ્રગટ થયા અને થોડા જ સમયમા તેની હજારો નકલો ખપેલી ત્યાર પછી ૧૯૩૪ સુધી લડતને કારણે અને ત્યાર પછી સજોગવશાત્, માગણી ખૂબ હોવા છતા આની નવી આવૃત્તિ પ્રગટ નહિ થઈ શકેલી આજે એની નવી આવૃત્તિ પ્રગટ થયેલી જોઈને આનદ થાય છે ધ્વજના ચિત્રો વદન વખતે ઊભા રહેવાની અને નમસ્કાર કરવાની રીતનુ ચિત્ર અને બીજા દેશોની ધ્વજરક્ષાની ચિતાના દૃષ્ટાતો સામુદાયિક ધ્વજ વદનના નકશા સાથે આપવામા આવી છે ધ્વજ પ્રત્યે આપણુ પૂરેપૂરુ માન પ્રગટ થાય તે માટે વદનની તાલીમ અને શિસ્ત તો આપણે જાણી જ લેવી જોઈએ અને તે માટે આ પુસ્તિકા સૌ સ્વદેશ ભિમાનીએ વાચી લેવી જોઇએ

મુંબઈમાં ક્યાં ઊતરશો ?

આદર્શ લૉજિંગ-બોર્ડિંગ

ભારતીય નિવાસ લૉજ

ચાર્જ ઘટાડેલા છે

ભારતીય નિવાસ લૉજ કાલબાદેવી રોડ, મુંબઈ ૨

તાર—'કમ્ફર્ટ' | ટેલિફોન — ૨૨૨૧૦

સળેખમ ?

સળેખમ ??

સળેખમ માટે દવા ઢીંચવાને બદલે નાક પર થોડુંક "અમૃતાંજન" મસળો તે તુરત રાહત આપે છે.

અ મૃ તાં જ ન

પીડાકારક સળેખમ મટાડે છે.

(Registered)

:: દરાજનો મલમ ::

સર્વે જાતની દરાજ અને ખુજલીને માટે ભરોસાપાત્ર અને નિષ્ફળ ન જાય એવો ઇલાજ. ત્રણ વાર લગાડવાથી સદંતર નાબુદ થાય છે

સોલ એજન્ટો: સિંધ અને બલુચિસ્તાન માટે

મહમદઅલી મુલ્લાં મુસાજી મારવી

મેરિયટ રોડ : કરાચી .

મુંબઈ : અમૃતાંજન લિમિટેડ : મદ્રાસ

સુગંધીથી ભરપૂર

જલકુમારી બ્રાહ્મી તેલ વાપરો

જે આંખ અને મગજને ઠંડક આપી વાળને વધારે છે.

સ્ટોકીસ્ટ : ચાંપશી નરશી દવાવાળા : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

BHARATIYA VIDYA BHAVAN

સાહિત્ય અને સંસ્કારનું માસિક

ગુજરાત ... ૭૨૫૪

વર્ષ દસમું · અંક પહેલો · એપ્રિલ ઓગણીસો ચાળીસ

· અનુક્રમ ·

એકરાગી પણ વિવિધતાપરાયણ	શ્રી કાકાસાહેબ કાલેલકર	
રંગજાત્રા	શ્રી મોહનલાલ મહેતા	૮
ઉંડું કૂપ	શ્રી યદુનાથ એમ. પટેલ	૯
યુરોપ અને લઘુમતીઓ	શ્રી ડુંગરશી ધરમશી સંપટ	૧૬
નાચતી હોળી !	શ્રી રમણીક અરાલવાળા	૨૫
શાસ્ત્રોનો ઉપયોગ	શ્રી કાકાસાહેબ કાલેલકર	૨૬
વીર ચંદ્રશેખર આઝાદ	શ્રી કાન્તિલાલ શાહ	૨૮
અમેરિકામાં પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ	શ્રી નગીનદાસ પટેલ	૩૭
અંતર્મળે	શ્રી રાયજી દયાળજી ધેલાણી	૪૦
વર્ધાયોજના એટલે ગ્રામકારણી ·	શ્રી બબલભાઈ મહેતા	૪૮
સમાજવાદની દૃષ્ટિ અને વ્યાપ્તિ	ડા. પટ્ટાભિ સીતારામૈયા	૫૫
અવલોકનો	શ્રી ચા	૬૪

સંપાદકમંડળ

મોહનલાલ મહેતા · કૃષ્ણજીવન સોમૈયા

કાન્તિલાલ શાહ · ઈશ્વરલાલ દવે

વાર્ષિક લવાજમ

દેશમાં · બ્રહ્મદેશમાં · પરદેશમાં

રૂ. પાંચ · રૂ. સાડા પાંચ · રૂ. સાડા ૭

ભારતી સાહિત્ય સંઘ · પો. બૉ. ૭૩ · અમદાવાદ

પ્રભાત



લાઇન, હાફટોન તથા વધારે કલરના હાઇકલાસ

બ્લૉક, ડીઝાઈન તથા સિને-સ્લાઇડ

બનાવનાર

ભારતી સાહિત્ય સંઘનાં પ્રકાશનોના બધા બ્લૉક અમે બનાવીએ છીએ

ટેન ૩૧૮૭૧ **નવું ઠેકાણું નોંધી લેશોજી** ૨ એક્સ ચેન્જ

હરિસિંહ

હિંદુ લૉજ

૨ દે વા ત થા જ મ વા ની

ન ગ ર ઠ મા રે જા ણી ત

ઠે ૧૭૭/૧૭ હોર્નબી રોડ, બોરીબંદર ટ્રામટરમીનસ પાસે,

વાચ્ય બહેરુપની બાજુમા

મુંબઈ

મુંબઈમાં ક્યાં ઊતરશો ?

આદર્શ લૉજિંગ-બોર્ડિંગ

ભારતીય નિવાસ લૉજ

ચાર્જ ઘટાડેલા છે

ભારતીય નિવાસ લૉજ કાલબાદેવી રોડ, મુંબઈ ૨

તાર—'૬૩૬૯' | ટેલિફોન — ૨૨૧૧૦

સળેખમ ?

(Registered)

સળેખમ ??

સળેખમ માટે દવા ઢીચવાને બદલે નાક પર થોડુંક "અમૃતાંજન" મસળો. તે તુરત રાહત આપે છે.

અ મૃ તાં જ ન

પીડાકારક સળેખમ મટાડે છે.

:: દરાજનો મલમ ::

સર્વે જાતની દરાજ અને ખૂજલીને માટે ભરોસાપાત્ર અને નિષ્ફળ ન જાય એવો ઇલાજ ત્રણ વાર લગાડવાથી સદંતર નાબુદ થાય છે.

સોલ એજન્ટો: સિંધ અને બલુચિસ્તાન માટે

મહમદઅલી મુલ્લાં મુસાજી મારવી

મેરિયટ રોડ : કરાચી

મુંબઈ : અમૃતાંજન લિમિટેડ : મદ્રાસ

માલવા કેમિકલ પ્રોડક્ટસ

વાપરો.

માલકો બ્રાહ્મી હેરઓઇલ : ખરી પડતા વાળને અટકાવી મગજને શાંતિ આપે છે.
માલકો કોકોનટ હેરઓઇલ : વાળને વધારવામાં અને ખુશબોમાં અજોડ છે.
માલકો મેડિકેટેડ હેરઓઇલ : સર્વોત્તમ અને શ્રેષ્ઠ છે

: સ્ટોકીસ્ટ :

કેશવજી સી. ઠક્કર : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ. ૨

આ પુસ્તકની ઉત્તમતાનાં

પ્રમાણપત્રો

૧

આ પુસ્તક વડોદરા રાજ્યના પુસ્તકાલય-ખાતાએ પુસ્તકાલયો માટે મંજૂર કર્યું છે

૨

આ પુસ્તકનો પહેલો ભાગ વડોદરા રાજ્યના કેળવણીખાતાએ શાળાઓમા ઇનામ અને પુસ્તકાલયો માટે મંજૂર કર્યો છે

૩

આ પુસ્તકનો પહેલો ભાગ મુંબઈ ઇલાકાના સરકારી કેળવણીખાતાએ પ્રાથમિક માધ્યમિક અને ટ્રેઈનીંગ સ્કૂલોના વિદ્યાર્થીઓની લાયબ્રેરીઓ માટે મંજૂર કર્યો છે

૪

આ પુસ્તકનુ "આમુખ" શ્રી કચ્છ વેપારી મંડળના પ્રમુખ શ્રી ડુંગરશી ધરમશી સંપટે લખ્યુ છે

૫

આણંદમા મળેલ બીજી ગુજરાત પુસ્તકાલય પરિષદે આ પુસ્તકનો પહેલો ભાગ સારા પુસ્તકોમાં ગણ્યો છે

૬

આ પુસ્તકના પહેલા ભાગની ૨૫ (પચીસ) નકલો વડોદરાના શ્રી પ્રાચ્યવિદ્યામંદિરે ઉત્તેજન માટે ખરીદી છે

૭

આ પુસ્તકની ઉત્તમતા માટે અનેક સુપ્રસિદ્ધ સામયિક અને માસિક-પત્રોએ સારામા સારા અભિપ્રાયો આપ્યા છે

ઘેર બેઠાં પૈસા કમાવા

આજે જ મંગાવો!

નફાકારક હુન્નરો

ભાગ ૧--૨

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ ભરે સાધ્ય હુન્નરોથી ભરપૂર પુસ્તક

૫૨૦ પાનાં, ઉમદા એન્ટિક કાગળ શાસ્ત્રીય શુદ્ધ, સુંદર છપાઇ અને આકર્ષક ગેટ-અપ છતાં

કિંમત

માત્ર ૪ (ચાર) રૂપિયા

વી પી પી થી ટપાલખર્ચ ૧૦ આના જુદું

મંગાવવા માટે લખો

પ્રકાશક

લક્ષ્મી પુસ્તકમાળા

પોસ્ટ સિનુગરા .(અંજાર-કચ્છ)

વધુ ખાતરી માટે અભિપ્રાયોની પત્રિકા મફત મગાવો

વર્ષ દસમુ | એપ્રિલ ૧૯૪૦ | અંક પહેલો

જીવનની અકિંચનતા

જીવનમાં મહાન પ્રશ્નોના ઉકેલ માટે મથવું એમાં એક પ્રકારનું વીરત્વ છે; મહાન સ્વપ્નોની ભૂમિકાઓ રચવી એમાં વીરત્વ છે; જ્યાં સઘળાંને સ્પષ્ટ પરાજય દેખાય ત્યાં આશા ને શ્રદ્ધા રાખવાં એમાં પણ વીરત્વ છે; પરંતુ એ સઘળાં વીરત્વોની તુલનામાં જીવનના હમેશના નાના પ્રશ્નોને પણ અમુક ભાવનાત્મક દૃષ્ટિકોણથી જોવામા વીરત્વ રહ્યું છે એ ઘણાને ખ્યાલ નથી હોતો એટલે બને છે એવું કે મનુષ્ય ગગન તરફની દૃષ્ટિમાં પૃથ્વી ઉપરનો એનો રસ ખોઈ બેસે છે. સામાન્ય જનસમૂહ આવી વીરત્વભાવનાથી પ્રેરિત બની, નિત્યજીવનના દરરોજના કાર્યક્રમમાં, પોતે જે ગુમાવી રહ્યો છે, તેનો ભાગ્યે જ ખ્યાલ રાખી શકે છે એક મજૂરને નમ્ર શબ્દોથી સંબોધી શકાય ત્યાં એને તુંકાર ન કરવામાં પણ વીરત્વ રહ્યું છે કારણ કે છેવટે તો વીરત્વ એ અમુક પ્રકારનું પરિસ્થિતિ ઉપરનું સામર્થ્ય બતાવે છે. પોતાની હમેશની જીવનરીતિમાં આટલો દોષ છે એ શોધી કાઢવું—ને એ જીવનરીતિને ફેરવવા મથવું એમાં વીરત્વ છે. અને માણસ એ આલોચનાને પરિણામે પોતાના વ્યવહારના સ્વરૂપને વધારે શુદ્ધ બનાવે એ કોઈ જેવો તેવો વીરત્વનો પ્રસંગ નથી. બીજા માણસની તાત્કાલિક જરૂરિયાત જોઇને જગ્યા આપવામાં પણ વીરત્વ રહ્યું છે. આપણા સમાજમાં આવા નાના પરાક્રમની પ્રણાલિકા આપણે જોઇ શકતા નથી, એટલે જ મહાન પરાક્રમની ભૂમિકાનું સર્જન શકય બનતું નથી કોઈ મ્યુનિસિપલ પ્રેસિડન્ટને, પોતાની સ્પષ્ટ ફરજ નહિ છતાં, કોઈ દિવસ, કોઈ હોટેલમાં ગુપચુપ બેસીને, ત્યાંની વાનગીઓ જોવાનું મન થતું નથી: કારણ કે એમાં કાંઇ સેવા છે કે પરાક્રમ છે એ કોઇ માની શકતું નથી. કોઈ ડૉક્ટરને પંચાવન વર્ષે સ્વયં, ધંધામાંથી નિવૃત્ત થઇ પછીનું વાનપ્રસ્થ જીવન, ગરીબ લોકોનાં દુ:ખદર્દ જોવામાં કાઢવાનું મન થાતું નથી, કોઇ મ્યુનિસિપાલિટીને 'થિયેટર' બંધાવવાનું સ્વપ્ન આવતું નથી, કારણ કે એની અગત્ય કોઈ જાણતું જ નથી સામાન્યમાં સામાન્ય શહેરી, પણ મોટામાં મોટા શહેરી જેટલી જ, હમેશના જીવનની સગવડતા ભોગવે તો જ એ સમાજ ટકી શકે અને દરેકે દરેક

માણુસ પોતાના હક્કનું ભાન ધરાવતા છતાં, એ હક્કનો ઐચ્છિક ત્યાગ કરે તો જ સમાજ ચાલી શકે, એવા બે મહત્ત્વના સિદ્ધાંતો પ્રત્યે ઘણા માણુસો ઉદાસીનતા ધરાવે છે. એટલે જ્યાં, ઓછામાં ઓછા ઘર્ષણથી, ઘણામાં ઘણો સામાજિક લાભ થઇ શકે તેવું હોય છે ત્યાં પણ, માણુસ, પોતાના જ રાગમાં પોતે બદ્ધ થઇ જાય છે નાનામાં નાની વાતો અમુક ભાવનાત્મક-દૃષ્ટિકોણથી કરવામાં આવે તો તેનાથી એકંદરે માણુસને પોતાને તેમ જ સમાજને ઘણો જ ફાયદો થાય, કારણ કે તે વિના મહાન સિદ્ધાંતોનું પોષણ થઈ શકે નહિ મહાન સિદ્ધાંતોને ફળદ્રુપ બનાવવા હોય તો તે માટે વાતાવરણની જરૂર પડે છે. વાતાવરણ માણુસનાં નિત્યનાં નાનાં નાનાં કામોમાંથી રચાય છે આ નાનાં નાનાં કામો—સભા બોલાવવાથી માંડીને ધ્વજવંદન ને સ્કૂલબોર્ડ સુધીનાં સઘળાં —પહેલી વસ્તુ માગે છે પોતાનું વિસર્જન કોઇ માણુસ પોતાને કેંદ્રસ્થાને રાખીને કોઇ કામની શરૂઆત કરી શકે જ નહિ માણુસે પોતાની જાતને એક એવા ખૂણા ઉપર ગોઠવવી જોઇએ કે જ્યાંથી, એ બધાને ઉપયોગી થઇ શકે, અને છતાં કોઇના આગળ વધવાના માર્ગમાં પોતે આડખીલી રૂપે ન હોય તો જ દેશની સામાન્ય વ્યવસ્થાની અને સામાજિક ઉત્ક્રાન્તિની તાલીમ શક્ય બને. આજના આપણા માનસમાં આ વાત નિર્બળતા મનાવાનો સંભવ છે, પણ ખરી રીતે કામ કરવાની—પ્રગતિ સાધવાની—કામ કરી બતાવવાની—એ જ રીત છે.

નાનાંમાં નાનાં કાર્યો પણ જે ભાવનાત્મક દૃષ્ટિથી કરે છે તે કાર્યને એટલું મોટું બનાવી શકે છે કે એ નાનું હતું એવો કોઇને સ્વપ્ને પણ ખ્યાલ રહેતો નથી

કોઇ મોટા સ્વપ્નની ઘેલછામા જીવન ગુમાવવા કરતાં કોઇ નાના કાર્યનો આરંભ વધારે મહાન છે

અને એ આરંભ તો માણુસ બજારમા વસ્તુ ખરીદવા જાય, ગાડી ભાડે કરવા જાય, મજૂર કરવા જાય કે બસમાં બેસવા જાય ત્યાંથી પણ થઈ શકે છે.

જીવનની અકિંચનતા હણવાનો આ એક જ ઉપાય છે સુંદર રીતે જીવન જીવતાં શીખો: તમારો અવાજ, રહેણીકરણી, વ્યવસ્થા, પ્રણાલિકા, રીતભાત, વાતાવરણ, બોલવાની ઢબ, વ્યવહાર—એ સઘળાંમાં કા ડર હેય છે, કોણ સ્વરૂપ હોય છે અથવા ક્રૂરતા હોય છે—માલિકી રૂપ હોય છે. એ બન્ને રૂપ ખોટાં છે. સાચુ રૂપ શાંત હોય છે—સુંદર હોય છે

આજે આપણા મગજમાં સંસ્કારિતાને બદલે સંસ્કારિતાનો ઘમંડ ઉત્પન્ન થયો છે. એટલે એક એવી મનોદશા ઉત્પન્ન થઈ રહી છે કે માણુસને પોતે સંસ્કારી છે એ દર્શાવવા માટે, થોડું હિટલર વિષે, થોડું ખાદી વિષે,

થોડું સ્ત્રીસન્માન વિષે, થોડું રેકર્ડ વિષે, થોડું નૃત્ય વિષે—સઘળા વિષય વિષે થોડું, અને પોતાનો જીવનસ્પર્શી કોઇ વિષય નહિ—એવી થોડી થોડી હકીકતોના સંગ્રહસ્થાન જેવી પરિસ્થિતિ ધારણ કરવી પડે છે. વૈજ્ઞાનિક યુગમાં એ જરૂરી હોય છે કે માણસ છેવટ છેવટની વિચારસરણી વિષેનો પોતે જાણકાર હોય, પરંતુ વિજ્ઞાનનું પણ અંતિમ ધ્યેય તો આત્મજ્ઞાનનું જ રહેવું જોઇએ. એ દૃષ્ટિએ માણસ પોતાની વિચારસરણીમાં ફલિત થતા તાત્ત્વિક પદાર્થોને ઉવેખીને અનેક પ્રકારના વિચારોનું સંગ્રહસ્થાન થતો તેથી એ ભાગ્યે જ આગળ વધી શકયો કહેવાય એ રીતે તો પ્રાચીન ગ્રીસનો પેલો સોક્રેટિસનો શિષ્ય જ સાચો હતો કે જેણે એમ કહ્યું કે, હજી પહેલો પાઠ જ હું જીવનમાં ઉતારું છું. લોકની નજરમાં આવે કે ન આવે એવા તદ્દન નાનાં નાનાં પોતાનાં દૈનિક કામોમાં, માણસ વીરત્વની ભાવના ખીલવવાનો પ્રયત્ન કરે, તો એક દિવસ એ સાચો વીરપુરુષ બની શકે ખરો.

• ધૂમકેતુ •

'એમ કહેવામાં આવે છે કે, કવિઓ કવિ તરીકે જન્મે છે, ઘડાઇને બનતા નથી આ અર્ધસત્ય છે, અને એટલે જ પૂર્ણ અસત્ય કરતાં વધુ ખતરનાક અસત્ય છે સંપૂર્ણ અસત્ય અર્ધ-સત્ય કરતાં વધારે પ્રામાણિક ગણાય કવિઓ જન્મે છે એની 'ના' તો કોઈ માણસ, થોડી અક્કલવાળો ય નહિ પાડે પણ બધો આધાર તે કયાં જન્મ્યો છે, કયારે જન્મ્યો, કયા સંજોગોમાં અને કયા કુટુંબમાં, કયા વર્ગમા અને કયા સમાજમાં—તેના ઉપર છે. અને એમ કહેવું કે તે ઘડાઈને કવિ બન્યો નથી, એ તો કવિના વિકાસની વાસ્તવિકતાથી સાવ વિરોધી એવું અસત્ય ગણાય. કવિ કંઇ ચમત્કાર નથી, કુદરતનો અકસ્માત નથી; તે કંઇ પહેલાંથી જીવન પરત્વેની આર્ષદૃષ્ટિ લઇ અથવા તો દુનિયા માટે પેગામ લઈ અવતરતો નથી. કદાચ એમ કહેવું સાચું ગણાય કે તે થોકબંધ અનુભવક્ષમતા સાથે, એક વિશેષ પ્રકારની ગ્રહણશક્તિ લઇને, તેની ચોપાસનાં બળોને નાનપણથી પોતામાં શમાવી લેવાની ભરપૂર શક્તિ સહિત, જન્મે છે અને એ અનુભવોનો તે તેના વ્યક્ત કરવાના વાહન—વાણી દ્વારા ઉપયોગ કરે છે. પરંતુ એ હકીકતનો ઇન્કાર નહિ થઇ શકે કે, આપણે કવિને વિષે આરોપીએ છીએ તે બધા આ ગુણો જ કવિને બીજા કરતાં વધારે સુંદર સુયોજિત સતાર તરીકે સર્જે છે, જેની ઉપર બનાવો અને વ્યક્તિઓ રમે છે, અને એમાંથી જ કવિનો અને તેના સર્જનનો ઉદ્ભવ થાય છે. બીજાં માનવી કરતાં કવિ તો, વિશેષ તીવ્ર રીતે આખો સમય ઘડાઇ જ રહેલો હોય છે—માનવજાતના પલટાતા ઇતિહાસને ઘડનારી દૃષ્ટિરહિત આંગળીઓ તેને દક્ષતાપૂર્વક તથા નિશ્ચિત રીતે ઘડે છે.'

હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય

'एकता'वादी पण 'विविधता'परायण

श्री काकासाहेब कालेलकर

સ્વરાજ્યની યાત્રામા જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ આપણી નબળાઈઓ પણ વધારે ને વધારે સ્પષ્ટરૂપે માલૂમ પડવા લાગી છે અને આપણુ રાષ્ટ્રીય સગઠન કેટલુ કમજોર છે તે પણ આપણે દુ ખ સાથે જોઈ શકીએ છીએ ધર્મભેદ તો આપણી વચ્ચે છે જ તેની સાથે સડી ગયેના જાતિભેદે જે દુર્ગંધ ફેલાવી છે તેથી તો તમામ રાષ્ટ્રીય જીવન ગદુ થઈ ગયુ છે હવે જાણે એટલુ પૂરતુ નથી તેમ પ્રાન્તીય ઝઘડા શરૂ થઈ ગયા છે અને ભાષાના નામથી નવા નવા કુરુક્ષેત્ર તૈયાર કરવામા આવે છે આપણા દેશની કુદરતી વિદ્વત્તા આપણે પચાવી ન શકયા વિવિધતામા એકતા જોવી એ ભારતીય સસ્કૃતિનો સર્વોચ્ચ આદર્શ મનાયો છે પણ આ વખતે તો તે નર્યો આદર્શ જ છે વિવિધતાને વધારવાનુ આપણુ ચાતુર્ય અદ્ભુત છે આપણે વિવિધતાને અમર્યાદ રીતે વધારીએ છીએ એક એક અવયવને સપૂર્ણ શરીર માનવા લાગ્યા છીએ એક એક પ્રાન્તને સ્વતત્ર રાષ્ટ્ર બનાવવાની ફિકરમાં છીએ રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાને બદલે એને તોડી નાખવામા જ પૂરી શક્તિ અજમાવી રહ્યા છીએ વિવિધતામા એકતાને જોવાને બદલે એકતાનુ ગળુ દાબી દેવા જ જાણે આપણે વિવિધતાની ઉપાસના કરી રહ્યા છીએ

વિવિધતાને એકદમ દૂર કરીને બધા સસારમા એકરૂપતા (uniformity) સ્થાપવાનો આપણો ઉદ્દેશ ન હોવો જોઈએ. પણ સાથે સાથે જ મેળ વગરની અને અનાવશ્યક વિવિધતાનો નાશ કરવા આપણે હમેશા તૈયાર રહેવુ જોઈએ

આખા દેશમા એક જ સામાન્ય સમય (stand ard time) ચાલે એ જરૂરી છે દરેક સ્થળે સ્થાનિક સમય ચલાવવાથી રાષ્ટ્રનો વ્યવહાર નકામો જટિલ અને અશકય જેવો થઈ જશે તાર વિભાગનુ કામ જ અટકી પડશે રેલવેના સમયનુ કોઈ ઠેકાણુ નહિ રહે એથી આખા દેશને માટે એક કે બે સમય રહે એ જ સારુ છે લોર્ડ કર્ઝને આખા હિન્દુસ્તાનને માટે એક જ સમય શરૂ કરી જે હિંદી એકતા સ્થાપી તે ઘણુ સારુ કામ કર્યું છે મુબઈ અને કલકત્તા શહેરમા જે જુદા જુદા સમય રાખવામા આવે છે તેથી કોઈ લાભ દેખાતો નથી એ તો ફક્ત એક જીદનો જ સતોષ છે આસામમા સ્થાનિક સમય ચલાવીને ત્યાની સરકારે પોતાનુ પછાતપણુ સાબિત કર્યું છે સ્ટાન્ડર્ડ ટાઈમથી અર્ધા કલાકનુ અતર રાખીને એક જ 'કુમરી ટાઈમ' ચલાવવામા આવે તો ઘણી સરળતા થશે સ્ટાન્ડર્ડ ટાઈમના આતરરાષ્ટ્રીય નિયમ પ્રમાણે જો બગાળ પણ સ્ટાન્ડર્ડ ટાઈમથી અર્ધા કલાકનુ અતર રાખીને આસામની માફક આખા બગાળમા એક બગાળ ટાઈમ ચલાવી શકે છે ફક્ત રેલવે અને તાર વિભાગમા બનારસ સ્ટાન્ડર્ડ ટાઈમ ચલાવે તો તે પૂરતુ છે

દરેક જગ્યાએ માપ અને તોલ એક જ પ્રકારનું હોય તો સારુ છે માપ તોલ આખી દુનિયા ઉપર તો એક થઈ શકે છે

જ્યા જ્યા જુદા જુદા રાષ્ટ્ર છે અને એમનો વહેવાર અલગ અલગ રાખવામા સમાયેલી પ્રજાઓની રક્ષા છે ત્યા માપ તોલ જુદા હોવામા લાભ છે એમ કહેવામા આવે છે કેટલેક અશે આ વાત ખરી છે પણ એવી ભિન્નતાની રક્ષા પ્રાથમિક અવસ્થામા જ ઉપયોગી છે હમેશાને માટે તો આ વાતમા બધે એકતા રહે એ જ સારુ છે

દરેક પ્રાન્તમા જો રૂપિયા પૈસા જુદા જુદા ચલાવવામા આવે તો દરેક વ્યવહારમા જુદા જુદા હિસાબ કરતા હેરાન થઈ જવાય તોપણ આપણા દેશમા અગ્રેજોના આવવા સુધી એક જ સિક્કાનુ

ચલણ નહોતું અને શરાફો અને ગણકોના હાથમા ભોળી જનતાને — નિરક્ષર અને નિર્ગુણિત ખેડૂત અને સ્ત્રીઓને — છેતરવાનુ સારુ સાધન હતુ

કાલગણનામા આજ પણ વિક્રમ સવત, શાલિવાહન શક, બગાબ્દ અને સૌર પચાગના ભેદ મટયા નથી પણ ઉત્સાહી લોકો દયાનદ સવત અને શિવાજી સવત પણ ચલાવે છે શિવાજી વિષે પણ જન્મકાલ અને રાજ્યાભિષેકકાળમા ભેદ છે જન્મમાળમા પણ એકતા નથી એકાદશીનો ઉપવાસ કરવામા પણ સ્માર્ત અને ભાગવતનો ભેદ આપણે છોડયો નથી જ્યા સહેજ પણ મતભેદ થયો કે આપણે નવો પથ ચલાવ્યો જ છે।

એવા દેશમા જો અનેક લિપિઓનો પ્રશ્ન ચાલુ રહે તો તેમા આશ્ચર્ય જ શુ છે? આખા યુરોપમા જ્યા અઢાર ભાષાઓને માટે (લગભગ) એક લિપિ છે ત્યા આપણા દેશમા એકલી પાલી ભાષા માટે ઓછામા ઓછી ચાર લિપિઓ છે હિંદીને માટે બે, નાગરી અને ઉર્દૂ તામિલમા પણ બે, મરાઠીમા પણ કાલ સુધી છાપવાની બાળબોધ લિપિ જુદી અને લખવાની મોડી જુદી એવી સ્થિતિ હતી અદ્વૈતવાદી ભારતવર્ષે એકતાનો જેટનો દ્રોહ કર્યો છે અને ભેદની જેટલી ઉપાસના કરી છે એટલી કદાચ બીજા કોઈ દેશે કરી નહિ હોય રાષ્ટ્રીય જીવનમા કાયદાઓનુ એકરૂપ હોવુ પરમ આવશ્યક છે, છતા પણ આપણી સ્મૃતિઓમા જુદા જુદા વર્ણને માટે જુદા જુદા નિયમ છે અને આજે પણ સ્મૃતિઓના અર્થ કરવામા જુદા જુદા ટીકાકારોના જુદા જુદા મતનુ ચલણ દેખાઈ આવે છે

એવી હાલતમા આપણો રાષ્ટ્રીય સ્વભાવ એ રહ્યો છે કે જો કોઈ બળજબરીથી આપણા ઉપર એકતા લાદી દે તો આપણે લાચારીથી તેને સ્વીકારી શકીએ છીએ અને પછી એના અભિમાની થઈએ છીએ બળજબરી સામે માથુ નમાવવુ અને એની પૂજા કરવા માડવી એ ગુલામીનુ એક લક્ષણ છે કોઈ આપણા ઉપર એકતા લાદે તો ભલે, આપણુ ચાલે ત્યા સુધી તો આપણે એથી દૂર જ રહેવાના

આજે આપણે જે એકતા સ્થાપિત કરવા માગીએ છીએ તે સરકારી કાયદાની રૂએ નહિ પણ લોકોની સકલ્પશક્તિ અને જોર પર જ કરવા માગીએ છીએ

આ વાતમા ગુજરાતે એક સ્પૃહણીય ઉદાહરણ દેશ સામે રજૂ કર્યું છે ગુજરાતી ભાષાના શબ્દોની જોડણી વિષે આજ સુધી કોઈ સર્વસામાન્ય ધોરણ નહોતુ ગાધીજીએ એ સમિતિ નીમી અને ગુજરાતીનો જોડણીકોશ તૈયાર કરાવ્યો, અને આખા ગુજરાતે સરકારી મદદ વિના જ તેનો સ્વીકાર કર્યો આજ ગુજરાતી ભાષાની જોડણી અનાયાસે એક ધારામા વહેવા લાગી છે જે લોકોને આ વાતમા મતભેદ હતો તેમણે ઘણી ઉદારતાથી પોતાનો આગ્રહ તજી દીધો અને પોતાની એકપનિષ્ઠા અને સગઠનનો સકલ્પ સિદ્ધ કરી બતાવ્યો ગુજરાતની આ સ્વદેશ-સેવા આપણા દેશ માટે મામૂલી નથી

જ્યા જરૂર નથી ત્યા પણ એકતા બળજબરીથી લાવવાનો આગ્રહ આપણે નહિ રાખીએ પોશાકમા જો બધા પ્રાન્તોમા એકતા આવી જાય તો કાંઈ ખરાબ વસ્તુ નથી પણ તે ન હોય એથી કોઈ રાષ્ટ્રીય મુશ્કેલી પેદા નથી થતી જેની મરજીમા આવે તે ધોતિયુ પહેરે કે પાયજામા અથવા પાટલૂન પહેરે, ફાવે તે ટોપી પહેરે કે માથા પર પાઘડી બાધી લે અને એટલો પણ ભાર ન લેવો હોય તો માણસ ઉઘાડે માથે પણ ફરી શકે છે

રાષ્ટ્રવ્યવહારની સગળતા માટે ખાનપાનનો સમય બધે સરખો હોય એ બહુ જરૂરી છે પણ એનુ સગઠન કરે કોણ? જુદી જુદી જાતિઓના લોકો જો એકઠા થઈ ને કોઈ ઠરાવ કરી લે તો વાત સહેલ છે પણ જેનો અભિપ્રાય પૂછવા જઈએ તે પોતાની એક જુદી વાત રાખવામા પોતાની પ્રતિષ્ઠા માની બેસે છે અને એમા જ પોતાની સસ્કૃતિની રક્ષા દેખવા બેસે છે એ સ્વભાવને શુ કરવુ? જો હુ મારો જુદો અભિપ્રાય ન રાખુ તો મારી પ્રતિષ્ઠા ક્યા રહી? આપણો સિદ્ધાત છે, 'નાઽસૌમુનિર્યસ્ય મત ન ભિન્નમ્।' જો બે ઘડિયાળોનો સમય સરખો હોતો

નથી તો એ નેતાઓનો અભિપ્રાય સરખો હોય જ થી રીતે ? નેતા બનવા માટે પણ પોતાનો જુદો અભિપ્રાય રાખવો પડે છે

દરેક પ્રાન્તની પોતાની એક જુદી ભાષા રહેશે જ, ભલે ને તે ઇષ્ટ હો કે અનિષ્ટ આજ આપણે ત્યા બાર પંદર ભાષાઓ હયાત છે અને તેમને પોતાનુ સમૃદ્ધ સાહિત્ય પણ છે પ્રાન્તીય ભાષાઓને દૂર કરીને કોઈ એક ભાષા ચલાવવી એ અસભવિત છે આજ એથી લાભ નહિ પણ અનેક ભાષાઓ શીખવી અને એમાથી લાભ ઉઠાવવો એ જ આપણું રાષ્ટ્રીય કર્તવ્ય છે પણ લિપિ વિષે એ વાત નથી યુરોપની જુદી જુદી અનેક ભાષાઓ માટે જેમ એક રોમન લિપિ છે, તેવી જ રીતે આપણા દેશની બાર પંદર ભાષાઓ માટે એક લિપિ થઈ જાય તો આપણે સૌ એક બીજાની ઘણા નજીક આવી જઈએ આપણી ભાષાઓનું એકદમ આદાનપ્રદાન શરૂ થશે અને ઘણા જ વેગથી વધશે મહારાષ્ટ્રમાં પ્રચારશક્તિ ઘણી છે એટલે રાષ્ટ્રભાષાના પ્રશ્નને મહારાષ્ટ્રે બહુ ઉત્સાહ અને સહેલાઈથી અપનાવ્યો છે આખા દેશમા જ્યારે એકતા માટેના પ્રેમ અને લગની વધી જશે ત્યારે એક લિપિનો સવાલ પણ લોકો સહેલાઈથી સમજી લેશે ત્યાં સુધી લોકમત તૈયાર કરવા આ પ્રશ્નને દેશ સામે પ્રધાનપણે રાખવાનો છે એકતા અને વિવિધતા તરફ આપણી રાષ્ટ્રીય માનસિક પ્રતિક્રિયા કેવા પ્રકારની છે તેનું થોડું વિહગાવલોકન આ લેખમા કર્યું છે

હવે સ્ટાન્ડર્ડ ટાઈમ', એક લિપિ જમવાનો સમય રાષ્ટ્રીય રિવાજ વગેરે રાષ્ટ્રીય એકતાના જુદા જુદા પ્રતીકોનો વિચાર યોગ્ય સમયે, યોગ્ય ક્રમે કરતા રહીશુ *

મે ૧૯૦

*હિંદી 'સર્વોદય'માથી

સ્વ રા જ યા ત્રા

શ્રી મોહનલાલ મહેતા

યુરોપીય યુદ્ધ શરૂ થયુ ત્યારે સૌને લાગેલુ કે બ્રિટિશ સરકાર અને આપણી વચ્ચે હવે સઘર્ષ શરૂ થશે પરંતુ એક બાજુ ગાંધીજીના નિવેદનો અને બીજી બાજુ બ્રિટને પ્રજાતંત્રની વાતો કરી સમાધાનના સદેશાઓ ચલાવ્યા તેથી એ સઘર્ષ દૂર ઠેલાતો જ ગયો ગાધીજીની નામદાર વોયસરોય સાથેની છેલ્લી મુલાકાત પછી અને લોર્ડ ઝેટલેન્ડે નિવેદન કર્યું તે પછી સમાધાનની વાતો પૂરી થઈ છે અને જે સઘર્ષની ઘણા સમય સહિત્ય પહેરા રાખી હતી તેના ચોઘડિયા વાગવા માંડયા છે ગાધીજીના છેલ્લા નિવેદનો ઉપરથી આપણે સહ સાફ જોઈ શકીએ છીએ કે હવે એમને બ્રિટનની દાનતમા છાગભાર વિશ્વાસ નથી રહ્યો બીજી બાજુ બ્રિટિશ સરકાર તમામ સ્વાતંત્ર્યને રૂંધી નાખતા હિ. સરક્ષણ ધારાનો જે રીતે ઉપયોગ કરવા માંડ્યો છે તે તે રીતથી એ પક્ષની લડાયક સ્થિતિ પણ ચોખ્ખી થઈ જાય છે આજના વાતાવરણને જોઈએ તો એમ ચોખ્ખુ દેખાય છે કે બન્ને પક્ષે યુદ્ધના મોરચા ગોઠવાય છે આપણા અગાઉના સત્યાગ્રહસગ્રામ કરતાં આ સગ્રામ અનેક રીતે વધુ ગભીર હશે એવુ પણ જોઈ શકાય છે ગઈ લડતોમા આપણે જોયુ છે કે લડતનો આરભ થયા પછી અથવા તો તે વખતે જ છાવણીઓ સ્થપાતી હતી અને ભરતી થતી હતી. આજે એથી ઊલટુ જ છે આ વખતની લડાઈ આખરી લડાઈ હોય એવા ચિહ્નો માલૂમ પડે છે આ વખતે અત્યારથી જ લડાઈની તારીખ સાવ અનિશ્ચિત છે

[અનુસંધાન માટે જુઓ પાન ૫૬]

BHARATIYA VIDYA BHAVAN

છેલ્લું ફૂલ

શ્રી. ચંદુલાલ એમ. પટેલ.

ત્રડાંગ...ત્રડાંગ...ભોંપુ...ઢમ્...ઢટ...ત્રડાંગ! વિવિધ જાતનાં વાજિંત્રોમાંથી નીકળતા સૂરોની મહેફિલ ઊજવતું એ સરઘસ સાવંતવાડીની બજાર સોંસરું નીકળી નાયકિણ ગુણાઈના ઘર આગળ બાંધેલા સમિયાનામાં દાખલ થયું. પ્રભુ મલ્લિકાર્જુનના દેવાલયના ગુરવે પોતાની સાથે આણેલી તલવાર અને દેવનું અવગુંઠનવસ્ત્ર તૈયાર કરેલી ચોળીમાં વરને સ્થાને મૂકી દીધું. તેર વર્ષની શેવંતૂને વધૂનાં વસ્ત્રાલંકારો પહેરાવી તલવારની બાજુમાં બેસાડવામાં આવી. કાને કર્ણફૂલ અને પગે મેંદીનો રંગ, હાથે ઘૂઘરીઓવાળાં હેમકંકણ અને આંખમાં મોતીના સુરમાનું અંજન, કાળા કેશકલાપમાં ગૂંથેલી ગરદન પર પાછળ ઢળી પડેલી સુગંધભર્યાં જૂઈ-પુષ્પોની વેલી, અને ગળાને વીંટળાઈને છાતી પર આગળ ઝૂલી રહેલી ઝીણાં મોતીની માળા, ભરી ભરી વનરાજિ વચ્ચે શાંત શરમાળ અને સ્નિગ્ધ નદીના જેવી શેવંતૂ મંડપમાં લાગતી હતી, અને નદીને ઉપરવાસે નાની ટેકરી ઉપર આછી ઝાડી, બીજનો ચંદ્ર ખીલ્યો હોય તેમ શેવંતૂના ભાલપ્રદેશ પર વસ્ત્રાભૂષણોની ઝાકઝમાળમા બીજરેખા જેવી એક ટીલી શોભતી હતી. અને જાણે એમ પરોવાઈને લટકતી હોય તેમ રૂપિયા જેવડા પરિઘવાળી એક ગોળ નથની એના નાકને શોભાવતી હતી.

શરણાઈના સૂર બજ્યા, નગારે દાંડી પડી, અગ્નિ પ્રગટાવવામાં આવ્યો અને મંદિરના પડછંદદેહી ગુરવના ગળામાંથી ઘૂંટાઈ ઘૂંટાઈને સંસ્કૃત શ્લોકો બહાર પડવા લાગ્યા.

વહુની મા ગુણાઈ આમંત્રિત સ્ત્રીપુરુષો પાસે વારાફરતી દોડી જતી, એમને કંઈક કહેતી અને યજમાનધર્મની ફરજ બજાવતી હતી. સારંગીવાળો ઉસ્તાદ અજમલખાં 'માશાલ્લાહ, કત્લ કર દિયા, ઉસ્તાદ!' એમ અવારનવાર બોલતો તબલચી મકબુલ સાથે હરીફાઈમાં આગળ દમ ભર્યે જતો હતો.

અને આ બધાથી છેટે બેઠો બેઠો વાતાવરણના સૂરમાં પોતાની સુંદરીના સૂર ધીરે ધીરે મિલાવતો લાડુ બેઠો હતો રોજ તો એની સુંદરી બજતી ત્યારે લોકો એ જ સાંભળતા. આજે કોઈનું એની તરફ ધ્યાન નહોતું. એનું પણ કોઈની તરફ ધ્યાન હશે કે કેમ એ શંકાસ્પદ છે. ઈશ્વરે એની વાણીને મૌન બનાવીને એને અંતર્મુખ કરી નાખ્યો હતો—લાડૂ મૂંગો હતો.

આ બધા શોરબકોરની વચ્ચે 'પુણ્યાહવાચન'ની વિધિ પતી ગઈ. સાથે સાથે આરોપી લેવામાં આવ્યો નૂપુર અને પેશવાજના ધ ગણતો [ધિ પણ. આ રીતે 'કલાવન્ત' જાતિની સ્ત્રીઓના સંપૂર્ણ અધિકારોની શેવંતૂને ભેટ મળી નાયકણની પુત્રીને નયકણ બનવાનો પરવાનો સાવંતવાડીના સદ્‌ગૃહસ્થોની હાજરી વચ્ચે મળ્યો.

જ્યારે ભોજનનો કાર્યક્રમ આરંભાયો અને 'વહુ' ની મા જમતાં મહેમાનોની આગતાસ્વાગતામાં ગૂંથઈ ત્યારે લાડૂ હળવેથી ઊઠી કંપાઉન્ડની નીચે દીવાલ ટેકીને શેવંતૂના ઓરડાની પછીતે આવી ઊભો. એની આંખો ભીની થઈ ગઈ હતી. શેવંતૂ એની બાલપણની મિત્ર હતી આજે એને કોઈએ સંભાર્યો પણ નહોતો અને હવે તો શેવંતૂએ ગંભીર દુનિયાદારીની દીક્ષા લીધી.

એણે સહેજે ઊંચું બારી તરફ જોયું. એના વાંકડિયા વાળ ચમ્મરની પેઠે પાછળ ઝૂલી પડ્યા. એણે એક હાથ ઊંચો કર્યો. કોણી આગળથી વળેલો કાંડાથી ખભા સુધીનો આખો હાથ સ્નાયુબદ્ધ અને સુંદર લાગતો હતો. આંગળાં હોઠ આગળ લાવી એણે ધીરો ટહુકો કર્યો: અં...અં...!

થોડી વાર શાંત ઊભો રહ્યો, ત્યાં તો બારીએ શેવતૂ ડોકાઈ "લાડૂ!" એ આશ્ચર્યથી બોલી, "કથાલા આલા તૂ? (કેમ આવ્યો?)'

લાડૂ સામે જ જોઈ રહ્યો એ બીજું કંઈ બોલી શકે તેમ નહોતો એણે ખીસામાં હાથ નાખ્યો પણ હાથ પાછો બહાર નહોતો નીકળી શકતો

"ના કહેવ, છાના કેમ આવ્યો? જતો રહે જલદી! આઈ આવી ચડશે તો વળી ધાંધલ થશે પરમ દિવસે શાન્તેરી કામાક્ષીના મંદિરમાં મળજે જા હવે!' શેવતૂ બોલી અને એણે ગરદન અંદર ખેંચી લેવાની ચેષ્ટા કરી, પણ લાડૂને એ રીતે કાઢી મૂકવાની એની હિંમત નહોતી એટલે એ ઊભી જ રહી.

લાડૂએ હળવેથી ખીસામાંથી હાથ બહાર કાઢ્યો હાથમાં ગાયકી ગુલાબની એક અર્ધવિકસિત કળી હતી

"લાડૂ પાગલ છે! ફૂલ ના આજે અહીં ઢગલા નહોતા? અને તું આ કળી આપવા આવ્યો? પણ તને એ વિના ચેન ન પડે એ સમજું છું લુચ્ચો! શેવતૂ બોલી હસીને એણે કળી લેવા હાથ લંબાવ્યો

લાડૂના મોં પર સ્મિતની ઝલક આવી એ કળી દઈને ચાલતો થયો શેવતૂએ પાછળથી કહ્યું 'પરમ દિવસે શાન્તેરી કામાક્ષીના મંદિરમાં'

મહિના પહેલાં તો લાડૂની મા પીરૂ અને શેવતૂની મા ગુણાઈ વચ્ચે ગાઢ મૈત્રી હતી બેય એકમેકને ત્યાં જતી આવતી દિલ ખોલીને પોતપોતાની વાતો કહેતી બંને જાણે મા-જણી બહેનો બંનેનાં છોકરાં વચ્ચે પણ એવી જ પ્રીત બંધાઈ લાડૂ મૂંગો હતો પણ એની સુંદરીમાં એના ભાવો ઠલવાતા એ સુંદરી બહુ જ સરસ જાણતો શેવતૂ એની ઉપર મુગ્ધ હતી પણ એક દિવસ એક શેડો માટે બંનેની વચ્ચે કંઈક અંટસ પડી ગયો સાત સાત વરસનાં સહીપણાના અમૃતને ઝેરના એક નાના ટીપાએ ઝેર કરી નાખ્યું આંખે આંખો મળતાં આંખોમાંથી ઝેર છલકાઈ પડે એ સ્થિતિ આવી ગઈ ગુણાઈએ શેવતૂને સખત હુકમ કરી રાખ્યો 'જો હવેથી પીરૂના લાડૂ સાથે વાત પણ કરી છે તો જીવતી નહિ રાખું!'

શેવતૂનું લાડૂ સાથે હળવું, મળવું, બોલવું બંધ થયું આઠ દસ દિવસે કોઈક વાર, થોડીક વાર છાના માના બંને મળી લેતાં શાન્તેરી કામાક્ષીનું કે મર્તિકેયનું મંદિર એ એમનાં મિલનસ્થાનો શેવતૂ ધીમે સ્વરે વાતો કરતી લાડૂને પ્રભુએ વાચા નહોતી આપી પણ એના હોઠના ફફડાટમાં શેવતૂ ઘણા શબ્દોને ઉકેલતી અને પછી છૂટાં પડતી વખતે લાડૂ ખીસામાં હાથ નાખતો શેવતૂને ખબર પડી જતી કે ખીસામાંથી લાડૂ શું કાઢવાનો મલ્લિકાર્જુનના મંદિરમાંથી ભગવાનને માથે ચડેલું ગુલાબનું ફૂલ જ એ હોય શેવતૂ એને ટપલી મારીને કહેતી 'લુચ્ચા!'

લાડૂને આનંદ થયો કે આજે શેવતૂના 'શેત' વખતે પણ એ શેવતૂને ગુણાઈના આટલા સખત પહેરા વચ્ચે પણ ફૂલ આપી શક્યો. અને શેવતૂએ પોતાને બહુ ગમતું સંબોધન આપ્યું "લુચ્ચા! બહુ મીઠું સંબોધન!

શેવતૂએ ગરદનને બારીની અંદર ખેંચી અને પાછું વાળી જુએ ત્યાં તો ગુણાઈને સામેના આગળાં પસાર થતી જોઈ એના હૈયામાં ધ્રાસ્કો પડી ગયો 'માએ લાડૂ સાથે વાત કરતી મને જોઈ હોય તો? નહિ નહિ લાડૂ સાથે મારે શા માટે બોલવું? લાડૂને અને મારે શું? લાડૂમાં એવું છે પણ શું? મૂંગો! જીભ જ નહિ! બોલે ત્યારે બહુ બહુ તો 'અ અ' બસ!'

આટલા દિવસ શેવતૂ ડરી નહોતી આજે એ ડરી ગઈ આજે એને કેટલું માન મળ્યું હતું! કેટલા પૈસા મળ્યા હતા! મા ગુસ્સે થાય તો એને આમાંનું કશું જ ન મળે એ ડરી ગઈ

એણે લાડૂને શાન્તેરી કામાક્ષીના મંદિરમાં મળવાનું કહ્યું હતું પણ એ ન ગઈ લાડૂ તો મોડી રાત સુધી મંદિરને આંટા મારતો જ રહ્યો અને પછી મંદિરની પાછળના ઓટલા પર નદીના

જગતમાંથી આવતી ગતી પશુઓની લારી સાભળતો ઠંડી હવામાં આખી રાત પડ્યો રહ્યો

એણે શેવતૂના ઘર આગળ દિવસો સુધી આંટા માર્યા પણ એક વાર પણ શેવતૂ દેખાઈ નહિ ઘર-માંથી આવતા સંગીત અને નૂપુરના સ્વરોને એ બહાર ઊભો ક્યાંય સુધી સાભળતો રહેતો એ મનમાં કહેતો 'શેવતૂએ હવે ધંધો શરૂ કર્યો હવે તો એ નાચતાં શીખતી હશે ગાતાં શીખતી હશે, પુરુષોને બોલાવતાં શીખતી હશે, એ હવે મને ન મળે!" નિરાશ થઈને ગજવામાં હાથ નાખી અફીણના ફૂલને કઇંક વિચારમાં પંપાળતો ત્યાંથી ફરી પાછો વળી જતો

શેવતૂ એક વર્ષ સુધી મૃદંગ અને તંબૂરાના તાન સાથે પોતાના નૂપુરના તાનને મેળવતી રહી ઉત્તરે અને ગુણાઈની દેખરેખ નીચે અદ્ભુત, કરુણ અને બીભત્સ ઇત્યાદિ રસો સમજવામાં નૃત્યમાં એનો આવિર્ભાવ કરવામાં, સૂરોની જમાવટ, તાનના ઠેકા અભિનયનું લાસ્ય અંગોનું ચાપલ્ય એ બધું હસ્તગત કરવામાં એનો સમય પાણીના પૂરની પેઠે ચાલ્યો જવા લાગ્યો પતાકહસ્ત અને અર્ધચન્દ્રના અભિનયોમાં ગૂંથવાયેલી કપોત હંસ પદ્મ શંખ વગેરે નૃત્યભાગની દશાયેની શેવતૂ લાડૂની સુંદરીના સૂરને સાભળી શકી નહિ અને જ્યારે થાકેલી હોય ત્યારે મા અને દાસીઓ એની ખુશામતમાં અને એના મનરંજનમાં એવી લાગી જાય કે એને પોતાની જાત સિવાય કશું જ સાભરતું નહિ એને એ જુદી જ દુનિયાની લહેરોમાં હીંચતી લાગતી

ગુણાઈ એ જોઈને મનકાતી એના મનોરથ પાર પડતા હતા એનું સ્વપ્નું હતું કે એક દિવસ મુંબઈમાં સૌ એની પુત્રીને પગે પડતું આવે, ઝાંઝર, કુંડળ મેખળા નખના, બાજુબંધ, વીંટીઓ, કંકણો અનકસરો અને માળાઓથી શેવતૂને શણગારીને એ પોતાની સામે બેસાડતી મારી શેવતૂ રાણી જેવી જ લાગે છે ' એણે એક દિવસ શેવતૂને કહ્યું, 'શેવતૂ, હવે તો મુંબઈમાં તારી કદરામતો કરે એવી કોઈ નહિ હોય, આપણે આવતી વિજયાદશમી ઉપર તો મુંબઈ હશું પછી જોજે મુંબઈમાં પૈસાનો તો તારા પગ આગળ દરિયો ઊછળશે "

"મુંબઈ?" શેવતૂ બોલી ઊઠી

"મુંબઈ!' ગુણાઇના દૂર થયા પછી શેવતૂ વિચારે ચડી એના કાન પર અચાનક લાડૂની સુંદરીના સૂરો આવ્યા, ચમકીને એ ઊભી થઈ છાનીમાની બારી આગળ દોડી ગઈ બહાર જોયું લાડૂ દેખાયો નહિ

હું તે દિવસે એને વચન આપ્યા પ્રમાણે કામાક્ષીના મંદિરમાં કેમ ન ગઈ?" લાડૂની મૌન મીઠી મૂર્તિ એની આંખો સામે આવી લડૂની સાથેની ધીમી ધીમી વાતો એને યાદ આવી ગજવામાંથી હળવેથી બહાર આવતું ફૂલ એને દેખાયું

ગુણાઈ કહેતી હતી કે વિજયાદશમી પછી મુંબઈ જવાનું છે મા મુંબઈ લઈ જ જશે એની સામે પોતાનાથી કંઈ જ નહિ બોલી શકાય એ પહેલાં એક વાર લાડૂ મળી જાય—! લાડૂને મળવાની શેવતૂને તીવ્ર ઇચ્છા થઈ આવી

બીજે દિવસે બપોરે ગુણાઈ ઊંઘી ગઈ હતી કોઈ હતું નહિ શેવતૂ સાદા કપડાં પહેરી બહાર નીકળી ગઈ સીધી કામાક્ષીના મંદિરના પાછળના ઓટલા પાસે આવી એની ધારણા સાચી પડી લાડૂ લાંબા પગ કરી ભીંતને અઢેલીને બેઠો હતો મોઢામાં સુંદરી શાંત પડી હતી શેવતૂએ હળવેથી અવાજ કર્યો: ' લાડૂ!"

લાડૂ ઝબકીને જાગી ગયો શેવતૂને જોતાં એ ઓટલા પરથી નીચે ઊતરી આવ્યો, 'અ.. અ!'

શેવતૂ દોડીને એની પાસે આવી, એનો હાથ ઝાલી ઓટલા પર બેસી ગઈ

"લડૂ, ગુણાઈ આવવા નહોતી દેતી "

જાણે એ માનતો ન હોય તેમ લાડૂએ ડોકું ધુણાવ્યું "હવે તારી પાસે ખૂબ પૈસા આવ્યા હવે તું મારી પાસે શાને આવે? 'અ અ'" એ જ

શબ્દોમા એણે મૌનની ભાષામા કહ્યુ. શેવતૂ એનો પ્રતિકાર ન કરતા નીચુ જોઈ રહી

"ગુણાબાઈ હવે મને મુબઈ લઈ જવાની!" શેવતૂ બોલી

"આ!" લાડૂ આશ્ચર્ય અને દુ ખથી બોલ્યો.

"બન્ને એકમેક સામે ક્યાય સુધી જોઈ રહ્યા શેવતૂને સમજ્યુ નહિ કે આગળ શુ બોલવુ? લાડૂ શુ કહેતો હતો એ તો એ સમજતી હતી લાડૂ કહેતો હતો ગુણાબાઈને ના કહી દે ભાગી આવ, આપણે બન્ને ક્યાક નાસી જઈશુ સાથે રહીશુ, મઝા કરશુ '

'પકડાઈ જાઉ તો ગુણાબાઈ મારી નાખે ' શેવતૂના મનમા જવાબ હતો પણ એને એ જવાબમા વિશ્વાસ નહોતો એટલે એ મોઢેથી બોલતી નહોતી. એ નિરુત્તર જ રહી

કેટલીક વાર પછી શેવતૂ બોલી, "છેલ્લે એક વાર તારી સુદરી સભળાવ ને!"

લાડૂએ સુદરી વગાડી. પણ વગાડવામા એને મઝા ન આવી શેવતૂએ કહ્યુ 'હું મુબઈ જાઉ છુ એ તને ગમતુ નથી, લાડૂ'"

લાડૂ નીચુ જોઈ ગયો

સાજ પડવા આવી હતી ગુણાબાઈ ઊઠશે અને પોતાને નહિ જુએ તો ધમાલ કરી મૂકશે એ બીકે શેવતૂ ઊઠી 'મુબઈ જતા પહેલાં એક વાર મળીશ "

શેવતૂ ચાલી લાડૂ એની પાછળ ચાલ્યો થોડે સુધી એ સાથે ચાલ્યો

"હવે હું જઈશ." લાડૂએ પકડેલો પોતાનો હાથ સરકાવવાનો પ્રયત્ન કરતી શેવતૂ બોલી પણ લાડૂ હાથને છોડવા માગતો નહોતો

"ફરી મળશુ " શેવતૂ બોલી અને એણે હાથને છોડાવ્યો લાડૂએ ફરી પકડી લીધો અ-!'

"કેમ, કઈ કહેવુ છે?" શેવતૂ બોલી અચાનક એની નજર લાડૂના બીજા હાથ તરફ ગઈ એ હાથ ક્યારનો યે ગજવામા રમી રહ્યો હતો.

"ઓહ, હું તો ભૂલી જ ગઈ, ફૂલ! લાવ, લાવ, ઘણે વખતે આપે છે, ખૂબ ગમશે આ આપણુ છેલ્લુ ફૂલ? ના ના હજી તો આપણે મળવાના છીએ " શેવતૂ બોલી.

હળવેથી ગજવામાથી હાથ કાઢી લાડૂએ ગુલાબનુ ફૂલ શેવતૂના હાથમા મૂક્યુ

"લુચ્ચો!" શેવતૂએ ટપલી મારતા કહ્યુ અને પછી ઝડપથી ચાલવા માડ્યુ લાડૂ એની પાછળ જોઈ રહ્યો.

શેવતૂએ મુબઈ જતા પહેલા લાડૂને ફરી મળી લેવાની ખૂબ ઇચ્છા કરી હતી લાડૂ પણ એના મકાન આગળ એ ઇચ્છાથી ફેરા કરતો પણ બન્ને ન મળી શક્યા, ગુણાબાઈનો પહેરો બહુ મજબૂત હતો

શેવતૂ રાણી બનીને મુબઈ આવી રાણી બન્યા પછી થોડા દિવસ તો એને લાડૂનુ ફૂલ યાદ આવ્યા કર્યુ એના મનમા ખૂચતુ હતુ કે વચન આપ્યા છતા તે એને આમ બીજી વાર મળી ન શકી! અને આ છેલ્લી વાર તો એણે કેટના વિશ્વાસથી કહ્યુ હતુ 'આ છેલ્લુ ફૂલ નથી, હો લાડૂ!' અને એ છેલ્લુ જ ફૂલ બની ગયુ!

એક દિવસ મહિનો, વરસ રાણીની આસપાસ ગુણાબાઈ મધમધતુ વાતાવરણ રચતી ગઈ અને રાણી એ વાતાવરણની મધમાખ બની ગઈ નિતનવા રગ રગીલા અને છેલછબીલાઓ એના બારણે આવતા, દોડીને એ સામે જતી, આવનારના બે હાથ પોતાના હાથમા પકડી લઈ ઝુલાવતી એને અદર બેચી જતી. મિજલસોમા નાચતા ચક્કર લઈ છેલ્લો ઠૂમકો લેતાં એ કોઈ શેઠિયા પાસે બેસીને એની હડપચી પોતાની કોમળ આગળીથી ઊંચી કરતી ત્યારે ગુણાબાઈ ખૂણામા બેઠી મલકી જતી.

તરેહતરેહની સજાવટ કરીને બેઠેલી વેશ્યાઓ વચ્ચેથી એ મટકાટ સાથે ગુણાબાઈ જ્યારે પસાર થતી ત્યારે સૌ ઈર્ષાથી બળી જતી 'હસી લે, આજે રાણીને બારણે મુબઈ ભીડ જમાવે છે, આજે તું નહિ હસે તો ક્યારે હસશે!'

શેવંતૂને પણ એ મલકાટનો જ પ્રકાશ સર્વત્ર દેખાતો હતો. એ પ્રકાશમાં નહાતી એ સુવાળી તળાઈઓમાં ખૂંતી જઈને આહ્‌લાદતી. એ પોતે એ આહ્લાદમાં ખોવાઈ ગઈ હતી ત્યાં લાડૂ તો શેનો શોધ્યો જડે? નવા રંગો, નવી વાંછના અને નવા સૂરોના ઘેઘૂર ઘેનમાં એ મસ્ત હતી! ત્યારે પેલો મૂંગો? છટ્!

પણ લાડૂને તો શેવંતૂ સિવાય શું હતું? એની સુંદરી પણ એના ગજવામાં ચુપ પડી રહેતી. એની મા એના પર ગુસ્સે થઈ. "મૂઆને જીભ તો છે નહિ અને સપનાં જુએ છે અપ્સરાનાં! એ કરતાં જીભ ઠેકાણે રાખીને મિજલસમાં સુંદરી સરખી રીતે વગાડીશ તો બે પૈસા પેદા થશે ને પેટ ભરાશે." પણ લાડૂના સાંભળવામાં એ ન આવ્યું મા વધુ ગુસ્સે થઈ, એક વાર માર્યો, લાડૂ ભાગી ગયો.

ભાગીને લાડૂ મુંબઈ જ આવ્યો. 'શેવંતૂને શોધવી. પણ ક્યાં શોધવી? કેટલી બધી વેસ્યાઓ! જીભ વિના પૂછવું કોને કે શેવંતૂ ક્યાં રહે છે? લખતાં યે આવડતું નહોતું. વેશ્યાઓના લત્તામાં હળવે સૂરે એ સુંદરી વગાડતો ચાલ્યો.

ત્રણ દિવસનો ભૂખ્યો હતો. થાકીને એક ઓટલા પર બેસી ગયો. સુંદરી તો મોઢામાં જ પડી હતી. ધીમે ધીમે સૂરો નીકળતા હતા. એની આંખો બંધ થઈ ગઈ હતી. સામે, બાજુએ, ઉપર–બધે વેશ્યાઓનાં ઘર હતાં કંઈક લોકો આવતા જતા હતા. કોઈ ઉતાવળે, કોઈ ધીમે, કોઈ લપાતા છુપાતા, કોઈ બેપરવાઈથી. એની સુંદરીએ આવતા જતાઓને ખેંચવા માંડ્યા. કોઈ એની ચાળમાં પૈસા નાખતા હતા. પૈસાના અવાજથી લાડૂએ આંખો ખોલી. ટોળું જોઈ એ ગભરાયો. ખોળામાં પૈસા જોઈ ચમક્યો.

"બજાઓ, બજાઓ," બે ચાર જણાએ કહ્યું.

લાડૂએ માથું ધુણાવ્યું ઊભો થઈ ગયો. પૈસા નીચે પડી ગયા. અચાનક કંઈ યાદ આવ્યું. પૈસા એકઠા કરીને ગજવામાં નાખ્યા અને ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં એના મનમાં થયું, "ખાધા વિના તો ચાલશે નહિ, આમ પૈસા મળતા હોય તો શું વાંધો છે?"

એને ખાવામાં તો વાંધો નહોતો આવતો, ખાઈને જ શું કરવું? શેવંતૂ મળતી નથી તેનું શું?

એક દિવસ એ સુંદરી બજાવતો એક મકાન આગળથી ચાલ્યો જતો હતો ત્યાં મકાનની અંદરથી એણે સૂરો આવતા સાંભળ્યા:

રીમઝીમ રીમઝીમ બરસત બદલી
છાઈ ઘટા ઘનઘોર
પ્યાસકી આગ મિટી પપિહા કી
મિટ ગયા પિયુ કા શોર

એ ઊભો રહી ગયો. એ મકાન તરફ વળ્યો. દરવાજે ચોકીદાર ઊભો હતો. લાડૂએ ઇશારાથી એને વીનવ્યો, "જવા દે!" ચોકીદાર ગુસ્સે થયો, "ચલ, મૂંગાને પણ કંઇ શોખ થાય છે!"

શેવંતૂનું જ એ ગળું! હજી પણ સૂર આવે છે:

પ્યાસ બની રહી, શાંત હુઆ નહીં
મન કા પપિહરા મોર
દિલ કી ધરતી, રહ ગઈ તપતી
પાંઉ કહાં પૈ ઠોર!

પણ ચોકીદાર પીગળતો નથી તેનું શું? ક્યાંય સુધી લાડૂ બહાર ઊભો રહ્યો. અંદર શાંતિ છવાઈ ગઈ. પાછલે બારણેથી બધાં ચાલ્યાં ગયાં. નિરાશ થઈ લાડૂ ચાલ્યો ગયો.

બીજે દિવસે એ જ નિરાશામાં એ એક ફૂલવાળાની દુકાને ઊભો હતો. એક મોટું સરસ ગુલાબ એણે ખરીદીને હળવેથી ગજવામાં મૂક્યું, પણ એને આશા નહોતી કે એ ફૂલનું સન્માન થશે.

એ ઊભો હતો ત્યાં એક માણસ ઉતાવળે ઉતાવળે ત્યાં આવ્યો. અગાઉથી તૈયાર કરાવેલો ફૂલનો કરંડિયો એણે બહાર કઢાવ્યો. લાડૂ પડખે ઊભો હતો તેને બોલાવ્યો, "એ ય, ઉઠાવ, મજૂરી મળશે."

લાડૂએ કશો વિચાર કર્યા વિના ટોપલો ઉઠાવી લીધો.

* * ગઈકાલવાળા મકાન આગળ જ તેઓ આવ્યા મકાનની અંદર મોટી મિજલસની ગોઠવણ હતી મોટી જાજમ ઉપર મોટા તકિયાઓ ગોઠવેલા હતા શ્રોતાઓની ઠઠ જામી હતી હજી કેટલા ય નવા આવે જતા હતા લાડૂ છાનોમાનો એક થાંભલાની પાછળ બેસી ગયો

અચાનક સૌના કાન ચમકાવતો અવાજ આવ્યો 'રુમઝુમ !'

"રાણી — રાણી ! વાહ રાણી !" સૌએ તાળીઓના ગડગડાટથી અવાજને વધાવી લીધો

"રાણી ? નહિ આ શેવતૂ જ છે ' લાડૂ મનમાં બોલી ઊઠ્યો એનો હાથ ગજવામાં ગયો, ઉત્સાહથી એ અર્ધો બેઠો થઈ ગયો, પણ આ સમૃદ્ધ અને શેવતૂનો આ ઠાઠ ! એ પાછો નીચે બેસી ગયો એ શેવતૂની સામે જ જોઈ રહ્યો એના રૂપ-રંગ, છટા અને ઠાઠમાઠ સાવ જ બદલાઈ ગયા હતા, પહેલાની શરમાળતા તો એનામાં જરા ય નહોતી

એ તો વિચાર કરતો હતો પણ બીજા સૌ રાણીના નૃત્ય ઉપર ડોલતા હતા અચાનક તાળીઓનો ગડગડાટ થયો અને એ જાગ્યો નૃત્ય પૂરું થયું હતું અને શેવતૂ સૌને થાપ આપી અંદર દોડી ગઈ હતી

લાડૂએ એને દોડી જતી જોઈ અને એનાથી ન રહેવાયું એ એકદમ ઊઠ્યો અને એની પાછળ જ દોડ્યો કોઈની પરવા કર્યા વિના દોડીને એ શેવતૂની સામે આવી ઊભો શેવતૂ એને જોઈને ચમકી "તું ?"

લાડૂએ ગજવામાંથી ફૂલ કાઢ્યું શેવતૂએ ફૂલ લઈને મસળીને નીચે ફેંકી દીધું 'ભાગી જા, નહિતર આ મારી નાખશે હું જ તને કહું છું કે ભાગી જા, તું એક ગામડિયો, એક મૂંગો —!'

શેવતૂ બોલ્યે જ રાખતી હતી લાડૂ પીઠ ફેરવીને ચાલતો થયો અચાનક શેવતૂએ એની શિથિલ ચાલને જોઈ એના શબ્દો એના મોમાં રહી ગયા એ એક ડગલું આગળ ચાલી પણ પછી તરત અટકી ગઈ એણે એને જવા દીધો

એના ચાલ્યા ગયા પછી એ જગા આગળ આવી ઊભી લાડૂ લોકોની પાછળથી સરકતો ચાલતો હતો ત્યાં અચાનક એને એક જણાએ બૂમ મારી એ હતો લાડૂને માથે ફૂલનો ટોપલો ચડાવી લાવનાર 'અરે, તને મજૂરી આપતાં ભૂલી જવાયું તું એટલા ખાતર અહીંથી ગયો નથી ? લે આ મજૂરી "

પેલાએ સામે આવી પૈસા આપ્યા એટલે લાડૂએ એ ગજવામાં નાખ્યા

મજૂરી આપનાર પાછળ ફર્યો એટલે શેવતૂએ એને ઇશારાથી પાસે બોલાવ્યો "એ મજૂરને મેં સુંદરી વગાડતાં સાંભળ્યો છે સરસ વગાડે છે મારા નામથી પૂછો, વગાડશે ?' રાણી જેવી એક નામાંકિત ધનવાન અને અભિમાની સ્ત્રી પોતાની સાથે વાત કરે એ તો મોટું માન મળ્યું કહેવાય પેલો એકદમ દોડીને રસ્તા પર આવતા લાડૂ પાસે પહોંચ્યો.

"સુંદરી બજાવશે ? રાણી ખુશ થશે તો ન્યાલ થઈ જઈશ "

લાડૂએ માથું ધુણાવ્યું

"મૂરખ છે !' કહીને પેલો ચાલ્યો ગયો

શેવતૂએ જવાબ સાંભળીને નિસાસો મૂક્યો એના મનમાં બેચેનીનું તુમુલ જાગ્યું 'મેં એનું કેવું અપમાન કરી નાખ્યું જૂના દિવસોનું સ્મરણ આવી ઊઠ્યું અને આજની કીર્તિ, આજનું સુખ, માન, બધું ફિક્કું લાગવા માંડ્યું એ વિચાર કરતી ઊભી હતી ત્યાં ગુલાબાઈ આવી. 'અરે છોકરી, તું તો હજી આમ ઊભી છે, બીજા નાચ માટે તૈયાર પણ થતી નથી ! બહાર બધા રાહ જુએ છે જલદી કર. હું જાઉં છું અજમનખાં અને માણુવ સાથે ઉસ્તાદ શંભુપ્રસાદજી છે, તને તો એમની જોડે ફાવે છે "

ગુલાબાઈ ચાલી ગઈ આજે શંભુપ્રસાદજીની ઝડપની કસોટીમાં ઊતરવાનું છે એ ધ્યાન આવતાં

શેવતૂ એકદમ હોંશમાં આવી ગઈ, એ હળવેથી બહાર નીકળે છે

શંભુપ્રસાદજી મૃદંગનો સુર ઠીક કરતા હતા. એમણે ઊંચુ જોયું, "હાં, કાલે તો જરા વાર લાગી હતી, હવે આજે સંભાળજે. પાંચજ મિનિટમાં થાપ આપી દઉં. જરા હોશિયારીથી કામ લેજે" હસતાં હસતાં એ બોલ્યા. શેવતૂ પણ હસી.

"તૈયાર શની?" શંભુપ્રસાદ પૂછે છે

"જી" શેવંતૂ જવાબ આપતાં પગથી ઠેકો લે છે. ગુરુશિષ્યા વચ્ચે તાલયુદ્ધ શરૂ થઈ જાય છે. શરૂ કરતા પહેલાં શંભુપ્રસાદજી મોટા ઘડિયાળમાં જોઈ સમય નોંધી લે છે.

ઝમ—ઝમ—ઝમક—ઝમ પગનાં ઝંઝરનો સૂર ઘૂંટાય છે ને મૃદુંગના તાલ સામે એ ટક્કર લે છે. મૃદંગની કોઈ મૂઝવનારી લઢણને પણ શેવતૂ પગના નૂપુરમાં અટવાવી દે છે. વચ્ચે વચ્ચે 'વાહ-!' કહેતા શંભુપ્રસાદજી એને બિરદાવી દે છે અને શ્રોતાગણ 'કમાલ, કમાલ' બોલી ઊઠે છે. શંભુપ્રસાદના હાથની ગતિ વધે છે શેવતૂ પગના પટકારને એની અજબ ચપળતાથી મિલાવ્યે જાય છે છુમ-છમક.. છા...

"ઓહો! પણ હવે ખબરદાર શની!" કહેતા શંભુપ્રસાદ શૂર પર ચડે છે. અને શેવતૂના અંગ-માંથી હારવાની આગાહીની એક આછી ભીતિ ચમકી જાય છે. મૃદંગ પર થાપી પડે છે, પણ ભીતિમાં શેવંતૂના પગમાં ચેતન થનગની ઊઠે છે એ સુરંગના સૂરનો છેડો ઝાલી પગના થડકારને એના દોરે દોરે નચવા છોડી મૂકે છે

'મારો લાડૂ નહોતો આવવાનો, પણ એને ખબર પડી ગઈ કે આજ એની શેવંતૂની લાજ રાખવાનો દિવસ છે શેવંતૂ બેધ્યાન બને, ઝાડ કદી નહિ થવા દે લડૂ, આજે તો ઉસ્તાદજી પણ ભલે કાંડાં કાપી નાખે' મનમાં, શેવતૂ હર્ષથી બોલી ઊઠની હતી શંભુપ્રસાદ ફરી બોલે છે. "જરા હોશિયારી સે, શની!"

"હાં, હાં, આપ કશી ઘબરા રહે હો?" શેવતૂ હસીને કહે છે.

ઉસ્તાદજીને આ શબ્દોથી ચાટી ગઈ. 'ત્યારે તો હવે, શની—"

"હાં જી, આપ ખબરદારીથી તાલ આપતે જાઓ." શેવંતૂ બોલે છે.

કાર્તિક યુદ્ધ જામ્યુ સુંદરીના સ્વર સમકારોને પોતાની મદદમાં ઊભેલા જોઈ શેવતૂ હિંમતમાં રહી આક્રમણ કરતી હોય તેમ ઉસ્તાદજીના મૃદંગની કરામતોને પકડી પકડીને પગ નીચે ચગદવા માંડી. ઉસ્તાદજી પણ ઊભા થઈ જવા લાગ્યા પણ પેલો સુંદરીવાળો એને જબરદસ્તીથી પોતાની સાથે જ રાખતો હતો અને સુંદરીના સૂરમાં શેવતૂ બરાબર ચાલે રાખતી હતી

"લાડૂ!" શેવંતૂએ એક મૃદુ ઉચ્ચાર કર્યો. લાડૂએ એ બરાબર સાંભળ્યો, એણે સહેજ સામું જોયુ અને પછી અચાનક સુંદરી ઝબકી, અને મૃદંગ બજાવતા ઉસ્તાદજીને હજી કંઈ ભાન આવે તે પહેલા તો સુંદરી પર નાચતી શેવતૂ એકદમ વિજયાસને બેસી ગઈ

"હા, ક્યા હુઆ? ઉસ્તાદજી તાલ ચૂક્યા!" લોકો હજી તો પ્રશ્ન કરે છે, ત્યા તો 'આવુ છું,' કહેતી શેવતૂ લડૂનો હાથ પકડી બહાર દોડી ગઈ.

બહાર એક ટેક્ષી ઊભી હતી જ્યાતે ચમાઓ 'શેવંતૂએ હુકમ કર્યો, ટેક્ષી ઊપડી ઊપડીને તે સાથે જ ગતિમાં આવી લાડૂ મૂગો મૂંગો આશ્ચર્યથી શેવતૂ સામુ જોઈ રહ્યો.

"મારી પાસે ઘરેણાં ઘણાં છે, આપણે ભૂખે નહિ મરીએ. ગામડામાં જઈશું. હું પાદરમાં બેસી રહીશ તું મારે માટે ગામડાનાં કપડાં લાવજે આપણે સાથે જ રહેશું.' શેવંતૂ લડૂના કાન પાસે હોઠ લાવીને બોલી.

લાડૂ આંખો પટપટાવતો એની સામે જોઈ રહ્યો. એને સમજાયું નહિ પણ એને લાગ્યું કે આજે એનું હૃદય પ્રેમથી ઉભરાઈ ઊઠ્યું છે.

એણે ગજવામાં હાથ નાખ્યો, પણ ગજવામાં ફૂલ નહોતું

"ફૂલ નથી ને?" શેવંતુ બોલી, "નહિ જ હોય. તારું હતું ફૂલ તો મેં મસળી નાખ્યું, બે વાર મસળી નાખ્યું પણ હવે તું-તું જ મને મળી ગયો ને! છેલ્લા ફૂલે જ મને અને તને વધુ નજીક ખેંચ્યા છે."

લાડુ મૂંગો મૂંગો એની સામે જોઈ રહ્યો. શેવ ફરીથી ચાલી ન જાય, માટે એ એને બને તેટલું પી લેવા માગતો હતો.

અને શેવંતુ પણ બધું ભૂલી લાડુની જ મૂર્તિ સાથે મગજમાં રહે માટે આંખો મીંચી એની સાથેના ભાવિ જીવનના સ્વપ્નને જોતી હતી.

—અને ટેક્ષી એમને મુંબઈની બહાર લઈ જતી હતી

યુરોપ અને લઘુમતીઓ

શ્રી ડુંગરશી ધરમશી સંપટ

યુરોપના ઘણાખરા દેશોમાં લઘુમતીઓ છે કેટલાક દેશોમાં એ લઘુમતીઓ પોતાના બહુમતિ પાડોશીઓ સાથે અત્યંત મૈત્રીભાવથી રહે છે જ્યારે કેટલેક ઠેકાણે લઘુમતીઓ અને બહુમતીઓ વચ્ચે અત્યંત કલેશ અને રાગદ્વેષ યુક્ત ઘર્ષણ ચાલ્યા જ કરે છે સતત પ્રયાસો, સમજાવટ કે આંખમીંચામણાં કરવાથી પણ આ પ્રશ્ન એ દેશમાં હળવો થતો નથી લઘુમતીઓ પણ ઘણી જાતની છે કેટલીક જાતીય લઘુમતીઓ છે, કેટલીક ધાર્મિક છે, કેટલીક સાંસ્કૃતિક છે તો કેટલીક વિચારભેદમાંથી જન્મેલી છે યાહૂદી જેવી લઘુમતીઓ ધાર્મિક જાતીય તેમ જ સંસ્કૃતિક એમ સર્વ રીતે બહુમતીથી જુદી પડે છે યુરોપમાં મુખ્ય ધર્મ ખ્રિસ્તી છે પરંતુ એમાંથી જ ઉદ્ભવેલા જુદા જુદા પંથો અને સંપ્રદાયો સેંકડો વરસો થયા પરસ્પર ઝનૂનથી લડતા આવ્યા છે એ માટે અનેક ધાર્મિક યુદ્ધો અને ભયાનક દમન થયા છે આજે પણ પરસ્પર ધાર્મિક દ્વેષ ચાલુ છે પરંતુ આગઉના જેવા ધાર્મિક યુદ્ધો આજે અસ્તિત્વ ધરાવતા નથી

ગ્રેટબ્રિટન

ગ્રેટબ્રિટનની સવા ચાર કરોડની પ્રજામાં સવા ત્રણ કરોડ અંગ્રેજો છે બાવીસ લાખ વેલ્સના વતનીઓ છે લઘુમતી તરીકે તેઓ કોઈ કોઈવાર બડબડાટ કરે છે, પરંતુ અંગ્રેજો એમને સમજાવી રાખે છે તેથી સાધારણ ધૂંવાંફૂંવાં થવા સિવાય તેઓ વિશેષ ગડબડ કરતા નથી સ્કોટલેન્ડની વસ્તી પચાસ લાખ મનુષ્યોની છે સ્કોટલેન્ડ અને ઇંગ્લેન્ડ વચ્ચે સેંકડો વર્ષો સુધી યુદ્ધો થયા છે સ્કોટલેન્ડનો રાજા જેમ્સ પહેલા તરીકે ઇંગ્લંડની ગાદીએ બેઠો ત્યારથી બન્ને દેશો એકત્ર થયા છે સ્કાટલોકો વેપારી તરીકે ઘણા સાહસિક છે તેઓમાં ઇંગ્લેન્ડથી જુદું રાજ્ય સ્થાપવાની હિલચાલ કેટલીક વાર ઘણું જોસ પકડે છે પરંતુ અંગ્રેજો બહુ જ દૂરદર્શી હોવાથી આવા સમયે સ્કાટલોકો તરફ તેઓ ખૂબ સમભાવ પૂર્વક વર્તે છે એથી સ્કોટલોકોની જુદા પડવાની હિલચાલ ગમે તેટલી જોસભરી હોય તો યે દબાઈ જાય છે વર્તમાન યુદ્ધમાં સ્કોટ-પ્રજા વેલ્સની પ્રજા તેમ જ અંગ્રેજો બધા એકમતીથી જ કામ કરી રહ્યા છે

આયર્લેન્ડ

ગ્રેટબ્રિટનની તદ્દન નજીકનો બેટ તે આયર્લેન્ડ છે આયર્લેન્ડના અત્યારે બે ભાગો છે તેમાં મુખ્ય ભાગ આયરીશ ફ્રી સ્ટેટનો છે તેનો વિસ્તાર પોણા બે કરોડ એકરનો છે વસ્તી ૩૦ લાખની છે આયરીશ ફ્રી સ્ટેટ માત્ર કહેવા પૂરતું જ ગ્રેટબ્રિટનનું સંસ્થાન ગણાય છે ખરી રીતે એ ગ્રેટબ્રિટનથી

તદ્દન સ્વતંત્રપણે જ વર્તે છે. એનો મુખ્ય પ્રધાન ડી વેલેરા સ્વતંત્ર મિજાજનો માણસ છે. પહેલાં આયર્લૅન્ડ ગ્રેટબ્રિટન સાથે જોડાયેલું હતું. ઓલિવર ક્રોમવેલે આયર્લૅન્ડ જીતી બ્રિટન સાથે એને જોડી દીધું હતું. પરંતુ આયરીશ લોકો એટલા બધા સ્વતંત્રતાપ્રિય છે કે તેઓ કોઈ પણ દેશનું પોતાના દેશ ઉપર આધિપત્ય ચલાવી લેતા નથી. આથી તેઓએ ઇંગ્લૅન્ડના શાસન સામે વરસો સુધી ઝુંબેશ ચલાવી. છેલ્લાં ૭૫ વરસોથી આયરીશ હોમરૂલની ચળવળ ખૂબ જોસથી ચાલતી હતી. બ્રિટિશ પાર્લામેન્ટમાં આયર્લૅન્ડના ૮૦ સભ્યોએ એકસંપી કરી અંગ્રેજ પ્રધાનમંડળને દશકાઓ સુધી અતિશય ત્રાસ આપ્યો હતો. છેવટે મુખ્ય પ્રધાન મી. ગ્લેડસ્ટને આમની સભામાં આયરીશ હોમરૂલ બિલ બે વખત પેશ કરેલું. પરંતુ તેની હાર થવાથી આયર્લૅન્ડ સ્વતંત્ર શાસન મેળવવા ભાગ્યશાળી થયું નહોતું.

પણ એથી આયરીશ લોકો નિરાશ થયા નહિ. તેઓએ સ્વતંત્રતા મેળવવા માટે ભગીરથ પ્રયત્નો કર્યાં. આક્રમણો, અત્યાચારો, મારામારીઓ અને ઝપાઝપીઓથી આયરીશોએ અંગ્રેજોને હેરાન કરવા માંડ્યા. અંગ્રેજોએ તેઓને દબાવી દેવા માટે સખત દમન શરૂ કર્યું. પરંતુ તેથી આયરીશોનો ઉત્સાહ નાશ પામ્યો નહિ. અંતે અંગ્રેજોને આયર્લૅન્ડને સાંસ્થાનિક દરજ્જો આપવો પડ્યો. એ પછી ત્રીજે વરસે ડી વેલેરાના હાથમાં રાજ્યસત્તા આવી. એણે ધીમે ધીમે આર્થિક અને રાજ્યદ્વારી સ્વતંત્રતા મેળવી લીધી. સૈન્ય, પરદેશનીતિ તેમજ રાજકીય રીતે આયર્લૅન્ડ આજે તદ્દન સ્વતંત્ર છે. સમગ્ર બ્રિટિશ શહેનશાહતે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું છે પરંતુ આયરીશ ફ્રી સ્ટેટે તો તટસ્થતા જાહેર કરી છે. આયરીશ લોકો રોમન કૅથોલિક છે. તેઓ પોતાની આયરીશ ભાષા વાપરે છે.

અલ્સ્ટર અથવા ઉત્તર આયર્લૅન્ડ

આયર્લૅન્ડનો અલ્સ્ટર પરગણાના નામથી ઓળખાતો ઉત્તર વિભાગ આયરીશ ફ્રી સ્ટેટથી જુદો છે. ઓલિવર ક્રોમવેલે જ્યારે આયર્લૅન્ડ જીત્યું ત્યારે તેણે અંગ્રેજોને મોટી જાગીરો આપી ત્યાં વસાવ્યા. લાગવગ, સમૃદ્ધિ અને જાતીય અભિમાનને કારણે આ લઘુમતિએ આયર્લૅન્ડની સ્વતંત્રતાની હીલચાલમાં જબરદસ્ત વિઘ્નો નાખ્યાં હતાં. આયર્લૅન્ડ આઝાદ ન થાય એ માટે તેઓએ ભગીરથ પ્રયત્નો કર્યા હતા. 'જો આયર્લૅન્ડને સ્વરાજ્ય આપશો તો અમે બંડ ઉઠાવશું' એવી સક્રિય ધમકી પણ તેઓએ અંગ્રેજોને આપી હતી. આથી ડરીને અંગ્રેજોએ એમને આયર્લૅન્ડથી જુદા કરી તેનો એક અલગ પ્રાંત બનાવી તેમને સાંસ્થાનિક દરજ્જાની જુદી હકુમત આપી છે. આમ આયર્લૅન્ડ બે વિભાગમાં વહેંચાઈ ગયું છે. એનો વિસ્તાર કુલ ૩૩॥ લાખ એકરનો છે તેની વસ્તી ૧૨॥ લાખની છે. આયરીશો રોમન કૅથોલિક છે જ્યારે આ અલ્સ્ટરવાસીઓમાં ઘણા પ્રૉટેસ્ટંટો પણ છે. એમને મેળવી લેવા માટે ડી. વેલેરા ઘણા પ્રયત્નો કરે છે પરંતુ આ લઘુમતિ અંગ્રેજોને છોડવા માગતી નથી. લઘુમતિના આ અક્કડ વલણ પાછળ અંગ્રેજોની કૂટનીતિ જ કામ કરી રહી છે એવી ડી વેલેરાની માન્યતા છે. એક આયર્લૅન્ડ ઊભું કરવાના તેના પ્રયત્નોમાં વિઘ્ન નાખવા માટે અલ્સ્ટરવાસીઓને અંગ્રેજોએ જ બહેકાવ્યા છે એમ તે દૃઢપણે માને છે. આથી તેને બ્રિટન પ્રત્યે જરાયે સદ્ભાવ નથી. એટલું જ નહિ પણ અંગ્રેજોની કૂટનીતિને જેર કરી આયર્લૅન્ડને કોઈ પણ ઉપાયે એક બનાવવાનો તેણે દૃઢ સંકલ્પ કર્યો છે.

ફ્રાન્સ

ફ્રાન્સમાં લગભગ ચાલીસેક લાખ ઇટાલિયનો વસે છે. પરંતુ લાગવગ, સમૃદ્ધિ અને શક્તિમાં પછાત હોવાથી તેઓ માથું ઊંચકી શકતા નથી. ફ્રાન્સને ૧૯૧૮માં જર્મની પાસેથી જે આલ્સેસ અને લોરેન પ્રાન્તો મળ્યા છે તેમાં જર્મનોની બહુમતિ છે. એમની જર્મની સાથે ભળી જવાની ઇચ્છા છતાં એ વાત રાજ્યદ્વારી કારણોસર દબાઈ રહી છે. ફ્રાન્સમાં રાજદ્વારી પક્ષોમાં ખરેખર સખત મતભેદો છે. એક પક્ષ રાજાને પાછા લાવવાની તરફેણ કરતો પક્ષ છે. પણ તેનું બળ દિન પ્રતિદિન ઘટતું જાય છે. સામ્યવાદી

પક્ષનુ પ્રાબલ્ય વિશેષ છે તેથી હમણા યુદ્ધ વખતે એ પક્ષ ઉપર સખત જાપ્તો મૂકવામા આવ્યો છે તેમના નેતાઓમાથી મુખ્ય મુખ્યને જેલમા પૂરવામા આવ્યા છે ફ્રાન્સના સમાજવાદીઓ અને સામ્યવાદીઓએ એકત્ર થઈને એક સપ્તાહમા ચાલીશ કલાક કામ કરવાનો કાયદો પસાર કરાવ્યો હતો પરિણામે ફ્રાન્સમા ઉદ્યોગોમા અતિશય મદી આવી ગઈ હતી તેમા યે ખાસ કરીને સૈન્ય-સામગ્રી અને વિમાનો બનાવવાના ઉદ્યોગોમા તો ખૂબ જ મદતા આવી ગઈ હતી રાજ્ય કોઈ પણ ધર્મ સ્વીકારતુ નથી, આથી ધર્મવિદ્વેષ ફ્રાન્સમા નથી

જર્મની

જર્મન પ્રજા લગભગ આઠ કરોડની છે ઇ સ ૧૮૭૦ મા પ્રિન્સ બિસ્માર્કે ૨૬ નાના નાના રાજ્યોને એકત્ર કરી એક મહારાજ્ય સ્થાપ્યુ ત્યારે સ્વિસો, હેસિયનો, સેક્સનો, પ્રશિયનો વિગેરે અનેક જાતો ત્યા છે પરતુ એક ભાષા અને એક રાજ્યને લીધે કોઈ માથુ ઊચકતુ નથી જર્મનીએ ઓસ્ટ્રિયાની ૬૫ લાખની પ્રજાને પોતામા મેળવી લીધી છે એ પ્રજા જર્મન જાતિની હોવાથી તે જર્મન સામ્રાજ્યમા ધીરે ધીરે મળી જશે હિટલરે ઝેકોસ્લોવાકિયા જીતી લીધા પછી તેના ૬૫ લાખ ઝેકો જર્મન સામ્રાજ્યની હકુમત નીચે આવ્યા છે તેઓ કદી પણ જર્મનીના મહાસામ્રાજ્યમા જોડાય અથવા મળી જાય તેમ નથી એ ઉપરાત ૨॥ કરોડની પોલિશ પ્રજા પણ જર્મનીના તાબામા આવી છે તેઓ પણ જર્મનીમા મિશ્રિત થાય તેમ નથી આ બન્ને નાની પ્રજાઓ સ્વતત્રતાપ્રિય તેમ જ પોતાની સસ્કૃતિને ચાહનારી છે એટલે તેઓ વહેલુ મોડુ પણ માથુ તો ઊચકશે જ જર્મન મહારાજ્યમા તીસ લાખ યહૂદીઓ છે એ લઘુમતિ ધન ઐશ્વર્ય, વેપાર વાણિજ્ય ઉદ્યોગ અને ધધાઓમા ઘણી આગળ વધેલી છે એટલે એમનો દ્વેષ કરી હેર હિટલરે તેમના ઉપર સખત દમન કર્યુ છે યહૂદીઓ ઉપર જર્મનીમા ભયકર અત્યાચારો ગુજારવામા આવ્યા છે

ઝેકોસ્લોવાકિયા

આ રાજ્ય દેશની અદરની લઘુમતિઓના ઝઘડાને કારણે જ પતનતાને પામ્યુ છે એ રાજ્ય પૂર્વ-ઓસ્ટ્રિયાના મહારાજ્યનો જ એક વિભાગ હતો ૧૯૧૮ મા મિત્રરાજ્યોએ એને સ્વતત્ર રાજ્ય બનાવી દીધુ ૩૨ લાખ સુડેટન જર્મનોને પણ એ રાજ્યમા જ મિલાવી દેવામા આવ્યા હતા જ્યારે હેર હિટલરના પુરુષાર્થથી જર્મની અત્યત બળવાન બન્યુ ત્યારે એ ૩૨ લાખ સુડેટન જર્મનોએ માથુ ઊચક્યુ ચેમ્બરલેઈન અને ફ્રાન્સના વડા પ્રધાન ડાલાડીયરે મ્યુનિક ખાતે જઈને ઝેકોસ્લોવાકિયાનો જર્મનવિભાગ—સુડેટન પ્રદેશ જર્મનીને પ(ાછો) સોપ્યો પરતુ હેર હિટલરે તો આખુ ઝેકોસ્લોવાકિયા પચાવી પાડયુ ઝેકોસ્લોવાકિયામા ૮૨ લાખ ઝેકો પ્રજા હતી તેઓ અત્યારે જર્મનીના આશ્રય તળે નાનુ રાજ્ય સ્થાપીને રહ્યા છે પણ તેનુ અસ્તિત્વ જર્મનીની મરજી પર નિર્ભર છે બળવાન જર્મની ક્યારે તેનો કોળિયો કરી જશે એ કહેવાય નહિ

પોલાન્ડની લઘુમતિઓ

પોલાન્ડ ૩॥ કરોડની વસ્તીવાળુ નવુ રાજ્ય હતુ એની સ્થાપના ૧૯૧૯ મા કરવામા આવી હતી એ રાજ્યને મિત્રરાજ્યોએ જર્મનીનુ ડેન્ઝીગ બદર આપી દીધુ હતુ, તેમ જ એ બદર જવા માટે પૂર્વ પ્રશિયામાથી પોલાન્ડને ૫૦ માઈલ પહોળો પટ્ટી જેવો એક વિભાગ પણ આપ્યો હતો જે પોલિશ કોરીડોરને નામે ઓળખાતો હતો હેર હિટલરના શાસનકાળમા જ્યારે જર્મની બળવત્તર બન્યુ ત્યારે તેણે પોતાનો આ પ્રદેશ અને બદર પાછાં માગ્યા અગ્રેજ અને ફ્રેન્ચ પ્રજાના બળ ઉપર આધાર રાખી પોલાડે એ વિભાગ પાછો આપવા ના પાડી આથી હિટલરે પોલાડ ઉપર ચઢાઈ કરી માત્ર વીસ દિવસમા જ તેને જીતી લીધુ રશિયનોનો રક્ષણ પ્રાપ્ત કરવા માટે તેણે પોલાડનો અર્ધો ભાગ રશિયનોને લેવા દીધો આમ જર્મની અને રશિયાએ એક સાથે મળીને પોલાડને પરસ્પર વહેચી લીધુ.

રશિયામાં લઘુમતિઓ

રશિયા અતિ વિશાળ રાજ્ય છે કોઈ ૧૬૨

BHARATIYA VIDYA BHAV

ભાષાઓ બોલાય છે અનેક જાતની પ્રજાઓ એ વિશાળ સામ્રાજ્યમા વસે છે છતા સામ્યવાદીઓ સૌ પ્રજાને એક જ સમભાવથી નિહાળે છે પછાત પ્રજાઓને અક્ષરજ્ઞાન, ઉદ્યોગ, તથા આધુનિક ખેતીવાડીનુ જ્ઞાન આપવા માટે એમણે મોટી યોજનાઓ અમલમા મૂકી છે અને તેને સફળતાપૂર્વક પાર પાડી છે બોલ્શેવિકો આ અઢાર કરોડની પ્રજાને એક જ સસ્કૃતિ— સામ્યવાદી સસ્કૃતિ નીચે લાવવા માગે છે તેઓએ ધર્મને તિલાજલિ આપી છે જાતિ, વર્ણ, સપ્રદાયો કે ઈશ્વર કશાને સામ્યવાદીઓ માનતા નથી એમનુ ધ્યેય આખી રશિયન સલ્તનતને એક પ્રજા તરીકે વણી એક મજબૂત સગઠન ઊભુ કરવાનુ છે સામ્યવાદીઓ જ્યારે સમજાવટથી સફળ થતા નથી ત્યારે અતિ હિસક અને ક્રૂર બની જાય છે તેઓ સારા મિત્રો અને ભયાનક શત્રુઓ છે એમના કડક શાસન નીચે લઘુમતિઓનો પ્રશ્ન નથી. એથી દેશ સલામત છે

રશિયા અને ફિનલેન્ડ

રશિયન સામ્રાજ્યમાથી ૧૯૧૯ મા છૂટા પડેલા ચાર દેશો લિથુઆનિયા, લેટવિયા, ઈસ્થોનિયા અને ફિનલેન્ડ સ્વતત્ર પ્રજાતત્ર ભોગવતા હતા ઇગ્લડ, ફ્રાન્સ અને જર્મની જેવા પ્રભાવશાળી રાષ્ટ્રોને મહાયુદ્ધમા રોકાયેલા જોઈ રશિયાને પોતાની ઉત્તર સરહદને મજબૂત બનાવવાનો લોભ લાગ્યો તેણે યુદ્ધના સાધનો અને સૈનિકોની વ્યવસ્થિત તૈયારી પહેલેથી જ મજબૂત રાખી હતી તેણે લિથુઆનિયા, લેટવિયા અને ઈસ્થોનિયાને દબાવીને એના બન્દરોમા નૌસૈન્યના થાણાઓ તથા વિમાનીમથકો સ્થાપવાના હક્કો મેળવ્યા આ ત્રણે રાજ્યો આજે દરેક રીતે રશિયન મહારાજ્યના આશ્રિત બન્યા છે માત્ર ફિનલેન્ડની બહાદુર પ્રજાએ પરાધીનતાની બેડીઓ પહેરવા ના પાડી આથી રશિયાએ એના ઉપર આક્રમણ કર્યું છેલ્લા ત્રણ માસથી બને દેશો ખૂનખાર ખેલી રહ્યા હતા આ માસની આખરમા સધિ થઈ છે, જેમા ફિનલેન્ડને નમવુ પડ્યુ છે પણ શરૂઆતથી આખર સુધી ફિન પ્રજાએ બહાદુરીપૂર્વક રશિયનોના હલ્લાઓને પાછા હઠાવ્યે રાખ્યા જગતની બધી પ્રજાઓની સહાનુભૂતિ ફિનલેન્ડના પક્ષમા હોવાથી યુદ્ધની સાધનસામગ્રી ઘણા ખરા દેશોએ તેને મોકલી હતી પણ રશિયા જેવા વિશાળ સામ્રાજ્ય સામે બાથ ભીડવા માટે એ પૂરતી ન થઈ ત્રણ ત્રણ મહિના સુધી બહાદુરીપૂર્વક રશિયનો સાથે ટક્કર ઝીલ્યા પછી માત્ર સૈનિકો અને યુદ્ધ સરજામની પૂરતી મદદના અભાવને કારણે જ આજે ફિનલેન્ડને રશિયાને શરણે જવુ પડ્યુ છે

બાલ્કન રાજ્યો

યુરોપમા આવેલા કેટલાક નાના રાજ્યોમા બાલ્કન રાજ્યો પોતાનુ વિશિષ્ટત્વ અલગ જાળવી બેઠા છે એ રાજ્યો અગાઉ તુર્કીની હકુમત તળે હતા પરતુ છેલ્લા પચાસ સાઠ વરસો થયા તેમણે સ્વતત્રતા મેળવી અને જાળવી રાખી છે આ નાના રાજ્યો ચાલુ રીતે લડાઈઓ ઊભી કરતા આવ્યા છે. તેઓ યુરોપની હોળી ગણાય છે યુદ્ધાગ્નિની પહેલી ચિનગારી બાલ્કન રાજ્યોમા સળગે છે ૧૯૧૪–૧૮ ના ગત મહાયુદ્ધની ચિનગારી સર્વિયાના બાલ્કન રાજ્યમા ઑસ્ટ્રિયાના પાટવી કુવરના થયેલા ખૂનથી સળગી ઊઠી હતી આ બાલ્કન રાજ્યો ભારે કજિયાળા, તકરારી અને દ્વેષી ગણાય છે. તેઓ એકબીજાની સામે લડે છે ક્યારેક વળી એક બીજાની સાથે મળી ત્રીજા સાથે લડે છે જો કે ગત મહાયુદ્ધ પછી ત્યા યુદ્ધ થયા નથી

બાલ્કન રાજ્યો અને લઘુમતિઓ

યુરોપના આ નાના રાજ્યોમા લઘુમતિઓનો પ્રશ્ન ગભીર છે દરેક રાજ્યના આ લઘુમતિનો સવાલ વત્તા ઓછા અશે કડવાશ ઊભી કરીને સુલેહશાતિને ડારતો રહેલો છે એના સમાધાનના પ્રયાસો સફળ થતા નથી એ કોયડો હમેશા ગૂચવાયેલ રહે છે. આ ઉપરાંત બાલ્કન રાજ્યોમા આપણા રાજપુતાના રાજ્યો પેઠે અદર અદર ખૂબ ખટપટ ચાલે છે. રાજા અને રાજકુમારોના ખૂનો થાય છે કાવતરાઓ થાય છે દેશનિકાલની સજાઓ થાય છે. રાજદ્વારી

રૂમાનિયાના બે મોટા શત્રુઓ

રૂમાનિયાના બે શત્રુઓ છે ૧૯૧૯માં તેણે રશિયાનો ૩૦ લાખની વસ્તીવાળો બેસારેબિયા પ્રાન્ત લઈ લીધો હતો યુરોપના મહારાજ્યો વચ્ચે યુદ્ધ ચાલતું નહોતું ત્યાં સુધી રશિયા રૂમાનિયાને છેડતું નહોતું, પરંતુ હમણાં ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની વિગેરે યુદ્ધમાં રોકાયેલાં છે એ તકનો લાભ તેણે લેવા માંડ્યો છે રશિયાને પોલાંડનો જે પ્રદેશ મળ્યો છે તેની સરહદ ઉપરથી રૂમાનિયા ઉપર આક્રમણ શક્ય છે રશિયા તુર્કીને જીત્યા પછી કદાચ આ વિચાર કરે જર્મનીને પેટ્રોલ અને ઘઉંની મોટા જથ્થામાં જરૂર છે રૂમાનિયા જિતાય તો આ બધું સહેજે મળી શકે જર્મનીના હોશિયાર કારીગરો વૈજ્ઞાનિક સાધનોની મદદ વડે રૂમાનિયાની પેદાશ સહેલાઇથી બેવડાવી નાખે રૂમાનિયાને ઇંગ્લંડ અને ફ્રાન્સે જર્મનીના આક્રમણ સામે સહાય આપવાનું વચન આપ્યું છે પરંતુ આ દેશો હજારો માઈલ દૂર હોવાથી રૂમાનિયાને કેવી રીતે મદદ પહોંચાડી શકે તે એક મોટો સવાલ છે પોલાંડ અને ફિનલેન્ડનો દાખલો તો નજર સામે જ છે બ્રિટિશ અને ફ્રેન્ચ સામ્રાજ્યની સમગ્ર આક્રમણકારી શક્તિ એમને જર્મની કે રશિયાના પંજામાંથી છોડાવી શક્યું નહિ

રૂમાનિયાના બે નાના શત્રુઓ

ગત મહાયુદ્ધમાં રૂમાનિયાનો મિત્રરાજ્યોને મદદગાર મળ્યો હતો. બદલામાં બલ્ગેરિયનોની ૧૫ લાખની વસ્તીવાળો ડોબ્રુજા પ્રાન્ત અને થ્રેસનો પશ્ચિમ ભાગ – જે દ્વારા એજિયન સમુદ્ર ઉપર જવાનો માર્ગ છે તે ઉપર રૂમાનિયાનો હક સ્વીકારવામાં આવ્યો હતો બલ્ગેરિયા આથી રૂમાનિયાનું શત્રુ બન્યું એ પ્રદેશ ઉપરનો પરદેશી કબજો તેને ખૂબ સાલે છે હંગેરીને રૂમાનિયા પાસે ક્રિસના અને મારામુરસના બે પ્રાન્તો અને ટ્રાન્સીલવેનિયાના ભાગો જોઈએ છે હંગેરિયન લોકોની વસ્તી મુખ્યત્વે આ પ્રાન્તોમાં છે કે જે ગત મહાયુદ્ધમાં હંગેરી પાસેથી રૂ[illegible] જમીન અને [illegible] વસ્તીવાળો પ્રદેશ [illegible] લાખમાં આવ્યો હતો બલ્ગેરિયા યુગોસ્લોવાકિયા અને ગ્રીસ પાસે મેસિડોનિયાના પ્રાન્ત ઉપર પોતાનો દાવો રજૂ કરે છે હંગેરી પણ યુગોસ્લોવાકિયાની જમીન ઉપર પોતાનો દાવો રજૂ કરે છે આમ કોકડું ખૂબ ગૂંચવાયેલું છે લઘુમતિઓનું કોકડું એટલે સુધી ગૂંચવાયેલું છે કે તેનો સરળ ઉકેલ શક્ય લાગતો નથી અને યુદ્ધથી તો આ પ્રશ્નનો અંત આવવાને બદલે વધારે ગોટાળો જ ઉત્પન્ન થશે

બાલ્કનમાં જર્મન લાગવગ

હંગેરીમાં ૭ લાખ જર્મનો ડૉ. ફ્રાન્ઝ બેસ્મના નેતૃત્વ નીચે રહે છે યુગોસ્લોવાકિયામાં પાંચ લાખ જર્મનો છે રૂમાનિયામાં ૭ લાખ જર્મનો વીખરાયેલા પડ્યા છે આ જર્મનો બાલ્કન સંસ્કૃતિથી તદ્દન અલગ અને વિભક્ત રહ્યા છે જ્યારથી જર્મનીમાં નાઝીઓ સત્તા ઉપર આવ્યા ત્યારથી આ બધા જ જર્મનો હેર હિટલરના પાકા અનુયાયીઓ થઈ ગયા છે તેઓને જર્મનીનું મજબૂત પીઠબળ હોવાથી બાલ્કન પ્રદેશના આ જર્મનોએ ત્યાં પોતાના આર્થિક અને રાજકીય મહત્ત્વ રાખવાના એવા મજબૂત કેન્દ્રો સ્થાપ્યાં કે જર્મનીના ભયથી બાલ્કન રાજ્યોને તેમને કેટલાક સ્વતંત્ર હક્કો અને રાજકીય લાગવગ આપવાની ફરજ પડી છે હંગેરી અને બલ્ગેરિયાના રૂમાનિયા સામેના દાવાઓ માટે જર્મની અને ઇટાલીનો ટેકો મળવાથી એ બે દેશોમાં એમનું ચલણ વધારે પ્રબળ છે

બાલ્કન રાજ્યમાં જર્મન આર્થિક વિસ્તાર

બાલ્કનમાં પહેલાં ફ્રાન્સની લાગવગ વધારે હતી પરંતુ ધીમે ધીમે જર્મનીએ આર્થિક અને રાજકીય રીતે પોતાની લાગવગ ખૂબ વધારી દીધી ૧૯૩૮માં જર્મનીએ હંગેરી, યુગોસ્લોવાકિયા, રૂમાનિયા અને ગ્રીસ બધા પાસેથી મળીને કુલ ૪[illegible] ટન માલ ખરીદ્યો હતો ને તેની સામે એ રાજ્યોને ૪[illegible] ટન પાકો માલ પૂરો પાડ્યો હતો આ પાકા માલમાં મોટરકારો, યંત્રો, વિમાનો, વિજ્ઞાનનો સામાન તેમ જ લોઢું અને પોલાદની વસ્તુઓ વિગેરે મુખ્ય હતી આના બદલામાં જર્મનીએ આ કન[illegible]

માર્ગેથી પશુઓ, માંસ તેલ, ઘઉં, તમાકુ, ઇમારતી લાકડું, ચામડાં અને બીજી ધાતુઓ ખરીદી શકી હતી. બાલ્કન રાજ્યમાં વેપારની લાગવગ વધારવા માટે જર્મનીએ ૧૯૩૬ વચ્ચે ભગીરથ પ્રયત્ન કર્યો હતો. જર્મનીના પ્રચંડ દબાણથી ડરી જઈ રૂમાનિયાએ ૧૯૩૯ ના માર્ચની ૨૩ મી તારીખે જર્મની સાથે સંધિ કરી. એ મુજબ રૂમાનિયાની ખાણો તથા કારખાનાઓનો વિકાસ કરવાના હક્કો જર્મનીને આપવામાં આવ્યા છે.

બાલ્કન રાજ્યો સાથે વર્તમાન જર્મન વ્યાપાર

વર્તમાન યુદ્ધની શરૂઆત થતાં જ અમેરિકા અને બીજા પ્રદેશો સાથેનો જર્મનીનો સાગરસંબંધ છેદાઈ ગયો. પરિણામે સૌ માલ બાલ્કન રાજ્યો અથવા રશિયા પાસેથી જ ખરીદવો પડે એવી સ્થિતિ ઊભી થઈ. જર્મનીની આર્થિક સ્થિતિ અને યુદ્ધ ચલાવવાનો મુખ્ય આધાર પરદેશોમાંથી કાચો માલ મંગાવી તેના બદલામાં ત્યાં પાકો માલ મોકલી જેટલો બને તેટલો નફો મેળવવા ઉપર છે. પણ બ્રિટન અને ફ્રાન્સ સાથેના યુદ્ધથી બ્રિટને સાગરમાં નાકાબંધી ઊભી કરી જર્મનીનો ૬૦ ટકા જેટલો વ્યાપાર તોડી પાડ્યો. બાલ્કન રાજ્યો પોતાના માલના બજાર જ બંધ કરે. જર્મનીની આયાત તો પણ જર્મનીની ૨૦ ટકા જેટલી ભારે ભૂખ સંતોષાય તેમ નથી. ૧૯૩૮ માં જર્મનીની તેલની કુલ આયાતમાંથી માત્ર ૧૫ ટકા જેટલું જ તેલ રૂમાનિયા પૂરું પાડી શક્યું હતું. જર્મની હંગેરી અને યુગોસ્લાવિયા પાસેથી એલ્યુમીનિયમની ધાતુ બનાવવા બોક્સાઈટ નામની ખનીજ વસ્તુ મેળવે છે. રૂમાનિયા અને યુગોસ્લાવિયા તાંબુ, સીસું વગેરે ધાતુ પૂરી પાડે છે. પણ આ વસ્તુઓને જર્મની સુધી પહોંચાડવાના વ્યવહારનાં સાધનો હજી સંપૂર્ણપણે વિકાસ પામ્યાં ન હોવાથી મોટા પ્રમાણમાં તે વેપારનો વિકાસ અટકાવે છે. ડાન્યુબ નદીમાંથી માલ લઈ જવા માટે પણ જર્મની પાસે પૂરતાં સાધનો નથી.

બાલ્કન રાજ્યોમાં મિત્રરાજ્યોની લાગવગ

મિત્રરાજ્યો (ફ્રાન્સ અને બ્રિટન)એ જર્મનીને સમુદ્રમાર્ગે તો ઘેરો ઘાલ્યો જ છે. હવે તેઓ જર્મનીનો બાલ્કન રાજ્યો સાથેનો વેપાર પણ તોડી પાડવાની સખત કોશિશ કરે છે. જો કે જર્મનીની સરખામણીમાં તેમના વ્યાપારી લાભો આ પ્રદેશમાં તદ્દન ગૌણ છે. છતાં બ્રિટિશ મુત્સદ્દીગીરી જર્મનીની લાગવગ તોડી પાડવા માટે અત્યંત કુશળતાપૂર્વક કામ કરી રહી છે. ૧૯૩૯ના એપ્રિલની ૧૩ મી તારીખે રૂમાનિયા અને ગ્રીસને ઇંગ્લાંડ અને ફ્રાન્સે આક્રમણ સામે રક્ષણ આપવાનું વચન આપ્યું છે. એ જ વર્ષના મે માસની ૧૧ મી તારીખે મિત્રરાજ્યોએ રૂમાનિયાને ૫૫ લાખ પૌંડ, તુર્કીને ૧ કરોડ પૌંડ અને જુલાઈમાં ગ્રીસને ૨૦ લાખ પૌંડ વ્યાપારી વ્યાજે ધીર્યા હતા. જર્મનીએ પણ આ પ્રદેશોને નાણાં ધીર્યાં હતાં પણ બ્રિટને બરાબર યોગ્ય વખતે તેઓને નાણાં ધીરવાથી તેની લાગવગ બાલ્કન રાજ્યોમાં પાછળથી ઠીક ઠીક વધવા લાગી છે.

મિત્રરાજ્યો અગત્યના હક્કો મેળવે છે

મિત્રરાજ્યોએ ૧૯મી ઓક્ટોબર ૧૯૩૯ના રોજ તુર્કી સાથે સંધિ કરી મિત્રતા બાંધી. આ સંધિમાં તુર્કીએ રશિયા સાથે યુદ્ધમાં ન ઊતરવાની શરત રાખી હતી. પરંતુ તુર્કીના પરદેશખાતાના પ્રધાને બોસ્ફરસની સામુદ્રધુનીમાં મિત્રરાજ્યોની મનવારોને ફરવા ન દેવાની રશિયન માગણીનો અસ્વીકાર કરવાથી તુર્કી ઉપર રશિયાએ પોતાની લાલ આંખ માંડી છે. બાલ્કન રાજ્યોમાં વ્યાપારની જર્મન, ઇટાલિયન અને રશિયન લાગવગ ઉપર મિત્રરાજ્યોનો આ મહત્ત્વનો વિજય છે. તુર્કીએ પોતાના તમામ ઉદ્યોગોમાંથી જર્મનોને રજા આપી તેમની જગાએ અંગ્રેજોની નિમણૂક કરી છે. અંગ્રેજોએ તુર્કીને કરોડો પૌંડ ધીર્યા છે. બોસ્ફરસની સામુદ્રધુનીમાંથી બ્રિટિશ મનવારોને પસાર થવાની તુર્કીએ પરવાનગી આપી છે. ઉપરાંત પોતાના આત્મરક્ષણ માટે તુર્કીએ જબરી તૈયારીઓ પણ મોટા પાયા ઉપર કરવા માંડી છે. ફિનલેંડ પછી રશિયાની લાલ આંખ તુર્કી ઉપર મંડાવાની છે એવી રાજકીય નિરીક્ષકોની માન્યતા છે. રશિયન સૈન્ય પણ તુર્કીની સરહદ ઉપર ભેગું થવા માંડ્યું છે.

બાલ્કન રશિયા

૧૯૩૯ના ઑગસ્ટની ૨૩ મીએ જર્મન-સોવિયેટ સંધિ થઈ ત્યારથી બાલ્કન રાજ્યોમાં રશિયન લાગવગની શરૂઆત થઈ છે રશિયાના હાથમાં પોલંડ આવ્યું ત્યારથી રૂમાનિયા સાથે તેની સરહદ એક થઈ છે બીજી બાજુ બલ્ગેરિયામાં મુખ્ય વસ્તી સ્લાવ જાતિ એટલે કે રશિયાની જાતિની છે સુડેટન જર્મનોનો ઉપયોગ કરી જેમ હિટલરે ઝેકોસ્લોવાકિયા કબજે કર્યો એ જ રીતે સ્લાવ લોકોનો ઉપયોગ કરી રશિયા કોઈક દિવસ બલ્ગેરિયા કબજે કરશે એવો ભય રૂમાનિયા રાખી રહ્યું છે, યુગોસ્લોવાકિયાને પણ પોતાના ખોયેલા પ્રાંતો રૂમાનિયા પાસેથી પાછા મેળવવા છે તેની મુખ્ય વસ્તી પણ સ્લાવ જાતિની છે એટલે સ્વાભાવિક રીતે તે મદદ માટે રશિયા તરફ મીટ માંડી રહ્યું છે રૂમાનિયા આ પ્રાંતોને છોડવા માગતું નથી કારણ કે તેમ કરવાથી તેની અર્ધી પ્રજા અને અર્ધી જમીન ચાલી જાય ઉપરાંત કાળા સમુદ્રનો તેનો માર્ગ બંધ થઈ જાય રશિયા પણ રૂમાનિયા પાસેથી પોતાનો બેસારેબિયા પ્રાંત મેળવવા માગે છે. પણ ફિનલેન્ડ અને તુર્કીનો ઘડોલાડવો કર્યા પછી રૂમાનિયાનો વારો આવશે એમ લાગે છે

બાલ્કનમાં ઇટાલી

બાલ્કન રાજ્યો બીજા સામ્રાજ્યવાદી અને ફાસિસ્ટ દેશોની પેઠે ઇટાલીના પણ રાજકીય અને વ્યાપારિક અધિકારોના વિકાસનું ક્ષેત્ર છે રશિયાએ બાલ્કન રાજ્યોમાં પગપેસારો કર્યો એટલે ઇટાલીને ભારે વસવસો થયો છે એબિસીનિયાની સાથે યુદ્ધમાં રોકાઈ રહેવાની ફરજ પડવાથી ઇટાલી બાલ્કન રાજ્યોમાં પોતાની લાગવગ જમાવી શક્યું નહોતું પણ પાછળથી તેણે આલ્બેનિયા લીધું અને વર્તમાન યુદ્ધ ફાટી નીકળતાં તેનો લાભ લઈ ફરીને તેણે બાલ્કન રાજ્યોમાં પોતાનો પગપેસારો શરૂ કરી દીધો છે હંગેરી અને યુગોસ્લોવાકિયા ઉપર તેણે પોતાનો પ્રભાવ બેસાડ્યો. બાલ્કન રાજ્યો વચ્ચે પરસ્પર સુમેળ-સંપની લાગણી પ્રવર્તી રહે એ નીતિને તેણે ઉત્તેજન આપ્યું ગ્રીસ સાથે સુમેળ કરી આમ બાલ્કનમાં પોતે જ મુખી થઈ ઇટાલી રાજદ્વારી દાવો ખેલવા લાગ્યું જર્મનીનું તે મિત્ર હોવાથી જર્મની સાથેના વ્યાપારમાં તે જરા યે અટકાયત કરવા માગતું નથી પણ બાલ્કન રાજ્યમાંથી રશિયાની લાગવગ તે ઉખાડી નાખવા માગે છે બાલ્કન રાજ્યમાં વધતી જતી મિત્રરાજ્યોની લાગવગ પ્રત્યે પણ તે અણગમો અને રોષ ધરાવે છે

બાલ્કન પરિષદ પહેલાંની સ્થિતિ

આમ બાલ્કન રાજ્યો પોતાની આસપાસ ચારે તરફ તેમને ખાઈ જવાને તત્પર એવા સામ્રાજ્યવાદી, અને ફાસિસ્ટ અને કમ્યુનીસ્ટ વરૂઓને મોં ફાડીને બેઠેલા જુએ છે તેઓ પોતાના ઉપર ઝઝૂમી રહેલો ભય બરાબર સમજ્યા છે પરંતુ તેઓ આપસઆપસના જૂના વેરઝેર સંપૂર્ણપણે ભૂલી શક્તા નથી તુર્કીએ બાલ્કન રાજ્યોની આગેવાની લીધી છે તે પોતે આંતરિક સુલેહને માટે તલસે છે દરમિયાન બાલ્કન રાજ્યો પણ પોતાની આંતરિક સ્થિતિ સુધારવા માંડ્યા છે રૂમાનિયાના સર્વસત્તાધીશ રાજા કેરોલે રાજ્યતંત્રની લગામ પોતાના હાથમાં લીધી છે તેણે રાજ્યની અંદર અસ્તિત્વ ધરાવતા જુદા જુદા પક્ષોને દાબી દીધા છે જર્મનીની સહાનુભૂતિ અને સહાય ધરાવતા નાઝી પક્ષને પણ તેણે દાબી દીધો છે લોકોમાં એકતા આણી છે સૌથી મોટી સફળતા યુગોસ્લોવાકિયાને મળી કહેવાય તેણે ઝઘડાના મૂળરૂપ પોતાને ત્યાંની લઘુમતિને સ્વરાજ આપી દીધું છે પરિણામે તેનો ભયાનક આંતરિક ઝઘડો શમી ગયો છે ઉપરાંત યુગોસ્લોવાકિયાએ તેની મુસ્લિમ લઘુમતિને પણ સ્વરાજ આપવાનું કબૂલ કર્યું છે

બાલ્કનોમાં ઊંડા વિખવાદો

બાલ્કન રાજ્યોમાં પરસ્પર સહકાર વધે એ માટે ઘણા પ્રયત્નો થયા છે પરંતુ હજી સુધી સંપૂર્ણ એકતા સ્થાપી શકાઈ નથી હંગેરી, રૂમાનિયા, યુગોસ્લાવિયા, બલ્ગેરિયા ગ્રીસ અને તુર્કી આ બધા રાજ્યો વચ્ચે જો સંપૂર્ણ એકતા અને સુમેળસંપની સ્થાપના થાય તો જ પાંચ મોટા રાજ્યોના પંજાઓ શિથિલ થઈ શકે પરંતુ મજબૂત

પ્રશ્નો છતાં અહમના ઝઘડા વેગથી શાંત થતા નથી રૂમાનિયા અને હંગેરી વચ્ચે સુમેળ થઈ શક્યો નથી એવી જ રીતે રૂમાનિયા અને બલ્ગેરિયા વચ્ચેની કડવાશ દૂર થઈ શકતી જ નથી પ્રથમ રૂમાનિયા, ગ્રીસ અને તુર્કીએ પરસ્પર મૈત્રીના કરારો કર્યા હતા યુગોસ્લાવિયા અને બલ્ગેરિયા જ્યાં સુધી પોતાના જૂના પ્રદેશોના દાવાનો ત્યાગ કરે નહિ ત્યાં સુધી એકસંપી થવી મુશ્કેલ છે દરમિયાન રૂમાનિયા પોતાનું લશ્કરી બળ, લડાયક સાધનો અને કિલ્લાઓને વધુ ને વધુ સુદૃઢ કરતું જાય છે એ બાંધછોડ કરવા માગતું નથી

બાલ્કન પરિષદ

તુર્કીની આગેવાની નીચે રૂમાનિયાના બુખારેસ્ટ શહેરમાં રૂમાનિયા, તુર્કી, ગ્રીસ યુગોસ્લાવિયા વિગેરે બાલ્કન રાજ્યોની પરિષદ મળી હતી આ પરિષદમાં તેઓએ સાત વર્ષો સુધી પરસ્પર મિત્રાચારીની રૂએ વર્તવાની કબૂલાત આપી હતી ૧૯૪૦ ના ફેબ્રુઆરીની ૨૪ મી તારીખે બાલ્કન રાજ્યોમાંના આ ચાર મોટા રાજ્યોએ સંધિ જાહેર કરી તેની મુખ્ય કલમો નીચે મુજબ છે

૧ ચાર રાજ્યોના સામાન્ય હિતને માટે સુલેહશાંતિ ફેલાવવી

૨ બાલ્કન રાજ્યોમાંથી યુદ્ધને દૂર કરવું

૩ ચારેય રાજ્યોએ પરસ્પર ગાઢ મૈત્રીનો સંબંધ રાખવો અને જાળવવો

૪ ચારેય રાજ્યોએ પોતાના પાડોશી રાજ્યો સાથે મૈત્રીસંબંધ મજબૂતર બનાવવો

૫ પરસ્પર વેપારઉદ્યોગમાં સહકાર આપવો

૬ સાત વર્ષ સુધી આ સંધિ ચાલુ રાખવી

૭ ફેબ્રુઆરી ૧૯૪૧ માં એથેન્સમાં પરિષદની બીજી બેઠક મળે ત્યાં સુધી એક બીજા પ્રત્યેના વર્તમાન સંબંધને ચાલુ રાખવો

બલ્ગેરિયા અને હંગેરી આ જોડાણમાં મળ્યા નથી પણ તેઓએ આ પ્રયત્ન પ્રત્યે પોતાની શુભેચ્છાઓ દર્શાવી છે આમ છતાં ૧૯૧૯ ની સંધિ દ્વારા ગુમાવેલા પ્રદેશો ઉપરથી તેમની લોભી આંખ ખસતી નથી પરિણામે બલ્ગેરિયાનો સંપ અહમના કુસંપને સંપૂર્ણપણે દૂર કરી શકતો નથી

બાલ્કન પ્રદેશની પ્રજા

બાલ્કન રાજ્યોની પ્રજા હિંદની પ્રજાની પેઠે ખેતી ઉપર મોટો આધાર રાખે છે હિંદની પેઠે જ ત્યાં ગીચ વસ્તી છે હિંદની પેઠે જ પ્રતિવર્ષ જનસંખ્યા ઝડપથી વધતી જાય છે હિંદના ખેડૂતોની પેઠે ત્યાંના ખેડૂતો ઉપર કરજનો મોટો બોજો છે હિંદની પેઠે જ ત્યાં વ્યાજના દર આકરા છે હિંદના ગામડાઓની પેઠે ત્યાં પણ નિરક્ષરતાનું સામ્રાજ્ય છે હિંદની પેઠે જ ત્યાં રસાયનિક, યાંત્રિક અને બીજાંબીક ઉદ્યોગો જેવા મોટા ઉદ્યોગોનો વિકાસ પૂરતા પ્રમાણમાં થયો નથી હિંદની પેઠે જ ત્યાંની જમીનની પેદાશ ઊતરતી જાય છે હિંદની પેઠે જ ત્યાં ગામડાંમાંથી શહેરમાં માલ લઈ જવાના વ્યવહારનાં સાધનો નબળાં છે હિંદની પેઠે ત્યાં પણ સત્તા ધનવાન અને અધિકારી વર્ગના હાથમાં છે હિંદની પેઠે જ ત્યાં કુસંપ અને પક્ષાપક્ષી છે હિંદની પેઠે જ બાલ્કન રાજ્યોમાં આપદ્ધર્મ વખતે પરસ્પર સુમેળસંપ સ્થાપી થઈ શકતા નથી હિંદની પેઠે જ ત્યાં ઘણી પ્રજાઓ છે અને હિંદની પેઠે જ આગેવાનો પાર વિનાના છે હિંદની પેઠે જ ત્યાંની લઘુમતીઓ એકતા સ્થાપવાના કાર્યમાં વિઘ્નો ઊભાં કરે છે પરદેશી મૂડીનું રોકાણ કરીને પરદેશી સત્તાઓએ હિંદમાં તેમ જ બાલ્કન રાજ્યોમાં એક સરખી રીતે પોતાની લાગવગ જમાવી છે

બાલ્કન રાજ્યોમાં પરદેશી મૂડી

રૂમાનિયાના તેલના ઉદ્યોગોમાં ૮૦ ટકા તેલ પરદેશીઓ કાઢે છે (૩૦ ટકા એંગ્લોડચ એટલે બ્રિટિશ કંપની, ૨૭ ટકા રૂમાનિયા અને ૨૫ ટકા જર્મન કંપનીઓ) આ કંપનીઓ તેલના ઉદ્યોગમાં રોકાયેલી મૂડીના ૭૪ ટકા મૂડીની માલિકી ધરાવે છે ઝેક મૂડી (હમણાં જર્મનીની માલિકીની) લોખંડ, પોલાદ અને બીજી ધાતુઓના ઉદ્યોગોમાંથી મોટો નફો મેળવે છે

યુગોસ્લાવિયામાં અંગ્રેજી મૂડી આઠ અબજ દીનાર સુધી પહોંચી ગઈ છે. જર્મન અને ફ્રેંચ પ્રજા પણ હરીફાઈમાં આગળ વધવા પ્રયાસ કરી રહી છે. ગ્રીસમાં ઉદ્યોગોમાં રોકાયેલી કુલ મૂડીનો ૨/૩ ભાગ જેટલી મૂડી અંગ્રેજોની માલિકીની છે. આ મૂડીનો મોટો ભાગ શરાફી અને જનકલ્યાણના કામમાં રોકાયેલો છે. આલ્બેનિયાના ઉદ્યોગો ઉપર ઇટાલિએ પોતાનો સંપૂર્ણ કાબૂ જમાવ્યો છે. ઉપરાંત બ્રિટિશ અને ફ્રેન્ચ મૂડીનું પણ ત્યાં જૂના કાળથી રોકાણ થયેલું છે જર્મની પણ હરીફાઈમાં જરા ય પાછળ રહેવા માગતું નથી. આ મૂડીરોકાણને લઈને બાલ્કન રાજ્યો પરદેશીઓની મુત્સદ્દીગીરીની મેલી રમતનો અખાડો બન્યાં છે. ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલિ અને રશિયા પોતપોતાની રીતે અહીં શેતરંજ ખેલી રહ્યાં છે. હિંદને બાલ્કન રાજ્યોની પરિસ્થિતિમાંથી ઘણું શીખવાનું મળે તેમ છે.

આવતી હોળી !

આવતી હોળી !
હૈયા ! હવે આવતી હોળી !
ઇન્ધન કાગળના બાગ, કારમી આગ, છતાં ધૂંધાતી !
જો લગે ફકીરની ફૂંક ! વ્યોમની ટૂંક શિખાઓ ધ.તી !
ખૂંપીને ક્ષિતિજે નેન;
કંઈ ગણ્યાં અગણુ દિનરેન !
ને ચઢ્યાં નિશાશે ઘેન, પ્રાણુ ! પણુ જો અણ લોચન ચોળી,
આયુની અનેરી બહાર ! સ્વપ્નનો સાર ! આવતી હોળી !
કોઈ રમે છાણુ ને ધૂળે.
કોઈ રમે રંગ કેસૂડે !
રમે રમે ગોબરે ગીત રીઝવી ચિત્ત, કર્મના કોળી;
એ ગલગલિયાં ને ગેલ; સર્વને સ્હેલ ન્હોય આ હોળી !
કોકિલના કલરવ કોલે,
આમંત્રતી ફૂલના મ્હોલે,
આ વસંત સરખી વસંત જેની રટણુામાં રગદોળી,
તે યુગલક્ષ્મી સાકાર, સત્યનો સાર,
આપણે દ્વાર, દીપતી હોળી !

રમણીક અરાલવાળા

शास्त्रोनो उपयोग

श्री काकासाहेब कालेलकर

શ્વાસ લેવા માટે જેમ કોઈને પૂછવા જવું નથી પડતું હિંદુસ્તાનમાં રહેવા માટે જેમ કોઈની પરવાનગી લેવી નથી પડતી તેમ સનાતનધર્મમાં રહેવા માટે કોઈની મહેરબાનીની જરૂર નથી સનાતનધર્મ ઉપર કોઈનો ખાસ હક્ક નથી એ બધાનો જ છે બિંદુમાત્ર એની અદબ રહી શકે છે, અને એનો લાભ ઉઠાવી શકે છે

સનાતન ધર્મના ઋષિમુનિઓએ ધર્મશાસ્ત્રો રચ્યાં છે અને તે સંસ્કૃત ભાષામાં લખેલાં છે તેથી સંસ્કૃત ભાષા પવિત્ર ગણાય છે પણ સંસ્કૃત ભાષા એટલે કંઈ સનાતન ધર્મ નથી એકલા શાસ્ત્રોને પણ કંઈ સનાતન ધર્મ ન કહી શકાય હિંદુ કોમના એટલે કે બ્રાહ્મણથી માંડી અંત્યજ સુધીની બધી જાતિના સમજુ અને પવિત્ર પુરુષોનું જીવન એ જ સનાતન ધર્મ છે

આવા પુરુષો અત્યંત નમ્રતાથી શિષ્યભાવે જૂના ઋષિમુનિઓનાં વચનોનો સ્વીકાર કરતા આવ્યા છે ઋષિમુનિઓનાં વચનોને આધારે પોતાની જિંદગી ઘડવાની પ્રેરણા મેળવતા આવ્યા છે તેથી જ શાસ્ત્રોનું આટલું મહત્ત્વ છે અને તે યોગ્ય છે કેમકે ઋષિમુનિઓ પોતે ધર્મપ્રાણ હતા એટલે કે ધર્મને માટે જ જીવતા હતા ઈશ્વરપ્રાપ્તિ માટે મથતા હતા અને પ્રાણીમાત્રનું ભલું ચાહતા હતા

ધર્મનો વિચાર કરવો હોય ત્યારે ધર્મનિષ્ઠ ધર્મપ્રાણ લોકોનાં વચનોથી પ્રથમ ધર્મની દૃષ્ટિ કેળવતાં જોઈએ, એટલા માટે અને એટલા પૂરતો જ ધર્મશાસ્ત્રોનો ઉપયોગ છે

ઈશ્વરે બધાને આંખો આપી છે, બધાને જ મતિ આપી છે, દરેકને માટે એના પોતાપૂરતી અને એનાં બાળબચ્ચાં પૂરતી સ્વતંત્ર જવાબદારી પણ ઈશ્વરે આપી છે માણસ ગમે તેવો નાલાયક હોય તોપણ એનાં બચ્ચાં નોકરને એના હાથમાં સોંપવા જેટલો વિશ્વાસ ઈશ્વર એના ઉપર રાખે જ છે એ જ બતાવે છે કે માણસ પોતાની અને થોડે દરજ્જે બીજાની જવાબદારી માથે લેવાનો હકદાર તો છે જ કોઈ પણ માણસ મંદબુદ્ધિ છે અભણ છે, પછાત છે, સંસ્કારહીન છે, એ કારણે એ પરતંત્ર ન રહી શકે શાસ્ત્રો માણસને પરતંત્ર કરવા માટે નથી પણ એને સ્વતંત્રતાને માટે વધારે લાયક કરવા માટે છે તેથી શાસ્ત્રો એ રાજા કે કાયદાને ઠેકાણે નથી પણ મા અને ગુરુને ઠેકાણે છે જ્યાં રાજા અને કાયદા પાસે જવાનો દરેકને હક્ક છે ત્યાં મા અને ગુરુ પાસે જવાનો હક્ક સાબિત કરવાપણું રહેતું જ નથી શાસ્ત્રોનો હક્ક બ્રાહ્મણોને જ છે એવી માન્યતા જો સમાજમાં ફેલાયેલી હોય તો તેનું કારણ શાસ્ત્રો ભણવા માટે જે ધીરજ જોઈએ છે, જે ઉત્સાહ જોઈએ છે તે લોકોમાં નથી હોતા એ જ છે બ્રાહ્મણોનો પોતાનો ગુજારો જ શાસ્ત્રોનો અર્થ કરવા પર રહ્યો એટલે તેઓ શાસ્ત્ર ન ભણે તો ક્યાં જાય? અને જ્યારે કોઈ પણ વસ્તુનો માણસને ઇજારો જ મળી જાય છે ત્યારે તે સહેજે અભિમાની અને આળસુ બની જાય છે બ્રાહ્મણોનું પણ એમ જ બન્યું છે

એ વાત ખરી છે કે શાસ્ત્રોનું રક્ષણ કરવાનું એનો પ્રચાર કરવાનું અને એનું વધુ ને વધુ ઊંડું ખેડાણ કરવાનું કામ બ્રાહ્મણોને સોંપેલું છે સમાજ જો જાગૃત રહે તો જ બ્રાહ્મણો પોતાનું આ કર્તવ્ય બરાબર પાર પાડશે બ્રાહ્મણોને જે દક્ષિણા અને આજીવિકા મળે છે તે બીજી કોમના લોકોને ફક્ત આશીર્વાદ આપવા માટે નથી હોતી એમણે પોતે જ્ઞાનવાન અને ચારિત્ર્યવાન રહી તમામ લોકોને પવિત્રતાની કેળવણી આપવી જોઈએ લોકોને સદાચારનું જ્ઞાન આપવું જોઈએ પારકા લોકોના હુમલામાંથી બચાવવા જેમ ક્ષત્રિયોની ગરાસિયાઓની ફોજ હતી તેમ બ્રાહ્મણોની ફોજ પણ અજ્ઞાન વહેમ અને અનાચારના શત્રુ સામે મૂકીને પ્રજાનું રક્ષણ

કરવા માટે હતી. ગરાસિયા જો બહારવટિયા થઈ જાય અને બ્રાહ્મણો. જો અજ્ઞાન અને વહેમના હિમાયતી થઈ જાય તો તેઓ સમાજદ્રોહ કરે છે. પછી સમાજ પાસેથી ગરાસ કે દક્ષિણા મેળવવાના તેઓ અધિકારી નથી.

સમાજમાં એકાદ માણસ બગડે કે વીફરે ત્યારે સમાજ એને સજા કરી શકે છે. આખો વર્ગ જ જ્યારે બગડે છે, રખડે છે, સડે છે, અથવા મોળો પડે છે ત્યારે ત્યારે સમાજે પોતાના રક્ષણનું કામ પોતે જ કરવાનું રહ્યું. આવા પ્રસંગે ગરાસિયાઓ અને બ્રાહ્મણો પરાપૂર્વથી ચાલતી આવેલી પોતાના હકની વાતો કરે તો એમને એ શોભે નહિ અને એમનું ચાલે પણ નહિ. લોકો તોફાની થાય અથવા બીકણ થાય તો બન્ને રીતે જેમ રાજાની લાજ જાય છે તેમ લોકો નાસ્તિક થાય કે વહેમી થાય એટલે ધર્માચાર્યોની લાજ ગઈ જ. વહેમ એ જ મોટામાં મોટી નાસ્તિકતા છે. ઈશ્વરનો દ્રોહ છે; ધર્મનું ખૂન છે. આપણા લોકો એ નથી સમજતા એ દુ:ખની વાત છે. લગભગ દોઢ હજાર વરસ પહેલાં અરબસ્તાનમાં એક જણે આ વાત જાણી લીધી કે વહેમો રાખવામાં ઈશ્વરનો દ્રોહ થાય છે, તેથી એણે વહેમનાશક એક પંથ ચલાવ્યો. ગૂમડું થયું હોય ત્યાં જેમ માખીઓ આવીને બેસે છે અને સડા તરફ આપણું ધ્યાન ખેંચે છે, તેમ જ્યાં વહેમ હોય ત્યાં તેને ઉઘાડો પાડવા ઇસ્લામ પહોંચી જવાનો. ઇસ્લામનો કોઈ ધર્મ સામે વિરોધ ન હોઈ શકે. પણ વહેમો સામે એનો જબરો વિરોધ છે. ઇસ્લામ ફાવ્યો કે જાણી લેવું કે સમાજમાં ધર્મને નામે અધર્મ ચાલે છે, સાચાં શાસ્ત્રો સુઈ ગયાં છે અને વહેમોનું રાજ્ય ચાલે છે. દરેક ધર્મને ઈશ્વરની એ નોટિસ છે. એ મળતાં વેંત દરેક સમાજે જાગ્રત થવું જ ઘટે છે.

હિંદુધર્મમાં જેટલી કોમોનો સમાવેશ થાય છે તે બધી કોમોએ પોતાની ચારિત્ર્યશુદ્ધિ કરવાની જરૂર છે. બધાએ ચારિત્ર્યસંગઠન કરવાની જરૂર છે. તેથી વહેમોનો અથવા વહેમી લોકોના દોર નહિ સ્વીકારતાં પોતે ધર્મનું રહસ્ય જાણી લેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સંસ્કૃત ભાષા આજે ગમે તે શીખી શકે છે. શાસ્ત્રો સાવ ઉઘાડાં છે. શાસ્ત્રોમાં સારું શું છે અને આજે ન ચાલે કે ગળે ન ઊતરે એવું કેટલું છે એ પણ બધા જાણી શકે છે. સ્મૃતિગ્રંથો એટલા તો જૂના થયા છે કે ચુસ્તમાં ચુસ્ત સનાતનીઓ પણ એમ ન કહી શકે કે તેઓ શાસ્ત્રોના અક્ષરાર્થ પ્રમાણે ચાલી શકે છે, અથવા ચાલવા તૈયાર છે. શાસ્ત્રોના એકેએક અક્ષરને પસંદ કરનાર કોઈ મળે કે કેમ એને વિષે પણ શંકા જ છે. વકીલની પેઠે દલીલો કરી કેટલાક આ સ્થિતિને ઢાંકી શકે ખરા; પણ એમાં એનું પોતાનું જ સમાધાન નથી થવાનું ત્યાં બીજો કોણ છેતરાય? તેથી જ એ વાત સ્પષ્ટ થાય છે કે સનાતન ધર્મ એટલે તમામ હિંદુ કોમમાંના સમજુ અને ચારિત્ર્યવાન લોકોનો ધાર્મિક આદર્શ.

ચૌદ વર્ષ જેટલી કુમળી વયમાં નેતરના ફટકા ખાઇ રાજકારણમાં પ્રવેશ કરનાર અને સામી છાતીએ ગોળીઓ ઝીલી રાજકીય જીવનની પૂર્ણાહુતિ કરનાર

વીર ચંદ્રશેખર આઝાદ

શ્રી. કાન્તિલાલ શાહ

'यस्या भूमितल दिशोऽपिवसन ज्ञानामृत भोजनम्'

હિન્દુ સંસ્કૃતિના કેન્દ્ર સમી કાશી નગરીમાં જ્ઞાનવાપી પાસેની એક સાંકડી ગલીની અંધારી કોટડીમાં મુશ્કેલીથી આંખો ફાડીને વાંચતા પાંચ સાત ગરીબ વિદ્યાર્થીઓ સંસ્કૃતના શ્લોકો ઉચ્ચ સ્વરે કંઠસ્થ કરી રહ્યા હતા એવામાં તેમને કાને 'મહાત્મા ગાંધી કી જય' અને 'વંદે માતરમ્' ના ગગનભેદી પોકારો પડ્યા બધા પોતપોતાની ચોપડીઓ બંધ કરી શું થાય છે એ જોવા બહાર નીકળ્યા જોયું તો હજારો સ્ત્રી-પુરુષો અને બાળકોનું મોટું એવું સરઘસ

'યહ ક્યા દેખો લડકે ભી તો હૈ' એક વિદ્યાર્થીએ કહ્યું

'ક્યા તુમ ચલોગે?' એક હૃષ્ટપુષ્ટ વિદ્યાર્થીએ બીજાને પૂછ્યું

'અજી અભી નહિ અભી મુઝે બહુત પઢના હૈ, ગુરુજી ગુસ્સા કરેગા જાય?'

'અચ્છા તુમ પઢતે રહો ઔર ગુરુજી કો ખુશ કરતે રહો વિષ્ણુ તુમ આયેગે ક્યા?'

'જરૂર'

'ઔર રામભજન તુમ?'

'મૈં ભી આઉંગા'

'ઔર તુમ ભી?'

'હાં હાં'

'અચ્છા ચલો ચલો'

એટલું કહેતા તો પાંચસાત વિદ્યાર્થીઓ નીકળી પડ્યા અને સરઘસના મહા પ્રવાહમાં જોડાઈ ગયા રાષ્ટ્રીય ગીતો ગાતું ગાતું સરઘસ આખા શહેરમાં ફર્યું અને પછી સરમાર તરફથી ચાલતી સંસ્કૃત કોલેજ આગળ આવીને ઊભું રહ્યું સરઘસમાંથી વિદ્યાર્થીઓ બહાર નીકળ્યા અને કોલેજના મુખ્ય દરવાજા આગળ ઊભા રહીને પિકેટીંગ કરવા લાગ્યા થોડી થોડી વારે 'મહાત્મા ગાંધી કી જય, વંદે માતરમ્,' 'બ્રિટિશ શિક્ષાકા બોયકોટ' વગેરે પોકારો સંભળાતા હતા થોડા જ વખતમાં તેઓની આજુબાજુ લોકોનું ટોળું જમા થઈ ગયું અને શું થાય છે તે કુતૂહલપૂર્વક જોવા લાગ્યું એટલામાં સોટીઓ વીંઝતી અને લોકોના ટોળામાંથી માર્ગ કરતી પોલીસની એક ટુકડી આવી પહોંચી પોલીસના વડાએ બધાને વિખેરાઈ જવાનો હુકમ કર્યો પિકેટરોમાંથી જેઓ ન ખસ્યા તેમને તેણે ગિરફતાર કર્યા પેલા હૃષ્ટપુષ્ટ બદનવાળો વિદ્યાર્થી પણ પકડાયો એનું નામ ચંદ્રશેખર

બપોર પછી તેમને અદાલત સમક્ષ ખડા કરવામાં આવ્યા ન્યાયાધીશ એક પછી એક વિદ્યાર્થીઓના કેસ હાથ ધરતો ગયો અને સજા ફરમાવતો ગયો કોઈને મહિનો કોઈને ત્રણ મહિના તો કોઈને છ એક વિદ્યાર્થીનો વારો આવ્યો મેજીસ્ટ્રેટે તેને પૂછ્યું

'તુમ્હારા નામ?'

'નવમ્બર'

'તુમ્હારા બાપ કા નામ?'

'ડિસમ્બર'

સારી યે કોર્ટ ખડખડાટ હસી પડી

'લે જાવ ઈસકો એક મહિને કી આસાન કૈદ'

'ઔર કોઈ?' ન્યાયધીશે પ્રોસિક્યુટર તરફ ફરીને પ્રશ્ન કર્યો પ્રોસિક્યુટરે પોલીસ અમલદારને

ઇશારો કર્યો. તુરત જ પેલા હૃષ્ટપુષ્ટ શરીરવાળા સંસ્કૃતના વિદ્યાર્થી ચંદ્રશેખરને રજૂ કરવામાં આવ્યો.

'તુમ્હારા નામ?'

'આઝાદ.'

'તુમ્હારા બાપ કા નામ?'

'સ્વાધીન!'

'કહાં રહતે હો?'

'જેલખાનેમેં!'

'કયા કરતે હો?'

'અદાલત કા બૉયકાટ.'

'હં...અચ્છા' મેજિસ્ટ્રેટે દાંત ભીંસ્યા. 'બદમાશી કરતે હો કયા?'

'જી નહિ.'

'તુમ કો સીધા કિયા જાયગા.'

'બેશક.'

ચંદ્રશેખરના હાજરજવાબી અને જુસ્સાભર્યા જવાબો સાંભળીને કોર્ટમાં બેઠેલા તમામ પ્રેક્ષકો તેના ઉપર ખુશ થઈ ગયા. પ્રેક્ષકોની નજરમા પોતાની રેવડી થતી જોઈ મેજિસ્ટ્રેટ ખૂબ ગુસ્સે થયો. અને ગુસ્સામાં ને ગુસ્સામાં તેણે ચુકાદો આપ્યો. 'પંદરા બેંત કી સજા' અદાલતમાં બેઠેલા માણસો ઉપર જાણે વીજળી પડી. ઘડી પહેલાં હસતા લોકો એકદમ ગંભીર બની ગયા. 'ગજબ કિયા બાપ રે!' કોઈ બોલી ઊઠ્યું. 'ઉફ્ ઈનને નાદાન બચ્ચેકો પંદરા બેંત કી સજા, કયા બાત હૈ!' બીજા પ્રેક્ષકે ખેદયુક્ત આશ્ચર્ય બતાવતાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. સારીયે અદાલતમાં હાહાકાર મચી ગયો. સૌ મનમાં ને મનમાં મેજિસ્ટ્રેટને ગાળો ભાંડવા લાગ્યા.

ફટકાની સજા એટલે શું તેનો જેને ખ્યાલ હોય છે તે લોકોના ગુસ્સાનું કારણુ સમજી શકશે. આ સજા સાંભળીને તો ભલભલા ત્રાસી ઊઠે છે. મોટા મોટા ક્રિમિનલો તેનાથી થરથરે છે. કશાથી ગુનો કબૂલ નહિ કરનારા માણસો ફટકાનું નામ પડતાં જ ગુનો માની જાય છે. ન કર્યો હોય એવો ગુનો પણ પોતાને માથે ઓઢી લેવા તૈયાર થઈ જાય છે કારણુ કે તેઓ માને છે કે એથી બહુ બહુ તો જેલ ભોગવવી પડશે પણ એ આ ફટકાની ત્રાસદાયક અને ભયંકર યાતના કરતાં તો હજાર દરજ્જે તે સારી!

ફટકાની જેને શિક્ષા કરવામાં આવે છે તેનાં બધાં જ કપડાં ઉતારી નાખવામાં આવે છે. આમ તેને નવસ્ત્રો બનાવી તેના હાથ ત્રિકોણાકાર ઘોડી સાથે બાંધવામાં આવે છે. અને પગ ઘોડીના પાયા સાથે. પછી મીઠાના પાણીમાં ઝબકોળેલા નેતરના સોટા વતી ફડાક ફડાક મારવાની શરૂઆત થાય છે. ઉપરની ચામડી ચિરાઈ લોહીની શેડો ઊડે છે. તૂટેલા માંસના લોચા નેતર સાથે ચોંટીને બહાર નીકળી જાય છે. આંખોના ડોળા પહોળા થઈ બહાર ધસી આવે છે. જાણે હમણાં બેભાન થઈ જવાશે એવી ભયંકર યાતના થાય છે. એક સામટા અનેક વીંછી ડંખ મારી રહ્યા હોય એવી બળતરા થાય છે. આખા શરીરમાં જાણે વીજળી દોડતી હોય એમ માણસ કાળી વેદનાથી પીડાઈને ચીસો નાખે છે. કોઈ ઝાડો પેસાબ કરી નાખે છે, કોઈ સાચે જ બેભાન થઈ જાય છે. ડૉક્ટર તેને ભાનમાં લાવે છે. અને ફટકા મારવાની ક્રિયા ફરી ચાલુ થાય છે. આમ જ્યાં સુધી નક્કી કરેલી સખ્યા પૂરી નથી થતી ત્યાં સુધી આ ક્રિયા ચાલ્યા જ કરે છે. ચંદ્રશેખર જેવા કુમળી વયના બાળકને થયેલી આ પંદર ફટકાની સજા સાંભળીને એકેએક પ્રેક્ષકના મોંમાથી અરેરાટી છૂટી ગઈ. પણુ ચંદ્રશેખર તો હસતો જ રહ્યો.

અદાલતનુ કામકાજ બંધ થયું. ચંદ્રશેખરને સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યો. લોકોનું ટોળું મેજિસ્ટ્રેટને ગાળો દેતું દેતું વીખરાયું.

સેન્ટ્રલ જેલમાં હોસ્પિટલ સામેના એક ચોકમાં જ ફટકાની ઘોડી ઊભી કરવામાં આવી. ચંદ્રશેખર આઝાદનાં કપડાં ઉતારી તેના હાથ ઘોડીના ઉપલા ભાગ સાથે બેડીથી જકડી લેવામાં આવ્યા; પગ પહોળા રાખી તેને ઊભો રાખવામાં આવ્યો. અને પછી ફટકા મારવાની ભયંકર અને ક્રૂર વિધિ ચાલી.

જેલર બોલતો ગયો એક....

અને ફડાક કરતો ફટકો પડ્યો. ચામડી ચિરાઈ ગઈ લોહીની ધારા છૂટી. જોનારને થયું, હમણાં આઝાદ ચીસ પાડી ઊઠશે કે બેભાન થશે, પણ તેમના આશ્ચર્ય વચ્ચે આઝાદનો મરદાનગીભર્યો અવાજ સંભળાયો 'મહાત્મા ગાંધી કી જય'

'દો' કહેતા જ બીજો ફટકો પડ્યો. નેતરની સોટીએ ચંદ્રશેખરના બદન ઉપરથી માંસ ઉખેડી લઈ અર્ધા ઈંચનો ખાડો કરી મૂક્યો. ફરી એ જ મર્દાનગીભર્યો અવાજ 'મહાત્મા ગાંધી કી જય'

'તીન' 'ચાર' 'પાંચ' જેલર આગળ બોલતો જ ગયો અને ફટકા પડતા ગયા. લોહી વહેતું ગયું. માંસના લોચાની કટકીઓ હવામાં ઊડતી ગઈ અને ફટકાનો જ જવાબ વાળતા હોય તેમ ચંદ્રશેખરના ગળામાંથી 'મહાત્મા ગાંધી કી જય'ના જયઘોષ જેલની દીવાલો સુધી અફળાઈને પડઘો પાડવા લાગ્યા. દૂર ઊભા રહીને આ દૃશ્ય નિહાળતા કેદીઓ પણ આઝાદની વીરતા જોઈને મનમાં 'વાહવા' પોકારી ઊઠ્યા, પણ તેઓ વધારે વખત આ દૃશ્ય ન જોઈ શક્યા. માત્ર તેમના કાન ઉપર 'ફડાક' કરતો ફટકાનો અવાજ અને 'મહાત્મા ગાંધી કી જય' આખર સુધી સંભળાયા. પંદર ફટકા પૂરા થયા એટલે આઝાદે પણ મુક્તિનો મંત્ર ઉચ્ચાર્યો 'વંદે માતરમ્'

જેલર મોમાં આંગળા કરડવા લાગ્યો. તે આશ્ચર્યથી અવાક્ થઈ ગયો. તેની આટલા વર્ષોની જેલર તરીકેની કારકિર્દીમાં આવો બહાદુર માણસ જોયો ન હતો.

તેની પીડના ઘા રુઝાવવા દાક્તરે દવા લગાવી અને થોડા વખત પછી તેને છૂટો કરવામાં આવ્યો.

સારાયે બનારસમાં ચંદ્રશેખર આઝાદની વીરતાની વાત વીજળીવેગે પ્રસરી ગઈ. જનતાએ આ શૂરવીર બાળકને તેડી લીધો. તેના ગળામાં ફૂલોની માળાઓ પડવા લાગી, ને આખો ઢંકાઈ જાય એટલી બધી પુષ્પવૃષ્ટિ કરી બનારસની સ્ત્રીઓએ વીરતાનાં પૂજન કર્યાં. માતાઓની આંખમાં આંસુ આવી ગયાં. જુવાન, બાળક અને બુઢ્ઢાં સૌએ તેની મુક્તકંઠે પ્રશંસા કરી. બનારસમાં તેનું સરઘસ કાઢવામાં આવ્યું. કાશી નગરીના નેતાઓએ તેની વીરતાનાં ગુણગાન ગાયાં. કાશીનગરીમાં ચંદ્રશેખર આઝાદનું નામ લોકોની જીભ ઉપર રમવા લાગ્યું. એ દિવસથી તે આઝાદના ટૂંકા નામથી ઓળખાવા લાગ્યો.

આ આઝાદ છે કોણ? ક્યાંથી આવ્યો છે તે? આવા શૂરવીર બાળકને જન્મ આપનાર કોણ છે એનાં માતાપિતા? લોકોને કુતૂહલ થયું.

પણ ત્યારે તો કોઈ એ કુતૂહલ શમાવી શક્યું નહિ. તે વખતે તો માત્ર લોકો એટલું જ જાણી શક્યા કે તેનું નામ ચંદ્રશેખર આઝાદ છે અને સેંકડો માઈલ દૂરથી તે સંસ્કૃત શીખવા અહીં આવ્યો છે. પાછળથી પૂછપરછ કરતાં પણ એટલી જ ખબર પડી કે ઈન્દોરની પાસે આવેલા એક ગામડામાંથી તે આવ્યો છે.

અસહકારની હિલચાલ એ વખતે પૂર જોસમાં ચાલતી હતી. મહાત્મા ગાંધીએ આખા દેશને બહિષ્કારનો મહામંત્ર આપ્યો હતો. કાશીનગરીએ પણ એ મંત્ર ઝીલ્યો હતો. મહાસભાની હાકને માન આપી સેંકડો વિદ્યાર્થીઓ શાળા, કૉલેજ છોડી બહાર નીકળી પડ્યા હતા. કાશી વિદ્યાપીઠ નામની રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના હજી હમણાં જ મહાત્માજીના શુભ હસ્તે કરવામાં આવી હતી. વિદ્યાપીઠના કાર્યકર્તાઓએ આઝાદનું પાણી જોયું. 'તારા જેવા બહાદુર વિદ્યાર્થી તો રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં જ શોભે' એમ કહીને તેઓ આઝાદને વિદ્યાપીઠમાં લઈ ગયા. વિદ્યાપીઠમાં આઝાદે પ્રવેશ કર્યો ત્યારે સૌ તેને તાજુબીથી જોઈ રહ્યા અને મનમાં ને મનમાં તેની પ્રશંસા કરવા લાગ્યા. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં એક બંગાળી વિદ્યાર્થી હતો. એનું નામ પ્રણવેશ ચેટરજી. બંગાળથી તે અહીં ક્રાન્તિના પ્રચાર માટે આવ્યો હતો અને અભ્યાસને બહાને વિદ્યાપીઠમાં રહેતો હતો. આઝાદની બહાદુરીની વાત તો તેણે પહેલેથી જ સાંભળી હતી. હવે તે તેનું સુગઠિત શરીર અને મરદાની ચહેરો જોઈ તે ખુશ થઈ ગયો. તેણે તેનો પરિચય સાધ્યો. પ્રથમ પરિચયે જ તેણે જોયું કે આ નાની ઉંમરના સાહસિક કિશોરમાં એક ક્રાન્તિકારનું બીજ પડેલું જ

છે. માત્ર તેમાંથી મોટું વૃક્ષ ઊભું કરવા માટે અનુકૂળ વાતાવરણ તેણે પૂરું પાડ્યું. તેણે આઝાદ સાથે દોસ્તી બાંધી. રોજ તે આઝાદને બ્રિટિશ સત્તાના જુલ્મની અને ક્રાન્તિકારીઓની બહાદુરીની કથા સંભળાવવા માંડ્યો. જેના શરીર ઉપરથી ફટકાના ઘા અને હૃદય ઉપરથી અપમાનના ઘા હજી રુઝાયા નહોતા એવા આઝાદને બ્રિટિશ સલ્તનતને ઉખેડી નાખવાની વાત સમજાવતાં તેને બહુ મુશ્કેલી પડી નહિ. થોડા જ દિવસમાં તેનો હેતુ બર આવ્યો. પ્રણવેશ ચેટરજીએ આ વાત તેના એક ક્રાન્તિકારી મિત્ર મન્મથનાથ ગુપ્તાને કરી.

'આજ એક બડા અચ્છા રીક્રૂટ હાથ લગા હૈ'

'કૌન?' ગુપ્તાએ કહ્યું.

'ચંદ્રશેખર આઝાદ' પ્રણવેશે જવાબ આપ્યો.

'વાહવા ક્યા બાત' મૈં તો શુરૂ સે હી જાનતા થા. મુઝે યકીન થા કિ આઝાદ કિસી ન કિસી દિન અપને દલમેં બિના ભર્તી હૂએ નહિ રહેગા.'

એ પછી એક જ હેતુને સિદ્ધ કરવા ઇચ્છતા આ ત્રણે વિદ્યાર્થીઓ વચ્ચે મિત્રતાની અતૂટ સાંકળ બંધાઈ ગઈ. મન્મથનાથ ગુપ્તાએ ધીરે ધીરે આઝાદને બનારસના મુખ્ય મુખ્ય ક્રાન્તિકારીઓ રાજેન્દ્ર લાહિરી, શચીન બક્ષી, રવીન્દ્ર મોહનકાર વગેરેનો પરિચય કરાવી આપ્યો.

વિદ્યાપીઠમાં આઝાદને ચોથા વર્ગમાં દાખલ કર-કરવામાં આવ્યો હતો. પણ હવે પુસ્તકો ઉપરથી તેનું દિલ ઊઠીને પિસ્તોલ ઉપર આવી બેઠું હતું. શાળાનો અભ્યાસ કરવાને બદલે તે ક્રાન્તિનો પ્રચાર કરવા માંડ્યો. તેણે ભરતી કરેલા ક્રાન્તિકારીઓમાં બનારસના સ્વામી ગોવિંદપ્રકાશ જે પાછળથી રામકૃષ્ણ ખત્રીના નામે ઓળખાયા તે તથા જોગેન્દ્ર શુક્લ મુખ્ય હતા.

ક્રાન્તિકારીઓની ભરતીનું કામ ધીરે ધીરે આગળ વધવા લાગ્યું તેમ તેમ પૈસાની તંગી પડવા લાગી. એક દિવસ બનારસમાં દળના માણસોની ખાનગી સભા મળી અને વિચાર ચલાવ્યો કે પૈસા માટે શું કરવું જોઈએ.

સ્વામી ગોવિંદપ્રકાશે એક સરસ યોજના મૂકી. 'અહીંથી થોડે જ દૂર આવેલા ગાઝીપુરમાં ઉદાસી સંપ્રદાયનો એક મહન્ત રહે છે. તેની મોટી એવી મિલ્કત છે. મહન્ત એક ચેલાની શોધમાં છે. તે હવે વૃદ્ધ થવા આવ્યો છે અને થોડા જ દિવસનો મહેમાન છે. આપણામાંથી જ કોઈ એનો ચેલો બની જાય તો સારી એવી જાગીર હાથ આવી જાય અને કાયમનું દુઃખ ટળે! પણ ચેલાનો પાઠ બરાબર કોણ ભજવી શકશે?'

સૌની નજર અલમસ્ત શરીરવાળા અને પ્રભાવ-શાળી ચહેરાવાળા આઝાદ પર પડી. મહન્તનો ચેલો બનવા માટે તે જ સૌથી યોગ્ય છે. બસ નક્કી થઈ ચૂક્યું.

સ્વામી ગોવિંદાનંદ પોતે જ સાધુ હતા એટલે દીક્ષા વિગેરેની ક્રિયાવિધિથી પૂરેપૂરા માહિતગાર હતા. તેણે આઝાદને દાખલ કરાવી આપવાનું કામ માથે લીધું અને ઘણી જ સિફતથી સફળતાપૂર્વક પાર ઉતાર્યું.

ક્રાન્તિકારી આઝાદ મહન્તનો ચેલો બન્યો.

થોડા દિવસમાં જ આઝાદે જોઈ લીધું કે મહન્તની ગાદી પચાવવી ભારે પડે એમ છે. પુસ્તકથી કંટાળેલા આઝાદને શિરે ગુરુમુખીના અક્ષરો શીખવાનું કઠિન કામ આવી પડ્યું. આખો દિવસ હાથમાં માળા રાખીને 'જપજી' નું રટણ કરતાં કરતાં તેને કપાળે પરસેવો વળી જતો. તેને એક દિવસ પણ અહીં ચેન પડે તેમ નહોતું. આખરે ખૂબ કંટાળીને તેણે પોતાના મિત્રો ઉપર સંદેશો મોકલ્યો. "મને અહીં જરા ય ફાવતું નથી. હવે તો ગળા સુધી આવી ગયો છું, જલદી આવો." બનારસથી તુરત જ સ્વામી ગોવિંદપ્રકાશ અને મન્મથનાથ ગુપ્તા આઝાદને મળવા આવ્યા. મહન્ત કે તેના બીજા કોઈ પણ માણસોને જરા યે વહેમ ન આવે એટલા માટે ખૂબ સાવચેતી રાખવામાં આવી. સ્વામી ગોવિંદપ્રકાશ તો સાધુ હતા જ. મન્મથનાથ ગુપ્તાએ પણ જાણે પોતે મહન્તના મોટા ભક્ત હોય એવો ઢોંગ કર્યો. ગોવિંદપ્રકાશે મહન્તને મન્મથનાથની ઓળખ આપી. 'આ એક હિન્દુ સદ્‌ગૃહસ્થ છે. મારા ઓળખીતા

કે આપના પરમ પ્રેમી અને પ્રશંસક છે આપના નામ અને કામ વિષે તો એ ઘણા વખતથી પરિચિત હતા હવે તે આપના પ્રત્યક્ષ દર્શનનો લાભ લેવા આવ્યા છે' ગુપ્તજીએ પણ પોતનો વેશ બરાબર ભજવ્યો મહન્ત સાથે ધર્મ સંબંધી એક અચ્છા જિજ્ઞાસુની પેઠે ચર્ચાઓ કરી અને તેમને ખુશ ખુશ કરી દીધા આમ મહન્તને પ્રસન્ન કર્યા પછી મઠ જોવાને બહાને ચંદ્રશેખર આઝાદને મળવા ગયા

મિત્રોની પરસ્પર દૃષ્ટિ મળી મિત્રોને જોઈને આઝાદના મુખ ઉપર આછું સ્મિત ફરક્યું થોડી વાર પછી જ્યારે બધા ચેનાઓ આઘાપાછા થઈ ગયા ત્યારે બન્ને મિત્રોએ આઝાદને ધીરજ આપી અને કાયમના સુખ માટે થોડા દિવસ કષ્ટ વેઠી લેવા કહ્યું આઝાદે જવાબ આપ્યો 'ગુરુમુખીના અક્ષરો ઉકેલતા ઉકેલતા તો મારી આંખો ફૂટી જવા આવી અને આ સાલો મહન્ત જલદી મરે એવું લાગતું નથી સાલો ખૂબ દંડ પીલે છે ને દૂધ પીએ છે' આમ છતાં યે મિત્રોએ તેને દળની આર્થિક મુશ્કેલીઓનો ખ્યાલ આપી માત્ર થોડા વધારે દિવસ ખેંચી કાઢવાની સલાહ આપી અને છતાં યે બનારસ ગયા પછી જે નિર્ણય થાય તે જણાવવા કહ્યું આઝાદે બનારસના નિર્ણયની થોડા દિવસ તો રાહ જોઈ પણ વધારે વખત હવે ત્યાં ટકી શકાય એમ તેને લાગ્યું નહિ એટલે એક દિવસ તે મિત્રોના આશ્ચર્ય વચ્ચે બનારસ આવીને ઊભો રહ્યો આમ મહન્તની ગાદી ધાર્યા કરતાં વધારે કીમતી જણાઈ આઝાદ ત્યાંથી ચાલ્યો ગયો એથી મહન્તને તો આવો સુંદર અને હૃષ્ટપુષ્ટ બદનવાળો ચેલો ગુમાવવા બદલ લાગી આવ્યું હશે પણ આઝાદને તો બંદીજીવનમાંથી આઝાદી મળવાથી ખૂબ આનંદ થયો એ પછી ૧૯૨૩ ની સાલમાં પંડિત રામપ્રસાદ બિસ્મિલની સરદારી નીચે બિચપુરીની ધાડ પાડવામાં આવી તેમાં આઝાદ પણ જોડાયો હતો

૧૯૨૪ માં શચીન્દ્રનાથ સન્યાલે 'ક્રાંતિકારી' એ નામની એક પત્રિકા તૈયાર કરી આ પત્રિકાઓની હજારો નકલો કરી એક જ તારીખે રંગૂનથી પેશાવર સુધીના તમામ પ્રદેશના મોટાં શહેરોમાં એ વહેંચવામાં આવી એક જ દિવસે આ પત્રિકા આટલા બધા વિસ્તારમાં પહોંચી ગઈ એ જોઈ સરકાર ચોંકી ગઈ અખબારોએ પણ આ વસ્તુની સારી એવી નોંધ લીધી. કેટલાક અખબારોએ તો એમ પણ લખ્યું કે એક જ દિવસે રંગૂન કલકત્તા બનારસ કાનપુર દિલ્હી આગ્રા લાહોર, પેશાવર વિગેરે સ્થળોએ આ પત્રિકા પહોંચી એ બતાવે છે કે ક્રાન્તિકારીઓનું સંગઠન કેટલું મજબૂત અને વ્યવસ્થિત છે, તેની શાખાઓ ક્યાં સુધી વિસ્તરી છે" આ કાર્યમાં આઝાદનો હિસ્સો કંઈ જેવો તેવો ન હતો બનારસની એકેએક શાળા-કૉલેજમાં આ પત્રિકા પહોંચી ગઈ હતી કેળવણીની એક સંસ્થાના સંચાલક પોતાના રજિસ્ટરો અને ફાઈલો ઉઘાડે છે તો દરેકમાં એક એક પત્રિકા જુએ છે આ કામ કોનું છે એ કોઈ કળી શક્યું નહિ વસ્તુતઃ એ આઝાદનું પરાક્રમ હતું આગલે દિવસે સંસ્થાના એક પટાવાળા સાથે દોસ્તી બાંધી તેના દ્વારા જ આ કામની ખાનગી વ્યવસ્થા કરવામાં આવી હતી આ પત્રિકા બહાર પડ્યા પછી ઉત્તર હિંદુસ્તાનમાં પોલીસના માણસો સાવચેત થઈ ગયા હતા પણ ક્રાન્તકારીઓ તો પોતાની યોજના મુજબ કાર્ય આગળ ધપાવતા ગયા

આવાં નાનાં નાનાં કાર્યો કરતાં કરતાં આઝાદ મોટો થયો જતો હતો અઢાર વર્ષની ઉંમરમાં તો તેનું બદન પૂરબહારમાં ખીલી ઊઠ્યું હતું તેની જુવાની હવે તેને વધારે સાહસવાળાં કામોમાં ઝંપલાવવા પડકાર કરતી હતી એ જ વર્ષમાં ફરીને તેણે રામપ્રસાદ બિસ્મિલની આગેવાની નીચે બમરૌલીમાં ધાડ પાડી આમ ધાડ પર ધાડ પાડ્યા છતાં પણ દળની અવસ્થા સુધરી નહિ ત્યારે ક્રાન્તિકારીઓની એક ખાનગી સભાએ નાની નાની ધાડ પાડવાનું છોડી દઈ 'મોટા મીર'ને મારવાની યોજના રચી એ યોજના મુજબ ૧૯૨૫ ના ઑગસ્ટની ૯મી તારીખે દસ જુવાનોએ લખનૌ મુગલસરાઈ લાઈન પર થતી ટ્રેઈનને કાકોરી નામના એક

નાના સ્ટેશન પાસે થોભાવી પંદર વીસ મિનિટ જેટલા અલ્પ સમયમાં જ સરકારી ખજાનાના થેલા લૂંટી લીધા. રોકડ, નોટો વગેરે બધા મળીને રૂપિયા ૫૦૦૦ તેમના હાથમાં આવ્યા. પટણાની પેઠે જ આ વખતે પણ ચંદ્રશેખર આઝાદે સક્રિય હિસ્સો લીધો હતો. લૂંટ કરતી વખતે તે ખૂબ જોસમાં આવી ગયો હતો. ધાડના સમાચાર વાયુવેગે સારા યે યુક્ત પ્રાંતમાં પહોંચી ગયા. હિન્દુસ્તાનભરમાં આ ધાડની ચર્ચાઓ થવા લાગી. સરકાર પણ નવજુવાનોના આ સાહસથી ચમકી ગઈ. યુક્ત પ્રાંતમાં ઠેર ઠેર દરોડા પડ્યા. લખનૌ, કાનપુર, અલ્હાબાદ, મેરઠ, શાહજહાનપુર, બનારસ, દિલ્હી, આગ્રા વગેરે યુક્તપ્રાંતનું એક પણ શહેર એવું નહોતું કે જ્યાં પોલીસોના દરોડા ન પડ્યા હોય. ટૂંક મુદતમાં જ પોલીસોએ ચાલીશ જેટલા માણસોને તો ગિરફતાર પણ કરી લીધા. બનારસના ક્રાન્તિકારીઓ ઉપર પોલીસની નજર ઘણા વખતથી હતી એટલે કાકોરી ધાડના સમાચાર મળતાં જ પોલીસોએ બનારસના ક્રાન્તિકારીઓ ઉપર પણ છાપો માર્યો. પરંતુ મોટા ભાગના ક્રાન્તિકારીઓ તો બનારસ છોડીને ક્યારના રફુચક્કર થઈ ગયા હતા. રાજેન્દ્ર તો ધાડ પહેલાં જ કલકત્તા બોમ્બ બનાવવાનું શિક્ષણ લેવા ગયો હતો. શચીન્દ્ર બક્ષી સિનેમા જોવા ગયા પછી ફેર પાછો જ ન ફર્યો. મન્મથનાથ ગુપ્ત તો થોડોક વખત ગુપ્ત રહ્યા. પછી પોલીસના હાથમાં આવી ગયો. શાહજહાનપુરથી રામપ્રસાદ બિસ્મિલ અને સરદાર રોશનસિંહ પકડાયા. અશફાક ઉલ્લાખાં અફઘાનિસ્તાન નાસી છૂટવાની તૈયારી કરતા હતા એવામાં તેમને એકાએક દિલ્હીમાં જ ગિરફતાર કરવામાં આવ્યા. આઝાદે જોયું કે બનારસમાં વધારે વખત રહેવામાં માલ નથી એટલે એક દિવસ લાગ જોઈને અલોપ થઈ ગયો. પાછળથી નામના ફરતા કેટલાયે પકડાઈ ગયા પણ ચંદ્રશેખર આઝાદ આખર સુધી ન પકડાયો તે ન જ પકડાયો. તેની તો પ્રતિજ્ઞા હતી કે ગમે તેમ થાય પણ જ્યાં સુધી દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી હું જીવતો શત્રુના હાથમાં નહિ આવું. સરકાર ચાહે મારા મુડદાને ગિરફતાર કરે પણ મને જીવતો તો કદી નહિ જ પકડી શકે.

બનારસ છોડ્યા પછી તેણે કેવી કઠિન દશામાં દિવસો ગુજાર્યા એ આપવીતી આઝાદના જ શબ્દોમાં સાંભળીએ:

'કાકોરીની ધાડ પછી જ્યારે ઘણા માણસો ગિરફતાર થવા લાગ્યા ત્યારે હું બનારસ નાસી આવ્યો. રામપ્રસાદ, શચીન સન્યાલ, રોશનસિંહ લાહિડી વગેરે બધા જેલમાં પહોંચી ગયા હતા. કેટલીયે વાર છોડાવવાના મનસૂબા કર્યા, તૈયારીઓ પણ કરી. જ્યારે કાકોરી ષડ્યંત્ર કેસના ચુકાદાને પરિણામે ચાર જુવાનોને ફાંસી દેવામાં આવી ત્યારે તો હું પાગલ થઈ ગયો. મારા માથામાં લોહી ચઢી આવ્યું. એ વખતે મારી પાસે માત્ર એક બંદૂક હતી. કેટલીયે વાર વિચાર કર્યો કે બંદૂકને ખિસ્સામાં નાંખીને લખનૌ ચાલ્યો જાઉં અને તસદ્દુકહુસેન ખાનબહાદુર—જે કાકોરી કેસમાં પોલીસ તરફથી ફરિયાદી હતો તેને ઠાર મારી નાખું. પરંતુ લોકોએ મને સમજાવ્યો, હાથ પકડીને રોકી રાખ્યો. એથી ફાયદો ? હું જાણતો'તો કે એમનું કથન વાજબી છે. એથી કાંઈ વળવાનું નથી. પણ બીજું યે હું શું કરી શકવાનો હતો ?

મને જ્યારે લાગ્યું કે હવે યુક્ત પ્રાંતમાં રહેવાય તેમ નથી ત્યારે મુંબઈ ચાલ્યો ગયો. ત્યાં બંદર ઉપર ગોદામમાં મજૂરી કરતો રહ્યો. જ્યારે ભૂખ લાગતી ત્યારે ગોદામમાંથી દૂધના ડબ્બાઓ લઈ આવું, પાણી ભેળવીને દૂધ બનાવી પી જતો. મજૂરીના રોજ નવ આના મળતા હતા. રાતે બાર વાગ્યા સુધી ચાર ચાર આનામાં બે વખત સિનેમા જોઈ મોડી રાત્રે પાછો ફરતો અને ગોદામની ખુલ્લી ફરસબંધી ઉપર સૂઈને રાત વિતાવી દેતો. યુક્ત પ્રાંતનો મામલો કંઈ શાંત પડ્યો ત્યારે શું થાય છે એ જોવા પાછો આવ્યો.'

આઝાદના આ શબ્દો જીવનસાથીઓને મળેલી ફાંસીની સજાને લઈને તેણે ભોગવેલી દારુણ વ્યથા અને સરકારી અમલદારો પ્રત્યેનો તીવ્ર રોષ વ્યક્ત કરે છે. ૮ અંગ્રેજી ૬૦ સુધી માનસિક કલેશ અને પરિતાપ સહન કરતાં કરતાં પણ તેની મીટ તો ભવિષ્ય ઉપર મંડાઈ હતી. મુંબઈમાં મજૂરી કરીને ક્યાર દિવસો પસાર કર્યા તો તે એક જ આશાએ

કે ભવિષ્યમા તેને કામ કરવાની વધારે સુંદર તક મળે અને તેની એ આશા ફળી મુંબઈથી પાછા ફર્યા પછી આઝાદે ઝાંસીમા ગુપ્ત થાણુ નાખ્યુ અહીં તે અજ્ઞાન વાસમા ઠીક ઠીક સમય રહ્યો, પણ હાથપગ વાળીને બેસી રહેવાની તો તેની ટેવ જ નહોતી અહી તે મોટર ચલાવતા અને ગોળી ચલાવતા શીખ્યો હવે તે એટલો પાકો નિશાનબાજ થઈ ગયો હતો કે ધાર્યું નિશાન પાડતો આ બન્ને કામો ભવિષ્યમાં તેને ખૂબ ઉપયોગી નીવડયા

કાકોરી ખાવતરા કેસમા તેના કેટલા યે સાથીદારો ફાંસીને માચડે ચડી ગયા હતા, કેટલાકને પાંચથી પંદર વરસથી લાંબી સજાઓ થઈ હતી એ બધા જીવનના સાથીદારોથી સેંકડો માઈલ દૂર બેઠો બેઠો એક પછી એક મુશ્કેલીઓ પડતા તે વધારે ને વધારે ઘડાતો ગયો પાસાઓ ઉપર પહેલ પાડતા તે જેમ વધારે ચમકી ઊઠે તેમ મુશ્કેલીઓ, નાસભાગ, અને અણધારી આફતોથી તે એક લડાયક વીર યોદ્ધાના રૂપમા ચમકી ઊઠયો

કાકોરી કેસ પછી સરકારે જે સખત હાથે કામ લીધુ પોલીસ નાસતા ફરતા આરોપીઓને શોધવા માટે ઠેર ઠેર જે દરોડા પાડતી હતી એથી કેટલા યે ક્રાન્તિકારીઓ ઠંડા પડવા માંડ્યા હતા કાકોરી કેસ પૂરો થતા સુધી કોઈ જ પ્રવૃત્તિ હાથ ન ધરવી, નહિ તો પકડાયેલાને વધારે સજા થશે એવા નરમ વિચારો કરતા તેઓ થઈ ગયા હતા પણ ચંદ્રશેખર આઝાદને રાહ જોવાપણુ નહોતુ ઝાંસીમા તેણે નવા નવા ક્રાન્તિકારો સાથે સબંધો બાંધી દળને મજબૂત બનાવ્યુ રાજગુરુ સદાશિવ, ભગવાનદાસ વગેરેનો તેને ત્યા જ ભેટો થયો જૂના ક્રાન્તિકારીઓની સલાહ મુજબ ચંદ્રશેખરે જો કે હજી એક પણ પગલું ભર્યું ન હતુ પણ જ્યારે કાકોરી કેસ પૂરો થયો, સજાઓ થઈ, અપીલો થઈ, અને પોતાના સાથીદારો ફાંસીએ પણ ચડી ગયા એ પછી પણ જ્યારે પેલા જૂના ક્રાન્તિકારીઓના પેટનું પાણી ન હાલ્યુ ત્યારે આઝાદથી ન રહેવાયુ એ જ અરસામાં તેને ભગતસિંહ અને ભગવતીચરણ જેવા સાથીદારો મળી ગયા એમની મદદથી તેણે પોતાનુ કામ આગળ વધાર્યું. અજમેર, પંજાબ અને યુક્ત પ્રાંતમા ફરીને તેણે સગઠન ઊભુ કરવા માંડ્યુ હથિયારો એકઠા કરવા માંડ્યા રૂપિયાની જરૂર ઊભી થતા નાની નાની ધાડો પણ પાડી ધાડોમાથી મળેલા રૂપિયાનો તે ચોકસાઈથી ક્રાન્તિકારી કાર્યોમાં જ ઉપયોગ કરતો મોજશોખને માટે ક્રાન્તિકારીના જીવનમા બિલકુલ સ્થાન હોય જ નહિ અને આઝાદ તો એક આદર્શ ક્રાન્તિકારી હતો ૧૯૨૯ની એક વાત તેની સાદાઈ અને કરકસર કેટલી હદ સુધી જતી હતી તેનું સરસ દૃષ્ટાંત રજૂ કરે છે વડી ધારાસભામા બોમ્બ ફેંકવાનુ નક્કી થઈ ચૂકયુ છે આગ્રામા આઝાદ ભગતસિંહ વિજયકુમારસિંહ વિગેરે એક મકાનમા બેઠા છે બટુકેશ્વર દત્ત ઘણા વખત પછી બંગાળનુ પોતાનું કામ આટોપીને અહીં આવ્યો હતો આટલા લાંબા સમયે મિત્રને મળવાનુ થતા તેનુ સ્વાગત જરા સારી રીતે કરવાની તેના એક મિત્રની ઇચ્છા થઈ આવી તે એક કમળ રોટી ખરીદી લાવ્યો એ વખતે પૈસાની એટલી સખત તંગી હતી કે કેટલા યે દિવસો ચણા ઉપર પણ ગુજારવા પડતા હતા આઝાદને આ વાતની ખબર પડતા જ તે નારાજ થયો અને સાથીદારને કહ્યુ ‘ક્રાન્તિના કાર્ય પ્રત્યેના પ્રેમ સિવાય તેની આડે આવતા બીજા બધા પ્રેમ દરેક ક્રાન્તિકારીએ પોતાના હૃદયમાથી ભૂંસી નાખવા જોઈએ

૧૯૨૮ ની સાલમા સમસ્ત પ્રજામતને ઠોકરે મારી સાઈમન કમિશન હિંદમા આવ્યુ ઠેર ઠેર કાળા વાવટાથી તેનુ સ્વાગત (!) થયુ લાહોરમા કાળા વાવટાના સરઘસની આગેવાની લેનાર લાલાજી પર પોલીસની લાઠી ચાલી પરિણામે તે પથારીવશ થયા અને થોડા દિવસ પછી ગુજરી ગયા પંજાબ આખુ વીફરી ગયુ લાલાજીના ખૂનનો બદલો લેવાનો આઝાદે ઠરાવ કર્યો ઠરાવેલી યોજના મુજબ આઝાદ ભગતસિંહ રાજગુરુ અને જયગોપાળ આ ચાર જુવાનોએ ડી એ વી કૉલેજના રસ્તા ઉપરથી સાઈકલ પર જતા સૉંડર્સ પર ગોળી ચલાવી ત્યાને ત્યા જ તેને મારી નાખ્યો આ જ પોલીસ સુપ્રિટેન્ડેન્ટ મિ સૉંડર્સે લાલાજી પર

ગાડી ચલાવી હતી. આ પછી ધારાસભામા બોમ્બ ફેંકતા ભગતસિંહ અને દત્ત પકડાઈ ગયા. રાજગુરુ પકડાઈ ગયો. તેમના ઉપર લાહોર કાવતરા કેસ ચલાવવામા આવ્યો. જયગોપાલ તાજનો સાક્ષી બન્યો. ચંદ્રશેખર આઝાદ ઉપર બે બે મુકદ્દમાઓ લટકતા રહ્યા. કાકોરી કાવતરા કેસ અને લાહોર કાવતરા કેસ બન્ને કાવતરામા તેણે આગળ પડતો ભાગ લીધો હતો એમ કોર્ટમા ઠરાવવામા આવ્યું. એ પકડાયો હોત તો તેને ફાંસી જ મળત એ વિશે કોઈને શંકા નહોતી.

ભગતસિંહ રાજગુરુ વગેરેને જેલમાથી નસાડી મૂકવા માટે આઝાદે મહિનાઓ સુધી પ્રયત્ન કર્યો પણ એમા તેને સફળતા ન મળી.

આઝાદે જોયું કે તેની આટલા આટલા વર્ષોની મહેનત નકામી જતી હતી. દેશના હીરા જેવા જુવાનો એક પછી એક ફાંસીએ લટકતા જતા હતા. દસ વર્ષ જેટલા ટૂંકા ગાળામા તેના કેટલા યે દિલોજાન દોસ્તોને તે વિદાય આપી ચૂક્યો હતો. ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ પણ એ જ વિકટ માર્ગ પ્રતિ પ્રયાણ કરતા હતા એમ તેને ખાતરી થઈ ચૂકી હતી. ધીરે ધીરે તેને વિચારો આવવા માંડ્યા, "વર્ષોનો પરિશ્રમ, ભૂખ, તરસ, થાક, ઉજાગરા વગેરે વેઠીને રાત દિવસ કરેલી અખંડ સાધના, સગા, વહાલા, ભાઈ, બેન, કુટુંબ વગેરેનો ત્યાગ કરીને આવેલા આટલા બધા નવયૌવના જુવાનોનું તપ, આ બધાનો આખરે આવો જ અંજામ? તેને મુક્તિ મેળવવા માટે દેશની આઝાદી હાસલ કરવા માટે સ્વીકારેલા આતંકવાદના સાધનમા કંઈક ખોટ છે એવું લાગ્યું. ધીરે ધીરે તે ઉદાસીન થવા લાગ્યો. તેણે પોતાના બધા બાકી રહેલા સાથીઓને બોલાવી તેમની પાસે પોતાના વિચારો રજૂ કર્યા અને પોતાને હાથે જ ક્રાન્તિકારી દળ વિખેરી નાખ્યું. પણ એથી યે તેને ચેન પડ્યું નહિ. જેલની અંદર સડતા અને મોતની વાટ જોઈને બેઠેલા પોતાના સાથીઓ ભગતસિંહ વગેરેને તે છોડાવવા માગતો હતો. મહાત્મા ગાંધી કોઈ કામજુસર દિલ્હી આવ્યા હતા. આઝાદે તેમને નીચેની મતલબનો સંદેશો મોકલ્યો હતો: 'અમારો વિશ્વાસ આ ત્રાસવાદમાથી ઊઠી ગયો છે એટલે હવે તમારે ભગતસિંહ અને બીજા ક્રાન્તિકારીઓને છોડાવવા જોઈએ. એ છૂટશે તો તો ઠીક છે, અમે બધા દેશની સેવાના કામમા લાગી જઈશું, પણ તમારા પ્રયત્નો પછી પણ સરકાર એમને નહિ છોડે તો દેશભરના જુવાનો પ્રતિહિંસાની જ્વાળાથી સળગી ઊઠશે અને આજ સુધીમા નહિ જોયેલા વિપ્લવનો સરકારને સામનો કરવો પડશે.' એ પછીનો ઇતિહાસ સૌ જાણે તેટલો તાજો છે. મહાત્મા ગાંધીના પ્રબળ પ્રયત્ન પછી પણ ભગતસિંહ વગેરે ન છૂટી શક્યા. રાવી નદીને કિનારે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસીને માંચડે ચડાવી દેવામા આવ્યા તથા બીજાઓને પાંચ વર્ષથી પંદર વર્ષ સુધીની જુદી જુદી સજાઓ થઈ.

ભગતસિંહ ગિરફતાર થયા પછી પણ આઝાદે પોતાનું કામ ચાલુ રાખ્યું હતું એવી હકીકતો મળે છે. તેણે જે જે કાર્યો કર્યાં તે બધા તેને એક મહાન સેનાપતિ અને સંગઠનકર્તાનું પદ અર્પે છે.

દુર્ગાદેવી, પ્રકાશવતી, ભગવતીચરણ, યશપાલ, હંસરાજ વાયરલેસ અને એવા બીજા અનેકને તેણે પોતાની પાંખમા લઈ તેમની આગળ વીરતાના કામો કરાવ્યા. વાઈસરૉયની ગાડી ઉપર ફેંકવામા આવેલો બોમ્બ, તથા ગદોદિયા સ્ટોરની લૂંટ, પંજાબના મોટા શહેરોમા એક જ વખતે ઓટોમેટિક (સ્વયંચલિત) બોમ્બ ફોડવાની યોજના વગેરે ચંદ્રશેખરના રાજકીય કાર્યોને ફાળે જાય છે. પણ પડેલા જેમ કહ્યું છે તેમ ચંદ્રશેખર હવે જિંદગીને કિનારે આવી પહોંચ્યો હતો. અત્યાર સુધીમા તેણે રામપ્રસાદ બિસ્મિલથી માંડીને અનેક સાથીઓને ફાંસીને માંચડે ચડી જતા, ગોળીથી વીંધાઈ જતા, બોમ્બથી કૂરચા થઈ જતા કે સરકારના કાળાપાણીના ટાપુમા નરકયાતના ભોગવવા જતા જોયા હતા. અને પોતાને અત્યાર સુધી એવો એક પણ પ્રસંગ મળ્યો નહોતો. એથી તો હૃદયમા ઊંડો ઘા લાગ્યો હતો. બરાબર એ જ સમયમા તેને એવી તક મળી ગઈ, જેણે તેનું મૃત્યુ ઉજાળી દીધું.

વીરભદ્ર તિવારી નામનો એક માણસ કાનપુરના આઝાદના મંડળમાં જોડાઈને પોલીસને બાતમી આપતો હતો. થોડા જ વખતમાં આઝાદને આ વાતની ખબર પડી જતાં જ તેણે કાનપુરની બધી જ વ્યવસ્થા બદલાવી નાખી અને પોતે અલ્હાબાદમાં આવીને રહ્યો.

એક દિવસ અલ્હાબાદના આલ્ફ્રેડ પાર્કમાં સેનાપતિ આઝાદ સુખદેવરાજ નામના પોતાના એક સાથી સાથે આરામ મારી રહ્યા છે એવામાં તેણે વીરભદ્ર તિવારીને પાસેની સડક પર જતો જોયો. તુરત જ તેણે સુખદેવરાજ આગળ પોતાનું આશ્ચર્ય પ્રકટ કર્યું 'આ અહીં ક્યાંથી ?' તિવારી તો એક જ મિનિટમાં તેમની આંખ આગળથી દૂર થઈ ગયો હતો. આઝાદને પહેલાં તો કંઈક વહેમ પડ્યો પણ પછી થયું કે તેની નજર તો આ બાજુ નહોતી. તેણે મને નહિ જોયો હોય એમ વિચારી તે એક ઝાડની નીચે પોતાના સાથીદાર સાથે નિરાંતે બેસીને વાતો કરવા લાગ્યો. થોડી વાર થઈ એટલામાં છૂપી પોલીસનો ડેપ્યુટી ઇન્સ્પેક્ટર વિશ્વેશ્વરસિંહ પોતાના એક સાથી મિ. ડાલચંદ સાથે ત્યાં આવ્યો. ડાલચંદે આઝાદને પહેલાં જોયો હતો એટલે તેને ઓળખી કાઢતાં તેને વાર લાગી નહિ. એ જ આઝાદ છે એવી ખાતરી કરી લીધા પછી વિશ્વેશ્વરસિંહે છૂપી પોલીસના સુપ્રિન્ટેન્ડન્ટ મિ. નોટ બાવરને તાત્કાલિક ખબર પહોંચાડ્યા અને પોતે આઝાદની ચોકી કરવા લાગ્યો. થોડી વારમાં જ નોટ બાવરની મોટર આવી પહોંચી. આઝાદથી દસેક ગજને અંતરે આવીને તેણે મોટર ઊભી રાખી અને તુરત જ તેની સામે રિવૉલ્વર તાકીને હુકમ કર્યો 'Hands up' આઝાદ કોઈ પણ કટોકટી માટે તૈયાર જ હતો. તુરત જ તેણે પણ પોતાની તૈયાર પિસ્તોલ તાકીને ગોળી છોડી. નોટ બાવરે પણ ઘોડો દબાવી દીધો હતો. આઝાદની જાંઘમાં ગોળી વાગી. સામે આઝાદનો ઘા પણ ખાલી ગયો નહિ. તેની પિસ્તોલમાંથી છૂટેલી ગોળી નોટ બાવરના હાથને વીંધતી ગઈ. ઘાયલ થવાને પરિણામે નોટ બાવરના હાથમાંથી રિવૉલ્વર પડી ગઈ. તુરત જ તે ત્યાંથી ખસીને એક ઝાડની આડો લપાયો. આઝાદે પણ એક ઝાડની ઓથ લીધી. આ બધું વીજળીની ઝડપથી બની ગયું. એટલામાં બીજી પોલીસટુકડી પણ મદદે આવી પહોંચી અને આઝાદને ઘેરી વળી.

ગોળીઓની સામસામી પ્રાથમિક ઝપાઝપીનો લાભ લઈ આઝાદનો સાથી સુખદેવરાજ નાસી ગયો. હવે એક બાજુ આઝાદ અને બીજી બાજુ તેના દળબળ સહિત સશસ્ત્ર પોલીસપાર્ટી. આઝાદની રિવૉલ્વરમાંથી ધડાધડ ગોળીઓ છૂટવા માંડી. જે ઝાડની ઓથે નોટ બાવર છુપાયો હતો તે ઝાડનું થડ જ જાણે કેમ નોટ બાવર હોય તેમ તે આઝાદની ગોળીઓનું નિશાન બન્યું. નોટ બાવરનો હાથ નકામો થઈ જવાથી તે ગોળીબાર કરી શકે એમ નહોતું. પણ બીજી બાજુ ઝાડીની ઓથે છુપાઈને વિશ્વેશ્વરસિંહ આઝાદ ઉપર ગોળીઓ છોડવા લાગ્યો. આઝાદે નિશાન બદલ્યું. આગ વરસાવતી રિવૉલ્વરનું મુખ નોટ બાવરની ઉપરથી ખસીને વિશ્વેશ્વરસિંહ તરફ ફર્યું. એક ગોળી છૂટી ને ડેપ્યુટી સુપ્રીના જડબાને વીંધતી ગઈ. પણ હવે તો એક આઝાદ ઉપર ચારે તરફથી ગોળીઓ છૂટતી હતી. તે એટલો સખત રીતે ઘવાયો હતો કે નાસી શકાય તેમ ન હતું. તેની જાંઘનું હાડકું તૂટી ગયું હતું. તેનું શરીર હવે અસંખ્ય ગોળીઓથી વીંધાઈને નવરાતરના ગરબા જેવું બની ગયું હતું. હવે આઝાદ વધારે વાર ઊભો રહી શક્યો નહિ. તુરત જ તે પડ્યો. વળી ગોળીઓ છૂટી. તેનો પ્રાણ ઊડી ગયો. છતાં તેની પાસે જવાની કોઈની હિંમત ચાલી નહિ. આખરે તેના મૃત શરીર ઉપર એક વધારે ગોળી છોડી તે મરી જ ગયો છે એવી ખાતરી કરી લીધા પછી સરકારી પોલીસ ત્યાં આવી પહોંચી. આમ આઝાદે એક સ્વાતંત્ર્ય યુદ્ધના વીર સિપાહી અને સેનાપતિને છાજે એવી રીતે રણક્ષેત્રમાં સામા ઘા ઝીલીને પ્રાણ છોડ્યા અને 'સરકાર ભલે મારા મૃતદેહને ગિરફતાર કરે હું જીવતો તો હાથ નહિ આવું' એ તેની પ્રતિજ્ઞા તેણે અક્ષરશઃ પૂરી કરી બતાવી. આમ ઉત્તર ભાર

તના ક્રાન્તિકારી દળના સેનાપતિએ બ્રિટિશ સામ્રાજ્ય સામે અંત સુધી ઝઝૂમી ચિર નિદ્રાને ખોળે આશ્રય લીધો. અલ્હાબાદની જનતાએ તેના શબની માગણી કરી પણ જનતામાં જબરદસ્ત આંદોલન મચી જશે એ બીકે સરકારે તેનું શબ આપવાની ના પાડી. પણ એથી જનતાનો ઉત્સાહ ઓસરી ગયો નહિ. તેઓએ જે ઝાડ પાસે આઝાદનો દેહ ઢળ્યો તે ઝાડને સિંદૂર વગેરે લગાવી ફૂલની માળાઓ અર્પણ કરી આઝાદનું સ્મારક ઊભું કર્યું. આમ અલ્હાબાદની પ્રજાએ શહીદોને સન્માની, આઝાદની વીરતાના પૂજન કર્યાં. બ્રિટિશ સામ્રાજ્યના એક કટ્ટર શત્રુનું થતું બહુમાન પરદેશી સરકાર કેવી રીતે સાંખી શકે? જે વૃક્ષ આઝાદના વીરોચિત મૃત્યુનું સાક્ષી બનીને ઊભું હતું અને આઝાદના ગુણગાન ગાતું હતું તેને સરકારે કપાવી નાખી આઝાદનું નામનિશાન મિટાવવા પ્રયત્ન કર્યો. પણ એથી તો આઝાદ પ્રત્યેની જનતાની પ્રીતિમાં વધારો થયો. આજે એ એક વૃક્ષ નહિ પણ આખો યે બાગ આઝાદનું સ્મરણચિહ્ન બન્યો. તે દિવસથી અલ્હાબાદની જનતાએ આ ફેડ પાર્કનું નામ બદલીને આઝાદ પાર્ક રાખ્યું. આજે યે કોઈ અજાણ્યો મુસાફર અલ્હાબાદની મુલાકાતે જાય છે કે તુરત જ એ બાગ તેને આઝાદની જીવનકથા અને મૃત્યુકથાની યાદ આપે છે અને બાગમાં ફરતો મુસાફર તેના જીવનપ્રસંગોને યાદ કરી મનમાં ને મનમાં આઝાદને હજારો ધન્યવાદ દે છે અને એ બાગની હવામાંથી દેશભક્તિ, આત્મભોગ અને બલિદાનની પ્રેરણા મેળવે છે. આઝાદ-બાગનું એક એક વૃક્ષ, એક એક પાન એક એક ફૂલ જાણે તેનો અમર સંદેશો હિંદની જનતાને નિરંતર સંભળાવ્યા કરે છે:

> આગે કદમ આગે કદમ આગે કદમ
>
> પ્યારો ફનાના પથ પર આગે કદમ

હિંદી જનતાના હૃદયમાં કોતરાઈ ગયેલો આઝાદનો આઝાદીનો ફનાગીરીનો સંદેશ સરકારના ગમે તેવા પ્રયત્નો પણ ભૂંસી શકે તેમ છે?

●

અમેરિકામાં પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ

શ્રી. નગીનભાઈ પટેલ

ગયા કાગળમાં મે અહીંના Farm & Home-week વિષે લખ્યું હતું.* આજે વિદ્યાર્થીઓના અને પ્રોફેસરોના સંબંધ વિષે લખવા માગું છું. આ એપ્રિલ માસમાં April fool (એપ્રિલ-ફૂલ) બનાવવાની એક રસમય વાત યાદ આવે છે. અહીં Cytology (કોશવિદ્યા)ના પ્રોફેસર શાર્પ આંતરરાષ્ટ્રીય રીતે જાણીતી વ્યક્તિ છે. તેમણે કોશવિદ્યાનું એક જાણીતું પુસ્તક લખ્યું છે અને તેનું જર્મન વગેરે બીજી યુરોપીય ભાષામાં ભાષાંતર પણ થયું છે. યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચર—અમેરિકાના સંયુક્ત રાજ્યોના ખેતીખાતાના (U. S. D. A.)ના ડા. રેન્ડોલ્ફ પણ આ વિદ્યાર્થી ઉપર સંશોધન કરે છે. ડો. રેન્ડોલ્ફ શીખવતા નથી પણ સંશોધન કરે છે. ડો. શાર્પ આ પોતાના સમોવડિયા મિત્રને એપ્રિલ-ફૂલ બનાવવાની જાળ પાથરી. ડા. રેન્ડોલ્ફ (Randolph) એ જાણીતા Cyto-geneticist છે અને મકાઈ ઉપર કામ કરે છે. વિજ્ઞાન, વિજ્ઞાન, વિજ્ઞાન! વિજ્ઞાનનો મેનિયા યુરોપ અમેરિકામાં એટલો બધો છે કે વિજ્ઞાનના નામે બીજાઓને કેવી સહેલાઈથી બનાવી શકાય છે તે આ વાત ઉપરથી ખબર પડશે. ૧૯૧૮માં પાસ થયેલા એક મિ. ફ્રેઝર અહીં છે અને તેઓ સ્નાતક છે. ડો. શાર્પ અને મિ. ફ્રેઝર મળી એક તર્કટ રચ્યું. એક પક્ષી ગોખી કાઢ્યું છે એવી વાત તેમણે ફેલાવી

* જુઓ 'ઊર્મિ'નો જાન્યુઆરી '૪૦નો અંક

કરી તેનુ નામ woopen Poofed gobiensis આપ્યુ તેનુ વૈજ્ઞાનિક ભાષામા વર્ણન લખી મોકલ્યુ અને કેટલાક ફોટા તૈયાર કર્યા તેના જીવનનો હેવાલ (life history) લખી કાઢી અને આ બધુ બનાવટી તર્કટ એક પુસ્તકના આકારમા છપાવ્યુ મિ ફ્રેઝરે એક બનાવટી નામ ધારણ કર્યુ અને જાહેર કર્યુ કે તેઓ અને એક બ્રિટિશ વૈજ્ઞાનિક સર અમુક અમુક expedition (પ્રવાસટુકડી) લઈને આ પક્ષીનો તેના orignial home આદિ નિવાસમા અભ્યાસ કરવા ગયા આમ આખી યે તાર્કિક પણ સબદ્ધ રીતે ઘટના ઊભી કરી પુસ્તક છપાવી દીધુ અને આ નવુ 'સશોધન વૈજ્ઞાનિકો આગળ જાહેર કરવા Departmental clubdinner ભોજનસમારભના પ્રસગનો લાભ લીધો મિ ફ્રેઝર બનાવટી દાઢી વાળી આ વા ખાણા વખતે તેઓ તબિયતને કારણે નહિ આવી શકે એવો તાર કર્યો પણ ખાણુ પૂરુ થઈ ગયા પછી આવી શકશે અને પોતાનુ સશોધન વૈજ્ઞાનિકો આગળ રજૂ કરશે એવો તાર કર્યો ખાણા વખતે એક બીજાની સાથે બેસે ને હાજર રહે તો જણાઈ જાય એટલે ખાણુ થઈ રહ્યા પછી એક દાઢીવાળા માણસ (મિ ફ્રેઝર) આવ્યા અને પોતાનુ નવુ સશોધન રજૂ કર્યુ સર ફલાણા સાથે પોતે ગોબીના રણમા ગયા અને ત્યા એક ઝરા oasis આગળ આ એક નવુ પક્ષી વુપન પુફડ ગોબીએન્સીસ શોધી કાઢ્યુ અને તેના જીવનના ઇતિહાસનો અભ્યાસ કર્યો અને પોતે બનાવેલી Slides (ચિત્રપટ્ટીઓ) પણ વૈજ્ઞાનિકોને બતાવી. શરૂઆતમા તો આ કાર્યનો વિચાર માત્ર એ ફ્રેન્ડો ફ્રેને એપ્રિલ-ફૂલ બનાવવાનો હતો, પણ પાછળથી વનસ્પતિશાસ્ત્રના બધા જ માણસોને એપ્રિલ ફૂલ બનાવ્યા વૈજ્ઞાનિકોએ આ બધુ માન્યુ પણ જ્યારે ભાષણ પૂરુ થઈ ગયુ તેના ઉપરની ચર્ચા પણ પૂરી થઈ ગઈ ત્યારે મિ ફ્રેઝરે પોતાની દાઢી કાઢી નાખી ! બધા વૈજ્ઞાનિકોને લાગ્યુ કે બધને મૂર્ખા બરાબર બનાવ્યા ! આ નવા પક્ષીના વર્ણનની પુસ્તિકા યુરોપ-અમેરિકાના અગ્રગણ્ય પુસ્તકાલયોમા મોકલવામા આવી યુરોપના એક વૈજ્ઞાનિકે પોતે કરેલા અખતરાના-સશોધનના લેખમા આ પુસ્તકનો ઉલ્લેખ (reference) પણ કર્યો આમ તેઓ પણ મૂર્ખા બન્યા આ બધુ જ તર્કટ હતુ પણ વિજ્ઞાન વિજ્ઞાન ની જેને લત લાગી છે તેઓને આવા વૈજ્ઞાનિક તર્કટથી કેવા મૂર્ખા બનાવી શકાય છે, તે આ દાખલા ઉપરથી જણાશે આ વાત ઘણા વર્ષ પહેલા બનવા પામી હતી, અને જ્યારે એપ્રિલ માસ આવે છે ત્યારે આ વાત સ્મરણમા તાજી કરવામા આવે છે

Departmented Dinner (સસ્થાનુ સઘ ભોજન) વખતે પ્રોફેસરો અને વિદ્યાર્થીઓનો સબધ બધાય છે અને તે ગાઢ થતો જાય છે દરેક ખાતામા જુદી જુદી ક્લબો હોય છે અને આ ક્લબોની મીટીંગ નિયમિત રીતે ભરવામા આવે છે અમારા Plant Breeding(છોડઉછેર)ના ખાતામા આવી એક ક્લબ છે તેને Synapsis club (સીનેપ્સિસ ક્લબ)ના નામથી ઓળખવામા આવે છે સિનેપ્સિસ એટલે સયોગ થવો કોશવિદ્યાની આ પરિભાષા છે પહેલા સત્રમા જ્યારે આ સીનેપ્સિસ ક્લબની મીટીંગ ભરવામા આવી ત્યારે પ્લેન્ટ બ્રીડીંગમા ડૉ લવે (જેમણે statistial methods નામનુ પુસ્તક લખ્યુ છે) બહુ સરળ ભાષામા આ ક્લબનો હેવાલ આપ્યો હતો અને તે વખતે આ ક્લબનો શો આશય છે તે આ શબ્દોમા વ્યક્ત કર્યું હતુ —

Mr *Norton* suggested the name ' Synapsis to the club which was at once taken up *Dr Webber* who established the plant-breeding department at Connel University used to explain very beautif ully the idea of chromosome pairing with that of the coming to gether of the human being *who came in contact, i e 'synaped*, and then parting took away with them the units of knowledge Chromosomes are the bearers of hereditary units They come together synapse, and exchange these hereditary units The men in the club come from various

places and countries, just like the chromosomes

મહિનાના બીજા અને ચોથા સોમવારે સીને પ્રિન્સ કનમની મીટીંગ ભરાય છે અને અમારા વિષયને લગતા મુદ્દાઓ ઉપર જાણીતા વૈજ્ઞાનિકને બોલાવી ભાષણ કરાવડાવે છે આ કનમમા પહેલુ ભોજન અને ત્યાર બાદ ભાષણ–ખાણુ પકાવવાનું વિદ્યાર્થીઓએ બે ત્રણ વિદ્યાર્થી અને પ્રોફેસરને આવી એક કમિટી દર વખતે નીમવામા આવે છે અને આ કમિટી ખાણુ તૈયાર કરે અમારો પણ એક દિવસે વારો આવ્યો હતો અને તે વખતે અમે હિંદી ખાણુ પકવ્યુ અને પીરસ્યુ હતુ લોકોને ગમ્યુ પણ હતુ આ કનમમા ૬૦-૭૦ માણસો આવે છે વિદ્યાર્થીઓ — ખાસ કરીને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થી અને ખાતાના બધા પ્રોફેસરો ડુંગળીની બનાવેલી કચુંબર ખાસ કરીને આ લોકોને ગમી હતી આવા ત્રણ ખાણા માટે દરેક મેમ્બર પાસેથી એક ડોલર લેવામા આવે છે ઘણા વખત પહેલા આ બે ત્રણ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરની બનેલી સ્વયપાકી કમિટી રકાબીઓ પણ ધોતી પણ હવે વખતના અભાવે બહારનો માણસ રોકી આ કામ કરાવી લેવામા આવે છે ખાણુ થઈ રહ્યા પછી વક્તા પોતાનું ભાષણ કરે છે ખાણા દરમિયાન નીચેના બે નિયમો ખાસ કરીને પાળવામા આવે છે

1 Faculty members must not sit together–they are just as good or bad (?) as the others

2 No new students or members can sit together

એટલે કે બે પરિચયવાળાઓ અને બે નવાઓ બાજુમાજુમા બેસી ન શકે

એક બીજાને પરિચય વધે — વિદ્યાર્થીઓની અંદર અંદર અને વિદ્યાર્થી અને પ્રોફેસરો વચ્ચે પરિચય વધે — એક બીજાની વધુ નિકટ આવે એ માટે આ બે કાયદા (!) ઘડવામા આવ્યા છે ખાણુ એ સામાજિક પ્રસગ છે દિવસે એક બીજાને મળવાના પ્રસગ ન આવે પણ ખાણુ એ પ્રસગ એવો છે કે ઘણા વખત સુધી એક બીજાને ન મળી શક્યુ હોય તો ખાણા વખતે મળી શકાય અને પરિચય વધારી શકાય માત્ર પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ આવી કનમો દ્વારા એક બીજાને સારી રીતે જાણી શકે છે વાતચીત પણ જુદા જુદા વિષયો ઉપર કરવામા આવે છે ભણવા વિષેની વાતચીત ભાગ્યે જ આવે સ્થળે કરવામા આવે છે આવી કનમો બીજા બધા ખાતામા છે

તહેવારોના કેટલાક પ્રસગોએ પ્રોફેસરો વિદ્યાર્થીઓને પોતાને ઘેર જમવા બોલાવે છે આપણે જેમ દિવાળી ઊજવીએ છીએ તેવી રીતે 'જમણવારની દૃષ્ટિથી " આ લોકો Thanks giving અભિનદન પ્રદર્શનના તહેવારો ઊજવે છે, આ તહેવારો નવેમ્બરની આખર તારીખે આવે છે પહેલા સત્રમા મે Rural Sociology ગ્રામ્ય સમાજશાસ્ત્રનો વિષય લીધો હતો આ વિષય પ્રો સેન્ડર્સન (Sanderson) શીખવે છે પ્રો સેન્ડર્સન ગ્રામ્ય સમાજવ્યવસ્થા શાસ્ત્રના ખાતાના વડા છે, અને તેમણે Rural Community નામનુ પુસ્તક લખ્યુ છે અભિનદનના તહેવારે અમને–મિ કદમને અને મને–પ્રો સેન્ડર્સને તેમને ત્યા જમવા બોલાવ્યા હતા જમણ દરમિયાન આપણા દિવાળીના તહેવારો અને મોહન જો ડેરોના પુરાણા ખોદી કઢેલા ખડેરો ઉપર વાતચીત કરવામા આવી હતી તે દિવસે અહીં ઇથકામા ખૂબ જ (મારે માટે પહેલો) બરફ પડ્યો હતો આજે પણ ઝીણી ઝીણી બરફની ઝડીઓ (Flurries) બહાર પડે છે લગભગ ચાર મહિના પૃથ્વી બરફથી ઢંકાયેલી રહે છે પ્રો સેન્ડર્સને બીજા બે ત્રણ ચીનના વિદ્યાર્થીઓને પણ બોલાવ્યા હતા આ રીતે પરિચય અહીં થાય છે

ગયે વખતે મે અહીંની શિક્ષણપદ્ધતિ વિષે લખ્યુ હતુ આ બીજા સત્રથી summer meetings શરૂ કરવામા આવી છે અમારા ખાતામા plant breeding seminars પ્લાન્ટ બ્રીડીંગ સેમિનારની મીટીંગો ભરવામા આવે છે આવી મીટીંગો બીજા ક્ષેત્રોમા પણ ભરવામા આવે છે છોકરાઓની કેળવવાની

દૃષ્ટિથી જોવા જતા આ સેમિનાર બહુ અગત્યનું અને મુખ્ય અંગ કહેવાય સેમિનારની મીટીંગ દર અઠવાડિયે ભરવામાં આવે છે વિજ્ઞાનમાં ઉકેલવામાં ઉકેલા થયેલા વિષયોનું ટિપ્પણ કરવામાં આવે છે અને આમાંનો એક એક વિષય દરેક વિદ્યાર્થીને સોંપવામાં આવે છે. આ વિષય ઉપર પ્રસિદ્ધ થયેલા પુસ્તકો અને સામયિકોના લેખોનો ઊંડો અભ્યાસ તે વિદ્યાર્થીને કરવો પડે છે અને તે વિષયનું છેલ્લું સંશોધન તે વિદ્યાર્થીને આ સેમિનારની મીટીંગ આગળ રજૂ કરવું પડે છે સ્નાતકો અને પ્રોફેસરો અને બીજા તે વિષય ઉપર કામ કરતા માણસો આ મીટીંગમાં હાજર હોય છે વિદ્યાર્થીએ જાણે પોતે જ સંશોધન કર્યું છે અને પોતાના સંશોધનના પરિણામ આ તજજ્ઞો (Specialist)ની મીટીંગ આગળ રજૂ કરવાના છે છેલ્લામાં છેલ્લા સંશોધનના પરિણામ કેવી રીતે રજૂ કરવા અને તે અંગે ઉપસ્થિત થતા પ્રશ્નોના જવાબ કેમ આપવા આ બધી વસ્તુઓનો વિદ્યાર્થીને અભ્યાસ કરવો પડે છે અધ્યાપકો પણ તેને પ્રશ્નો પૂછે છે અને બીજા વિદ્યાર્થીઓ પણ તે વખતે તેને પ્રશ્નો પૂછે છે કેળવણી આપવાની દૃષ્ટિએ આ સેમિનાર મને સારી લાગે છે વિદ્યાર્થી તેથી જવાબદાર વધારે થાય છે સેમિનાર એટલે અમુક ક્ષેત્રના અભ્યાસીઓની સભા પ્રોફેસરો બીજા વિદ્યાર્થીઓ માફક આ સેમિનારમાં હાજર રહે છે વિદ્યાર્થીને તેનાથી સારી તાલીમ મળે છે કારણ કે તેને mature પુખ્ત અભ્યાસીઓ આગળ બોલવાનું હોય છે અને પોતાના બોલવાના વિષયને અંગની ચર્ચા અને પ્રશ્નોના જવાબદારીભર્યા ઉકેલ આપવાના હોય છે આવી સેમિનાર દરેક ખાતામાં ભરવામાં આવે છે આપણી ઉચ્ચ શિક્ષણસંસ્થાઓમાં આ અંગ ખાસ દાખલ કરવા જેવું મને લાગે છે

●

અંતકાળે*

શ્રી ટોપણ દયાળજી ઘેલાણી

મધુ પિયાસીની નાટકપાર્ટીમાં દાખલ થઈ ફમદમના બગીચામાં આમોદપ્રમોદ કરી પ્રભાસ ઘેર પાછો ફર્યો સવારના લગભગ આઠ વાગે

ડેલીમાં દાખલ થવાના દરવાજા પાસે એક સ્ત્રી બેઠેલી હતી પ્રભાસને જોતા જ તે ઊઠીને ઊભી થઈ અને ધીમા નમ્ર સાદે બોલી " હું તને જ મળવા આવી છું દીકરા "

અચંબો પામી પ્રભાસે કહ્યું, ' મને મળવા ! ક્યાંથી આવે છે તું ? '

તે સ્ત્રીએ જવાબ આપ્યો, ' વીણાએ મને મોકલી છે '

" વીણા ! "

પ્રભાસે એકાદ ક્ષણ પોતાના હૃદયમંચ તરફ દૃષ્ટિ કરી જોયું, વીણા, ચારુ, સુશીલા, મણિમાલા…કેટલી યે સ્ત્રીઓ હૃદયમંચ ઉપર આવી કેટલી યે જાતના અભિનય કરી ગઈ હશે તેમાંની આ એક વીણા ! વારુ ! વારુ ! અચાનક કંઈક વિચાર આવ્યો, આ એકનો એક આગમ આમોદ — પ્રમત્ત ! એનો પણ કટાક્ષ હોય છે

હૃદય નમ્ર બન્યું, પૂછ્યું ' કાંઈ સંદેશો કહી મોકલ્યો છે ? '

સ્ત્રીએ કહ્યું, ' શું કહી મોકલે ? તેની અંતની ઘડીઓ ગણાય છે બચે એવી આશા નથી, કેમકે

* બંગાળીમાંથી અનુવાદ, મૂળ લેખક સૌરીન્દ્રનાથ મુખોપાધ્યાય

દિવસથી રડે છે તમને હાથે પગે પડી—વિનંતિ કરી ફક્ત એટલું જ માગે છે કે તમે તેને એક વાર મળી જાઓ 'તે તમને મળવા માગે છે'

'મળવા માગે છે. વીણા?'

પડદો ઊંચકાયો અતીતનું દૃશ્ય નજર સામે ખડું થયું તે વખતે તે રહેતી હતી ઝામાપુકુર મોહલ્લાના એક ઘરમાં બાજુમાં જ એક માળનું મકાન ધણી કોઈક ઓફિસમાં નોકરી કરતો હતો સાંજ પડી દારૂ પીધી ઘેર આવતો અને બિચારી નાની બાળ-વહુને મારતો નિર્દય પ્રહાર! વહુ બિચારી મૂંગે મોઢે સહન કરતી પતિના હા-હોકારાથી આખો પાડોશ કંપી ઊઠતો પ્રભાસનું હૃદય ભાંગી પડતું ત્યારે તેની ઉમર પણ કેટલી! પ્રથમ યૌવન આકાશમાં સોનેરી રંગ તે રંગથી આખું યે મન સોનેરી જ રંગાઈ રહેતું હતું!

એક દિવસ બપોરને વખતે વહુ ફળિયામાં બેસી છીપર ઉપર કાંઈક વાટતી હતી આટઆટલો અત્યાચાર સહન કરતી આવતી હતી છતાં યે રૂપ લાવણ્ય તો વિધાતાએ તેના જ અંગ ઉપર ઢોળી દીધું હતું—જાણે દુનિયામાં જ્યાં જેટલું રૂપ જેટલું લાવણ્ય હતું તે બધું ય! કદાચ એટલું બધું નહિ પણ હોય, પ્રભાસના તરુણ નયનોએ અને તરુણ મને તે વખતે એમ માની લીધું હોય એમ પણ બનવાજોગ છે

જરા દયા—એ જ વાર આહા! બસ પછી પૂછવું જ શું? વહુ એકદમ આવીને પગમાં જ લોટી પડી. તે પછી તો બારીની એક બાજુ એક જણ, બીજી બાજુ તે બન્ને વચ્ચે કેટકેટલી વાતો થતી મનમાં છાનાં છાનાં કેટલાં યે સ્વપ્નચિત્રો રચાતાં! આ કરુણ, હૃદયહીન પૃથ્વીની બહાર છે સ્વપ્નનું તે શાંત—પહેલેથી છે ને સુધી ઇન્દ્રજાળની માયાથી રચેલું ભર્યું અહીંથી ભાગી જઈ તે ગન્તવ્યમાં જો પહોંચી શકીએ

• • બન્યું પણ તેમ જ તરુણ મનમાં દુર્નિવાર્ય લોભ જાગ્યો! રાતે નવ વાગે બહાર ગામ જવું છે કહી પ્રભાસ લગેજ લઈ ગયો રેલ્વે સ્ટેશને ટ્રેનમાં ચડ્યો નહિ, સ્ટેશન ઉપર પોતાનો લગેજ કોઈને સાચવવા સોંપી આવી મધરાતે તે પાછો આવ્યો ઘર પાસે બારણા પર ધીમો ટકોરો! વહુ જાગતી જ બેઠી હતી પીધેલો ધણી ઓરડામાં ચત્તોપાટ પડ્યો હતો વહુ એકદમ ઘરની બહાર આવી ઊભી નજીકમાં જ ઊભી હતી એક ટેક્સી ટેક્સીમાં બેસી બન્ને જણા

છાતી ધડકતી હતી બીક લાજ શરમ શું શું નહિ? પાતાળ ફાડી સામે આવી ઊભો જાણે નાનપણમાં સાંભળેલી વાર્તામાંહેલો પેલો વિરાટ દૈત્ય ગૃહસ્થઘરની વહુ ભગે ને ગરીબ તેને લઈને તે આમ ક્યાં ચાલ્યો?

ટેક્સી સ્ટેશને જઈ ઊભી રહી ટેક્સીમાંથી ઊતરી લગેજ લઈ બીજી એક ટેક્સી પકડી તેનું ફરથ ડાંગા મહોલ્લામાં જવું, બે ચાર દિવસ ત્યાં રહી પશ્ચિમ તરફ જવું એક મહિનો બહાર ફરી આવી ચુપચુપ કલકત્તા પાછા ફરવું નંદન હોટેલમાં એક રૂમ ભાડે રાખી વહુને ત્યાં રાખવી. એ વહુ તે જ આ વીણા

તે પછી બીજા બે માસ વીતી ગયા ટચા ઊડી ગયું માનસમનનું-દેહમનનું તે સ્વપ્ન, તે પ્રેમ, તે માયા, તે જાદુ! માયાનું આવરણ ખસીને પડી જતાં વાસી ફૂલની જેમ વીણા જે દિવસે નિત્યની-હમેશની બીજી મામૂલી સ્ત્રીના રૂપમાં નજર સામે આવી ઊભી તે દિવસે પ્રભાસનો મોહ ખલાસ થયો, સમસ્ત મન ઘૃણાથી કંપવા લાગ્યું, આ તુચ્છ નારીને વાસ્તે આટલું બધું?

પ્રભાસ નાસી છૂટ્યો જે વીણા તેને ભરોસે-વિશ્વાસે-આશ્રયે-પૃથ્વી ઉપરના પોતાના એક માત્ર અવલંબનને ઠોકરે મારી ચૂકેલી કરી આવી હતી તેને માટે ક્યાંય ઊભા રહેવા જેટલું સ્થાન પણ આ પૃથ્વી ઉપર ન રહ્યું પણ પ્રભાસના મનમાં એ વિચાર સરખો યે આવ્યો નહિ!

તે દિવસથી રૂપની પરવશતા× માં તે હમેશનો ખરીદ ગુલામ બન્યો વીણા સાથે ફરી મુલાકાત

× બન્ધ

થઈ નહોતી વચ્ચે વચ્ચે તેની વાત યાદ આવતી ખરી. પણ એમ વિચારીને તે મનને સાંત્વના આપતો હતો કે બધિયાર ઘર છોડી જે રસ્તાની મુક્તવિહારી માયા-મમત તેણે રાખી છે તે રસ્તાનો આશ્રય કરી તે સુખે આનંદે રહી શકશે

પાંચ વર્ષ પહેલાની આ વાત !

પાંચ વર્ષ પછી તે જ વીણાએ તેને બોલાવ્યો !

મનમાં થયું, જવામાં નુકસાન શું ?

તેણે કહ્યું, 'વારુ હું આવીશ, ઠેકાણું ?

તે સ્ત્રીએ ઠેકાણું આપ્યું, પ્રભાસે કહ્યું, સાંજ પછી આવીશ '

સ્ત્રીએ કહ્યું 'જરૂર આવજો તે બિચારી રડ્યા જ કરે છે છેવટની આશા ! આહા !'

બપોરે પ્રભાસ સૂઈ ગયો સાંજે ઊંઘ ઊડતા વિચાર કર્યો કે વીણા પાસે જવું કારણ ગતે પારને (બીજી સ્નેહપાત્રી) અપમાન કરેલુ હતું આ કાર્યથી એ અપમાનનો પણ બદલો સાથે સાથે લઈ શકાશે પારૂલે ધાર્યું હશે કે સાંજ પછી તે વળી પાછો તેની મહેરબાનીની યાચતો આવી ઊભો રહેશે ! ભલે જાય ત્યારે તે હવે આ મગજ ! પારુલ ભલે જરા થાકીને નરમ થાય

ઠેકાણું ગોતતો ગોતતો પ્રભાસ આવ્યો દરિદ્ર મલિન બસ્તીપાડામાં વર્ષાદની ઋતુ ન હોવા છતાયે કાદવની દુર્ગંધ ભયાનક હતી આવે સ્થળે યે શું મધુ પ્યાસીઓ મધુની શોધમાં આવતા હશે ! હાય રે !

જીર્ણ એક માળનું ઘર બારણા ઉપર ટકોરો મારતા પેલી જ સ્ત્રીએ આવીને બારણું ખોલ્યું, કહ્યું 'આવ્યો તું ? આવ દીકરા લાગતું હતું કે એનું કોઈ નથી પણ તારા જેવો એક તો સંભાળ લેવા આવનારો નીકળ્યો મે એને રસ્તામાં પડેલી જોઈ ત્યાથી લાવીને મારા ઘરમાં રાખી ગંગાસ્નાન કરવા ઘાટની એક બાજુએ પડી હતી એ વાતને હજુ મહિનો જ થયો આટલા દિવસમાં કોઈ એની પાસે આવ્યું નથી બધાય કહેતા હતા કે ઇસ્પિતાલની ગાડી બોલાવી એને ઇસ્પિતાલમાં મોકલી આપો ! ભાઈ બિચારી રડતી હતી, મને કોણ જાણે કેમ દયા આવી ! ઘરમાં જ રાખી બહુ જ ડાહી છોકરી છે પણ. તેને એવી મતિ કેમ સૂઝી હશે '

બોલતા બોલતા એક ઓરડા પાસે આવી તે સ્ત્રીએ કહ્યું, "આ ઓરડામાં છે હાલીચાલી તો શકતી નથી પથારી ઉપર પડી રહી છે, જાણે સોનાનું ઢીમ !"

પ્રભાસની છાતી ધડકી ઊઠી આ હાલતમાં તે વીણાને જોશે એવી આશા તેણે રાખી નહોતી

પેલી સ્ત્રી તરફ ફરી પ્રભાસે પૂછ્યું, 'બચે એવું જરાય લાગતું નથી ?'

સ્ત્રીએ કહ્યું 'એવા ચિહ્ન તો દેખાતા નથી પાડોશમાં આ મિત્રના કુટુંબનો છોકરો ડાક્ટરી ભણે છે તે બિચારો દયા લાવી આવીને રોજ જોઈ જાય છે તે કહે છે, 'બચવાની આશા નથી ' રોગ બહુ જ હઠીલો છે ને બાપુ-યક્ષ્મા જા ને દીકરા, જા ઓરડામાં જા, તને જોઈને રાજી થશે હજુ માણસોને ઓળખી શકે છે શુધસાન હજુ છે "

પ્રભાસ ઓરડામાં દાખલ થયો રોગ અને દારિદ્ર્યની વાસથી ઓરડો જાણે ભરેલો હતો જમીન ઉપર એક પથારી પાથરેલી હતી ઘર હતું તેથી વધુ કંગાળ બિછાનું હતું રોગી આંખો મીંચી બિછાના પર પડી હતી.

પ્રભાસે બોલાવી –"વીણા ."

વીણાએ આંખો ઉઘાડી જોયું, એક નિશ્વાસ ! પાતાળના રંધ્ર ઉપર જાણે પથ્થર ઢાંકેલો હતો તે પથ્થર ખસેડતાં કેટલાયે યુગનો સંચિત ક્ષીણ વાયુ મુક્તિ માગતા બહાર નીકળી આવ્યો ! વીણાની આંખો મટકું પણ મારવા માગતી નહોતી

પ્રભાસની જીભ જ તાળવે ચોંટી ગઈ આ વીણા ! પતિના કેટકેટલા પ્રહારો છતાં આવી મલિન આવી પ્રાણહીન તો તે ક્યારેય જણાઈ નહોતી આની આવી દશા કેમ થઈ !

"તમે આવ્યા ? ખરેખર ? મને તો આશા નહોતી કે તમે આવશો " વીણા ક્ષીણ સ્વરે બોલી

પ્રભાસે કહ્યું, "બહુ દિવસથી માંદી છે?"

વીણા હસી—અતિ ક્ષીણ મલિન તે હાસ્ય

પ્રભાસે કહ્યું, 'હું હમણાં જ ડાક્ટરને બોલાવું છું, હવે આ ઘરમાં...'

પ્રભાસે ઘરમાં ચોતરફ દૃષ્ટિ ફેરવી પછી એક નિસાસો નાખી કહ્યું, "એક સારું ઘર ભાડે રાખી ત્યાં તને લઈ જઈશ, આજે જ"

વીણાએ કહ્યું, "શા માટે? કાંઈ જરૂર નથી"

પ્રભાસના મનમાં તે પાંચ વર્ષ પૂર્વેનો પ્રભાસ જાણે ફરીથી જાગી ઊઠયો વચ્ચેના વર્ષોની હૃદયની મલિનતા-કાળાશ ભુંસાઈ ક્યાં ય અદૃશ્ય થઈ ગઈ! પ્રભાસ વીણાના માથા પાસે આવી બેઠો

વીણાના જીર્ણ વિવર્ણ હાથ પડેલા હતા આ જ હાથોને પ્રભાસે એક દિવસ ગળે વીંટાળ્યા હતા-તાજા ફૂલોની માળાની માફક! આજ એ જ હાથો

વીણાનો હાથ પોતાના હાથમાં લઈ તેને દાબી રાખી પ્રભાસ દુ:ખી સ્વરે બોલ્યો, "મેં તારા ઉપર બહુ જ અત્યાચાર ગુજાર્યો છે વીણા! મને વહેલું કેમ ન કહેવરાવ્યું? બોલાવ્યો હોત તો હું ધારું છું કે હું આવત

વીણાએ કહ્યું, "જેટલા દિવસ તમને હું ગમી તેટલા દિવસ તમે સાથે રહ્યા તમને હું જે દિવસે અણગમતી થઈ તે દિવસે તમે મને તજીને ચાલ્યા ગયા હું સમજી ગઈ મારું તમારા ઉપર કાંઈ જોર તો નહોતું! શા માટે તમે હમેશને માટે મારી સાથે રહો? હું તમારી કોણ? પહેલાં તો મને બહુ જ દુ:ખ થયું. પછી વિચાર કર્યો કે ખરેખર-આ રોસ-આ અભિમાન ખોટું છે તે મારે માટે શા માટે પોતાનું બધું તજી દે!"

વીણાનો અવાજ રૂંધાઈ ગયો પ્રભાસ કંઈ પણ ન બોલતાં ચુપચુપ બેસી રહ્યો. તેની બન્ને આંખોની દૃષ્ટિ સ્થિર, અવિચલપણે વીણાના મોં સામી જ ચોંટી રહી હતી

નિસાસો નાખી વીણાએ કહ્યું, "હું સમજી કે હું કુળત્યાગ કરીને આવી છું દુનિયાનો તિરસ્કાર! મને તમે યાદ આવ્યા છતાં યે હું તમને બોલાવી શકી નહિ કે કંઈ ખબર આપી શકી નહિ શું બોલાવું? ક્યા અધિકારથી તમને બોલાવું? પાપને પંથે પડેલી હું . જેટલો વખત તમે મને મળેલા હતા, મારા થયા હતા, તેટલા વખતનું તે જ મધુર સંભારણું મારા હૃદયમાં રાખી મેં દિવસો ગુજાર્યા નસીબ મારું! હું સુખ ભોગવી શકું એ તો કાંઈ બનવાજોગ નહોતું, પણ.." એક લાંબા નિશ્વાસની સાથે વાત વચ્ચેથી જ ભાંગીને ચૂરેચૂરા થઈ ગઈ

હાથ હજુ યે પ્રભાસના હાથમાં હતો પ્રભાસના મોઢાથી એક પણ શબ્દ નીકળી શક્યો નહિ તેના મનમાં જાગ્રત થયો હતો યૌવનનો તે વન્યાસ્રોત-તે સ્રોતમાં શરીરો ઝંપલાવી તણાયા હતા વીણા અને તે પોતે માથે આકાશ નીલ નિર્મલ જ્યોત્સ્નાથી ભરેલું નીચે પૃથ્વીના વક્ષસ્થળ ઉપર પણ તે જ જ્યોત્સ્નાની માદકતા!

વીણા પાછી બોલવા લાગી, "કેટલી યે વાર મનમાં વિચાર આવ્યો કે આના કરતાં ધણીનો-સ્વામીનો માર ખાઈ ખાઈને જો મરી ગઈ હોત તો ય આવે ટાણે પાંચ જણ આવીને પાસે તો ઊભત! મનમાં ઘણું યે દુ:ખ થતું, જ્યારે સુખ મારા નસીબમાં નહોતું ત્યારે સુખની આશા શા માટે કરી? તેથી જ તો આજ આમ એકલી અટૂલી પડી રહી છું ને! કોઈની સામું જોઈ ક્યાં માગી શકું એવું મોઢું પણ મેં રાખ્યું નથી શરીરને રાત દિવસ આ વ્યાધિમાં બાળીને ખાખ કરી નાખ્યું છે! છતાં. સાચું કહું છું હું હવાર નથી મેં મારી જાતને બગાડી નથી"

વીણા ચૂપ રહી તેની બન્ને આંખોને ખૂણે બે ટીપાં આંસુ-મોતીની જેમ ઝગી રહ્યાં હતાં

પ્રભાસનું હૈયું ધબકી ઊઠયું ગુંજતે સાદે તેણે કહ્યું "મને માફ કર, વીણા! ખરેખર મેં..."

મ્લાન મૃદુ હસી વીણાએ કહ્યું, "મેં તમારા

ઉપર રીસ અભિમાન કર્યું નથી...હું તમને સાચેસાચ ખરા મનથી ચાહું છુ તમારા જીવનમા મારું સ્થાન ક્યાં, હું કોણ, તેનો પણ મે વિચાર કરી જોયો છે માણસ કેટલાંયે રમકડા લઈ રમે છે હું તમારે મન એક રમકડાથી વધુ કંઈ જ નહોતી સમજી ત્યારે પણ મારે મન તો તમે..."

અશ્રુના વેગથી વાત આગળ કહી શકાઈ નહિ, નિશ્વાસ નાખી વળી વીણાએ કહ્યું "પતિને ચાહીશ એમ ધાર્યું હતું ..પણ તેમ થઈ શક્યુ નહિ એવો અવકાશ જ મળ્યો નહિ હું માત્ર તેમનાથી ડર્યા જ કરતી પહેલા દિવસથી જ ગાળાગાળી અને મારપીટ ..દુનિયા શુ છે, હું કોણ છુ ..બધુ ય હું ભૂલી ગઈ હતી તે પછી તે દિવસે ..જે દિવસે હું ફળિયામા બેઠી બેઠી કામ કરતી હતી, ત્યારે તમે મને બોલાવીને મારી સાથે વાત કરી તે દિવસે પૃથ્વીને મે જાણે પહેલવહેલી જોઈ કે જે પૃથ્વીનુ હું સમજણી થયા પછી હમેશાં સ્વપ્ન જોતી હતી હવે પડી પડી વિચાર ક્યાં કરુ છું કે, બધાંય બધન તોડી હું કેવી રીતે નાસી આવી શકી! સ્નેહનો–પ્રેમનો જે મોટો સમુદ્ર તમે ક્યાંકથી મારી સામે મૂકી દીધો, તે સમુદ્રના મોજામાં મા–બાપ ભાઈ–બહેન એમના નામ સુદ્ધા તણાઈ જતા મને મનમા જરા પણ દુ ખ થયુ નહિ! તે દિવસે મે કોઈનો પણ વિચાર કર્યો નહિ તેથી જ વળી ફરીને ભગવાને મને અતકાળે આ શિક્ષા કરી જણાય છે! આજ ક્યા ય મારુ કોઈ સગુ નથી"

વીણાની આખોમા અજસ્ર અશ્રુધારા ચાલી પ્રભાસ બોલ્યો, "કોઈની સાથે તારો મેળાપ થયો નથી આ પાચ વર્ષમા?"

"ના, જ્યારે તમારી સાથે રહેતી ત્યારે તમા રાથી છાના બે કાગળો લખ્યા હતા મારી માને, માએ તે કાગળોનો જવાબ પણ વાળ્યો નહિ તમે કદાચ ખિજાશો એમ સમજી મે તમને તે વાત કરી નહોતી તમારી સાથે સુખમા રહેતા મને એ જ વિચારો આવતા હતા કે, મારી માએ મારા દુખો જોયા છે, યાતનાઓ જોઈ છે, ત્યારે આજ મારા સુખની વાત હું માને જણાવુ શા માટે નહિ? તેથી જ કાગળ લખ્યો હતો તમારી સાથે રહેતી હતી ત્યા સુધી એક મિનિટ પણ એવો વિચાર આવ્યો નહોતો કે, મારૂ એ સુખ ચોરી કરીને મેળવેલુ છે, ને સુખને મને જરા પણ અધિકાર નથી! કુલીન સ્ત્રીઓને એવા સુખનો ગર્વ શોભા આપે નહિ પછી તમે ચાલ્યા જતા પૃથ્વી મારા પગની નીચેથી સરી ગઈ! સામે જોયુ, હતી પાતાળની ઊડી અનત ખાઈ! હુ ડરી ગઈ, જાણી લીધુ, મારુ કોઈ નથી કોને કહું આ દુખની વાત? મા યાદ આવી, વિચાર કર્યો કે કાગળ લખુ, પણ લખી શકી નહિ માએ આગના કાગળોનો ક્યા જવાબ આપ્યો હતો? જવાબ દેવાનો રસ્તો પણ મે રાખ્યો હોય ત્યારે ને! કદાચ તેઓ મારા આ કામને લીધે ધરતીમા જ મોઢુ છુપાવીને પડ્યા રહેતાં હશે. તેમને મન હવે હું કાંઈ જીવતી નથી જ તો! મરી જ ગઈ છુ'

બોલતા બોલતાં વીણાને જોરથી ઉધરસ આવી, માથાથી પગ સુધીના ગાત્રો ઉધરસથી હાલી ઊઠ્યા. અસહ્ય વેદના! તેનુ માથુ ઢળી પડ્યુ

પ્રભાસે હળવેથી તેનુ માથુ ઊચકીને પાછુ તકિયા ઉપર રાખ્યુ ફરીને વીણા બોલી, 'મે ધાર્યું હતું કે મરી જઈશ પણ મરી શકી નહિ રસ્તામા આવી ઊભી—શા માટે મરી ગઈ નહિ તે કહી શકતી નથી, મરી શકી નહિ શેરીએ શેરીએ રસ્તે રસ્તે ભીખ માગી દિવસો કાઢવા માડ્યા મનમા વિચારતી કે કોઈ ને કોઈ દિવસ પણ તમને રસ્તામા ક્યાય જોઈ શકીશ, તમારી સામે હાથ લાબો કરી ઊભીશ ભીખ માગીશ તમે તે જોશો—બહુ જ સારુ દેખાશે એક વખત એમ તમારી પાસે હાથ લાબો કરી લીધા પછી હું મરીશ! આ વાત મનમા તાજી ને તાજી રાખી હું જીવતી રહી! કેવો વિચાર! પણ ભીખ ભારે પડવા લાગી, રસ્તામા માણસો દયાથી મારા અગો સામુ જોઈ રહેતા ભીખ આપવા આવતા કોઈ તો હાથ પકડીને દાબતુ! હુ કપી ઊઠતી કેટલાય માણસો કેટલીયે જાતની વાતો મને કહેતા હુ નાસી છૂટતી ક્યારેક એમને ગાળો દેવા લાગતી લોકો ગાડી કહીને પજવવા લાગ્યા, પણ હું કદી ગાડી

નહોતી. મહિનાઓ વીત્યા. એક દિવસ કોઈ પર્વનો દિવસ હતો. ભૂખી હતી, પર્વ નિમિત્તે લોકો કંઈ આપશે એમ ધારી રખડતી ભટકતી નદીના ઘાટ ઉપર ગઈ. અચાનક કંઈ થયું, નદીની માટી જાણે પગ નીચેથી ખસવા લાગી. આંખે અંધારાં આવ્યાં. ચોતરફ અંધારું જણાવા લાગ્યું. હું પડી...પછી મને જ્યારે ભાન આવ્યું, જ્યારે અજવાળામાં આંખ ખોલી. મેં મને અહીં પડેલી જોઈ...આવા આફતના વખતમાં આટલી દયા કોણ કરે? કોઈ જાતની આશા નહિ...કાંઈ લાભ નહિ — આવી સ્થિતિમાં મને પોતાને ત્યાં તેડી લાવી જવાબદારી વહોરી લીધી... એવું કોણ? એ સાધારણ ચાકરડીનું કામ કરે છે, મારા પર બહુ માયા રાખે છે. એને એક દીકરી હતી. દીકરીને પરણાવી હતી. જમાઈ હતો હેવાન, ગમાર. વેવાણ પણ એવી જ. તેમનો માર ખાઈ ખાઈ છોકરી બિચારી થાકી, હિંમત હારી ગઈ; વધુ જીવી શકી નહિ. ગળામાં પોતાની સાડી વતી ફાંસો ખાઈ એક દિવસ તેણે આપઘાત કર્યો."

વીણા ચૂપ રહી. પ્રભાસે આ બધી વાત ગંભીર ચિત્તે સાંભળી.

વળી વીણા બોલવા લાગી, "તમને ખબર આપવા નહિ એમ મનમાં ધારેલું. કેટલાક દિવસ આમ વીત્યા. પણ માંદગીમાં એકલતા વધુ સહી શકાઈ નહિ! તમે કેમ છો તે જાણવા સારુ મન આકુળ-વ્યાકુળ થઈ ઊઠ્યું, તમે અગાઉ કહેલું કે ઝામાપુકુરવાળું ઘર બદલી તમે શીમલાપાડાના નવા ઘરમાં રહેવા ગયા હતા. તમે આ વાત નંદન હોટેલમાં તમે મારી સાથે રહેતા હતા ત્યારે કહી હતી. તમને બોલાવ્યા. તમને કેટલી તસ્દી આપી? કદાચ તમે ગુસ્સે પણ થયા હશો."

પ્રભાસે એની સામે જોયું.

"ગુસ્સે? ના, વીણા! પણ હું જ હવે તો તારી સેવાચાકરી કરીશ. તને આવી રીતે મરવા દઈશ નહિ એ બનવાજોગ નથી."

વીણાએ કહ્યું, "હવે જીવવાની હોંસ નથી, શું કરવું છે જીવીને?...શાને આધારે જીવું!"

પ્રભાસ તેના મોઢા સામું જ જોઈ રહ્યો હતો. કંઈક કહેવા એના હોઠ હલ્યા. વીણા સમજી ગઈ. તે બોલી, "આ જિંદગીમાં હવે કાંઈ આશા નથી. આગળની માફક તમે મારી સાથે રહો...તોપણ નહિ. એ જીવવું હવે મને સારું નહિ લાગે.',

બહાર કંઈ ધમાલ ચાલતી હતી. કોઈ ઘરાક ફેરીવાળા સાથે કંઈ રકઝક કરતો હતો. "સૌ ઓછું દઈને ઝાઝું લેવા ઇચ્છે છે, એનો જ બધે ઝઘડો છે. એમાં જ જગતનાં દુઃખોનાં મૂળ છે." વીણા હસીને બોલી. પ્રભાસ સાંભળી રહ્યો.

એક નિસાસો નાંખી વીણા બોલી, "પણ તોય એક ઇચ્છા કહું, હારાની માને એક દિવસ મોકલી હતી મારા પિતા રહેતા હતા ત્યાં. પણ તેઓ તે ઘર છોડી ક્યાંક બીજે રહેવા ગયા છે ઘણા દિવસથી. બાઈ માણસ તે બીજે ક્યાં ખબર કાઢવા જાય?

પ્રભાસે કહ્યું "હું તેમની ખબર કાઢી પતો મેળવી તેમને અહીં તેડી લાવું?"

"તમે?"

આ નાનો શો ઉદ્‌ગાર પ્રભાસના હૃદયમાં તીરની માફક જઈ ખૂચ્યો. તેણે કહ્યું, "હું મારી ઓળખાણ આપીશ નહિ. કહીશ કે પાડોશમાં રહું છું, મને ખબર આપવા મોકલ્યો છે."

વીણા હસી — મલિન તે હાસ્ય!...

પ્રભાસે કહ્યું, "તુ હવે જરા ચુપચાપ પડી રહે. વધુ બોલ બોલ કર મા. આજે ઘણું બોલી..."

વીણાએ કહ્યું, "ઘણી યે વાતો કહેવાનું મન થાય છે પાંચ પાંચ વરસની ભેગી થયેલ વાતો! અહા! તમારા શરીરનો તમને ખ્યાલ આવ્યો છે! સાવ સુકાઈ ગયા છો. શરીરને બહુ ત્રાસ આપો છો, ખરું?"

પ્રભાસે કહ્યું, "કાલે રાતે ઊંઘ આવી નથી એટલે સુસ્ત લાગે છે."—

"કેમ ઊંઘ નહોતી આવી!"

આ સવાલનો જવાબ પ્રભાસ આપી શક્યો નહિ. તે ફક્ત બોલ્યો, "સહજ, પણ તું હવે ઊંઘી જા હું

અહીં જ છુ, ચાલ્યો જતો નથી થોડી વાર વિસામો લે, પછી વાત કરજે. "

પંખો બાજુમા પડેલો હતો વીણાના મો ઉપર પસીનો વળેલો હતો પ્રભાસ પંખો લઈ પવન નાખવા લાગ્યો તેના માથા ઉપર હાથ ફેરવવા લાગ્યો એક લટ વાળની કપાળ ઉપર ચોંટી ગઈ હતી, પસીનાથી રેશમ જેવા નરમ તે વાળ!

વીણા ઊંઘી ગઈ પ્રભાસ ઊઠી ઊભો થઈ હાગની માને કહેવા લાગ્યો, 'જરા બહાર જઉ છુ, વીણાની પાસે જ રહેજો કોઈ સારો ડૉકટર મળે તો તેને લાવુ"

હાગની મા બોલી, " જો બાપુ, એનો જીવ બચાવી શકે તો સારુ, બહુ જ દુખી થઈ છે બિચારી ડાહી છે છોકરી '

પ્રભાસ ચાલ્યો ગયો થોડી વારે તે પાછો આવ્યો, દાડમ તથા અગુર લઈને સાથે એક ડાક્ટર પણ હતો

વીણા ઊંઘતી હતી. મ્લાન પુષ્પ-લતા! જોઈને પ્રભાસે નિસાસો નાખ્યો ' મારા જ પાપે!"

ઊંઘમા વીણા બબડી, " મા "

"એની પાસેથી એની માને પણ મે ઝૂટવી લીધી!" પ્રભાસે બીજો નિસાસો નાખ્યો

ત્યા તો વીણાની ઊંઘ ઊડી ગઈ તેણે આંખો ઉઘાડી જોયુ ઊંચુ જોતા જ તેણે ડૉકટરને જોયો સફાળી બોલી ઊઠી, "કોણ?'

પ્રભાસે કહ્યુ, 'ડૉકટર છે હુ એમને બોલાવી લાવ્યો છુ " વીણા પડખુ ફેરવી સૂઈ ગઈ ધીમે સાદે બોલી, 'કોણે કહ્યુ હતુ બોલાવી લાવવાનુ' બોલાવીને શુ કરવુ છે?"

રોગીને તપાસી ડૉકટરે જે કહ્યુ તેથી પ્રભાસ સમજ્યો કે દીવામા તેલ નથી! હજી દીવો બળી રહ્યો છે એ જ નવાઈની વાત છે, કોઈ પણ ઘડીએ આ દીવો હોલવાઈ શકે છે દવા કરવી ફોકટ છે આવી મનને છેતરવુ છે!

પ્રભાસે નિશ્ચય કર્યો કે વીણાના માબાપને ખબર આપવી નામઠામ તે જાણતો હતો, વીણાએ તેને અગાઉ કહેલ પણ હમણા તેઓ ત્યા રહેતા નહેતા, જીવતા તો હશે ને?

તે જ રાતે તે ગયો જૂને ઠેકાણે વીણાના બાપનુ નામ જગદીશબાબુ એ જૂને ઠેકાણે તેઓ નહોતા, ત્યાથી ઘર બદલી 'બનિયાટોલા' રહેવા ગયા હતા

પ્રભાસ બનિયાટોલા ગયો ત્યા તપાસ કરતા ખબર મળ્યા કે પાચ મહિના પહેલા જગદીશબાબુએ અહીંથી બદલીને બેક તરફ તેમણે નવુ ઘર બધાવ્યુ હતુ તે ઘરમા તેઓ રહેવા ગયા છે ઠામઠેકાણુ ચોક્કસ પૂછી ટેક્સી કરી પ્રભાસ દોડયો બેક તરફ

ઘર મળ્યુ તે વખતે રાતના નવ વાગી ગયા હતા જગદીશબાબુ સાથે મુલાકાત થઈ વાત સાભળી રુક્ષ અવાજે તે બોલ્યા, ' એ દીકરી તો મારે મન મરી ગઈ છે ઘણા દિવસથી તેને વળી આજ મળવુ! ના, મારે યે, ભાઈ, નાતજાતમા તો રહેવુ છે ને? બીજા પાચસાત છોકરાછૈયા છે, કુટુંબકબીલો છે સ્નેહીમિત્રો છે ને, ભાઈ!"

પ્રભાસે બહુ કાલાવાલા કર્યા, પણ વ્યર્થ

પ્રભાસને ગુસ્સો ચડયો પણ ગુસ્સો કરવાથી કાઈ વળવાનુ નહોતુ વળી ખાસ કરીને જ્યારે આ બધનુ મૂળ તે પોતે જ હતો

પ્રભાસ પાછો આવતો હતો

ટેક્સીનુ મશીન રસ્તામા બગડી ગયુ કોઈ રીતે ચાલુ થતુ ન હતુ પ્રભાસે ટેક્સીવાળાને કહ્યુ ' તારુ ભાડુ લઈ લે હુ બીજી ટેક્સી બોલાવુ છુ "

ભાડુ ચૂકવી પ્રભાસે બીજી ટેક્સી શોધવા આગળ ચાલવા માડયુ એક નોકરે આવીને કહ્યુ ' શેઠાણીમા આપને બોલાવે છે, પૂછે છે કે "હજુ જીવે છે?' પ્રભાસ પાછો ફર્યો. બોલ્યો,' જીવે છે, પણ હવે ઘડી બે ઘડી માડ ડૉક્ટરોએ બધી આશા છોડી દીધી છે મરતી વેળા એક વાર તમને બધને મળવા માગે છે '

માએ નિસાસો નાખ્યો, કહ્યુ "એક વાર તો

મરવાનું દુઃખ આપી ચાલી ગઈ. વળી તે દુઃખ નવેસરથી...ના બાપુ, હું નથી આવતી. હું અહીં બેઠે બેઠે તેને આશીર્વાદ આપું છું, તેને કહેજે, હું મા છું...આ જ જન્મનાં તેનાં પાપો આ જન્મમાં તેણે જે દુઃખ ભોગવ્યું છે. તેમાં પૂરાં થઈ જાય—"

પ્રભાસે કહ્યું—" તમે જો એકવાર આવ્યાં હોત તો સારું થાત !"

" ગમે તેટલા દોષ તેણે કર્યા હોય—તોપણ તમે મા..."

માની આંખોમાં પાણી આવ્યાં. તે બોલી, " ના બાપુ, એ મોઢું હું હવે જોઈ શકીશ નહિ. મને ખબર છે કે તેનો ધણી ખરાબ ચાલનો હતો... તો ય ધણી. એને જો દુઃખ એટલું બધું ન ખમાય એવું જણાયું તો મારો ખોળો હતો. મારી છાતી હતી ત્યાં તે પાછી આવી શકત. પણ આ તેણે શું કર્યું ? મેં એને એવું શિક્ષણ તો કોઈ દિવસ આપ્યું નહોતું. દીકરા, તને બધી વાતની ખબર નથી, દીકરા...તે મારી કેવી લાડકવાઈ દીકરી હતી...કેવી તે ડાહી સમજુ હતી..."

માની આંખોમાંથી દડ દડ આંસુ સર્યાં. " એવી દીકરી મરવા પડી છે ને મળવા ય જવાતું નથી."

પ્રભાસ લાકડાની માફક જડ બની ઊભો રહ્યો. આ ભયંકર પ્રતારણાનું મૂળ તો તે...તે...તે ! યૌવનનું એક તુચ્છ તોફાન પૂરું કરવા વીણાને—લંગરે બાંધેલી હોડીને—સાંકળમાંથી છોડાવા તે ક્યાં તાણી ગયો ! કેવી કેવી આશા આપી ખેંચી લઈ ગયો હતો ! અને આપ્યું શું ?—બે ચાર દિવસ ફક્ત બે ચાર પ્રણયવચન, બે ચાર ચુંબન, હૃદયસ્પર્શી થોડાં આલિંગન ! પણ આ દીધું એ શું એના જીવનને તૃપ્ત કરવા સારુ ? ના, એનાથી તે પોતે જ સંભોગતૃપ્તિના નશામાં ચકચૂર બન્યો હતો. તેના આ અપરાધની ક્ષમા શું કોઈ કાળે પણ હોઈ શકે ખરી ?

સહસા બાજુના ઘરમાંથી કોઈક બોલ્યું, " મા .."

માએ જવાબ આપ્યો, " કેમ શું છે સુધા !"

અંદર રહેલ વ્યક્તિ બોલી, " બાપુજી કહે છે કે તારે જવું હોય તો જા, મોટી બેનને જોવાને. પણ બાપુજી નહિ આવે..."

પ્રભાસે કહ્યું, " દયા કરીને ચાલો મા, તમને પગે લાગું..."

માએ કહ્યું, " ચાલ ત્યારે આવું. મારું મન માનતું નથી, તોપણ ચાલ, દીકરા."

ટેક્સી આવી. મા બેઠી. માની સાથે સુધા પણ ટેક્સીમાં ચઢી બેઠી. ઘણી યે ના કહી છતાં માની નહિ. " અમારે મોટી બેનને જોવી નહિ હોય ?" એ જ ધૂન સાથે લેવી પડી.

વળી પાછો તે જ બસ્તી મોહોલ્લો. બાજુના ઘરની ઘડિયાળમાં ટન્ ટન્ કરતા અગિયાર વાગ્યા.

પ્રભાસે કહ્યું, " આ જ ઘર."

મા ચમકી ઊઠી, " આ શું ઘર કહેવાય ?"

વીણા ઊંઘતી હતી; પાસે બેઠી હારાની મા પંખા વડે પવન નાંખતી હતી.

પ્રભાસે આવીને કહ્યું, " પંખો લાવો મારા હાથમાં, એની મા આવી છે, બહેન પણ આવી છે."

હારાની માના હાથમાંથી પંખો લઈ પ્રભાસે ધીમેથી બૂમ મારી,—વીણા !

મૂર્છાને વીણાએ જવાબ આપ્યો—" ઉ..."

પ્રભાસે કહ્યું, " મા આવ્યાં છે."

વીણાની આંખોની વ્યાકુલ દૃષ્ટિ ! ક્ષીણ સ્વરે એ બોલી ઊઠી, " મા !"

મા આવી માથા પાસે બેઠી, વીણાનું માથું પોતાના ખોળામાં લીધું. સુધા આવી, રડતી રડતી બોલી, " મોટી બેન..."

"—સુધા ! આવ બહેન"

સુધા આવી પાસે બેઠી. વીણા હાથ ઊંચો કરવા ગઈ પણ કરી શકી નહિ; સુધાએ મોટી બહેનનો હાથ પોતાના બન્ને હાથોમાં પકડી દાબી રાખ્યો. તેની બન્ને આંખોમાંથી આંસુની ધારા ચાલી.

કોઈના મોઢામાં કાંઈ વાત જ નહિ. મા અને

સુધાની આખોની અશ્રુધારા ખૂટતી જ નહોતી–ખૂટવા માગતી જ નહોતી.

બહાર રસ્તા ઉપર એક બળદગાડી ખટ, ખટ, છડ, છડ, ધડ, ધડ, શબ્દ કરતી ચાલી ગઈ તે પછી એક ટેક્સી તીર વેગે ભેપુ ભેપુ વગાડતી ચાલી ગઈ.

ઓરડામા દીવાલને અઢેલીને બેઠી બેઠી હારાની મા દાડમ ભાગતી હતી, આજ બપોરે પ્રભાસ એક ટોપલો દાડમ અને અગુર ખરીદી લાવ્યો હતો

પ્રભાસના હાથમા પખો હતો પખો હલાવી તે પવન નાખતો હતો અચાનક એની દૃષ્ટિ ઝડપથી બદલાતા જતા વીણાના મોના રગ તરફ ગઈ

"શુ દીપ બુઝાય છે?" એ ચમકયો રૂંધાયેલા અવાજે એ બોલી ઊઠયો—"મને તે માફ કર્યું કે નહિ વીણા? બોલ વીણા! વીણા, આમ થશે એમ મે ખરેખર ધાર્યું નહોતુ, મારો દોષ—"

વીણાએ કાંઈ જવાબ આપ્યો નહિ

એકાએક માની અખોમાનાં આસુ બધ થઈ ગયા માએ પ્રભાસ સામુ જોયુ, કહ્યુ "તુ! તુ જ તે! જા! જા! હમણા જ બહાર નીકળ આ ઘરમાથી! આ વખતે એની પાસે એની સામે રહી એનો પરલોક–બીજો જન્મ–હવે બગાડ મા જા"

આદેશ, કર્કશ સ્વર, પ્રભાસનુ મો ઝાખુ ધબ થઈ ગયુ, ભયથી તેની છાતી ધડકવા લાગી પખો તેના હાથમાથી જોરથી ઝૂટવી લઈ માએ કહ્યુ "ખબરદાર! એના બિછાનાને અડીને ઊભ મા! એને અડકીશ મા અહીંથી જા તુ હવે અત્યારે એને એની માના ખોળામા સૂઈ જવા દે–જે ખોળામા તે જન્મીને રમી હતી જા, નીકળ અહીંથી કહુ છુ!"

નિઃશબ્દે વજ્રાહતની માફક પ્રભાસ તે ઓરડામાથી બહાર નીકળી ગયો વીણા સાથેનો એનો એ છેલ્લો મેળાપ

●

વર્ધાયોજના એટલે ગામડાભણી

શ્રી બબલભાઇ મહેતા

હિંદુસ્તાન ઉપર મુસલમાનોની અનેક સવારીઓ આવી અને ગઈ, પણ એથી હિંદના ગામડાના આતરિક વહીવટને કશી ખલેલ ન પહોચી, કારણ માથાનો રાજા બદલાય એથી ગામડાનો વહીવટ નહોતો બદલાતો રાજા સાથે ગામને એટલો જ સબધ હતો કે એ વર્ષે વર્ષે અમુક નક્કી થયેલી રકમ રાજાને મોકલી આપે પછી એ હિંદુ રાજા આવે કે મુસલમાન, ગામડાને એથી ફરક પડતો નહિ એનું તત્ર તો ગામનુ પચ જ ચલાવતું ગામે સ્વીકારેલી મૂડી જ એનો વહીવટ કરતા. ગામને જોઈતી ચીજ વસ્તુઓ ગામ જ પેદા કરી લેતુ જ્યારે ગામ બધાય ત્યારે જ ગામને વળદ જોઈએ, કુભાર જોઈશે—સુથાર જોઈશે. લુહાર જોઈશે એ બધો વિચાર કરીને એમને વસાવવામાં આવતું ખેડૂત ખેતી કરીને બધાને પોષે, વસવાયા પોતપોતાની કારીગીરીથી ખેડૂત તથા ગામના કામ કાઢે આમ અરસપરસની સહાયથી ગામનું તત્ર વ્યવસ્થિત રીતે અને સુમેળ ચાલતુ ગામનો ઝઘડો ગામ જ પતાવતું આમ એકદર આખુ ગામ સ્વાવલબી અને સ્વય સપૂર્ણ હતું

પણ જ્યારથી આ અગ્રેજો આપણે ત્યા આવ્યા, એમણે આપણા ગામડાની આવી વ્યવસ્થા તોડી ફોડી

નાખી ગામેગામે એ વ્યવસ્થા શી રીતે તોડી એ હું બતાવું.

ગામનો મુખી પ્રજાનો માણસ હતો. એને સરકારી પગારદાર બનાવી દીધો. વાર્ષિક મહેસૂલ ઉઘરાવવાનું પંચના આગેવાનો કરતા તેને બદલે સરકારી તલાટી આવ્યા. એમ ગામડે ગામડે બે પગારદાર માણસને રોકીને આ સરકારે પ્રજાની એકસંપી અને સંગઠનને તોડી પાડ્યા. આજ સુધી કોઈ અમલદાર આવે ત્યારે મુખી ગામના આગેવાનો સાથે ઊભો રહેતો તેને બદલે હવે અમલદારોની સલામો ભરવા લાગ્યો. પહેલાં અમલદાર નક્કી કરેલી મહેસૂલ લઈ પરવારે પણ બીજી કશી દખલ ન કરી શકે, આજે તો જ્યાં ને ત્યાં અમલદાર જ અમલદાર.

બીજી બાજુથી સરકારે કેળવણીનું તંત્ર હાથમાં લીધું. પોતાનું રાજ્ય ચલાવવા માટે અંગ્રેજી ભણેલા કારકુનો જોઈતા હતા તે કારકુનો પેદા કરવા માંડ્યા. એ કેળવણી એવી આવી કે જે ભણે એ એનો ગુલામ બને. નવા ભણેલા, સાહેબ સામે મોં વકાસીને ઊભા રહે. સાહેબ કહે તે સાચું. સાહેબ કરે તે સાચું. સાહેબ કોટ પાટલૂન ને ટોપી પહેરે તો આપણે પણ કોટ પાટલૂન ને ટોપી પહેરવા. સાહેબ માંસ ને માછલી ખાય તો આપણે ય માંસ ને માછલી ખાવાં. ટૂંકમાં અંગ્રેજોનું એટલું સારું અને આપણું એટલું જંગલી એવી ભાવના ભણેલાઓએ પેદા કરી. જ્યાં ત્યાં અંગ્રેજોનું અનુકરણ થવા લાગ્યું.

બધા અંગ્રેજોની માફક ટેબલ ખુરશી વસાવવા લાગ્યા. બધા અંગ્રેજની માફક કલમને જોરે કમાવા લાગ્યા. બધા અંગ્રેજોની માફક વગર મહેનતે હુકમ ચલાવવા લાગ્યા. આનો ચેપ માત્ર મોટાં શહેરોમાં જ નહિ પણ ગામડામાં પણ ફેલાયો. પરિણામ એ આવ્યું કે ગામડાં તૂટવા લાગ્યાં. લોકો શહેર તરફ દોડ્યા. ગામડાનો ખેડૂત ખેતરનો તાપ વેઠવા કરતાં શહેરને ઓટે કમાવા નીકળી પડ્યો. શહેરની હોટેલો, થિયેટરનાં નાટક—સિનેમા, શહેરનાં એવાં અનેક મોહક સાધનો અને રંગરાગે ગામડાનાં ગરીબ લોકોને લલચાવી લલચાવીને શહેર ભેગા કરવા માંડ્યા. ગામડાની ખેતી તૂટવા લાગી. ગામડાના ધંધારોજગાર તૂટવા લાગ્યા. ગામડાની ઉત્પન્ન ઘટવા લાગી. ગામડાના ખર્ચા વધવા લાગ્યા.

વિલાયતના ભોગના વાયરા એટલા વાયા કે લોકો ભાન ભૂલીને શહેર તરફ દોડ્યા, પણ ગામડાના એ લોકોને શહેરમાં કાંઈ ખુરશી ટેબલ ન મળ્યાં. શીતળ છાયાની નોકરી ન મળી. એમને તો માથું ફેરવી નાખે એવી મિલની ધમાલભરી અને ધૂળીવાળી મજૂરી મળી. શહેરના લોકોની ગંદકીથી ગંધાતી ગટરો અને શેરીઓમાં કામ કરવાનું મળ્યું. પણ હવે તો શહેરના રંગરાગનો મોહ એ ગામડિયાને પણ એવો લાગ્યો હતો કે ચાના એક કપ માટે એ નરકમાં પણ કામ કરવા તૈયાર હતો.

પરદેશીના મોહમાં દેશીઓના ધંધા રોજગાર ગયા. કુંભારની નાળો ગઈ. સોનાનો ખાણિયો ગયો. લુહારની કોઢ ગઈ. એ બધાનો બોજો ખેતી ઉપર પડ્યો. સાચા ખેતી કરનાર ઘટ્યા, પણ ખેતી ઉપર જ આધાર રાખનાર વધ્યા. આ રીતે ખેડૂત ચુસાતો હતો. એમાં વળી આવી શહેરની ફેશન. ચા ને સીગરેટ. આજે સાત લાખ ગામડાંનો દેશ, હિંદુસ્તાન, ભૂખડી બારસ થઈ ગયો છે. એના રસકસ ચુસાઈ ચુસાઈને શહેરમાં જાય છે અને ત્યાંથી પરદેશી વેપાર અને પરદેશી ચીજો વાટે પરદેશ જાય છે.

આ હિંદુસ્તાનને ફરી તાજો કરવો હોય, ફરી સમૃદ્ધ કરવો હોય, તો આપણા ઉપર તૂટી પડેલા પશ્ચિમના સુધારામાંથી ઊગરી જવું જોઈએ. ખોટી ફેશનો અને ખોટાં પ્રલોભનોમાંથી બચી જવું જોઈએ. આમ કરવું હોય તો આપણા મૃતપાય થએલા ધંધારોજગાર, આપણી મરવા પડેલી ખેતી ફરી સજીવન કરવી જોઈએ. આપણા રેંટિયાને ફરી ગુંજતો કરવો જોઈએ. આપણા બધાની દૃષ્ટિ શહેર તરફ વળી ગઈ છે તેને ફરી ગામડાં તરફ વાળવી જોઈએ અને ગામડાંને પાછું પહેલાં હતું એવું સ્વાવલંબી અને સ્વયં સંપૂર્ણ બનાવવું જોઈએ. એ

કપડા પહેરતા શીખવે, કપડા ધોતા શીખવે, દાતણ કરતા શીખવે, નખ કાપતા શીખવે

પછી આવે શાળાની સ્વચ્છતા વિદ્યાર્થીને સ્વચ્છતા અને વ્યવસ્થાની એક એવી ટેવ પાડી દેવી જોઈએ કે એનાથી અજાણે પણ કચરો કચરાની ટોપલી સિવાય બીજે ન નખાય નહિ એનાથી અજાણ્યે પણ ગમે ત્યા થુકાય નહિ એનાથી અજાણે પણ કોઈ ચીજ એના નિશ્ચિત સ્થાનથી બીજે મુકાય નહિ

પણ આટલુ કરવા માટે તો શિક્ષકે બહુ જહેમત ઉઠાવવી પડશે તો એટલી હદ સુધી આગળ વધીશ કે જ્યા સુધી બાળકની આ ટેવોમા સુધાર ન થાય, એને બેસતા ઊઠતા કે બોલતા ચાલતા ન આવડે, એને પાણી ઢોળાયા વિના પાણી પીતા ન આવડે એને પહેરણ કે ડગલાના બટન બીડતા ઉઘાડતા ન આવડે ત્યા સુધી કરશે બાગખડી કે મોના આક ભને ખાડામા પડી જતા.

આમા અડચણો પણ આવશે ગામડામા પાણીની અગવડ હશે, ગરીબ લોકોને કપડાનો અભાવ હશે ત્યા સાબુ ક્યાથી કાઢશે? કોઈ માબાપ કામ આડે બાળકને નવડાવશે ધોવડાવશે પણ નહિ પણ આ બધી અગવડો અને અડચણોનો સામનો કરવો તથા ઉકેલ કાઢવો એમા જ વર્ધા યોજનાના શિક્ષણની કસોટી છે જરૂર જણાય ત્યા શિક્ષક પોતે બાળકને નવડાવશે, પોતે કપડા ધોઈ આપશે અને ગામના ઉત્સાહી ભાઈઓની મદદથી પોતે જ એવી વ્યવસ્થા ઊભી કરશે કે આવી બાબતમા આવતી મુશ્કેલીઓનો એ તોડ કાઢી શકે

શિક્ષકના દિલમા આવુ ગદગી ખરા માટે ખૂંચી ગઈ હશે, સમાજની પ્રગતિમા બાધારૂપ ભાસતી હશે તો જ એ આ કામમા આટલો પ્રાણ રેડી શકવાનો છે અને તો જ એ શાળામા અને વિદ્યાર્થીઓમા સ્વચ્છતાની આ ભાવના પેદા કરી શકવાનો છે,

એક વખત આવુ વાતાવરણ પેદા થયુ પછી પછી કામ સહેલુ બની જાય છે આ વાતાવરણની અસર ગામલોકો ઉપર પડ્યા વિના રહેતી નથી. એમનુ જીવન અને રહેણીકરણી આટલા વખતમા પહેલા કરતા વધારે સ્વચ્છ બન્યા જ હોય છે.

આ પછી આવે છે આગણા અને શેરીની સ્વચ્છતાની વાત એ કામની શરૂઆત પણ જાતે જ કરવાની હોય છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ પોતે પોતાના આગણા જાતે વાળી લેવાનો આગ્રહ રાખે, વખત જતા ખાસ પ્રસગોએ ગ્રામસફાઈનો કાર્યક્રમ પણ ગોઠવી શકાય એમા ગામના કેટલાક પ્રતિષ્ઠિત લોકો પણ ભળશે અને લોકોમા પોતાનું ગામ સ્વચ્છ રાખવાની ભાવના જાગશે.

વિદ્યાર્થી અને શિક્ષકો અઠવાડિયે એક દિવસ ગ્રામસફાઈ પાછળ ગાળે તો આ વિકટ પ્રશ્નનો ઉકેલ આવી જાય છે શક્ય હોય ત્યા ગામલોકોને સમજાવી ગામના ભગીઓ પાસે ગામની શેરીઓ સ્વચ્છ કરવાની વ્યવસ્થા પણ ઊભી કરી શકાય આવી વ્યવસ્થા ઊભી થાય છતા વખતોવખત વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ જાતે ગ્રામસફાઈ કરવાના કાર્યક્રમો તો ગોઠવવા જ જોઈએ એ વખતે ગામના જાહેર કૂવા તળાવો તથા રસ્તાના ઊંડા ખાડા સુધારી શકાય આવુ ચાલે તો જ પ્રજામા સ્વચ્છતાની ભાવના કાયમ ટકાવી શકાય તો જ પ્રજાનો પ્રેમ જીતી શકાય, અને તો જ પ્રજામા ગદકી ઓછી કરવાની ટેવ પડે

આ પછી આવે છે મુતરડીઓ અને જાજરૂનો સવાલ પણ મારા અનુભવથી હુ ખાતરી આપુ છુ કે શાળા ગામલોકો પાસે આટલુ કરાવી શકી હશે પછી મુતરડી અને જાજરૂનો સવાલ એમને માટે બહુ સહેલો થઈ પડશે શાળાએ શાળાપૂરતી તો આ વ્યવસ્થા બહુ વહેલી ઊભી કરી લીધી હશે વિદ્યાર્થી ગમે ત્યા પેશાબ કરવા બેસે એ તો ચાલે જ નહિ

આ કામને હુ રચનાત્મક કેળવણી કહુ છુ. ગામના સમાજને આ રચનાત્મક કેળવણી આપતા છતા એ ચાર અક્ષર વધુ ભલે ન શીખવાય તો એની ફિકર કરવા જેવુ નહિ જોઈએ ગામલોકોને

જો આપણે આ કામનું મહત્ત્વ ઠસાવી શક્યા હોઈશું તો એ દદી આનો દૂર કરવાના નથી કારણ આ સવાલ તો આખા ગામના આરોગ્યનો છે આટલી કેળવણીથી ગામે દવાદારૂના સેંકડો રૂપિયા બચાવ્યા હશે, ભવિષ્યના વારસામા નવું તેજ પેદા કર્યું હશે અને આથી પણ વધુ તેજ પેદા કરવું હોય તો શાળાના વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરાવી એના યોગ્ય ઇલાજો લેવડાવવા જોઈએ ચોખ્ખી હવા અને પ્રમાણમા રમતો રમવી ખેતરમા જઈ તડકામા કામ કરવું અને પૌષ્ટિક ખોરાક મેળવવો એ આરોગ્યનાં મહત્ત્વના અંગો છે

અને છેલ્લું કેળવણીના ખાતાએ પણ આજની ગામડાની સ્થિતિમા આ રચનાત્મક કેળવણીને આવકારી લેવી જોઈએ આજના નાના ગામડા માટે તો હું આને જ પાયાની કેળવણી કહું અને શિક્ષક જો નવી કેળવણીની શરૂઆત આ રીતે કરે તો હું એને કેળવણીની ક્રાન્તિના પહેલા પગથિયા તરીકે આવકારું

વર્ધા કેળવણીમાં પ્રવાસ-પર્યટનનું સ્થાન

વર્ધા કેળવણીનું એક મહત્ત્વનું અંગ તે પ્રત્યક્ષ કેળવણી જે જ્ઞાન પ્રત્યક્ષ આપી શકાય તે માત્ર વાર્તાથી ન આપવું આથી પ્રવાસ અને પર્યટન કેળવણીની દૃષ્ટિએ બહુ મહત્ત્વના સાધનો ગણાયા છે

બધો વખત એક જ કામ કરવાથી આવેલો કંટાળો આવા નવા કાર્યક્રમથી ઊડી જાય છે પ્રવાસ અને પર્યટનમાં કુદરતી તથા બીજી નવી નવી વસ્તુઓ જોવા જાણવાની મઝાથી વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે છે, અને જે કાંઈ જ્ઞાન આપવામા આવે છે તેની વિદ્યાર્થીઓ ઉપર સચોટ છાપ પડે છે

પ્રવાસ તો બહુ લોકો કરે છે વેપારીઓ કરે છે, યાત્રાળુઓ કરે છે ભિખારીઓ કરે છે પણ એ બધા પ્રવાસ જુદા અને આપણો પ્રવાસ જુદો આપણો પ્રવાસ તો કેળવણી માટેનો પ્રવાસ હશે એટલે ફાવે ત્યા દોડયા જવું અને દોડયા આવવું એવું નહિ હોય જેમ બધા આંખો મીંચીને ફરે છે એમ ફરવાનું નહિ હોય. આપણી પાસે તો પ્રવાસ શરૂ કરતાં પહેલાં જ શું જોવું છે અને કઈ રીતે જોવું છે એની ખાસ દૃષ્ટિ હશે એ દૃષ્ટિ વિદ્યાર્થીઓને પણ આપવામા આવી હશે. મુસાફરી તો રેલવેની પણ થાય મોટરની પણ થાય, ગાડાની પણ થાય પણ અભ્યાસની દૃષ્ટિએ હુ પેદલ મુસાફરી સર્વશ્રેષ્ઠ ગણું છું પેલી મુસાફરીઓ તો ઝડપથી જવાની અને ઝડપથી નિરીક્ષણ ની જ્ઞાન મેળવવાની મુસાફરી છે

આવા પ્રવાસના પણ અનેક પ્રકારો હોય છે સાવ નાના બાળકોની મુસાફરી ગામમા જ થશે ગામના મુખ્ય મુખ્ય રસ્તાઓ, જાહેર મકાનો કૂવા તળાવો, કુંભારનો ચાક લુહારની કોઢ ઘાંચીની ઘાણી, જુદા જુદા લત્તાઓ, મકાનોની બાંધણી વગેરે વગેરે એક જ વસ્તુ બતાવવામા પણ જુદી જુદી દૃષ્ટિ હશે નાનો વિદ્યાર્થી લુહારની ધમણ સાથે ભઠ્ઠીમાથી નીકળતા તડ તડ તણખા જોશે. ગામના તળાવમા ભૂસકા મારતા બાળકો અને પાણી ભરતા લોકો જોશે જ્યારે એ જ દૃશ્ય મોટો વિદ્યાર્થી જુદી રીતે જોશે એ લુહારને પહેલા કેવું કામ મળતું હતું કેવું મળે છે? કામ ઓછું મળે છે એનું કારણ પરદેશથી તૈયાર આવતી લોઢાની અનેક વસ્તુઓ છે એની શોધ કરશે તળાવમા એક જ જગ્યાએ લોકો કપડા ધુએ છે, એક જ જગ્યાએ બહેનો પીવાનું પાણી ભરે છે, અને એક જ જગ્યાએ બાળકો નહાય છે અને ઢોર છાણ-મૂતર કરે છે એ બરાબર નથી આપણે તળાવનો ઉપયોગ તો કરીએ પણ એનો ઓવારો સાફ રાખવો એ ફરજ આપણી છે આવું આવું જાણશે આ તો બે બે ઉદાહરણ આપ્યા, પણ આવી તો અનેક વસ્તુઓ જોવા મળે અને જુદી જુદી શ્રેણીના વિદ્યાર્થીઓ માટે એ જોવાની દૃષ્ટિઓ પણ અનેક હોવી જોઈએ પ્રવાસ કરાવનાર શિક્ષક પાસે સ્પષ્ટ દૃષ્ટિ હોવી જોઈએ કે ક્યા વિદ્યાર્થીને માટે શું બતાવવું છે એને પોતાને સ્પષ્ટ સમજણ

હોવી જોઈએ, કે કઈ કઈ વસ્તુઓ ગામની જરૂરિયાતો છે અને કઈ કઈ વસ્તુઓ ગામની બદીઓ અને ગામના ભયસ્થાનો છે

એથી આગળ વધીએ તો ગામની આજુબાજુના દસ ગાઉ સુધીના ગામોનો પ્રવાસ ગોઠવી શકાય નજીકના જોવા જેવા સ્થળોનો પ્રવાસ ગોઠવી શકાય પણ એ બધા પાછળ દૃષ્ટિ હોવી જોઈએ

પ્રવાસ દરમિયાન ભૂગોળનું જ્ઞાન આપી શકાય પ્રાણીશાસ્ત્રનું આપી શકાય વનસ્પતિશાસ્ત્રનું આપી શકાય પણ એ બધુ સ્વાભાવિક ક્રમે અને જીવનમા ઉપયોગી હોય એ ધોરણે જ અપાવુ જોઈએ માત્ર માહિતી આપી દેવા ખાતર બધુ બતાવવાનુ ન હોય પ્રવાસ મારફત કુદરત સાથેનો સબધ જીવતો કરી શકાય કુદરત અને ઈશ્વરની મહત્તાનો ખ્યાલ આપી શકાય, એટલુ જ નહિ પણ દેશની કલા-કારીગરી અને દેશનું દારિદ્ર પણ બતાવી શકાય. પ્રવાસ વખતે કોઈ શાત એકાત સ્થળે બેસી શાતિની રમત રમાય, ગીત ભજન ગવાય, વાતવાર્તા કહેવાય લીંબડી-પીપળી રમાય આ વખતે બાળકો ઉપરનો ભણતરનો બધો બોજો હટી ગયો હોય છે એમને તમે હૃદયમા ઊતરી જાય એવી વાર્તા અહીં કહી શકશો

આવા પ્રવાસથી બાળકમાથી સકુચિત ભાવના તો અજાણપણે નીકળી જાય છે દરેકને એમ થાય છે કે આપણે ભાઈ છીએ દરેક એક બીજાને મદદ કરતો થાય છે દરેક એક બીજાને વધુ ઓળખતો થાય છે એટલુ જ નહિ પણ મુસાફરી કેમ કરવી શુ શુ સાધનો રાખવા, કેમ ખાવુ કેમ ચાલવુ, અજાણ્યા સાથે કેમ વર્તવુ—આવી જીવનમા બહુ અગત્યની અને જીવનને ઘડનારી વસ્તુઓ વિદ્યાર્થી પ્રવાસ-પર્યટનમાથી મેળવી શકે છે

આપણુ તળાવ, આપણો કૂવો આપણા રસ્તા, આપણુ ગામ, આપણો દેશ, એ બધી ભાવના એનામા જાગે છે એ બધા શી રીતે સાફ સુઘડ અને સમૃદ્ધ બનાવવા એના એને વિચાર આવે છે, ગામનુ અજ્ઞાન ગામની ગદકી, ગામની રહેણીકરણી, ગામની ટેવો એ બધુ એની નજર સામે તરવરે છે અને એમા કાઈક કાઈક કરી નાખવાનુ એને મન થઈ જાય છે

પણ આ બધાનો આધાર શિક્ષક ઉપર હોય છે શિક્ષકમા જ્ઞાન હશે, શિક્ષકમા ભાવના હશે, શિક્ષકમા સૂઝ હશે અને શિક્ષકમા કાઈક કરવાની તમન્ના હશે તો જ એ આ બધુ વિદ્યાર્થીમા જગાડી શકવાનો છે એટલુ ચોક્કસ છે કે પ્રવાસ અને પર્યટન એ જ્ઞાન આપવાનુ બહુ રસિક અને બહુ આવશ્યક સાધન છે વિદ્યાર્થી તેમ જ શિક્ષકમા એ સામાજિક ભાવના ખીલવે છે, વૈવિધ્ય લાવે છે, અને જીવનમા નવો રસ નવો આનદ તથા નવી તાજગી પૂરે છે

વર્ધા કેળવણી માટે શિક્ષક જોઈએ.

વર્ધા કેળવણીનો શિક્ષક એટલે જીવનની કેળવણીનો શિક્ષક ખરુ જોતા કેળવણી એટલે જ જીવનની કેળવણી પણ આજે એ અર્થ ભુસાઈ ગયો છે એટલે તો આ વર્ધા કેળવણીની ઉત્પત્તિ થઈ કેળવણી લેવાનો હેતુ એક જ હોઈ શકે કે કેળવણી લઈને માણસ માણસાઈ કેળવે પણ આજે સમાજમા ભોગપ્રધાન સસ્કૃતિનું એક એવુ જબરુ મોજુ આવ્યુ છે કે એના પ્રવાહમા માણસની માણસાઈ જ તણાઈ જવા બેઠી છે અને જો એ પ્રવાહને રોકવામા ન આવે તો આખો માણસ જ તણાઈ જાય તેમ છે આ પ્રવાહમાથી ઊગરવુ એ વર્ધા યોજનાનો હેતુ છે એટલે વર્ધા યોજના પ્રમાણે કામ કરનાર શિક્ષકને પ્રથમ તો આ ભોગપ્રધાન સસ્કૃતિ અને એને પોષક કેળવણી વિષે સૂગ પેદા થવી જોઈએ

કોઈ પણ માણસ જોઈ શકે તેમ છે કે આજના ભણતરથી માણસની ઇચ્છાઓ અને જરૂરિયાતો વધી છે પણ એ ઇચ્છાઓ અને જરૂરિયાતોને પહોચી વળવાની એનામા તાકાત વધી નથી માણસનો મોજશોખ ખૂબ વધ્યો છે પણ એ મોજશોખ પૂરો પાડવા માટે હાથપગ ચલાવવાની એની આવડત વધી નથી પરિણામે માણસ પરાવલબી સ્વમાનહીન અને ગુલામ બન્યો છે, એટલુ જ નહિ પણ ગુલામદશાને કારણે સમાજમા જેટલા

અવગુણ આવી શકે એ બધા આજે આપણા સમાજમા ઘર કરી રહ્યા છે આ ગુલામી માનસમાથી ઊગરવા માટે અને સ્વાવલબી બનવા માટે વર્ધા યોજનામા હાથપગની કેળવણીને આટલુ મહત્ત્વનુ સ્થાન આપવામા આવ્યુ છે

ચાલુ કેળવણીએ જાતમહેનત પ્રત્યે સૂગ અને શરમ પેદા કરી છે ત્યારે વર્ધા કેળવણી જાતમહેનત માટે આદર અને શ્રદ્ધા પેદા કરવા માગે છે ચાલુ કેળવણીએ પારકુ એટલુ સારુ અને આપણુ એટલુ ખોટુ એવી તેજોવધ કરનારી ભાવના જગાડી છે, જ્યારે વર્ધા કેળવણી આપણા ગ્રામઉદ્યોગોને સજીવન કરી સ્વાવલબી અને સ્વય સપૂર્ણ ગ્રામજીવન ઘડવા માગે છે

વર્ધા કેળવણીનો શિક્ષક માત્ર ઉદ્યોગમા માનનારો નહિ પણ જાતે ઉદ્યોગ કરનારો ઝીણી બુદ્ધિ વાપરીને ઉદ્યોગમા સુધારાવધારા કરનારો, ઉદ્યોગને ઉત્પાદક બનાવનારો અને ઉદ્યોગ વિષે બીજામા આદર અને રસ પેદા કરનારો હોવો જોઈએ

એને એ વાતનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ કે કેળવણી માત્ર નોકરી કે પૈસા માટે નથી પણ જીવનના ઘડતર માટે છે જો એ આટલુ સમજતો હશે તો જીવન સાથે સબધ ધરાવતી ઘણી વસ્તુઓ કેળવણીમા ઉમેરાઈ જશે અને જીવન સાથે બહુ સબધ ન હોય એવી ઘણી વસ્તુઓ આપોઆપ ખરી પડશે પછી પ્રાથમિક કેળવણીમા અગ્રેજીનો મોહ નહિ રહે એટલુ જ નહિ પણ જે કઈ શીખવવાનુ હશે એ પ્રત્યક્ષ ઉદાહરણ અગર પ્રવૃત્તિ દ્વારા શીખવવાનો આગ્રહ આપોઆપ જન્મશે

આજ સુધી કેટલુ ય અસ્વાભાવિક ભણતર ભણાવવા માટે શિક્ષક ધાકધમકી અને શિક્ષાનો આશ્રય લેતો વર્ધા યોજનાનો શિક્ષક સમજણ અને પ્રેમમા માનનારો હશે એને શ્રદ્ધા હશે કે કહ્યા કરતા કરી બતાવવામા વધારે શિક્ષણ રહેલુ છે, આ જ સમજણથી પોતે ભલે અધૂરો હોય પણ બાળકે એના આચરણનુ અનુકરણ કરવાનુ છે એ ખ્યાલ અને જવાબદારી એને સતત જાગતો રાખશે, એટલુ જ નહિ પણ શિક્ષક બાળક પાસે પણ પોતે જેવો હશે એવો જ દેખાવાનો પ્રયત્ન કરશે શુદ્ધ ચારિત્ર્ય એ જ વર્ધા કેળવણીના શિક્ષકની ચાવી છે

વર્ધા કેળવણીના શિક્ષકમા બીજુ મહત્ત્વનુ તત્ત્વ એ હોવુ જોઈએ કે સામાન્ય આમ જનતા અને ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે એના દિલમા વહેતો પ્રેમનો ઝરો હોવો જોઈએ આમ હશે ત્યા આજની માફક શાળા અને શિક્ષક સામાન્ય સમાજથી અસ્પૃષ્ટ નહિ બની જાય શિક્ષકની રહેણીકરણી જે પ્રદેશમા એ કામ કરતો હોય એ પ્રદેશને છાજે તેવી સાદી અને સયમવાળી હોવી જોઈએ એટલુ જ નહિ પણ આખા ગામનુ સુખદુખ એ શિક્ષક અને શાળાનુ સુખદુખ બનવુ જોઈએ આવી શાળા માથી માબાપનો બોજો વધારે એવા નહિ પણ મદદરૂપ થાય એવા બાળકો પાકવાના અને માબાપ પણ આવી શાળા અને શિક્ષકમા ઊડો રસ ધરાવવાના આવો શિક્ષક ગામલોકોનો માત્ર પ્રેમપાત્ર નહિ પણ ગ્રામજીવનનો સચાલક અને ગામલોકોનો માર્ગદર્શક બનશે

આજનો શિક્ષક એની શાળા કોલેજમા ભણીને મગજના બારણે તાળા મારી બેઠો હોય છે એથી નથી થતો એના જ્ઞાનમા નવો ઉમેરો કે નથી આવતો એના જીવનમા નવસર્જનનો આનદ વર્ધા કેળવણીનો શિક્ષક દેશ અને દુનિયાના તાજામા તાજા બનાવો કે શોધોથી પરિચિત હોવો જોઈએ કદાચ શરૂઆતમા શિક્ષક આ બધુ ન જાણતો હોય પણ એ બધુ જાણવાની એક પણ તક તો એણે ન જ જવા દેવી જોઈએ જરૂર પડયે પોતાના જીવનમા ફેરફાર કરવાની પણ એણે તૈયારી રાખવી જોઈએ એનુ સામાન્ય જ્ઞાન બહોળુ હોવુ જોઈએ એટલુ જ નહિ પણ જે વિષય એ શીખવતા એમે એનો ઊડો અભ્યાસ હોવો જોઈએ તો જ એ ઉદ્યોગ ભણતર અને જીવન—આ ત્રણેનો સબધ સાધી શકશે શિક્ષકે વિદ્યાર્થીના માસ્તર મટીને મોટાભાઈ બની રહેવુ રહ્યુ અને શીખવતી વખતે તો જે ભૂમિકાએ બાળક હોય એટલો નીચે શિક્ષક ઊતરી શકે તો જ એ પોતાના જ્ઞાનથી વિદ્યાર્થીને બનાવી શકશે

બાળકને સ્વચ્છ બનાવવું હશે તો શિક્ષકે સ્વચ્છ બનવું પડશે. બાળકને સેવાભાવના આપવી હશે તો શિક્ષકે સેવાભાવી બનવું પડશે, અને બાળકમાં સ્વદેશ-પ્રેમની જ્યોત પ્રગટાવવી હશે તો શિક્ષકમાં પણ જીવતો-જાગતો સ્વદેશપ્રેમ સળગતો હોવો જોઈશે.

ટૂંકમાં વર્ધા કેળવણીનો આદર્શ શિક્ષક એટલે સમાજજીવનને અને સમાજના ભાવિને ઘડનારો ઉત્તમ સમાજસેવક. એના જીવનનું દરેક કાર્ય સમાજ માટે પ્રેરણા મૂકનારું અને સમાજને ઊંચે ચડાવનારું હોવું જોઈએ-બીજા શબ્દોમાં કહીએ તો ગાંધીજીના અહિંસક સિદ્ધાંતો પ્રમાણે ચાલનારો એક સાચો ગ્રામસેવક.

વર્ધા શિક્ષકના આ આદર્શ વાંચીને કોઈએ ગભરાઈ જવાની જરૂર નથી. વર્ધા શિક્ષકમાં જોઈતાં ગુણો અને આવડત ભલે આ જ ક્ષણે આપણામાં ન આવી જાય, પણ ખરે જ જો આપણે વર્ધા શિક્ષક થવા ઇચ્છતા હોઈએ, સમાજની એક મહાન પુનર્રચનામાં આપણો પણ હિસ્સો હોવો જોઈએ એમ માનતા હોઈએ તો ઉપરના આદર્શને નજર સમક્ષ રાખીને આપણે પ્રમાણિક પ્રયત્નો તો શરૂ કરી દેવા જ જોઈએ.

વર્ધા શિક્ષકની શાળામાં ત્રણ ચાર મહિનામાં નીચેના દેખીતા ફેરફારો તો થવા જોઈએ:

૧. વિદ્યાર્થી શાળા અને ગામ વધુ સ્વચ્છ બન્યાં હોય, એમનામાં સ્વચ્છતાની ભાવના ખીલવા લાગી હોય,

૨. શિક્ષક અને વિદ્યાર્થી ભણતરમાં રોજ નવો નવો આનંદ લૂંટતા હોય,

૩. ગામલોકો કાંઈક સારું થઈ રહ્યું છે એવી ભાવના અનુભવતા હોય અને પ્રયોગમાં સાથ આપવા લાગ્યા હોય,

૪. ગામમાં ખાદી-રેંટિયા અને ગ્રામ-ઉદ્યોગનું વાતાવરણ દિવસે દિવસે વધતું જતું હોય,

૫. વિદ્યાર્થીઓ તેમ જ ગામલોકો ગંદી ભાષા, ગંદી ટેવો અને વ્યસનોમાંથી છૂટતા જતા હોય,

૬. આખા ગામનું વાતાવરણ બદલતું હોય.

સમાજવાદની દૃષ્ટિ અને વ્યાપ્તિ

ડૉ. પટ્ટાભિ સીતારામ ઐયા

સમાજવાદનો હેતુ છે સમાજની વર્તમાન પરિસ્થિતિમાં પલટો લાવવો. શરૂઆતમાં તે સમાજના આધારને વિસ્તૃત અને રાજસત્તાના ક્ષેત્રને વિશેષ વ્યાપક કરનાર સુધારક આંદોલનના રૂપમાં આવેલ. હજુ ગઈ કાલ સુધી એવી સ્થિતિ પ્રવર્તતી હતી કે જ્યાં સમાજનું કામ પૂરું થતું ત્યાંથી રાજસત્તાના કર્તવ્યની શરૂઆત થતી વ્યક્તિનાં અન્ન-વસ્ત્રનો બંદોબસ્ત કરવો અને એનાં આરામ અને સુખની ચિંતા રાખવી એ સમાજનું કામ હતું. પણ ધીરે ધીરે આ કામનો ભાર રાજસત્તા ઉપર નાખી દેવામાં આવ્યો. રાજ્ય ઉપર આ બોજો નહોતો ત્યાં સુધી રાજનું કામ લોકોનું રક્ષણ કરવું અને તે માટેના ખર્ચને પહોંચી વળવા કર ઉઘરાવવો એ હતું. હવે તો પ્રજાની શાંતિ અને સુવ્યવસ્થા ઉપરાંત રાજને માથે બેકારી દૂર કરવાની ફરજ પણ આવી પડી છે. આજ સુધી અધિકાર સમજીને લોકોને જે વસ્તુ માટે ચળવળો કરવી પડતી અને રાજ્યને તે મંજૂર કરવાની ફરજ પડતી તે જ વસ્તુ હવે રાજ્યે પોતે જ કર્તવ્યરૂપ માની કરવી પડશે. એને માટે પછી લોકો કંઈ હિલચાલ કરે કે ન કરે. આનો અર્થ એ કે શરૂઆતમાં જે સિદ્ધાંત કોઈ ચળવળનો પ્રેરક હોય અને દેશમાં અશાન્તિ

લાવનાર મનાય ને આગળ જતા આપણુ સાધ્ય બની જાય અને સગાગને માટે નિયામક–તત્ત્વરૂપ બની જાય ઉદાહરણ માટે આજની રાજસત્તાનું જ સ્વરૂપ જોઈએ સમાજમા જે વિષમતાઓ અને અન્યાય ફેલાઈ રહ્યા છે તેને ટાળવા અનાથાશ્રમો, હોસ્પિટલો વનિતા–વિશ્રામો, અશક્તોને પોષવાને માટે જુદા ભંડોળો દવાખાના, મફત શિક્ષણ સાર્વજનિક વીમાઓ, પ્રસૂતિગૃહો અને બાલાશ્રમો ઇત્યાદિની વ્યવસ્થા રાજ્યે કરવી પડે છે પણ આ બધુ અંતે છે શુ ? પૈસાદારો અને સાધનસંપન્ન લોકો તરફ વેગથી ધસ્યા જતા સુખપ્રવાહને ખાળી તેની ત્રુટિ અનુભવતા લોકો તરફ તે વાળવાના માર્ગો જ છે આ પ્રવાહ કરરૂપે વગતો હશે કે દાનરૂપે વગતો હશે પણ જમીનદારો અને વેપારીઓની સંપત્તિનુ મૂળ ઉદ્ભવસ્થાન ગરીબ ખેડૂતો અને રાત દિવસ શ્રમ કરતા યે ભૂખે મરતા કારીગરો જ છે

એ જ રીતે વહાણના કોઈ માલિકને સરકારી ખિતાબ મળી શકતો હોય તો પોતાના જાનને જોખમે વહાણને સમુદ્રમા સલામત રાખતા મદદ કપડામા વીંટાયેલા ખલાસીને તે આભારી છે

અને એક ઉદ્યોગમા સફળતા મળવાને પરિણામે કોઈ મિલમાલિક એક ઉદ્યોગનો નેતા બનતો હોય તો તેનો યશ કારખાનામા ગતદિવસ લોહીનુ પાણી બનાવનાર યંત્ર પર કામ કરતા, મજૂરને ભાગે જાય છે એની પાસે મિલમાલેકની શક્તિ તો તૃણ બરાબર છે એટલે આમ જમીનદાર વેપારી, ઉદ્યોગપતિ કે વહાણનો માલિક એ બધા લોકોના પરિશ્રમે મોટા બને છે કે જેમને પોતાના કામમા કાયા ગાળી નાખતા છતા કૂતરા બિલાડા જેવુ જીવન ગુજારવુ પડે છે આવુ જોઈને સ્વભાવિક રીતે જ કોઈ સમાજવાદીના હૃદયમા પ્રશ્ન ઊઠે કે આ બધુ ક્યા સુધી ચાલતુ રહેશે ? આ બિચારા ગરીબો ધનવાનોના નાખ્યા ટુકડા પર ક્યા સુધી જીવ્યા કરશે ? ક્યા સુધી લાકડા ફાડી ફાડી પાણી સીંચી સીંચી આ શ્રમજીવીઓ પોતાના દિવસો કાઢશે કે જે અવસ્થામાં નથી એમની પાસે પોતાનુ કહેવા જેવુ ઝૂપડુ કે નથી સારી રીતે નહાવા ધોવાનો સમય કે સગવડ ?

આ પ્રશ્નો યથાર્થ છે હિંદુસ્તાનમા આ પ્રશ્નો પુછાય છે ત્યારે એમા જો કે વાસ્તવિકતા એટલી નથી હોતી પણ એ સૂઝવે છે ખરા હિંદુસ્તાનમા લગભગ પશ્ચિમનુ અનુકરણ જ થાય છે અહી આપણે એ પશ્ચિમની ગભીર અશાન્તિની નકલ કરીએ છીએ અને ઉપરાત એના ઉકેલ માટે નિરર્થક નીવડેલા ઉપાયો અજમાવીએ છીએ

આપણે બારીકીથી જોશુ તો સ્પષ્ટ જણાશે કે આપણી દરેક માગી હિલચાલ પશ્ચિમની જૂની હિલચાલનુ નિષ્પ્રાણ અને નકામુ અનુકરણ માત્ર હોય છે કેમ તે જોઈએ

ઇગ્લેડમા યત્રયુગ અઢારમી સદીના અતમા થયો તેની સાથોસાથ અર્થશાસ્ત્રે પણ દેશની રાજ્યક્રાન્તિમા એક મહત્ત્વનુ સ્થાન મેળવી લીધુ, અને જ્યા પ્રથમ તે રાજનીતિને દોરનારુ તત્ત્વ હતુ ત્યા જોતજોતામા રાજનીતિનુ સાધ્ય બનતુ ગયુ આ માર્ગમા તે જે જે તબક્કાઓમાથી પસાર થતુ ગયુ તેની તેની વિગતો ઇગ્લેડના ઇતિહાસમા સ્પષ્ટ જોવા મળે છે આશ્ચર્યની વાત તો એ છે કે જ્યારે આપણે હિંદના ઔદ્યોગિક ઇતિહાસને જોઈએ છીએ ત્યારે તેમા પણ એ જ તબક્કાઓને જોવા મળી પડીએ છીએ. સૈકામા ઇગ્લેડમા વિનિતપક્ષ અથવા તો બીજા શબ્દોમાં વ્યાપાર—સ્વાતંત્ર્યના હામી સત્તાધારી બન્યા પરિણામે રાજ્યાધિકારીઓ પણ સીધેસીધી આર્થિક હેતુની ભાષામા બોલવા લાગ્યા અને જેમ જેમ દેશનો ઔદ્યોગિક વિકાસ થતો ગયો તેમ તેમ મધ્યમવર્ગના હાથમા રાજસત્તા આવતી ગઈ અને પરચૂરણ માલના વેપારીની સ્થિતિમાથી ચડતા જઈ જથાબધ માલના વેપારીની પ્રતિષ્ઠા મેળવી લીધી અને ત્યારે દેશની રાજનીતિ ઉપર પણ એની અસર પાડવા લાગી એમણે પોતાનુ એક સ્વતત્ર રાજદ્વારી મડળ બનાવી લીધુ અને ૧૮૩૨ની સાલમા એમણે પોતાના મતાધિકારને પણ ઠીક ઠીક વ્યાપક બનાવી દીધો આ જ વર્ષમા 'ચાર્ટર એક્ટ

ઑફ ઇન્ડિયા' મંજૂર થયો કે જે અનુસાર હિંદમાં હિંદીઓ અને અંગ્રેજોને સમાન હક્ક આપવામાં આવ્યા આગળ જતાં સને ૧૮૫૭માં ઇંગ્લાંડમાં ઓછામાં ઓછા મોટા મોટા ઔદ્યોગિક કેન્દ્રોના મજૂરોએ તો મતાધિકારની માગણીઓ રજૂ કરી જ દીધી હતી એ જ વર્ષમાં હિંદે અંગ્રેજી હકૂમતને ઉખેડી નાખવાની કોશિશ કરી પણ તે નિષ્ફળ જતાં રાજ્યની હકૂમતની પકડ વધુ મજબૂત બનાવવામાં આવી આ પછી ઇંગ્લાંડમાં ખેતી ઉપર કામ કરનારાઓનો વારો આવ્યો એમણે ૧૮૮૪ની સાલમાં પોતાને માટે નાગરિક—અધિકાર પ્રાપ્ત કરી લીધા અહીં હિંદમાં લગભગ એ જ અરસામાં (ઈ સ ૧૮૮૫માં) રાષ્ટ્રીય મહાસભાનો જન્મ થયો સન ૧૯૧૭માં રશિયાએ સમાજવાદી સત્તાની સ્થાપના કરી એ જ વખતે હિંદમાં 'હોમરૂલ'ની માગણી રજૂ થઈ અને ૧૯૨૮ સુધીમાં સ્વરાજ્યનો અધિકાર પ્રસ્થાપિત કર્યો આમ જ્યારે એક બાજુ ઇંગ્લાંડ સાચી લોકસત્તા તરફ વેગથી આગળ વધતું દેખાય છે ત્યારે હિંદ ગુલામીમાંથી મુક્તિ મેળવવાનો ધીમે ધીમે પ્રયત્ન કરતું દેખાય છે આમ હિંદની રાજનૈતિક હિલચાલ યુરોપની તત્કાલીન આર્થિક હિલચાલની જાણે પ્રતિક્રિયા જ છે જે વખતે ઇંગ્લેંડ વેગથી પોતાના અર્થશાસ્ત્રમાં અસરકારક ફેરફારો કરતું જાય છે ત્યારે હિંદ મહારાણી વિક્ટોરિયાના સમયની મધ્યયુગી જૂની રાજનીતિમાં જ અટવાયા કરે છે

આવી સ્થિતિમાં આપણે જો રશિયાની મુક્તિકથા સાંભળીને મુગ્ધ બની જતા હોઈએ તો આશ્ચર્ય નથી પણ કેવળ નકલિયા વૃત્તિથી કામ નહિ ચાલે ઇંગ્લેંડનો સમાજવાદ હિંદમાં તાજા જન્મેલા ઉદ્યોગવાદના જુલમોની પ્રતિક્રિયા જ છે અને રશિયાનો સામ્યવાદ સૈકાઓના નિરંકુશ શાસનનું અનિવાર્ય પરિણામ છે તમે જૂના નવા બધા ઇતિહાસોને જોઈ જજો નિરંકુશ સત્તાના વિરોધમાં દરેક વખતે સશસ્ત્ર અને ખૂની ક્રાન્તિઓ થઈ છે અને એણે ઇતિહાસના પ્રવાહમાં નિયામક અસર પાડી છે પણ

ત્યાં રે તો એક જબરો શંકાનો વિષય છે જ કે એમાંથી ક્રાન્તિકારીઓનું કંઈ ભલું થયું કે કોઈ નવો યુગ શરૂ થયો કે જેમના લાભ માટે આટલા લોહી વડે ડાબ્યા તેમનું સામાજિક કે આર્થિક હિત સચવાયું કે નહિ સાચી વાત એ છે કે જો એક ક્રાન્તિમાંથી ઇષ્ટ હેતુ સધાયો હોય તો એ પછી બીજી ક્રાન્તિની જરૂર નથી હોતી એ માટે હિંસાત્મક કે અહિંસક ક્રાન્તિની યોજના અને પ્રચાર કરતા પહેલાં પીડિત માનવસમાજને માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર થનારે એટલું તો વિચારી લેવું જોઈએ કે તે યોજનાથી વાસ્તવમાં માનવજગતનું ભલું કેટલા પ્રમાણમાં થઈ શકશે

હિંદમાં આપણે કોઈ વાતનો વિચાર કરતા પહેલાં એ વિચારવું જરૂરી છે કે અહીં જમીનની વહેંચણી કેવી રીતે થઈ છે આવકમાંથી રાજ્ય પોતે કેટલું ખર્ચે છે રાજ્યસત્તામાં પ્રજાનો કેટલો અવાજ છે ગામડાં અને શહેરોની રચના કેવી છે એમનું રાષ્ટ્રીય જીવન કેવું છે સામાજિક અને આર્થિક દૃષ્ટિએ સમાજની રચના કેવી છે પ્રાચીન તત્ત્વજ્ઞાનીઓ અને ધર્મપ્રવર્તકોએ દેશની જનતાની સામે કેવા આદર્શો ઊભા કર્યા છે અને પરદેશી સત્તાને કારણે દેશબંધુઓની કેવી અધોગતિ થઈ છે દેશમાં ક્યા ક્યા પ્રકારે અને ક્યા ક્યા ક્ષેત્રોમાં અંગ્રેજોના વિજયની અસર પડી છે પૂર્વની અધોગતિ માટે પશ્ચિમ કેટલા પ્રમાણમાં જવાબદાર છે, આધુનિક શક્તિઓની અસર કેટલી ક્ષણિક છે, આપણી પ્રાચીન સમાજવ્યવસ્થાના ક્યા સિદ્ધાંતોની કેટલી આવશ્યકતા છે કેવળ જરૂર જેટલું જ ઉત્પન્ન કરવું તે પ્રાચીન અને કલ્યાણકારી નિયમને ફરી સજીવન કરવાની કેટલી આવશ્યકતા છે ગામડિયાના પ્રાંત તથા રાષ્ટ્રવ્યાપી સ્વાશ્રય કે જે હમણાં જ નષ્ટપ્રાય થયો છે તેની સ્થાપનાની કેટલી આવશ્યકતા છે પરદેશી સોય-દોરાથી લઈ વાળમાં ખોસવાની પીનો સુદ્ધાં ગામડાંમાં ઘેર ઘેર પહોંચી ગયાં છે એની ગ્રામ્યગૃહજીવન પર કેટલું માઠું પરિણામ આવ્યું છે ગ્રામોદ્યોગોનો કેવો નાશ થયો

છે, હિંદના સાત લાખ ગામડાં પરદેશથી આવતી ચીજો પર સવારથી સાંજ સુધી કેવા આધાર રાખી બેઠાં હોય છે — આ બધું આપણે ધ્યાનમાં લઈ તેનો વિચાર કરવો અને પછી કલ્પના કરવી કે પૂર્વના સમાજને પશ્ચિમનો ઘડેલો સમાજવાદ કે કોઈ પણ વાદ કેટલો ઉપયોગી બને આપણા સમાજવાદી મિત્રો આજે જે રસ્તો ગ્રહણ કરી રહ્યા છે તે કરતાં આ રસ્તો વધુ નજીક પડે તેવો છે કારણ કે બાર મહિનાનો રસ્તો છ મહિનાના રસ્તા કરતાં અને જતાં તો વધુ સીધો સાબિત થાય છે આપણા સદ્ભાગ્યની વાત છે કે હજી એ ઉદ્યોગવાદ એના તમામ અનિષ્ટો સાથે દેશના ઊંડા ભાગોમાં પહોંચી શક્યો નથી હજી પંદર લાખ માણસો જ એમાં દાખલ થયા છે અને જો હજી યે આપણે ચેતીએ તો આ યંત્રવાદના હુમલાને રોકી શકીએ યંત્રો નોકર તરીકે તો બહુ સારાં છે પણ જ્યારે તે શેઠ બની બેસે છે ત્યારે તેની સેતાનિયત ઓર ભૂંડી હોય છે યંત્રોથી મનુષ્યજાતનું કંઈ ભલું ભલે થયું હોય પણ એણે માણસને પોતાનો ગુલામ બરાબરનો બનાવી દીધો છે એના કૌશલ્યનો નાશ થયો છે એના ગૃહજીવનને બગાડી નાખ્યું છે સનાતન કૌટુંબિક જીવન પર સખત ઘા કર્યો છે અને ન તો કેવળ કારીગરના કૌશલ્યનો નાશ કર્યો છે પણ એના વ્યક્તિત્વ અને સ્વાતંત્ર્યનું પણ ખૂન કર્યું છે રાષ્ટ્રનો અંદરોઅંદરનો વ્યવહાર જ્યાં પરસ્પરના સહકારના આધારે ચાલવો જોઈએ ત્યાં ભયંકર હરીફાઈ ઊભી થઈ છે અને આંતરરાષ્ટ્રીય વૈમનસ્યો જાગ્યાં છે આમાંથી સામ્રાજ્યવાદ પોતાની સાથે ઉદ્યોગવાદ અને યુદ્ધવાદને લાવે જ છે યંત્રથી સમય સમય અને સ્થાન સ્થાન વચ્ચેનું અંતર ભલે ઘટી ગયું હોય પણ રાષ્ટ્રો અને તેની પ્રજાઓ વચ્ચે જબરદસ્ત ખાઈઓ પણ ઊભી કરી મૂકી છે લોકોના શરીરોને એણે નજીક નજીક કર્યાં હશે પણ એનાં આત્માઓ અને હૃદયોને તો છિન્નભિન્ન કરી નાખ્યાં છે

સમરસતાની વાત માણસને સફળતાની નજીક પહોંચાડે છે, પણ કવખતની અને નકામી વાત આપણને આપણા ઉદ્દેશથી દૂર હડસેલે છે મૂડીવાદ સામે આપણી લડાઈ છે અને આપણે અવશ્ય લડવું જોઈએ એ વાત સાચી છે, પણ આજે જે મૂડીવાદ હિંદમાં છે તે તો પશ્ચિમના વેપારની દુનિયા છે કે જેની રક્ષા માટે પશ્ચિમના દેશોની સુસજ્જિત સેનાઓ તૈયાર ઊભી છે હિંદુસ્તાનના મૂડીવાદ ઉપર આપણે જેટલું આક્રમણ કરીશું તેના પ્રમાણમાં તેનો પ્રત્યાઘાત એના પોષક વિદેશીઓના વ્યાપક હિતો પર પણ પડશે એથી પરિણામ એ આવશે કે વિદેશી શાસકને સાથે સાથે શત્રુ બનાવી મૂડીવાદીઓ સાથે એમને ભળવાની તક આપશું આમ બે સત્તા ભેગી થઈને સમાજવાદી કે સ્વરાજ્યવાદી બંનેને કચડી નાખી શકશે કે જે ગરીબોના પક્ષમાં ઊભા થયા છે અને વિદેશી શાસનના મૂળને ઉખાડવામાં પૂરેપૂરા સફળ ન થવાયું હોય તોપણ એને એકદમ નરમ બનાવી દઈને કંઈક લાભ કરી શકે છે એટલે આ વખતે આપણે જે સાધનો દ્વારા કામ કરવા માગીએ છીએ તેનાથી આપણા હેતુને લાભ કરી દેવાને બદલે નુકસાન કરી બેસવાના છીએ કારણ કે તેથી પક્ષની શક્તિ ઘટવાને બદલે વધવાની બહારના શત્રુ ગાજ્યા પછી આપણા સમાજવાદી મિત્રો અહીંના મૂડીવાદીઓને નહિ સમજી લે? કારણ કે આમ કરવાથી સમાજવાદી મિત્રો વખત આવ્યે સત્યાગ્રહના શસ્ત્રથી કે યુદ્ધના સનાતન સામાજિક આર્થિક કે રાજનૈતિક ઉપાયોથી કામ લેશે તો તે વખતે પોતાનામાં અમોઘ શક્તિ આવેલી જોશે

વળી આપણે સમાજવાદના આદર્શનું ભારતીય કરણ પણ કરી લેવું જોઈએ સમાજવાદ એક સરસ વસ્તુ છે એમાં દોષ જેવું કશું જ નથી જમીનદાર અને માલદારના લોભ અને અત્યાચારો હવે નિઃશંક અસહ્ય થઈ પડ્યા છે કોઈ પણ જાતિ કે સમાજમાં કેવળ જન્મને કારણે ઊંચનીચનો ભેદભાવ પણ હવે સહેવાશે નહિ દારૂ અને અસ્પૃશ્યતાના ભૂતને ભગાડવા આવશ્યક છે પણ આપણું એ પણ કર્તવ્ય છે કે ગરીબોને બાર માસ પેટ ભરીને અન્ન ખાવા મળે એવો પ્રબંધ કરીએ આથી ગામડાંઓનાં હુન્નર ઉદ્યોગ અને કળાને પ્રોત્સાહન આપવું એ

આપણો ધર્મ થઈ પડે છે આપણે એક બાજુથી સમાજવાદની ઘોષણાઓ કરીએ અને બીજી બાજુથી પરદેશી વસ્તુઓનો વપરાશ કરીએ તો આ પદદલિત જનતા ઉપર કેવી રીતે અસર થશે? આપણી ઘોષણાઓ અને લુખ્ખી સહાનુભૂતિના ભાર નીચે ગરીબોને આપણે ચગદી નાખવા તો નથી ઈચ્છતા? આપણે એમના ખીસામા થોડા આનાઓ નહિ તો થોડી પાઈઓ પણ નાખીને એમની રક્ષા કરી શકીશુ એટલે આપણે ફરીને આપણી દૃષ્ટિ પશ્ચિમ ઉપરથી હટાવી લઈ પૂર્વ ઉપર પ્રતિયોગ પરથી હટાવી લઈ સહયોગ ઉપર અને પશુબળ પરથી હટાવી લઈ સદ્ભાવ ઉપર વાળવી જોઈશે આપણે ફરીથી જડતા તરફથી ચેતન તરફ અને મોટર તરફથી રેંટિયા તરફ પ્રયાણ આદરવુ જોઈશે તો જ આપણે ગરીબોની સેવાનો દાવો સાચો ઠરાવી શકીશુ સમાજવાદીની જીત એ ક્ષણથી શરૂ થશે કે જે ક્ષણથી તેમના કામ દ્વારા ગરીબોને રોજનો કંઈક પ્રત્યક્ષ લાભ થશે 'ભૂખે મરતાની પીડા હજી વધુ બનવા દો, તો જ એમનામા ક્રાન્તિની ભાવના જાગ્રત થશે' આ સાધારણ ઉદ્ગારમા હૃદયહીનતા જ નહિ પણ વિચારશૂન્યતા પણ રહી છે એટલે જો સમાજવાદી એવો ઉપદેશ આપે કે ખાદી અને ગ્રામોદ્યોગને છોડી મિલના અને પરદેશી કપડા કે વસ્તુઓ વાપરો તો તે ઘણુ દુઃખની વાત ગણાય 'દુનિયાના શ્રમજીવીઓ એક બનો, ગુલામી સિવાય તમારે કશુ ગુમાવવાનું નથી' એ ઘોષણા સાભળતા તો સરસ લાગે છે પણ જ્યારે દુનિયાના અર્ધા શ્રમજીવીઓ એક બની બાકીના અર્ધા શ્રમજીવી ભાઈઓને ગુલામી અને અતૂટ ઔદ્યોગિક બધનથી બાધી લેશે ત્યારે તમે તેને શુ કહેશો? સમાજવાદીઓનો ઉદ્દેશ ખરાબ નથી પણ ઓછામા ઓછુ આપણે એટલુ તો ન જ કરીએ કે પૈસાદાર વધુ પૈસાદાર અને ગરીબ વધુ ગરીબ બને આજે જ્યા સુધી જનતાનો સાથ નહિ હોય ત્યા સુધી ન તો મહાસભાવાદી કે ન તો સમાજવાદી કંઈ કરવા સમર્થ બનશે અને સહકાર એ તો વિશ્વાસનુ ચિહ્ન છે એટલે આપણે એવુ ન કરી બેસીએ કે જેથી વર્ષોની મહેનતે મેળવેલો જનતાનો વિશ્વાસ ઘટવા પામે માત્ર ઘોષણાઓથી પેટ ભરાઈ જવાનુ નથી પણ જો આપણા સમાજવાદી મિત્રો દેશના રિતરિવાજો અને ભારતીય સમાજના આધારભૂત તત્ત્વોને ધ્યાનમા લઈ પોતાની શક્તિનો ઉપયોગ કરશે અને સાથે સાથે એવો કોઈ પ્રત્યક્ષ કાર્યક્રમ હાથમા લેશે કે જેથી આ અભાગી દેશના ગરીબોને તત્કાળ લાભ થવા લાગે અને એમના દુઃખ ઓછા થતા જાય, તો નિઃશક એમની સામે ઊભા રહેવાની કોઈની તાકાત નહિ હોય

●

સ્વ રા જ યા ત્રા

[પાન ૮ થી ચાલુ]

છની છાવણીઓ શરૂ થઈ ચૂકી છે અને યુદ્ધની તાલીમ પણ અપાવા માડી છે આ વાતાવરણ ઉપરથી એટલુ સાબિત થાય છે કે નજીક આવતા સત્યાગ્રહસગ્રામમા ગમે તે માણસ ગમે તે રીતે ખેચાઈ આવે જેલમા જઈ જેલ-ભરતીનો આકડો વધારે કે બે લાઠીના ફટકા ખાઈ લે એવુ નહિ થાય પરતુ આવતી લડાઈમા જે લડનાર હશે તે શિસ્તબદ્ધ તાલીમ પામેલા સૈનિકો જ હશે આ સૈનિકોએ પહેલેથી જ જીવનની આખરી તૈયારી કરી લીધી હશે

આજ પહેલાના સત્યાગ્રહોમા અને હવે આવતા સત્યાગ્રહમા નીચેના તફાવતો હશે એમ અમને લાગે છે

૧ આવતી લડાઈમા કોઈ પણ સૈનિક પૂરી તાલીમ પામ્યા વિના યુદ્ધના મેદાનમા નહિ જાય, એટલે કે એ સવિનયભગ નહિ કરે સરકાર પોતે જ એને પકડી લે તો જુદી વાત છે

૨ આવતી લડાઈની તાલીમ એટલે રચનાત્મક કાર્ય દ્વારા આમસપર્ક જે સ્ત્રીપુરુષો સ્વરાજની

લડતમા જોડાવા ઇચ્છશે એમણે આમજનતા સાથે સબધ કેળવેલો હોવો જ જોઈશે આ સબધ શુદ્ધ, પવિત્ર, શાતિમય, સમજપૂર્વકનો અને આમ જનતાનુ હિત કરનારો તો ત્યારે જ થઈ શકશે કે જ્યારે સપર્ક સાધવા જનાર સૈનિકના હાથમા રેટિયો કે એવા જ બીજા સાધનો હશે આ સાધનો આમજનતાના હાથમા સોપતા સ્વરાજના સૈનિકે લોકહૃદયમા પ્રવેશવુ જ પડશે અને લોકોને રેટિયાની પાછળ રહેલુ તત્ત્વજ્ઞાન સમજાવવુ પડશે

૩ ગઈ લડતમા આપણા પક્ષે મોટામા મોટી ભૂલ એ થઈ હતી કે આપણા તમામ કાર્યક્રમો જેલ ભરતી અને લાઠીમારને નજર સામે રાખીને યોજાતા હતા જે આગેવાન વધુ જેલભરતી કરાવી શકે કે લાઠીમાર ખવડાવી શકે એવી યોજના આપે તે આગેવાન કુશળ ગણાતો હતો આવા કાર્યક્રમો અને યોજનાના મૂળમા બલિદાનની વૃત્તિ તો હતી જ પરતુ તે સાથે જ આપણા કહેવાતા દુશ્મનને તોબા પોકરાવવાની વૃત્તિ પણ હતી આપણા કાર્યક્રમોના પરિણામે દુશ્મનનુ હૃદય પીગળતુ નહિ પણ ઉશ્કેરાતુ એની અંદર રહેલો પશુ પૂર્ણરૂપે પ્રગટી ઊઠતો આ નવી લડાઈમા અમે ધારીએ છીએ કે આવા કાર્યક્રમોને સ્થાન નહિ હોય આ વખતનો કોઈ પણ કાર્યક્રમ એવો જ યોજાશે કે જેને પરિણામે દુશ્મનની પશુતા ધીમે ધીમે ગળી જાય ઉશ્કેરાઈને વીફરે નહિ

૪ આવતા સગ્રામમા યુદ્ધગીતો અને યુદ્ધ-પોકારો પણ જુદી જાતના હશે એમા દુશ્મનને ગોળી ચલાવવાનો કે આપણી છાતી વીંધી નાખવાનો પડકાર નહિ હોય, પરતુ એ માટેની આપણી તૈયારી ક્યા દુ:ખને, પરિણામે, છે તેનુ વર્ણન હશે, બધા ગીતો, ભાષણો, પોકારોનો ધ્વનિ જુલ્મગારનું હૃદય જગાડવાનો હશે

૫ આવતા સગ્રામમા સૈનિકભરતીનુ કામ જુદી જ રીતે થશે તાત્કાલિક કાર્યક્રમને પાર પાડવા સૈનિકોને એકઠા કરવામા નહિ આવે પણ તેનું વર્ગીકરણ થશે આખુ જીવન સમર્પી દેનાર સૈનિક જ સવિનય-ભગ કરી શકશે, પરતુ એ સિવાયના સ્ત્રીપુરુષોનુ પણ સગઠન થશે અને એમના દ્વારા રચનાત્મક કાર્યક્રમ અમલમા મુકાશે બનતા સુધી લડાઈના કાર્યક્રમો એવી રીતે જ રચાશે કે જેને પરિણામે જે પકડાવા માર ખાવા કે ફના થવા ઇચ્છતુ હોય તેના ઉપર જ સરકાર પોતાનો પજો ઉગાડે

આ ઉપરથી એમ લાગે છે કે આવતી લડાઈ સપૂર્ણ રીતે ગાધીની લડાઈ બનશે એ લડતના સૈનિકો પણ ગાધીજી અને ગાધીજીના કાર્યક્રમમા શ્રદ્ધા રાખનારાઓ જ થશે આપણા દેશે ગાધીજીના પ્રયોગોને અપનાવ્યા તો છે જ પરતુ ગાધીજીનુ હૃદય હમણા જે શબ્દો બોલે છે તે બતાવે છે કે આપણે એક અવાજે પૂર્ણ વફાદારીથી એ પ્રયોગોને અજમાવ્યા નથી આપણે એવી આશા રાખીએ કે ગાધીજીના કાર્યક્રમ પ્રત્યે જેમને શકા હોય તેઓ આ વખતે કા તો દૂર રહે અને કા તો એ શકાને એક બાજુ મૂકી પૂર્ણ શ્રદ્ધાથી ગાધીજીના કાર્યક્રમમા કઈ પણ તથ્ય હોય તો અમલી કાર્ય દ્વારા એ શોધવાનો પ્રમાણિક પ્રયત્ન કરે

રામગઢનો સદેશ

રામગઢની મહાસભાએ જે આદેશ આપ્યો છે તે કાગળ ઉપર નથી રહ્યો કે જેથી આપણે એને યાદ કર્યા કરવો પડે એ આદેશનો અમલ બીજા દિવસથી જ શરૂ થઈ ગયો છે આ વખતની બેઠકે મહાસભા એક પ્રજાતત્રની ભાવના અનુસાર ચાલતી સસ્થા હોવા છતા યુદ્ધની સેના છે એવુ સાબિત કર્યું છે મહાસભાની વાર્ષિક બેઠકમા ચર્ચા કરી શકાય, કરવી જ પડે એવા પ્રશ્નો તો અનેક હશે, પરતુ એ બધા પ્રશ્નો એક બાજુ મૂકી રામગઢમા માત્ર એક જ ઠરાવ કરવામા આવ્યો છે આ ઠરાવ ખરેખર તો બ્રિટિશ સરકારને માટે આખરીનામુ છે અને હિંદના લાખો મહાસભાવાદીઓ માટે આદેશ છે આ ઠરાવ અત્યત મહત્ત્વનો હોવાથી અક્ષરશ અહીં ઉતાર્યો છે

"યુરોપની લડાઈ અને તેને અંગેની બ્રિટિશ નીતિથી ઊભી થતી ગભીર અને કટોકટીભરી પરિ

સ્થિતિનો વિચાર કર્યા પછી અ હિ મ સમિતિ અને કારોબારીએ યુદ્ધની પરિસ્થિતિને લગતા પસાર કરેના ઠરાવો અને અમલમા મૂકેના પગલાને મહા સભા પોતાની બહાલી આપે છે અને એને અપનાવે છે

બ્રિ સરકારે હિદી પ્રજાની સમતિ સિવાય હિદને યુદ્ધગ્રસ્ત રાજ્ય તરીકે જે જાહેર કર્યું છે અને આ લડાઈમા હિદી સાધનોનો જે ઉપયોગ કર્યો છે તેને મહાસભા એક અપમાન તરીકે ગણે છે, જેને કોઈ પણ સ્વમાની અને સ્વાતત્ર્યપ્રિય પ્રજા સ્વીકારી કે સહી શકે નહિ હિદને લગતી બ્રિ સરકાર તરફથી જે જાહેરાતો તાજેતરમા કરવામા આવી છે તે બતાવી આપે છે કે બ્રિટન આ લડાઈ મુખ્યત્વે કરીને શાહીવાદી હેતુઓ માટે અને હિદી પ્રજા તેમજ એશિયા અને આફ્રિકાના દેશોના શોષણ ઉપર જ રચાયેલા પોતાના સામ્રાજ્યને મજબૂત કરવાના હેતુથી જ લડી રહ્યુ છે આવા સયોગોમા એ સ્પષ્ટ છે કે મહાસભા કોઈ રીતે સીધી કે આડ કતરી રીતે જે લડાઈથી આ શોષણ કાયમ ચાલુ રહેવાનું છે તેમા ભાગ લઈ શકે તેમ નથી તેથી કરીને મહાસભા બ્રિટન માટે લડવાને હિદી લશ્કરને જે ફરજ પાડવામા આવી છે તથા હિદના પ્રજાજનો અને સાધનોને લડાઈના હેતુઓ માટે હિદમાથી ખેચી લઈ જવામા આવ્યા છે તે તરફ પોતાની ભારે નાપસદગી બતાવે છે લશ્કરી ભરતી અને હિદમા ઊભા કરવામા આવેલા પૈસા હિદની ઐચ્છિક ભાગીદારીરૂપે છે એમ માની શકાય તેમ નથી મહાસભાવાદીઓ અને મહાસભાની અસર નીચેના લોકો યુદ્ધસચાલનમા માણસો પૈસા અને સામગ્રીની મદદ કરી શકે તેમ નથી

મહાસભા આથી ફરીવાર જાહેર કરે છે કે હિદના લોકો મુકમ્મિલ આઝાદીથી ઓછુ કશુ જ સ્વીકારી શકે તેમ નથી હિદી સ્વાતત્ર્ય શાહીવાદની મર્યાદામા સમાઈ શકે તેમ નથી અને સાસ્થાનિક સ્વરાજ અગર સામ્રાજ્યમાંનો કોઈ પણ દરજ્જો હિદને બિલકુલ લાગુ પાડી શકાય તેમ નથી, અને તે હિદ જેવા મોટા રાષ્ટ્રના સ્વમાન સાથે બધબેસતો થઈ શકે તેમ નથી અને બ્રિ રાજકારણ અને આર્થિક ઈમારત સાથે જ અનેક રસ્તે હિદને જકડી લેશે

ફક્ત હિદી પ્રજા જ પોતાનુ બધારણ પુખ્ત મતાધિકાર ઉપરની લોકપ્રતિનિધિસભા દ્વારા ન્યાજબી રીતે ઘડી શકે અને જગતના બીજા દેશો સાથેના પોતાના સબધો નક્કી કરી શકે

વધુમા મહાસભા એવો અભિપ્રાય ધરાવે છે કે પોતે અત્યાર સુધી કર્યા છે તેમ કોમી સમાધાન મેળવવા માટે હમેશ તમામ પ્રયત્નો કરશે લોક પ્રતિનિધિસભા સિવાય કોઈ પણ કાયમી ઉકેલ શક્ય નથી એ સભામા જ તમામ સ્વીકૃત લઘુ મતીઓને શક્ય હશે ત્યા સુધી જુદી જુદી બહુમતીઓ અને લઘુમતીઓ વચ્ચેની સમજૂતીથી આગળ જો કોઈ પણ મુદ્દા ઉપર સમજૂતી નહિ થાય તો લવાદીથી સપૂર્ણ રીતે સુરક્ષિત બનાવવામા આવશે આ સિવાયના બીજા વિકલ્પમા છેવટનો નિર્ણય આવવાનો નથી હિદનુ બધારણ સ્વાતત્ર્ય લોક શાહી અને રાષ્ટ્રીય એક્તા ઉપર જ રચાવુ જોઈએ અને હિદના ભાગલા પાડવાના અને એને રાષ્ટ્રી યતાથી છિન્નભિન્ન કરવાના પ્રયત્નોને મહાસભા વખોડી કાઢે છે મહાસભાએ સપૂર્ણ સ્વતત્રતા અને વ્યક્તિ કે સમાજના વિકાસની તકોને સારી રીતે સરક્ષણ આપવા તથા સામાજિક અન્યાય મટીને ત્યા ન્યાયી સમાજરચના થાય એવુ બધારણ મેળવવાનુ જ પોતાનુ ધ્યેય રાખ્યુ છે

દેશી રાજાઓને અગર પરદેશી સ્થાપિત હિતોના હિદી સ્વતત્રતાના માર્ગમા આવવાના કોઈ પણ હક્કની મહાસભા બરદાસ્ત કરી શકે તેમ નથી હિદમા સાર્વભૌમત્વ લોકોમા જ રહેવુ જોઈએ પછી તે રજવાડામા હોય કે પ્રાન્તોમા અને બીજા બધા હિતો પ્રજાના અગત્યના હિતોથી ઉતરતી કોટીના ગણાવા જોઈએ મહાસભા એમ માને છે કે દેશી રાજ્યોની બાબતમા જે મુશ્કેલી ઊભી કરવામા આવે છે જે બ્રિટિશ સરકારે ઉપજાવી કાઢી છે અને

પરદેશી ધૂસરીમાંથી હિંદની મુક્તિની અસંદિગ્ધ ભાષામાં જ્યાં સુધી જાહેરાત કરવામાં નહિ આવે ત્યાં સુધી એનો સંતોષકારક નિવેડો થઈ શકશે નહિ પરદેશી હિતો જો હિંદી પ્રજાના હિતો સાથે અથડામણમાં ન આવતાં હોય તો તેમને રક્ષણ આપવામાં આવશે

જ્યાં પોતાની બહુમતી હતી તેવા પ્રાંતોમાંથી મહાસભાએ પ્રધાનમંડળોને પાછાં ખેંચી લીધાં છે તે યુદ્ધમાં હિંદની બિનભાગીદારી બતાવવા માટે અને પરદેશી ધૂસરીમાંથી હિંદને મુક્ત કરવાનો મહાસભાનો નિશ્ચય અમલમાં લાવવા માટે કર્યો છે આ પ્રાથમિક પગલા પછી વાસ્તવિક રીતે સવિનયભંગની શરૂઆત થશે જે માટે મહાસભાની સંસ્થા લાયક બનશે અને જો એવી કટોકટી ઊભી કરનાર સંયોગો રચાશે તો મહાસભા બેધડક એને અપનાવશે જ્યારે ગાંધીજીને સંતોષ થશે કે મહાસભાવાદીઓ શિસ્તનું ચુસ્તપણે પાલન કરે છે અને સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞામાં સમાયેલા રચનાત્મક કાર્યક્રમને બરાબર અમલ કરે છે ત્યારે સવિનયભંગ આદરવા માટેની ગાંધીજીની જાહેરાત પરત્વે મહાસભાવાદીઓનું ધ્યાન દોરવાનું મહાસભા ઇચ્છે છે

મહાસભા જાતિ અને ધર્મના ભેદભાવ વગર તમામ વર્ગો અને કોમોનું પ્રતિનિધિત્વ અને સેવા શોધે છે અને હિંદી સ્વાતંત્ર્યની લડાઈ સમગ્ર રાષ્ટ્રની આઝાદી માટે છે તેથી કરીને મહાસભા એવી આશા સેવે છે કે તમામ વર્ગો અને કોમો એમાં ભાગ લેશે સવિનયભંગ આખા રાષ્ટ્રમાં આત્મભોગની ભાવના લાવશે

આથી મહાસભા અ. હિં. મ. સમિતિ અને જો પ્રસંગ પડે તો મહાસભાની કારોબારીને યોગ્ય જણાય તે મુજબ ઉપરના ઠરાવનું પાલન કરવા ઘટતાં પગલાં લેવાની સત્તા આપે છે

મૌલાનાસાહેબનું ભાષણ

કોઈ પણ પ્રકારના આડંબર વિનાનું અને કેવળ વ્યવહારિક ભૂમિકા ઉપર રચાયેલું આ ભાષણ અમને બહુ ગમ્યું છે આ ભાષણમાં શું શું નથી આવ્યું તે શોધીએ તો ઘણું નીકળી શકે પરંતુ પહેલેથી છે ને સુધી વાચતાં એમ લાગે છે કે મૌલાનાસાહેબે દેશના પ્રાણપ્રશ્નોને સ્પર્શવાનો જ પ્રથમથી નિશ્ચય કર્યો છે બ્રિટિશ સરકાર અને મહાસભા એક બીજાને કેમ મળી શકે એમ નથી તે એમણે અતિશય સાદી છતાં સચોટ રીતે સમજાવ્યું છે એમને માટે સહજ એવી દલીલોથી એમણે સાબિત કર્યું છે કે હિંદ ઉપર બ્રિટને જે દિવસે કાબૂ જમાવ્યો તે દિવસે એની જેવી સામ્રાજ્યભૂખ હતી તેવી જ આજે પણ છે આજે બ્રિટિશ મુત્સદ્દીઓની ભાષામાં ભલે ફેર પડ્યો હોય—એ તો યુગનો પ્રભાવ છે પણ એમના દિલમાં જરીકે ફેર પડ્યો નથી મૌલાના સાહેબે રાષ્ટ્રપતિના પદેથી આખા જગત સમક્ષ ઉચ્ચાર્યું છે કે 'અમે ખાતરીથી માનીએ છીએ કે આ યુદ્ધની પાછળ બ્રિટનનો હેતુ પોતાના સામ્રાજ્યની રક્ષા અને અભિવૃદ્ધિનો જ છે આ યુદ્ધ સાથે હિંદને—ગુલામ હિંદને નિસ્બત હોઈ શકે જ નહિ'

સૌથી સુંદર અને સૂક્ષ્મ રીતે તો એમણે હિંદુ-મુસ્લીમ પ્રશ્નની છણાવટ કરી છે આ પ્રશ્ન કેટલો સરળ હતો અને આજે આખા દેશને ભરખી જાય એવો વિકરાળ કેમ થઈ ગયો છે તે એમણે પોતાના અભ્યાસ, અવલોકન અને ચિંતનને પરિણામે સચોટ રીતે બતાવ્યું છે આ પ્રશ્નનો ઉકેલ પણ એમણે સૂચવ્યો છે એમણે જગતના તમામ રાજકારણી પુરુષોને પડકાર કર્યો છે કે આ કરતાં વધુ સચોટ ઉદાર અને સ્વમાનભર્યો ઉકેલ કોઈ પણ દેશમાં એની લઘુમતિ માટે થયો હોય તો કોઈ બતાવે મૌલાના સાહેબ પાક મુસલમાન છે અને પોતે મુસલમાન છે એ માટે મગરૂર પણ છે આ પ્રશ્નને એમણે રાષ્ટ્રિય દૃષ્ટિએ તપાસ્યો હોવા છતાં તેઓ મુસ્લીમ સંસ્કૃતિને સંભારને અને કુરાનના આદેશને ભૂલ્યા નથી

આપણે એવી આશા રાખીએ કે એમનું આ વ્યાખ્યાન લાખોને પ્રેરણા આપો

ગાંધીજીનું ભાષણ

રામગઢ મહાસભામાં ગાંધીજીએ બે વખત એમનું અંતર ઉઘાડ્યું આ ભાષણો તમામ વર્તમાનપત્રોમાં

આવી ગયા છે ગાંધીજીના હૃદયના ઉંડાણમાં કેવી આગ ધીકી રહે છે તે આ ભાષણોમાં દેખાઈ આવે છે એમણે પોતાની શરતો માટે ને આગેવાની માટે જે શબ્દો ઉચ્ચાર્યા છે તેને કોઈ ભાવનાનો આવેગ ન માને એમ અમે માગીએ છીએ તેઓ જે શબ્દો બોલ્યા છે તે શબ્દોનો જે અર્થ થતો હોય તે જ સાચો અર્થ માનવો જોઈએ તેઓ જ્યારે એમ કહે કે તમે મારી આજ્ઞા ઉઠાવો અને એક માસમા તમે મને યુદ્ધનો આદેશ આપતો જોશો તો એ શબ્દશ સાચુ માનવુ જોઈએ અને તે સાથે જ તેઓ એમ પણ કહે છે કે હુ તમને તૈયાર નહિ જોઉ ત્યા સુધી લડતની વાત ઉચ્ચારીશ જ નહિ, તે પણ ખરૂં માનવુ જોઈએ અમને એમ જણાયુ છે કે ઘણીવાર ગાંધીજીના ભાષણ કે લેખના શબ્દો અને બીજા કોઈના શબ્દો વચ્ચે બળ, પ્રમાણિકતા અને ગાભીર્યનો જે તફાવત હોય છે તે આપણે સમજતા નથી આપણે વિચાર પૂર્વક વાચીએ અને અવલોકીએ તો આ તફાવત તુરત જ માલુમ પડી જાય એટલો સ્પષ્ટ હોય છે ગાંધીજી જ્યારે ગોળમેજીમા બોલ્યા કે હરિજનોને હિંદુઓથી જૂદા પડવા નહિ દઉ એ માટે જરૂર પડશે તો પ્રાણ પાથરીશ ત્યારે કોણ એ શબ્દોના ગાભીર્ય સમજ્યુ હશે? આટલા અનુભવ પછી આપણે ગાંધીજીના વચનોને વિચારપૂર્વક વાચતા થઈએ તો સારુ

મહાસભામાં બીજા પક્ષો

મહાસભાની રામગઢ બેઠકમા એકતાની ભાવના બહુ બળવાન દેખાતી હતી ખાસ કરીને મહાસભા સમાજવાદીપક્ષે જે નિર્ણય કર્યો હતો તે સુયોગ્ય હતો એમ તો ઘણીવાર મહાસભા સમાજવાદી પક્ષ ગાંધીપક્ષની સાથે ઉભો રહે છે પરતુ અમને સ્મરણ છે ત્યા સુધી આવા દરેક વખતે એ પોતાનો ટેકો આપે છે અથવા અવિરોધ બનાવે છે છતા ગાંધી પક્ષની અને ગાંધીમાર્ગની પુષ્કળ ટીકા પણ કરે છે કોઈ કોઈ વાર ગાંધીપક્ષી આગેવાનો પ્રત્યે અવિશ્વાસ પણ જાહેર કરે છે અમારા મત પ્રમાણે એ અયોગ્ય થતુ હતુ એટલો અવિશ્વાસ અને ટીકાભાવ પ્રગટ કરીને ટેકો આપવો તે કરતા વિરોધ કરવો વધુ સારો ગણાય આ વખતે એવુ જણાયુ નથી આ વખતનુ સમાજવાદીપક્ષનુ વલણ ગૌરવભર્યું છે અમને લાગે છે કે આમ થવાનુ કારણ એક બાજુ સુભાષબાબુ અને એમનો પક્ષ અને બીજી બાજુ રોયસાહેબ અને એમનો પક્ષ જે રીતે કામ કરે છે તે રીત તરફનો અણગમાનુ હશે ગમે તે હોય આ વલણ યોગ્ય તો લાગે છે

આ બેઠકના મુખ્ય ઠરાવ ઉપર રોયપક્ષના સુધારા સૌથી વિશેષ અને સૌથી વધુ ધ્યાન ખેચે એવા હતા આ સુધારાઓને મહાસભાએ પ્રચડ બહુમતીથી ફગાવી દીધા આ સુધારાનો જો સ્વીકાર થાય તો મહાસભાનુ આખુ તત્ર જ બદલી જાય એમ હતું, પરતુ રાષ્ટ્રપતિની ચૂટણીમા જેમ મહાસભાવાદીઓએ ગાંધીજીના નેતૃત્વને સ્વીકાર્યું તેમ જ આ ઠરાવ વિષે પણ બન્યુ આપણે એવી આશા રાખીએ કે હવે રોયસાહેબ આ પસાર થયેલા ઠરાવને પૂરી રીતે અનુસરશે

સુભાષબાબુનો પક્ષ આ વખતે મહાસભામા હતો જ નહિ એમ કહી શકાય બગાળ પ્રાતિક સમિતિને મહાસભાના તત્રમાથી બરતરફ કર્યા પછી સુભાષબાબુના પક્ષે નવી ચૂટણીનો વિરોધ કર્યો હતો અને તેને પરિણામે આ વખતે રામગઢમા આવેલા બગાળના પ્રતિનિધિઓ મુખ્યત્વે ગાંધીપક્ષના—બગાળની રીતે જોઈએ તો લઘુમતી પક્ષના હતા આ સભ્યો તો મુખ્ય ઠરાવની સાથે જ રહેલા

અને સુભાષ બાબુએ પોતાની મહાસભા તો ત્યા જૂદી ભરી જ હતી એટલે એમનો અને એમના સાથીઓનો જે ઉભરાટ હતો તે ત્યા ઠલવાયો હતો આ પરિષદનુ નામ 'સમાધાનવિરોધી પરિષદ' રાખ્યુ હતુ અને બની રીતે એ યોગ્ય જ હતુ આ પરિષદમા મહાસભાના મોવડીઓ કે ગાંધીજી સાથે સમાધાન કદી જ ન થઈ શકે એવુ પુરવાર કરવામા આવ્યુ હતુ આ પરિષદ દ્વારા એમ મનાવવાનો પ્રયાસ થયો હતો કે આજની વડી કારોબારીના સભ્યો અને ગાંધીજી કાયર અને નમાલા માણસો તો છે જ, પણ નામદાર વૉયસરોયની

ખુશામત કરી દેશના હિતને વેચી દે એવા મૂર્ખ અને દ્રોહી પણ છે. એમના આ વિચારોની પાછળ કેટલું લોકબળ છે તેનો અનુભવ હવે તુરતમાં જ થઈ જાય એવી ઘડી આવી પહોંચી છે. આ પરિષદે તા. ૬ ઠ્ઠી એપ્રિલથી લડત આપવાનો નિર્ણય કર્યો છે અને સુભાષ બાબુએ દેશના પ્રાગતિક લોકોને ઝૂકાવી દેવાનો આદેશ પણ આપ્યો છે. આ ઠરાવ પછી ઘણે સ્થળે પૂછાય છે કે સુભાષ બાબુ તા. ૬ ઠ્ઠી એપ્રિલે લડશે ખરા? એમના વચનમાં તો બહુ વિશ્વાસ મૂકી શકાય એવું નથી કારણ કે છેલ્લા દોઢ વરસથી લડાઈની વાતો કરનાર આજ સુધી લડવા માટે નીકળ્યા નથી. હવે જો તેઓ ખરેખર જ લડાઈ શરૂ કરી દેશે તો એમના વિચારમાં તેઓ પૂરેપૂરા પ્રમાણિક છે એટલી સાબીતી તો મળી જ જશે. જો કે એ સાબીતી મળવાથી દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનશે એમ તો અમે માનતા નથી. આજે જ્યારે મહાસભા સંગઠિત થઈ એક આગેવાન નીચે યુદ્ધનો મોરચો તૈયાર કરે છે ત્યારે આ પ્રકારે લડત ઊભી કરવામાં દેશને પારાવાર નુકસાન પહોંચવાનું છે. મહાસભાની એકતાને પણ ધક્કો લાગવાનો છે, પરંતુ જો દરરોજની ધમકી અને ખૂલ્લી લડાઈ એ બે વચ્ચે જ પસંદગી કરવાની હોય તો સુભાષ બાબુ લડત શરૂ કરી દે એમાં દેશનું ઓછું અહિત છે. એથી એમને અને એમના પક્ષના બીજા આગેવાનોને ભાન થઈ જશે કે સભા-સરઘસ કે પરિષદમાં જે ટોળાઓ જમા થાય છે તે બધા યુદ્ધના સૈનિકો નથી હોતા. એવા ટોળાઓમાં સૈનિકો કરતા કુતુહલપ્રેમીઓની સંખ્યા ઘણી મોટી હોય છે. આવું ભાન પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રનો મોરચો તોડવાની કિંમત ઘણી જ આકરી ગણાય, પરંતુ આ કમભાગી દેશને એના એક ગૌરવવંતા સંતાનના મનસ્વીપણાને કારણે એ કિંમત કદાચ ભરવી જ પડશે. પ્રભુ આ આફતમાંથી મહાસભાને અને સુભાષબાબુને બચાવી લે એવી અમારી પ્રાર્થના.

અવલોકનો

'ચા'

(૧) વળામણાં—લેખક શ્રી પન્નાલાલ પટેલ, પ્રકાશક 'ગતિ ગ્રંથમાળા' અમદાવાદ મૂલ્ય આઠ આના

શરદબાબુની વાર્તાના કોમળ માનવભાવોને જગાડનારાં, સરળ અને નિર્દંભ પાત્રો અને એવી જ ભાષાએ ગુજરાતને આકર્ષી લીધું. આ લાંબી ટૂંકી વાર્તા 'વળામણાં'માં ગુજરાતના જ પાત્રો અને ગુજરાતની જ ભાષા આપણામાં એ જ અનુકંપા, સહૃદયતા અને નિર્દંભતા જગાડે છે. શરદબાબુની વાર્તાઓના જેટલું જ, બલ્કે કદાચ વધુ (કારણ કે આ આપણું પોતાનું છે) આકર્ષણ શ્રી પન્નાલાલ ઊભું કરે તો નવાઈ પામવા જેવું નથી. તો એક જ ઘરેડે ચાલતી ગુજરાતની સૂકી વાર્તા-વાડીમાં નવાં જળ સીંચાશે.

વળામણાંની વાર્તામાં કંઈ નવું કથાનક નથી. જ્ઞાન વિના બહુ ધૂર્તાઈને વિકૃત બની ગયેલા ગ્રામ્ય સમાજના એકડા જેવા જૂના રૂઢિરિવાજોથી સુરેખ બનતા સ્ત્રીપ્રશ્નને એમાં લીધો છે. આર્થિક વિટંબના એ પ્રશ્નને કેવો જટિલ કરે છે તેનું તેમાં સૂચન છે પણ આ બધું ઠંડી રીતે એવી કલાથી બને છે કે વાંચતા આપણે ઠરી જઈએ. સીધી સાદી ભાષા,

સીધા સાદા કાર્યો, ભરી ભરી ટાઢાઈથી બધુ બને છે પણ ટાઢમા તાપવા મૂકેના તણખામાથી એક ઝમકારો થાય છે, 'ભૂની પડેલી' ગામની દીકરીને અમદાવાદ વેચવા ગયેલો ગામનો મુખી એને વેચ્યા વિના જ પાછી ગામમા લાવે છે અને પોતાની દીકરી કરીને એને યોગ્ય જગ્યાએ ઠેકાણે પાડે છે, અત આવતા આપણી આખમાથી હર્ષના બે આસુ ખરી પડે છે

આવી હૃદયગમ આ વાર્તા છે એમા દોષો તો છે જ 'ઝમકુને તો મુસલમાનને ત્યા નાખવી પડે એમ છે' એ વાતનો મુખીને આચકો તો લાગે કારણ કે પ્રથમથી જ એનુ માનસ એવુ છે, પણ આ પલટો વાચકને અસર કરે તેમ આવે નથી એવો જ પલટો મુખીની પત્નીનો છે એને એની દીકરી આગળના પાનાઓમા કયાક સાભરી હોત તો એનો પલટો યથાર્થ લાગત પાછળથી આવતો ભાગ થીગડુ માર્યા જેવો લાગે છે થીગડાનો રગ મૂળ કાપડ સાથે ભળવાનો પ્રયત્ન કરવા છતા ભળી શકતો નથી એના ટાકા-ટેભા દેખાઈ જાય છે

આપણે ઇચ્છીએ કે લેખક ધીર પ્રયત્નોએ પોતાની અદર સમાયેલા પાત્રોને પ્રકાશમા મૂકતા રહે એ નવી ભાતના હશે

(૨) અન્નપૂર્ણાનુ મદિર—બગાળીમા લેખક શ્રી નિરુપમાદેવી અનુવાદક ટોપણ દયાળજી ઘેનાણી પ્રકાશક એન એમ ઠક્કરની કપની મુબઈ મૂલ્ય રૂા બે

શ્રી. નિરુપમાદેવી શરદબાબુના શિષ્યા એમની પાસે તેઓ વાર્તાઓ લખતા શીખ્યા એમણે શની, કથાનક અને પાત્રોમા શરદબાબુનુ ચોખ્ખુ અનુકરણ કર્યું છે, પણ એ અનુકરણ નિષ્ફળ ગયુ છે એમ આ નવલકથા કહે છે વાર્તા તદ્દન સામાન્ય છે એનુ નિરૂપણ પણ ઊચી જાતનુ નથી ગરીબ પણ કોઈની મદદ લઈ ઉપકાર નીચે ન આવવા ઇચ્છતા પિતાની કન્યા અયોગ્ય ઠેકાણે પડે છે, બાળપણમા વિધવા થાય છે, પિતા દારિદ્રના દુખે મૃત્યુ પામે છે, વિધવા બાળા ઘરને દારિદ્રમાથી છોડાવવા પાપના માર્ગે જવાનુ કરે છે પણ તેમ કરતા પહેલા શરમથી આપઘાત કરે છે એમને પાડોશી, યુવાન વિશ્વેશ્વર જે પ્રથમથી એમને સહાય કરવા ઇચ્છે છે તે હવે તેની નાની બેન સાથે લગ્ન કરીને ગરીબ ઘરને ઉદ્ધારે છે

આ વાર્તામા અન્નપૂર્ણાનુ મદિર તો છેક છે ને આવે છે વિશ્વેશ્વરની માસી અન્નપૂર્ણા ભાણેજના લગ્નની ખુશાલીમા મદિર બાધે છે, આ પ્રસગ એવો ન કહેવાય કે જે પરથી સ્થાનુ નામ પાડી શકાય પણ આ નામનો બીજો અર્થ પરાણે એવો ઘટાવી શકાય કે અન્નપૂર્ણા પહેલેથી ગરીબ કુટુબને મદદ આપવાની બહુ ઇચ્છા કરતી

અનુવાદમા ગુજરાતીપણુ બરાબર સચવાયુ છે? 'બાલિકાના ઉચિત પાકુર આભાસયુક્ત ગાલો' અને 'તે પુસ્તકરાશિમા નિમજ્જિત હતો' એવા ભારે વાક્યો આપણી ભાષાની મશ્કરીરૂપ છે, તે ગુજરાતી ભાષાના જ્ઞાનની ઊણપ બતાવે છે

આવી સામાન્ય અને અનુવાદિત વાર્તાની ૧૯૬ પાનાની બે રૂપિયા કિમત ઘણી વધુ છે આવી પ્રતિભાહીન વાર્તા ગૂજરાતીમા ઉતારવાની જરૂર પણ નહોતી

(૩) કથાકલગી—સપાદ. શ્રી નટવરલાલ વીમાવાળા કથાપરી કાર્યાલય, આમલીરાન સુરત, મૂલ્ય ૨ અઢી

ચૌદ જુદા જુદા લેખકોએ લખેલી ૧૪ વાર્તાઓનો આ સગ્રહ છે સખેદ કહેવુ પડે છે કે ૧૪ માથી એક પણ વાર્તા 'વાર્તા' નામને લાયક નથી કયા એ પરી હોઈ શકે છે, આમાની કથાઓ તો પરી નથી, માત્ર એના બાહ્ય રગો જ પરીવેશી છે, જેને કેવળ ઉડાઉગીરી સિવાય કશુ ન કહી શકાય વાચતા જ કટાળો આવે કે જે વચાઈને એક બાજુ હમેશને માટે પડી રહેવાની છે, તેવી વાર્તાની ચોપડીના લખાણોની ફરતી જુદા રગની કિનારી અને આટના સુશોભનો શા માટે?

વાર્તાઓના પુસ્તકો માટે આ પુસ્તકની સાઈઝ પસદ કરવા યોગ્ય છે ખરી.

(૪) જીવનધારા—સંપાદક ધૈર્યચંદ્ર બુદ્ધ પ્રકાશક સ્વાશ્રયી લેખકમંડળ લાઠી, (કાઠિયાવાડ) મૂલ્ય સવા રૂપિયો

લેખકો પાસેથી ફાળે પડતુ ખર્ચ લઈ પુસ્તકની પ્રતો લેખકોમા ફાળે પડતી વહેંચી આપવી, એ યોજના અનુસાર આ પુસ્તક પ્રગટ થયુ છે

આમા ૧૭ લેખકોની ૨૦ વાર્તાઓ છે લગભગ બધી સામાન્ય કક્ષાની છે કંઈક ધ્યાન ખેંચે એવી 'રતમ્મા' (રામભાઈ ત્રિવેદી) 'અબ્દુની બોણી' (ર્ન) અને 'મોગી ઉમરની વિધવા' (બાવચંદ વોરા) કહી શકાય

(૫-૬) કાવ્યની શક્તિ અને સાહિત્યવિમર્શ—

(શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૨૬૭ અને ૨૬૮) લેખક અને પ્રકાશક શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક પ્રાપ્તિસ્થાન : એસ બી શાહની કપની પાનકોર નાકા, અમદાવાદ મૂલ્ય દરેકનુ રૂ ૧-૧૨-૦, પાના અનુક્રમે ૩૩૬ અને ૪૭૫

શ્રીયુત પાઠકસાહેબ ઉત્કૃષ્ટ વિવેચક તરીકે બહુ જાણીતા છે એમની એ શક્તિની ઊંચી પિછાન એમના આ બે ગ્રંથો આપે છે આ ગ્રંથો બોલે છે કે તેઓ જેટલા સારા વાર્તાકાર છે 'સ્વૈરવિહારી' છે અને કવિ છે એટલા જ વિવેચનમા સૂક્ષ્માન્વેષક છે એમના વિવેચનોની વિશિષ્ટતા પૃથક્કરણશીલતા કહી શકાશે 'સાહિત્યવિમર્શ'મા આપેલા એમના '૧૯૨૯ના સાહિત્યના દિગ્દર્શન'મા એમની એ પ્રતિભા જોવા મળે છે એ જ ભાગમાં શ્રી નાનાલાલ કવિ, શ્રી મુનશી અને શ્રી ખબરદારના પુસ્તકોના વિવેચનો પણ એટલા જ સચોટ છે આપણી વાચનની દૃષ્ટિને એ વેધક બનાવે છે

એમની વિવેચનની દૃષ્ટિ કેવળ સાહિત્યકૃતિઓમા જ પરિસમાપ્ત નથી થતી ઉદયશંકરના અને કથકનૃત્યના એમણે બતાવેલા ગુણદોષો એમનુ શાસ્ત્રજ્ઞાન અને સૂક્ષ્મ નિરીક્ષણ બતાવે છે એવુ જ નિરીક્ષણ ચિત્રોના વિવેચનોમા પણ છે સાચા વિવેચકની દૃષ્ટિ સર્વ સ્થળે એક સરખી ક્રિયાવાન હોય એ સત્ય તેઓ આ વિવેચનોથી કહી દે છે

પણ પાઠકસાહેબ પુસ્તકોના વિવેચનોમા જેટલા પ્રતિભાશાળી લાગે છે એટલા લેખોમા નથી લાગતા લેખોની ભાષા સીધી અને સરળ છે દાખલાઓથી વક્તવ્યને પુષ્ટ કરવાનો પ્રયત્ન સારો છે, છતા કથનનું વલણ ઘટ્ટ થતુ નથી એવુ જ 'રાઈના પર્વત'નુ વિવેચન ૪૬ પાના જેટલી જગ્યા રોકે છે વિવેચન સર્વગ્રાહી છે છતા વણાટ આછુ લાગે છે શ્રી રમણલાલના પુસ્તકોના વિવેચન એ તો વળી વિવેચન જ નથી લાગતા

બન્ને ગ્રંથોમા વધુ વિશદ 'કાવ્યની શક્તિ' લાગે છે એના પ્રથમ લેખ 'કાવ્યની શક્તિ'મા 'કાવ્ય નીતિને પોષક હોવુ જ જોઈએ' એવુ મતવ્ય રજૂ થાય છે જે ખૂબ વિચારણીય છે એ લેખના પરિશિષ્ટમા એમના કથનને પુષ્ટ કરતી અંગ્રેજીમાં લખાયેલી કેટલીક કંડિકાઓ છે જે આપણને એમના મતવ્ય તરફ જોરથી ખેંચે છે

આ વિભાગના લેખો 'કાવ્યમા વર્ણનું મહત્ત્વ', 'કાલિદાસના અનુભાવો' 'પ્રેમાનંદનો હાસ્યરસ', અને પ્રેમાનંદનું નળાખ્યાન અને મહાભારતનુ નળોપાખ્યાન એ અભ્યાસ કરવા જેવા છે એ લેખોમાં એમની સમન્વયશક્તિ અને તેની પાછળ રહેલો શ્રમ સ્પષ્ટ દેખાય છે

બન્ને ભાગમાના કેટલાક પુસ્તકોના ઊડતી નોંધ જેવા અવલોકનો અને કેટલીક પ્રાસંગિક નોંધો કયા ઉદ્દેશથી પુસ્તકાકારે થયા હશે તે સમજાતું નથી 'વૈદિક અને બાઈબલ જયંતિ' એ લેખ તો ઉક્ત વિષયને ચર્ચવાને બદલે બીજુ જ વધુ કહે છે

આવા ગ્રંથોની આટલી સસ્તી કિંમત ગણીને વિદ્યાર્થીઓ અને આ વિષયના શોખીન વાચકોમાં ઉપર ઉપકાર કર્યો છે

(૭) વિવેચનમુકુર—લેખક અને પ્રકાશક શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ પ્રાપ્તિસ્થાન રિઝર્વ બૅંક પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ મૂલ્ય ર ભડી

શ્રી વિશ્વનાથ ભટ્ટની વિવેચનશક્તિ વિષે હવે કંઈ કહેવાનું નથી આ પહેલા એમના પ્રગટ થયેલા વિવેચનના ગ્રંથ 'સાહિત્યસમીક્ષા'એ એમને

ગુજરાતના પ્રથમ વિવેચકોમાં માનપૂર્વક મૂકી દીધા છે. 'સાહિત્યસમીક્ષા'ની કક્ષાએ આ સંગ્રહ કદાચ ઊતરતો લાગે છે, છતાં તેમાં લેખકની પ્રતિભા તો ખૂબ જ ઝળકે છે. 'શીલ અને સાહિત્ય' અને 'યુગમૂર્તિ વાર્તાકાર' એક નિબંધ અને બીજું શ્રી. રમણલાલ દેસાઈનાં પુસ્તકોનું સમગ્ર દૃષ્ટિએ વિવેચન-બંને આ ગ્રંથનાં તેજસ્વી રત્નો છે. ખૂબ અભ્યાસયોગ્ય છે. નાનાં મોટાં પુસ્તકોની ટચૂકડી સમાલોચનાઓ કરતાં આ જાતનાં લખાણો વધુ અભ્યાસપ્રદ હોય છે એ વાત તો લેખો વાંચતાં સ્પષ્ટ લાગે છે.

'વિવેચક એ સર્જક છે', શ્રી. વિશ્વનાથની એ માન્યતાને પુષ્ટિ આપતો એક નવો મુદ્દો આ ગ્રંથના લેખ 'વિવેચનની અગત્ય'માં છે. જો કે 'સાહિત્ય-સમીક્ષા'વાળા લેખમાં રજૂ થયેલ લેખ કરતાં આ લેખ ઘણો જૂનો છે. પુસ્તકને અંતેની 'થોડીક વિગતો' એ એક જરૂરી આવશ્યકતા પૂરી પાડે છે.

એક સૂચના કરવી જરૂરી લાગે છે. જ્યારે એક વાર પ્રસિદ્ધ થઈ ગયેલા લેખો પુસ્તકાકારે ફરી પ્રસિદ્ધ થાય ત્યારે તેનો ઉદ્દેશ કાયમી અભ્યાસનો હોય છે. તે વખતે લેખોમાં આવતાં પ્રાસંગિક વિવકવાક્યો બાદ થયેલાં હોય તો સારું નહિ?

આમાં 'વિશેષ વિવેચન કરતાં મૂળ વાર્તાગ્રંથ જ વાંચકના હાથમાં સોંપી દઈએ એ ઇષ્ટ છે, એ અને એવાં બીજાં વાક્યો છે જે ન હોત તો વધુ સારું લાગત.

આશા છે કે 'સાહિત્યસમીક્ષા'ની જેટલી જ કિંમત આ ગ્રંથની પણ અંકાશે.

(૮) **ગૂજરાત સાહિત્ય સભા : કાર્યવાહી – સને** ૧૯૩૮-૩૯—પ્રકાશક: મંત્રીઓ, ગૂજરાત સાહિત્ય સભા, ત્રણ દરવાજા, અમદાવાદ; મૂલ્ય બાર આના.

પોતાની સુંદર પ્રણાલિકા અનુસાર 'સાહિત્ય-સભા'એ પોતાના ઉપક્રમે જે સુંદર વ્યાખ્યાનો જુદા જુદા વિદ્વાનો પાસે કરાવેલાં તેના સંગ્રહ સાથે આડત્રીસની સાલના સાહિત્યની સમીક્ષા પ્રો. મંજુલાલ રણછોડદાસ મજમુદાર પાસે કરાવીને એક સુંદર સંગ્રહ પ્રગટ કર્યો છે.

'૩૮-'૩૯ના એક વર્ષના ગાળામાં વિદ્વાન સમીક્ષક પાસે નાનાં મોટાં ૩૩૪ પુસ્તકો આવ્યાં. આટલાં બધાંની ઝડપથી સામટી સમીક્ષા પોતાનાં બીજાં ચાલુ કામો વચ્ચે કરવી એ કામ ઘણું કપરું કહેવાય; એ રીતે માત્ર ઊડતું અવલોકન જ કરી શકાય. આ ગ્રંથમાં એવું જ થયેલું દેખાય છે. સમીક્ષકે સમીક્ષાની શરૂઆતમાં રજૂ કરેલો નિબંધ મનન કરવા જેવો છે. આપણા આજના સાહિત્યની સ્થિતિ શી છે તે સાહિત્યના સંપર્કમાં રહેતો માણસ જાણતો જ હોય, છતાં જ્યારે એનું વર્ગીકરણ એકી વખતે આપણી સામે રજૂ થાય છે ત્યારે આપણને તેમાં ઘણું જોવા મળે છે. કવિતાની ૩૫ જેટલી નાની મોટી ચોપડીઓ—જેમાં કેટલીક તો જાણીતા કવિઓની અને ઘણી સારી છે, નાટક-સંવાદની ૧૧ ચોપડીઓ, ૨૫ ઐતિહાસિક અને સામાજિક મૌલિક નવલકથાઓ, ૬ જાસૂસી નવલકથાઓ (બહુધા અનુવાદિત કે વેશાંતરિત હોવાનો સંભવ છે), ૨૨ અનુવાદિત નવલકથાઓ, ૨૩ નવલિકા-સંગ્રહો આ આપણી લલિતવાઙ્મય પ્રત્યેની રુચિ. આ પછી ૫૦ જેટલી બાલપુસ્તિકાઓને બાદ કરીએ તો પાછળ જે ગંભીર વાંચનનાં પુસ્તકોની સંખ્યા રહે છે તે લલિતવાચનના પુસ્તકોની બરાબર જ છે. ખપતનું પ્રમાણ બાજુએ રાખીએ તો પ્રકાશનોની સંખ્યાની બાબતમાં નિરાશા નહિ ઊપજે. નિરાશા ઊપજે છે બીજી વાતે. આપણી પ્રજાસંખ્યાની સરખામણીએ આ સંખ્યા ઘણી નાની છે. લલિતવાઙ્મયમાં અનુવાદિત નવલકથાઓની સંખ્યા મૌલિકના જેટલી જ છે, એટલે શું એમ માનવું કે આપણે પૂરતું મૌલિક સરજી શકતા નથી?

પુસ્તકોની સમીક્ષા કરતાં કરતાં સમીક્ષકે દરેક વિષયની શરૂઆતમાં જે વિચારો પ્રગટ કર્યા છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે-ખાસ કરીને અનુવાદકોએ.

પુસ્તકમાંનાં વિદ્વાનોનાં ભાષણો પણ આપણા પ્રાંતીય વિકાસને પ્રોત્સાહક છે.

(૯) **ભાષા વિજ્ઞાન પ્રવેશિકા**—(શ્રી. સયાજી સાહિત્ય-

અને સાધકોને લખેલા એમના પત્રોનો આ સંગ્રહ એવોજ કીમતી છે એમા લખકના વિચારો પત્રરૂપે રજૂ થયેલા હોવાથી અસંદિગ્ધ, પ્રવાહી ભાષાબદ્ધ, દિલને સ્પર્શનારા અને પોતીકાનો ભાવ આપનારા છે

એક સૂચના અસ્થાને નહિ ગણાય. આ પત્રો સંગ્રહરૂપે પ્રગટ થાય તે પહેલા અવારનવાર સામયિકોમા પ્રગટ થાય તો તેનુ વાચન બહોળુ થાય અને પુસ્તકારૂઢ થતા પુસ્તકનુ આકર્ષણ વધે

(૧૮) સ્વાધ્યાય—લેખક હરિપ્રસાદ દેસાઈ પ્રકાશક નવચેતન સાહિત્ય મંદિર અમદાવાદ મૂલ્ય રૂ સવા

પુસ્તક ઉપરનુ સુંદર ભાવ અને અર્થવાહી ચિત્ર આપણા મન પર ઊંડી અસર પાડે છે અધ્યાત્મ ઉપર પીઢ લેખકે દર્શાવેલા વિચારો પણ એ રીતે મનને શાંતિદાયક થાય છે

(૧૯) મહાત્મા એમર્સનના નિબંધો—(ભાગ પહેલો) ભાષાન્તરકાર અને પ્રકાશક શ્રી મહિનાથ છોટાલાલ પરીખ, ભાગવતધર્મપ્રચારગૃહ રાજકોટ મૂલ્ય રૂ બે

૧૯મી સદીના આરંભમા થયેલા અમેરિકાના પ્રખ્યાત વિચારક એમર્સનના નિબંધોનુ ભાષાન્તર કરવુ એ કપરુ કામ ગણાય લેખકને ખૂબ વાચ્યા વિના પચાવ્યા વિના અને બંને ભાષાના ઊંડા જ્ઞાન વિના એ ન થઈ શકે આ ભાષાન્તરકાર એ કાર્યમા સફળ થયા છે તે જોઈ આનંદ થાય છે

(૨૦) જામનગરની ભીતરમા—પ્રકાશક અખંડ હિંદ કાર્યાલય, અમદાવાદ, મૂલ્ય રૂ સવા

બબ્બે વરસે રાજસ્થાનોમા પ્રજાએ કરેલી લડતો અને રાજસ્થાનોએ પ્રજા સામે છૂટી મૂકેલી ગુંડાગીરીમાથી જામનગરની ગુંડાગીરીની તવારીખ આ પુસ્તકમા કાયમ કરવામા આવી છે અત્યારે તો આ ચોપડી ઉપર કાઠિયાવાડના ઘણાં દેશી રાજ્યો અને એજન્સીમા પ્રતિબંધ છે

(૨૧) વ્યાખ્યાનમાળા—પ્રકાશક શ્રી ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ કરાડી (ગુજરાત) મૂલ્ય સાત આના

શ્રી છોટાલાલ પુરાણીના પાચ બાપાલાલ વૈદના બે અને શ્રી રમણલાલ દેસાઈ, કવિશ્રી બ. ક. ઠાકોર અને બાબાસાહેબ ખેરે વ્યાયામ અંગે આપેલા ભાષણોનો આ સંગ્રહ છે શ્રી અંબાલાલ પુરાણીએ ગુજરાતમા સ્થાપેલ વ્યાયામપ્રવૃત્તિ પાછળ જે વિશિષ્ટ હેતુ હતો કે વ્યાયામ એટલે કેવળ શરીરનો નહિ પણ મનનો પણ, તે આવા ભાષણોથી સધાય છે અહીં ભાષણો શરીરવિકાસને અંગેના છે પણ તે બીજા વિષયો અંગેનાં પણ હોવા જોઈતા હતા

(૨૨) ઓતરાતી દીવાલો—લેખક શ્રી કાકાસાહેબ કાલેલકર પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, મૂલ્ય છ આના

'ઓતરાતી દીવાલો'ની આજે તો હવે ઓળખાણ આપવાની હોય જ નહિ એની આ બીજી આવૃત્તિ પ્રગટ થતા કાકાસાહેબ એને શુભાશિષ આપે છે, એ વાચીને આપણે વિશેષ પ્રેમાર્દ્ર બનીએ છીએ જેલમા પણ દુનિયા પ્રેમ કરવા જેવી જ છે, તો બીજુ કયુ સ્થાન હશે કે જ્યા દુનિયા આપણને ન ગમતી લાગે ? આ નાની ચોપડી નાના માટે લખીને કાકાસાહેબે મોટાઓને પણ નાના બનાવી દીધા અને નાનાના નિર્મળભાવે દુનિયા સાથે પ્રેમ કરવા ખેંચાય્યા ત્યારે સ્વાભાવિક ઇચ્છા એ જ હોય કે આ ચોપડી ખૂબ ખૂબ વંચાય

(૨૩) ગોસેવા—લેખક ગાંધીજી, પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ મૂલ્ય પાંચ આના

ઉપયોગ સિવાયનો તો ગાંધીજીનો એક શબ્દ પણ ન હોઈ શકે એ કહેવાની જરૂર ન હોય છ વર્ષ ઉપર પ્રગટ થયેલ ગોસેવા સબંધીના ગાંધીજીના લેખોના સંગ્રહની આ બીજી આવૃત્તિ છે વાચીને આચરવાનુ આપણને બળ મળો

(૨૪) શ્રીમદ્ ભાગવત (ગુજરાતી છાયાનુવાદ)—સંપાદક શ્રી ગોપાળદાસ જીવાભાઈ પટેલ પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ મૂલ્ય રૂ. દોઢ

વૈષ્ણવોના પરમપ્રિય ગ્રંથ ભાગવતનુ મૂળની નાની છાયા હોય તેવી રીતે સંક્ષિપ્ત કરવાના ઉદ્દેશથી આ પુસ્તક તૈયાર થયુ છે જો કે સંક્ષેપકારે આમાં પોતાની દૃષ્ટિનો ઉપયોગ કર્યો છે, જે ભાગ એમને ઓછા મહત્ત્વનો લાગ્યો તે ભાગ એમણે

કોરી વિગત તરીકે રજૂ કરી દીધો, સંક્ષેપકાર આને ક્ષમ્ય માને છે અમને લાગે છે કે એ ક્ષમ્ય તો જ કહેવાય કે જો આને 'છાયાનુવાદ' એવું નામ ન આપ્યું હોય તો સંક્ષેપકારે જૈન ગ્રંથો પણ આ રીતે ગુજરાતીમાં ઉતાર્યા છે, ત્યાં પણ આ બાબતની વિવેચકોએ ટીકા કરી છે સંક્ષેપકારનો હેતુ મૂળ કૃતિને મૂળના આસ્વાદ અને મોજ, વાચનને બહુ સમય ન આપવો પડે તે માટે ટૂંકાવીને રજૂ કરવા ઉપરાંત પોતાની દૃષ્ટિ પણ નિરૂપવાનો હોય તેવો લાગે છે એમાં વસ્તુમાં દોષ નથી કારણ કે તેઓ પાદટીપમાં મૂળમાં જે હોય છે તે પણ સમજાવે છે પણ આને 'છાયાનુવાદ' એવું નામ તો ન અપાય છાયાનુવાદ તો જ કહેવાય કે જો એ મૂળની જ અસરોને વ્યક્ત કરે

પુસ્તક સાથે શ્રીમદ્‌ભાગવત અને ભાગવતધર્મ વિશેનો લેખ અભ્યાસનીય છે એમાં એમણે પુરાણી માન્યતાઓનો બચાવ કર્યો છે, જે કરવાની જરૂર અમને નથી લાગતી એ વસ્તુઓમાં દોષો પેસી જ ગયા છે એ માન્યતા આજે લગભગ સર્વમાન્ય છે તેને આ બચાવોની શી અસર થવાની? અમને એ બચાવયોગ્ય પણ નથી લાગતી જે હકીકત હોય તે કોઈ પણ જાતના ટિપ્પણ વિના ભલે આવતી વાચકને પોતાની મેળે એમાંથી યોગ્ય તત્ત્વ શોધવા દેવું

(૨૫) સિદ્ધર્ષિ—લેખક શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર, મૂલ્ય ૨ નણ

રૉયલ સાઇઝના ૬૦૦ પાનાનો આ ગ્રંથ એટલી બધી વિગતોથી ભરપૂર છે કે તે નિરાંતે જ વાંચી શકાય. અમે એનો સત્કાર કરીને સંતોષ લઈએ છીએ. પ્રખ્યાત સંસ્કૃત ગ્રંથ શ્રી 'ઉપમિતિ ભવ પ્રપંચા કથા'ના બે હજારથી વધુ પાના ગુજરાતીમાં ઉતારીને લેખકે પોતાની શ્રમશક્તિ અને વિદ્વત્તાનો પરિચય આપ્યો હતો એ ગ્રંથના લેખક શ્રી સિદ્ધર્ષિ વિશે અને ઉક્ત ગ્રંથ વિશે આમાં ખૂબ ઝીણવટથી ચર્ચા કરવામાં આવી છે, જે પણ ખૂબ શ્રમ અને વિદ્વત્તા માગતી હતી આપણી ભાષામાં આવા બહુ મૂલ્યવાન જેવા ગ્રંથનું પ્રકાશન આનંદનો વિષય છે અભ્યાસીઓને એ સહાયરૂપ છે અને સૂક્ષ્મ અભ્યાસ માટે શ્રમ કરવાને પ્રેરનાર છે

(૨૬) પગથીઆની પછીતેથી—લેખક શ્રી જયંતિ દલાલ 'ગતિ અને રેખા' પિપલ્સ બેંક બિલ્ડીંગ, અમદાવાદ, મૂલ્ય આઠ આના

'ગતિ' ગ્રંથમાળાના પ્રથમ વર્ષનું આ પાંચમું પુસ્તક છે શહેરના રસ્તાની પગથી પરની વસ્તીનું અને નાટકના પડદા પાછળની વસ્તીનું આમાં દર્શન કરાવ્યું છે પણ આમાં દર્શન — આગળી ચિંધામણથી વિશેષ કંઈ નથી કેટલાક જોનાર તો કહેશે 'આમાં શું છે? અમે તો આથી ઘણું વધુ અને ભયાનક દીઠું છે' એટલે લેખક આ દર્શન કરાવવાનું પોતાનું કાર્ય સાર્થક તો જ બનાવી શક્યા હોત જો સાથે સાથે એમણે મગજના બારણાં ઉઘાડી દે, લાગણી-તંતુઓને હલાવી દે તેવો કોઈ પ્રકાશ પણ ફેંક્યો હોત

(૨૭) વાતોના વડા—લેખક અને પ્રકાશક • બળદેવ પ્રહ્લાદ મોલિયા, વાડી ફળિયા, સુરત મૂલ્ય આઠ આના

અહીં સંગ્રહાયેલા લેખોને સુરતના 'લોકવાણી' પત્રમાં પ્રસંગોપાત સ્ફુરતા વિચારો તરીકે હાસ્યમય શૈલીમાં લેખકે રજૂ કરેલા લેખો બહુ સામાન્ય છે

(૨૮) શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ (ભાગ બીજો) —પ્રકાશક કર્પૂરવિજયજી સ્મારક સમિતિ ગોપાળ ભવન પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ, મૂલ્ય છ આના

સ્વ. ગુણાનુરાગી મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજીના લેખો — ઉપદેશોનો આ બીજો સંગ્રહ પણ પહેલા સંગ્રહની પેઠે સામાન્યજનને સારા વિચારોની પ્રેરણા આપે તેવો છે

(૨૯) મેરા જૈસલમેર યાત્રા—પ્રયોજક શ્રી વિજયયતીન્દ્રસૂરીશ્વર, પ્રકાશક લેખી ખ્રિસ્ત સ્વામિનાથ ષનાજી

સિરોહીના સમયના રાજપુતાના, મધ્યપ્રાન્ત, વગેરે ભાગને નેમ કરવામાં આવે છે તે પ્રદેશની આમાં ભૌગોલિક, ઐતિહાસિક અને ધાર્મિક સ્થિતિનું વર્ણન છે જૈન મુનિઓ પોતાના પગપાળા પ્રવાસનો લાભ આ રીતે જનતાને આપે તે ઇષ્ટ છે

(૩૦) ભજન સંગ્રહ–ધર્મામૃત : સંપાદક : પંડિત બેચરદાસજી, પ્રકાશક શ્રી શકરનાથજી માનમલજી ગોરેચ્છા ખીચન (જોધપુર), મૂલ્ય બાર આના

પ્રો. પંડિત બેચરદાસજી ગુજરાતી ભાષાશાસ્ત્રના વિદ્વાન તરીકે જાણીતા છે જુદા જુદા હિંદી અને ગુજરાતી જૈન અને સનાતની કવિઓના સર્વધર્મીઓને આકર્ષે તેવા ભજનોનો આ સંગ્રહ છે પણ આ સંગ્રહની વિશિષ્ટતા છે સાથે આપેલા કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ કવિઓ વિષેની માહિતી પણ મળી તેટી ટૂંકામાં આપી છે

(૩૧) ચમકારા—(કાવ્યસંગ્રહ) પ્રયોજક શ્રી જેહાંગીર દેસાઈ, એમ. એ., નવસારી મૂલ્ય રૂ. એ

પારસીઓ પણ ગુજરાતી છે તેમણે પણ તેમની ભાષાની સેવા કરવી જોઈએ, એ નમ્ર ભાવના સાથે પોતાના કાવ્યોનો સંગ્રહ ભાઈ જેહાંગીર દેસાઈ પ્રગટ કરે છે તેનો સત્કાર કરતા આનંદ થાય છે

પોતાના વર્તુલની બહાર પણ જેનુ નિરીક્ષણ સૂક્ષ્મ રૂપે પહોંચે તેની શક્તિ વિષે આપણને માન થાય જ ભાઈ જેહાંગીર દેસાઈએ હિંદુધર્મની પરિભાષા અને આખ્યાયિકાઓને એ શક્તિથી અહીં લઈને આ સંગ્રહમાના કેટલાક કાવ્યોમા વણી છે

પ્રકૃતિ, વિનોદ, ચિંતન અને અર્જનના કાવ્યો પણ આમા છે

કાવ્યો હજી ઊંચી કક્ષાએ નથી પહોંચ્યા લાગતા, પરંતુ એમા શિષ્ટ અને મિષ્ટ રસ તો જરૂર છે, અને એ સૂચવે છે કે કવિ હજી ઘણુ વધુ ગુજરાતીને આપશે

સ્વીકાર

'ચિત્રમય જગત'–મહાયુદ્ધ–અંક—યુદ્ધ શરૂ થયા પછી યુદ્ધ વિષેના 'ચિત્રમય જગત'ના લેખો સરસ આવ્યા જ કર્યા છે આ અંક એવા ઘણા લેખોથી સમૃદ્ધ થયો છે મુખચિત્ર બહુ સૂચક છે

'પ્રવાસી'—મહાસભા–અંક—૬૬ પાનાનો પુષ્કળ ચિત્રોવાળો સારા લેખોથી વિભૂષિત અંક માત્ર બે જ આનામા પ્રગટ કરીને 'પ્રવાસી'એ ઉત્તમ વસ્તુને સુલભ કરી દીધી છે

'મહાગુજરાત'—અંક—કરાંચીથી નીકળતા આ સામાહિકનો મહાસભા અંક મહાસભાની આજ સુધીની પ્રવૃત્તિ–વિકાસની માહિતી આપે છે લેખો સામાન્ય છે

'મહાગુજરાત'—લીંબડી અંક—સાદા અને રંગીન અર્થપૂર્ણ સુંદર ચિત્રો, લેખો, લીંબડી સત્યાગ્રહ વિષેની માહિતીઓ અને જોશીલા લખાણોથી આ અંક સરસ બન્યો છે ઘરમાં સંઘરવા જેવો છે

રશ્મિ—૧૯૩૯–૪૦ અંક ૭ો—પ્રકાશક ગૂજરાતી સાહિત્ય મંડળ, સેંટ ઝેવિઅર્સ કોલેજ, મુંબઈ કોલેજના ઘણા માસિકો નજરે ચડે છે ત્યારે એની પાછળ થતુ મોટુ ખર્ચ અને પરિણામે દેખાતી વસ્તુ–કંગાલિયતથી મન ઘણીવાર ખિન્ન થઈ જાય છે આ સામાયિકનાં લખાણો અને ચિત્રો જોતાં એ રીતે ખિન્ન થવા જેવુ નથી, એથી આનંદ થાય છે શ્રી મોહનનાથ સૂચકની 'વિશ્વગીતા'ના સમાલોચના રતન સુખેશવાલાનો 'મુંબઈ બેટની ભૂસ્તર રચના' શશીમત અને કડકિયાનો 'ગૂજરાતી સાહિત્ય અને ગાંધીજી' એ લેખો, કેટલાક કાવ્યો અને ચિત્રો ખરેખર પ્રશંસા માગી લે છે, વાર્તાઓ બહુ સામાન્ય છે

કોલેજ સામયિક એ વિદ્યાર્થીઓના અંતરવ્યાપનનો પરિપાક અને તેથી થનો ઉત્કર્ષ બતાવનાર છે, એમાં પ્રોફેસરોના લખાણો ભલે આવે પણ એ એ જાતના હોય કે જે વિદ્યાર્થીને એવુ નવુ આપે અને લેખનનો અભ્યાસ માટેનો માર્ગ સૂચવે, કે જે કરવાનુ બહુધા કોલેજમા ચાલતા વર્ગોમા અશક્ય હોય.

જ્યોતિ—(વર્ષ ૨જુ, અંક ૧ લો)—એરંગો ગૂજરાતી હાઈસ્કૂલનુ સામયિક

કવિ શ્રી બ. ક. ઠાકોરનો 'વિદ્યાર્થીઓને' સંદેશ સરસ છે બધા લેખો, વાર્તાઓ, કાવ્યો—અંગ્રેજી, હિંદી અને ગૂજરાતીમાં—વિદ્યાર્થીઓના જ લખેલા છે અને વિધ વિધ પ્રકારના છે વિદ્યાર્થીઓની મહેનત સાર્થક દેખાય છે

BHARATIYA VIDYA BHAVAN.

સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ દસમું • અંક બીજો • મે ઓગણીસસો ચાળીસ

૭૨૫૪

• અનુક્રમ •

સાહિત્ય અને લખાણ	શ્રી. ધૂમકેતુ	૭૫
ન કિંચિદ્ અપિ ચિંતયેત્	શ્રી. કાકાસાહેબ કાલેલકર	૭૮
યુદ્ધ તો હવે શરૂ થાય છે.	શ્રી. ડુંગરશી ધરમશી સંપટ	૮૧
સામી બારી	શ્રી. નવીનચંદ્ર પંડ્યા	૮૬
સંસ્કૃત નાટકોમાં વિદૂષકનું સ્થાન	શ્રી. ચન્દ્રિક	૮૯
માતાજી સાથે વાર્તાલાપ	શ્રી અંબાલાલ પુરાણી	૯૪
કાળિયો	શ્રી. સુરેન્દ્રપ્રસાદ ત્રિપાઠી	૯૬
જીવનનું વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ	શ્રી. કાન્તિલાલ મ. ગાંધી	૧૦૨
રેંટિયો	શ્રી. 'કોલક'	૧૧૬
બે છુટા અંકોડા	શ્રી. અજ્ઞાત	૧૧૭
આવશો !	શ્રી. વેણીભાઈ જ. પુરોહિત	૧૧૮
ગણી ગણી	શ્રી. ભગીરથ મહેતા	૧૧૯
સાહિત્યના પ્રદેશમાં		૧૨૦
(૧) 'પથેર પાંચાલી'નો પ્રવેશક	શ્રી. સ.	
(૨) 'દરિયાલાલ'ના હકીકતદોષો	શ્રી. કેશવલાલ હરિલાલ હિંમતપુરા	
"કબૂલ છે, મા !"	શ્રી. હરજીવન સોમૈયા	૧૨૭
ધરતીનો ધણી	શ્રી. હરમોહન શર્મા	૧૩૧
શાન્તિવાદનું જાહેરનામું	શ્રી. વિલિયમ લૉઇડ ગૅરિસન	૧૩૫
ક્રાન્તિ	શ્રી. જૈનેન્દ્રકુમાર	૧૩૯
અવલોકનો	શ્રી. ચા.	૧૪૨

• સંપાદકમંડળ •

મોહનલાલ મહેતા • હરજીવન સોમૈયા

કાન્તિલાલ શાહ • ઇન્દુલાલ દવે

• વાર્ષિક લવાજમ •

દેશમાં	બ્રહ્મદેશમાં	પરદેશમાં
રૂ. પાંચ	રૂ. સાડા પાંચ	રૂ. સાડા ૭

ભારતી સાહિત્ય સંઘ • પો. બા. ૭૩ • અમદાવાદ

લાઇન, હાફટોન તથા વધારે કલરના હાફટોન

બ્લોક, ડીઝાઇન તથા સિને-સ્લાઇડ

બનાવનાર

ભારતી સાહિત્ય સંઘનાં પ્રકાશનોના બધા બ્લોક અમે બનાવીએ છીએ

ટે ન ૩૧૯૭૫ **નવું ઠેકાણું નોંધી લેશોજી** ટે એડ્રસ

રહેવા તથા જમવાની



સગવડ માટે જાણીતું

ઠે ૧૭૭/૧૭ હોર્નબી રોડ, બોરીબંદર ટ્રામટર્મીનસ પાસે,

ભાટિયા હાઇસ્કૂલની બાજુમાં,

કોટ મુંબઈ

મુંબઇમાં ક્યાં ઊતરશો ?

આદર્શ લૉજિંગ-બોર્ડિંગ

ભારતીય નિવાસ લૉજ

ચાર્જ ઘટાડેલા છે.

ભારતીય નિવાસ લૉજ : કાલબાદેવી રોડ, મુંબઈ ૨

તાર—'કમ્ફર્ટ' | ટેલિફોન — ૨૨૧૧૦

સળેખમ ?

(Registered)

સળેખમ ??

સળેખમ માટે દવા ઢીંચવાને બદલે નાક પર થોડુંક "અમૃતાંજન" મસળો. તે તુરત રાહત આપે છે.

અ મૃ તાં જ ન

પીડાકારક સળેખમ મટાડે છે.

:: દરાજનો મલમ ::

સર્વે જાતની દરાજ અને ખૂજલીને માટે ભરોસાપાત્ર અને નિષ્ફળ ન જાય એવો ઇલાજ. ત્રણ વાર લગાડવાથી સદંતર નાબૂદ થાય છે.

સોલ એજન્ટઃ સિંધ અને બલુચિસ્તાન માટે

મહમદઅલી મુલ્લાં મુસાજી મારવી

મેરિયટ રોડ : કરાચી

મુંબઈ : અમૃતાંજન લિમિટેડ : મદ્રાસ

માલવા કેમિકલ પ્રોડક્ટસ

વાપરો

માલકો બ્રાહ્મી હેરઓઇલ : ખરી પડતા વાળને અટકાવી મગજને શાંતિ આપે છે.

માલકો કોકોનટ હેરઓઇલ : વાળને વધારવામાં અને ખુશબોમાં અજોડ છે.

માલકો મેડિકેટેડ હેરઓઇલ : સર્વોત્તમ અને શ્રેષ્ઠ છે.

: સ્ટોકીસ્ટ :

કેશવજી સી. ઠક્કર : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ. ૨

આ પુસ્તકની ઉત્તમતાનાં

પ્રમાણપત્રો

૧

આ પુસ્તક વડોદરા રાજ્યના પુસ્તકાલય-ખાતાએ પુસ્તકાલયો માટે મંજૂર કર્યું છે.

૨

આ પુસ્તકનો પહેલો ભાગ વડોદરા રાજ્યના કેળવણીખાતાએ શાળાઓમા ઇનામ અને પુસ્તકાલયો માટે મંજૂર કર્યો છે.

૩

આ પુસ્તકનો પહેલો ભાગ મુંબઈ ઇલાકાના સરકારી કેળવણીખાતાએ પ્રાથમિક, માધ્યમિક અને ટ્રેનિંગ સ્કૂલોના વિદ્યાર્થીઓની લાય-બ્રેરીઓ માટે મંજૂર કર્યો છે.

૪

આ પુસ્તકનુ "આમુખ" શ્રી કચ્છ વેપારી મંડળના પ્રમુખ શ્રી ડુંગરશી ધરમશી સંપટે લખ્યુ છે

૫

આણંદમાં મળેલ બીજી ગુજરાત પુસ્તકાલય પરિષદે આ પુસ્તકનો પહેલો ભાગ સારા પુસ્તકોમાં ગણ્યો છે.

૬

આ પુસ્તકના પહેલા ભાગની ૨૫ (પચીસ) નકલો વડોદરાના શ્રી. પ્રાચ્યવિદ્યામંદિરે ઉત્તેજન માટે ખરીદી છે.

૭

આ પુસ્તકની ઉત્તમતા માટે અનેક સુપ્રસિદ્ધ સામયિક અને માસિક-પત્રોએ સારામાં સારા અભિપ્રાયો આપ્યા છે.

ઘેર બેઠાં પૈસા કમાવા

આજે જ મંગાવો !

નફાકારક હુન્નરો

ભાગ ૧--૨

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ ભરોસાપાત્ર હુન્નરોથી ભરપૂર પુસ્તક

૫૧૦ પાનાં, ઉમદા એન્ટિક કાગળ, શાસ્ત્રીય શુદ્ધ, સુંદર છપાઈ અને આકર્ષક ગેટ-અપ છતાં

કિંમત

માત્ર ૪ (ચાર) રૂપિયા

વી. પી. પી. થી ટપાલખર્ચ
૧૦ આના જુદું

મંગાવવા માટે લખો

પ્રકાશક

લક્ષ્મી પુસ્તકમાળા

પોસ્ટ સિનુગરા . (અંજાર-કચ્છ)

વધુ ખાતરી માટે અભિપ્રાયોની પત્રિકા મફત મંગાવો.

વર્ષ દસમું | મે ૧૯૪૦ | અંક બીજો

સાહિત્ય અને લખાણુ

નવો જમાનો પણ પોતાના આગલા જમાનાના ગુણ અને દોષ એ બન્ને સાથે લઇને જ જન્મે છે. જમાને જમાને માણસની શક્તિ અને અભિરુચિ ફરતાં રહે છે. એટલું જ નહિ, કેટલીક વખત ફેરફાર એટલા ઝડપી હોય છે–ખાસ કરીને મંથનયુગમાં–કે આજે જે વસ્તુનું અતિ મહત્ત્વ લાગે છે એ જ વસ્તુનું કાલે કાંઇ જ મૂલ્ય હોતું નથી. આવું બને છે ત્યારે સમાજમાં બે ભિન્ન ભિન્ન પ્રકૃતિ અને પ્રવૃત્તિનાં બળો ઉત્પન્ન થાય છે. એ બે બળો વડે વર્ગવિગ્રહ ઉત્પન્ન થાય છે, અને એક વર્ગની અભિરુચિ અને શક્તિ એ બીજા વર્ગને મન અશક્તિ અને અનભિરુચિનો વિષય બની જાય છે. જો કે થવું તો એમ જોઇએ કે એક વર્ગે બીજા વર્ગની અશક્તિના દર્શનમાંથી પોતાના સામર્થ્યની મર્યાદા પિછાનીને વધારે સમર્થ થવાનો પ્રયત્ન કરવો જોઇએ પણ એમ બનતું નથી ઉડાઉ અઠંગગીર એ વ્યાજડાહ્યા વાણિયાની મશ્કરી જ કરતો રહે છે. જે વસ્તુસ્થિતિ સમાજના ક્ષેત્રમાં પ્રવર્તી રહે છે એ જ સાહિત્યના ક્ષેત્રમાં પ્રવર્તે છે એટલે સાહિત્યમાં પણ સામાજિક જીવનના પડઘારૂપ બે બળો ઉત્પન્ન થાય છે અને જો એ બે બળો પોતપોતાના વિષયનો ઉત્કર્ષ સાધવાને બદલે બીજાના અપકર્ષમાં જ આનંદ લેતાં થાય છે તો પરિણામે સાહિત્યનો પ્રવાહ નિર્માલ્ય, કટાક્ષભર્યો, વિનાશક, અને અપરસભરપૂર થઇ જાય છે.

આમ થવાનું કારણ એટલું જ છે કે સાહિત્યની જન્મભૂમિકા વિષે લોકોને ખોટો ખ્યાલ હોય છે.

કેટલાક માને છે કે સાહિત્ય એ જીવનવિગ્રહમાંથી ઉત્પન્ન થનારો પદાર્થ છે. બીજા માને છે કે જીવનસીરૂનામાંથી એ જન્મે છે પહેલો વર્ગ પોતાને વાસ્તવવાદી ગણીને આનંદે છે ને બીજાને જીવનભીરુ માને છે બીજો વર્ગ પોતાને આદર્શવાદી ગણીને આનંદે છે ને પહેલાને રસાભાસી ગણે છે. ખરી રીતે સાહિત્ય

એ જીવનવિગ્રહમાથી પણ નહિ, જીવનભીરુતામાથી પણ નહિ, જીવનના આનદ માથી ઉત્પન્ન થતો પદાર્થ છે

પણ આ જીવનનો આનદ એ શુ છે? એ ક્યાથી આવે છે? ચાર આનાના ચેવડા ઉપર મિત્રો બેઠા આનદ કર એ આનદ જીવનનો આનદ છે? કે ત્રણ પૈસાનો ચા પીતા વાતો કરે ને વિષયચર્ચા કરે એ જીવનનો આનદ છે?

જે જીવનના આનદમાથી સાહિત્ય જન્મવુ જોઈએ એ માણુસની પોતાની વિશિષ્ઠ શક્તિનો આનદ છે એ દૃષ્ટિનો આનદ છે–જે દૃષ્ટિ એને મળી છે ને બીજા પાસે નથી પણ એ એકાકી, જનતાને ઉપેક્ષાથી જોનારા, માણુસભીરુ માણુસનો આનદ નથી એ આનદ જે એને મળ્યો છે એ બીજા સાથે વહેચી લેવા માટે, બીજાને એ દર્શાવવા માટે, એણે કોઈક રીતે પોતાની જાતને વ્યક્ત કરવી પડે છે અને એવી રીતે માણુસ જ્યારે પોતાને વ્યક્ત કરે છે ત્યારે સાહિત્ય ઉત્પન્ન થાય છે

ઘણી વખત જ્યારે આ આનદનુ સ્વરૂપ કલ્પનાતીત હોય છે ત્યારે ભક્ત નરસિહ ને મીરા જેવી વાણી મળે છે

એટલે સાહિત્યના પણ ખરી રીતે તો બે પ્રકાર છે અને એ બે પ્રકાર અને એના વિવિધ સામર્થ્યની ખબર નહિ હોવાથી જ, વર્તમાન રગમા રાચનારા સાહિત્યકારો, પોતપોતાની મર્યાદા પ્રગટ કરીને, બીજા વિષે કા તો અતિશયોક્તિ-ભરેલી પ્રશસા કરે છે અથવા તો કેવળ નિદા કરે છે

સાહિત્યનો આનદ એ ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ આનદ છે હિમાલયના ઉત્તુગમા ઉત્તુગ શિખરને પહોચવાને જેમ અનેક શિખરો ઉપર માણુસને વિજય મેળવવો પડે છે, તેમ આ આનદ પ્રાપ્ત કરતા પહેલા માણુસને પોતાની જાત ઉપર ને પોતાની સામાજિક સ્થિતિ ઉપર અનેક પ્રકારના કાબૂ મેળવવાના હોય છે સૌ સાહિત્યકારો આ પ્રયત્ન કરનારા મનુષ્યો છે એમાથી કોઈ એક શિખર ઉપર છે, કોઈ બીજા શિખર ઉપર છે ઉત્તુગ શિખર ઉપર પહોચવુ એ તો ધ્યેય છે એ આનદપ્રાપ્તિ સૌને માટે શક્ય ન પણ હોય પણ જે આનદ પોતાને મળ્યો નથી એ આનદ હોઈ જ ન શકે એમ તો માત્ર પ્રયોગભીરુ હોય તે જ બોલે

જે વસ્તુ પોતાને મળી નથી તે વિષે વિવેચના કરવી એ પણ એક પ્રકારની ધૃષ્ટતા છે મીરા કે નરસિહના કાવ્યો ઉપર ટીકા ને શબ્દાર્થ ઘણા કરી શકે: ખરી રીતે એનુ વિવેચન માત્ર એ જ મનુષ્ય કરી શકે કે જે એ વિચારસરણીમા માનતો હોય અને જેણે પ્રયોગથી થોડો પણ અનુભાનદ પ્રાપ્ત કર્યો હોય બાકી તો લેખ લખાય કે એ ભક્તિયુગ હતો–ને સામાજિક બળોનો એમને ખ્યાલ ન હતો–ને એમણે જનતા વિષે કાઈ ન લખ્યું–વગેરે

વગેરે. એવા અપૂર્ણ લેખો જ બતાવે છે કે એક સાહિત્યકાર પોતાની પ્રગતિમાં હજી કયા શિખર ઉપર ઊભો છે ને એનો કેટલો માર્ગ હજી બાકી છે.

કોઇએ સરસ રીતે મૂક્યું છે કેઃ

"સુંદરતાનો ખ્યાલ આવે ત્યારે જ બીજો ખ્યાલ જન્મે છે વિરૂપતાનો. નીતિના ખ્યાલથી અનીતિનું ધોરણ અસ્તિત્વમાં આવે છે. એટલે એક વસ્તુના કે ભાવનાના અસ્તિત્વ વડે જ બીજી નિષેધાત્મક વસ્તુ કે ભાવનાનું ભાન થાય છે. જો સુખ છે તો જ અ-સુખ છે. જો સત્ય છે તો જ અ-સત્ય છે"

એક વસ્તુ લાંબી ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી એનાથી ટૂંકી બીજી વસ્તુ અસ્તિત્વમાં છે. ઊંચી વસ્તુના ખ્યાલથી નીચી વસ્તુનો ખ્યાલ આવી શકે છે.

એટલા માટે સત્ય પ્રત્યે અભિરુચિવાળા પ્રાજ્ઞજનો એ બન્નેથી પર રહે છે, કાર્ય-અકાર્ય, શબ્દ-અશબ્દ, વસ્તુ-ભાવના સઘળાંથી પર.

કારણ કે સત્ય સુખમાં પણ નથી, અસુખમાં પણ નથી; નીતિમાં પણ નથી, અનીતિમાં પણ નથી. એ બન્ને ભાવના ન જ જન્મે એવી ચિત્તની અત્યંત પ્રશાંત અવસ્થા, જેને સુખ સ્પર્શતું નથી, અને તેથી જેને અ-સુખના અસ્તિત્વનો ક્ષોભ નથી-એવી અત્યંત પ્રશાંત અવસ્થામાં-સત્ય વસી રહ્યું છે. એ અવસ્થામાં પ્રજ્ઞા પ્રેમ ને પ્રાણ-ત્રણે એક જ સ્વરૂપ થઇ રહે છે."

ભાગવતમાં જે અવસ્થા શુકની વર્ણવી છે એ આનો ખ્યાલ આપે છે.

એટલે જે ચિત્ત સર્વદેશી હોય અને છતાં બાળક જેવું હોય એ જે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આનંદ પ્રાપ્ત કરે, એ જીવનના આનંદમાંથી જન્મે તે સાહિત્ય-અને બાકી બધું લખાણ.

સાહિત્ય અને લખાણ વચ્ચેનો આ તાત્ત્વિક ભેદ આપણી સમક્ષ રહે તો એનું મૂલ્યાંકન કરવાની આપણી દૃષ્ટિમાં પરિવર્તન થાય. આ જમાનામાં લખાણ એટલે સાહિત્ય એ દૃષ્ટિ આવવાથી એક પ્રકારની અરાજકતા ફેલાઈ ગઈ છે. અને તેથી ખરી રીતે તો જેમાં માત્ર પ્રાસંગિક ચલણી વિચારોનું પ્રદર્શન હોય છે એવા લખાણ માત્રને યુગદર્શન કરાવનારું ગણવાની આપઘાતી પ્રથા આવી ગઈ છે સાહિત્ય નિર્માલ્ય થાય-અથવા પ્રાસંગિક ચલણી વિચારો સિવાય વધારે ઉન્નત કે ઊંડા વિચારો ગ્રહણ કરવાની અશક્તિ આવે-તો છેવટને સરવાળે તો પ્રજાનો એમાં હ્રાસ જ થાય છે યુગદર્શન કરાવનારું સમર્થ સાહિત્ય આપણી વચ્ચે હોય એ જેટલું જરૂરી છે એટલું જ કેવળ પ્રાસંગિક લખાણને પણ યુગદર્શનના રંગથી રંગવાનું જરૂરી છે એ તો સૌ કોઇ સમજી લે. અને છતાં સાહિત્યને નીચી કોટિએ મૂકવા કરતાં લખાણને ઊંચી કોટિએ લઇ જવાનો પ્રયત્ન થાય એમાં પ્રજાકીય વિકાસનું બીજ રહ્યું છે.

• ધૂમકેતુ •

न किंचिद् अपि चिंतयेत् ।

श्री काकासाहेब कालेलकर

[લેખનવૃત્તિ એ એક જાતનું વ્યસન છે. વળી છે. માણસ એક વાર લખતો થયો એટલે એ લખવાનું યે લખે છે અને ન લખવાનું યે લખે છે. બાળકો આખો દિવસ બોલ્યા કરે તો યે હૃદયની કેટલીક વાતો ગુપ્તની ગુપ્ત જ રાખે છે. આખો દિવસ લવરી ચલાવે તો યે કેટલાક અનુભવો ન માતા પાસે વ્યક્ત કરે, ન કોઈ ગોઠિયા પાસે. સારા લેખકોનું પણ એમ જ હોય છે. તેઓ ગાંડુંઘેલું ગમે તેટલું લખે તો યે અમુક સંયમ તો જાળવે જ છે. હું માનું છું કે મેં પણ એવો સંયમ જાળવ્યો છે.

માંદો પડીને ચીંચવડમાં રહ્યો હતો. તે વખતે કંઈક સંકલ્પ ઊઠ્યો હશે કે કેટલાક અસાધારણ અનુભવો લખી કાઢું. પ્રારંભ કર્યા પછી ડહાપણ સૂઝ્યું હશે કે આવું આવું લખીને કે પ્રસિદ્ધ કરીને કશો લાભ નથી. વાચનારને એમાંથી કશું મળતું નથી. બહુ બહુ તો વાચનાર આશ્ચર્યવત્ એ સાંભળે છે. લખનારને એ જો દાઝ ન હોય અને બીજાઓ ઉપર છાપ પાડીને કંઈ મેળવવા ન માગતો હોય તો કશો લાભ થતો નથી. નુકસાન થવાનો સંભવ ઘણો. એ લખાણ તે વખતે જ કેમ ફાડી નાખ્યું નહિ, કોણ જાણે!

હમણાં [illegible]માં એક સમિતિની બેઠકમાં બેઠો હતો ત્યાં ધ્યાન આવ્યું. ૨૦ વરસ પહેલાં લખેલી આ નોંધ જોઈ હું અકળાયો. દાટી દીધેલા સંકલ્પો વેર વાળવા ભૂતની પેઠે જાગી ઊઠે એના જેવી આ નોંધની અસર થઈ. પ્રથમ થયું કે આ ન છપાય એમ લખી નાખું. ફરી વિચાર આવ્યો: એક વાર લખ્યું અને કોરે મૂક્યું. હું એને ભૂલી ગયો પણ એ લખાણ મને ભૂલી ન ગયું. ફરી વાર દાબી દઈશ તો કોણ જાણે ક્યારે ક્યા રૂપમાં ઊભું થશે. એના કરતાં એને ગતિ આપું એ જ સારું. આશા રાખું છું કે આવું અનુપયોગી ફરી નહિ લખું. — का. का.]

૧

હિમાલયની મુસાફરીની વાત છે. પ્રથમ પ્રથમ આખો દિવસ દેશના રાજકારણના વિચાર આવે અને રાત્રે ઘરની વાતોના અને કજિયાકંકાસનાં સ્વપ્નાં આવે. એક દિવસે મધરાતે ઊઠ્યો અને સાવ નાસીપાસ થઈ ચિત્શક્તિની પ્રાર્થના કરી કે આવો જ અનુભવ લેવાનો હોય તો મને અહીં શા માટે આણ્યો? આના કરતાં વડોદરામાં સારી સ્થિતિ હતી. પુત્રકલત્રવિત્ત છોડીને આવેલો હું રાત્રે "આ પિતાશ્રીની પેટી છે, એમણે પ્રેમથી એ મને આપી છે, એ કોઈને લેવા ન દઉં, મારી પાસે જ રાખીશ" એવા ઝઘડા ચલાવતા પોતાને જોઈ મને પોતાના પ્રત્યે તિરસ્કાર છૂટ્યો. મેં આખરે કહ્યું, તારી કૃપા હશે તો આ અનુભવ છેલ્લો જ થાઓ.

એ અનુભવ છેલ્લો તો ન થયો પણ બહુ જ થોડા દિવસોમાં એ કચવાટમાંથી હું મુક્ત થયો.

પછી જ્યારે ભિક્ષા પર ગુજરાન ચલાવવાનું શરૂ કર્યું ત્યારે પ્રથમ પ્રથમ આખો દિવસ, હવે પછી ખાવાનું ક્યાં મળશે અને શું મળશે એનું જ ધ્યાન ચાલતું. પહેલી સ્થિતિમાં દહાડો સારો જતો અને રાત ખરાબ જતી. હવે એથી ઊલટું થયું. રાત્રે સ્વપ્નાં તો ન આવે અને આવે તો યે કંઈ વિશેષ નહિ. પણ આખો દિવસ કાગડાની પેઠે ખાવાનું જ ધ્યાન થાય તો શી ગતિ થવાની? મનમાં ઘણી શરમ ઊપજતી, આપણે ચડતા નથી પણ પડીએ છીએ એમ પણ લાગતું. આમ રહેવા કરતાં પાછા જઈએ એમાં શું ખોટું? એવા પણ વિચારો મનમાં આવતા. પણ કરેલો સંકલ્પ તોડાય નહિ એ નિર્ધારથી જ ટકી રહેલો. પછી જ્યારે જીવનની અદ્ભુતતાના લાગલાગટ અનેક અનુભવો આવવા લાગ્યા ત્યારે ભોજન અને આચ્છાદનની ચિંતા એની મેળે ખરી પડી. ચિંતા વ્યર્થ છે અને ચિંતાનું કારણ જ નથી એવો બેવડો અનુભવ થયો.

એક વાર રાત્રે, મધરાતે જ, ઊંઘ એકાએક ઊડી ગઈ. તબિયત સારી હતી, ચિત્ત પ્રસન્ન હતું. કોઈ પણ જાતની અસ્વસ્થતા ન હતી છતાં એકાએક ઊંઘ ઊડી અને અસાધારણ અનુભવ થયો. હું છું એટલો જ અનુભવ જાગૃત હતો. ક્યાં છું એ તો ભાન હતું જ નહિ પણ જીવનનો આખો ભૂતકાળ ભુંસાઈ ગયો હોય અને આખી પર્સનાલીટી (વ્યક્તિમત્તા) સાવ કોરી હોય એવું જણાયું. કેટલો ય વખત આ આનંદમય સ્થિતિ રહી. પછી સહેજ નીચે ઊતરતાં સ્ફુરણા એ થઈ કે, કુટુંબ, સમાજ અને દુનિયાની અંદર ઘૂમેલા માર બધા જ મૂળિયાં સાવ તૂટી ગયા છે. આકાશમાં ખૂબ ઊંચે ગયેલા પતંગની દોરી તૂટી જાય એટલે એને શું થતું હશે એ એને ખબર, પણ મને એના જેવું થયું ખરું. આ સ્થિતિ વધાવવા જેવી છે કે નહિ એનો પણ નિશ્ચય ન થાય. આ સ્થિતિમાં પણ જણાઈ આવે એટલો લાંબો કાળ રહ્યા પછી ભાન આવ્યું. અથવા સાચું કહું તો સાચું ભાન ગયું અને હું ફસાણો. ફસાણો માણસ અમુક સમાજનો ઘટક, અમુક ઉદ્દેશે, અમુક વેગે યાત્રા કરું છું અને અમુક ગામની અમુક ધર્મશાળામાં સૂતો છું એ બધો પ્રત્યય જાગૃત થયો. પણ એ પહેલાંનો અનુભવ એટલો બધો વ્યક્ત અને ઉજ્જવળ હતો કે એના ચિંતનને કારણે ઊંઘ ફરી આવી જ નહિ. આ અનુભવથી બુદ્ધિ પર શી શી અસર થઈ એ અહીં નોંધવાની આવશ્યકતા નથી. એ એક ભારે અનુભવ હતો અને આત્મવાદને દૃઢ કરનાર હતો એટલું કહું તો બસ છે.

૨

આવા આવા અનુભવો અકસ્માત તો નથી જ આવતા. ચિંતન અને ધ્યાન અમુક હદ સુધી ચાલે એટલે પછી જ અનુભવ માટે ભૂમિકા તૈયાર થાય છે.

પહેલી યાત્રાએ નીકળ્યો ત્યારે એક જાતની તીવ્ર ભાવના અથવા ઉત્કટતા કેળવાઈ હતી. એ સ્થિતિમાં જ હું યાત્રા કરતો ગયો. ત્યાંથી રામકૃષ્ણ પરમહંસની તપોભૂમિ—દક્ષિણેશ્વરના મંદિર પંચવટીની પચવટીએ જોવા ગયો. ત્યાંના જે અનુભવ થયો એ જ જાતનો દક્ષિણેશ્વરમાં પણ થયો. ગયાના અનુભવનો સહેજ ઇશારો 'હિમાલયના પ્રવાસ' * માં કર્યો છે. દક્ષિણેશ્વર ગયાની વાત તો ત્યાં છોડી જ દીધી છે. એ બન્ને અનુભવોનું યથાર્થ વર્ણન અહીં પણ ન આપી શકું. બુદ્ધગયાના મંદિર પાછળ બોધિવૃક્ષ છે ત્યાં જતાંવેંત બુદ્ધ ભગવાનની તપશ્ચર્યા ધ્યાનમાં આવી. હું પણ ઘર છોડીને નીકળ્યો હતો, એટલે અહીં અંતઃકરણ ગદ્‌ગદિત થયું. મેં આંખો મીંચીને ત્યાં સાષ્ટાંગદંડવત્ પ્રણામ કર્યા અને ક્ષણેકમાં પરિસ્થિતિનું ભાન ભૂલી ગયો. એમાંદ વિસ્તીર્ણ દેશનો નાનકડો નકશો તૈયાર કર્યો હોય એટલે જેમ એક એક પ્રાંત એમાં એકી નજરે જોઈ શકાય છે તેમ એ ક્ષણ સુધીનું ગતજીવન એક સામટું દૃષ્ટિ આગળ ઊભું થયું. હંમેશ આપણે ગમે તેટલા સુખી દુઃખી કે ચિંતનશીલ હોઈએ તો યે આપણે જીવનના પૃષ્ઠભાગ ઉપર જ તરીએ છીએ. જીવનયાત્રાની આપણી લાંબો પહોળો વિસ્તાર પાદાક્રાંત કરી નાખીએ છીએ. એમાં નવો નવો અનુભવ મળે છે, દૃષ્ટિ પ્રાપ્ત થાય છે પણ જીવનના પૃષ્ઠભાગને છોડી ઊંડાણમાં ઊતરવું, ડૂબકી મારવી એ કંઈક અનેરો જ અનુભવ છે. ચિંતનમાં પૃથક્કરણ હોય છે અને વસ્તુનું ખંડશ ગ્રહણ થાય છે. પણ અહીં એક સામટો પિંડીકૃત અનુભવ મળે છે. એ અનુભવમાં સાક્ષાત્કાર હોય છે અને તેની અસર કાયમની થઈ જાય છે. એવી સ્થિતિની અંદર હું પડ્યો હતો. એટલામાં જાણે કોઈ બાજુથી બોલતું હોય અને સંદેશો આપતું હોય તેવી પણ અંદરથી જ એક સ્ફુરણા થઈ.

ત્યાગ કર્યો તે ઠીક કર્યું. ત્યાગ કર્યો સહેલો છે. ત્યાગને લાયક બનવું એ જ મુખ્ય અને મહત્ત્વની વસ્તુ છે. લાયક બનવું એ જ જીવનનો રચનાત્મક માર્ગક્રમ છે. એ જ શબ્દો બાગી મારીને પરં વહેલો આઘાત ન કર્યો.

ત્યાંથી ઊઠ્યો ત્યારે મન ના વજ્ર અને શરીર ઉપરનું ત્યાંનું ... થઈ ગયેલાં. ત્યાંથી ઊઠીને

* પૃ ૪૦ ૪૧

તળાવને કિનારે જઈ બેઠો. અનેક રીતે જીવનનો વિચાર થવા લાગ્યો અને એક જાતનું ગાંભીર્ય જીવન પર છવાઈ ગયું.

દક્ષિણેશ્વર ગયો તેનું સવિસ્તર વર્ણન હિમાલયના પ્રવાસમાં મારે આપવું જોઈતું હતું પણ એ વખતે ન આપ્યું. અહીં પણ એ આપવા નથી માગતો. પ્રસંગ શોધીને એ લખી કાઢીશ. દક્ષિણેશ્વરનાં દર્શન માટે ગયો. મનમાં કાલીનું ધ્યાન થવાને બદલે રામકૃષ્ણ પરમહંસની ભક્તિ અને સાધનાનું જ ધ્યાન થવા લાગ્યું. મેં મનમાં કહ્યું પરમહંસ આપે આ જ ઠેકાણે દેવીની કૃપાનું કંઈક સૂચક ચિહ્ન માગ્યું હતું. આપને પરચો જોઈતો હતો. દેવીએ આપને તે આપ્યો. હું આપની પાસે એવો જ પરચો માગું છું. મને એકાન્તે ખાતરી થાય એટલો જ પરચો હું માગું છું. મારે તો જો કે સાધના તો કરવી જ છે, તેમાં પરચાની જરૂર નથી તો પણ એક જાતનું સમાધાન, એક જાતની ખાતરી કે તે પરમમંગલા માતાના ખોળામાં જ હું છું. આવી પ્રાર્થના કરી મંદિરમાંથી બહાર નીકળ્યો. રામકૃષ્ણ પરમહંસની રહેવાની ઓરડી જોઈ ત્યાંથી પંચવટી ચાલ્યો. રસ્તામાં જોઈતો પરચો મળ્યો. તે શું હતું તે કહેવાની જરૂર નથી. અસાધારણ ધન્યતા જણાઈ. માતાનું કવચ આપણને મળી ગયું. હવે આ કપડાંની પણ આપણને શી જરૂર? એમ મનમાં આણીને ત્યાં ને ત્યાં જ કોટ, પહેરણ કે ટોપી-બધું ઉતારી કાઢ્યું. કોટ કીમતી હોવાથી પોસ્ટદ્વારા ભાઈ પર મોકલી દીધો. બાકીનાં કપડાં આપી દીધાં, અને જે જાતનું જીવન ગાળવું હતું એની સાથે બાંધી શકું એવો હું થઈ ગયો. અહીંથી ગંગા નદીનું દર્શન કરતાં, ગંગા નદી ઝૂમતી હોય અને અમુક જાતના આવેશમાં આવી હોય એમ દેખાવા લાગી. હું આનંદથી કૂદવા લાગ્યો. પાછળથી મેં સાંભળ્યું કે નદીનો પ્રવાહ જોઈ રામકૃષ્ણ પરમહંસ અહીં જ સમાધિમાં જતા. કેટલોય વખત પંચવટીમાં બેઠો. એ વખતે જે સંકલ્પો કર્યા તેમાંથી કેટલાક તો પાર ઊતર્યા અને કેટલાક તો ભૂંસાઈ ગયા. ભૂંસાઈ ગયા તે પણ કેટલોય વખત સુધી ટક્યા હતા.

આવા અનુભવો ક્યાંથી થતા હશે! જેમ ભૂતો વળગે છે તેમ કંઈ આ ખાસ નથી. આ અનુભવ બાહ્ય વ્યાપારને લીધે થાય છે એમ ભલે એ વખતે આપણને લાગે, પણ સાચું કહીએ તો મનની અમુક ઉત્કટ દશામાં એ અનુભવો અંદરથી જ પ્રકટ થાય છે. તે એટલા બધા એકાગ્ર હોય છે કે બહારથી આવીને આપણને ભેટતા હોય એવો જ અનુભવ એ વખતે થાય છે.

ચિંચવડ
તા. ૮-૮-'૨૬

●

ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ તરફથી વર્ષ ૧૯૪૦ના ગુજરાતી સાહિત્યની સમીક્ષા કરવાનું કાર્ય શ્રી પ્રો. રવિશંકર જોષીને સોંપવામાં આવ્યું છે. તો આથી સૌ પ્રકાશકોને તથા લેખકોને વિનંતિ કરવાની કે તેઓના પ્રકાશનો નીચેના સરનામે મોકલી આપી સભાને આ કામમાં સહકાર આપે.

શ્રી પ્રો. રવિશંકર જોષી
તખ્તેશ્વર પ્લૉટ
ભાવનગર, (કાઠિયાવાડ)

યુદ્ધ તો હવે શરૂ થાય છે

શ્રી ડુંગરશી ધરમશી સંપટ

જર્મનીનો બાજીપલટો

જર્મનીએ એકાએક પોતાની યુદ્ધની બાજીને પલટો આપ્યો અને યુદ્ધ નવા રંગે ચડ્યું છે એક સવારે તો આપણે કલ્પના કરતા હતા કે ફિન્લેન્ડ અને રશિયા વચ્ચે સંધિ થઈને ત્યાંથી પાછું ફરેલું યુદ્ધચક્ર હવે ખસીને કયા દેશ ઉપર પોતાનું ભ્રમણ આરંભશે, ત્યાં તો બીજી સવારે આપણે સમાચાર જાણ્યા કે જર્મનીએ પોતાની ઉત્તરીય સરહદને અડીને રહેલ ડેનમાર્ક લઈ લીધું અને ત્યાંથી ઉત્તરે સામે દરિયાકાંઠે આવેલ નોર્વે ઉપર હલ્લા શરૂ કરી દીધા ! બેલ્જિયમ અને હોલેંડ ઉપર આવનારી આફત ડેન્માર્ક અને નોર્વે ઉપર ઊતરી છે.

બન્ને પક્ષના મળી ૭ાા કરોડ માનવી ફ્રાન્સ અને જર્મનીની કિલ્લેબંદીઓની ઓથે પડ્યા છે. દેશની ઉત્પાદક માનવશક્તિનુ વહેણ વિનાશક શક્તિ તરીકે કામ કરી રહ્યું છે. દેશની નિત્યજીવનની જરૂરિયાતોના ઉત્પાદન તરફથી મુખ્ય લક્ષ ખેંચાઈને વિનાશક યુદ્ધની જરૂરિયાતો ઉત્પન્ન કરવા પાછળ જ શ્રેષ્ઠ શક્તિ રોકાઈ છે. આવે વખતે, જર્મન જેવા દેશને માટે બહારના દેશો જોડેનો વ્યવહાર અટકી જાય તો તેને યુદ્ધમાં હારી જતાં વાર ન લાગે. બ્રિટને કરવા માંડ્યું છે પણ એવું જ. જર્મનીને સાગરનો ઘેરો ઘાલી બ્રિટને દ્વારા જર્મનીનો ૬૦ ટકા વેપાર જોખમાયો છે. તટસ્થ રાજ્યો પાસેથી યુદ્ધને અંગેનો કાચો માલ ખરીદવો પડે તેમ છે. તેનાં તેણે રોકડાં નાણાં આપવાં પડે છે. આ નાણાં તે પાકો માલ બનાવી પરદેશોને આપે તો જ ભરપાઈ થઈ શકે. જ્યારે આ કામમાં તેની આડે રુકાવટ થાય છે ત્યારે તે પોતાનો માર્ગ સાફ કરવા તટસ્થ દેશો ઉપર ધસારો લઈ જાય છે. આ યુદ્ધમાં નીતિશાસ્ત્ર કે કાયદા જેવી વસ્તુ રહી નથી. જર્મનીએ નાગચૂડની પેઠે ઓચિંતા દેશો લેવાની નીતિ રાખી છે. વીજળીની ઝડપે એણે ઑસ્ટ્રિયા, ઝેકોસ્લોવાકિયા અને પોલેંડ લીધાં અને એ જ રીતે ડેન્માર્ક પણ લીધું. ભાગ ઝડપી તેનાં બંદરો કબજે કર્યાં છે. અને હવે આવતી કાલે એટલી જ ઝડપથી સ્વીડન ઉપર એ ઊતરી પડે એવો સંભવ છે. અંગ્રેજો અને ફ્રેંચો વિચાર કરે તે પહેલાં જર્મની ફટકો મારી લે છે.

શા માટે આ નવી બાજી ?

જર્મની નોર્વે અને સ્વીડનના મારફતે મોટા પ્રમાણમાં કાચી વસ્તુઓ મંગાવતું હતું અંગ્રેજોનો ઘેરો નિષ્ફળ નીવડ્યો હતો. આથી નોર્વેનાં બંદરોએ જર્મનીને માલ ન મળે તે માટે અંગ્રેજોએ આસપાસ સુરંગો પાથરવાનો નિશ્ચય કર્યો. પણ એ નિશ્ચય અમલમાં આવે તે પહેલાં તો જર્મનીએ સફળતાથી એક કિનારા પરનું ડેન્માર્ક લીધું અને સામા કિનારા પરનાં નોર્વેનાં બંદરો લીધાં. અંગ્રેજો આંખ ચોળતા રહી ગયા. એમની જાગતી ચોકી પણ ઊંઘતી સાબિત થઈ છે અને જો નોર્વે પડ્યું તો તેની પૂર્વ સરહદને અડી રહેલું સ્વીડન પણ પોતાની સ્વતંત્રતા ખોઈ બેસશે. વળી સ્વીડનના અને જર્મનીના સાગરકાંઠા નજીક અને સામસામા છે.

નાની પ્રજાઓ

યુરોપમાં બધી મળી ૩૨ નાની મોટી પ્રજાઓ છે. તેમાં અર્ધા યુરોપની જમીન તો રશિયાના હાથમાં છે અને ચોથા ભાગની જમીન હવે જર્મની પાસે થઈ ગઈ. જર્મની, ઈટાલી, ફ્રાન્સ, ગ્રેટબ્રિટન અને રશિયાની પડોશમાં આવેલી નાની પ્રજાઓની હાલત અતિશય ચિંતાતુર છે. આ લડાઈમાં એમની તટસ્થતાની કિંમત નથી. એમના વેપારધંધા છિન્નભિન્ન થઈ ગયા છે. આવી નાની પ્રજાઓમાંથી ઘણીનું વર્ણન આપણે આગળ કરી ગયા છીએ, અહીં બીજી થોડીનું વર્ણન જોઈએ.

સ્કેન્ડિનેવિયાનાં રાજ્યો

નોર્વે, ડેન્માર્ક, સ્વીડન અને ફિન્લેન્ડ સ્કેન્ડિનેવિયાનાં રાજ્યો કહેવાય છે. આ દેશોની પ્રજા યુરોપમાં

૬૦ લાખની અંદર છે. સરકાર અને સ્વાતંત્ર્યપૂજા માટે એ પ્રજાઓ જાણીતી છે પ્રજાજનો સશક્ત, બળવાન, વીર્યવાન અને જ્ઞાનવાન છે તેઓ પરસ્પર બહુ સહકારી છે દરેકેદરેક માણસ ભણેલો અને સરકારી છે આખા દેશમા સહકારી મંડળો સ્થાપી, તે મંડળોને એક જ તંત્ર નીચે આણી આ પ્રજાઓ પોતાના દેશનું સફળ અર્થશાસ્ત્ર રચવામા સમર્થ નીવડી છે એ પ્રજાઓ ભારે આત્મસંતોષી છે તેઓ બીજા દેશોને જીતી બીજાઓને ગુલામ બનાવવા ઇચ્છતી નથી, તેમ જ પોતે ગુલામ બનવા તૈયાર નથી

એમનું અર્થશાસ્ત્ર

ડેન્માર્કના લોકો પશુપાલનમાથી અને દૂધ-ઘી વેચી સુખસંપત્તિ મહાલે છે નોર્વેમા લોકો પોતાના જંગલોની પેદાશમાથી પાકી વસ્તુઓ બનાવીને જીવન શાતિમા ગુજારે છે સ્વીડનના લોકો લોઢાની કાચી વસ્તુ અને કાગળ બનાવવાનો માવો વેચીને સુખી થયા છે ફિન્લેન્ડની પ્રજા પશુપાલન કરીને અને ભુસ્તરમાથી અનેક વસ્તુઓ મેળવીને પોતાનું નભાવે છે આ ચારે પ્રજા ભારે જ્ઞાનપિપાસુ છે કોઈ પણ દેશની પ્રજા કરતા ત્યા વાચન બહોળા પ્રમાણમા થાય છે પ્રજા સાદી, સરકારી અને નેજસ્વી હોવાથી સુખી અને સંતોષી છે અને શાતિપ્રિય છે એમાની કેટલીક પોતાનુ લશ્કર પણ વિખેરી નાખેલુ પણ યુદ્ધની સ્થિતિમા એમને શસ્ત્રાસ્ત્રો સજવાની જરૂર પડી છે

સ્કેન્ડિનેવિયાનો સાગર

યુરોપના મોટા ઉત્તર સમુદ્ર સાથે સંબંધ ધરાવતો સ્કેન્ડિનેવિયાનો સાગર એના ચાર રાજ્યોના વેપારનો રાજમાર્ગ છે તેઓ જર્મની, ફ્રાન્સ અને ઇગ્લેંડ જોડે વેપારી સંબંધ બાધે છે અગ્રેજો પોતાને માટે માખણ અને માસ ડેન્માર્ક પાસેથી લે છે જર્મની લગભગ સાઠ લાખ ટન લોઢુ ખરીદે છે એમની પાસેથી દીવાસળી માટે લાકડુ, કાગળો માટે માવો બધા દેશો ખરીદે છે યુદ્ધના સાત માસ સુધી અગ્રેજો એ સાગરની મારફતે ચાલતો જર્મન વેપાર નિર્વિઘ્ને ચલાવવા દેતા હતા, પરતુ હમણા ત્યા એમણે સુરંગો પાથરવાનુ નક્કી કર્યું એટલે જર્મનીએ સાગર પર આધિપત્ય મેળવવા ડેન્માર્ક અને નોર્વેનો કબજો લેવાનું પગલુ ભર્યું. અગ્રેજોએ સાડા ચારસો માઇલ લાબી સુરંગોની જાળ પાથરી છે જર્મન એને ઉપડાવવાની તજવીજ કરશે પરતુ અગ્રેજી વિમાનો એની ચોકી કરે છે એટલે મોટા વિમાની યુદ્ધો ત્યા ચાલે છે

ડેન્માર્ક

નવી યુદ્ધભૂમિ ઉત્તર સમુદ્ર બહુ સાકડો માર્ગ છે. જર્મનીની ઉત્તરે ડેન્માર્ક અને ડેન્માર્કની પશ્ચિમેથી એ સમુદ્ર શરૂ થાય છે એની ઉત્તરે નોર્વે-સ્વીડન છે, અને પશ્ચિમે સ્કોટ્લેંડ-ઇંગ્લેંડ છે જર્મનીના આધિપત્ય નીચે જઈને ડેન્માર્કે આ યુદ્ધનુ નવુ પ્રકરણ શરૂ કર્યું છે

ડેન્માર્ક પશુપાલન માટે આખા જગતમા સર્વશ્રેષ્ઠ ગણાય છે જગતમા શ્રેષ્ઠ પશુઓ ત્યા ઊછરે છે ઇગ્લેંડ દર વર્ષે કરોડો રૂપિયાનું માખણ જે એ ઢોરોના દૂધમાથી થાય છે તે ખરીદે છે એની પૂર્વ-ઉત્તરના બાલ્ટિક સમુદ્ર છે દક્ષિણમા જર્મની છે પશ્ચિમમા ઉત્તર સમુદ્ર છે એનુ ક્ષેત્રફળ ૧૬૫૭૬ ચોરસ માઇલનુ છે કુલ વસ્તી ૩૬ લાખ માણસોની છે એમાથી પુરુષો ૧૭ા લાખ અને સ્ત્રીઓ ૧૮ા લાખ છે રાજધાની કોપેનહેગનની વસ્તી સાડા ૭ લાખની છે એનો રાજા ક્રિશ્ચિયન દસમો હાલ ૪૯ વર્ષની ઉમરનો છે આખા દેશનો મુખ્ય ધર્મ ખ્રિસ્તી પ્રોટેસ્ટંટ છે સને ૧૯૩૭મા રાજાનો રૂપેરી મહોત્સવ મોટી ધામધૂમથી ઊજવવામા આવ્યો હતો રાજાની સત્તા મર્યાદિત છે

બંધારણ

પાર્લમેન્ટ અને રાજાના હાથમા સંપૂર્ણ શાસન છે પરતુ કાયદા બનાવવાની સત્તા પાર્લમેન્ટને છે ન્યાયકોર્ટો રાજા અને પાર્લમેન્ટથી તદ્દન સ્વતંત્ર છે રાજાને યુદ્ધ જાહેર કરવાની કે સંધિઓ કરવાની સત્તા નથી પાર્લમેન્ટમા આમની સભા અને સેનેટ એવા બે વિભાગ છે. પચીસ વર્ષની વયના કોઈ

પણ સ્ત્રી-પુરુષને મતનો અધિકાર છે. દેશનાં નાણાં ઉપર આમની સભાની સત્તા છે. એ પ્રમાણે પ્રજાની મુખ્ય સત્તાવાળું આ રાજ્ય છે. એના સરળ શાસન માટે દેશના ૨૨ વિભાગ છે. દરેક ઉપર ગવર્નર નિમાય છે. લોકો ભારે ઉમંગથી પોતાના દેશનું શાસન કરે છે.

વ્યવસાય

અગાઉ ડેન્માર્ક અનાજ પેદા કરનાર દેશ હતો. અનાજના ભાવો ઓછા ઊપજવાથી એણે પશુપાલનની પ્રવૃત્તિ ૧૮૭૦થી ઉપાડી લીધી. ડેન્માર્ક જેવું ગૌપાલન જગતમાં ક્યાંય થતું નથી. પુષ્કળ દૂધ દેનારી હૃષ્ટપુષ્ટ ગાયો ડેન્માર્કમાં ઊછરે છે. ગાયો માટે નમૂનેદાર સ્વચ્છ કોઢો હોય છે. તેમને ખૂબ સાફ રાખવામાં આવે છે. ગાયને નિયત પ્રમાણમાં તોળીને ખોરાક આપે છે. ગાયોને નિયમિત ફરવા મોકલવામાં આવે છે. માંદગીમાં તેમની શાસ્ત્રીય ચિકિત્સા થાય છે. દૂધ ઓછું આપે કે દૂધમાંથી માખણ ઓછું ઊતરે તો તરત કારણની તપાસ કરી યોગ્ય ઉપાય લે છે. સરસમાં સરસ જાનવરો જ ખેડૂતો પાળે છે. ઢોરોનાં મોટાં પ્રદર્શનો અવારનવાર ભરાય છે અને તેમાં ઇનામો અપાય છે. આપણે ત્યાંની ચાર ગાયો જેટલાં દૂધ-માખણ ત્યાંની એક ગાય આપે છે. બેકારોને રાજ્ય નિભાવે છે. બાળકો અને વિધવાઓને કામ મળે તે માટે સારી ગોઠવણો છે.

સહકારી સંસ્થાઓ

ડેન્માર્કના લોકોમાં પરસ્પર ભારે વિશ્વાસ છે. દેશનો સર્વ વેપાર સહકારી ધોરણે થાય છે. હજારો સહકારી મંડળો દેશમાં સ્થપાયેલ છે. ગામડે ગામડે જાતજાતનાં સહકારી મંડળો અને સહકારી બેંકો છે. જાનવરોનાં દૂધ, માખણ, માંસ વગેરે વેચનારા મંડળો, ઘરો બાંધનારાં મંડળો, ફરનીચર પૂરું પાડનારા, વિદ્યાવૃદ્ધિ અને શિક્ષણનાં, સાંઢો પૂરા પાડનાર, વહાણો અને ખેતીનાં સાધનો પૂરાં પાડનાર એમ વિધવિધ પ્રકારનાં મંડળો છે. પરસ્પર આર્થિક રીતે જોડાયેલાં છે. મંડળોનું સર્વ કામ તેના સભ્યો જ ચલાવે છે. ગામડાંનાં મંડળો પ્રાંતનાં મંડળો અને આખા દેશનું મંડળ એમ સહકારી યોજનાથી પરસ્પર સૌ સંકળાયેલાં છે. આખા દેશનું મુખ્ય સહકારી મંડળ દેશ-પરદેશો સાથે વેપાર ચલાવે છે. દેશ આખાની આયાત અને નિકાસનો વેપાર આ મંડળોની ગૂંથણી દ્વારા ચાલે છે. જગતના કોઈ દેશ કરતાં સહકારી તત્ત્વ આ દેશમાં વધુ છે.

ખેતી

સહકારી મંડળના ઉત્તેજનથી હવે સમૂહ-ખેતી ત્યાં થાય છે. ખેડૂત જ્યાં સુધી મહેસૂલ આપે ત્યાં સુધી એને કાઢી શકાતો નથી. ડેન્માર્કમાં ૩૨।। લાખ એકરમાં અનાજ વવાય છે. ખેતી છેલ્લામાં છેલ્લી ઢબની અને શ્રેષ્ઠ સાધનોથી શાસ્ત્રીય રીતે થતી હોવાથી એકર દીઠ પાકનો સારો લાભ મળે છે. લગભગ ત્રણ લાખ ટન ઘઉં, અઢી લાખ ટન રાઈ, એક લાખ ટન જવ અને ચૌદ લાખ ટન બટેટાંની તથા અઢી લાખ ટન બીટરૂટની ખાંડ પેદા થાય છે. એ સિવાય કેટલીક જમીન ગોચરો માટે અલગ રાખેલી છે. એકંદરે ડેન્માર્કમાં પશુપાલન, ખેતી અને કારખાનાંમાં સમાન હિસ્સે પ્રજા રોકાયેલી છે. પ્રજા સુખી ગણાય.

વેપાર-ઉદ્યોગ

ડેન્માર્કનો વેપાર મુખ્યત્વે માખણ, દૂધ અને ડુક્કરનું માંસ છે. ડુક્કરોને તેઓ મોટા પ્રમાણમાં ઉછેરે છે. સને ૧૯૩૧ની મંદી વખતે દસ લાખ ડુક્કરનાં બચ્ચાંઓને દરિયામાં ડુબાડી દઈને તેમનો નાશ કરવામાં આવ્યો હતો. ડેન્માર્કમાં પાંચ લાખ ઘોડા, ૩૧ લાખ ગાયો વગેરે છે. માછલીઓનો ધંધો પણ સારો છે. લગભગ ૧૬ હજાર બોટો માછલી પકડવાનો ધંધો કરે છે. લોકો બુદ્ધિશાળી હોવાથી યંત્રો પણ બનાવે છે. ત્યાં ઉદ્યોગોનાં ૯૦ હજાર નાનાં મોટાં કારખાનાં છે, તેમાં ચાર લાખ માણસો કામ કરે છે. ૨૬ હજાર કારખાનાંઓમાં યંત્રો વાપરવામાં આવ્યાં છે. વેપાર ઘણોખરો જર્મની અને ઇંગ્લેંડ સાથે છે. સને ૧૯૩૬માં ૯૫ કરોડ રૂપિયાની કિંમતનો માલ પરદેશ ખાતે નિકાસ થયો

હતો. આમદાની માલ પણ એટલા જ મોટા પ્રમાણમાં આયાત થાય છે. એ દેશમાં- કોલસો અને તેલ જમીનમાંથી મળતાં નથી–એ આયાત કરવાં પડે છે.

વહાણવટું, રેલવે, રસ્તાઓ

ડેન્માર્ક પાસે લગભગ ૨૧૦૦ વહાણો હતાં. હવે તો એ બધાં જર્મનીના કબજામાં આવી ગયાં છે. એના વહાણવટામાં સાત લાખ ટનની સ્ટીમરો અને બાકીનાં વહાણો હતાં. ૩૫ લાખની વસ્તીવાળા આ દેશ પાસે ૪૦ કરોડની હિંદી પ્રજા કરતાં વધુ મોટું વહાણવટું છે. ડેન્માર્કમાં ૪૮૦૦ માઈલની રેલવે છે, અર્ધી રેલવે સરકારી માલિકીની છે.

આર્થિક વ્યવસ્થા

ડેન્માર્કની પેદાશ લગભગ ૩૯ કરોડ ક્રોનરની* છે. મોટે ભાગે પેદાશ સીધા કરોથી વસૂલ કરાય છે. ડેન્માર્કની સરકાર પોતાની પેદાશનો પોણો ભાગ લોકહિતને માટે વાપરતી હતી. ખેતી, બેકારોને મદદ, વૃદ્ધો અને અપંગોને સહાય, મફત શિક્ષણ, બાળકોનું પાલન એવાં મોટાં ખર્ચો રાજ્ય ઉપાડે છે. દેશ મૂડીવાદી છે છતાં મિલકતની વ્યવસ્થા મોટે ભાગે સમાન ધોરણે છે. બેકારી ઘણી ઓછી છે.

સૈન્ય

આ દેશની પ્રજા પ્રત્યે સર્વે દેશોની એટલી બધી સહાનુભૂતિ હતી કે તેણે લશ્કર રાખવું બિલકુલ બંધ કર્યું હતું માત્ર પોલીસથી જ કામ નિભાવવામાં આવતું. પરંતુ યુરોપનો ગંભીર મામલો જોઈ એમણે સૈન્ય રાખવું પડ્યું છે. પ્રજાને ફરજિયાત લશ્કરી તાલીમ મળી છે એટલે દરેક યુવકને સૈન્યમાં ફરજિયાત ભરતી કરી શકાય છે. એનું સૈન્ય ૧૪ હજારનું ચાલુ રાખવામાં આવ્યું હતું. પરંતુ યુદ્ધ વખતે એક લાખ યુવકો એકત્ર થઈ શકે તેવી વ્યવસ્થા હતી. ડેન્માર્કે ૧૫૦ વિમાનો પણ એકઠાં કરી રાખ્યાં હતાં. દસથી બાર સબમરિનો અને થોડી વિનાશિકાઓ હતી.

શિક્ષણની વ્યવસ્થા

લશ્કરી શિક્ષણ દરેકને ફરજિયાત છે તેમ જ શાળાશિક્ષણ પણ ૧૯૧૪થી દરેકને માટે ફરજિયાત છે. શિક્ષણ મફત અપાય છે. બાળકો આનંદથી ભણે છે. ૯૭ ટકા પ્રજા ભણેલી છે. આવા નાના દેશમાં પાંચ હજાર પ્રાથમિક શાળાઓ છે. વિદ્યાર્થી–વિદ્યાર્થિનિઓની સંખ્યા લગભગ ૫ લાખની છે. હાઈસ્કૂલો અને કૉલેજોની વ્યવસ્થા પણ વિસ્તૃત પ્રમાણમાં છે. ખેતી અને પશુપાલનની શિક્ષણસંસ્થાઓની ગોઠવણ પણ મોટા પાયા પર છે. પ્રજામાં વાંચનરસ ઘણો છે. જ્ઞાન મેળવવા માટે આખી પ્રજા ખૂબ ઉત્સાહી છે.

Folk High Schools–'જનશિક્ષણ વિદ્યાલયો ' એ આ દેશની એક ભારે સુંદર અને વિલક્ષણ લોકકલ્યાણની શિક્ષણસંસ્થાઓ છે. લગભગ એક સો વરસથી આ પ્રવૃત્તિ ત્યાં ચાલે છે. લોકસેવકો ગામડાંઓમાં બહુ જ સાદાઈ અને થોડા ખર્ચથી આ સંસ્થાઓ ચલાવે છે. જુવાનો પાસે જુદા જુદા વિષયો પર શિક્ષકો ત્યાગવૃત્તિથી ભાષણો આપે છે. દરેક પ્રજાજન અક્ષરજ્ઞાન ધરાવતો હોઈ ભાષણો સમજવામાં તેમને મુશ્કેલી નથી પડતી. ભૂગોળ, ઇતિહાસ, રસાયણ, વિદ્યુત, અર્થશાસ્ત્ર–એવા એવા ગંભીર અને અભ્યાસજન્ય વિષયો લેવાય છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે જ રહે છે. પરસ્પર સુંદર સહકાર હોય છે. પ્રજાએ જ આ સંસ્થાઓ ઊભી કરીને આખા ડેન્માર્કમાં પાથરી દીધી છે. રાજ્ય એને ખૂબ મદદ કરે છે.

જર્મનીને જિતાયેલ દેશોના લાભ

ડેન્માર્કની સામેના કિનારા પરનાં નૉર્વે અને સ્વીડન પાસેના સાંકડા સાગરમાંનો જર્મન વેપાર બ્રિટન અટકાવી શક્યું નહોતું જર્મનીને સૈન્યને માટે લોખંડ અને બીજી વસ્તુઓની જરૂર હતી એટલે ડેન્માર્કને લીધા પછી તેણે નૉર્વેનાં બંદરો લીધાં. ડેન્માર્કના કિનારા આગળથી તે હવાઈ હલ્લાઓ કરી શકશે. નૉર્વેમાં વધુ સૈન્ય ઉતારવા માટે જર્મનીએ વિમાનોનો ઉપયોગ કરવા માંડ્યો છે. નાના સમુદ્રમાં

---

* ૧૮ ક્રોનર=લગભગ એક પૌંડ
૧ ક્રોનર=લગભગ ૦॥ રૂપિયો

જર્મનીએ સુરંગો અને વિમાનોની એવી ગોઠવણ કરી છે કે અંગ્રેજી કાફલો અંદર જઈને જર્મનીના વ્યવહારને અટકાવી શકયો નથી. નોર્વે જર્મનીના હાથમાં આવશે તો અંગ્રેજોનાં વેપાર, વહાણવટા અને બંદરો ઉપર આક્રમણ સફળ બનશે.

જો બાલ્ટિક રાજ્યોમાં સંપ હોત તો જર્મની આટલી હદે જવાની હિંમત ન કરત. ફિન્લેન્ડની આફત વખતે બાલ્ટિક રાજ્યો સ્વીડન, નોર્વે, ડેન્માર્કના રાજ્યકર્તાઓએ એકત્ર થઈને પરસ્પર લશ્કરી મદદ આપવાનો વિચાર કર્યો હતો, પણ જર્મની અને રશિયાની લાલ આંખથી ડરી જઈને તેઓ સંકટ સમયે એક બીજાને મદદ કરી શકયાં નહિ. ફિન્લેન્ડ ખોખરું થયું, ડેન્માર્ક થયું અને નોર્વે ઘેરાયું છે. આવતી કાલે સ્વીડન ઝડપાશે. જર્મનીની વ્યવસ્થાશકિત ઊંચા પ્રકારની હોઈ કબજે કરેલ દેશમાંથી પોતાને જોઈતા પદાર્થો તુરત જ ઊંચા પ્રકારનાં યંત્રો લગાડી ખેંચી શકે છે. અને જો જિતાયેલ પ્રજા એમના શાસનથી અસહકાર આદરે તો તેમને માટે જીવવું મુશ્કેલ થઈ પડે.

જિતાયેલ દેશની આર્થિક વ્યવસ્થા જર્મની પોતાનાં સાધનો ને નીતિને અનુકૂળ બનાવી દે છે. ઝેકોસ્લોવેકિયામાંથી મોટા જથ્થામાં સોનું અને ઉદ્યોગોનાં કારખાનાં મળ્યાં છે. જગતનું હથિયારો બનાવવાનું શ્રેષ્ઠ કારખાનું સ્કોડા વર્કસ મળ્યું છે. તે સિવાય એની રેલવેઓ, ખાણો, સ્ટીમરો પણ મોટા જથ્થમાં મળે છે. પોલેંડ પાસેથી કોલસાની મોટી ખાણો મળી છે. યુદ્ધની સામગ્રી પણ પુષ્કળ મળી છે. પાડોશી નાનાં રાજ્યોને ડરાવીને એમનો વેપાર પોતાના અંકુશ નીચે લાવે છે. ડેન્માર્કમાંથી ખાદ્યસામગ્રી મોટા પ્રમાણમાં મેળવશે. નોર્વે અને સ્વીડનમાંથી લોઢાની પુષ્કળ ખાણો મેળવશે. જર્મનીનો પ્રદેશ વધે છે, તેની જવાબદારીઓ તે સાથે જ વધે છે, બળ વધે છે અને કાર્યક્ષેત્ર વિસ્તાર પામે છે. અને ઇંગ્લેંડ અને ફ્રાન્સને જીત મેળવવાના પ્રયત્નો વધુ જોરથી કરવાના.

ઇંગ્લેંડનો ભય

અંગ્રેજોને જર્મનીના આ પગલાથી મોટો ભય એ લાગ્યો છે કે નોર્વેની સરહદ બ્રિટનના એક ભાગ સ્કોટલેંડની પાસે છે. વિમાની આક્રમણનો તે ભોગ થઈ પડે તેમ છે. વળી જર્મનીએ ડેન્માર્ક અને નોર્વેનાં હજારો વહાણોનો કબજો લીધો છે. અંગ્રેજોનો ઉત્તર સમુદ્રમાં મોટો વેપાર છે તેને પણ આથી મોટો ધક્કો લાગે, એટલે ઇંગ્લેંડે ત્યાં પોતાનું મોટું નૌકાબળ અજમાવવા માંડયું છે. બંનેની મનવારોને મોટું નુકસાન પહોંચ્યું છે. હજારો વિમાનો ત્યાં યુદ્ધમાં ઊતર્યાં છે. સંભવ છે કે આ યુદ્ધ લંબાય. ઇંગ્લેંડના મિત્રોએ જમીનમાર્ગે નોર્વેમાં મદદ મોકલી છે. જર્મનીને દરિયાઈ લડાઈમાં મોટું નુકસાન ગયું છે, પણ તેને નોર્વે–ડેન્માર્કનાં સાધનો મળી ગયાં છે.

ઇંગ્લેંડ, જર્મનીએ નોર્વે ઉપર આક્રમણ કરવામાં ભૂલ કરી છે એમ કહે છે, તેઓ જર્મનીને એ સાગરમાંથી છેક જ ઉખેડી નાખવા કટિબદ્ધ થયાં છે. નોર્વેમાં એણે પોતાનું સૈન્ય મોકલ્યું છે. નોર્વેનો પાર્વતીય પ્રદેશ રક્ષણની વ્યૂહરચના માટે યોગ્ય છે.

પણ જર્મનીએ પણ ચારે તરફ દરિયામાં સુરંગો પાથરી મજબૂત કિલ્લેબંદી કરી છે. અંગ્રેજી વિમાનોનાં આક્રમણ છતાં રેલવેનો કબજો જર્મની પાસે હોવાથી તેઓ માલની લઈ આવ-જા કરી શકે છે. ઇંગ્લેંડ લાખોનું સૈન્ય નોર્વેની ભૂમિ ઉપર ઉતારવા માગે છે પણ જર્મન સબમરિનો, સુરંગો અને હવાઈ આક્રમણો નીચે તેઓ કેવી રીતે એ કરી શકશે તે કલ્પનાતીત છે. અંગ્રેજી મનવારોના કાફલાએ પણ બહુ સંભાળપૂર્વક કામ કરવાનું છે. સ્કેન્ડિનેવિયાના નાનકડા સાગરમાં તેને હરવાફરવાનો અવકાશ નથી. હજી સુધી નોર્વેના લોકોએ જર્મનીના આક્રમણને રોકી રાખ્યું છે, પણ એમને તરત મદદ મળવી જોઈએ. બીજી તરફ જર્મની પણ પોતાનું લશ્કર છૂટથી ઉતારી શકતું નથી. આ ચિહ્નો એવાં છે કે નોર્વેનો ઘેરો લંબાય. ઇંગ્લેંડ પોતાની શકય તેટલી પેરવીઓ નોર્વેમાં મદદ મોકલવાની કરે છે.

હવેનું યુદ્ધ

અંગ્રેજોની સ્થિતિ વધુ વિષમ બનવાથી હવે તે

છુ, બાજુસાથે લટકુ છુ, બાંય વિનાનું ટૂંકડુ પહેરણ પહેરું છુ, ઇત્યાદી જોજો ક્યાય બીજે આ વાત ન કરતા, નહિ તો આપણા સમાજને ઓળખો છો ને? બીઓ ઉપર ચોકી બહુ કડક હોય છે''

"ભાળ્યો તમારો સમાજ, આગ તો ખાસડે ઊડે, ખાસડે "

"અરે વાહ ! પુરુષની પેઠે ખાસડુ પહેરો છો ખરા? સારુ થયુ કે તમને મારા રજનીભાઈ મળ્યા નહિ તો . ?"

પણ મારા રજનીભાઈ'ની પત્ની મારી મંદાકિની'ભાભી' બનવાને બદલે નારી મંદુ'બેન' બની ગઈ

એમને ઘેર જઈને બારણામાથી હું બૂમ મારતો "આ પો છુ હા કે મંદુબેન!"

"એ ને ચાલ્યા આવો સીધા રમોડામા કાન સાજની તમારી ગહ જોતી ગતની ખીચડી રાખી મેલી છે ભિખારણે કેટલી માગી તોય ન આપી" મંદુબેન બોલતા અને એમ હસી હસીને બેવડ થઈ જતા

"મંદુ!" રજની કહેતો, 'લે, આ તારો ભાઈ ભાઈ ભાઈ તુ કહે છે, એને તો કઈ તારી પડી નથી આબુ સુધી ફરી આવ્યો પૂછ તો ખરી, તારે માટે રમડી કેટલી લાવ્યો ?"

જેવો રજની તેવો જ હું સાવ બાઘો ખબર જ ન પડે કે બહારગામ ગયા હોઈએ, તેમાયે ખાસ સ્થળે ગયા હોઈએ, ત્યારે ત્યાની વખણાતી ચીજ સાથે લાવવી પડે હું ઢોબીનો પડી જઉ પણ મંદાકિની મને બચાવી લે એ રજનીને કહે "તમે આબુ ફરી ગયા છો કે નહિ? કોઈ તો આબુ ગયા હશે ને? પૂછો તો ખરા, એમાથી કેટના જણુ ગ્વડી ઘેર લાવ્યા છે? તમે તો કહેશો, 'દેલવાડાનાં દેરા બહુ વખણાય એય ખિસ્સામા નાખીને સાથે લેતા આવવુ ખરુ! કોલેજમા ગયા ખરા ને, એટલે બુદ્ધિનો વિકાસ તો એટલો થયો કે બિચારુ મગજ એને પોતાનામા સમાવી શકે એમ ન રહ્યુ, એટલે એને ત્યાથી વિદાય લેવી પડી"

"કમાલ! કમાલ!" હુ તાળીઓ પાડી ઊઠતો અને રજનીનો ઢોબીના પડવાનો વારો આવતો

રજનીને અહીની એક શાળામા શિક્ષકની જગ્યા મળી હતી શાળા તરફથી એને વકેશનમા ખાસ વર્ગો લેવાના મળ્યા હતા અગિયાર વાગે એ ઘેરથી નીકળી જાય. વર્ગો લે, નવા પત્રકો બનાવે, શાળાના નવા વર્ષની યોજનાઓ વિચારવા માટે બીજા શિક્ષકો સાથે બેસવુ પડે, સાજે છુટ્ટી થાય. હુ હતો નફકરો ઉનાળાનુ લાબુ વેકેશન, કઈ જ કામ નહિ અને એથી જ મંદાકિની બે જણની રસોઈ કરવી, કપડા અને વાસણ ધોવા-એમાં એને કેટલી વાર લાગે? સાજે ચૂલો ફરીને પાય વાગ્યા પછી સળગાવવાનો હોય બને નફકરાઓએ દોરતી જમાવી

મંદાકિની ક્યારેક અમારે ત્યા આવતી, પણ મોટે ભાગે તો હુ જ એને ત્યા પહેલો જઈ પહોચ્યો હોઉ ઠઠ્ઠા-મશ્કરી અને ગમ્મતમા સાજ પહેલી પડી જતી રજનીને આવવાનો વખત થાય એટલે એ ચૂનો ચેતાવતી, એટલે હુ ઊઠવાનુ કરતો એ જોઈ એ હસીને કહેતી, "નકામો ડોળ શા સારુ કરો છો? ભાઈને ખબર છે કે સગડી તૈયાર થઈ છે એટલે કંઈક 'ઝટ થાય એવુ' બનાવીને ખવડાવ્યા વિના તો હુ જવા દઉ નહિ, ભાઈનેય ખાવાની ગરજ તો પૂરી હોય, પણ કલા વિના બેસ તો ભૂખડી બારશ કહેવાય એટલે જવાનો ડોળ કરે છે. હવે થવા દો મને ખાતરી કે તમે ભૂખડી બારશ નથી અને અહીથી પેટમાં કઈ નાખ્યા વિના જઈ શકો છો '.

દેખીતુ જ છે કે મારે આ વાક્યો પછી બેસી જ જવુ પડતુ, અને એ મેણુ મારતી, "હુ જાણતી જ હોઉ, જનમથીજ ભૂખડ.'

હસવા સિવાય બીજો એક પણ ઉચ્ચાર મારા મોમાંથી નીકળી શકતો નહિ.

અને રજની આવે ત્યા તો સરસ ગરમ ડીશ તૈયાર થઈ ગઈ રજની કહે, "મને મારુ માથુ પકવવા બહાર ધકેલે છે અને ભાઈબેન પાછળથી

ટેસડાં ઉડાવે છે. આ તો 'ઘરનાં છોકરાંને' નહિ પણ પંડને જ ઘંટી ચાટવાની રહે છે."

મંદુ! મંદુ! શા માટે આવી તું મારા જીવનમાં? કોણ હતી તું? કેવા સંજોગોમાં મેં તને જોઈ હતી? તું એ જ રહી હોત, એ જ રૂમઝૂમ રૂમઝૂમ કરતી માથે બેડું લઈ ચાલતી અને એ જ સ્ત્રી રહી હોત, કે જેની સામે હું છાની નજરે આંખો માંડી રહેતો, તો આજે મારી આ દશા ન હોત. શા માટે તું મારા રજનીભાઈની પત્ની બનીને આવી? શા માટે તું મારી મંદુબેન બનીને આવી! મંદુબેન બનીને આવીને—આવી તો આવી પણ પાછી આ રીતે ચાલી જઈને તેં મારા જીવનને ધૂળધાણી કરી નાખ્યું.

લોકો મને પરણવાનું કહે છે, બા મને પરણવાનું કહે છે-પણ હું કેવી રીતે પરણું? મંદુ, તું બેન જ છો, હૃદયથી બેન જ છો, પણ આવી બેન? ભાઈને પરણવા ન દે એવી બેન? મંદુ, શા માટે તું બેન બનીને આ જાન – અરે, બેનવાળાઓ પણ ક્યાં નથી પરણતા? ખબર નથી પડતી કે તું કયા પ્રકારની બેન છે? નથી પરણી શકતા કોણ? જેના હૃદયમાં કોઈ અપ્રાપ્ય પ્રિયાએ સ્થાન લઈ લીધું હોય. ભલે તું એ અપ્રાપ્ય પ્રિયા જેવી હો, પણ બેન જ છો.

વાત હવે ટૂંકી છે. જીવનને જેણે ટૂંકાવી નાખ્યું તે એક મામૂલી વાણીને ટૂંકાવી નાખે તેમાં નવાઈ શી?

મંદાકિની માંદી પડી. માંદગીમાં તવાઈને મંદાકિની ચાલી ગઈ. રજનીએ માથાં પછાડ્યાં, સૌએ એ જોયું. મેં ય માથું પછાડ્યું-પણ મારા ઘરને છાને ખૂણે.

રજની અહીંથી ચાલ્યો ગયો.

હું એકલો પડ્યો. પણ તદ્દન એકલો થઈ ગયો. બાએ કહ્યું, "હેમંત, બેટા, તારા જીવને અસુખ થાય છે, મારી પાસે મન મોકળું કરી શકતો નથી, તો શા માટે ના પાડે છે? કન્યા રૂપાળી છે, સુશીલ છે, ભણેલી છે, શું વાંધો છે?" અને મારી નજર સામી બારી તરફ જતી. હું કહેતો, "એ વાત ન કર, બા! નહિ બને મારાથી." અને હું ઊઠીને બહાર ચાલ્યો જતો.

સંસ્કૃત નાટકોમાં વિદૂષકનું સ્થાન

"ચન્દ્રિક"

સંસ્કૃત નાટકોના વિદૂષકના પાત્રનાં કેટલાંક તત્ત્વો બીજી ભાષામાં રચાયેલાં નાટકોમાં પણ જણાય છે. આંગ્લ નાટકનાં મૂર્ખ પાત્રોની સાથે વિદૂષકનું સરખાપણું નથી. સંસ્કૃત નાટકોનું વિદૂષકનું પાત્ર વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવે છે. રાજાને માટે રાજકવિ, રાજવૈદ્ય, રાજજ્યોતિષી, રાજગવૈયો એ સર્વની પેઠે વિદૂષકની આવશ્યક્તા અનિવાર્ય છે એમ સંસ્કૃત નાટ્યકારો સ્વીકારતા.

આંગ્લ નાટકોના રંગલાની પેઠે વિદૂષકનું કાર્ય પણ મુખ્ય પાત્રને રાજી રાખવાનું હોય છે. પણ વિદૂષકનું પાત્ર વધુ ખાનદાન અને વધુ કેળવણી પામેલ હોય છે. સામાન્ય માન્યતા એ પ્રકારની છે કે વિદૂષક એટલે બેવકૂફ અને મંદ બુદ્ધિવાળું પાત્ર. એ ખરું છે કે વિદૂષક મૂર્ખાઈભર્યા પાઠ ભજવવાનો ઢોંગ કરે છે, પણ તે સાથે તે ગૂંચવણભર્યા સવાલો પૂછી શકે છે, જુદા જુદા પાઠ સફળતાપૂર્વક ભજવી શકે છે અને પોતાના માલિકને મદદ કરવા અવનવી યુક્તિઓ શોધી શકે છે.

રાજાની માનીતી વ્યક્તિ તરીકે તે કોઈ પણ પ્રસંગના સંકોચ વગર રાજમહેલમાં કોઈ પણ સ્થળે, રાણીવાસમાં પણ, જઈ શકે છે, અને પોતાની બેનમૂન મશ્કરીઓથી રાણીઓને તેમ તેમની સાથે નિવાસ કરનાર સર્વને આનંદ પમાડે છે. શેક્સપિયરનાં નાટકોમાં મૂર્ખ પાત્ર (Clown)ને તેના માલિક સાથે કોઈ પણ પ્રકારનો વર્તાવ કરવાની છૂટ હોય છે અને તે છૂટ નિભાવી લેવાના કારણે અન્ય નાટકોમાં ઘણી રસવત્તભરી પરિસ્થિતિ ઉત્પન્ન થતી જણાય છે પણ સંસ્કૃત નાટકોમાં તેમ બનતું નથી. સાર્વજનિક તેમ મહત્તાભરી ખાનગી રાજનીતિની નિસંકોચ જવાબદારી ઉઠાવનાર વિદૂષક વિશ્વાસપાત્ર હોય છે. અન્ય નાટકોમાં તેમના માલિકની ગુપ્ત વાતોમાં ભાગ લેવાનો અધિકાર મૂર્ખ પાત્રોને હોતો નથી. પછીથી સર્જાયેલા સાહિત્યમાં વિદૂષકના પડછા રૂપે રાજકુમારો સાથે મશ્કરી કરતાં મૂર્ખ પાત્રો સર્જાયાં છે, પણ તે ગરીબ પ્રતિબિંબમાં નિર્માલ્ય જણાય છે. કલ્પિત પરિસ્થિતિને જીવન્ત સ્વરૂપ આપવાના હેતુથી તેમ જ દર્શાવાતાં રાજવી દશ્યોને જ્વલન્ત જ્યોતિરૂપ વાતાવરણ નિપજાવવાને માટે ઘણા આગળ પડતા સંસ્કૃત નાટ્યકારોએ પોતાના નાટકોમાં વિદૂષકની યોજના કરી છે.

કવિવર કાલીદાસે *મધ્યાવસ્થામાં રચેલ અભિજ્ઞાન શાકુન્તલ નાટકનો વિદૂષક, માઢવ્ય, સંસ્કૃત નાટકોના પ્રમુખ વિદૂષકોમાં ભાત પાડે છે. માઢવ્યનું વ્યક્તિત્વ અનોખું હોઈ ધ્યાન આપવા લાયક છે. મૃગયાવ્યસની રાજા દુષ્યન્તની સોબતમાં હેરાન થઈ નિસાસા નાખતો વિદૂષક નાટકના બીજા અંકમાં વાચકની નજરે પડે છે. નૃપતિના મૃગયામાર્ગમાં સાથ આપવાની વૃત્તિ નહિ હોવાથી તે પક્ષઘાતથી પીડાવાનો ઢોંગ કરીને રાજાને છેતરે છે. ખાવાપીવામાં પૂરેપૂરો પ્રવીણ હોવા છતાં અને તે વિષયમાં મોટમોટા બ્રાહ્મણોની હરોળમાં બેસી શકે તેવો હોવા છતાં તે તદ્દન બુદ્ધિહીન નથી. શકુન્તલાના સૌન્દર્યથી દુષ્યન્ત આકર્ષાયો છે એવી તીવ્ર આશંકા તે ધરાવે છે. મુનિકન્યાને પરણવાની આકાંક્ષા ધરાવનાર પુરુકુળના રાજવીને પ્રથમ તો તે ઠીક ઠીક ઠપકો આપે છે. શકુન્તલાના શરીરસૌન્દર્યનો મોહ એ જ તેના આકર્ષણનું કારણ છે એમ પણ માઢવ્ય દુષ્યન્તને જણાવી દે છે. છતાં દુષ્યન્તના શકુન્તલા પ્રત્યેના આન્તરિક પ્રેમની ગંધ તેને નથી આવતી. દરમિયાન રાજમાતા તરફથી ઉપવાસના પારણા અર્થે રાજધાનીમાં પધારવાનું આમંત્રણ કરભક લાવે છે. શકુન્તલાના સંસર્ગને ઝંખતો રાજા વિદૂષક માઢવ્યને પોતાને બદલે મોકલવાની ઇચ્છા દર્શાવે છે. સ્વાભાવિક રીતે બીકણ સ્વભાવનો માઢવ્ય રાજધાનીમાં પાછા ફરવાની વાત આનંદથી ઝડપે છે. રાજાની સાથે આવેલા તમામ રસાલાને ત્યારે પોતાની સાથે જ આવવાનું છે એમ સાંભળે છે ત્યારે તેની અહન્તાને પોષણ મળે છે અને તે પોતાને રસાલાથી વીંટળાઈને આવતો યુવરાજ ગણી અભિમાનથી ફુલાય છે. નીકળવાને તૈયાર થતા વિદૂષકને રાજા ઊભો ભણાવે છે —

'રાજા—(સ્વગત) આ ભાઈ ધાડમેડિયા છે. અમારી અભિલાષાની વાત રાણીઓમાં કહી પણ દે. વારુ એને આમ કહું.

—(વિદૂષકનો હાથ ઝાલીને તેને) વયસ્ય! હું આશ્રમમાં જાઉં છું તે ઋષિકાર્યના ગૌરવને લીધે જ. ખરેખર કહું છું કે તાપસકન્યાની મને ઇચ્છા નથી. કેમકે—,

મૃગલાં સહ ઊછરેલ એ
સરવા ક્યાં, વળી મિત્ર, ક્યાં અમે?

* કાશીવિદ્યાસુધાનિધિમાં મહાકવિ કાલીદાસના ગ્રન્થોની યાદી નીચે પ્રમાણે આપી છે.

	ખંડકાવ્ય	મહાકાવ્ય	નાટક
પૂર્વાવસ્થામાં	ઋતુસંહાર	કુમારસંભવ	માલવિકાગ્નિમિત્ર
મધ્યાવસ્થામાં	મેઘદૂત	રઘુવંશ	શાકુન્તલ
ઉત્તરાવસ્થામાં	રાક્ષસકાવ્ય	નળોદય	વિક્રમોર્વશીય

- કરી વાત બનાવી હાસ્યમાં
સમજું છો, ગણુશો ન સત્યમાં."*

આ આખી ય ઘટનાને એક ઉપજાવી કાઢેલી વાર્તા સમજીને થાકથી કંટાળેલો માઢવ્ય તેને મનમાંથી દૂર કરે છે. રાજા અને શકુન્તલાના મિલનની, ગન્ધર્વલગ્નની અને શકુન્તલાના તિરસ્કારની યાદ તેને નથી થતી. રાજાની યાદદાસ્ત ભુંસાઈ ગયેલી જાણ્યા છતાં તે યાદદાસ્તને તાજી કરવા પ્રયત્ન કરવાનું તે મુનાસબ નથી માનતો. શકુન્તલાના ચિત્રને નિહાળી રહેલ રાજવીની રાણી વસુમતીના આગમનથી ઉત્પન્ન થતી મૂંઝવણ વિદૂષક પોતાની ચાલાકીથી દૂર કરે છે. શચીપતિ ઈન્દ્રના આમંત્રણથી દુષ્યન્ત રવાના થાય છે ત્યાં વિદૂષકનું પાત્ર અદશ્ય થાય છે.

એકંદર રીતે વિદૂષક માઢવ્ય, બીકણ અને બીજી કેટલીક કઢંગી રીતભાતવાળો હોવા છતાં, રાજા દુષ્યન્તના એક વફાદાર મિત્ર તરીકેનો પોતાનો ભાગ બેનમૂન સુંદરતાથી ભજવી જાય છે. રાજાને દુઃખકર્તા શોકગ્રસ્ત સમયમાં તેનું મનરંજન કરવાના અવિરત પ્રયત્નો તે આદરે છે અને રાજાને સદા ય આનંદમગ્ન જોવા તલસે છે. ગમે તે પ્રસંગે રાજાની સાથે જ રહેવું એવી બેહૂદી મનોવાંચ્છના તે નથી ધરાવતો. જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે પોતાની શક્તિ અનુસાર તે રાજાની સોબતમાં એક વફાદાર સેવક તરીકે રહ્યો છે. રાજવીના મનતરંગોને સમજી બનતાં સુધી તેને અનુકૂળ વર્તન કરવા માઢવ્ય સદા ય તૈયાર રહે છે. તેનાં મૂર્ખાઈભર્યાં પ્રહસનોમાં અસભ્યતા કે નિર્લજતાનો અંશ પણ નથી એ વિદૂષકના પાત્રની મહત્તા છે. રાજાનું મનરંજન કરનાર માઢવ્ય રાજાના દુર્ગુણ કે અનીતિમય વર્તનનો સોબતી નથી. પણ તે નિર્દોષ ગમ્મત પૂરી પાડે છે, આખા ય અભિજ્ઞાનશાકુન્તલ નાટકના વાંચન પછી વિદૂષક માઢવ્ય નિષ્કપટી અને રાજાની મળતી કૃપાથી સંતોષ પામી સુખચેનમાં જીવન ગાળતો રાજાનો વિશ્વાસુ મિત્ર છે એ જ મત આપણે દર્શાવી શકીએ.

મહાકવિ કાલીદાસના વિક્રમોર્વશીય નાટકનો વિદૂષક મણુવક, તેના નામ પ્રમાણે ઓછી બુદ્ધિ ધરાવતો હોવાનું જણાય છે. ઉર્વશી સાથેના પુરૂરવા રાજાના પ્રેમપ્રસંગથી તે માહિતગાર થાય છે, પણ એ માહિતી પચાવી રાખવા જેટલી શક્તિ તેણે કેળવી નથી. તેની ઓછી બુદ્ધિના કારણે તે રાજાનું ગુપ્ત રહસ્ય ખુલ્લું કરી દેશે એમ જાણી રાજાનું રહસ્ય જાણવા મથતી ઔશીનરી રાણી પોતાની દાસીને વિદૂષક પાસે મોકલે છે. દાસી ચતુરાઈથી રાજાનું ગુપ્ત રહસ્ય જાણી લે છે અને રાણીને જણાવે છે. તેનું બધું લક્ષ મનગમતી મીઠાઈ ખાવામાં જ પરોવાયેલું હોય છે. ગમે તેવા કરુણ પ્રસંગે પણ તેને ભોજનનો સ્વાદ યાદ આવે છે. ઉર્વશીના વિયોગથી સંતાપ પામતો રાજવી જ્યારે મનના સાંત્વનનો ઉપાય પૂછે છે ત્યારે મણુવક જવાબ આપે છે: 'ચાલ રસોડામાં, ત્યાં પંચવિધ ભોજનની સામગ્રી ચાલતી હશે, તે જોયાથી મનની ઉત્કંઠા દૂર થશે." ઉર્વશીએ અદષ્ટ રહીને લખી મોકલેલું ભોજપત્ર વિદૂષક બેદરકારીથી ગુમાવે છે. પવનના પ્રતાપે તે તેના હાથમાંથી ઊડી જાય છે. તેની કાળજી રાખવાની તેને પરવા નથી. રાજાને જ્યારે યાદ આવે છે ત્યારે તે તેની શોધ કરવા ફરે છે. એ શોધ કરવાની પદ્ધત પણ અનેરી બતાવે છે. મર્કટના જેવો તેનો દેખાવ અને વર્તન સારા ય નાટકમાં નજરે પડે છે. વિયોગી પુરૂરવાને કોઈ પણ રીતે સાંત્વન આપી શકતો નથી, તેમ બીજા કોઈ પ્રસંગે પુરૂરવાને ઉપયોગી કૃત્ય કરવામાં સહાયભૂત પણ નીવડતો નથી. તેની નિષ્કાળજીના પ્રતાપે દાસી તેની પાસેથી વાત જાણી જાય છે અને અપ્સરાનું લખેલું ભોજપત્ર ઊડી જઈ રાણીના હાથમાં આવે છે. એ સિવાય બીજી મહત્ત્વની બાબતમાં ભાગ લેતો તેને નાટકમાં દર્શાવવામાં આવ્યો નથી. વખતોવખત તે રાજવીને હાસ્યાસ્પદ પ્રસંગોમાં મૂકે છે છતાં છેવટ સુધી મણુવકનું પાત્ર કાયમ રાખવામાં આવેલ છે, કારણ કે દરેક અંકે કંઈક ને કંઈક તેની જરૂર જણાય છે.

---

* શ્રી. બ. ક. ઠાકોર કૃત અભિજ્ઞાનશાકુન્તલ નાટક, અંક ૨.

શ્રી હર્ષદેવ વિરચિત રત્નાવલિ નાટિકામાં રાજા ઉદયનનો વિદૂષક, વસંતક, રાજવીની સાન્નિધ્યમાં જ જણાય છે મદનોત્સવના મનોરમ પ્રસંગો વિવિધ રીતે દર્શાવી તે રાજાને હર્ષથી પ્રફુલ્લ બનાવે છે ચર્ચરી[1] કે દ્વિપદીખંડ[2]નો તફાવત સમજવાની સહજ પણ પરવા કર્યા સિવાય મદનિકા અને ચૂતલતિકા નામની વાસવદત્તાની ચેટીઓ સાથે ટીખળ કરવાની લાલચ તે રોકી શકતો નથી દેખાવમાં તે એવા વિચિત્ર પ્રકારનો માનવી છે કે બંધન તોડીને નાસતા કપિરાજના ભયથી ત્રસ્ત થયેલી સાગરિકા તેને જ વાનર માની ભયભીત બની જાય છે ત્યારે સુસંગતા જણાવે છે કે તે તો વાનર નહિ પણ મહારાજાનો વિદૂષક વસન્તક છે ત્યારે તે ઉત્કંઠાથી બોલે છે ' સખી સુસંગતા ! આ માણસ જોવા જેવો છે " સાગરિકાના પ્રેમને વર્ણવતી સારિકા (મેના) તેના અકારણ ખડખડાટ હસવાથી બીને ઊડી જાય છે પ્રેમથી વિહ્વળ થયેલી સાગરિકાએ દોરેલા વત્સરાજના ચિત્ર સાથે સુસંગતાએ ઉમેરેલા સાગરિકાના ચિત્રથી સંયુક્ત ચિત્રપટ ફરતા વસન્તકને મળે છે તેને નિહાળી —તેના ઉપર લાંબુ વિવેચન કરી રાજા તે ચિત્રપટ વસન્તકને સોંપે છે પણ તે કંઈક અંશે ધાંધિયો અને અણઘડ છે નવમાલિકા કુસુમિત થઈ છે એમ જાણતા જ તે આનંદથી કુદાઈ જાય છે અને એ આનંદના ઉછાળામાં જ ચિત્રપટ નીચે પાડી નાખે છે આમ રાજાનું ગુપ્ત રહસ્ય વાસવદત્તાની જાણમાં લાવવામાં તે અણધારી રીતે કારણભૂત બને છે વત્સરાજ અને સાગરિકાના મેળાપ માટે તે ગોઠવણ કરે છે પણ વાસવદત્તા અને કાન્ચનમાલાના વેશમાં આવનાર સાગરિકાને સુસંગતાને બદલે સાચા વાસવદત્તા અને કાન્ચનમાલાને તે રાજા સમક્ષ રજૂ કરે છે પહેરવેશના સરખાપણાને પરિણામે આ ગંભીર ભૂલ નીપજે છે રાજા પણ તેની જ ભૂલનો ભોગ બને છે રાણીની શિક્ષાના કારણે વસન્તક બંધાય છે પણ છૂટી થતા જ પેટમાં પડેલા મોદકને સંભાળી ખુશમિજાજમાં રાજાને મળવાનો વિચાર કરે છે પોતાના વરસને રાજી રાખવાની ખાતર સાગરિકાની રત્નમાળા તે કંઠમાં ધારણ કરે છે, પણ સાગરિકા ઉમદા કુટુંબની કન્યા હોવી જોઈએ એવો ખ્યાલ પણ તેને આવતો નથી ઐન્દ્રજાલિકની માયાથી દેખાતા અગ્નિના તાણ્ડવનૃત્યમાં વિદૂષક રાજાની સુખાકારી માટે ચિન્તામગ્ન બને છે સાગરિકાનું રહસ્ય પ્રગટ થયા પછી તે રત્નમાળા તેને સ્વાધીન કરે છે વસન્તક ખરેખર એક રમૂજી પાત્ર છે તેના ખડખડાટ હાસ્ય અને નિરંકુશ ધાંધિયાપણાથી કેટલીક વખત તે છબરડા વાળે છે પણ તેના આનંદી નચિન્ત અને મધુર સ્વભાવથી તે એટલી અદ્ભુતતાપૂર્વક ખીલી ઊઠે છે કે તેની સમજણની ખામી છુપાઈ જાય છે

કવિકુલગુરુ કાલીદાસના માલવિકાગ્નિમિત્ર નાટકનો વિદૂષક, ગૌતમ, પણ સ્વાભાવિક રીતે ધ્યાન ખેંચે એવી કુશળતાપૂર્વક પોતાનું કાર્ય બજાવે છે જો કે મહાકવિ કાલીદાસે આ નાટક તેમની પૂર્વાવસ્થામાં રચ્યું છે છતાં તે સંસ્કૃત નાટકોમાં અગ્ર સ્થાન ધરાવી શકે એટલું અદ્ભુત અવશ્ય છે આ નાટકનો વિદૂષક, ગૌતમ, રાજા અગ્નિમિત્રનો પૂર્ણ વિશ્વાસપાત્ર

---

૧ चर्चरीसंज्ञो गीतिविशेष ।

द्रुतमध्यलय समाश्रिता पतति प्रसभरागी यदि ।
प्रतिमण्ठकरासकेन वा द्रुतमध्या प्रक्रमा हि चर्चरी ॥

ચર્ચરી રાગ એ એક જાતની ગીતિ છે વૃક્ષના સૂકા પાદડા—વિશેષ કરીને તાડના પાદડાને મસળતા જે ચર્ચર અવાજ થાય છે તેવા ધ્વનિવાળા કાવ્યોને ચર્ચરી રાગવાળું કાવ્ય કહેવાય છે ચર્ચરી રાગમાં દ્રુત અને મધ્ય એવા બે લય હોય છે, અને તે રંગ નથી પ્રેમાવેગથી ગાય છે વળી દુઃખથી કે શોકની લાગણીથી પ્રિયજનને સંભારવામાં આવતા જે ભાવ આપણામાં ઉત્પન્ન થાય છે તે જ ભાવ ચર્ચરી રાગમાં દૃશ્ય થાય છે તદુપરાંત, ચર્ચરી રાગ ગાતાં તાલ અને ભાવ પ્રમાણે હાવભાવ પણ કરવામાં આવે છે

૨ દ્વિપદીખંડ–બે પદવાળી ગીતિનો એક પ્રકાર છે આ ગીતિને ચાર ચરણો હોય છે અને તેમાં તેર કલા સમાઈ છે ભરતનાટ્યશાસ્ત્રમાં તેનાં લક્ષણો આમ ગણાવ્યાં છે–

भवद्द्विपदिका गीतिर्भरतेन प्रकीर्तिता ।
भवेच्चतुर्भिश्चरणैस्त्रयोदशकलात्मिका ॥

છે. ખાસ કરીને માલવિકાના મિલન માટે તેમ તેની યોજનાઓ માટે રાજા પોતાનો બધો ભાર ગૌતમ ઉપર ઢાલવતો જણાય છે. અગ્નિમિત્રની બીજી રાણી ઈરાવતીને ગૌતમનું વર્તન અરુચિકર નીવડે છે. પોતાના મિલનના સમયે જ માલવિકા સાથે રાજાને પ્રેમાલાપ કરતો સાંભળી તે ઈર્ષ્યાથી ક્રોધાન્વિત બને છે અને ગૌતમને માટે તિરસ્કારયુક્ત શબ્દો વાપરે છે.

ગૌતમનો હાસ્યરસ અતિ સુંદર અને ઉચ્ચ કક્ષાનો નથી. માલવિકાનું ચિત્ર નિહાળ્યા પછી રાજા પોતાના વિરહવ્યાધિના સાંત્વન અર્થે ગૌતમની મદદ માગે છે. ગૌતમ, ગણદાસ અને હરદત્ત એ બે નાટ્યાચાર્યો વચ્ચે વિખવાદ ઉત્પન્ન કરે છે. તેનો હેતુ એક જ હોય છે: રાજાને માલવિકાનું દર્શન થાય તેવો પ્રસંગ ઊભો કરવો. તેનો હેતુ બર આવે છે. બન્ને નાટ્યાચાર્યોની પરીક્ષાનાં બહાને માલવિકાનું સંગીત અને નાચ તેમની સમક્ષ થાય છે. આછાં વસ્ત્રોમાંથી નીતરતા માલવિકાના શરીરસૌન્દર્યના પાનની રાજાને વધુ તક મળે તે માટે ગૌતમ આડીઅવળી વાતચીતમાં વખત ગાળે છે. તેનો સ્વભાવ ખટપટિયો જણાય છે. રાણીનો પગ મચકોડાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરીને અશોકવૃક્ષનું દોહદ પૂર્ણ કરવા માલવિકાને તક મળે અને તે રીતે રાજા અને માલવિકાનું મિલન થાય એવી ગોઠવણ તે માલવિકાની સખી બકુલાવલિકા સાથે કરે છે પણ ક્રોધભરી ઈરાવતીના આગમનથી આ મિલનની મધુરતા અદૃશ્ય થઈ જાય છે અને ધૂર્ત વિદૂષકની સહાયથી જ આ કાવતું રચાયેલું એમ ઈરાવતી સમજી જાય છે.

કોઈ પણ પ્રકારના સંકટને વિદારી નાખવા જેટલી બુદ્ધિ ગૌતમ ધરાવે છે. માલવિકા નજરે પડતાં જ રાજા તેને માટે તલપાપડ થઈ જશે એવી માન્યતા ધરાવતી અગ્નિમિત્રની પટ્ટરાણી ધારિણી, માલવિકા અને તેની સખી બકુલાવલિકાને કેદ કરે છે. પણ વિદૂષક તેને હંફાવે છે. પોતાને સર્પદંશ થયાના બહાને પટ્ટરાણીની સર્પમુદ્રિકા મેળવી તે બતાવીને માલવિકા અને તેની સખીને બંધનમુક્ત કરે છે. સર્પમુદ્રિકા બતાવ્યા છતાં જ્યારે કેદખાનાના રક્ષકની આનાકાની સાંભળે છે ત્યારે તે તુરત જ બંદિવાનોની મુક્તિ સંબંધમાં રાજ્યલક્ષ્મીની નૂતન ઉપજાવી કાઢેલી વાર્તા રજૂ કરે છે. છતાં ય રાજા સિવાયનો બીજો પરિવાર તેને માટે ઉત્તમ મત ધરાવતો નથી. તેનામાં નબળાઈ પણ છે. પ્રમદવનની નજીકમાં તે જ્યારે બેઠો બેઠો ઝોકાં ખાતો હોય છે ત્યારે રાણી ઈરાવતીની દાસી નિપુણિકા તેને 'બજારના સાંઢ' ની સાથે સરખાવે છે. નિપુણિકાની વાંકી લાકડીથી ગભરાઈ જઈ તેને સર્પ માનીને તે ઝબકી ઊઠે છે. કુદરતી સૌન્દર્યનાં આકર્ષણ તેને પણ આંજી શકે છે. અશોક–પુષ્પથી તે આકર્ષાય છે. વિદૂષક ગૌતમ ખુશામતખોર પણ જણાય છે. માલવિકાની રાની અગ્નિમિત્રને સુપ્રત કરતી રાણી ધારિણી ઈર્ષ્યાયુક્ત છે તે જાણ્યા છતાં વિદૂષક રાણીને અભિનંદન આપે છે. ગમે તે પ્રસંગે તે હાસ્ય રેલાવે છે. માલવિકાની સુપ્રત કરતાં શરમાતા રાજાને ધારિણી રાણી ટકોર કરે છે ત્યારે પણ તે વચમાં બોલે છે: "નવો વર હોય તે લજવાય. લોકમાં એવી જ ચાલ છે." પોતાના રાજાની શાન્તિને માટે ગમે તેવા વિકટ સંજોગો વચ્ચે પણ માર્ગ કાઢવો એ સ્વીકૃત સૂત્ર તેને અનોખી શોભા અર્પે છે.

સંસ્કૃત નાટકોમાં હાસ્યરસ, મુખ્યત્વે, વિદૂષકના પાત્રથી રજૂ કરવામાં આવે છે. રાણીઓ અને રાજકન્યાઓની સખીઓ દ્વારા પણ કેટલોક હાસ્યરસ જમાવવાનો પ્રયત્ન થયો છે, પણ તે ગૌણ છે. ઘણું કરીને વિદૂષક હાસ્ય ઉપજાવે છે. તેનો દેખાવ, પોશાક અને મશ્કરીયુક્ત વાક્યોના પ્રભાવથી તે અદ્ભુત હાસ્ય ઉત્પન્ન કરે છે. સંસ્કૃત નાટ્યકારો શિષ્ટાચારના અતિ શોખીન હતા. સભ્યતાના સિદ્ધાન્તોની વિરુદ્ધનું તેમનું લખાણ ભાગ્યે જ હોય છે, પણ તેમણે વિદૂષકને થોડીક છૂટ આપી છે. બુદ્ધિમાં ઊતરતો હોવા છતાં રાજાનો માનીતો હોવાથી તેને કેટલાક હક્કો આપમેળે મળે છે. છતાં ય તેને નીતિનિયમની મર્યાદા ઓળંગવાની સંપૂર્ણ છૂટ આપવામાં નથી આવી. આંગ્લ નાટ્યકારના મૂર્ખ પાત્રની પેઠે વિદૂષકનું પાત્ર શબ્દોની સાઠમારીના હેતુથી રજૂ કરવામાં નથી આવતું. વિદૂષક આળસુ, ગપ્પાંદાકો કે

પતગજીખોર તેમ લામી લાગી વાતોમા વખત ગાળવાનું કાર્ય કરનાર નથી આગ્લ નાટ્યકારોના ઠેકાણા વગરના કાવ્યો ગાતા, કજિયો કરતાં કે ગીતનો ટેવટનો ભાગ ઉપાડી રમૂજ કરવાનો પ્રયત્ન કરતા મૂર્ખ પાત્રો અને સંસ્કૃત નાટ્યકારોના વિદૂષક વચ્ચે ખૂબ તફાવત છે. ખરી રીતે વિદૂષક એટલે ખુશામતખોર ખધી વ્યક્તિ, અને એ રીતે સંસ્કૃત નાટકોની રચનાના નિયમને વશ રહીને જમાવી શકાય એટલો ઉત્તમ હાસ્યરસ રજૂ કરવો એ જ વિદૂષકનું મુખ્ય કર્તવ્ય.

માતાજી સાથે વાર્તાલાપ*

શ્રી. અંબાલાલ પુરાણી

[શ્રી અરવિંદ આશ્રમની સઘળી આતર અને બહાર વ્યવસ્થા જેમના હાથમા છે તે શ્રી માતાજીના નામથી બહારના લોકો પરિચિત નથી આ વાર્તાલાપો કુલ્લે ૧૫ છે અને તે કેટલાક વિદેશી અને હિંદી શિષ્યો સાથે થયેલી વાતચીત રજૂ કરે છે મૂળ અંગ્રેજી અને ફ્રેંચ પુસ્તક ૧૯૩૩મા પ્રગટ કરવામા આવ્યું હતું પરંતુ તે બધા ગ્રામ પર ન પુસ્તકની નકલો વેચવમા આવતી ન હતી જિજ્ઞાસુઓને તે ઉપહાર તરીકે એમ ને એમ આપવામા આવતી અર્થાત્ પુસ્તક સામાન્ય જનતા માટે નહિ પરંતુ જિજ્ઞાસાના વિશિષ્ટ અધિકારવાળી વ્યક્તિઓ માટે છપાવ્યું હતું આટલો ઉપોદ્ઘાત એટલા માટે કરવો યોગ્ય લાગ્યો કે આ પુસ્તકમા આપવામા આવેલું જ્ઞાન એક દૃષ્ટિએ સામાન્ય જનતા માટે નથી એ વાત સ્પષ્ટ થાય

અને છતા સાત વર્ષને અંતે એ પુસ્તકનો અનુવાદ પ્રગટ કરવાની પરવાનગી શ્રી માતાજી તરફથી આપવામા આવી છે તે એ હેતુથી કે મૂળ ભાષામા પ્રગટ થયેલ પુસ્તકથી સાચા જિજ્ઞાસુઓ વંચિત રહે એ બનવાજોગ છે, પરંતુ તે ભાષાઓ ન જાણનારાઓને તો એ પુસ્તકનો બિલકુલ જ લાભ ન મળે એ પરિસ્થિતિ દૂર થાય આશા છે કે શ્રી માતાજીની અનુમતિથી કરવામા આવેલ આ અનુવાદનો લાભ જિજ્ઞાસુઓ અને સામાન્ય વાચકો પણ લેશે પરવાનગી આપીને શ્રી માતાજીએ પોતે કરેલા અનંત ઉપકારોમા એકનો વધારો કર્યો છે પુસ્તક શ્રી અરવિંદ કાર્યાલય અમદાવાદ તરફથી છપાશે]

વાર્તાલાપ ૧ લો

પ્રશ્ન—યોગસાધના વિષે અમને કાંઈક કહો

તમે યોગસાધના શા માટે કરવા માગો છો? શક્તિ પ્રાપ્ત કરવા માટે? અક્ષુબ્ધતા અને શાન્તિ મેળવવા માટે? માનવજાતિનો ઉદ્ધાર કરવા માટે?

જો તમારો હેતુ એમાનો કોઈ હશે તો તેટલા ઉપરથી તમે આ માર્ગ માટે લાયક છો, અધિકારી છો એમ કંઈ નિશ્ચિત થતુ નથી તમારે ઉત્તર આપવાનો છે તે ખરો પ્રશ્ન તો આ છે

'તમે ભગવાનના પ્રેમને ખાતર યોગસાધના કરવા માગો છો? ભગવાનને તમારા જીવનના અંતિમ લક્ષ તરીકે તમે સ્વીકારો છો? અને તે પણ તેના વિના તમે રહી શકો તેમ નથી એટલે સુધી તમને તેની ધગશ લાગી છે? તમારા ખુદ જીવનનો હેતુ એક માત્ર ભગવાન છે? અને તેના વિના તમને જીવન નિરર્થક—અસાર લાગે છે?" જો એ પ્રમાણે લાગતુ હોય, અને એમ લાગતું હોય તો જ, યોગસાધના માટે તમે અધિકારી છો એમ કહી શકાય

એટલે પ્રથમ જરૂરિયાત છે ભગવાનને પ્રાપ્ત કરવાની ધગશની—અભીપ્સાની ત્યારપછી તમારે એ અભીપ્સાને સભાળવાની છે, સદા જાગ્રત રાખવાની છે, જીવંત બનાવવાની છે એને માટે શુ જોઈએ? એકાગ્રતા—એટલે કે ભગવાનના ઉપર અંતઃકરણની એકાગ્રતા એવી એકાગ્રતાના ફળ તરીકે જીવનમા

* થોડા સમયમા પ્રસિદ્ધ થનાર પુસ્તકમાથી

ભગવાનની દિવ્ય તપઃશક્તિને તથા તેના હેતુઓને જીવનમાં સિદ્ધ કરવા માટે સંપૂર્ણ અને અનન્ય આત્મસમર્પણ થઈ શકે છે.

તમારી ચેતનાને તમારા હૃદયના કેન્દ્રમાં એકાગ્ર કરો. તમારા હૃદયની અંદર ઊતરો, એમાં જેટલા અંદર જવાય તેટલા ઊંડા ઊતરો, જ્યાં સુધી જઈ શકો ત્યાં સુધી તેમાં ડૂબકી મારો. તમારા ચૈતન્યની ક્રિયાના જે તાંતણાઓ અંતરમાંથી ચારે બાજુ પ્રસરી રહ્યા છે તે સર્વને એકત્ર કરો અને પછી તમારા અંતરાત્માની નીરવતામાં ભૂસકો મારો-તેમાં ડૂબી જાઓ.

ત્યાં, અંતરના ઊંડાણની ગહન શાન્તિમાં અગ્નિ ચેતે છે: તમારા અંતરમાં રહેલો ભગવાનનો દિવ્ય અંશ તે છે, એ તમારી સાચી સત્-તા છે. તેનો સાદ સાંભળો. તેની પ્રેરણાને અનુસરો.

ચેતનાની એકાગ્રતા (ધ્યાન) કરવા માટે બીજાં કેન્દ્રો પણ છે. ઉદાહરણ તરીકે મસ્તકની ટોચ ઉપર તથા ભ્રૂકુટીની વચ્ચે. દરેક કેન્દ્રની પોતાની જુદી જુદી શક્તિ હોય છે અને તેની એકાગ્રતાનું પરિણામ -ફળ-પણ જુદું જુદું હોય છે. પરંતુ અંતરાત્માનુ-ચૈત્યપુરુષનું કેન્દ્ર હૃદય છે તથા ત્યાંથી માનવ-ચૈતન્યની મુખ્ય ક્રિયાઓ, સર્વે ક્રિયાશીલતા, પ્રકૃતિનું રૂપાંતર કરવાની પ્રેરણા તથા સાક્ષાત્કાર કરવાની શક્તિ જન્મે છે.

પ્રશ્ન:—યોગસાધના કરવા માટે અધિકારી થવું હોય તેણે શું કરવું જોઈએ ?

પ્રથમ તો તેણે સચેતન-ચૈતન્યમાં જાગ્રત-થવું જોઈએ. અત્યારે આપણા અંતઃકરણના અતિક્ષુદ્ર અને મર્યાદિત અંશ વિષે આપણે સચેતન છીએ; તેના બાકીના ઘણા મોટા અંશ વિષે આપણે અજ્ઞાન-અચેતન છીએ. એ અચેતનતા-જડતા-આપણને અજ્ઞાનભરી પ્રકૃતિ જોડે બાંધી રાખે છે, અને તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કે તેનું રૂપાંતર થવા દેતી નથી. અચેતનતાના છિદ્રમાં થઈને ભગવદ્-વિરોધી શક્તિઓ આપણામાં પ્રવેશ કરે છે અને આપણને પોતાના ગુલામ બનાવે છે.

તમારી જાતને વિષે તમારે સચેતન થવું જોઈએ, તમારી પ્રકૃતિ વિષે તથા તમારી ગતિ અને ક્રિયાઓ પ્રત્યે તમારે જાગ્રત રહેવું જોઈએ. તમે શા માટે અને કેવી રીતે ક્રિયામાં પ્રવૃત્ત થાઓ છો, શા માટે અને કેવી રીતે તમને વસ્તુઓનું ભાન થાય છે, શા માટે અને કેવી રીતે તમે વિચાર કરો છો તે તમારે જાણવું જોઈએ. કયો ઉદ્દેશ, કઈ પ્રેરણા, કઈ ગુપ્ત વા પ્રગટ શક્તિ તમને ક્રિયામાં યોજે છે તે તમારે જાણવું જોઈએ. ખરું જોતાં તમારા ચિત્તના એકેએક અંગને યંત્રના એકેએક ભાગની પેઠે તમારે છૂટું પાડવું જોઈએ.

એક વાર તમે સચેતન થયા એટલે તમે વિવેક કરી શકશો, સાચું જૂઠું પારખી શકશો, કઈ શક્તિઓ તમને અધોમાર્ગે ખેંચી રહી છે અને કઈ તમને ઊર્ધ્વમાર્ગમાં સહાયક છે તે પણ તમે જાણી શકશો. સાચા-જૂઠાનો, ઇષ્ટ અને વર્જ્યનો, ભેદ એક વાર તમારા જાણવામાં આવે, દૈવી અને અદૈવી-આસુરી-શક્તિનો ભેદ તમે પારખો એટલે તો એકનિષ્ઠ થઈને તમારા જ્ઞાનનો ઉપયોગ તમારે કરવો જ જોઈએ. એટલે કે દૃઢચિત્તે સત્યનો સ્વીકાર અને અસત્યનો ઈન્કાર-નિરાદર-કરવો જોઈએ.

દિવ્ય અને અદિવ્ય-આસુરી, સત્ય અને મિથ્યા વગેરેનાં જોડકાં ડગલે ને પગલે તમારી સાધનામાં આગળ આવીને ઊભાં રહેશે અને દરેક પગલે તમારે પસંદગી કરવી પડશે. તમારે આ માર્ગમાં ધીર, ખંતીલા અને જાગ્રત-સાધકો કહે છે તેમ "સદા અંતઃ'-રહેવું જોઈએ. ભગવાનની દિવ્ય શક્તિ અને તેની વિરોધી અદિવ્ય શક્તિઓ એ બેના ઝઘડામાં અદિવ્ય કે અવિદ્યા શક્તિઓને તમારે લેશ પણ તક આપવી નહિ.

પ્રશ્ન:—"યોગસાધના માનવજાતિને ખાતર કરવાની છે?"

ના, સાધના ભગવાનને ખાતર કરવાની છે. માનવજાતિનું કલ્યાણ નહિ પરંતુ ભગવાનનો આવિર્ભાવ કરવાને આપણે પ્રયત્ન કરીએ છીએ. આપણે અહીં-પાર્થિવ લોકમાં-ભગવાનની તપઃશક્તિનો સાક્ષાત્કાર કરવા માટે છીએ, અથવા વધારે સાચી

રીતે કહેતા, ભગવાનની દિવ્ય તપશક્તિ આપણી અંદર કાર્ય કરી પોતાનો સાક્ષાત્કાર કરે જેથી કરીને ક્રમે ક્રમે પરિસ્ફુટ થનાર પ્રગતિશીલ આવિર્ભાવ થવામા અને પૃથ્વી ઉપર તેનુ સામ્રાજ્ય સ્થાપન કરવામા આપણે તેના કરણરૂપ બનીએ માનવજાતિનો જે ભાગ ભગવાનના સાદને સાભળશે, તેનો સ્વીકાર કરશે તે જ ભગવદ્-કૃપા-પ્રસાદ પ્રાપ્ત કરશે

વળી સીધેસીધી સાક્ષાત્ રૂપે નહિ, તોપણ ગૌણ રીતે પણ માનવજાતિને આ યોગસાધનાથી લાભ થશે કે નહિ તેનો આધાર માનવજાતિની પોતાની સ્થિતિ ઉપર રહ્યો છે વર્તમાન સ્થિતિ જોતા તો બહુ આશા હોય એમ દેખાતુ નથી

માનવજાતિના પ્રતિનિધિનું-એટલે કે સામાન્ય માનવનુ, વલણ કેવુ હોય છે ? સાચેસાચી દિવ્યતાનો અશ જેનામા હોય તેવી કોઈ પણ વ્યક્તિનો કે વસ્તુનો સપર્ક થતા તે ગુસ્સે થઈ અને તેની વિરુદ્ધ બળવો કરી ઊઠતો નથી વારુ ? ભગવાનનો વિજય એટલે માનવે અત્યાર સુધી પોતાની વહાલી ગણેલી સઘળી પૂજાનો, પોતાના અતિપ્રિય અધિકારોનો સપૂર્ણ વિનાશ, એ વાત શુ તે સમજતો નથી વારુ ? ભગવાનનો જે ઉદ્દેશ છે અને જેને માટે તેની દિવ્ય તપશક્તિ કાર્ય કરી રહી છે તેનો ઘસીને ઇન્કાર કરીને તેની સામે માનવ સતત પ્રતિવાદ કરતો નથી વારુ ? ભગવાનના આવિર્ભાવને પરિણામે માનવજાતિ લેશ પણ લાભ ઉઠાવવા માગતી હોય તો તેનામા ઘણું ઘણું રૂપાતર થવાની જરૂર છે

પ્રશ્ન —આપણે સઘળા અહી એકઠા મળ્યા છીએ તેનો અર્થ શો છે ?

આપણે સઘળા પૂર્વે અનેક જન્મોમા એકઠા મળ્યા છીએ નહિ તો આ જીવનમાં આપણે ભેગા થાત નહિ આપણે સઘળા એક કુટુબના છીએ અને પાર્થિવ ભૂમિકા ઉપર ભગવાનનો આવિર્ભાવ અને તેનો વિજય સ્થાપન કરવા માટે આપણે યુગોયુગ કાર્ય કરેલુ છે

કાળિયો

શ્રી સુરેન્દ્રપ્રસાદ ત્રિપાઠી

પોતાના નામ અને કામને સાથે રાખનારા દુનિયામા વિરલ જ હોય છે કાળિયો એ વિરલમાંનો એક છે ફુગ્ગળીશા ડોળાને નાકની દાડી સામે જ નહિ પણ ચારે તરફ ચક્કર ચક્કર ફેરવતો, ઉતાવળે ડગલા ભરતો નહિ પણ છલાગો મારતો, મણથી ત્રણ સુધીનો ભર્યો ભર્યો કોલસાનો કોથળો પીઠ પર રમાડતો રાયપુરને રસ્તે દોટમદોટ દોડ્યે જતો એક વાર તમે એને જુઓ એટલે બે ખભા પર બે માણસને બેસાડીને ટેકરી ચઢતા ખાભરની દતકથા સાભળીને તમને જરા ય અચબો નહિ લાગે કોલસાથી આખુ અગ અને કપડા કાળામેશ ભર્યા હોય અને એવી રીતે એ દોડ્યો જતો હોય ત્યારે કોઈ બૂમ મારે 'કાળિયા—' એટલે તમે કાળિયાને ન ઓળખતા હો તોપણ જાણી જાઓ કે બોલાવનાર એને જ બોલાવતો હશે

કાળિયો મૂળ તો ધોળકાનો પણ ધોળકા નામ સાભળે જ એને ચીડ છે ગમે તેવા ભૂખડુ જનમ ધરીને ખેતર પણ ન હોય છતા, બાપદાદાના ગામનું નામ પડે અને કોઈ પણ માણસની છાતી ગર્વથી ફુલાય પણ કાળિયાની પાસે ધોળકાનુ નામ આવે છે અને એ ઊકળી ઊઠે છે જર તો નહિ, પણ જમીન અને જોરુ આપનાર એ જનમભોમકાની પણ એ મો ભરીને નિંદા કરવા બેસી જાય છે જ્યારે એને આ શેઠે નોકરીમા પ્રથમ રાખ્યો ત્યારે એને એનું

વતન પૂછ્યું. કાળિયો તરત બોલી ઊઠ્યો, "ગામનું તો નામ જ ન પૂછો, શેઠ! સટમફ્ખીલો, નાતજાત, ખેતરપાધર, બૈરાંછોકરાં ઈ બધું ય ન્યાં રિયું, એટલે ગામ ધ્રાંગધ્રા કહેવાય જ નાં? પણ ધ્રાંગધ્રાએ દીધું શું? હતુ એટલું ય ઝૂંટવી લીધું છે, અને હવે બધું ન્યાં ને ન્યાં મૂકીને અમદાવાદ જેટલે છેટે પેટ ભરવા આવવું પડ્યું છે."

દેશી રજવાડાની તો વાતો જ જુદી છે. કાળિયાને માથે ધ્રાંગધ્રામાં શું વીત્યું હશે તે તો ખબર નથી, પણ અમદાવાદમાં કાળિયો આવ્યો ત્યારથી મનમાં ધારીને આવ્યો છે કે એક વાર આંહીં પગભર થઈ જાઉં, ઘરને આંહીં બોલાવી લઉં, પછી મરું ત્યાં સુધી ધ્રાંગધ્રા સામું ન જોઉં.

કાળિયાને એવો જ રોષ છે 'દાનવીરો' ઉપર. 'ઈ લખેશરીઓને હું ઓળખું છું.' સંભવ છે કે કોઈ પૈસાદારની રહેમ-નજરને લીધે જ કાળિયાને ઘરની ખેતી મૂકી આંહીં અમદાવાદમાં કોલસાની મજૂરી કરવા આવવું પડ્યુ હોય! એ કોઈની અનુકંપા લેતો નથી. માટે જ બે પૈસાનું ચાનું કોડિયું પાઈ ને એની ઉપર દાનવીર કર્ણની છાપ પાડવા મથના કેટલાયના પ્રયત્નોને એણે ભોંઠા પાડ્યા છે.

પ્રથમ એની વાચાળતા અને પછી ગંડાયેલા તગડા શરીર અને ત્રીજી કામ ની ચપળતા—એમ એની ત્રિવિધ શક્તિ પર મુગ્ધ થઈને એના શેઠે એને નોકરીમાં 'કાયમ' કર્યો. રાયપુર દરવાજા બહારની કોલસાની દુકાનમાં એ નોકરી જ કરે છે, છતાં આઠે પહોર એ દુકાનમાં ને દુકાનમાં રહે છે, કેમ કે ધ્રાંગધ્રાથી પૂંજીમાં એ માત્ર હાથ પગ ને હૈયું જ લાવ્યો છે. એટલે દિવસના બાર કલાક શેઠ કહે એને ત્યાં કોલસા મૂકી આવવાની ફરજિયાત, ને રાત્રે બાર કલાક દુકાન સાચવવાને બહાને દુકાનમાં સૂઈ રહેવાની મરજિયાત નોકરી કરતો હોઈ ચોવીસે કલાક એ દુકાન પર જ હોય છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એમ કરવાની પાછળ એનો હેતુ તો ઘરભાડું બચાવવાનો જ છે. વળી સાંજ પડ્યે ઉઘરાણીનો બોજ પણ પોતાના માથે ઉઠાવી લઈ કાળિયો એના શેઠને નચિંતપણે ગાદીતકિયે પગ લંબાવી એમની દુંદને સલામત રાખવાની સગવડ કરી આપે છે. માત્ર અભણ છે—ખાસ તો નામું લખવાની બાબતમાં—બાકી આમ ૭ ગુજરાતી તો એણે ઉથલાવી નાંખી છે જ—એટલે નછૂટકે નામું લખીને બાકીની બધી જવાબદારી એના શેઠ કાળિયા ઉપર છોડે છે અને કાળિયો એક સેનાપતિની અદાથી એ બધી યે જવાબદારીઓને પહોંચી વળે છે. એ જોઈને એના શેઠ 'ફુલ તબિયત'થી કાળિયાને દર મહિને રૂપિયા બાવીસ પગાર પેટે આપે છે.

પગાર મળ્યો કે કાળિયાનું પહેલું કામ વતનમાં રહેતી પોતાની મા અને નવી પરણેતર પર રૂપિયા દસનો મનીઑર્ડર કરવાનું હોય છે. બાકીના બાર રૂપિયામાંથી કાળિયો પોતાનો નિભાવ કોઈ નિષ્ણાત અર્થશાસ્ત્રીની ઢબે કરે છે.

સાખેસાખ રહેતા અને રમકડાં ને કાજુદ્રાક્ષની ફેરીનો ધંધો કરી ખાતા બોટાદના બે ભાણેખપતા જુવાનો સાથે કાળિયાને ઠીક બને છે, એટલે એમને ત્યાં જ કાળિયાએ પોતાની જમવાની સગવડ કરી લીધી છે. એટલું સારું છે કે એ લોકો કાળિયાની જેમ માત્ર હાથ પગ ને હૈયું નહિ પણ બીજા કેટલાકની જેમ ટોપલીમાં તો ઘરવખરી લાવ્યા જ છે. એટલે ત્રણ જણની ઓછામાં ઓછી જરૂરિયાતપૂરતાં વાસણોથી ને માત્ર નહિ જેવી અગવડથી કાળિયાની સગવડ ત્યાં થઈ રહે છે. છતાં કાળિયા પાસે અગવડની ફરિયાદ એમણે કરી નથી કે વાસણનો ઘસારો કદી માગ્યો નથી. અને માગવા છતાં એક પાઈ પણ કાળિયો એમને પરખાવે એવો નથી એવી ખાતરી તો એમને ગળા સુધી થઈ ચૂકી છે. પરંતુ એનો એમને જરા યે રંજ નથી. કારણ કે વીસ રૂપિયાને ખર્ચે લૉજમાંથી આવતાં બે ભાણાં ત્રણ પેટ માટે પૂરતાં થઈ રહેવાનો લાભ કાંઈ ઓછો નથી, અને આઠ આનાનો ઘસારો મેળવી રૂપિયા પાંચ-છના ખાડામાં ઊતરવા એ લોકો જરા પણ તૈયાર નથી. એટલે મને-કમને પડ્યું પાનું નભાવી લેવાની વૃત્તિથી

નહિ પરંતુ સાચા દિલના સદ્ભાગ્યીને એક મુત્સદ્દીની ગીરદથી એ લોકો કાળિયાને જળોની જેમ વળગી રહ્યા છે અને કાળિયો પણ દમને નમને સાતમા જ પેટ ભરાતું હોઈ એ લોકોને એટલી જ મક્કમ રીતે વળગી રહ્યો છે માળિયાની આ કુનેહની કદર કરતાં, કાળિયાના શેઠે એક વાર પ્રશંસાના પુષ્પ વેરતા કાળિયાને જુવાની ઉપમા આપેલી ત્યારે તદ્દન ઠંડે કલેજે શેઠના શબ્દો રોકડી રીતે પાછા આપતા કાળિયાએ કહેલું કે, "શેઠ બાપ! પેટને ખાતર તો જુવા યે થાવું પડે ને જળો યે થાવું પડે દુનિયામાં પેટ છે ઈ સૌ જુવા જ છે ના? પણ મૂડીદારોની ચૂસણુનીતિ અમ સરખા જુવા કને કદીય નેથી જાણી છે બાપા! ઈ તો હાથ મોંને રાખે તો મોં હાથને રાખે. દુનિયા-માતરની આ રીત્ય છે શેઠ બાપ!"

'મૂડીદારો' અને 'ચૂસણુનીતિ' એ શબ્દોનો અનુભવ તો કાળિયાને જીવનમાં જ થયો હતો, પણ મજૂરપ્રવૃત્તિના ધામ સરખા અમદાવાદે એને એ શબ્દો બોલતા પણ શિખાડી દીધું હતું અમદાવાદમાં મજૂરો શેઠોને એ શબ્દો બહુ સારી રીતે કહી શકે છે. કાળિયાને મોઢે એ સાંભળીને શેઠ ચૂપ થઈ ગયા અને પછી એમણે કાળિયા પાસે એ વાત સંભારી નહોતી એ તો આજેય કાળિયો ગર્વપૂર્વક કહી સંભળાવે છે

પોતાની ગેરહાજરીમા માળિયાને એના શેઠે કુલ મુખત્યાર નીમ્યો હોવાથી શેઠની ગાદી પર—જો કે એ ગાદી રૂવેલ નહિ પણ તાપડાની જ બનેલ હોવા છતાં—બપોરના બારથી ચારના ધૂમ તાપના કલાકોમા કાળિયો પોતાના સ્નાયુબદ્ધ શરીરને આસાનીથી ગોઠવી દે છે, અને ઘડી ભર ક્ષણિક શેઠાઈની મોજ માણી લે છે શેઠની અવેજીમા કોને ઉધાર આપવું ને કોને નહિ એ એની મુનસફીનો પ્રશ્ન રહે છે એટલે કાળિયો પણ એ ચાર કલાક દરમિયાન રંગમાં આવીને 'પહેલે લાત, પીછે બાત'નું સૂત્ર અનુસરવા છતાં ક્યારેક ક્યારેક 'નિર્મમો નિરહંકાર' જેવી નિર્ગુણ સ્થિતિ અનુભવતો સ્વેચ્છાપૂર્વક રોકડે ને ઉધારના સોદા કર્યે જાય છે પરંતુ ચાર સાડા ચારે શેઠ આવે કે તરત એક નાજુક હાસ્ય સાથે—જાણે શેઠના આવવાની રાહ જોવાની ગંભીર જવાબદારીમાંથી મુક્ત થતો હોય એમ બતાવતો કાળિયો પોતાની જાતને ગાદી પરથી ઝડપથી ઊંચકી લઈ દુકાનના ઓટલે આવી ઊભે છે ને એ જ વખતે એના મોં પર ભયંકર તિરસ્કારના આછા તરવરાટની નહિ જેવી છાંટ ચપળતાથી સરી જતી કેટલાય કલાકાર નિરીક્ષકોએ જોઈ હોવાનું જણાયું છે પરંતુ એ તિરસ્કાર એના શેઠ પ્રત્યે છે એમ માનવાની ભૂલ કરનારને બેચાર વખતના અનુભવે એ તરત જ સમજાય છે કે કાળિયાનો એ તિરસ્કાર એના શેઠ પ્રત્યે નહિ પરંતુ શેઠની આખી સંસ્થા પ્રત્યે છે, મૂડીદારોની 'ચૂસણુનીતિ' પ્રત્યે છે અંગત રીતે એના શેઠ પ્રત્યે એને જરા યે તિરસ્કાર નથી. કદાચ શેઠ પ્રત્યેની એની વફાદારી એના વર્ગના નોકરોમા તો જરૂર ઉચ્ચતમ ગણાય, છતા જ્યારે જ્યારે એના ઘર-ગામનો એ વિચાર કરે છે ત્યારે પાઈમાંથી પૈસો પેદા કરતા એના વતનના માલેતુજાર વેપારીઓની શાહુકારી--અનીતિ એના શેઠમા પણ એને પ્રતીત થયા વિના રહેતી નથી કાપડના વેપારી, રૂના દલાલ, કરિયાણાના ગાંધી કે કોલસાની વખારોના શેઠ--બધા જ એને મન તો શરાફ લૂંટારા છે, એક માળાના જ મોતી છે ને છતા હમણાં હમણા તો એને પણ એ માળામા મોતી બની પરોવાઈ જવાનો ચસકો લાગ્યો છે એ એક હકીકત છે

પેટને ખાતર વેઠ કરતો માળિયો સત્યનો સાચો ઉપાસક હોવા છતા સંબંધીઓના ત્રાસે ને કુટુંબીઓના કલહે એને 'થાય તેવા થઈને ગામ વચ્ચે રહેતા' શીખવ્યું છે અહિંસાને અને એને ઝાઝી ઓળખાણ નથી એવી એવી ઓળખાણ માટે એ ઉત્સુક પણ નથી 'બળિયાના બે ભાગ' એ એનો જીવનમંત્ર છે 'ભૂંડાથી ભૂત નાસે' એ લોકવાયકા એણે કંઈક અંશે સાચી પાડી છે છતાં જ્યારે જ્યારે એ ભૂંડો બને છે ત્યારે સત્યની મર્યાદામાં રહેવાય એટલે અંશે રહીને જ એ ભૂંડો બને છે ધંધામા આઠે પહોર જાગતો રહેવા છતાં દુનિયાદારી માટે નિરતિશય

બેફિકરાઈ એણે કેળવી છે. અને માટે જ એનું શરીર ભલભલા અખાડિયનને પણ ઈર્ષા ઉપજાવી શકે છે. ન્યાતજાતનાં અનેક સામાજિક બંધનોનો સામનો કરતાં એને પગે ખૂબ ખૂબ પાણી ઊતર્યું છે. બાપનું બારમું ને પોતાનાં લગનના જમણવાર ન કરવા માટે એની શક્તિમતિ અનુસાર કાળિયો કૈંકવાર ઉદ્દંડ બન્યો છે ને છતાં એમાં તો એને સંપૂર્ણ નિષ્ફળતા જ વરી છે. ને તોય ચાર ચાર મહિના સુધી આખી ન્યાતમાં ચકચાર મચાવનાર--હાથીના દાંતવાળા મહારથી ન્યાતપટેલો સામે એકલે હાથે ને સર્વપ્રથમ ઝૂઝનાર તરીકે પોતાનું નામ ગણાવતાં એ આખો યે પ્રસંગ આજેય કાળિયો સખેદ-સગર્વ કહી સંભળાવે છે.

હિંદુધર્મ માટે એને માન હોવા છતા પોતાના હિંદુત્વનું ભાન એને નહિ જેવું છે, ધરમ-બરમ ઠીક મારા ભૈ! સાચો ધરમ કોણ પાળે છે? હિંદુ યે પાળતો નથી ને મુસલમાને ય પાળતા નથી. સાચો ધરમ પળાતો હોય તો હિંદુ કે મુસલમાન કોઈ જુદા નથી. પરંતુ પોતાની મર્યાદા એ જાણે છે. એનું સાંભળવા કોઈ તૈયાર નથી, ને હોય તો ય પોતે સફળ વકતા નથી એ દુઃખદ સત્ય એને કયારનું યે લાધી ચૂકયું છે.

એટલે ધર્મની બાબતમાં સમસમીને બેસી રહેતાં, કાળિયાનું ચિત્ત પહેલેથી જ એના ધંધામાં એકનિષ્ઠ બની શકયુ છે. ચોવીસે કલાકના સર્વાંગ આશ્લેષ પછી અને સાત સાત વર્ષના સહચાર પછી કોલસાની ગમે તે જાત ઓળખી કાઢવામાં આજે તો ભલભલા કોલસાના દલાલોને ય કાળિયો છક્કડ ખવડાવી શકે એમ છે. 'બાવળ' કહીને એ જ કિંમતે 'ધાવડો' પધરાવી દેતાં એને જરા યે મુશ્કેલી નડતી નથી, અને બાવળની સરખામણીમાં 'ધાવડો' જરા યે ઊતરે તેમ ન હોઈ 'ધાવડો' વાપરનારા બધા જ આંખો મીચીને 'બાવળ' વાપર્યાનો સંતોષ લઈ શકે છે એ તો એને અનુભવે જ સમજાઈ ગયુ છે. વજનમાં ભારે ને ઊંચી જાતનો મજબૂત 'ધાવડો' કયારેક એની અડફેટે ચઢી જાય છે ત્યારે 'બાવળ' અને 'ધાવડા' વચ્ચેનો ભેદ કરતાં કાળિયો પણ સહેજ અટવાય છે તો ખરો, છતાં ખરો 'બાવળ' બજારમાં મળતો હશે કે કેમ એ વિશે કાળિયો પણ એટલો જ સાશંક છે —જેટલા બીજા વેપારીઓ છે. કૈંક વેપારીઓના અનુભવે અને પોતાના પ્રયત્નોના પરિણામે આજે એટલું તો કાળિયો નક્કી કરી શકયો છે કે હજાર કામમાં આવતો બાવળ ભાગ્યે જ કોલસાના સ્વરૂપે દર્શન દે છે. એટલે બાવળનો કોઈ જિગરી આશક કવચિત બાવળના જ કોલસા મળવાનો આગ્રહ કરે છે ત્યારે કાળિયાનો સત્યનિષ્ઠ સ્વભાવ તરત જ તડ ને ફડ કહી સંભળાવે છે કે "બાવળ – ફાવળની તો વાતું જ માં કરો, શેઠ મારા! બાવળ કરતાં યે ચઢે તેવો ના હોય તો ભલે પાછો દઈ જાજો." અને પછી મૂછે વળ દેતાં દેતાં, "શે'ર આખામાં કયાં યે બાવળ મળે તો તો ડાબી મૂછ મુંડાવી નાખું શેઠ મારા!" એમ પણ કાળિયો સભાન-સગર્વ કહી સંભળાવે છે. કાળિયાના એવાં સીધાં ને મર્મભેદક વેણ સાંભળીને બાવળના કોલસાના એવા કૈંક આશકોનો મોહ નાશ પામ્યો છે અને સ્મૃતિ લાધી છે. '

પરંતુ કોલસાની ઓળખમાં કાળિયો કેવો નિષ્ણાત છે એ તો જ્યારે એના શેઠ કોલસાની ખરીદી કરવા જાય છે ત્યારે જ જણાઈ આવે છે. વેગનનાં વેગનથી ભર્યાં ભર્યાં રહેતાં અસારવાનાં કોલસાનાં ગોડાઉનમાં એના શેઠ જેવા કોલસાના ઝવેરીને મન કાળિયાની હાજરી તો કસોટીના પથ્થર સમાન છે વેપારીઓ અને દલાલોથી ઘેરાયેલા એ કાળામેશ વાતાવરણમાં કાળિયો કોઈ અનુભવસિદ્ધ દલાલની છટાથી એક પછી એક કોલસાના વિભિન્ન ઢગલાઓમાથી એક એક કોલસો ઉપાડે છે અને પછી તરત જ હલકો ને ભારે એવા ભેદ પરથી 'રાયણ' અને 'ધાવડો' અને પોચો કે કઠણ એવા ભેદ ઉપરથી 'બોરડી' અને 'મહુડો' એ શોધી કાઢે છે. આમ છતાં એમાંના શક પડતા કોલસાને બીજા વેપારીઓની જેમ કાળિયો પણ ત્યાં ને ત્યાં જ સળગાવી જુએ છે. અને સળગાવે એટલે 'ખેર'નો તડતડિયો કોલસો ચાડી ખાવાનું ચૂકતો નથી કે 'સાગ'નો હલકો કોલસો તરત જ રાખ વળીને બુઝાયા વિના રહેતો નથી. એ વાતનું પ્રત્યક્ષ અભિ-

જ્ઞાન કાળિયો એના શેઠને કરાવી શકે છે સાથોસાથ રોજની પંદર થેલાની સરેરાશ જાવક ગણીને પંદર લારીનો સોદો કરવાની સૂચના પણ એના શેઠને કાળિયો જ કરે છે અને એ રીતે એના શેઠને પખવાડિયાની નિરાત કરી આપવા ઉપરાત શેઠની નજરમા પોતાની ધંધાદારી કુનેહ માટે માન વધારવાનુ સદ્‌ભાગ્ય પણ કાળિયો ત્યાં ને ત્યા જ મેળવી લે છે

કાળિયાની દુકાને જનાર પ્રત્યેક ઘરાકને એ ભાન તો હોય છે જ—અને જો ન હોય તો એ સર્વ પ્રથમ થવુ જોઈએ છે—કે રોકડ નાણા વિના કદાચે કાળિયા પાસેથી એ લોકો માલ મેળવી ન શકે નગદ નાણાનો ઉધારિયો સોદો કરીને ઘરાકને દર પાચ-પાચ ૭–૮ ટાપા કરી ઘરાકનો ઉભરો ઘસી નાખવા કે આગણાની રેત ઝીણી કરવા એ જરાયે તૈયાર નથી, અને તૈયાર હોય તો એને ફુરસદ પણ નથી એમ કરતા જૂની ઘરાકી તૂટી જાય કે નવી ન બધાય એની એને બીક પણ નથી આમ છતા પૈસાની બાબતમા સગા બાપની પણ પરવા ન રાખનાર બટાકબોલા કાળિયા પાસે મીઠી જબાન છે અને માટે જ કાળિયાના આવ્યા પછી એની દુકાનના કાયમી ઘરાકોની નવી સખ્યા ઠીક ઠીક વધી છે અને જૂના ઘરાકો ટકી રહ્યા છે એ સત્ય એના શેઠથી ભુલાય એમ નથી એનું કારણ ભલે એની કુનેહ હોય કે વાચાળતા હોય, કે ઝડપથી કામ કરવાની એની શક્તિ હોય, પરતુ લોકો તો કહે છે કે એના જેવો પ્રમાણિક માણસ કોલસાના વેપારમા તો એમણે કોકને જ જોયો છે કદાચ ખરુ કારણ તો એ છે કે અમુક ઘરાકને અમુક જ કોલસો ગમે છે એવી માનસિક નોધ કાળિયાએ લગભગ બધા જ ઘરાક માટે કરી રાખી છે એટલે દરેક ઘરાકને જુદો જુદો પરંતુ વ્યક્તિગત રીતે એકધારો કોલસો આપવામાં આજ સુધી તો એ સપૂર્ણ સફળ નીવડ્યો છે. અને એકધારો માલ પહોચાડવાથી કોઈ પણ વેપાર પગભર બને છે ને વેપારીની પ્રતિષ્ઠા વધે છે એ સત્ય આટલાં વર્ષના અનુભવે કાળિયાને આપમેળે જ સમજાઈ ગયું છે બાકી નવ-દસ આને મણના કોલસાનુ મિશ્રણ બાર-તેર આને વેચતા કાળિયાને નથી આવડતુ એમ તો નથી જ, તેમ જ પાણી છાંટીને વજન વધારવામા કે બે મણ ને આઠ શેર લખીને બે મણમા બશેર ઓછા આપવામા, કોલસાનો થેલો ભરતા ચાલાકીથી વચ્ચે વચ્ચે શેર-બશેર ભુક્કો સરકાવી દેવામા કે રાયણ'ની જગાએ 'મહુડો ને 'બોરડી'ની જગાએ 'સાગનો કોલસો ભરી આપવામા કાળિયો પાવરધો નથી એમ પણ નહિ પરતુ નરાતાળ જૂઠના વેપારમા ક્યારેક ક્યારેક વેપારીની મર્યાદામા રહેવાય એટલે અંશે રહીને કાળિયો પોતાની સાચની નાવડી હાંકવાનો પ્રયત્ન કરે છે કદાચ એટલે જ અમુક માણસો કાળિયાના શેઠની ગેરહાજરીમા જ કાળિયાની દુકાનેથી ખરીદી કરવાનો આગ્રહ રાખે છે અને એવા પ્રસગો એ કાળિયાને મન એના જીવનની ધન્ય પળો છે

છેલ્લા કેટલાક દિવસથી તો કાળિયો પણ મહિને ચાર રજાઓ ભોગવતો થઈ ગયો છે એ શેઠ સામેની એની મુત્સદ્દીગીરીનો એક અજોડ વિજય ગણી શકાય પહેલવહેલા જ્યારે કાળિયાએ પોતાને રજા મળવાની બાબતમા વાત ઉપાડેલી ત્યારે તો એના શેઠે એ માગણી જ હસી કાઢેલી પરતુ કાળિયો એથી નિરાશ ન થયો ગમે ત્યારે પણ વિજય પોતાનો જ છે એવી ખાતરી એને ગળા સુધી હતી એટલે પછીના રવિવારે નિશ્ચયપૂર્વક દુકાન ઉપર એ ન જ બેઠો કાળિયાના જીવનમા એ પહેલો સત્યાગ્રહ હતો શેઠના આગ્રહની ઉપરવટ થઈ સામેની હોટેલમા બસ આખો દિવસ એ તો બેસી જ રહ્યો બપોર સુધીમા સાત આઠ ઘરાક આવીને પાછા ગયા પણ દેન છે કોઈની કે કાળિયાની દુકાને મજૂરી કરવા ચઢી શકે ? એ દિવસે બપોરે ઘેર ખાવા પણ શેઠ ન જઈ શક્યા દુદ પર રોજ સલામતીથી હાથ ફેરવતા શેઠને પોતાના ધધાની સલામતી આજે પહેલી જ વાર જોખમાતી લાગી—અને એ પણ એક નમાલા નોકરની નફટાઈને કારણે આખો દિવસ પાછા જતા ઘરાકોને એ વ્યગ્ર ચિત્તે જોઈ રહ્યા સાત-સાત વર્ષ

થી દૂધ પાઈને ઉછેરેલો સાપ આજે પહેલી જ વાર ડસ્યો હતો કાળિયાનો એ ઝેરી દાત પાડવો જ જોઈએ એવો નિશ્ચય કરીને સાજે એના શેઠ ઊઠયા

બીજે દિવસે કાળિયાનો પગાર હતો કાળિયાના ખિસ્સા પર બાર આનાનો કાપ મુકાયો ને તોય કાળિયાના પેટનું તો પાણી યે ન હાલ્યુ કે ન તો કાળિયાને આશ્ચર્ય થયુ ત્રીજે દિવસે સવારે શેઠ આવ્યા કે તરત દુકાનની કૂચીઓ સોંપી દઈને પોતે છૂટો થાય છે એ સત્ય કાળિયાએ શેઠને સભળાવી-સમજાવી દીધુ બહુ બહુ તો કાળિયો સહેજ ઠંગડાશે એમ શેઠે માન્યુ હતુ, પરતુ કાળિયો આમ છેક જ બગડી બેસશે એમ તો એમણે નહોતુ જ ધાર્યું એટલે એમને તો ખરેખર આશ્ચર્ય થયુ આખી દુકાનનો બધો બોજ પોતાને જ માથે ઉપાડી લઈને ફરતો કાળિયા જેવો કામેન નોકર ગુમાવતા શેઠનું દિલ એક ઘડીક તો સટોરિયાની અસ્વસ્થતા અનુભવી રહ્યુ પરતુ એમ કાંઈ ચાર દિવસની રજા પણ અપાય? નોકરનું કહ્યુ તે કાંઈ પળાય? ચાર દિવસમાં તો ચાળીસ થેલાની ખપત ઘટી જાય અને અમાસની રજા તો મળતી જ હતી તો! બીજાઓની ઉપરવટ ચાર રજાનો નવો ચીલો તે શી રીતે પડાય! કાળિયાને ગુમાવવો એ પાલવે તેમ નહોતું ને રજા આપવામાં ચોખ્ખુ નુકસાન હતું 'એના ભાઈ ઘણાય બીજા આવશે આ બેકારીના જમાનામા શેઠને તે વળી નોકરની શી?' એમ મનમા ગુમાન કરીને કાળિયાને છોડવાનું જ શેઠે વધુ પસદ કર્યું પણ શેઠે ભૂલ કરી

અત્યાર સુધી વફાદાર રહેલો કાળિયો હવે ખરેખર વીફર્યો ત્રણેક મહિના ઉપર કાળિયાની પડોશમા જ એક બીજી કોલસાની દુકાન ઊઘડી હતી અને એના શેઠની નજર ક્યારની યે કાળિયાને પોતાનો કરી લેવા કાળિયા પર ચોંટી હતી પરતુ કાળિયો આજ સુધી એના લોભમા ફસાયો નહોતો એને પોતાને ત્યા બોલાવ્યો કાળિયાએ તો મનમા નક્કી કર્યુ હતુ કે આગલા શેઠની દુકાનની સામે આખો દિવસ બેસી રહેવુ એની દુકાને એક પણ ઘરાકને ચડવા ન દેવુ પણ હવે એને એ કરતા આ ઠીક લાગ્યુ નવો શેઠ એને ત્રણ રૂપિયા પગાર વધારે આપવા રાજી હતો એટલે કાળિયો એ દુકાને બેસી ગયો કાળિયાની હાજરી કેટલી અગત્યની હતી એ તો એના જૂના શેઠને ત્યારે જ સમજાયુ દસ દિવસમા તો કાળિયાએ અર્ધી ઘરાકી ઉથલાવી નાખી પદર દિવસમા પેલા શેઠ ત્રાહી ત્રાહી પોકારી ગયા કાળિયાને પાછો લાવ્યા વિના છૂટકો ન હતો તરત જ એમણે કાળિયાને પાછો આવી જવા સમજાવ્યો હું તો પહેલો તમારે ત્યા હતો એટલે તમે બોલાવો તો મારે તમારે ત્યા જ આવવુ જોઈએ' કાળિયાએ કહ્યુ ને જૂની દુકાને એ પાછો આવી ગયો—પણ મહિનામા ચાર દિવસની રજા અને પગાર પચીસ રૂપિયા નક્કી કરીને જ

આજે દસેક મહિનાથી કાળિયો એ હક્ક ભોગવી રહ્યો છે પણ હવે તો કાળિયા પાસે સો-બસોની ગાંઠડી ભેગી થઈ છે અને શેઠ સાથેના બબ્બે વખતના વિજય પછી એટલી નાની મૂડી પર પણ કાળિયો હવે એક ત્રીજો ને છેક છેલ્લો તુક્કો લડાવવાની તૈયારી કરી રહ્યો છે પોતાના હાથ નીચે એક સારો એવો-છે ના ત્રણ-ચાર મહિનાથી એના ધ્યાનમા છે એવો સ્વભાવે નાજુક પણ શરીરે સશક્ત-નોકર રાખી કાળિયો એના શેઠની સાથે પાચ આની ભાગમા વેપાર ખેડવા અધીરો બન્યો છે 'જુઓ શેઠ હવે આપણી દુકાન મોટી થઈ એટલે માણસ વધારવો જોઈએ અને દુકાનનું હિત મારે હૈયે ય છે તો દુકાનમા મારો ભાગ કેમ નહિ? પૈસા રોકવાની હું ક્યા ના પાડુ છુ?

ત્રણેક દિવસ પર એના શેઠને જ્યારે કાળિયાએ આ વાત કરી ત્યારે અત્યત નાજુક હાસ્ય સાથે એના શેઠે માત્ર "જોઈશુ!" એમ જ કહેલુ કદાચ એ જવાબ ખધાઈભર્યો પણ હોય છતા કાળિયાને પોતાની નીતિના વિજયમાં વિશ્વાસ છે એટલે કદાચ ફરી શેઠની સામે મોરચા માડવા પડે તો શુ કરવુ પડશે એવો વિચાર કર્યા વિના હાલ તુરત તો કાળિયો પોતાની મા અને નવી પરણેતરને અમદાવાદમા બોલાવી લેવાનો વિચાર કરે છે પછી તો ભવમા ધારણા નહિ જોવુ પડે' એ વાતનો ઊંડો સતોષ આ વિચાર પાછળ એ અનુભવી રહ્યો છે એ સાથે એક બીજુ ય સ્વપ્ન ફલિત થતુ એને દેખાય છે એ સ્વપ્નુ છે પોતાની પત્નીને લઈ શહેરમા ફરવા નીકળવાનુ શી તમા છે હવે તો પોતે ય શેઠ બન્યો છે

જીવનનું વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ

શ્રી કાન્તિલાલ મ ગાંધી

બી એસ સી, બી એસ સી (ટેકનોલોજી)

પરિચય

એકી બેઠકે પૂરો વાચી નાખવાથી જ આ નિબંધનો કેન્દ્રધ્વનિ સમજી શકાય તેમ હોવાથી નિબંધના પ્રકરણોરૂપે ટુકડા પાડયા નથી–જો કે પ્રયત્ન કરવા છતા ટુકડા પડી શક્તા નથી તેથી વાચકોને વિનતિ છે કે આટલો લાંબો નિબંધ એકી બેઠકે વાચી શકાય તેવો અનુકૂળ સમય પસંદ કરીને જ આ નિબંધ નિરાતે વાચે

વિજ્ઞાને જીવન ઉપર સારી કે માઠી જે જે અસરો કરી છે તે ધ્યાનમા લેતા આપણુ કર્તવ્ય શુ હોઈ શકે તેનો વિચાર કરવા અને વિચાર કરતા કર્તવ્ય સમજાય તો સમજાયેના દૃષ્ટિબિંદુનો બહોળો પ્રચાર કરવાના હેતુથી જ આ નિબંધ લખવામા આવ્યો છે

નિબંધમા અર્થશાસ્ત્ર અને યુદ્ધો, લોકશાસન અને સામ્યવાદ, ધર્મ અને નીતિ, પાપ અને પુણ્ય, સદાચાર અને આધ્યાત્મવાદ વિગેરે વિષેના છૂટક છૂટક વિચારોને વિજ્ઞાનની કસણીથી કસવાનો પ્રયત્ન કરવામા આવ્યો છે

આશા છે કે ગુજરાત આવી જાતના સાહિત્યમા વધારે ને વધારે રસ લેતુ થશે

મુદ્દાઓ

(૧) વિજ્ઞાન જીવનને અનિષ્ટકારક નથી

(૨) વિજ્ઞાન સ્પષ્ટ વિચારનુ શાસ્ત્ર છે, અસુરી વિદ્યા નથી

(૩) વિજ્ઞાનની સર્જનશક્તિ વેડફાતી ના હોય તો જગદુદ્ધારિણી છે

(૪) નાલાયક રાજસત્તાઓને લીધે જ વિજ્ઞાનની સાચી સેવાશક્તિ ઝાંખી પડી છે

(૫) જગતના લોકોના વિચારોને વૈજ્ઞાનિક વલણ આપવાનુ ઘણુ જ જરૂરી છે

(૬) વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી નિહાળતા જીવન અનેરુ જ દેખાય છે

(૭) વિજ્ઞાનની પ્રગતિથી સાહજિક ઉપરાત સાસ્કૃતિક ફાયદાઓ પણ ઘણા થયા છે

(૮) વિજ્ઞાન દરેક વ્યક્તિના વ્યક્તિગત વ્યક્તિત્વને ખીલવવાની મહત્ત્વાકાક્ષા રાખે છે

(૯) મનુષ્યોનુ અસામ્યત્વ જોતા સામ્યવાદ કરતા અસામ્યવાદ સ્વીકારવો જ વાસ્તવિક છે

(૧૦) અસામ્યત્વનો સ્વીકાર કરવાથી લોકશાસનને વધારે વાસ્તવિક બનવુ પડશે

(૧૧) વૈજ્ઞાનિકોના હાથમા જગતની પુનર્ઘટના કરવાનુ સોપી દેવાથી જ સાચી શાતિ સ્થપાશે

(૧૨) પાપ અને પુણ્યની વ્યાખ્યાઓ વધારે વાસ્તવિક બનાવ્યા વગર છૂટકો નથી

(૧૩) ધર્મ કરતા વિજ્ઞાન જ ઈશ્વરની શોધ કરે તે જગતને વધારે માફક આવશે

(૧૪) રશિયાની જેમ બધા રાષ્ટ્રોમા વિજ્ઞાનના સાહિત્યનો બહોળો પ્રચાર થવાની જરૂર છે

(૧૫) સાચુ દૃષ્ટિબિંદુ કેળવાયા પછી જગતના લોકો વિજ્ઞાનનો ડહાપણભર્યો જ ઉપયોગ કરશે

(૧૬) વિજ્ઞાનના ધોરણ ઉપર રચાયેલા કાયદા, ધર્મ, નીતિ રાષ્ટ્રરચના વાસ્તવિકતાથી પૂર્ણ હશે.

ગાંધીજીએ થોડા સમય ઉપર 'હરિજન'મા લખ્યુ હતુ કે "મોટરકાર અને હોસ્પિટલને હું અનિવાર્ય અનિષ્ટો તરીકે નભાવી લઉં" આ વાક્યની આસપાસનુ લખાણ મને યાદ નથી પરંતુ તેથી ગાંધીજીની ભાવના સમજી લેવામા મને વાંધો આવતો નથી ગાંધીજીની સુંદર ભાવનાઓ ઝીલવા હમેશા મારું મન તત્પર રહે છે તે મારી વંશાનુગત નીતિનિષ્ઠાને આભારી હશે, પરંતુ મારી વિજ્ઞાનનિષ્ઠા વળી કપરી કસોટી માગે છે

જો કે આખરે તો તર્કનુ વિરોધી હોય છતા નૈતિક દષ્ટિબિંદુમાં જ હું સંમત થાઉં છુ. પરંતુ સત્ય સ્વીકારવા માટે તર્કનું દેવાળુ નીકળે એવી પરિસ્થિતિ મને વસમી લાગે છે તેથી મે તો ધીમે ધીમે જે ઠેક અસત્ય નથી એવા સત્યના પણ બે મુખ્ય ભાગ પાડી નાખ્યા છે એક તો નૈતિક દૃષ્ટિબિંદુ—જે મોટે ભાગે દીનદુખિયાઓ તરફ પક્ષપાતી રહેવાનું સૂચવે છે તે, અને બીજુ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ—જે બધી રીતે તટસ્થ હોય છે કોઈ કોઈ વાર નૈતિક દૃષ્ટિબિંદુ સંપૂર્ણ સત્ય નથી હોતુ ત્યારે તેનો વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ સાથે સુમેળ સાધવાનો મિથ્યા પ્રયત્ન કરતા જતા agree to differ જેવો જ નિર્ણય કરીને મન મનાવવુ પડે છે તે મને ગમતુ નથી મારી આકાંક્ષા તો એવુ જ જોવાની છે કે નૈતિક દૃષ્ટિબિંદુ હમેશા તર્કને બંધબેસતુ જ ઠરે, કારણ કે તર્કનિપુણો ઘણી વાર અસત્ય ઠેકડી કરીને ચાલ્યા જાય છે છતા તેમને ટૂંકો વળતો જવાબ પણ આપી શકાતો નથી હિંદને કિનારે આવીને શ્રી એચ. જી વેલ્સ જેવા મહાન ચિંતક ગાંધીજી વિષે સવાલ પુછાતા "અહિંસા એટલે ઘેંટા, માછલા અને પાડા જેવુ મૂગા મૂગા તાબે થઈ કુરબાન મરવુ" એવી મશ્કરી ઉડાવીને અહિંસામાના નૈતિક બળનો સ્વીકાર કર્યા વગર જ હિંદનો કિનારો છોડીને ચાલ્યા જાય એ સ્થિતિ ખરેખર તર્કથી નીતિનુ સમર્થન કરવાની મુશ્કેલીઓ રજૂ કરે છે

મોટરકાર અને હોસ્પિટલને અનિવાર્ય અનિષ્ટો ગણવામા ગાંધીજીનો હેતુ તો શુભ જ હશે, પરન્તુ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી જોતા ગાંધીજીનુ કથન સત્યથી વેગળુ છે જો મોટરકાર અને હોસ્પિટલને અનિવાર્ય અનિષ્ટો ગણીને પણ નભાવી લઈએ તો પછી વધારે છૂટછાટ લઈને રેલવે, ટપાલ, રેડિયો, છાપખાનુ, મિલો વિગેરે આધુનિક વિજ્ઞાનની સર્વે બેટાને પણ અનિવાર્ય અનિષ્ટો તરીકે નભાવી લઈ શકાય પરન્તુ શુદ્ધ તર્કની દૃષ્ટિએ તો 'અનિષ્ટ' અને તેને 'નભાવી' લેવુ એ અસત્ય આચરણ જ કહેવાય સત્યનો પૂરેપૂરો આગ્રહ રાખનારના શબ્દકોષમાં "અનિષ્ટને નભાવી લેવુ" જેવુ સૂત્ર સંભવી શકે જ નહિ છૂટછાટ લેવી પડે તો પછી તે સત્ય શાનુ? અને સત્ય સાથે સાંકળવા લાયક છૂટછાટ જડી આવે તો તે છૂટછાટ પણ પછી અસત્ય શા માટે?

આ ઉપરથી હું તો એટલુ જ તારવવા માગુ છુ કે "વિજ્ઞાન એ એક અનિષ્ટ છે પણ અનિવાર્ય છે" એ કથન જ ભૂલભરેલુ છે જે વસ્તુ અનિવાર્ય હોય તેને અનિષ્ટ ગણવામા કંઈ જ ડહાપણ નથી ખાવુ પહેરવુ ઓઢવુ એ બધુ અનિવાર્ય હોવાથી જ આપણે આચરવુ પડે છે, પણ તેથી કંઈ તે અનિષ્ટ નહિ કહી શકાય. આપણા રાજકીય, સામાજિક, ધાર્મિક વિગેરે સંજોગોને લીધે વૈજ્ઞાનિક પ્રગતિ અનિષ્ટરૂપ લાગે તે સંભવિત છે પરન્તુ તત્ત્વદૃષ્ટિએ વિજ્ઞાનની પ્રગતિમા જ માનવકુળનું હિત અને મુક્તિ સમાયેલા છે

વિજ્ઞાને આપણા કોઈ પણ અમૂલ્ય ધનનો નાશ નથી કર્યો ઘણાને એવી દહેશત પેસી ગઈ છે કે વિજ્ઞાન માનવીના શરીર ઉપર જ લક્ષ આપે છે અને આત્માની અવગણના કરે છે, તેથી વિજ્ઞાન એ આસુરી વિદ્યા છે, પરન્તુ વસ્તુત તો વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ સમજવાના અભાવે જ એવી દહેશત જન્મી છે આ લેખમા આગળ ઉપર આપણે જોઈશુ કે વિજ્ઞાને શરીર અને આત્મા બન્ને વિષે સંશોધન કરવામા કંઈ પાછી પાની કરી નથી

વિજ્ઞાનનો મૂળ પાયો જ સત્યશોધન છે અને શરીર અને આત્મા વચ્ચે પક્ષપાત કરવાની કંઈ જ જરૂર નથી વિજ્ઞાન એ સ્પષ્ટ વિચારનું શાસ્ત્ર છે ચોખવટથી વિચાર કરવો એ કંઈ આસુરી વૃત્તિ નથી, એ તો અડગ સત્યોપાસના છે જડ શ્રદ્ધાને એમાં સ્થાન નથી

ખરી રીતે તો વિજ્ઞાને આપણી સર્જનશક્તિ સેંકડોગણી વધારી દીધી છે, પરન્તુ શું કરીએ? અફસોસની વાત છે કે આપણા બધા જ રાજકર્તાઓ રાજદ્વારી શેતરંજના નશામાં આ વિશાળ સર્જનશક્તિને આર્થિક વ્યવસ્થા સાથે એકતાર કરવા ના પાડે છે તેથી વિજ્ઞાન આજે સંહારશાસ્ત્રરૂપે દર્શન આપી રહ્યું છે બાકી એટલું તો ચોક્કસ જ છે કે આજે સંહારક દેખાતું વિજ્ઞાન જ આવતી કાલે જગતનું સંરક્ષક બની માનવકુળનો ઉદ્ધાર કરશે આજે જગત પાસે જે સાધનસામગ્રી છે તેની મદદથી જગતનાં તમામ દુઃખદર્દો અને ગરીબી દૂર થઈ શકે તેમ છે, પરન્તુ તેમ કરવા માટે જરૂરી નૈતિક બળ આજે ઓછા મહત્ત્વના પ્રશ્નોમાં વેડફાઈ રહ્યું છે વિજ્ઞાને સર્જેલી સગવડોનો લાભ લેવાના કોડ બધાને જાગ્યા છે, પરન્તુ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુને જીવનમાં ઉતારવાનો ભોગ કોઈને આપવો નથી પદ્ધતસર વિચાર કરવામાં સૌ કોઈને પ્રમાદ સેવવો છે, બની શકે તો વળી વાત ફરીને વિજ્ઞાનને ઉતારી પાડવાનું પણ ચૂકતું નથી બાકી વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ જો જીવનમાં ઊતરે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ બધી સિદ્ધિઓ પ્રાણીમાત્ર માટે સરખી જ સુલભ છે

નાલાયક રાજસત્તાઓને લીધે વિજ્ઞાનની પ્રગતિની સાથોસાથ પ્રજા આગેકૂચ કરી શકી નથી એટલે વિજ્ઞાને સર્જેલી શક્તિ યુદ્ધોની ગટરમાં વહી જાય છે આજના ઘણા ખરા રાજદ્વારી પુરુષો પાસે ઊંડું જ્ઞાન તો હોય છે, પણ તે જ્ઞાન કાં તો અર્થશાસ્ત્રનું અથવા તો ઇતિહાસ કે કાયદાનું હોય છે-વિજ્ઞાનનું નહિ! પરિણામે આખી પ્રજાને જવાબદાર એવા રાજપુરુષોના મુખમાંથી આવું ભયંકર અજ્ઞાન બહાર પડે છે — "રસાયણશાસ્ત્રની દુનિયામાં છેલ્લી શોધ મુજબ ચરબીમાંથી ગ્લીસરીન નીકળે છે અને તે દારૂગોળો બનાવવામાં વપરાય છે" આ વાક્ય ૧૯૧૮ની લડાઈમાં બ્રિટિશ સરકારના ગૃહમંત્રીએ ઉચ્ચાર્યું હતું, જ્યારે ચરબી ફાડવાથી ગ્લીસરીન નીકળે છે તે શોધ તો ૧૭૭૯માં થયેલી અને ૧૯૧૮ની સાલમાં કંઈ તે નવાઈની શોધ નહોતી એક વૈજ્ઞાનિકે ગૃહમંત્રીને પૂછ્યું કે "ભલા! ચરબી વગેરે ભેગી કરવામાંથી પણ ગ્લીસરીનનું ટીપું સુદ્ધાં નીકળે છે એમ પહેલાં સાંભળ્યું હતું કે?" દુશ્મનો આ 'છેલ્લામાં છેલ્લી' શોધ જાણી જાય તે પહેલાં તો જર્મનીએ સાકર કહોવડાવીને ગ્લીસરીન બનાવવાનું ક્યારનું યે શરૂ પણ કરી દીધું હતું!

આ પ્રમાણે ખરેખર જો આપણા રાજકર્તાઓનું વૈજ્ઞાનિક અજ્ઞાન નભાવી લેવામાં આવશે તો દેખીતું જ છે કે હજી જગતને ઘણા મહાયુદ્ધો જોવા પડશે જો જગતના બધા રાજકર્તાઓ એક વાર ભેગા મળીને જગતની પુનર્ઘટના અને પુનર્રચના કરવાના કાર્યમાં વૈજ્ઞાનિકોની નક્કર સલાહ નહિ લે તો દર દસ દસ વર્ષે મહાયુદ્ધ થયા જ કરશે તેમાં નવાઈ પામવા જેવું નથી. જગતની પુનર્ઘટના કરવાનું કાર્ય વૈજ્ઞાનિકોના હાથમાં સોંપી દેવામાં આવે તો તેઓ એવો કોઈ જ અન્યાય નહિ કરે કે જેવો અન્યાય બીજા પક્ષોના હાથે થઈ જવાનો સંભવ છે કારણ કે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ શાસ્ત્રીય અને તટસ્થ છે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ જગતની એકેએક વ્યક્તિનું પૂરે પૂરું વ્યક્તિત્વ ખીલવી શકે તેવું મોકળું છે એમાં નથી ઊર્મિપ્રધાન તત્ત્વો કે નથી એમાં પક્ષપાત વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ એ સત્યનારાયણ ભગવાનની જ આરાધ છે

રાજકીય મનુષ્યો એમનાં મનથી પોતાને ઘણા જ વિચારવંત અને ડાહ્યા સમજતા હશે, પરન્તુ તેઓ બધો વિચાર આર્થિક દૃષ્ટિએ જ કરે છે વિજ્ઞાનના અજ્ઞાનને લીધે તેઓ જ્યાં જ્યાં ડહાપણ ડહોળવા જાય છે ત્યાં ત્યાં પાછા પડે છે એવફૂરીને ત્યાં સંતતિ

વધતી જાય, ગરીબોને ત્યાં પણ સંતતિ વધતી જાય, બુદ્ધિશાળીઓને સંતતિ જ ના હોય, પ્રજા દીનહીણી અને નિર્બળ બનતી જતી હોય, પ્રજામાં કામવૃત્તિ, સંગ્રહવૃત્તિ, પ્રમાદવૃત્તિ, ચોરવૃત્તિ, વ્યભિચારવૃત્તિ વધતી જતી હોય એ બધા ખરી રીતે રાજકીય પ્રશ્નો જ છે પણ એ પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે રાજકર્તાઓ વિજ્ઞાન સાથે સહકાર ના સાધતાં અર્થશાસ્ત્રથી જ બધી વસ્તુસ્થિતિનો મેળ ખવડાવવા જાય તો ગોથાં જ ખાય એમાં નવાઈ નથી. લાકડાના ભૂસામાંથી સાકર અને રેશમ બનાવવાની શોધ કે કોલસામાંથી માખણ કાઢવાની શોધથી જો રાજકર્તાઓ અજ્ઞાન રહે તો તેવા પ્રમાદનું પરિણામ એ જ આવે કે વ્યક્તિગત શેઠિયાઓ અથવા બીજા રાજ્યો એ શોધોનો વ્યક્તિગત ચૂસણ માટે લાભ ઉઠાવી લે, એટલે પછી રાજ્યની આવકમાં ફેરફાર પડતાં જેને ખોટ જાય તેને યુદ્ધ કરવું જ પડે તે સ્વાભાવિક છે. પછી યુદ્ધને અંગે ખોટી અને દુષ્ટ શોધખોળો કરાવવાનું પરવડે.

આમ ન થાય તેટલા ખાતર જગતમાં આજે લોકોનું બૌદ્ધિક વલણ જ બદલી નાખવાનું આવશ્યક બન્યું છે. રૂઢ થઈ ગયેલા બધા જ લાગણીવશ અને ઊર્મિપ્રધાન (sentimental) દૃષ્ટિબિંદુઓને ફગાવી દઈને જગતમાં આજે એકના વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો જ સર્વમાન્ય પ્રચાર કરવાની ચળવળ ચલાવવી એ જ આજે તો આપણી મહત્ત્વની ફરજ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ સર્વમાન્ય કરાવવા પહેલાં બધાને પ્રાથમિક વિજ્ઞાનનું જ્ઞાન આપવું આવશ્યક છે અને એ જ્ઞાન મેળવતાં પહેલાં દરેક વ્યક્તિના મનમાં પેસી ગયેલા કેટલાક ભૂત હાંકી કાઢવાની જરૂર છે—જેવા કે આપણું મુડદું ચિરાવા દેવાનું. આપણું મુડદું જો વૈજ્ઞાનિક માટે શોધખોળ કે અભ્યાસ કરવા માટે અગત્યની સામગ્રી હોય તો આપણા જૂના જોડાની જેમ તે ક્યાં ફેંકાઈ પડે છે તે વિષે ફિકર રાખવાનું છોડી દેવું જોઈએ. જીવતાં તો કોઈના ઉપયોગમાં ના આવ્યા હોઈએ તો પણ મરીને તો કંઈ ઉપયોગી થઈએ!

વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ એટલે સંશોધનના કાર્યમાં રોકાયેલા વૈજ્ઞાનિકો જગતને જે દૃષ્ટિએ જુએ છે તે ભવ્ય દૃષ્ટિ (vision). વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ એટલે સંપૂર્ણ તટસ્થતા, નિષ્પક્ષતા, સમભાવના. બીજા દૃષ્ટિબિંદુઓથી તેની એ જ વિશિષ્ટતા છે કે એમાં કલ્પના, લાગણીવેડા, ઊર્મિ કે આવેશને સ્થાન નથી. પ્રત્યક્ષ સાક્ષીભૂત નક્કર હકીકતો અને પુરાવાઓ (facts and figures) ઉપર જ તેના નિર્ણયો હોય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિથી હિંદનો વૉયસરૉય રોગને અંગે કાળો માણસ થાય તેમાં જરા પણ વાંધો નથી, પછી ભલે રાજકીય દૃષ્ટિબિંદુથી તે વાંધાભરેલું હોય. હિંદુ મંદિરમાં એક મુસ્લિમ દર્શન કરવા જાય તે બનાવ સનાતન ધર્મના દૃષ્ટિબિંદુથી અમંગળ ગણાતો હોય પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી તે તદ્દન નિર્દોષ છે. ક્ષયના દર્દીની ખબર–અંતર પૂછવાનું વ્યવહારિક દૃષ્ટિબિંદુથી આવશ્યક હોય પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી તે સાવ વર્જ્ય છે. સભ્યતાના દૃષ્ટિબિંદુથી નાગા ફરવું એ અસભ્ય હોય પણ વિજ્ઞાનની નજરે આખા શરીરને તડકો ખવડાવવા પૂરતું તે આવશ્યક છે. કાયદાની દૃષ્ટિએ એક ખૂની ફાંસીને લાયક હોય પણ વિજ્ઞાનના મતે તે સુધારી શકાય તેવો હોય. અહિંસાની દૃષ્ટિએ ચેપથી તરફડતા રોગીને પણ જીવતો જ રાખવાનું યોગ્ય હોય ત્યારે વિજ્ઞાનની નજરે તેને મારી નાખવાનું જ યોગ્ય હોય.

આ પ્રમાણે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ જીવનના અમુક બનાવોને જુદી જ નજરે જુએ છે. જગતના બધા લોકોની આંખોમાં આ નજર પેસી જાય તો પૃથ્વીને સ્વર્ગ બનાવવી અઘરી નથી. સત્યમાંથી જ શાશ્વત શાંતિ પ્રગટે છે અને વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ કેળવવું એ સત્યની જ શોધ કરવા બરાબર છે. લાગણીઓનું સમતોલપણું રાખ્યા વગર સત્યની શોધ થઈ શકતી નથી. આપણે જાણે છે કે સત્ય[illegible] નથી. કોઈ માંદું પડે ત્યારે આપણી લાગણીઓ ઉશ્કેરાયેલી હોય છે તેથી [illegible] વિષે કંઈક "માનતા" રાખવાની કે જોડકણાં [illegible] જરૂર જણાય તે સ્વાભાવિક છે—પછી ભલે તે માનતા [illegible]

વિવેકબુદ્ધિવાળી (*rational*) ન હોય પરંતુ વિજ્ઞાનની દૃષ્ટિએ જોવા જતા તો રોગ એ કુદરતના અચૂક કાયદાઓનો અમલ જ છે અને જો તે કાયદાઓનું પૂરેપૂરું સંશોધન થઈ ચૂક્યું હોય તો તે રોગ મટવો કે અટકવો જ જોઈએ નિસર્ગોપાસકો આવેશમાં કહે છે તો ખરા કે નિસર્ગ તરફ પ્રયાણ કરવાથી બધા રોગો અટકાવી કે મટાડી શકાશે, પરંતુ ખરેખર જો સંપૂર્ણ નિસર્ગમય જ થવું હોય તો તેમ કરવાનું પહેલું જ પગલું વસ્ત્રો ફેંકી દેવાથી જ ભરી શકાશે, અને પછી તો ન્યુમોનીઆને લીધે જગતનો મૃત્યુ આંકડો સોગણો વધી જાય તો કંઈ નવાઈ જેવું નથી 'સંપૂર્ણ કુદરતી જીવન જ ગાળો' એ સૂત્ર વાહિયાત છે સંસ્કારી માણસ અને જંગલી માણસ તંદુરસ્તી અને માંદગી—એ બધા કુદરતના જ પેટા ભાગો છે સુધરેલી સંસ્કૃતિના કેટલાક મુદ્દાઓ તંદુરસ્તીને હાનિકારક હશે એ વાત વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી કબૂલ કરવામાં કંઈ પણ વાંધો ના હોઈ શકે, કારણ કે વિજ્ઞાન સંશોધન કરીને એ મુદ્દાઓ સુધારી શકશે પરંતુ જવાબદાર વૈજ્ઞાનિકો તરફથી સાંપડતા આંકડાઓ ઉપરથી તો ઊલટું એમ ફલિત થાય છે કે જંગલી માણસો કરતા સંસ્કારી માણસો લાંબુ આયુષ્ય ભોગવે છે,

વાંક વ્યવસ્થાનો હોય છે પણ દોષ વિજ્ઞાનને દેવાય છે વિજ્ઞાનની શોધોનો લાભ થોડાઓને જ મળે છે તે કંઈ વિજ્ઞાનનો વાંક નથી માનવીઓમાં જો આંતરરાષ્ટ્રીય સમજ, સંયુક્ત જવાબદારીની ભાવના અને થોડા અંગત બલિદાનની તૈયારી હોય તો હજી પૂરો વિકાસ નથી થયો છતાં વિજ્ઞાન આખા જગતમાંથી રોગ અને દુઃખ જડમૂળથી નાબૂદ કરી શકે તેટલું સમર્થ છે સંશોધન કરીને વિજ્ઞાન માનવકુળને બચાવવા પ્રયત્ન કરે છે, પ્રત્યક્ષ પુરાવાઓ સાથે સ્વચ્છ આહાર પાણી હવા પોષક તત્ત્વ વિગેરે વિષે પ્રચાર કરીને મરડો, સંધિવા, મેનેગ, ન્યુમોનીઆ રીકેટ્સ મધુપ્રમેહ વિગેરે રોગોથી બચાવીને સીફીલીઝ જેવા અસાધ્ય રોગોને મટાડવાની પણ વિજ્ઞાને જ શોધો કરી છે, પણ દવા આપવાથી લોકો છૂટથી દુરાચાર કરશે એવા ભયે સરકાર જો સાચી માહિતી પ્રજા સુધી પહોંચવા ના દે તો તેમાં વિજ્ઞાનનો વાંક નથી, વ્યવસ્થા અને શિક્ષણનો વાંક છે ઈન્સ્યુલીનના એકાદ ઈન્જેક્શન દરરોજ લેવાથી ભલભલો મધુપ્રમેહ મટી જાય છે, પણ થોડાઓને જ તે પરવડે છે, તેમાં વિજ્ઞાનનો શું વાંક? વિજ્ઞાન તો કૂદકે અને ભૂસકે આગળ વધે જાય છે પણ આપણી બધિર સરકાર આપણા શિક્ષણ અને સંસ્કારની આગેકૂચ પણ તે જ ગતિએ ના થવા દે તો પછી આપણે વિજ્ઞાનની પ્રગતિ કેવી રીતે જીરવી શકીએ?

વિજ્ઞાનની પ્રગતિથી હરવું ફરવું સહેલું બન્યું છે, દર્દની વેદના હળવી બની છે વિગેરે બહુ દેખીતા ફાયદાઓ ગણાવવાનું બાજુ ઉપર રાખીએ તોપણ બીજા અનેક વિશાળ દૃષ્ટિબિંદુ રજૂ કરતા સાંસ્કૃતિક ફાયદાઓ વિજ્ઞાનની પ્રગતિથી થયા છે અને તે વિષે આપણે આંખ આડા કાન પણ કરી શકીએ તેમ નથી વિજ્ઞાનના વિકાસે માનવજીવન ઉપર વિવિધ અસરો કરી છે પૃથ્વી સપાટ છે કે ગોળ, આપણા પૂર્વજો દેવ હતા કે પશુ વિગેરે સંશયો ઉપર નિશ્ચયાત્મક પ્રકાશ પાડીને વિજ્ઞાને ફક્ત અભિપ્રાયો બદલવાનું જ કાર્ય નથી કર્યું, પણ હળવે હળવે સમસ્ત માનવજીવનનું દૃષ્ટિબિંદુ જ બદલી નાખ્યું છે અને આજે એક જ દૃષ્ટિબિંદુ આખા જગતમાં પ્રમાણભૂત (standardise) કરવાનું કાર્ય વિજ્ઞાન કરી રહ્યું છે

વિજ્ઞાને આજે નવા નીતિશાસ્ત્ર અને નવા ધર્મશાસ્ત્રની જરૂરિયાત ઊભી કરી છે નીતિ કે ધર્મભાવના વિજ્ઞાનની પ્રગતિથી અલિપ્ત રહી શકે તેમ નથી આજથી બસો વર્ષ ઉપર ચીનમાં દુકાળ પડે, ઇજિપ્તમાં ધરતીકંપ થાય કે સીલોનમાં અતિવૃષ્ટિ થાય તેના સમાચાર સાંભળીને હિંદીઓને માથે કંઈ જ ફરજ ઊભી થતી નહોતી અને તેને માટે કંઈ પણ ન કરે તોપણ ચાલી શકતું હતું પરન્તુ હવે જ્યારે તાર રેડિયો એરોપ્લેન વિગેરેની સગવડ વિજ્ઞાને કરી આપી છે ત્યારે આપણાથી બેસી નહિ રહેવાય પીડિ

તોના નાસનું નિવારણ કરવા **વિજ્ઞાનની** સગવડોનો ઉપયોગ કરવો કે ના કરવો એ નિસર્ગોપાસકો અને ધર્મચુસ્તો માટે નવા પ્રશ્નો રજૂ કરે છે વિજ્ઞાનને અવગણીને ચાલવુ પરવડે તેમ નથી, અને કુદરતને અવગણીને ચાલવુ પણ પરવડે તેમ નથી વિજ્ઞાનને જીવનમાં ઉતાર્યે જ છૂટકો છે જાહેર પાણી ગંદુ થાય તો ટાઈફોઈડનું જોખમ રહે છે જ તેથી આપણા બાળકોને રસી મુકાવવાની નવી ફરજ ઊભી થઈ છે જ અને જો થોડા રૂઢિચુસ્તો તે ફરજ ચૂકવાનો પ્રયત્ન કરે તો તે આ યુગમા નભી શકે જ નહિ.

વિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે પશુ અને મનુષ્ય એક જ પૂર્વજમાથી ઊતરેલા છે આ જાણીને વિશ્વબંધુત્વના ઉપાસકોનુ ફરજનુ ક્ષેત્ર મનુષ્યમાથી વિસ્તૃત થઈને પશુઓ સુધી પણ ફેલાશે કોઈને વળી માનસવિજ્ઞાનના ગતિના અવલોકન ઉપરથી એવુ સમજાય કે માનવીમાત્રના શ્રેષ્ઠમા શ્રેષ્ઠ કર્મો પણ જિજીવિષા (Struggle of existence)નુ જ પરિણામ છે તો તે નબળાઓને મદદ કરવા ના પાડવા પણ તૈયાર થાય. વિષમ ગરીબીને લીધે સતતિનિયમન કરવાની હિમાયત પણ કરવામાં આવતી હોય, પરતુ વૈજ્ઞાનિક સશોધન તો એમ જ કહે છે કે કોઈ પણ સ્ત્રી ગર્ભાધાન અને પ્રસવ વગર સપૂર્ણતા નહિ મેળવી શકે આવા આવા વૈજ્ઞાનિક વિચારોથી જીવન અટપટુ બનતું જાય છે, તેથી ભૂલ કરવાની અને સાથેસાથે નવી શોધખોળ કરવાની તકો પણ વધતી જ જાય છે એટલે કોઈને ભય હોય કે વાર્તાનુ રહસ્ય વાર્તાની શરૂઆતમા જ ખૂલી જાય તો વાર્તા નીરસ બની જાય છે તેમ વૈજ્ઞાનિક પ્રગતિથી જીવનનુ રહસ્ય જીવનની શરૂઆતમા જ ખૂલી જશે તો જીવન ગા[illegible] રસ નહિ રહે તો તે ભય અસ્થાને છે વિજ્ઞાન એવી સુદર રીતે પ્રગતિ કરી રહ્યુ છે કે તે એક વાર વૈજ્ઞાનિક રીતે ખુદ ઈશ્વરતત્ત્વનો સાક્ષાત્કાર જગતને કરાવશે છતા જીવનનુ રહસ્ય ચાલુ જ રાખશે

વિજ્ઞાન આપણી દૃષ્ટિ અને શક્તિ બન્ને વધારતુ જાય છે અને પોતાની સાચી સેવાશક્તિની પણ આપણી ઝાંખી કરાવતુ જાય છે વિજ્ઞાનની ઝંખના તો એ છે કે જગતની એકેએક વ્યક્તિનુ સાચુ હીર પૂર્ણમાત્રામાં પ્રકટાવવુ કોઈનુ પણ વ્યક્તિત્વ વેડફાઈ જવા દેવુ નહિ મનુષ્યો સિત્તેર અને એંસી વર્ષનુ આયુષ્ય ભલે ભોગવતા હોય પણ ૧૦૦માથી ૯૯.૯ ટકા માનવજીવન નિષ્ફળ જાય છે વિજ્ઞાનને મન આ વેડફાઈ જતું માનવધન આર્થિક બગાડ કરતાં હજારોગણુ મોટુ દેખાય છે વિજ્ઞાન કુદરતના બળોને કાબૂમા લાવી શક્યુ છે, પણ જે દિવસે તેને મનુષ્યના કર્મોને પણ પોતાના કાબૂમા લાવવાની તક મળશે તે દિવસથી વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ પ્રયોગમદિરોમાથી નીકળીને રોજબરોજના જીવનમા પ્રવેશી જશે આજની આખી સસ્કૃતિ પ્રયોગશાળાઓમા પુરાયેલા ગણ્યાગાઠયા મુઠ્ઠીભર વૈજ્ઞાનિકોએ જ સર્જી છે, પણ તેમનુ સાચુ દૃષ્ટિબિંદુ હજી પ્રયોગમદિરોમાથી બહાર ફેલાઈ શક્યુ નથી તેથી જગતમા તે વિશે ઘણી ગેરસમજ છે સશોધકોના દૃષ્ટિબિંદુમા ઓછામાં ઓછા આટલા મહત્ત્વના તત્ત્વોનો સમાવેશ તો થાય છે જ —

(૧) સત્ય માટે અત્યત ચીવટ અને આગ્રહ

(૨) વહેમ, આવેશ, લાગણીવેડા કે કેવળ ધર્મગ્રંથોના સૂત્રોથી જ સિદ્ધ કરી શકાતા અસમર્થ નિર્ણયો ને નિર્ણયક તરીકે સ્વીકારવાની ના તે છતા તેની ઉપર સશોધન કરવાની આતુરતા

(૩) ઊર્મિ અને આવેશનું પ્રયત્નપૂર્વક રૂંધન, કારણ કે લાગણીવશતા સત્યના માર્ગમાથી ચલિત કરનારો મોટો પથરો છે

(૪) રાષ્ટ્ર, રંગ કે જાત ઉપર નહિ પણ હમેશા પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઈ શકતા સિદ્ધાંતો ઉપરથી જ ન્યાય તોળાય છે

(૫) અજમાવ્યા વગર કદી જ અભિપ્રાય નહિ આપવો

(૬) કલા, પ્રેમ ભક્તિ સૌદર્ય વિગેરે ઉચ્ચ ભાવનાઓની ખૂબીઓ અગમ્ય ના રહેવા દેતા સ્પષ્ટપણે વ્યક્ત કરવાની ધગશ

(૭) એક જાતની લાક્ષણિક સૌંદર્યભાવના અને સંશોધનનો આનંદ (research spirit) કેળવવો કે જેમાં થોડું ભવિષ્યદર્શન પણ હોય

આ દૃષ્ટિબિંદુ હજી શોધખોળમાં પડેલા વૈજ્ઞાનિકોમાં જ સમાઈ રહ્યું છે જેમ જેમ જનતા તે ઝીલતી થશે તેમ તેમ વિજ્ઞાનની સાચી શક્તિ સમજાતી જશે

વૈજ્ઞાનિકને મન હીરા અને કોલસાનું તાત્ત્વિક મૂલ્ય સરખું જ છે, કારણ કે બન્ને કારબન (carbon) છે તેવી જ રીતે લાકડાનું ભૂસું, સાકર, રૂ, કાગળ, વીસ્કોસ રેશમ, વાંસ કે ઘાસ પણ વિજ્ઞાનની દૃષ્ટિએ એક જ મૂળ (cellulose)ની ડાળીઓ છે એ જ પ્રમાણે વિજ્ઞાનને મન સારા માણસ અને ખરાબ માણસનું તાત્ત્વિક મૂલ્ય સરખું જ લાગે છે પણ તેથી વિજ્ઞાન બધાના અલગ વ્યક્તિત્વને ખીલવવાની વિરુદ્ધ છે એમ નથી ખરી રીતે તો વિજ્ઞાન એક જ વસ્તુને આદર્શ માનતું નથી વિજ્ઞાનનો પ્રયત્ન જેટલી વધારે જાતના માણસો ખીલી શકે તેટલા ખીલવવાનો હોય છે, સારા કે ખરાબનો નિર્ણય કરવા વિજ્ઞાન શક્તિ નથી બગાડતું દરેક વસ્તુનું જે વ્યક્તિગત મૂલ્ય છે તે જ વિજ્ઞાન તો સ્વીકારે છે અને તેનું તે મૂલ્ય પૂરેપૂરું ખીલે તેમાં જ વિજ્ઞાન રાજી છે વિજ્ઞાન દરેક વ્યક્તિના મહત્ત્વને માન આપે છે કોઈને પણ સતપદે સ્થાપવાનો પ્રયત્ન નથી કરતું બ્રહ્મચારી સારો અને વ્યભિચારી ખરાબ એવો મત સમાજવ્યવસ્થા માટે રાખવા વિજ્ઞાન સ્વીકારે પણ તત્ત્વતઃ વિજ્ઞાનને એવા ભેદ સાથે કંઈ લેવા દેવા નથી અગમ્યનું મૂલ્ય આંકવા માટે પણ આપણી પાસે ટુકી જ સાધનો છે તેથી બહુ બહુ તો શ્રીકૃષ્ણ ગૌતમ જિસસ, ચૈતન્ય, વિવેકાનંદ કે ગાંધીજી જેવું માપનું ચોકઠું બનાવીને જ માણસની આંકણી કરી શકીએ તેમ છીએ, પણ તેમ કરવાથી વ્યક્તિના માપનો ચોક્કસ આંકડો કંઈ પ્રાપ્ત થતો નથી, ઊલટું ગોટાળામાં પડાય છે તેથી વિજ્ઞાન તો એમ જ કહે છે કે કોઈ આદર્શની સરખામણીથી મૂલ્ય ના આંકતા જેટલું સ્વતંત્ર વૈવિધ્ય ખીલે તેટલું જ ખીલવા દેવું વિજ્ઞાન આદર્શ અને પૂર્ણત્વ કરતાં વૈવિધ્ય ખીલવવાનો જ પ્રયત્ન કરે છે

બધા મનુષ્યો સરખા જ છે એવી વિશ્વબંધુત્વની ભાવના આમ જુઓ તો ખૂબ પ્રશંસનીય પરંતુ તે ભાવના એક હાડોહાડ જુઠાણામાંથી જન્મી છે એમ કહેવા હું તત્પર થઈશ તો લોકો મને પાગલ ગણશે પરન્તુ હકીકતમાં તેમ જ બન્યું છે વૈજ્ઞાનિક દૃષ્ટિએ બધા મનુષ્યો સરખા નથી એટલું જ નહિ પણ કોઈ પણ બે મનુષ્ય જગતમાં સરખા નથી, અરે ખુદ જોડકાં જન્મેલાં બે બાળકો પણ સરખા નથી વિશ્વનું એકેએક પ્રાણી નિરનિરાળું જ અસ્તિત્વ ભોગવે છે ઉપલકિયા દૃષ્ટિએ ઘણા માણસોમાં વર્ણ, આકાર અવાજ, અક્ષર બુદ્ધિ વિગેરેનું સામ્ય જણાશે પરંતુ દરેક બે માણસની વચ્ચે એક મોટો અસત્યનો ફેરફાર તો મળી જ આવશે બે ભાઈઓ મોટા પ્રમાણમાં મળતા દેખાય તો તે વારસા અથવા વંશગુણ (Heredity)નું પરિણામ નથી પણ ઘરના એક જ વાતાવરણનું પરિણામ છે તે બે ભાઈઓને જુદા જુદા વાતાવરણમાં ઉછેરવામાં આવ્યા હોત તો બન્ને ઘણા જુદા પડી ગયા હોત અમુક ગુણો વારસામાં ચોક્કસ ઊતરે છે પણ મોટા ભાગના ગુણો બદલી શકાય તેવા જ હોય છે માંજરી આંખવાળાં બે બાળકોને ગમે તેટલા જુદા સંજોગોમાં રાખો પણ સંજોગો આંખ નહિ બદલી શકે પરંતુ ચોરસ્વભાવના બે બાળકોને ઘેર શિક્ષણથી જુદા બનાવી શકાય છે વારસાના ખરાબ ગુણોવાળા છોકરાને સુધારીને સારો છોકરો બનાવી શકાય છે પણ ઠોઠ છોકરાને હોશિયાર બનાવી શકાતો નથી—ઠોઠપણું વારસામાં મળે છે

બહુ જ સામ્ય ધરાવતા બે જોડકાં બાળકોમાં પણ અસામ્યત્વ શોધતા જતાં ખૂબ જડશે એક જ પકવ અંડમાંથી જોડકાં બાળકો જન્મ્યાં હોય છે એટલે વંશાનુગત તત્ત્વો તો બધાં જ સરખા હોય છે તો પછી પ્રશ્ન થશે કે તફાવત શાથી પડે છે?

મનુષ્યોના આ અસામ્યત્વનું રહસ્ય સમજાવી શકવા વિજ્ઞાન સમર્થ થયું છે માણસ માણસના તફાવત માટે પ્રાણીશાસ્ત્ર ચાર મુખ્ય કારણો આપે છે —

(૧) પૂર્વજોનો વારસો—ગોરા કે કાળા, રોગી કે નીરોગી, ઠોઠ કે ચાલાક વિગેરે

(૨) સંજોગોનું જુદાપણું-શિક્ષણ, અકસ્માતો, રોગ, લાલચો વિગેરે

(૩) મગજની સ્વતંત્રતા-દર્શન, સ્મરણ, શ્રવણ, સ્પર્શ, ગંધની અસરને લીધે

(૪) બીજપલટો (segregration) અને વર્ણસંકરત્વ (crossbreeding)

સમજી શકાય તેવું છે કે બધા કારણો કોઈ પણ બે વ્યક્તિ માટે સરખા ન જ હોઈ શકે જોડકા બાળકોના અસામ્યત્વનું કારણ મગજની સ્વતંત્રતા છે મનુષ્યનું મગજ જડ યંત્ર જેવું નથી, પણ તીવ્ર ફોટોગ્રાફીક પ્લેટ જેવું છે નજરે દેખાતા જે દશ્યો અને કાને પડતા જે શબ્દો મગજમા એક વાર છપાઈ જાય છે તે છાપોમાથી મગજનું બંધારણ ઘડાય છે જોડકા બાળકોને એક જ વાતાવરણમા ઉછેરવામા આવે તો સાધારણ રીતે તેમની બુદ્ધિ અને નીતિભાવના સરખી રહેશે, પરંતુ એકી વખતે સરખા જ વિચારો કરવાની છાપ તેમના મગજ ઉપર નહિ પડે તે ભેદને કારણે તેમનામા કંઈક અસામ્યત્વ પ્રવેશી જશે અને દરેક ગુણની જેમ આ અસામ્યત્વ પણ દિવસે દિવસે પાકા પાયે જામતું જશે જોડકા બાળકોનું વાતાવરણ જ સદંતર બદલી નાખવામા આવે તો તો ઘણું જ અસામ્યત્વ ખીલે છે ફળ, ફૂલ, પશુ, પક્ષી-બધામા જ આ પ્રમાણે વૈવિધ્ય ખીલવી શકાય છે આ રહસ્ય આશાસ્પદ છે કારણ કે તેમનામા સંજોગો બદલીને માણસને સુધારવાની શકયતાઓ છે અને બીજ બદલીને સારી પ્રજા ઉત્પન્ન કરવાની પણ શકયતા છે બુદ્ધિ સંજોગોથી પૂરેપૂરી બદલી શકાય છે પણ આવેશની વાતમા તો વંશનો કંઈક અંશ રહી જ જાય છે વર્ણસંકરત્વ (crossbreeding)થી મોગરો અને ગુલાબમાથી નવી જાતનું ફૂલ ઉત્પન્ન કરી શકાય છે કાળા અને ધોળા બિલાડા-બિલાડીઓ કાળા, કાબરા, ભૂખરા, લીલા, પીળા એમ વિવિધ રંગી છસાત બચ્ચાઓમા પોતાના ગુણો ઓછાવત્તા પ્રમાણમા વહેંચી આપે છે આને બીજપલટો (segregration) કહે છે ગાંધીજી અને જવાહરલાલજીના મળીને નવો મનુષ્ય ઊભો થાય તેની શોધ જો કે હજી થઈ નથી પણ વિજ્ઞાન તેની શકયતાનો ઇનકાર કરતું નથી

સામ્યવાદનો પ્રચાર કરવા માગતું પ્રગતિશાળી રાજ્ય બહુ બહુ તો બધાને સરખી તકો આપે પણ ભૌગોલિક સંજોગો તો બદલી શકે જ નહિ. ગોરાને કાળો બનાવવા માટે સિલ્વર નાઇટ્રેટનો એક નરમ ઘૂંટડો પિવડાવી શકાય પણ તે છતા જોઈએ તેવો ઘનશ્યામ તો તે નહિ જ બની શકે તેથી વિજ્ઞાનનું તો ભવિષ્યદર્શન છે કે સામ્યવાદને બદલે આગળ ઉપર તો અસામ્યવાદનો જ સ્વીકાર થશે અને શિક્ષણસંસ્થાઓ પણ સામ્યત્વ લાવવાનો મિથ્યા પ્રયત્ન કરવાને બદલે તેજસ્વીતાના નક્કર જુદાપણા ઉપર રચાયેલું કટ્ટર અસામ્યત્વ ખીલવવાનો જ પ્રયત્ન કરશે વિજ્ઞાનનો રાજઅમલ થશે ત્યારે પચાસ છોકરાઓ એક જ વર્ગમા એક જ જાતનું શિક્ષણ લેવાને બદલે દરેક છોકરો પોતપોતાનું વ્યક્તિત્વ પૂર્ણ વિકાસ પામે તેવું જ શિક્ષણ લેશે દરેકને માટે નિષ્ણાતપણાની જ તાલીમ હશે પ્રખર વિદ્વાનોને આજની જેમ અમુક ઉમરે કૉલેજ છાડી નહિ દેવી પડે આજ આવી વ્યક્તિત્વ ખીલવવાની નિશાળો જ કયા છે? આજની નિશાળોના પાઠો સરેરાશ હોય છે, યથા પંક્તિ નથી હોતા

કોઈ પ્રશ્ન કરશે કે મનુષ્યનું વ્યક્તિત્વ અને અસામ્યત્વ માપવું શી રીતે? આજે અમેરિકા મનુષ્યની કમાવાની શક્તિથી તે માપે છે, સમાજવાદી દેશ રાજ્યને મનુષ્યની આર્થિક ઉપયોગીતા કેટલી છે તે ઉપર આંકે છે, ધાર્મિક સંપ્રદાયો પોતે વખાણેલા સદ્‌ગુણો મનુષ્ય કેટલા પ્રમાણમા પાળે છે તે ઉપર આંકે છે અને આપણા મૅટ્રિકના પરીક્ષકો? એ લોકો તો અસામ્યત્વ માપવામા એક્કા થઈ ગયા છે બહાર અને ઘેરનું અસામ્યત્વ માપવા માટે મકરાઓને કાપી નાખવાનો રસ્તો જ તેમને ઠીક લાગે છે માનસશાસ્ત્રીઓ સામાન્ય સમજની કસોટીઓથી માપે છે વિજ્ઞાન મનુષ્યના પ્રકૃતિગુણોની યથાર્થ નોંધ લઈને મનુષ્યનું ચોક્કસ

ભાવનાઓ તેટલી જ તીવ્ર રીતે જાગ્રત્ થતી હોય અને સતોષાતી હોય તો વૈજ્ઞાનિકોને મંદિરોમા જવાની પણ કંઈ જરૂર નથી આજથી સાઠ વર્ષ ઉપર જેમ્સ ક્લાર્ક મેક્સવેલે અદશ્ય વિદ્યુત્ આંદોલનોને બે ત્રણ કોષ્ટકો રૂપે બતાવ્યા તો આજે આપણે રેડિયો ઉપર જગતના સર્વશ્રેષ્ઠ કલાકારોની કલાનો લાભ લેવા ભાગ્યશાળી થયા છીએ થોડા વર્ષ પછી અદશ્ય ઈશ્વરતત્ત્વના સૂક્ષ્મ આદોલનો ઝીલી શકે તેવો રેડિયો પણ વિજ્ઞાન શોધી કાઢે તો નવાઈ જેવુ નથી. વગર મહેનતે સનાતન સત્યો અને તેના મૂલ્યનો સાક્ષાત્કાર થઈ શકવાનો નથી એ ભજનો ગાવાથી જગતને મુક્તિ મળી જાય તેવો સભવ નથી ખૂબ જ વિસ્તૃત અર્થમા સશોધન અને શિક્ષણનો પ્રચાર થાય તો જ મહાસત્યની ઝાખી થઈ શકે તેમ છે વિજ્ઞાનના જ્ઞાન વગર દરેક ઘટનાનુ સત્ય રહસ્ય સમજી શકાય તેમ નથી અને તેથી જ આજનુ આપણુ ઘણુ ખરુ સાહિત્ય અને કલા સાચુ દષ્ટિબિંદુ રજૂ કરી શકતા નથી પહેલા મર્યાદિત જનસમૂહ જ કથા વાર્તા ભજન કીર્તનનો લાભ લઈ શકતો, જ્યારે હવે તો રેડિયોએ આખા જગત માટે શ્રેષ્ઠ ભજનો વહેતા કરી દીધા છે 'તુકારામ" જેવી ફિલ્મોએ કેટલાના યે હૃદયમા ભક્તિરસ ભરી દીધો છે એટલે વિજ્ઞાનની પ્રગતિથી સુદર આધ્યાત્મિક પરિણામો નહિ જ આવે એમ નહિ કહી શકાય

પરતુ જનસમૂહ જો વિજ્ઞાનથી અલિપ્ત જ રહ્યા કરશે તો જેવી રીતે ધર્મ ઘસાઈને વિધિ અને રૂઢિઓમા ફેરવાઈ ગયો છે તેવી રીતે વિજ્ઞાનનુ પણ અધ પતન થઈને એક યાત્રિક કરામત જેટનુ જ મહત્ત્વ અને ત્યાં વિજ્ઞાન પાઠ્યપુસ્તકોરૂપે નથી શિખવાતુ પણ રોજના જીવનને લાગુ પડે તેવી રીતે જ શીખવવામા આવે છે ત્યાના જાહેર છાપાઓ જોશો માસિકો જોશો, તો વિજ્ઞાન વિષે જ વધારે લેખો નજરે પડશે, જ્યારે આપણા છાપાઓ અને માસિકોમા સુવાળી વાર્તાઓ, કાવ્યો અને સિનેમાના ચિત્રો જ વિપુલ સખ્યામા મળી આવશે આપણો કાયદો શરીરશાસ્ત્રના જે પ્રયોગો વિજ્ઞાનના વિદ્યાર્થીઓને પણ દેખાડવા રજા નથી આપતો તે પ્રયોગો રશિયાના રસ્તે જતા માણસને પણ બતાવવામા આવે છે રશિયાના ઇનામી શબ્દવ્યૂહોમા પણ વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો વિષે જ વધારે પ્રશ્નો પૂછવામા આવે છે

આમ છતાં હજી રશિયાને આપણે વૈજ્ઞાનિક રાષ્ટ્ર નહિ કહી શકીએ જેમ એક દિવસ હિંદ ધાર્મિક રાષ્ટ્ર હતુ તેમ આજે રશિયા વૈજ્ઞાનિક રાષ્ટ્ર થવા પ્રયત્ન કરતુ પહેલુ જ રાજ્ય છે, પણ આખા જગતનાં રાષ્ટ્રોના સહકાર વિના કોઈ પણ એક રાષ્ટ્ર પોતાની ધારેલી પ્રગતિ ન જ કરી શકે રશિયાનુ આમ જ બન્યુ છે બાકી રશિયાના પ્રયોગો ઘણા જ પ્રશસનીય છે વિજ્ઞાનમા સમાયેલા અગાધ રસને પીવા રશિયામા લાખો વિદ્યાર્થીઓ હવે વિજ્ઞાનને જ ઐચ્છિક વિષય તરીકે સ્વીકારે છે રશિયામા વિજ્ઞાનના ક્ષેત્રમા પડેલા સર્વેનુ જીવનધોરણ ઊચુ રાખવામા આવે છે તેમને કાયદાનુ પણ બધન હોતુ નથી આપણે ત્યા તો જાતીય વિજ્ઞાન ઉપર એક ખુદનો લેખ છપાય તો લેખક, પ્રકાશક અને છાપનારા-બધાને જેલમાં જઈને બેસવુ પડે અલબત્ત આપણે એમ તો

સેકડોગણુ વધી જશે આજે આપણે વિજ્ઞાનનો લાભ ના ઉઠાવી શક્યા હોઈએ તો હવે પછી આપણી ફરજ એ છે કે આપણા બાળકોને તો ન્યાય આપવો જ જોઈએ જેમને ઉચ્ચ વૈજ્ઞાનિક કેળવણીથી ખૂબ લાભ થાય તેવા ચબરાક યુવકોને આજે આર્થિક મુશ્કેલીઓ નડે છે અને બીજાઓને પચે પણ નહિ તેટલુ જમાડવામા આવે છે એનો ઉપાય વિજ્ઞાન નિયંત્રિત રાજતંત્ર સિવાય બીજુ કોણ કરી શકે તેમ છે ? રશિયા ફિન્લેંડ ઉપર આક્રમણ કરવા માટે ભલે વખોડાય પણ તે છતા સૃષ્ટિપુનર્ઘટનાના તેના આદર્શો વિજ્ઞાનના નક્કર પુરાવાઓ ઉપર રચાયેલા છે તેથી તે આદર્શોને થોડાક કલંકોથી આંચ આવી શકે તેમ નથી રશિયાએ જોઈ લીધુ કે મોટાઓ કરતા હવે તો બાળકોની સેવા વધારે જરૂરી છે, કારણ કે આજના બાળકો એ આવતી કાલની આશા છે આજનું સામાન્ય બાળક આજના સામાન્ય યુવક કરતા વધારે હોશિયાર છે અને આજનો સામાન્ય યુવક ગઈ સદીના પ્રૌઢ પુરુષ કરતા વધારે હોશિયાર છે વિજ્ઞાન આ હોશિયારીમાથી નવનીત તારવવાનુ જ ભૂલ્યુ છે

વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી થનારી જગતની પુનર્ઘટનામા વિજ્ઞાનની શક્તિ મોજશોખો વધારવા કે સહાર કરવા ખાતર જ નહિ ખર્ચાઈ જતા વિજ્ઞાનની પ્રગતિનો ડહાપણભર્યો જ ઉપયોગ થશે **આજે રાજ્ય તેમ જ પ્રજા વિજ્ઞાન પાસે દુષ્ટ હેતુઓથી ભીખ માગી રહ્યાં છે** વિષયસુખ છૂટથી ભોગવી શકવા વિષયી આજે વિજ્ઞાન સામે મીટ માડે છે કે "સીફીલીસની કઈ દવા આપો છો ? સતતિનિયમન માટે કઈ બતાવો છો ? રાજકર્તાઓ પણ વિજ્ઞાન પાસે ભીખ માગે છે કે "રેડિયો મોટર કે આર્ટસિલ્ક જેવી કર નાખવા લાયક નવી શોધો બતાવો છો ? દુશ્મનનો સહાર કરવાના ગૅસ બૉમ્બ અને ચેપી જતુઓ અમને આપો છો ?" આ પ્રમાણે આજે તો વિજ્ઞાન ઉપર અત્યાચાર થઈ રહ્યો છે પરતુ એ દિવસ હવે દૂર નથી કે જ્યારે વિજ્ઞાન રાજકારણનું ગુલામ નહિ રહેતા રાજકારણ વિજ્ઞાનનું ગુલામ થશે અને કોઈ પણ જાતના આકરા કરો વગર વિજ્ઞાનની ફાયદાકારક શોધોનો લાભ આમ જનતાને મળશે

વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ જો પ્રચાર પામશે તો પચાસ વર્ષ પછી આજે જેમ ફાસીએ ચઢવાનુ થોડાના જ નસીબમા છે તેમ માદા પડવાનુ પણ થોડાના જ નસીબમા હશે બધા મનુષ્યોનુ જીવનનુ ધોરણ ઊચુ થશે દરેકને પ્રગતિની સરખી તકો મળશે આપણુ જાતીય જીવન જન્મપ્રમાણુ સાથે મેળ રાખવા પૂરતુ જ ખર્ચાઈને બાકીનુ બળ વિજ્ઞાનની પ્રગતિ માટે પુરાતમા રાખશે વિજ્ઞાનના ધોરણ ઉપર રચાયેલુ વાસ્તવિક નીતિશાસ્ત્ર વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપરાત સમૂહસ્વાતંત્ર્ય અને સમૂહરક્ષણ ઉપર વધારે ચીવટ રાખશે પ્રાચીન નીતિશાસ્ત્રની જેમ ત્યાગનો અર્થ સંન્યાસ નહિ કરતા સમૂહના ભલા માટે વાસ્તવિક સહકાર આપવા આપવો પડતો જાતિભોગ એવો થશે

આપણે જો કે ઘણા દૂર છીએ, પણ શરૂઆત કરી શકીએ તેમ છીએ વ્યક્તિ માત્રના નૈતિક, આર્થિક, આધ્યાત્મિક વિગેરે દરેક પ્રશ્નનો વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી ઉકેલ લાવીને જગતની પુનર્ઘટના કરવા માટે કદાચ ઇતિહાસ રચવા જેટલો સમય પણ ખર્ચાઈ જાય, પણ જગત માટે તે જ એકલો મુક્તિમાર્ગ છે તેમાથી બુદ્ધિ અને હૃદયનું ઐક્ય પરિણમશે, ખોટી દિશામા વેડફાતા મનુષ્યયત્નનુ યથાર્થ સાર્થક થશે, ગુના કરવાનુ કારણ જ કોઈને માટે નહિ રહે, વિજ્ઞાનનો ઉપયોગ નીતિમય બનશે અને ધર્મ વાસ્તવવાદી બનશે

વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ માનવીની કોઈ પણ આકાક્ષાને સતોષી શકે તેટલુ બધુ ઊચુ છે બુદ્ધિશાળી અને પૈસાદાર હોવા છતા વૈજ્ઞાનિકો જાતમજૂરી કરે છે તે સત્યશોધનના મહાન આદર્શને અર્થે જ સસ્કૃતિનુ ભવિષ્ય લોકો આ વાત પચાવી શકશે કે નહિ તે ઉપર આધાર રાખે છે આપણે સૃષ્ટિ પુનર્રચનાના આ મહાકાર્યમાં કઈક ફાળો આપીને ધન્ય થઈએ તો જ બસ છે

રેંટિયો

કંગાલ આ દેશ દારિદ્રતાનો
નિહાળશે ધન્ય પ્રભાત કો દિ'
આ રેંટિયાના સતના પ્રતાપે ?
ને આજ આ દેશજનો બધા યે
ફરાવતા મંગલચક્ર રેંટિયો
ને નાદ તેનો સહુ માનવીમાં
હતું અરે વાદળ ઘોર–ક્યાથી
આ ચક્ર માંડ્યુ ફરવા, જગાડી
નિરાશના વ્યોમ વિષે પ્રદીપ્ત
પ્રભા મહામંગલ મુક્તિકાળની ?
હતા અમારા સહુ પૂર્વજો ન કયા
આ રેંટિયે સૂતર કાઢી કાઢી
વસ્ત્રો બનાવી જનસંસ્કૃતિની
પ્રભા જગે માનવમાં પ્રસારતા ? 14

બ્રહ્માંડનો એક વિરાટ રેંટિયો
ત્યાં સૂર્ય કેવો અતિ ભવ્ય સોહે !
એ ચક્રથી રશ્મિ વણાઈ નિત્યે
પ્હોંચ્યા જગે માનવ ઉરઉરે—
પૃથ્વી તણા પલ્લવ, પથ્થરોમાં—
એ તાર ગૂંથાઈ રહી સદાના ?
એ રેંટિયો આદિ કર્યો પ્રભુએ
તે કેમ ભૂલી શક્યું જગે રહી ? 22

ને કેંક પેલી તકલી નભે રહી
પ્રકાશના તાર સદૈવ કાઢતી.
ગૂંથાઈ તેની અતિ શુભ્ર જાળ
છવાઈ શું ના ધરતી પટે આ
બની રહી ઓઢણું ચિરકાલનું ?
એ આદિ ચક્રો ફરતા રહ્યા, અને
આ ચક્ર એનું લઈ રૂપ નાનું
રચે નવોન્મેષ અખંડ ગૂંથી
વિરાટ કો' ચાદર મુક્તિસૃષ્ટિની
જે ચક્રથી ભવ્ય અનંત સૃષ્ટિ
ચાલી રહી નિત્ય અનંતકાળમાં—
એવા જ આ ચક્રથી ના કદી શું
મળી રહેશે જનમુક્તિ માનુષી ? 35

બ્રહ્માંડના એક જ ભવ્ય રેંટિયે
યુગો વણાયા ઇતિહાસના કૈં
ને માનવીએ ચિરકાલ વિશ્વમાં
કરી મહાજ્જન્મ સંસ્કૃતિની
એવો જ કો' આ ઇતિહાસ રેંટિયે
વણાઈ રહેતો જનસંસ્કૃતિનો
આ ભારતી માનવતા જ કેરો
નવો મહાજન્મ વિશ્વસર્જને 43

એ રેંટિયે શો ન સ્વરાજ્ય આવતું
આ માનવી-તંત્ર પ્રશાંતિ કેરું—
કિન્તુ ન શું આયુ હજી અમોલું
તે આદિનું દર્શન વર્તમાને ?
એ રેંટિયે સૂતર કાંતી કાંતી 48
આ માનવી અંતરમાં જ શાંતિ
અણી શું કો' સંસ્કૃતિના સવારે ?
બ્રહ્માંડ આખું ફરતું, પ્રભુની
લીના મહામંગલ મૌન શબ્દે
કથી, યુગોના ઇતિહાસ – માર્ગે
વિરાટના સર્જન સંયમે રહી !
ફરી રહેશે અમ રેંટિયો યે
ગાંધી પિતાની અહિંસાની સૃષ્ટિમાં
હિંદીજનોને ઉર ઉર રેલવી
જ્યોતિર્મયી શાંતિ અનાદિ કાળની—
કો' દિવ્ય સુસંસ્કૃતિ સ્થાપવાને—
આ માનુષી મુક્તિ અપાવવાને
બ્રહ્માંડના સર્જનના જ સંયમે 61

સખ્યા સદા ફેરવતી જ રેંટિયો
ને તાર તેજોજ્જ્વલ કોટિ કાઢી
વસુંધરાને ગૂંથી વસ્ત્ર આપતી.
એ વિદુષી પૂજ્ય પવિત્ર સખ્યા
ભેગી કરી વાદળ-પૂણી સર્વે
જતાં જતાં યે નભને દઈ જતી
વિરાટ કો' ચાદર તેજવંતી.
ગૂંથી સદા આપવું અન્યને રહ્યું,
તો આપણે યે નિત કાંતી કાંતી
ના આપશું પશ્ચિમ દેશને શું
ગૂંથી મહાચાદર સંસ્કૃતિની?

આ રેંટિયે સૂતર – તાર કાઢી
કાલે નવી સંસ્કૃતિને નિહાળશું—
જ્યાં ઊગશે રમ્ય પ્રભાત પેલું
તેત્રીસ કોટિ જન મુક્તિ કેરું!

फोलक

●

બે છુટ્ટા અંકોડા

[અનુષ્ટુપ]

મળસ્કે ઊઠીને નિત્યે વરંડામાં ઊભો રહું
દંતધાવન કાજે ત્યાં દૃશ્ય આ ચિતરાઈને
રોજે રોજ સરી જાતું :—
'ધોબીનો દીકરો નાનો સાત કે આઠ વર્ષનો
ભરાવી દોર ખંભે, બે હાથમાં હાથગાડીના
હાથા જાડા ગ્રહી ખેંચે તાણીને ડોક, પોટકાં
મોટાં પાંચ; કસીને જે બંધાયા બાપના કરે.
ને માતા તેહની જેના સોટા જેવા સુકાયલા
હાથો જેની ત્વચા ટાઢે તૂટેલી સ્પષ્ટ દીસતી
ઉનાળે ક્યારી શી!
ધ્રૂજન્તા ટેકવી પાય ભૂમિ પે : પૃષ્ઠ ઠેલતી
ગાડીનો, હાંકતી ચાલે, અહો! ત્રીસેક વર્ષની
આની પૂર્તિ રૂપે બચ્ચાં બે બેસાડ્યાં હતાં વળી
પોટકાં પર ડોલતાં, માતાના સુખભાવને
ઠંડીમાં ધ્રૂજતાં જાણે ધીમે ધીમે પચાવતાં

[શિખરિણી]

અને જ્યારે ફેંકું નજર અહીં બારીની પછીતે
નિહાળું કેવાં ત્યાં જગ સકળનું ભાન ભૂલીને,
સુંવાળી ગોદોમાં

રૂપાળાં હૈયાંનો અતિ મધુર શાંતિરસ પીતાં;
ગુલાબી નિદ્રાનાં સ્વપન ચૂમતાં રમ્ય ભુલકાં
અને માતા એની અધિક વળી જો સુંદર દીસે.
ગયો એનો સારા દિવસભરનો થાક ઊતરી
પ્રફુલ્લા એ થોડી ક્ષણ પછી ઊઠી હાસ્ય કરશે
મઢી દેવા એના લઘુક ઘરમાં શાંતિ સઘળે. ૨૩

[અનુષ્ટુપ]

સુખી આ નીરખી દૃશ્ય હૈયું કૈંક ધીમું પડે,
કિંતુ એ ઊછળે પાછું જાગતાં પૂર્વની સ્મૃતિ.

[શિખરિણી]

અને અંકોડા બે બહુ બહુ મથું એક કરવા
ન લાધે કો તો યે મુજ બળતરાને બુઝવતો
રૂડો રસ્તો, જેથી ઝટ બદલી જાયે પરિસ્થિતિ-
સદા સર્વે હૈયાં સુખસરવરે શાંત વિહરે. ૨૯

' અજ્ઞાત '

●

આવશો ?

ચહો ઉરનિવાસિની મુજ થવા પધારો ભલે,
પરંતુ વસવું નથી સુગમ અંતરે માહરે.
મમત્વ મનનું, સદા હૃદયની જવાની, અને
કને ઝરણ સૌમ્ય હોય તપભવ્ય માનવ્યનું,
સ્વકીય સુખએષણા સુખપ્રદાનના તર્પણે
સુભવ્ય બનવી અશક્ય નવ હોય તો આવજો !

વશીકરણ ના ચહું ફક્ત દેહસૌંદર્યનું,
રહો પરમ મંગલા દ્યુતિ કલાત્મ સાયુજ્યની.
સ્મર્યું નથી ત્હમે કદી સ્મરણ કોઈ કર્તવ્યનું
કહો, પ્રણયભાવવર્ષણ સિવાય કૈં ન્હૈં ચહો ?
નચાવી નહિ જો શકું નયન તો રખે ખીજતાં
છતાં ય કહું છું, ત્હમે વણ પિછાણ ના આવશો !

હશે જીવનભાવિનાં વહન ભાવસંક્રાન્તિનાં
તદા વરસજો; ચહું ન અતિવૃષ્ટિ તો શમ્ય હો !

વેણીભાઈ જ. પુરોહિત

•

ગણી ગણી

ચઢું ચઢું ડુંગર ગીરનાર
અને ચઢે લોક મહાહિમાલય
તો કાં લજાવી મુજ મોંઘું યૌવન
ત્રણેક માળા પર હોસ્પિટાલે
જવા ચઢું લીફ્ટની લૈ સહાય્ય?

અને અને ઘર્ઘર લીફ્ટનો ધ્વનિ
સૂતેલ દર્દી તણી આંખ ખોલશે
ને જાણતાં ડૉક્ટર આવિયા તે
ફરી, વળાંકે નિજ ડોક વાળી
મને નિહાળી થઇ જાય દુઃખી!
એ કોમળા આ ઉરને રુચે નહીં.

કદાચ, કો નર્સની અંગુલિઓ
ગૂંથી રહી પ્રિતમ અર્થ ફૂલો
સૌ કામ અંતે, મુકી બાજુ તેને
ઊભી થઇ પૂછવું ચાહશે કે
'રે, કોણ આવ્યું?'

અને હું તો મેક્ષક સ્નેહી મારા
-ની પૂછવા કુશળતા જ આવ્યો!

વ્યાયામ મારે કરવું ન કાં જરી?
ઉતાર માટે રહી લીફ્ટ છો અહીં
મારે નહીં લીફ્ટ ચઢાવ માટે

છો લીફ્ટ હો જેમ રહી છ તેમ
સોપાન મારે ચઢવાં ગણી ગણી –

કદાચ, આવી રીત ઉપરે જતાં
પસાર વેળા થતી તેટલામાં
સ્નેહી તણું દર્દ મટી જ જાય
ને એહને હું લઈ સાથમાંહીં
આ લીફ્ટ દ્વારા બસ ઉતરું નીચે!–

—શ્રી. ભગીરથ મહેતા

સાહિત્યના પ્રદેશમાં

‘પથેર પંચાલી’નો પ્રવેશક

બીજી કોઈ પણ ભાષા કરતા બંગાળના સાહિત્યસ્વામીઓ પ્રત્યે ગુજરાતને વધુ મમતા હોય એમ લાગે છે અંગ્રેજી જેવી મહાન અને સમૃદ્ધ ભાષાના સાહિત્યના અનુવાદો થાય છે તે કરતા યે વિશેષ બંગાળના વાર્તા–નવલ આપણે ત્યા ઊતર્યા છે આમ થવાનું કારણ શુ હશે? બંગાળ ભાવનાપ્રધાન છે એટલે એમ થતું હશે? ગુજરાતના વ્યાપારી, વ્યવહારિક અને ગણતરીબાજ માનસને ભાવનાની ભીનાશ અને મુક્તતા અનુભવવાની ઇચ્છા થતી હશે? વ્યવહારમા જે જીવી ન શકાય તે કલ્પનામા જીવીને સંતોષ માનવાની વૃત્તિ ઊપજતી હશે? અવલોકન એમ કહે છે કે ગૃહજીવનના કોમળ અને કઠિન પ્રશ્નો તો જેવા બંગાળમા હોય તેવા જ ગુજરાતના ગૃહોમા પણ છે ઉદાત્ત સ્ત્રીચરિત્ર જેવુ ત્યા છે તેવુ અહીં પણ છે એક વસ્તુ અહીં ઓછી છે એમ લાગે છે ગુજરાતના પુરુષો બંગાળ જેટલા ભાવનાશીલ નથી જણાતા નૈસર્ગિક વાતાવરણનુ એ પરિણામ ન હોય? નિસર્ગદેવીએ ત્યા જે લાવણ્ય છે તે અહીં ક્યા છે? આ પુસ્તકના પાને પાને જે સૌંદર્યસૃષ્ટિ દેખાય છે તે આખા બંગાળમા પથરાયેલી છે, જ્યારે ગુજરાતમા એવા સ્થાનો કેટલા મળે? નિસર્ગને ખોળે રમતું જીવન વ્યાપારી કે વ્યવહારકુશળ ન થઈ શકે એમ ન બને? એટલે ત્યાના સ્ત્રીપુરુષ અને કુદરત–ત્રણે ય ગુજરાતને નવીન અને મધુર લાગે છે જીવનમા જેની ઊણપ છે તે પ્રાપ્ત થતા આનંદ અનુભવાય છે શરદ્‌બાબુના પાત્રો ઉપર એટલે જ ગુજરાત મુગ્ધ બન્યુ છે શરદ્‌બાબુને પીને પચાવ્યા પછી આજે હવે કોઈ કોઈ સ્થળેથી બોલાય છે કે એમના સાહિત્યે આપણી લાગણીઓને વધુ પડતી કોમળ બનાવી મૂકી છે સ્વભાવ, સંસ્કાર અને વાતાવરણમા આ લાગણીઓ ભીનાશ મૂકી જાય ત્યા સુધી તો એમાં જીવનનું માધુર્ય લાગે, પરંતુ એ લાગણીઓમા આપણે ખેંચાવા માંડીએ તો આપણું સ્વત્વ જ ગુમાવી બેસીએ આખુ હિંદ એક રાષ્ટ્ર છે જ, કન્યાકુમારીથી કાશ્મીર અને કરાચીથી આસામ સુધીના રાષ્ટ્રશરીરમા એક જ લોહી વહે છે છતા એક ખંડ જેવા આ દેશમાં પ્રાતપ્રાતના નિરાળા સંસ્કારો પણ છે ભારતીય સંસ્કૃતિ એ સંસ્કારોનો સુંદર અને સુયોગ્ય સમન્વય છે ગુજરાતને પોતાની સંસ્કૃતિ છે જેમ મહારાષ્ટ્રને, પંજાબને, બંગાળને છે એ સંસ્કૃતિને શુદ્ધ કરે, વિકસાવે, નવાં તત્ત્વોનો ઉમેરો કરે એવું સાહિત્ય ગુજરાતમા પ્રસરવુ જોઈએ પરભાષાના સાહિત્યને એની રસિકતા અને હૃદયંગમતાને કારણે આપણે ઉપાડી જ લઈએ તો કદાચ આપણા સંસ્કારો બદલાય તો નહિ, પણ એની દૃઢતા તૂટી જાય, આપણે ગુજરાતી ન રહીએ અને બંગાળી કે બીજુ કંઈ તો થઈ શકીએ નહિ એટલે આજે નવા નવા અનુવાદો પ્રત્યે આપણા વિવેચકો કડક નજર રાખી રહ્યા છે તે યોગ્ય લાગે છે એ નજરમા આ એક દૃષ્ટિ ભળવી જોઈએ એવો નમ્ર મત છે

આપણા જ સંસ્કારોને પ્રગટ કરે, વિકસાવે, શુદ્ધ કરે એવુ મૌલિક સર્જન પુષ્કળ પ્રમાણમાં થયા જ કરતું હોય તો પરભાષાના અનુવાદો આપણા સાહિત્યને અને જીવનને બળ આપનારા થાય, પરંતુ મૌલિક સર્જન નહિવત્ હોય અને નબળુ હોય તો પરભાષાનું સાહિત્ય–જેમા જીવનના પ્રવાહો હોય છે એ વાર્તા–નાટક–નવલકથા માટે જ હું કહું છુ–ગુજરાતના જીવનને બળપ્રદ થાય કે કેમ એ વિષે મને શંકા છે આજે આપણે ત્યા પરભાષાનુ સાહિત્ય ઢગનાબંધ ઊતરી રહ્યુ છે ત્યારે આ વિચાર ફેંકી નહિ દેવાય એવી આશા છે અહીં એક સૂચન કરવાની પણ ઇચ્છા થાય છે જેટલુ ધ્યાન પરભાષાની વાર્તા–નવલકથાને ગુજરાતીમા ઉતારવા માટે અપાય છે તેટલું જ ધ્યાન ત્યાના ગંભીર અને શાસ્ત્રીય પુસ્તકોને ઉતારવામાં અપાય તો? આવા

પુસ્તકો હજારોની સંખ્યામા ગુજરાતી ભાષામા ઊતરે અને મૌલિક સર્જન એક પણ ન થતું હોય તો યે આપણા સંસ્કારને હાનિ પહોચે નહિ કોઈ પણ વિષયમા મૌલિકનું વિશેષ મહત્ત્વ છે જ કારણ કે એમા પરિસ્થિતિનું જ્ઞાન અને બળ રહ્યા હોય છે, પરંતુ જેને લલિતવાઙ્મય કહેવામા આવે છે તેમા તો એની જરૂર અન્ન–પાણી જેવી છે મૌલિક સર્જનનો અર્થ જ એ કે આપણી જ માટી આપણા જ ઉકરડાનુ ખાતર અને આપણી જ નદીનુ પાણી–એડનાર પણુ આપણે જ, આ રીતે જે છોડ ઊગે તે આપણા જીવનના પ્રતીક જેવો પણ હોય અને આપણને પોષણ આપનાર પણ હોય ગુજરાતના જુવાન લેખકો જો નિશ્ચય કરે તો ગુજરાતની ભૂમિ એટના રસ કસવાળી તો છે જ કે જેમાથી સાહિત્યના સુદર છોડ નિપજાવી શકાય ગુજરાતના લેખકો એમ કરશે? આજે આપણા સમગ્ર જીવનમા આગમની ભાવના પ્રસરી ગઈ છે અનુવાદ તરફનો આવો પ્રબળ ઝોક પણ એ ભાવનામાથી જ ઊભો થયો જણાય છે અનુવાદ કરવામા લાયકાત તો જોઈએ જ પણ મૌલિક સર્જન જેટની નહિ અનુવાદમા મૂળ સર્જનની લાગણીઓ સમજવી જોઈએ, કઈક અનુભવવી પણ જોઈએ, પરંતુ મૌલિકમા તો હૃદય વલોવવુ પડે પ્રસવની વેદના વિના જન્મ કેમ થાય? અનુવાદકમા માતાના ભાવ અનુભવી શકે એવી સહૃદયતા જોઈએ, ત્યારે સર્જક તો ખુદ માતા જ થવુ પડે કોઈ પણ સાહિત્યની સમૃદ્ધિ માટે, એટલે જ મૌલિક સર્જન આવશ્યક છે

૨

આટલુ કહ્યા પછી આ પુસ્તકને હું આવકારુ છુ ખાસ તો એટલા માટે આવકારુ છુ કે ગુજરાતી ભાષાસાહિત્યમા આ પ્રકારનું એક પણ પુસ્તક મારી જાણમા નથી. ભાષા, શૈલી, વસ્તુ, વિચાર, રજૂઆત, ગૂથણી સર્વ રીતે આ પુસ્તક નવીન છે આપણા વાર્તાપ્રિય વાચકવર્ગને આ પુસ્તક ગમશે ખરુ? આમા અદ્ભુત ઘટનાઓ નથી, કશુ જ રહસ્યમય નથી, સ્ત્રી–પુરુષનુ પ્રેમાકર્ષણ કે વેદનાઓ નથી, જુવાનોના મંથન નથી છે સાવ સાદી વાત નાનકડા અપુની દુર્ગાની અને ગરીબ મા સર્વજયાની અને તે પણ કેટલી બધી ધીમી! ચારસો પાનાની નવલ કથામા પ્રેમમૂર્તિ સર્વજયાનો કે પનામૂર્તિ અપુ માત્ર તેર વર્ષનો જ થાય છે એની વનફૂલોમા રમતી દીદી દુર્ગા પણ એ કરતા મોટી થતી નથી દુર્ગા અને એ અપુ વિપુલ સમૃદ્ધિમા ઊછરતા હતા, પણ સમૃદ્ધિ કઈ? શરીરમા લોહી વધારે એવા ખોરાકની નહિ, ટાઢ તડકા ને વરસાદમા રક્ષણ કરે એવા ઘર કે કપડાની નહિ, જ્યા જાય ત્યા માનપાન મળે એવા શિક્ષણની પણ નહિ એકલા વગડાની, વનની, સૂર્યના પ્રકાશની, નદીના નીરની, લાખમલાખ ફૂલોની સૃષ્ટિની દુર્ગા અને અપુ એમા જીવતા હતા. કલ્પના તો એમા જીવી શકે ને વિકસી શકે, પણ દેહ કેમ જીવે? દુર્ગા ન જીવી શકી અને અપુ એકલો રહી ગયો આટલી આ વાર્તા છે

પણ આ વાર્તા છે? એમાં આપણને પરિચિત એવા શહેરીઓના સંસારચિત્રો ક્યા? ગરીબ માણસની અદ્ભુતતા ક્યા? આ કેટલી સાદી સીધી વાત છે! નાનકડાં બાળકોની તે વળી વાર્તા લખાતી હશે? આ લેખકે શુ કર્યું છે? એનાં જ્ઞાન અને કલ્પનાની વિપુલતા આ બાળક દ્વારા પ્રગટ કરવાને બદલે કોઈ યુવક–યુવતી દ્વારા પ્રગટ કરી હોત તો? વાચનારને લાગત તો ખરુ કે આ મારી વાત છે! બાળકોની મનોસૃષ્ટિ જોવાની કોને ફુરસદ છે? અને તે પણ કેવા બાળકની? જેની પાસે માના દીદીના ને કુદરતના પ્રેમભડારો છે પણ એ સિવાય કશુ જ નથી હા, કલ્પના છે દૂર દૂરના દેશોમા ચાલ્યા જવાની, મહાભારતના પાત્રો બનવાની, સકળ સૃષ્ટિને ખૂદવાની, આભના વાદળાઓ સાથે દોસ્તી બાધવાની પણ ઊભુ ક્યા રહેવુ? ઊભવા માટે જમીન તો જોઈએ ને? શરીરનો બોજો ઉપાડવાની પગમાં તાકાત તો જોઈએ ને? એક જીવવાની જ ઊણપ છે, મન ઘણુ કરે છે –ઘણુ કલ્પે છે, શરીર કશુ કરી શકતું નથી

જો ધીરજ રહે તો એક પણ લીટી ચૂક્યા વિના આ પુસ્તક વાચવા જેવુ છે નવી જ સૃષ્ટિ છે નવી જ કલ્પનાઓ છે

આને વાર્તા કહીએ તે કરતાં એક કુટુંબ, જે લાખો કુટુંબનું પ્રતિનિધિ છે તેની પળ પળનો આમાં ઇતિહાસ છે એમ કહેવું વધુ યોગ્ય થશે ઇતિહાસ સુક્કો નથી, કેવળ ઘટનાઓની સાંકળ નથી, એમાં પળ પળની લાગણીઓના ધબકાર છે પ્રસંગે પ્રસંગે જીવનનું કારુણ્ય પ્રગટે છે એક પણ એવો પ્રસંગ નથી કે જ્યાં જીવનના મર્મભાગને સ્પર્શ ન થયો હોય વાર્તાનો સાર અત્યંત ટૂંકો છે હરિહર એક ગરીબ બ્રાહ્મણ છે પૂજાપાઠ કરી ગુજરાન ચલાવે છે સર્વજયા એની પત્ની છે અપુ ને દુર્ગા બે બાળકો છે દુર્ગા છે તોફાની, વન-વગડામાં રખડનારી અપુ છે મુગ્ધ કલ્પના દુર્ગા અને એ પોષણ પામતા નથી પણ નિસર્ગના ખોળામાં રમતાં રમતાં જીવે છે છેવટ દુર્ગાથી એમ જિવાતું નથી એક કાળી ઘનઘોર રાતે તોફાન ઊઠ્યું છે મુશળધાર વરસાદ વરસે છે છાપરાં તૂટે છે હરિહર બે પૈસાની લાલચે બહારગામ ગયો છે સર્વજયા બાળકોને બચાવવા વલખાં મારે છે, પણ પંખી જેવો દુર્ગાનો આત્મા આ ધરતીથી થાક્યો હોય કે એને જતે રહે છે એ પછી અપુ એકલો પડે છે ને કંઈ કંઈ થાય છે, વાંચી લેજો

વાર્તા વાર્તા ખાતર લખાય તો યે હેતુવિહીન ન હોય. આ વાર્તાનો હેતુ શો? ધ્વનિ શો? કોઈ સ્થળે ઉપદેશનું વચન નથી દુઃખની અરેરાટી નથી સહાનુભૂતિ જગાડવાનો પ્રયત્ન નથી પણ પહેલે પાનેથી જ, જો ચિત્તમાં સહૃદયતા હોય, માનવતા પણ પૂરી જાગ્રત હોય તો હૃદય કરુણાથી ભિંજાઈ જાય છે અપુ અને દુર્ગાની સાથે વનની સૃષ્ટિ જોતાં આનંદમસ્ત થઈ જવાય છે પરંતુ એનું ઘર અને એની વાસ્તવિક સૃષ્ટિ ભૂલી શકાતી નથી એક માનવબાળને ભગદરિયાના મોજાંઓ સાથે રમતાં રમતાં બાથ ભીડતાં કરતું અને છેવટે નાશ પામતું જોઈએ છીએ આખી વાર્તા સમગ્ર રીતે જે કહી જાય છે, હૃદયમાં ભરી જાય છે, તે ધ્વનિમાં કરુણા છે પ્રેમ છે, સહૃદયતા છે, અને છુટાઈ જતાં ફૂલોનું આક્રંદ છે કોઈ કશું કહેતું નથી છતાં એમ થાય છે કે "એવો અપુ જો મારે હોય! એ સર્વજયા જો મારી પાડોશમાં હોય!" આવું આવું થવા લાગે છે ને કંઈક કરવાની લાગણી જન્મે છે, હૃદય ભીનું બને છે, આંખ વિનમ્ર બનીને નીચી નમે છે જે નીચે પડ્યા છે તેની પાસે બેસવાની ઇચ્છા જાગે છે

પુસ્તક નવીન છે એમ મેં પહેલાં કહ્યું એમાં જે આલેખાયું છે તે ઘર-આંગણે જ બને છે એટલે જૂનું-અતિ જૂનું છે એમ હવે કહું છું આપણને આંખો ને કાન બને છે છતાં આપણે કેટલું બધું નથી જોઈ શકતા ને નથી સાંભળી શકતા તે આ પુસ્તક બતાવે છે એમ લાગે છે કે આવું જોવા માટે હૃદયની આંખ જોઈએ એ આંખનાં પોપચાં શ્રી વિભૂતિભૂષણ એનાં અપુ દુર્ગા અને સર્વજયા દ્વારા ઉઘડાવે છે આપણે આપણાં નેત્ર ખોલનાર શ્રી વિભૂતિભૂષણનો આભાર માનીએ

૩

અનુવાદ વિશે બે શબ્દ કહેવા જોઈએ બંગાળી ન જાણતો હોવાથી મૂળ પુસ્તક મેં વાંચ્યું નથી અનુવાદ વાંચીને જ હું મુગ્ધ બન્યો છું અનુવાદ વાંચતાં દરેક પાને એમ લાગ્યું કે અનુવાદકને વન સૃષ્ટિનો પરિચય હોત તો પુસ્તક ઓર શોભી ઊઠત પુસ્તકના પાને પાને વૃક્ષોનાં, ફૂલોનાં ને ફળોનાં જે નામ આવે છે તે સાવ અજાણ્યાં લાગે છે એનો કંઈક પણ પરિચય આપી શકાયો હોત તો સારું થાત ગુનામને ગુનામ તરીકે ઓળખીએ નહિ ત્યાં સુધી એની શોભા ને સુગંધ કેમ અનુભવી શકીએ? જો કે પરિશ્રમપૂર્વક એવો પરિચય આપ્યો હોત તોપણ એમાં કેટલા વાચકો રસ લઈ શકત એ તો પ્રશ્ન છે જ, પણ શ્રી વિભૂતિભૂષણને પૂરી રીતે ન્યાય કર્યાનો સંતોષ તો પ્રાપ્ત થાત જ

અનુવાદની ભાષા અને શૈલી ઉપરથી મૂળ પુસ્તકના ભાષા દોષોનું અનુમાન થઈ શકે છે બંગાળી ભાષાના અભ્યાસી એવા બે ત્રણ મિત્રો પાસેથી મેં જાણ્યું છે કે આ પુસ્તક અનુવાદ માટે અઘરું ગણાય સામાન્ય વિચારથી પણ એમ લાગે છે કે આ પુસ્તકના અનુવાદનું કામ કઠિન હોય જ, કારણ કે એમાં જે કથા છે તે શુદ્ધ બંગાળના એક ઘરની છે, અને જે વનસૃષ્ટિ છે તે પણ બંગાળની જ છે ઘણાં,

લેખકની શૈલી પણ નિર્બંધ અને બંગાળીમાં જ વધુ શોભી ઊઠે એવી છે આ બધું ગુજરાતીમાં ઉતારવા માટે જે અધિકાર જોઈએ તે અનુવાદકમાં છે કે નહિ તે વાચકો જ નક્કી કરશે હું તો એટલું કહું કે દોષો હોવા છતાં આ અનુવાદમાં મૂળ પુસ્તકના આત્માનું પૂરેપૂરું રક્ષણ થયું છે ને રસપ્રવાહને મુદ્દલ ક્ષતિ પહોંચી નથી આ રીતે અનુવાદ પ્રશંસાને પાત્ર ગણાય જ્યાં ગીતોની કડીઓ મૂકી છે ત્યાં તેને બદલે એટલું જ સુંદર ગુજરાતી પદ્ય મૂકી શકાયું હોત તો ઘણું સારું હતું, પણ એમ ન બન્યું તો એનું ગુજરાતી તો ફૂટનોટમાં મૂકવું જોઈતું હતું આ ગીત-કડીઓ ઘણાને વૃક્ષો ને ફૂલોનાં નામ જેવી જ અજાણી લાગશે

સ

'દરિયાલાલ'ના હકીકતદોષો

જાણીતા લેખક શ્રી ગુણવંતરાય આચાર્યની લખેલી અને 'પ્રજાબંધુ' સાપ્તાહિક પત્રના ૧૯૩૮ની સાલની ભેટ તરીકે પ્રગટ થયેલી નવલકથા 'દરિયાલાલ'માં મને મહત્ત્વના ઘણા હકીકતદોષો જણાયા છે તે જાહેરમાં મૂકવા જોઈએ એવું મને લાગવાથી હું આ પાનાઓ લખું છું

આ લખવા માટેની મારી એક યોગ્યતા હું એ જ જણાવીશ કે મારી ઉમરના પંચાવન વર્ષમાંથી અર્ધાં મેં જંગબારમાં વ્યતીત કર્યાં છે

'દરિયાલાલ'માં મુખ્ય દોષો આફ્રિકા અને જંગબારની ભૌગોલિક સ્થિતિના વિષયમાં થયા છે આ દોષો વાચકના મનમાં જંગબાર વિષે વિભ્રમ પેદા કરે તેવા છે ઐતિહાસિક ગણાય તેવા પણ બે મહત્ત્વના દોષો છે અહીં હું મહત્ત્વના દોષોની જ ચર્ચા કરીશ બીજા નાના દોષો દુર્લક્ષ કરવાથી ચાલે તેમ હોવાથી તેને છેડવા યોગ્ય નથી માનતો

કોઈ વાર્તા પુરાણકાળના ઇતિહાસમાંથી ઉપાડી હોય ત્યારે જો એ સમયના સમાજનું અને મુખ્ય બનાવનું યોગ્ય ચિત્ર આવી રહે તો બાકીના બધા દોષો ક્ષમ્ય ગણાય પરંતુ 'દરિયાલાલ'ની વાર્તા તો ઓગણીસમી સદીની છે, છેક ગઈ પેઢીની જ વાત છે અને આફ્રિકા અને હિંદ વચ્ચેનો સંબંધ વધતો જ રહ્યો છે, એવી પરિસ્થિતિમાં વાર્તામાં કોઈ પણ જાતનો હકીકતદોષ ટીકાપાત્ર ગણાય

પુસ્તકમાં વારે વારે અને બહુ ખૂંચે છે તે તો લેખકનું ભૌગોલિક અજ્ઞાન

પ્રથમ તો તેઓ માની બેઠા લાગે છે કે જંગબાર એ એવો મુલક છે કે જ્યાંથી આફ્રિકાના કોઈ પણ ભાગમાં સ્થળમાર્ગે મુસાફરી થઈ શકે હકીકત એ છે કે જંગબાર એ ચારે તરફથી સમુદ્રથી વીંટાયેલ એક ટાપુ જ છે જંગબારથી આફ્રિકાની મુખ્ય ભૂમિ (મેઈન લેન્ડ)માં સ્થળમાર્ગે ન જઈ શકાય અને એટલે જ નવલકથામાં આવતા એક મહત્ત્વના પાત્ર રામજીનું પાડા પર બેસી આફ્રિકાના જંગલોમાં જા-આવ કરવી, મંગો પાર્ક નામના યુરોપિયન મુસાફરના સમાચાર પાડા મારફત મુખ્ય ભૂમિ પરથી જંગબાર પહોંચાડવા અને મુખ્ય ભૂમિમાંથી હાથીઓની વણજાર જંગબારમાં આવે-જાય એ દેખીતી રીતે ભૂલો જ છે

અને હાથીઓ વિશે-જંગબાર અને જંગબાર તાબેના પેમ્બા ટાપુમાં એક પણ હાથીની હસ્તી હતી નહિ અને છે પણ નહિ આફ્રિકાની મુખ્ય ભૂમિમાં હાથીઓ છે ખરા, પરંતુ તેનો ઉપયોગ હાથીદાંત મેળવવા માટે શિકાર તરીકે જ થાય છે બ્રહ્મદેશમાં હાથીઓને જીવતા પકડીને પાળીને તેમની પાસેથી જેમ કામ લેવામાં આવે છે તેવું આફ્રિકામાં હતું જ નહિ અને છે નહિ અલબત્ત જંગબાર એ હાથીદાંતના વેપારનું મથક ગત મહાયુદ્ધ સુધી હતું

આફ્રિકા એ કાંઈ નાનો કચ્છ કે કાઠિયાવાડ છે? એમાં તો ચાર હિંદુસ્તાન સમાઈ જાય એના એક ભાગનું વર્ણન જો આફ્રિકાના આખા નામ સાથે જોડાઈ જાય તો તે હાસ્યાસ્પદ જ લાગે આમાં એવું થયું દેખાય છે પુસ્તકના ત્રીજા પાના પર આફ્રિકાનું સામાન્ય પ્રાથમિક વર્ણન કરતાં લેખક લખે છે. 'લવીંગના ઝૂમખાં નીચે વેરાય છે.' ખરી રીતે જંગબાર અને તેના તાબાના પેમ્બા ટાપુ સિવાય આફ્રિકામાં ક્યાંય લવીંગ થતાં નથી

એ 'અંધારા ખંડ' ના વર્ણનમાં લવીંગના ઝૂમખાં અપ્રસ્તુત છે. મહાયુદ્ધ પછી ફ્રેંચોએ માડાગાસ્કરમાં લવીંગના છોડ નાખ્યા છે અને છેલ્લા પંદરેક વર્ષથી તે જંગબારના લવીંગ સાથે હરીફાઈ કરે છે, પણ મુખ્ય ભૂમિમાં તો લવીંગ છે જ નહિ.

ખરી રીતે તો જંગબાર અને પૂર્વ આફ્રિકાનું સામ્રાજ્ય મસ્કતના ઈમામ સઈદ બીન સુલતાને સ્થાપ્યું તે સમયે આફ્રિકાના કોઈ પણ ભાગમાં લવીંગ હતાં નહિ. જંગબારના પ્રથમ સુલતાન સઈદે જ જાવાથી લવીંગના છોડ મંગાવ્યા અને જંગબાર અને પેમ્બાનાં હવાપાણી અને ભૂમિ એને માફક આવતાં તેનો ફાલ એવો સારો ઉછેર થયો કે આજે એ બાબતમાં જાવા ગૌણ બની ગયું અને જંગબાર દુનિયા આખીને લવીંગ પૂરાં પાડનાર તરીકે પ્રસિદ્ધિ પામ્યું.*

જંગબારના નામ સંબંધેની કલ્પના પણ બરાબર નથી લાગતી. એ કેવળ કલ્પના જ છે. પુસ્તકમાંથી ફકરો ટાંકું છું:

"જંગબારનું મૂળ નામ કાઝીમ્બે. પોર્ટુગીઝ તવારીખમાં જંગબારના સુલતાનને 'કાઝીમ્બેના રાજા' તરીકે ઓળખાવ્યો છે. ત્યારે જંગબાર નામ કેમ પડ્યું? સંભવ છે કે જુગ એટલે દરિયાલાલની ખેડ કરતાં વહાણ, એવાં વહાણોની બારી તે જુગબાર. જુગબારમાંથી અપભ્રષ્ટ થઈ જંગબાર નામ બન્યું હોય."

લેખકના કહેવા પ્રમાણે પોર્ટુગીઝ તવારીખમાં નામ કાઝીમ્બે હશે પરંતુ ત્યાર પછીની એમની કલ્પના બરાબર નથી. જંગબારનું રાજ્ય, તે રાજ્યને તાબે જંગબાર અને પેમ્બાના બે ટાપુઓમાંનો જંગબારનો ટાપુ, અને હાલનું રાજધાનીનું મુખ્ય શહેર અને બંદર જે છે તેનું નામ પણ જંગબાર છે. આ જંગબાર નામ મારે મતે આમ પડ્યું છે. આરબ વિજેતાઓ અને ગુલામી વ્યાપાર બંધ થયો તે પહેલાંના ગુલામોના વેપારીઓ સામાન્ય રીતે પૂર્વ આફ્રિકાના હબસીઓ માટે 'શેન્ઝી' શબ્દ વાપરતા. 'શેન્ઝી' શબ્દનો અર્થ 'જંગલી' થાય છે. જંગલીઓને વેચવાનું બજાર તે 'શેન્ઝીબાર'. આ શેન્ઝીબારનું અરબો બોલવા લાગ્યા ઝંજબાર, યુરોપિયનોએ ઉચ્ચાર શરૂ કર્યો ઝીન્ઝીબાર અને આપણે હિંદીઓએ કર્યું જંગબાર. પરદેશી ભાષાનો વિશેષનામી શબ્દ દેશીઓમાં અપભ્રષ્ટ થાય તે કરતાં દેશી ભાષાનો શબ્દ પરદેશીઓમાં અપભ્રષ્ટ થાય તે વધુ બુદ્ધિગમ્ય છે. એટલે જ આપણા દેશના નર્મદા, મુંબઈ, ખેડા, ભરૂચ, ગંગા, સિંધુ, ખંભાત અને એવાં બીજાં ઘણાં નામો બહુ ખરાબ રીતે અંગ્રેજોએ અપભ્રષ્ટ કર્યાં છે અને આપણે હિંદીઓએ આફ્રિકાના દારેસલામનું ધારેસલામ કે ધારેસલા, મોરોન્ડાનીનું મકડધાની અને એવાં બીજાં નામોનું કર્યું છે. એટલે જુગબારનું જંગબાર બન્યું ન હોય પણ શેન્ઝીબારનું જંગબાર બન્યું હોય.

ત્યારે કાઝીમ્બે વિષે શું?

આજથી છસો સાતસો વર્ષ ઉપર જંગબાર ટાપુ શીરાઝી રાજાઓના હાથમાં હતો. તે વખતે તેમનું પાયતખ્ત હાલના જંગબાર શહેરથી ૩૫ માઈલ દૂર કીઝીમકાઝી નામના સ્થળે હતું. આ કીઝીમકાઝી તે કાઝીમ્બે થયું હોવું જોઈએ અને જંગબારના રાજાઓને પોર્ટુગીઝોએ કાઝીમ્બેના રાજા તરીકે ઓળખાવ્યા હશે. પોર્ટુગીઝોએ પોતાનું

* ઘઉં-બાજરાની પેઠે લવીંગની ખેતી નથી થતી. તેના ધરુ કરી રોપ બદલાવી વાવવામાં આવે છે અને તેના બગીચાઓ—શામ્બા—પ્લેન્ટેશન હોય છે. એનું ઝાડ આસરે છથી સાત ફૂટ ઊંચું થાય ત્યારે તેને ફૂલ બેસે છે અને વખત જતાં ઝાડ ૩૦ થી ૩૫ ફૂટ ઊંચું વધે છે. પ્રથમ ફાલ આવતાં લગભગ દશ વર્ષ લાગે છે. આફ્રિકાની સ્વાહિલી ભાષામાં લવીંગને 'કરાફુ' કહે છે. સર, શબ્દ કર્ણફૂલ ઉપરથી એ બન્યો હશે? કાનમાં પહેરવાનું ફૂલ—મરેણ—લવિંગિયું એ શબ્દ આપણામાં પ્રચલિત છે. આપણા ગુજરાતી અને હિંદી શબ્દો સ્વાહિલી ભાષામાં જોવા મળે છે. ઉદાહરણ:

ગોદડું = ગોડોરો
ચંદરવો કે મચ્છરદાની = ચંડારા
નફો = ફાયદો
રૂપૈ (પૈસો) = [illegible]

પાયતખ્ત ' ઉગુજા ઉકુ ' નામની જગ્યાએ સ્થાપ્યુ હતુ અને મસ્કત અને ઓમાનના ઇમામ સઇદ બીન સુલતાને જંગબાર જીત્યુ ત્યારે હાલનુ જંગબાર શહેર હસ્તીમા આવ્યુ હજી આગળો અને હબસીઓ જંગબારને માટે પોર્ટુગીઝોના શહેર ' ઉગુજા ઉકુ ' માથી બીજુ પદ ' ઉકુ ' કાઢી નાખીને ' ઉગુજા ' શબ્દ વાપરે છે

મહત્ત્વની ઐતિહાસિક ભૂલ આમા જંગબારના તે વખતના સુલતાનના નામ સબધી છે એમણે સુલતાનનુ નામ ' સૈયદ સુલેમાન ' આપ્યુ છે જંગબારના સુલતાનોમા કોઈનુ નામ સુલતાન હતુ નહિ તેનુ ખરુ નામ સઈદ સઇદ બીન સુલતાન હતુ પ્રથમના ' સઈદ ' શબ્દમાનો ઈ દીર્ઘ છે અને હિંદમા વપરાતા ' સૈયદ ' નો પર્યાયવાચક છે તેની અગ્રેજી જોડણી sayyid-સૈયદ થાય છે પણ અગ્રેજીમા યે તેનો ઉચ્ચાર ' સઈદ ' છે અને બીજા શબ્દમા આવતો ઇ હ્રસ્વ છે અને તે વિશેષનામ છે તેની અગ્રેજી જોડણી said થાય છે અને ઉચ્ચાર ' સઇદ ' છે ' સુલતાન ' શબ્દ રાજા કે બાદશાહનો પર્યાયવાચક છે તેમ જ તે વિશેષનામ પણ હોય છે એટલે જંગબારના રાજાનુ નામ સઈદ (સૈયદના અર્થમા) સઇદ અને તેના પિતાનુ નામ સુલતાન (વિશેષનામ) એમ લખાવુ જોઈતુ હતુ

નાના નાના હકીકતના અને બીજા દોષો ઘણા બતાવી શકાય તેમ છે, વાચતા ખટકી આવે પણ છે પણ એ વાર્તાવસ્તુને બાધક ન હોઈ દુર્લક્ષ કરવા જેવા છે, પણ તેમા જે મહત્ત્વના છે તે સક્ષેપમા જોવા જોઈએ

પાનુ ૨૧૮, ફકરો ૬ ઠ્ઠો- (દારેસલામ)થી જંગબાર આવતા (બર્ગસને) દિવસો નીકળી ગયા '

જંગબાર અને દારેસલામને ત્રીસ જ માઈલનુ છેટુ છે આટલો રસ્તો કાપતા કેટલા દિવસ લાગે? ' મુકામ જીતતી ' ઇત્યાદિ વર્ણનથી સેના કેવી રીતે આવતી હતી તેનુ વર્ણન પણ એવુ છે કે જાણે દારેસલામ અને જંગબાર વચ્ચે કેટલુંય અંતર હશે એમ લાગે આ તો જેમ ગોકુળથી ચાર ગાઉ છેટેના મથુરામા આવતા અક્રૂરજીને દિવસ આખો લાગ્યો એવો ભાગવતમા જે ઉલ્લેખ છે તેના જેવુ આ અસગત છે

પાનુ ૨૮૫ ફકરો ત્રીજો-" એ (કોઠીના) દરવાજા સામે સુલતાને તોપ મડાવી "

જંગબાર એ જૂની બાધણીનુ શહેર છે તેના મકાનો ત્રણ ચાર માળ જેટલા ઊચા છે પણ રસ્તાઓ સાકડા છે ત્યાના કાપડબજાર હુરન્ઝી અને મલીન્દી સ્ટ્રીટની પહોળાઈ એટલી છે કે એક સાધારણ બેબી ઑસ્ટીન કાર પણ ઘણી જ મુશ્કેલીથી પસાર થાય કેટલેક સ્થળે તો એ ભરાઈ જ રહે આવા જંગબાર શહેરમા દામોદર જેરામની પેઢી સામેના જાહેર રસ્તાની પહોળાઈ પદર ફૂટથી વધુ નથી તો પછી એની સામે તોપ કેવી રીતે મડાવી? અને દામોદર જેરામની પેઢીથી ચાલતા ત્રણ ચાર મિનિટના રસ્તા પર જ પાછળી બાજુએ સુલતાનનો મહેલ છે, એ જમાનાની તોપોને આવી સ્થાનસ્થિતિમા પેઢી સામે સુલતાન માડે એ સભવિત છે?

બર્ગસના બળવા વિષે શ્રી ડુગરશી ધરમશી સપટે ' નવરચના ' માસિકના માર્ચ ૧૯૪૦ના અકમા 'લધાભાની ઉત્તરાવસ્થા' એ લેખમા જે લખેલ છે તેમા આવી વાતનો ઉલ્લેખ નથી

શ્રી સપટના ઉક્ત લેખમા અને શ્રી આચાર્યે દરિયાલાલ'મા લખેલ હકીકતોમા બીજે પણ કેટલેક સ્થળે હકીકતનો ફેર છે

ગુલામીની પ્રથા જંગબારમાથી ગુજરાતીઓએ પ્રથમ નાબૂદ કરી અને સુલતાન પાસે કરાવી એ હકીકત સાચી છે પરતુ શ્રી સપટના ઉપરોક્ત લેખમા લધાભાએ એ પ્રથા પ્રથમ સમજાવવા આવનાર સર શાહબુદ્દિન અને સર રિચર્ડ ટેમ્પલની સમજાવટ પછી ગુલામી પ્રથા રદ કર્યાનુ લખાયું છે જ્યારે શ્રી આચાર્યની નવલકથામા સર શાહબુદ્દિન લધાભા પાસે આવ્યા તે પહેલાં લધાભાએ ગુલામી વેપાર ન કરવાનુ રામજીભાને વચન આપ્યાનુ છે અને ખરીદેલા ગુલામોને છોડી મૂકવાનુ લખ્યુ છે

પાનું ૨૮૯, ફકરો સાતમો–'જ્હોન ડકર્કને જગબારનો પહેલો અંગ્રેજ રેસિડેન્ટ નીમવામાં આવ્યો.'

આ તદ્દન ખોટું છે આ ભૂલ તો એવી છે કે જે લેખકોની હકીકતોને તપાસવાની ચોકસાઈની મોટી ઊણપ બતાવે છે

આ વાત સો વર્ષ ઉપરની છે, જ્યારે જગબારમાં પહેલો અંગ્રેજ રેસિડેન્ટ મેજર એફ બી પિયર્સ તો છેક ઈ સ ૧૯૧૪માં જ નિમાયો હતો ૧૯૧૪ની શરૂઆતમાં જગબારનો વહીવટ ઇંગ્લેંડની મસ્થાન-કચેરી (કોલોનિયલ આફિસ)ના અધિકારમાં ગયો અને તેના તરફથી રેસિડેન્ટ નીમવાનું શરૂ થયું ત્યાં સુધી, એટલે કે ૧૯૧૩ના ડિસેમ્બરની આખર સુધી જગબારનું રાજ્ય ઇંગ્લેંડની પરદેશ-કચેરી (ફોરીન ઑફિસ) સાથે સંબંધ ધરાવતું અને જેમ કોઈ પણ સ્વતંત્ર રાજ્યમાં પરદેશનો એલચી (કોન્સલ) રહે તેમ અંગ્રેજ કોન્સલ ત્યાં રહેતો જર્મની અમેરિકા, ઈટાલિ પોર્ટુગીઝ, ફ્રાંસ બેલ્જિયમ આદિ દેશોના એલચીઓ પણ તે રીતે રહેતા એટલે ત્યાં બ્રિટિશ કોન્સેલેટ જ હતી અને તેનો રાજ્યવહીવટ ઇંગ્લેંડની પરદેશ કચેરીની સલાહ-સૂચના મુજબ ચાલતો

તે વખતે જગબારની અદાલતનો સંબંધ પણ મુંબઈની વડી અદાલત સાથે હતો અને ત્યાંના ચુકાદા ઉપરની અપીલો મુંબઈની વડી અદાલતમાં સંભળાતી

અભણ ખારવાઓ અને એવા બીજાઓની પાસેથી સાંભળેલા શબ્દો પણ એમણે ખોટા રજૂ કર્યા છે નીચે તેવા કેટલાક શબ્દોના શુદ્ધ રૂપ બતાવ્યા છે

રાલ નહિ પણ રિયાલ (જગબારનો ચાંદીનો સિક્કો)

ઠાબો નહિ પણ શામ્બો (બગીચો)
અશકારી નહિ પણ અસ્કરી (સૈનિક)

અશરફી એ સોનાનું નાણું કહેવાય છે જગબારના સોનાનું નાણું હોય એવું મે મારા ત્યાંના ૨૭–૨૮ વર્ષના રહેઠાણ દરમિયાન પણ સાંભળ્યું નથી એટલે શ્રી આચાર્ય વાર્તામાં વચ્ચે એક ઠેકાણે અશરફી લાવ્યા છે તે જો સાચું હોય તો મને નવું જાણવા મળ્યું એમ હું માનીશ

આ ચર્ચા હું કોઈ પણ જાતના રાગદ્વેષથી નથી કરતો પરંતુ આ પરથી હું એટલું જ તારવવા ઇચ્છું છું કે ઇતિહાસ લખવો એ અઘરી બાબત છે, પણ નવલકથામાં ઇતિહાસને ગૂંથવો એ વધુ અઘરી અને તે સાથે વધુ સાવચેત રહીને લખવા જેવી બાબત છે કારણ કે તે નવલકથા મગજને નહિ પણ હૃદયને સ્પર્શતી હોય છે અને તેમાં જો ખોટા ખ્યાલોનો રંગ બેસી જાય તો તે લાભને બદલે નુકસાન કરે શ્રી આચાર્યે પોતાની આ નવલકથાથી આપણી ભુલાઈ જતી વસાહતની તવારીખને આપણી પાસે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો તે જરૂરી હતો, તેમાં તેમણે કેટલેક અંશે સફળતા પણ મેળવી છે પરંતુ તે સાથે મારા મત પ્રમાણે ઉપર કહી તેવી ભૂલો પણ રહી ગઈ છે

શ્રી કેશવલાલ હરિલાલ હિંમતપુરા

"કબૂલ છે, મા!"

શ્રી હરજીવન સોમૈયા

ડોસીની વાત પૂરી થઈ ઝહિરના હૈયામાં ખંજરની પેઠે તે ઊંડી ઊતરી ગઈ એની આંખોમાંથી ઝરતાં આંસુ ગરમ તાવડી ઉપર પાણી નાખીએ અને તે જેવી રીતે ઊડી જાય તેવી રીતે ઊડી ગયાં એણે છાતીને ટટ્ટાર કરી

"વાહ બેટા! ઉમર શેખ મીરઝાનો બેટો રડી રહે? એની છાતી તો સદા આમ જ ટટ્ટાર હોય, એની આંખો સદા આવી જ ચોખ્ખી હોય. એમાંથી ટપકે તો આગ ટપકે, પાણી નહિ"

ઝહિરે ડોસીના પગ આગળ માથું નમાવ્યું "પણ અમ્મા, તમે હિંદોસ્તાં વિષે મને આટલી વાતો કરી, એ હિંદોસ્તાં ક્યાંથી જવું એની તો વાત જ ન કરી"

"બાબર, એ પણ કહું તારો બાપ તો હતો બબ્બર શેર, સમરકંદ અને ફરગાનના વિનાયન * માં એક એવો મર્દ નહોતો જે એની એક થપ્પડ ખા બેઠો ન થતો એ બબ્બર બાપનો બેટો તું બાબર તને બાબરને મુસીબતોની તો શી વાત કરવાની હોય, આજ સુધી તેં મુસીબતો તો સહન કરી જ છે–"

"મુસીબતો–!" બાબરની આંખ સામે મુસીબતની એક સાકાર મૂર્તિ આવીને ખડી થઈ ઉમર શેખ મીરઝા બાબર અગિયાર વર્ષનો હતો ત્યારે મરી ગયો અગિયાર વર્ષની ઉમરનો છોકરો વિકરાળ વીંછી જેવા ઉઝબેગો અને કીરઘીઝોની સામે કેવી રીતે ઊભો રહીને બાપનું રાજ્ય સંભાળે? ધરતીકંપથી સતત ડોલતા પહાડ ઉપર સિંહાસનને એણે ચાર વર્ષ સુધી નાખ્યું અને પછી ભૂમિને ડોલાવતા બેસતાગોને ડામી દેતા જાને પંદર જ વર્ષની ઉમરે ફરગાનથી છલાંગ મારી પૂર્વપુરુષ તિમુરની ખોવાયેલી રાજધાની સમરકંદ ઉપર ધસ્યો.

પણ ઓહ, એ ઘડીથી જ એની દુર્દશા શરૂ થઈ સમરકંદને તો નાથ્યું પણ પાછળ રહેલા ફરગાનનો દોર ઢીલો થયો અને ફરગાન હાથમાંથી ગયું સમરકંદ છોડીને એ બાળક ફરગાન ગયો પણ રસ્તામાં અધે જ રહી ગયો પાછળથી ખબર આવ્યા કે શત્રુઓએ સમરકંદ લઈ લીધું બાબર–ઝહિરુદ્દીન મહમદ એક બાળક! આગળ નજર કરી, ફરગાન તંબલના હાથમાં છે, પાછળ નજર કરી, સમરકંદ ઉઝબેગ સેનાપતિ શઈબાનીના હાથમાં છે અને વચ્ચે છે એકિસપાનાના પહાડોની ખીણ આ ખીણ એટલે? કેવળ રેતી અહીં ન મળે પાણી ન મળે લીલું ઝાડવું ન મળે એક કબૂતર

અને બાબરને ઝાડવું જોયા વિના ઊંઘ ન આવે નદીમાં શરીરને કલાકો સુધી ડુબાડી રાખ્યા વિના ચેન ન પડે તેર વર્ષની ઉમર હતી ત્યારે ઠંડીમાં જામી જતો અરે ગરમીમાં ઓગળી જવા લાગતો એનો શ્વાસ લઈ એણે રણની અંદર ઉશ જેવા સુંદર ઉદ્યાનનગરની રચના કરી હતી આસાન શહેરને પણ એવું જ બનાવ્યું હતું મારગીનના આકાશઘર આદીજાનને પણ ફૂલફળોથી લચકતું બનાવ્યું હતું તંબૂસના ખુલ્લા ચાકાઓથી જમીન શુક્ર-શનિના ચળકતા તારાઓથી ભરપૂર આસમાન જેવી બનાવી દીધી હતી સખત ઠંડી હતી, નદીનું પાણી ઠરી ગયું હતું, ઠંડીથી માણસો અને ઢોર ઠરીને મરી જતાં હતાં ત્યારે એને નાહવાની ઇચ્છા થઈ એ નદીએ ગયો જોયું, પ્રવાહ જોશબંધ છે, વિચાર્યું, પાણીની સપાટી ઠરી ગઈ છે પણ નીચે પાણી વહેતું હશે. કૂદી પડ્યો સેંકડો ડૂબકી મારી! શરીર ઠરીને ઠીંગુ થઈ ગયું પણ મજા પડી! એને ખીણની રેતી સામે છોડી આવી મોં પર થપાટ લગાવી નદી અને બાગના શોખીન બાબરની મરજી મરતી જતી હતી બાગનું ફિકર દાબી એ પોકેપોક રડી પડ્યો

* રેગને એક બાજુ પ્રાંત હેતુઓ

આજે આ ભરવાડણ ડોસીએ એને એની નાની-માની માની યાદ આપી તેની છાતીને ટટ્ટાર કરી દીધી, અહેસાન થયો ડોસીનો પણ તે દિવસે તો એને જ એનાએક એ વાત યાદ આવી ગઈ હતી ક્યા પ્રસગ પરથી યાદ આવી હતી તે ખબર નથી, ઘણુ કરીને તો અધારી રાતે એને એ યાદ આવી હતી એની નાની ઇસાન દૌલતે-એક ઓરતે એ તો વળી એકલી હતી, કેવી ચાલાકીથી એના પર જુલમ કરવા આવનારને દૂર કર્યો હતો! ખાવિંદની સાથે ઇસાન દૌલત લડાઈમા ગઈ હતી દુશ્મને એને કેદ કરી પરપુરુષના કબજામા સોંપી ઇસાન દૌલત તે વખતે ચૂપ જ રહી પછી રાત્રે ધણી બનવા આવેલ એ જુવાનનુ ખૂન કરી એનુ મુડદુ રાજ-માર્ગ પર ખુલ્લુ ફેંક્યુ એકલી ઓરતની એ હિંમત જોઈ દુશ્મન પણ ખુશ થઈ ગયો એણે એને પાછી તેના પ્રતિષ્ઠિત સ્થાને મોકલી આપી

આવી જ અધારી રાત ઇસાન દૌલતને નડી હશે ને? એ ઓરત તો આ રાતથી ગભરાઈ નહોતી અને પોતે તો સોળ વર્ષનો કુમાર હતો, એને શાની બીક હોય? એણે જોર કર્યું, ફાર્ગન છોડ્યુ, પૂરા અઢીસો પણ સિપાહીઓ સાથમાં નહિ, એવી રીતે સમરકદ પણ લીધુ અને પછી પોતે ઓકિસયાનાની ખીણમા રોયો હતો તે પર હસ્યો એને ખબર પડી ગઈ કે મુસીબતમા છે તેવી મીઠાશ આરામમા નથી એણે નિશ્ચય કર્યો કે મુસીબતની યારીને ઝડપવાનો મોકો ન ખોવો નસીબની એક પણ જાતની ખફગી અનુભવથી અજાણી ન રહેવા દેવી અને એ ખુલ્લા પગે રણમા આથડ્યો, ચાકુની ધાર જેવા પહાડના પથ્થરો પર ચાલ્યો, ઠરી ગયેલી નદીના બરફ પર દોડ્યો, પ્રચડ વેગે દોડી જતી નદીમા પડી પાણી સામે ઝીક ઝાલી

અને ભાગ્યદેવીએ પણ પોતાની એક પણ ખફગી એનાથી અજાણી ન રહી જાય તે માટે એને સહાય કરવા માડી સમરકદવાળો સાઈબાની ફરી તૈયાર થઈ ગયો અને બાબરને દરિયાના મોજા પેઠે ... વેગે વહેતી કોહીક નદીમાં ઠેલી પડી, નદીને પાર કરી દસ જ સાથીદારો જોડે ભાગવું પડ્યુ ભાગીને એ ફાર્ગન આવ્યો, જોયુ તો ત્યાં તબલ એનું 'સ્વાગત' કરવા તૈયાર જ બેઠો હતો લશ્કરના ઘેરામાથી મુશ્કેલીથી છટકીને ત્યાથી બાબર છટક્યો-સાથે એક જ જોડીદાર.

દશે દિશા ધૂળની આંધીથી જ્યારે અધારી બની હતી, આગળ-પાછળ કે કોઈ બાજુ કશુ દેખાતુ જ નહોતુ ત્યારે બે ઘોડેસ્વારો-એક અઢાર વર્ષની કુમાર વયનો ઝહિરૂદ્દીન મહમદ અને બીજો એનો વિશ્વાસુ મિત્ર બાખા લાંબા પથથી થાકેલા ઘોડાઓને આગળ ને આગળ ખેચતા જતા હતા બની શકત તો તેઓ આવા થાક પછી તો જરૂર આરામ લેવા બેસત, શત્રુનો ભેટો થઈ જવાનું જોખમ ખેડીને પણ બેસત, પણ પાછળથી પવન અને રેતીના ઝપાટાઓ એવા જોરથી લાગતા હતા કે તેમને પરાણે ને પરાણે દોડવુ જ પડતું હતું

આખરે બાખીનું જોર આવી ખૂટ્યું બાજુમાથી આવીને રેતીનું ઝાપટું કાન ખરી ન દે તેવી રીતે સહેજ આડુ જોઈને બોલ્યો, "શાહજાદા! હવે જો ઊભા રહેવા નહિ મળે તો મારો ઘોડો કમોતે જ મરવાનો ઉછળે ઉછળે એણે બહુ જહેમત અને સફર ખેંચી છે" બાબર શુ જવાબ આપે? પીઢ ઉમરનો અનુભવી એવો બાખી પોતાના જેવા એક નાના છોકરા પાસે લાચારી કરતો હતો! એણે નીચી ગરદન કરી બાખીના ઘોડા ભણી જોયુ. દરેક પળે લાગતુ હતું કે ઘોડો હમણા ગોથુ ખાઈ જશે કેટલીયે વાર પરાણે ચાલતા પગ મચકાઈ જતાં પગ ઢસરડીને તે શરીરને આગળ ખેચતો હતો વિચાર કરીને બાબર બોલ્યો, 'અહીં સૂઈ જઈએ તો?"

"સૂઈ જઈએ? આ રેતીમા અને તોફાનમાં સૂઈ ગયા પછી માલિકની ઇચ્છા ન જ હોય તો જ રેતીના ડુંગર નીચે ન દટાઈ જઈએ" બાખી બોલ્યો

"તો દોડી દોડીને જ મરવાનુ જ છે ને!"

'એમ મરવુ એ બહુ ખરાબ નથી પાછળ આવતા હરી તબલના સિપાહીઓ દુશ્મનોની તલ-

વારોને આપણા ગળા સાથે દોસ્તી કરવા દેવી છે? આપણાં માથાં પોતાની તલવારની અણી પર રાખી સમરકંદના કમૂતરખાના પર દરેકને જોવાને ખુલ્ના મૂકે એવી શાહજાદાની ઇચ્છા છે? બહેતર છે કે આપ આગળ જાઓ મારુ થવાનુ હશે તે થશે આપ ન થોભો આપ જીવતા હશો તો બાગ સમરકંદને જિતાશે હુ મરુ કે જીવુ તેમા બહુ ફરક નથી, ભાગવા માંડો, મારી ફિકર ન કરો "

બાબરે માથું ધુણાવ્યુ "ન બને દોસ્તને દુ ખમા મરવા દઈને મારે સમરકંદને જીવતુ નથી કરવુ જીવશુ તો સાથે જ જીવશુ અને નહિ તો સાથે જ મરશુ "

"હઠ ન કરો શાહજાદા, જાઓ, તમે ભાગો, કદાચ આગળ નીકળી જશો, હું પાછળથી મારો માર્ગ વિચારી લઈશ"

બાબરની આખમા પ્રેમના ઝળઝળિયા આવી ગયા અને જ્યારે તે એકલો ભાગી નીકળીને, અધારા વીધતો, વેરાનને પા કરતો, શૂન્ય દિશામાથી દિશાને રચતો જ્યારે કોરધીઝ ભરવાડોના ઝૂપડામા આવી આ ડોસી આગળ આ વાત કહેવા લાગ્યો ત્યારે વાતને અતે બોલ્યો, "અને હું એકલો આગળ ચાલ્યો '

"પછી?" ડોસીએ જિજ્ઞાસાથી પૂછ્યુ "એકલો ભાગ્યો તુ, તો આ આ દોસ્તો, મા, બેન, એ બધા કયા મળ્યા?'

"એ પણ કહુ" બાબરેક હ્યુ "બાખીને મૂકી હુ એકલો ભાગ્યો સામે હુશિયાર પહાડની ટેકરીઓ હતી, તેની ઉપર પછડાઈ પછડાઈને પવનના સુસ વાટાઓ પાછા ફરતા હતા સુકકુ સુકકુ બધે બીનારાનુ ક્યા ય નામ ન મળે મારુ દિલ પણ સુકકુ થઈ ગયુ સૂરજ આથમવા ટાણે એક ટેકરી પાસે પહોચી ગયો દિશાની ખબર નહોતી પડતી, આગળ જવામા માન નહોતો આ રસ્તે એક જ વાર નીકળ્યો હતો, કઈ બાજુ જતા ક્યા પહો ચાય તેની સમજ પડે તેમ નહોતુ વિચાર કરતો હુ એક બખોલની ઓથમા સૂતો

" મોડી રાતે અચાનક જ પવનમા ઘોડાઓની હણહણાટી સભળાઈ ઝાઝા માણસોનો અવાજ સભળાયો હુ ઊભો થઈ ગયો કામઠી ઉપર તીર ચડાવ્યુ પણ ત્યા તો સામેથી ખૂમ સભળાઈ "મહમદ!" અમ્માનો સાદ એ તો હુ પારખી ગયો અમ્માને તો છાડી આવેલો તાશ્કદ અમ્મા મારી! દુ ખમા મારે વાસે હાથ ફેરવવા તાશ્કંદમા કાકાના રાજનુ સુખ મૂકીને મારી પાછળ આવી સામે દોડ્યો અને માલિકની મહેર કેવી છે! બાખી પણ એમની જોડે આવી ગયો હતો, એ લોકોને રસ્તામા એ મળી ગયો એ જ બધાને આ તરફ દોરી લાવ્યો હતો "

" પછી? પછી આ બાજુનો રસ્તો કેમ મળ્યો? રસ્તામા દિવસો તો ઘણા જાય ઠડી પણ ખૂબ હશે તમારી પાસે શુ હતુ કે તમે આટલી કૂચ કરી શકયા?" ડોસીએ પૂછ્યુ

"અમારી પાસે કશુ જ નહોતું. પણ મે કહ્યું ને, હું આ રસ્તેથી એક વાર નીકળેલો મને આડુઅવળુ બારીકીથી જોવાની ટેવ, થોડુ થોડુ યાદ રહી ગયેલુ તે પરથી ધ્રુવના તારાએ દિશા પકડીને ચાલવા લાગ્યો. મારી પાછળ બીજા સૌ બાખીનુ કહેવુ હતુ કે આરામ માટે ન થોભવુ એટલે જ રાત્ર કૂચ શરૂ કરવી પડી "

"તકલીફ કઈ જ નહિ પડેલી?"

" તકલીફ એકાદ ને એકાદ તો દરેક મુસાફરીમા પડે જ રસ્તાની નિશાનીઓ બરાબર મળતી નહોતી એટલે હું ઘોડાને આમથી તેમ દોડાવ્યા કરતો હતો ઘોડાના થાકની તો વાત જ શી કરુ? એક વાર ઘોડો ઠોકર ખાઈ ગયો હું ઊછળીને દૂર પટકાયો માથુ એક પથ્થર સાથે અફળાયુ."

' ઓહ!"

' ચક્કર આવે, સ્થિર ઊભા રહેવાય નહિ, કઈ દેખાય નહિ, પણ રાતમા સૌને કોઈક ઠેકાણે તો પહોચાડવા ને! કપડુ ફાડી ઘા પર બાધ્યુ ઘોડાને ઊભો કરી ફરી રસ્તો શોધતો ચાલ્યો આખરે અહી પહોચ્યા "

"અહીં કેટલે વખતે આવ્યાં? રસ્તામાં કેવી રીતે રહ્યા?"

"અહીં પહોંચતાં બહુ દિવસો લાગ્યા પહાડોમાં સતાઈ રહેતાં ઘણી વાર ખાવાનું ન હોય મરદો ખાધા વિના ચલાવે, ઓરતોની અદબ પાળવા એમની પાસે તો ખાવાનું મૂકવું જોઈએ ને? ગધેડાં અને ઊંટોના માંસ પર કેટલીક વાર દિવસો કાઢવા છે. જાનવરો જણ હતાં બેસવાને કંઈ વાહન નહોતું ઊંટથી જણ વચ્ચે રહેવાને પણ બે જ તંબૂ હતા અમ્મા અને બેન તંબૂમાં સૂતા બીજા બધા ખુલ્લા પવનમાં સૂઈ રહેતા જોડા પણ પાકા ચામડાના કોઈ પાસે નહોતા એક જામો અને એક લાકડી એટલો જ સૌની પાસે સામાન મા, દુનિયા કહે છે, હું બાદશાહ છું મા, સાંભળ્યા હાલ તેં બાદશાહના?"

બોલતા બોલતા બાબરની આંખમાં આંસુ આવી ગયાં 'મા, દુનિયા આખીને ધ્રુજાવનાર બાદશાહ તિમુરનો હું વંશજ, ઉમર શેખ મીરઝા પહેલ-વાનનો હું બેટો મા—હું!" બાળક ઘ્રુસકે ઘ્રુસકે રડી પડ્યો ડોસીના ખોળામાં એણે માથું ઢાળી દીધું

ડોસી એકદમ એનું માથું દૂર કરીને ખસી ગઈ "નામર્દ!" એણે ઉચ્ચાર કર્યો

"હું નામર્દ?" બાબરે એકદમ ઊંચું જોયું

'હજાર વખત નામર્દ! આમ જો, સાંભળ, તારી એક નાની હતી, નામ ઈસાન દૌલત સાંભળી છે કદી એની વાત? હજાર દુશ્મનની વચ્ચે એ એકલી એક ઓરત હતી કેવી રીતે એ ત્યાંથી છૂટી હતી? તારી માફક રડીને નહિ અને સાંભળી છે તિમુરની વાત કે જેનું નામ તું ગર્વથી લે છે? ક્યાં આવ્યો હિંદોસ્તાં તે જાણે છે? છેક હિંદોસ્તાં એ પહોંચ્યો કેવા છે હિંદોસ્તાંના રાજપૂતો! કેવા છે ત્યાંના પઠાણો! એ બધાને એણે પોતાના પગ આગળ બેસાડ્યા દિલ્હી જેવું શહેર આખા એ દિલ્હીને એણે સોગાદ પોકરાવી એ તિમુરનો સાચો વંશજ હો તો પહોંચ એ હિંદોસ્તાં રેતી સિવાય શું છે અહીં ફરગાનમાં? હિંદોસ્તાંમાં રેતી જોઈએ તો પણ સોનાની જ મળે. ત્યાંનાં જંગલો તો એવાં કે એમાં દિવસે પણ અંધારું રહે ત્યાંની નદીઓ એક નહિ, બે નહિ, કેટલીય નદીઓ એવી કે એના પૂરમાં હાથીઓ પણ તણાઈ જાય અજ-માવ તારું જોમ ત્યાં નામર્દ ન બન ઉમર શેખ મીરઝાનું રૂહ શરમાતું હશે"

આટલું બોલીને ડોસી અટકી ગઈ વાત બાબરના હૃદયમાં ખંજરની માફક પેસી ગઈ

"તું હિંદોસ્તાંનો રસ્તો પૂછે છે ને? હિંદોસ્તાંનો રસ્તો જ પૂછવા જેવું નથી હિંદોસ્તાંના વેપારીઓની વણજારો પોતાની પેદાશ સાથે વણજારો ઉપર થઈને કંદહાર, કાબૂલ, ગીઝની એમ અફઘાનિ-સ્તાનના શહેરોમાં થતી થતી છેક સમરકંદ આવે છે કાબૂલ જઈશ તો એને વિષે બહુ જાણવા પામીશ છોડ સમરકંદને અને જા કાબૂલ કાબૂલ અત્યારે નધણિયાતું છે"

"મા, તારો હુકમ કબૂલ છે હું કાબૂલ જાઉં છું કાબૂલ જીતીશ જ અને પછી જઈશ હિંદોસ્તાં હિંદોસ્તાં જીત્યા વિના ત્યાંથી પાછો નહિ ફરવાનો"

"અને જો બેટા, એક વાત કહું જો આ વાત નહિ ભૂલે તો હિંદોસ્તાંમાં રહેવામાં તને તકલીફ નહિ પડે હિંદોસ્તાંમાં ઓરતની ઇજ્જત અહીંની કોમ કરતાં બહુ કરવામાં આવે છે ઓરતની ઇજ્જત તો હિંદોસ્તાંમાં કે ગમે ત્યાં સારી જ થવી જોઈએ એ ઇજ્જતને ખાતર તારી નાની ઈસાન દૌલતે શું કર્યું હતું તે તું જાણે છે માટે જાણજે કે તારી બેશરમ ન હોય તે બધી ઇસાન દૌલતો જ છે"

"કબૂલ છે, મા!"

*

"કબૂલ છે, મા!" ઓરડામાંથી બહાર નીકળતાં છુટકારાનો દમ લેતા કાબુલના ગાઝી બાબરે ડોસીની વાતને યાદ કરી ઉદ્ગાર કાઢ્યો

ઇસ્લામમાં દારૂની મનાઈ છે, બાબર દારૂને છોડવા બહુ ઇચ્છતો છતાં છોડી શકતો નહોતો રાણા સંગ સાથેની લડાઈમાં હારની બાજી વખતે

દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લઈ બાજીને ઉલ્ટ તરફ ફેરવી અને હિંદોસ્તાનો તે બાદશાહ થયો. ત્યાર પછી બે વર્ષ પછી પણ એ દારૂને માટે વલખાં મારતો હતો–' બે વર્ષથી દારૂ માટે તલસું છું, ક્યારેક તો તલપ એટલી વધી જાય છે કે એ સહન ન થતાં આંખમાં પાણી આવી જાય છે.'–દારૂની આવી ટેવમાં ફસાયેલો એ દારૂની મિજલસમાં બેઠો હતો. દારૂ ઢીંચીને એ ચત્તોપાટ પડ્યો હતો, ભાન-અભાન જેવું હતું. અચાનક એને કાંઈક સુંવાળો સ્પર્શ થતો હોવાનું લાગ્યું. એકદમ પૂરા ભાનમાં આવી ગયો. આનિગા–મિજલસની નાઝનીન–એની બાજુમાં સરકતી હતી. બાબર એકદમ બેઠો થઈ ગયો. હુલહુલ આનિગા એની પાછળ દોડી. એના પર થૂંક ઊડાડી, એને ધક્કો મારી, પોતે બહુ પીવાથી ગાંડો થયો હોય તેવો ઢોંગ કરી, એ ઓરડાની બહાર નીકળી ગયો.

અને પછી એની સામે મ્હસાન દૌલત, એની મા, એની નાની, તિમૂર દાદા, બબ્બર જેવો બાપ, ઉમર શેખ મીરઝા, ફાર્ગન અને સમરકંદ અને છેલ્લે એ ડોસી અને તેણે કહેલ હિંદોસ્તાંની વાત યાદ આવી ગઈ.

એ બોલ્યો, "કબૂલ છે, મા! બધી ઓરતો મ્હસાન દૌલતો જ છે."

*ધરતીનો ધણી

શ્રી. હરમોહન શર્મા

'જગતના તાત'ને માટે બીજો શબ્દ 'ધરતીનો ધણી' છે. પણ આજે એ વિચાર પ્રવર્તે છે ને કે કોઈનો કોઈ ધણી નહિ, ધણીપણાની નાબૂદી હો! એટલે આ 'ધરતીના ધણી'ને નાબૂદ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે!

હિંદુસ્તાનમાં તો એ પ્રયત્નો સફળ થયા જ છે. ધરતીનો ધણી ખેડૂત હિંદુસ્તાનમાં હવે જીવતો નથી. એના કરતાં તો મિલનો મજૂર, બોજો ઊંચકનાર વેતરો, ઘરનાં એંઠજૂઠ કાઢનાર ચાકર અને ભિખારી પણ વધુ સારી સ્થિતિમાં હોય છે.

અને એવા જ પ્રયત્નો જગતમાં બીજે પણ ચાલી રહ્યા છે.

જ્યારે આયરીશ લોકોના હાથમાં પોતાના દેશની લગામ આવી ત્યારે તેઓ દેશની પુનર્ઘટનાના વિચારે મૂંઝાયા. દેશના બંધારણની સમજ ન હોવાથી તેમણે કેટલીક બાબતોમાં ઊંધું માર્યું છે, એવી એક બાબત તે 'ધરતીના ધણી'ને બાંધી લેવાની.

પુનર્ઘટનાની યોજનાઓ અને વિચારોનું જ્ઞાન મેળવવા રાષ્ટ્રીય સરકારે ડેન્માર્ક, બેલ્જિયમ અને એવે સ્થાને વિદ્વાનોનો એક જથ્થો મોકલ્યો.

આ વિદ્વાનોએ પાછા ફરીને સરકારને સલાહ આપી કે ખેડૂતો પોતાના દૂધનો બહુ બગાડ કરે છે. તેઓ દૂધ પોતે વાપરી નાખે છે અથવા વાછરડાંઓને ધવરાવી દે છે કે માખણ બનાવે તો ખાઈ જાય છે. એને બદલે સરકારે એમની પાસેનું બધું દૂધ લઈ લેવું અને સરકારે મોટા પાયા ઉપર માખણ બનાવવાનો ઉદ્યોગ સ્થાપવો અને પરદેશોમાં એ માખણ વેચવા મોકલવું.

સરકાર આ હુકમની પાછળ એવી આશા જોતી હશે કે એથી પરદેશનું ધન દેશમાં લાવી શકાશે. વાત કદાચ બરાબર હશે. પણ એ ધન દેશમાં આવીને કોની પાસે જવાનું છે? આખરે ધનનો પણ ઉપયોગ શો છે? શરીર અને મનને પ્રફુલ્લ રાખવાં એ કે

કઈ ખીજે? અને ખેડૂતો પોતાની પાસેના વધારાના વખતનો ઉપયોગ ઘરમાં દૂધમાંથી માખણ બનાવવામાં કરતો તે હવે એ સમયમાં શું કરશે?' એ એક ગૃહ-ઉદ્યોગ હતો, ગૃહઉદ્યોગની ટેવ દેશની કટોકટીને વખતે કેટલા ઉપયોગમાં આવે છે તેની આજના યંત્રયુગના રાજદ્વારીઓને કલ્પના હોવી મુશ્કેલ છે ચીનમાં આજે કાંતણનો ગૃહઉદ્યોગ શરૂ થયો છે 'એશિયા'ના ત્રણ ચાર માસ પહેલાના એક અંકમાં રેંટિયો ચલાવતા સ્ત્રી-પુરુષોના ચિત્રો પ્રગટ થયાં હતાં તે જોવા જેવા હતા, અને તે પરથી વિચાર કરવા જેવું હતું કે આજે મોટા એક કેન્દ્રમાં બધો માલ એકઠો કરીને યંત્રમાં એને નાખી એમાંથી પાકો માલ બનાવવામાં ખરેખર દેશનું હિત છે? ચીનમાં આજે ત્રણ વર્ષથી લડાઈ ચાલે છે ખેડૂતોને પોતાના રૂનો પાક શહેરોમાં લઈ જતાં ભય લાગે છે ઘણી વખત તો ગામોને જાપનીઓ ઘેરો ઘાલીને બેઠા હોય છે અને બહારનો વ્યવહાર અટકી ગયો હોય છે તે સમયે ચીનને કાંતણના આ ગૃહઉદ્યોગે બહુ રાહત આપી છે લડાઈને લીધે નવરા પડેલા લોકોને સરસ કામ મળ્યું છે પોતાના ગામનું ઉત્પન્ન બહાર વેચવા જવાની લાચારી મટી છે અને બહારથી આવે ત્યારે જ કપડાં પહેરી શકાય એ સ્થિતિનો અંત આવે છે

પણ આયરીશ સરકાર, જે પ્રજાસરકાર છે, તે આ વસ્તુ સમજેલ નથી, કારણ કે રાજ્ય ચલાવવાનો તેમને આ પ્રથમ પ્રસંગ મળે છે તેમના ખ્યાલો ઇંગ્લેંડના યંત્રઉદ્યોગના જ છે દેશને તેઓ યંત્રોના ખખડાટ ને ભભડાટથી ગાજતો જોવાની આશા સેવે છે અને એટલે ડેન્માર્કનું જોઈને આવેલા વિદ્વાનોએ કહ્યું કે, 'જો ખેડૂત પોતાના દૂધનું ઉત્પન્ન રાજને નહિ સોંપે તેમણે ચાલ્યા જવું પડશે, દેશ એમના વિના ચલાવી લેશે'

ખરી વાત છે આજે લાખડી ગક્ષસો દેશમાં ઊભા થાય છે ત્યારે બિચારા ધરતીની માટીના પૂતળાઓ શા ખપના છે! એમના વિના દેશને ચાલ્યું જશે.

ખબર નથી પડતી, દેશની વ્યાખ્યા વિદ્વાન લોકો શી કરે છે! પણ એ વાત નક્કી છે કે ખેડૂત નહિ હોય—શાંતિથી, અંતરના ઉમંગથી, કુદરતનો સાથ મેળવતા અને પોતાના વહાલા પશુની પીઠ પર હાથ ફેરવતો હાથેથી ધાન્ય નિપજાવનારો નહિ હોય—ત્યાં સુધી જગત શાંતિ પામવાનું નથી ખેતીનું, ખેતીના ઉત્પાદનનું યંત્રીકરણ કરવાના પ્રયત્નોને આખરે ગૃહઉદ્યોગનું સ્વરૂપ એક કે બીજી રીતે લેવું જ પડે છે તે જર્મનીની ખેતીની સુધારણા બતાવે છે રશિયામાં હમણાં ક્યાંક ક્યાંક કરવામાં આવતા ફેરફારો એ બતાવે છે

આયર્લૅન્ડમાં ખેતી આજે બે વિભાગમાં વહેંચાઈ ગઈ છે, ઉત્પન્ન કરવું અને બનાવવું ઘઉં ઉત્પન્ન કરવા, આટો બનાવીને ગુણો તૈયાર કરવી, દૂધ ઉત્પન્ન કરવું, માખણ બનાવીને ડબ્બાઓ બનાવવા ખેડૂતને બનાવટની ક્રિયામાં હાથ નાખવાની મનાઈ છે શક્ય હોય ત્યાં સુધી ખેડૂતને માખણ બનાવતો અટકાવાતો, શક્ય હોય ત્યાં સુધી ખેડૂતને ઈંડાં સેવાવતો અટકાવાતો, શક્ય હોય ત્યાં સુધી એને અનાજનો લોટ બનાવતો અટકાવાતો આ બનાવટનું કામ કારખાનાંઓએ કરવાનું છે આ એના જેવી વાત થઈ કે માતાએ બાળકો જણવાં, જણીને જ રાખવાં બાળકોને પ્રેમ કરવાનો એને હક્ક નહિ, બાળકોને કેળવણી આપવાનો એને હક્ક નહિ. એણે તો બાળક જણીને રાજને સોંપી દેવું, રાજ એનું જે કરે તે ખરું રાજ એને ચાહે તો ખેડૂત બનાવે, ચાહે તો સિપાહી બનાવી કોઈ બીજા દેશના ગરીબ માણસની પોતાના 'દેશ'ને ખાતર કતલ કરવા મોકલી દે

આયર્લૅન્ડના ગૃહઉદ્યોગના પાકા હિમાયતી અને તેની પુનર્ઘટના માટે શ્રમ ઉઠાવનાર શ્રી પિટર કોનીફેએ એક અમલદારને આ ઊંધી રીત પાછળના કારણની સમજાવટ પૂછી ત્યારે એ અમલદારે કહ્યું, "જમીન ખેડૂતોની જ છે, બધાં પશુ પણ ખેડૂતોનાં જ છે ખેડૂતોની પાસે શું નથી કે તેમણે પોતાનું ઉત્પન્ન શહેરો તરફ કારખાનાંઓમાં ન મોકલવું કે જેથી કારખાનાંઓને રેલવેને અને શહેરના બેકારોને કામ મળે?"

"પણ ગામડાંના લોકો પાસે પછી કામ નથી રહેતું તેનું શું?"

"તેઓ શહેરમાં આવે."

ગામડાંમાંથી શહેરમાં આવનાર એ 'તેઓ' એ કોણ? ખેડૂતો કે કોઈ બીજા? આમ ખેતી-ખેતી નહિ, ખેડૂત આજે ઉવેખાઈ રહ્યો છે.

યુદ્ધ થાય છે. આસમાનમાંથી બૉંબ-વર્ષા થાય છે. પહેલાં બૉંબ ક્યાં પડે છે? ખેડૂતોની જમીન ઉપર. ખેડૂતને પહેલો મારો. ધરતી તો કુંવારી છે. એ કુંવારી ધરતીનો ધણી થવાની ખ્વાહેશ રાખનાર એ ખેડૂત પહેલો મરવો જોઈએ, એ જાણે આજના યુદ્ધનો ઘોષ છે. ચીનમાં જાપાનીઓએ આ ઘોષ બહુ મોટા સૂરે ગજવ્યો છે ચીનના ખેડૂતોનો જાપાનીઓને હાથે આજે જે રીતે નાશ થઈ રહ્યો છે તે ચિત્ર જ શબ્દોમાં ઉતારવું મુશ્કેલ છે. જેમ રાજવંશોમાં રાજાના ખૂન સાથે રાજાના એકેએક સંબંધીનો, ગર્ભમાં સૂતેલા બાળકનો પણ, નાશ કરવામાં આવતો તેમ ચીનમાં ખેડૂત-પુરુષોને જ નહિ, સ્ત્રીઓને, નાનાં બચ્ચાંઓને પણ કરપીણ રીતે મારી નાખવામાં આવે છે. દેશમાં ધાન્ય નિપજાવનાર કોઈને જીવતો રહેવા ન દઈને દેશને મારવાનો એ પ્રયત્નો છે.

જગતે કેટલી ગતિ સાધી છે તેનું આ દૃષ્ટાંત! એક જમાનો હતો. બાબરનો જમાનો. બાબરનો સિપાહીઓને હુકમ હતો કે 'દેશમાં કે પરદેશમાં લડાઈમાં હોઈએ ત્યારે એ ખાસ ધ્યાન રાખવું કે ખેડૂતને અને તેના પશુને હેરાન કરવાં નહિ, એમના પાકને નુકસાન કરવું નહિ.' ભીરાની લડાઈમાં એક અમલદારે ખેપરવા બની લશ્કરના ઘોડાને ઊભા ખેતરોમાં છુટ્ટા મૂકી દીધા. એ વાત જાણી બાબરના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે એ અમલદારને મોતની સજા ફરમાવી. હિંદમાં તો હમેશાં ખેડૂતની અદબી પૂરેપૂરી જળવાઈ છે. ઔરંગઝેબ જેવા જુલ્મગાર પાદશાહે પણ ખેડૂતને તો સાચવ્યો જ હતો. હિંદમાં પરદેશીઓનાં આક્રમણોની અસર ગામડાંના ખેડૂત પર નહિવત્ જ થતી કારણ કે ખેડૂતને હેરાન કરવા કોઈ ચાહતું નહિ. જેવું હિંદમાં હતું તેવું જ દુનિયાના બીજા દેશોમાં હતું. અને એટલે જ આજના કરતાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને વ્યવસ્થા તે કાળમાં વિશેષ હતાં, એ ભોગવવામાંથી બાકાત રહેનારાનું પ્રમાણ આજ કરતાં ઘણું-ઘણું ઓછું હતું.

પણ આયર્લૅન્ડની પ્રજાકીય સરકાર તો પોતાના ખેડૂતોને આયર્લૅન્ડને ઇગ્લૅન્ડ જેવો 'ઉદ્યોગ'પ્રધાન દેશ બનાવવાની ઘેલછામાં ગૂંગળાવે છે. પણ આમ બનવું મુશ્કેલ છે, કારણ કે ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડની સ્થિતિ એક નથી પ્રકૃતિ નામના એક જ કર્તાએ રચેલ એ બે જુદાં જુદાં પુસ્તકો છે. આયર્લૅન્ડમાં મુખ્ય પાત્ર 'શાકભાજી' છે, ઇગ્લૅન્ડનું મુખ્ય પાત્ર 'ખનિજ' છે. આ ભિન્ન પ્રકારનાં બે પાત્રોની એક જ ક્રિયા ન હોઈ શકે. બંને દેશની પ્રજાઓનાં માનસ જુદાં જુદાં જ હોય.

ઉદ્યોગ બે જાતના-કારખાનાંનો ઉદ્યોગ અને ગૃહઉદ્યોગ; બંને સ્વતંત્ર એકમો જેવા છે. બંને એકબીજાથી સાવ ભિન્ન છે. સરકાર કારખાનાંના ઉદ્યોગનો ખ્યાલ છોડી દઈને ગૃહઉદ્યોગોથી દેશનું ધન વધારવાની યોજના વિચારે તો ખેડૂત પોતાની નબળી સ્થિતિને એકથી વધુ જાતનાં કામોમાં કંઈક યોજના યોજીને સમધારણ કરી લઈ શકે. ગૃહઉદ્યોગોના બીજા ફાયદાઓ વિચારવા છોડી દઈએ તોપણ એનાથી જે આર્થિક સુઘટનાનું મંડાણ કરી શકાય છે તે ખરેખર દેશને બહુ લાભ કરે છે. ઉત્પન્નનું અને કામનું અને વિશેષતઃ નફાની વહેંચણીનું યોગ્ય રીતે વિભાજન થઈ શકે છે, એમાં માલિકી-હક્કનો પ્રશ્ન કરવાપણું નથી રહેતું, એમાં કોઈ ઉપર પરાણે કાયદા લાદવાપણું નથી રહેતું. ચિત્ત દઈને જે કામ કરશે તે ખાશે એ વ્યવસ્થા આપમેળે આવી જશે. ખેતી ઉપરનાં નાનાં કેન્દ્રોમાં વસવાથી સૌને આરોગ્યપ્રદ રીતે રહેવાની સગવડ મળશે, મોજશોખો એની મેળે મર્યાદિત બની જશે, વધુ મેળવવાની લાલચ નહિ રહે અને ઝઘડાઓનો પારો નીચો રહેશે. જો આ રીતે ગૃહઉદ્યોગમાં યંત્ર આવતું હોય તો તે આવવા દેવા સામે વાંધો ન હોઈ શકે. પણ યંત્રે ગૃહઉદ્યોગને અનુરૂપ રહેવું જોઈશે. ગૃહ-

ઉદ્યોગને એ ગળી જવાનો પ્રયત્ન કરતું લાગે તો તત્કાલ એને ઉખેડી નાખવુ જોઈએ

એટલે, ખેડૂતની આજે જે ઉપેક્ષા થઈ રહી છે તે ઉપેક્ષાનો અંત આવવો જોઈએ ખેતીમા સુવ્યવસ્થા આણવા માટે 'ખેતી-વિશારદો'ની જરૂર નથી પણ ભણેલા ખેડૂતોની જરૂર છે ખેડૂતની જોડાજોડ ખેતી ઉપર રહીને એને કામની સમજ પાડવી જોઈએ, સમયને ગોઠવતા શીખવવુ જોઈએ અને જુદી જુદી રીતો અને અખતરાઓ સુઝાડવા જોઈએ. આ બધુ શિખાડવા માટે પણ 'વિશારદો'ની જરૂર નથી ખેડૂત લખતા વાચતા જાણશે અને કંઈક વિચાર કરતો થશે એટલે પોતાની મેળે એ બધુ સમજશે, અને એવા થોડા જાણકાર ખેડૂતો ઘણા સારા ખેડૂતોને ઊભા કરશે ખેડૂતોને માટેની નિશાળો શહેરોમા હોય છે એવી હશે તો બહુ કામની નહિ નીવડે એમની નિશાળ ખેતી ઉપર જ હશે ખેતી ઉપરની નિશાળ ચલાવતા જાણનાર શિક્ષકો તૈયાર થવા જોઈએ એ શિક્ષકો ખેડૂતના બાળકોને દુનિયાનુ અને ખેતીનુ સામાન્ય જ્ઞાન આપે, લેખન-વાચન શીખવે અને દેશની પરિસ્થિતિ સમજાવી દે તો તેમણે એ બાળકો માટે પૂરતું કર્યું કહેવાય.

ધરતીનો ધણી જે કહેવાય છે તે ખરી રીતે તો ધરતીનુ બચ્ચુ છે એને ધરતી પાસેથી ખૂચવી લેવાની જરૂર નથી આજે મોટા શહેરોની બાજુના ગામડાઓની સડક ઉપર ઊભા રહીએ તો વહેલી સવારે આપણને જુવાન સ્ત્રી પુરુષોના ટોળા ગામડાંઓમાથી શહેરમા આવતા રોજ દેખાશે મે એવા ટોળામાથી કોઈ કોઈની જોડે વાતો કરી છે એ લોકો ખેતી મૂકીને મિલમા જતા હોય છે જો કે આથી મિલવાળાઓ તો બૂમો મારતા જ હોય છે કે આપણા દેશમા મિલમજૂર એ સપૂર્ણ રીતે મિલમજૂર નથી એ ખેતી ઉપરથી આવતો હોય છે એટલે મિલમા કાયમ ટકતો નથી પણ મિલવાળા કરતા તો વધુ બૂમ ખેડૂતે મારવાની છે કે મિલોએ એના ચિત્તને ખેતી ઉપરથી હડાવી લીધુ છે અને ખેતી સાવકી બની જતા મુશ્કેલ થઈ ગઈ છે

યત્રોના હિમાયતીઓએ આ વાત વિચારવા જેવી છે

શાંતિવાદનું જાહેરનામું

વિલિયમ લોઇડ ગેરિસન

[અમેરિકામાં ગુલામી-પ્રથા વિરુદ્ધ જબ્બર ચળવળ કરનાર વિલિયમ લૉઈડ ગેરિસનનું નામ જાણીતું છે. આજથી એક સો વર્ષ પહેલાં, એટલે કે ૧૮૩૮માં એમણે 'અપ્રતિકાર—Non-resistance' નામનું એક પુસ્તક લખ્યું. એ પુસ્તક લખવા પાછળ ઉદ્દેશ રહેલો હતો એક 'શાંતિવાદના જાહેરનામા'ની જાહેરાત અને સમજાવટનો.

અમેરિકામાં ખ્રિસ્તીઓનો ક્વેકર નામે એક પંથ છે. ઇશ્વરથી જે ધ્રૂજે તે ક્વેકર-ધ્રૂજનાર. આ પંથના અનુયાયીઓ જગતના પ્રેમ અને શાંતિના ફેલાવા માટે બહુ આતુર હોય છે. શાંતિનો કેમ વધુ પ્રચાર થાય, લડાઈઓ કેમ ઓછી થાય ને બંધ પડે તેનો વિચાર કરવા કેટલાક ક્વેકરોની સભા મળી હતી. આ સભામાં નિર્ણય થયો કે શાંતિવાદની પ્રતિજ્ઞાનું એક જાહેરનામું તૈયાર કરવું અને એ જાહેરનામા ઉપર શાંતિવાંછુઓની સહીઓ લેવી. એ નિર્ણય પરથી ગેરિસને એ જાહેરનામું લખ્યું અને તેની ઉપર ઘણા ધર્મપ્રેમીઓએ સહી કરી.

આખું જાહેરનામું આજની પળે વાચવા જેવું છે]

"બૅાસ્ટન શહેરમાં સન ૧૮૩૮ ના સપ્ટેંબરની તારીખ ૧૮, ૧૯ અને ૨૦ ના રોજ મળેલી 'શાંતિ-સભા'એ જાહેર કરેલું પોતાનું વલણ.

"જગતમાં શાંતિ અને માનવ-માનવ વચ્ચે પ્રેમની લાગણીના વિકાસ અર્થે સંસ્કૃત અમેરિકાના જુદા જુદા ભાગોમાંથી આવીને સભામાં મળેલા અમે, નીચે સહી કરનારાઓ, અમારી પોતાની ખાતર, અમારા પ્રિય સિદ્ધાંતને ખાતર, જ્યાં અમે વસીએ છીએ તે અમારા દેશને ખાતર અને જગતને ખાતર અમે એક જાહેરનામું પ્રગટ કરીએ છીએ કે જે અમારા આનંદધામ સિદ્ધાંતને અને જેની પ્રાપ્તિ માટે ઝંખીએ છીએ તે અમારા ધ્યેયને અને શાંતિની વિશ્વવ્યાપી પુનઃસ્થાપનાના અમારા કામને અમે કેવી રીતે આગળ ધપાવશું તે વ્યક્ત કરે છે.

"મનુષ્યની સત્તાની કોઈ સરકારની સાથે અમે મિત્રતા કબૂલતા નથી, તેમ એવી કોઈ સરકારનો શારીરિક બળથી અમે વિરોધ ઇચ્છતા નથી. અમે માત્ર એક જ સત્તાને, એક જ ન્યાયાધીશને, એક જ શાસકને અને એક જ નિયામકને ઓળખીએ છીએ. અમે તે એક જ સમ્રાટનો હુકમ માન્ય રાખીએ છીએ કે જે આ દુનિયાનો નથી અને જેની પ્રજાને અંદરોઅંદર લડી મરવાનો નિષેધ છે, જેના રાજ્યમાં પ્રેમ (Mercy) અને સત્યનો વાસ છે અને ન્યાય અને શાંતિ એકમેકને આલિંગે છે. એના રાજ્યને કોઈ સીમા-દોરી નથી, કોઈ પ્રજાભેદ નથી, કોઈ ભૌગોલિક અટકાયતો નથી. ત્યાં કક્ષાભેદ નથી, જાતિભેદ નથી, જાતીયતાની અસમાનતા નથી. ત્યાં અધિકાર ચાલે છે શાંતિનો, ત્યાં નિયમન છે પ્રમાણિકતાનું, તેની સીમાઓ છે મુક્તિની, તેનાં પ્રવેશદ્વારો છે પ્રાર્થનાનાં. એનો હેતુ છે બધી સીમાઓને તોડી પોતાની સાથે એક કરી દેવાનો. અમારો દેશ છે સમગ્ર જગત, અમારા દેશબાંધવો છે માનવીમાત્ર. અમે અમારી ભૂમિને એટલી જ ચાહીએ છીએ જેટલી અમે તમામ ભૂમિને ચાહીએ છીએ. અમેરિકાની પ્રજાનાં હિત, અધિકારો અને સ્વતંત્રતા અમને જેટલાં વહાલાં છે તેથી ઓછાં અમને બીજી પ્રજાઓનાં વહાલાં નથી. એટલે અમેરિકા દેશપ્રેમના નશામાં બીજી કોઈ પણ પ્રજાનું અહિત કે અપમાન કરવા

જાય તે અમને મંજૂર નથી શાંતિનો સિદ્ધાંત કે જેના નિર્મળ ધ્વજ નીચે અમે એકઠા મળ્યા છીએ તે જગતના વિનાશને અર્થે નહિ પણ કટ્ટામાં કટ્ટા શત્રુના યે તારણને અર્થે છે તેણે (ક્રાઈસ્ટે) પોતાના આચરણથી અમને શીખવ્યું કે અમારે એને પગલે ચાલવું અમે પાપી હતા છતાં એણે અમને પ્રેમ કર્યો, અમારે ખાતર એણે પોતાના પ્રાણ આપ્યા

"અમે માનીએ છીએ કે કોઈ પ્રજાને પોતાના શત્રુ સામે શારીરિક બળથી પ્રતિકાર કરવાનો હક્ક નથી તે જ નિયમ વ્યક્તિને પણ લાગુ પડે છે એકમ એ સમાજ કરતાં મોટો નથી જો એક વ્યક્તિ કોઈનો જીવ લઈ શકે, પોતાના હકને માટે ગમે તે કરી શકે તો એ જ પરવાનો સમાજ, રાજ્ય કે પ્રજાને પણ મળવો જોઈએ જો 'તે' છરો કે બંદૂક વાપરી શકે તો 'તેઓ' તોપો, બોંબો અને ખુશ્કી અને દરિયાઈ લશ્કર કેમ ન વાપરી શકે? જેટલાં ઊંચાં પ્રમાણમાં હિતો જોખમમાં હોય અને જેટલા જીવોના નાશની શક્યતા હોય તેટલા પ્રમાણમાં આત્મરક્ષણનાં સાધનોનો સામનો થવાનો જો લોહીતરસ્યા અને પ્રાણહારી સિપાહીઓના ધસારાનો પ્રજા કે રાજ્ય પ્રતિકાર ન કરવું હોય તો એક સમાજમાં અને એક આમમંડળમાં પણ અશાંતિને સમયે એ નિયમ ચાલવો જોઈએ અમેરિકનો જો પરદેશીઓને પોતાના કરતાં વિશેષ સત ન માની લે કે એમને અનાચાર અને અસત્યાચરણનો ઈજારો ન આપી દે તો તેમણે ઘણું ઉપકારક કર્યું કહેવાય

"જગતની બધી સરકારો ઈશ્વરનિયુક્ત છે અને અમેરિકા, રશિયા, તુર્કી એ બધી સરકારો ઈશ્વરની ઇચ્છાનુસાર જ ચાલે છે એ ભ્રમ ઓછો હાસ્યાસ્પદ નથી માનવીની મુક્તિ અને સમાનતાના નિષ્પક્ષપાતી કર્તાને તે પક્ષપાતી અને જુલ્મી ઠરાવે છે દુનિયાની એક પણ માનવી સત્તા શત્રુ સાથેના વર્તનમાં ઈશ્વરી પ્રેરણાનુસાર કે ખ્રિસ્તના આદેશાનુસાર ચાલે છે એમ નહિ કહી શકાય એટલે એ સત્તાઓ ઈશ્વરની ઇચ્છાને અનુકૂળ નથી અને એટલે જ એમની પ્રજાના આધ્યાત્મિક જોરે એ ક્યારેક પડશે એ નક્કી

' અમે અમારો વિરોધ માત્ર લડાઈ—આક્રમણ કે પ્રતિકારક—સામે જ નથી નોંધાવતા, પરંતુ અમારો વિરોધ છે યુદ્ધની દરેક તૈયારી સામે—નૌકાસૈન્ય સામે, હથિયારખાના સામે, કિલ્લેબંદી સામે, લશ્કરતંત્ર અને કાયમી લશ્કર સામે, દુશ્મન પર મેળવેલા વિજયનાં સ્મારકો કે યુદ્ધમાં બહાદુરી માટે અપાતા ચંદ્રકો સામે દરિયાઈ કે જમીન પર મેળવેલી લૂટો પછી થતા આનંદ-ઉત્સવ સામે, કાયદાના રક્ષણાર્થે રાખવામાં આવતી બારીક તકેદારી સામે, સરકાર તરફથી પ્રજાને માથે લાદવામાં આવતી ફરજિયાત લશ્કરી સેવા સામે એટને શસ્ત્રો સજવા કે લશ્કરમાં નોકરી કરવી એને અમે ગેરકાયદેસર માનીએ છીએ

"દરેક સરકાર શસ્ત્રબળથી જ ઊભી થયેલ હોવાથી, અને તેના કાયદાઓ બંદૂકની નાળ દેખાડીને જ પળાવવામાં આવતા હોવાથી અમે એના ખાતાઓમાં નોકરી ન કરી શકીએ કે જે સદાચરણ પણ જેલ અને ફાંસીના ત્રાસે જ આચરાવે છે એટને અમે સ્વેચ્છાએ જ એના ધારાસભા કે ન્યાયસભાના તંત્રથી અમને દૂર રાખીએ છીએ, અને દુન્યવી માન અને સત્તાના સ્થાનો અને રાજકારણનો ત્યાગ કરીએ છીએ જેમ અમે પોતે આ સ્થાનો લેવા નથી ઇચ્છતા તે જ રીતે એ સ્થાન લેવા બીજાને અમારી અવેજીમાં ચૂંટી પણ ન શકીએ

"અમે કોઈને ન્યાયકચેરીમાં પણ ઘસડી ન શકીએ અને એણે અમારી કે બીજાની પાસેથી ખોટી રીતે જે મેળવ્યું હતું તે પાછું અપાવવાની ફરજ પાડી ન શકીએ. પણ અમે તો જો એણે અમારો કોટ લઈ લીધો હશે તો અમે એને અમારો જામો આપવા જઈશું પણ એને સજા નહિ કરાવીએ.

"અમે માનીએ છીએ કે 'આંખ સાટે આંખ અને દાંત સાટે દાંત'ની જૂના કરારની ઉક્તિને ખ્રિસ્તે દૂર રાખી છે અને હરકોઈ સંજોગમાં શત્રુને શિક્ષા આપવાને બદલે ક્ષમા આપવાનું પોતાના શિષ્યોને પ્રબોધ્યું છે. શત્રુ પાસેથી દંડ લેવો, એને બેઆબરૂ કરવો, જેલમાં નખાવવો કે ફાંસી અપાવવી–એ ક્ષમા નથી પણ બદલો છે એ સ્પષ્ટ છે: "પ્રભુએ કહ્યું છે કે વેર મારું છે. એની ભરપાઈ હું કરીશ."

"માનવજાતનો ઇતિહાસ એવી ઘટનાઓથી ભરપૂર છે કે જે બતાવે છે કે નૈતિક અસરનું સ્થાન શારીરિક જુલ્મ નહિ લઈ શકે, માણસની પાપવૃત્તિને પ્રેમથી જ ઓગાળી શકાશે, જગતમાંથી બૂરાઈનો નાશ ભલાઈની સ્થાપનાથી જ થઈ શકશે, ભયમુક્ત થવા માટે હાડચર્મની ભુજા કે ફેફસાંમાં વહેતા શ્વાસનો આધાર માણસને ખોટો છે, નમ્રતા, નિરુપદ્રવિતા, સહિષ્ણુતા અને ક્ષમાના હોજનો જ આધાર મોટો છે. જે નમ્ર હશે તેના જ હાથમાં જગત રહેવાનું છે, કારણ કે હિંસકો તો પોતાની જ તલવાર પોતાનાં જ ગળાં ઉપર ફેરવનાર છે. એટલે, મજબૂત સાધન લેખે ધન, જિંદગી અને સ્વતંત્રતાની સલામતી માટે, જાહેર પ્રજાની શાંતિ માટે અને અંગત આનંદને માટે, અને એ જ રીતે એ રાજાના રાજા પ્રત્યે વિશ્વાસ જાહેર કરવા માટે અમે હૃદયપૂર્વક અપ્રતિકારનો સિદ્ધાંત સ્વીકારીએ છીએ.

"અમે અરાજકતાવાદીના મતને મળતા નથી. કારણ કે તેમાં ઉશ્કેરણી, હિંસા અને ખૂનનો બોધ છે. એ ઈશ્વરને માનતો નથી અને મનુષ્યને કંઈ ગણતો નથી. અમે તો ખ્રિસ્તના મર્મને જીવનમાં ઉતારવા માગીએ છીએ. જો અમે અમારા સિદ્ધાંતથી બંધાતા હોઈએ તો અમારી યોજનામાં અનવસ્થા, છૂપાં કાવતરાં કે કરપીણ કામો ન હોઈ શકે. મનુષ્યના દરેક હુકમને અમે તાબે થઈશું, પણ કેવળ ઈશ્વરને અર્થે. સરકારની બધી જરૂરિયાતો પૂરી પાડશું, જો તે અમને ઈશ્વરના હુકમથી વિરુદ્ધ નહિ લાગે તો. કાયદાના અનાદરની સજાનો નમ્રતાપૂર્વક સ્વીકાર નહિ કરી શકીએ તો અમે કોઈ પણ કાયદાનો વિરોધ નહિ કરીએ.

"અપ્રતિકાર અને ક્રિયાત્મક સ્વીકારના અમારા સિદ્ધાંતથી નૈતિક અને આધ્યાત્મિક અર્થમાં અમે કહેવા માગીએ છીએ કે ઈશ્વરને ખાતર બોલવું અને આચરણ કરવું, ઉચ્ચ અને નીચ બધાં સ્થાનોને સમાન સમજવાં, સામાજિક, રાજકીય, સરકારી કે ધાર્મિક સંસ્થાઓમાં આ સિદ્ધાંતનો પ્રચાર કરવો અને પ્રભુના રાજની પુનઃસ્થાપનાના સમયને નજીક આણવો.

"એ સ્વયંસિદ્ધ કથન લાગે છે કે જગતના કોઈ પણ કાળે જેનો નાશ છે તેનો આજે જ ત્યાગ થવો જોઈએ. જો એક કાળે તલવારો ગળાઈને તેનાં હળ બનવાનાં છે, જો ભાલાં ગળાઈને દાતરડાં બનવાનાં છે અને માણસને યુદ્ધકળા જેવું કંઈ હસ્તગત કરવાનું નહિ રહે તો શસ્ત્રોના ઘડવૈયાઓ વિક્રેતાઓ અને વાપરનારાઓ આજે જ પ્રભુના એવા રાજ્યના સેવકો બની જાય.

"અમારા સિદ્ધાંતો અને હેતુઓ કહ્યા પછી અમે એ હેતુઓને અસરકારક બનાવવા શું કરશું તે કહીએ

"અમે ઉપદેશના પાગલપણાનો આશરો લેશું–દરેકના હૈયામાં અમારી વાત ઠસાવવા પ્રયત્ન કરશું, છાપખાનાની મદદથી શક્ય તેટલા વિસ્તારમાં અમારી ભાવનાઓને પ્રસારશું, દરેક જાતિ અને નામધારીનો સહકાર મેળવવા પ્રયત્ન કરશું અમે સભાઓ ગોઠવશું સંસ્થાઓ સ્થાપશું, રાજ્યને અને પ્રજાસંસ્થાઓને વિનંતિઓ કરશું કે તેઓ વિશ્વશાંતિને પહેલી વિચારે શત્રુ પ્રત્યેનો વર્તાવ અને અનિષ્ટના નાશનો માર્ગ યુદ્ધના અનિષ્ટને જોરશોરથી પ્રકાશમાં લાવશું

' અમારા ધ્યાન બહાર એ નથી કે અમારા આ મહાન કાર્ય માટે અમારી શક્તિની ચકાસણી ભયંકર યાતનાઓથી થશે એને ખાતર અમારે અપમાન, ઉશ્કેરણી, માર અને મૃત્યુને સત્કારવાને માટે પણ તૈયાર રહેવું પડશે અમારા વિરુદ્ધ ખોટા પ્રચારની અને અમને બદમાસો ગણાવવાની પેરવીઓની પણ અમે ગણતરી રાખી છે અમારી વિરુદ્ધ અદાલતો થાય, અશિષ્ટ અને મારાત્મક રીતે જનસમૂહ, સરકાર, કહેવાતી ધર્મસંસ્થા–એ બધાં અમને કચડવા આવશે જિસસને કે જેના પગને અમે જવા નીકળ્યા છીએ તેને, પણ એમણે એ જ અનુભવ આપ્યો હતો અમને પણ એના જેવી યાતનાઓ મળશે તો જોડે ઊભા રહેવા મળવાનો અમને આનંદ થશે અમને ત્રાસ કે દુઃખનો ભય નથી. અમને સર્વશક્તિમાન પ્રભુમાં વિશ્વાસ છે, માનવીમાં નહિ. માનવીનું રક્ષણ અમારી પાસેથી ઝૂંટવાઈ જશે પણ ઈશ્વરના રક્ષણથી અમને કોણ દૂર કરનાર છે ? જે ભયાનક કસોટી અમારે માથે આવશે તે કોઈ વિચિત્ર બની રહ્યાનો ભાવ અમને નહિ આપે, પણ એ આનંદ આપશે કે અમે ખ્રિસ્તની યાતનાઓમાં ભાગ લઈએ છીએ એટલે અમે શુભકાર્ય માટે ઈશ્વર તરફ અભિમુખ થઈએ છીએ એને માટે જે પોતાના ઘર–બાર, સ્ત્રી–પુત્ર–પરિવાર, ભાઈબેન અને માતપિતા, જરજમીન અને દુન્યવી સુખોનો ત્યાગ કરે છે તેને બદલામાં એ વસ્તુઓ હજારગણી મળશે અને શાશ્વત જીવન એ ચાખશે

"આ જાહેરનામામાં જે કહેવું છે તેને માટે ગમે તેટલા ભયંકર દુઃખોનો સામનો કરવાનો આવે છતાં આખરે એનો વિજય થવાનો છે એવી દૃઢ શ્રદ્ધા છે અમારી માન્યતાની નમ્ર ખાતરી અર્થે માનવજાતની વિચારબુદ્ધિ અને વિવેકબુદ્ધિને જગાડવા અમારે માથે જે સંકટો આવે તેને સહજ ગણી લેવા અને ઈશ્વરની જ સત્તા અને શક્તિને નમ્રતાથી અને મૌન ધરીને સ્વીકારવાનો નિર્ણય દાખવવા આ નીચે અમે અમારી સહીઓ મૂકીએ છીએ"

ક્રાન્તિ

મૂળ લેખક : શ્રી જૈનેન્દ્રકુમાર——————અનુવાદક : શ્રી ઈશ્વરલાલ દવે

ક્રાન્તિ શબ્દ મનોરમ છે પણ એ મનોરમતા શી વસ્તુ છે? સુવર્ણમૃગ પણ મનોરમ હતો અને એની પાછળ પડવાથી રામની સુગતિ ન થઈ ક્રાન્તિની પાછળ દોડવામા એવી જ દુર્ગતિ તો ક્યાક ન થાય?

પણ રામ રામ થઈને ય માયામૃગની પાછળ દોડયા વિના ન રહી શકયા તો ક્રાન્તિની પાછળ પડયા વિના આપણે કેમ રહી શકીએ?

કદાચ એ ઠીક હોય, એ માયાવી ગમે તેટલુ હોય તોપણ આ નવા યુગમા જન્મેલા અને ક્રાન્તિથી જાગેલા એવા આપણે સૂઈ રહીએ એ અશક્ય છે

પણ રામની વાત આપણે રામ ઉપર છોડીએ આપણી વાત આપણે રામ ઉપર ન છોડી દેવી જોઈએ આમા રામથી આગળ વધી જવાનો સવાલ જ નથી, પણ કોણ જાણે કદાચ રામે આ ભૂલ એટલા માટે તો નહિ કરી હોય કે એની પાછળ આવનારા આપણે એમાથી કાઈક શીખીને એવી ભૂલ કરવા માથી બચી જઈએ।

એથી જો હોય તે ક્રાન્તિને અપનાવતા પહેલા એ શુ છે એ સમજી લેવાની ધૃષ્ટતા તો આપણે જરૂર કરી શકીએ, અને જો આ ઠીક હોય તો હુ કહેવા માગુ છુ કે એ શબ્દનો ધ્વનિ મને ઠીક નથી લાગતો

મારે જાણવુ જોઈએ કે 'ક્રાન્તિ' શબ્દ આ યુગની ભાષાને બહુ જ પ્રિય છે એ ચલણી સિક્કો છે દરેક જગ્યાએ 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નો જયઘોષ તમારા કાને અથડાશે જ તોપણ ખોટુ નહિ કહેતા સાચુ કહુ તો એ શબ્દ અંદરથી મને નમાલો લાગ્યો છે થોડા પાણીમા ફૂક મારવાથી જેમ પરપોટો થઈ શકે છે તેવી જ રીતે આવેશના વેગથી ભાષાની અંદર એવા શબ્દો બની જાય છે આવેશ છે ત્યા સુધી તો એ શબ્દ પણ ગર્વથી રોફ મારતો ઊભો હોય છે પણ આવેશ એ કાઈ સદા પ નથી કે હમેશા અચળિત રહે એથી આવેશ ગયો કે તુરત એ શબ્દ કરમાઈને નિષ્પ્રાણ થવાનો, અને પછી ખબર પડે છે કે એનુ રૂપ તો માયાવી જ હતુ, એથી અધિક એમા કશુ નહોતુ મને લાગે છે કે જે 'ક્રાન્તિ' કરવા માગે છે તેને એઓ પોતે જ શુ કરવા માગે છે એનો સાચો ખ્યાલ નથી હોતો એ પોતે પોતાની વાતનો જ મર્મ સમજતો નથી એટલે એ 'ક્રાન્તિ'ની વાત કર્યા કરે છે

અને કદાચ કોઈ જગ્યાએ આવુ ન પણ હોય. ધારો કે ક્રાન્તિવાદી પોતે શુ કરી રહ્યો છે તેનો ખ્યાલ રાખતો હોય તોપણ કહેવુ પડશે કે એ આદમી મતલબી પણ છે અને તકસાધુ પણ છે

ક્રાન્તિવાદીની આકાક્ષાઓ જો હવાઈ ન હોય અને પોતે સ્વપ્નવેલો આદર્શવાદી ન હોય તો 'ક્રાન્તિ' શબ્દની ઓથે એ પોતાની કોઈ મહત્ત્વાકાક્ષાને પોષી રહ્યો છે આમ થયુ એટલે તો એ સ્વપ્નદર્શી ક્રાન્તિકારી કરતા પણ બેદર્દી

પણ આલોચના જવા દઈ મુખ્ય સવાલ ઉપર આવીએ પ્રશ્ન એ છે કે 'ક્રાન્તિ' શુ છે? શુ એ થઈ શકે છે? અને જ્યારે એ સફળ રીતે પાર પડે છે ત્યારે શુ થાય છે? શુ કોઈ એવો સમય આવશે, જ્યારે ક્રાન્તિની આવશ્યકતા જ ન રહી હોય? અને જો હમેશા જ એની આવશ્યકતા ઊભી જ રહે અથવા ક્યારે ય પણ એ પૂરી રીતે સફળ ન થઈ શકે તો શુ એને 'ક્રાન્તિ'નુ નામ આપવુ યોગ્ય ગણાય? શુ 'ક્રાન્તિ' શબ્દ આટલો ગભીર યથાર્થતાનો ભાર ઝીલી શકશે?

ક્રાન્તિ શું?

એવું પરિવર્તન જેનો કાર્ય-કારણ-ભાવ આપણી મન-બુદ્ધિમાં પૂરી રીતે ન સમાય અને જે એ કારણે જ મર્યાદાતીત અને આકસ્મિક લાગે છે એને માત્ર પરિવર્તનની સંજ્ઞા આપીને જ આપણને સંતોષ નથી થતો કોઈ એવો એક શબ્દ હોવો જોઈએ કે જે આવી ઘટનાઓ પ્રત્યેના આપણા વિસ્મય અને ભયને પૂરેપૂરો વ્યક્ત કરી શકે 'ક્રાન્તિ' એવો એક શબ્દ છે વિપ્લવ, વિધ્વંસ, ઇન્કિલાબ, ઊથલપાથલ વગેરે પણ એવા શબ્દો છે

પણ જ્યાં કારણ છે ત્યાં કાર્ય હોય જ છે અકારણ કાંઈ હોઈ શકતું નથી એ વાત સાચી કે એ કારણ આપણે જોઈ શકતા નથી

કારણની દૃષ્ટિથી જોઈએ તો દેખાશે કે કોઈ કાર્ય આકસ્મિક નથી હોતું ત્યારે નથી વિસ્મયની આવશ્યકતા કે નથી ભયની પછી વિનાશ અશક્ય છે ઊથલપાથલ પણ અશક્ય છે બધું જાણે ક્રમશ બને છે કાળના અનવચ્છિન્ન પ્રવાહમાં બધું ઘટનારૂપે પરોવાયેલું હોય છે ભૂતકાળમાંથી વર્તમાન થયો અને વર્તમાનમાંથી ભવિષ્ય થશે વચ્ચે ક્યાંય તૂટ નથી અથવા જેમાં તોડફોડનો ભાવ સમાઈ શકે એવો અવકાશ પણ ક્યાંય નથી પળમાં પળ, મિનિટમાં મિનિટ અને યુગમાં યુગ બરાબર જોડાયેલા છે વચ્ચે ક્યાંય તરાડ નથી, જ્યાં તોડફોડ સમાઈ શકે જે નષ્ટ થતું દેખાય છે તે વાસ્તવમાં નષ્ટ થઈને કોઈ બીજાનું સર્જન કરી રહ્યું હોય છે ખરી રીતે તો પોતે જ નવજીવનનો અંચળો પહેરતું હોય છે તૂટેલાનું તૂટલાપણું તો દૃષ્ટિભેદને કારણે જ દેખાય છે ઐતિહાસિક દૃષ્ટિથી જોઈએ અને સંકુચિત દૃષ્ટિના બંધનમાંથી છૂટીએ તો જેને 'ક્રાન્તિ'નું નામ આપી શકીએ એવી વસ્તુ પણ ઇતિહાસના પ્રવાહમાં અસંભવ બની જાય છે કાળની કડી ક્યાંય કદી તૂટતી ન હોય અને એની એક એક કડી અતૂટ ભાવથી કાર્ય કારણ સાથે જોડાયેલી હોય તો વચ્ચે 'ક્રાન્તિ'ને માટે અવકાશ ક્યાં રહ્યો?

શું ક્રાન્તિ ઉત્પન્ન થઈ શકે છે? અને શું ક્રાન્તિ કરવી જ જોઈએ? થોડી વારને માટે માની લઈએ કે ક્રાન્તિ ઉત્પન્ન થઈ શકે છે વસ્તુઓનું મૂલ્ય એવું પલટાઈ જાય છે કે વાત જ ન પૂછો સમસ્ત દૃષ્ટિ જ બદલાઈ જાય છે અને પહેલાંના ધોરણો બધા નકામા થઈ જાય છે ઘણુંખરું બધું બદલાઈ ગયેલું દેખાય છે એ વખતે આપણે આપણા મનને મનાવીએ છીએ કે ક્રાન્તિ થઈ ગઈ ભલે માની લઈએ કે ક્રાન્તિ થઈ ગઈ આખરે આપણી દૃષ્ટિ તો એકાંગી છે, એટલે એવો દાવો તો નહિ કરી શકીએ કે આપણે બધી ઘટનાઓના મૂળ કારણને પકડી જ શકીશું અને જ્યારે આપણે કારણને પૂરી રીતે જાણી નહિ શકીએ ત્યારે લાચાર બનીને માનવું પડશે કે હા, આ તો 'ક્રાન્તિ' થઈ ગઈ

ભૂકંપ થાય છે ત્યારે જ્યાં મકાન હતું ત્યાં ખંડેર થઈ જાય છે અને કૂવાની જગ્યાએ રેતીનો ઢગલો બની જાય છે નદી જ્યાં હતી ત્યાં સૂકી ધરતી થઈ ગઈ, અને રણની જગ્યાએ પાણીની રેલમછેલ થઈ ગઈ જાણે કોઈ સૃષ્ટિની સાથે ભયંકર રમત રમ્યું આ બધું જોઈને આપણે કહીએ છીએ કે આ તો વિધાતાનો કોપ થયો આંખોની સામે થતા આ અર્થહીન પરિવર્તનમાં કોઈ સંગતિ આપણને દેખાતી નથી એથી મન પણ આ માટે ચૂપચાપ આશ્વાસન નથી લઈ શકતું પ્રકૃતિની ધ્વંસલીલા જ આપણને એમાં પ્રતિભાસિત થયેલી દેખાય છે

આપણને પૂરો હક છે કે ધરતીકંપને આપણે પ્રકૃતિની તરફથી થનારી ક્રાન્તિ કહીએ આપણો એ હક કોઈ છીનવી નથી લઈ શકતું પણ જો વૈજ્ઞાનિક શોધનો પ્રશ્ન આવે વાસ્તવિકતાને જ જો સમજવાનો અને જાણવાનો આગ્રહ રાખવામાં આવે તો ત્યાં કૃપા કરીને 'ક્રાન્તિ'ને દૂર જ રાખવી જોઈએ આ શબ્દ કાવ્યોચિત છે, બુદ્ધિની દૃષ્ટિએ જોઈએ તો આ શબ્દ બહુ જ અસ્પષ્ટ છે હૃદયની દૃષ્ટિ જ એનો અર્થ ઉકેલી શકે છે પણ વિજ્ઞાનના

પ્રદેશમા આ શબ્દ બિચારો કશી મદદ નથી કરી શકતો અને જ્યા આવેગ અને આવેશની આવશ્યક્તા નથી હોતી ત્યા આ શબ્દની પણ જરૂર નથી હોતી ક્રાન્તિમા મનની ગભરામણની યથાર્થતા સિવાય બીજી કોઈ યથાર્થતા નથી

અહીં ભૂલ ન થાય હું એવા લોકોમા મારી ગણતરી કરવા ઇચ્છુ છુ જે મનની સચ્ચાઈની આગળ હિમાલયની વાસ્તવિકતાને શૂન્ય માની શકે છે પણ આ ઠેકાણે હું-તુની વાત નથી વાત તો વૈજ્ઞાનિકતાની છે અને વૈજ્ઞાનિકને માટે ક્રાન્તિ અસત છે કેમકે વૈજ્ઞાનિક અધીરો નથી થઈ શકતો માણસ અધીરો બનીને જ ક્રાન્તિને સત માનીને લુબ્ધ બની જાય છે

પણ આગળ આપણે માન્યુ છે કે આપણી પાસે પરિમિત બુદ્ધિ છે એ માટે આપણી ભાષાને માટે ક્રાન્તિ હોઈ પણ શકે છે પણ 'ક્રાન્તિ' થઈ શકે છે અથવા ક્રાન્તિ કરી શકાય છે એવો સવાલ જ્યારે આપણી સામે ઊભો થાય છે ત્યારે મને લાગે છે કે એ સવાલ જ ખોટો છે

મૂળે સત્યમા ક્રાન્તિ જેવુ તો કાંઈ છે નહિ, માત્ર માનવ-ભાષામા એ શબ્દ નજરે પડે છે જ્યારે ભાષાથી બહાર એ બીજે ક્યાય ન હોય ત્યારે એને બનાવવાનો સવાલ ભલા, કેમ થઈ શકે? એ કોઈ પ્રકારે ન થઈ શકે જે એને એમ કરવા માગે છે તેઓ ભૂલ કરે છે તેઓ વાદળાંને મુઠ્ઠીમા પકડીને પાણી વરસાવવા જેવી વાત કરે છે તેઓ બાલિશતા આચરે છે જો ક્રાન્તિ એવુ પરિવર્તન હોય જેનુ કારણ સ્પષ્ટ રીતે આપણી સમજમા ન ઊતરે તો એ ચોખ્ખુ છે કે એ ક્રાન્તિ કરવા યોગ્ય કદી ન હોઈ શકે જો એ તર્કથી અસગત હોય તો એ જ કારણે વિવેકથી તો ક્યાયે વધારે અસગત છે, ને એથી એ અકર્તવ્ય છે અને જે તર્કાતીત નથી, અતકર્ય નથી એને માટે 'ક્રાન્તિ' શબ્દનો ઉપયોગ સાવ અસગત અને અસભવિત છે

એથી, ક્રાન્તિ થઈ શકે એવી વસ્તુ નથી એને કરવી પણ ન જોઈએ વધુમા વધુ [illegible] અને વ્યવહારમા એને આપણે સહી લઈએ એટલુ જ એનો પ્રચાર અનિષ્ટ છે જો કાંઈક ઇષ્ટ હોય તો એ છે કે એ શબ્દનો પ્રયોગ કવિઓની ભાષામા જ કરવામા આવે એ સિવાય કૃપા કરીને એનો ઉપયોગ ન જ થાય તો સારુ કેમકે જેટલી ઓછી ક્રાન્તિ હશે તેટલી જ અધિક એકરૂપતા જીવનમા આવશે અને પરિણામે એટલી વધુ ઉન્નતિ થશે ક્રાન્તિમા લાચારીનો ભાવ છે, અનિયમિતતા ને અવ્યવસ્થાનો ભાવ છે પણ જીવન નિયમિત ને વ્યવસ્થિત હોવુ જોઈએ જે ક્રાન્તિ માગે છે તે તો સયમની લગામમાથી મુક્ત થવા માગે છે એ પોતાથી ને પોતાના કાબૂમાથી છટકવા માગે છે

ઘણી વાર વિચાર કરુ છુ કે જો હુ ખરેખર ક્રાન્તિને ચાહું છુ તો કઈ એમ તો નહિ હોય કે જેને હું ક્રાન્તિનું પરિણામ સમજી બેઠો છુ, અર્થાત મે જે એક સ્વર્ગ-મિત્રની (utopia) કલ્પના કરી છે તેને ઇચ્છી રહ્યો છુ. ને મને તો પ્રતીતિ થઈ રહી છે કે ક્રાન્તિની ઇચ્છાના મૂળમા તો કોઈ એવી જ માયાવી સ્વપ્નની લાગણી છુપાઈ બેઠી છે એમ જણાય છે કે જે ક્રાન્તિની ઇચ્છા કરે તે જીવનની વાસ્તવિકતાનો સામનો કરવાથી કટાળી ગયો છે જીવનસગ્રામમા નિરાશ થઈ ગયેલો પામર માનવી થઈ ગયો છે પોતાના તાત્કાલિક ધર્મથી એ વિમુખ થવા માગે છે એ કાંઈક 'રોમાન્સ' માગે છે પોતાના મનને બહેલાવવા એ પોતાની જાતને બહેલાવવા માગે છે કે બસ ક્રાન્તિ સફળ થઈ ન થઈ અને એનુ સ્વપ્નુ એના હાથમા આવી જશે ચનો, મુસીબત ટળશે સાચુ પૂછો તો પોતાની સામે આવી પડેલી મુસીબત ટાળવા એ માગે છે

પણ એટલુ તો આપણે નિશ્ચિત સમજી લઈએ કે આપણા મનની બહાર કોઈ જગાએ સ્વર્ગ નથી. એ ક્યાયથી ઊતરીને આપણી પાસે આવી ચડવાનુ નથી જ્યા સુધી કાળ છે ત્યા સુધી ગતિની આવશ્યક્તા રહેશે પરિવર્તનની જરૂરિયાત પણ એટલા માટે કાલાન્ત સુધી રહેવાની માણસ છે ત્યા સુધી એને શાતિ ક્યારેય નહિ મળવાની એ

(૩૫) ચાલણગાડી—પ્રયોજકો : ગિજુભાઈ અને જુગત રામભાઈ, પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. મૂલ્ય એક આનો.

ચાલણગાડી નાની અને મોટી બેયને ભેગી કરીને આ ગાડી તૈયાર કરી છે તે અમને તો ગમ્યું નહિ. પેલી નાનકડી નાજુક ચાલણગાડીને ઝાલતાં વધુ મજા પડતી હતી. ગાડી મોટી કરીને ય કિંમત તો ઓછી રાખી છે. પણ નાનકડી ગાડીનાં પૈડાંનો ભાવ મળતો હોય તો કિંમતની કયાં વાત કરો છો?

આ ચોપડીને તો શિક્ષિકાની-માર્ગદર્શિકાની જરૂર પડે તેમ છે કારણ ગિજુભાઈની 'ચાલો વાંચીએ' જેવી કાંઈ આ નથી. એક જ પગલે ત્રણ ચાર અને તેથી વધુ અક્ષરો, તે પણ જુદા જુદા મરોડના; એટલે પહેલાં તો શિક્ષક અક્ષરો શીખવી જાય પછી જ બાળક ચોપડીને હાથમાં લઈ શકે. અથવા તો બાળકને બધા અક્ષરોનુ જ્ઞાન થઈ ગયુ હોય તો પોતાની મેળે આનંદનો આસ્વાદ લેતુ તે એ વાચે. કેટલાક 'બાળપોથી'ના રચનારાઓ મળતા વળાંકના અક્ષરોનો ક્રમ ગોઠવે છે તે રીત કરતા જુદા જુદા વળાંકના અક્ષરોને બાળક તરત જુદા પાડી દઈ ને યાદ રાખી લઈ શકે છે પણ અક્ષરો થોડા થોડા લેવા જોઈએ અહીં તો બાળક વ-ન, વ-ડ વાચે કે પછી ન-વ કે ન-ડ જેવો કોઈ શબ્દ એટલા અક્ષરો પાકા થવા માટે રચી દેવાને બદલે થ-ડ, ચ-ડ, પ-ડ એમ એક સામટા ત્રણ નવા અક્ષરો આવી પડે છે. ત્યાંથી આગળ ચાલતા પાઠોમાં પણ શિખાઈ ગયેલા અક્ષરોનું પુનરાવર્તન વધુ હોવું જોઈએ અને નવા અક્ષરો ઓછા ઉમેરવા જોઈએ તે નિયમ નથી લાગુ થતો. એટલે આ ચોપડી ઈતર વાંચન તરીકે કામ આવે તેવી છે અથવા શિક્ષક પોતે વચ્ચેના ગાળાના નવા પાઠો જાતે તૈયાર કરી બાળકો પાસે મૂકતો જાય તો આધાર-પુસ્તક તરીકે ચલાવી શકાય.

(૩૬) કલ્યાણને માર્ગે—લેખક : રમણીકલાલ દલાલ, પ્રકાશક : શ્રી. નવચેતન સાહિત્ય મંદિર, ભદ્ર; અમદાવાદ મૂલ્ય રૂા. પોણા બે (પાકું પૂઠું)

'કલ્યાણને માર્ગે'ના પ્રયોગમાં આ નવલકથાના લેખકે બે અર્થનું સૂચન કર્યું લાગે છે. નવલકથાનું કલ્યાણ નામે એક પાત્ર દેશસેવા કરતાં સરકારની પોલીસના ગોળીબારનો ભોગ બની મૃત્યુને વરે છે. એ જ માર્ગે જવાનુ ઈષ્ટ છે એમ લેખક વાચકના મન પર ઠસાવવા માગતા હોય તેમ લાગે છે. ઉપરાંત દેશના કલ્યાણનો માર્ગ કયો છે તે પણ તે સૂચવે છે. નવલકથાનું આલેખન સામાન્ય કોટિનુ છે પણ તેની અંદર રજૂ થયેલાં વસ્તુ અને વિચાર પ્રેરક છે.

સ્વીકાર

'આરોગ્ય'—તંત્રી : શ્રી. રમણલાલ એન્જિનીઅર, પ્રકાશક : શિષ્ટ સાહિત્ય ભંડાર, આનંદભવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. વાર્ષિક લવાજમ સવા રૂપિયો.

નિસર્ગોપચારના પ્રચાર અર્થે આ પત્રિકા શરૂ થાય છે, એનો અમે સત્કાર કરીએ છીએ.

'બાલજગત'—(બાલમાસિક)નો વાર્તાઅંક.

☆

મુદ્રક અને પ્રકાશક : લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી : ઊર્મિ કાર્યાલય : અમદાવાદ
મુદ્રણસ્થાન : નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, નોવેલ્ટી ટોકીઝ પાસે-અમદાવાદ

BHARATIYA VIDYA BHAVAN

સાહિત્ય અને સંસ્કારનું માસિક

૭૨૫૪

વર્ષ દસમું • અંક ત્રીજો • જૂન ઓગણીસસો ચાળીસ

• અનુક્રમ •

મનનની બે વીથિઓ	શ્રી. કાકાસાહેબ કાલેલકર	૧૪૭
સાહિત્યમાં જીવનદર્શન	શ્રી. ધૂમકેતુ	૧૪૯
દેવીદિષ્ટ	શ્રી. જહાંગીર. મા. દેસાઈ	૧૫૨
કૌટુમ્બિક જીવનની સુવાસ	શ્રી. કાકાસાહેબ કાલેલકર	૧૫૩
ચિત્રણા	શ્રી 'જટિલ'	૧૫૯
વિધ્વંસક આશા	શ્રી કાન્તિલાલ મ. ગાંધી	૧૬૦
ગોવિંદ પ્રભાકર ભાવે	શ્રી. બિપિન જી. ઝવેરી	૧૭૫
સોનાનું અર્થશાસ્ત્ર	શ્રી. ડુંગરશી ધરમશી સંપટ	૧૮૦
અમારી કૂચ	શ્રી કાન્તિલાલ મ. શાહ	૧૯૦
'જંતુશાસ્ત્રપ્રવેશિકા'નું અવલોકન	શ્રી. રમણલાલ એન્જિનીઅર	૧૯૩
હોલેંડ	શ્રી. 'તરુણ'	૨૦૨
આધ્યાત્મિક પ્રેમ	શ્રી. ભોગીલાલ ગાંધી	૨૦૮
અવલોકનો	શ્રી. 'ચા.'	૨૧૬

• સંપાદકમંડળ •

મહેતા • દરબાર સોનેથા

• વાર્ષિક લવાજમ •

દેશમાં   બ્રહ્મદેશમાં   પરદેશમાં

ભારતી સાહિત્ય સંઘ

'ભારતી–સભ્ય' બનો

નીચે જણાવેલી સાત પ્રવૃત્તિઓનું લવાજમ દેશમાં રૂ. ૨૯–૮–૦ છે. સાતેય પ્રવૃત્તિના સાથે ગ્રાહક થનારને

દેશમાં રૂ. ૨૫–૦–૦
બ્રહ્મદેશમાં રૂ. ૨૭–૮–૦
પરદેશમાં રૂ. ૩૦–૦–૦
માં
ઘેર બેઠાં મળશે.

અંજલિ ગ્રંથમાળા
આરોગ્ય ગ્રંથાવલિ
ચિંતન ગ્રંથાવલિ
વિશ્વ સાહિત્યમાળા
અરુણ પુસ્તકમાળા
ઊર્મિ (માસિક)
નવરચના (માસિક)

• ગ્રાહક થવા માટે લખો •

ભારતી સાહિત્ય સંઘ
શ્રીમાળી સોસાયટી. પો. બો. નં. ૭૩
અમદાવાદ

—મુંબઈશાખ—

અમારી તમામ પ્રવૃત્તિઓના
પ્રતિનિધિ

• અમદાવાદમાં •

ચંદ્રકાન્ત મહેતા
રમકડાં મારકેટ, પાનકોરનાકા
અમદાવાદ

• ભાવનગરમાં •

આઝાદ વસ્તુભંડાર
ઘોઘા દરવાજે
ભાવનગર

અમારી પ્રવૃત્તિઓ ઉપરાંત ગ્રામ-ઉદ્યોગનાં કાગળો, કવરો, કાર્ડો વગેરે પણ અહીંથી મળી શકશે.

• સુરતમાં •

કનૈયાલાલ ત્રિભુવનદાસ શેઠ
કળજુગની શેરી, હરિપુરા
તથા
શાહ બાબુભાઇ નટવરલાલ
બારડોલીવાળા
લીમડાચોક

વર્ષ દસમું | જૂન ૧૯૪૦ | અંક ત્રીજો

मनननी वे वीथि

श्री काकासाहेब कालेलकर

Having found his instrument,
Forgets or disregards or more presumptious still,
Denies the Power that wields it.

-William Cowper.

નિસર્ગમાં બુદ્ધિ, હેતુ અને યોજના નથી એમ કોણ કહી શકે છે? મદાન્ધ થઈને જે બુદ્ધિ નિર્સંગ વિષે આવો અભિપ્રાય ધરાવે છે, તે બુદ્ધિ પણ નિસર્ગની જ કૃતિ નથી શું ?

સૃષ્ટિમાં અસંખ્ય જીવો પેદા થાય છે. એમને પોષણ મળે છે, એમનો વિકાસ થાય છે અને એમનો નાશ થાય છે. અને એ બધું અમુક માંગલિક નિયમ કે ધર્મ પ્રમાણે જ થાય છે એ શું બતાવે છે ? જ્યા જુઓ ત્યાં વ્યવસ્થા છે, યોજના છે, ઔચિત્ય છે, આનુકૂલ્ય છે, સુંદરતા છે, ધીરજ છે, વિકાસ છે. આ બધું મહાબુદ્ધિ વગર સંભવે જ નહિ. વનસ્પતિનું જીવન અને વિકાસ તપાસો. સૂક્ષ્મકીટોનો જીવનધર્મ શોધી કાઢો. તારાના વિસ્તાર-નું ધ્યાન ધરો. હૃદયની ગૂઢ અને જટિલ ભાવનાઓના મહાસાગરમાં અવગાહન કરો. જ્ઞાત અને અજ્ઞાત બધું જ અદ્ભુત છે, બ્યવસ્થિત છે, હેતુપૂર્ણ છે. પાદડાંનો આકાર, વાદળાની અસ્પષ્ટ રેખાઓ, હાડકાંનું ઘડતર, શંખલાનો મરોડ, પતંગિયાની પાંખો, હિંસક જાનવરોની ભૂખ, શ્વાપદોની બીક, દુષ્ટોનાં કાવતરાં, અને દરેકને વ્યાપતી અંપ કે મહાનિદ્રા બધું જ હેતુપૂર્ણ છે. કેટલુંક આપણને ગમે છે, કેટલુંક નથી ગમતું. કેટલાકથી આપણે રાજી થઈએ છીએ, કેટલાકથી અકળાઈએ છીએ એ આપણો જીવનધર્મ થયો. આપણે અંશ-માત્ર છીએ. અંશની લાગણીથી સંપૂર્ણની રચના કે યોજના ન મપાય, ન તપાસાય, ન મૂલવાય. ભૂખ વગર જેમ ખોરાક ન પચે, જિજ્ઞાસા વગર જેમ નિરીક્ષણ ન થાય, અખંડ જાગૃતિ વગર ઉન્નતિ ન સધાય તેમ નમ્રતા વગર, પોતાની અલ્પજ્ઞતાના ભાન વગર વિશ્વરહસ્યની ઝાંખી ન થાય એટલું માનવ ક્યારે સમજશે ?

જ્યાં જુઓ ત્યાં સુંદરતા છે. કેટલી વ્યવસ્થા, કેટલી પરસ્પર અનુકૂળતા, કેટલી મિતવ્યયતા.

ત્યારે શુ નિસર્ગમા ઉડાઉપણુ નથી ? છે અને નથી જો દરેક પ્રયોગમા સ્વતન્ત્ર વૈશિષ્ટ્ય હોય અને દરેકનો અનુભવ લેતું ચૈતન્યનુ કેન્દ્ર અથવા વ્યક્તિતત્ત્વ દરેક પ્રયોગમા હોય, તો પછી ઉડાઉપણુ ક્યા રહ્યુ ? નિસર્ગમા સમૃદ્ધિ છે, ધીરજ છે અને બુદ્ધિની અનન્તતા છે જેટલુ ખરી પડે છે, અકાળ વિનષ્ટ થાય છે, અધૂરુ રહી જાય છે, અથવા બીજાનો ભોગ થઈ પડે છે, તે બધુ શુ એળે ગયુ ? ના હરગિજ નહિ દરેક વસ્તુ જેમ સમારણ છે તેમ સપ્રયોજન પણ છે નિસર્ગમા વ્યર્થ કશુ નથી

આપણી બુદ્ધિ અને તે મહાબુદ્ધિ વચ્ચે જાતિનુ ઐક્ય છે પણ ઐશ્વર્યનુ ઐક્ય નથી તેથી જ તે મહાબુદ્ધિનું આકલન કરવાને હામ ભીડી શકીએ છીએ અને છતા નમ્રતા દ્વારા જ તેમ કરવાની આશા રાખીએ

અને તે મહાબુદ્ધિ પણ શુ પૂર્ણ વિકસિત થઈ છે ? પૂર્ણ વ્યક્ત થઈ છે ? એનો નિત્ય વિકાસ થતો જ જાય છે એ વિકાસનો છેડો ક્યારે આવશે એ કોણ કહી શકે ? એને છેડો પણ શા માટે હોય ?

વ્યક્તિનું કે વિશ્વનું જીવન નદી જેવુ હોય છે

આપણે માનીએ કે યૌવનમા બાલ્યકાળ મરી જાય છે, અને વાર્ધક્યમા બાલ્ય અને યૌવનનો લોપ થઈ જાય છે, પણ તેમ નથી હોતુ બધી અવસ્થાઓ – વિકાસના ક્રમ પ્રમાણે જેટલી અવસ્થાઓ દ્વારા આપણે પસાર થયા હોઈએ તે બધી અવસ્થાઓ – એકી સાથે જ આપણામા હોય છે કથાના અત સુધી આવ્યા તો શુ એના આદિ-મધ્ય નષ્ટ થયા ? રાગ પૂરો થયો એટલે શુ એના આરતાથી અતરા નાશ પામ્યા ? તેમ હોત તો રાગનું જ્ઞાન જ આપણને ન થાત ભૂત પણ વર્તમાન છે નદી સમુદ્રને મળી તો ય એનો ઉગમ અને એનો મધ્ય વહે જ છે ને ? નિસર્ગની મહાબુદ્ધિ વ્યક્ત થતી જાય છે, વિકસતી જાય છે તો ય એના પ્રાથમિક સ્વરૂપોનો અવશેષ રહે છે હિંદુધર્મમા જેમ तानि धर्माणि प्रथमान्यासन् થી માંડીને અદ્યતન વિચાર અને આચાર સુધી બધાને જ સ્થાન છે, બધાનો આદર છે તેમ નિસર્ગમા બધી સ્થિતિના સમાસ છે ઠેકઠેકાણે સ્થૂલ રૂપમા તો કોક ઠેકાણે સૂક્ષ્મરૂપમા

* * *

પુરુષસૂક્તમા કહ્યુ છે કે વિરાટ પુરુષને અસખ્ય માથા, અસખ્ય આંખો અને અસખ્ય પગ છે એ પરથી આપણે જાણવુ જોઈએ કે વિરાટ પુરુષને અસખ્ય મન અને અસખ્ય હૃદયો પણ છે, કેમકે એ બધુ એકરૂપ છે આ અનત મનોમા કોઈ પણ વિચાર સ્ફુર્યો, કલ્પના જાગી કે લાગણીની ઊર્મિ ઊઠી, કે એ કોઈ ને કોઈ રીતે મૂર્ત થવાની જ એટલા માટે જ તો મનોવ્યાપાર પર જબરદસ્ત કાબૂ રાખવો ઘટે છે

જેટલા માનસિક પાપો હું કરુ છુ, તે બધા મારા આચરણમા ભલે ન ઊતરે પણ ક્યાક એ આચારમા પરિણમે જ છે કોઈ પણ રીતે આપણા વિચારો, આપણા મનોરથો અને કલ્પનાતરગો આપણે Segregate કરી શકીએ એ વ્યર્થ છે

પાણીમા પડેલુ ખીકું જેમ બધે ફેલાય છે, આકાશમા ઊઠેલી ઊર્મિ અનત સુધી પહોચી જાય છે, તેમ આપણી વાસનાઓ વિશ્વમા ફેલાય છે અને વિશ્વને ઘડે છે અથવા નડે છે એકલો આચાર પરનો કાબૂ બસ નથી, ચિત્તશુદ્ધિ તો સકલ્પમાં જ રહેલી છે આખુ વિશ્વ અને એમાનો એકએક રજ સકલ્પપ્રભવ છે સકલ્પશુદ્ધિ એ જ મહાસાધના છે.

તા ૨૧-૪-૨૭

સાહિત્યનું જીવનદર્શન

સાહિત્ય એ જીવનનું અંતિમ ધ્યેય નથી પણ અંતિમ ધ્યેય પ્રતિ જનારું એક સોપાન માત્ર છે, એ વિચાર, આજે જ્યારે વાસ્તવવાદ અને ભાવનાવાદ વચ્ચે સંઘર્ષણ ચાલી રહ્યું છે ત્યારે એક વખત ફરીથી રજૂ કરવા જેવો લાગે છે. સાહિત્યકૃતિમાં અને શાસ્ત્રીય કૃતિમાં મહત્ત્વનો તફાવત એ છે કે શાસ્ત્રીય કૃતિ જે હોય તે હકીકત રજૂ કરે છે. અને સાહિત્યકૃતિ જે હોય તે રજૂ કરે છે, પણ એ ઉપરાંત એની રજૂ કરવાની શૈલીમાં એક નવીન તત્ત્વ નજરે પડે છે. એ નવીન તત્ત્વ ન હોય તો કોઈ પણ સાહિત્યકૃતિ એ સાહિત્યકૃતિ રહે નહિ. આ તત્ત્વને આપણે કાવ્યજ્ઞોની પરિભાષામાં અત્યુક્તિ કહી શકીએ. જે કહ્યું છે તેના કરતાં વધારે જે ઉક્તિમાં વસી રહ્યું છે તે સાહિત્ય. સાહિત્યની ચિરંજીવિતા પણ એના ધ્વનિસામર્થ્યમાં રહી છે. જેમાં ધ્વનિ નહિ, જેને ફોટોગ્રાફીક ચિતરામણ સિવાય વધુ કાંઈ કહેવાનું નહિ, જેમાં અત્યુક્તિ નહિ, તે સાહિત્યમા ચિર જીવિતા પણ નહિ; પછી એ પ્રાસંગિક બળો કે તત્કાલીન પરિસ્થિતિઓનો સંપર્ક સાધીને ગમે તેટલી લોકપ્રિયતા સાધે તોપણ.

અત્યુક્તિનો અર્થ ઘણાને સમજાશે નહિ. અત્યુક્તિ એ અતિશયોક્તિ નથી. અતિશયોક્તિ એ એક પ્રકારનો ભાષાનો શણગાર છે. જેમ વસ્ત્રાલંકાર એ દેહ નથી, પણ એની જરૂર હોય છે, તેમ અલંકાર–એમાં કૃતિનું હાર્દ નથી, પણ કૃતિને સમજવા માટે એની સમજ જરૂરી હોય છે. અત્યુક્તિ તો એમ બતાવે છે કે કહેનારે જેટલું કહ્યું છે તે એક રીતે પૂરું નથી : એણે જે કહ્યું છે એ ઉપરાંત એને બીજું કાંઇક કહેવાનું છે. અને એ પોતે હાજર રહે કે ન રહે છતાં એણે આ એક અદૃશ્ય તત્ત્વ મૂક્યું છે તે નિત્ય હાજર રહેશે. સાહિત્યનો જે કાંઈ ચિરંજીવ અંશ છે તે એના આ નિત્યનવીન જેવા લાગતા ધ્વનિ-સામર્થ્યમાં રહ્યો છે.

અત્યુક્તિનો બીજો અર્થ પણ ઘટાવી શકાય. સામાન્ય માણસની શક્તિ જ્યાં વિરામ પામે છે, એ વિરામચિહ્નથી આગળ કહેવાનું માત્ર સાહિત્ય કહી શકે છે. એ રીતે પણ અત્યુક્તિ એ સાહિત્યકૃતિનો આત્મા છે.

આપણે એક ઉદાહરણ લઈએ. સમુદ્ર લ્યો એને ઘણા માણસોએ જોયો છે. જોનારા માણસોમાંથી બધા ઉપર એની–અને એમના ઉપર સમુદ્રની સરખી અસર નથી. એમ શા માટે બને છે ? એવી ઘટનાને લીધે એક વ્યક્તિને બીજી વ્યક્તિથી જુદા પાડવાનું જરૂરી બને છે. એમ જુદા પડવાથી, એક વ્યક્તિ બીજી વ્યક્તિ કરતાં વધારે ઉત્તમ છે એમ નથી ઠરતું, પણ એક વ્યક્તિને સમુદ્ર પાસેથી કાંઇક મેળવવાની શક્તિ છે, કે જે બીજી વ્યક્તિમાં નથી. જેનામાં એ નથી, તેનામાં, સંભવિત છે કે બીજી કાઈ શક્તિ વધુ હશે. પરંતુ આપણે અહીં તો આ વિશિષ્ટતાનો ઉલ્લેખ કરીને કહેવા માગીએ છીએ કે સમુદ્ર અને આ વ્યક્તિઓના પરસ્પરના સંપર્કમાંથી એક નવીન તત્ત્વ અસ્તિત્વમાં આવે છે અને તે કાલ્પનિક છતાં પણ સત્ય હોઈ શકે. આવી રીતે જ્યારે વ્યક્તિ, કાંઇક 'અતિ' કરે–એણે કે જ્યાં બીજાને કાંઈ ગમ ન પડે ત્યાં એને કાંઇક લાગે–ત્યારે આપણે કહી

શકીએ કે એ સર્જનાત્મક મનોદશામાં છે હરકોઈ પ્રમાણુ સર્જન એ પહેલાં દૃષ્ટિ (vision) અને પછી શ્રમ એવી રીતે અસ્તિત્વમાં આવતો પદાર્થ છે

એટલે એ રીતે જોશો તો દૃષ્ટિમાંથી દૃષ્ટિનો જન્મ થાય છે અને તેથી વાસ્તવવાદ અથવા ભાવનાવાદ એવા બે વાદ ન રહેતાં એક જ વાદ રહે છે દૃષ્ટિવાદ જેનામાં જે રીતે પદાર્થ અને પદાર્થોના સબંધો જોવાની શક્તિ હોય તે તેને તે રીતે મૂકે એક માણસ એમ કહે કે મને ઈશ્વર જણાતો નથી, તો તમે એને તર્કથી માત્ર ત્યારે જ સમજાવી શકો કે જો એનું મન એ વસ્તુ ખરેખર સમજવા માગતું હોય અથવા એનામાં કોઈ પણ પ્રકારની જિજ્ઞાસાવૃત્તિ હોય તો પરંતુ જેમ લોહીનો અસત દુષ્ટ વિકાર થવાથી શરીરની તંદુરસ્તી જોખમમાં મુકાઈ જાય છે તેમ જે વિચારોને માણસે પોતાના અનુભવની સરાણ ઉપર ચડાવ્યા વિના અથવા તો એ વિચારોને સમજવા માટે થોડી પણ ઉપાસના કર્યા વિના કેવળ અર્ધદગ્ધની પેઠે વાચ્યા જ હોય છે તે વિચારો એનો વિકાસ સાધવાને બદલે એનામાં વિકાર ઉત્પન્ન કરે છે એટલે એનામાં કોઈ પણ વસ્તુનું અંતિમ જોવાની અશક્તિ જ આવી જાય છે એ માણસ કોઈ પણ પ્રકારના અંતિમમાં અશ્રદ્ધા ધરાવે એ સ્વાભાવિક છે આવી રીતે વસ્તુનું અંતર્ગત સ્વરૂપ ન સમજવાની અશક્તિમાંથી જે વાદ પેદા થાય, અને તેથી જે ફોટોગ્રાફીક ચિતરામણમાં રાચી રહે, તે વાસ્તવવાદ નથી વાસ્તવવાદ કે ભાવનાવાદ — માણસ ગમે તે સ્વીકારે — પણ એ સ્વીકારવામાં એની પોતાની દૃષ્ટિ એ પ્રધાનપદે હોવી જોઈએ પોતાની દૃષ્ટિ વિના તો માણસ જે કોઈ વાદ સ્વીકારે એ વાદને લીધે એને જે કહેવાનું છે તે સ્પષ્ટ થવાને બદલે અસ્પષ્ટ રહેશે

આજે પ્રબળ મનોમંથનને પરિણામે સાહિત્યકૃતિઓમાં અસ્પષ્ટતા દેખાય છે એમ ઘણાનું માનવું છે એમને માટે આ બીજી વસ્તુસ્થિતિ પણ સૂચક બને છે પ્રબળ મનોમંથનને પરિણામે જેમ અસ્પષ્ટતા જન્મે છે, તેમ જીવનમાં કોઈ પણ પ્રકારની શ્રદ્ધા નહિ રહેવાથી તો અસ્પષ્ટતા જન્મતી નહિ હોય? અને એમ પણ હોઈ શકે નહિ કે શ્રદ્ધા અનુભવનો જે પરિપાક માગે છે તે પરિપાકને માટે જોઈતો સમય ન મળવાથી પણ સાહિત્યકૃતિઓમાં અસ્પષ્ટતાએ દેખાવ દીધો હોય? એ ગમે તેમ હો અસ્પષ્ટતા કે કિલષ્ટતા એ સાહિત્યકૃતિ માટે આસાહિત્યિક ગુણો તો નથી જ અને જે દોષો હોય અને એ દોષો વાસ્તવવાદી થવા માટે આવી જતા હોય તો એટલે અંશે વાસ્તવવાદનો પ્રભાવ કાંઈક ભૂલભરેલો કહી શકાય

એટલે વાસ્તવવાદ પ્રગતિવાદ ને ક્રાન્તિવાદ એવી ત્રણે છાયામાં ઊછરતો સાહિત્યનો છોડ પોતાનું કાંઈક ગુમાવતો તો નથી ના? એ ભયસૂચક પ્રશ્ન પૂછવાનો સમય આવ્યો છે

આજે એક બીજો પણ ભય આપણી સામે છે એની ઉપેક્ષા કરવી ન ઘટે

રાજકીય આંદોલનો જે વસ્તુને વેગ આપે છે તેમાં હમેશાં વેગ હોય છે એટલી ગતિ હોતી નથી રાજકીય આંદોલનોએ અનેક જુવાનોને પોતાના ગામડામાંથી ખેંચીને શહેરના ને ઉછળવામાં છે ના પ્રગતિવાદના સંપર્કમાં મૂકી દીધા એ વસ્તુને પરિણામે આપણું પોતાનું જે કાંઈ છે તે સમજવાની કે એમાંથી સામર્થ્ય મેળવવાની તક એમને મળી નહિ ઝડપી

જમાનામા એ સમજવા માટે સમય તો ભાગ્યે જ કોઈને મળી શકે અને રાજકીય આંદોલનોને લીધે શાંત અભ્યાસી વૃત્તિ રહેવાની બહુ આશા પણ રાખી ન શકાય એ ત્રણે ઘટનાઓના પરિણામે જીવનદર્શન અપંગ જેવુ બની ગયેલુ લાગે તો એ વસ્તુસ્થિતિ શક્ય છે

હજી એક વધુ કારણ પણ આ પ્રકારના જીવનદર્શન માટે નજરે પડે છે

એક સમય એવો હતો કે જ્યારે વિદ્વાનો જે કાંઈ લખતા તેમા સુરુચિ બહુ અગત્યનો ભાગ ભજવતી એ સિદ્ધાંતનો જ્યારે અતિશય વપરાશ થયો ત્યારે એમા લઢણની નબળાઈ (mannerism) આવી તરુણો સઘળુ સહન કરી શકયા પણ આવી લઢણની નબળાઈ તરત એમની નજરે ચડી જાય છે એટલે એ લઢણનો ઉપહાસ કરીને એને નિર્મૂળ કરવા કમ્મર કસી હોય તેમ અત્યારે ઘણા તરુણ લેખકો સુરુચિને બિલકુલ સ્થાન આપતા નથી પણ એમા એકદર દૃષ્ટિનો વિનિપાત થાય છે એ વસ્તુ પણ હવે નિર્દેશ માગી લે એટલે અંશે આગળ વધી છે એમ કહી શકાય આવી રીતે આ સઘળી પરિસ્થિતિનો સામાન્ય વિચાર કર્યા પછી, જીવનદર્શનની વિશુદ્ધિ અર્થે સાહિત્ય છે એમ ફલિત થાય તો જીવન વિષે વધારે ને વધારે વિચાર કરવાની અગત્ય રહે એ દૃષ્ટિએ સાહિત્યમા વાસ્તવદર્શનને મુખ્ય સ્થાન મળી રહે છે પણ જીવન એટલુ વિશાળ ને વિવિધતાવાળુ છે કે આ વાસ્તવદર્શન માણસના પોતાના દર્શનના સંપર્ક વિના અપૂર્ણ રહેવાનું એ રીતે માણસનુ પોતાનુ દર્શન–જેને ભાવનાવાદ કહી શકાય તે જીવનનું દર્શન–જેને વાસ્તવવાદ કહી શકાય એના સંપર્કમા આવીને, સામાન્ય રેખા સ્થાપે તો સાહિત્યમાથી એક તરફ જેમ તરંગી વિચારો ઊડી જાય તેમ બીજી તરફ કેવળ કુરુચિ ઉત્પન્ન કરનારુ કોહ્ય–ચિતરામણ ઊડી જાય એ બન્નેનો સંપર્ક જીવન-દર્શનને વધારે પવિત્ર પણ બનાવે ને વિશાળ પણ બનાવે

શહેરમા ગટર છે એના અસ્તિત્વનો નકાર કરવાથી કાંઈ શહેર રળિયામણુ બની જતુ નથી, તેમ એ ગટરને જ પ્રાધાન્ય આપવાથી શહેર વધારે શોભાવાળુ લાગતું નથી માનવ વૃત્તિ અનેક ઘર્ષણોનું સંગ્રહસ્થાન છે એની પોતાની હલકી વૃત્તિ પણ સામાજિક બળોને લીધે અંકુશમા રહે છે તેમ જ એ કેવળ સમાજથી ડરીને એમને અંકુશમા રાખી અપ્રગટ રાખે એમ પણ ન કહી શકાય એના અંતરમા પણ — એ અંતર વિનિપાતના છેલ્લામાછેલ્લા માર્ગે હોય તોપણ — કોઈક દિવસ પોતાની વૃત્તિઓ ઉપર વિજય મેળવવાની આશા છૂપી હોય છે જીવનના એ અગમ્ય દર્શનો પણ સાહિત્યકાર માટે વાસ્તવ નથી એમ કોણ કહી શકે ? એટલા માટે કેવળ કોહ્ય–ચિતરામણ એ જ વાસ્તવ-દર્શન છે એમ માનવુ એ પણ ભૂલ છે

માનવના ચિંતનની રચના સમાજની રચના, અનેક પ્રકારના સામાજિક ઘર્ષણો, અનેક પ્રકારના વિસંવાદો વિગ્રહો, જીવનમ્હો શોક, ગરીબી, ભીષણ દૈન્ય, ભય કે લોલુપતા–એ સઘળુ અસ્તિત્વમા છતા સંસારમા ને સમાજમા આનંદ વિનોદ ને પ્રેમ–એની સનાતન સરિતા ચાલી રહી છે સાહિત્યકાર તો જીવનસરિતાના બન્ને તટ નિહાળે છે અને કોઈ પણ દિવસ વિહ્વળતાથી વ્યગ્રતાથી, વિચારભ્રમથી કે ક્લેશમય અનુભવથી જીવન સરિતામાથી લોકશ્રદ્ધા ઊડી જાય વર્ગવિગ્રહમાં રાચવાની મનોવૃત્તિ સ્થિર થઈ જાય, અને જે સુખ કેવળ ત્યાગમા છે તે ઉપભોગમા રહ્યુ છે એવી મિથ્યા આશા પ્રગટે અને માનવનો માનવવૃત્તિમા રહેલો વિશ્વાસ નાશ પામે એવુ કાંઈ જ એ નહિ કરે

જૂના જમાનામા જેમ ઉપદેશામૃત વિના સાહિત્યકૃતિઓની શોભા ઓછી થાય એમ ઘણા માનતા, તેમ આ જમાનામા પ્રગતિશીલતત્ત્વ વિના સાહિત્યકૃતિની શોભા ઓછી થાય એમ ઘણા માને છે પણ એ ભયને લીધે જ સાહિત્યકૃતિઓમા એક સહન ન થઈ શકે એવી mannerism--લઢણ--આવતી જાય છે વાસ્તવવાદને સાહિત્યમા અવશ્ય સ્થાન છે પ્રગતિશીલતાને છે પણ આ લઢણ--એ લઢણને સાહિત્યમા કોઈ જ સ્થાન નથી

સાહિત્યમા ચિરંજીવ અશો છે એમ શ્રદ્ધાથી માનનારે તો સમગ્ર જીવનના દર્શન માટે સાહિત્યનો સોપાન તરીકે ઉપયોગ કરવો રહ્યો અંતિમ ધ્યેય તો ઘણુ વિશાળ હોઈ શકે એવો સાહિત્યકાર કોઈ વાદની ઉપેક્ષા ન કરે પણ કોઈ વાદના લઢણમા ફસાવુ એ એને માટે સ્વભાવથી જ અશક્ય હોવુ જોઈએ મારુ કે જીવનનુ દર્શન જે દૃષ્ટિ માગે છે તેમાં ક્યાંય અપ્રેમને સ્થાન નથી

☆

દેવીશ્રેષ્ઠ

નમે તુને, દેવી! સુર અસુર ને લોક જગનાં
સહુ દેવો કેરી તું જ જનની, એ માંહી શક ના,
મનુષ્યોની માતા, ટગર સહુ તારી કરી રહે,
જનોનુ જે સૌખ્ય પ્રકટ તુથી છે તું હરી રહે
ઉપાધિ વ્યાધિઓ મનુજકુલના દિસ રજની,
તને સૌ ચાહે છે, જનગણની તુ દિવ્ય સજની,
ઊંડા નિશ્વાસો જે હૃદયતલને ચૂર્ણ કરતા,
શમે છે તારાથી ઘડી વિકળતાઓથી ઠરતા,
બધા પાપો શાપો જરૂર ભૂલતા તુથી મનુજો,
અને ઝઝાવાતો હસિત સહતા આર્યતનુજો!
અહો! તુ જો કોપે, અમ શિર પરે પ્હાડ પડતો
ચિંતા શી ચિંતાનો, નવ કળ તણો માર્ગ જડતો!
અમોને તુ લેટે પ્રહર ક્ય તો પાડ ગણીએ
ખરે મોટા તારો, નવજીવનવો પાક લણીએ!
બધા આજારીઓ તનમનદુખે જે તરફડતા
તુથી પામે શાંતિ, તુજ દરસ કાજે તલસતા
નમું હું જો કોઇ વિભૂતિ જગમાં તો નમુ તને,
અયી નિદ્રા દેવી! કદી ન ત્યજતી રે! તુ મુજને!

જહાંગીર માણેકજી દેસાઈ

कौटुंबिक जीवननी सुवास

श्री. काकासाहेब कालेलकर

ચિરગાંવ જવાની લાંબા વખતથી સેવાની આશા હજી સુધી સફળ થઈ નથી. સને ૧૯૧૪માં જ્યારે હું સિંધમાં હતો ત્યારે એક દિવસ અચાનક એક નવજવાને મારા હાથમાં 'ભારત-ભારતી' પુસ્તક મૂક્યું. એનાં પાનાં ફેરવીને તેમાંનું પદ્ય વાંચું તે પહેલાં જ તે યુવકે 'ભારત-ભારતી'ની એવી તો પ્રશંસા કરવા માંડી કે હું તેના પ્રવાહમાં જ તણાવા લાગ્યો. તેને આગળ વધતો અટકાવવા મેં પુસ્તક વાંચવાનું શરૂ કર્યું. ત્યાં તો તે ભલા માણસે મારા હાથમાંથી પુસ્તક જ ખેંચી લીધું અને એકદમ પોતાની પસંદગીની કડીઓ એક પછી એક, પૂરા હાવભાવ સાથે, વાંચી સંભળાવવા માંડી.

આવી રીતે કોઈની પાછળ પાગલ બની જવું એ યુવકો માટે આશ્ચર્યની વાત નથી. હું પણ એક સમયે બંગાળના પ્રસિદ્ધ દૈનિક પત્ર 'વંદે માતરમ્'ના અગ્રલેખો ખૂબ જોશમાં આવીને આવી જ રીતે લોકોને વાંચી સંભળાવતો હતો.

આમ સને ૧૯૧૪માં શ્રી. મૈથિલીશરણ ગુપ્તના નિવાસસ્થાન તરીકે ચિરગાંવનું નામ સાંભળ્યું હતું, પરંતુ આજ સુધી ચિરગાંવ જઈ શક્યો નથી. આ વર્ષે ઝાંસી સુધી જઈ આવ્યો પણ ચિરગાંવ ન જઈ શક્યો.

જો કે જે કવિ હોય છે અને આપણને ગમતા હોય છે તે બધાનાં નિવાસસ્થાન જોવા આપણે નથી જતા, પરંતુ શ્રી. મૈથિલીશરણજીની રામભક્તિ તેમજ કૌટુંબિક સ્નેહસંબંધ વિષે મેં એમ સાંભળ્યું હતું કે તેમના ઘરનું કૌટુંબિક વાતાવરણ વાત કરવાની નહિ પણ અનુભવ કરવાની ચીજ છે.

ગયા ઑક્ટોબર મહિનામાં કાશીમાં શ્રી. રાયકૃષ્ણદાસજીની કોઠીમાં કવિવરનાં દર્શન ફરીથી કર્યાં હતાં, પણ તેમનો ખરો પરિચય તો મને વર્ધાની મગનવાડીમાં તેમના ભાઈ અને સુકવિ સિયારામશરણજી મારફતે જ થયો. તે બન્ને ભાઈઓ વચ્ચેનો પરસ્પરનો ભ્રાતૃભાવ તે વખતે સૌથી પહેલો મારા ધ્યાનમાં આવ્યો. પૂજ્ય ગાંધીજી તરફ આ બન્ને ભાઈઓનો જે ભક્તિભાવ છે તે આજની રાજનૈતિક હિલચાલનું પરિણામ નથી, પણ તે તો આપણી આર્ય સંસ્કૃતિનું સ્વાભાવિક પરિણામ છે.

સિયારામશરણજી ભારે રસિક શ્રોતા છે પોતાની રીતે આકર્ષક સંભાષણકર્તા પણ છે, તેમ જ સ્નેહથી પરિપૂર્ણ મિત્ર છે. પોતાનો અભિપ્રાય, પોતાની રુચિ તેમ જ અરુચિ પૂરેપૂરી નમ્રતા અને એટલી જ સ્પષ્ટતાથી જણાવી દે છે, પરંતુ મતભેદને કારણે તેમના સ્નેહ કે સદ્ભાવમાં ક્યાંય કોઈ પણ પ્રકારની કમી આવતી નથી.

સિયારામશરણજી પોતે એક ઊંચી કક્ષાના કવિ તેમ જ વાર્તાલેખક છે. સંસ્કૃત સાહિત્યના અધ્યયનથી તેમની અભિરુચિ ખૂબ સૂક્ષ્મ અને પરિષ્કૃત બની ગઈ છે; તથા બુંદેલખંડના લોકો સાથે ઓતપ્રોત બની જવાને કારણે તેમની ભાષામાં માર્મિકતા અને સાદાઈ, બન્ને એકી સાથે, આવી ગયાં છે. જો કોઈ મને પૂછે કે સરળ હિંદી કેવી હોય છે તો હું તરત જ કહી દઉં કે જે ગદ્યશૈલીમાં સિયારામશરણજી લખતા રહ્યા છે તેવી.

કોઈ કોઈ વખત પોતાની શૈલીમાં જરૂરિયાત કરતાં વધારે સંસ્કૃત શબ્દો દાખલ કરવાનો મોહ તેમને લાચાર બનાવી દે છે. પરંતુ તે તેમનો સ્વભાવ નથી. એમના લખાણમાં તો તે ભાગ એકદમ નોખો જણાઈ આવે છે.

કાશીના રાયકૃષ્ણદાસજી હિંદીમાં સંસ્કૃત શૈલીના

એક પ્રસિદ્ધ અને સિદ્ધહસ્ત લેખક છે તે આ ગુપ્ત કુટુબના એકહૃદયી મિત્ર છે અને તેમની તેવી સસ્કારી શૈલી પણ પસદ છે. હુ પોતે રાયકૃષ્ણદાસજીની ગદ્ય શૈલીનો પક્ષપાતી છુ, પણ ફક્ત પોતાના સુખ પૂરતા જ તેમની શૈલીના ગ્રથ ધ્યાનપૂર્વક વાચુ અને મારુ ચાલે તો તેનું અનુકરણ પણ કરુ એવી શૈલી પ્રત્યે પ્રેમવશ હોવાને લીધે જ કુમારી દિનેશનન્દિની ચોરડિયાનું 'શબનમ' વાચ્યું હતું પણ તેવી શૈલીનો પ્રચારક હું કદી ન બની શકુ સસ્કૃત સાહિત્યને આપણે જરૂર પચાવીએ સસ્કૃતની સસ્કારિતા આપણે જરૂર અપનાવીએ, પણ આપણી ભાષા તો આમ વર્ગની પસદગી પામેલી ભાષા જ હોવી જોઈએ

અરે મારે અહીં શૈલીની ચર્ચા ઓછી કરવી છે ? મારે તો ચિરગાવના કૌટુબિક જીવનની સસ્કારિતાની વાતો કરવી છે

હું જ્યારે ગઈ વખતે કાશીના હિદી સાહિત્ય સમેલનમા ગયો હતો ત્યારે શ્રી રાયકૃષ્ણદાસજીને ત્યા ઊતર્યો હતો ત્યા મે શ્રી મૈથિલીશરણજીને ખૂબ નજીકથી તેમના સાચા સ્વરૂપમા જોયા ગુપ્તજી અને કૃષ્ણદાસજી બન્નેના કુટુબ જાણે એક જ છે ગુપ્તજીમા નથી ગર્વ કે નથી અહભાવ આધુનિક ફૅશનને તો તે સૂધ્યા પણ નથી જો કોઈ તેમને ઘરના પોશાકમા જુએ તો એમ જ કહી બેસે કે આ તો કોઈ ગામડાનો ગમાર' છે, પણ જો તેમની પાસે બેસીને કોઈ ઘડી બે ઘડી વાર્તાલાપ કરે તો તે તેમના આતિથ્યનો પ્રેમપાત્ર બની જશે અને તરત જ જોઈ લેશે કે આ તો ભારતીય સસ્કૃતિના એક મહાન અને નિર્મળ પ્રતિનિધિ છે જે ભાવ તેમના હૃદયમાં ઊઠે છે તેને તે ત્યાં ને ત્યા જ વિના સકોચે વ્યક્ત કરી દે છે તેમની વાતચીતમાં જે સસ્કારિતા છે તે કાઈ બાહ્ય શિષ્ટાચારને કારણે આવેલી નથી, તે તો ગુપ્તજીના સ્વભાવમાં જ વણાઈ ગયેલી છે 'ભારત-ભારતી'માનુ દેશાભિમાન, 'દ્વાપર'માની સસ્કારિતા અને 'સાકેત'માની સાહિત્યરસિકતા, એ કાઈ ઉપરથી ઓઢાડેલી ચાદર જેવાં નથી

બસ, એક વાત મને ખૂબ જ ખટકે છે મૈથિલીશરણજી તથા સિયારામશરણજી બન્ને તમાકુના બેહદ શોખીન છે, ભારે ભક્ત છે આવા સાચા કવિ તમાકુ જેવી અરસિક અને શ્રી હીન વસ્તુના અભ્યાસી કેવીરીતે હોઈ શકે એ વાત મારી સમજમા ઊતરતી જ નથી ગમે તેમ હોય પણ આ એમનુ પરપરાગત વ્યસન છે અથવા તો કોઈએ તેમને આ વ્યસનની દીક્ષા આપી છે પણ મને વિશ્વાસ છે કે આટલી રામભક્તિ, સસ્કૃતિનિષ્ઠા, સાહિત્યરસિકતા અને બચ્ચાંઓ તરફનો સરળ પ્રેમ તેમને તમાકુની આ ગુલામીમાથી મુક્ત કરાવશે

શ્રી જવાહરલાલજી તથા સરદાર વલ્લભભાઈ પણ એક વખત આ વ્યસનના અનન્ય ભક્ત હતા એક વખત સ્વ મોતીલાલજી કહેતા હતા કે જવાહર તો કોઈ કારખાનાની ચીમનીની જેમ આખો દિવસ પોતાના મોમાથી ધુમાડો કાઢતા હતા પણ જ્યારથી તે ગાધીજીના સમ્પર્કમા આવ્યા ત્યારથી આ બધુ તેમણે છોડી દીધુ છે સરદાર પટેલની કહાણી પણ એવી જ છે મહાનુભાવોમા એટલુ સકલ્પસામર્થ્ય તો હોય જ છે.

આજસુધી હુ ચિરગાવ ગયો નથી તો પણ એમ તો ન જ કહી શકુ કે ગુપ્ત કુટુબનો મને પરિચય નથી આ ગુપ્ત ભાઈઓ એટલા સરળ એટલા સ્નેહાળ અને એટલા સાત્ત્વિક છે કે તેમનો સહવાસ કોઈ પણ વ્યક્તિને, કોઈ પણ પ્રસગે, પ્રિયકર અને પથ્યકર જ થાય

માર્ચ ૧૯૪૦

* * * * *

[શ્રી મૈથિલીશરણજી તેમ જ તેમના 'ભારત ભારતી'નો પરિચય કરાવતો સને ૧૯૩૩મા લખાયેલો લેખ નીચે ઉતાર્યો છે का का]

તેર ચૌદ કરોડ લોકોની હિન્દી ભાષામાં અદ્વિતીય કવિ તરીકે ખ્યાતિ મેળવવી એ કાંઈ સહેલી વાત નથી શ્રી. મૈથિલીશરણ ગુપ્ત વયની રીતે 'વન' માં પ્રવેશી ચૂક્યા છે. હિંદી જનતાએ એમનો સુવર્ણ મહોત્સવ ઠેકઠેકાણે ઊજવ્યો હતો અને એમના પ્રેમીઓએ એમના બહુમાન અર્થે એક 'મૈથિલી માનગ્રંથ' તૈયાર કરીને કાશી ક્ષેત્રમાં મહાત્માજીને હસ્તે એમને અર્પણ કર્યો. ૧૯૧૦-૧૧ ની સાલથી આ પ્રતિભાવાન કવિએ પોતાની કાવ્યરચનાનો પ્રારંભ કર્યો. પણ આખા હિંદુસ્તાનમાં એમની જે ખ્યાતિ પ્રસરી તે ૧૯૧૩ ની સાલમા પ્રસિદ્ધ થયેલા એમના **'ભારત-ભારતી'** ને કારણે

'ભારત-ભારતી' લખીને મૈથિલીશરણે એક ક્ષણમાં ભારતીય જનતાના હૃદયમાં પોતાનું આસન દૃઢ કરી લીધુ. બંગ-ભંગની ચળવળને કારણે દેશ ભરમાં જે જાગૃતિ ઉત્પન્ન થઈ અને લોકોમાં આર્ય સંસ્કૃતિ વિષે જે ગર્વ, આદર અને આત્મવિશ્વાસ ઉત્પન્ન થયાં તેને વ્યક્ત કરનાર કોઈ સમર્થ કવિ હોવો જ જોઈતો હતો. ભારતીય સંસ્કૃતિનું કલામય રીતે જે આકલન કરે, સાંપ્રત સમાજને જે પ્રેરણા આપે અને ભવિષ્ય કાળનું ચિત્ર ઉજ્જવલ રૂપે લોકો સમક્ષ રજૂ કરે તેને લોકહૃદય સ્વાભાવિક રીતે રાષ્ટ્ર-કવિ કહી તેનું સ્વાગત કરે જ. કર્મવીર ગાંધીજીએ 'હિંદ-સ્વરાજ' લખી જેવી રીતે પોતાની ભારતીય સંસ્કૃતિની કલ્પના અને સ્વરાજપ્રાપ્તિની સાધના થોડા લોકો સમક્ષ મૂકી તેવી જ રીતે કલ્પનાવીર ગુપ્તજીએ ભારતીય પ્રાચીન વૈભવ, વર્તમાન અધઃપાત અને ભવિષ્યકાલીન આશા—એનું ઉદ્‌બોધન કરતું આ ભવ્ય કાવ્ય લખ્યું છે. 'ભવ્ય' એ જ વિશેષણ આ રાષ્ટ્રીય કાવ્યને માટે યોગ્ય છે.

"हम कौन थे, क्या हो गये हैं और क्या होंगे अभी।
आओ विचारें आज मिल कर ये समस्याऍं सभी॥"

આમ કહી કવિ વાંચકોને પોતાની સાથે ભારતીય સસ્કૃતિનું સિંહાવલોકન કરાવવા ખેંચી જાય છે. ઓગણીસમી સદીના અંત સુધીમા જે કાંઈ સંશોધન થયું હતું, ઇતિહાસ લખાયો હતો અને ભારતીય શ્રેષ્ઠતા સિદ્ધ કરવામાં આવી હતી તે સર્વનો ઉપયોગ કરીને કવિએ પોતાનો અતીત ખંડ શણગાર્યો છે.

સ્વાભિમાનના શિખર પર પહોંચ્યા પછી વર્તમાન ખંડને જોતાં કવિનું હૃદય ભરાઈ આવ્યું. એ કહે છે–

"जिस लेखनीने है लिखा उत्कर्ष भारतवर्षका
लिखने चली अब हाल वह उसके अमित अपकर्षका।
जो कोकिला नंदन विपिन मे प्रेम से गाती रही
दावाग्नि दग्धारण्य में रोने चली है अब वही।"

કવિનો વર્તમાન ખંડ જાણે કરુણ વિલાપનો એક અખંડ સ્રોત છે પોતાના વ્યવસાયબંધુને ઉદ્દેશીને કવિ કહે છે.

"कविकर्म कामुकता बढाना रह गया देखो जहां
वह वीररस भी स्मरसमरमें हो गया परिणत यहां।"
"अश्लील ग्रंथो से हमारा शील चौपट हो रहा।"

અને છેવટે એમને ઉદ્દેશીને ગુપ્તજી કહે છે,

"करते रहोगे पिष्टपेषण और कबतक कविवरो।
कच–कुच–कटाक्षों पर अहो अब तो न जीते जी मरो
है बन चुका शुचि अशुचि अब तो कुरुचिको छोडो भला
अब तो दया करके सुरुचिका तुम न यों घोंटो गला।"
"केवल मनोरंजन न कविका कर्म होना चाहिये.
उसमें उचित उपदेशका भी मर्म होना चाहिये।"
धैर्यच्युतों को धैर्यसे कवि ही मिलाना जानते
वे हि नितान्त पराजितों को जय दिलाना जानते।"
"मृत जाति को कवि ही जिलाते रससुधा के योग से
पर मारते तुम हमें उल्टे विषयके रोगसे।"
ससार में कविता अनेकों क्रान्तियाँ है कर चुकी
मुरझे मनो मे वेग की विद्युत् प्रभाऍं भर चुकी।"

અને અંતે ભક્તિનમ્ર બનીને કવિ ઈશ્વરપ્રાર્થના કરે છે :

"इस देश को हे दीनबन्धो! आप फिर अपनाइये
भगवान् भारतवर्षको फिर पुण्यभूमि बनाइये
सीतापते! सीतापते! यह पापभार निहारिये
अवतीर्ण हो घर धर्मका निज राज्य फिर फैलाइये।"

એક રીતે જોઈએ તો 'ભારત-ભારતી' એ કાંઈ

કાવ્ય નહિ પણ હિન્દુસ્થાનનું સાંસ્કૃતિક દુંદુભી છે. મૈથિલીશરણ પહેલાની હિન્દી કવિતા ઘણી ખરી વ્રજ ભાષામાં જ લખાઈ છે આધુનિક હિન્દી જે ખડી બોલી કહેવાય છે તે કેવળ ગદ્યને જ ઉપયોગી એમ મનાતું મૈથિલીશરણે સિદ્ધ કરી બતાવ્યું કે આજની ખડી બોલી પણ કાવ્યાનુકૂળ છે અને વળી ઓજસ્વિની તથા રસવતી પણ છે નવી શૈલીના આદ્ય કવિ તરીકે માન મેળવવું અને એક તપ (બાર વર્ષ) પછી પણ એ શૈલીના સર્વ શ્રેષ્ઠ કવિ તરીકેની એ કીર્તિ કાયમ રાખવી એ કંઈ સામાન્ય વાત નથી. 'ભારત ભારતી' પછી ગુપ્તજીએ ૧૬–૧૭ સારા સારા કાવ્યગ્રંથો લખ્યા છે એમનું 'જયદ્રથ વધ' સર્વત્ર લોકપ્રિય છે જ, 'સિદ્ધરાજ' માં એમણે મધ્યકાલીન ઇતિહાસને સરસ રીતે જમાવ્યો છે 'યશોધરા' લખીને બૌદ્ધ પર્વને પોતાની અંજલિ અર્પણ કરી છે, પણ એમની વિશેષ કીર્તિ 'સાકેત' અને 'દ્વાપર' એ બે કાવ્યોએ જ પ્રસરાવી છે 'સાકેત' એ નવી ઢબે લખેલ રામાયણ જ છે, ભાષા અતિશય સાદી અને વેગવતી છે બૌદ્ધપર્વમાં જે પ્રમાણે એમણે 'યશોધરા'ને આગળ આણી છે તેમ 'સાકેત' માં વાલ્મિકિ રામાયણની ઊર્મિલાની થયેલી ઉપેક્ષા ધ્યાનમાં લઈને તેમણે તેનું ચિત્ર પોતાની ઊર્મિલ શૈલીથી ઉઠાવદાર બનાવ્યું છે

કૈકેયીના કરતૂત જોઈ ક્રોધે ભરાયેલ લક્ષ્મણ જ્યારે 'આજ મેરા ધર્મ રાજદ્રોહ' કહીને ગર્જીને પૃથ્વીને ધ્રુજાવે છે ત્યારે કવિના તદ્દન સાદા શબ્દોમાં પણ કેવી શક્તિ આવી વસે છે તેનો સારો ખ્યાલ આવે છે જુઓ આ ચાર કડી—

यान राज्य नहीं विप्रोच्य निज
यह मुँहों में सौल्वाग्नि निमित्त
स्वबलि देते हैं उसे जो पात्र
नियतराजक लोक सेवक मात्र।

કૈકેયીને ઉદ્દેશીને લક્ષ્મણ કહે છે—

हा! अराजक भाव, जो ध्रुव पद
कर दिया है पुन्य तुमने आज
रत्नपद हो क्यों न अब हट स्वच्छ!
लोभ मोहवश मूढ़ ही कट जाय
कर सके कोई न दर्प न दम्भ
सब नगर में हो नया आरम्भ
विरत हों नरपति रहें नर मात्र
और जो निज धर्मके हों पात्र-
वे रहें धुरा पर शासन निपुण
सब जियें ज्यों एक ही कुलभुक्त

કવિની છેક તાજી કાવ્યકૃતિ 'द्वापर' છે એમાં શ્રીકૃષ્ણ, રાધા, યશોદા, નારદ, ગોવાળિયા, ઉગ્રસેન, કંસ, અક્રૂર, કુબ્જા, ઉદ્ધવ વગેરે પાત્રોને મોઢે પોતાના વિચારો વ્યક્ત કરાવી, મૈથિલીશરણે ખૂબ જ રંગ જમાવ્યો છે 'द्वापर' વાંચતા મને તો ખલિલ જિબ્રાનના 'જિસસ, ધી સન ઓફ મેન' એ સુંદર કૃતિનું સ્મરણ થયું

* * *

આવા આ કવિના બનારસના બહુમાન પ્રસંગે હાજર રહેવાનો સુયોગ મળવાથી એમને ચાર પ્રશ્નો પૂછવાની મે તક લીધી આદર્શ ગૃહસ્થ ધર્મી તરીકે મૈથિલીશરણજીની સારી ખ્યાતિ છે રામોપાસના જેમનો કુલધર્મ છે એમનો ગૃહસ્થાશ્રમ સુંદર હોવો જ જોઈએ એક દિવસ ચિરગાંવ, ઝાંસી આવી જવાનું મૈથિલીશરણજીનું અને એમના પ્રેમાળ બંધુ સિયારામશરણજીનું કાયમનું આમંત્રણ છે છતાં ત્યાં જવાનું બન્યું નથી એટલે બનારસમાં જ મોકો સાધી એમની પાસે બે મારા પ્રશ્નો મૂક્યા આ આર્યકવિમાં કવિના જીવનધર્મ વિષે ઉત્કટ જાગ્રત રહીને જ પોતાને ચિરે ગર્વ જેવું કંઈ પણ નહોતું ગણકૃષ્ણદાસજી જેવા કલારસિક અને સાહિત્ય રસિક સજ્જનને એમણે પોતાના કાયમના મિત્ર બનાવ્યા, મુનશી અજમેરી જેવા રાજપૂત મુસલમાન કવિ અને બ્રાહ્મણ સાહિત્યિકને પોતાના ભાઈ બનાવ્યા અને સિયારામશરણ જેવા સહોદરને પોતાના જેવા કવિ અને વાર્તાલેખક બનાવ્યા એમની પોતાની કાવ્યો પાસના કેવા પ્રકારની છે એ સમજી લેવા બે સહજ પ્રશ્ન મૂક્યો.

પ્રશ્ન—આપને કવિતા લખવાની પ્રેરણા કેમ થઈ?

મૈથિલીશરણ-કવિતા પણ એક માદક વસ્તુ છે. પ્રથમ તો મેં સહજ વિનોદ સમજી, અથવા કુતૂહલ સમજી કવિતાનો આરંભ કર્યો, પણ એણે મને પોતાને અધીન બનાવી દીધો. મારા વડીલ અમારા કુલદેવને ઉદ્દેશીને કવિતા કરતા. મને પણ એમની પેઠે સ્તુતિ અથવા ગુણગાન કરવાની ઇચ્છા થઈ. એ ઇચ્છા જ પ્રેરણા બની, પરંતુ એની પરિણતિ આત્મનિવેદનમાં —આત્મસમર્પણમાં થઈ.

આટલા ટૂંકા ઉત્તરથી મને સમાધાન મળ્યું નહિ, એટલે મેં એમને ફરીને પૂછ્યું.

પ્રશ્ન—કાવ્યના ક્ષેત્રમાં આપને જે અસાધારણ સફળતા મળી છે તેનું કારણ મારે આપની પાસેથી જોઈએ છે.

ઉત્તર—પ્રત્યેક કવિ પોતાના ભાવ પોતાના કાવ્યમાં વ્યક્ત કરતો હોય છે. મેં વ્યક્ત કરેલા ભાવો પ્રત્યે મારા વાંચકોની જે સહાનુભૂતિ છે તે જ, મને લાગે છે કે જે થોડી ઘણી સફળતા મળી છે તેનું કારણ છે.

કવિએ સર્વ શ્રેય પોતાના વાંચકોને આપ્યું એટલે સમજવું જોઈએ કે એ વિષય ઉપર વધુ પૂછવાનો અર્થ નથી. કવિએ ખૂબ નમ્રતાથી જે કહ્યું તે જ બીજા શબ્દોમાં કહેવાય કે આ કવિ પોતાના સમાજની અને પોતાની પેઢીની આકાંક્ષાઓના પ્રતિનિધિ છે, એટલે જ એમને આટલી સફળતા મળી છે.

આ પછી મેં બીજી બાબત લીધી અને પ્રશ્ન શરૂ કર્યા.

પ્રશ્ન—આપની કાવ્યવૃત્તિ પર જીવનની કઈ ઘટનાનો વિશેષ પ્રભાવ પડ્યો છે?

મને લાગ્યું હતું કે આ પ્રશ્નથી તો કવિ થોડી સરખી આત્મકથા ઉખેળશે, પણ તેઓ તો તત્ત્વજ્ઞાનમાં જ ઊતર્યા અને બોલ્યા.

ઉત્તર—વિશેષતઃ જે ઘટના જીવનને બાધક હોય તેવી ઘટનાનો જ પ્રભાવ પડ્યો છે. સાધક ઘટના—અનુકૂલ અથવા પોષક ઘટના-વિશ્રાંતિ આપે છે. ક્રાન્તિ તો કેવળ બાધક ઘટનામાંથી જ થાય છે.

'વિપદઃ સન્તુ ન શશ્વત્' કહેનાર કુન્તીની ભૂમિકા કવિને માન્ય લાગે છે.

કવિના પૂર્વાચાર્ય કોણ છે એ જાણી લેવાને મેં એમને પૂછ્યું.

પ્રશ્ન—આપે કયા કયા પૂર્વકવિઓનું અધ્યયન કર્યું છે, અથવા પ્રથમ પ્રથમ આપે કોનું અનુસરણ કર્યું?

ઉત્તર—ઘણાનું, પણ એમનું અધ્યયન ન કહેતાં વાચન કહેવું જોઈએ. તેઓમાં મુખ્ય ગણાય તુલસીદાસ અને કાલીદાસ. તુલસીદાસજીને ચરણે હું મારું મસ્તક ધરું છું અને કાલીદાસને મસ્તક પર ધારણ કરું છું.

આટલો ટૂંકો ઉત્તર આપીને પોતાનો મર્મ પ્રગટ કરવાની કવિની હથોટી જોઈને હું ખુશ થયો. પછી પ્રશ્ન કાઢ્યો કવિતાની શૈલીનો.

પ્રશ્ન—આપની પહેલાં પણ કોઈએ ખડી બોલીમાં કવિતા લખી હતી કે?

ઉત્તર—મેં બહુ જ થોડા લોકોની કવિતા વાંચી છે. પૂજ્ય દ્વિવેદીજી ('સરસ્વતી'ના વિખ્યાત માજી સંપાદક સ્વ. મહાવીરપ્રસાદ દ્વિવેદીજી) એમાં મુખ્ય છે. પંડિત શ્રીધરજી પાઠકની સફળતા મારે મતે વ્રજ-ભાષામાં જ છે.

હું હૈદ્રાબાદ-સિંધ-ની જેલમાં હતો ત્યારે મૈથિલીશરણજીએ મને પોતાનું 'સાકેત' મોકલ્યું હતું. અમારા વોર્ડમાં વાંકાં શીંગડાંવાળું એક હરણ હતું, તેને રમતાંકૂદતાં જોતાં જોતાં મેં 'સાકેત' વાંચી કાઢ્યું હતું, એનું સ્મરણ થતાં જ મેં પૂછ્યું.

પ્રશ્ન—આપે 'સાકેત'માં ઊર્મિલાને જે સ્થાન આપી દીધું છે તેનું કારણ 'કાવ્યેર ઉપેક્ષિતા' એ રવીન્દ્રનાથનો બંગાળી નિબંધ હશે, નહિ?"

ઉત્તર—હા, અમારા કુળમાં સીતારામની ઉપાસના હોવાને કારણે રામચરિત્ર ઉપર હું કાંઈક ને કાંઈક લખત જ અને એમાં ઊર્મિલાની ચર્ચા પણ આવી હોત. એમ હોવા છતાં 'સાકેત'માં તેને જે સ્થાન મળ્યું

છે તે ગુરુદેવના એ લેખ પરથી જ (શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથને ગુરુદેવ કહે છે) મૂળ લેખ મેં વાંચ્યો નથી, એ કાળે હું તો એ વાંચી શકત જ નહિ પૂજ્ય દ્વિવેદીજીએ એ લેખને આધારે એમના 'સરસ્વતી'માં એક લેખ લખેલો તે જ મેં વાંચેલો

મૈથિલીશરણજીએ ત્યાર પછી કેટલી યે ઉત્કૃષ્ટ કવિતા લખી છે છતાં લોકો એમને 'ભારત-ભારતી'ના કવિ તરીકે જ ઓળખવાના

એક દિવસ ગાંધીજીને મેં કહ્યું હતું કે 'દક્ષિણ આફ્રિકાથી હિંદ આવીને આપે કાર્ય શરૂ કર્યા પહેલાં 'હિંદ સ્વરાજ' લખ્યું છે હવે આટલાં વર્ષોના અનુભવ પછી આપ હિંદ-સ્વરાજ' ફરીને નવું કેમ નથી લખી દેતા?" એવો જ પ્રશ્ન મેં ભૈયાજીને પૂછ્યો (કુટુંબ-પરિવારમાં મૈથિલીશરણજી આ નામે ઓળખાય છે)

પ્રશ્ન—જો આજે આપ 'ભારત-ભારતી' મૈથિલીશરણજી લખવા બેઠા હો તો એમાં કઈ કઈ બાબત આવે?

ઉત્તર—ठीक तो तब ही कहा जा सकता है जब आज उसे लिखने बैठूं પરંતુ એટલું તો નક્કી કે એનું આ સ્વરૂપ રહ્યું ન હોય એક ઉદાહરણ આપું—'ભારત-ભારતી'માં મેં ઈસુ વિષે નીચે પ્રમાણે લખ્યું છે

या हिंदुओंका शिष्य ईसा यह पता भी है चला
ईसाभियोंका धर्म बहुधा बौद्ध सांचे में ढला।

કેટલાય દિવસ પછી મારા 'હિન્દૂ' કાવ્યમાં મેં આ જ વસ્તુ રજૂ કરી છે

आसा महापुरुष है मान्य
क्षमामूर्ति हतवीर वदान्य
धर्मविषयम वही सुपात्र
है जिस भारतके ही छात्र।

આ પછી ફરીને જ્યારે ઈસુ વિષે લખવાની મને સ્ફુરણા થઈ ત્યારે મને કહેવું સારું લાગ્યું કે

धन्य धन्य हम जिनके कारण
मिला ... [illegible]

किंतु निवार धन्य वे, जिनको
दिया एक प्रिय पुत्र उदार।

પોતાના દેશના ઈસુ સંબંધનો અભિપ્રાય આવો પરિણત નથી થયો શું? હવે તેઓશ્રી ઈસુના જીવન, અને બલિદાનને એમના નામે ચાલેલા ધર્મથી જુદા જ જુએ છે તેવો ભૈયાજીએ ઉપર બતાવેલ વૃત્તિવિકાસ મને ખૂબ જ ગમ્યો

મારી મુલાકાત અહીં જ પૂરી થવી જોઈએ, પણ મને કેટલાક વર્તમાનપત્રી પ્રશ્ન સૂઝ્યા મેં પૂછ્યું:

પ્રશ્ન—આપ આ યુગના પ્રતિનિધિ કવિ છો આપે કયા કયા કાવ્યમાં આ યુગનો સંદેશો આપ્યો છે?

ઉત્તર—મારે એટલું જ કહેવું જોઈએ કે કોઈ પણ યુગમાં મેં પોતાના યુગને વિસાર્યો નથી પછી તે દ્વાપર હોય કે ત્રેતા જ્યારે હું કોઈ ઐશ્વર્યપૂર્ણ પ્રદેશમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરું છું ત્યારે મારી બુદ્ધિ મને એમ જ કહે છે કે

'मैं सुनती हूँ वहु दूर देश है अपना
तुम जाते देख, घर भूल न जाना अपना।'

પ્રશ્ન—હવે પછી કવિતા ખડી બોલીમાં જ થવી જોઈએ કે વ્રજભાષામાં કે બંનેમાં?

ઉત્તર—મને લાગે છે કે વ્રજભાષામાં પણ જ્યારે કવિતાનો પ્રારંભ થયો ત્યારે તેના પહેલાની ભાષા સંબંધી પણ આવો જ પ્રશ્ન થયો હશે લૌકિક અને વૈદિક સંસ્કૃત વિષયે પણ આવો જ પ્રશ્ન ઊઠ્યો હોવો જોઈએ, પરંતુ આજે પણ સંસ્કૃતમાં કવિતા થાય છે અને હું કેમ કહું કે વ્રજભાષામાં ન થાય? હું પોતે વ્રજભાષામાંની રચના પણ ખૂબ પ્રેમથી વાંચું છું મેં એક જ રચના મારી ભાંગી તૂટી વ્રજભાષામાં કરી છે અને તે આ જ વિષય પર છે તેનો થોડો અંશ તમને સંભળાવું—

व्रजभाषे, हौ भूल सकत कबहूँ नहि तोकौं
तेरी महिमा और मधुरिमा नाहनि मोको
रस गोरस की धार यही है जाके ऊपर
... [illegible]

माखन-मिसरी पाय पली है बड़भागिन तूं
राग भरी है सहजसुरीली सुररागिन तू ।
तैंने कैसे सरस-सलौने ग्रन्थ लिखाये,
प्रेमभक्ति के हावभाव सब हमें दिखाये,

पै अब हा। वह समय कबहूँ को बीत गयो है
गोरस को भंडार हमारो रीत गयो है
तन सौं मन सौं हाय सबै परतन्त्र बने हैं
जन मनुज बनि गये, मनुज जड़ यन्त्र बने हैं

जो यह तेरी बहिन 'खड़ी' है तेरे आगे
दे या कों आसीस और अब हम का माँगे ?
या कौ पालन भयौ यादि जुग में है, तातें
यातें याकी छिपी न रैहें बातें घातें ।

છેલ્લે ઊઠતાં ઊઠતાં અમારો દરાવિક પ્રશ્ન એમની પાસે મૂક્યો. કારણ મૈથિલીશરણજીના કાવ્યમાં આર્ય-સંસ્કૃતિનું અભિમાન ખૂબ ધબકી રહ્યું છે.

પ્રશ્ન—હિંદીમાં સહેલા અરબી ફારસી શબ્દોનો પણ બહિષ્કાર કરનાર એક પક્ષ છે, એ સંબંધે આપનો શો અભિપ્રાય છે?

ઉત્તર—જે પરદેશી શબ્દ આપણી ભાષામાં મળીને એકબીજા થઈ ગયેલ છે તેને 'પાણીચું' આપવાની જરૂર નથી. એનો પર્યાય પણ વાપરવાની સ્વતંત્રતા આપણને છે જ. પરંતુ જ્યારે કોઈ 'કલમ' જેવા સાદા શબ્દનો પણ ફારસી ઉચ્ચાર કરીને 'કલમ' બોલવામાં ગૌરવ લે છે ત્યારે મને શરમ આવે છે. હિન્દી-ઉર્દૂ સેળભેળ કરીને આપણે ત્રીજી ભાષા કરવાની નથી. હિંદી આગળ કેવળ ઉર્દૂનો જ પ્રશ્ન નથી. બંગ, કલિંગ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર આદિ પ્રાંતોની ભાષાઓને પણ તેણે ધ્યાનમાં લેવી જોઈએ. સહેલી સંસ્કૃતની મદદથી જ હિંદી ભાષાની નજીક જઈ શકાય. *

ફેબ્રુઆરી, ૧૯૩૭

* મગરી 'विहगम'માંથી

○

ચિત્રણા

વ્યોમે તારક સર્વ મસ્ત બનીને આનંદથી ઘૂમતા
રે, ત્યાં મેઘ તણા તિમિર ઘનમાં એ સર્વ ડૂબી ગયાં
વાતાં વાયુ, પ્રચંડ વાદલ જતાં રાસે ચડે તારલા
જાણે થાય મનુષ્યના જીવનની આકાશમાં ચિત્રણા

'જટિલ'

વિધ્વંસક આશા

શ્રી. કાન્તિલાલ મ. ગાંધી
બી એસ સી, બી એસ સી (ટેકનોલોજી)

"પ્રેમી! ખાલી નામધારી પરપોટા સિવાય એમા બીજુ શું છે?" એમ જ્યારે મેં કહ્યુ ત્યારે મારી આજુબાજુના જાણીતા તેમ જ અજાણ્યા મુસાફરો ખડખડાટ હસી પડ્યા

"મિસ્ટર, તમે પ્રેમમા નિરાશ થયેલા લાગો છો, બાકી આવુ ન બોલો" અટ્ટહાસ્યના ધ્વનિમાથી એક અજાણ્યો સૂર મારા કાને આવીને અથડાયો

"જી, ના, મે હજી પ્રેમ કર્યો જ નથી એટલે આશાનિરાશાનો સવાલ જ નથી પ્લેટફોર્મ ઉપર જે પેલુ યુગલ ફરે છે ને, તેને એક વાર નિહાળી લો એટલે આગળ વાત કરુ" અને મારી આગળીની દિશામા આખા ડબ્બાની નજર મડાઈ થોડી ક્ષણો પછી મે પ્રશ્ન કર્યો, "જોઈ લીધા એમને? આ મારા મિત્ર મહેશકુમાર પ્રેમીઓ કહે છે જો એવાને પ્રેમીઓ કહેતા હો તો પ્રેમી એ ખાલી નામધારી પરપોટા સિવાય બીજુ કશુ જ નથી"

"મિસ્ટર, તમને અદેખાઈ આવતી લાગે છે બાકી હું આજ એક વરસથી એમને સાચો પ્રેમ કરતા જોઉ છુ વિજય આજે આપણી સાથે બી એસ સી ની પરીક્ષા આપવા મુબઈ આવી રહ્યો છે અને આશા તેને વિદાયગીરી આપવા સ્ટેશને આવી છે તે પણ આ વર્ષે જી એ પાસ થઈ જશે બોનો, આવુ પૂર્ણ યુગલ હોય પછી અદેખાઈ કેમ ના આવે?" મારા એક દૂરના મિત્રે મારી મશ્કરી ઉડાવી અને મે જવાબ વાળ્યો, "અદેખાઈ નહિ પણ અનુકપા તો આવે છે તમે એમના વિષે જાણતા હશો તે કરતા વિશેષ હુ જાણુ છુ તમે તેમનો એક વરસનો ઇતિહાસ જાણો છો, જ્યારે હુ જન્મથી જ વિજયને ઓળખુ છુ અને આશાને પણ ઘણાં વર્ષોથી"

"આઈ સી! હવે વાત સમજાઈ આશાએ થોડા વર્ષ તારી સાથે પ્રેમ કરી તને છોડી દીધો અને પછી વિજયને પકડયો, એટલે આટલો બધો છેડાઈ પડ્યો લાગે છે!" બી એસ સી ની પરીક્ષા આપવા મુંબઈ આવી રહેલા મારા એક દોસ્તદારે મશ્કરીને નવુ સ્વરૂપ આપ્યુ

"જો ભાઈ વિનુ, મશ્કરી કરવાની તને છૂટ છે, પણ ગાડીના ડબ્બામા નહિ આશાને અને મને કઈ જ લાગતુ વળગતુ નથી, પણ મારા એક મિત્રની સાથે ખૂબ સબધ વધાર્યા પછી તેને વહેતો મૂકી આ વિજયને પકડયો છે તે જોઈને મને ઘણુ દુખ થાય છે અને વધારે દુખ તો તેથી થાય છે કે વિજય સાથે પણ તે છેતરપિડી રમી રહી છે એ જી એ થાય કે પી એ થાય પણ એનું જીવ્યુ વ્યર્થ છે અનેક હૃદયોને ભાગીને હવે એ પોતાના ઉચ્છેદ તરફ પ્રયાણ કરી રહી છે" આખો ડબ્બો શાતચિત્તે મારા શબ્દો સાભળી રહ્યો હતો, તેવામા ગાર્ડની વ્હીસલ થઈ અને એન્જિને ધુમાડિયા પીસવાથી તેનો જવાબ વાળ્યો. વિજય પ્લેટફોર્મ ઉપરથી ગાડી તરફ ધસ્યો અને અમારી બાજુના જ ડબ્બાનું બારણું ઉઘાડી તેમા ચઢી બેઠો ગાડીને સહેજસાજ ગતિ મળી અને પ્લેટફોર્મ ઉપરથી આશાનો નાજુક કઠ પોકારી ઊઠયો

"વીશ યુ ગુડ લક બાય ડિયર—ફતેહ પામજો."

"થેંક યુ ડાર્લીંગ, ગુડ બાય—આભાર, સલામ."

"ગુડ બાય—સલામ"

અને એ વિદાયગીરીના શબ્દો પ્લેટફોર્મ ઉપર જ છોડીને ટ્રેન આગળ વધી. મે મારો બિસ્રો છોડવા માડ્યો એટલે ડબ્બામાથી બેચાર જણ એકી સાથે પોકારી ઊઠ્યા, "અરે મિસ્ટર, મિસ્ટર, ઊઘવા

ક્યા માડ્યુ ? પછી પેની વાત તો કહો આશા કોણ છે ? ક્યાની છે ? તમારો પેનો મિત્ર કોણ છે—એ બધુ તો કહો ?"

"વાતમા કઈ માલ નથી આખી રાત ઉજાગરો થશે અને આપણે નમમા પરીક્ષામા હેરાન થઈશુ"

"અરે કઈ નહિ, તમારે કહેવુ જ પડશે કહો તો આ મગાવુ" આવેડ ઉમરના એક રસિક સજ્જન બોલી ઊઠ્યા

"જી, ના, આ હુ લેતો નથી તમે બધા શાતિ જાળવો તો કઈક કહુ' અને બધાએ શાતિ જાળવવાનુ વચન ખૂબ ચેનાદ કરીને આપ્યુ

*

જે મિત્રનો મે ઉલ્લેખ કર્યો તેનુ નામ અમર આપણાથી પાચ સાત વર્ષ મોટો છે નાનપણથી જ તેજસ્વી હતો તેના પિતા ગૌરીશકર વૈદે વૈદુ કરી બચાવેલી મૂડી અમરના શિક્ષણ પાછળ ખર્ચવા નિશ્ચય કર્યો હતો આગળ જતા અમર અમારા ગામડામા એક પ્રતિષ્ઠિત વકીલ બને તે તેમની મહેચ્છા હતી અમરે કીર્તિ સાથે ગામડાનું શિક્ષણ પૂરુ કર્યુ ગામડામા અગ્રેજી ચાર સુધીનો જ અભ્યાસ થઈ શકતો હતો તેથી ગૌરીશકરે અમરને પોતાના એક સ્નેહીને ત્યા અમદાવાદ વધુ અભ્યાસ માટે મૂક્યો અમદાવાદમા પણ અમરે ઉજ્જવળ કાર્કિર્દી કરી મૅટ્રિકમા તે ઊચે નબરે પસાર થયો અને કૉલેજમા દાખલ થયો

ગૌરીશકર વૈદનો આનદ માતો નહોતો, પરતુ વિધિને એ આનદ ન ગમ્યો ગૌરીશકર વૈદ તે જ વર્ષે ભયકર માદગીમા સપડાઈ ગયા, અને ઓસડિયા ઘસીઘસીને તેઓ કશી જ મૂડી બચાવી શક્યા નહોતા તેથી તેમનું અકાળ મૃત્યુ અમરને સખત ફટકારૂપ નીવડ્યુ અમરને કૉલેજ છોડવી પડી અને સોળ વર્ષની કાચી વયમા જ અમરને માથે જીવનની જવાબદારીઓ સભાળવાનુ કામ આવી પડ્યુ કુટુબમા રહ્યા ફક્ત બે જ જણ—અમર અને તેની માતા સરસ્વતી

અમદાવાદના ચાર વરસના વસવાટ દરમિયાન અમરે અનેક નાનામોટાની પ્રીતિ સપાદન કરી હતી, તેથી તે બધાએ મળીને અમરને અમદાવાદમા જ માસિકચાળીસ રૂપિયા પગારની એક નોકરી શોધી આપી અમર સરસ્વતીને લઈને શહેરમા આવ્યો અને એક ભાડાની કોટડી લઈને રહેવા લાગ્યો

કૉલેજમા તો તે અભ્યાસ ન કરી શક્યો પરતુ ઘેર બેઠા તેણે કૉલેજમા થઈ શકે તે કરતા પણ વધુ અભ્યાસ કરવા માડ્યો. ચાળીસ રૂપિયાના ટૂકા પગારમાથી દસ રૂપિયા તો તે પોતાના સગીત અને પુસ્તકોના શોખ પાછળ ખર્ચતો છ મહિનામા તો તેણે ઘરમા સતાર અને દિલરુબા પણ વસાવી દીધા હિંદી, મરાઠી બગાળી વિગેરે ભાષાઓ અને બીજી અનેક લલિતકળાઓ તે નવરાશના વખતમા શીખવા લાગ્યો ઑફિસમા પણ તે બધાનો પ્રિય થઈ પડ્યો હતો સાજે જ્યારે તે ઑફિસમાથી ઘેર આવતો ત્યારે કટાળાને બદલે તેના મુખ ઉપર હાસ્ય તરવરતુ હતુ તેની માતાને તે ગમતી વાતોએ ચડાવીને એવી તો બધી આનદિત કરી દેતો કે તે ગૌરીશકરના અવસાનના શોકને એકદમ ભૂલી જતી રોજ રાત્રે સગીતની રેલ રેલાવીને અમર ઊઘી જતો

બે વર્ષ આમ વીત્યા એટલે ન્યાતમા અમરનુ નામ મુરતિયાઓમા ગણાવા લાગ્યુ અમરને લગ્નની ઉતાવળ નહોતી, પણ જે સજોગોમા તે ઊછર્યો હતો તેના બળ આગળ તે સાચી વાત ન કહી શક્યો માતાની ઇચ્છાને તે ન અવગણી શક્યો. પત્ની માતાને મદદરૂપ થશે એ વાતથી તેણે સમાધાન મેળવ્યુ અને આખરે અનેક મનોમથનો અનુભવીને તેણે પરણવાની હા પાડી ઓગણીસ વર્ષની વયે અમર પરણી ચૂક્યો સોળ વર્ષની શ્યામ છતા સુદર, નિરક્ષર છતા લાગણીભરી નવયૌવના પત્નીથી તેને સપૂર્ણ સતોષ થયો સધ્યા અને અમરનુ સુખી જોડુ જોઈને સરસ્વતીનો હરખ માતો નહોતો

પરતુ વિધિ ક્રૂર છે લગ્ન થયે એક વર્ષ પણ પૂરુ ન થયુ અને સધ્યા નમી પડી, અમરના લગ્ન જીવનનો આમ એકાએક અત આવ્યો અમરના

ગતદિવસના ઉજાગરાથી શુશ્રૂષા છતાં ભયંકર ટાઈફૉઈડ તાવના પરિણામે સંધ્યા અમરને છોડીને અનંતના અંધકારમાં ભળી ગઈ. કિશોર અવસ્થામાં જ અમર વિધુર બન્યો.

અમર એકલો થઈ પડ્યો. એક જ વર્ષમાં જે ગાઢ પ્રેમ સંધ્યા સાથે જડાઈ ગયો હતો તે સંભારતાં તે વિવશ બની જતો. સંધ્યાની માનસિક પૂજામાં જ હવે જીવન વિતાવવું એવો તેણે મન સાથે સંકલ્પ કર્યો. સાહિત્ય અને સંગીતની ધૂનમાં જ જીવનનો બધો આનંદ માની લેવાનો આદર્શ તેણે મન આગળ ખડો કર્યો. યુવાનીને આરે ઊભેલા જ્ઞાનપ્રયત્ને પૂર્ણ સંસ્કારી બનેલા આ વીસ વર્ષના કુમારે સંન્યાસધર્મ સ્વીકારી લીધો.

પણ વિકૃતિને પોષનારા કુદરતના પ્રત્યાઘાતી બળો ક્યાં માનવીને તેના આદર્શો સિદ્ધ કરવા દે છે! અને આખરે અમર તો સાવ સામાન્ય કોટીનો જ માનવ હતો. એને એકલતા ખૂબ સાલવા લાગી. માતાએ તેને રીઝવવા ઘણો યત્ન કર્યો. એણે એક દિવસ તો લાગ જોઈને અમરને ફરી પરણવા વિષે પણ કહ્યું. સંધ્યાની સ્મૃતિથી દઝાઈ ગયેલો અમર ફરીથી મક્કમ થઈ ગયો. ફરી ન પરણવાની તેણે પ્રતિજ્ઞા કરી દીધી અને સંધ્યા પ્રત્યેની પોતાની વફાદારી બતાવવાનો સંતોષ માન્યો.

*

આ જ અરસામાં અમરની પડોશમાં એક કુટુંબ રહેવા આવ્યું. એક પિસ્તાળીસ ઉપરનો ગૃહપતિ, તેની પત્ની, સાત વર્ષનો એક પુત્ર અને પંદર વર્ષની એક પુત્રી—એટલાં આ કુટુંબનાં સભ્યો હતાં. અમર આ પડોશીઓ સાથે લાંબો પરિચય નહોતો રાખતો. વગર જરૂરની એક પણ વાત તે કોઈની સાથે કરતો નહિ. અને તેણે જ્યારે જાણ્યું કે પડોશીની પુત્રી વિધવા છે ત્યારે તો તેને એ લોકોની ઘણી અનુકંપા આવી. તેને ખબર પડી કે આશા પણ તેની જેમ પરણીને એક જ વર્ષમાં સાથી-વિહોણી થઈ ગઈ છે. એને શ્વશુર-પક્ષમાં રહેવાનું કોઈ સ્થળ ન રહેવાથી પિતાએ પોતાને ત્યાં બોલાવી લીધી હતી. પુત્રીના ભાગ્યથી પિતા બહુ જ નિરાશ થઈ ગયા હતા. યોગ્ય પતિ મળે તો આશાને ફરી પરણાવી દેવાની પણ તેમની તો ઇચ્છા હતી. પરંતુ હિંદુ સમાજમાં સામાન્ય માણસો શું કરી શકે છે? પરણ્યા પહેલાં અધૂરો રહેલો અભ્યાસ ચાલુ કરાવવા ધનંજય-પ્રસાદે આશાને મહિલા—વિદ્યાલયમાં મૂકી. આશા અંગ્રેજી પાંચમા ધોરણનો અભ્યાસ કરવા લાગી. અમરને આ બધી વાતની જાણ હતી પરંતુ આ કુટુંબ સાથે વધુ પરિચય સાધવાનું તેને ઉચિત ન લાગ્યું.

પણ એક દિવસ ધનંજયપ્રસાદ માંદગીમાં સપડાઈ પડ્યા ત્યારે એક પડોશી તરીકેની પોતાની ફરજ અદા કરવા અમર તેમને ત્યાં ગયો. દવા લાવવાનું અને દર્દી આગળ બે ઘડી બેસવાનું કામ તેણે માથે લીધું. પણ ચિંતાથી નમી ગયેલો દેહ ફરીથી ઊંચો થઈ શક્યો નહિ. છેલ્લી ઘડીઓમાં પણ તે અમરને કહી ગયા: "અમરભાઈ, મેં તો આજ સુધી તમારું કંઈ કર્યું નથી. છતાં તમારે માથે આ પુત્રી સંભાળવાની છે. તેને જો તમે યોગ્ય વર મેળવી આપી પરણાવી આપશો તો અમારી ઉપર મોટો અનુગ્રહ થશે. ફૂલની પેઠે સમી મારી આશાને પૂરી ખીલ્યા વગર જ આમ કરમાઈ જતી હું જોઈ શકતો નથી."

એક નાના બાળકની જેમ ધનંજયપ્રસાદ રોઈ પડ્યા. અમરે તેમના કપાળે હાથ મૂકી સાંત્વન આપ્યું કે, "આપ કશી ફિકર કરશો નહિ." પણ આ આર્ત હૃદય દુઃખના નિશ્વાસ સાથે જ બંધ પડ્યું.

ધનંજયપ્રસાદના મૃત્યુ પછી અમરને તેમના કુટુંબ પ્રત્યે બહુ સહાનુભૂતિ ઊપજી. એક અબોધ વિધવા, તેની એક વિધવા પુત્રી અને એક બાળક પુત્ર સાથે કેવી રીતે જીવન વિતાવશે એ વિચારે અમરના હૃદયને ખૂબ કંપાવ્યું. પોતે કમાતો તો હતો જ, પરંતુ આ આખા કુટુંબનું પોષણ કરી શકે તેટલો તો તે સમર્થ નહોતો જ. છતાં આશા અને મધુરનો અભ્યાસ ચાલુ રાખવા અમરે તેમની માતાને ઘણો આગ્રહ કર્યો. પોતે મદદ આપવી પણ શરૂ કરી.

નાનકડો મધુર અમરનો પાકો મિત્ર થઈ ગયો. અમરે મધુરને ગાતાં અને સતાર વગાડતાં ધીમે ધીમે

શીખવી દીધુ કોઈ વાર તો અમર સરસ્વતી, પાર્વતી, આશા અને મધુરને પોતાના ખડમા ભેગા કરી તેમને સગીતની અમૂલ્ય મોજ ચખાડતો આશા પોતે વિધવા છે એ સભારી સભારીને રોઢી થઈ ગઈ હતી અમર પ્રત્યે તેનુ માન દિનપ્રતિદિન વધતુ જતુ હતુ પોતાને ઘેર કઈ પણ નવી વાનગી કરી હોય તો મધુર સાથે તે અમરભાઈ માટે મોકલતી આ ઉપરાત પોતે વિદ્યાલયમા બનાવેના ભરત અને ચિત્રણ-કલાના નમૂનાઓનો ઉપહાર પણ કોઈ કોઈ વાર મોકલતી મધુર અમરની આગળ જઈને ઊભો રહેતો અને જ્યારે કહેતો કે "આશાબહેને ગાધીજીનું આ ચિત્ર તમારે માટે મોકલ્યુ છે, એમણે જાતે ચીતર્યું છે" ત્યારે અમરને તે સ્વીકાર્યા વગર ચાલતુ નહોતું ભેટ સ્વીકારતા તેને સકોચ તો ઘણો જ થતો હતો, પરતુ જે સજોગોમા તેને ભેટો મળતી હતી તે ધ્યાનમા લેતા તેને મૂગેમૂગા તે સ્વીકારવી જ પડતી અને આવી રીતે તેની પાસે અનેક ટેબલ-ક્લોથ, તોરણો અને ચિત્રોની સામગ્રી ઘરની શોભા પૂરતી ભેગી થઈ ગઈ

*

એક વર્ષથી તેઓ પડોશમા રહેતા હતા છતા અમર અને આશા વચ્ચે વાતચીત થઈ નહોતી વાત કરવાના પ્રસગો તો ઘણા આવી જતા પરતુ બન્ને પ્રયત્નપૂર્વક તે પ્રસગો ટાળી દેતા નિકટ આવવા ચાહતા બન્નેના હૃદયો એકએકથી ખૂબ દૂર નાસભાગ કરતાં હતા પણ એક દિવસ સાજે સરસ્વતી અને પાર્વતી મદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે આશાનું હૃદય ઝાલ્યુ ન રહ્યું અમર ઓફિસેથી હમણા જ ઘેર આવેલો હતો આશાએ બારીએ ડોકિયુ કરી પૂછ્યુ, "કેમ અમરભાઈ, કઈ દેખાતા નથી?"

"બહેન, ફુરસદ કયા મળે છે?"

"આજે તો છે કે નહિ?"

"આમ તો નવરો જ છું"

"તો જરા અહી આવો ને, એક કામ છે"

અમર આશાના ઘરમાં ગયો આશાને કશુ જ કામ નહોતુ અમર સાથે પેટ ભરીને વાતો કરવા તે કેટલા દિવસથી તલસી રહી હતી, પરતુ તેનાથી તે ઇચ્છા વ્યક્ત થઈ શકતી નહોતી આજે પણ તે કઈ ન બોલી શકી કામ માટે બોલાવી હતુ જ કામ ન જડવાથી આશા છોભીલી પડી ગઈ સમયસૂચકતા વાપરી છેવટ તેણે એક કામ શોધી કાઢયુ

"શીકેથી ચાકૂ ઉતારી આપોને જરા બાએ કોણ જાણે કેવુ ઊંચુ આ શીકુ બાધ્યુ છે કે મારાથી તો પહોચાતુ જ નથી, અને પાછી મદિરેથી આવશે ત્યારે શાક સમારેલુ નહિ જુએ તો ગુસ્સે થશે" અમરે ચાકૂ ઉતારી આપ્યુ અને પોતાને ઘેર ચાલ્યો આવ્યો આશા નિરાશ થઈ ગઈ અમરની સાથે કેવી રીતે વાતો કરવી તે તેને ન સમજાયુ અને પાછા અનેક દિવસો એમ ને એમ મૌનમા વહી ગયા

*

શરદ્પૂર્ણિમાને દિવસે સરસ્વતી અને પાર્વતી મદિરે દર્શન કરવા ગયા હતા ઘણા દિવસે મળેલી તક ન ગુમાવવા આશાએ નિશ્ચય કર્યો. બધી હિંમત એકઠી કરીને તે અમરને ત્યા પહોચી ગઈ. અમર તેના પલગમા થાક ખાતો હતો ત્યા આશા આવીને ખડી થઈ ગઈ. અમર ચમકીને બેઠો થઈ ગયો.

"કેમ આશાબહેન! શુ કામ પડયુ?" અમરને કઈક અસાધારણ બનાવની કલ્પના આવી

"એક વાત પૂછવી છે પૂછુ અમરભાઈ?"

"હા, ખુશીથી બા નથી?"

"બા મદિરે ગયા છે" કહીને આશા બેઠી, પૂછ્યુ "તમે પરણ્યા કેમ નથી?"

અમર એકદમ ચમકી ગયો પછી એક ક્ષણમા તેની આખ આગળથી સખ્યાની સ્મૃતિ સરી પડી એના મો પર વિષાદ આવી ગયો

"બહેન, હુ પરણ્યો હતો, પણ પરણ્યા પછી પત્ની એક જ વર્ષમા ગુજરી ગઈ"

"તો હવે ફરી નહિ પરણો?"

"પુનર્જન્મમા મને શ્રદ્ધા નથી માટે પત્નીને હું એવરા નીવડવા નથી ચાહતો"

"હુ ફરી પરણુ તો તે તમને ગમશે ?"

"શા માટે નહિ ? એ ભાર તમારા પિતાશ્રીએ મારે માથે નાખેલો જ છે હું તમારે માટે સાથીની શોધમા જ છુ"

"તમે શોધો તે કરતા હું શોધુ તો તે તમે કબૂલ રાખશો ?"

"જરૂર જરૂર, મરજી વિરુદ્ધના લગ્નને તો હું ધિક્કારુ છુ"

આશાનો વિચાર હજી ઘણી વાતે કરવાનો હતો, પરતુ તેને ઘેર દૂધવાળાએ બૂમ મારી એટલે તે હરિણીની જેમ ઘેર દોડી ગઈ અને એટલામા બન્ને માતાઓ પણ દર્શન કરીને પાછી આવી ગઈ

સૂર્યનારાયણ ક્ષિતિજમા સમેટાઈ ગયા અને સુધાંશુનો અમૃતકુભ આકાશમા ઢળવાવા લાગ્યો. જોતજોતામા તો આખી પૃથ્વીને તેણે કૌમુદીથી પખાળી દીધી ઘેર ઘેર દૂધ-પૌંઆના ભોજન થયા સહેલાણીઓ ચાદનીમા મહાલવા નીકળી પડચા આશા અને પાર્વતી દેવને ચાદનીમા પધરાવવા અગાસીએ ચઢયા મધુરને તેમા રસ ન પડવાથી અમરને ત્યા ગયો ત્યા જઈને પણ એને ગોઠે તેમ નહોતુ અમરની આગળ તેણે તેની સર્વસામાન્ય માગણી રજૂ કરી દીધી

"મોટાભાઈ, આજે તો ચાદામામા પણ સાભળીને ખુશ થઈ જાય તેવુ ગીત ગાઓ"

અમરના મનમા આજે મથન ચાલતુ હતુ આજની આશાની વાતે તેના મગજને ચકરીએ ચઢાવ્યુ હતુ પોતે પરણ્યો નથી એ જાણીને આશાને શુ કામ હશે ? એની પરણવાની મરજી ક્યા હશે ? આ બધા પ્રશ્નો તેના મગજમા આજે ઘોળાતા હતા તેને કઈ ચેન પડતુ નહોતુ તેવામા મધુરે સગીતની માગણી રજૂ કરી એટલે તેને ભાન આવ્યુ મધુરને તેણે પૂછ્યુ, 'તુ જ બોલ, શુ ગાઉ ?' મધુરે સૂચવ્યુ "માલન બન કર આઓ" અને અમરે દિલરુબા હાથમા લીધી ધીમી હલકથી તેણે ગીત ઉપાડયુ

માલન બન કર આઓ,
માલન બન કર આઓ,
ફૂલ મગાઓ, હાર બનાઓ,
માલન બન કર આઓ.

દિલરુબાએ ગીતના સૂરેસૂરમા પ્રાણ પૂર્યો અને આખુ વાતાવરણ સગીતમય બની ગયુ પદરથી વીસ વાર આ બે લીટીઓ ઉથલાવીઉથલાવીને ગાઈ નાખ્યા પછી બીજી બે લીટીઓ અમરે ઉપાડી અને દિલરુબા પાસે ઉપડાવી,

હાથમે મુરલી, ગલેમે સહેલી
બાજત બાજત ઘર જાઓ,
માલન બન કર આઓ

મધુર તો સગીતની આ ધૂનમા ઘેને ભરાવા લાગ્યો અને બાજુમા પડેલા એક પાથરણા ઉપર જ તેણે તો લબાવી દીધુ.

ગીત પૂરુ થયુ અને ફૂલની એક સુવાસિત માળા અમરની દિલરુબા ઉપર પડી અમર ચમક્યો અને જોયુ તો આશાએ પાછળથી તે ફેકી હતી અમર કઈ પણ પૂછે તે પહેલા આશાએ જ ખુલાસો કરી દીધો, "બાએ ચાદનીમા પહેરાવેલી ભગવાનની ઊતરેલી માળા તુલસીક્યારામા નાખવા મને આપી, તેવામા તો તમારી દિલરુબાને ફૂલમાળા માટે આજીજી કરતા સાભળી એટલે હું તરત દોડતી આવી અને દિલરુબાને માળા આપી દીધી જોયુ ને, કેવી રડતી બધ થઈ ગઈ!"

વાતાવરણમા અટ્ટહાસ્યનો ધ્વનિ પ્રસરી ગયો દીવાલોએ જોરથી તેનો પ્રતિધ્વનિ પાડયો અને ચઢતી ચાદની પણ એ ધ્વનિથી ખળભળી ઊઠી અમરના આખા શરીર ઉપરથી એક ઝણેણાટી પસાર થઈ ગઈ, પણ તેણે તુરત સ્વસ્થતા મેળવી લીધી અને પ્રસગ જલદી ટાળવા પ્રયત્ન કર્યો, "પણ તમે ક્યારના આવી ગયા ?"

"તમને ક્યાથી ખબર પડે હું ક્યારની આવી તેની ? તમને તો એક દિલરુબા મળી એટલે દુનિયાના દુ ખોનુ ભાન જ ક્યા રહે છે ?"

અમરની આ શબ્દો સાભળવાની તૈયારી નહોતી દિલરુબા તેને પ્રિય હતી તેમાં શ નહિ, પરતુ દુનિયાના દુખો તરફ તે છેક ઉદાસીન તો નહોતો જ તેની ઇચ્છા તો, તેનુ ચાલે તો, બધા દુખિયાઓને સુખી બનાવી દેવાની હતી આશાએ આજે અમરને ઉપરાઉપરી ચમકાવ્યો હતો તેમા ઉપલા વાક્યે પાછો વધારે ચમકાવ્યો તે કિંકર્તવ્યમૂઢ થઈ ગયો તેવામા આશાએ તેને વધારે ચમકાવ્યો "લો, ચાલો દિલરુબાને ફૂલમાળા જોઈતી હતી તે મળી ગઈ હવે તો પ્રસન્ન થઈ કે નહિ? હવે તો બીજું કઈ ગીત સભળાવવા કૃપા કરશે કે નહિ?"

અમર છેક જ ઠરી ગયો તે બોલી ઊઠયો

"દિલરુબા હવે આરામ માગે છે તમે હવે ઘેર જાવ બા ખૂમ મારતા હશે"

પણ આશાએ ઊઠવાની તૈયારી ન બતાવી ઊલટુ તેણે તો ઉમેર્યું, "શરદપૂર્ણિમાની રાત્રીએ તો દિલરુબાએ આખી રાની જાગવુ જોઈએ બા કથા સાભળવા ગઈ છે મને એકલા ઘરમા ગમતુ નથી મધુર પણ અહીં આવીને ઊઘી ગયો છે, તો મારે એકલીએ ઘરમા બેસીને શુ કરવુ'"

આ સ્થિતિમા અમરને બહુ સંકોચ થયો તે શરમાઈ ગયો પ્રસગ જલદી ટાળવા તેણે પતાવી દીધુ, "ઠીક, જેવી તમારી મરજી"

દિલરુબાના તાર ઝણઝણવા માડયા અને શરદપૂર્ણિમાના નિરભ્ર આકાશમા પણ ગીતના પડઘા પહોચી ગયા

'નહિ આયે ઘનશ્યામ ઘેરી આઈ બદરી"

આશાએ ગીત ઉપર કાન માડયા અને તેણે ગીતનુ કલ્પનાચિત્ર પણ નજર આગળ ખડુ કર્યું ગીત આગળ વધ્યુ

"બદી સોચે બીજભાન ગનૌ લગે નહિ ધાન,
આઈ સાવનકી મહાર, કરે મોરવા પુકાર
પડે બુદ્દ્ય ફુહાર, ઘે રી આઈ બદરી"

આશા ગીતમા તલ્લીન થઈ ગઈ હતી અને આખા ગીત દરમિયાન તે અમરની સામે જ એકી નજરે જોઈ રહી હતી અમરને આ વાતની ખબર નહોતી પણ કોઈ કોઈ વાર બન્નેની નજર ભેગી થઈ જતી હતી ત્યારે બેઉ હૃદયો કઈક નવુ જ અનુભવતા હતા

ગીત પૂરુ થયુ અને નીચે બારણુ ખખડયુ કથા સાભળીને સરસ્વતી આવી પહોચી હતી આશા ઝડપભેર દાદરો ઊતરીને અમરને કહ્યા વગર ચાલતી થઈ અને ગણગણવા લાગી

"બાજત બાજત ઘર જાઓ—માલન બન કર આઓ"

આશા સરી ગઈ અને અમરના હાથમાની દિલરુબા પણ પડી ગઈ તેના મુખમાથી એક દીર્ઘ નિશ્વાસ નીકળી પડ્યો મનમા પ્રશ્ન ઉદ્ભવ્યો,

"આશા! તારામા આ મસ્તી ક્યાથી?"

નીચેથી માતાનો અવાજ આવ્યો, "ભાઈ, જાગે છે કે?"

અમરે પતાવી દીધુ, "હા બા, હમણા જ ઊઘવાનું કરતો હતો આ મધુરને એને ઘેર મૂકી આવ ને! દિલરુબા સાભળવા અહી આવ્યો હતો તે અહીનો અહી જ ઊઘી ગયો"

સરસ્વતી આવી અને મધુરને ઊચકીને ચાલી ગઈ અમરે દિલરુબા ઉપરથી ફૂલમાળા ઊચકી લીધી અને ઉગ્ર આવેશથી આખો દાબી દીધી થોડી વારે તે સ્વસ્થ થયો ત્યારે તે દીવો હોલવવા ઊઠયો અને નિષ્પ્રાણની જેમ પથારીમાં ફસડાઈ પડયો

બહાર પૂર્ણિમાની ચાદની પ્રકાશી રહી હતી અને તેના તેજકિરણો અમરની પથારી સુધી આવી પહોચ્યા હતા ફૂલમાળા હજી તેની આખે જ દબાયલી હતી હવે તે તેને હાથમા ઊચકી ઊચકીને ચદ્રના પ્રકાશમા જોવા લાગ્યો અને ફરી ફરી આવેશભર્યા હૈયે તેને આખ ઉપર દાબી દેવા લાગ્યો પાસાં ઘસીઘસીને તે થાકયો છતા કેમે કરી તેને ઊંઘ ન આવી આજે તેનુ મન તોફાને ચઢયુ હતુ.

ઘેર જઈને આશાએ પાર્વતી સાથે થોડાં આડા અવળા ગપ્પા મારા એટલે પાર્વતી ઊઘી ગઈ પણ આશાને ઊઘ આવતી નહોતી. તેનુ હૃદય પણ આજે

"આશા! હું તો એક વિધુર છું ફરી ન પરણવાનો મારો નિશ્ચય છે, તને એની ખબર છે "

"એટલે જ હું કહું છું તમને તમારો નિશ્ચય વહાલો છે પણ મને સુખી જોવી હોય—જીવતી જોવી હોય તો મને સ્વીકારી લો "

"સારે-ત્યારે—ભલે આપણે " અમરે સંમતિ આપી. સુખમા આશાની આંખો મિચાઈ

થોડી વારે અમરે પૂછ્યુ "ક્યારે પરણશું?" આશાએ કહ્યુ "હમણા નહિ મારે તમારી ઇચ્છા જ જાણવી હતી તમે મને પરણવા એ જાણીને જ મગ્ન છું હવે હું શાતિથી ત્રણ વર્ષ વધારે વૈધવ્ય સહન કરીશ જી એ થઈને એક તપસ્વિનીની જેમ પવિત્ર થઈને તમને પરણીશ "

'તું જી એ થવાની? પણ હું નહિ છું તું કેમ?"

"તેનુ શુ વળી? પુરુષ જ વધારે ભણેલો હોવો જોઈએ એવો કઈ નિયમ છે? સ્વામીત્વની ભાવના ઓ માટે તમારામાં આટલી બધી આગળ પડતી હોય છે? પત્ની પતિની મિનત રહે તે કરતા પતિ પત્નીની મિનતત રહે તે વધારે ઇચ્છવાયોગ્ય નથી શુ?"

"અરે વાહ! બડી હોશિયાર દેખુ તને તો?"

અને આખરે ત્રણ વર્ષના તપનો આરંભ થયો

*

ત્રણ વર્ષ પછી આશા સાથે ના લગ્નની આશાથી અમર હરખાઈને બેવડો થઈ ગયો હવે તે દિનરુના પણ નિરાંતથી વગાડતો આશા પણ સતારથી તેનો જવાબ વાળતી અનેકવાર તેઓ ભેગા મળતા અને ઉત્કૃષ્ટ સરકારભરી વાતો કરતા અને ટીખળની મોજ પણ માણતા

એક વર્ષ વીત્યુ આશા એફ એમાં પાસ થઈ અમરનું હૃદય નાચી ઊઠ્યુ, "હવે બે જ વર્ષ રહ્યા! તપનો તૃતિયાશ પુરો થયો હવે બે તૃતિયાશને કેટલી વાર?"

તેવામા આશાની માતા બીમાર પડી અને ગુજરી ગઈ આશા અને મધુર એકલા પડ્યા. વહેલી રસોઈ કરી મધુરને નિશાળે વળાવી પોતે કૉલેજમાં જવુ એવો નિત્યક્રમ થઈ પડ્યો રાત્રે સગીતની ધૂન મચાવી ગપ્પ મારી સૂઈ જતા આમ દિવસો વીતવા લાગ્યા, અને આશાનુ યૌવન તેની વસતમા આવીને ઊભુ રહ્યુ

*

૨

વિજય અમરનો નાનપણનો દોસ્ત હતો અમરને તો પિતાના મૃત્યુના કારણે અભ્યાસ છોડી દેવો પડ્યો પણ વિજયનો અભ્યાસ તો ચાલુ જ રહ્યો મૅટ્રિકમાં બે વર્ષે જ્યારે તે પસાર થયો ત્યારે તો અમર નોકરીએ પણ લાગી ગયો હતો ત્યા સુધી તો બન્ને અમદાવાદમા ભેગા જ હતા પણ પછી વિજયને તેના મામાએ કૉલેજમા અભ્યાસ કરવા મુબઈ બોલાવ્યો એટલે આ બે ગોઠિયા મિત્રોને છૂટા પડવુ પડ્યુ

મુબઈ જઈને વિજય ઠીક જ પ્રમાદી બની ગયો અભ્યાસ કરતા વિલાસ તરફ તેનું મન વધારે વળતું પિતા તેની પાછળ કયા ધ્યેયથી પૈસા ખરચે છે તે વિજય તદ્દન ભૂલી ગયો મામા તેને વઢતા તેની પણ તેને કઈ અસર ન થઈ તે તદ્દન નફ્ફટ અને બેપરવા બની ગયો પ્રીવિયસમા એક વર્ષ બગાડી તે બીજે વર્ષે પાસ થયો તેના પિતાને લાગી તો ઘણુ આવ્યુ પરતુ વિજયને ગ્રેજ્યુએટ થયેલો જોવાની તેમની મહેચ્છા હતી એટલે તેમણે કરજ કરીને પણ વિજયને અભ્યાસ માટે પૈસા મોકલવા માડ્યા ઇન્ટરમાં પણ તે પહેલે વર્ષે પાસ ન થઈ શક્યો મામાએ છેલ્લી ચેતવણી આપી દીધી "મારી ફરજ ચાર વર્ષ તને મુબઈ ભણાવવાની હતી હજી એક વર્ષ બાકી છે પાસ થાય તો ઠીક, નહિ તો પછી આમ ફોગટ પૈસા બગાડવાથી શો ફાયદો?' વિજયને આમા અપમાન લાગ્યુ એક વર્ષ તો તેણે જેમ તેમ બેગી માર્યુ અને આખરે ઇન્ટરમા પાસ તો થઈ ગયો પછીથી મામાએ તો તેને ઘણુ કહ્યુ કે બે વર્ષ વધારે કાઢી નાખ, પણ વિજયનુ મન માન્યુ નહિ તેણે મુબઈ

છોડ્યું અને પાછો જ્યા હાઈસ્કૂલ-જીવન ગાળ્યુ હતુ તે જાણીતા અમદાવાદમા જ આવી ગયો અમદાવાદ આવીને તે કોલેજમા જુનિયર બી એ મા દાખલ થયો. અમર તો હજી અહી જ નોકરી કરતો હતો

ચાર વર્ષે પાછા મળેના આ બાળમિત્રને અમર કેવી રીતે ભૂલી જઈ શકે? તે હોસ્ટેલમા જઈને વિજયને મળી આવ્યો અને બીજે દિવસે પોતાને ત્યા જમવાનું નોતરુ પણ દઈ આવ્યો "સરસ્વતી બા તને ખૂબ સભારે છે" એમ અમરે કહ્યુ એટલે વિજયે નોતરુ સ્વીકારી લીધુ

સાજે કોલેજમાથી છૂટીને વિજય અમરને ત્યા આવ્યો જ્યારે જ્યારે જમણ જેવુ કઈક એકબીજાને ત્યાં થતુ ત્યારે આશા અને અમર અરસપરસ એક બીજાને જમવા બોલાવતા આજે અમરને ત્યા આશા પણ જમવામા હતી જ પુરુષોના જમ્યા પછી સ્ત્રીઓને જમવાનું હોવાથી આશા પીરસવામા રોકાઈ હતી વિજય સમજી ન શકયો કે આ કોણ છે તેને મનમા થયુ કે અમર ફરી પરણ્યો કે શુ? પણ અમર જેવો દોસ્તદાર એમ ખબર આપ્યા વગર પરણે તો નહિ જ તો પછી આ છોકરી કોણ? મુબઈ ગયા પછી વિજયને છોકરીઓમા અસાધારણ રસ પડતો હતો, અને આશા જેવી રૂપવાન છોકરી જોઈને તો તેનાથી ન જ રહેવાયુ જમતા જમતા જ તેણે તો અમરને પૂછ્યુ "પેલી છોકરી કોણ છે?"

અમરે ટૂકમા પતાવ્યુ "અમારી પડોશના છે" અને વિજય તે જ સમયે તો વધારે કઈ ન બોલી શકયો

પણ હવે અમરને ત્યા વિજયની મુલાકાતો વધી ગઈ કઈ ને કઈ બહાને તે અમરને ત્યા આવવા લાગ્યો અમર આશાને ત્યા બેઠો હોય તો તે ત્યા પણ પહોચી જતો કેટની યે વાર આશા પોતાને કઈક પૂછશે એવી તેણે આશા રાખેલી પરતુ તે વ્યર્થ ગઈ છેવટે વિજયે જ આશા સાથે કામ પાડવા માડ્યુ

"તમે તો જી એમા છો ને?"

"ના, હજી તો હુ એસ એ મા છુ જી એ તો આવતી સાલ થઈશ"

"તમારે એટલું સારુ છે કે જી એ માટે એક જ વર્ષ હોય છે અમારે તો જુઓને આ જુનિયરમા હમણા આવ્યો બી એ પાસ થવા અમારે બે વર્ષ જોઈએ છે"

"તમે બી એમા છો?" આશાએ વિજયને પહેલી જ વાર પ્રશ્ન પૂછ્યો વિજય રગમા આવી ગયો

'ત્યારે? તમે શુ મને બી એ પાસ થઈ ગયેલો ધાર્યો તો? પાસ તો થઈ ગયો હોત, પણ મારો જીવ ઉત્પાતિયો છે ડીબેટીંગ સોશિયલ ગેધરીંગ, વ્યાયામ ફીઝીકલ ટ્રેઈનીંગના પ્રોફેસર તરીકેની નોકરી—આ બધુ છોડી શકાતુ નથી પરિણામ સમજી શકાય એક વાર ઈન્ટરમા નાપાસ થઈ ગયેલો, પણ કસરતમા આપણે એમ એ છીએ મને સૌ સેન્ડો જ કહે સ્નાયુઓના આ ગોટલા માટે તો કેટલા ય ચાદ મળેના છે! આવી પ્રવૃત્તિઓને લીધે ભણવામા નાપાસ થઈ જતો બાકી, તમને અમરે નહિ કહ્યુ હોય, પ્રીવિયસમા તો મને ફર્સ્ટ કલાસ મળેલો"

"મુબઈથી તમે કયારે આવ્યા? અહીં રહો છો કયા?"

"ચાર વર્ષથી મુબઈમા હતો આ અમર અને હુ ગોઠિયા દોસ્તો એ ભાઈસાહેબ મેટ્રિકથી લબડી પડયા અને મે તો આગળ ધપાવ્યુ પણ પછી મુબઈ કરતા અહીંના પ્રોફેસરો સારા છે એમ સાભળ્યુ એટલે અહી આવી ગયો અહી તો હુ હોસ્ટેલમા જ રહુ છુ હોસ્ટેલ જેવી મજા બીજે કયા યે ન આવે આ અમરને બીચારાને મજા કરવાની ના મળી તે ના જ મળી પણ અમર સગીતમાથી ઘણી મજા મેળવી લે છે ખરો"

"તમે સગીત જાણો છો?"

"હમણા તો હુ ગાતો નથી બાકી મે નાટકો ભજવી નાખ્યા છે, એ રીતે એમા નામ કાઢ્યુ છે એમ કહેવાય"

અમર આ વાર્તાલાપમાં બહુ રસ નહોતો લેતો તે માનતો હતો કે વિજયને અને આશાને એકમેકની ઓળખાણ કરવાની તક મળવી જ જોઈએ અને તેથી આમ વાતો કરે તે સ્વાભાવિક છે તેથી તે તો ચોપડીમાં માથું ઘાલીને વાચે જ જતો હતો વિજયે ઊઠવાનું કર્યું

"લો ત્યારે આશાકુમારી, હું હવે જઈશ આપને મળવાથી ઘણો આનંદ થયો અને અમર, તું તો દોસ્ત પાછો અમારી હોસ્ટેલ તરફ ફરકતો જ નથી ચાલ અત્યારે, આવે છે ?"

"બા માંદા છે એટલે રસોઈ કરવાની છે, ફરી કોઈક વાર આવીશ"

અને વિજય ગયો આશા ઉપર પોતાનો ઠીકઠાક પ્રભાવ પડ્યો છે એમ તેને લાગ્યા કરતું હતું.

*

પછી તો આવી રીતે અનેક વાર વિજય આશાને મળતો અને વાતો કરતો વિજયે લગ્ન કરવા માટે અનેક સુંદર અને કેળવાયેલી યુવતીઓ પાછળ ફાંફા માર્યાં હતાં પરંતુ તેના સંપર્કમાં આવેલા ઘણાખરા લોકોને તેનું ચારિત્ર્ય શંકાશીલ લાગ્યું હતું, એટલે કોઈ પોતાની પુત્રીને ખાડામાં ઉતારવાની હિંમત નહોતું કરતું

પણ વિજય દેખાવે આકર્ષક હતો અને બોલવે પણ મીઠો હતો, તેથી કોલેજમાં ઘણી વિલાસ તરફ વળેલી છોકરીઓ તેના ચહેરામાં મોહી પડતી, વાણી વિલાસથી ચકિત થઈ જતી અને કોઈક ફસાઈ પણ પડતી પણ વિજયે આશાને જોઈ ત્યારથી બધામાંથી તેનું દિલ ઊઠી ગયું તેણે આશા ઉપર જ પોતાનો પ્રભાવ પાડવાનો નિશ્ચય કર્યો

અને એક દિવસ સંજોગોએ પલટો લીધો એક દિવસ જ્યારે તે આશાને ત્યાં ગયો હતો ત્યારે આશાએ તેને પૂછ્યું :

"તમારે વિક્રમોર્વશીયમનું નાટક ચલે છે કે ?"

"એ તો હું ઇન્ટરમાં ભણી ગયો હવે તો મે ઇતિહાસ અને અર્થશાસ્ત્ર લીધા છે "

"તો તમે મને તમારું તે પુસ્તક આપશો ?"

"ખુશીથી મારે હવે તે શા કામનું છે ? તમારે પણ વિક્રમોર્વશીયમ્ ચાલે છે કે શું ?"

"ના, ચાલતું નથી ફાવતુ અભ્યાસ માટે વાચવા જેવુ છે એમ આજે અમારા પ્રોફેસરે કહ્યુ છે "

અને બીજે જ દિવસે બુક્સેલરને ત્યાથી વિક્રમોર્વશીયમ્ નાટકની એક નકલ વિજય ખરીદ કરી લાવ્યો બુકસેલરને ત્યાંથી ખરીદ કરવાનુ કારણ એટલુ જ હતુ કે તે પુસ્તક તે ભણ્યો જ નહોતો, ફક્ત ગપ્પુ જ માર્યું હતુ

તેણે તો આશાને આ પુસ્તક આપ્યુ આશાએ પુસ્તક ઉઘાડ્યુ તો પહેલા જ પાને લખેલુ વાચ્યુ, "આશાકુમારીને વિજયરાય પંડ્યા તરફથી સપ્રેમ ભેટ" આશા ચમકી ઊઠી, પરંતુ વિજય જ વચમા બોલી ઊઠ્યો, "હુ મારી કોઈ પણ ચોપડીમા નામ નથી લખતો પણ કોઈને ભેટ આપીએ ત્યારે તો લખવુ જ પડે ને ? આ પુસ્તક હું તમને એક અલ્પ ભેટ તરીકે આપુ છુ તે વસ્તુ તમે તમારી જાતે જ સમજી જાવ તેટલા ખાતર પુસ્તકમા તેવો નિર્દેશ કર્યો છે, અને આટલી ભેટ આપું છું તેમાં હું કંઈ મોટી ધાડ નથી મારતો હું જાણુ છુ કે ભેટ તો કોઈ મોટી ચીજની જ હોવી જોઈએ " આશાને વિજયના ખુલાસાથી સંતોષ થયો

*

અમર અને વિજયના ગયા પછી આશા પુસ્તકના પાનાં ફેરવવા લાગી પુસ્તકની વચમાથી એક પત્ર મળી આવ્યો આશા ચમકી ગઈ, તેણે તે વાચવા માંડ્યો

"આશાકુમારી,

તમે વિક્રમોર્વશીયમની ભેટ સ્વીકારશો તેની સાથે આ પત્રની ભેટ પણ સ્વીકારશો જ઼ે પત્રમા મારો પ્રેમ ભરેલો છે એટલે તમે પત્રની સાથે સાથે મારા પ્રેમની ભેટ પણ સ્વીકારી જ છે ને ? કોલેજમા અનેક બાળાઓ મારી પાછળ મરી ફીટતી હતી, પરંતુ હું એક આદર્શ પ્રેયસીની

શોધમાં હતો. તમારામાં હવે મારો . એ આદર્શ પૂરો થશે એમ મારું દિલ કહી રહ્યું છે. તમે વિધવા છો તેનું કંઈ નહિ, તમારે ખાતર હું અનેક કૉલેજ-કુમારીઓના પ્રેમને પણ તરછોડવા તૈયાર છું. બીજું તો શું કહી શકું ? તમે જ હવે તમારી લાગણીઓ વ્યક્ત કરો તો કંઈક સૂઝ પડે.

લિ. તમારો જ વિજય"

આશાને અંગે કંપારી છૂટી. પુસ્તકને પછાડીને દૂર ફેંકી દીધું. શું કરવું તે સમજાયું નહિ. બે કલાક પલંગમાં ધૂંધવાતી પડી રહી.

અમરને આ પત્ર બતાવવો કે નહિ તે વિષે તેણે વિચાર ચલાવ્યો, પરંતુ આખરે એ ઠીક ન જણાયો. બારોબાર જ જવાબ આપી દેવાનો તેણે નિર્ણય કર્યો અને તેમ છતાં જો વિજય કંઈક વધારે પડતુ પગલું લે તો પછી અમરને આ વાત જણાવવી એમ નક્કી કર્યું. તેણે પત્ર લખવા માંડ્યો.

" વિજયરાય,

તમારી પામરતાની મને દયા આવે છે. અમરને હું ચાહું છું અને અમરની જ સાથે હું લગ્ન કરવાની છું. તેમાં તમે વચમાં આમ પ્રેમની વાતો કરો છો તે ઘણું શરમભરેલું છે. સંબંધ જાળવવો હોય તો કૃપા કરી હવેથી આવું ન લખતા.

આશા"

વિજય તો પત્ર વાંચીને ડઘાઈ જ ગયો. આશાને ઘેર જતો તે બંધ થઈ ગયો.

*

અનેક દિવસો વહી ગયા. આશા અને અમર કોઈની પણ ડખલ વગરનું સાચા સહકાર અને સહચાર-ભર્યું જીવન વિતાવી રહ્યાં હતાં. તેવામાં અમરની માતાને યાત્રા કરવા જવાનું મન થયું. ગૌરીશંકર વૈદ્ય પરણ્યા પછી તુરત સરસ્વતીને યાત્રા કરવા લઈ ગયા હતા. તેને આજે ત્રીસ વર્ષ થઈ ગયાં. સરસ્વતીની ઇચ્છા ઘણાં વર્ષથી યાત્રા કરવા જવાની થઈ રહી હતી, પરંતુ આર્થિક સંકડામણોને લીધે ગૌરીશંકર વૈદ્ય તો તેમની હયાતીમાં તેની ઇચ્છા પૂરી કરી શકયા નહિ. છેવટ હવે જ્યારે પુત્ર કમાતો થયો ત્યારે માતાએ પોતાની ઇચ્છા જણાવી. અમર તો માતાનો પડયો બોલ ઉપાડી લેતો હતો. તેણે માતાની આ આજ્ઞા માથે ચઢાવી અને ઑફિસમાંથી ચાર મહિનાની લાંબી રજા લીધી.

બે મહિના પછી આશાની પરીક્ષા હતી એટલે આશાને યાત્રામાં આવવા અમર વધારે આગ્રહ ન કરી શક્યો, પરંતુ મધુરને તો સાથે લેવાનું નક્કી કર્યું.

પ્રિયજનોથી છૂટા પડતાં આશાને બહુ લાગી આવ્યું. પણ દિવસો તો સૌના કપાય જ છે. આશા નિયમિત ઊઠતી. રસોઈ કરી, જમીને કૉલેજમાં જતી. સાંજે કૉલેજમાંથી ઘેર આવી સતાર વગાડતી, થોડુંક વાંચતી અને પછી નિરાંતે ઊંઘતી. અમર એને યાદ આવતો, સ્વપ્નમાં પણ તે સાંભરી આવતો. તે જાગી જતી. મહાપ્રયત્ને પાછી તે ઊંઘ સાથે મેળ સાધી શકતી.

વિજયને અમરના યાત્રાએ ગયાની ખબર પડી ગઈ હતી. તેને આશાના એકલાપણાનો પણ ચોક્કસ ખ્યાલ આવી ગયો. એણે એક બીજો પત્ર આશાને લખ્યો, પણ જુદી જાતનો.

" આશાબહેન,

મને તે સમયે ખબર નહોતી કે તમે અમરને ચાહો છો. હું તો ફક્ત એટલું જ જાણતો હતો કે તમે એક બાળવિધવા છો અને ફરીથી લગ્ન કરવા ઇચ્છો છો. અને તે ઉપરથી જ મેં તમારી પ્રત્યે મારો પ્રેમ વ્યક્ત કર્યો હતો. તમને તે ન ગમ્યું તે બદલ ઘણો જ દિલગીર છું. મારી તે પત્ર લખવામાં જે ભૂલ થઈ ગઈ છે તે બદલ હું આપની ખરા દિલથી માફી માગું છું. ક્ષમા કરશો ? કોઈક વાર તો રૂબરૂમાં આવીને માફી માગી જવાનું મન થાય છે. પરંતુ કયું મોઢું લઈને હું તમારી પાસે આવું ? છતાં બનશે તો રવિવારે બે મિનિટ ઊભાઊભા તમારે ત્યાં આવીને તમારી માફી લઈશ ત્યારે જ મારા દિલને શાંતિ વળશે.

લિ. તમારો વિશ્વાસુ ભાઈ, વિજયનાં વંદન"

હૉસ્ટેલનો રૂમ છોડી આ પત્ર આશાના હાથમા જઈ ને પડયો આશાને પત્ર ઉપર વિશ્વાસ બેઠો વિજયની માફી માગતી મૂર્તિ તેની નજર આગળ ખડી થઈ ગઈ વિજય જેવો એક સસ્મારી ગેલેજિયન તેની માફી માગે તે દશ્યની કલ્પના તેને માટે અસહ્ય થઈ ગઈ વિજય માટે તેને માન પેદા થયુ "એમનો બીચારાનો શુ વાક ? એમને શી ખબર કે હું અમર સાથે લગ્ન કરવાની છુ ? એવી ખબર હોત તો કદી એવુ લખત ?"

અને આ માનવવૃત્તિથી દોરાઈ આશાએ વિજયને વધુ ને વધુ લાબી ને લાબી, મુલાકાતો આપવા માડી અને આખરે વિજયની મોહિનીએ આશાને ઘેન ચડાવ્યુ

અનેક વર્ષોથી સેવેલા તપમા વિકૃતિએ પ્રવેશ કર્યો–તપમાથી જ વિકૃતિ જન્મી અમર એની પાસે ઝાખો બનવા લાગ્યો અમરની વિજય સાથે એણે તુલના આદરી વિજય કેટલો બધો મોહક છે ! અમર ફક્ત મૅટ્રિક જ છે, ઓલિયા જેવો છે, જ્યારે વિજય બી. એ. મા છે, ચમરાક છે શુ ખરેખર વિજય મારા પ્રેમનો અધિકારી નથી ? વિજય શુ અમર કરતા મારે માટે વધારે યોગ્ય પતિ નથી ? તર્ક જો હા પાડે છે તો પછી શા માટે મારે એમને જ વળગી રહેવુ જોઈએ ? વિજય મને તેના પ્રેમની ભેટ આપી ચૂકયો છે તો હુ પણ મારી ભેટ તેને આપુ તો શુ ખોટુ છે ?"

વિકારી અને સસ્કારી ભાવો વચ્ચે એક જબરુ તુમુલ શરૂ થયુ અનેક વર્ષોથી દબાઈ રહેલા વિકારી ભાવોએ આ તકે સસ્કારી ભાવો સામે મોઢુ બડ જમાવ્યુ

તેના કલ્પનાપ્રદેશને વિજયના વિચારોએ એટલો બધો ઘેરી લીધો કે એકાએક ઊઠી તેણે વિક્રમોર્વશીયમનુ પુસ્તક અને અદર આવેલો પત્ર હાથમા લીધા, થોડા જ દિવસ ઉપર તિરસ્કારેલા તે પત્રને એણે આજે ચૂમ્યો અને પુસ્તકને સોડમા રાખીને તે સૂઈ ગઈ

કોઈ આ વાતને અસભવિત ગણશે જે અમરે તેના ઉપર આટલો ઉપકાર કર્યો હતો, જેણે એને સસ્કારદાન કર્યું હતુ, જેના પ્રત્યે તે આટલી આકર્ષાઈ હતી તે અમરને તે આટલા થોડા દિવસમા ભૂલી જાય ? દલીલ સાચી છે, ન ભુલાય આશા છેક તો ભૂલી નહોતી ગઈ પણ દબાવી રાખેલા વિકારોના પરિણામોનું જ્ઞાન એમ સહજ નથી આશા તો પામર હતી એક દિવસ પણ એને માટે સત્ય નહોતો

ગમે તેમ હોય પણ આ દિવસોમાં આશાના સસ્કારદેહમા વિકૃતિ પ્રવેશ પામી ચૂકી હતી અને વિજયની અવરજવરથી આ વિકૃતિને જ પોષણ મળ્યા કરતુ હતુ જ્ઞાનવાન પુરુષોને પણ વારવાર અજ્ઞાનીઓ સાથે જ અથડામણમા આવવુ પડે છે ત્યારે તેને પોતાનુ જ્ઞાન ભારરૂપ લાગે છે પોતે મગજમા જ્ઞાન સીંચ્યા કરવામા ભૂલ તો નથી કરીને એવો તેને ભ્રમ થઈ આવે છે આશાને આવુ જ કઈ થતુ "શા માટે ? હજી કેટલા દિવસ આ સયમ ? શા માટે આ ભાવનાભર્યા આદર્શો ? શા માટે તૃપ્તિની અવગણના ?" આવી દલીલો તેના મનમા ઊઠતી વિજય આ સમજી ગયો હતો એ પણ એવી જ વાતો કરતો

એક દિવસ વિજય આશાને ત્યા આવ્યો અને પૂછ્યુ 'કેમ, અમરનો કઈ કાગળપત્ર આવે છે કે રામ રામ ?

"કોણ જાણે કેમ, હમણાનું કઈ તેઓ લખતા જ નથી એમને ફુરસદ નહિ મળતી હોય યાત્રામા તો એવુ જ હોય ને ! ઘરબહારની બધી ચિતાઓથી મુક્ત થવા તો લોકો યાત્રા કરવા જાય છે, ત્યા પાછુ વારેવારે ઘર સભારવાથી શો ફાયદો ? અને એમની ટેવ જ એવી છે કે બોલવા, ચાલવા, ખાવા, લખવા–બધામાં તેઓ સયમ રાખે છે વગર ઉપયોગનુ લખીને પણ શુ કરે ?'

આશા અમરનો બચાવ કોઈ પણ રીતે કરવા ટેવાઈ ગઈ હતી પત્ર ન આવ્યાનું દુખ તો એને પણ સાલતું હતું પરન્તુ વિજયે તે સાભળ્યુ તેથી તેને અમરની નિષ્કાળજી માટે બહુ લાગી આવ્યુ

અને મનમા થયુ કે 'અમર મને ભૂલી નથી ગયો ને!' તેવામા તો વિજય જ બોલી ઊઠ્યો

"શેનો સયમ? વેવનો છે વેવનો! તમે સ્ત્રીઓ શુ જાણો? યાત્રા કરવા ઊપડ્યો છે હ? હું તો એને નાનપણથી જ ઓળખુ છુ સયમની અને બ્રહ્મચર્યની બડી બડી વાતો જ કરે છે બાકી." અને વિજય અટક્યો

'બાકી? બાકી શુ?" આશા બોલી ઊઠી

"બાકી હુ તમારી આગળ અમરની કનકથાઓ ઉઘાડી પાડત પણ શુ કરવા? તમે તો તેની સાથે લગ્ન કરવાના છો મારે એવી વાતો કહીને તમને દુ:ખી નથી કરવા"

'નહિ, નહિ, મને અમર વિષે બધુ જ કહી દો મારે પરણતા પહેલા ચોકસાઈ કરવી પડશે."

"જવા દો એ પુરાણુ પણ તમારા જેવી સુશિક્ષિત સ્ત્રી પોતાની મેળે ન સમજી શકે કે તમારા જેવી રૂપસુદરીની બાજુમા પાચ પાચ વર્ષથી જે રહેતો હોય તે સાધુ કેવોક રહી શકે? સાધુપણાની એની વાતો તમને આકર્ષવા માટે હોય, પણ આકર્ષી લીધા પછી-પરણી લીધા પછી એક વાર વિષ્ટામા આળોટેનાને અમૃતમા શાતિ નથી લાગતી એમ જ થવાનુ'

આશા આખો ફાડીને સાભળી રહી વર્ષોથી સેવેલુ સ્વપ્ન એને ઊડી જતુ લાગ્યુ નહિ, નહિ, વિજયરાય, મને એમાથી છોડાવો!' એ રડી ઊઠી

'તમે જ કહો, હુ તમને કેવી રીતે છોડાવુ?'

'એક વાર તમે તમારો પ્રેમ વ્યક્ત કર્યો હતો એ પ્રેમ નાશ પામ્યો છે?'

"પ્રેમ હોય છે તે નાશ પામતો નથી હુ હજી યે તૈયાર છુ'

અને આશા પરગાઈ ગઈ અમરનો તાપમો સયમ આશાના પતનમા પરિણમ્યો.

*

અમરની યાત્રા પૂરી થવા આવી હતી ઘણા દિવસોથી આશાનો એક પણ પત્ર નહોતો તેથી તે અ ગાઈ ગયો હતો ઘેર જવાની તેને ઉતાવળ લાગી હતી મગજમા અનેક અમગળ કલ્પનાઓ આવી ગઈ પણ મજબૂતપણે તેણે તે ખખેરી નાખી પરતુ તેવામા જ તેણે અચાનક એક છાપામા વાચ્યુ

'૭ એ ના અભ્યાસ કરતી એક બાળવિધવા આશાકુમારીએ વિજયરાય પડયા નામના એક કોલેજિયન સાથે વૈદિક વિધિથી સ્નેહલગ્ન કર્યું છે"

ન મનાતા અમરે બે બે વખત આ વાકય વાચ્યુ વાચીને તેની આખ થાભી એ સ્થિર થઈ ગયો એને કઈ જ સૂઝયુ નહિ નિરાશ-હૃદયે તેણે એક પત્ર લખ્યો અને આશાને અભિનદન મોકલ્યા અને સાથેસાથે શરદપૂર્ણિમાની રાત્રિએ દિલરુબા ઉપર આશાએ ચઢાવેલી ફૂલમાળાનુ સુકાઈ ગયેલુ હાડપિજર પણ મોકલી આપ્યુ હતુ

"આશા,

દેવગુરુ બૃહસ્પતિ પણ સ્ત્રી-હૃદય પારખી શક્યા નથી પાચ વર્ષના નિકટ પરિચયથી આજે મને સ્ત્રી સ્વભાવ સમજાયો કોઈ તારો દોષ નથી તો આ ભવના બજારમાથી હુ મારી દુકાનદારી ઉપાડી લઉ છુ જે દેહમા અગ્નિ નથી તે દેહમા બળતણ ભેગુ કરવાથી હવે શો લાભ? ના, હવે હુ એ સ્નેહનો ભિખારી નથી માલિક કદી માગણ નહિ બને. જ્યોત્સ્નાની રૂપેરી મોહકતા હવે ફિક્કી પડી અનુભવે મોહના આવરણો દૂર કર્યા

મનુષ્યના મનોરથને આરો નથી. દરેક વ્યક્તિને ધારેલી ચીજ મેળવવાનો સ્વાભાવિક હક છે પરતુ તે હકની નિરકુશ ઇચ્છા સિદ્ધ કરવા જતા આપણે અધારાની ગર્તામા ઊડા ઊતરી જઈએ છીએ તુ વાસનામા જ જીવન સાધવા માગે છે તો તેમ કરી સુખી થા હુ હવે તારા માર્ગમા આડો નહિ આવુ

"પણ યુગયુગના આ અમર્યાદ અનત માનવ-સમાજમા હવે મારુ કોણ? પ્રેમી? ખાલી નામધારી પરપોટા સિવાય તેમા બીજુ શુ છે? જીવનની સઘળી

પવિત્રતા અને મધુરતા મે જેના શબ્દોમા માની લીધી હતી તે હવે કાગળની હોડીની માફક ગટરના ગદા પાણીમા વહી જાય છે કઈ નહિ આશા ! તુ સુખી રહે અશ્રુના સાગરને પણ કિનારો હોય છે મારી નિર્બળતાને લીધે હુ તેની મૂર્તિપૂજા કરવા પ્રેરાયો હતો તો પણ તે જે છે તે જ છે મારા અનુભવથી મે સારા સ્ત્રીસમાજનો વિશ્વાસ ગુમાવ્યો છે

"સાચા પ્રેમની મહત્તા તો હવે પ્રિયતમાને સ્વચ્છદે વિહાર કરતી જોવા માટે આખુ જીવન ન્યોછાવર કરી દેવામા છે સાગસારનો જેને વિચાર નથી તેને ક્યાથી ખબર હોય કે વિશાળ નદીને એક નાનો સરખો કિનારો જ મર્યાદામા રાખી શકે છે?

"અને હવે જી એ જેવી ઉપધિથી વિભૂષિત થવાય ત્યારે ઉપાધિ વિનાના મનુષ્ય સાથે કઈ રીતે સબધ બાધી શકાય એ કાયદાનો ઉકેલ કરવાની સુદર કળા સ્ત્રીઓમા ક્યા રહી છે અને ક્યારે ખીલે છે તે અનુભવે મને આજે શીખવ્યુ છે

"આજે તારી વિદાય લેતા તારી મહામૂલ્યવાન શક્તિ મારી પાસે રહી ગઈ છે આશા ! આજે તારી વ્યાપક મૂર્તિની વિશાળ મદિરમા પૂજા કરવા માટે હુ તારી વિદાય લઉ છુ હુ દૂરદૂરથી તારી પ્રાપ્તિ કરી શકીશ કમળપત્ર પરના ઝાકળબિંદુની જેમ હુ વિયોગની વિશ્વવ્યાપી સપાટી ઉપર અથડાઈ પડીશ. બને પણ ઓ ભવ્ય સત્ય ! તુ તો તારી પડખે જ રહેજે હવે હું જીવત અગ્નિથી રહી બળી ગયેલો કાળો કોલસો છુ

"જે સૌંદર્યનો હુ એક વાર પૂજારી હતો તે સૌંદર્ય આજે પરવશ પડી ભલે અગણિત ચોળાય, ચૂથાય અને વેડફાઈ જાય પરતુ એવફા નીવડવુ એ મારો સ્વભાવ નથી હુ તો તને પણ મારા માનસ મદિરમા પૂજીશ સ્ત્રી તો કોઈની થઈ નથી અને થવાની પણ નથી પરતુ પુરુષ તો છેક એવો નહિ થઈ શકે પુરુષની નિર્બળતાઓનો સ્ત્રીઓ લાભ ઉઠાવી લે છે પરતુ પુરુષની શક્તિ ક્યા છે તેનો તેને તાગ લાગતો નથી સ્ત્રી તેની સ્વાભાવિક મર્યાદા ઉલ્લઘી ગયા પછી ખરેખરી વિધ્વસક બની જાય છે આશા ! તુ હવે સુખી રહે મારા પ્રેમના અવશેષરૂપી આ ફૂલમાળા મોકલુ છુ તેમાથી મળાય તેટલી સુવાસ માણી લેજે બીજુ તો મારી પાસે કઈ જ રહ્યુ નથી તુ મને માફ કરજે

"હુ તો પરમેશ્વરમા માનુ છુ અને તે જે રસ્તે દોરશે તે રસ્તે દોરાઈશ અને હવે કોઈની જરૂર નથી મે મારી જીવનયાત્રા પૂરી કરી છે હવે તો યાત્રાનો થાક ખાઉ છુ તુ તો કદાચ મને ભૂલી જઈશ પણ મારી નજર આગળ તો તારી અને મારી સધ્યાની બે મૂર્તિઓ સદૈવ જીવતી જ રહેશે રજા લઉ છુ, આશા ફરીથી તને સુખ ઇચ્છુ છુ

અમર"

પત્ર આશાને મળ્યો પણ હવે તેનો કઈ અર્થ નહોતો આશાના વિકૃત મગજને પત્રમા દોઢડહાપણ સિવાય બીજુ કઈ જ ન જણાયુ આશા અમરને ભૂલી જ ગઈ એ સ્ત્રી હતી અને સ્ત્રી એક વાર તેની સ્વાભાવિક સ્ત્રીસુલભ મર્યાદા ઉલઘી જાય છે ત્યાર પછી તે પૂરેપૂરી વિધ્વસક બની જાય છે આશાનુ આમ જ બન્યુ આશાએ અમરના પત્રના ટુકડે ટુકડા કરી નાખ્યા અને એક પછી એક તે ટુકડાઓને હવામા ઉરાડતા ઉરાડતા હસી "પ્રેમી ! સાધુ ! લપટ !"

અમારી ગાડીએ પણ લાબી મજલ કાપી નાખી હતી અને શ્રોતાઓ હવે ધેને ભરાવા માડ્યા હતા ટ્રેન ઊપડવાની શરૂઆતમાં વિજય અને આશાને પ્રેમીઓ કહેનારા મારા મિત્ર મહેશકુમાર હવે બોલ્યા, 'કેમ વાત છે? આવુ બધુ થઈ ગયા પછી આ સાહેબો સાથે ફરતા જણાય છે કે? '

જી હા ત્યારથી જ દુનિયા આ પ્રેમીઓને ઓળખતી થઈ છે પાચ વર્ષની પેલી પ્રેમકહાણી તો દુનિયાથી સાવ અજાણી જ રહી છે '

'પણ આશાને કોઈ દિવસ તેને માટે પસ્તાવો થશે કે નહિ?"

'પસ્તાવો થશે તે દિવસે તો જરૂર ને સળગી

ઊઠશે. એનું હૃદય વિજયને છોડીને અમર માટે ફાંફાં મારશે. પણ હવે તેનો અર્થ શો? હમણાં તો એનામાં વિલાસી મહત્ત્વાકાંક્ષા જાગી છે. મહત્ત્વાકાંક્ષીને માઝા હોતી જ નથી. અને તેમાં ખાસ કરીને સ્ત્રીમાં જ્યારે મહત્ત્વાકાંક્ષાનું પ્રાકટ્ય થાય છે ત્યારે તો તે પુરુષને પણ ટપી જાય છે. આશાએ અમરને છોડ્યો છે એટલેથી જ વાત નથી અટકતી. જે માટે એણે અમરને છોડ્યો છે તે વિજય કંઈ એને હમેશાં આપી નહિ શકે. ત્યારે એ ક્યાં જશે એ કલ્પના અત્યારે થવી મુશ્કેલ છે જો કે વિજય સાથે પણ હમણાં તેને તીવ્ર મતભેદ ઊભો થયો છે, પણ પોતે સ્નેહલગ્નના ચોકઠામાં સપડાયલી હોવાથી તેને દુનિયા આગળ ઉપલકિયા સ્નેહનું નાટક ભજવી બતાવવું જ પડે છે. પણ એ દંભ ક્યાં સુધી? તે વિજયને પણ છોડી દે તો નવાઈ પામવા જેવું કશું જ નથી. દેહસૌંદર્યનું તેને અભિમાન છે. પછી શા માટે તે તેના શોખ પૂરા નહિ કરે?"

"પણ અમર હવે શું કરે છે?" એક મુસાફર બોલી ઊઠ્યા.

"અમર! અમર બીજું શું કરે? તે તો તેની ભાંગેલી દિલરૂબા ઉપર આખો દિવસ ગાતો નજરે પડે છે:

આશા જગની જૂઠી"

અને ગીત પૂરું કરી તે પાગલ જેવું હાસ્ય કરે છે ત્યારે મધુર ચમકીને બોલી ઊઠે છે, "મોટાભાઈ!"

●

હિંદના અદ્વિતીય ભૂગોળવિદ્

શ્રી. ગોવિંદ પ્રભાકર ભાવે.

પરિચાયક : શ્રી. વિપિન જી. ઝવેરી

ગુલામીના અનેક ગેરલાભો સાથે મોટામાં મોટો એવો આ ગેરલાભ પણ ગણાવાયો છે કે ગુલામ પોતાની શક્તિઓ વિષે પણ બેખબર હોય છે. એ સહાય માટે હમેશ બીજાઓ તરફ જ મીટ માંડી રહે છે, જ્યારે એનામાં પોતાની મેળે કામ કરવાની એથી અનેકગણી શક્તિ હોય જ છે.

જગદીશચંદ્ર વસુ, ચંદ્રશેખર રામન, રવીન્દ્રનાથ ઠાકુર, રાખાલદાસ વંદ્યોપાધ્યાય (બેનરજી), મહાત્મા ગાંધી, સરકાર અને સરદેસાઈ, ગજ્જર અને એવા બીજા કેટલાયની શક્તિઓનો પરિચય આપણને મળ્યો છે, જગતે એમને શ્રેષ્ઠ ગણ્યા છતાં આપણે નવું કામ સામે આવતાં પ્રશ્ન કરીએ: 'આપણા લોકોથી આ બને?' આપણા દેશમાં એવું કરી બતાવનાર કોઈ છે એમ કોઈ કહે તોપણ આપણને પૂરો વિશ્વાસ ન બેસે, એવા માણસની શક્તિમાં આપણને શંકા રહે જ.

અને એટલે જ આપણે શ્રી. ગોવિંદ પ્રભાકર ભાવેને ઓળખ્યા નથી. પાંચ વર્ષ પહેલાં હું પણ એમને ઓળખતો નહોતો.

દેશી પરદેશી બધા વિષયો અંગ્રેજીમાં જ શીખવવાનો આપણો મોહ અજબ છે! એવી જ રીતે ભૂગોળ અંગ્રેજીમાં શીખવાય છે. હજી આપણે 'પેસિફિક' મહાસાગરને 'પ્રશાંત' નામ આપતાં અચકાઈએ છીએ. સ્વતંત્ર રીતે આપણે ભૂગોળ લખી શકીએ જ નહિ. આપણે નકશાઓ અને એટલાસ બનાવી શકીએ એવી તો કલ્પના પણ આવવી મુશ્કેલ. આવી માનસવિકૃતિ આપણે ધરાવીએ

છીએ ત્યારે જરૂરનું છે કે ભૂગોળજ્ઞાનની બાબતમ હિંદને દુનિયાના કોઈ પણ દેશની હરોળમા મુકાવી દેવાની શક્તિ ધરાવનાર શ્રી. ગોવિંદ પ્રભાકર ભાવે વિષે આપણે કંઈક જાણીએ

શ્રી ભાવેનો જન્મ ઈ સ ૧૮૯૪માં રત્નાગિરિ જિલ્લામા આવેલા ગુહાગર ગામમા એક ગરીબ પણ ખૂબ સંસ્કારી કુટુંબમા થયો છે એમના કાકા, દાદા, વગેરે વડીલો બંગાળી અને બીજી ભાષાઓના જાણીતા ભાષાવિદ્ હતા શ્રી ભાવેના શબ્દોમા કહીએ તો ‘અમારા કુટુંબમા સૌથી ઓછુ ભણેલો હું છુ ”-એમને બહુ ભણવા ન મળ્યુ એમની નાનપણની કારકિર્દી વિષે બહુ જાણવા જેવુ નથી ભવિષ્યમા ઝળકી નીકળવા નિર્માયેલી લાક્ષણિક ચપળતા, તીક્ષ્ણ બુદ્ધિની સ્પષ્ટ આગાહી, મહારાષ્ટ્રના જૂના ગૃહસ્થ વર્ગમા સારો ક્રમાંક—આ એમની બાલ્યવયની કાર કિર્દીનું સરવૈયુ

ચોટલી અને જનોઈ રાખતો આ ચપળ છોકરો આગળ જતાં હિંદની આંતરરાષ્ટ્રીય વ્યક્તિ બનશે એવી એ વખતે કલ્પના પણ ક્યાથી હોય! પણ પ્રતિભા મોટે ભાગે ધૂમકેતુની પેઠે એકાએક આકાશમા પ્રકાશી ઊઠે છે અને સૂર્યની પેઠે હમેશા આકાશમા પ્રકાશતી રહે છે ૧૯૧૨મા જ્યારે કિશોર ગોવિંદે મૅટ્રિકમા સંસ્કૃતમા પ્રથમ આવી શંકરશેઠ સ્કોલરશીપ મેળવી ત્યારે એના પિતાને તો હર્ષ થયો પરંતુ શિક્ષકને પણ ખૂબ આનંદ થયો

આટલી નાની ઉમરે આ છોકરો રાજનીતિમા ભાગ લેતો હતો મહારાષ્ટ્રના બંડખોર પત્રકાર અચ્યુત બળવંત કોલ્હટકરના ‘સંદેશ’ માં એણે ૧૯૧૨મા ઍનિ બિસેન્ટ વિરુદ્ધ લખેલા લેખોએ મહારાષ્ટ્રીઓમા સારી ચર્ચા જગાડી હતી એ પછી તિલક અને બિસેન્ટ બેલગામમા મળ્યા અને પોતાના વાંધાઓને એક કોરે મૂકી સંયુક્ત મોરચો માંડવાના મૈત્રીકોન કર્યા (હોમરૂલ ચળવળ-૧૯૧૪થી).

મૅટ્રિકમા સારી ખ્યાતિ મેળવી પસાર થઈ તેઓ મુંબઈની વિલ્સન કૉલેજમા જોડાયા પણ એમના પિતા વર્ષોથી ગરીબોના આંસુ લૂછતા તેમને જ હવે ગરીબીનો સામનો કરવાનો આવ્યો ગરીબીએ યુવાન અને આશાવંત ભાવેને કૉલેજ છોડાવી નોકરી લેવરાવી નોકરીની અરજીના જવાબમા ટપ ખાતાએ એમને લંડનમાં જગા આપી પણ જૂના જમાનાના વૃદ્ધ પિતા બાળકને એટલે દૂર કેમ મોકલી શકે? ને પરિણામે ભાવેને મુંબઈમા જ રૂપિયા પચીસની પૉસ્ટ-ઑફિસની નોકરી સ્વીકારવી પડી

પણ મહત્ત્વાકાંક્ષી અને આગળ ઉપર નામ કાઢવા સર્જાયેલ યુવાન ભાવેને એમ પચીસ રૂપિયાની નોકરીમા સડવાનુ કેમ ફાવે? એમણે એક નવી સ્કૂલ ઊભી કરાવી, અને એમા પોતે મુખ્ય શિક્ષક તરીકે રહ્યા પણ ગરીબનુ નસીબ બે ડગલા આગળ ને આગળ એ સ્કૂલના સ્થાપકોને, મૅનેજર બરાબર વ્યવસ્થા ન કરી શકતા હોવાથી સંસ્થા બંધ કરવી પડી, અને શ્રી ભાવે સરકારી કેળવણીખાતામાં રૂપિયા પચાસના પગારે જોડાયા

સરકારી કેળવણીખાતામા એમણે થોડો સમય ઇન્સ્પેક્ટર તરીકે કામ કર્યું, પણ એ હાડમારી ન ફાવવાથી એમણે શિક્ષક તરીકે જ પોતાની કારકિર્દી કાયમ કરી ત્યારથી આજ સુધી એમનો મુખ્ય ધંધો શિક્ષકનો જ છે અને હાલ પણ તેઓ મૂર્તિજાપુર (બિરાર) ગવર્નમેંટ સ્કૂલમા શિક્ષકનુ કાર્ય કરી રહ્યા છે

એઓ આવા સામાન્ય શિક્ષક છે એ જાણ્યા પછી ઘણાને લાગશે કે એક શિક્ષક માટે આટલુ પિષ્ટપેષણ શુ? પણ શિક્ષક જેવા જગતની દૃષ્ટિએ સામાન્ય અને જીવનની નિષ્ફળતાના પ્રતીકરૂપ ગણાતા ધંધામા હોવા છતા પ્રતિભા અને અભ્યાસ વડે પોતાના બચત સમયનો જે ઉપયોગ એમણે કરી બતાવ્યો છે તે જ આપણાં મસ્તક એમની આગળ નમાવે છે અને એટલે જ એમનો પરિચય આવશ્યક બને છે

૧૯૨૪-૨૫માં જ્યારે ભાવે જબલપુરમા B T નું શિક્ષણ લેતા હતા ત્યારે એમણે એક સાહસ માથે ઉપાડ્યુ અને ત્યારથી એમની ભૂગોળવિદ્ તરીકેની જ્વલંત કારકિર્દીના શ્રીગણેશ મંડાયા મધ્યપ્રાંત અને

બિરારની સરકારે જાહેરાત કરી કે હિંદી દૃષ્ટિબિંદુથી બાળકો માટે એક પણ ભૂગોળપુસ્તક ન લખાયું હોવાથી એ દિશામાં કાર્ય થવાની જરૂર છે, અને એટલા માટે એ જાતનાં પુસ્તકો માંગવામાં આવે છે. આ બાબતમાં ભૂગોળવિદો, લેખકો કે શિક્ષક-પ્રાધ્યાપકોને પ્રયત્ન કરવાનું મન થાય તે માટે સરકારે પાંચસો રૂપિયા પુરસ્કાર પણ જાહેર કર્યો. આ જાહેરાત વાંચીને ભૂગોળના રસિયા ભાવે એ કામ પાછળ મંડી પડ્યા. રાતદિવસ એમણે પુસ્તકો વાંચ્યાં અને પોતાનું પુસ્તક મરાઠી અને પાછળથી હિંદીમાં (એઓ મધ્યપ્રાંતમાં રહ્યા હોવાથી હિંદી પણ શુદ્ધ લખી શકે છે. એમને બંગાલીનું પણ સારું જ્ઞાન છે.) લખી કાઢ્યું, બે વર્ષના ગાળામાં એમણે એ પુસ્તક લખ્યું અને ફરી સાદ્યંત સુધાર્યા કર્યું.

આખરે પરિણામ જાહેર થયું, અને તેમાં નવ મરાઠી અને પંદર હિંદી હરીફ પુસ્તકોમાંથી એ સર્વશ્રેષ્ઠ ગણાયું. એ પુસ્તક સરકારને એટલું બધું અદ્વિતીય લાગ્યું કે એણે ચાર વર્ષ સુધી યુક્તપ્રાંત, મધ્યપ્રાંત અને બિરારમાં ભૂગોળના વિષયમાં એ સિવાય બીજું કોઈ પણ પાઠ્યપુસ્તક ન વાપરવું એવો સર્ક્યુલર કાઢી એમના પુસ્તકને પૂરું ઉત્તેજન આપ્યું. શ્રી ભાવે આવા મોટા પ્રાંતોમાં પાઠ્ય તરીકે સ્વીકારાયેલા પુસ્તકમાંથી સ્વાભાવિક રીતે જ ખૂબ કમાયા. અમદાવાદના શ્રીયુત પરીખે પણ આ ચોપડીનો આધાર લીધો છે.

પણ આ તો ભાવેની ભૌગોલિક જ્ઞાનની કારકિર્દીની શરૂઆત માત્ર હતી. આ પછી એમણે ૧૯૨૭ની સાલથી ઇંગ્લેંડ, ફ્રાન્સ, રશિયા અને જર્મનીની ભૂગોળનો ઊંડો અભ્યાસ કરવા માંડ્યો. જ્ઞાનને એવો શાપ છે કે જેમ જેમ એ વધારે પ્રાપ્ત થાય તેમ તેમ એ બહુ જ ઓછું મેળવાયું છે એમ લાગતું જાય. શ્રી ભાવેને આ ચાર મોટા દેશોની ભૂગોળનો અભ્યાસ કરતાં જણાયું કે ભૂગોળ જાણવા માટે એકલાં ભૂગોળનાં પુસ્તકો વાંચીને બેસી રહે ન ચાલે. આથી એમણે એની સાથે સંકળાયેલ બધી બાબતોનો અભ્યાસ કરવા માંડ્યો. કાર્ટોગ્રાફી (નકશા દોરવા), સરવેઇંગ અને લિથોગ્રાફી જ નહિ, પણ ફોટોગ્રાફીનો અભ્યાસ પણ ભૂગોળને લગતાં પ્રકાશનો માટે આવશ્યક હતો, તેથી એ પણ, એમ ચારે વિષયોમાં પારંગત બન્યા. આ વિષયોનું જ્ઞાન અને ભૂગોળશિક્ષક તરીકેનો અનુભવ અને અભ્યાસ આ બેને લીધે જ એઓ ભવિષ્યમાં એટલાસકાર થઈ શક્યા.

એમના આ અભ્યાસ દરમિયાન એઓ પત્રવ્યવહારથી ન્યૂયોર્કના ભૂગોળ અને કાર્ટોગ્રાફીના વિશ્વવિખ્યાત પ્રાધ્યાપક પોલ ગૂડીના સમાગમમાં આવ્યા, અને એમની પ્રેરણાથી કાર્ટોગ્રાફી પર એટલો સુંદર બૃહન્નિબંધ લખ્યો કે જેથી ન્યૂયોર્કની જ્યોગ્રાફિકલ સોસાયટીએ એમને અતિ માનાર્હ એવું પોતાની સંસ્થાના ફેલોશિપનું પદ સમર્પ્યું. દક્ષિણ હિંદ મધ્યપ્રાંત અને બિરારમાં તો આ પદ ધરાવનાર ભાવે એકલા જ છે, અને ઘણે ભાગે આખા હિંદમાં પણ બીજા કોઈને એ માન મળ્યું નથી. હું જાણું છું ત્યાં સુધી બહુ ઓછા પૌર્વાત્યોને આ ગૌરવભર્યું બિરુદ અપાયું હશે, અને એટલે એમણે મેળવેલ એ પદ હિંદને નહિ તો એમને પોતાને માટે તો ગૌરવરૂપ છે જ. એમનાં ભૌગોલિક પ્રકાશનોમાં એઓ પોતાની બીજી કોઈ લાયકાતો કે પોતે લખેલ બધા ગ્રંથોની લાંબી યાદી આપવાને બદલે માત્ર આટલું જ લખે છે. "પ્રયોજક : ગોવિંદકુમાર પ્રભાકર ભાવે-ફેલો ન્યૂયોર્ક જ્યોગ્રાફિકલ સોસાયટી."

કાર્ટોગ્રાફીના પોતાના અભ્યાસના પરિણામે એમણે ૩૦"–૪૦"ના કદનો હિંદનો કાર્ટોગ્રાફિકલ મૅપ બહાર પાડ્યો. આ જાતની નવીન રચના આગળ માત્ર જર્મનીમાં જ થઈ હતી, અને એ પણ કદાચ ભુલાઈ જવા આવેલ પણ ભાવેના આ ઉપયોગી પ્રયાસથી બીજા પાશ્ચિમાત્યોનું ધ્યાન એ તરફ ખેંચાયું અને ભાવેને પગલે અનુસરીને ઇંગ્લેંડ વગેરે દેશોએ પોતાના એવા નકશા કાઢ્યા.

જેવી અપૂર્વ નવીનતા કાર્ટોગ્રાફિકલ મૅપમાં હતી તેવી જ અપૂર્વ ફત્તેહ તેમના એ પછીના પ્રકાશન, ૪૦"–૫૦"ના વૉલ-મૅપને મળી. આ

જ એમને મન મુખ્ય છે ધર્મ, જાતિ કે પ્રાંતીયતા નહિ પોતાના વિદ્યાર્થીઓના પ્રિય હોઈ એમના શિષ્યો પણ આજે એમના કાર્યમા સહાય કરવા તત્પર હોય છે

ભાવેને વિદ્યાપીઠની ઊંચી ઉપાધિ હોત તો એ સારી કૉલેજમા પ્રાધ્યાપક હોત, એ ગોરી ચામડીના હોત તો એમનુ વિશ્વના ભૂગોળવિશારદોમા છેક આવુ ઉપેક્ષિત સ્થાન તો ન જ હોત પણ એમનામાં જેટલુ છે તેટલું ય આપણને ઓછુ નથી ગરીબ હિંદ એમના જેવા જ મહેનતુ ચૌગ્સ–versatile–, ધર્મનિષ્ઠ અને સાદા ભાવે માટે મગરૂર છે, અને એમની પાસે એટલી જ આશા રાખે છે કે એઓ ભૂગોળવિજ્ઞાનની બાબતમા હિંદને દુનિયાની હરોળમા લાવી મૂકે જો ભાવે એ કરી શકશે તો હિંદ એમને પોતાના એક મોટા વિદ્વાન જ નહિ પણ મહાન ઉપકારક તરીકે ય અપનાવશે, અને જો એઓ એમ નહિ કરી શકે તો હિંદને, એ ગમે તેટલા મોટા માણસ હોવા છતાં, એમની કાંઈ કિંમત નહિ રહે

☆

સોનાનું અર્થશાસ્ત્ર

શ્રી. ડુંગરશી ધરમશી સંપટ

સોનું શું છે? સોનાના ભાવો છેલ્લા કેટલાંક વર્ષોથી ચડતા જ કેમ જાય છે? એ ભાવો કયા સંજોગોમાં ઊતરવા માંડે? બધું સોનું ક્યાં ઘસડાય છે? એક જ દેશમાં બધુ સોનું ભરાઈ રહે અને બીજા કોઈ દેશમાં તે મુદ્દલ ન રહે તો સોનાની શી સ્થિતિ? સોનાનુ સ્થાન આજે જે છે તે બીજી કોઈ વસ્તુ લઈ શકે?

हिरण्यदा अमृतत्वं भजन्ते (ऋग्वेद)

જગતના અતિ પ્રાચીન પુસ્તક ઋગ્વેદના બીજા મંડળમા સુવર્ણની અત્યંત સ્તુતિ કરવામા આવી છે વેદો, પુરાણો, ઇતિહાસોમા એના ગુણો સતત ગાયા છે ઋગ્વેદમા ઋત્વિજોને સોનાનુ દાન આપનાર અમૃતત્વને પામે છે એ રીતે લખ્યુ છે. સર્વ દેશોના પ્રાચીન ઇતિહાસો (ઇજિપ્ત, બેબિલોન, ચીન) મા પણ સોનાની સર્વોપરિતા સ્વીકારવામા આવી છે. પુરાતત્ત્વવિદ્યાવેત્તાઓ જણાવે છે કે મોહેંજોદડો અને તામ્રયુગ પહેલા સુવર્ણયુગ હતો આ પણ હિંદને પ્રાચીન કાળમા અનેક દેશો સાથે સાગર મારફતે વેપારી સંબંધ હતો એટલે અહીં હિંદની વસ્તુ, ઓને બદલે પરદેશનું પુષ્કળ સોનુ આવતું હતુ મોહેંજોદડોની જૂની સંસ્કૃતિમા પણ સુવર્ણનો વપરાશ જોવામાં આવ્યો છે મુસલમાનોના અનેક આક્રમણો જ્યાં હિંદની બાજુ અને પરદેશો પુષ્કળ સોનું હિંદને પૂરું પાડતા હતાં

યુરોપમાં સોનું

યુરોપ સોળમી સદી સુધી થોડા વત્તા પ્રમાણમા અર્ધ જંગલી અવસ્થામા હતું એટલે ત્યાં સોનાની રેલછેલ નહોતી સ્પેનિયાર્ડોએ અમેરિકાનું આક્રમણ સોના માટે જ કર્યું હતુ એ પછી એ પીળી ધાતુનો શોખ યુરોપમાં એટલો વધી પડ્યો કે એની ભૂખને લીધે હજારો માણસો ભયંકર સંકટો વેઠીને નાના વહાણોમા બેસી ધાતુ મેળવવા અણુખેડ્યા અને અણજાણ્યા પ્રદેશો ખૂંદવા નીકળી પડ્યા. એ ધાતુ મેળવવા માટે આ ક્રૂર સાહસિકોએ ભયંકર અત્યાચારો પછાત માનવજાતિઓ ઉપર કર્યા છે કપારી ક્રૂર એવા ક્રૂરો લડાઈઓ, સંહારો આ ધાતુ માટે થયાં છે સ્પેનનાં સોનાના વહાણો લૂટવા માટે અંગ્રેજી ચાંચિયાઓના સેંકડો વહાણો સાગરમા ઘૂમતાં હતા. સોનુ મેળવવા માટે જે ક્રૂરતા ભરી કૃત્યો થયાં છે તે રૂવાં ઊભાં કરે એવા છે

સોનાની શોધો

અઢારમી સદી સુધી યુરોપમાં સ્પેન, સેક્ષની અને ઑસ્ટ્રેલિયામાંથી સોનું થોડું થોડું ખોદી કઢાયું હતું. અમેરિકાની શોધ પછી મેક્સિકો અને બ્રાઝિલમાંથી યુરોપને પુષ્કળ સોનું મળ્યું હતું. પરંતુ સને ૧૮૨૩ થી સને ૧૮૪૮ સુધી રશિયામાં પુષ્કળ સોનું વધવા લાગ્યું હતું. સને ૧૮૪૯માં અમેરિકાની કેલીફોરનિયાની ખાણો શોધી કાઢવામાં આવી તેમાંથી પુષ્કળ સોનુ મળ્યું. સને ૧૮૫૨ માં ઑસ્ટ્રેલિયામાં સોનાની ખાણો મળી. કેલીફોરનિયા અને ઑસ્ટ્રલિયા વચ્ચે સોના પેદા કરનાર તરીકેની પહેલી જગ્યા મેળવવાની હરીફાઈ સને ૧૮૫૩ અને ૧૮૯૩ વચ્ચે ચાલી. એ સમયે ઉપલા પ્રદેશો જગતની કુલ પેદાશના ૮૭ ટકા સોનું પેદા કરતા હતા. સને ૧૮૮૫માં દક્ષિણ આફ્રિકાની પ્રખ્યાત ખાણો શોધાઈ. હવે એનો નંબર સોનાની પેદાશમાં પ્રથમ છે. સોનાની મોટી પેદાશો થોડા દાયકાઓ થયાં જ મોટા પ્રમાણમાં થાય છે. છેલ્લાં સાડા ચારસો વરસોમાં કુલ સોનું ૧૨૨ાા કરોડ ઔંસ ખોદી કાઢ્યાનો અડસટ્ટો છે. તેમાંથી સને ૧૮૫૧ પછી ૯૦ વરસમાં ૧૦૭ કરોડ ઔંસ ખોદી કાઢવામાં આવ્યું.

સોનાની જુદા જુદા દેશોમાં પેદાશનો કોઠો

નીચેના આંકડા જુદાં જુદાં દેશોમાં કેટલા હજાર ઔંસ સોનું જુદાં જુદાં વર્ષોમાં મળ્યું તેના છે.

વરસ	દક્ષિણ આફ્રિકા	યુનાઈટેડ સ્ટેટસ	કેનેડા	રશિયા	બીજા દેશો	જગત માટે ટોટલ	કિંમત સ્વીઝમાર્ક (કરોડમાં)
૧૯૧૫	૯૦૯૬	૪૮૮૮	૯૧૮	૧૫૪૬	૬૧૪૬	૨૨૫૯૪	૨૪૨ કરોડ
૧૯૨૩	૯૧૪૯	૨૫૦૩	૧૨૩૩	૪૩૮	૪૪૬૩	૧૭૭૮૬	૧૯૦ ,,
૧૯૨૭	૧૦૧૨૨	૨૧૯૭	૧૮૫૩	૮૧૦	૪૪૬૪	૧૯૪૪૬	૨૦૮ ,,
૧૯૩૦	૧૦૭૧૬	૨૨૮૬	૨૧૦૨	૧૪૩૪	૪૧૮૪	૨૦૭૨૨	૨૨૨ ,,
૧૯૩૧	૧૦૮૭૮	૨૩૯૬	૨૬૯૪	૧૭૦૧	૪૭૦૨	૨૨૩૭૧	૨૩૯૭ ,,
૧૯૩૨	૧૧૫૫૯	૨૪૪૯	૩૦૪૪	૧૯૯૦	૫૨૨૪	૨૪૨૬૬	૨૬૦૦ ,,
૧૯૩૩	૧૧૦૧૪	૨૫૩૭	૨૯૪૯	૨૬૬૭	૬૩૪૭	૨૫૫૧૪	૨૭૩૩ ,,
૧૯૩૪	૧૦૪૮૦	૨૯૧૬	૨૯૬૫	૪૨૬૩	૬૭૧૫	૨૭૩૩૯	૨૯૨૯ ,,
૧૯૩૫	૧૦૭૭૩	૩૬૧૯	૩૨૮૦	૫૬૫૦	૭૩૫૬	૩૦૬૭૮	૩૨૮૭ ,,
૧૯૩૬	૧૧૩૩૯	૪૨૯૫	૩૭૨૧	૭૫૫૦	૮૫૪૯	૩૫૨૫૪	૩૭૭૭ ,,

આમાં પ્રથમ નંબરે દક્ષિણ આફ્રિકા અને બીજે નંબરે રશિયા છે. એમણે આજ સુધી એ જ પ્રમાણમાં સોનું કાઢ્યા કર્યું છે. સને ૧૯૩૧ પછી સોનામાં ભારે તેજી આવી તેથી સોનાની પેદાશ દિન પ્રતિદિન વધતી જાય છે. સને ૧૮૫૦ માં ૩૫લાખ ઔંસ સને ૧૯૨૯ માં બે કરોડ અને સને ૧૯૩૬ માં ૩ા કરોડ ઔંસ સોનું જગતમાં પેદા થયું હતું. સોનું એટલા મોટા પ્રમાણમાં ખોદી કાઢવામાં આવે છે કે દૂરના ભવિષ્યમાં સોનાની 'અછત આવવા ઘણા ધારે છે.

પૂર્વના દેશો સોનું નિકાશ કરે છે

હિંદ અને ચીનમાં સોનું નીકળે છે છતાં ભૂતકાળમાં એ દેશો પુષ્કળ સોનું બહારથી મંગાવતા હતા છેલ્લા મહાયુદ્ધ પછી હિંદમાં રૂપિયા ૧૮ થી ૨૦ના ભાવનું સોનું મોટી રકમ આવ્યું હતું, હવે સંકટના કારણે હિંદ અને ચીન સોનું પાછું કાઢે છે. સપ્ટેમ્બર ૧૯૩૨ થી માર્ચ ૧૯૩૩ સુધી હિંદે ૩ા કરોડ ઔંસ સોનાની પરદેશ નિકાશ કરી છે. આ નિકાશ આખા જગતની સને ૧૯૩૭ની પેદાશ જેટલી છે. ચીને પણ એ જ મુદતમાં ૧ કરોડ ઔંસ સોનું પરદેશો ખાતે ચડાવ્યું છે. જગતમાં પેદા થતા કુલ સોનાના માત્ર પાંચ ટકા જ ઘરેણાં અને બીજાં સાધનોમાં વપરાય છે. બાકી ૯૫ ટકા સોનું ચલણો નિભાવવા માટે રાજ્યોના ખજાનામાં જમા થાય છે. તે સિવાય યુરોપનાં ધનવાનોએ સોનામાં શ્રદ્ધા રાખી છે. સોના સિવાય બીજી કોઈ પણ વસ્તુ હમેશ માટે કિંમતી રહે એવું એમને લાગતું નથી. એટલે એમને ૭૦૦ કરોડ સ્વીસમાર્કની કિંમતનું સોનું ખાનગી સંઘર્યું છે. સરકારની બધી છતાં અમેરિકાનાં ધનવાનો પણ ખાનગી સોનું સંગ્રહે છે. જગતે હવે સ્વીકાર્યું છે કે સોના સિવાય કોઈ વસ્તુ ચોક્કસ (stable) નથી.

સોનાનું સરવૈયું

સને ૧૯૩૧ થી, એટલે કે જ્યારથી સોનાની તેજી થઈ છે ત્યારથી તે સને ૧૯૩૫ સુધી ૧૬ાા કરોડ ઔંસ સોનું પેદા થયું હતું. ૪ા કરોડ ઔંસ હિંદ અને ચીનમાંથી નિકાશ થયું હતું. આવી રીતે ૨૦ાા કરોડ ઔંસ સોનામાંથી ૧૨ કરોડ ઔંસ સોનું મોટાં રાજ્યોની બેંકોમાં ગયું છે. ૫૮ ટકા ત્યાં જમા થયું છે, બાકી ખાનગીમાં અને અલંકારો માટે ગયું છે. જગતમાં કયા દેશો પાસે કેટલો જથો છે તે નીચે પ્રમાણે કોઠાથી વિદિત થશે.

દેશ	૧૯૨૯માં	૧૯૩૬માં	હમણાં
	દશ લાખ ઔંસ	દશ લાખ ઔંસ	દશ લાખ ઔંસ
યુનાઇટેડ સ્ટેટસ	૧૮૮·૬	૩૨૨·૦	૪૦૦·૦ લગભગ
ઇંગ્લેંડ	૩૪·૩	૭૩·૮	થોડું ઘટયું છે
ફ્રાન્સ	૭૯·૦	૮૫·૫	,,
જર્મની	૨૬·૩	૦·૮	ઝેકોસ્લોવેકિયા અને ડેન્માર્ક-પોલેંડનો જથ્થો મળ્યો છે.
નેધરલેંડ	૮·૭	૧૪·૦	થોડું વધ્યું છે.
બેલ્જિયમ	૭·૭	૧૮·૦	,,
સ્વીટ્ઝરલેંડ	૫·૫	૧૮·૭	,,
જગતમાં સંગ્રહાયેલ સોનાનો જથો	૪૯૯·૪ (પચાસ દેશો પાસે)	૬૪૭·૪ (બાવન દેશો પાસે)	

હવે સોનું ક્યાં ભેગું થાય છે ?

જર્મની, ઇટાલી, જાપાન પાસે બહુ થોડો નજીવો સોનાનો જથ્થો છે. ફ્રાન્સ અને ઇંગ્લેંડે થોડો સોનાનો સંગ્રહ વિમાનો–દારૂગોળો લેવા માટે યુનાઇટેડ સ્ટેટ્સ ખાતે મોકલ્યો છે. બાકી પોતાના ચલણ અને હૂંડિયામણ નિભાવવા માટે ફંડને સોંપ્યો છે. રશિયાની સોનાની પેદાશનો મુખ્ય ભાગ અમેરિકામાં યંત્રો, કાચી વસ્તુઓ અને બીજું ખરીદવામાં વપરાય છે જગતની સોનાની પેદાશનો ૬૨ ટકા ભાગ હવે અમેરિકા તરફ ખેંચાય છે. ત્યાં હમણાં જગતના કુલ સંગ્રહમાંથી ૬૦ ટકા સોનાનો સંગ્રહ ભેગો થયો છે. સોનાની વહેંચણી એકતરફી એટલે મુખ્ય ભાગ અમેરિકા તરફ વહેતો હોવાથી જગતમાં સોનું વધારે પ્રમાણમાં છે કે નહિ તે આંકળી શકાતું નથી. હમણાં તો યુદ્ધને લીધે સોનાએ વધારે પ્રવાહમાં અમેરિકા તરફ વહેવા માંડ્યું છે. ત્યાં જમીનની અંદર પોલાદના મોટા રક્ષિત કિલ્લાઓમાં એ સોનું સંગ્રહાય છે.

અમેરિકાનો સોનાનો સંગ્રહ

મહાયુદ્ધ પહેલાં પણ યુરોપનાં રાજ્યો અમેરિકા પાસેથી પુષ્કળ માલ ખરીદતાં હતાં. પોતાના નિકાશ-માલ ઉપરાંત બાકી વધેલી અમેરિકાની આયાતની કિંમત એમને સોનામાં ભરવી પડતી હતી. અમેરિકા કાચાં અને પાકાં દ્રવ્યો મોટા જથામાં પેદા કરે છે. અને ૧૯૨૧થી ૨૪ સુધી યુરોપનાં ચલણોની અવ્યવસ્થાને લીધે મોટી રકમ-સોનું અમેરિકામાં આવવા માંડ્યું હતું. અમેરિકાના માલો ખરીદવા માટે યુરોપને ત્યાં સોનું મૂકવું પડતું હતું. પરંતુ ત્યાંથી પાછું સોનું યુરોપમાં આવવાના માર્ગ નહોતા. કારણ કે અમેરિકા મુખ્યત્વે સૌ કાચી પાકી વસ્તુઓ પોતાને ત્યાં બનાવતું હતું. પદર વરસમાં ત્યાં ૬૦ કરોડ ડોલરની કિંમતના સોનાનો સંગ્રહમાં ઉમેરો થયો હતો. ત્યાર પછી પણ એ સંગ્રહમાં કૂદકે અને ભૂસકે વધારો થતો જાય છે.

અમેરિકામાં મોટી મંદીનું મોજું

અમેરિકા સમગ્ર યુરોપના દેશોનું લેણદાર હતું. વ્યાજ પેટે એને સોનું પડયું હતું, વ્યાજ પેટે એને સોનું મળ્યે જતું હતું પરંતુ જગતમાં કાચી વસ્તુઓની પેદાશ વધી પડી. અમેરિકાની કાચી પાકી વસ્તુઓની પેદાશ પણ ખૂબ વધી. જગતના દેશો પાસે અમેરિકાનો માલ લેવા માટે પૈસા કે સોનું નહોતું, તેઓએ દેવાળું કાઢી અમેરિકાને નાણાં કે વ્યાજ આપવું બંધ કર્યું. આથી અમેરિકામાં કાચા માલ કે પાકા માલનો મોટો સંગ્રહ થયો. ઘરાકો વગર એ સંગ્રહ ખેડૂતોને દુઃખદાયી થઈ પડયો. ખેડૂતોએ મહેસૂલ ભરી નહિ, બેંકોને વ્યાજ આપ્યું નહિ, એમનાં ખેતરો લિલાઉં થયાં પણ કિંમત ઊપજી નહિ. આવી ૨૦ હજાર બેંકોને દેવાળું કાઢવું પડયું. સોનાનો મોટો જથ્થો હોવા છતાં મોટી આર્થિક અવ્યવસ્થા થઈ ગઈ. રાજ્યે દોઢ કરોડ બેકારોને નિભાવવા પડયા. કરોડો ઘઉંની ગુણીઓ અને કપાસની ગાંસડીઓ રાજ્યને ખરીદી લેવી પડી. લોકો સોનામાં સલામતી સમજી સોનાનો ખાનગી સંગ્રહ કરવા માંડયા.

ફ્રાન્સમાં સોનાનો સંગ્રહ

ફ્રાન્સમાં પણ સોનાનો સંગ્રહ થવા માંડયો. ફ્રાન્સ નાના દુકાનદારોનો સમૃદ્ધિશાળી દેશ છે. ત્યાં ચેકોનો વહીવટ વધારે નથી. પણ સોના અને બેંકનો છે. તે ઉપર ચલણ નભે છે. બેંકોને સરકારી જામીનગીરીનાં કાગળિયાં રાખવાની કાયદેસર જોગવાઈ નથી. આ બેંકો પોતાની નોટોના ફેલાવા સાથે સોનું સંગ્રહે છે. ફ્રાન્સમાં સને ૧૯૨૯થી ૩૧ સુધી કાચી પાકી વસ્તુઓની પેદાશ વધી પડી. વેપાર પણ વધ્યો. યુરોપમાં ફ્રાન્સ આંટમાં પહેલે નંબરે આવ્યું આથી નોટોનું ચલણ ખૂબ ફેલાયું. નોટોની સાથે જામીનગીરી રાખવા સોનાનો મોટો જથો પણ ત્યાં ભેગો થયો. પરંતુ પાછળથી જર્મની અને ઑસ્ટ્રિયાનાં ચલણો ભાંગી પડતાં ફ્રાન્સનું કરજ તેમની પાસેથી મળ્યું નહિ. ફ્રાન્સનો લશ્કરી ખર્ચો પણ ઘણો વધી ગયો હતો. બીજા બધા દેશોએ સોનાનું ચલણ મૂક્યું પરંતુ ફ્રાન્સે જીદ કરી સોનાનું ચલણ ચાલુ રાખ્યું. એ ચલણને નિભાવવા ફ્રાન્સે સખત જહેમત કરી પોતાની આંટનો ભોગ દેવા માંડ્યો. આથી ફ્રાન્સનાં બજેટો

હમેશાં મોટી ખોટવાળાં થયાં. એનું કરજ વધી ગયું. એના ચલણની પદ્ધતિ ભાંગી પડી. ઈંગ્લૅંડે આ વખતે એને નાણાં ધીર્યાં. આથી ફ્રાન્સે પોતાના ચલણને સ્થિર કર્યું. છેવટે એને સોનાનું ચલણ મૂકી દેવું પડયું.

ગોલ્ડ સ્ટૅન્ડર્ડ એટલે સોનાનું ચલણ

આ જગતમાં સર્વ વસ્તુઓના મૂલ્યનું મધ્યસ્થ બિંદુ સોનું છે. એનું સ્થાન કોઈ વસ્તુ લઈ શકે એમ નથી. હીરા, જવાહિર, તાંબું, ચાંદી એ કોઈ વસ્તુ જગતના આર્થિક વસ્તુઓના મૂલ્યકરણ વાસ્તેના ગુણો ધરાવતી નથી. કારણ કે એ વસ્તુઓ નાના મોટા જથ્થામાં સમભાવી નહિ હોવાથી મૂલ્યાંકન માટેના કેન્દ્રના ગુણો ધરાવી શકે નહિ. સોનાને સર્વ પ્રજાઓ મૂલ્યાંકનના કેન્દ્ર તરીકે સ્વીકારતી આવી છે. ગત મહાયુદ્ધ પહેલાં સૌ દેશો એને ચલણ, હૂંડિયામણ અને મૂલ્યાંકનના કેન્દ્ર તરીકે સ્વીકારતા હતા. એની કિંમત જગતનાં સર્વ ચલણોની આધારભૂત હોવાથી પરસ્પરનાં હૂંડિયામણ સ્થિર કરવા માટેની હતી. સૌ રાજ્યો પોતાની ચલણી નોટો અને સિક્કાઓના બદલામાં સોનું આપવા કાયદેસર બંધાયેલાં હતાં, પરંતુ ગત મહાયુદ્ધ પછી જગતના અર્થશાસ્ત્રમાં મોટી અવ્યવસ્થા થતાં સૌ રાજ્યોને સોનાનું ચલણ મૂકવું પડયું. હવે કોઈ રાજ્ય પોતાની ચલણી નોટો અથવા સિક્કાઓના બદલામાં સોનું આપવા બંધાયલું નથી.

અંગ્રેજોને સોનાનું ચલણ કેમ મૂકવું પડયું ?

અંગ્રેજો આખા જગતમાં સૌથી મોટા શરાફ ગણાય છે. એમનું લંડન શહેર આખા જગતના વેપારનાં આર્થિક મૂલ્યોનું કેન્દ્રસ્થાન હતું. કોઈ પણ દેશ માટે બે દેશ વચ્ચેના ચલણના હૂંડિયામણના ભાવ લંડન નક્કી કરે. આ આર્થિક સાર્વભૌમ પદવી યુદ્ધના સમયે ન્યુયોર્કે છીનવી લીધી હતી. પરંતુ પાછળથી લંડને તે પાછી મેળવી લીધી હતી. એટલામાં જગતમાં મંદીનું મોજું ફરી વળ્યું. ઈંગ્લંડનું બીજાં રાજ્યો ઉપરનું કરજ એ રાજ્યોએ આપ્યું નહિ. એનાં બજેટો ખાધવાળાં થયાં. કરજો વધવા લાગ્યો. એની પાસે પરદેશીઓની જામીનગીરીઓ મોટા જથ્થામાં રહેતી હતી તે ખેંચાઈ જવા લાગી. અમેરિકાએ વધુ કરજ આપવાની ના પાડી. ફ્રાન્સે કોઈ રાજ્યદ્વારી કારણસર એને કરજ આપી નાણાં ધીરવા ના પાડી. બ્રિટનની આંટ ઘટી ગઈ. નોટોને બદલે સૌ એની પાસે સોનું માગવા માંડયા. ઘણું સોનું એણે આપ્યું. પરંતુ દરોડો પડયો તેને પહોંચી વળવાનું અશક્ય હતું તેથી એણે સોનાનું ચલણ સવેળા બંધ કરી કાગળિયાંનું ચલણ ચાલુ કર્યું. હવે બ્રિટન નોટોને બદલે સોનું આપવા બંધાયલું નથી. પરંતુ પોતાના ચલણના ટકાવ માટે મોટી રકમ સોનું દક્ષિણ આફ્રિકા અને હિંદ પાસેથી ચાલુ ખરીદે છે.

જર્મનીની ચલણનીતિ

જર્મની ઉપર મિત્રરાજ્યોએ છ અબજ પૌંડનો ગજબનાક દંડ નાંખ્યો. એના ઉપર દેશપરદેશોનું મહાભારત કરજ હતું. જર્મનીએ પોતાના ચલણને ફુગાવી એક પૌંડના દશ લાખ માર્ક સુધી કર્યો. આથી એનું દેશનું કરજ ખલાસ થઈ ગયું. પરદેશોનું કરજ એણે આપવા ચોખ્ખી ના પાડી. જર્મની પાસે સોનાનો મોટો જથ્થો હતો નહિ. છતાં એણે જુદા જુદા દેશો પાસેથી કાચાં દ્રવ્યો લઈ બદલામાં પોતાનાં બનાવેલાં પાકાં દ્રવ્યો આપી તેમાંથી મોટી કમાણી કરી. જર્મનીએ જાતજાતનાં ચલણો કાઢી ચલણની જાદુગીરી ચલાવી પોતાનો વેપાર વધાર્યો. એણે પોતાનો સોનાનો જથ્થો અને પ્રજાની કમાણી મોજશોખને ત્યજી લશ્કર અને લશ્કરી સાધનોનો મહાન વિકાસ કરવા વાપરવા માંડયાં. આખી પ્રજાના અર્થશાસ્ત્રનો કબજો લઈ સોનાનો સંગ્રહ નહિ છતાં પોતાની ચલણની જાદુગીરીથી રાજ્યે અર્થશાસ્ત્ર નભાવી શકે છે.

બીજા દેશો પાસે સોનાનો સંગ્રહ

ઇટાલી પાસે સોનાનો સંગ્રહ નથી. પરંતુ એણે આખી પ્રજાની કમાણીમાંથી મુખ્ય હિસ્સો મેળવીને લશ્કરી તૈયારીઓ કરી છે. એણે પરદેશો સાથે વેપારી કરારો કરીને પોતાના માલની નિકાસ ચાલુ રાખી લશ્કરી ખર્ચ નિભાવ્યો છે. પરદેશો પાસેથી આક્રમણ

કરીને તે સોનાનો જથ્થો મેળવવા માંગે છે. એ અવ્વલ નંબરનો લુટારુ છે. જાપાને પોતાનો સોનાનો જથ્થો ચીન સાથેની લડાઈમાં વાપરી નાંખ્યો હતો. એને પરદેશોનું કરજ છે. પરંતુ લડાઈનો બાર અબજ યેનનો ખર્ચો એણે સ્વદેશમાં કરજે કરી મેળવ્યો છે, ચીનનું યુદ્ધ એને સર્પછછુંદર જેવું થઈ પડયું છે. મોટા આર્થિક સંકટમાં જાપાન જણાય છે, પરદેશોમાં યુદ્ધનાં સાધનો ખરીદવા એની પાસે સોનું કે હૂંડિયામણ નથી એટલે એ મૂંઝાયું છે. બેલ્જિયમ, સ્વીટ્ઝરલેંડ અને હોલાંડ પાસે મોટી રકમ સોનું છે. પરંતુ એઓની સ્થિતિ આ મહાયુદ્ધમાં અત્યંત નાજુક અને ગંભીર થઈ પડી છે. કયારે જર્મની આક્રમણ કરીને એમનાં દેશ અને સાધનસામગ્રી કબજે કરી લે તે કંઈ કલ્પી શકાતું નથી. સૌ ધ્રૂજે છે, પોતાના બચાવનાં સાધનો ભેગાં કરે છે, પરંતુ જર્મનીની પ્રચંડ શક્તિ એમને કંપાવે છે. એમનો સોનાનો જથ્થો પણ જર્મનીને આકર્ષશે.

યુરોપમાં આર્થિક યુદ્ધ

યુરોપમાં છેલ્લાં વીશ વરસો થયાં આર્થિક યુદ્ધો ચાલે છે જેની પાસે સોનું, પરદેશી જામીનગીરીઓ અને હૂંડિયામણની સગવડ હોય છે તે પરદેશો સાથે વેપાર કરી શકે છે. બાકીના દેશપરદેશો સાથે વેપારી કરારો કરીને એકબીજાના માલની લેવદેવ કરે છે, યુરોપમાં એકબીજાનાં હૂંડિયામણો તોડવા, જામીનગીરીની લોનોને હલકી પાડવા કોશિશો થાય છે. યુરોપનાં રાજ્યોએ પરસ્પર જકાતી મોટી દીવાલો ઊભી કરી છે. આથી સેંકડો માઈલ દૂરથી એક દેશને માલ મંગાવવો પડે છે, પરંતુ પાડોશીની બનાવટનો માલ કામ આવે નહિ. સૌ રાજ્યો પોતાનો નિકાશ–વેપાર વધારી પોતાની સમૃદ્ધિ વધારવા ઇચ્છે છે. પોતાના નિકાશવેપારને વધારવા માટે પોતાના ચલણની કિંમત ઘટાડવા સૌ રાજ્યો મથે છે પોતાના હૂંડિયામણને અનુકૂળ અને સ્થિર બનાવવાના પ્રયત્નો પણ તેઓ કરે છે. શત્રુ રાજ્યોને આર્થિક નુકસાન કરવા માટે ઘણા પ્રયત્નો થાય છે. મહાયુદ્ધનું છેવટ આર્થિક થકાવટ ઉપર જ અવલંબે છે. માનવસંહાર માટે ભયંકર દારૂગોળા, રસાયણો અને લોખંડનાં શસ્ત્રાસ્ત્રો કરતાં પણ આર્થિક શસ્ત્રો વધારે ભયાનક છે.

સોનાનું સાર્વભૌમત્વ પડે છે.

દેશપરદેશોમાં સેંકડો વર્ષો થયાં મૂલ્યાંકનનું કેન્દ્રીભૂત સોનું ચાલતું આવ્યું છે. અર્થશાસ્ત્રીઓ એના સાર્વભૌમપણા માટે મુસ્તાક હતા. ચલણી નોટોના પ્રચાર સામે ૫૦ થી ૬૦ ટકા સોનાનો જથ્થો હોય તો જ ચલણ ટકી શકે એવું એમનું માનવું હતું. પરંતુ જર્મની, જાપાન અને ઇટાલીએ આખા દેશની પ્રજાની અર્થવ્યવસ્થાની લગામ હાથમાં લઈ, દેશપરદેશો સાથે વેપારી કરારો કરી, પોતાની પ્રજાની શ્રદ્ધા કાગળિયાં અને નોટોના ચલણ ઉપર બેસાડી એમણે સોનાને પોતાની સાર્વભૌમ પદવીમાંથી પદચ્યુત કર્યું છે. એ ત્રણે પ્રજાઓ સોનાને સંગ્રહવા ખૂબ ઇચ્છે છે. પરંતુ સોના વગર પણ પ્રજાનું અર્થશાસ્ત્ર નભી શકે છે એ એમણે બતાવી આપ્યું છે. પરદેશો સાથે વેપારી કરારો કરી કાચીપાકી વસ્તુઓની અદલબદલ કરીને સોનાની અનાવશ્યકતા એમણે સિદ્ધ કરી છે દાખલા તરીકે રશિયાની સાથે જર્મનીએ કરારો કર્યા છે તેમાં બે અબજ માર્કની કિંમતનું તેલ રશિયા પાસેથી જર્મની ખરીદ કરશે. બદલામાં એટલી જ કિંમતનાં વિદ્યુતયંત્રો અને નવા ઉદ્યોગો સ્થાપવાનાં યંત્રો પૂરાં પાડશે. આમાં સોનાની લેવદેવની જરૂર પડશે નહિ.

ચલણ સ્થિર કરવા સોનાનો ઉપયોગ

સોનું આવી રીતે પડયુ છે. પરંતુ દેશપરદેશોમાં એની કિંમત કે દર ઘટયાં નથી. દેશપરદેશો વચ્ચે જ્યારે સમભાવવાળો વેપારી સબંધ બંધાય ત્યારે સોના વગર વેપારની વસ્તુની અદલબદલ કરી કિંમત આંકવા માટે સોના સિવાય બીજું સાધન અર્થશાસ્ત્રીઓ પાસે નથી. હમણાં યુરોપમાં અંગ્રેજ અને ફ્રેંચો તથા અમેરિકા પાસે જગતના ૭૦ ટકા જેટલું સોનું છે. પોતાના ચલણની સ્થિરતા જાળવવા માટે એનો ઉપયોગ કરાય છે. દેશપરદેશો સાથેનો સમભાવવાળો વેપારી સંબંધ ચલણના હૂંડિયામણ ઉપર નભે છે. હૂંડિયામણ પ્રતિકૂળ હોય તો દેશમાંનો અતિ

અગત્યનો નિકાશવેપાર પડી ભાંગે એટલે ચલણને ટકાવવા આ સોનાના સગ્રહનો ઉપયોગ અતિ અગત્યનો છે, અંગ્રેજો અને ફ્રેંચોએ ગજાવર ફડો ચલણ સ્થિર કરવા માટેના જુદા વહીવટ નીચે સ્થાપ્યા છે એમના હાથમા સગ્રહના મોટા ભાગને સોપ્યો છે એમા નુકસાન જાય તે સોનાની વધેલ કિંમતને લીધે ભરપાઈ કરાય છે

સોનાનો બીજો ઉપયોગ

ચલણની સ્થિરતા ઉપર નિકાશવેપારનો આધાર છે નિકાશવેપારને આશ્રયે દેશની સમૃદ્ધિ અને ઉન્નતિ રહ્યા છે આ સિવાય દરેક મહારાજ્યોની સરકારી જામીનગીરીઓનાં કાગળિયાં દેશપરદેશોમા મોટી રકમ હોય છે દાખલા તરીકે અંગ્રેજોની જામીનગીરીઓ મોટી રકમ સર્વે દેશોમા ફેલાયલી છે માત્ર અમેરિકા પાસે ત્રણ અબજ પૌંડની અંગ્રેજોની જામીનગીરીઓના કાગળિયા છે એના ભાવો ઘટે તો અંગ્રેજોની આંટને નુકસાન થાય પોતાની આંટને નુકસાન થતુ અટકાવવા વખત આવ્યે અંગ્રેજો જામીનગીરીના કાગળિયાં સામે સોનુ આપી તે ખરીદી લે આથી ગભરાઈને ઓછે ફેંકે ફેંક કરનાર વેચનારાઓનો ગભરાટ અટકી જાય તે સિવાય વખત આવ્યે પરદેશોની જામીનગીરીઓના કાગળિયા પણ સોનાથી ખરીદી શકાય છે

સોનાનો ત્રીજો ઉપયોગ

પોતાના પરદેશો સાથેના વેપારને ટકાવવા માટે સોનાનો ઉપયોગ થાય છે જાપાન ચીન સાથે યુદ્ધ કરે છે એના માટે એણે પરદેશોથી શસ્ત્રાસ્ત્ર મગાવવા પડે છે એટલે જાપાન પોતાના નિકાશમાલની કિંમત કરતા વધારે પ્રમાણમા પરદેશોથી માલ મગાવે છે નિકાશ અને આયાતની બાદબાકી કરતા બાકી જે પરદેશીનુ વધારે લેણુ રહે તેને બદલે સોનુ આપવુ પડે છે જાપાન પાસે વધારે સોનુ નથી એટલે એનો વેપાર દિનપ્રતિદિન ઘટે છે અંગ્રેજો અને ફ્રેંચો હમણા અમેરિકા પાસેથી વિમાનો અને શસ્ત્રાસ્ત્રો ખરીદે છે તેઓ અમેરિકાને હમણાં એની જ જામીનગીરીઓ ભરપાઈ કરી નાણા આપે છે પરતુ એ જામીનગીરીઓ ખલાસ થતા અમેરિકાને વિમાનોના નાણાની ભરપાઈ કરવા માટે સોનુ આપવુ પડશે એની તૈયારીઓ ચાલે છે એ રીતે ભવિષ્યમા હજી વધારે પ્રમાણમા સોનુ અમેરિકા તરફ ખેંચાશે ચીનની સરકાર પાસે પણ સોનાની ખાણો છે તેમાથી સોનુ કાઢી તેઓ અમેરિકાને શસ્ત્રાસ્ત્રો માટે કિંમત આપે છે હમણા તો મોટા પ્રમાણમા અમેરિકા તરફ સોનાનો પ્રવાહ વહે છે

સોનાનો ચોથો ઉપયોગ

દરેક રાજ્યને પોતાની બેંકો, વીમા કંપનીઓ અને પ્રજાજનોનું મોટુ કરજ હોય છે એ કરજનું સરકાર વ્યાજ ભરે છે દાખલા તરીકે આપણા હિંદનુ કરજ બાર અબજ રૂપિયા ગણાય છે તે પેટે ૬ અબજ રૂપિયાની રેલવેઓ ૨ અબજની નહેરો વગેરે અસ્કયામત હિંદી સરકાર પાસે છે તેમ જ બીજા સાધનો પણ છે તેવી જ રીતે હિંદી સરકારની લગભગ બે અબજ રૂપિયાની નોટો ચલણમા ફરે છે તે સાથે સોનુ અને બીજી કીંમતી ધાતુ અમુક પ્રમાણમા રાખવાનું અર્થશાસ્ત્રના નિયમો ફરમાવે છે આથી ૩૫ કરોડનું સોનુ, ૨૦ કરોડની ચાદી અને ૩૦ કરોડ રૂપિયાની પરદેશની જામીનગીરીઓ વગેરે રાખવામા આવેલ છે હિંદી સરકારે પણ સોનાનું ચલણ મૂકી દીધુ છે એટલે એની ચલણી નોટોને બદલે એ સોનુ આપવા બંધાયતી નથી છતા પોતાની શાખ જાળવી રાખવા માટે એ બજેટના બે પાસા સરખા રાખી ખોટ બતાવતી નથી લોકોના વ્યાજ બરાબર ચૂકવે છે તેમ જ એની ચલણી નોટો પાછળ સોના અને બીજી જામીનગીરીઓનો સગ્રહ રાખી પોતાની આટ મજબૂત રાખે છે આથી એને ત્રણ ટકે વ્યાજે નાણાં મળી શકે છે

બીજા રાજ્યો શુ કરે છે?

ઇંગ્લેંડ ઉપર દસ અબજ પૌંડનુ કરજ છે એ કરજ પેટે એની પાસે પોતાની મિલકત છે ઇંગ્લેંડની ૫ અબજ પૌંડની ચલણી નોટો ફરે છે તે પેટે એમણે સોનાનો જથ્થો ત્રણ અબજ પૌંડનો રાખ્યો છે આથી દેશપરદેશમા ઇંગ્લેંડની શાખ સારી રહે છે રહ્યુ એ ઇંગ્લેંડને અમેરિકામા

નાણાં વ્યાજુ મળે તેમ નથી. કારણ કે અમેરિકાનું છેલ્લા યુદ્ધનું બે અબજ પૌંડનું કરજ અથવા તેનું વ્યાજ છેલ્લાં પાંચ વરસ થયાં અંગ્રેજોએ આપ્યુ નથી. આથી અમેરિકા પોતાની જામીનગીરીએ અથવા સોનું લીધા વગર ઇંગ્લેંડને વિમાનો આપતું નથી. બેલ્જિયમ, હોલેંડ અને સ્વીટ્ઝરલેંડ પાસે મોટી રકમ સોનું છે પણ તેઓએ પોતાના ચલણની નોટોના નિભાવ માટે તે રાખ્યું છે. પોતાનાં કરજ અને ચલણની નોટો સામે સૌ રાજ્યોએ મિલકતો અને સોનું રાખેલ છે. આથી એમની આંટ જળવાય છે. માત્ર કાગળિયાં ઉપર સરકારનું અર્થશાસ્ત્ર નભતું નથી એવી જગતને ખાતરી કરાવવા માટે સોનું રખાય છે.

અમેરિકાનું અર્થશાસ્ત્ર

અમેરિકા કાચી અને પાકી વસ્તુઓની પેદાશ માટે આત્મસંતોષી છે. રબર સિવાય દરેક વસ્તુ એ પેદા કરે છે. એની પ્રજા વિદ્યુત, રસાયન અને યંત્રશાસ્ત્રમાં યુરોપની પ્રજાથી પણ આગળ વધેલી છે. છતાં એ પ્રજા ઉચ્ચ જીવન જીવની હોવાથી ઘણી ખર્ચાળ છે. એ દેશમાં આખા યુરોપ કરતાં કરોડપતિઓની સંખ્યા વધારે પ્રમાણમાં છે. સમૃદ્ધિશાળી અમેરિકામાં સોનાનો મોટો જથ્થો ભેગો થયો છે. ભવિષ્યમાં એથી પણ મોટો જથ્થો ભેગો થશે હવે એનો ઉપયોગ અમેરિકાને શું થશે તે પ્રશ્ન સર્વત્ર પુછાય છે અમેરિકાની સાડાબાર કરોડની વસ્તીમાંથી ચાલુ ૧૧ા કરોડ માણસો બેકાર રહે છે તેમ જ ખેતી અને ઉદ્યોગોને નિભાવવા એ મોટો ખર્ચ કરે છે. હમણાં યુદ્ધના સાધનો પાછળ પણ મોટી ઉદારતાથી નાણાં ખર્ચે છે. આથી અમેરિકાનું કરજ ૩૯ અબજ ડૉલરો જેટલુ થયું છે. દર વર્ષે અને બજેટની ખોટ સાડા ત્રણ અબજની લાગે છે. એનો નોટો (ચલણી)ના ફેલાવા સામે જામીનગીરી તરીકે સોનુ રાખવામાં આવ્યુ છે.

અમેરિકા સોનાના જથ્થાને શું કરશે?

જેમ અમેરિકાનો સોનાનો જથ્થો વધ્યો જાય છે તેમ તેનું કરજ પણ વધતુ જ જાય છે. નોટોનો ફેલાવો પણ વધતો જ જાય છે. આની સામે સોનાની જામીનગીરી ઊભી છે કરજ અને નોટોના ફેલાવા સામે સોનાનો સંગ્રહ બહુ ઓછા પ્રમાણમાં છે. અમેરિકાએ ચાંદીનો પણ પણ મોટો સંગ્રહ કર્યો છે. સોનાના સંગ્રહથી ચોથા ભાગનો ચાંદીનો સંગ્રહ રાખવાનો કાયદો ત્યાં પસાર થયો છે. ચાંદીના ઉપયોગ કરતાં એની પેદાશ અતિ મોટા પ્રમાણમાં થાય છે. સિક્કાઓમાં હવે ચાંદી બહુ ઓછા પ્રમાણમાં વપરાય છે. જગતનાં મોટાં રાજ્યોમાં ચાંદીના સિક્કાઓને બદલે બેંકનોટોનો પ્રચાર ઘણો વધ્યો છે. ચાંદીની મોટી પેદાશ થાતી હોવાથી એના ભાવો તદ્દન ગગડી જવા જોઈએ પરંતુ અમેરિકાની ચાલુ બાંધેલ ભાવે ખરીદ હોવાથી ભાવો ઘટતા અટકે છે. સોના ચાંદીનો મોટો સંગ્રહ જેમ અમેરિકા પાસે છે તેમ એના ભાવોનું ભવિષ્ય પણ અમેરિકાના હાથમાં છે. એ ચાલુ બાંધેલ ભાવે ખરીદ કરતું હોવાથી ભાવો ઘટતા નથી

સોના વગરનાં રાજ્યો કેમ નિભાવે છે?

ઇટાલી, જર્મની અને જાપાનનાં મહારાજ્યો પાસે બહુ થોડું સોનું છે. પરંતુ એ ત્રણ રાજ્યો મોટો ઔદ્યોગિક વિકાસ પામ્યા છે. એમણે પોતાની લડાયક શક્તિનો પણ મહાન વિકાસ સાધ્યો છે. એઓ ઉપયોગી યંત્રો અને વસ્તુઓ બનાવે છે. કાચા પદાર્થો જે દેશોમાં પેદા થાય છે તેમની સાથે વેપારી કરારો કરી એઓ કાચી વસ્તુઓને બદલે પોતાની પાકી બનાવટો પૂરી પાડે છે એટલે એમને સોનાના સંગ્રહ વગર ચાલે છે. પોતાના દેશમાં તેઓ આખી પ્રજાની અર્થનીતિ પોતાને અધીન લઈ કાગળિયાઓના ચલણ ઉપર વ્યવહાર ચલાવે છે. એમની નોટોના ચલણની પાછળ સોનાનો સંગ્રહ નથી એટલે પરદેશોમાં એમના ચલણની કિંમત નથી. પરદેશોમા એમને હૂંડિયામણ મળતુ નથી. પરદેશોમાં એમની આંટ પણ નથી. એ રીતે એમના ભયંકર સૈનિક બળથી એઓ નાનાં નાનાં રાજ્યોને ડરાવીને ગુંડાગીરીથી વેપારી કરારો કરાવી લે છે અથવા તેઓ એ નાનાં નાનાં રાજ્યોનું આક્રમણ

ફરીને એના કબજો લઈ એના સાધનોનો પોતાના હિત માટે ઉપયોગ કરે છે જર્મની જાપાન અને ઇટાલી એ ત્રણે ય લૂટારુ રાજ્યોએ અત્યાર પહેલા મોટી લૂટો કરી છે

સોનાનુ ભવિષ્ય

સોના માટે નીચે મુજબ વિચારો અર્થશાસ્ત્રીઓ ધરાવે છે

૧ સોનાના ધોરણને (*Gold standard*) ફરી સ્થાપ્યા વગર જગતની અર્થનીતિ કયારેય સુધરશે નહિ આ એક જ વસ્તુ છે કે જે સર્વ રાજ્યોમા સર્વમાન્ય છે મૂલ્યાકન ચલણ અને હૂડિયામણની સ્થિરતા તથા દેશપરદેશોના વણિજ્યની સરળતા માટે એક જ એના સાર્વભૌમત્વની અગત્ય રહે છે

૨ યુરોપની અવ્યવસ્થાને લીધે સોનાની વહેચણી અયોગ્ય માર્ગે થઈ છે એટલે એનુ અર્થશાસ્ત્ર બગડયુ છે એની વહેચણી સુવ્યવસ્થા ભરેલી રીતે થશે ત્યારે જ જગતનુ વાણિજ્ય સુધરશે માત્ર અમેરિકા પાસે સોનુ હોવાથી સોના વગરના રાજ્યો એના વગર ચલાવી લે છે પરતુ એની ભૂખ અને કિંમત સૌને છે

૩ હાલમા સોનાનો ૬૦ ટકા સગ્રહ અમેરિકા પાસે છે એના કરજ અને ચલણી નોટોના ફેલાવા તરફ જોતા તે ઘણા વરસો સુધી સોનાનો જથ્થો જામીનગીરી અને શાખ નિભાવવા માટે રાખી શકશે એના ભાવો પણ એ જ સ્થાયી બનાવી શકશે આખા જગતની પેદાશનો સોનાનો હિસ્સો ઘણા વરસો સુધી સાચવી શકવાની પોતાની શક્તિ એ બતાવે છે

૪ અમેરિકા સોનાના જથ્થાને કાઢવા માગે તો પણ કાઢી શકે એમ નથી એના દેશને બહારના કોઈ પણ દેશની કાચી અથવા પાકી વસ્તુની દરકાર નથી એટલે સોનુ વેચીને બદલામા શુ લે? અમેરિકા વધારે નિકાસ કરનાર દેશ છે એટલે વધારે નિકાસની કિમત એ સોનામા જ લે છે એ બીજા દેશોના ચલણના કાગળિયા સ્વીકારવા તૈયાર નથી ત્યારે એ બીજા દેશોને સોનુ આપી બદલામા શુ લે? લેણદાર દેશ દેણદાર દેશોને સોનુ કેવી રીતે આપી શકે?

૫ સોનાની કિંમત થોડા વરસો સુધી અમેરિકા ઘટવા દે તેમ નથી કિંમત ઘટે તો અમેરિકા, ઇગ્લેડ અને ફ્રાસ તથા સોના ધરાવનાર રાજ્યોનું અર્થશાસ્ત્ર પાયમાલ થાય. એ રાજ્યોના વાણિજ્ય શરાફી વસ્તુઓની કિંમત લેવડદેવડ એ સર્વે હમણાના સોનાના મૂલ્ય ઉપર રચાયેલ છે એમા અકસ્માત કઈ ફેર પડે તો ભારે અવ્યવસ્થા થઈ પડે જગતના સોનાની પેદાશ એ રાજ્યોએ સગ્રહવાની ફરજિયાત જરૂર છે નહિ તો ભારે ધમાલ થાય. એટલે સોનાના ભાવ ઘટશે નહિ.

૬ જગતમા હમણાની *સ્થિતિમા બીજુ કોઈ* માધ્યમ રહી શકે તેમ નથી એના ભાવો ઘટશે પણ નહિ સમભાવે વહેચણી થવાનો સભવ નહિ હોવાથી જગતનુ અર્થશાસ્ત્ર પણ સુધરવા સભવ નથી બીજુ કોઈ ચલણ પ્રતિષ્ટિત કે સર્વમાન્ય થઈ શકે તેવુ કોઈ અર્થશાસ્ત્રી ધારતો નથી ચાદી કે બીજી વસ્તુઓને પ્રતિષ્ટિત કરવામા અનેક મજબૂત વાધાઓ અહી જણાવવા જેટલી જગ્યા નથી

પાછળથી જગતમા બનવા ફેરફારો થાય તો જ જગતની આર્થિક હાલત સુધરે ત્યા સુધી અધારામા અર્થશાસ્ત્રીઓ ગોથા મારે છે માર્ગ ન સૂઝે ઘોર રજનીમા

હિન્દમા સોનાની પેદાશ મુખ્યત્વે માઈસોરમા કોલાર ખાતે થાય છે અગાઉ ૭ કરોડ રૂપિયાની કિંમતનુ સોનુ નીકળતુ હતુ હમણાં ચારેક કરોડની કિંમતનુ નીકળે છે આ ખાણો યુરોપિયન માલેકી અને મૂડીની છે હિંદીઓ એ ઉદ્યોગમા પડતા નથી એ દુર્ભાગ્ય છે

કરેન્ટ હિસ્ટરી નામના અમેરિકાના પ્રખ્યાત માસિકનો એપ્રિલ ૧૯૪૦નો અક હમણા જ મળ્યો તેમા Yellow Peril નામે સોનાના અર્થશાસ્ત્ર ઉપર ઘણો ઉપયોગી લેખ છે તેનો સક્ષિપ્ત સાર આ નીચે છે

'અમેરિકાની દરેક કાચીપાકી વસ્તુઓમાં જાદુગરી છે. એવું તરત જ પરદેશમાં સોનું બની જાય છે. આપણી પાસે અઢાર અબજ ડોલરનું સોનું સંગ્રહાયલું પડ્યું છે એનું શું કરવું તેનો કોઈ પણ ઉત્તર આપી શકતું નથી. ૭ વરસમાં તો આપણો સોનાનો સંગ્રહ ચોવડાયલો છે. આખા જગતની ૨૦ વરસોની સોનાની પેદાશ ૭ વરસમાં આપણે ત્યાં ભેગી થઈ છે. જગતનું ૬૦ ટકા સોનું આપણે ત્યાં કારાગ્રહમાં પડ્યું છે. આખા યુરોપ અને અમેરિકાની નોટોના ચલણનું નાણું સોનામાં માત્ર અમેરિકા ચૂકવી શકે છે. છતાં દિનપ્રતિદિન સોનાનો પ્રવાહ વિશેષ બળથી આપણી તરફ આવે છે. યુદ્ધને લીધે જગતની સોનાની બધી પેદાશ અમેરિકા તરફ આવશે એ નિ:સંશય છે, જેને માટે માત્ર અમેરિકાને દર ઔંસે ૩૫ ડોલર આપવા જ પડશે. અમને સોનું જોઈતું નથી, કોઈ એ ત્રાસથી અમને છોડાવી શકશે?

ભાવ ઘટાડવાથી આખા જગતની સાથે અમેરિકાનું અર્થશાસ્ત્ર બગડે તેમ છે. અર્થશાસ્ત્રીઓ ભાવ ઘટાડવાની વાતનો વિચાર કરતાં કંપે છે. દેવાદાર યુરોપ–અમેરિકાની પ્રજાઓને સોનું કેવી રીતે ધિરાય? એ પાછું અમેરિકાએ પૂરા પાડેલા માલની કિંમત તરીકે અમેરિકાને મળે તેમ છે. ભિખારી જગતમાં કોઈ સોનાને સંગ્રહી શકે તેમ નથી. એક ઔંસ સોનાની કિંમત સને ૧૯૩૧માં અમેરિકા ૨૦.૬૭ ડોલર માત્ર આપતું હતું. વેચવા અથવા ખરીદવાનો એક જ ભાવ હતો. પોતાના ડોલરના સિક્કામાં $\frac{૧}{૨૦}$ ઔંસ સોનાને બદલે $\frac{૧}{૩૫}$ સોનું રાખી ડોલરની કિંમત ઘટાડી દીધી. સોનાનો ભાવ વધારી ૩૫ ડોલર કર્યો. અમેરિકાને ડોલરની કિંમત ઘટાડીને પોતાનો નિકાશવેપાર વધારવો હતો. તે ઇરાદો પાર પડ્યો નહિ. પરંતુ આખા જગતના સોનાનો પ્રવાહ આપણી તરફ વળ્યો. યુદ્ધની વસ્તુઓ પણ પીળી ધાતુ વગર આપણે આપતા નથી. એટલે હવે બીજી પ્રજાનું સંગ્રહાયલું સોનું આપણે ત્યાં વહે છે. આટલા સોનાને શું કરશું? બુદ્ધિથી આ વાત પર છે. બીમાર યુરોપ કાંઈ સોનું પચાવી શકશે નહિ. આપણે એ પીળી મરોળીના ફાકડા ભરી શકીએ નહિ.

સાઉથ આફ્રિકા, રશિયા, કેનેડા મોટી રકમ સોનું પેદા કરે છે. પણ એમના ખરીદનાર તો આપણે એક જ રહ્યા. કિંમત ઘટાડવી પાલવે નહિ, ધીરવા જેવું રહ્યું નથી. ત્યારે સોનાને દાટી તે ઉપર નાચવું? માત્ર સને ૧૯૩૯માં આપણને ૩॥ અબજ ડોલરનું સોનું મળ્યું. હવે આપણી ચલણી નોટો તો માત્ર સાત અબજ ડોલરની છે. આપણા ૪૦ અબજ ડોલરના કરજ પેટે બીજી ઘણી મિલકતો છે. સને ૧૮૫૦માં જગતમાં સોનાનો સંગ્રહ હતો તે ૧॥ અબજ ડોલરની કિંમતનો હતો. જ્યારે ૧૯૩૯માં માત્ર એક વરસમાં આપણને ૩॥ અબજ ડોલરનું સોનું મળ્યું છે અર્થશાસ્ત્રીઓ બિચારા માથાના વાળમાં આંગળીઓ ઘસે છે. એકે ય ઉપાય એમને સૂઝતો નથી, સોનાનું કરવું શું? સને ૧૯૩૪થી અમેરિકન ખેડૂતોએ બે અબજ ડોલરનો માલ આમદાની ઉપરાંત પરદેશોને વેચ્યો છે. એની કિંમત ખપત સોનામાં સ્વીકારી છે. દેવાળિયાઓનાં કાગળિયાંની આપણને શું કિંમત?

આપણું સોનું આપણી નોટો કરતાં ૪૦ ટકા હોવું જોઈએ. તેને બદલે આપણા સોનાની કિંમત પાસે નોટોનો ફેલાવો માત્ર ૪૦ ટકા છે. આથી આપણો ડોલર મોંઘો થઈ ગયો છે. જગતનાં વેપારી રાજ્યોનાં ચલણ પૌંડ સાથે બંધાયલાં હતાં. હવે ઘણા ખરા ડોલર સાથે જોડાયાં છે. જગતનું શરાફ અમેરિકા બન્યું છે. છતાં આપણે ત્યાંથી બેકારી ગઈ નથી. આપણી બજેટ–ખાધ મોટી આવે છે. કરજ વધે છે. જગતમાં મૂલ્યાંકન માટે સોના સિવાય બીજી વસ્તુ કોઈ છે જ નહિ. એટલે મોડુ વહેલું જગત આપણી પાસે સોનું ખરીદશે પરંતુ જગત એટલું રોગી બન્યું છે કે એનો ક્ષયરોગ તરત મટે તેમ નથી. છતાં આપણે કે જગતનાં બીજાં, રાજ્યો સોનાની કિંમત ઘટાડવા તૈયાર નથી. બીજો કોઈ ઉપાય નથી એટલે જગતના સોનાના પ્રવાહને આપણે પાછો વાળી શકતા નથી. 'બીગડી કૌન સુધારે નાથ બીન, બીગડી કૌન સુધારે?'

☆

અમારી કૂચ

અનુવાદક : કાન્તિલાલ શાહ.

[જેમની નોંધપોથીનાં આ પાનાં છે તે કેનેડિયન ડૉ. નોરમાન બેથ્યુન ગયા (૧૯૪૦ ના) જાન્યુઆરીની નવમી તારીખે મૃત્યુ પામ્યા.]

અમે ફેન નદીની પૂર્વ કિનારાની ઉપર ગયા. પર્વતની બે હારો અમારી સાથે ચાલી આવતી હતી. આ પ્રદેશ 'લોસ' તરીકે ઓળખાતો હતો. 'લોસ' એ ઝાંખી ભૂરી અને ગેરુઆ રંગની રેતીની બનેલી કોઈ વિચિત્ર પ્રકારની નીચાણવાળી ટેકરીઓ જ છે. અગાશીઓ હોય તેવી ટેકરીઓ છે અને પગથિયાંની પેઠે એકની પાછળ બીજી એમ વ્યવસ્થિત રીતે તે ઊંચી ચડતી જાય છે. આ અગાશીઓ જોઈને પ્રથમ મને થયું કે માણસોએ એ બનાવેલ હોવી જોઈએ, એટલી બધી તે ક્રમબદ્ધ (regular) હતી. પણ જ્યારે મુસાફર આ ટેકરીઓની હારોને માઈલો સુધી-અને કેટલીક વાર તો માણસનો વસવાટ પણ ન હોય તેવા નિર્જન સ્થાન સુધી લંબાયેલી જુએ છે ત્યારે તેને પ્રતીતિ થાય છે કે આ સર્જન કુદરતનું છે અમે ધીમે ધીમે મુસાફરી કરતા હતા. હવા ખુશનુમા અને ગરમ હતી. ઉપર સ્વચ્છ ભૂરું આકાશ ચમકતું હતું. સ્ટેશને ખોરાક, બાજરીની કાંજી, ચા, તળેલી માછલી, ઘઉંની રોટલી, બાફેલી પોચી પૂરીઓ, ઈંડાં, વગેરે વેચાતુ હતુ નાસી છૂટેલા શહેરીઓથી ઠાંસોઠાંસ ભરેલી કેટલી યે ટ્રેનો આવતી હતી. આ માણસો ડબ્બાઓમાં, ડબ્બાના છાપરા ઉપર, એન્જિનના ખોખા ઉપર જ્યાં પગ મૂકવા જેટલી પણ જગ્યા મળે ત્યાં ઊભા રહી જતા હતા. અમારી બાજુએ છીછરી નદી ચાલી જતી હતી. અમારી ઉપર હજારો ધોળાં બતકો ઊડતાં હતાં. જમીન સૂકી ભઠ્ઠ હતી અને દેવદારનાં નાનાં ઝાડોને બાદ કરતાં સાવ ઉજ્જડ હતી.

જ્યારે અમે લીનફેન પહોંચ્યા ત્યારે જ અમને પહેલવહેલી ખબર પડી કે જાપાની લશ્કર થોડે જ દૂર પડયું છે,' અને શહેરને 'ખાલી કરવાનું કામ ઝડપભેર ચાલી રહ્યુ છે. સ્ટેશન 'ઉપર તો લોકો કીડિયારાની પેઠે ઊભરાતા હતા. નાગરિક-સ્ત્રીઓ, પુરુષો, બાળકો સૌ પોતાની સાથે માલમત્તા, સરસામાન, ઘરવખરી જે લેવાયું તે લઈને આવ્યાં હતાં. ઘાયલ સિપાહીઓ કપાયલાં અંગઉપાંગો-હાથ, પગ, માથાં લોહીથી ખરડાયેલાં અને રજોટાયેલ પાટા વીંટેલાં, એવાં પડયાં હતાં. ભારખાનાના ખુલ્લા ડબ્બાઓમાં સંદૂકીઓ, દારૂગોળો, હથિયારો અને ચોખાની ગુણો હતી. જાપાનીસ બોંબો સાથે અમારી ઉપર આવી પહોંચ્યા. એમની મશીનગનો અમારી ઉપર ગોળાઓ છોડવા લાગી. અમે એકદમ સ્ટેશન પાસે રેતીમાં ખોદેલ ખાઈનો આશ્રય લેવા દોડી ગયા. માત્ર ચાર જ ઘવાયા હતા. મુખ્ય લશ્કરી થાણું ખસેડી નાખવામાં આવ્યું હતું, પણ કયાં ખસેડવામાં આવ્યુ હતુ તે કોઈ જાણતું હોય તેમ લાગતું ન હતું.

લાઈન ઉપરથી પસાર થઈ ગયા પછી એક બોંબફેંકુ વિમાન વળાંક લઈને પાછુ ફર્યું અને આગળ વધીને બરાબર અમારા માથા ઉપર આવ્યું અમારી ઉપર માત્ર ૨૦૦ જ ફીટના અંતર જેટલું નીચું નમ્યુ અને અને ટુકડીના આગળના ભાગ ઉપર ચાર બોંબ ફેંકયા. પણ એનું નિશાન એટલું તો ખામી ભરેલુ હતું કે એ આગળના ડબ્બાઓથી ૫૦ ફીટ દૂર પડયા. હું તો એટલે સુધી શરત મારવા તૈયાર હતો કે જો હું વિમાનમાં હોત તો હું માત્ર બેઈઝબોલથી ગાડીના ડબ્બાઓને ઉડાડી દેત. ખરી રીતે જોતાં ખુલ્લા મેદાનમાં અમે જેટલા તેનાથી દૂર હતા તેટલુ જ દૂર તેનું નિશાન હતુ. આગળના ડબ્બાઓ ઉપર બોંબમારો ચલાવ્યા પછી તે પાછું

કર્યું અને પાછળના ડબ્બાઓ ઉપર ચાર બૉમ્બ ફેંક્યા. આ નિશાન પહેલાં કરતાં વધુ ચોક્કસ હતું. કારણ કે તે નિર્ધારિત સ્થાનથી ૨૦ ફીટ દૂર પડ્યા. જીન ધવાન નામની એક ખબરપત્રી બાઈ માંડ માંડ બચી. એની પાસે લાંબા થઈને પડેલ એક સિપાહીની પીઠમાં બૉમ્બનો એક ટુકડો પેસી ગયો, અને ગાડીવાનના હાથનું હાડકું તૂટી ગયું. આ ત્રણ જણાં ગાડીથી ૧૫૦ ફીટ દૂર જમીન ઉપર પડ્યાં હતાં. બૉમ્બ ફેંકતાની સાથે જ ફાટ્યા અને જમીનમાં પણ નાનો ખાડો કરી નાખ્યો. આ જાતના બૉમ્બ વધારે કાર્યસાધક હોય છે. કારણ કે તે જમીનમાં ઊતરી ન જતાં એના નાના નાના કારતૂસો થઈને જમીન ઉપર તે દૂર સુધી ઊડે છે. અમારાથી સોએક ફૂટ દૂર કેટલાંક સાંઢણીઓ અને ઘોડાઓ ઘવાયાં હતા. તેમના પગમાંથી લોહી નીતરતું હતું. ખાઈના રક્ષણ વિના તો ભાગ્યે જ કોઈ સલામત રહી શકે તેમ હતું. બધી મળીને અમારી પંદરેક સાંઢણીઓ મરી ગઈ. અને બારેક ઘવાઈ. ઘવાયેલમાંથી ત્રણને અમારે ગોળીથી મારી નાખવી. પડી. જીન ધવાનને અગ્નિવર્ષાનો આ પહેલો જ અનુભવ હતો છતાં તેણે જેવું વિમાન પસાર થઈ ગયું કે તુરત અજબ હિંમત બતાવી ઘવાયેલાની સારવાર ને પાટાપિંડી કરવા અને એમને નજીકમાં નજીકના બે ફર્લાંગ દૂરના ગામડામાં ખસેડવાની વ્યવસ્થા કરવા માડી. એ દરમિયાન હું લાઈનના મોખરાના ભાગ આગળથી પાછળના ભાગ તરફ ગયો જ્યાં માણસો પણ સારી રીતે ઘવાયા હતા. તેમાના જેઓ વધુ ગંભીર હતા તેમને તે પાટા બાંધી ચૂકી હતી

ઘવાયેલ ગાડીવાનને માત્ર પોતાની સાંઢણીઓની જ પડી હતી. પોતાની બધી જ – ત્રણે ત્રણ-સાંઢણીઓ મરી ગઈ તેને સંભારીને તે પોકેપોક મૂકીને રડતો હતો. અમારા ટુકડીનાયક મરી ગયેલ પ્રાણીઓના બદલામા સારી એવી રકમ ચૂકવતા હતા એક જાનવરના એક સો ડૉલર! ખેડૂતોને આ વળતરથી સંતોષ હતો કારણ કે આ જ ટુકડી ગરીબો અને અરક્ષિત લોકોની નિસહાયતાનો લાભ લેતી નહોતી. જેવો હું ગાડીઓ આગળ થઈને ચાલ્યો કે મેં મારી આગળ એક છોકરાને, ચાલતો અને વારે વારે શ્વાસ ખાવા માટે વિસામો લેવા બેસતો જોયો. એની નજીક પહોંચતાં મેં જોયું કે એનો શ્વાસ રૂંધાતો હતો. બહુ જ મુશ્કેલીથી તે શ્વાસ લઈ શકતો હતો. એની ઉમર માત્ર સત્તર વર્ષની હતી. ઝાંખી થઈ ગયેલી તેની વાદળી બંડી ઉપર એક મોટું જૂનું કાળું લોહીનું ધાબું હતું. મે તેને અટકાવ્યો. એક અઠવાડિયા પહેલાં જ તેના ફેફસાંમાં ગોળી વાગી હતી. તે એટલી ખરાબ રીતે ઘવાયો હતો કે એના ઘામા પરુ થઈ ગયુ હતું એની છાતીની જમણી દીવાલની આગળના ભાગ ઉપર રસી થઈ ગઈ હતી અને પાટો બંધાયો ન હોવાથી આખો ભાગ ગેગી ગયો હતો. ગોળી ફેફસાને આરપાર વીંધીને પીઠની બાજુએથી બહાર નીકળી ગઈ હતી. આગળના ભાગમાં ફેફસાને ઢાંકતા પડદા ઉપર ત્રીજી પાંસળી આગળ પણ રસી થઈ હતી, અને હૃદય મૂળ જગ્યાએ ત્રણ ઇંચ આગળ ડાબી બાજુએ ખસી ગયુ હતુ. આ કરુણ ગંભીર સ્થિતિમાં આ છોકરો એક અઠવાડિયાથી પગે ચાલતો પથ કાપતો હતો. આ જો મેં મારી નજરે જોયુ ન હોત તો હું માનત જ નહિ. અમે એને ઊંચકીને ગાડીમાં નાખ્યો. રસ્તો ખરાબ અને ખાડા ટેકરાવાળો હતો. સાંઢણી ધીમે ધીમે ગાડી ખેંચતી હતી રસ્તામાં ધૂળની ડમરીઓ ચડતી હતી ગાડીના હડદોલા અને ધૂળના ગોટામા એ જોરથી ઉધરસ ખાતો હતો અને એનો શ્વાસ વધુ ગોટાતો હતો. એની સ્થિતિ અમારાથી નજરે જોવાતી નહોતી.

તે દિવસે અમે માત્ર વીસ જ માઈલ કાપી શક્યા.

વહેલી સવારે પાંચ વાગે અમને જગાડવામાં આવ્યા. આકાશમાં વાદળ ચડ્યાં હતાં. વાતાવરણમા ઠંડીની ચમક હતી. નદીના કાંઠા ઉપર માત્ર ચાર જ ચીનાઈ વહાણ હતા, અમને બધાને સામે પાર પહોંચાડતાં એને ચાર દિવસ લાગે! અને બીજી બાજુ અમે સાંભળ્યુ કે જાપાની લશ્કર દશ જ

માઈલ દૂર હતું ! વહાણનું સંચાલન કરનાર ચીની અમલદારે અમને પહેલા જ વહાણમાં બેસાડ્યા. વહાણ આશરે ૫૦ ફીટ લાંબું અને ૨૫ ફીટ પહોળું હતું. માણસો, સાંઢણીઓ, બિસ્તરા, યુદ્ધસામગ્રી, ચડાવાય એટલું ચડાવ્યું અને ઉપરાઉપર ખડક્યું. જ્યારે અમે પ્રવાહમાં નીચાણમાં આગળ વધ્યા ત્યારે અમે જોયું કે ઘવાયેલા માણસોમાંથી એક હજારને જુદા પાડી એક જગ્યાએ એકઠા કરવામાં આવ્યા હતા અને તેમને સામે કિનારે સૌથી પ્રથમ પહોંચાડવાની વ્યવસ્થા થતી હતી. અમે પ્રવાહમાં અર્ધો માઈલ આગળ ચાલી મોટાં હલેસાં મારી મુખ્ય પ્રવાહની બહાર નીકળી ગયા. એક નાગો છોકરો કૂદકો મારી સુકાન ઉપર ચડી ગયો અને પછી વાંસ-લંગરથી ((poleanchor) અમારી ગતિ ધીમી પાડી દીધી. પછી લાંબાં હલેસાંવાળા ખારવાઓ વાંકા વળીને પાછળથી આવતા પ્રવાહની મદદ લઈ ધીમે ધીમે વહાણને કિનારે હંકારી ગયા. પશ્ચિમ કિનારા પર ઘણી ટુકડીઓ હતી અને આખો કિનારો દુશ્મનના હલ્લાથી બચાવવા સારી ખાઈઓ અને સારી પેઠે કિલ્લેબંદી કરવાની હતી. કેટલીક મેદાની ટુકડીઓ હતી, સૈન્ય ખુશમિજાજ દેખાતું હતું. વ્યવસ્થા, શિસ્ત, કૌશલ્ય (efficiency) સાઢણીની પીઠ ઉપર મશીનગનો, ધૂળથી ઝાંખા થઈ ગયેલા ગણવેશો ભવ્ય દેખાતાં હતાં. મહિનાઓ સુધી જે રંગોએ રંગ્યા હતા તે ધરતીના રંગ વડે સૈનિકોના ગણવેશ રંગાયા હતા. તૈયારી અને સગવડ સારી હતી સ્વયંચાલક રાઈફલો ઘણી હતી. હળવી અને ભારે મશીનગનો તથા હાથે ફેંકવાનો દારૂગોળો બધું જ તૈયાર હતું.

અમે પાસેના જ ગામ તરફ કૂચ કરી અને એક ત્યજાયેલા નિર્જન ઘરનો કબજો લીધો. રાંધેલા માંસના ટુકડાઓથી ભરેલા બે ડબ્બા તોડીને અમે બપોરનું ખાણું લીધું. જ્યારે અમે નદી ઓળંગતા હતા ત્યારે જે છેલ્લું દૃશ્ય મેં જોયેલું યાદ છે તે સેનાપતિ ચૂ-તેનો લાલ ઘોડો, જે તેણે યુનાઈટેડસ્ટેટ્સના લશ્કરી એલચી કેપ્ટન કાર્લસોનને વાપરવા આપ્યો હતો કેપ્ટન કાર્લસોન કેટલાક વખતથી તેના કરુણ મૃત્યુ હતું (ઉત્તર શાન્સીના સમરાંગણનું નિરીક્ષણ કરી રહ્યો હતો. કાર્લસોન આ ઘોડા ઉપર સવારી કરીને અહીં સુધી આવ્યો હતો અને હવે તે ચુ-તે જે આ ઘોડાનો ખાસ શોખીન હતો એમ કહેવાતું તેને પાછો આપવા માટે અમારા સેનાપતિના ચાર્જમાં તે સોંપવામાં આવ્યો હતો જાપાનીસ લોકો પાસેથી એ ઘોડાને લઈ લેવામાં આવ્યો હતો. એ મોટું ઊંચું અને ઉમદા પ્રાણી હતું. તેનો લાલ રંગ જોનારનું તરત જ ધ્યાન ખેંચતો હતો.

અમે સાંભળ્યું કે જાપાની લોકો ગઈ કાલે અમે જે શહેર છોડ્યું હતું તે હો-ચીન શહેરમાં આવી પહોંચ્યા હતા. એ પણ ઠીક થયું. અમે તેમની સાથેની શરતમાં આગળ નીકળી ગયા.

તે રાત્રીએ અમે એક ગુફાનો આશ્રય લીધો. ગુફા ઘણી જ સુંદર હતી અને ઘર કરતાં વધારે સગવડવાળી હતી. મેં ઘણા યે ઘાયલ થયેલાઓને પાટાપિંડી કર્યાં. લશ્કરના દાક્તરોને લેવા નહિ. સાંઢણીઓ અને ગાડીઓ લેવા માટે અમારા બે માણસોને મોકલ્યા. રાત્રી ભયંકર ઠંડી હતી. બીજે દિવસે સવારે જમીન ઉપર બબ્બે ઇંચના બરફના થર બાઝી ગયા હતા. કોઈ પણ જાતના રક્ષણ સિવાય આ કડકતી ઠંડીમાં આખી રાત બહાર પડી રહેલી ટુકડીની અમને દયા આવી. અમારી ગુફા સુંદર હતી તેમ જ અંદર ગરમીની મીઠી હૂંફ હતી. ગામડામાં બાજરી સિવાય બીજું કંઇ પણ ખાવાનું મળતું નહોતું.

સવારમાં જાપાનીસ તોપખાનું સામેના કિનારા ઉપર આવી પહોંચ્યું અને પશ્ચિમના કિનારા ઉપર આખો દિવસ બોંબમારો ગોળીબાર ચલાવ્યો. બોંબ અને બંદૂકના બાર આસપાસની ગિરિમાળાઓમાં પડઘા પાડતા હતા. પર્વતોની હારો વચ્ચે આ પડઘાઓમાંથી પણ પડઘા ઊઠતા હતા. આમ ત્રણ દિવસ સુધી ચાલ્યું. એક જાપાનીસ ગોળાએ એક ઘરનું છાપરું ત્રણસો ફીટ દૂર ઉડાવી મૂક્યું પણ તેઓ અમારી ગુફામાં સુરક્ષિત રહેલા અમને ઇજા કરી શક્યા નહિ કારણ કે આ ગુફા એક ટેકરીની બાજુમાં અને જમીનમાં નીચે ચાલીસ ફીટ ઊંડી ખોદી કાઢવામાં આવી હતી.

ત્યાં અમારા માટે દવાઓનો જથ્થો ઠીક પ્રમાણમાં રાખ્યો હતો. આખરે અમે શાન જવા માટે ઊપડ્યા. તે ૨૨૫ માઈલ દૂર હતું. દિવસ સુંદર અને ગરમ હતો, અને ગ્રામપ્રદેશ ઘઉંના નાના છોડવાઓથી રળિયામણો લાગતો હતો. શાન્સી જ્યાં ઝાડપાન નહોતાં તે આ પ્રાન્તના જેવો રળિયામણો કે સમૃદ્ધ દેખાતો ન હતો. આ પ્રદેશ વધારે ફળદ્રુપ હતો—ખાસ કરીને તેનો દક્ષિણનો ભાગ. અને વૃક્ષો પણ ઘણાં વધારે હતાં. અમે પીળી નદીની ડાબી બાજુએ ચાલ્યે રાખ્યું. લી નામનો એક માણસ કે જે પહેલાં સાંગહાઈમાં રીક્ષા ખેંચી ગુજરાન ચલાવતો હતો તે હેંયેગમાં પ્રમાણમાં તાજો માજો થઈને આવી પહોંચ્યો હતો. તેના પગ ઝાડના થડ જેવા હતા, તે ૩૨ વર્ષનો ખુશનુમા સ્વભાવનો સુંદર મજબૂત માણસ હતો. વળી રસ્તો પાકો હતો એથી દિવસમાં પચીસ માઈલનું અંતર કાપવું એ તો રમત વાત હતી. અંગ્રેજી કેવળ એક જ શબ્દ તે જાણે છે, શબ્દ તે ' ડેમ ફુલ ' છે. અને તે પોતે પણ ડેમ-ફુલ-'ગધેડો' હતો. એમાંથી અમે ખૂબ આનંદ મેળવતા અને અમારી કૂચ મોજથી આગળ ચાલતી.*

* અંગ્રેજી ' ન્યુ માસીઝ 'માંથી.

☆

જંતુશાસ્ત્ર પ્રવેશિકાનું* અવલોકન

શ્રી. 'અશ્વઘોષ'

ગુજરાતી ભાષામાં વિજ્ઞાનને લગતું અને પાશ્ચાત્ય વદકને લગતું સાહિત્ય ઘણું જ થોડું છે. એની અંદર આ પુસ્તક પ્રગટ થવાથી એક કીમતી ઉમેરો થાય છે. અમે જાણીએ છીએ ત્યાં સુધી તો ગુજરાતી ભાષામાં આ વિષયને લગતી આટલી રસિક અને વિગતવાર માહિતી આપનાર આ પહેલું જ પુસ્તક છે.

આ પુસ્તકના લેખક ડૉ. પાઠક એલોપથી અને આયુર્વેદના એક સમર્થ અભ્યાસી છે. એ ઉપરાંત વિજ્ઞાનના અભ્યાસીઓમાં સામાન્ય રીતે નજરે પડતી શુષ્કતાથી તેઓ મુક્ત છે, પોતાના વિષયને એમણે સરળ, બુદ્ધિગમ્ય અને રસિક બનાવવા માટે પુષ્કળ પ્રયત્ન કર્યો છે. આ વિષયના અભ્યાસ પાછળ લેખકે કરેલો પરિશ્રમ પાને પાને દેખાઈ આવે છે. પુસ્તકમાં છૂટથી મૂકવામાં આવેલાં ચિત્રોથી આખો વિષય સામાન્ય માણસને પણ સમજવા માટે ઘણો જ સરળ અને સુગમ થઈ જાય છે.

આખું પુસ્તક વાંચતાં જંતુશાસ્ત્ર એ કેટલું વિશાળ શાસ્ત્ર છે અને એના અભ્યાસ પાછળ માનવીએ કેટલો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે એનો આપણને ખ્યાલ આવે છે ત્યારે ખરેખર દંગ થઈ જવાય છે.

આ પુસ્તક જો ફક્ત જંતુશાસ્ત્રના સત્યો દર્શાવવા માટે લખાયું હોત તો અમારે એને વિષે આના કરતાં વિશેષ કશું જ કહેવાનું ન રહેત અને પુસ્તક દરેક રીતે પ્રશંસાપાત્ર છે એમ દરેક ચિકિત્સાપદ્ધતિમાં માનનારા લોકો અવશ્ય કહેત.

પણ આ પુસ્તક કેવળ જંતુશાસ્ત્રને લગતું નથી. જાણે અજાણે એમાં જંતુવાદના ભ્રમો અને જંતુ-ગાંડપણના અનર્થોને ઊજળા રૂપમાં ચીતરવામાં આવ્યા છે. એટલે એની સામે લાલ બત્તી

* જંતુશાસ્ત્ર પ્રવેશિકા : લેખક : ડૉ. બાલકૃષ્ણ અમરજી પાઠક : પ્રકાશક : ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અમદાવાદ.

ટૂંકમાં નિસર્ગોપચારનું આ દૃષ્ટિબિંદુ છે નિસર્ગોપચાર રોગ વિષે એલોપથીથી જુદા ચાર સિદ્ધાંતો રજૂ કરે છે, અને તે છે રોગની એકતા કારણની એકતા, નિવારણની એકતા અને રોગરહિતતાની એકતા (Unity of disease, Unity of cause, Unity of cure, Unity of immunity) એ એમ શીખવે છે કે રોગ એક જ છે અને તે રોગદ્રવ્ય (*Pathogen or* Morbid Matter) ટાઈફોઈડ અને ન્યુમોનિયા વચ્ચે જો કોઈ પણ ફરક હોય તો તે બાહ્ય લક્ષણોને છે એકમાં આંતરડાં મારફતે સફાઈ થાય છે અને બીજામાં ફેફસાં મારફતે ગંદકી નીકળે છે બાકી બંનેનું મૂળ કારણ તો વિજાતીય દ્રવ્ય છે આ છે બધા રોગોના મૂળમાં રહેલી એકતાનો સિદ્ધાંત

જેમ રોગ એક વિજાતીય દ્રવ્ય છે, તેમ કારણ પણ એકજ છે, અને તે ઘટેલી જીવનશક્તિ (Enervation) અને બધા રોગોનો અટકાવ પણ એક જ છે અને તે શરીરશુદ્ધિ (Purity)

નિસર્ગોપચાર વિષે આટલી સામાન્ય માહિતી મેળવ્યા પછી આપણે મૂળ વિષય તરફ પાછા ફરીએ

" અમુક રોગો જંતુઓને આભારી છે કે એ જંતુઓ પોતે રોગને લીધે દર્દીમાં ઉત્પન્ન થાય છે એવા ઝઘડાઓ શમી ગયા પછી જંતુઓની જીવનચર્યા પર તેમણે પેદા કરેલા રોગો પર તથા એ રોગોને અટકાવવાના ઉપાયો પર વૈજ્ઞાનિક પ્રકાશ પડતો જાય છે '

અમારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે આ વિષયને લગતા ઝઘડાઓ શમી ગયા છે એમ કહેવું એટલે આખી પરિસ્થિતિનું ઊંધું અને વિકૃત ચિત્ર દોરવું સાચી હકીકત તો એ છે કે આ ઝઘડાઓની શરૂઆત પાસ્તરે જંતુવાદ સ્થાપ્યો ત્યારથી થઈ છે અને એ ઝઘડાઓ દિવસે દિવસે વધુ ને વધુ ઉગ્ર બનતા જાય છે

જંતુઓ એ રોગનું કારણ નથી પણ પરિણામ છે એ મતનું અનેક પુરાવાઓ સાથે આજ સુધીમાં અનેક વૈજ્ઞાનિકો અને વિશ્વવિખ્યાત દાક્તરોએ સમર્થન કર્યું છે એટલું જ નહિ પણ દિવસે દિવસે અનેક એલોપથીક દાક્તરો પણ નિસર્ગોપચારનો આ મત સ્વીકારતા થતા જાય છે આ મતમાં માનનારાઓની સંખ્યા દિવસે દિવસે વધતી ચાલી છે છતાં ય લેખક કહે છે કે ઝઘડાઓ શમી ગયા છે

આ વિષયમાં અનેક અભિપ્રાયો ટાંકી શકાય એમ છે વિસ્તારભયે અમે માત્ર થોડાક જ અભિપ્રાયો રજૂ કરીએ છીએ

ડૉ એલેક્ઝાન્ડર એમ રોસ એફ આર એસ એફ સી પી એસ પ્રોફેસર ઑફ હાયજીન એન્ડ સેનિટેશન, વાઈસ-પ્રેસિડેન્ટ ઑફ એસોસીએશન ઑફ હાયજીનીસ્ટસ ઑફ અમેરિકા મેમ્બર ઑફ ધી ઈન્ટરનેશનલ મેડીકલ કોંગ્રેસ મેમ્બર ઑફ ધી બ્રિટિશ, ફ્રેન્ચ એન્ડ અમેરિકન એસોસીએશન ફોર ધી એડવાન્સમેન્ટ ઑફ સાયન્સ ઇત્યાદિ ઇત્યાદિ તેઓ કહે છે કે 'હું એમની (દાક્તરો) ઉપર આક્ષેપ કરું છું કે એમણે 'જંતુથી રોગ થાય છે' એમ કહીને વહેમ અને પાખંડને ઉત્તેજન આપ્યું છે હું સૂક્ષ્મ કીટાણુઓના અસ્તિત્વ વિષે પ્રશ્ન ઉઠાવતો નથી પણ એ રોગોનું પરિણામ છે કારણ નથી. એ ભંગીઓ છે, એમનું *વાજબી કાર્ય આપણા* દેહની ગટરો સાફ કરવાનું છે જ્યાં જ્યાં સડો, પરુ કે બગાડ હોય ત્યાં ત્યાં આ નાનકડા જીવનરક્ષકો જઈને મારણ સફાઈ ને શુદ્ધિનું કાર્ય કરે છે એ કચરાની અને સડતા પ્રાણીજ પદાર્થની મિજબાની ઉડાવે છે એક ઉપયોગી હેતુ સિદ્ધ કરવા માટે એ કલ્યાણપ્રદ મદદગારો છે '

અર્વાચીન શરીરશાસ્ત્રીઓનો શિરોમણી જર્મન વૈજ્ઞાનિક પ્રો વીરશો (Virchow) જેનું કોષને શરીરનો એકમ માનીને રચાયેલું વિકૃતિવિજ્ઞાન (Cellular Pathology) દરેક દરેક એલોપથિક દાક્તરને મંજૂર છે તે પણ જણાવે છે કે જંતુઓ એ રોગનું કારણ નથી પણ પરિણામ છે

ડૉ એલ્મર લી (એમ ડી) જેણે મેચ્નીકોફ અને કોકના ચરણો પાસે બેસીને વર્ષો સુધી

જંતુવાદનું અધ્યયન કર્યું અને ત્યારપછી નિસર્ગોપચારનો અભ્યાસ કર્યો તે હવે દુનિયાને જણાવે છે કે જંતુઓ રોગનું પરિણામ છે તેમ જ રોગની એકતાનો સિદ્ધાંત એ જ માત્ર સાચો સિદ્ધાંત છે. અને જ્યારે ત્યારે વહેલા મોડા બધા જંતુવાદીઓને એ સિદ્ધાંત સ્વીકાર્યે જ છૂટકો છે.

ડૉ. હેન્રિ લીન્ડલેર (એમ. ડી) પોતાના નેત્રનિદાન વિષેના પુસ્તકમાં ભારપૂર્વક જણાવે છે કે ક્ષયરોગનું કારણ ક્ષયનો જંતુ નથી. એ તો કેવળ પરિણામ છે.

આ મતનું સમર્થન કરવા માટે જો અભિપ્રાયો ટાંકવાના હોય તો હજાર જેટલા એમ. ડી. ઓના અભિપ્રાયો સહેલાઇથી ટાંકી શકાય એમ છે. એટલે ઝગડાઓ શમી ગયા છે એ વાત વાહિયાત છે.

ત્રીજા પ્રકરણની શરૂઆતમાં આપણને જણાવવામાં આવે છે કે, "જંતુશાસ્ત્રની શરૂઆતના વખતમા કેટલાએક હર્ષઘેલાઓનો એવો મત હતો કે બધા રોગો જંતુઓને આભારી છે. એનાથી ઊલટો એવો મત પણ પ્રચારમાં આવ્યો કે શરીરમાં, રોગોના પરિણામ રૂપે જંતુઓ નજરે પડે છે, તેઓ કંઈ રોગનું મુખ્ય કારણ નથી. હોઇ ન શકે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આ બન્ને મતો ખોટા છે. કેટલાએક રોગો જંતુઓને આભારી છે, અને કેટલાએક નથી. રોગને પરિણામે શરીરમાં જંતુઓ ઉત્પન્ન થતા નથી. આ પ્રશ્નની ચર્ચા આગળ આવતાં બે પ્રકરણોમાં કરી છે. જંતુશાસ્ત્ર પણ, વિજ્ઞાનની બીજી શાખાઓ માફક અવલોકન, અનુમાન અને પ્રયોગના પાયા પર પોતાનાં વિધાનો રચે છે. અને મનુષ્યબુદ્ધિને ગમ્ય એવાં પ્રમાણોને આધારે જ આગળ વધે છે. એ ધતિંગો ચલાવતું નથી કે ઇંદ્રજાળો રચતું નથી!!"

આ લખાણમાં જે "કેટલાએક હર્ષઘેલાઓ" નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેઓ બીજા કોઈ જ નહિ પણ પાસ્તર અને તેના ચેલાઓ જ હતા. એમનો મત દિવસે દિવસે ખોટો ઠરતો જાય છે. જ્યારે બીજી બાજુ જંતુઓ રોગના પરિણામ રૂપે છે એ મતને આજ સુધી કોઈ ખોટો ઠરાવી શક્યું નથી. તેમ જ આ મત ઉપર રચાયલી સૌ રોગોની સરખી સારવારમાં દોષ ક્યાં છે, તે કોઈ શોધી શક્યું નથી.

જંતુવાદે ચલાવેલાં ધતિંગો.

લેખક જ્યારે જણાવે છે કે, જંતુવાદ ધતિંગો ચલાવતો નથી ત્યારે અમારી તાજુબીનો પાર રહેતો નથી પાસ્તરે કૂતરામાં હડકવા પેદા ન થાય એને માટે રસી બનાવવાનું આપેલું વચન આજ દિન સુધી કોઈ જંતુવાદી પાળી શક્યો નથી. એ ઉપરાંત પાસ્તર કહેતો હતો કે એની હડકવાની રસી વાઈ-ફેફરૂં (Epilepsy) મટાડી દેશે! શરીરશાસ્ત્ર અથવા રોગશાસ્ત્રનું જે માણસને લેશ માત્ર ભાન છે તે પાસ્તરના આવા હાસ્યાસ્પદ દાવાથી રમૂજ પામ્યા વિના નહિ રહે. છતાં ય એના જમાનાના ભોળા દાક્તરો એ ફ્રેંચ કેમિસ્ટના શબ્દોને વેદવાક્ય માની લેતા હતા.

મેકનીકોફ ફળોને ખળખળતા પાણીમાં બોળીને ખાવાની સલાહ આપતો અને એના કારણમાં એમ જણાવતો કે તેમ કરવાથી કેન્સરના જંતુઓ મરી જાય છે!! આ જંતુગાંડા કેમિસ્ટના જમાનાથી આજ સુધીમાં એક પણ જંતુવાદી કેન્સરનો જંતુ ખોળી શક્યો નથી. તેમ જ કેન્સર એ કોઈ પણ રીતે ચેપી અથવા સંસર્ગજન્ય રોગ છે એમ સિદ્ધ કરી શક્યો નથી. જો કે આ દિશામાં પ્રયાસો કરવામાં કાંઈ જ બાકી રાખવામાં આવ્યું નથી.

કોકે જ્યારે પોતાનો ક્ષયને માટે રામબાણ મનાતો ટ્યુબરક્યુલીન નામનો ઉપાય શોધી કાઢ્યો ત્યારે તેને માટે કેવી કેવી પરીક્ષાઓ જોડાઈ હતી, અને કેવા કેવા વાહિયાત અને હાસ્યાસ્પદ દાવાઓ કરવામાં આવ્યા હતા એ હકીકતથી લેખક અજાણ તો નહિ જ હોય એમ અમે માનીએ છીએ, છતાં ય એ એક ઐતિહાસિક સત્ય છે કે આ જંગલી ઉપાયથી આજ સુધીમાં એક પણ દર્દીનો ક્ષય મટ્યો નથી જ્યારે ઊલટપક્ષે એ હળાહળથી અસંખ્ય લોકો કમોતે મૂઆ છે. આ રસીથી એક

પણ દર્દીનો રોગ મટ્યા પહેલાં એને વિષે એટલો બધો તો વ્યવસ્થિત શોરબકોર કરી મૂકવામાં આવ્યો હતો કે એને આધારે દુનિયાના દેશોદેશમાંથી દાક્તરોએ ઘણા મોટા પાયા ઉપર આ દવા મંગાવી, હજારો દર્દીઓને કમોતે માર્યા અને ત્યારપછી આખો ઊહાપોહ થતાં એનો ઉપયોગ ઓછો કરી નાખ્યો પણ હજી બંધ તો નથી જ કર્યો

ડૉ એહરલીક (જેનું નામ જેની શોધ કરતાં ઘણું સારું છે, કારણ કે જર્મન ભાષામાં એહરલીક શબ્દનો અર્થ પ્રામાણિક એવો થાય છે) જ્યારે સાલ્વર્સન શોધી કાઢ્યું ત્યારે તેણે જગતને ખાતરી આપી હતી કે માત્ર એનું એક જ ઇન્જેક્શન લેવાથી સિફિલિસ કાયમને માટે મટી જશે પણ ત્યારપછી એકના બે ઇન્જેક્શન થયાં બેના ત્રણ થયાં અને આ ઇન્જેક્શન જે પારાનું સ્થાન લેવાનો દાવો કરતું હતું તે જ સિફિલિસ મટાડવામાં એટલું પાંગળું જણાયું કે એને ફરીથી પાછો પારાને પોતાની મદદે બોલાવવો પડ્યો અને સાથે સાથે બીસમથ અને આયોડાઇડ્ઝનો ઉપયોગ દર્દીઓ અને જંતુઓ મારવા માટે શરૂ થયો! ત્યાર પછી શોધાયેલું નીઓ સાલ્વર્સન અથવા ૯૧૪ એ ૬૦૬ના મોઢામાં થૂંકે એવું જ ભયંકર તૂત છે

આ તો માત્ર થોડાંક દેખીતાં દાખલા આપ્યા છે બાકી તો દિવસ ઊગે અનેક ઝેરી રસાયણો સીરમો વેક્સીનો અને એન્ટીટોક્સીનો તેમજ બીજી અસંખ્ય અનાવનાઓ કહેવાતા જંતુજન્ય રોગોને અટકાવવા અથવા મટાડવા માટે બહાર પડે છે અને અનેક ભોળા લોકોના ખીસ્સા કાપે છે આમાંની એક પણ બનાવટ વાસ્તવિક હકીકતોની કસોટી ઉપર ટકી શકે એવી હોતી નથી છતાંય દાક્તરો લોભને અંગે એનાં ઇન્જેક્શનો આપ્યે જાય છે અને દર્દીઓ વહેલા સાજા થવાની આશામાં તે લીધે જાય છે

જંતુવાદ વિષે ઈ સ ૧૮૮૦ થી ૧૯૩૯ સુધી લખાયેલા ગ્રંથો ઉપર જો નજર નાખી જવામાં આવે તો સહેજ પણ સંશય વગર જાણી શકાય કે આ અર્વાચીન અંધકયુગ વાદે કેટલી ઇંદ્રજાળો ઊભી કરી છે

પાસ્તર વિરુદ્ધ બીકેમ્પ

આખા એ પુસ્તકમાં બીકેમ્પ વિષે કે એના પ્રયોગો શોધખોળ કે સિદ્ધાંતો વિષે એક પણ અક્ષર નથી એ ખરેખર નવાઈભર્યું છે, આજે જ્યારે જગતના મોટા મોટા પાસ્તરવાદીઓ પણ બીકેમ્પના સિદ્ધાંતોની સર્વોપરિતા સ્વીકારતા આવ્યા છે ત્યારે તેના વિષે મૌન સેવવામાં લેખકનું અજ્ઞાન જવાબદાર છે કે ઉપેક્ષા એ અમે સમજી શક્યા નથી જો બીકેમ્પના સિદ્ધાંતોનો એમણે વિગતવાર અને પૂર્વગ્રહ વિના અભ્યાસ કર્યો હોત તો જંતુ એ રોગનું પરિણામ છે એ સિદ્ધાંતને એક ફૂંકમાં ઝપાટે ઉડાવી દીધો ના હોત એલોપથીની ઉગ્ર રોગોની સારવાર પાસ્તર, મેકનીકોફ કોક, બેહેરીંગ, અને એહરલીક જેવા કેમીસ્ટો અને કીડાવાદીઓના સિદ્ધાંતો ઉપર રચાયેલી છે બીજી બાજુ નિસર્ગોપચારની ઉગ્ર રોગોની સારવાર બીકેમ્પ પ્રિસનિટ્ઝ, કુહ્‌ને ક્નાઇપ બીલ્ઝ અને લીન્ડલેરના સિદ્ધાંતો ઉપર રચાયેલી છે

વાચકોની સરળતા ખાતર બીકેમ્પના સિદ્ધાંતો નીચે ટૂંકામાં રજૂ કરવામાં આવ્યા છે

એલોપથીક શરીરશાસ્ત્ર મુજબ કોષ એ જીવનનો નાનામાં નાનો એકમ છે બીજી બાજુ બીકેમ્પનો સિદ્ધાંત એમ છે કે, કોષ પણ પોતાનાથી અનેક ગણા નાના એવા અસંખ્ય પરમાણુઓનો બનેલો છે આ પરમાણુઓને એણે માઇક્રોઝીમા (Microzyma) એવું નામ આપ્યું આ માઇક્રોઝીમા જીવનનો છેવટનો એકમ છે યોગ્ય પરિસ્થિતિની અંદર આ માઇક્રોઝીમાનો વિકાસ સજીવ શરીરના નાનકડા કોષોમાં થાય છે બીજી બાજુ અયોગ્ય પરિસ્થિતિની અંદર અર્થાત મૃત દેહોમાં અથવા તો રોગદ્રવ્યથી ભરેલા શરીરોમાં આ માઇક્રોઝીમાનો વિકાસ જંતુઓમાં અને પેરેસાઇટોમાં થાય છે પાસ્તર જંતુઓને કારણ વિહીન કારણ માનતો અને તેઓ ઈશ્વરની પેઠે

સ્વયંભૂ હશે એમ સમજતો. બીજી બાજુ બીકેમ્પે એ સિદ્ધ કર્યું કે કોષ અને જંતુ એ બન્નેનું મૂળ કારણ માઈક્રોઝીમા છે, અને એ રીતે જીવન વિરુદ્ધ જંતુના દ્વૈતવાદને એણે અદ્વૈતવાદમાં ફેરવી નાખ્યો. આ રીતે પાસ્તરના તત્ત્વજ્ઞાનમાં ખૂટતા અનેક અંકોડાઓ આ શોધથી મળી ગયા. જંતુવાદ વિષે ગમે એટલું પાંડિત્યપૂર્ણ લખાણ કર્યા પછી પણ એના આચાર્યો એ સમજાવી શકતા નથી કે કોઈ પણ રોગનો પહેલો કેસ શી રીતે થયો? એક માણસને મેલેરિયા થયો હોય એને કરડેલો મચ્છર બીજાને કરડે એટલે જો એની જીવનશક્તિ નબળી હોય અને શરીરમાં સારા પ્રમાણમાં રોગદ્રવ્ય હોય તો તેને પણ મેલેરિયા થાય આ હકીકતથી મેલેરિયાના ફેલાવાની કૂંચી હાથ આવે છે. પણ એની ઉત્પત્તિ વિષે કશો જ પ્રકાશ પડી શકતો નથી.

મેલેરિયા, પીળો તાવ, બળિયા, ગોનોરિયા, સિફિલિસ કે બીજા કોઈ પણ ચેપી રોગનો પહેલો કેસ ક્યાંથી થયો? પહેલા દર્દીએ કોની પાસેથી ચેપ મેળવ્યો?

બીકેમ્પનો સિદ્ધાંત આ પહેલા કેસનો ખુલાસો કરે છે. ડૉ. લીન્ડલેરના પુત્રને જ્યારે બળિયા નીકળ્યા ત્યારે આખા શિકાગોમાં બળિયાનો એક પણ કેસ નહોતો. ગુજરાતમાં એક જણને થયેલા પીળા તાવનો કેસ હું સારી રીતે જાણું છું. તે વખતે આખા મુંબઈ ઈલાકામાં એક પણ પીળા તાવનો કેસ નહોતો.

એલોપથી એક બાજુ જીવન વિરુદ્ધ જંતુનો વાદ રજૂ કરે છે અને વળી એમ કહે છે કે શરીર જબરુ હોય તો જંતુઓ ફાવતા નથી શરીર નબળું હોય તો એ ફાવી જાય છે. ત્યારે વળી એક નવો ગોટાળો ઉત્પન્ન કરે છે. આખા યે પુસ્તકમાં તેમ જ બીજા કોઈ પણ એલોપથીક ગ્રંથમાં રોગદ્રવ્યનું (Disease-Matter, Pathogen or Morbid Matter) અસ્તિત્વ સ્વીકારવામાં આવતું નથી. અને એને પરિણામે અનેક કોયડાઓ અણુઉકલ્યા રહી જાય છે તેમ જ તેમને અનેક પરસ્પર વિરોધી વિધાનો કરવાં પડે છે. પાસ્તર પ્રાણીના શરીરને દારૂના પીપ સાથે સરખાવતો, પણ એ એનો ભ્રમ હતો, જે સરખો કરવા માટે મેંકનીકોફને ફેગોસાઈટોસીસની શોધ જાહેર કરવી પડી અને એણે મનુષ્ય શરીરને કુરુક્ષેત્ર સાથે સરખાવ્યું. લોહીનાં જે શ્વેત કણોને પાસ્તર મૃત અણુઓ માનતો હતો તેને જ તેના પટ્ટ શિષ્યે સજીવ, બુદ્ધિમાન અને જંતુઓના શત્રુઓ તરીકે વર્ણવ્યા.

ત્યારપછી સર આલ્મરૉથ રાઈટ અને ડૉ. બુલેરીએ ઓપ્સોનીન અથવા કુદરતી એન્ટીટોક્સીનો લોહીમાં શોધી કાઢ્યાનો દાવો કર્યો એટલે જંતુવાદનું તત્ત્વજ્ઞાન દાક્તરોના મત મુજબ સંપૂર્ણ બન્યું.

પણ આગળ જણાવ્યા મુજબ આ તત્ત્વજ્ઞાનમાં ઘણા અંકોડાઓ ખૂટે છે. સૌથી પહેલું જંતુઓનું કારણ શું છે. તે આપણને સમજાવવામાં આવતું નથી. બીજું, કોઈ પણ રોગનો પહેલો કેસ શી રીતે થયો તેને વિષે આપણને ખુલાસો મળતો નથી. જો ઉંદર ઉપરના ચાંચડ માણસને કરડવાથી એને પ્લેગ લાગુ પડતો હોય તો મૂળ ઉંદરને પ્લેગ ક્યાંથી લાગુ પડ્યો? ત્રીજું, જો એક ચોક્કસ જાતના જંતુમાં ચોક્કસ પ્રકારનો રોગ ઉત્પન્ન કરવાની શક્તિ હોય તો તેની અસરો જુદાં જુદાં પ્રાણીઓમાં જુદી જુદી શા માટે દેખાવી જોઈએ? દા. ત. એક્ષેક્સ સાથે સંકળાયલો જંતુ પશુઓમાં બરોળનો તાવ ઉત્પન્ન કરે છે અને મનુષ્યશરીર ઉપર ચામડી ઉપર ફોલ્લાઓ ઉત્પન્ન કરે છે. ચોથું, પ્રયોગશાળાઓમાં જે જનાવરોને જુદા જુદા પ્રયોગો માટે રોગો લાગુ પાડવામાં આવે છે તે કદી હવામાંથી જંતુઓ પકડીને લાગુ પાડવામાં આવતા નથી. પણ રોગી જનાવરોના શરીરમાંથી રોગી પદાર્થો કાઢીને તેમનાં ઇન્જેક્શનો આપીને રોગ લાગુ પાડવામાં આવે છે. પાંચમું, લેખકે કોકના જે ચાર નિયમો (પાન ૪૨ મું) આપ્યા છે, એમને સાચા સિદ્ધ કરવાનું કામ ઘણું જ દુર્ઘટ છે. અને આ હકીકત ઘણા એલોપથો નિખાલસપણે કબૂલ કરે છે. એમનું એક વિશ્વવિખ્યાત પત્ર "Lancet" (March-20, 1909) જણાવે છે કે "It must be ack-

nowledged that all these postulates are complied with very rarely, indeed, if ever " એટલે જ્યાં ખુદ એમના જ નેતાઓનો અનુભવ પરસ્પર વિરોધી છે ત્યાં એ નિયમોને શાશ્વત નિયમતો તરીકે કેમ બેસાડાય નહિ

લેખકે દાખલા તરીકે ક્ષય લીધો છે પણ આ રોગ એના જંતુથી થાય છે કેમ એ પ્રશ્ન જ અતિશય વિવાદાસ્પદ છે ! ક્ષય રોગમાં રોગ શરૂ થઈ ગયા પછી જ એનાં જંતુઓ ઘણા મોડા માલમ પડે છે એટલે એના જંતુને એ રોગનું મારણ શી રીતે માની શકાય ? એ જ મુજબ અસંખ્ય નીરોગી લોકોના ગળામાં પણ એના જંતુઓ જોવાના મળે છે ! ફ્રાન્સની સરકારે ક્ષયનું કારણ શોધી કાઢવા માટે નીમેલા એક સુવિખ્યાત ડાક્તરે રોમમાં ભરાયેલી ઈન્ટરનેશનલ ટ્યુબરક્યુલોસીસ કોંગ્રેસ આગળ જાહેર કર્યું હતું કે એણે તપાસેલા નિશાળમાં ભણતા બધાં બાળકોમાંથી ૮૫ ટકા બાળકોના ગળામાં ક્ષયના જંતુઓ હતા !!

ડૉ એચ. ડબલ્યુ હોજ (એમ ડી) જણાવે છે કે 'મારી ૩૦ વર્ષની ઘણી જ બહોળી પ્રેક્ટિસ દરમિયાન મારી પાસે જેટલા જેટલા ક્ષયના દરદીઓ આવ્યા છે તે બધાનો ઇતિહાસ મેં કાળજીપૂર્વક તપાસ્યો છે અને એટલા અનુભવ પછી હું નિર્ણય ઉપર આવ્યો છું કે ક્ષય સંસર્ગજન્ય (contagious) ચેપી (Infectious) અથવા તો એક સ્થળેથી બીજે સ્થળે જઈ શકે તેવો (communicable) રોગ નથી

એટલે ક્ષયરોગથી અથવા તો બીજા કોઈ પણ રોગથી કોખના ચાર નિયમો સાચા સિદ્ધ થઈ શકતા નથી

રોગ એ અકસ્માત છે એમ એલોપથી માને છે છતાં ય એમને અકસ્માત–શાસ્ત્રમાં આસ્થા નથી એમ તેઓ સમજાવવા મથે છે, એને લઈને જ આ શાસ્ત્રમાં અસંખ્ય ગૂંચવાડાઓ અને પરસ્પર વિરોધી વાતો ભરાઈ ગઈ છે !

પુસ્તકની અંદર પ્રકરણે પ્રકરણે અને પાને પાને અનેક વિવાદાસ્પદ વિધાનો છે દાખલા તરીકે ડિપ્થેરિયા વિષે લેખક કહે છે કે જંતુવિદ્યાના ઇતિહાસમાં આ રોગ પરત્વે થયેલી શોધખોળ બહુ અગત્યનું સ્થાન ધરાવે છે કારણ કે એ શોધખોળના પ્રતાપે દર વર્ષે હજારો બાળકોને મોતના પંજામાંથી છોડાવી શકાય છે જે લોકો જંતુઓને તથા જંતુજન્ય રોગોને એક પ્રકારનું ધતિંગ ગણે છે તથા રસીની સારવાર સામું જોવાની દરકાર નથી કરતા તેમને એ રોગની શોધખોળ પરથી સરસ શિખામણ મળી છે ' આ લીટીઓ જો ડિપ્થેરિયાની રસીની છાપામાં આપેલી જાહેર ખબરમાં જોવામાં આવી હોત તો તેની *વિરુદ્ધમાં કશું કહેવાનું ન હતું* પણ શાસ્ત્રીય પુસ્તકમાં આવી હવાઈ વાતો શોભતી નથી ડિપ્થેરિયા વિષે આજ સુધી થયેલી શોધખોળથી જો કોઈને શિખામણ લેવાની હોય તો તે રસી ગાંડા ઝનૂની ડાક્તરોને અને નહિ કે તેના વિવેકશીલ વિરોધીઓએ એકલા અમેરિકામાં દર સાલ ૧૨ ૦૦૦ બાળકો ડિપ્થેરિયાથી મરી જાય છે

એટલા ઉપરથી જ કેટલી મોટી સંખ્યા આ રોગનો ભોગ બનતી હશે તેનો આપણે ખ્યાલ કરવો રહ્યો. ડિપ્થેરિયાની રસી એક ભયંકર રસી છે એનાથી લકવો ગાંડપણ અને હૃદયના રોગો થવાનો ભય છે સંભવ છે વૈદકીય ક્ષેત્રની અંદર ચિકિત્સા વૈજ્ઞાનિક હોવી જોઈએ એવો જેમનો જેમનો આગ્રહ છે તે બધા આ રસીનો વિરોધ કરે છે એહેરીંગે જ્યારથી આ સોલી રસી શોધી કાઢી ત્યારથી જ એની ઉપર સતત વૈજ્ઞાનિક ટીકાઓનો મારો શરૂ થઈ ચૂક્યો છે અને આ મારો ચલાવનાર નિસર્ગોપચારકોનું દૃષ્ટિબિંદુ સાચું છે એમ દિવસે દિવસે પુરવાર થતું આવ્યું છે જર્મનીમાંથી અને દુનિયાના બીજા અનેક દેશોમાંથી હજારો દવાવાદી ડાક્તરોએ આ રસીને રુખસદ આપીને તેનું સ્થાન જલોપચારને આપવા માંડ્યું છે હિટલરે નાઝિપક્ષ સેના પહેલાં ત્યાંની સરકારે એક ખાસ કાયદો પસાર કરીને ડાક્તરોને આ ભયંકર રસી વાપરવાની મનાઈ

કરી છે. વિક્ટોરીયા, ઑસ્ટ્રેલીયાના આરોગ્ય ખાતાનાં પ્રધાન ડૉ. હેરીસે જાહેર રીતે એકરાર કર્યો છે, કે એ પોતાના બાળકને ડિપ્થેરિયાની પ્રતિબંધક રસી નહિ મુકાવે અને આરોગ્ય ખાતાના પ્રધાન તરીકે કોઈ માબાપને એ રસીની હિમાયત નહિ કરે.×

શિખામણ કોણ લઈ રહ્યું છે? આ રસીના વિરોધીઓ કે હિમાયતીઓ?

જ્યોર્જ વૉશિંગ્ટન શાથી મરી ગયો? ડિપ્થેરિયાથી કે એના દાક્તરોએ એની ઉપર કરેલા આસુરી રક્તપાતથી?

આ જ રીતે દરેકે દરેક રોગને લગતા પ્રકરણની અંદર અનેક અધકચરી હકીકતો રજૂ કરવામાં આવેલી છે. આખું પુસ્તક વાંચતાં જંતુવાદ એ કેવો દેવાળિયો વાદ છે એનો આપણી નજર સામે તાદૃશ્ય ચિતાર ખડો થાય છે. પોણી સદીનો અસંખ્ય વ્યક્તિઓનો પ્રખર પુરૂષાર્થ, પરાર્ધો રૂપિયાનું ખર્ચ, અગણિત જનાવરો અને દર્દીઓની રિબામણી પછી જંતુવાદે આપણને કેટલા વિશ્વાસપાત્ર અને સચોટ ઉપચારો આપ્યા છે!!

લેખકે આપેલા પચાસ રોગના વર્ણનમાંથી પૂરા પાંચ રોગ પણ એવા નથી કે જેના સારા સૅનિટેશન સિવાય વિશ્વાસપાત્ર ઉપાયો કે અટકાવો હાથ લાગ્યા હોય. અને જે ઉપાયોને લેખક અકસીર તરીકે વર્ણવે છે તેવા હડકવાની રસી જેવા ઉપાયો ઉપર જંતુવાદીઓ અને અજ્ઞાન જનસમૂહ સિવાય કોઈ દેખતો માણસ વિશ્વાસ મૂકતો નથી.

× The Argus, 30th May 1935.

જંતુવાદની આટલી કરુણ નિષ્ફળતા પછી પણ ચિકિત્સાના ક્ષેત્રમાં વધારે શાસ્ત્રીય દૃષ્ટિ રાખવાનું દાક્તરો હજુ શીખ્યા નથી એ ઓછા દુઃખની વાત છે?

એક બાજુએ જ્યારે જંતુવાદ રોગનિવારણના ક્ષેત્રોમાં સદંતર નિષ્ફળ નીવડ્યો છે, ત્યારે એણે પ્રજાનું એક મોટું અહિત તો એ કર્યું છે કે જંતુ એ જ રોગનું કારણ છે અને રસીઓ એ જ એનું નિવારણ છે એવી જૂઠી માન્યતા લોક સમાજમાં ફેલાવીને એણે હોમિયોપથી, અને નિસર્ગોપચાર જેવી પ્રગતિશીલ પદ્ધતિઓનો રસ્તો રૂંધી લીધો છે. આખા પુસ્તકની અંદર જંતુવાદની સિદ્ધિઓ વિષે અનેક જૂઠા દાવાઓ કરવામાં આવ્યા છે. પણ હોમિયોપથીએ કોલેરાના મરણપ્રમાણમાં કરેલા ઘટાડા વિષે અને ટાઈફોઈડની ચિકિત્સામાં નિસર્ગોપચારે આણેલી પ્રચંડ ક્રાન્તિ વિષે લેશ માત્ર ઇશારો કરવામાં આવ્યો નથી.

અમે આ લેખની શરૂઆતમાં જણાવી ગયા તેમ આ પુસ્તકના અનેક સારાં અંગો હોવા છતાંય સામાન્ય જનસમાજમાં આ પુસ્તકના પ્રચારથી અનેક હાસ્યાસ્પદ વહેમોનો પ્રચાર થશે અને અનેક પાખંડો પ્રતિષ્ઠા પામશે. આ પ્રકારની એની ઉણપો અને અસંખ્ય ખામીઓ છતાં આ દિશામાં આ પહેલો પ્રયત્ન હોવાથી અમે એને આવકારીએ છીએ અને આશા રાખીએ છીએ કે આવતી આવૃત્તિમાં લેખક આ વિષયની બીજી બાજુનો પણ પૂર્વગ્રહ વિના અભ્યાસ કરી આવશ્યક સુધારા વધારા કરશે.

☆

હોલેંડ

યુરોપનો આ મહિનો—————————————શ્રી. 'તજ્ઞ'

યુરોપનાં નાનાં રાજ્યો સ્વાહા

છેલ્લા થોડા મહિનાઓમા જે મોટું પરિવર્તન યુરોપના નકશામાં થયુ છે તેવું એટલા જ સમયમા ક્યારે પણ થયુ નથી સૌથી પ્રથમ જર્મનીએ નિમિષ માત્રમા ઑસ્ટ્રિયા લઈ લીધુ એ પછી સ્પેનમાં બળવો થઈ એ રાજ્ય જર્મની અને ઇટાલીની અસર અને લાગવગ નીચે આવ્યુ ત્યારપછી મ્યુનિચના કરારો નીચે દોઢ કરોડની વસ્તીવાળુ ઝેકોસ્લોવેકિયા જર્મનીએ હસતા હસતા લઈ લીધુ સ્લોવેકિયા જર્મનીના ચક્રવર્તીપણા નીચે રહ્યુ હંગરી ઇટાલીની લાગવગ નીચે ગયુ સાડા ત્રણ કરોડની વસ્તીવાળુ પોલાંડ જર્મનીના ગરુડ અને રશિયાના રીંછે વહેંચી લીધુ રશિયાના સામ્યવાદીઓએ લીથુનિયા લેટવિયા અને એસ્ટોનિયાના ત્રણ રાજ્યોને નગરીન બનાવ્યા ફિનલેંડ બહાદુરીથી ત્રણ માસ સુધી લડ્યુ પણ છેવટે રશિયાની પરાધીનતા એના નસીબમા ચોટી ઓચિંતા એક સવારે જર્મનીએ ડેન્માર્કના સમ્રાટ દેશને પોતાને શરણે આવવા ફરજ પાડી નોર્વે દશ દિવસમા જર્મનીએ જીતી લીધુ નાની અંગ્રેજી સેનાને પાછુ હઠવુ પડ્યુ અંગ્રેજી કાફલાના સહકારને લીધે જર્મન કાફલાને સખત નુકસાન પહોંચ્યુ છતા નોર્વે જર્મન આધિપત્ય નીચે આવી ગયુ

હજી જર્મનીની એ જ નીતિ છે

વાત વાતમા એક ક્ષણમા જર્મન સેનાએ લક્ઝમબર્ગનુ નાનું રાજ્ય લઈ હોલાંડનુ સમૃદ્ધ રાજ્ય પોતાની સેનાઓથી ભરી દીધુ ઇંગ્લેંડ અને ફ્રાન્સનો સહકાર ફાયદાકારી નીવડ્યો નહિ અને બેલ્જીયમમાં ભયંકર યુદ્ધો થયા એક પછી એક કિલ્લાઓ અને શહેરો જર્મનીના હાથમા પડવા લાગ્યા મિત્ર રાજ્યો અને બેલ્જીયમના સૈન્યોને પાછુ હઠવુ પડ્યુ છે બેલ્જીયમ ¾ ભાગ જર્મનોના હાથમા આવ્યો છે બેલ્જીયમના રાજા લિઓપોલ્ડે પાંચ લાખના સૈન્ય સાથે શસ્ત્રો નીચે મૂકી દીધા છે પણ સરકાર અને પ્રજાએ રાજાના એ કાર્યને ધુત્કારી કાઢેલ છે એટલે ત્યાંની યુદ્ધસ્થિતિ ચાલુ છે ફ્રાંસની ભૂમિ ઉપરે બેલ્જીયમના દ્વારથી જર્મન સૈન્ય પ્રવેશ્યુ છે ત્યાં ખૂનખાર લડાઈ ચાલુ છે ફ્રાંસનો કેટલોક પ્રદેશ જર્મનોએ કબજે કર્યો છે બીજા નાનાં રાજ્યોને ચાવી જવાની એની નીતિ ચાલુ છે રશિયાની દરમિયાનગીરીથી હાલ સ્થગિત થયુ છે પરન્તુ તેનો જીવ હજી અદ્ધર છે ઇંગ્લીએ આઠ માસ ઉપર આ એલ્બેનિયા લીધુ હતું હવે યુગોસ્લોવેકિયા ઉપર નજર છે ત્યાંથી ગ્રીસ અને તુર્કી ઉપર આક્રમણ થઈ શકશે રોમાનિયા પણ થરથરે છે યુરોપના ૭૨ રાજ્યોમાથી આ યુદ્ધની આખરીએ ઘણા થોડાં જ મહારાજ્યો રહેશે નાના રાજ્યો મોટાઓની દાઢોમા ચવાઈ જશે

હોલાંડ અથવા નેધરલેંડ

નેધરલેંડ અને હોલાંડ એ ડચ લોકોનો પ્રદેશ છે એનું ક્ષેત્રફળ માત્ર ૧૨૫૭૯ ચોરસ માઈલનું છે એની વસ્તી ૮૨ લાખની ગણાય છે તેમા ૪૧૨૭૮૮ (૪૧ લાખ) માણસો અને ૪૧૬૬૫૪૧ (૪૧ લાખ) સ્ત્રીઓ છે એના મુખ્ય શહેરોમા આમસ્ટરડામની વસ્તી ૭૭૮૪૪૨ રોટરડામની ૫૮૭૯૦૧ અને હેગની વસ્તી ૪૬૮૧૬ માણસોની છે રાજ્યકુટુંબ અને વસ્તીનો મોટો ભાગ સુધરેલા પ્રોટેસ્ટંટ ધર્મનો છે છતા ત્રીજો ભાગ રોમન કેથોલીક સંપ્રદાયનો છે આખા દેશમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત છે ૮૩ લાખની વસ્તીમા દસ હજાર સ્કૂલોમા પચાસ હજાર શિક્ષકો ૧૫ લાખ બાળકોને શીખવે છે દેશમા ૮૩ ટકા પ્રજા ભણેલી છે ડચ લોકો ભારે સ્વદેશાભિમાની ઉદ્યોગી, પરસ્પર સહકારી બુદ્ધિમાન, સંસ્કારી અને ધનવાન ગણાય છે તેઓ

વિદ્યારસિક અને વાચનપ્રિય છે ત્યા પાચ યુનિવર્સિટીઓમા ૧૦ હજાર વિદ્યાર્થીઓ ભણે છે બીજી પણ અનેક જાતની હુન્નર ઉદ્યોગની શાળાઓથી દેશ ઊભરાય છે

હોલાંડનું અર્થશાસ્ત્ર

હોલાંડના લોકોનુ રાજ્ય પ્રજાતંત્ર ઉપર ચાલે છે રાણી વિલ્હેમિના જો કે સમ્રાજ્ઞી છે ત્યા તે બંધારણપૂર્વક શાસન કરે છે હોલાંડ પોતાના ગરીબો માટે દર વરસે ૧૧ કરોડ ગીલ્ડર[1] ખર્ચે છે એ રાજ્યમા દર્દી, અશક્ત, વૃદ્ધ બાળકો અને બેકારોને નિભાવવાની વિશાળ યોજનાઓ છે પ્રજાની સુખ શાંતિ અને કલ્યાણ માટે ભારે પ્રમાણમા યોજનાઓ રાજ્ય અને પ્રજાએ સ્વીકારી છે. હોલાંડની પેદાશ આવકવેરો, આયાતકર, દારૂ ઉપરના કરો વગેરે સાધનોથી થાય છે માત્ર દારૂ ઉપરના કરથી જ ૨૫ કરોડ ગીલ્ડર પેદા થાય છે હોલાંડની કુલ પેદાશ સને ૧૯૩૫મા ૫૦ કરોડ ગીલ્ડરની હતી ખર્ચ ૭૩ કરોડનું હતુ બજેટમા ખાધ રહેતી આવે છે સૈન્ય પાછળ તે બહુ થોડા નાણા ખર્ચતું હતુ પરંતુ ગઈ સાલથી એણે વધારે પૈસા ખર્ચવા માંડ્યા હતા હોલાંડ વિદ્યાવૃદ્ધિ માટે ૧૬ કરોડ, જાહેર બાંધણીના કાર્યો માટે ૧૪ કરોડ, સૈન્ય માટે ૯ કરોડ જાહેર આરોગ્ય ખાતે ૬ કરોડ ખર્ચે છે એનુ દેશમાનુ કરજ ૨।। અબજ ગીલ્ડરનુ છે બહારનુ કરજ નથી

હોલાંડનુ રક્ષણ ખાતુ

હોલાંડ નીચો દેશ છે એની આસપાસ જબરદસ્ત સેંકડો બંધોની પરંપરા સમુદ્રને દેશમા ફરી વળતો રોકી રાખે છે બંધના દરવાજા ખોલ્યેથી અર્ધ હોલાંડ સમુદ્રની નીચે આવી જાય તેમ છે અને આથી એનુ રક્ષણ સાગરનુ જળ કરે છે સૈનિકનોકરી ફરજિયાત છે સૌ યુવાનોને ફરજિયાત સૈનિક શિક્ષણ મેળવવુ પડે છે જરૂર પડે ૬।। લાખ માણસો યુદ્ધમાં જોડાઈ શકે પરંતુ એટલા વિશાળ પાયા ઉપર હોલાંડ પાસે શસ્ત્રો નથી હથિયારો પણ નથી ચારે તરફ હોલાંડ બળવાન પ્રજાઓથી ઘેરાયેલ છે છતા પ્રજા નીડર છે કોઈનો ડર એમને જોઈતો નથી સાગર માટે પણ હોલાંડ પાસે નાનો મનવારોનો કાફલો છે કોઈ ૩૦૦ વિમાનો પણ છે ૨૦ સબમરીનો પણ છે, ડચ લોકો લડાઈમા શ્રદ્ધાવાળા નથી શાંત સંતોષી રહે છે

વેપાર, ઉદ્યોગ ખેતી

હોલાંડના ખેડૂતો ઘણા ઉદ્યોગી છે એમણે સમુદ્રની આસપાસ બંધો બાંધીને લાખો એકર જમીન ખેતી માટે યોગ્ય કરી છે પુષ્કળ ખારી જમીનને એમણે મીઠી માટી અને મીઠા જળથી મીઠી બનાવી છે તેમા અનાજ, શાકભાજી, ફળફૂલો પુષ્કળ પ્રમાણમા પેદા કરે છે ડચ ખેડૂત પૂરતા ખાતર અને શાસ્ત્રીય ખેતીથી જમીનમા સારો પાક પેદા કરે છે ખાતર પરદેશોથી મંગાવવી પડતી નથી બાગ એટલે રાજ્યની ખેતી કરી પુષ્કળ ખાતર–૨૦ લાખ ટન બનાવે છે ખેડૂતો પાસે ૩ લાખ ઘોડા, ૨૭ લાખ ગાયો અને બળદો, ૫ લાખ ઘેટા અને ૨૦ લાખ ડુક્કરો સને ૧૯૩૪ મા હતા હોલાંડમા ૧।। કરોડ ટન કોલસા પેદા થાય છે ઉદ્યોગોમા હોલાંડ સાધારણ આગળ વધેલુ ગણાય. પરંતુ એ દેશ મોટો મચ્છીમાર છે એના ૩૫૦૦ વહાણો ઉત્તર સમુદ્રમા માછલીઓ પકડવાનો ધંધો કરે છે કપાસ થતુ નથી એટલે વર્ષે ૧૪ કરોડ ગીલ્ડરના પરદેશોથી મંગાવવા પડે છે વેપાર મુખ્યત્વે જર્મની, ઇંગ્લાંડ અને બેલ્જિયમ સાથે છે

ડચ પ્રજા ખલાસીઓ તરીકે શ્રેષ્ઠ ગણાય છે તેમની પાસે ૧૯૩૪ મા ૧૪૭૬ વહાણો અને સ્ટીમરો ૨૬। લાખ ટનની હતી એનુ રોટરડામ બંદર મોટુ ગણાય છે હમણા તો જર્મનીના બોંબગોળાથી આખુ રોટરડામ તારાજ થયુ છે તેમાં એક લાખ માણસો માર્યા ગયા છે ડચ લોકોએ પોતાના નાના દેશની અંદરના વ્યવહાર માટે ૪૬૬૦ માઈલની નહેરો બાંધી છે તેમા નાના વહાણો ચાલે છે એ સિવાય ૩૦૦૦ માઈલના રસ્તા છે તેમ જ નાના

---

[1] ગીલ્ડર = ૧॥ આના આશરે.

દેશમા ૨૩૦૦ માઈલમા રેલ્વે છે ડચ લોકો વિમાનો સરસ બાધે છે એમની વિમાની વ્યવહારની યોજના આખા યુરોપ અને એશિયામા ઠેઠ જાવા સુધી પ્રસરેલી છે પ્રવાસીઓને માટે એમના વિમાનો વખણાય છે એની પાસે એના નાના દેશના પ્રમાણમા પુષ્કળ સોનું છે ડચ લોકોની નેધરલેંડ બેંક આખા જગતમા પ્રસરેલી સમૃદ્ધ સસ્થા છે

હોલાંડનાં સસ્થાનો

હોલાડના ડચ લોકો પાસે વિશાળ સસ્થાનો છે અગ્રેજોથી પહેલા અને પોર્ટુગીઝો પછી એમણે જગતના સાગરો ખેડવા માડચા હતા બસો વરસો થયા એણે એશિયામા અડ્ડો જમાવી સરસ ફળદ્રુપ સસ્થાનો મેળવ્યા છે જાવા, બોર્નિયો, સુમાત્રા વિગેરે ડચ સસ્થાનો ઘણા ફળદ્રુપ અને સમૃદ્ધ છે ખાડ, કોપરા, કાફી, ચાહ, રબર, સાબુ કિવનાઈન વગેરે ત્યા મોટી રકમ પાકે છે નેધરલેંડના સસ્થાનોનું ક્ષેત્રફળ ૭૩૩૨૯૬ ચોરસ માઈલ અને વસ્તી ૬૦૭૨૮૭૩૬ માણસોની છે તેમા એકલા જાવાની વસ્તી ૪૧ કરોડની છે ડચ લોકોએ પછાત પ્રજાને ખૂબ ચૂસી છે પછાત સસ્થાનવાસીઓમાથી હોલાડવાસીઓએ પુષ્કળ ધન સચય કર્યો છે ડચ પ્રજાના હોલેંડના વિસ્તાર કરતા એના સસ્થાનોનો વિસ્તાર ૬૫ ગણો છે હવે હોલાડ પોતે જર્મનોના હાથમા ગયેલ છે પરતુ રાણી વિલ્હેમીના અને તેનુ પ્રધાનમડળ લડનમા રહીને સસ્થાનોનો કારભાર કરે છે એ ડચ સસ્થાનોમા જાપાન, ઇંગ્લેંડ અને અમેરિકાનો મોટો વેપાર છે એટલે એક કોઈ ઉપલી પ્રજા એ સસ્થાનો લઈ લે તો બીજાઓનો દ્વેષ એને નડે જાપાન ચીનના છઠ્ઠા ભાગમા એ સસ્થાનો લઈ લે જર્મની સાથેના યુદ્ધમા રોકાયેલ ઇંગ્લેંડ બિલકુલ બોલી શકે તેમ નથી પરતુ અમેરિકાથી જાપાન ડરે છે એથી સારા મોકાની વાટ જોઈ જાપાન બેઠુ છે એનો ડોળો નેધરલેંડના સસ્થાનો ઉપર છે

જર્મની હોલાડ જીતે છે

જર્મનીનું જાસૂસખાતુ ખૂબ જીવતું છે એણે સખત પુરુષાર્થ કરી પ્રથમ નેધરલેંડના મોટા અધિકારીઓમા કેટલાકને ફોડચા પછી પોતાનુ વિમાની સૈન્ય જુદે જુદે ઠેકાણે ઉતાર્યું આ વિમાનોમા મોટી છત્રીઓમા ૫૦ સૈનિકો સાથે ઉતરી શકે છે આ છત્રીઓ ગમે ત્યા ૫૦૦ ફીટ ઊડી શકે છે એક ઠેકાણું ઊતરવા યોગ્ય ન હોય તો બીજે ઠેકાણે આકાશમા ઊડી ઊતરી શકે છે આ છત્રીથી સૈન્ય ઉતારવાની શોધ રશિયાએ કરી, તેનો જર્મનીએ ખૂબ વિકાસ કર્યો છે આ છત્રીઓ દ્વારા કસાયલા, સાહસિક અને ઉત્તમ શસ્ત્રોથી સજ્જ યોદ્ધાઓને ઉતારવામા આવે છે તેઓ કિલ્લા તથા નાના શહેરોનો કબજો લઈ પોતાના આક્રમણથી શત્રુના સૈન્યની પાછલી બાજુને હેરાન કરે છે એટલામા હજારો વિમાનો હોલાડ ઉપરે ચડી આવ્યા એમા કેટલાંક આક્રમણ કરનાર વિમાનો અને કેટલાક રક્ષક વિમાનો હતા વિમાનોએ ભયકર ફાટી નીકળે તેવા હજારો ગોળાઓનો વરસાદ ડચ સૈન્ય ઉપર વરસાવ્યો ડચ લડાયક વિમાનો બહુ થોડા અને જૂની ઢબના હતાં તે આધુનિક ઢબના જર્મન વિમાનો સાથે લડી શકવાની શક્તિ ધરાવતા નહોતા

ડચ સૈન્ય પાછળ હઠે છે

ડચ સૈન્ય વિમાનમાથી પડતા ગોળા અને ટોરપિડો સામે ટકી શકયુ નહિ જેવી રીતે જર્મનીએ પોલાડ અને નોર્વેના સૈન્યની સામે આક્રમણ કર્યા હતા તેજ રીતે ડચ સૈન્યો ઉપર આક્રમણ કર્યું વિમાનોમાથી પડતા ઉકાળત જવા ગોળાઓથી ડચ સૈન્ય ગભરાઈ ગયુ એટલામાં કાળા પહાડો જેવી મોટી અને કલાકની ૫૦-૬૦ માઈલોની ઝડપથી દોડતી પોલાદની મજબૂત બખ્તરોવાળી મોટી ટેંકો આવી પહોચી મેદાનો, પર્વતો, વનો ઝરણાંઓ આસાનીથી પસાર કરતી આ ટેંકોએ ડચો ઉપર ધસારો કર્યો એક એક ટેંકમાં ૭ ૭ તોપો રહે છે ૩॥ અને ૪॥ ની વ્યાસની એ તોપોએ ડચ સૈન્ય ઉપર અગ્નિનો વરસાદ વરસાવવા માંડચો ડચ ટેંકોને તો આકાશમાના જર્મન વિમાનોએ તદ્દન નકામી બનવી દીધી હતી ખાઈઓમા છુપાયલા

ડચ સૈનિકો ઉપર હવે નાની ટેંકોના સમૂહે આવી મશીનગનોથી હલ્લો કર્યો. તેના પછી મોટરો અને મોટર સાયકલ ઉપર બેઠેલું જર્મન મોટર સૈન્ય આવી પહોંચ્યું. નાની ટેંકો હારોહાર ગોઠવાઈ ખાઈઓ ઉપર ધસી ગઈ. એ ટેંકોની મશીનગનો ધાણીની પેઠે ફૂટી લાખો કરોડો ગોળીઓનો વરસાદ વરસાવવા માંડી પાછળથી મોટરસૈન્યે બાકી વધેલાઓને ગોળાથી વીંધવા માંડયું. છત્રીવાળા સૈન્યે પણ કેર વર્તાવ્યો.

ડચ સૈન્ય શરણે આવે છે

આવા ભયંકર ધસારાને ડચ સૈન્ય સહન કરી શક્યું નહિ શહેરો અને કિલ્લેબંધીઓ ઉપર પણ વિમાનોએ ભયંકર ગોળાઓ વરસાવવા માંડ્યા. આ ગોળાઓ જ્યાં પડે છે ત્યાં ઘરો, મિલકતો, કિલ્લેબંધીઓ ઉડાડી ફુરચા કરી મૂકે છે. પોલાદના ગોળાઓમાં ત્રણ ભાગ ક્લોરડાઈન નામનો ડાઈનામેટર જેવો દારૂ અને એક ભાગ બંદૂકનો દારૂ હોય છે. એ ફૂટે છે ત્યાં સત્યાનાશ વાળે છે. જર્મનોના હાથમાં પોલાંડ, ઝેકોસ્લોવેકિયાનાં યુદ્ધનાં સાધનો બનાવવાનાં પુષ્કળ કારખાનાં આવ્યાં છે. તેનો વિકાસ કરીને એમા જર્મનોએ ઉંઘામાં ઉંઘી ઢબનાં સાધનો અને યંત્રો ગોઠવ્યાં છે એઓ અતિ મોટી સંખ્યામાં વિમાનો અને ટેંકો બાંધે છે. લાખોની સંખ્યામાં ગોળાઓ તૈયાર કરે છે. ચારે તરફનાં આક્રમણોને ડચ સૈન્ય જીરવી શક્યું નહિ એ દેખી ગયું. એનાં કારખાનાં અને યુદ્ધનાં સાધનોનો જર્મન વિમાનોએ નાશ કરી નાંખ્યો. દેશનાં શહેરોનો કચ્ચરઘાણ નીકળી ગયો. રાણી વિલ્હેમીના, એમની પુત્રી અને પ્રધાનમંડળે લંડનનો માર્ગ લીધો. માત્ર એક રોટરડામ શહેરમાં જ એક લાખ માણસો માર્યા ગયાં.

ડચ સેનાધિપતિએ ચારે તરફ સર્વનાશ જોયો. એણે સૈન્યને ગોળાઓથી માર્યું જતું જોયું એટલે શસ્ત્રો નમાવ્યાં પાંચ દિવસની અંદર જર્મનોએ હોલાંડ લીધું.

જર્મનોના વિજયથી આર્થિક અસરો

ડેન્માર્કમાંથી જર્મનીને પુષ્કળ ખોરાક મળ્યા કરશે. ડુક્કરોનું માંસ, માખણ ઈંડા, વગેરે એ દેશમાંથી કરોડો રૂપિયાનું દર વરસે ઈંગ્લંડને મળતું હતું તે મળતું બંધ રહ્યું. તે જર્મનીને હવે મળ્યા કરશે. એ દેશનાં અને નોર્વેના વહાણો પણ જર્મનીના હાથમાં આવ્યા છે. સ્કેન્ડીનેવિયાના બાલ્ટીક સાગર ઉપર હવે જર્મનોનો કાબૂ થયો છે. તેઓને ત્યાંનાં ભાંગી ગયેલા કારખાના મળ્યાં છે. પણ તેને સુધારતાં જર્મનોને શું વાર લાગશે ? નિર્દય જર્મનો ત્યાંની જ વસ્તીના કારીગરોને કામે લગાડી મોટા પ્રમાણમાં સૈન્યના યુદ્ધના સાધનો તૈયાર કરશે. આ બંને દેશોના આર્થિક સાધનો પણ જર્મનો વાપરશે. ઉલ્કાપાત જેવા જર્મન ધસારાથી આ દેશો મૂંઝાઈ જઈ પોતાના સોનાના સંગ્રહને પણ બચાવી શક્યા હોય એ સંભવિત નથી. એ પણ જર્મનોના હાથમાં આવશે. જર્મનોએ એ દેશોમાં પોતાનાં કાગળિયાંની નોટો ચાલુ કરી છે. સમૃદ્ધ નાના દેશો હાથમાં આવતાં એમાંથી જેમ બને તેમ વધારે લાભ જર્મની લેશે. હોલાંડનો તો પાંચ દિવસમાં જર્મનીએ સત્યાનાશ વાળી નાંખ્યો છે ! તેને ઠેકાણે આવતાં વર્ષો લાગશે. હોલાંડની જમીન ઉપરના બંધ તોડીને સાગરનું પાણી વાળવાની ડચ સૈન્યની હોંશ જર્મન ધસારાથી મનમાં જ રહી ગઈ છે.

અંગ્રેજ-ફ્રેંચોના પ્રધાનમંડળોમાં ફેરફાર

સાહસિક જુવાન અંગ્રેજો સાગરમાં જર્મનીની આસપાસ ઘેરો ઘાલી પડ્યા હતા. જર્મનીના આધુનિક શસ્ત્રોની ભયંકરતા એમને સંપૂર્ણ રીતે જ્ઞાન નહોતી. એઓએ પોતાનાં શસ્ત્રો અને વિમાનોનો ચાર ગણો વિકાસ કર્યો. પરંતુ જર્મન તૈયારીઓને તેઓ પહોંચી શક્યા નહિ. ચેમ્બરલેન પ્રધાનમંડળ ગફલતમાં રહી ગયું. આથી આમની સભામાં એમની વિરુદ્ધ સખત પોકાર થયો ચેમ્બરલેને રાજીનામું આપ્યું તેમને ઠેકાણે વડા પ્રધાન તરીકે સાહસિક ચર્ચીલ આવ્યા છે. જેનું કારણ નોર્વે પાર્લામેન્ટના બંધ પડે એ

સન્માન આપી તેઓ પ્રધાનમંડળમાં જોડાયા છે ડિફેન્સ ખાતાના મી એમેરી માર્જરવેગીવ પ્રમુખ નિમાયા છે અંગ્રેજો યુદ્ધમાં ઉત્સાહ રેડી જીત થાય ત્યાં સુધી ચલાવવાનો નિશ્ચય જાહેર કર્યો છે પણ જર્મનોથી નહિ ગભરાવાનું કહ્યું છે ફ્રેંચોએ પોતાના સેનાધ્યક્ષ મી ગેમલીનને બદલી તેને ઠેકાણે જનરલ વેયગાંડને નીમ્યો છે ૮૪ વરસના જનરલ પેટેનને ઉપપ્રધાન બનાવ્યો છે યુદ્ધમાં ગમે તેટલું નુકસાન થાય છતાં પણ સુલેહ નહિ કરવાનો બંને પ્રજાઓએ વિચાર રાખ્યો છે

જર્મનો બેલ્જિયમની ઉપર આક્રમણ કરે છે

વીજળીની ઝડપ પેઠે નવા બનાવો બનતા જાય છે આજનો બનાવ આવતી કાલે જૂનો પડે છે જર્મન આક્રમણ પણ વીજળીના ચમકારની પેઠે આવે છે સરસમાં સરસ સૈન્ય પણ એને રોકી શકતું નથી નદીઓ પર્વતો ખાઈઓ એ આક્રમણ સફળતાથી ઓળંગી શકે છે કિલ્લેબંધીઓ એને અટકાવી શકતી નથી જર્મનીના વિમાનો અને ટેંકો વધારે ઊંચી જાતના અને વધારે સારાં માલુમ પડ્યાં છે અંગ્રેજોનાં ટેંકો વિમાનો અને વિમાનીઓ બહુ સારા છે પણ જર્મની જેટલી મોટી સંખ્યામાં તૈયાર થઈ શક્યા નથી જર્મનીએ હોલાંડ જીત્યા પછી બેલ્જિયમ ઉપર આક્રમણ કર્યું છે જેવી રીતે જર્મનીની સરહદ ઉપર ફ્રાન્સે મેગીનોટ લાઈનની મોટી કિલ્લેબંધી કરી છે તેવી જ રીતે જર્મનીને અટકાવવા બેલ્જિયમની સરહદ ઉપર પણ ત્રણસો માઈલ લાંબી મેગીનોટ લાઈન પણ ફ્રાંસે બાંધી હતી આ લાઈન અતિ મજબૂત નહોતી જર્મનીએ જેવી રીતે નોર્વે ઉપર આક્રમણ કર્યું હતું તે જ પદ્ધતિસર બેલ્જિયમ ઉપર ધસારો કર્યો પરંતુ બેલ્જિયમ ઉપર વિશાળ પ્રમાણમાં સૈન્ય એમણે મોકલ્યું છે

બેલ્જિયમનો મોટો ભાગ જર્મનોને કબજે

આ નાના રાજ્યો પર જર્મની આક્રમણ કરશે એ સૌ સારી રીતે જાણતા હતા તેથી ગાફેલ તેઓ રહ્યા નહોતા પરંતુ તેઓનાં સાધનો ટૂંકાં હતાં તેઓ એક બીજાની સાથે મળી ગયા નહિ એકસંપી કરી હોત તો ઘણો ફેર પડત જર્મનોએ સને ૧૯૧૪ની સાલમાં પણ એવી જ રીતે બેલ્જિયમ મારફતે ફ્રાન્સનું આક્રમણ કર્યું હતું પેરીસની ઘણી નજીક આવ્યા પછી એમને મિત્ર રાજ્યો હઠાવી શક્યા હતા બેલ્જિયમમાં મિત્ર રાજ્યોનું સૈન્ય પણ બેલ્જિયમ સૈન્યની મદદે આવી પહોંચ્યું હતું બન્નેએ સાથે જર્મન ધસારાને રોકવા પ્રયત્નો કર્યા બચાવ ઉપરાંત ફ્રેંચ સૈન્યે બહાદુરીથી બચાવ કર્યો પરંતુ જર્મન આક્રમણ થોભી શકાયું નહિ જર્મન વિમાનો આકાશમાંથી ભારે ગોળાઓનો વરસાદ વરસાવવા માંડ્યા તેમની સામે મિત્ર રાજ્યોનાં વિમાનોએ સામનો કર્યો પરંતુ તેથી વિમાની આક્રમણ અટક્યું નહિ ટેંકોએ પણ પૂરી ખાનાખરાબી કરી બેલ્જિયમ અને મિત્ર રાજ્યોના સૈન્યો પાછળ હઠી નદી ખાઈઓ અને કિલ્લેબંધીમાં દાખલ થયા બેલ્જિયમના મુખ્ય શહેરો જર્મનોના હાથમાં આવ્યાં

જર્મનો ફ્રેંચોની ભૂમિમાં પ્રવેશ કરે છે

બેલ્જિયમની રાજધાની બ્રુસેલ્સ પડ્યું લીજ અને નામુરના કિલ્લાઓને જર્મનોએ ઘેરો ઘાલ્યો બેલ્જિયમ સૈન્ય અતિ બહાદુરીથી ઘણા દિવસો સુધી લડ્યું આખરે એ બંને કિલ્લાઓ પણ પડ્યા છે ફ્રેંચોની અભેદ્ય મેગીનોટ લાઈનની ઉત્તરે સિત્તેર માઈલની કિલ્લેબંધીમાં જર્મનોએ મોટું ભગદાળું પાડ્યું છે એમનાં ટેંકો અને વિમાનો કિલ્લેબંધી અને ખાઈઓમાં પણ કચ્ચરઘાણ કાઢી નાખે છે કોઈ રીતે અટકતાં નથી ફ્રેંચ સૈન્ય આખા યુરોપમાં શ્રેષ્ઠ ગણાય છે પરંતુ એ જર્મનીના આ યાંત્રિક આક્રમણને તે પણ અટકાવી શક્યું નથી ચારે તરફથી ત્રણસો માઈલના વિસ્તારમાં ભયંકર ખૂનખાર યુદ્ધો ચાલે છે મ્યુઝ નદીને જર્મન લશ્કર ન ઓળંગે તે માટે મિત્ર સૈન્યોએ બનતું કર્યું પરંતુ એ લોકોના ધસારો દોડતા જ જાય છે એમની ગતિ કેવી રીતે અટકાવવી તે મુશ્કેલ સવાલ થઈ પડ્યો છે મિત્ર રાજ્યો અને બેલ્જિયમનું લશ્કર કાયમ છે તેઓના સાધનો પણ બચાવી શકાયાં છે

જર્મનો પેરીસ તરફ વધે છે

મિત્ર રાજ્યોએ પોતાના સર્વે સાધનો યુદ્ધભૂમિ ઉપર મૂકવા માંડ્યા છે એમણે અતિ મોટા પ્રયત્નો કરીને જર્મન વેગને અટકાવવો છે એમણે ખૂનખાર લડાઈઓ લડીને જર્મન વેગને ધીમો કરી નાખ્યો છે પરંતુ હજી તદ્દન અટક્યો નથી મિત્ર રાજ્યો પ્રાણપણે મહેનત કરે છે કોઈ પણ ભોગે એમને જર્મનોના ત્વરિત પ્રવાહને અટકાવવો છે હમણા શ્વાસ ખાવા જેટલો સમય મળે તો પછી બીજુ બધુ ઠીક થઈ શકે પહેલા દિવસની લડાઈમા ફ્રેંચ સૈન્યોને હાર ખાવી પડી હતી પરંતુ પાછળથી એઓએ પોતાની સ્થિતિ સુધારી છે ગયા યુદ્ધના પ્રમાણમા આ યુદ્ધમા ચાર ગણાં યાંત્રિક સાધનો ઉપયોગમા લેવામા આવે છે જર્મનો પાસે મિત્ર રાજ્યો કરતા યાંત્રિક સાધનો વધારે પ્રમાણમા હોવાથી યુદ્ધમા એમને વિજયો મળે છે

છેલ્લા સમાચારો એ છે જર્મનો ફ્રાન્સના ડંકર્ક શહેરમા પ્રવેશી શક્યા છે અને પેરીસ પર હજારો બોંબો ફેંકી શક્યા છે

જર્મનીના આદર્શો

જર્મનીએ ફ્રાંસમા લગભગ સો સવાસોએક માઈલ પ્રવેશ કર્યો છે સેન્ટક્વેન્ટીન સુધીના શહેરો જર્મનીના કબ્જામા આવી ગયા છે પેરીસ ઉપર વિમાનો ગોળાઓ છોડે છે પેરીસને ફ્રેંચ સરકારે યુદ્ધભૂમિ તરીકે જાહેર કરી છે એટલે વસ્તી ત્યાંથી ખસેડી નાખી હશે જર્મનો કોઈ પણ રીતે પેરીસ લેવા માગે છે તે માટે તેઓએ વીશથી પચ્ચીસ લાખ માણસો હજારો ટેંકો અને સાત હજાર વિમાનો ત્યાં ભેગા કર્યા હોવાનું સમજાય છે ફ્રેંચો પેરીસને બચાવવા પ્રાણપણે સૈન્ય ને સામગ્રીઓ ભેગા કરે છે સ્થિતિ બહુ જ ગંભીર છે પણ નિરાશાજનક નથી બીજી તરફ જર્મનો ફ્રાંસના કિનારા તરફ વધવા ભગીરથ મહેનત કરે છે ફ્રાંસનો કિનારો જિતાય તો સાંકડી અંગ્રેજી ખાડી ઉપર તોપોનો મારો ચલાવી ખાડીનો વહાણોનો વહીવટ બંધ કરવા તેઓ યત્નશીલ છે જર્મનોને રોકવા માટે અંગ્રેજો ખાઈઓ ખોદી કિલ્લેબદ્ધ થયા છે ફ્રાંસના કિનારાનુ ઈંગ્લાંડના ડોવર બંદરની છેક નજીકનું બંદર બુલોન જર્મનોને કબજે થઈ ગયુ છે

ઈટાલી શુ કરશે?

છેલ્લા દસ દિવસ થયા મિત્ર રાજ્યોની સામે ઈટાલી આજ યુદ્ધમા ઊતરશે કે આવતી કાલે ઊતરશે તેની રોજ અફવાઓ ઊડ્યા કરે છે, છતા ઈટાલી રાહ જુવે છે એને ઈજિપ્તમા રહેલા અંગ્રેજી સૈન્યો એબિસીનિયા અને લીબિયા નામના ઈટાલીના બે સંસ્થાનો પર હલ્લો કરે એવો ભય જણાય છે પરંતુ ઈટાલીના છાપાઓનું વલણ જોતા લાગે છે કે તક જોઈ જર્મની સાથે તે જરૂર જોડાશે એને ફ્રેંચ કબ્જાના સંસ્થાનો ટ્યુનિશિયા, જીબુટી વગેરે સ્થાનો અને ભૂમધ્ય સમુદ્રમા સર્વોપરી સત્તા પણ જોઈએ છે મિત્ર રાજ્યોના પરાજયથી તે વધારે આતુર થયુ છે થોડા વખતમા એના સૈન્યો યુગોસ્લોવેકિયાના રાજ્યને જીતી લેવા માગે છે અને તે તેને માટે મુશ્કેલ નથી યુગોસ્લોવેકિયા જીત્યા પછી ગ્રીસ અને તુર્કીનો વારો આવશે ઈટાલી જુવે છે કે આવી ને આવી રીતે જર્મનોને વિજયો મળ્યા કરે તો મિત્ર રાજ્યો ઉપલા ત્રણે રાજ્યોને મદદ કરી શકશે નહિ ઈટાલી યુદ્ધમા જોડાયું તો મિત્ર રાજ્યોને બીજી સરહદો તરફ સૈન્યો મૂકવા પડશે

અમેરિકા મદદ કરશે?

અમેરિકાની દિલસોજી મિત્ર રાજ્યો તરફ છે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ વારંવાર જર્મનીના અવળા કામો તરફ અપકીર્તિ જાહેર કરે છે પરંતુ યુદ્ધમા તે મિત્ર રાજ્યો સાથે જોડાય તેવી વકી નથી અમેરિકાનાં એકવીસ રાજ્યોએ સાથે મળીને જર્મની તરફ નાનાં રાજ્યો પર વગર કારણે આક્રમણ કરવા માટે ઠપકો લખ્યો છે પણ તેની કાંઈ અસર થાય તેમ નથી યુદ્ધની સ્થિતિ જોતા મિત્ર રાજ્યો માટે બહુ જ ગંભીર સમય આવી પહોંચ્યો છે ચારે તરફ વાદળાથી આકાશ છવાયેલ છે ક્યારે મુશળધાર વરસાદ તૂટી પડશે તે કાંઈ કહી શકાય નહિ પરંતુ ઘણી વખતે સૂર્યનો પ્રકાશ એ વાદળીઓને વિખેરી નાખવા સમર્થ થયો છે અંગ્રેજોએ ચારે તરફથી યુદ્ધનાં સાધનો માટે મોટી તૈયારીઓ કરવા માંડી છે અમેરિકામા ચાર હજાર નવા વિમાનો બનાવવા માટે ઓર્ડર આપી દીધો છે કેનેડા અને ઓસ્ટ્રેલિયામા પણ વિમાનો વિશેષ ત્વરાથી તૈયાર કરાવવાની યોજનાઓ થઈ છે

આધ્યાત્મિક પ્રેમ *

મૂળ લેખક . પેન્તેલેમ રોમેનોવ . અનુવાદક શ્રી. ભોગીલાલ ગાંધી

પેન્તેલેમ રોમેનોવ (Panteleymon Romanov) જન્મ ૧૮૮૭ (આશરે)

નૂતન રશિયાના જુવાન સાહિત્યકારોમા નહિ, છતા પ્રથમ પંક્તિના નવા સાહિત્યકારોમા આ વૃદ્ધ રોમેનોવનું સ્થાન અચૂક ગણાય છે ક્રાંતિ પૂર્વે તેણે લખવાનું શરૂ કર્યું હતું પરતુ ક્રાંતિએ જ તેને ક્રાંતિ બક્ષી એમ સાહિત્યવિવેચકો કહે છે કેમ કે એ પછી જ એનું નામ માત્ર રશિયામા જ નહિ પણ દુનિયાભરમાં ઝળહળી ઊઠયુ એની વાર્તા-નવલકથામા Without cherry blossom, Three pairs of silk stockings New commandment તથા On the volga દેશવિદેશમા ખ્યાતિ પામ્યા છે આ બધી વાર્તા-નવલકથાઓમા મોટે ભાગે સોવિયેટ રશિયના નૂતન સ્ત્રીપુરુષ-સબધ, પ્રેમ, લાગણી, લગ્ન, નીતિ વગેરેનું સૂક્ષ્મ સચોટ આલેખન છે કમ્યુનિસ્ટ આદર્શ સાથે આ બધા ભાવો અને લાગણીઓનો મેળ કેવી રીતે ખાય છે અથવા કેવી અથડામણો પણ થાય છે તે તેણે કલાત્મક રીતે બતાવેલ છે

આ ઉપરાત તેની એક મહાન નવલ Russia નામની છે ગત યુદ્ધ સમયનો રશિયન સમાજ એમા હૂબહૂ ચીતર્યો છે તુર્ગેનેવની પાત્રાલેખનની શક્તિ તથા ગોગોલની લખાવટની યાદ એ ગ્રથ આપે છે. ૧૯૩૪ મા Property નામની નવલકથા તેણે લખી છે એક કલાકારનું ક્રાંતિ વિષેનું મનોમથન એમા આલેખેલુ છે

આ વાર્તા એમની Twin Souls નો અનુવાદ છે

છત્રીસ વરસની કૂણી વયે સર્જન-ખ્લાના કામના અતિશય દમાણને પરિણામે તેને ક્ષય લાગુ પડયો

તેને ક્રિમિયા મોકલી દેવામા આવ્યો ત્યા દરિયા કિનારે એક વૃદ્ધ બાઈના મકાનમાં એક ઓરડી ભાડે લઈ તે રહેવા લાગ્યો બિલકુલ કામ ન કરવાની ખૂબ સખત ચેતવણી આપવામા આવી હોવા છતા તે પોતાની સાથે એક નોટબુક અને એક પેન્સિલ લઈ આવ્યો હતો

કોઈ પણ સૅનેટોરિયમમા તે રહી શકયો હોત પણ એને એ ન ગમ્યુ ટોળાં અને અવાજથી એ ભાગતો ફરતો હતો માણસોના ટોળા તેને અકળાવી નાખતાં હતાં—અથવા કહો કે માણસો તેને અકળાવતા હતા એમ નહિ, પણ તેમની જોડે વ્યવહાર કરવાની તેની અનાવડત તેને અકળાવતી હતી એની વધતી જતી કીર્તિએ એના સ્વભાવમા કશુ જ પરિવર્તન કર્યું ન હતું લોકોના ટોળા વચ્ચે હજી ય તે અસ્વસ્થતા જ અનુભવતો એ વખતે એને હમેશ એમ લાગતુ કે હળવી મજાક અને લહેરી જવાબોની એની પાસે અપેક્ષા રાખવામા આવતી પણ આખી જિંદગીમા તેણે કદી મશ્કરી કે હળવી મજાક કરી જાણી ન હતી

સ્ત્રીઓ ય પહેલા નો પ્રથમ પરિચયે તેની ભણી ભારે સ્ફૂર્તિ આશા અને કુતૂહલપૂર્વક જોતી પણ ધીમે ધીમે એ આખોનું નૂર ઊડી જતું અને બેદરકારી પૂર્વક તેની પાસેથી ખસી જતી, પછી કદી તેનામા રસ સુધ્ધા લેતી નહિ કુદરતે સમૃદ્ધ વાણીની બક્ષિસ એને આપી ન હતી અને એને લાગતુ કે એ બક્ષિસ વિના, મજાકભરી રીતે અને ઝમકદાર રીતે વાત કરવાની શક્તિ વિના સ્ત્રીઓ સુધી પહોચવુ અશક્ય હતુ.

---

* ' વિશ્વ સાહિત્યની વાર્તાઓ ' નામક ભારતી સાહિત્ય સઘ તરફથી પ્રગટ થનાર પુસ્તકમાથી

આ સેનેટોરિયમમા આવનારી સ્ત્રીઓ, અરે એમાની બિલકુલ આકડમરી સ્ત્રી સુધ્ધાં પુરુષ પાસેથી તો અત્યત રસિક અને ઝમક્દાર વાતચીત ની જ અપેક્ષા રાખતી

અનેક વાર ભારે ગ્લાનિ પૂર્વક તેણે જોયુ હતુ કે તદ્દન સાધારણી વૃત્તિવાળા જુવાનિયાઓ સુદર દેખાતી સ્ત્રીઓમા ભારે લોકપ્રિયતા પામતા હતા વાતવાતમા સ્ત્રીઓને હસાવવાની અને ખિલાવવાની તેમની શક્તિને જ જોરે !

અને તે પોતાની જાતને વારેવાર પૂછતો હતો 'આ અત્યત રૂપવતી અને ખુશબુદાર સ્ત્રીઓ, માણસને સર્વાધિક આનદ આપનારી આ સ્ત્રીઓ શુ એટલી બધી ભયકર ભેજાગેપ ' હશે કે સતત તેમને કોઈ ને કોઈ હસાવે, ખિલાવે એની તેમને જરૂર પડે ?'

કેન્વાસ ઉપરના આ સચોટ કવિ- આ મહા મેધાવાન ચિત્રકારને અનેક સ્ત્રીઓએ પહેલા તો આવી જ છીછરી દૃષ્ટિએ નીરખ્યો હતો પણ એક જ દિવસમા તો એમનો બધો ઓપ ઊતરી ગયો હતો અને જાણે કશુ હોય જ નહિ એવી એ બની ગઈ હતી અરે એ દેખાવડો હોત, અરે એ વાંકડિયા ઝુલ્ફાવાળો ય હોત, એનો ચહેરો અણીદાર હોત અને રોમાચકારી ફિક્કો લાગણીપ્રધાન હોત તો જરૂર આ સ્ત્રીઓએ કાઈ નહિ તો એના ભણી વધારે ધ્યાનપૂર્વક જોયુ તો હોત જ અને તેની છટાદાર રીતે વાત કરવાની અશક્તિને ય એમણે માફી બક્ષી હોત

પણ એનો તો દેખાવ તદ્દન સાધારણ હતો એક નમ્ર સકોચશીલ ફિક્કો ચહેરો ઉપર નાની પાતળી દાઢી, માંદા ફિક્કા ગાલ અને ચાલવાની શાત ઢબ, કપડા ક્યારે કેવા પહેરવા એનુ ય પૂરુ ભાન ન હતુ આ ઋતુમા તે એક ભૂરો કોટ પહેરતો ને ઉપર સાદી ટાઈ ! અને બટનવાળો કોટ પહેરવો કે બટન વિનાનો એ તો એ નક્કી જ કરી શક્તો ન હતો કોક વાર એને એમ લાગતુ કે ગળા સુધીના બટનવાળો કોટ પહેરી બહાર જવુ ઠીક નહિ, બીજી વાર વળી એથી બરાબર ઊલટુ વિચારતો કે બટન વિનાનો કોટ પહેરવામા તો ખમીસ વધારે પડતુ બહાર દેખાય છે

પ્રત્યેક સવારે તે દરિયાકાંઠે ફરવા જતો અને ગૂઢ રીતે ક્ષિતિજમા ભળી જતા સમુદ્રના ચમકદાર પટને જોતો ઊભો રહેતો, દૂર કિનારા ઉપર વળાંક લઈ ફરતી સ્ત્રીઓ એ વખતે એની નજરને ઘડીક રોકતી હાથ ગરદન, ખભાઓ અને પગોને બને તેટલુ વધારે સૂર્યસ્નાન કરાવવાના હેતુથી તેઓ બહુ ઓછા વસ્ત્રોમાં વીંટળાયેલી દેખાતી

એ સ્ત્રીઓ તો આની ભણી નજર પણ ભાગ્યે જ નાખતી એમની આંખે તો આ આદમી, સ્ત્રીઓને જેમનામા મઝા પડે તેવામાનો નહિ જેમને માટે સ્ત્રીઓ તલસે છે તેવા ચમકદાર વ્યક્તિત્વવાળો નહિ, પણ સાધુ જેવો વધારે લાગતો

આ સ્ત્રીઓની પોતાની ભાષામા કહુ તો ચમકદાર વ્યક્તિત્વવાળો પુરુષ એનો અર્થ એટલો જ કે જેના સ્નાયુઓ સારા વિકસ્યા હોય, જે તેમની સામે ધૃષ્ટ નયનો વડે સ્થિર જોઈ શકે અને રમૂજી તથા ઉત્તેજક વાતચીતમા ખેંચી જઈ શકે

એ કેટલી દયામણી સ્થિતિ છે કે કુદરતે જુદા જુદા જીવોની સૃષ્ટિ સર્જતા માનવીઓમા પાશવી વૃત્તિઓ ઉપર આટલો બધો ભાર મૂક્યો છે અને તેના આધ્યાત્મિક ગુણો તથા સર્જનાત્મક શક્તિઓ પ્રત્યે ઉદાસીનતા બતાવી છે !

તેમ છતા આપણા આ કલાકારે તો વાર વાર એવી કલ્પના કરી હતી એક દિવસ એકાએક—કહો કે ચમત્કારથી કોઈ એક સ્ત્રી એને મળી જશે, જે સુવિકસિત મજબૂત 'મસ્ક્સ' અથવા છીછરી, ઉછરછલી અને છટાદાર વાતચીતની શક્તિની ગરજુ નહિ હોય

આ કલ્પના આ સ્વપ્ન એના માથા ઉપર ચઢી બેઠુ હતુ એની ધૂનમા જ તે દરિયાકિનારે જતો અને એક સામટા કલાકો સુધી બેસી રહેતો—ક્યારે

એના એકાંત જીવનને ભરી દેનારો ચમત્કાર બનશે એના ખ્યાલમાં જ જરૂર એક દિવસ આ જ કિનારા ઉપર એ આવશે, આ આદમીની પૂરી જાણ થતાં કદી તે તેનો પીછો નહિ છોડે એનો સર્જનશીલ આત્મા તેને માટે બસ થશે આ આદમીનો દેખાવ આકર્ષક નથી, એનામાં નવું નવું કરી બતાવવાની તમન્ના નથી સાહસ નથી વગેરે વગેરે વસ્તુઓ પ્રત્યે તે ધ્યાન જ નહિ આપે પછી આજ લગી ભોગવેલી આ એકાંતના નહિ સહેવી રહે !

આ કલાકારે સ્ત્રીને સદા સુંદર અને ઉમદા તરીકે જ નિહાળી હતી એને હમેશાં દહેશત રહેતી કે રખે ને પોતે સ્ત્રીના સ્ત્રીત્વને તદ્દન અર્થહીન તોછડા શબ્દો વડે અપમાન પહોંચાડી બેસે ! પણ વાત એથી ઊલટી જ હતી અર્થહીન અને તોછડા સુદ્ધાં શબ્દો માટે તો સ્ત્રીઓ ઝૂરતી હતી

ક્વચિત કોઈક સ્ત્રી પરિચયની શરૂઆતમાં નમ્ર બની થોડી સૂક્ષ્મ સચેટ આધ્યાત્મિકતા બતાવતી, પણ તેય બહુ ન ટકતી એણે એની નજરોનજર જોયું હતું કે આવી સ્ત્રીઓ સુદ્ધાંને હસાવી અને ઉત્તેજી શકાતી હતી એટલું જ નહિ પણ કેઈક તેમને હસાવે એ એમને રુચતું હતું

આવી એકાદ સ્ત્રી સાથે કદાચિત ગાઢો પરિચય બંધાઈ જાય અને એનામાં આધ્યાત્મિકતા ઘડીભર દેખાય તોય એકાદ મહિનામાં તો તે સ્ત્રીના ચહેરા ઉપર કલાકાર જે સૌંદર્ય માટે ઝૂરે છે અને પોતામાં ખોલી પુનઃ સર્જવા મથે છે તેની અતિશય વાતોથી આવેલો કંટાળો અને થાક તરવરતો દેખાવાનો જ જે અવિરત ખંતથી કલાકાર તેના સર્જન પાછળ મંડયો રહે છે એનું દર્શન તો આવી સ્ત્રીમાં ય અશક્ય જ ગણાય. ઉચ્ચ કક્ષાના આવા મૂલ્યાંકનોનો તેમને જલદી કંટાળો આવી જાય છે મોટે ભાગે એનું કારણ તો એ હોય છે કે આવા મૂલ્યાંકનોની કદર ઓછા જ માણસો કરી શકે છે કે જેઓ સતત રીતે તેમાં રચ્યા રહેતા હોય એવા જ માણસો એને વળગી પણ રહી શકે છે એ તે કેવું દુર્ભાગ્ય અને દુઃખભર્યું છે કે આપણે જ્યારે મન ખોલીને બુદ્ધિ શીલ લોકો જેને 'સાધના' કહે છે તેવી સાધનાની વાત કરતા હોઈએ ત્યારે સામાના ચહેરા ઉપર નીરસતાભરી એકાગ્રતાનો થાક અને કંટાળાનાં ચિહ્નો તરવરતાં જોઈએ ?

એ પછી સતત એકાંત સિવાય બીજું રહે છે ય શું ?

દેખાય છે તો એમ જ

[૨]

એક સવારે કલાકારના હાથમાં પોસ્ટમેન એક પત્ર મૂકી ગયો પરબીડિયા ઉપરના અક્ષરો સુંદર ચપળ હાથોએ લખેલા હતા એ લખાણ જ પોતે બોલી ઊઠતું હતું કે કોઈ સ્ત્રીનું છે ખૂબ આછી ભાગ્યે જ ધ્યાનમાં આવે એવી આછી ખુશબુ અંદરથી આવતી હતી કેમ જાણે એના ઉપરથી જ એવો વહેમ પડી જાય કે અત્તરની શીશીવાળા કબાટના ખાનામાં આ પત્ર લાંબો સમય પડી રહેલો હોવો જોઈએ

આશ્ચર્યનો પાર ન હતો ઉત્તેજનાનો પાર ન હોતો

લોલુપ નયનોએ કલાકાર ઝીણી સીધી લીટીઓ વાંચી લીધી વચમાં વચમાં ક્યાંક વાંકી થઈ નમી પડતી એ લીટીઓને છેક છેડેના અક્ષરોને જેમ તેમ કરી સમાવી દેવાસા આ શા હતા, ખરી રીતે જે બીજી લીટીમાં લખાવા જોઈતા હતા

'તમે જેને કદી પિછાની નથી પણ જે કેટલાક સમયથી તમારા કુમળા સુંદર અને મુગ્ધ આત્મા ઉપર મુગ્ધ થઈ બેઠી છે તેનો આ એક નારીનો પત્ર પામતાં તમે ભારે તાજુબ થશો મને પોતાને જ ખબર નથી આ કેવી રીતે બન્યું પણ એક અઠવાડિયા પહેલાં મેં તમને જોયા અને તમે કોણ છો એ જાણ્યું ત્યારથી તમને લખવાની એક અદમ્ય વૃત્તિ હું અનુભવી રહી છું તમને ધારી ધારીને જોયા વિના મારાથી રહેવાયું નહિ મેં જોયું કે તમે મારી જેમ અત્યંત એકાકી છો પણ કૃપા કરી સામાન્ય રીતે આવે સમયે સાધારણ વૃત્તિના માણસો જેવા નિર્ણયો બાંધી લે છે એવો કોઈ નિર્ણય બાંધવાની ઉતાવળ તમે ન કરશો

આવે સ્થળે જે સ્વાભાવિક રીતે કરવામાં કે માગવામાં આવે છે એથી સાવ ઊલટું હું તમારી પાસે રજૂ કરું છું કે આપણી વચ્ચે દુન્યવી સંબંધ બાંધવાનો ખ્યાલ મારા મનમાં બિલકુલ નથી અને એની ખાતરી રૂપે એટલું જ કહી શકું છું કે, તમે મને મળવાનો બિલકુલ પ્રયત્ન નહિ જ કરો, એ જ શરતે હું તમને લખવાનું ચાલુ રાખીશ આટલા ઉપરથી જ તમને એટલી તો ખાતરી થશે કે મારા દિલમાં કંઈ બીજા સ્વાર્થી હેતુઓ નથી

તમે ખડકની ટોચ ઉપર બેસી સમુદ્રની તરંગાવલિ નિહાળી રહ્યા હતા ત્યારે મારું મનોમન પોકારી રહ્યું હતું 'હું તમને ઓળખું છું—આપણા આત્મા વચ્ચે એક અતૂટ ગાંઠ વળી ચૂકેલી છે' ખાલી દિમાકવાળા, ચંચળ ટોળા પ્રત્યે મને પણ અણગમો છે એ લોકો કદી કીમતી ચીજ એમના જીવનમાં પ્રવેશવા જ દેતા નથી અને પોતાની પોકળતા છુપાવવા માટે તો એમણે કંઈ ને કંઈ ઊભું કરવું પડે છે આટલામાં કદાચ આપણે જ બે એવા માનવી હઈશું જે અંદરના પ્રકાશ ઉપર મુસ્તાક બની જીવી શકીએ અને જીવનની આધ્યાત્મિકતા તથા સૂક્ષ્મ વૈધકતાનો આનંદ માણી શકીએ બાહ્ય વસ્તુઓની કશી સહાય વિના સૂક્ષ્મ આંતરિક આનંદ અનુભવવા જેટલાં આપણા વિશુદ્ધ સંસ્કારો છે

એકાંતતા સહન કરવાની શક્તિ ઉપરથી જ હું હમેશ આ આંતરિક મહાનતા કોનામાં છે અને કોનામાં નથી એ જાણી લઉં છું જે માણસને મન એકાંત એક સર્વોત્તમ આકર્ષણ છે તેનામાં આ મહાનતા હોય જ છે, એવો વિરલ માનવી જ મને આકર્ષી શકે છે, મારી જિંદગીમાં આ પહેલી જ વાર મે એવા પુરુષોમાંના એક—તમને પત્ર લખવાનો નિર્ણય કર્યો છે

માનવીમાં જેમ આ આંતરિક મહાનતા વધારે તેમ મારે મન તે વધુ પ્રિય વધુ આકર્ષક પણ સાથે સાથે જ એને ન મળવાનો મારો પ્રયત્ન પણ એટલો જ ભારે આત્માના આ અતૂટ સંબંધમાં બાહ્ય વસ્તુઓની કશી જ કિંમત કે અસર નથી.

આત્માની આરત અને વિષયની ભૂખ બેની વચ્ચે શત્રુતા જ સંભવે આ વિશ્વનાટકમાં શરૂ થતા જ આખો ઉમદા સંબંધ વિકૃત બની જાય છે, નષ્ટ થાય છે જો સ્ત્રી અને પુરુષો આત્માના આંતરિક તેજ ઉપર જીવવા માગે છે એમના જીવનમાં જો કોઈ કરુણા હોય તો તે આ જ છે

તો આપણે એક કરાર કરીએ—હું તમને સતત પત્રો લખતી રહીશ પણ તમે આપણા આ આધ્યાત્મિક સંબંધને સ્થૂળ શારીરિક બનાવવાનો પ્રયત્ન નહિ કરો તમારે મને મળવાનો પ્રયત્ન જ કરવો ન જોઈએ માનવી ગમે તેટલો આધ્યાત્મિક હોય પણ એના ઉપર વિશ્વાસ મૂકી શકાતો નથી મને શ્રદ્ધા નથી કે જીવનના અદ્ભુત અનુભવને મહાત કરી ધૂળ મેળવીને શારીરિકતા વિજય નહિ જ પામે

જડ શારીરિક વસ્તુ ઉપર આપણે સંપૂર્ણ કાબૂ મેળવશું પછી જ આપણે મળવાને શક્તિમાન બનશું'

૩

કલાકાર તો આ પત્ર વાંચી આભો જ બની ગયો તેણે પત્રમાંની સૂચનાનુસાર જવાબ લખ્યો આ જ એ સ્ત્રી હતી જેની આરાધના તેણે અજાણે એકાંતમાં અનેક વર્ષો કરી હતી પોતે જીવનમાં જેને સર્વોત્તમ વસ્તુ તરીકે સ્વીકારી હતી એની જ કિંમત એના જીવનમાં પેલી સ્ત્રીએ આંકી હતી. કલાકારનું હૃદય પત્રને શબ્દે શબ્દે પોકારી ઊઠ્યું—અહા કેન જાણે જોડાં છીએ—વર્ષોનાં વર્ષોથી એક બીજા માટે ઝૂરતાં! એને ખાતરી થઈ ગઈ કે આ એક સ્ત્રી એવી છે જેને તેના સર્જનના આદર્શોની 'એકાગ્રતા'નો કદાગ્રહ નહિ આવે અને તેની અનંત એકાંતમાંથી એ જાગી મુક્તિ અપાવશે

તેણે ફરી ખૂબ બારીકાઈપૂર્વક તે નારીના સુંદર મરોડદાર હસ્તાક્ષરો જોયા કાગળમાંથી ઊડતી આછી મધુર સુગંધનો આસ્વાદ લીધો અને એને જાણે એમ જ લાગ્યુ કે નારીની સૂક્ષ્મ અધ્યાત્મતાનુ તેણે પાન કર્યુ!

'એણે શાથી એમ માની લીધુ કે તેને મળતાં હું તેની નારીગત ખુબસુરતી અને ખેંચાણથી દોરવાઈ જ જઈશ, અને એક અદ્ભુત અનન્ય મિત્રતાને ધૂળ બનાવીશ? ના—ના—હું રજમાત્ર યે એવી રીતે નહિ વર્તું કે જેથી તેને તેનુ હૃદય મારી આગળ પાથરવા માટે દુઃખ કે પશ્ચાત્તાપ થાય.' કલાકાર મનોમન દલીલ કરી રહ્યો

'પેલી શૂન્યદિમાકધારી સ્ત્રીઓ અને પેલા ઘમંડી પુરુષો—પોતાની અજેયતાના ઘેનમા જીવતા એ સૌની વચમાં આ નારી સાથે હાથમા હાથ મિલાવી ફરવાનુ સદ્ભાગ્ય મને પ્રાપ્ત થાય તો કેટલો સંતોષ થાય! આહ! શી ઈર્ષ્યા હું જગાવી શકુ! પછી તો એ સદાય મારી જ સાથે રહે અને કલાકો લગી અમે એવી વાતો કર્યા કરીએ કે બીજાઓના તો દિમાકમા જ ન ઊતરે, અથવા તો બંને જણા સંધ્યાના ધુમ્મસથી અંશી ઢંકાયેલી ક્ષિતિજ ઉપર મીટ માંડી મૂગા મૂગા સમુદ્રકિનારે બેસી પણ રહીએ!' કલાકારની તરંગાવલિ આગળ વધી

'દુનિયા આખીમા પછી તો વાત ચાલે અને કોઈ સમજી જ ન શકે કે આવો શાંત, મીંઢો માણસ આવી નારીને આટલી આકર્ષી શકે!'

જ્યાં જ્યાં તે જતો ત્યાં ત્યાં તેની નજર પેલી નારીની ખોજમાં જ ફરતી દિવસ જતા તો એ વાત એના જીવન ઉપર અસવાર થઈ બેઠી બીજા પત્રની રાહ જોઈ તે દિનરાત વિતાવી રહ્યો અને બગીચામા ફરતો ત્યારે ય સતત એ જ શોધી કાઢવા પ્રયત્ન કરતો કે આ બધામા તે કઈ હશે!

એના બીજા પત્રમા પ્રથમના કરતાં વધુ નીડરતા દેખાઈ એકે એક તાજી લીટીમા તેને આ નારીનો આત્મા વિલસતો દેખાતો—જરૂર એ જુવાન હોવી જોઈએ, અને તેમ છતા શારીરિક પ્રેમની ગંધ સુદ્ધા તેણે કદી નહિ લીધી હોય. તેના પોતાના લખવા પ્રમાણે તો તે દુન્યવી સંબંધો અને ચીજોથી ડરતી હોય એમ લાગે છે

એના એક પત્રમા હતું

'મારા પ્રિય મિત્ર!

હું તમને 'મિત્ર' તરીકે સંબોધવા ચાહું છુ, કેમ કે આ શુષ્ક ઉજ્જડ રણ જેને આપણે સૃષ્ટિ તરીકે પિછાનીએ છીએ તેમા તમે જ મારા એક માત્ર મિત્ર છો ગઈ કાલે હું મારા પ્રિય સ્થાન—ટેકરી ઉપરના પાઈનવૃક્ષ નીચે બેઠી હતી, સમુદ્ર ભણી નજર કરતી, ત્યારે મને થયુ હતું તમે તમારી જાત ઉપર વિજય મેળવો પછી એક દિવસ આપણે શાંતિપૂર્વક ભેગા ફરીશુ અને આજે લખીને જે વ્યક્ત કરીએ છીએ તે મોઢામોઢ બોલીશુ આહ! ત્યારે કેવો અદ્ભુત આનંદ આવશે?

મારે માટે શુ એ કદાપિ પણ શક્ય નહિ બને કે હું મારુ હૃદય પાથરી નિખાલસ ભાવે તમારી આગળ મારો વિષાદ આજે મને એકાંતતાનો શાપ આપી રહ્યો છે તે વિષાદ મિત્રભાવે તમારા ખભાને, મિત્રના ખભાને અઢેલીને જાહેર કરી શકીશ? ઉફ્! કેવો ત્રાસદાયક આ પ્યાલો છે, મારા સુકોમળ, મારા પ્રિય, મારા ઊર્મિલ મિત્ર? મને ખબર છે એ સમે એક અક્ષર પણ ઉચ્ચાર્યા વિના માયાળુ શાંત પ્રેમ વડે તમે મારા લાંબા જાડા વાળ ઉપર હાથ ફેરવ્યા વિના નહિ રહો.

કેટલીક વાર હું તમને જોઉં છુ તમે કશાકમા લીન બની મૂંઝાયેલાની જેમ લોકોના મો તરફ વિચિત્ર ભાવે જોતા આંટા માર્યા કરો છો તમારો સર્જક આત્મા એ ક્ષણોમાં કાર્યશીલ હોય એમ સ્પષ્ટ દેખાય છે આહ! એ ક્ષણે તમને પેલાં જાડા, આત્મતુષ્ટ પ્રાણીઓની વચ્ચે ફરતા જોઈ મારુ હૃદય કેટલું વ્યથિત બને છે! બિચારા એ પ્રાણીઓને કશું ભાન નથી કે કુદરતે

એક એવો આત્મા સર્જ્યો છે જેનામાં કેન્વાસ ઉપર દિવ્ય સંગીત સર્જવાની સૂક્ષ્મતમ સર્જનાત્મક શક્તિ રહેલી છે. એથી જ તો, કુદરતનો આભાર માનવાને બદલે એ બિચારાં તમારી ઉપેક્ષા કરી રહે છે.'

૪

એક સાંજે મોતીના જેવા ચકચકિત સમુદ્ર ઉપરથી નજર ઉઠાવી ખડક ઉપર નાખતાં જ કલાકારે જોયું તો એક નારીની આકૃતિ ઉપર ચઢી રહી હતી. તે એકલી જ હતી. તેની આકૃતિ ઊંચી અને કૃષ હતી. અને તેણે ઓઢેલા વસ્ત્રનો છેડો પવનમાં પીંછાની જેમ ઊડી રહ્યો હતો. એક અસ્પષ્ટ આગાહીથી તેનું હૈયું ભારે ધબકારા અનુભવી રહ્યું. પોતાને તે ન જુએ એ રીતે સાચવીને તેણે તેને જોયા જ કરી. અલબત્ત એ ક્ષણે ય એને એમ તો થઈ જ રહ્યું હતું કે હું યોગ્ય કરતો નથી, વચનનો ભંગ કરી રહ્યો છું!

ખડકના ઉચ્ચ પ્રદેશ ઉપર જઈ તે અટકી અને બિલકુલ અચળ થોડી વાર ત્યાં ને ત્યાં ઊભી રહી.

ધુમ્મસનું કફન ઓઢેલા એવા દૂર દૂરના દરિયાકિનારા ઉપર-જ્યાં માલ્ટાનાં ઝબૂકતાં તેજ દશ્યમાન થતાં હતાં, તેના ઉપર-તેની નજર ઠરેલી હતી.

એનો લાગણીક્ષમ ચહેરો, એની નિશ્ચિત દૃષ્ટિ અને ધરતી પર ઢસડાતા વસ્ત્રમાં ઢંકાયેલી તેની કાયા —આ બધાંથી તે કોઈક અદ્ભુત પરી જેવી દેખાતી.

કલાકાર કેવળ તાજુબ બની જોઈ રહ્યો. એની આંખમાં આંસુ ફૂટી આવતાં હોય એમ એને લાગ્યું, જેમ કોઈક અદ્ભુત ઊર્મિ-સંગીત એકાએક સાંભળવા મળતાં માણસનું થાય છે એમ.

એનું હૈયું અપૂરું બની પોકારવા તલસતું હતું: 'હું અહીં છું. તારી કસોટીમાં હું નિષ્ફળ નહિ નીવડું. મને વધારે તલસાવ નહિ. કેવળ તારા સાંનિધ્યની મારી આરત છે. મને બીજા કશાની સ્પૃહા નથી.'

ધીમે ધીમે તે ઊતરી રહી હતી. કલાકારની પાસેથી જ તેણે જવાનું હતું. કલાકાર એક ઘટા પાછળ સંતાઈ ગયો. અને પેલી નારીના પસાર થવાની રાહમાં ધ્રૂજતો ઊભો. નીચા મસ્તક સહિત તે પસાર થઈ. કલાકારે તેનો ચહેરો બાજુએથી જોયો. એક ક્ષણ તેની આંખો પણ દેખાઈ ગઈ-અસહ્ય અદમ્ય વેદનાથી ભરેલી! ઇચ્છા તો હતી તે ક્યાં જાય છે તે જોવાની, પણ ઉદ્યાનના ટોળામાં તે ક્યાંક અદૃશ્ય થઈ ગઈ!

એ આખી રાત તે ઊંઘી શક્યો નહિ.

આ નારીના પત્રો દિવસે દિવસે વધુ ને વધુ ઉમળકા ભર્યા આવવા લાગ્યા. બે પ્રેમીઓની વચ્ચે લખાય તેવા નહિ, પણ યુગયુગથી કોઈ ઊંડા પ્રેમથી જોડાયેલા બે માનવ-આત્માની વચ્ચે હોઈ શકે તેવા.

એક પત્રમાં કલાકારે પોતે લખ્યું—

'મારા આનંદ! ગઈ આખી રાત મેં કેવળ તારા જ અને આપણા પ્રેમના જ વિચારો કર્યા છે. મારા ઉપર જે આશીર્વાદ વરસ્યા છે એને સારુ મેં મારા નસીબને હજાર હજાર ધન્યવાદ આપ્યા છે. તેં તારી જાતને મારા કરતાં વધુ શાણી પુરવાર કરી છે. તમામ તૃષ્ણાઓ અને આવેગોથી પર એવાં ઊંડાં દાટેલાં રત્નોની આપણાં હૃદયોએ શોધ કરી છે. ગઈ કાલે મારી બારીના કૂંડામાં મેં એક નાનકડો ફૂલગોટો ભાળ્યો. એ તો હું તરત જ કળી ગયો કે એ મૂકી જનાર તું જ હોવી જોઈએ. માનવ હૃદયોને જોડનાર જો કોઈ યોગ્ય લાગણીઓ હોત તો તે આ છે, નહિ કે શૂન્યદિમાગવાળી સ્ત્રીઓને આકર્ષવાની શક્તિવાળા દેખાવડા અને 'રસિક' પુરુષો —જેમને જોઈ મને પહેલાં પહેલાં તો ઈર્ષ્યા આવતી હતી—તેમની લાગણીઓ. તારી ઊંચી સુડોળ આકૃતિ, ઊંડા વિચારોથી ઘેરાયેલો તારો ઉદાસ ચહેરો જ્યારે હું મારી દૃષ્ટિ સમક્ષ લાવવા પ્રયત્ન કરું છું ત્યારે હું જ મારી જાતને એક તાજુબી સહિત પૂછું છું: 'તું આ સદ્ભાગ્યને લાયક શી રીતે થયો!'

અને એ પત્રમાં તેણે ઘંટાદાપૂર્વક તે નારીનું શરીરવર્ણન પણ કર્યું હતું. કલાકારની કલ્પના ક્ષમતાના ચમકારાથી પેલી નારીને ચમકાવવાની તેની ઇચ્છા હતી.

'પણ શું કામ આપણે પ્રેતની જેમ એક બીજાથી છુપાઈને જીવવું જોઈએ? મારા શરીરને માટે નહિ, પરંતુ મારા ખુદના આત્માને માટે અનિવાર્ય થઈ પડેલા એવા આપણી વચ્ચેના દિવ્ય સંબંધનો નાશ કરે અને બધું ધૂળધાણી કરે એવી શારીરિકતાને હું મનસ્વી અધિકાર ભોગવવા નહિ જ દઉં એટલી જ શ્રદ્ધા હવે તારે મારામાં રાખવી જોઈએ. તારી સાન્નિધ્યમાં ફરવાનું મને કેટલું દિલ છે! ઓહ, મારા અદ્ભુત નસીબ! સદાય તારા સાન્નિધ્યમાં હોવા માટે હું કેટલો તલસું છું! તારા પત્રોને આવતા સો કેટલો બધો સમય જાય છે! એ વિચ્છેદ મારાથી સહેવાય એવો નથી રહ્યો.'

જવાબમાં જે પત્ર આવ્યો એથી કલાકાર જરા ભયભીત બન્યો. 'હું બધું કરવા તૈયાર છું. પણ હમણાં આપણે મળવાનું તો નહિ જ. મારા જીવનનો એક માત્ર આનંદ તમે છીનવી નહિ જ લો. ભલે અત્યારે કેવળ તરંગ ઉપર જ સંતોષાવાનું હોય, પહેલાં તો એટલુંય મારા નસીબમાં ક્યાં હતું?'

'મારા આત્મીય! તમને જાણ નથી કે મારો વિષાદ કેવોક છે. તમને એમ ખબર નથી કે જીવનમાં મેં કદી નહિ અનુભવેલું તમે મને આપી રહ્યા છો. જેણે મારી આ વિષાદદશા આણી છે એ દગાખોર દુનિયાથી ચોંકવાનું શું મને કારણ નથી? હમણાં હમણાં જાગેલી, જીવનની એક માત્ર આશા, મારો એક માત્ર આનંદ એ દુનિયા ક્યારે પગી છીનવી લેશે, એ વિચારે ભડકવાનું શું મને કારણ નથી?'

'તમે લખો છો કે તારી સાન્નિધ્યમાં ફરવાનું મને કેટલું દિલ છે! પણ એથી તો ઊલટો મારા હૈયામાં ધ્રાસ્કો પડે છે. સાચે જ જો એવું થઈ શકે તો કેવું અદ્ભુત સુખ થાય! પણ હજી તમારામાં વધુ વિશ્વાસ મારે પામવો રહ્યો છે, આપણા આત્મા વચ્ચેની આત્મીયતા વિષે હજી વધુ શ્રદ્ધા મારે મેળવવાની રહી છે. ત્યાર પછી જ, કદાચ, તમે કહો છો એ શક્ય થશે.'

તમે ફરિયાદ કરો છો કે પત્રો તો ખૂબ સમય લે છે. તો આપણે એમ કરીએ કે પાઈનવૃક્ષવાળા મોટા પથ્થરની નીચે તમે તમારા પત્રો મૂકી જાવ. હું ભેગા કરી જઈશ. અલબત્ત, આમ કરવું તદ્દન આસમાની-ગુનામી જેવું જણાય છે એ ખરું, પણ આપણે એ સિવાય બીજો માર્ગ નથી.'

*

કલાકાર તેના પત્રો લઈ જઈ પેલા પથ્થર નીચે મૂકી આવતો. દરેક વખતે તે જુદા જુદા સમયે જતો, એ આશામાં કે એકાદવાર એના દર્શન થઈ જાય. પણ આજ લગી તો નિષ્ફળ નીવડ્યો હતો. એક વખત જુવાન ઊંચા બાંધાની સફેદ વસ્ત્રધારી નારીને તેણે જોઈ. એક માંકડા ઉપર બેઠી બેઠી તે પત્ર વાંચી રહી હતી. વારંવાર તે તેની આંખોને ઊંચી કરી દૂર દૂર લહેરાતા નીલ સમુદ્રપટ ઉપર ઉતારતી હતી. એ એટલી તો મગ્ન હતી કે કલાકાર તેની બાજુએથી પસાર થયો તે તેના લક્ષમાં જ આવ્યું નહિ. જો એણે દૃષ્ટિ ઊંચી કરી હોત તો કદાચ તેણે (કલાકારે) બધું કહી નાખ્યું હોત. એ પોતાનો જ પત્ર વાંચી રહી છે—એવી ખાતરી કરી જોવાની તેને કેટલી બધી તાલાવેલી હતી! અને એથી તો જતાં જતાં તે તેના ખભા પાસે થઈને પસાર થયો. હસ્તાક્ષર પોતાના ન હતા. તે નિરાશ થયો. અને આ નારી બીજા કોઈના પત્રો પણ વાંચે છે, એ ખ્યાલે ભારે વ્યથિત બન્યો. સંભવ છે કે એની માતાનો કે એની કોઈ બહેનપણીનો જ પત્ર હોય! આમ મનમનામણું તો કર્યું, પણ એથી એનો ઘા જરાય રુઝાયો નહિ.

પણ આ અનાશ્વાસ્ય ઉદાસીનતા એની આંખોમાં શાથી?

ત્રણ દિવસ બાદ એણે સાંભળ્યું કે એક બાઈએ ખડક ઉપરથી પડતું મૂક્યું હતું અને તરત જ મરણ પામી હતી. આ સમાચારે તે જડસડ બની ગયો.

તેનું ચિત્ત ભ્રમિત બન્યું હતું. ક્યાં જઈ રહ્યો છું, તેના ભાન વિના તે ધસી રહ્યો હતો. દુનિયાભરમાં જે એક માત્ર માનવી તેની સમીપમાં સમીપ હતું, તેનું પ્રિયમાં પ્રિય હતું તે જ તેનાથી છૂટવાઈ ગયું હોય એવું એણે અનુભવ્યું. શાથી તે નારીએ

તેને (કલાકારને) પોતાનો આખરી સહારો બનાવ્યો ન હતો? શું કામ તેણે આ અતિ અગત્યની વાતમાં તેના ઉપર વિશ્વાસ મૂક્યો ન હતો? શું કામ તેની પાસે આશ્વાસન માટે આવી ન હતી? કેટલી ક્રૂરતા! કેવી અમાનુષી ક્રૂરતા! પણ હવે શું?

તરત જ તેને એક વિચાર આવ્યો. તે પથ્થર પાસે દોડ્યો અને ઉપાડીને જોયું તો એક પત્ર પડેલો હતો–એ જ દિવસની તારીખવાળો!

એક ઉન્મત્ત આનંદે એને ભરી દીધો–જીવન-ભરમાં આજે પ્રથમ જ વાર એ જીવતો હતો!

પોતે ઉતાવળે બાંધેલા ખ્યાલ માટે તે પસ્તાયો. અને તેણે ભગવાનને ધન્યવાદ આપ્યા. હવે એને સમજાયું હતું કે આ નારી એને કેટલી પ્રિય હતી. એણે એના જીવનમાં કેવુંક મહત્ત્વનું સ્થાન સર કર્યું હતું.

ધ્રૂજતે હાથે તેણે પત્ર લખ્યો. પ્રેમનાં પૂર-જીવનમાં કદી નહિ અનુભવેલાં પૂર તેણે વહાવ્યાં. દુનિયાની કોઈ ચીજ હવે તેમના પ્રેમને હલાવી શકે એમ ન હતી, એમ એણે લખ્યું; અને પોતાની પાસે આવવા તેણે વિનંતી કરી.

જવાબમાં, આ કલાકારના પ્રેમથી હાલી ઊઠેલી નારીએ પણ લખ્યું કે, 'મારાથી ય આ વિયોગ હવે નથી સ્હેવાતો. જેના આત્માને મેં આટલો બધો પિછાન્યો છે એનો વિયોગ હવે નથી ખમાતો. આપણે હવે ટૂંક સમયમાં મળવું જોઈએ જ.'

પણ, ટૂંક સમય માટે-ક્ષણ માટે ય પ્રલોભન ખાળી શકે એટલો તે સ્વસ્થ ન હતો. તે ઝાડી પાછળ છુપાઈને ઊભો. 'તે આવશે ત્યાં લગી ઊભો રહીશ.' એવા નિશ્ચય સહિત તે ઊભો–ભલે ને રાત આખી ઊભવું પડે!

એકાએક ઝાડીમાંથી એક સફેદ વસ્ત્રનો ચમકારો આંખોને પકડી રહ્યો એના દિમાગમાંથી એક ખ્યાલ પસાર થયોઃ 'લાવ દોડું–એનો હાથ પકડી લઉં–રખે ને એ ભાગી જાય. એને પાયે ચૂમીઓ ધરું, જાણે મારી બહેન જ ન હોય! અને એનું કૃષ સુંદર તનું મને વળગી પડશે, અખૂટ વિશ્વાસ પૂર્વક તમામ વિષાદમાંથી મુક્તિ આપનારા સ્વર્ગની પ્રાપ્તિ થઇ હોય, એમ!'

તનુલતા નજીક અને નજીક આવી રહી હતી અને જે ક્ષણે તે ઝાડીમાંથી બહાર નીકળી છતો થવાની અણી ઉપર હતો અને બોલવા જતો હતોઃ 'મારા હૃદયધન! મારા આત્મા!' તે જ ક્ષણે તેણે કમકમાટીપૂર્વક જોયું કે પથ્થર ઉપર બેઠેલી એ નારી ખૂંધી હતી. અને એના હાથ વાંદરાના જેવા પાતળા અને લાંબા હતા. આજ લગી આ નારીના જાડા લાંબા વાળ અને કુદરતે જેમને ક્રૂર નસિયત આપી છે તેવામાંની એક આ નારીની વિષાદ ભરપૂર ભૂરી મોટી આંખો જ તે જોવા પામ્યો હતો. વસ્ત્રની નીચે એક મોટી, પીરામિડ જેવી ગાંઠ ઢંકાએલી હતી. કેમ જાણે દુષ્ટ દૈવે તેની પીઠ ઉપર શાપનું પોટલું જ બાંધી ન આપ્યું હોય!

અને એ જુવાન નારીએ પત્ર ઉપાડ્યો ત્યારે તેની આંખોમાં આંસુ ચમકી રહ્યાં હતાં. તેણે તેને છાતી સરસો ચાંપ્યો. અને ઉતાવળી ઉતાવળી ઊતરવા લાગી. કેમ જાણે કોઈક અદ્ભુત ખજાનો પોતાની સાથે લઈ ન ચાલી હોય!

ધૃણા અને ભયનો માર્યો કલાકાર પેલી નારી ઊંડ દૃષ્ટિની પેલે પાર ચાલી ગઈ ત્યાં લગી જડસડ ઊભો જ રહ્યો અને ફરી તેને કદી નહિ જોવાની દૃઢતા સાથે સામી દિશાએ ભાગી છૂટયો.

અવલોકનો

—'ચા.'

(૩૭) પ્રાચીન દક્ષિણ ગૂજરાત : લેખક અને પ્રકાશક શ્રી. મણિલાલ દ્વિવેદી નવસારી મૂલ્ય ૨ા રૂા.

'સારી પ્રકાશક સંસ્થા કે જે સ્થાયી ભંડોળ ઉપર નભતી હોય તેની પાસેથી જ પુરાતત્ત્વના આવા પુસ્તકની આટલી સસ્તી કિંમતની આશા રાખી શકાય. આમાંના કેટલાક લેખો સામયિકોમાં જુદે જુદે સમયે પ્રગટ થઈ ગયા છે કેટલાક ફરીથી લખ્યા છે અને કેટલુંક નવું જ લખ્યું છે. જરૂરી સ્થાને ચિત્રો પણ આપ્યાં છે.

પ્રાચીન કાળથી શરૂ કરી છેક સો વર્ષ પહેલાંના કાળ સુધીની દક્ષિણ ગૂજરાતની ઐતિહાસિક અને ભૌગોલિક માહિતી, તામ્રપત્રો, શિલાલેખો અને દસ્તાવેજોની નકલો અને તેના પર ચર્ચા વગેરે ઘણા જ્ઞાન અને પરિશ્રમનું પરિણામ હોય તેમ લાગે છે. પુરાતત્ત્વ જેવો શુષ્ક ગણાતો વિષય સારી હળવી અને ભાવમય શૈલીમાં રજૂ થયો છે 'પરશુરામની ભૂમિના સોપાન'નો લેખ ખાસ વાંચવા જેવો છે. ગૂજરાતના ઇતિહાસ-ભૂગોળમાં લગભગ ઉવેખાયેલ આ દક્ષિણ ગૂજરાત આપણને જુદા જ ગૂજરાતની માહિતી આપે છે કેટલીક વખત લાગે છે કે લેખક કલ્પનાશીલતામાં આગળ વધી જાય છે. દા. ત. અમેરિકાની મયસ સ્મૃતિ ગૂજરાતમાંથી ગઈ તે કલ્પના કલ્પનાની વાસ્તવિકતા ગુમાવી બેસે છે લેખકના કહેવા પ્રમાણે અમેરિકાવાસી બનેલા ભોજકો અને ઉત્તર ગૂજરાતમાં આજે જે ભોજક જાતિ છે તેના લોકોને ત્રણ ચાર હજાર વર્ષ પછી પણ એક જ સમજવા અને એક જ સ્થાને રહ્યા માનવા એ કલ્પનાતીત જ ગણાય આમ દેખાઈ આવે તેવી કલ્પના અને કેટલેક ઠેકાણે કેવળ કલ્પના લાગતાં મંતવ્યો પણ લેખકે રજૂ કરેલ છે પણ તે દલીલ સાથે છે એટલે આપણને તે રસ આપે છે પણ કલ્પના કોઈ વાર ઊંધે માર્ગે પણ ચડાવી દે અને ધારેલ નિશાને ન પહોંચવા દે એ સંભવિત છે

પરંતુ આથી કોઈ પુસ્તકની ઉપયોગિતામાં ફેર નથી પડતો. આપણે તો ઇચ્છીએ કે આ લેખકના જેવા જ રખડુ અને જિજ્ઞાસુ શોધકો આપણા પ્રાંતમાં વધુ જાગે, તેઓ આપણી અસ્મિતાને પ્રગટાવે અને નવી આશાઓનો સંચાર કરે. જોડણીની ભૂલો ઘણી રહેવા પામી છે 'બ્રાહ્મણી' શબ્દનું 'બહામણી' એવું રૂપ ન કર્યું હોત તો !'

(૩૮) અરુણરજ—લેખક શ્રી નિરુ દેસાઈ, પ્રકાશક : ગતિરેખા કાર્યાલય, પિપલ્સ બેંક બિલ્ડીંગ, અમદાવાદ. મૂલ્ય આઠ આના

સ્ત્રીજીવનના પ્રશ્નોની નવ ટૂંકી વાર્તાઓનો આ સંગ્રહ છે વાર્તાઓ સામાન્ય કોટિની કહી શકાય તેવી છે. લેખક પ્રસ્તાવનામાં કહે છે કે એક વાર્તા (કઈ તે તેઓ કહેતા નથી) ઉપર પરદેશી કૃતિની છાયા છે, એ વાર્તા જો છેલ્લી 'જીવન જાગ્યું'ની ન હોય તો કબૂલ કરવું પડે કે લેખકની અંદર સારી વાર્તાઓ લખવાની શક્તિ સારી છે; બીજી સારી કહી શકાય જેવી વાર્તા 'પરાયાં ને પોતીકાં' છે. બાકી એકેમાં ચમત્કૃતિ જેવું તો કંઈ દેખાતું જ નથી દરેક વાર્તામાં શૈલિ નવી નવી યોજી છે, જે ગમે તેવી છે

પહેલી જ વાર્તા આપણને વાંચવાનું શરૂ કરતાંની સાથે જ નિરાશ કરે છે. "'અહીંયાં ભાષણ કરનારાઓ ઠોકી ઠોકીને જણાવી ગયા કે...મારે એમને શું કહેવું ? ભમરો અને કીડાનું ઉપનામ આવા લોકોને મળે છે.' કેવા લોકોને ? અહીં હમણાં ભાષણ કરી ગયા તેમને ? કઇ જાતની સભામાં પોતાની પહેલાં ભાષણ કરી ગયેલાને બીજો ભાષણકર્તા આમ ભમરો અને કીડા કહી શકે ? એ પછી ઠોસાબાજી પાડ્યા વિના રહે ? છતાં અહીં એવું નથી બનતું ! 'મારા ઉપર આમંત્રણ છે પણ હું નથી જવાનો મને ઈનામ બનાવવા આ યોજના કરી છે પણ હું નથી ફસાવાનો' અને આવી ઘણી કંડિકાઓ—આ કંડિકાઓ કોઈ પાત્રની નથી. નોંધપોથીમાં આવું લખનારા પણ હોય છે ખરા ! 'મૂર્તિકાર'ની વાર્તા તો, લખવાનું શરૂ જ કરતા ભાવનાશાળી નાના વિદ્યાર્થીએ લખી હોય તેવી જ વાર્તા છે

જોડણીની અશુદ્ધિ તો ગજબ છે !

મુદ્રણસ્થાન : નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, નૉવેલ્ટી ટૉકીઝ પાસે—અમદાવાદ
મુદ્રક અને પ્રકાશક : લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી : ઊર્મિ કાર્યાલય : અમદાવાદ

સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ દસમું · અંક પાંચમો   ઓગસ્ટ ઓગણીસસો ચાળીસ

સંપાદકમંડળ

મોહનલાલ મહેતા
હરજીવન સોમૈયા
કાન્તિલાલ શાહ
ઈશ્વરલાલ દવે

૭૨૫૪

વાર્ષિક લવાજમ :
દેશમાં રૂ. ૫-૦-૦   આફ્રિકામાં રૂ. ૭-૦-૦   પરદેશમાં રૂ. ૬-૦-૦

ભારતી સાહિત્ય સંઘ

શ્રીમાળી બોર્ડિંગ - પો. બો. નં. ૭૩ - અમદાવાદ
દિનકર મેન્શન - બ્લૉક નં. ૭ - પ્રિન્સેસ સ્ટ્રીટ - મુંબઈ ૨

સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ

વર્ષ ૧૦ મું   ઑગસ્ટ ૧૯૪૦   અંક ૫

આ અંકે

જીવનમંથન કોઈનું ય સફળ નથી થયું એ વાતે નિરાશ થતા પહેલાં 'મંથન'માં કવિ મંથનનું સત્ય તારવે છે તે જરા જોઈ લેવું જોઈશે. પોતાના સ્વાતંત્ર્યયુદ્ધથી વિખ્યાત આયર્લેન્ડ અત્યારે શું કરે છે અને ચાલુ યુદ્ધમાં એની અને બીજા પાશ્ચિમાત્ય દેશોની શું શું પ્રવૃત્તિઓ છે એ શ્રી. 'તરુણ' અહીં અભ્યાસપૂર્ણ રીતે રજૂ કરે છે 'ગીતાની શિખામણ' તો કાકાસાહેબ આપણને તારવી આપે છે એટલે એ ધર્મનો વિષય હોવા છતાં સૌને રુચશે. પ્રભા અને યશોદા બન્ને પ્રત્યે દગતું હૃદય ભ્રમ સેવે છે કે અમે ત્રણે ય સુખમાં રહેશું દુનિયામાં કેઈ જાણ્યુંને સુખમાં જોયા છે? 'પ્રાણલાલની ભ્રમણા' આનો જવાબ આપશે. પાપાત્માઓ પાપનો એકરાર કરે એ એના આત્માને માટે જરૂરી છે. પરંતુ સમારકો અને જડ વિધિઓ એ એકરારની મશ્કરી કરે છે. સાંદીપનિ પોતાના રેખાચિત્રો માટે ખૂબ જાણીતા થઈ ગયા છે વ્યક્તિઓના રેખાચિત્રોથી આગળ વધી જડ વસ્તુઓના રેખાચિત્રો પર એમણે કલમ અજમાવવા માંડી છે અને આપણે જોઈએ છીએ કે તેમાં પણ તેઓ પૂરા ખીલે છે સાંદીપનિના રેખાચિત્રોનો અભ્યાસ કરીને કોઈ રેખાચિત્રની કલા ઉપર સુંદર નિબંધ લખી શકે હોળીપર્વની યાદે ગુલાલના રંગચિંતન યાદ આવે છે ને આપણે પ્રફુલ્લીએ છીએ—'હોળી'નો ભાવાર્થ યાદ કરીને આપણે દુઃખ અનુભવીએ છીએ સાંદીપનિ આ ભાવોને સુંદર રીતે રેખાચિત્રમાં ગૂંથે છે 'જાહેરખબર' શબ્દ હવે તો જા. ખ. બોલાવા લાગ્યો છે જા. ખ. ઉપર નજર તો સૌ કોઈની જતી હશે એટલા ભાગની જા. ખ. ઉપર સુંદરીઓના ચિત્રો કઈ વૃત્તિએ મુકાય છે? જાતીયતાની વૃત્તિએ કે અહંની વૃત્તિએ? કાવ્ય વાળુ છે પણ વચ્ચે પાર નથી લાગતી. આરંભ અને બાબતોની શ્રી. કાન્તિલાલ ગાંધી અહીં પ્રતિપાદિત કરે છે કે 'વિજ્ઞાનદ્વારા ઈશ્વરપ્રાપ્તિ' પણ થઈ શકે છે શ્રી સંપટ હિંદનો પોલાદ અને લોઢાનો ઉદ્યોગ આજ સુધી કેવી રીતે વિકસ્યો અને હાલમાં એ કેટલે દરજ્જે પહોંચ્યો છે એ [illegible]તાવે છે અને છેવટે 'સાહિત્યના પ્રદેશમાં' અને [illegible] વિવેચનસાહિત્ય' આવે છે.

અનુક્રમ

વિષય — લેખક

કાવ્યો-મુક્તકો
૧ મંથન — શ્રી 'જટિલ'
૨ શ્રાવનરંગ — શ્રી 'જટિલ'
૩ जा ख नी सुंदरी — શ્રી 'પરાગ'

વાર્તા-રેખાચિત્ર
૪ પ્રાણલાલની ભ્રમણા — શ્રી 'સોપાન'
૫ પાપાત્માઓ — શ્રી ભોગીલાલ ગાંધી
૬ હોળી — શ્રી 'સાંદીપનિ'

વિજ્ઞાન
૭ વિજ્ઞાનદ્વારા ઈશ્વરપ્રાપ્તિ — શ્રી કાન્તિલાલ ગાંધી

ધર્મ
८ गीतानी शिखामण — श्री काकासाहेब कालेलकर
९ जैनोने — श्री काकासाहेब कालेलकर

અર્થશાસ્ત્ર
૧૦ હિંદનો પોલાદ અને લોઢાનો ઉદ્યોગ — શ્રી ડુંગરશી સંપટ

રાજકારણ
૧૧ સ્વાતંત્ર્યપ્રિય આયર્લેન્ડ — શ્રી 'તરુણ'

સાહિત્ય
૧૨ સાહિત્યના પ્રદેશમાં
(૧) પ્રકાશનો ઉપર લડાઇની અસર
(૨) મુદ્રણની પ્રગતિનો
(૩) સહકાર જોઈશે
(૪) આટલું ન થઈ શકે?
(૫) જાહેરખબરનો પ્રશ્ન
૧૩ આપણું વિવેચનસાહિત્ય — શ્રી પીતામ્બર પટેલ

મુદ્રણસ્થાન : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ ઘીકાંટા રોડ, નોવેલ્ટી ટોકીઝ પાસે—અમદાવાદ
મુદ્રક અને પ્રકાશક : લક્ષ્મી[illegible] પુરુષોત્તમ ગાંધી · ઊર્મિ કાર્યાલય : અમદાવાદ

મુંબઈમાં ક્યાં ઊતરશો ?

આદર્શ લૉજિંગ-બોર્ડિંગ

ભારતીય નિવાસ લૉજ

ચાર્જ ઘટાડેલા છે.

ભારતીય નિવાસ લૉજ : કાલબાદેવી રોડ, મુંબઈ ૨

તાર—'કમ્ફર્ટ' | ટેલિફોન — ૨૨૧૧૦

સળેખમ ?

(Registered)

સળેખમ ??

સળેખમ માટે દવા ઢીંચવાને બદલે નાક પર થોડુંક "અમૃતાંજન" મસળો. તે તુરત રાહત આપે છે.

અ મૃ તાં જ ન

પીડાકારક સળેખમ મટાડે છે.

:: દરાજનો મલમ ::

સર્વે જાતની દરાજ અને ખૂજલીને માટે ભરોસાપાત્ર અને નિષ્ફળ ન જાય એવો ઇલાજ. ત્રણ વાર લગાડવાથી સદંતર નાબૂદ થાય છે.

સોલ એજન્ટ: સિંધ અને બલુચિસ્તાન માટે

મહમદઅલી મુલ્લાં મુસાજી મારવી

મેરિયટ રોડ : કરાચી

મુંબઈ : અમૃતાંજન લિમિટેડ : મદ્રાસ

ગ્રામજનતાની આબાદી ઇચ્છતું લોકમાસિક



તા. ૧૫ મે ૧૯૪૦ થી શરૂ થયું છે લવાજમ વાર્ષિક રૂ. ૧-૮-૦ : છૂટક – અઢી આના.

હિંદની પડતી આખડતી સંસ્કૃતિ ટકાવવા અને ફરી સરજવા ગામડે ગામડે સેવાભાવી ગ્રામસેવકો, ખાદી અને ગ્રામઉદ્યોગ, ઉદ્ધાર અને વિવિધ રચનાત્મક કાર્યક્રમ પર ઉતારવા સદાઈ અને સ્વદેશીનું વ્રત લઈ ગોઠવાઈ ગયા છે. તેઓનો મૂંગો અવાજ, તેઓની મૂંગી કામગીરીનો પ્રચાર આ માસિક બને અને સકળ હિન્દી જનતાના હૃદયે સ્પર્શે એવી આ માસિકની જહેમત છે.

નમૂનાની નકલ માટે ૦-૧-૬ ટિકિટ બીડો.

વ્યવસ્થાપક, 'ગ્રામસેવક' કાર્યાલય, ઠે. ઘોધારી બજાર · વલસાડ

તમારાં પુસ્તકાલયોમાં નીચેનું સાહિત્ય છે?

ન હોય તો એ સાહિત્યને તુરત જ વસાવવા

પુસ્તકાલયના મંત્રીઓને

અમારી વિનંતિ છે.

નવલકથાઓ

૧ સંજીવની	૨-૦-૦
૨ પચાસ વર્ષ પછી-	૧-૪-૦
૩ પ્રાયશ્ચિત ભાગ ૧	૨-૦-૦
૪ ,, ભાગ ૨	૨-૦-૦
૫ એ પત્ની કોની?	૨-૦-૦
૬ આવતી કાલ	૨ ૮-૦
૭ મંગલમૂર્તિ	૨-૦-૦
૮ દીન ધ્રુવ	૨-૦-૦
૯ ધરતી	૧-૮-૦
૧૦ બંધન અને મુક્તિ	૨-૦-૦
૧૧ જાગતા રે'જો (પૂર્વાર્ધ)	૨-૦-૦
૧૨ ,, ,, (ઉત્તરાર્ધ)	૧-૮-૦
૧૩ ધરેબણી	૧-૮-૦
૧૪ વિરાટ જાગે છે ત્યારે	૧-૮-૦
૧૫ જગતનો તાત	૨-૦-૦
*૧૬ પથેર પાંચાલી	૨-૦-૦
*૧૭ પતન અને પ્રાયશ્ચિત	૨-૦-૦
*૧૮ અહંકાર	૦૩-૮-૦

વાર્તાઓ

૧ અંતરની વ્યથા	૧-૪-૦
૨ અખંડ જ્યોત	૧-૮-૦
૩ ઝાંઝવાંના જળ	૧-૪-૦
૪ ધૂપદાની	૧-૪-૦
૫ પ્રદક્ષિણા	૧-૮-૦
૬ પશ્ચિમની કલાકૃતિઓ	૧-૪-૦
*૭ જીવનસરિતા	૧-૪-૦

જીવનચરિત્રો

૧ મુસ્તફા કમાલ	૧-૮-૦
૨ મહાન મુસાફરો	૧-,-૦
૩ વૈજ્ઞાનિક જગત	૧-૪-૦

ચિંતન*

૧ ગુલામીની શૃંખલા	૨-૮-૦
૨ સાહિત્યસમીક્ષા	૨-૮-૦
૩ સત્તાવન	૧-૮-૦
૪ સાહિત્ય અને પ્રગતિ	૨-૮-૦

પ્રકીર્ણ

૧ આલબેન (કાવ્યસંગ્રહ)	૧-૮-૦
*૨ રાજકોટ સત્યાગ્રહ	૦-૮-૦

અમારાં બે માસિકો

સાહિત્ય અને સુસંસ્કારનું માસિક

ઊર્મિ

ગુજરાતના શ્રેષ્ઠ માસિક તરીકે 'ઊર્મિ'એ પ્રતિષ્ઠા સંપાદન કરી છે. એમાં ઉચ્ચ કોટિના વાર્તાઓ, લેખો, કાવ્યો, નિબંધો ઈત્યાદિ આવે છે દર મહિને લગભગ એંસી પાનાનું વાચન આપવામાં આવે છે. દર પહેલી તારીખે પ્રગટ થાય છે અને વર્ષમાં કોઈ પણ મહિનાથી એક વર્ષ માટે ગ્રાહક થઈ શકાય છે.

લવાજમ

દેશમાં	બ્રહ્મદેશમાં	પરદેશમાં
રૂ. પાંચ	રૂ. સાડાપાંચ	રૂ. સાડા છ શિ. દશ

છૂટક અંકની કિંમત માત્ર આઠ આના

નમૂનાનો અંક છૂટક કિંમતે જ મળે છે

જનતાનું માસિક

નવરચના

રા જના નિત્યજીવનના પ્રશ્નો વાર્તા, લેખો, નાટકો તેમ જ પત્રે રૂપે ચર્ચતું, આ માસિક દર મહિને સુંદર કાગળમાં ૪૦ પાનનું વાચન આપવા ઉ.રાંત ક્રમ-ભગ ૨૦૦ પાનાનું ભેટપુસ્તક પણ આપે છે આ વર્ષનું ભેટપુસ્તક:

જીવનસરિતા

વાર્તાઓનો એક ઉત્તમ સંગ્રહ

લવાજમ ભેટપુસ્તક સાથે

દેશમાં	બ્રહ્મદેશમાં	પરદેશમાં
રૂ. અઢી	રૂ ત્રણ	રૂ. ચાર શિ છ

છૂટક અંક કિંમત ત્રણ આના

નમૂનાનો અંક છૂટક કિંમતે જ મળે છે

આરોગ્ય

૧ દર્દો, દવાઓ ને દાક્તરો	૧-૪-૦
૨ અપચાના સહેલા ઉપાયો	૦-૪-૦
૩ શરદી અને સળેખમ	૦-૬-૦
૪ વજન શી રીતે વધારવું?	૦-૪-૦
૫ કબજિયાત	૦-૪-૦
૬ આંખોનું આરોગ્ય	૦-૪-૦
૭ નિસર્ગોપચાર ભા. ૧	૧-૦-૦
૮ આદર્શ ખોરાક	૦-૪-૦
૯ નિસર્ગોપચાર અને જલોપચાર ભા. ૧	૦-૪-૦
૧૦ પહેલું સુખ	૦-૪-૦
૧૧ ખોરાકની પસંદગી	૦-૪-૦
૧૨ કસરત, મહેનત અને રમત	૦-૪-૦
૧૩ નિસર્ગોપચાર ભા. ૨	૦-૫-૦
૧૪ કલ્પનાના રોગો	૦-૮-૦
૧૫ વેક્સિનેશન કે સેનિટેશન?	૦-૬-૦
૧૬ લાંબું ચાલો અને લાંબું જીવો	૦-૬-૦
૧૭ નિસર્ગોપચાર: ભા. ૨	૨-૪-૦

બાલસાહિત્ય*

૧ શંકર ચાર્ય	૦-૨-૬
૨ રંગરંગ વાદળિયાં	૦-૨-૦
૩ નાનાં છોકરાં	૦-૧-૬
૪ પ્રવાસપત્રો	૦-૪-૦
૫ આપણાં ભાંડુઓ	૦-૮-૦
૬ હજી યે મને સાંભરે છે	૦-૩-૦
૭ છીપલાં	૦-૪-૦
૮ ભરદરિયે	૦-૮-૦
૯ કલગી	૦-૫-૦
૧૦ દરિયાના મામલા	૦-૨-૦

*કુદરતી ઉપચારના પુસ્તકો અને ચિહ્નિત સિવાયનાં પુસ્તકોમાંથી ઓછામાં ઓછાં રૂ. ૭-૮-૦ નાં ... આ અને રૂ ૪-૦-૦

ભારતી સાહિત્ય સંઘ

વર્ષ દસમું આગસ્ટ ૧૯૪૦ અંક પાંચમો

મંથન

(પૃથ્વી)

કહે "નીર વલોવતાં કદી ય સત્વ ના સાંપડે
વૃથા અવયવો બધા ય રહી જાય ને શક્તિ યે
મનુષ્ય તણી ઓસરે : જીવનમાં ય એવું બને
જીવી જીવન વ્યર્થ અંત રડવાનું બાકી રહે.

અશક્ત અથવા સશક્ત સહુ કોઈ ચાલ્યા ગયા
મથી જીવન આખું, કિન્તુ નવ કોઈ જાણી શક્યા
કશું ય પરિપૂર્ણ સત્ય : સહુ વ્યર્થ આ આપણાં
મનુષ્યમથનો, વૃથા જીવન-વારિનાં ઘૂંઘણાં."

ન પૌરુષતણી છતાં રુચતી આ ઉપેક્ષા મને
ભલે વિફલ થાવું તો ય મથવું સદા સંયમે;
અને સૃજનશ્રેષ્ઠ માનવ ચહે ન જો સત્યને
પછી અવર કોણ એહ જડ-ચેતને વાંછશે?

મળે જલધિમંથને અમૂર્ત રૂપ અમૃત તો,
મને જીવન-વારિ-મંથન પછી ન કાં સત્યનો?

· જટિલ ·

સ્વાતંત્ર્યપ્રિય આયરલેન્ડ

શ્રી 'તજ્જ્ઞ'

આયર

બ્રિટનની તદ્દન નજીક એક બીજો નાનો બેટ છે અગાઉ એને આયરલેન્ડ કહેતા, હમણા એ 'આયર' ના નામથી જાણીતો છે ભાષા, ધર્મ, રીતરિવાજો, વિચારસરણીમા આ દેશ બ્રિટનથી જુદો તરી આવે છે એના બે વિભાગો છે મોટો વિભાગ લગભગ સ્વતત્રતા ભોગવે છે, નાનો ઉત્તર વિભાગ અલ્સ્ટર ભાષા, ધર્મ અને પ્રજાના રાજદ્વારી વિચારોમા જુદો પડે છે, જ્યારે આયર લગભગ પૂરી સ્વતત્રતા ભોગવે છે બ્રિટનના બધા સસ્થાનોએ જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું છે માત્ર આયરે જ યુદ્ધ જાહેર કર્યું નથી આયર મધ્યસ્થ રહ્યુ છે આથી જર્મનીનો એલચી આયરના મુખ્ય શહેર ડબ્લિનમા રહે છે એ બ્રિટનની તદ્દન પાસે હોવાથી જર્મનીનો એલચી ત્યાથી બધી અગત્યની ખબરો બર્લીન મોકલી શકે છે

આયરની રાજદ્વારી સ્થિતિ

આયરનો વડો પ્રધાન ડી વેલેરા અતિ સ્વદેશપ્રિય પુરુષ છે આયરને સ્વતત્રતા અપાવવામા એનો હાથ મુખ્ય છે કાયદા પ્રમાણે આયરને સસ્થાનિક દરજ્જો ગ્રેટબ્રિટને આપ્યો હતો પરતુ આયરે પોતાના બળ અને પ્રભાવથી બ્રિટનના ગવર્નર જનરલનો અધિકાર રદ્દ કર્યો છે અગ્રેજ સમ્રાટની આણ પણ તે સ્વીકારતુ નથી અગ્રેજી સૈન્ય અને કાફલાનુ રક્ષણ પણ તેને અપેક્ષિત નથી અગ્રેજો અને જર્મની સાથે તેને સારો રાજદ્વારી સબધ છે આ સબધની રૂએ આયરલેન્ડે પોતાની સ્વતત્રતા સપૂર્ણ રીતે જાહેર કરી છે એનુ અર્થશાસ્ત્ર પણ જુદુ જ છે હમણા જર્મનીને અગ્રેજોના દેશ ઉપર આક્રમણ કરવુ છે આયર પાસે તો માત્ર ૮૦૦૦ નુ સૈન્ય ચાલુ રહે છે, આવા વખતે એણે ૧૬ હજારનું સૈન્ય તૈયાર કર્યું છે વોલન્ટિયરો સાથે મળી કદાચ અણીના વખતે આયર ૫૦ હજારનું સન્ય તૈયાર કરશે આયરના માનવા પ્રમાણે એટલુ સૈન્ય એને માટે બસ છે પરતુ એટલા સૈન્યથી આયરલેન્ડનો બચાવ કરી શકાશે એમ અગ્રેજો માનતા નથી

આયર ઉપર હુમલો થાય તો?

જર્મની આયર ઉપર હુમલો જરૂર કરશે એમ અનુભવીઓ માને છે કારણ કે આયરલેન્ડનો બચાવ સારી રીતે કરેલો તેઓ માનતા નથી આયરનો કબજો લેતા જર્મનીને વધારે સમય લાગવાનો સભવ નથી અગ્રેજો આયરને પોતાના બચાવના બાધકામો અને કિલ્લાઓ તથા બદરો પોતાને સ્વાધીન આપવા જણાવે છે, પરતુ આયર તેમા સમતિ આપતું નથી જો અગ્રેજો સૈન્ય ઉતારે તો એમની સામે બચાવ કરવા આયર માગે છે જર્મનો સૈન્ય ઉતારશે તો એમની સામે પણ આયર લડશે આયરલેન્ડ પોતાની સ્વતત્રતાની લડત માટે ખૂબ પ્રસિદ્ધ છે એંસી વરસો સુધી હોમરૂલ મેળવવા માટે આયરલેન્ડ ભારે બળપૂર્વક લડ્યુ હતું સેકડો નરવીરોનો એણે ભોગ આપ્યો હતો પોલીસના જુલમો અત્યત ભયકર જાસૂસીઓ કેદખાનામા લાબો વખત સડવુ શારીરિક સજાઓ સહન કરવી ફાસીને લાકડે ચડવુ ખોટા પોલીસ સાક્ષીઓની જાળોમા સપડાવુ—આવા આવા અનેક સકટો આયરલેન્ડના મુખીઓએ સહન કર્યા હતા આયરના ૮૦ સભાસદોએ આમની સભામા લાબા સમય સુધી અગ્રેજ સરકાર સામે અસહકાર જાહેર કર્યો હતો સ્વતત્રતા માટેની આયરિશોની લાબા સમયની કોશીશો સૌ સ્વાતત્ર્યપ્રિય લોકોને માટે સુવર્ણાક્ષરે લખાયેલ પડી છે, બળવાન અગ્રેજ સરકારને ટચૂકડી આયરિશ પ્રજાએ હફાવી હતી

આયરનુ વર્ણન

આયર એ બ્રિટનની પાસેનો નાનકડો બેટ છે એનો વિસ્તાર ૧॥ કરોડ એકરનો છે એની વસતી

૩૦ લાખની છે વસતીમા ૧૫॥ લાખ પુરુષો ૧૪॥ લાખ સ્ત્રીઓ છે વસતીનો ૯૦ ટકાથી વધારે ભાગ ખ્રિસ્તી ધર્મના કૅથોલિક સપ્રદાયનો છે ચુસ્ત રોમન કૅથોલિક હોવાથી આયરિશ લોકો ગ્રેટબ્રિટનના પ્રોટેસ્ટન્ટ સપ્રદાય સાથે ધર્મ વિષયમા એકમત નથી આયરમા અગ્રેજી ભાષાનુ પ્રાધાન્ય હતુ એને બદલે હવે આયરિશ ભાષાને ખૂબ સમૃદ્ધ બનાવવામા આવી છે, તેમ યોગ્ય સાહિત્ય પણ તૈયાર કરવામા આવ્યુ છે આયરમા પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત છે હમણાની સરકારની અથાગ મહેનતથી પ્રજાના નાના મોટા બધા વર્ગોને શિક્ષણ આપવાનુ બની શક્યુ છે આયરમા ૬૦૦૦ શાળાઓ, પાચ લાખ વિદ્યાર્થીઓ અને ૧૫ હજાર શિક્ષકો છે આયર પોતાની પ્રજાના શિક્ષણ માટે દર વરસે ૩૮ લાખ પૌંડ જેટલી મોટી રકમ ખરચે છે આયરમા બે મોટી યુનિવર્સિટીઓ અને ઘણી કૉલેજો છે ખેતીવાડી, હુન્નર ઉદ્યોગ, વેપાર વાણિજ્ય, સૈનિકશિક્ષા વગેરેની ખાસ કૉલેજો છે શિક્ષણ આયરિશ ભાષામા અપાય છે

પેદાશ, ખર્ચ, વેપાર વગેરે

સને ૧૯૩૪મા આયરની પેદાશ ૩। કરોડ પૌંડ એટલે લગભગ ૪૦ કરોડ રૂપિયા જેટલી હતી ખર્ચ પણ તેટલુ હતુ પેદાશમા જકાતમાથી ૧ કરોડ પૌંડ, ઇન્કમટેક્સમાથી ૫૦ લાખ પાઉડ અને દારૂમાથી ૫૦ લાખ પાઉડ પેદા થયા હતા આયર ઉપર ૫૦ કરોડ પાઉડનુ કરજ છે આયર એ મુખ્ય ખેતી પ્રધાન દેશ છે એને ત્યા મુખ્ય પેદાશ બટાટાં, ઘઉં, જવની છે એ અનાજનુ મુખ્ય ગ્રાહક બ્રિટન છે જાનવરો પણ મોટે પાયે ઉછેરવામા આવે છે બ્રિટન અને આયર વચ્ચે રાજદ્વારી મતભેદોને લીધે ઘણા વરસો સુધી જકાતી લડાઈ ચાલી હતી એ લડાઈથી બન્ને દેશોને મોટુ આર્થિક નુકસાન થયુ હતું આયરનો વેપાર અનાજ અને જાનવરો વેચી કાપડ અને બીજી વસ્તુઓ મગાવવાનો છે અમેરિકામા ૧ કરોડ આયરિશ લોકો વસે છે આ લોકો પોતાની માતૃભૂમિ માટે ભારે લાગણી ધરાવે છે

બધારણ

આયર્લેન્ડનુ નાનુ રાજ્ય પ્રજાસત્તાક રાજ્ય છે. અંગ્રેજોની ધૂસરી ફેકી દીધા પછી આયરે પોતાનો પ્રેસિડન્ટ નીમ્યો છે આયરમા ત્રણ પક્ષો છે પહેલો પક્ષ મિ. કોસગ્રેવનો છે એ લઘુમતી-પક્ષ અગ્રેજો સાથે સહકાર, મૈત્રી અને સબધ બાધવાને અનુમોદન આપે છે બીજો પક્ષ મિ ડવેલેરાનો છે, હમણા ઘણા વરસોથી આયરનુ એ શાસન કરે છે બહુમતીનો આ પક્ષ પોતાના સ્વાર્થ પૂરતો જ અગ્રેજો જોડે સબધ જાળવી રાખવા માગે છે અગ્રેજોએ ભૂતકાળમા આયરિશ પ્રજા ઉપર જુલમ કર્યો હતો તેથી એ પક્ષ અગ્રેજોને ચાહતો નથી પરતુ આયરના નાના રાજ્યના કલ્યાણ પૂરતો સબધ અગ્રેજો સાથે એ રાખે છે ત્રીજો પક્ષ એ પ્રજાસત્તાક પક્ષ, આ પક્ષ અતિ લઘુમતીમા છે આ પક્ષ અગ્રેજોને અત્યત ધિક્કારે છે એના પ્રયત્નો હિંસામય હોવાથી અગ્રેજોએ એ પક્ષના આગેવાનોને પકડી ઠાર મારવા માડ્યા છે આયરનો વડો પ્રધાન ડવેલેરા પ્રજાનો માનીતો હોવાથી એની રાહબરી પ્રજાએ સ્વીકારી છે પાર્લમેંટમાં પણ તેની બહુમતી છે

અલ્સ્ટર

અંગ્રેજોના સરમુખત્યાર ઓલિવર ક્રોમવેલે ૨૦૦ વરસ પહેલા આયર્લેન્ડ જીતી લીધું હતું એણે આયરિશ પ્રજા ઉપર ભારે જુલમો ગુજાર્યા હતા આથી ક્રોમવેલનું નામ અત્યત ધિક્કાર સાથે આયર્લેન્ડમા આજે પણ જાણીતુ છે આયરના ઉત્તર વિભાગને અલ્સ્ટર કહે છે એ વિભાગ આયરથી તદ્દન સ્વતત્ર છે અંગ્રેજોની મદદથી આ વિભાગ સપૂર્ણ સહકારક છે અને સાસ્થાનિક દરજ્જો ભોગવે છે. એ વિભાગમા આયરિશોની જમીનો જપ્ત કરી અગ્રેજ અને સ્કોચોને આપી દઈ તેમને ત્યાં વસાવવામા આવ્યા ધીમે ધીમે એમની અને એમની લાગવગ નીચે રહેતા પ્રોટેસ્ટન્ટ આયરિશોની સખ્યા આ વિભાગમા વધવા માડી હતી હવે પ્રોટેસ્ટન્ટોની બહુમતી છે ડવેલેરાની સરકાર એ વિભાગને આયર સાથે મેળવી એક અખડ આયર બનાવવા માગે છે.

પરંતુ અલ્સ્ટરનો મોટો પ્રધાન લોર્ડ ક્રેગેવેન એવા પ્રયત્નો નિષ્ફળ બનાવી દે છે મિ. ડ વેલેરા એક આયર માટે — આખું આયર એક જ શાસન અને વાવટા નીચે આવે તે માટે — ભારે ચિંતાશીલ છે પરંતુ આ વિષયમા અંગ્રેજ સરકાર એને સહકાર આપતી નથી

અલ્સ્ટરનુ રાજદ્વારી વલણ

અલ્સ્ટરનું રાજદ્વારી વલણ બ્રિટન તરફ છે એને સ્વતંત્રતા જોઈતી નથી એમણે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું છે અલ્સ્ટરને સંસ્થાનિક દરજ્જાથી સંતોષ છે, એટલે એણે ડ વેલેરાની એક આયરનું રાજ્ય કરવાની કોશીશો હમેશા નકારી છે હમણા યુદ્ધના સમયે આયરના સહકારની કિંમત લાગવાથી અલ્સ્ટરે બે શરતોએ આયરના રાજ્યમાં ભળવાનું પસંદ કરી એ શરતો જાહેર કરી છે

(૧) આયરે પોતાની તટસ્થતા છોડી દઈ જર્મની સામે યુદ્ધ જાહેર કરી બ્રિટિશને સંપૂર્ણ સૈનિક સહકાર આપવો

(૨) સંસ્થાનોનો દરજ્જો સ્વીકારી અંગ્રેજ સમ્રાટની છત્રછાયામા રહેવુ

આ બન્ને શરતો ડ વલેરા એ સ્વીકારી નથી એટલે આયર એક અને અખંડ બની શક્યુ નથી આયરની ત્રીજી પ્રજાસત્તાક પાર્ટી આમા બધો દોષ અંગ્રેજોનો જુએ છે આથી બ્રિટનમા એ પાર્ટીના જાસૂસો ઉત્પાતો મચાવે છે પરંતુ યુદ્ધ આગળ ચાલતા ડ વેલેરાની સ્થિતિ નાજુક થઈ પડશે

અલ્સ્ટરનો વસ્તી-વિસ્તાર

આયરનો ઉત્તર તરફનો વિભાગ અલ્સ્ટર નામે ઓળખાય છે એનુ ક્ષેત્રફળ ૩૪ લાખ એકરનું અને વસ્તી ૧૨॥ લાખની છે એમા આયર કરતાં વિશેષ ઉદ્યોગો છે બેલફાસ્ટ ખાતે વહાણો તથા સ્ટીમરો બાંધવાનો મોટો ઉદ્યોગ છે કાપડ તથા શણનો ઉદ્યોગ સાધારણ રીતે ખાનગી છે આ વિભાગમા અંગ્રેજ જમીનદારોનું જોર છે ૧૨॥ લાખની વસ્તીમાં ૭॥ લાખ તો ખ્રિસ્તી પંથના પ્રોટેસ્ટન્ટ ધર્મ પાળે છે ૪ લાખ આયર તો રોમન કેથોલિક સંપ્રદાયને અનુસરે છે એઓ અંગ્રેજોને આ યુદ્ધમા બનતી મદદ આપી રહ્યા છે અલ્સ્ટરની પેદાશ ૧૬ લાખ પાઉન્ડની છે ખર્ચ પણ તેટલુ જ છે લોકકલ્યાણનાં કામોમા ખર્ચ વધારે કરવામાં આવે છે સૈન્ય ૨૦૦૦ માણસોનું છે, પરંતુ લશ્કરી તાલીમ બધા યુવકોને મળે છે તે સિવાય અંગ્રેજી સૈન્ય અને મનવારોનું એને પીઠબળ છે અલ્સ્ટરને પોતાની સાથે મેળવવાની ભવિષ્યમા સારી તક મળશે એમ ડ વેલેરા માને છે

આયરની અગત્ય

લશ્કરી દૃષ્ટિએ આયરના બેટની જર્મની તેમ જ બ્રિટન બન્નેને ભારે અગત્ય છે કારણ કે જર્મની હુમલો કરીને આયર લઈ લે તો બન્ને બાજુએ અંગ્રેજોનો દેશ આક્રમણ કરવાને માટે સગવડભરેલો થઈ પડે ફ્રાન્સ, બેલ્જિયમ અને હોલાંડ એ ત્રણે હવે જર્મનીના કબજામા છે એમના બંદરોથી ઇંગ્લેન્ડનો તે તરફનો આખો કિનારો આક્રમણ યોગ્ય બને છે બીજી તરફ જો આયર જર્મનીના હાથમા આવી જાય તો બ્રિટનનો બીજો કિનારો પણ જર્મની અસહીસલામત કરી મૂકે, બ્રિટન બે બાજુના આક્રમણો વચ્ચે ફસાઈ જાય આમ હોવાથી બ્રિટન આયરનો કબજો જર્મનીને કદી પણ લેવા દેશે નહિ આવી પરિસ્થિતિમા ડ વેલેરા બન્ને પક્ષમાથી જે પક્ષમા જશે તેના સામા પક્ષનો શત્રુ બનશે આથી એ તટસ્થ રહેવા માગે છે પરંતુ આક્રમણ વખતે તે તટસ્થતા બિલકુલ નહિ જાળવી શકાય. જરૂર પડયે અંગ્રેજો અથવા જર્મની — બન્નેમાંથી ગમે તે એક મહારાજ્ય બળજબરીથી એનો કબજો કરવા પ્રયત્નો કરશે આ પ્રસંગ માટે ડ વેલેરા પોતાની મોટી તૈયારીઓ કરી સામનો કરવા ઇચ્છે છે પરંતુ બેમાથી એક પક્ષના હાથે એનો મરો થવાનો છે

જર્મનો હમણા શુ કરે છે ?

નવ સમૃદ્ધિશાળી દેશો જર્મનોએ હાથ કર્યા છે એમના સાધનો એકત્રિત કરીને હમણા તો તે તેઓનું સંગઠન કરે છે મધ્ય યુરોપનો ઘણોખરો ભાગ તેના

કબજા અથવા લાગવગ નીચે છે લગભગ ૨૦ કરોડ મનુષ્યો હવે તેના શાસન નીચે આવ્યા છે એ સહુના ચલણ વેપાર જકાતી નીતિ રાજ્યનીતિ અને સ્વાર્થ જુદાં જુદાં હતાં તે બધુ હવે જર્મન યુદ્ધનીતિને અનુકૂળ બનાવવામા આવે છે ગ્રેટબ્રિટન ઉપર આક્રમણ કરવા જર્મની ભગીરથ તૈયારીઓ કરે છે પદર હજાર વિમાનો એણે એ કામ માટે તૈયાર કર્યાં છે દર માસે ૧૫૦૦ વિમાનો નવા બાધે છે હમણા તે દરરોજ ૧૦૦ વિમાનો બ્રિટનના કિનારાના શહેરો ઉપર મોકલી બૉમ્બો ફેંકે છે આથી અંગ્રેજોના બદરો શહેરો તથા લશ્કરી બાધકામો ઉપર ગભીર નુકસાન થાય છે બીજી બાજુ જર્મનીની સબમરીનો, લોહચુબકની ખાણો અને હવાઈ વિમાનો અગ્રેજી સ્ટીમરોને ડુબાડે છે આટલાન્ટિક મહાસાગરમા પણ એની એક છૂપી ફરતી મનવાર પણ સ્ટીમરો ડુબાડે છે પરતુ આટલા નુકસાનથી અગ્રેજો હારે એમ નથી આથી જર્મની એક સામટા હજારો વિમાનો મોકલી અગ્રેજોના જાનમાલની મોટી પાયમાલી કરવા ઇચ્છે છે અંગ્રેજો આથી ગભરાઈ જશે એવી એને આશા છે અને આક્રમણ થશે એવી વકી છે જર્મની પૂરી તૈયારીઓ કર્યા વિના આક્રમણ કરતુ નથી

બ્રિટનની તૈયારીઓ

બ્રિટન પોતાના માથે લટકતો આ મોટો ભય સમજી શક્યુ છે તે નિવારવા માટે એણે મોટી તૈયારીઓ કરી છે પોતાના તાબાના નાના ટાપુ રક્ષણ થઈ શકે એમ નથી એમ માનીને એણે છોડી દીધા છે ફ્રાન્સના પતન પછી એને વિસામો ખાવા એક માસ મળ્યો છે તે દરમિયાન એણે પોતની બધી પ્રજાકીય પ્રવૃત્તિઓ માત્ર યુદ્ધપ્રસગને અનુમોદન આપવામા જ વાળી છે દરિયાકાંઠાના બદરો અને ગામો ખાલી કરાવ્યા છે એ બધે સ્થળે વિમાનવિરોધી તોપોના મોરચા હજારોની સખ્યામા ઊભા કરી દીધા છે કૅનેડા મોકલી શકાય તેટલા બાળકોને ત્યાં મોકલ્યા છે બાકીનાને દેશના વચલા ભાગમા રાખ્યા છે સાડાચાર કરોડની અગ્રેજી પ્રજા અને એના સસ્થાનોની પ્રજાના સાધનો યુદ્ધસામગ્રી માટે વપરાય છે ૨૦ લાખ સૈનિકોને સપૂર્ણ સૈનિક શિક્ષણ આપી દેશના રક્ષણ માટે તૈયાર કરવામા આવ્યા છે એમને માટે તોપો, મશીનગનો, ટેન્કો પણ મોટા પ્રમાણમા તૈયાર કરાવ્યા છે ઓછામા ઓછા દસ હજાર વિમાનો અને પાંચ લાખ વિમાનીઓને તૈયાર રાખવા માટે ગોઠવણો થાય છે દરેક કારખાનુ હવે યુદ્ધની સામગ્રી ઉત્પન્ન કરે છે પ્રજાને વિમાની આક્રમણો સામે બચવા માટે આશ્રયસ્થાનો ગામે ગામ અને શેરીએ શેરીએ બધાય છે જર્મનોને સપૂર્ણ આવકાર આપવા મોટી તૈયારીઓ થઈ રહી છે અમેરિકાથી અને કૅનેડાથી મોટા પ્રમાણમા શસ્ત્રસામગ્રીઓ મગાવાય છે

બ્રિટન જર્મન-આક્રમણને કેવી રીતે અટકાવશે ?

બ્રિટન પાસે જમીનના સૈન્યનુ બળ જર્મનીનો સામનો કરી શકે તેવડા પ્રમાણમા નથી એનુ રક્ષણ ૨૪ માઈલ પહોળી ખાડી કરે છે અગ્રેજી વિમાનોનો કાફલો દિનપ્રતિદિન મજબૂત બનતો જાય છે એ કાફલા ઉપર અગ્રેજોને સપૂર્ણ શ્રદ્ધા છે કે જર્મનોના હવાઈ આક્રમણોનો સામનો થઈ શકશે આ ઉપરાંત અગ્રેજોનો સાગર-મનવારોનો કાફલો જીવતો જાગતો બેઠો છે એના ઉપર આકાશમાથી જર્મન વિમાનો બૉમ્બગોળાઓ વરસાવશે છતા એ મનવારો એમાથી છટકી જર્મનીની બદરોથી ભરેલી સ્ટીમરોને ડુબાડી દેશે એવી આશા અગ્રેજોને છે જર્મન દરિયાઈ કાફલાની મનવારો પોતાના બદરોના આશ્રય નીચે છુપાઈને બેઠી છે આથી સમુદ્ર ઉપર અગ્રેજોનું સામ્રાજ્ય હજી બરોબર સ્થાપિત છે જર્મનો દસ પદર ઠેકાણે પોતાના વિમાનોના રક્ષણ નીચે થોડુ થોડુ સૈન્ય ઇંગ્લાડમા ઉતારે એવામા તો અગ્રેજી સૈન્ય એનો નાશ કરી નાખે જો વિમાની છત્રીઓથી સૈન્ય ઊતરે તો તે પણ નાની સખ્યામા હોવાથી અગ્રેજો એનો સહેલાઈથી નાશ કરી શકે જર્મન સૈન્ય મોટી સખ્યામા અને ભયકર રાક્ષસી ટેન્કો સાથે જો ઇંગ્લાડને કિનારે કોઈ જગ્યાએ ઊતરે તો

વિજ્ઞાનની શોધને આધારે ઉતારવામાં આવે તો જ બ્રિટનનો પરાજય થાય—પંદર વીસ લાખનું જર્મન સૈન્ય ચાર હજાર રાક્ષસી ટેન્કો સાથે બ્રિટનને કિનારે ઊતરે તો જ બ્રિટનને બીવાનું છે

હેર હિટલરનું ભાષણ

હેર હિટલરે જર્મનીની પાર્લમેંટ સમક્ષ ભાષણ કર્યું તેમાં નીચેના મુદ્દાઓ હતા

૧ હું બ્રિટન સાથે ક્યારેય પણ યુદ્ધ કરવા રાજી નહોતો બ્રિટનના રાજદ્વારીઓએ મને ફરજ પાડી છે અમે આક્રમણોની પહેલ ન કરત તો મિત્રરાજ્યો પોતાની યોજનાઓ પ્રમાણે આગળ થઈ જાત

૨ અમારી પાસે અથાગ સૈનિક, વિમાની અને દરિયાઈ બળ છે બ્રિટિશરો જો નહિ માને તો એના ઉપર ભયંકર આક્રમણ કરીશું

૩ અમને બ્રિટન પાસેથી જમીન અથવા ધન જોઈતું નથી માત્ર એ અમારા વિજયોને સ્વીકારે

૪ અમારી પાસે પુષ્કળ યુદ્ધસામગ્રી તૈયાર છે અમને ભૂખે મારી શકાય એમ નથી અથવા વસ્તુઓની અછત પમાડી શકાય તેવી સ્થિતિ નથી બ્રિટિશ સમજે તો ઠીક છે નહિ તો તેને અસહ્ય સહન કરવાનું છે

૫ રશિયા અને જર્મની વચ્ચે અંગ્રેજો વેર કરાવવા ઇચ્છે છે પરંતુ તે વાત અશક્ય છે અંગ્રેજી રાજદ્વારીઓના કારસ્થાનોમાં પ્રજાને સહન કરવું પડશે

૬ જર્મનીના બળની હજી શત્રુઓને ભાન નથી એટલે જ મોટી મોટી વાતો કરે છે મેં અગાઉ કદી મગરૂરીભરી વાતો કરી નથી—હમણાં પણ કરતો નથી

હિટલરના ભાષણમાંથી કાઢેલો આ સારાંશ ઘણો ગંભીર છે એ હસી કાઢવા જેવો નથી અંગ્રેજી રાજદ્વારીઓ એના ઉપર ગંભીર વિચાર કરશે, પણ તે સ્વમાની સંધિ કરે તેમ નથી

હમણાં અંગ્રેજો શા માટે સંધિ કરે નહિ?

અંગ્રેજો હમણાં સંધિ કરે તો દરેક રીતે પરાજિત

તેને સ્વતંત્રતા પાછી અપાવવાના અંગ્રેજોનાં વચનો ખોટાં થાય. તે સિવાય આ નવ સમૃદ્ધ રાજ્યોની સાથેનો બધો વેપાર જર્મનીને સ્વાધીન આવે આ નવ રાજ્યોમાંથી મળેલ સાધન-સંપત્તિનો ઉપયોગ ભવિષ્યમાં જર્મની મોટો દરિયાઈ મનવારોનો કાફલો બાંધવામાં કરે, અને પછી અંગ્રેજોને હરાવીને જગતનું ચક્રવર્તી બને હમણાં સંધિ કરવાથી અંગ્રેજોને જમીન કે દંડ આપવો પડે નહિ એ ખરું છે પરંતુ એનો વેપાર અને આબરૂ—બન્નેનો વિનાશ થાય. અંગ્રેજો ત્રીજા નંબરના રાજ્ય તરીકે જર્મનીથી હમેશા દબાતા રહે જર્મની જો પોતાના વિજયોનો સંપૂર્ણ લાભ લે તો આખા જગતનું ચક્રવર્તી એ બને અને ભવિષ્યમાં બ્રિટનને પણ એના ખંડિયા બનવું પડે. આથી મિ ચર્ચિલ જે અત્યંત મક્કમ વિચારનો રાજપુરુષ ગણાય છે તે સંધિ કરવા રાજી નથી આમ કરે તો એની આબરૂના કાંકરા થાય.

હમણાં સંધિ ન થાય તો સૌને મોટું નુકસાન છે

હમણાં સંધિ ન થાય તો યુદ્ધ બે ત્રણ વરસ ચાલે અંગ્રેજોને દરરોજ બાર કરોડ રૂપિયાનું ખર્ચ છે આવા મોટા ખર્ચથી અંગ્રેજો જીતશે છતાં પાયમાલ થઈ જશે, હારશે તો સર્વસ્વ ગુમાવી મોટા સામ્રાજ્યનો અંત આવશે જર્મનીને પણ યુદ્ધના લંબાવાથી મોટું નુકસાન છે બે ત્રણ વરસ યુદ્ધ ચાલે તો જર્મનીના હાથમાં સાગરનો કાબૂ નહિ હોવાથી તેને કાચા દ્રવ્યો માટે ભારે મોટી મુશ્કેલીઓ પડશે યુરોપમાં યુદ્ધને કારણે વેપાર, ઉદ્યોગ, વહાણવટું, તાર ટપાલ વગેરેનો દેશાવરો સાથેનો સંબંધ બંધ થઈ ગયો છે ખેતી પણ અવ્યવસ્થિત થઈ ગઈ છે આથી આવતે વરસે ભોગવી અને બીજી ચીજોના દુકાળો યુરોપમાં કદાચ અનુભવવામાં આવે યુરોપ લડાઈ લંબાય તો પાયમાલ થાય, સાથે સાથે જર્મનીને પણ તેના પાંચ કરોડ નવ દેશો સંભાળવાની તેના ઉપર મોટી જોખમદારી છે જર્મની અને બ્રિટન બન્ને લડાઈ લંબાશે તો તેઓ અત્યંત નબળા બની જશે અને રશિયા તથા જાપાનનાં બળ અને શક્તિ વધશે

गीतानी शिखामण

[अध्याय ६ अने ७]

श्री काकासाहेब कालेलकर

(માર્ચ, ૧૯૩૮ પા ૨૮૧થી ચાલુ)

साचो सन्यासी अने योगी

શક્તિને અભાવે, ઓછા જ્ઞાનને કારણે અથવા સજોગો પ્રતિકૂળ હોવાથી માણસ ઘણી વાર જીવન સગ્રામમા હારે છે કોક કોક વાર બધી અનુકૂળતા હોવા છતાં કેવળ ગફલતને કારણે એ હાર મેળવી લે છે આવા અનુભવ વારેવડીએ આવે એટલે માણસને થાય છે કે આ દુનિયા અને આ જિદગી આપણે માટે છે જ નહિ આવી ઉદાસીનતાની જો અવધિ થઈ ગઈ તો માણસ જિદગીમાથી નાસી છૂટવા માટે આત્મહત્યા કરે છે

એટલી જેની હિંમત નથી હોતી તે મ ણુસ નાસી પાસ થાય કે તરત પોતાના નૈતિક હીરને તિલાજલિ આપે છે એ સત્વહીન થાય છે નિસ્તેજ થાય છે પછી એ કહેવા લાગે છે કે જીવન નિ સાર છે જે કાઈ કરવા જઈએ એમાથી અધેર જ નીપજે છે અને આપણે જીવનની ગૂચમા વધારે ને વધારે ફસાઈએ છીએ એના કરતા એ બધુ છોડી દઈ જડ થઈને રહીએ તો શુ ખોટુ ? હારમાથી હારની ફિલસૂફી ઊપજે છે અને માણસ એમા જ ગચે છે

જો આત્મહત્યામા કાયરતા હોય તો આવી અકર્મણ્યની સ્થિતિમા કાયરતા ઉપરાત પામરતા પણ છે કેમકે માણસ જ્યા સુધી જીવે છે ત્યા સુધી એ સમાજની સેવા લે જ છે જેટલી સેવા લે છે એટલી પાછી આપે નહિ તો એનુ ઓશિયાળા પણુ વધે છે જ્ઞાત અને અજ્ઞાત ઋણુ પ્રત્યે જાગૃત રહી માથા ઉપરનો ભાર ઉતારતા રહેવાનો માણસ પ્રયત્ન કરે તો જ એનું નૈતિક આરોગ્ય ટકવાનું

જૂના લોકોએ વ્યક્તિનું સમાજ પ્રત્યેનુ કર્તવ્ય અને આખા વિશ્વ સાથેનો એનો સબધ ધ્યાનમા આણી યજ્ઞ, દાન અને તપ એ ત્રણુ કર્તવ્યો માણુસને માટે બાધી આપ્યા સન્યાસને નામે કે મુક્ત થવાની ઇચ્છાથી એ કર્તવ્યનો ત્યાગ ન જ કરાય એ યજ્ઞના સ્મારક અને પ્રતીક તરીકે અગ્નિ સળગાવી એમા આહુતિ આપવાનો રિવાજ હતો જે પોતાને મુક્ત માનતો તે અગ્નિની આવી ઉપાસના છોડી દેતો એક જમાનો એવો હતો કે જ્યારે આપણા દેશમા આજીવિકાખાતર પણુ મહેનત ન કરનારા અને સમાજ પ્રત્યે પોતાનુ કશુ જ કર્તવ્ય નથી એમ છડેચોક જાહેર કરનારા 'મુક્ત' પુરુષોનો રાફડો ફાટયો હતો પરિણામે સમાજમા આલસ્ય અને અનાચાર વધ્યા અને સમાજવ્યવસ્થા શિથિલ થઈ એવે વખતે શ્રીભગવાને લોકોને એમની ભૂલ બતાવતા કહ્યુ કે સ્વાર્થ ખાતર કશુ ન કરતા, પણુ સમાજહિત ખાતર જે કરવુ ઘટે છે તે તમારાથી છોડાય જ નહિ જ્ઞાન વડે આસક્તિ છોડી દો અને યોગવૃત્તિથી કર્તવ્ય-કર્મ ઉત્સાહપૂર્વક પાર પાડો એટલે જ તમે આર્યત્વ કેળવશો અને સાચેસાચા મુક્ત થશો યજ્ઞ દાન અને તપ એ કાર્ય-કર્મો છે, કર્તવ્યો છે કર્મફળ એટલે કે સ્વાર્થ છોડીને કર્મો કરો એટલે તમે મુક્ત થશો

अनाश्रित कर्मफल कार्य कर्म करोति य ।
स सन्यासी च योगी च न निरग्निर्न चाक्रिय ॥

६ १

यज्ञदानतप कर्म न त्याज्य कार्यमेव तत् ।
यज्ञो दान तपश्चैव पावनानि मनीषिणाम् ॥

१८ ५

प्रवृत्तिलक्षणो योगो, ज्ञान सन्यासलक्षणम् ।

[ગીતામા અનેક ઠેકાણે વર્ણવ્યવસ્થાનો ઉલ્લેખ આવે છે આશ્રમવ્યવસ્થાનો સ્પષ્ટ ઉલ્લેખ ક્યાય

નથી. સ્મૃતિમાં વર્ણવેલો સંન્યાસ આશ્રમ ગીતાને ઇષ્ટ નથી એમ લાગે છે. ઉપરના શ્લોકમાં 'નિરગ્નિ' અને 'અક્રિય' એ બે શબ્દોમાં સંન્યાસ-આશ્રમનો ઉલ્લેખ છે, અને તે વિરોધની દૃષ્ટિએ થયો હોય એમ દેખાય છે.

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया એ શ્લોકમાં બ્રહ્મચર્ય-આશ્રમનું સૂચન છે.]

*

शत्रु અને मित्र

રાગદ્વેષથી એટલે કે અનુરાગ અને દ્વેષથી માણસ આંધળો બને છે. જે પોતાને ચાહે છે તે પોતાની શક્તિ વધારે છે, અને જે પોતાનો વિરોધ કરે છે તે પોતાનો શત્રુ છે એમ માનીને માણસ ચાલે છે અને તેથી મિત્રો મેળવવા અને શત્રુઓનો પરાજય કરવા તે મથે છે. આમ બહારની દુનિયા પાછળ દોડવાથી એની પોતાની શક્તિ વધવાને બદલે ક્ષીણ થાય છે અને એ પામર બનતો જાય છે.

માણસે સ્વાવલંબી થવું ઘટે છે. ગફલતમાં આવી માણસ પોતાને પાડે નહિ પણ પ્રયત્નપૂર્વક પોતાને ચડાવે એ જ એનું મુખ્ય કર્તવ્ય છે બીજા લોકો માણસને હેરાન કરી શકે, અકળાવી શકે, એનું ઓછું-વત્તુ નુકસાન પણ કરે પણ એને પાડી ન શકે. માણસ જો પોતે પોતાને પાડે તો જ એ પડી શકે. એ જ પ્રમાણે આખી દુનિયા પણ જો કોઈનો ઉદ્ધાર કરવા માટે એકમત થઈને મથવા માડે તો યે એ જો પોતે જ પોતાનું નુકસાન કરવા બેસે તો આવડી મોટી દુનિયા પણ એનો ઉદ્ધાર ન કરી શકે અને સંત તુકારામ કહે છે તેમ 'જો હું ખરેખર સંત થઈ જાઉં તો સ્વર્ગે જતાં કોઈ પણ મને રોકી ન શકે.'

મતલબ કે માણસનો સાચો મિત્ર એ પોતે જ છે અને માણસનો ખરેખર શત્રુ પણ એ પોતે જ છે. જે માણસ પોતાની જ આંતરિક શક્તિ વડે પોતાની વાસનાઓ ઉપર વિજય મેળવે છે તે આથી પોતાનો મિત્ર બને છે, અને જે વાસનાને વશ થઈ પોતાનું નુકસાન કરવા તૈયાર થાય છે તે માણસ પોતાનો શત્રુ છે.

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥
बंधुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥
६ : ५-६

*

समबुद्धि

કોઈ કપૂત પોતાની માને અવગણે, એની સેવા ન કરે એટલું જ નહિ પણ એને હેરાન કરે તો યે માતા એ પુત્ર પ્રત્યે પોતાનો પ્રેમ ઓછો નથી કરતી. એવા અનુભવથી જ કહેવત પડી છે કે कुपुत्रो जायेत, क्वचिदपि कुमाता न भवति। માતા મનમાં એમ જ કહે છે કે મારો દીકરો પુત્રભાવ ભૂલ્યો એટલે શું એના જેવી થઈ મારો માતૃભાવ ભૂલી જાઉં ! આત્યંતિક પ્રેમને કારણે જ માતા પોતાના માતૃ-ધર્મમાં લીન રહે છે.

જે માણસ સામ્યયોગી હોય છે તે પણ કહે છે કે અમુક માણસ મારો શત્રુ થયો એટલા ખાતર હું પણ એનો શત્રુ થાઉં એ શી રીતે બને ? મારી શત્રુતા કરવાની પામરતા જો એ બતાવતો હોય તો એનો શત્રુ બની એના જેવી પામરતા હું શા માટે કેળવું ? હું તો મારો મિત્રભાવ ટકાવી જ રાખીશ.

ન્યાયી રાજા પોતાના કોઈ નાગરિકની સજ્જન-તા ઉપર આફરીન થાય તો એને એના પડોશીનું ઘર પડોશી પાસે પડાવી એ સજ્જનને આપી દેતો નથી, પછી એ પડોશી ભલેને દુર્જન હોય. રાજા કહેશે કે સજ્જનની હું કદર જરૂર કરું પણ એને માટે પક્ષપાત કરી હું ન્યાયભ્રષ્ટ નહિ થાઉં. હું તો બધા પ્રત્યે સમાન રહેવાને બંધાયેલું છું.

જીવનયોગી પણ માને છે કે આ પચરંગી દુનિયામાં બધા પ્રત્યે સમભાવ જ રાખવો ઘટે છે. કોઈ માણસનું હૃદય આપણા પ્રત્યે અનુકૂળ હોય, બીજો કોઈ આપણો હિતકર્તા હોય, ત્રીજો કોઈ આપણા પ્રત્યે તદ્દન ઉદાસીન હોય, તટસ્થ હોય કે શત્રુ જેવો હોય, એકાદ માણસ સાધુ હોય, બીજો માણસ પાપી હોય-તો યે આપણે બધા પ્રત્યે

એક સરખી સજ્જનતા રાખવી ઘટે છે. સજ્જનતા, ન્યાયપરાયણતા અને પ્રેમ ત્રણે નિરપેક્ષ હોય છે. એમની પાસે પ્રતિયોગી સહકારિતા નથી હોતી. યોગી જેમ માટી અને સોનું બન્ને પ્રત્યે સમાન હોય છે તેમ જ સજ્જન અને દુર્જન પ્રત્યે એક જ સદ્‌ભાવની વૃત્તિ રાખે છે.

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥

૬ : ૯

*

प्रमाणयोग

શરીર જીવાત્માના ઉદ્ધારનું સાધન પણ બની શકે છે અને એને કેદમાં રાખનાર પાંજરું પણ બની શકે છે. મોક્ષની સાધના સાધવી હોય તો તે શરીર વડે જ સાધી શકાય છે, અને માણસને પડવું હોય, ઊતરવું હોય ત્યારે પણ માનસિક સંકલ્પને કાર્યાન્વિત કરવા માટે તે શરીરનો જ ઉપયોગ કરે છે.

આ શરીરનો સ્વભાવ વિચિત્ર છે. પાણી જેમ ગરમ કરવાથી પણ ફૂલે છે અને ચાર ડિગ્રી કરતાં નીચે ઠંડું કરવાથી પણ ફૂલે છે અને હલકો બરફ થઈ જાય છે, તેવી જ રીતે આ શરીરને પંપાળીએ એટલે એ વીફરે છે અને એને સાવ ભૂખે મારીએ ત્યારે પણ તે વીફરે છે. માણસ બહુ ખાય તો એનું શરીર અને મન બગડે છે, બિલકુલ ખાવાનું છોડી દે તો પણ કોકવાર એ જ પરિણામ આવે છે. કુંભકર્ણની પેઠે ઊંઘ તાણ્યા જ કરે તો યે એના ચિત્તનું સ્વાસ્થ્ય અને સામર્થ્ય ક્ષીણ થાય છે, અને ઊંઘનો સદંતર ત્યાગ કરી જાગતું જ રહે તો યે એ જ પરિણામ આવે છે.

એટલા માટે આ બન્ને છેડા છોડી દઈ શાસ્ત્રીય (વૈજ્ઞાનિક) દષ્ટિથી નક્કી કરવું જોઈએ કે ખાવાનું યોગ્ય પ્રમાણ કયું અને ઊંઘવાની પણ યોગ્ય માત્રા કઈ. બધી બાબતમાં આ જ દષ્ટિથી ચાલવું ઘટે છે માણસ જો આહારવિહારમાં યોગ્ય પ્રમાણ સાચવે એટલે કે યુક્ત થઈ જાય તો મોટામોટા રોગોમાંથી પણ એ મુક્ત થઈ જાય છે. પ્રમાણ સાચવવું એ જ જીવનની મુખ્ય કળા છે.

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकांतमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

૬ : ૧૬–૧૭

*

दीप्तिमयी उपमा

કેટલાક મહાકવિઓની અને લોકકવિઓની કલ્પનાઓ એટલી બધી ઉજ્જવળ અને ચોટદૂક હોય છે કે જોતજોતામાં તે વિશ્વસાહિત્યમાં પોતાનું સ્થાન લઈ લે છે. કેટલીક ઉપમાઓ સાંભળતાં વેંત માણસને એટલી તો ગમી જાય છે કે મનુષ્યહૃદય એમને વાપરીવાપરીને એમનું ચલણી નાણું કરી નાખે છે. એવી જ એક ઉપમા ગીતાએ આપણને આપી છે. યોગયુક્ત માણસ ગમે તેટલો પ્રવૃત્તિશીલ હોય, જ્ઞાનમય અને તેજોમય હોય તો યે એ જરા સરખો વિચલિત થતો નથી. ઉત્કટ પ્રવૃત્તિમય હોવા છતાં એનામાં રજોગુણી દોડધામ દેખાતી નથી શાંત, ગંભીર, સ્થિર અને ધીર એવા એ યોગીને શાની ઉપમા અપાય ?

ગીતા કહે છે : જ્યાં પવન વાતો નથી, હવામાં કશો ક્ષોભ નથી ત્યાં જે દીપજ્યોતિ બળે છે તે જેમ શાંત અને સ્થિર હોય છે, ચારે કોર પ્રકાશ ફેલાવતાં છતાં અને સ્નેહમાંથી પ્રકાશ અખંડ ઉપજાવતાં છતાં તે જાણે સમાધિમાં માણતી હોય એમ રહે છે, તેવી જ રીતે યોગી પણ આ દુનિયામાં વિચરે છે અને જીવન જીવે છે. એને એ જ્યોતિની જ ઉપમા અપાય.

જે જે દેશના લોકોએ આ ઉપમા સાંભળી છે તે બધા આ ઉપમા પર આશક થઈ ગયા છે.

यथादीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युंजतो योगमात्मनः ॥

૬–૧૯

સર્વશ્રેષ્ઠ સુખ

મુખસુખમા ફેર હોય છે પોતાના કુટુંબીઓને લઈને કાદવમાં આળોટતા સૂવરનું સુખ જુદું ને જીવન-રહસ્ય ઉકેલવાના વ્યાપારમા અખંડ રાચનાર ફિલસૂફ સૉક્રટીસનું (સૉક્રેટિસનું) સુખ જુદું. આ બે છેડા વચ્ચે અનેક પ્રકારના સુખો છે કેટલાક સુખો એટલાં તો મેલા હોય છે કે એ માણસનું નૈતિક જીવન તો શું પણ એની સુખ ભોગવવાની શક્તિ પણ હણે છે કેટલાક સુખો માણસનું મોઢું તરત ભાંગી નાખે છે, જ્યારે કેટલાક સુખો એની રસિકતા વધારી એને જીવનના ઊંડાણનો પરિચય કરાવે છે કોક કોક વાર ઉચ્ચ અને નીચ એવાં બે સુખો એક સાથે ભળી જાય છે જેથી ખબર નથી પડતી કે સરવાળે જીવન ચડે છે કે પડે છે અને એવા પણ કેટલાક સુખો હોય છે કે જે પ્રારંભમાં સાવ પ્રાકૃત હોવા છતાં કાળે કરીને એમા ઊંડાણ અને પવિત્રતા આવી જાય છે અને પછી એ જીવનને ઉચ્ચ કોટિ સુધી લઈ જાય છે.

એમ જોવામા આવ્યું છે કે વિકૃત અભિરુચિના સુખો માણસને પાડે છે એટલું જ નહિ પણ એની સુખ ભોગવવાની શક્તિને જ મારી નાખે છે જીભ, નાક અને સ્પર્શ વડે જે સુખો ભોગવાય છે તે પશુ-કોટિનાં જ હોય છે એ ગમે તેટલા ઉત્કટ હોય તો યે એમાં ઉન્નતિના તત્ત્વો ભાગ્યે જ જડે છે આંખ અને કાન વડે ભોગવેલા ભાવનાત્મક અને કલાત્મક સુખો આનંદ માણવાની ક્ષમતા વધારે છે એ એમા પ્રત્યક્ષ સ્પર્શ નહિ જેવો હોય છે, અને તેથી જ કલાના આત્માનો, તાદાત્મ્યયુક્ત તાદાત્મ્યનો અનુભવ આ જ બે ઇંદ્રિયો કરાવે છે

ઉચ્ચ કોટિનું સુખ હોય છે, જે અનુભવવા માટે અને એમાં રાચવા માટે વિશેષ સંસ્કારિતાની જરૂર હોય છે એ સુખ મનનાત્મક, ધ્યાનાત્મક, કે વિચારાત્મક હોય છે સ્મૃતિ તથા સર્જનાત્મક કલ્પના એ બન્ને ક્ષેત્રમા આ સુખનો વિલાસ જડી આવે છે ભાવગમ્ય કલ્પનાપ્રધાન, સ્મરણરુચિર, અને રચનામનોહર—આવા સુખોને ગીતાએ બુદ્ધિગ્રાહ્ય સુખો કહ્યા છે એમા ઇંદ્રિયોનો વિષયો સાથેનો પ્રત્યક્ષ સંપર્ક નથી હોતો એ સુખો માણસને 'વિગલિતવેદ્યાન્તર' આનંદ આપતા છતાં એને મોહમા ફસાવતા નથી, એને તત્ત્વચ્યુત કરતા નથી. જો સામાન્ય દુન્યવી સ્થિતિમા સમાધિસુખની ઝાંખી કરવી હોય તો આ બુદ્ધિગ્રાહ્ય અને અતીન્દ્રિય સુખો મારફતે જ થઈ શકે છે માણસે પ્રયત્નપૂર્વક એક એક ક્ષેત્ર વટાવી આ ઉચ્ચ કોટિના સુખ સુધી પહોંચવું જોઈએ, અને ત્યાં જ સ્થિર થવું જોઈએ

આ સુખ સર્વોચ્ચ છે એની મુખ્ય કસોટી એ કે એ ભૂમિકા સુધી ગયા પછી બીજા કોઈ પણ જાતના સુખો માણસને લલચાવી નથી શકતા, અને એથીયે મોટી બીજી કસોટી એ કે એ સુખનો અનુભવ થયા પછી ગમે તેટલું ભારે દુ:ખ આવી પડે તો યે માણસ એની આગળ દબાઈ નથી જતો, અભિભૂત નથી થતો પંઢરપુરના સંતો જ્યારે ભજનમાં તલ્લીન થતા ત્યારે કુંભારની ભઠ્ઠીમાથી કાઢેલી લાલચોળ સળી મથામા વાગે અને માથાની ચામડી બળવા માંડે તો યે એ સંતોને તેની ખબર ન પડે. અને અરબસ્તાનમા પગે વાગેલું તીર ખેંચી કાઢવા દેવાની ના પાડનો ભક્ત જ્યારે નમાજ પડવા બેઠો ત્યારે એના પગમાથી બાણ ખેંચાયું એની વેદના તો શું પણ એનું ભાન પણ અનુભવતો નથી બળતી મિથિલા બચાવવા યોગ્ય ગોઠવણ કર્યા પછી તે જ ક્ષણે ધર્મચર્ચા અને તત્ત્વમીમાંસાના આનંદમા ગરક થનાર જનકનો દાખલો પણ આપણી પાસે છે બુદ્ધિની તદ્દન અલિપ્ત રહેવાની અને ગમે તેટલા ઊંડાણમાં પહોંચવાની શક્તિ અદ્ભુત છે આવી શક્તિ વડે જે સુખનો સાક્ષાત્કાર થાય છે, તે પણ ઉત્કટ અને અસાધારણ જ હોઈ શકે છે

> सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
> वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥
>
> यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
> यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥
>
> ६ · २१-२२

*

સર્વાત્મૈક્ય

વાર્મિકના કેળવીને જે કાંઈ મેળવવા જેવું હોય તો તે આત્મૌપમ્ય છે આ સૃષ્ટિમા ગમે તેટલી વિવિધતા હોય તો યે મૂળમા તે એકરૂપ છે, એક જણસી છે, એનો જેને અનુભવ થયો છે એને જ શાતિલાભ થવાનો

બધે ઈશ્વર છે, બધે એક જ આત્મા અનુસ્યૂત છે, એટલું જ નહિ પણ મન અને હૃદય પણ સર્વત્ર મળીને એક જ છે બી બીને દિવસ પૂરા કરનાર ઘેટુ કે હરણ અને વગર વાકે એને મારીને ખાઈ જનાર વાઘ કે વરુ બધાનું હૃદય એક જ છે જવાળાની શોભા બતાવનાર ચટાપટાવાળો વાઘ અને કારુણ્ય નીતરતી આખોવાળી ગાય-બનેનો સર્જનહાર એક જ છે એટલુ જ નહિ પણ બન્નેનું હૃદય પણ એક જ છે બન્ને અતે એક જ તત્ત્વના બે અવતાર છે એ જે સમજે છે તે જ સમજે છે, તે જ ડાહ્યો છે

આવી સમજણ કેળવવા માટે મુખ્ય સાધના એ છે કે બીજાના સુખદુખથી પોતે સુખી અને દુખી થવુ બીજાના આનદમાં એકરૂપ થઈ જવુ અને જેમ આપણે પોતે પોતાના દોષો સહાનુભૂતિપૂર્વક ભૂલી જઈએ છીએ, દરગુજર કરીએ છીએ તેમ જ બધાંના દોષો પ્રત્યે આપણે એ જ ભાવ રાખવો ઘટે છે હુ પોતે જ બધાના હૃદયમા રહું છુ અને બધાને મારા હૃદયમા સ્થાન છે એવી વિશ્વવ્યાપી ભાવના અને દૃષ્ટિ કેળવી એટને જીવનયોગ સાધ્યો બધે પ્રેમ, બધે દયા બધે સમભાવ એ જ સર્વોત્કૃષ્ટ યોગ છે, એ જેણે સાધ્યો તે જ પરમ યોગી છે

> सर्वभूतस्थमात्मान सर्वभूतानि चात्मनि ।
> ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शन ॥
> ६ २९

> आत्मौपम्येन सर्वत्र सम पश्यति योऽर्जुन ।
> सुख वा यदि वा दु ख स योगी परमो मत ॥
> ६ ३२

નોધ —

અહિંસાનો પાયો

બધે પોતે જ છે, બધે એક જ અતર્યામી પર માત્મા છે એનો સાક્ષાત્કાર થયા પછી માણસની હિંસાવૃત્તિ જ નષ્ટ થઈ જાય છે માણસ પોતે પોતાનો ઘાત શી રીતે કરી શકે? આવા સાક્ષાત્કારી પુરુષને માટે હિંસાવૃત્તિ સભવતી જ નથી. એનુ જીવન એ જ સર્વોચ્ચ સ્થિતિ છે

> सम पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
> न हिनस्त्यात्मनात्मान ततो याति परा गतिम् ॥
> १३ २८

*

તોફાની મન કાબૂમાં કેમ આણાય ?

ગીતાની શિખામણ તો હૃદયની ગ્રથિ તોડી નાખ નાર છે જ પણ ગીતામા અર્જુને જે સવાલો પૂછ્યા છે તે એટના સ્વાભાવિક અને બધબેસતા છે કે માણસના હૃદયને અર્જુન પ્રત્યે વહાલ ઊપજે છે કેવો એણે સવાલ પૂછ્યો! યોગ્ય વખતે યોગ્ય શબ્દોમા આવા યોગી જાય તેવા સવાલો પૂછનાર અર્જુન મારો જ પ્રતિનિધિ છે એમ દરેક માણસને થયા વગર રહેતુ નથી

ભગવાને આત્મૌપમ્યની શિખામણ આપી સામ્યયોગ બતાવ્યો, અને એની ફળશ્રુતિ કહી એ બધુ સાભળી મન ઉત્તેજિત થાય છે છતા અદરથી સમાધાન થતુ નથી આ સ્થિરતા હું શી રીતે કેળવી શકીશ? આ યોગની ભૂમિકા ઉપર હું શી રીતે આરૂઢ થઈ શકીશ? મારુ મન મારા તાબામા હોય ત્યારે ને? એ એટલુ જોરાવર અને તોફાની છે કે એને રોકવાનો પ્રયત્ન કરવો એ તો તોફાની હવાને કાબૂમા આણવા જેવુ દુષ્કર કર્મ છે એ ચચળ મનને સ્થિર શી રીતે કરાય?

> चचल हि मन कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
> तस्याह निग्रह मन्ये वायोरिव सुदुष्करम् ॥
> ६ ३४

*

અભ્યાસવૈરાગ્યની સાધના

નિત્યના અનુભવના ઊંડાણમાથી પૂછેલા પ્રશ્નનો સત્કાર કરીને જ ભગવાને જવાબ વાળ્યો છે

બેશક મન દુર્દાન્ત છે, ચચળ છે છતા એને

માટે પણ લગામ નથી એમ નથી. જો પાડા અને ઘોડા કાબૂમાં આણી શકાય છે, બળદ અને હાથી વશ કરી શકાય છે તો તોફાની મન પણ કુનેહથી અને ચીવટથી કાબૂમાં કરી શકાય છે. એને માટે ફરી ફરી પ્રયત્ન કરવાનો અભ્યાસ જોઈએ છે અને જે જે વસ્તુ તરફ મન દોડે છે તે તે વસ્તુનું સાચું સ્વરૂપ ઓળખી એ વસ્તુ કેટલી નિઃસાર છે, વ્યર્થ છે એનું ભાન પણ કેળવવું જોઈએ. અખંડ પડતાં પાણીનાં ટીપાંથી જો વજ્ર જેવા પથરા પણ ઘસાઈ જાય છે તો અભ્યાસથી શું ન થઈ શકે ! પણ એ ચમત્કાર સાધવા માટે સંયમ કેળવેલો હોવો જોઈએ. વાસના પર અને મન પર, હૈયા પર અને બુદ્ધિ પર માણસે કાબૂ મેળવવો જોઈએ. એ સયમ જેની પાસે નથી એને માટે કશું ય શક્ય નથી અને એ સંયમ વડે જેણે પોતાનું હૈયું કાબૂમાં આણ્યું છે એને માટે અશક્ય એવું કશું નથી.

असंशय महाबाहो मनो दुर्निग्रह चलम् ।
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥
असयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥

६ : ३५-३६

*

દુર્બળોની મૂંઝવણ

જે સાધનાવીર છે, સંકલ્પસમર્થ છે તેને માટે આ જવાબ સંપૂર્ણ છે, સંતોષકારક છે પણ અર્જુનનો સવાલ આપણા જેવા સ્ખલનશીલ દુર્બળો માટે હતો એટલે અર્જુન ફરી પૂછે છે "ભગવાન, તમે જે કહો છો તેમાં જે માને છે, જે શ્રદ્ધા રાખે છે, તદનુસાર પ્રયત્ન પણ કરે છે અને છતાં એમાં ફાવતો નથી એવા માણસને યોગ તો સિદ્ધ થવાનો નથી ત્યારે શું એનો આખો પ્રયત્ન એળે જ ગયો ? એને શું સાચો માર્ગ જડવાનો જ નથી ? તમે પોતે જગદ્‌ગુરુ છો. તમે જો એ શંકાનિવારણ ન કરો તો બીજો કોણ કરનાર છે ?

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥

६ : ३७

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥

६ : ३९

*

कर्मनी अमरता

આના જવાબમાં ભગવાને જે જવાબ આપ્યો છે તે દુનિયાના તમામ માણસો માટે જાણે આશાનો અમરપટો છે. માણસનો રોજનો અનુભવ ગમે તેવો હોય પણ 'સરવાળે જોવાની' જેની શક્તિ છે તેનો જે સાર્વભૌમ અનુભવ છે તે જ ભગવાને ૨૫૯ શબ્દોમાં મનુષ્યના પ્રતિનિધિરૂપ અર્જુનને સંભળાવ્યો છે જે માણસ શુદ્ધહૃદય છે, જે સદ્‌બુદ્ધિથી પ્રેરાયો છે અને જે કલ્યાણ-કામનાથી જ પ્રવર્તે છે તેની કોઈ કાળે દુર્ગતિ થવાની નથી—એ ઉત્તરોત્તર આગળ જ વધવાનો છે. આજે એને સારી સગવડો ન મળી તો કાલે એ બધી સગવડો એની મેળે એની પાસે ચાલતી આવવાની. બીજું સમાધાન ભગવાને એ આપ્યું છે કે માણસના મરણ સાથે એના બધા પ્રયાસો મરી નથી જતા. પણ ગણિતમાં જેમ સરવાળામાં નવ કરતાં સંખ્યા વધે એટલે એકમના વધેલા આંકડા દશમના સ્થાનમાં મળી જાય છે તેવી જ રીતે આ ભવની કમાઈ જો આ ભવમાં ન સમાય તો આગલા ભવમાં વધી આવે જ છે. અને તેથી આગળનો સરવાળો સહેજે પરિપુષ્ટ થાય છે. જેમ આત્માનો નાશ નથી તેમ કર્મનો પણ નાશ નથી. સારું કે નરસું જે કર્યું છે તે સાથે આવવાનું જ, એટલી જેની શ્રદ્ધા છે તેની મૂડી કોઈ કાળે ખૂટતી નથી. એવો શ્રદ્ધાધન માણસ જીવનનો વ્યાપાર ચેતીને અને બાહોશીથી ખેડી શકે છે અને એક પછી એક અનેક જન્મ ઝપાટાભેર વટાવી અંતે પરમ ગતિને પામે છે. પણ એને માટે જોઈએ છે શ્રદ્ધા, જોઈએ છે ઈશ્વરનિષ્ઠા.

पार्थ नैवेह नामुत्र विनाशस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥

अथवा योगीनामेव कुले भवति धीमताम् ।
अेतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥

६ : ४०–४५

*

સાધનામાત્રની કૂંચી

હાથમાં ફાનસ લઈને જઈએ એટલે રાતની મુસાફરી જેમ સહીસલામત થાય છે તેવી જ રીતે જો ઈશ્વરનિષ્ઠા સાથે જીવનયોગ કેળવીએ તો જીવનયાત્રા સહેલી અને સફળ થાય છે ઈશ્વરને ઓળખ્યો, એને શરણ ગયા, એના દિવ્ય જન્મકર્મનો પરિચય સાધ્યો અને એની ઇચ્છાને અધીન થયા તો જીવનવિકાસને અર્થે વધારે કશું કરવાપણું રહેતું જ નથી. ડબ્બો જો એન્જિન સાથે સંકળાઈ જાય તો મુસાફરી માટે એને વધુ કશું કરવ પણું રહેતું જ નથી, જ્યાં સુધી એની સાંકળ સંધાયેલી છે ત્યાં સુધી એને બીજી કશી જ ચિંતા નથી.

પણ આ દાખલો અપૂર્ણ છે. એન્જિન અને ડબ્બો એ એક જ પાટા ઉપર દોડતાં છતાં એમની વચ્ચે સામ્ય નથી. જ્યારે આ જીવનની મુસાફરીમાં આપણે ખાસ સમજવાનું તો એ હોય છે કે ડબ્બો જ્યારે એન્જિનને ઓળખે છે ત્યારે પોતે જ એન્જિન થઈ જાય છે, અને પછી બીજા અનેક ડબ્બાઓ ખેંચી લેવાની શક્તિ એનામાં આવી જાય છે

ઈશ્વરસાક્ષાત્કારની ખૂબી જ એવી છે કે જેમ સૂતરનો એક છેડો હાથ આવ્યો એટલે ધીમેધીમે ખેંચનાં સૂતરનો આખો દડો જ હાથમાં આવી જાય છે તેવી જ રીતે જો સાચી ઈશ્વરનિષ્ઠા હોય અને અખંડ પ્રયત્ન હોય તો પ્રયત્નથી સત્યનારાયણનો નિશ્ચિત,સંપૂર્ણ અને સમગ્ર સાક્ષાત્કાર થયા વિના રહેતો જ નથી. પછી મનમાં નથી રહેતો કોઈ સંશય, નથી રહેતી કોઈ ખામી. એટલું જાણી લીધું એટલે પછી કશું જાણવા જેવું રહેતું જ નથી. માણસ સાચી રીતે શોધ કરે. ખરી મુશ્કેલી રસ્તો જડવાની નથી પણ એ રસ્તે જવાની પ્રવૃત્તિ જ થતી નથી, એ મુશ્કેલી છે. એ જ માણસનું દુર્દૈવ છે.

मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥

૭ : ૧

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥

૭ : ૩

*

વિભૂ-જીવન

માણસ પોતાની માનવી દૃષ્ટિથી જુએ છે તેથી એને દુનિયામાં સારાનરસાનું દ્વંદ્વ જ દેખાય છે: એની પાછળ રહેલું પરમમંગલ અદ્વૈત તત્ત્વ દેખાતું નથી. તમામ મૂંઝવણનું કારણ એ જ છે. આ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય ઈશ્વરમાંથી જ છે. ઈશ્વરથી જુદું અહીં કશું છે જ નહિ. જેમ હારના મણકા સૂતરને આધારે ટકે છે તેમ ઈશ્વરને આધારે બધું ટકેલું છે. જીવનમાં, આ વિશ્વમાં, જે કાંઈ છે તેનો સાર ઈશ્વર પોતે જ છે. જે દહાડે માણસ દરેક વસ્તુમાં ઈશ્વરનો આવો સાક્ષાત્કા મેળવી શકે છે તે દહાડે એની બધી મૂંઝવણો એની મેળે દૂર થાય છે.

(આ દૃષ્ટિ કેળવવા માટે ભગવાને આ અધ્યાયમાં તેમજ દસમા અધ્યાયમાં કાવ્યમય ઉદાહરણો લઈને આપણને સમજાવી આપી છે. આવાં ઉદાહરણો હમેશાં સરખી જ રીતે આકર્ષક નથી થતાં. દર જમાનાએ પોતપોતાનો વિભૂતિયોગ ગોઠવવો રહ્યો. અહીં તો કેવળ 'ઉદ્દેશ' ખાતર નામ લેવા ખાતર–ભગવાને થોડોક વિસ્તાર કર્યો છે દસમા અધ્યાયના વિભૂતિયોગનો વિસ્તાર ટૂંકાવી અને એક બીજા સાથે ભળતા દાખલાઓ ભેગા કરી મેં એક નવો વિભૂતિયોગ ગોઠવી કાઢ્યો છે.)

માણુસ માટે સૌથી વ્યાપક, સૌથી ઊંડું અને સૌથી અગત્યનું જો કોઈ તત્ત્વ હોય તો તે જીવન છે મૃત્યુ સાથે સનાતન સંગ્રામ ચલાવતા જીવન હાર્યું નથી પણ મૃત્યુ ઉપર વિજય જ મેળવતું આવ્યુ છે. આ વિશ્વમાં અનંત પ્રાણીઓ છે, અને અહર્નિશ અનંત પેદા થાય છે. એ બધાંમાં—એકેએકમાં જીવવાની જે અમર ઇચ્છા છે તે જોયા પછી જીવનની શક્તિ કેટલી જબરદસ્ત છે એનો કાંઈક ખ્યાલ આવી શકે છે. જેઓ ત્રાસીને આત્મહત્યા કરે છે તેઓ પણ જીવનને ઓછું ચાહતા નથી. જીવનનિષ્ઠા, જીવનભક્તિ, જીવનપ્રેમ, જીવનપરાયણતા સાર્વભૌમ છે, બાકી બધી વૃત્તિઓ અને ઊર્મિઓ એની આગળ ગૌણ છે. આ જિજીવિષા અને જીવનનિષ્ઠા અનંત રીતે વ્યક્ત થાય છે આ વિશ્વમા સર્વવ્યાપી તત્ત્વ હોય તો તે એ જ છે એનુ જ સામ્રાજ્ય બધે ચાલે છે જીવન બીજ રૂપમા પણ છે અને વિસ્તારના રૂપમાં પણ છે. બીજમાંથી વિસ્તાર અને વિસ્તારમાંથી ફરી બીજનો સંભવ એ ઘટમાળ અનાદિકાળથી ચાલતી જ આવી છે શું ભગવાન આ ઘટમાળથી નોખો હોઈ શકે! ઈશ્વર પોતે જ કહે છે કે તમામ ભૂતોની અંદર સ્ફુરતું જીવન હું જ છુ તમામ ભૂતોનુ સનાતન બીજ પણ હું જ છુ

जीवन सर्व भूतेषु । ७ ९
बीज मा सर्वभूताना विद्धि पार्थ सनातनम् ।
७ : १०

*

काम

મનુસ્મૃતિના આરંભમા જ કહ્યુ છે કે માણસ જે કાંઈ કાર્ય કરે છે તે કામથી, વાસનાથી, ઇચ્છાથી, કશાક હેતુથી પ્રેરાઈને જ કરે છે. દુનિયામા અકામતા શોધી જડે નહિ. આવા સર્વવ્યાપી કામને નિયંત્રણમાં રાખવાની શક્તિ કેવળ ધર્મને જ છે. માણસ કામથી પ્રેરાય છે यद् यद् हि कुरुते कर्म तत् तत् कामस्य चेष्टितम् ।। એ કામને સફળ કરવા માટે માણસ અર્થસંગ્રહ કરે છે, સામર્થ્ય કેળવે છે, મનુષ્યબળ મેળવે છે, વિજ્ઞાન ખેડે છે, મોટા મોટા સંગઠનો કરે છે અને દરેક જાતની પ્રવૃત્તિ આદરે છે. કામની પ્રેરણાથી જ અર્થનો વિસ્તાર કરાય છે.

પણ કામથી કાયમની તૃપ્તિ થતી નથી. કામ માણસને પ્રેરે છે અને અંતે છેતરે છે. કામ જેવી મોહક, પ્રેરક અને અંતે વિફળ એવી બીજી વસ્તુ નથી. તેથી જ કામને જ્યાં અવકાશ જ નથી એવા મોક્ષનો આદર્શ માણસે ખેડ્યો. પણ મોક્ષની લગન લાગે ત્યારે ને! ત્યાં સુધી કામ ઉપર જીન કસીને એને લગામ લગાવીને હાથમા ચાબુક અને અંકુશ લઈને એની પાસેથી સેવા લેવી રહી કામનો આ જે અંકુશ છે-લગામ છે તેને આપણે ધર્મને નામે ઓળખીએ છીએ. ધર્મના અંકુશમાં રહેલો કામ એ જ સામાજિક જીવનનું પ્રેરક તત્ત્વ છે તેથી જ ભગવાને પોતાની વિભૂતિનો પરિચય આપતા કહ્યુ કે ધર્મથી અવિરુદ્ધ એવો જે કામ તે હું છું.

धर्माविरुद्धो लोकेस्मिन् कामोऽस्मि भरतर्षभ ।
७ : ११ (२)

*

सात्त्विक बल

ઉપનિષદોમાં કહ્યુ છે કે બળ એ જ બ્રહ્મ કહીને એની ઉપાસના કરવી. દુર્બળતા કેટલી ખરાબ છે એ સૌ કોઈ જાણે છે, પણ બળ એ સારી વસ્તુ છે એમ પણ સિદ્ધ નથી થયું બળ વાપરીને માણસ લૂંટફાટ કરે, ગરીબોને દબાવે, અનાથોને લૂંટે અને અધર્મનો ધર્મ તરીકે પ્રચાર કરે એવા દાખલા દુનિયામાં ઓછા નથી કુદરતે માણસ માટે જેટલાં દુ:ખો ઉત્પન્ન કર્યાં છે એના કરતાં માણસે પોતે જ પોતાની સામે વધુ મુશ્કેલીઓ ઉત્પન્ન કરી છે. અને એ બધું એના શરીરબળ અથવા બુદ્ધિબળને પરિણામે થવા પામ્યુ છે. એ બધુ જોઈ બળ અને બળનું સંગ્રહન બન્ને પ્રત્યે સજ્જનો અશ્રદ્ધાળુ થયા છે.

ગીતામાં ભગવાન કહે છે કે બળવાન લોકોનું બળ હું છુ, પણ એ બળ કામ અને અનુરાગથી તદ્દન મુક્ત હોય તો જ.

बल बलवतामस्मि कामरागविवर्जितम् ।
७ : ११

*

ગુણમયી માયા

ભગવાને સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણ-વાળી માયા પેદા કરી. અને પોતે એની પાછળ છુપાઈ ગયા. આ સૃષ્ટિ ત્રિગુણાત્મક છે. દરેક વસ્તુમાં આ ત્રણે ગુણ ઓછાવત્તા પ્રમાણમાં હોય જ છે. જે ગુણનું પ્રાધાન્ય હોય તેને નામે તે વસ્તુ ઓળખાય છે એટલું જ. આ ત્રણ ગુણોનું સ્વરૂપ, એમનો જીવન સાથેનો સંબંધ અને એમનો વિસ્તાર, એ બધું ગીતામાં જ સૌથી પહેલું વર્ણવેલું જડે છે. વેદોમાં આ ત્રૈગુણ્ય ઉપર ક્યાંય ભાર નથી મૂક્યો. ઉપનિષદો એટલે અધ્યાત્મશાસ્ત્ર. ત્યાં તો આ ત્રણ ગુણોની ચર્ચા ડગલે ને પગલે આવવી જોઈતી હતી. પણ ઉપનિષદોમાં ગુણોનો ઉલ્લેખ જવલ્લે જ આવે છે. એટલે આ સૃષ્ટિની ત્રિગુણાત્મક રચનાની મીમાંસા ગીતાની અથવા ગીતાના ભગવાનની મૌલિક મીમાંસા છે એમ જ કહેવું પડે છે. આ ત્રણ ગુણોની વ્યવસ્થાથી માણસને એટલો તો સંતોષ થયો છે કે ગુણ ત્રણ જ કેમ અને એ કયાં તત્ત્વને અનુસરીને નક્કી કરેલા છે અને એના પેટા વિભાગ કેટલા થઈ શકે છે એની જિજ્ઞાસા માણસે, શાસ્ત્રીય રીતે કરવાનું છોડી દીધું છે. નવા લોકોમાં પણ જે કોઈ આ ત્રિગુણવ્યવસ્થાને સવિસ્તર સાંભળે છે તેને પણ થાય છે કે ગુણવ્યવસ્થા બધી રીતે બંધબેસતી છે. ભગવાન પોતે કહે છે કે આખું વિશ્વ આ ત્રણ ગુણોનો વિસ્તાર છે. એ ત્રણે ગુણ મારામાંથી જ પેદા થયેલા છે. અને છતાં હું એમને વશ નથી. મારી આ ત્રિગુણાત્મક માયા તરી જવી બહુ અઘરી છે. જેઓ ત્રિગુણથી પર એવા મને શરણ જાય છે તેઓ જ આ માયામોહને તરી જાય છે. જેઓ ઈશ્વરને શરણ જતા નથી તેઓ માયાની જાળમાં સપડાઈને અસુરવૃત્તિ કેળવે છે.

રજ અને તમ એ બે ગુણો બંધનકારક છે, નીચે પાડનારા છે, એટલું તો સહેજે ધ્યાનમાં આવી શકે છે. પણ સત્ત્વગુણ પણ સારો દેખાવા છતાં અંતે બંધનકારક છે અને તેથી સત્ત્વ કેળવી, રજ અને તમ ઉપર વિજય મેળવી અંતે આ સત્ત્વગુણથી પણ પર જવાનું છે એમ કહીને ગીતાએ અધ્યાત્મના આકાશમાં મોટામાં મોટું ઉડ્ડયન કર્યું છે. સત્ત્વગુણ પણ અંતે બંધનકારક જ છે એમ કહી ભગવાને માણસ આગળ એક અતિમાનુષી આદર્શ મૂક્યો છે.

> दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
> मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते ॥
> ૭ : ૧૪

નોંધ:—

[ગીતામાં ત્રિગુણના ઉલ્લેખ જ્યાં જ્યાં આવે છે તે બધાને એકત્ર કરી તે ઉપરથી ગીતાનું માનસશાસ્ત્ર તૈયાર કરવા જેવું છે. જેમ ગીતામાં આવેલાં પાંચ સાત શબ્દચિત્રો પરથી ગીતાના આદર્શ પુરુષને તારવી શકાય, દૈવી સંપતના છવ્વીસ ગુણો વડે ગીતાનું સમાજશાસ્ત્ર તારવી શકાયું છે, એ જ રીતે આ ત્રિગુણના વિસ્તારથી ગીતાનું માનસશાસ્ત્ર તારવી કાઢવું જોઈએ.]

*

ભક્તોના ચાર પ્રકાર

ગીતાએ ચાર પ્રકારના ભક્તો વર્ણવ્યા છે. આ ચાર જ શા માટે પસંદ કર્યા છે એ કહેવું મુશ્કેલ છે, અને આ ચારે ભક્તો જ છે એમ કહેવાય કે નહિ એ આપણે જાણતા નથી. આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની—આ ચારેને ગીતાએ ભક્તો કહ્યા છે, એને એમાંયે જ્ઞાનીને સૌથી શ્રેષ્ઠ અને પોતાને સૌથી પ્રિય કહ્યો છે. આમાંનો જે આર્ત છે એ જીવનનાં અનેક દુઃખોથી હેરાન થવાથી ભગવાનને શરણ જાય છે. એને વિશ્વાસ છે કે ત્યાં શાતા મળવી જ જોઈએ. આવો ભક્ત સામાન્ય કોટિનો ગણાય. કાયિક અને માનસિક અકળામણથી મુક્ત થવું એટલો જ એનો ઉદ્દેશ છે, પણ એ ઉદ્દેશ પાર પાડવા માટે ભગવાન પાસે જ દોડી જવું જોઈએ એટલું એ જાણે છે, અને એમાં જ એની મોટાઈ—ગીતાની ભાષામાં કહીએ તો ઉદારતા—રહેલી છે.

બીજો ભક્ત તે જિજ્ઞાસુ. એ જેમ જેમ જીવનનો સુખદુઃખાત્મક અનુભવ લેતો જાય તેમ તેમ એ બધું ખમવાની અથવા માણવાની શક્તિ તો એ કેળવતો જાય છે. પણ આ બધું શા માટે છે,

અંતે જીવનનું રહસ્ય છે શું એ જાણવાની અદમ્ય જિજ્ઞાસાથી પ્રેરાઈને એ ભગવાન પાસે દોડે છે એ જાણે છે કે જીવનનું રહસ્ય ઉકેલનાર, સંશયનો છેદનાર, બીજો કોઈ છે જ નહિ त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते। (६ ३९)

ત્રીજો ભક્ત તે અર્થાર્થી સામાન્ય લોકો એનો અર્થ કરે છે ધનનો ઇચ્છુક જૂના વખતમાં એવા લોકો હતા ખરા કે જેઓ ધનના ઢગલાની ઇચ્છાથી વેપારઉદ્યમ કરવાને બદલે જપજાપ, પુરશ્ચરણ અથવા તપસ્યા કરતા, અથવા અનેક રીતે ભગવાનને રાજી કરી એની કેવળ કૃપા વડે ક્યાંકથી ધન મળી જાય એવી અપેક્ષા રાખતા પણ ગીતાનો અર્થાર્થી ઉદાર ભક્ત ધનપરાયણ તો ન જ હોય અહીં અર્થાર્થી એટલે જીવનનું સારસર્વસ્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનારો ભગવાન પ્રભુ છે સર્વસમર્થ છે, ઉદાર દાતા છે એની પાસેથી સહુ કાંઈ મળી શકે એમ છે ત્યારે બીજું બધું છોડીને એને શરણે જઈને એની પાસેથી જીવનસાફલ્ય કેમ ન મેળવીએ? (૧) પોતાનો પુરુષાર્થ અને (૨) ઈશ્વરની કૃપા એવી વાંઢગાના બચ્ચાની એવડી સાધના કરનારા તેઓ નથી હોતા. હું ઈશ્વરને શરણે જાઉં, ઈશ્વરની ભક્તિ કરું એ જ મારી સાધના એ જ મારો પુરુષાર્થ ભગવાનને શું અશક્ય છે કે જેથી અર્ધો બોજો હું ઊંચકું અને બાકીનો ભગવાન ઉપર નાખું? મારી ઉન્નતિને અર્થે કે મારા વિકાસને અર્થે મારે પુરુષાર્થ કરવો જોઈએ એ જ જો આગ્રહ હોય તો આડાઅવળા પુરુષાર્થ હું શા માટે કરું? પોતાની વૃત્તિઓ ઉપર વિજય મેળવી બધી રીતે ઈશ્વરને શરણે જાઉં અને એની અનન્ય ભક્તિ કરું એ જ પુરુષાર્થ શો ઓછો છે? એમાં કશી કચાશ ન રહે એટલે બસ આવો અર્થાર્થી ઉદાર ભક્ત પોતાની નિષ્ઠા વડે ભગવાનને પોતાનો બનાવી દે છે અને હૃદયસ્થ ભગવાન પાસેથી ગમે તે મેળવી શકે છે એ કર્મો કરે છે, પણ તે સાધન તરીકે નહિ, પણ ઈશ્વરને શરણે ગયા પછી ઈશ્વરે સોંપેલા કાર્યો સમજી ઈશ્વર પ્રીત્યર્થે એ બધાં કામો કરે છે.

ઉચ્ચ ભક્ત તે જ્ઞાની એણે પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરી છે, સુખદુઃખ ઉપર એણે વિજય મેળવ્યો છે, જ્ઞાનરૂપી અગ્નિથી પોતાનું કિલ્મિષ બાળી નાખ્યું છે, એ અખંડ યોગી છે, એ નિષ્કામ ભાવે – કેવળ સ્વભાવ તરીકે – ભગવદ્‌ભક્તિમાં તલ્લીન થઈ જાય છે એવો જ્ઞાની ભક્ત ભગવાનને એટલો બધો તો પ્રિય છે કે પરસ્પર પ્રીતિને કારણે એ ભક્ત ભગવાનનું હૃદય બની ગયો છે 'ज्ञानी त्वात्मैव मे मतम्।' એવી જ્ઞાનશક્તિ એક જ ભવની સાધના વડે જન થે જ પ્રાપ્ત થઈ શકે જ્ઞાનીએ પાછલા અનેક જન્મોમાં ક્રમશ સંસિદ્ધિ મેળવેલી હોય છે એને સહજપણે ભગવાનના વિભૂત્વનો સાક્ષાત્કાર થાય છે

> चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
> आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥
> तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
> प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥
> उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
> आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥
> बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
> वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥
> ७ १६–१९

*

ઉપાસનાનું સોપાન

બધા જ ધર્મો સાચા છે ગમે તે દેવને નમસ્કાર કરીએ તોયે અંતે એ કેશવ પ્રત્યે જ પહોંચે છે એ ખરું છે ગમે તે ઉપાસનાને રસ્તે માણસ જાય તોયે અંતે એ મુકામે પહોંચવાનો જ એ વિષે શંકા નથી, છતાં બધા દેવો સરખી યોગ્યતાવાળા નથી હોતા બધી ઉપાસનાનું તાત્કાલિક ફળ એકસરખું નથી હોતું માણસ પોતાની વૃત્તિ, દૃષ્ટિ અને આદર્શ કરતાં વધારે ઉચ્ચ કોટિની ઉપાસના જીરવી શકતો નથી બાળકને જો એક રૂપિયો અને એક પેંડો એમાંથી ગમે તે લે એમ આપણે કહીએ તો રૂપિયો છોડી એ જેમ પેંડા તરફ દોડવાનો તેમ જ જુદી જુદી વાસનાઓથી ઘેરાયેલો માણસ અંતર્યામી પરમાત્માની ઉપાસના કરવાને બદલે પોતાના સ્વભાવ પ્રમાણે કોઈ ને કોઈ સામાન્ય દેવતાની ઉપાસના આરંભે છે ભગવાન

જાણે છે કે એવો માણસ જાણે છે ઓછું, ઘેરાયેલો છે મોહથી, પણ અંતે એની શ્રદ્ધા સાચી છે. એટલે ભગવાન પોતે જ તે તે રૂપ ધારણ કરી જ્યાં જેની શ્રદ્ધા બેઠી હોય ત્યાં જ એને એને લાયક સિદ્ધિ આપી દે છે. આવી સિદ્ધિ અને એનું ફળ નાશવંત જ હોય. પણ એવું ફળ મેળવી એ ભક્ત પોતાની શ્રદ્ધામાં ઉમેરો કરે છે. આમ કરતાં કરતાં જ્યારે માણસને શુદ્ધ ઈશ્વરભક્તિ જડે છે ત્યારે જ એ ભગવાનની સંનિધિમાં પહોંચે છે.

જેમ મુક્તિ ક્રમશઃ મળે છે, સાધનામાં પગથિયાં હોય છે તેમ ભક્તિના આદર્શમાં પણ માણસની પ્રકૃતિ પ્રમાણે ઉચ્ચ અને ઉચ્ચતર એવી કોટિઓ હોય છે.

આ વાત જેના ધ્યાનમાં આવી તે પોતે મૂર્તિપૂજક ન હોવા છતાં મૂર્તિપૂજા કરવાવાળાઓને પજવશે નહિ. જંગલના લોકોના ધર્મ અને એમની માન્યતાઓ ભૂલભરેલી છે એટલું જ નહિ પણ તેઓ એવી માન્યતા રાખવા જતાં મહાપાપ કરે છે એ જાતની માન્યતા ખ્રિસ્તીઓ, મુસલમાનો અને એવા જ બીજા ધર્માવલંબીઓ ધરાવે છે.અને તે તે લોકોને એ પાપમાંથી ઉગારવા માટે એમની ઇચ્છા વિરુદ્ધ એમની પાસેથી એમની માન્યતાઓ છોડાવવાનો જબરદસ્ત પ્રયત્ન કરે છે. ગીતાધર્મી જાણે છે કે બૌદ્ધિક ભૂલ એ કાંઈ નૈતિક અધઃપાત નથી આપણે પરમ રહસ્ય ન જાણતા હોઈએ તેથી શું? ભગવાન તો આપણું હૃદય પહોંચાને જ છે. ત્યારે આપણે કોઈના ઉદ્ધાર વિષે આટલા સાશંક શા માટે થઈએ?

અને કોણ કહી શકે કે ઈશ્વર વિષેની આપણી કલ્પના નિર્દોષ છે. ઈશ્વર આગળ આપણું અજ્ઞાન અને પેલા જંગલી, વહેમી આરણ્યકનું અજ્ઞાન એ બે વચ્ચે બહુ જ થોડો ફેર હશે. આપણે શા માટે માનીએ કે આપણે તો સાચા ઈશ્વરને પૂર્ણપણે ઓળખીએ છીએ અને બીજાઓ અજ્ઞાનની ખાઈમાં રહીને ત્યાં જ સડવા જેટલા પતિત છે? જેમ બાળકો ક્રમે ક્રમે ઉમરલાયક થાય છે તેમ સાચા ભક્તો ક્રમશઃ જ્ઞાનમાં અને ભક્તિમાં આગળ વધે જ છે અને ભગવાન તો એમની પાસે અથથી ઇતિ સુધી છે જ.

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥
यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥
स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हि तान् ॥
अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यांति मद्भक्ता यांति मामपि ॥
अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥
नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥
७ : २०–२५

ऐश्वर्यप्राप्तिनी कठिनता

ગીતામાં એક ઠેકાણે ભગવાને અર્જુનને કહ્યું છે કે તારા પણ અનેક જન્મો થયા છે અને મારા પણ થયા છે. હું એ બધાને જાણું છું અને તું તે જાણતો નથી. ભૂતકાળ અને ભવિષ્યકાળ જાણવાની શક્તિ કેવળ એક ભગવાનની જ છે. માણસને એ શક્તિ આપેલી નથી.

આ અધ્યાયમાં ભગવાન કહે છે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું હું જાણું છું પણ મને કોઈ જાણતું નથી. એનું કારણ એ છે કે બધાં પ્રાણીઓ રાગદ્વેષથી ઘેરાયેલાં હોવાથી એમની દૃષ્ટિ ટૂંકી થઈ જાય છે, એમનું હૈયું સંકુચિત થઈ જાય છે. માણસ જ્યારે વ્રતોની દૃઢતા કેળવે, દ્વંદ્વમોહથી મુક્ત થઈ જાય અને પુણ્યકર્મોથી પાપ ઉપર વિજય મેળવે ત્યારે જ તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. અને પછી એનું તમામ કર્મ આધ્યાત્મિક બની જાય છે.

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥
इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यांति परंतप ॥
येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वंद्वमोहनिर्मुक्ता भजंते मां दृढव्रताः ॥
जरामरणमोक्षाय मामाश्रित्य यतंति ये ॥
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥
७ : २६–२९

પ્રાણલાલની ભ્રમણા

શ્રી સોપાન

'તમે કોઈ સમજતા જ નથી હું એ બન્નેને ઓળખુ છુ '

પ્રાણલાલ ચિડાઈ જઈને બોલ્યો લગભગ બે કલાકથી આ માથાફોડ ચાલતી હતી મગનલાલ અને ત્રિલોચન હવે થાક્યા હતા પ્રાણનાથને સમજાવી લેવાની જરી પણ આશા નહોતી છતા કેવળ છેલ્લો પ્રયત્ન કરવા ખાતર ત્રિલોચને જવાબ આપ્યો

'તુ નથી ઓળખતો તે જો દુનિયા જોઈ હોત તો આમ ન બોલત જે દિવસથી આ સમાચાર મળ્યા છે તે દિવસની પ્રભા લોહીના આંસુએ રડે છે '

'તમે જ એનું કારણ છો હું એને સમજાવીને શાંત કરુ છુ ત્યા તમે દયા ખાવા દોડો છો તમે અમારુ હિત ઇચ્છતા હો તો તમારે અહીં આવવુ જ ન જોઈએ '

વાતમા કંઈ સાર ન જણાયો એટલે ત્રિલોચન ઊભો થયો મગનલાલ પણ એની પાછળ ઊઠ્યા પ્રાણલાલ રોષભર્યા ચહેરે બેસી જ રહ્યો વિવેક ખાતર પણ ઊભા થવાની એને ઇચ્છા ન થઈ

*

પ્રાણલાલ નવા જમાનાનું ફરજંદ હતો એમ ન કહેવાય મોજના તોફાન કે પ્રેમમસ્તી એણે અનુભવ્યા કે જોયા નહોતા એક સાથે ઘણી યુવતીઓ સાથે દોસ્તી પણ એણે કોઈ દિવસ કરી નહોતી એવી દોસ્તી માટે જે લાયકાત જોઈએ તેનો પણ એનામા સર્વથા અભાવ હતો એ બહુ ભણ્યો ન હોત તો ચાલી શકત, પણ નૃત્ય સંગીત, ચિત્ર-એકાદ કળામા એ પ્રવીણ હોત તો એને એવી દોસ્તીઓ સહેલાઈથી મળી રહેત પૈસા અને નવી ઢબે રહેવાની આવડત હોત તો પણ મુશ્કેલી ન આવત આમાંનું કશુ એનામાં હતું નહિ. એક પત્ની જીવતી હોય ત્યારે જ બીજી પત્ની કરવામા ક્રાન્તિ છે, પ્રેમ છે, સમાજની જડપ્રથા સામે બળવો છે એવુ કશુ પણ એ સમજતો કે માનતો નહોતો એના મનમા એમ ઠસી ગયુ હતું કે પ્રભા તો એના ઉપર અપાર હેત રાખે જ છે, અને આ પાડોશમા રહેતી યશોદા, જેના વિષે એના કુટુંબના દુશ્મનોએ ખરાબ વાત ઉડાડીને એનું વેવિશાળ અશક્ય કરી મૂક્યુ છે તે, પણ એના પર પારાવાર લાગણી ધરાવે છે પ્રભાને 'અડચણ' હોય ત્યારે રસોઈ કરવા તો યશોદા આવે જ છે, પરંતુ પ્રભા એને પિયર ગઈ હોય ત્યારે પણ પ્રાણલાલને કશી મૂંઝવણ જણાતી નથી અને અજબ જેવી વાત તો એ છે કે પ્રભા પોતે જ એના પ્રત્યે અપરંપાર પ્રેમ ધરાવે છે પ્રભા કામ કરતી હોય ત્યારે યશોદા એની પાસે કામ ખૂંચવી લેવા આવે પણ પ્રભા એમ કેમ કરવા દે ! એ તો યશોદાને પોતાની વહાલી નણંદ હોય એટલા માનપૂર્વક સાચવે છે

જે દિવસે યશોદા કંઈ કારણ વિના ડૂસકે ડૂસકે રડી પડી તે દિવસે પ્રભા બહાર ગઈ હતી એવુ પણ નહોતું એને છાની રાખવાનો ખરો પ્રયત્ન તો પ્રભાએ જ કર્યો હતો પ્રાણલાલ તો દૂર ઊભો ઊભો માત્ર શાબ્દિક આશ્વાસન આપી રહ્યો હતો, જ્યારે પ્રભાએ એને બાથમા લઈને એનું આંસુભર્યું મો પોતાની છાતી સાથે દબાવ્યું હતું પ્રાણલાલ માત્ર બોલતો હતો 'યશોદા ! યશોદા ! આ શુ શા માટે રડે છે ? જો, તારા બાપુ ..' બસ, આથી વધુ એણે કાંઈ કર્યું નહોતું જ્યારે પ્રભાએ તો યશોદાના હૃદયના ઊંડાણમા ઊતરી જાય એવા પ્રેમથી એને રડવાનુ કારણ પૂછ્યુ હતું અને છેવટ યશોદાએ કહ્યું નહોતું છતાં એ સમજી ગઈ હતી કે કુમાર-અવસ્થાથી યશોદા હવે થાકી છે

તે દિવસે ઑફિસનો સમય થતાં પ્રાણુલાલ ઘેરથી નીકળી તો ગયો, પણ રસ્તામાં કે ઑફિસમાં એને ચેન પડ્યું નહિ. યશોદાનું આંસુભર્યું મો કેમે ય કર્યું આંખ આગળથી ખસતું નહોતું. દિલના અંતરતમ ભાગમાંથી એક ઝરણું જાણે ફૂટતું હતું. એ ઝરણુ પ્રેમનું હતું કે કરુણાનું તે કળી શકાય એમ હતું નહિ. ઉદ્‌ભવસ્થાને તો બને ઝરણા સરખા જ લાગતાં હતાં. પ્રાણુલાલની આછી બુદ્ધિ આ ઝરણને કરુણાનું ઝરણ માનતી હતી. યશોદાના વિચારથી ગદ્‌ગદ્ થઈ જવાતું હતું એ જ એનું મોટું પ્રમાણ હતું.

સાંજના ૭ વાગે પ્રાણુલાલ ઑફિસેથી પાછો ફર્યો ત્યારે એના મનમાં નક્કી થઈ ગયું હતું કે ઘેર જઈને યશોદાનું દુઃખ સમજવું અને એ દૂર કરવા જે કાંઈ પ્રયત્નો કરવા પડે તે કરવા જ. આ નિશ્ચય થતાં પ્રાણુલાલના પગમાં ચેતન આવ્યું હતું અને હૃદય પણ મજબૂત બની રહ્યું હોય એવું જણાતું હતું.

પ્રાણુલાલ ઘેર પહોંચ્યો ત્યારે અંધારું થઈ જવા આવ્યું હતું અને પિતાની આજ્ઞાને માન આપતી યશોદા ગત પડ્યા પછી ઘરમાંથી બહાર નીકળતી નહિ. પ્રાણુલાલે લાચારીએ પ્રભાને જ સમાચાર પૂછ્યા અને પ્રભાના હસતા મુખેથી સાંભળ્યુ કે, ' પરણુવાનાં થયાં છે. '

*

' યશોદા બહુ દુઃખી છે, ખરું ને પ્રભા ! ' આઠેક દિવસ પછી પ્રાણુલાલ પ્રભા સાથે વાત કરતો હતો. વચ્ચે યશોદા સાથે બે ત્રણ વખત વાતો કરવાનો પ્રસંગ મળ્યો હતો, પણ યશોદાનું દિલ એ જાણી શકયો નહોતો. દિલ ઊઘડે એવો પ્રશ્ન પૂછવા જતાં યશોદાની આંખો આંસુથી ભરાઈ જતી.

'ખબર નથી પડતી કે યશોદા શા માટે દુઃખી રહે છે ! એના બાપુ તો કંઈ કહેતા જ નથી. બા સારાં છે. '

' તો રડે છે કેમ ? '

' એ તો મેં તે દિવસે તમને કહ્યું ને ! '

' એ માટે કોઈ રડે ખરું ? બહુ તો સમસમીને બેસી રહે '

' એ માટે તો રડે નહિ, પણ એમ છે એટલે જ્યાં જુએ ત્યાં દુઃખ લાગ્યા કરે છે. બા અને બાપુજી પજવતાં હોય એવું એને લાગે છે. '

' એનાં માતાપિતા આ સ્થિતિ નહિ જાણતાં હોય ? '

' ન કેમ જાણતાં હોય ? દરેક માબાપ આ સ્થિતિ સમજી જાય, પણ કરે શું ? એમના વરાની વાત થોડી છે ? યોગ્ય મુરતિયો શોધવો ક્યાંથી ? મુરતિયાની અછત કેટલી છે ? કન્યાના તો ઢગલા પડ્યા છે. '

પ્રાણુલાલ સહેજ હસી પડ્યો. પ્રભા લજ્જા પામતી મીઠું હસી.

' આપણે એને કંઈ મદદ ન કરી શકીએ ? ' પ્રાણુલાલે પૂછ્યું.

' આપણે શી મદદ કરી શકીએ ? તમારો કોઈ ભાઈબંધ હોય તો શોધી કાઢો. પણ એનાં માબાપને ય પસંદ તો પડવું જોઈશે ને ! '

' યશોદા વિષે લોકોમાં...... '

' હા, એનું નામ ચેરાઈ ગયું છે. આપણી બાજુ તો કોઈ ઠેકાણું મળશે નહિ. અજાણ્યામાં તપાસ કરો તો સારું ઠેકાણું મળી આવે. '

' આપણાં લોકો પણ ગજબ કરે છે ! ' પ્રાણુલાલ બોલ્યો.

' દીકરી મોટી થાય એટલે આમ જ થાય. મારા બાપુએ અમસ્થી ઉતાવળ કરી હશે ! ' પ્રભા ત્રાંસી નજર કરીને હસી. પ્રાણુલાલ એના ઊઘડતા ફૂલ જેવા મુખ સામે જોઈ રહ્યો.

*

એકાદ મહિના પછી યશોદા માંદી પડી. માંદગી જરા ગંભીર લાગી એટલે પ્રાણુલાલ અને પ્રભા અવારનવાર યશોદાની પાસે રહેવા લાગ્યાં. યશોદાનાં માતાપિતાએ જેયું કે પ્રાણુલાલ પાસે યશોદાને સારું લાગતું હતું. એમના રૂઢિચુસ્ત માનસને આ

ગમતુ તો નહોતુ પણ દીકરી હવે નાસી હતી એમ એ જાણતા હતા એટલે પ્રાણુનાથ વધુ સમય ત્યા રહે એવો પ્રયત્ન કરવા લાગ્યા માંદગી જેમ લબાવા લાગી તેમ પ્રાણુનાથ વરનો માલુમ થવા લાગ્યો પ્રભા તો પોતાની નણુદની સેવા દિન દઈને કરતી જ હતી

દોઢેક મહિનો માંદગી ભોગવ્યા પછી યશોદા પથારીમાથી ઊઠી આટલા સમયમા એના મનમા શુ શુ બની ગયુ તેનો ઇતિહાસ બહુ લાબો થાય પણ માંદગીના દિવસો દરમિયાન કોઈ ન હોય ત્યારે પ્રાણુનાથ પાસે એ રડી પડતી હતી અને પ્રાણુલાલ એના વાસા ઉપર કે માથા ઉપર હાથ ફેરવતો ત્યારે એની આખો મિચાઈ જતી હતી આસુ ઘણીવાર પાછાં વળી જતા હતા અને કોઈકવાર મિચાયેલી પાપણોની બહાર હૃદયની કોઈ અદમ્ય લાગણીની સાક્ષી આપવા માટે બિંદુરૂપે સ્થિર બનતા હતા પ્રાણુલાલના હૃદયમાથી પેલુ ઝરણુ – કરુણાનું કે પ્રેમનું ? – વેગભર વહેવા લાગ્યુ હતુ યશોદાની સામે જોતા આખમાથી અને એને પપાળતાં આગળીના ટેરવામાથી એ ઝરણુ ફૂટયા જ કરતું હતુ

પરિણામ એ આવ્યુ કે સાજા થયા પછી લગભગ પદરમે દિવસે જ્યારે પ્રભા ક્યાંક બહાર ગઈ હતી અને પ્રાણુલાલ ઘરમા એકલો બેઠો હતો ત્યારે યશોદાએ આવીને એના પગ પાસે એક ગુલાબનુ ફૂલ મૂકી દીધુ ધીમેથી બોલી સ્વીકારો કે તોડીને ફેંકી દો

પ્રાણુલાલ ચમકી ગયો પણ એ ઊચુ જુએ ત્યા તો યશોદા ચાલી ગઈ હતી એની નજર ફૂલ ઉપર પડી ફૂલ સુદર હતુ અને ખીલેલુ હતું એમા નો શક નહોતો પણ પ્રાણુલાલ ડરી ગયો એણે બારણા તરફ જોયુ પ્રભા ત્યા નહોતી ધીમેથી એણે ફૂલ ઉપાડયુ એક ક્ષણ આખમાં મૃદુતા આવી તુરત ભય વ્યાપ્યો ફરીને બારણા તરફ નજર કરી પ્રભા ત્યારે પણ નહોતી આવી

*

' એ કેમ બને યશોદા ?'

' હું પણ જાણુ છુ કે ન બને પ્રભાબેનને બહુ આઘાત લાગે '

' એને તો કદાચ ન લાગે પણ તારાં માતાપિતા અને લોકો '

' ના ના પ્રભાબેન જ આ સહન ન કરી શકે '

હુ નથી માનતો હું પ્રભાને જાણુ છુ એને તારા પ્રત્યે પણ બહુ મમતા છે '

તો ? '

તો શુ ?'

તો થઈ શકે મારા માતાપિતા આખ આડા કાન કરશે તેઓ થાક્યા છે અને લોકોની સામે તો થઈ શકાય '

' તારામા હિમત છે ?'

' છે પણ પ્રભાબેન '

' ના ના એ વિષે ચિંતા ન કરીશ એ હું સભાળી લઈશ એના પ્રત્યે મને કેવો પ્રેમ છે તે એ જાણે છે ' પ્રાણુલાલ ઉત્સાહથી બોલ્યો

તમે પૂછી જોશો ?' યશોદા ધીમેથી બોલી પ્રાણુલાલ જરી વિચારમા પડ્યો

' પૂછવાથી કદાચ વાત બગડશે એ તને અપનાવી જ લેશે એવી મને ખાતરી છે પૂછીશ તો કદાચ '

' તમે ભૂલ કરો છો એમ મને લાગે છે, કોઈ સ્ત્રી આવુ સહન ન કરે '

પ્રભાને તું નથી ઓળખતી યશોદા ! મારી સાથે એ નર્કમાં આવવાનુ પણ પસદ કરે '

' પણ એકવાર યશોદા તુરત જ બોલી પ્રાણુલાલ ફરી પાછો પડી ગયો

' તો તમે પૂછી જુઓ તો ?' યશોદા બોલી

ભલે પૂછી જોઈશ એ પછી તો તને શાંતિ થશે ને ?

યશોદાએ હા પાડી

*

પ્રાણુલાલના હાથમાથી લગામ છૂટી ગઈ હતી પ્રભાને પૂછવાની હિંમત ન ચાલી યશોદાની વાત સાચી લાગવા માડી પણ છૂટેલી લગામ હાથમાં

આવી નહિ. યશોદા તરફ એનો હૃદયપ્રવાહ જોશભેર ધસવા લાગ્યો. ઑફિસે એ દરરોજ જતો હતો પણ નિર્જીવ યંત્રની જેમ જ. રાતદિવસ એ વિચાર એને કોરી ખાતા હતા. પ્રભા ઘણીવાર એને પૂછતી હતી કે છે શું? પ્રાણલાલ જવાબ આપી શકતો નહિ. ક્યારેક હસતો, ક્યારેક મૂંગો રહેતો અને જોશભેર પ્રભાને બાથમાં પકડી કચડી નાખતો.

યશોદા અવારનવાર આવ્યા કરતી હતી પ્રભાની પાસે હવે એ વિશેષ રહેતી. પ્રભાનો પ્રેમ કે કૃપા—જે કહો તે—મેળવવાના એના પ્રયત્નો ઘણીવાર ઉઘાડા પડી જતા હતા. પણ પ્રભા બિચારી સમજતી નહોતી. યશોદાનાં માતાપિતાની પેઠે એણે માત્ર એટલું જ જાણ્યું હતું—યશોદા આવે છે ત્યારે પ્રાણલાલને સારું લાગે છે. પ્રાણલાલ એનો પ્રાણ હતો, એના વિના જીવવું પ્રભા માટે દુષ્કર હતું. એ પ્રાણને શાંતિ થાય, સુખ ઊપજે એ માટે પ્રભા શું ન કરે? યશોદાને આગ્રહ કરી કરીને એ ત્યાં રોકતી અને ઘણીવાર જમાડતી.

દિવસો ને મહિનાઓ પસાર થતા જતા હતા. પ્રાણલાલ અને યશોદા ઘણીવાર એકાંતે મળતાં. બહુ વાતો ન થતી. પણ જે થતી તે દર્દમય હતી. પ્રભાની આંખમાંથી આંસુ ખરી જતાં અને પ્રાણલાલનાં આંસુ ડૂસકિયાં કરી પાછાં ચાલ્યાં જતાં. બન્નેનાં હૃદય ભાંગી ગયાં હતાં. એકમેક વિના રહેવું હવે મુશ્કેલ થતું જતું હતું, પણ પ્રભાનો વિચાર બન્નેને ધક્કા મારી જુદી જુદી દિશામાં ખસેડી દેતો હતો.

યશોદાનાં માતાપિતા દીકરીનું મન પારખી ગયાં હતાં. એમને આ ગમતું નહોતું, પરંતુ આંખ આડા કાન કરવાનો નિશ્ચય કરી લીધો હતો. પ્રભા કશું સમજતી નહોતી. એને એમ થતું હતું કે યશોદાને હવે જલદી સારું ઠેકાણું મળી જાય તો સારું.

એક સવારે પ્રભા નજીકના સગામાં કોઈ પ્રસંગે ગઈ હતી. પ્રાણલાલ એકલો પડ્યો યશોદા અને પ્રભાના વિચારો કરતો હતો. કોના પ્રત્યે વધુ મમત્વ હતું તે એની બુદ્ધિ કહી શકતી નહોતી. પ્રભાને બધું આપી દીધું હતું — આખું જગત જાણે એને આપી દીધું હતું — એમાંથી એક રતીપૂર પણ પાછું કેમ લેવાય! એ વિચાર દિલને સતાવતો હતો. બીજી બાજુ યશોદાનું કોણ, એમ પણ થયા કરતું હતું. દયા, પ્રેમ, કરુણા, આકર્ષણ—બધું એકમેકમાં ભળી ગયું હતું. આંખ સામે ઘડીક પ્રભાની છબી આવતી અને ઘડીક યશોદાનું ચિત્ર ખડું થતું હતું. પ્રભા હસતી હતી અને એ હાસ્યમાં વિશ્વાસ ઝરતો હતો. યશોદાની પાંપણો ભીની હતી અને તેમાંથી યાચના અને અર્પણ ટપકતાં હતાં. એક મોટી ઑફિસનો મામૂલી કારકુન બે જીવોને પોતાની આંખની કીકીમાં અત્યારે રમાડી રહ્યો હતો.

બારણામાં યશોદા આવી પહોંચી. પ્રાણલાલની કલ્પનામાં જે હતું તે પ્રત્યક્ષ દેખાયું. યશોદા હમણાં જ ઢળી પડશે એમ એને લાગ્યું એટલે એ તુરત જ ઊભો થયો. યશોદા ધીમે પગલે સામે આવી અને નીચે બેઠી પ્રાણલાલ એની પાસે બેઠો.

'હવે નથી સહન થતું.' યશોદા બોલી. એની આંખ ગળીને ઝરી જતી હોય એમ લાગ્યું. પ્રાણલાલ ડરી ગયો. એણે બારણા તરફ નજર કરી..પ્રભા ત્યાં આવી પહોંચી હતી. પ્રાણલાલ પાસે હતો તે દૂર ખસ્યો. એની છાતી ધડકવા લાગી. યશોદા આંસુભરી આંખે પ્રભા સામે જોઈ રહી. પ્રભા અંદર આવીને એની પાસે બેઠી. પ્રાણલાલ તરફ એક નજર ફેંકી તુરત જ એણે યશોદાને બાથમાં લઈ પંપાળવા માંડી. યશોદા હૃદયનો ભાર હળવો કરતી હોય એમ મન મૂકીને એના ખોળામાં રડવા લાગી.

*

'મને ખાતરી છે કે પ્રભા વાંધો નહિ લે.' એ પ્રસંગ વીત્યા પછી આઠમે દિવસે પ્રાણલાલ યશોદાને કહેતો હતો. પ્રભા આજે પોતાની દુખતી આંખમાં ટીપાં નખાવવા માટે દવાખાને ગઈ હતી.

'મને ખાતરી નથી થતી.' યશોદાએ જવાબ આપ્યો.

'તેં જોયું નહિ તે દિવસે કે તારા પ્રત્યે એને કેટલી મમતા છે?'

'આ નથી જાણ્યું ત્યાં સુધી જ એ મમતા છે એ જાણશે કે એના સુખમાં હું ભાગ પડાવવા '

'આમાં ભાગ જેવું નથી યશોદા! તું મારા હૃદયમાં નહોતી આવી ત્યારે હું પ્રભાને જેટલો ચાહતો હતો, તેટલો જ આજે ચાહું છું એના માટે હું પ્રાણ પણ પાથરી શકું '

'મારા માટે?' યશોદાએ પૂછ્યું

'તારા માટે પણ' મક્કમ સ્વરે પ્રાણલાલે જવાબ આપ્યો

'પ્રભા માગે કે યશોદાને તજી દો તો તજી શકો ખરા?'

'એ એવું ન માગે '

'માગે તો?'

'ન જ માગે'

'માગે જ ' યશોદા બોલી

'તું એવું માગે છે?' પ્રાણલાલે પૂછ્યું

'ના '

'કેમ?'

'કારણ કે મારે તો કંઈક લેવાનું છે, પ્રભાએ તો આપવાનું છે '

'એટલે?'

'તમે સમજો છો બધું '

'તો શું કરીશું?' પ્રાણલાલ ઢીલો પડીને બોલ્યો યશોદા પણ ઢીલી પડી ગઈ

સ્નેહ અને વેદનાથી ભરેલી આંખો લોકોથી છાની ન રહી સ્થૂળ રૂપે કશું બન્યું નહોતું છતાં આજુબાજુમાં યશોદા અને પ્રાણલાલની વાતો થવા લાગી લોકો પ્રભાની દયા ખાવા લાગ્યા બે ચાર દિવસ સુધી તો આ વાત આ ત્રણમાંથી કોઈના સાંભળવામાં ન આવી પણ એક દિવસ એક પાડોશી સ્ત્રીએ યશોદા ઉપર પ્રગટ રીતે કટાક્ષ કર્યો અને આ વાત પ્રભા તથા પ્રાણલાલ જાણી ગયાં પ્રાણલાલ લોકો સામે ઝૂઝવા માટે તૈયાર હતો છતાં થથરી ગયો પ્રભા તો વિચાર કરવા લાગી રાત્રે એણે પ્રાણલાલની સામે આરજૂભરી આંખે જોતાં જોતાં આ લોકવાયકાનો જવાબ માગ્યો પ્રાણલાલની જીભે ઝટપટ તો શબ્દો ન આવ્યા પણ એ હિંમત કરીને બોલ્યો

'એમાં કંઈક સાચું છે '

પ્રભા આઘી ખસી ગઈ એના માથે જાણે વીજળી પડી પ્રાણલાલ તુરત પાસે આવ્યો પ્રભાને એણે બાહુમાં લીધી પ્રભા એના ખોળામાં ઢળી પડી, અને એ જ વખતે કોઈએ બારણું ખખડાવ્યું

પ્રાણલાલ ઊભો થયો પ્રભા સરખી થઈને બેઠી બારણું ઉઘાડતાં એનો મિત્ર ત્રિલોચન દેખાયો પ્રાણલાલ સ્વસ્થ થઈને બોલ્યો

'અત્યારે! આટલો મોડો!'

'એક કામે આવ્યો છું ' ત્રિલોચને ઊભા ઊભા જ કહ્યું

'આવ, અંદર બેસીએ '

'ના તું જરી બહાર ચાલ '

પ્રાણલાલ ત્રિલોચનના મોં ઉપરની ગંભીરતા જોઈ તુરત તૈયાર થયો પ્રભાને એણે કહ્યું 'થોડી વારમાં જ આવું છું ' પ્રભા કંઈ બોલી નહિ.

રસ્તા ઉપર આવ્યા પછી ત્રિલોચન બોલ્યો

'એક ગંભીર વાત સાંભળી છે '

પ્રાણલાલ સમજી ગયો છતાં બોલ્યો 'શું?'

'તું યશોદા સાથે '

'વિચારું છું '

ત્રિલોચન ચાલતા ચાલતા થંભી ગયો એને પૂરી ખાતરી હતી કે સાંભળેલી વાત સો ટકા અસત્ય હશે

પછી પ્રભા?' એ બોલ્યો

'એને હું સમજાવી લઈશ એનામાં મને વિશ્વાસ છે '

'નહિ સમજે તો?'

'સમજશે જ '

'પણ ન સમજે તો?'

'તો? તો હું નથી જાણતો ' પ્રાણલાલ બેદરકારીથી બોલ્યો

'તું પાગલ બન્યો છે ' ત્રિલોચન સહેજ મોટા અવાજે બોલ્યો

'ત્રિલોચન!' પ્રાણલાલ ગંભીર સ્વરે બોલ્યો. 'આ મારો અંગત પ્રશ્ન છે. તું એમાં વચ્ચે ન આવ એવી મારી માગણી છે.'

'હું તારો મિત્ર નથી?'

'જો વચ્ચે આવવા જ માગતો હો તો નથી.'

ત્રિલોચન ફરી થંભી ગયો અને પ્રાણલાલની સામે જોતાં બોલ્યો: 'ત્યારે રજા લઉં?'

'ભલે' પ્રાણલાલે જવાબ આપ્યો અને બંને મિત્રો જુદા પડ્યા. પ્રાણલાલ પાંચેક ડગલાં ચાલ્યો ત્યાં ત્રિલોચને બૂમ મારી પૂછ્યું, 'હું પ્રભાને મળી શકું?'

'આજે નહિ, કાલે-પરમ દિવસે.' પ્રાણલાલે જવાબ આપ્યો ને ચાલવા માંડ્યું. ત્રિલોચન પણ ચાલતો થયો.

પ્રાણલાલ ઘેર આવ્યો ત્યારે પ્રભા બારણું આડું કરીને સૂતી હતી. આંખો મીંચેલી હતી એટલે એ ઊંઘે છે કે જાગે છે તે પ્રાણલાલ જાણી શક્યો નહિ. એક ક્ષણ એને એમ થયું કે પોતે પથારીમાં જઈને સૂઈ જાય, પણ બીજી ક્ષણે પ્રભાને સમજાવવાનો વિચાર આવ્યો અને એ એની પાસે જઈને બેઠો. પ્રભાએ આંખ ઉઘાડી એમાં આંસુ નહોતાં, માત્ર સ્તબ્ધતા હતી. પ્રાણલાલ કંઈ બોલ્યા વિના એના વાંસા ઉપર હાથ ફેરવવા લાગ્યો.

કંઈ પણ વાતો કર્યા વિના રાત પસાર થઈ ગઈ. સવારે સ્નાન વગેરેથી પરવાર્યા પછી પ્રાણલાલ પ્રભા સાથે વાત કરવા ઇચ્છતો હતો, પ્રભા ગંભીર મુખે ઘરનું કામ કરતી હતી.

'પ્રભા, અહીં આવ તો!' પ્રાણલાલે એને બોલાવી. પ્રભા ગઈ.

'એક વાત પૂછું?'

'પૂછો.'

'યશોદા માટે તને લાગણી નથી?'

પ્રભા ખસી ગઈ. એના હોઠ કંપવા લાગ્યા. પ્રાણલાલે એનો હાથ પકડ્યો.

'તું જવાબ તો આપ?'

પ્રભા કંઈ જ ન બોલી અને હાથ છોડાવી ત્યાંથી રસોડામાં ચાલી ગઈ.

*

'શું થયું?' કંઈ કામ શોધીને યશોદા બહાર ગઈ હતી. ઑફિસે જતાં પ્રાણલાલને એણે રસ્તામાં પૂછ્યું. સવારે એણે પ્રભાનું મોં જોઈ લીધું હતું.

'એ કંઈ બોલતી જ નથી.'

'એનો અર્થ જ એ કે એને દુઃખ થાય છે.'

'એમ ન કહેવાય. એ હજી આશ્ચર્યમાં જ છે.'

'તમને આશા છે કે તમે એને સમજાવી લેશો?'

'એ વિના આટલી વાત કરતો હોઈશ? તારી પોતાની શી સ્થિતિ છે?'

યશોદા નીચું જોઈને બોલી: 'ગુલાબનું ફૂલ ભૂલી ગયા?'

'આ નિશ્ચય કાયમ છે?'

'પ્રભાબેનને દુઃખી કરીને નહિ.'

'દુઃખ તો કદાચ થાય, બીજાં એને બહેકાવશે. પણ એ સંમતિ આપે તો?'

'તો હું તૈયાર છું. સંમતિ આપશે તો ધીમે ધીમે દુઃખ દૂર થઈ જશે.'

પ્રાણલાલના મોં ઉપર આનંદ છવાયો. પ્રભાનું કરુણાભર્યું મુખ જોયું છતાં એના ઉપર એને વિશ્વાસ હતો. પ્રભાએ એના ચરણે પોતાનું સર્વસ્વ ધરી દીધું હતું તે એ જાણતો હતો.

'એ તો બે દિવસનું જ કામ છે યશોદા!' પ્રાણલાલ ઉત્સાહથી બોલ્યો અને ઑફિસ તરફ ચાલતો થયો. યશોદા આંખમાં આશા ભરી ત્યાંથી પાછી વળી.

સાંજે પ્રાણલાલ ઘેર આવ્યો ત્યારે પ્રભા રસોઈ તૈયાર કરી એની રાહ જોઈને બેઠી હતી. પ્રાણલાલ હસતો હસતો ઓરડામાં દાખલ થયો, પણ પ્રભાની આંખો જોઈ એનું હાસ્ય શમી ગયું. આંખો રડી રડીને ઊપસી આવી હતી. પ્રાણલાલ ગંભીર બની ગયો.

કપડાં ઉતારી હાથ મોં ધોઈને એ પ્રભા પાસે આવ્યો. પ્રભા ઊઠીને રસોડા તરફ ચાલવા લાગી પ્રાણુલાલે એનો હાથ પકડયો.

'થોડી વાર પછી જમવા બેસશું.'

'ઠરી જશે.' પ્રભા આડું જોઈને બોલી.

'કંઈ વાંધો નહિ.' પ્રાણુલાલે હાથ ખેંચ્યો પ્રભા એની ખુરસી ઉપર ઢળી પડી, ઊપસી આવેલી આંખો ફરીને ભિંજાવા લાગી.

'તને એમ છે કે હું તને ભૂલી જઈશ?' પ્રાણુલાલ લાગણીભર્યા સ્વરે બોલ્યો. પ્રભાએ માત્ર સામે જ જોયું.

'યશોદા ઉપર તને પણ હેત નથી? એ ભલે ને તારી સાથે રહે'

પ્રભાને બોલવાની ઇચ્છા થઈ પણ બોલી શકી નહિ.

'તારા પ્રત્યે મારો પ્રેમ ઘટયો છે એવું ન માનતી.'

પ્રાણુલાલે ઉમેર્યું. પ્રભા તો યે શાંત જ રહી. પ્રાણુલાલ એના મૌનથી મૂંઝાવા લાગ્યો.

'યશોદા પણ કહે છે કે પ્રભાને મારે દુઃખી કરીને કંઈ નથી કરવુ.' પ્રાણુલાલ બોલ્યો પ્રભા અવિશ્વાસપૂર્વક જોઈ રહી.

'તને ખોટું લાગે છે?' પ્રાણુલાલ તુરત જ બોલી ઊઠયો.

'હું તને ખાતરી આપું છું કે તારી સંમતિ નહિ હોય તો કશું નહિ કરું.'

'ખરું કહો છો?' ધ્રૂજતા હોઠમાંથી એક વાકય નીકળ્યું.

'યશોદાએ અને મેં નિશ્ચય કર્યો છે.'

પ્રભાના મોં ઉપર કંઈક ચમક આવી ત્યાં પ્રાણુલાલ બોલ્યો.

'પણ અમારી સ્થિતિનો તું વિચાર કરજે. તારા જેટલી જ લાગણી મને એના પ્રત્યે છે અને એની લાગણી તથા સ્થિતિથી તું કયાં અજાણ છે?'

ઊપડેલું આકાશ ફરી ઘેરાઈ ગયું પ્રભા ગંભીર બની ગઈ. થોડી વાર મૌન છવાઈ ગયું.

'તું શું કહે છે પ્રભા! હા કે ના?' પ્રાણુલાલે દૃષ્ટિ સ્થિર કરીને પૂછયું.

'ત્રિલોચનભાઈને પૂછજો.'

'એ આજે આવ્યો હતો?'

'હા, હમણાં ફરીને આવશે.'

પ્રાણુલાલ નીચું જોઈ ગયો. પ્રભા ઊભી થઈ.

'ચાલો જમી લઈએ. પછી મારે મારા મામાને ત્યાં જવું છે. આજ બહુક બે ત્રણ વખત આવી ગયો.'

'ભલે' કહેતો પ્રાણુલાલ ઊઠયો અને બંનેએ ગંભીર મુખે જમી લીધું. પ્રભા એ પછી બહાર ગઈ. પ્રાણુલાલ એકલો બેઠો ઊંડા વિચારમાં ઊતરી ગયો. પ્રભાની સંમતિ નહિ જ મળે એમ એને લાગવા માંડયું. પ્રભા સંકુચિત છે, કંઈક સ્વાર્થી પણ છે એવું એને લાગ્યું. યશોદા એને ગરવી અને ત્યાગી લાગી પ્રભા દુઃખી થાય તો બધું છોડી દેવા એ તૈયાર છે એ વિચારથી પ્રાણુલાલને યશોદા માટે માન થયું. તુરત જ બીજો વિચાર આવ્યો: 'પ્રભાને એમ થતું હશે કે હું એને નથી ઇચ્છતો. કેવી ભ્રમણા છે! પ્રભાને હું પ્રાણથી વધુ ચાહું છું.' તુરત બીજો વિચાર શરૂ થયો: 'એને ડર હશે કે હું યશોદામાં રચ્યોપચ્યો રહીશ. એ કયાથી જાણે કે બંનેને હું મારી બને આંખોની પેઠે—બને જિવાડતાં ફેફસાંની પેઠે માનીશ' પ્રાણુલાલને લાગવા માંડયું કે 'જો પ્રભા પોતાનો ભય દૂર કરશે તો તુરત જાણી શકશે કે યશોદાના આવવાથી એના સુખમાં ઘટાડો નહિ થાય આ પગલાથી ત્રણેયને સુખ ઊપજશે.' એને આશા જણાવા લાગી કલ્પનામાં યશોદા અને પ્રભા સાથેનું જીવન દેખાવા લાગ્યું. એક સાથે ત્રણેય કલ્લોલતા હોય એવું સાફ સાફ પ્રત્યક્ષ થયું.

પ્રાણુલાલ આસમાનમાં રમતો હતો ત્યાં જ ત્રિલોચન અને મગનલાલ દાખલ થયા. મગનલાલ પ્રાણુલાલના એક વકીલ હતા. ત્રિલોચનને લાગતું હતું કે મગનલાલના શબ્દોનું વધુ વજન પડશે, પણ એવુ કશુ થયું નહિ પોતાની કલ્પનામાં રમતા પ્રાણુલાલે એમને વિદાય આપી દીધી.

પ્રભા રાતના બારેક વાગે ઘેર પાછી આવી

પ્રાણુલાલ ત્યાં સુધી એની રાહ જોતો બેઠો હતો. એને ખાતરી હતી કે પ્રભાના મામાએ આટલા માટે જ એને બોલાવી હશે.

'કેમ આટલું મોડું થયું પ્રભા!' પ્રભા આવી એટલે પ્રાણુલાલે પૂછ્યું.

'મામાએ રોકી રાખી.'

'શી વાતો કરી?'

'કંઇ નહિ.' પ્રભા ઊભી થઈને પથારી કરવા લાગી.

'તું જવાબ જ નહિ આપે તો કેમ કામ આવશે? યશોદાને મારે ક્યાં સુધી લટકાવી રાખવી?'

'હું ક્યાં ના પાડું છું?' પથારી કરતાં કરતાં જ પ્રભા બોલી. એનું મોં પ્રાણુલાલ જોઈ શક્યો નહિ.

'ખરું કહે છે?' પ્રાણુલાલ હર્ષાવેશમાં બોલ્યો. પ્રભા બીજું ગાદલું ઉપાડતી હતી તે ત્યાં જ બેસી ગઈ.

'શું થયું પ્રભા?' પ્રાણુલાલ સફાળો ઊઠ્યો. પ્રભા તુરત જ ઊભી થઈને ગાદલું ઉપાડવા લાગી. પ્રાણુલાલે ગાદલું એક કોર મૂકી એને નીચે બેસાડી, પોતે પણ બેઠો.

'તું રાજી છે?'

'હા.'

'તો આમ કેમ થાય છે?

પ્રભા નીચું જોઈ ગઈ એક ક્ષણના મૌન પછી આંસુ ખરવા લાગ્યાં.

'તને ત્રિલોચને ગમે તે કહ્યું હોય પ્રભા, પણ હું તને ભૂલીશ નહિ, તું સદા યે...'

પ્રભાએ પ્રાણુલાલના મોં ઉપર હાથ દાબ્યો. આંખમાંથી આંસુ ઝરતાં હતાં અને હોઠ ધ્રૂજતા હતા છતાં એ બોલીઃ

'ખોટું ન બોલશો.'

પ્રાણુલાલ ફાટી આંખે જોઈ રહ્યો.

'હું આવું?' બારણામાંથી અવાજ આવ્યો. યશોદા ત્યાં ઊભી હતી. પ્રાણુલાલને ધરતી ડોલતી હોય એવું લાગ્યું. પ્રભા આંખ લૂછીને સ્વસ્થ થઈ. યશોદા ધીમે પગલે અંદર આવીને પાસે બેઠી. પ્રભા એની સામે જોવા ગઈ પણ બેબાકળી બની હોય એમ તુરત જ એની આંખ મિચાઈ ગઈ. યશોદા ઊભી થઈને ચાલવા લાગી. પ્રાણુલાલે બેઠાં બેઠાં બૂમ મારી'

'યશોદા!'

યશોદા ઊભી ન રહી. પ્રાણુલાલ ઊભો થવા ગયો, પણ પ્રભાનો હાથ ઊંચો થતાં જ એ પડી ગયો. પ્રભા બોલીઃ

'તો મને જવા દો.'

'કેમ, કેમ?' અવાજમાં વિહ્વળતા આવી ગઇ.

'એથી નહિ રહેવાય.'

'કોણે કહ્યું?'

'કોઈએ નહિ. યશોદા સુખી નહિ થાય, હું પણ નહિ થાઉં, તમે પણ નહિ થાવ.'

'તું ભૂલે છે પ્રભા!'

'નથી ભૂલતી અમે બને સુકાઈ જઈશું અને તમે ખેંચાઈને તૂટી જશો...'

'યશોદા...'

'એને પૂછી આવો.'

પ્રાણુલાલ તુરત ઊભો થયો. યશોદા બહાર જ ઊભી હતી- કદાચ બધું સાંભળતી હતી. પ્રાણુલાલને જોતાં જ બોલીઃ

'ત્યાં જ રહો.'

'તું શું બોલે છે?'

'પ્રભાની વાત સાચી છે. કોઇને સંતોષ નહિ મળે.'

'પણ...પણ તું......'

'કંઈ નહિ. મને ખાતરી થઇ ગઈ. મને અડશો ત્યારે પ્રભા કરમાઈ જશે ને એનો સ્પર્શ કરશો ત્યારે હું ખરી પડીશ.'

'ત્યારે...ત્યારે કરવું શું?'

'કંઈ નહિ, પ્રભાના ખોળામાં માથું મૂકી...'

પ્રાણુલાલ લથડતે પગે પાછો વળ્યો. પ્રભા ઊભી થઇને નજીક આવી હતી, પ્રાણુલાલને એણે પકડી લીધો. યશોદાએ જોયું ન જોયું ને એ ચાલતી થઈ. પ્રભાની ઊપસી ગયેલી આંખોમાંથી પ્રેમ અને કરુણાનું અમૃત ઝરવા લાગ્યું. પ્રાણુલાલ એમાં ભિંજાતો નીચે નમી ગયો.

પાપાત્માઓ

અનુવાદક : શ્રી ભોગીલાલ ગાંધી

સીન ઓ'ફાઓલેઇન (Sein O Faolain)

નવા આઇરિશ લેખકોમાં આ મહાશયનું નામ જાણીતું છે એમણે નવલકથાઓ ઉપરાંત જીવનચરિત્રો પણ લખ્યાં છે, અને ટૂંકી વાર્તાના લેખક તરીકે સારી એવી ખ્યાતિ જમાવી છે 'ધ પર્સ ઑફ કૉપર્સ' નામના તેના વાર્તાસંગ્રહમાંથી 'The Sinners' નામની વાર્તાનો અનુવાદ અહીં રજૂ કર્યો છે સચોટ માનસપૃથક્કરણ તથા વાસ્તવ જીવન-વહનનું આલેખન, આ લેખકની વિશેષતાઓ ગણી શકાય — અનુવાદક

પાદરીબુવા પોતા માટે રાહ જોતા બે ભક્તો તરફ આછી નજર કરતા ખંડમાં દાખલ થયા અને અંદરની બારીમાંથી નજર કરી તો બીજા 'પાપમુક્તિ' માટે રાહ જોતા ભક્તોની બે લાંબી હાર સામા વરંડામાં ખડકાયેલી હતી અલબત્ત, અત્યારે તો એ દરેકના હાથમાં પ્રાર્થનાપોથી હતી અને ફાધર ડીલે એ સૌને ઉપદેશ આપી રહ્યા હતા ગણતરી પ્રમાણે, ફાધર ડીલે દર ભક્ત પાછળ દસ મિનિટ લેતા હતા એ જોતાં તો, આ બધા ભક્તોને પહોંચી વળતાં મધરાત પડે એવો સંભવ હતો

'આ તો ભારે હેરાનગતી છે' પાદરીબુવા બબડયા અને તેમણે બારી ઉપર પડદો પાડી દીધો

થોડી વારે તેઓ શાંત રહ્યા અને પછી અસ્વસ્થતા દૂર કરવા ખાતર પ્રાર્થના કરવા લાગ્યા ક્રોધશમનની આ પ્રાર્થના તેમને વારંવાર બોલવી પડતી એમને યાદ આવ્યું કે બહાર એક નોકરડી બેઠી હતી, જેને પોતે ગયા શનિવારની રાતે 'પાપમુક્તિ'ની ક્રિયા પતાવ્યા વિના જ પાછી કાઢી હતી, કેમકે પાંચ પાંચ વરસ થયાં, એક તો, તે 'પાપમુક્તિ' માટે આવી ન હતી, એટલું જ નહિ પણ, એને માટે એ દિલગીર હોય એમ પણ લાગ્યું ન હતું. તેમણે હાથ ઊંચો કર્યો ને પાછો નીચે નાખી દીધો વધારામાં મુશ્કેલી તો એ હતી કે હજી થોડી જ વાર પહેલાં એ નોકરડીની શેઠાણીએ એમને કહ્યું હતું કે તેના સામાનમાં સારાં નવાં બૂટની જોડ ઘરમાંથી જ ચોરાઈ હતી એટલે એ વાત જાણ્યા છતાં ન જાણી ગણવી પણ અશક્ય હતી 'શું કામ લોકો પોતાનાં પાપો પોતે જ આવી આવીને મને કહી નથી જતા? શું મારે લોકોનાં પાપો જાણવાની ગરજ છે? પાપસ્વીકાર લોકો મારી આગળ કરે છે કે ભગવાન આગળ? શું ખરેખર ...' અને વિચારમાં ને વિચારમાં તેમણે માથું નીચું ઢાળ્યું—જેમ જાણે આ અકળામણની પણ તેમને શરમ આવતી હતી અને તેમણે ફરી પ્રાર્થનાનું રટણ કર્યું

અને પછી તેમણે બારી ખોલી નોકરબાઈ બારીની બહારના બાંકડા ઉપર બેઠી ક્ષણે ક્ષણે તે તેની હથેળીઓ ઉચાટવાસ કર્યા કરતી હતી-જેમ જાણે હથેળીઓમાંથી ઊડી જવા મથતું હિંમતરૂપી પંખી તે જેમતેમ કરી પકડી રાખવા મથતી ન હોય!

'રંક પ્રાણી!' પાદરીએ શરૂ કર્યું— જાણે પોતે કશું જ જાણતા ન હોય એ રીતે, કેવળ ધર્મયુક્ત ભાવે, નમ્રપણે તેમણે પૂછ્યું 'બોલ, છેલ્લી વાર પાપસ્વીકાર કર્યાને કેટલો સમય થયો?'

'ઘણો બધો વખત થયો, પિતાજી!' તે બબડી.

'ઘણો એટલે કેટલો?' ઉત્તેજન આપતા હોય એમ તેમણે પૂછ્યું 'વરસેક થયું?'

'હા, પિતાજી.'

'કેટલો સમય થયો? નગાખર કહે, રંક બાળક, કહે તો મને, એ'ક વરસ થયાં?'

'એથી વધારે હશે, પિતાજી.'

'ત્રણ વરસ?'

'એથીય વધારે પિતાજી.'

'તો કહે ને – કેટલાં? તારે પોતે કહેવું જોઈએ, તું તો જાણે છે.'

અનિચ્છા છતાં પાદરીના કંઠમાં જરાક ચીડ વ્યક્ત થઈ. 'ગુરુજી'ના બદલે વપરાતો 'પિતાજી' શબ્દ તેમને અકળાવતો હતો. પેલી બાઈ પણ આ અકળામણ પારખી ગઈ, અલબત્ત એને એના કારણની કશી જાણ ન હતી, એટલે એ ઉતાવળે બોલી ઊઠી: 'હા, હા, પિતાજી, એટલાં જ, એટલાં જ વરસો.'

'કેટલાં પણ?' જરા ઊંચે અવાજે પાદરીએ પૂછ્યું.

'ત્રણથી વધારે, પિતાજી!' તેણે ચોઢે આવ્યું તે બોલી નાખ્યું.

પાદરીને એકવાર તો થયું કે આ કહે છે એટલું સ્વીકારી આગળ ચલાવું, પણ તેમનો આત્મા ડંખતો હતો.

'વહાલા બાળક! બોલ, ત્રણ વરસથી કેટલું વધારે?'

'એ જ...લગભગ...એટલું જ પિતાજી...'

પાદરીને લાગ્યું તો ખરું જ કે હમણાં કંઈક જૂઠું બોલી નાખશે.

'મારા વહાલા બાળક! ત્રણ વરસથી કેટલો વધારે વખત થયો, એ હું પૂછું છું. ચાર વરસ થયાં? અને કહું છું મને 'ગુરુજી' જ કહે તો!'

પેલી બાઈનો શ્વાસ જોરથી ચાલવા લાગ્યો.

'એથી વધારે...પિતાજી—અરે, ગુરુજી, પિતાજી!'

'ઠીક ઠીક, તો કેટલો? તારે બદલે હું તો કંઈ પાપસ્વીકાર નથી કરી શકવાનો? તારે જ કહેવું જોઈએ ને?'

'થોડો વધારે, પિતાજી.'

'પણ કેટલો?' પાદરીબુવા બરાડી ઊઠ્યા.

'બે મહિના.' બાઈ જૂઠું બોલી. અને એના હાથ આછા અંધકારમાંય સફેદ દેખાયા.

પાદરીને એવી ઇચ્છા તો થઈ આવી કે એ બધું ખુલ્લું પાડી દે અને કહી દે કે 'હું બધું બરાબર જાણું છું, તું કોણ છે અને કેટલા વખતથી પાપમુક્તિ નથી પામી.' પણ એને બદલે એમનાથી બોલાયું માત્ર આટલું જ:

'મને વહેમ છે કે તું અસત્ય વદી રહી છે.'

'ઓહ! ભગવાન! પિતાજી! સોગન ખાઈને કહું છું...'

'પાદરીએ તકિયા ઉપર હાથ પછાડ્યો: 'સત્ય સિવાય તું બીજું કશું મારી આગળ બોલે એનો કંઈ અર્થ નથી. ભગવાનની ખાતર, મારા રંક બાળક.' અને સંયમપૂર્વક તેમણે પૂરું કર્યું: 'કદાચ પાંચ વરસ પણ થયાં હોય?'

'જી, પાંચ વરસ' બાઈએ એટલે ધીમે સૂરે કબૂલ્યું કે પાદરીએ ભાગ્યે જ સાંભળ્યું હશે.

ગમે તેમ પણ, પાદરીએ સંતોષનો શ્વાસ લીધો અને કપાળ ઉપરના વાળ ઠીક કર્યા, અને પછી તેઓ બાઈના પાપ સાંભળવા માટે તેની વધુ ને વધુ નજીક નમ્યા – તેમના કાન બારીના સળિયાને સ્પર્શ્યા ત્યાં લગી!

'જો તેં વચમાં ઘણાં વરસો પાડ્યાં છે, પણ ભગવાનનો ઉપકાર માન કે આખરે તું આવી.' પાદરીએ ચેતવણી અને આશ્વાસનના મિશ્રિત સૂરે કહ્યું. 'પણ જો, હવે તારે તારાં બધે બધાં પાપ યાદ કરવાં પડશે. ચાલ, હું તને મદદ કરું, મારા રંક બાળક! ચાલ પહેલી 'આજ્ઞા'* લઈએ.'

પણ બાઈના શ્વાસોચ્છ્વાસની ધમણ જોરથી ઊપડી હતી એ જોઈ પાદરીને લાગ્યું કે તેમણે ભૂલ તો કરી જ છે. તેમને લાગ્યું કે આ બાઈ પાપની એવી તો લાંબી હારમાળા નિહાળી રહી છે કે હવે જરૂર તે પાપની સજા કમની કરવાને સારુ ઘણાં તો ગણાવવાં જ ઉડાવી દેશે.

---

* ઈશ્વરની દસ આજ્ઞાઓમાંની પહેલી

'કહું છું—' પાદરી પોતાની જ મૂરખામી ઉપર ચિડાતા બોલ્યા: 'આ તો એક રીત છે. એ રીતે તારે પાપસ્વીકાર કરવો છે!''

'હા, પિતાજી!'

'ભલે તો.'

'પહેલી આજ્ઞા...' અને તે બોલતી અટકી ગઈ તે ગૂંચવણમાં પડી હતી. એને પહેલી આજ્ઞા શી હતી એનું ય ભાન ન હતું!

'કહું છું તું કદી રવિવારની સમૂહપ્રાર્થના ચૂકી છે?' પાદરીએ તેને મદદ કરતાં કહ્યું, જો કે, તેમનાં ઢીંચણો અધીરાઈથી નાચી રહ્યાં હતાં.

'જી, કદી ય નહિ, કદી નહિ.'

'સારી વાત. કદી કોઈને ગાળ ભાંડી છે કે? અથવા ભગવાનનું નામ લઈ જુઠ્ઠા સોગન ખાધા છે?'

'છિ...છિ...છિ...' આ છોકરીને એ ખ્યાલ જ ભારે કંપાવનારો લાગ્યો.

'ઠીક, તારાં માબાપની આજ્ઞાની વિરુદ્ધ કદી વર્તી છો કે? અથવા એમને દૂભવ્યાં છે કે સામું બોલી છે?'

'મારે માબાપ જ નથી, પિતાજી. મિસીસ હીગ—મારાં શેઠાણી મને અનાથાશ્રમમાથી લઈ આવેલાં.'

'ઠીક તો......જૂઠું બોલવું! ક્રોધ કરવો! બોલ કદી જૂઠું બોલી છે કે ગુસ્સો કર્યો છે?'

'એવું તો મારાથી થયું હશે, પિતાજી થોડું થોડું જૂઠું તો અવારનવાર બોલી છુ.'

'ઓહો! આ પાંચ વરસમાં કેટલી વાર બોલી હોઈશ! સરેરાશ! કહું છુ, તને એવી ટેવ જ પડી ગઈ છે કે, શું?'

'ભગવાન જુએ છે, પિતાજી, બહુ વાર નથી બોલી, બીક લાગે છે ત્યારે જ બોલું છું.'

'ઠીક, અવારનવાર જૂઠું બોલે છે, એમ કહેવાય. હવે! હાં...છઠ્ઠી આજ્ઞા. પવિત્રતાનો ભંગ થાય તેવા વિચાર વાણી કે કર્મદ્વારા કદી પાપકર્મ કર્યું છે! અને પાપકર્મ વિષે ખરાબ વિચાર, સમજી ને?'

'ઓહ!' નોકરડીએ મોં પહોળું કરી શ્વાસ લીધો. અને એનો અવાજ જાડો બન્યો.

'હં...ચોરી?' પાદરીએ સૂચન કર્યું. અને તે કબૂલ કરે કે—હા, મેં મિસીસ હીગિન્સના જોડા ચોર્યા છે—એની તેઓ રાહ જોઈ રહ્યા.

'ના, પિતાજી, જિંદગીમાં એક ટાંકણી સુદ્ધાં કદી ચોરી નથી. હા, છેક નાનપણમાં એક સાધ્વીના બગીચામાંથી એક સક્કરજન ચોરેલું, તે સિવાય પણ એની તો મને એમણે જ પકડીને સજા કરી દીધેલી. અરે, છેલ્લો કટકો સુદ્ધાં મારા મોઢામાંથી કઢાવી નાખેલો!'

'ઠીક, પણ તેં કદી કશી પહેરવાની ચીજ ચોરી નથી!'' પાદરીએ ધમકાવતાં કહ્યું. અને તેમને તરત જ ખ્યાલ આવ્યો કે હવે બીજા ત્રણ, પણ જરા વિચિત્ર સવાલો—આજ્ઞાઓ બાકી હતી અને તેમણે ઉમેર્યું: 'કપડાં? હેટ! મોજાં? બૂટ!—કંઈ ચોર્યું છે કદી!'

'કદી નહિ, પિતાજી.'

થોડી વાર લગી બન્ને મૂંગાં રહ્યાં.

'બૂટ?' પાદરીએ કાનમાં પૂછ્યું

તરત જ છોકરીને ગળે ડૂમો ભરાયો ને તેણે ધ્રુસકા ભર્યાં.

'પિતાજી! મિસીસ હીગિન્સે મારે માટે જૂઠું બોલ્યું છે. એના ઉપર મને એવો તો તિરસ્કાર આવે છે, ખરે જ એને હું ધિક્કારું છું. મારી એક એક વાતમાં એવું તો માથું મારે છે ને ચૂંથાચૂંથ કરે છે...અરે એવી તો જાસૂસી કરે છે! પાંચ વરસની મને અનાથાશ્રમમાંથી ઉપાડી લાવી છે ત્યારથી કદી એક ઘડી ય બેસવા નથી દીધી અને એવાં જૂઠાં વચનો બોલે છે. સવારથી સાંજ લગી ખણખોદ કર્યા જ કરે છે એ ડાકણી તો...'

'એમ ના બોલાય, દીકરી! એમ ના બોલીએ.'

'મેં જોડા લીધા હતા. લીધા તો હતા, પણ કંઈ ચોર્યા ન હતા. મારી કને એક જોડ નથી અને એની પાસે ઢગલા પડ્યા છે. હું તો પાછા ય મૂકી દેવાની હતી.'

'બેટા ! લેવું એટલે જ ચોરવું.'

'પણ એને કરવા શું હતા ? પણ એ તો છે જ એવી. એની સગી દીકરી એની પાસેથી બે વરસ પહેલાં ભાગી ગઈ હતી અને એક અંગ્રેજને પરણી ગઈ હતી. એ બિચારીએ પોતે મને કહ્યું હતું કે, એનો એ ધણી એને કેવો સતાવે છે, ભૂખે મારે છે અને એની પાસે પૈસા ય નથી. પણ આ ડોકરી એક દમડી ય આપે એવી નથી.'

છોકરીએ ડૂસકાં ખાધાં. પાદરીએ જરા લાંબો શ્વાસ કાઢ્યો અને પોતાની છાતીને જરા હળવી કરી. છાપરામાં ભરાઈને વહેતા પવનનો સુસવાટો સંભળાતો હતો અને ફ્રાઘર ડીલે સામેની ભક્તજનોની હાર દેખાતી. એ સૌને જોઈ તેમણે ફરી શ્વાસ કાઢ્યો અને પોતાના મનમાં જ બોલ્યા : 'આ બધાનો શો અર્થ છે ? આ સૌ પોતાની જાતને છેતરી રહ્યાં છે ! આ સૌ એમ જ માને છે કે દુનિયામાં પોતા સિવાય સૌ પાપી છે. અથવા કદીક કબૂલે પણ છે, પશ્ચાત્તાપ પણ એમને થાય છે પણ ક્ષણ પૂરતો જ — દેવળમાં છે ત્યાં જ લગી ! પાછા બહર જાય છે અને ઈર્ષ્યા ગર્વથી ભરાઈ જાય છે, દિલમાં દયા લગીરે ટકતી નથી'

પાદરીજીના પાછા બારીના સળિયા ભણી નમ્યા.

'દીકરા ! દીકરા ! પાંચ પાંચ વરસથી તું પ્રભુથી દૂર રહી છો. જો તારું મૃત્યુ થયું હોત તો પાપના ભારથી લદાયેલો તારો આત્મા સદાને માટે નર્કનો યાત્રી બનત. પ્રભુના દરબારનો એ કાયદો છે કે દરેક માનવીએ ઓછામાં ઓછું દર વરસે એક વખત તો પાપસ્વીકાર કરી પાપમુક્તિ પામવી જ જોઈએ તું શું કામ એથી વંચિત રહી ? જો તો ખરી, એથી તારું ચિત્ત કેટલું બધું ભ્રષ્ટ થઈ ગયું છે કે, તું પાપ કરવા છતાં એ પાપ છે એટલું ય આજે સમજતી નથી ! બોલ, હજી ય કોઈ એવું પાપ છે જે કહી નાખતાં તને શરમ આવી હોય !'

'ના, પિતાજી !'

'આ પાંચ વરસમાં તારી ભલી શેઠાણી તને પાપમુક્તિ માટે દર મહિને મોકલતી હતી કે નહિ ?'

'જી...દર અઠવાડિયે શનિવારની રાતે મોકલતી; પણ ત્યારે તો દુકાનો બંધ થાય તે પહેલાં મારે કંઈનું કંઈ ખરીદવાનું રહેતું એટલે હું નહોતી આવતી. પછી છ મહિના પહેલાં મને ભાન આવ્યું. પણ પછી તો મને બીક લાગવા માંડી. અને એમ યે થતું કે મારે કહેવાનું ય શું છે તે જાઉં ?'

પાદરીએ ધીમે ધીમે તેમના હાથ હલાવ્યા અને ભારે કટાક્ષ સહિત બોલ્યા 'ઠીક...ઠીક...જીવનમાં કદી ય ગંભીર પાપકર્મ નથી કર્યું ?'

'પિતાજી, હું જૂઠું બોલી. પેલી સામ્બીના બગીચાના સરફજન...'

પાદરી એકદમ રોષપૂર્વક તેની ભણી વળ્યા — સત્ય ઓકાવવાનો એમનો સંકલ્પ અદ્ભુત હતો. આ નોકરબાઈની પાછળ તેમણે એક બીજી સન્નારીને ઊભેલી જોઈ — તે ય પાપમોચનાર્થે ક્યારની આવીને ઊભી હતી અને અધીરાઈપૂર્વક વચમાં વચમાં ખાંસી ખાતી હતી.

'વહાલા બાળક ! શું કામ જૂઠું બોલે છે ? જરૂર જરૂર આ પાંચ વર્ષમાં તેં અનેક પાપકર્મો કર્યાં જ હશે તારા આત્માની વંચના તું ના કર — બોલ જોઉં; ચાલ, પહેલાં તદ્દન સામાન્ય પાપકર્મની વાત કર કદી તેં......શું કહેવાય છે આપણે...... ચાલુ ભાષામાં કહીએ તો......કોઈ છોકરા સાથે...'

'હા, પિતાજી...એક વાર...'

'હવે બરાબર.' અને તેમણે તેમનું કપાળ, ભારે તાપ લાગ્યો હોય એમ, લૂછ્યું. અને કેમ જાણે કોઈક રાક્ષસી સામે ઝઝૂમતા હોય એવી રીતે તેઓ પેલી બાઈ ભણી ઝૂક્યા. 'તું એની સાથે...... આપણે... ..ફરતી હશે, નહિ ?'

'જી.' છોકરીએ જોરથી શ્વાસ લેતાં કહ્યું: 'પાછલી કૂળીમાં.'

'ઠીક, બીજું શું ..! કશો......કશો......શું કહેવાય આપણે !......કહું છું...કશો સંબંધ...'

'મને ખબર નથી, પિતાજી.'

'અયોગ્ય સંબંધ......કહું છું...એ તો તું સમજે છે ને?' પાદરી બરાડીને બોલ્યા.

આ સ્ત્રીનો શ્વાસ માતો ન હતો. ધમણની જેમ તે અંદર લેતી અને બહાર કાઢતી હતી તે કંઈ બોલી નહિ, માત્ર પાદરી સામે જોઈ જ રહી.

'રંક માનવી! દીકરી! તને દુનિયાનો બહુ અનુભવ હોય એમ નથી લાગતું. પણ સત્યની સંશોધના તો આપણે કરવી જ રહી — કહું છું — તે — કહું છું તમે બંનેએ સામાન્ય મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હતું કદી?'

'જી ના – નથી કર્યું, પિતાજી.'

પાદરીએ જોરથી શ્વાસ કાઢ્યો તેઓ લગભગ થાકી ગયા હતા. પણ શું થાય? અધવચથી છોડી યે કેમ દેવાય? અને તેમણે એવા તો જોરથી વાળને પીંખવા માંડ્યા કે એમનો ચહેરો બિહામણો બન્યો. તેમણે નાક ઉપરથી ચશ્માં ઉતાર્યાં અને લૂછ્યાં.

'તું સાદી ભાષા તો સમજે છે ને? ખરું ને? તો કહે, સર્વશક્તિમાન પ્રભુની આગળ કેવળ સત્ય કહી નાખ તે એને તારા શરીર સાથે કદી છૂટ લેવા દીધી હતી?'

'હા, પિતાજી, ના – એમ નહિ અમે શેરીમા હતાં ના, પિતાજી. એવું કંઈ અમે કર્યું નથી. ખાસ વધારે કંઈ નહિ, એમ.'

'પાંચ વરસ!' પાદરી આર્તકંઠે બોલ્યા. અને તેમણે સાથળ ઉપર મુક્કીઓ પછાડી 'અને કહે છે કંઈ કહેવાનું નથી! આ તે કેવા ખ્રિસ્તીઓ છે!' અને એમણે એક છેલ્લો – માત્ર એક વધુ પ્રયત્ન કરી લેવાનો નિર્ણય કર્યો. 'તેણે તારા શરીરને કદી સ્પર્શ કર્યો હતો?' એમણે ખુલ્લંખુલ્લા પૂછ્યું.

'ના, પિતાજી. કહું છું – ના, ના, પિતાજી.'

પાદરીબુવાએ જોયું કે બાઈ મહામહેનતે બોલી રહી હતી.

'વારુ, વારુ. વાત પૂરી કર એટલે હું તને

'પિતાજી!' તે ધીમું બોલી એની આંખોમાં કાળાશ હતી. 'એક વાર હું એની સાથે સૂતી હતી.'

પાદરી એના સામું જોઈ જ રહ્યા. તે ડઘાઈને પાછી પડી. તેમણે નમીને બીજી બાજુ દૂર દૃષ્ટિ કરીને પછી સ્મિત કરી ધીમે રહી મોં પહોળું કરી બગાસું ખાઈ પૂછ્યું.

'મારા બાળક! આજ લગી તને કોઈએ કહ્યું ન હતું કે તું મગજની જરા નબળી છે? અને લાગે છે નિશાળમાં તું બહુ પાછળ હઈશ, ખરું ને?'

'હું તો હમેશાં પહેલો નંબર રાખતી હતી, પિતાજી, અમારાં મહેતીજી તો મને શિક્ષિકા બનાવવા માગતાં હતાં.'

પાદરીએ ફરી બગાસું ખાધું અને પૂરેપૂરા થાકી ગયાનાં ચિહ્નો સહિત તેમણે હીંચણોને નચાવતાં, દાંતમાં ભારે દુખતું હોય તેમ બોલવા માંડ્યું 'એટલે શું તું એમ કહેવા માગે છે કે તારા ધણી સિવાયના બીજા પુરુષ સાથે સૂવામાં કંઈ પાપ નથી!'

'પિતાજી, તમે ઊંધું સમજ્યા. અમે કશું કર્યું નથી. એ રાતે વીજળી અને ગડગડાટ ન થયાં હોત ને મને બીક ન લાગી હોત તો એની ય જરૂર ન પડત મિસીસ હીગિન્સ એમનાં દીકરી સાથે બહારગામ ગયાં હતા ને ઘરમાં હું એકલી હતી વીજળીના કડાકા ખૂબ થવા માંડ્યા ને મને બહુ બીક લાગી મીકે—અમારો નોકર–કહે, આજે હું ઘેર નહિ જાઉં, અહીં રહીશ. ને એ રહ્યો, પણ રાતે અને બહુ બીક લાગવા માંડી પથારીમાં પડી પડી હું ધ્રૂજવા માંડી મીકે કહે, 'બહુ બીક લાગે છે! આવું?' મે કહ્યું, 'આવ. પણ બીજું કશું નહિ.' અને ખરું કહું છું, પિતાજી, એણે કશું કર્યું નહિ'

આટલું બોલી તે પાદરી સામે જોઈ રહી પાદરી–બુવા એમના માથા ઉપર મુક્કીઓ મારી રહ્યા હતા અને માથું હલાવતા મોઢે ફીણ આવતું હોય એમ કરી રહ્યા હતા—જેમ જાણે આખી દુનિયા ગાંડી ન બની ગઈ હોય એમ એમને લાગતું હતું.

'કશો દોષ નથી કર્યો, પિતાજી' તેણે ફાંફાં માર્યા, કેમકે તે જોઈ શકી હતી કે પાદરી માનવા તૈયાર ન હતા

'એક જ વાર ખરું ને?' પાદરીએ ટૂંકો પ્રશ્ન કર્યો

'જી, પિતાજી'

'એને માટે પશ્ચાત્તાપ તો થાય છે ને?'

'એ પાપ હતું પિતાજી?'

'હતું જ તો' પાદરીએ ગર્જના કરી 'લોકોને ગમે તેમ શી રીતે વર્તવા દેવાય?—અને આવું? આ તો પાપકર્મનો ગંભીર પ્રસંગ ગણાય એમાંથી તો કંઈનું કંઈ બને બોલ, દિલગીરી થાય છે ને?' અને તેમને થયું કે હવે તો પતે તો સારું

'હું દિલગીર છું, પિતાજી'

'બોલ, બીજું એવું આગલું પાપ બોલી નાખ'

'બગીચામાંનું સફરજન પિતાજી'

અને પછી પાદરીએ તેની પાસે પ્રાયશ્ચિત્તના શ્લોક બોલાવી ઘરની ક્રિયા પતાવી, ત્યારે તેઓ થાકીને લોથ થઈ ગયા હતા તેમણે બીજી બારી ઉપરનો પડદો ખસેડ્યો. પહેલાં જૂઈની સુંદર ખુશબો અને પછી તરત જ લેડી નોલનનું મોં તરવરી ઊઠ્યું પાદરી એકદમ હાથ ઊંચા કરી હવામાં જોરથી હલાવી બોલ્યા 'માફ કરો, એક મિનિટ માફ કરો મારાથી હમણાં નહિ બને બિલકુલ મિથ્યા તદ્દન અશક્ય'

અને ફરી ચશ્મા ઉતારી સાફ કરી પાછા ચઢાવી લેડી નોલનવાળો પડદો ખસેડતા બોલ્યા, 'બિલકુલ અશક્ય છે તમે એ નહિ સમજો ગુડ નાઈટ' અને એમ બોલી તેઓ આછા અંધારિયા વરંડામાં ધસી ગયા ત્યાં બે જુવાનોને અંધારે અંધારે ગુસપુસ કરતા જોઈ તેમણે તેમનાં માથાં સામસામાં અફડાવ્યાં અને પોતાથી બીને ભાગી જતા એ જુવાનોને જોઈ તેમને પોતાની જાત ઉપર પણ ઘૃણા છૂટી અને હાથ નચાવતા તેઓ આગળ ચાલ્યા રસ્તામાં બે વૃદ્ધ બાઈઓ પૂજા કરતી હતી તેમને જોઈ તે ઘૂરક્યા 'ઓહ!' અને પાછા આગળ ચાલ્યા

ફાધર ડીલેના સ્થાન આગળ ભક્તજનોની બે હારો બેઠેલી હતી એક બાજુ ચૌદ ને બીજીએ બાર! પોતાની સોનાની ઘડિયાળમાં જોયું તો સવા આઠ તો થઈ ગયા હતા અને આ સૌને 'પાપમુક્તિ' આપવાની બાકી હતી

પાદરી પાછા વચના હોલમાં ગયા અને તેમણે પડદો ખસેડી નાખ્યો ત્યાં આછા અંધારામાં ઈટાલિયન સાધુનો ચહેરો દેખાયો પાદરી તેના ભણી જોઈ સુસવાટા મારતા બોલ્યા 'ફાધર ડીલે! આમ નહિ ચાલે હું ચોક્કસ કહું છું આ તો અશક્ય છે સવા આઠ તો થયા છે ને હજી છવ્વીસ જણ બાકી છે! અને એ બધા પાછાં તમને કેવળ છેતરે જ છે એમને શું? એ તો ગમે તેમ બકવા કરે છે હું બધું સમજું છું, ઘરડો થયો છું મને બધી સમજ છે આ સતત ધમધમતો ઘંટ, આ ઇલેક્ટ્રિક, આ ગૅસ બધાનો ખ્યાલ કરો આખા દેવળનો વિચાર કરો' અને એમ ને એમ એ મોં ચઢાવી ગયા

બનો સમય તેમણે મધુર હાસ્ય અને નમ્ર સ્વર કાઢવાનો પ્રયત્ન કર્યો કર્યો પણ ડીલેનો ચહેરો ચમકતો દેખાયો ખુદ પાદરીના ચહેરા ઉપરે દર્દ જોઈ તે પણ વ્યથિત બન્યો

'ફાધર ડીલે હું જાણું છું તમે જુવાન છો, હજી તમે જુવાન છો' પાદરીએ ડીલે કંઈ બોલે તે પહેલાં જ પોતાનો વિરોધ રજૂ કરી દીધો

'હું કંઈ નાનો નથી મારી ફરજ હું જાણું છું' ફૂંફાડો મારતો હોય એમ ડીલે બોલ્યો 'આ તો આત્માનો સવાલ છે, તમે ઇચ્છશો તો હું અંધારામાં બેસીશ જો તમને'

'ભલે ભલે ભલે' પાદરીએ હાથ ઊંચો કરી પુકાર્યું એમના ચહેરા ઉપર ભયંકર સ્મિત હતું 'આપણે સૌ આમની આગળ તો ઘરડા છીએ આપણો અનુભવ કશી વિસાતમાં નથી.'

ડીલેએ પોતાની બન્ને મૂઠીઓ છાતી ઉપર મૂકી કહેવા માંડયું 'હું નિગરકૂનમાં હતો ત્યારે '

'બસ બસ, બહુ થયું—આત્મકથાનું પાનું બંધ જ રાખો!' પાદરીએ સ્મિતથી તરડાતા ચહેરે કહ્યું

થોડી વારે પાદરીએ ડીલેને શાંત પાડવાનો પ્રયત્ન કરી જોયો પણ તેમણે જોયું કે પોતે ચાલ્યા ન જાય ત્યાં લગી એ શક્ય ન હતું અને એથી એક નિસાસો નાખી તેઓ ચાલ્યા ગયા થોડાંક પગલાં ભર્યા પછી તેમને લાગ્યું કે સવાર થતાં જરૂર બહાર નીકળી જશે—કૂતરું તેની બોખમાંથી સવાર થતાં નીકળે છે તેમ અને તરત જ હાથમાં એક સોટી લઈ તેઓ ફરવા નીકળી પડયા

આછી ભીનાશવાળી એ પૂર્ણિમાની મુલાયમ રાત્રી હતી અને નગરનાં છાપરાં—જેમ જાણે બરફથી ઢંકાયેલાં ન હોય તેવાં—જોઈ તેમને જરા સાંત્વન મળ્યું તે કંઈક ગણગણ્યા અને આખી દુનિયાની સાથે તેમણે પણ શાંતિ અનુભવી શહેરના ટાવરની ઘડિયાળ પણ આજે તો જાણે ઉલ્લાસમાં દેખાતી હતી—આછા અને રૂપેરી પડઘા અવારનવાર પાડતી હતી

એવામાં તેમને કાને એક સિમેંટવાળા મકાનની બારીએથી આવતો અવાજ પડયો નજર કરતાં જોયું તો મિસીસ હીગિન્સનું જ મકાન હતું તેણે રાતનો સફેદ ડ્રેસ પહેરેલો હતો

'તું જમરી બાઈ!' ધરણી ધ્રુજાવતી તે ગર્જતી હતી 'જમરી વાનો જોડી મારનારી છે! ઊભી રહે કાલે હું પાદરીજીને મળું પછી તારી વાત. 'પાપસ્વીકાર' માટે ગયાં'તાં, એમ? મારે આપ્ટીજીને ય મળું, પછી જો તારી વલે '

પાદરીએ જોયું તો એક છોકરીની આકૃતિ બારણા ભણી ધ્રૂજતી સરકી રહી હતી

'મિસીસ હીગિન્સ!' એ આકૃતિ દીન સ્વરે બોલી રહી હતી 'ખરું કહું છું—સમ ખાઈને કહું છું—પાદરીજીએ બહુ પૂછપરછ કરી ને હું મોડે આવું એવું બોલી પછી પાછું ફાધર ડીને પાસે ય જવું પડયું એમણે મને, કર્ નહિ તો અગ્યાર ક્લાક બેસાડી ઓહ! મિસીસ હીગિન્સ, બીજે ક્યાંય નથી ગઈ, સાચેસાચું કહું છું '

'આહા! ભારે બનાવટવાળી—કાલ સવાર સુધી રાહ જો—' શેઠાણી તાડૂકી રહી હતી

પાદરીને લાગ્યું કે એ જ ક્ષણે પેટમાંનો લોચો બહાર કૂદી પડશે આંતરડાં તો જાણે ગળા સુધી આવી લાગ્યાં હતાં માથે મુક્કીઓ મારતા અને મોંઢેથી ચીસ ઉગાડતા તેઓ આગળ ચાલી નીકળ્યા,

'ઓ પ્રભુ! દયા કર ઓ મારા દેવ! દયા કર.'

અને તેઓ અંધારી ગલી વટાવી આગળ ચાલી નીકળ્યા

●

કાલતરંગ

ઇમારત પરે ઇમારત ચણી અમર્ત્યો તણી,
તિમિર ભીતડે દઇ પ્રમત્ત ઓપ ધાવલ્યનો
રચેલ યશમંદિરો જગત આ પ્રશંસે ભલે,
ન કાલ-ઉદધિ-તરંગ તણી ઝીંક એ ઝીલશે

- જટિલ

હોળી

રેખાચિત્ર……………[ચરોતરની અને બીજી]……………સાંદીપનિ

એને વિષે લખવાના વિચારમાં ને વિચારમાં એક દિવસ ઊંઘ આવી ગઈ, અને હું નાટક ભાગ્યે જ જોઉં છું તો ય કોણ જાણે કેમ એવું સ્વપ્નું આવ્યું કે જાણે આપણી પર્વ-સૃષ્ટિની સૌ સુન્દરીઓને એક નાટક ભજવવાનું મન થયું. ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, ભાઈબીજ અને દેવદિવાળી: ઉત્તરાયણ, વસંતપંચમી, શિવરાત્રિ, હોળી, રામનવમી અને અક્ષયતૃતીયા; તેમ જ રથયાત્રા, દેવશયની, શીતળા સપ્તમી, જન્માષ્ટમી, ધરોઆઠમ અને વિજયાદશમી વગેરે વગેરે સાહેલીઓનો સંઘ – હજી ય બાકી રહી જતી કેટલીક પરિચારિકાઓ સાથે – પૃથ્વીના એક પ્રમદવનમાં ઉપસ્થિત થયો. સત્યયુગ અને ત્રેતા તેમ જ દ્વાપર અને કલિ એમ ચતુર્યુગના નારીત્વનો સમન્વય સાધી બતાવતું એક નાટક ભજવવાની યોજના છેવટે ય પાસ તો થઈ ગઈ. જગતભરના વિદેહી અને વિદ્યમાન નાટ્યાચાર્યોની ક્ષમા ચાહીને – નછૂટકે, ન ચાલે – શરમ સભર સંકોચે, મધપૂડાના નર જેવા દિવાસામાસાએ ડાયરેક્ટર પદ સ્વીકાર્યું; અને આ અભૂતપૂર્વ આવિષ્કારની સજાવટ અર્થે પાત્રવહેંચણીનાં પગરણ મંડાઈ ગયાં.

ધનતેરસને લક્ષ્મીજીનો, જન્માષ્ટમીને યશોદાનો, રામનવમીને કૌશલ્યાનો અને શિવરાત્રિને પાર્વતીનો પાઠ મળ્યો એ સૌને ગમ્યું. વસંતપંચમીને શકુન્તલાની ભૂમિકા સોંપાઈ ત્યારે ય કોઈના પેટમાં ખાસ તો કંઈ બળ્યું નહિ, પણ ઉત્તરાયણને જરા ઓછું આવ્યું ખરું; એવામાં મેનકાનો પાઠ એના જ ભાગમાં આવતાં સૌના ચિદાકાશમાં સાનંદાશ્ચર્યનાં ઇન્દ્રધનુ આલેખાઈ ગયાં, આનંદના આવેશમાં એનાથી જરા ઊડી જવાયું. અંતરીક્ષમાં જ તેણે એક નૃત્ય કરી લીધું; અને નીચે આવીને વસંતપંચમીને ભેટી પડી ત્યારે જ તેને કળ વળી. અપરંપાર રંગવૈભવને સુકુમાર શીલપ્રભાએ સોહાવતી દિવાળીને જ્યારે રાજરાણી સીતાની ભૂમિકા મળી ત્યારે પોતાની એ યથાર્થતામાં મહારાણીને સૌનાં નેત્રો વંદના અર્પી રહ્યાં. સંઘર્ષણ જ નાટકનું ચાલક તત્ત્વ એ દૃષ્ટિબિન્દુ પર ભાર મૂકતાં પ્રતિનાયકનું માન અને મહત્ત્વ સિદ્ધ કરી શૂર્પણખાની ભૂમિકા માટે જ્યારે કાળી ચૌદશને મનાવી લેવાઈ ત્યારે તો દિવાસામાસાની વ્યવહારુ બુદ્ધિમત્તા માટે વેળાકવેળાએ બંધાઈ ગયેલા પૂર્વગ્રહ વિખેરાઈ ગયા અને પહેલી જ વાર આ માનુનીઓને માસા તરફ માન ઊપજ્યું. પણ શિરોહીની સજેલી તરવાર જેવી ચિતોડી વીરાંગના પદ્મિનીનો પાઠ લેવા વિજયાદશમીને વિનવાઈ એટલે તો ઔચિત્ય જ કલાનો પ્રાણ છે એ સૂત્રના સ્મરણ સાથે સભાના અધર ફરકી રહ્યા; અને ભાઈબીજ જેવી શરમાળ બાળાનાં ભૂમિજડિત નેત્રો ક્ષણાર્ધ માટે જાણેઅજાણે માસા તરફ ફરફરકું મારી ગયાં હવે બાકીનું કામ બીજા દિવસ પર રહ્યું ને ડાયરેક્ટર સાહેબ ઊઠ્યા. છેડે આવી પહોંચેલી સિગારને એક છેલ્લો ફૂંક મારી લઈને તેમણે વિસર્જિત કરી અને ખુરસી છોડતાં છોડતાં દ્રૌપદી અને રાધાની ભૂમિકાનો ભાર હોળીને માથે નાખતા ગયા. વિસ્ફારિત નેત્રે સૌ એમની દમામદાર ચાલ નીરખી રહ્યાં. સૌને એમ થયું કે ખીરરોટલી ખાઈને પડી રહેનાર આ પ્રમાદિત બુદ્ધમાં આજ આટલી સ્ફૂર્તિ ક્યાંથી?

આપણે તો બનાવવા બેસાડ્યા હતા ને આ તો બનાવીને ગયા! ભાઈબીજ જેવી ભાવનાવશ અને વસંતપંચમી જેવી ફૂલસુંદર મુગ્ધાઓ કે રથયાત્રા જેવી ભાગુડિયા કીકીઓવાળી રસિકાઓ તો શું, પણ દેવશયની જેવી તાપસી પણ એ મધપૂડાના સહિયારા નર માટેના એકાદ આગના ઉમળકામાંથી બચી શકી

નહિ સૌ હોળીને ધન્યવાદ આપી રહ્યા વાહ! એને તો કમન ભૂમિકા! અને તેય પાછી કેવી! એકમેકના હૃદય વચ્ચે આસમાન જમીનનું અંતર! એક રૂપિયાનાં બે પાસા જેવું–અર્ધનારીશ્વર જેવું–પૃથ્વીપટે સામસામી તોળાઈ રહેતો દિવસ અને રાત્રિની શોભાઓ જેવું મહાભારતની નાયિકા, દુઃશાસનો પર શાસન કરનારી શક્તિની સાધના અર્થે પૃથ્વીના પાણ્ડવોને સતત પ્રેરી રહેનાર અજરમાન દ્રૌપદી ક્યાં, અને ભાગવત દશમસ્કન્ધ કે ગીતગોવિંદની રંગભીની રાધા ક્યાં કુંજગલનના રાધાગોરી ક્યાં!

સાચે જ કાવ્યમય થતી જતી આ ચર્ચાને હું પુષ્પહારમાં માણી શક્યો હોત, જો પોળના છોકરાઓએ મારી રૂમના બારણાં ઠોકઠોક કરીને મને જગાડ્યો ન હોત તો આંખો ચોળતો હું ઊઠ્યો ને બારણું ઉઘાડ્યું તો છોકરાઓની એક સુસજ્જ ટુકડી ખડી હતી પાતાળમાં પેસું તો પાછળ આવે ગગનમાં વિચરું તો ઊડતો પકડે ને અંધારામાં અલોપ થાઉં તો દિવ્યચક્ષુ મેળવીનેય શોધી કાઢે પણ મને છોડે તો નહિ જ–એવી આતુર મક્કમતા સાથે આ શૂરાઓ મારે બારણે થભ્યા હતા

મે જરા આળસ ખાઈ લીધી બગાસું પૂરું કર્યું અને પ્રત્યેક પળે ગુજરાતી ભાષાનું પ્રયત્નતત્ત્વ સિદ્ધ કરતા જતા જરા મિજાજી સ્મિતમાં જ પૂછ્યું

'શું છે અલ્યા! આ બધું આજે?'

'હોળી વળી શું છે તે!'

'એટલે?'

'તમારા ભાગના લાકડાં આપી દો, બીજું તો પછીથી'

'આ રહ્યું ઘર, જુઓ, હોય તો લઈ જાવ

અધીરે થોડીને થનગનતા આ કેસરભીનાઓ આગળ ધપે તે પહેલાં તો નીચેના ઓરડામાંથી અમારા ઘરધણીના ગ્રેજ્યુએટ ઘરવાળાનો અવાજ આવ્યો

'પ્રવીણભાઈ!'

'કેમ?'

'એ પ્રાચીન રહેવા દો, અને લાકડાં નથી તો રીતસર અઢી આના આપી દો'

સવારે ચાનામાંથી આવતા ચાર આની આપીને હોળીનો પૈસો ચૂકવતા પંદર પૈસા પાછા આવ્યા હતા તેમાંથી રીતસર રોકડા પૈસા દસ અંકે ૧૦) આપીને મે છુટકારાનો દમ ખેંચ્યો બપોરે ઊભી સડકે ભરબજારમાં મો ભરીને ફાટફાટ જોબનના ફાગ ગાતી જુવાન મારવાડણોને જોઈ હતી ત્યારે મારી સાઈકલ આપોઆપ ધીમી પડી હતી હોળીનું રાધામય સ્વરૂપ સ્મરણે ચડ્યું હતું રસના ને રંગના ચટકા નહિ કૂડા રેલાતા હતાં

પાપના ગણો કે પુણ્યના પણ એમાંથી થોડાક છાંટા મારા વસ્ત્રોને ઊડ્યા હતા, તે ધોબીને આપી આવ્યો ને વિચારવા લાગ્યો કે બપોરે તો ફીસ્ટ હોવાથી શિખંડપૂરી આવી ગયા છે, સાંજે કંઈ આવવાનું નથી તો હવે કંઈ હોટેલમાં જઈને પેટની હોળી ઠારવી? એટલામાં એક છોકરાએ બારણું ઉઘાડ્યું ને હાથ લંબાવતા કહ્યું

'લ્યો પરસાદ, હોળી ફરવા તો નહિ જ આવ્યા ને!'

'તું જઈશ હવે' હું તાડૂક્યો ને મને વરતી ગયેલો છોકરો મારા ભાગનો પ્રસાદ પોતે જ 'આપ્યા' કે તો પલાયન થઈ ગયો મે જોરથી બારણું બંધ કર્યું, પથારીમાં પડતું મેલ્યું ને બડબડવા લાગ્યો, 'આ તળ ગુજરાતના શહેરોની હોળી! આ શિખંડપૂરી આ દસ પૈસા, આ પારકું મારવાડ અને આ હોળીનો પૈસો, આ આઠ વર્ષના ટેણિયાના તોફાન–એટલું બાદ કરીએ તો શું રહ્યું? નહિ સામૂહિક ઉલ્લાસ નહિ રસ, નહિ રાગ નહિ'

પણ મારો સૂરજ આજ સોના સમો જ ઊગ્યો હતો આઠ રૂપરડીની ઓરડી રાખીને રહેનાર મારા જેવા એકાકીને ય આજ એકાંત અપ્રાપ્ય હતું મકાન માલેકણ બારણું ભરીને ઊભા હતા મે ગમ ખાઈને ગમગીન વિનયે પૂછ્યું

'કેમ?

'કેમ ના આવીએ? અમારું ઘર છે'

'તે તો જાણે તમે સિદ્ધ કર્યું જ છે, વગર રજાએ પ્રવેશીને, પણ'

'પણ ને બણ, તમારે છે શું પ્રવીણભાઈ આજ? તે વગી નહિ ઉત્સાહ નહિ રસ ને નહિ ગગ ને અહો હો હો!'

'છે શું તે હોળી યાદ આવે છે'

'યાદ આવે તો તેડાવી લો ને? છતી'

'તમે રહેવા દો હવે, નીચે જાત મહેરબાની કરીને તમે પાનીની બુદ્ધિએ મળ ઢગીને બોલો છો ત્યારે ગજ ગપ્યા વિના કાતર ચલાવીને વેતરે રાખો છો! ને રેતીમાંથી તેલ કઢવા ઘાણીને અવળી ઘાણીએ પીલો છો! મારા જવાબમાં શ્લેષ જેવું છે જ નહિ હું તો એમ કહું છું કે આપણા તહેવારોની દીવાલને પાયામાંથી લૂણો લાગ્યો છે આ આપણા શહેરની હોળી જોઈને મને મારા ચરોતરની હોળી આજ આખો ય દિવસ યાદ આવી છે મને તો એવું થઈ જાય છે કે દિવાળી ભલે અહીં કરવી, પણ હોળી ઉપર તો ચાર દહાડા ઘેર જ જવું'

'તે જાવ ને, કોણ રોકનારું છે તમને અહીં? આગળ મોઢે ઉનાળ નહિ ને પાછળ બેઠે ધરાળ નહિ એ! હો હો હો! જાણે તમને એકલાને જ તમારી હોળી યાદ આવતી હશે! શું અમારી સુરતની હોળી કમ છે? અમને નહિ યાદ આવતું હોય? પણ શું થાય? જ્યાં તો પડ્યું પાનું'

'આ હા, તે નિભાવો પણ વાત કરવામાં કોઈ શું કાઢી લે છે? આ નીચેવાળા ને ઉપરવાળા બધા ય જુઓ ને, તમને મોનના સાજનીને તો આવી ગયા છે, અને આ આપણી ગેરીની વનરમેના, જુઓ તો ખરા કેવી ડાહીડમરી બનીને અમાસીમાં ગોઠવાઈ ગઈ છે! ને પૂનમનો ચંદ્ર ને વસંતનો પવન તો તમારી મદદે છે જ'

'આજ આપણે હોળીની જ વાતો કરીએ ગમ્મ આટલા બધા એકઠા થયા છીએ કારે રજા પણ છે, તમે નિરાંતે બેસો હવે, ને તમારા સુરતના તમામ સ્મરણો કહી બતાવો'

'ચોગ્ના ભાઈ ઘગીચોર તે આનું નામ, ગજેથી ગાળિયું કાઢી નાખતા વારે લાગે છે! તમે જ કહોને ચરોતરની હોળીની વાત?"

'અને તમે?"

'તમે પાનીની બુદ્ધિ સભારીને અમારી જાતિને અન્યાય કર્યો છે, ભલે કર્યો, પણ હું તમારી જાતિને અન્યાય કરવા નથી માગતો પુરુષથી જ શરૂઆત થાય, તો કહો ના મો હવે વધારે માન માગ્યા વિના'

માન તો માનુનીઓ જ માગે અમે તો કહીશું જ હવે'

હા હા કરો! હવે ચાગા મેતીને! જુઓને આટલી બધી વસ્તી તમારી ઓરડીએ દીઠી'તી કદી ય? કહો પ્રવીણભાઈ, કહો બસ, અમે વચ્ચે હોંકારો ભણતા રહીશું હો!'

ના ના ના, એ હોકારાની મારે જરૂર નથી"

"કેમ?'

"હું કંઈ ભાટ-ચારણ નથી તે કસુંબો લેવા બેઠો છું હું તો એકધારો જ બોલીશ'

'તમે તો ખાવું ધૂળ ને મદી કાંટા જેવી વાત કરો છો! જાહેર કરવું હોય તો જાહેર કરો, પણ પાર મેલોને! આ શી પંચાત! તમારી પીંજણથી અમે કંટાળવાના ય નથી, નીચે જવાના ય નથી ને તમને સુવા દેવાના ય નથી, સમજ્યા! ડાહ્યા થઈ જાઓ હવે!'

ભલે પ્રમુખસાહેબ આપ હવે જરા ઓરડીનું બારણું બરાબર બંધ કરી દો આ વાનરસેનાની ગરબડ સભાજનો વચ્ચે અગ્રચારુ કરી તો બધું રાખીને બધ ને નીચે ઉતારી મેલીશ રે ભાઈ! અને સુરુચિની કમાન સભાજનો જરા ખેંચે તો હું ના જાણું મને ચોખલિયાવેડા નહિ ફાવે મો મઝરોમાં શરૂથી જ નો તો મારો ઉત્સાહ મ ો જગે તમને પ્રયત્નપૂર્વક આઘાત આપવાનો પ્રયત્ન નહિ કરું એટલી ખાતરી રાખજો પણ જીવનમાં ઘણા વર્ષ

મે જે જોયું છે, અનુભવ્યુ છે અને આકંઠ માણ્યુ છે, તેને તો રંગભેર રજૂ કરવાની રજા લઈશ હોળી તો હિન્દુમાત્રનો તહેવાર છે ને હિન્દુઓ તો હિન્દુસ્થાનમા ક્યા નહિ વસતા હોય ? દરેક ઠેકાણેની પ્રજા એનો લહાવ કઈ કઈ રીતે લેતી હશે તેનો ખ્યાલ તો તમારા જેવા લક્ષ્મીજી પોતાના વિષ્ણુ ભગવાનને લઈને પ્રવાસે નીકળે, અનવત્ત ગરુડ પર બેસીને આકાશમાર્ગે નહિ પણ ધરતી પર ફરવા નીકળે, ગમતુ અણગમતુ બધુ ય ધીરજથી જુએ, જાણે માણે ને પ્રાન્તીય વિશિષ્ટતાઓને નાણીનાણીને કહી બતાવે કે આલેખી આપે ત્યારે જ આવે હોળી તો મઝાનો તહેવાર છે તે એવી ઋતુમા આવે છે ને એવી ભાવના પર તેનું બધારણુ છે કે જો ઊજવતા આવડે અને જમાનાને અનુરૂપ થોડુ પુનર્વિધાન કરવામા આવે તો સામૂહિક ઉલ્લાસ પ્રગટાવવાનુ એ એક જ્વલન્ત પ્રતીક છે વીર અને શૃંગાર એમા સાથે સાથે વહે છે દ્રૌપદી ને રાધા ત્યારે અગુલીમા અગુલી પરોવીને રમે છે

"હુ તો કહુ છુ કે તમે આપણા તહેવારોની સૃષ્ટિ વિષે કદીય ધ્યાન કર્યો છે ? એ ના હોત તો વર્ષની વાટ સ્હરાના રણ જેવી લાગત ત્રણસો ને સાઠ ગાઉની બનેલી વર્ષની વાટ આ તહેવારો તો તેમા પાંચ પચીસ ગાઉએ આવતા શીતલ વિસામા છે—કહો કે રસની પરબો છે એ સૃષ્ટિ કેટલી ભરરમ્ય છે ! ઋતુ ઋતુના રંગવૈભવ સાથે રાસ લેતુ કેટકેટલા રસોનુ એમાં પ્રસન્ન-મનોહર વૈવિધ્ય છે ! આર્યસમાજના આદ્ય વિધાતાઓનું આ આયોજન પોતે જ એક મહાકાવ્ય નથી ? જેમ છેટેથી મહોરેલો આંબો મહેકે, જેમ આવતા મેઘ મહેકે તેમ રોજિંદા વાતાવરણમા આવતો તહેવાર પણ મહેકે પ્રજાશરીરના ચાક ઊતરે, નવા નવા રસોના ઉદ્દીપન પૂરા પડે, જીવનના કોઈ ગભીર હેતુની સિદ્ધિ અર્થે મરવાનુ આવ્યુ તો ભલે આવ્યુ પણ મરતા મરતાય રમી લેવાનુ મન થાય અને રમતા રમતા જ મરી શકાય એવા ઉલ્લાસના અતરથી સમાજનું વાતાવરણ સદાય પમરતું લાગે, ગમે તેવી કુદરતી રાજકીય કે આર્થિક આંધીઓમા ય પ્રજાકીય પ્રતિભા નિસારમાથી સાર સારવવા જેટની સ્વસ્થ અને સ્ફૂર્તિની રહે પ્રકૃતિની સાથે તો માજણી બહેનની જેમ પ્રજાજીવન ખેલે, અતરીક્ષમા વિહરતી નિસર્ગની સૃષ્ટિઓ તરફ પણ જિજ્ઞાસુની કૌતુકભરી કે મુમુક્ષુની ભક્તિભરી નિગાહથી નિહાળ્યા કરવામા રસ પડે ને સથે સાથે પૂર્વજોના દેવાસુરી મથનો વિસરાય નહિ ને તેમાથી સિદ્ધ થયેલા સત્યો યુગો-જૂના હોવા છતાય બસ નિત્ય નવીન લાગ્યા કરે—એવી એવી ભાવનાઓ ઉપર આ તહેવારોની સૃષ્ટિનું મડાણ થયુ હશે કદાચ હું તો કહું છુ પ્રમુખસાહેબ એટલે સુધી, કે કોઈ પણ સામાજિક બનેને ગજમાન રાજેશ્રી ઇન્દ્રનો કે અનેક શુભોપમાલાયક કુબેરનો ચિરંજીવી હોય, પણ તેને ય તેના રોજિંદા જીવનમા અપ્રાપ્ય એવી કોક સૌરભની લહેર તહેવારના વાતાવરણમાથી મળવી જોઈએ આ શક્તિ આજ કેટના તહેવારોમા આપણે રહેવા દીધી છે ? તેમા ય હોળી જેવા જ્વલત અને ઉદ્દીપક ટાણાની તો આપણે ધરાર હોળી જ કરી નાખી છે એની ખરેખરી મસ્તી આજ માત્ર મારવાડ જ માણે છે ગધાનો પાઠ હોળી જો ક્યાય પણ મન મેલીને ભજવવી હોય તો તે મારવાડમા જ પ્રત્યેક મારવાડણ જ્યહેવારપી રાવા જ જોઈ લ્યો ! અને ફાગણ સુદની સંધ્યાઓમા આપણા અમદાવાદની કોઈ સડક પર નિગાહ કરી છે ? મજૂરી કરીને ઘેર જતા મારવાડીઓ જોયા છે ? નહિ શરમ, નહિ સંકોચ, જાણે ઊભે બગડે હાલ્યા જતા હોય એટલા અજ્ઞાન બનીને એ ગાણું વહેતુ મેલે છે ને રાહેગી કોલાહલની કુજ જારી દે છે ! કાળીભમ્મર સડક પરથી નગારાના નિનાદ સાથે એમને ગાતાગાતા જતા જોઈને મને તો લાગે છે જાણે કાલિંદીને કાંઠે ધઈને બસીવાળા આ કનૈયાઓ હવે પોતપોતાની વન્યકુંજમા પધારે છે ! એક મહિના અગાઉથી આ પ્રજા ઘેલી બને છે, ને શિરચ્છેદ થયા પછીય જયશિખરી ત્રણ દિવસ ઝૂઝયો હતો તેમ હોળી પછી ય એક અઠવાડિયા સુધી આ લોકોની ધમાધૂમ ઘેનછા ઝૂઝે છે ! મારા કથનમાં તમને

કે કાનોજીનો અંશ લાગતો હોય તો તો ફાગણ વદ સાતમને દહાડે તૈયાર થઈ જજો મારી સાથે, કાંકરિયા તળાવ પર ભરાતો એ લોકોનો મેળો જોવા લઈ જઈશ. તમે બધા જોજો તો ખરા કે એ લોકો એમના સર્વોત્તમ તહેવારને કેવી યાદગાર વિદાય આપે છે! પરપ્રાન્તમાં વસીને ય આ લોકો પોતાના તહેવારમાંથી આટલો રસ લઈ શકે છે તો પછી વતનની તો વાત જ શી કરવી! હું ધારું છું કે સિંધના રણમાં જેમ સિંધુ છે તેમ મરુભૂમિમાં હોળી હશે કદાચ."

'તમે પ્રવીણભાઈ હવે તો પ્રાવીણ્ય રહેવા દઈને પાર મેલો તો મહેરબાની."

"પાર શું કરવા મેલે? અધૂરું જ ભલે રહ્યું ને! શરૂથી જ કહ્યું છે કે ગરબડ નહિ ચાલે. જઈ શકો છો નીચે."

"નફટાઈ જ કરવી હોય તો નીચે જવામાં અમને કંઈ વાંધો નથી, બાકી ગરબડ કોઈએ કરી નથી. તમે વિષયાન્તર કર્યું ત્યારે જ મારે ધ્યાન ખેંચવાની ફરજ પડી. અમે ચરોતરની હોળીની રાહ જોઈએ છે ને તમે બસ અષ્ટમપષ્ટમ ચારે તરફથી દોંધે રાખો છો, અને અમારી ધીરજની હોળી કરો છો! નાની નાની પણ આ પદ્ધતિસરની સભા છે અરે સભા નહિ તો પદ્ધતિસરની વાતચીત તો છે જ. વાંક પોતાનો છે ને પાછા પોકારે છે કે અધૂરું મેલો, આ તે નફટાઈ કે નફટાઈને માથે બે શીંગડાં!'

'ચાલો દિલગીર છું અને ધ્યાન ખેંચવા બદલ આભારી પણ છું. બાકી મારા વિષય પરત્વે હું સભાન નથી એમ ના માનશો હો કે! તમને શું કહીને બેસાડ્યા છે તેની મને ખબર છે પણ આ તો ટીક છે જાણે લીલી ભેગો લસરકો! કોઈ વ્યક્તિ વિષે ચર્ચા કરવામાં ચકચૂર બનીએ છીએ ત્યારે એના કુટુંબની કે સગાંવહાલાંની પિછાનની પણ જરા અપેક્ષા રહ્યા કરે છે એ ન્યાયે આટલું કહેવાઈ ગયું. બાકી તમારો સમય લેવા હવે નથી માગતો. હોળીના રાધામય સ્વરૂપની વાત કંઈ તમને કહી ગયો, પણ એ દ્રૌપદીરૂપે ક્યાં રમે છે તે તમે જાણો છો? વિધિનું વૈચિત્ર્ય તો એ છે કે ખુદ રાધાની જ જન્મભૂમિ વ્રજભૂમિમાં જ એ દ્રૌપદીનો પાર્ટ પુરબહારમાં ભજવે છે! આમ તો એ વ્રજભૂમિનું વ્યાપક તત્ત્વ તો છે જ, પણ હોળીના મહિનામાં તો એ પ્રવૃત્તિ પરાકાષ્ઠાએ પહોંચે છે. આબાલવૃદ્ધ આ પ્રવૃત્તિના પ્રત્યેક અંગમાં સક્રિય રસ લે છે. અખાડાઓ, મલ્લ ગજે કુસ્તીના દંગલો, સનસનાટીભર્યાં પરિણામો અને એ પરિણામોમાંથી પરિણમતી પાછી કસાકસી ભરી કુસ્તીઓ વગેરે વગેરેથી ત્યાંનું વાતાવરણ એ મહિનામાં મગના ભજિયા જેવું ગરમાગરમ લાગે છે પણ શૃંગારવિહોણો વીર જરા જરઠ ને વીરવિહોણો શૃંગાર વેવલો લાગે છે. ઉભય રસ જ્યારે ઉભરમાં ઓતપ્રોત થઈને આવિર્ભાવ પામે છે ત્યારે જ મને તો સંતોષ છે.

"અમારા ચરોતરની હોળીમાં આ વીરશૃંગારનો પારો લગભગ સરખી ડીગ્રીએ રહેવા પામે છે, પણ કેટલીક વાર આ ગણું કાવ્ય છવી નથી જતું? અને શાર્દૂલની માલિની મંદાક્રાન્તાના તપેલી-તપેલામાંથી ઊભરાઈને સગ્ધરાના તાપડામાં નથી ટપકી પડતું? લગભગ એટલી જ સ્વાભાવિકતાથી અમારે ત્યાંનો વીરશૃંગાર કોઈ વાર છીનીને રૌદ્રબીભત્સમાં પણ રમણે ચઢે છે. એ સાંભળીને તમને આઘાત નહિ થવો જોઈએ. કોઈ નહિ ને કોઈ કેમણે તહેવારની ઉજવણીમાં સક્રિય રસ નહિ લેનારો અમુક વર્ગ તો લગભગ દરેક સ્થળે હોય છે જ, અને અમારે ત્યાં પણ છે. એ દિવેલિયા ચાડા સાથે આપણે નિસ્બત નથી. પણ એક બીજો વર્ગ પણ અસ્તિત્વ ધરાવતો હોય છે જેની ખાસિયત સમજાવવા હું જરા સ્પષ્ટ કરીશ. દાખલા તરીકે લ્યો ને, આ તમે ને હું 'હરિજનબંધુ' વાંચીએ છીએ. એક પાઈનો, એક મિનિટનો કે એક સેકંડના બુદ્ધનો ભોગ આપ્યા સિવાય કેરમની ક્વીનને મેળવવાની મથામણ કરતાં ગાંધીજીની હિમાલય જેવડી ભૂલો પર ભાષ્ય રચીએ છીએ, સરઘસ જતું હોય છે તો પોળને નાકે જઈને ઊભા ય રહીએ છીએ. રણગીતો સાંભળવા ય બારસાખે ઊભા ય

ડકાથી દૂર રહેવાનુ દૂરદેશીપણું દાખવીને જ પલાવતા નથી એ વર્ગ લગભગ આવો જ છે આવેપીવે કે ઓઢવેપહેરવે રસ લેનારો ખરો બીજાઓની રમત ગમત કે રમતોફાન જુએ ખરો, પણ પોતે તો પાટીદાર જેવી ગભીરતામા જ ગૌરવ માને

"એ વર્ગમા ખાસ કરીને બ્રાહ્મણવાણિયા જેવી ઉચ્ચ વર્ણોને ગણાવાય, બાકી પાટીદાર અને બારૈયા, કાછી આદિ જાતિના ખેડુતો તેમ જ વસવાયામા ગણાતી તમામ પરચૂરણ કોમોનો બનેલો આમવર્ગ જ અમારી હોળીના વાતાવરણનો સાચો સર્જક છે શિવરાત્રિને દહાડે 'શિવ શિવ' કરતી ટાઢ નવાણોમાં પડે છે ને તુર્ત જ હોળીનો ગરમાવો લાગવા માડે છે ખેતર સાચવીને સીમાડે પડી રહેનારી પ્રજા ગામમા આવી જાય છે ચોમાસુ પાકના છેલ્લા અવશેષ સમા તલ તુવેર લેવાતા હોય છે પાકી આમલીની ખટમધુરી સુવાસ લગભગ ઓસરવા આવી હોય છે તે વખતના ત્યાંના પ્રભાત! તમને શી વાત કહુ! ખરતા મહુડા રાયણાં ને મરવાના ઢગલા ઢળી ગયા હોય છે એની માદક મિષ્ટ અને તીવ્રતમ સોડમને લઈ ને ત્યાના તે કાળના પ્રભાત શહેનશાહી શરાબની છલકાતી પ્યાલીઓ જેવા લાગે છે! લગ્નના મહિનાની હજી વાર હોય છે સુડખાતર કરીને ખેતરોને ફૂલોથી સજ્જ કરવાની ય વાર હોય છે દૂઝણી ભેંસોની જેમ રાયણ-મહુડીનું રક્ષણ થાય છે ને ઘરની ભાવિ આશા સમા કિશોર કૉલેજિયન પુત્રનું મુખ જોતા માબાપની ભરી નજરથી, ત્યાના ખેડૂતો વહેલી સવારોમા મહોરેલા આમ્રવાડિયા જોઈ રહે છે

"રવિપાકની ફસલની પણ તૈયારી હોય છે પૂનમિયા ઘઉ કોઈ કોઈના ખળામા છેલ્લી સુકવણી ખાઈ રહ્યા હોય છે તો કોઈને કૂવે ઉનરના પાણી હોય છે ઘેંઉિયા ને રાતડિયા શેરિયાની બીડી મેલવાનુ કામ બપોરીની વેળાએ થતુ હોય છે પાણી ભરવાના દોરડા મળદ્દાની મોવડીઓ, અકોડા, ખાટલા ભરવાનુ વહાણ વગેરે બનાવવાનુ કામ પણ નિરાતની બપોરોમા થાય છે રૂડો રેના ફાના ને એરડાનાં જીડના ફોલે છે દૂરના ગામોમા ગાડીનુ કરવા કે ઇમારતી લાકડા વહેરવા ગયેલા જુવાનો એક પછી એક આવવા માડે છે પાસેના શહેરોમાં વસીને નોકરી કરનારો જુવાનવર્ગ પણ બનતા પ્રમાણમા રજાઓ લઈને આવે છે ઘેર છોકરા આવ્યા એટલે વહુઓ ય આવવી તો જોઈએ જ ને! ઉચ્ચ વર્ણોમા પહેલુ આણુ લગભગ દિવાળીએ થાય છે અથવા ગમે ત્યારે થાય છે, પણ હોળી પહેલાં તો સામી ઝાળે છોકરી ન જ વળાવાય એવો ચાલ છે, જ્યારે આ બિરાદરોને તો ગમે તેમ થાય પણ હોળી ઉપર તો વહુ આવવી જ જોઈએ હોળી ઉપર જેના ઘરમા જુવાન છોકરો હોય અને વહુ ના હોય તેવા માબાપ એક પ્રકારની ગૂઢ વ્યથા ભોગવે છે

"અને છેવટે કશુ નહિ તો વાણિયાને ત્યા બે વીઘા જમીન મેલીને ય ઊભુ કરે છે મારા ભાઈ! માબાપ આમ ન કરે તો બીજાનો ચડાવ્યો છોકરો ય જીવ ઘાલીને ઘરનું કામ ન કરે ગમે તેવી પણ વહુ જોઈએ, અને વહુ તેડવાની મોસમ બેસી જાય છે ભલે દેવુ કરીને કે જમીન મેલીને પરણ્યો હોય, પણ દરેક જણ 'પોતાનુ માણસ' તેડવા તો આખો ઠાકાર થઈને સાસરા પર સ્વારી કરે છે! ખભે કડિયાળી ડાંગ કે વાંકી ચાચાળુ ધારિયુ મેલીને ટટાર મર્દાની ચાલે ચાલતા જેના મોળિયાનું છોગલુ લહેરે જાય છે એવા પતિ કે દિયરની પાછળ પાછળ નાહતીધોતી થયેલી લગભગ તમામ કન્યાઓ પ્રભુતાભણી પગલા ભરે છે પણ જે વેવાઈઓને કોઈ નહિ ને કોઈ મારગે સામસામી ખટકો હોય છે તે કન્યાપક્ષ કસ પર આવ્યો હોય છ ત્યારે વરપક્ષ મરણિયો બને છે સારુ બધુ ય નભે પણ હોળીના તહેવારોમા છોકરાને વહુ ના હોય એ તે કેમ દીઠુ જાય? અને તેમાં ય ખતરી કૂદડિયાળી વહુ હેવા છતા ય ઘરમાં ખત્રીસ લક્ષણો એખલો! દરોગને દિવસે ય ઘેંકુ અહિ પણ ટૂંકુ બની જાય તો તો ઘોડાર છોડીને એ ભલે જાય કામ લાખા વણજારાની વણજારમા કે જથા મલકથી બોજાથી પીઠ જરા હળવી થાય અને પારકી તકરાર જોરી ને શેર ઘી ખાવુ ભરોસાગ એ ન્યાગે ધણીને ધા' કહીને ચોરને 'નાસ' કહેનારા ય ઓછા નથી હોતા

ને પક્ષને ઉશ્કેરીને બન્ને બાજુના અંતરોને આમળો ચડાવીને મડાગાંઠો પાડવામાં મોટાઈ માનનારા મદદે થયો. આવા પ્રસંગોમાં જ્યારથી ચિનગારીના ટોપની જેમ ફૂટી નીકળે કે પરિણામે નાટકમાં સંઘર્ષણનું તત્ત્વ વધી જાય છે ને જાસાચિઠ્ઠીઓની જવલંત પત્રબાજી ખેલાય છે. વરપક્ષને જ શરૂઆત કર્યા સિવાય છૂટકો નથી હોતો. ગુજરાતી બીજી ત્રીજી ભણનારા વિદ્યાર્થીઓમાંથી જરા કૌતુકપ્રિય, જરા રસિયા, વાચાળ અને ચબરાક છોકરાઓને સાધવામાં આવે છે. એમના હાથમાં એકાંતમાં કાગળ ને સીસપેન મૂકીને કહેવામાં આવે છે કે અમુક ગામનું નામ લખો, તે ગામના મુખીનું અમુક નામ લખો, તે પછી અમુક અમુકના નામ લખો ને પછી તમને આવડતી હોય એટલી બધીય ગાળો દાંત કચકચાવીને લખો. નાનો બાળક બિચારો પાંચસાત કે દસબાર ગાળો લખીને અટકે છે ને સામું જોઈને કહે છે કે હવે બસ. ને પણ આ મહાશયો આટલેથી અટકતા નથી. પોતાના અખૂટ ભંડારમાંથી અમૂલ્ય રત્નો સમી કેટલીક 'ચીજો' આ નાદાન છોકરાઓ પાસે ચિતરાવે છે અને પછી છેવટે ઉમેરાવે છે કે તમારી છોકરીને મોકલી દેજો, જલદી મોકલી દેજો, નહિ તો અમારાથી ભૂંડો કોઈ નથી. સાત પેઢીનું વેર બંધાશે, થોડું કહ્યું ઘણું માનજો. તેજીને ટકોરા, ગધેડાને ડફણાં, વગેરે વગેરે.

• 'આ કિશોરો ડાબે હાથે સીસપેન પકડીને ફફડતા ફફડતા લખે છે ને છાનાય સિકંદરી સાહસનો રોમેન્સ' અનુભવે છે. એમને ભાન થાય છે કે અમે આ અભણોની વચ્ચે ભણેલા છીએ ને અમારા રંગીન વ્યક્તિત્વની ને ઉચ્ચ ભાષાવૈભવની મહેક કદર થઈ રહી છે. તે ઉપરાંત તેમને એમ પણ ભરાવવામાં આવે છે કે તમે કોઈના સારા માટે જ મથી રહ્યા છો. કોઈના ઘરમાં વેરુ આવીને ઊભું રહેશે એ તે કંઈ ઓછા પુણ્યનું કામ છે! હવે તમે જ કહો ને કે આવી ઉચ્ચાશયી સેવાનો બદલો કોઈ પાર્થિવ પદાર્થથી વાળવાનો જ કેવો હોય? અને વળી જ કેમ શકે? બાપુમ જેવા માણસને આવડે તેવી ને તેવી ગાળો દેવાની તક મળે છે અને વળી પાછું એમાંથી પુણ્ય થાય છે એ નિત્ય સંતોષ જ આ નિર્વ્યાજ માધુર્યપૂર્ણ હૈયાને મનાવી લે કે પણ શાળાની ગેલેરી પર બેસીને પતાખા કે ડીક્ટેશન લખનારી કલમો જ માત્ર આવા વિક્રમ ખેડવા વેગવતી બને કે એવું નથી. દસ્તાવેજો ને ખતપત્ર લખનારી પંચ વચ્ચે બેસીને મૂછ પર લીંબુ ઠેરવનારી ને પંચપ્યાસના મુસદ્દા ઘડનારી પાઘડીવાળી ગંભીરતાય ઘણા દાખલામાં નાગી થઈને નાચી લેતી જોવાય છે.

"વર તરફના માણસો અધગત મધગત વેડે છે ને કન્યાના ગામમાં કોઈ જાણીતા સ્થળે જાસો બાંધી જાય છે. સવારમાં ચર્ચાઈને ફૂચા થઈ ગયેલા ઉહાપોહ થાય છે. મુખી કન્યાના બાપને બોલાવીને ધમકાવે છે. પણ કન્યાનો બાપ મુખી જોડે કુલડીમાં ગોળ ભાંગી લે છે. મુખી સાહેબનું મોં ગળ્યું થાય છે.

'કન્યાને મોકલવામાં નથી આવતી એટલે સામી બાજુથી પાછા બબાઓ ફેંકવામાં આવે છે. જેના વપરાશ સિવાય ઘડીય નિભાવી ન લેવાય એવા નવાણોમાં કેરોસીન ઑઈલના સીસા ઢળવાઈ જાય છે, જેને તુર્ત જ ગળાવવા પડે છે. સીમાડામાં ઘાસની ગંજાવર ગંજીઓ સળગી ઊઠે છે. કોઈ પક્ષ ઓછો ઊતરતો નથી અને આવી જ્વાળાઓમાં પરણનારીનું દરિયાજેમન રોષાઈ જાય છે. ઊભો મેલીને એને બાજે વળાવવામાં આવે છે, ત્યાંય એને જંપ નથી. જૂનો 'ધણી' પોતાની 'મિલ્કત'ને ઘમેલો છરો લઈને શોધતો ફરે છે. કોઈ મેળામાં ઝપટાઈ જાય છે ને નાક કાપીને પોતાની ઇકોતેર પેઢીનું નાક રાખે છે. પણ દરેક દાખલામાં આવું નથી બનતું. લગભગ દરેક સંઘર્ષણમાં દરેક સ્થળે હાવકા તત્ત્વની હાજરી તો રહેવાની જ. હગે દમાતાં દમાતાંય કોઈ વાર જો એ બેરું થઈ જાય છે તો તો આવા દાખલામાં નાક કપાવાને બદલે ગળી જાય છે ને કન્યા સાસરે જઈને બેઠો વસુની થઈ જાય છે. સેનો જ સાનુ એ પ્રસંગનું ખાસ મિજાજ છે. આપણે અહીં

ભલે શિખંડપૂરી, પણ ત્યાં તો ખાંડ ને સેવો જ. રંગ ભલે લાલ રહ્યો છતાં ય સૌ કોઈ પોતપોતાના કૂવે પાકેલા પૂનમિયા ઘઉંનો જ પૂરા ગૌરવથી ઉપયોગ કરે છે

“તમારામાંથી કેટલાંને સેવો વણતાં આવડે છે? નાનપણમાં વણી હશે કદાચ, અત્યારે તો આપણી લલિતા ફેક્ટરીમાંથી જ લાવો છો ને! અમારે ત્યાં તો એ પ્રત્યેક સ્ત્રીનું સાહજિક ગૌરવ છે. આંગણામાં લીમડીઓ લહેરે છે, હસુંહસું થઈ રહેલાં લીલાંકુંજાર પર્ણોની ઘટાઓમાંથી મધ્યાહ્ન ચળાય છે, આડોશ પાડોશનું સ્ત્રીવૃંદ એકઠું મળે છે, ખાટલા પર પાટલા ઢળાય છે. નવવધૂઓને આશ્વાસતી કે ઉદ્દીપ્ત કરતી સુખદુઃખની વાતો થતી જાય છે ને અક્ષયપાત્ર સમી અન્નપૂર્ણાની કંકુમરી હથેળીઓમાંથી અમીની અખંડ સરવાણીઓ જાણે ફૂટીફૂટીને રેલાઈ ના જતી હોય એમ અતૂટ સેરે સેવો વણાતી આવે છે ને વણનારાંના ઉત્સાહને એવડતા છટાવૈવિધ્યથી ઝીલનારાં ઝીલે છે. કેસૂડાંના રંગભર્યા મધ્યાહ્નોની શાન્તિમાં રેલાતું આ કાવ્ય, લીમડીઓની ઘટામાં છુપાઈ ને ટહુકારા દેતી સાંની કોયલો જ માત્ર માણે છે.

(અપૂર્ણ)

●

જા૦ ખ૦ ની સુંદરી

(મિશ્રોપજાતિ)

સુજાતણી આદરીને તપસ્યા
ઉકેલવા હું મથતો સમસ્યા
મોંઘી મહારાણી મદિલી યૌવના,
જા. ખ. તણી સુંદરી વિશ્વપે કાં?
જન્મી ય શી રીત? શી વિધ પામીએ
અજેય એનું પદ પૃથ્વી – પ્રાંગણે,
ફરૂકતી શાસનની ધ્વજા શેં
ચોખંડમાં ભવ્ય વસુંધરાપે?
અબુધ આ મુગ્ધ વિચારમેખલા
ચિજાવતી અંતરબ્હાર રેલતી,
ને પ્રશ્નની અંતરજન્ય શૃંખલા
વિહારતી એ પમરાટ પાથરી
ને નેત એનાં મદ નીગળન્તાં
રૂમાલના રેશમી તાંતણામાં
સાબુ તણી સ્નિગ્ધ સુગંધી કેશ
સદેશ એ વેરતી વિશ્વચોકમાં
કદીક એ ધૂપસળી કરે ધરી
મુલાવતી માનવ જિંદગાની
તવારીખો સ્વાર્પણથી છકે જતી
વસુંધરામધ્ય ખડી કરી રહી
‘ટેબ્લેટ’ની સાકરગોળીઓ કદા,
બાલામૃતો અમૃતમંજનો કદા
ને લીમડા, લક્સ, હમામ ને વળી
એ બાદશાહી ફરમાન લાવતી.
લંબાયલો કેશકલાપ સૌમ્ય શો
ગૂઢો બતાવે જયકાર વ્યાહ્નોનો
ને મંજનો દંતતણાં અનેકને
આ માનવી કાજ જગે ધરી રહે.
એ બામની શીશીપરે બિરાજતી
ને તોષતી માનવતાની પોઢને
ક્ષુધે જળી, ત્રસ્ત વસુંધરાને
શાંતિસુધા સીંચી, ગીતો બહાવતી.
સાબુ તણા પાલવ પે ચિજાવતી
ચારુ સ્મિતો...મુગ્ધ ઉરે ઉલાસતી,
બહેનના બક્ષમાં પધારીને
ગૂંથી જતી માનવતાની ગૂંથણી

વસુંધરાના પટમધ્યમાં દીઠી
એવેણુમાં કાર્ય બધું પતાવતી
ને ઓષ્ટમાં 'ફેમસ પેન' ભીડતી
આ પૂર્ણીપે કાવ્ય નવાં વધાવતી.

સૌંદર્ય સાચું સ્વરશબ્દનું બની
રેકર્ડના સુરમદીં મૂંગી સૂતી
કો' કોકિલાનાં કલકૂજનો સમી
સૌ ઉરની ગહ્વરમાં ગુંજી રહી.

ને એ કદા સાગરના સલિલમાં
નાચન્તી કો' મત્ત છોલ યૌવના
સમી નચાવે નિજ નેત્રપાંપણો
ફિલ્મોતણાં પોસ્ટરરૂપે લગી લગી

શુશોભિના સામયિકોની સૃષ્ટિમાં
કમાનણો રંગ ધરી પધારતી,
કવિ તણી કલ્પનદિવ્યદૃષ્ટિમાં
શૃંગારના શબ્દ સ્વરે ઝૂલી રહી.

એ બુદ્ધના ત્યાગથી યે તપસ્વી,
ને ભગ્ન બિમ્બ તણી ભુજાથી,
સીતા તણા મૌનથી યે મૃદુલ શી,
ને મંથરા પાટવથી ય ઓલશી.

મહોન્મત્ત મંજુલ સ્વપ્નરાણી શી
સૌંદર્યની શાશ્વત એ ઉષા સમી
વા સૃષ્ટિપે ચિર વસંતની લીલા,
વર્ષો તણી પાવનકારી શું સુધા!

સોહાગણી કર—અંગુલીથી યે
અદ્ભુત એની જ મંદિરનો ખપી
પરી તણા પુષ્પ પરિમલોથી યે
સુગંધી એની જ દિગંત વિસ્તરી
આ વિશ્વના સર્જનની કલામાં
લક્ષ્મી સદા નૌતમ રંગ વેરતી,
ને સૃષ્ટિના આ અખૂટ ચિત્રમાં
નભ તણી સુંદરી એ જ પૂર્ણ.

વિરાટની નેત્રની સન્ધ્યામાં
વિરાજતે [illegible] [illegible]

તારાતણું કોમળ ટાંકણું ગ્રહી
નભ પટે આશકુમારીએ ઘડી.

અનન્તના તે દિન વ્યોમમાં સ્ફુરી
સૌંદર્યની મોહિની વિસ્તરી રહી
ને તે મીઠી વ્યોમ તણાં જ આંગણાં
આવી ધૃમે માનવનાના આરણે.

અનંતતાની અમરાપુરી મહા,
મૃદુલ એ માનવના તણી કલા,
ને ગર્વિતા શી અભિસારિકા સમું
ઝૂલી રહી જીવન પ્રેમ-કાવ્યનું.

યુગો વહ્યા મન્વન્તરવિશ્વવાડીમાં
બની રહી સંગીતની કવિતા
યુગે યુગે એ અદીઠું મીઠડું
વધાવતી ભવ્ય પ્રસંગની છટા.

કવિ કલાકાર અનેક ચિંતકો
વસુંધરાપે અવતાર પામતા.
અહીં, અસ્પર્શ, અલભ્ય કોયડા
ઉકેલવાને મથતા જતા સદા.

કિંતુ વણી ના નવને શું સુંદરી!
કે આંખની પાંપણીએ નમી ગઈ!
કે ચિંતનોના તણખી ન નીરખું!
શું ચિંતવ્યું સર્વ જ ધૂળમાં મળ્યું?
એ કૂણી પાંપણીએ થીજી ગઈ,
નવી સમસ્યા પ્રકટાવતી ગઈ,
સ્વરમાં તણા હાસ નવીન રંગથી,
રંગ દીધા, નૂતન દૃષ્ટિ પામતી

નિરખતાં અંતરનાં કમાડિયાં
તનકા વિતાની તણાં ખૂણે ગયાં
"કલા માનવે નવીન રતિ પ્રેમ
અનંતતા કે [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] તણી જ સુંદરી!"
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] પ્રેમ [illegible] [illegible]

વિવિધ આંદોલનોનું વર્ગીકરણ તેમની લંબાઈ ઉપર થાય છે એ આંદોલનોની અસર કરવાની શક્તિ તેમની તીવ્રતા અને અસર ગ્રહણ કરનાર પાત્રની યોગ્યતા ઉપર આધાર રાખે છે મુંબઈના રેડિયો ટ્રાન્સમીટીંગ સ્ટેશનમાંથી પ્રગટતા દરેક મધ્યમ વિદ્યુત્ચુંબક આંદોલન (medium wave) ની લંબાઈ – વેવલેંગ્થ–૨૪૪ મિટર હોય છે, દિલ્હીની ૨૩૮.૬ મિટર, કલકત્તાની ૩૭૦.૪ મિટર એમ દરેક સ્ટેશનેથી જુદી જુદી લંબાઈના અદૃશ્ય આંદોલનો શૂન્ય જગ્યામાં રેડાયે જાય છે રેડિયોના આંદોલનોના વર્ગમાં પણ તીવ્રતર પ્રકારના આંદોલનો છે અને તેને આપણે લઘુ આંદોલનો (short wave) કહીએ છીએ મુંબઈના લઘુ આંદોલનની લંબાઈ ૩૧.૪ મિટર છે, દિલ્હીના લઘુ આંદોલનની લંબાઈ ૩૧.૬ અને ૬૦.૪૮ મિટર છે કલકત્તામાંથી પણ મધ્યમ આંદોલનો ઉપરાંત બે વધારાના લઘુ આંદોલનો ૩૧.૪૮ અને ૧૯.૬૯ મિટર લંબાઈના પ્રગટાવવામાં આવે છે ૧૦૦૦ અને ૨૦૦૦ મિટરની લંબાઈ સુધીના ગુરુ આંદોલનો (Long wave) પણ રેડિયો માટે વપરાય છે પરંતુ તેમની તીવ્રતા ઓછી હોવાથી હવે ધીમે ધીમે ગુરુ આંદોલનોને તિલાંજલિ અપાતી જાય છે અને લઘુ આંદોલનો જ વધારે લોકપ્રિય બનતા જાય છે

આ આંદોલનો પ્રકટે કે ના પ્રકટે, શૂન્ય જગ્યામાં તેમની શક્તિ રેડાય કે ના રેડાય તેની પરવા જેની પાસે રેડિયો નથી તેને મુદ્દલે નથી હોતી પરંતુ જેને રેડિયો નામનું આંદોલનગ્રાહકપાત્ર (Receiver) લીધું છે તે જરૂર આ આંદોલનો વિષે પરવા રાખે છે શૂન્ય જગ્યામાં એવી વખતે ભમતા સો બસો પ્રોગ્રામોમાંથી એક સારો પ્રોગ્રામ રેડિયો ઉપર સૌ કોઈ વીણી (Tune) કાઢે છે ત્યારે સમજાય છે કે શક્તિ તો હોય પણ શક્તિને ઝીલનાર પાત્ર હોય તો જ શક્તિનું સ્વરૂપ સમજાય. રેડિયોના આંદોલનો આપણા ચર્મચક્ષુથી તો અદૃશ્ય જ છે, પરંતુ અદૃશ્ય છે તેથી તેમની હયાતી જ નથી એવું નથી. ચોમેર તેમની હયાતી છે અને રેડિયો નામના યંત્રથી જ તે હયાતીનો પરચો મળે છે

ઈશ્વરતત્ત્વના આંદોલનો વિષે પણ આમ જ છે રેડિયોના આંદોલનો કરતા તો તેઓ કરોડોગણા સૂક્ષ્મ અને અબજોગણા તીવ્ર છે તેનો પડઘો પાડી શકે (resound) તેવા યંત્રની જ જરૂર છે ઈશ્વરી આંદોલનો સાથે એકતાર (Tune) થાય તેવું યંત્ર બનાવવું અશક્ય નથી ફ્રાન્સમાં ઍડમન્ડ સાવેરી* નામના ડૉક્ટર, સંગીતશાસ્ત્રી, એડ્વોકેટ જ્યોતિષી તેમ જ વૈજ્ઞાનિક એમ બધાના પૂર્ણ ગુણો ધરાવનાર એક પુરુષે ઊંચે ઊંચેના અદૃશ્ય જગતના પડઘાઓને રેડિયોની પણ શોધ થઈ તે પહેલા એક વીજળિક યંત્રમાં ઉતાર્યા હતા એ આંદોલનોને તે ઈથરીક ઇલેક્ટ્રિક વેવ્સ (Etheric electric waves) કહેતો પોતાની શોધખોળને વ્યાપારી સ્વરૂપ આપવા (commercialise)ની તે વિરુદ્ધ હતો તેથી તેની આ શોધ માટે આવેલી લાખો રૂપિયાની માગણીઓનો તેણે અસ્વીકાર કર્યો, તેથી ત્યાર પછી પચાસ વર્ષે પણ આજે આપણે આવી જવલંત શોધનો લાભ નથી મેળવી શક્યા ઍડમન્ડ સાવેરીએ દરેક વિદ્યુત્કણ ઉપર માનૂ મેળવ્યો હતો કોઈ પણ ધાતુના વિદ્યુત્કણો (ions) ને રોગીના શરીરમાં દાખલ કરીને તે અસાધ્ય દર્દો પણ મટાડતો પાણી જેવા પરસેવાને બદલે લોહીનાં ટીપાં ઝરતો પરસેવો (blood sweat) થાય તેવા રોગવાળી એક બાઈને પણ તેણે સાજી કરી આપી હતી પરંતુ નર્સ તરફ હલકટાઈ બતાવવા માટે તે બાઈની એક આંગળીને મટાડ્યા વગરની રાખી અને સાવેરીએ બાઈને કહ્યું, 'શ્રીમતીજી, ઈશ્વર દયાળુ છે કે મારા દ્વારા તમને સાજા કરી આપ્યા પરંતુ મારી જેમ ઈશ્વરને પણ હલકટાઈ નથી ગમતી તેથી તમો જિંદગીભર આટલી આંગળી તો ખૂનભરી જ રહેવા દો (Keep your bloody finger with you for the rest of your life) '

---

* આ રસિક પ્રસંગના વર્ણન માટે જુઓ લંડનના Sunday Times ની તા ૨૧-૮-૧૯૮૦ની પ્રત અથવા તો જ્યોતિર્વિદ્ પાક્ષિક ... પૃ ... ' True ghost stories

આ ઍડમન્ડ સાવોરીએ ફ્રાન્સના વિજ્ઞાનમહામંડળ (Academic des Sciences) સમક્ષ વિચારમાપકયંત્ર (Register of Thought) રજૂ કર્યું હતું. આ યંત્રની સામે થોડે જ દૂર ઊભા રહેનાર માનવીના મનમાં ચાલી રહેલા ભય, ક્રોધ, અભિલાષા, પ્રેમ વગેરેના વિચારોને યંત્રનો કાંટો (needle) ઘણી જ ચોકસાઈથી નોંધી લેતો. એટલું જ નહિ પણ કોઈએ દારૂ પીધો હોય, અફીણ ખાધું હોય કે એવું કંઈક કેફી લીધું હોય તો તેની અસર પણ આ યંત્રમાં મપાઈ જતી. ક્રિયાના ખુલાસામાં તેણે કોઈ અગમ્ય ઈશ્વરકૃપાની વાત આગળ ધરી નહોતી. પરંતુ એક વૈજ્ઞાનિકને છાજે તેમ વિદ્યુતમોજાંના નિયમનની આંટીઘૂંટી જ સમજાવી હતી. વિચારઆંદોલનોને તેણે આત્માનો પ્રકાશ (Soul or aura radations) એવું નામ આપ્યું હતું. માનવજીવનમાં વિચાર જ મોટામાં મોટું બળ છે એમ. તે કહી ગયો છે. વિચારોના નિયમનથી. માનવી ભલભલી સિદ્ધિ મેળવી શકે છે આજ વાત મહાન અમેરિકન સંત રાલ્ફ વાલ્ડો ટ્રાઈન* પણ તેનાં પુસ્તકોમાં કહેતો ગયો છે.

આ વિવેચન ઉપરથી આપણે જોયું કે વાતાવરણમાં વિવિધ પ્રકારનાં આંદોલનો તો હોય છે જ, પણ તેને સ્વીકારવી ગ્રહણશક્તિ જ આપણે તો કેળવવાની છે. ઍડમન્ડ સાવોરીના વિચારમાપકયંત્ર જેવા યંત્રો તો હજી બજારમાં મુકાયાં નથી, પરંતુ બીજાઓનાં વિચારઆંદોલનો પકડી શકે તેવા મેન્ટલ રેડિયથી કરી જાણનાર તો ઘણા મળી આવે છે. પ્રેતવિદ્યા જાણનારાઓ અદૃશ્ય પ્રેતોનાં આંદોલનોને પણ આવાહન આપી શકે છે. આપણી જાણ બહારના તો કેટલાયે અસંખ્ય આંદોલનો હશે પરંતુ આપણી જાણમાં પણ આજે ઘણા પ્રકારનાં આંદોલનો આવી શક્યાં છે જેને લીધે ચેતનતત્ત્વના અ૫ણા જ્ઞાન ઉપર ઘણો પ્રકાશ પડી શક્યો છે. આપણી જાણમાં આવી શકેલાં વિવિધ વિદ્યુતઆંદોલનોની સૂક્ષ્મતા હવે આપણે રેડિયોનાં આંદોલનોની સરખામણીમાં જોઈએ:—

આંદોલનો અથવા શક્તિકિરણો	લંબાઈ અને સૂક્ષ્મતા
૧. રેડિયો નામનુ સાધન પકડી શકે તેવાં આંદોલનો…	૧૫ થી ૨૦૦૦ મિટર
૨. વીજળિક તણખાથી પારખી શકાતાં હર્ટ્ઝ કિરણો…	૧ મિટર
૩. થર્મોકપલ અને રીફ્રેક્ટોમિટર નામનાં સાધનોથી પારખી શકાતાં ગરમીનાં લાલચોળ ઈન્ફ્રારેડ કિરણો…	$\frac{૧}{૧૦૦૦૦૦૦} = ૧૦^{-૬}$ મિટર
૪. આંખ નામના સાધન વડે દેખી શકાતાં દશ્યપ્રકાશ (Visible light)નાં સપ્તકિરણો…	૪૦૫×૧૦^{-૬} મિટર
૫. ફોટોગ્રાફિક પ્લેટ અને સ્પેક્ટ્રોસ્કોપ નામનાં સાધનો મદદ કરી શકે તેવાં અલ્ટ્રાવાયોલેટ કિરણો…	$૧૦^{-૬}$ મિટર
૬. વાટ કાપમાં વપરાતાં ક્ષ કિરણો (x rays)…	$૧૦^{-૧૦}$ મિટર

* "In Tune with the Infinite" by Ralph walldo Trine

"What all the world is seeking" by Ralph Waldo Trine.

"Joy Philosophy" by Elizabeth Towre

૭	અણુભેદન માટે વપરાતાં ગામાકિરણો	$૧૦^{-૧૫}$ મિટર
૮	વિચારમાપક યંત્ર અને ટેલિપથીથી પકડી શકાતા વિચારકિરણો (સાધારણ ચૈતન્ય)	$૧૦^{-૧૮}$
૯	ઈશ્વરના અનંત ચૈતન્યના સર્વશક્તિમાન કિરણો	?

આ પ્રમાણે દેખીતી રીતે શૂન્ય જગ્યામાં હજારો જાતની સચ્ચાઈ અને સૂક્ષ્મતા ધરાવતા કરોડો અદૃશ્ય ચૈતન્ય કિરણો વહી રહ્યાં હોય કે દરેક કિરણમાં ગોઠવેલી શક્તિ રહેલી હોય છે અને યોગ્ય શોધક દ્વારા તે શક્તિનો સાક્ષાત્કાર થઈ શકે છે

અવિરતપણે રૂપે પ્રગટતી શક્તિનો વિચાર કરતાં સૃષ્ટિનિયમનો એક નવો સિદ્ધાંત સમજી શકાય છે તે સિદ્ધાંત પદાર્થોના અનિત્યત્વ અથવા અશાશ્વતત્વ (Impermanence)નો છે કોઈ પણ પદાર્થની એક જ સ્થિતિ કાયમ ટકી રહેતી નથી દરેક વસ્તુનો કાં તો સૂક્ષ્મ ક્રમિક વિકાસ અથવા તો સૂક્ષ્મ ક્રમિક ઘસારો (Growth or decay) સતત ચાલુ જ છે બાળપણ કાયમ નથી રહેતું જુવાની કાયમ નથી રહેતી કે ઘડપણ પણ કાયમ બેસી રહેતું નથી દુઃખ કાયમ નથી રહેતું સુખ કાયમ નથી રહેતું બેકારી કાયમ નથી રહેતી નોકરી પણ કાયમ નથી રહેતી મોટો ચક્રવર્તી સમ્રાટ પણ એક જ સ્થિતિ કાયમ રાખવી રાખવા માગતો હોય તોપણ ટકી શકે તેમ નથી કારણ કે સૃષ્ટિનિયમ જ તેવો છે ખુદ સૂર્ય પણ પ્રત્યેક પળે ૨૫૦૦ ટન જેટલો ક્ષીણ થતો જાય છે અંદરની વસ્તુઓ આ ઝડપે ઊડતી જાય છે (radiates) છતાં પંદર અબજ વર્ષો સુધી સૂર્યનું સંપૂર્ણ મૃત્યુ થાય તેમ નથી આજે ખડેર દેખાતી ઇમારતો વિષે પાંચ હજાર વર્ષ પહેલાં તેની આજની સ્થિતિ થોડાએ જ કલ્પી હશે અને આજના આપણા તાજમહાલના પણ પાંચ હજાર વર્ષ પછી બનારા ખંડેર વિશે આજે આપણામાંથી બહુ થોડા જ કલ્પના કરતા હશે આજે હોલીવુડની રંગભૂમિ ઉપર નાચતી રૂપસુંદરીઓની પચીસ વર્ષ પછી થનારી દશાનું પણ આજે તેમને ભાગ્યે જ ભાન હોય છે

સૂર્ય એકલો જ ક્ષીણ થતો જતો નથી આકાશના લાખો સૂર્યો પ્રતિક્ષણે ખાલી દેખાતી જગ્યામાં અગાધ શક્તિ રેડયે જાય છે (dissipates) પરંતુ સૃષ્ટિમાં માત્ર ક્ષયનું જ શાસન નથી પ્રવર્તી રહ્યું એક બાજુ જેટલો ક્ષય થઈ રહ્યો છે તેટલું જ બીજી બાજુએ સર્જન પણ થઈ રહ્યું હોય છે અને એકંદરે તો શક્તિનું સમતોલપણું સચવાઈ જ રહે છે આને શક્તિના સમતોલપણા કાયમપણા (conservation of energy)નો સિદ્ધાંત કહેવાય છે એક રતલ કોલસાનો નાશ થતો દેખાશે પણ તે પાંચ શેર પકવાન પકાવી શકે છે, પાંચ શેર પકવાનનો નાશ થતો દેખાશે પણ તે અડધો શેર લોહી બનાવે છે આમ પદાર્થ અનિત્ય દેખાય છે પરંતુ પદાર્થમાં રહેલી શક્તિ કાયમ જ રહે છે—માત્ર રૂપાંતર પામે છે એટલું જ

આકાશમાં પ્રતિપળ રેડાતી શક્તિમાંથી જાતજાતના નવા જીવનનું સર્જન થયા કરે છે નવા સમૂહો (Nebula)ની રચના થયા કરે છે અને નવી ક્રિયાઓનો પણ ઉદ્ભવ થયા જ કરે છે આપણે એમ તો ન જ કહી શકીએ કે આપણી પૃથ્વીના માનવીઓ જ ઉત્ક્રાંતિના ઉચ્ચતમ શિખરે છે અન્ય પૃથ્વીઓમાં આપણા કરતાં પણ ઉચ્ચતમ સ્થાનું જીવન જીવતા માનવીઓ હોઈ શકે જો કે દસ લાખ ગ્રહોમાંથી એક ગ્રહમાં જ જીવો જીવી શકે તેવું અનુકૂળ વાતાવરણ તો હોય છે પણ તેથી આપણી પૃથ્વી જ એકલી જીવનવાળી છે એમ ના કહી શકાય અને બીજી પૃથ્વી ઉપર જીવન હોય તો આપણા જીવનને મળતું જ હોવું જોઈએ એવું પણ આવશ્યક નથી

આપણી પૃથ્વી ઉપરના જીવનબીજ (protoplasm)નું સૂક્ષ્મ બંધારણ (colloidal

constitution) કારબનના અણુ ઉપર રચાયેલુ છે તેથી આપણી પૃથ્વી મોટે ભાગે કારબન-જગત (carbon world) કહી શકાય બાણું મૂળ દ્રવ્યોમાના બીજા એકાણુ દ્રવ્યો ઓછાવત્તા પ્રમાણમા પૃથ્વી ઉપર છે જ પરન્તુ મોટા ભાગની વસ્તુઓ કારબનની જ છે આવી રીતે બીજી કોઈ પૃથ્વી ગંધકજગત, સુવર્ણજગત, કે આયોડીન-જગત પણ હોઈ શકે ત્યાના જીવનબીજનુ મૂળ કારબનને બદલે બીજુ પણ હોઈ શકે અને તેને જ અનુસરતી ઉત્ક્રાન્તિ ત્યા થાય

આપણા કાયદાઓ કરતા જુદા જ કાયદાઓને ત્યાનુ જીવન વશવર્તી હોય. તે ગ્રહ જો આપણી પૃથ્વી કરતા વધારે ઝડપથી તેના ભ્રમણમાર્ગ (orbit)માં ભમતો હોય તો ગતિને લગતો લબાઈ અને પહોળાઈ નો સબધ (*Fitz Gerald contraction*) પણ તે ગ્રહ માટે જુદો જ હોય અને તેથી ત્યાના જીવનનુ ધોરણ પણ જુદું જ હોય ત્યાનુ ઠંડી ગરમી વિગેરેનું વાતાવરણ, ગુરુત્વાકર્ષણનું બળ, હવાપાણી વગેરેના તફાવતોને લીધે ત્યા જીવનની ક્રિયાઓ પણ આપણા કરતાં જુદી જ હોય ત્યાના આયુષ્ય, અભીપ્સા, મથન, વ્યાપાર વગેરે દરેકનો પ્રકાર પણ આપણા કરતાં જુદો જ હોય.

આપણા વિચારનું ધોરણ તો અમુક મર્યાદિત કાળ(સવત કે ઈસુસન)પૂરતી સરખામણી ઉપર જ નભેલુ છે, બાકી સૃષ્ટિમા તો ઉત્ક્રાન્તિ સ્વયસપૂર્ણ જ હોવો જોઈએ અને હજારો વર્ષ પછી આ પૃથ્વી ઉપર આવનારું જીવન તો આજે જ કોઈ ગ્રહ ઉપર જિવાઈ રહ્યું હશે અને આપણુ આજનુ જીવન હજારો વર્ષ પછી કોઈ બીજા ગ્રહ ઉપર ઊગવાનું હશે આજે આપણે એ સ્થિતિપલટો નથી જોઈ શકતા, કારણ કે આપણુ કાળભાન ઘણું જ મર્યાદિત છે. આવતી કાલે જર્મની શું નવો દેશ લઈ લેશે તે જ આપણે ના કહી શકીએ તો પછી હજારો વર્ષ પછીની વાત વિષે તો શુ કહી શકાય ?

પણ આજે આપણે જે નથી જોઈ શકતા તે કદી જ નહિ જોઈ શકીએ એમ નથી મૃત્યુને જીવનનો અત માની બેસવાથી જ એવો ભ્રમ પેદા થાય છે. મૃત્યુને જ જીવનનો અંત માની લેનારને ચૈતન્યબળોનું કંઈ જ ભાન નથી હોતુ મૃત્યુ એ જીવનનો અત નથી પરન્તુ સ્થૂળમાથી સૂક્ષ્મ જીવનમાં પ્રવેશવાની એ તો માત્ર એક પ્રક્રિયા જ છે મૃત્યુ એ ચૈતન્ય રૂપાંતરની સીમારેખા છે મૃત્યુ પામ્યા પછી પણ માનવીના ચૈતન્ય-કિરણો તેના સૂક્ષ્મ જીવનમાથી પાછા બોલાવી શકાય છે એ એક પ્રયોગસિદ્ધ સત્ય છે માણસ મરી ગયો એટલે સદાને માટે ખોવાઈ જ ગયો એવુ નથી એ ગમે ત્યાં હોય તોપણ તેને પાછો બોલાવી શકાય તેમ છે. અરે ખુદ મહાભારતનું યુદ્ધ આજે આપણે તેના મૂળ સ્વરૂપમાં—ફિલ્મમાં નહિ—જોઈ શકીએ તેમ છીએ પ્રકાશવિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે કેટલાક તારાઓમાથી પ્રકટી ચૂકેલા પ્રકાશને આપણી પૃથ્વી ઉપર આવી પહોચતા હજાર હજાર વર્ષ લાગે છે. મુંબઈથી ઊપડી ચૂકેલો ફ્રન્ટિયર મેલ તે ઘડીએ તો મુબઈએ ગુમાવી દીધો હોય છે, પણ બે દિવસ પછી જો એરોપ્લેનમા ઊડીએ તો મથુરા કે દિલ્હી આગળ આપણે તેને પાછો પકડી શકીએ છીએ તેવી જ રીતે મહાભારતના યુદ્ધનાં દૃશ્યો – પ્રકાશકિરણો – કુરુક્ષેત્ર છોડીને તો હજારો વર્ષોથી ચાલ્યા ગયા છે, પરન્તુ હજી તેઓ અનત વિશ્વની મુસાફરીમાં ચાલુ જ છે દર્પણથી જેમ સૂર્યકિરણોનું વક્રીકરણ કરી દિશા બદલી શકાય છે તેમ મહાભારતના યુદ્ધના કિરણોને પણ હાલ જ્યાં હોય ત્યાથી પૃથ્વી તરફ પાછા વાળીને તેમના ફેરિયાફ લઈ શકાય તેમ છે ખુદ ભગવાન શ્રી કૃષ્ણના જ સ્વમુખે આપણે ગીતાની કથા સાભળી શકીએ તેમ છીએ અને થરથરતા અર્જુનનું મુખદર્શન કરી શકીએ તેમ છીએ

ત્યારે પ્રશ્ન થશે કે "માનવી મરી ગયો એટલે શુ ?" મરી શુ જાય છે ? મરી જાય છે માત્ર દેહના દ્રવ્યો, તે તેના મૂળ સ્વરૂપમા પાછાં મેળવી શકાતાં

નથી પણ એમ જોવા જઈએ તો ખરી રીતે જીવનભર સતત આપણું મૃત્યુ જ થઈ રહ્યું હોય છે જેમ વૃક્ષના પાંદડાં, ડાળીઓ, ફળ ફૂલ મરે છે છતાં વૃક્ષ તો જીવતું જ કહેવાય છે તેવી રીતે આપણી ચામડી, નખ, વાળ જેવા નાના અંગો મરે છે અને નવા પણ જન્મે છે અને આપણે જેને મૃત્યુ (Complete death) કહીએ છીએ તે પણ એક રીતે મૃત્યુ તો ન જ કહેવાય. શરીરનાં અંગ ઉપાંગોમાંથી કંઈક તો મૃત્યુમાંથી છટકી જાય છે જેને સંતતિ થઈ હોય તે માનવી પૂરેપૂરો મરેલો ન જ ગણી શકાય કારણ કે તેના બધા અંગો મરી ગયા-ઘસાઈ ગયા અને સમતોલ પણ ખોઈ બેઠા-છતાં તેના જ શરીરમાંનું એક વીર્યબિંદુ તો જીવે જ છે ભલે કે તે વીર્યબિંદુ (પુત્ર કે પુત્રી)ની વ્યક્તિમત્તા તેના જ જેવી તો નથી પણ તેનું જીવન ચાલુ રાખનાર એક વસ્તુ તો તે છે જ આખું શરીર મરી જાય પણ એક વીર્યબિંદુ તો જીવતું રહી શકે છે અને આટલું બિંદુ મૃત માનવીનો પૃથ્વી સાથે વ્યવહાર ચાલુ રાખવા સમર્થ છે

મૃત્યુને પૂરેપૂરું સમજવાથી જીવનનો અર્થ સમજી શકાય તેમ છે કોઈ જડવાદી એમ માનતો હોય કે સાચા જૂઠા અને કાળાધોળાં કરીને કોઈ પણ હિસાબે મોજમજાહ અને લહેરપાણી ઉડાવાય તેટલા ઉડાવી લઈએ તેમાં કંઈ ખોટું નથી તો તે માન્યતા ઘોર અજ્ઞાનમૂલક છે "મરી ગયા પછી કોણ સજા કરવા આવવાનું છે" એવા ખ્યાલે ગુના કરે જનાર મોટા ભ્રમમાં જીવી રહ્યો હોય છે ગુનો તો શું પણ એક નાનામાં નાનો વિચાર પણ તેના પરિણામમાંથી છટકી શકતો નથી આજે ને આજે કદાચ વિચારનું પરિણામ જોવા ન મળે પણ તે પરિણામ હજાર દિવસે કે હજાર વર્ષે પણ જોવાનું તો છે જ વિચારના આંદોલનોએ સર્જેલી શક્તિ આજે કોઈ સ્થળે ગર્ભિત (potential) થઈ જમા થઈ હશે પરન્તુ ગર્ભિતનો પ્રગટ (Kinetic) નિર્મિત જ છે એમાં કોઈનું કશું ચાલે તેમ નથી

આજે આપણે સહન કરીએ છીએ તે દુખ ગઈ કાલના કોઈ ખરાબ વિચાર કે ખરાબ કર્મનું જ પરિણામ છે કોઈને ગઈ કાલ એ બહુ ટૂંકો ગાળો જણાતો હોય તો ગયા વર્ષમાં કે ગયા જન્મોમાં કરેલા કોઈ દુષ્ટ વિચારનું જ આ પરિણામ છે એ ચોક્કસ સમજી લેવું ઘટે છે આપણે વિચારો અને કર્મોની વિસ્મૃતિ કરી દઈએ પણ વિશ્વનું સમતોલ પણ સાચવનારો નિયમ બધાનો હિસાબ રાખે છે જીવનનો મામલો સ્મશાનથી જ ખતમ થઈ જતો નથી જો એમ થતું હોય તો પછી સત્કર્મોની કંઈ જ કિંમત રહેતી નથી

આ નજરે જોતા શક્તિના સમતોલપણાનો સિદ્ધાંત આપણને પૂર્વજન્મ અને પુનર્જન્મ વિષે વિચાર કરવા પ્રેરે છે અને આપણું આ ચાલુ જીવન કઈ શક્તિઓના બળે હંકાતું જાય છે તે ઉપર વિચાર કરવાની ફરજ પાડે છે પૂર્વજન્મમાંથી આ જન્મ અને આના પછી બીજા જન્મોની ઉત્ક્રાન્તિ એ કંઈ હેતુહીન બનાવોની પરંપરા નથી સૃષ્ટિના નાનામાં નાના સર્જન પાછળ પણ કંઈ ને કંઈ હેતુ તો હોય છે જ ડાર્વિને જ્યારે પહેલી વાર ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત જગત સમક્ષ રજૂ કર્યો ત્યારે તેને બિચારાને ધર્મઝનૂનીઓ તરફથી હજારો ગાળો પડી અને તે તથા તેના ઉપાસકો નીતિહીન દુષ્ટ વિકૃત માનસવાળા અને બગડેલી બુદ્ધિના ગણાવા લાગ્યા પણ આખરે ખૂબ તિરસ્કાર પામેલા આ ઉત્ક્રાન્તિના સિદ્ધાંતે જ ધર્મધુરંધરોનું કટાઈ ગયેલું વિચારચક્ર ગબડતું કરી આપ્યું અંધશ્રદ્ધા ઉપર રચાયેલા માત્ર કલ્પના અને સ્વેચ્છા મુજબના વિચારોને બદલે વાસ્તવિકતા સાથે સંગત થાય તેવા રહસ્યો જ સ્વીકારાતા ગયા સંજોગોને જીવન અનુકૂળ થતું જાય છે (Law of adjustment) એવા ડાર્વીનના અવલોકનને પાછળથી સ્પેન્સરે જીવનનો ક્રમિક વિકાસ અથવા તો ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત (Law of evolution) એવું નામ આપ્યું એ સિદ્ધાંત પ્રમાણે ચૈતન્યનો ક્રમિક વિકાસ થતા થતાં આખરે દરેક જીવ ઈશ્વરી ચૈતન્ય સુધી પહોંચે

છે (God stage is also a stage of Evolution)

ચૈતન્યની ચઢતા ઊતરતી ઘણી જ× શ્રેણીઓ છે તે બધી વટાવ્યા પછી જ ઈશ્વરી ચૈતન્ય પ્રાપ્ત થાય છે પાર્થિવ બુદ્ધિચાતુર્યને શ્રેષ્ઠ ચૈતન્ય માનવાની ભૂલ રખે કોઈ કરે શ્રેષ્ઠ ચૈતન્યનો સંબંધ તો ભવિષ્યની ચઢિયાતી જિંદગી સાથે છે પાર્થિવ બુદ્ધિચાતુર્યમાં જ રચ્યાપચ્યા રહેનાર ઉચ્ચ ચૈતન્યના માર્ગે પ્રયાણ નથી કરી શકતો પાર્થિવ ચૈતન્યને ઊર્ધ્વગામી ચૈતન્ય તરફ વલણ આપવામાં આવે તો જ પ્રકાશ પ્રાપ્ત થાય છે, ચૈતન્યને ઊર્ધ્વગામી વલણ આપવું એ જ યોગસાધના, એ જ ધર્મ અને એ જ ખરું કર્મ વસ્તુની કિંમત જેટલા પૈસા ના ખરચીએ ત્યાં સુધી તે વસ્તુ મળી શકે જ નહિ આપણું હાલનું જે પાર્થિવ ચૈતન્ય છે તે આપણા અંતઃકરણના અતિક્ષુદ્ર અને મર્યાદિત અંશ વિષે જ સભાન છે આપણા અદૃષ્ટ (Spiritual determinant) ના મોટા અંશ વિષે આપણે અચેતન છીએ આ અચેતનનું નિવારણ કરી ચેતનને જાગ્રત કરવું તેનો જ અર્થ ઊર્ધ્વગામી ચૈતન્ય તરફ વળવું આ આપણું અચેતન આપણને અજ્ઞાનભરી પ્રકૃતિ જોડે બાંધી રાખે છે અને આપણને આગળ વધવા દેતું નથી, ઊલટાનું ઊંધા તર્કો કરાવી આપણું અધઃપતન કરાવે છે ઇન્દ્રિયોના નિગ્રહથી આપણે આ અચેતન ઉપર વિજય મેળવી શકીએ છીએ

ચૈતન્યની ઊંચી શ્રેણીએ પહોંચ્યા પછી એક જ બનાવ નીચી શ્રેણીવાળા કરતાં વધારે સ્પષ્ટતાથી સમજાય છે નબળી આંખ કે નબળા કાન વાળા કરતાં સારી આંખ કે સારા કાનવાળો જેમ વધારે સ્પષ્ટતાથી જોઈ કે સાંભળી શકે છે તેની રીતે પાર્થિવ ચૈતન્ય કરતાં ઊંચી શ્રેણીનું ચૈતન્ય પ્રાપ્ત કરનારો પુરુષ વગર સૂક્ષ્મદર્શક યંત્રે અને વગર લાઉડસ્પીકરે સ્થૂળ નજરે અદૃશ્ય અને અશ્રાવ્યનું દર્શન અને શ્રવણ કરી શકે છે બકરીને મન જે ગુલાબનું ફૂલ ભાજીપાલો હોય તે જ ફૂલ આપણને સુંદર દેખાય, કલાકારને અતિ સુંદર દેખાય અને વનસ્પતિશાસ્ત્રીને વળી રહસ્યમય પણ દેખાય ઉચ્ચ ચૈતન્યના ગર્ભમાં ચઢિયાતું જ્ઞાન ઊંડો અભ્યાસ, એકાગ્રતા અને સાવધાની રહેલાં હોય છે, અને તેની સિદ્ધિવાળા પુરુષને સામાન્ય પુરુષના મનથી અગમ્ય જણાતી વસ્તુઓ સ્પષ્ટતર, તીવ્રતર, તલસ્પર્શી અને સુંદરતર દેખાય છે

આ પ્રમાણે ચૈતન્યની શ્રેણીઓનો વિચાર કરીએ તો મૃત્યુ એટલે ચૈતન્યવિનાશ નહિ પરન્તુ ચૈતન્યનું ઊર્ધ્વગમન અથવા તો અધોગમન જીવન દરમિયાન જો અજ્ઞાનભરી પ્રકૃતિ સાથે બાંધી રાખનાર અચેતનની વિશુદ્ધિ કરી હોય તો મૃત્યુ પછી ચૈતન્ય ઊર્ધ્વગામી બને છે અને જો એ અચેતનને વધારે ગાઢ બનાવ્યું હોય છે તો મૃત્યુ પછી ચૈતન્યની અધોગતિ થાય છે નવા જન્મમાં પ્રાપ્ત થનારી ચૈતન્યયોની આની ઉપર આધાર રાખે છે ચૈતન્યવિશુદ્ધિની ક્રિયા (યોગ) જેને કંટાળાજનક લાગે છે તેઓ આંધળી શ્રદ્ધામાંથી શાંતિ મેળવવા ફાંફાં મારે છે, પરન્તુ અંતે તેમને નિષ્ફળતા જ મળે છે

શરીરમાં પ્રવેશેલાં હવા, પાણી, અને ખોરાકની અસંખ્ય ક્રિયા પ્રક્રિયાઓ થયા પછી તેમાંથી બુદ્ધિ બને છે મનમાંનો એક સારામાં સારો વિચાર પણ કેટલી બધી ક્રિયા-પ્રક્રિયાઓને અંતે જ બને છે આ ક્રિયાઓમાં પ્રવેશેલી એક નાનકડી ક્ષતિ પણ વિચારોને બગાડે છે અને તેમાં ક્ષુદ્ર ચૈતન્ય પ્રવેશે છે તેથી મનને કાબૂમાં રાખવા ઇચ્છનારે આહાર ઉપર મોટો મદાર રાખવો ઘટે છે ભૂસું ખાવાથી ભૂસા જેવી જ બુદ્ધિ ઘડાય છે કાંદા અને મરચું ખાવાથી કાંદા અને મરચા જેવી ગંધાતી અને તીખી જ બુદ્ધિ ઘડાય છે ઘી, દૂધ ફળ જેવો સાત્ત્વિક આહાર લેવાથી સાત્ત્વિક બુદ્ધિ બને છે શુદ્ધમિત અને નિયમિત ખાનપાન શરીરના અવયવોને

× 'The Nature of Consciousness' by L R Rost Lt Col I M S L O B K I H M R C S, L R C P

' પથિકના પત્રો '' શ્રી અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી

સમતોલ અને પવિત્ર રાખે છે અને તેથી ઇન્દ્રિયનિગ્રહ શક્ય બની મનમા એકાગ્રતા સ્થાપે છે, અને ક્ષુદ્ર ચૈતન્ય (વાસનાઓ) અલોપ થવા માંડે છે

મનમા સ્થાપિત થયેલી એકાગ્રતાને શક્તિ પૂરી પાડવા માટે ઊચી કોટીની જીવનશક્તિ સગ્રહવાની જરૂર છે વીર્યરક્ષાથી એવી શક્તિનો પુષ્કળ જમાવ થાય છે તેથી બને તેટલા વધારે પ્રમાણમા બ્રહ્મચર્ય પાળનાર બ્રહ્મના રસને સહેલાઈથી ચાખી શકે છે પરન્તુ એ યાદ રાખવુ ઘણુ જ આવશ્યક છે કે આ આખી યે જીવનશક્તિને ઊધે રસ્તે દોરવવાનો સતત પ્રયત્ન કરી રહેલી અહત્વની લાગણી મનમાં સદાકાળ હાજર રહે છે અહત્વની લાગણી ચૈતન્યને ઊંધે જ રસ્તે દોરવ્યા કરે છે તેથી ઉચ્ચ ચૈતન્યમય જીવન તો મનમાથી અહત્વ ખખેરી નાખ્યા પછી જ શરૂ થાય છે જર્મન કવિ ગેટે કહે છે કે "Das Laben beginnt mit entsagen' (Life begins with renunciation—અહત્યાગ પછી જ જીવનની શરૂઆત થાય છે વાસનાઓરૂપી અધોગામી ચૈતન્યબળો હમેશા સુસસ્કારોમા વિક્ષેપ નાખે જાય છે તેથી અનત ચૈતન્ય તરફ આપણને લઈ જાય તેવા સુસસ્કારોને દરરોજ મનમા ઘૂંટવાની જરૂર છે આપણા સર્વેનો અનુભવ છે કે સારી વાતોની પણ કાળબળે વિસ્મૃતિ થઈ જાય છે તેથી ચૈતન્યની ઊચી શ્રેણીએ ચઢવાની વાત ભુલાઈ ના જાય તેટલા ખાતર નિત્યનિયમ, વ્રત, પૂજા, પાઠ, કિર્તન, ભજન, પ્રાર્થના, આરતી વિગરે ક્રિયાઓને ધર્મપાલનમા અતિ મહત્ત્વનુ સ્થાન છે

આ જ કારણને લીધે શરૂઆતની અવસ્થામા મૂર્તિપૂજા પણ બહુ મદદરૂપ થઈ પડે છે જો જ્ઞાન પચાવ્યુ હોય તેમાથી ઉત્પન્ન થતી અનત શક્તિશાળી ઈશ્વરને શરણે જવાની ભાવના દૃઢ કરવા મૂર્તિ કે પ્રતીક બહુ ઉપયોગમા આવે તેવુ છે પ્રતીકરૂપે સળગાવેલા ઘીના દીવાની જ્યોતમાથી એવો સદેશો વહે છે કે સર્વ વસ્તુ ક્રમે ક્રમે નાશવત છે અખડ જ્યોત એમ કહે છે કે અનત કર્મ કરે જઈએ (ઘી અને દિવેટની કાળજી રાખ્યા કરીએ) તો જ પ્રકાશમાં રહી શકાય છે પુષ્પ, ઉપહાર, નૈવેદ્ય ઈશ્વરતત્ત્વ પ્રત્યે પ્રેમભાવના દૃઢ કરવામા મદદ કરે છે અસમર્પિત વસ્તુનો ત્યાગ એવી ભાવના દૃઢ કરે છે કે મારા બધા કર્મો અનત ચૈતન્યસ્વરૂપ પરમાત્માની પ્રીત્યર્થે જ કરુ છુ અને જીવનનો આખરી અજામ ઉચ્ચતર ચૈતન્યપ્રાપ્તિ થાય એ હિસાબે જ જીવન જીવુ છુ. પરમતત્ત્વને અર્પણ કરવાના કર્મો શુદ્ધ જ હોવા જોઈએ (ખાન્ડી પીવા જેવા નહિ) તેથી દુષ્ટ કર્મોમાથી આપોઆપ બચી જવાય છે શ્રીમદ્ વલ્લભાચાર્યજી*એ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો પ્રચાર કરીને આપણી ભાવનાઓને ઈશ્વરતત્ત્વમા જોડવા માટે પ્રાથમિક ભૂમિકા તૈયાર કરી આપી છે

પણ ભક્તિથી ઉચ્ચ ભાવનાઓ દૃઢ થયા પછી ચૈતન્યપ્રાપ્તિ માટે તો ઇન્દ્રિયનિગ્રહ અને યોગસાધના કરવાનુ રહે છે જ ખરુ રહસ્ય સમજ્યા વગર યંત્રવત્ સધ્યા, પૂજા, નૈવેદ્ય, આરતી કરે જવા એ અર્થહીન છે એનુ કંઈ જ ફળ નથી એ ભ્રમ છે નિત્ય પૂજાપાઠ કરનારા હજારમાથી એક જ જણ તે પૂજાપાઠનુ રહસ્ય સમજતું હોય છે, બાકીના બધા તો તેમ કરવાથી ચોક્કસ લાડવો મળી જ જશે એવી કોઈ આંધળી શ્રદ્ધાના માર્યા જ પાઠો પૂરો જાય છે અને તે નિષ્ફળ જાય છે પૂજાપાઠનુ મહત્ત્વ એ જ છે કે અમુક મૂળ સિદ્ધાન્તો ફરી ને ફરી મનમા ઘૂટીએ તો જ પ્રતિદિન દુન્યવી વાસનાઓ તરફ ખસડાતુ મન કાબૂમા રહી શકે છે દેહ અને દેહજન્ય સુખો નાશવત છે, અહભાવના ઘાતક છે, ચૈતન્યવૃદ્ધિ જ મારુ અંતિમ ધ્યેય છે વિગેરે જ્ઞાનકિરણોથી મનમા રોજ પ્રકાશ ફેંકવામાં આવે તો વિચારોની તલવાર તેજસ્વી રહે છે અને વાસનાઓનો કાટ ચઢવા પામતો નથી

મૃત્યુ સુધી કરેલા વિચારોના આદોલનોની શક્તિનો જેવા સચય-જમાવ (Potential) થયો

---

* "વલ્લભીય પોડશ ગ્રંથો" લેખક શ્રી નાનાલાલ દલપતરામ કવિ એમ એ

"પુષ્ટિમાર્ગનો ઇતિહાસ" લેખક શ્રી પ્રો. જેઠાલાલ ગો. શાહ એમ એ

હોય છે તેવા ચૈતન્યનો મૃત્યુ પછી પ્રસવ (Kinetic) થાય છે. વિચાર એ મોટામા મોટુ બળ છે તે અદૃશ્ય છે, પણ આગળ જતા વિચાર જ આકાર ધારણ કરે છે. આપણો શબ્દ કે ભાષા તે અંતરના વિચારોનુ જ બાહ્ય સ્વરૂપ છે આપણને વિચારની શક્તિ વિષે જ્ઞાન હોય, કે ના હોય છતા તે શક્તિ તો નિયમ મુજબ પોતાનું કામ કરે જ જાય છે અમુક બળ અને અમુક પ્રાણ રેડાયા પછી જ ચૈતન્યની ઉચ્ચ શ્રેણીએ તો પહોચી શકાય છે તે બળ કે પ્રાણને વાસનાઓ જો રૂંધે છે તો તે વાસનાઓની પહેલી શુદ્ધિ થયા પછી ચૈતન્યશ્રેણીમા આગળ વધાય છે **જીવન દરમિયાનની આપણી વાસનાઓ ઉપરથી આપણા આગામી ચૈતન્યની શ્રેણી નક્કી કરી શકાય છે**

પૂર્વજન્મોમા જે જે ચૈતન્યકક્ષાઓ વટાવી હોય છે તેમાથી અમુક સત્કર્મો અને અમુક અતૃપ્ત વાસનાઓનુ ભાથું ભરીને આપણે આવીએ છીએ આ ભાથાને આપણા આ જીવનનું "અદૃશ્ય" અથવા તો જીવનનિયામક (spiritual determinant) કહેવાય છે આ "અદૃષ્ટ"માથી કોઈ પણ છટકી શકે નહિ તેની વસૂલાત આ જન્મમા અને આ જન્મમા નહિ તો આવતા જન્મોમા પણ કરવી જ પડે છે આ જન્મમા દેખીતી રીતે સત્કર્મો કરનારા પણ લડાઇમા કેમ કપાઈ મરે છે, અકાળે વૈધવ્ય કેમ પ્રાપ્ત કરે છે, અકસ્માતે કેમ મરે છે, ભિખારી કેમ થઈ જાય છે એવી શંકાઓનો જવાબ વ્યક્તિના પૂર્વજન્મસંપાદિત "અદૃષ્ટ"મા જ સમાયેલો છે **કુદરતના કાયદાઓમાં અન્યાય છે જ નહિ. કોઈ મૂર્ખ રહેવા પામે, કોઈ દલિત રહેવા પામે, કોઈ ગરીબ રહેવા પામે તેનો શક્ય તેટલો ઉદ્ધાર માનવબંધુઓ કરે તે પ્રસંશનીય છે. પણ તે છતાં જો તેનો ચૈતન્યોદ્ધાર ના થાય તો તે તેના 'અદૃષ્ટ' નો જ વાંક છે. અદૃષ્ટની વસૂલાતમાંથી કોઈ પણ છૂટી શકે નહિ**

જીવન અથવા ચૈતન્યનુ મૂળ જ જો આપણે શોધીએ તો હાલના દુ:ખોનાં લક્ષણની ચિંતા કરવાની રહેતી જ નથી હાલના તબક્કે આપણુ કર્તવ્ય તો બગડેલી બાજી સુધારી લેવાનુ જ હોઈ શકે, ઉચ્ચ ચૈતન્યમા ગરકાવ થવાની લાયકાત પ્રાપ્ત કરવાનું હોઈ શકે અદૃષ્ટની જેને પ્રતીતિ થઈ છે તેવા કેટલાયે સમજુ સ્ત્રીપુરુષો દુ:ખને ધીરજથી સહન જ કરે છે, પછી ભલે તે દુ:ખ દુનિયાની નજરે ભયંકર અન્યાયરૂપ જણાતું હોય અને દુન્યવી અદાલતોદ્વારા નિવારી શકાય તેવુ પણ દેખાતું હોય સમજુ માણસ આત્મશુદ્ધિથી જ ન્યાય મેળવી લે છે, ન્યાય મેળવવા જાત સિવાય બીજા કોઈની ઉપર દયાણ કરતો નથી, બીજા કોઈને દોષ દેતો નથી **શક્ય તેટલો પ્રમાણિક પુરુષાર્થ કરી જુએ છે પણ ન્યાય મેળવવા લાંચ ખુશામત જેવાં ઊતરતાં અધોગામી વમળોમાં સપડાતો નથી** આવી મનોવૃત્તિ તે સાચી શ્રદ્ધા છે, અંધશ્રદ્ધા નહિ આ જાતની શ્રદ્ધા બુદ્ધિપ્રેરિત, જ્ઞાનગર્ભિત અને આત્મવિશ્વાસમાથી પ્રકટેલી હોય છે. ગીતામા સંસિદ્ધિ મેળવનાર જે શ્રદ્ધાવાન નરનો ઉલ્લેખ છે તે નરની આ શ્રદ્ધા છે

દુ:ખ એ અકસ્માત છે જ નહિ. દરેક પ્રતિક્રિયાના કારણરૂપ કોઈક મૂળ ક્રિયા તો થઈ જ હોય છે દુ:ખરૂપી પ્રતિક્રિયાનું મૂળ આ જન્મના કૃત્યોમાથી ના મળે તો ગયા જન્મમા હોવુ જોઈએ ક્રિયા કર્યા પછી તેની પ્રતિક્રિયાનો વિરોધ કરવો એ વ્યક્તિત્વનું ભાજન કરવા બરાબર છે સિનેમાના પડદા ઉપર જે દૃશ્યો પ્રોજેક્ટ થાય છે તે દૃશ્યો ફિલ્મમાં છપાયલા હોય છે તો જ પડદા ઉપર આવે છે ફિલ્મમા નહિ છપાયેલુ એક પણ દૃશ્ય પડદા ઉપર નથી આવતુ પૂર્વજન્મોમા ઉતારેલી ફિલ્મનું જ આ જન્મમા પ્રતિબિંબ પડે છે એ કલાકમા જોઈ નખાતી ફિલ્મ પાછળ છ મહિના સુધી ઉઠાવેલી મહેનત જેમ અદૃશ્ય રહે છે એક કલાકમાં વંચી જવાતા લેખ પાછળ છુપાયેલુ અધ્યયન જેમ અદૃશ્ય રહે છે તેમ આ જિંદગીના બનાવો પાછળ છુપાયેલું પૂર્વજન્મોનું 'અદૃષ્ટ' પણ અજ્ઞાત રહે છે. પરંતુ જો તે અજ્ઞાત વસ્તુઓ જાણવાની પરવા હોય અને પ્રયત્ન કરવામા આવે તો જાણી પણ શકાય છે આપણા દુ:ખોનુ મૂળ શોધીએ તો શોધાય તેવુ છે.

જીવનની ક્રિયાઓ, જેવી કે જન્મવું, વધવું, જીવવા તરફડિયા મારવા, સહન કરવું, ભાગ્ય દુર્ભાગ્ય મેળવવા, પ્રજોત્પત્તિ કરી યોની જારી રાખવી, રોગવશ થવું, વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરવી, મરી જવું, દાનપુણ્ય કરવાં, ચોરી લૂંટફાટ ખૂન કરવા, વિગેરેની પ્રતિક્રિયાઓ આપણા ચૈતન્યના વહેણમાં જાણ્યેઅજાણ્યે ફેરફારો કરે છે અહંમાં લુબ્ધ થયેલા માનવીનો જીવ્યા કરવા માટે બહુ તરફડાટ હોય છે, પૈસાના લોભમા ફસાયેલાને અસંતોષ અને કંગાલિયત બહુ કનડે છે, બીજાને ત્રાસ આપવા તલસી રહેનાર ધિક્કાર અને ક્રોધથી બળ્યો બળ્યો રહે છે, બીજાને સુખી કરવા ઝંખી રહેલા માનવીમાં આત્મસંતોષ અને આનંદ છવાઈ રહ્યા હોય છે આ પ્રમાણે આ જન્મમા જે જે વાસનાઓનું ખાતુ જમા થાય છે તેને વાસનાની તૃપ્તિ અર્થે અધોગામી કે ઊર્ધ્વગામી ચૈતન્યશ્રેણીમા જન્મ લેવો પડે છે

ઉત્ક્રાન્તિના સિદ્ધાન્ત પ્રમાણે વાસનાઓના વિકાસ મુજબ નીચેની ચૈતન્યશ્રેણીઓ કલ્પી શકાય છે —

૧. નર્કયોની

આ જાતના વાસનાદેહમા જીવવા માટે તરફડિયા સિવાય બીજુ કંઈ ઊંચુ ચૈતન્ય હોતુ નથી પારાવાર દુઃખ અને દુઃખમા દુઃખ જીવન એ જ આ યોનીની યાતના છે ઉચ્ચ ચૈતન્યશાળી વાતાવરણ મળે તો જ આ યોનીમાથી ઉદ્ધાર થઈ શકે છે બાકી તેમા ફરી ને ફરી જન્મ લઈને સબડયા કરવુ પડે છે

૨. દૈત્યયોની

આ યોનીમા બીજાને દમવો, પીડવો એવી રાક્ષસી વાસનાઓ પોષવા જેટલું જ ચૈતન્ય હોય છે. રાક્ષસોનું જીવન ધિક્કાર અને ક્રોધથી બળી મરવા સિવાય બીજુ કંઈ જ નથી વાસનાઓ ઓછી કરવાથી આ યોનીમાથી છટકી ઉચ્ચતર શ્રેણીનું ચૈતન્ય પ્રાપ્ત થાય છે અને વાસનાઓ વધારવાથી ઊંડું નર્કયોનીમાં અધઃપતન થાય છે.

૩. પ્રેતયોની

આ યોનીમા સ્વાર્થ, લોભ, સંગ્રહવૃત્તિ, કંજુસાઈ જેવી વાસનાઓ તીવ્ર હોય છે અને તેવી વાસનાઓ પોષવા મલીન ઉપાયોનો આશ્રય શોધ્યા કરવાનું જ જીવન હોય છે. પરિણામે અસંતોષ અને કંગાલિયતમા સબડયા કરવુ પડે છે, અસંતોષ ઘટાડીને ઉદારતા કેળવવાથી આ યોનીમાથી મુક્તિ મળે છે વાસનાઓ પોષવા બીજાને દમવા જતાં દૈત્યયોનીમા ચાલ્યા જવું પડે છે

૪ પશુયોની

આ યોનીમાં હલકટ વાસનાઓ મરી ગયેલી હોય છે પરંતુ જીવ્યા કરવાની, જીવ બચાવવાની એક કામવાસના તીવ્ર હોય છે જંગલી પશુઓ કરતા પાળેલાં પશુઓની વાસનાઓ વધારે નરમ બની ગઈ હોય છે ગાય, કૂતરા, ઘોડા, પોપટ જેવા પશુઓમા તો લગભગ સારાસાર વિવેકબુદ્ધિ અને સમજશક્તિ જેટલું ચૈતન્ય પણ આવી ગયુ હોય છે

૫ મનુષ્યયોની

આ યોનીમા ચૈતન્યનો ઘણો વિકાસ થયેલો હોય છે પણ પૂર્વની, યોનીઓના કર્મો પ્રમાણે, કંઈક અશુભ વાસનાઓ રહી ગઈ હોય છે આ રહીસહી અશુભ વાસનાઓની જો વિશુદ્ધિ થઈ જાય તો ઉચ્ચતર ચૈતન્ય પ્રાપ્ત થાય છે, અને વિશુદ્ધિને બદલે જો વાસનાઓને પાછી વધારે મલીન બનાવી દેવામા આવે તો અધોગામી ચૈતન્ય લઈને પાછુ જુની યોનીઓમા તે વાસનાઓ તૃપ્ત કરવા જન્મ લેવો પડે છે સ્કૂલનો વિદ્યાર્થી નીચી ચોપડીના જ પાઠો ભણ્યા કરતો હોય તો તેને ત્રીજા ધોરણમાં પાછો ગોઠવવો એ જ ઠીક રસ્તો છે અને એમ એ ના પકડે ભણતો હોય તો તો એમ એ ની પરીક્ષામાં બેસાડવો એ જ ઠીક છે

૬. દેવયોની

આ યોનીમા જીવ્યા કરવાની કામના સંપૂર્ણ રીતે શમી ગઈ હોય છે મનુષ્યોની કરતાં સ્પર્શ,

ગધ, રગ, વગેરેની પરીક્ષા કરવાનુ ચેતન્ન તીવ્ર પ્ર હોય છે અલ્ટ્રાવાયોલેટ અને તેથી પણ સૂક્ષ્મતર આંદોલનોને દશ્ય પ્રકાશની જેમ જોઈ શકે છે ૫૦૦ થી ૧૬૦૦૦ વર્ષ સુધીની લાંબી જિંદગી ભોગવે છે હિમાલયની તળેટીમા વસતા યોગીના જેવુ કંઈક જીવન હોય છે

૭ રૂપલોક

દેહધારી નહિ પરંતુ સૂક્ષ્મ અદશ્ય સ્વરૂપ, લાખ વર્ષ જેટલી લાંબી જિંદગી અને હાલવા-ચાલવા ઊડવામા અસન ઝડપ ચંદ્રમાથી મગળમા અને મગળમાથી શુક્રમા કૂદકો મારવાનુ મુશ્કેલ નહિ

૮ પરમચેતન્ય

આખી શૂન્ય જગા ભરી દેનાર તત્ત્વમા એકરૂપ થઈ જવુ અને વિશ્વના દરેક કર્મના સાક્ષીરૂપ થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરવુ આને નિર્વાણ મોક્ષ અથવા ઈશ્વરપ્રાપ્તિ કહેવાય

આ તો આપણે માત્ર કલ્પનાજ× કરી પરતુ ઉત્ક્રાન્તિના વિશ્વનિયમ પ્રમાણે ચેતન્યનો આવો વિકાસ હોઈ શકે એ માનવા જેવુ છે ઉત્ક્રાન્તિના સિદ્ધાતને આધ્યાત્મિક રૂપ આપીએ તો પુનર્જન્મ અને ઉચ્ચતર ચૈતન્યશ્રેણીઓની વાત સમજમા ઊતરી શકે તેમ છે **પ્રત્યક્ષીકરણ માટે તો અભ્યાસ, યોગસાધના અને જાત ઉ રના અખતરાઓની જ જરૂર છે**

આવા અખતરાઓ થયાનુ પણ આપણે કયા નથી સાભળતા? સામાન્ય માણસો જોઈ શકે, સહન કરી શકે, તેના કરતા તીવ્રતર શક્તિઓ ધરાવનારા યોગીઓ કોઈ કોઈ વાર જરૂર મળી આવે છે કાચ ખાઈ જનાર, ઝેર ગળી જનાર, અગ્નિ ઉપર ચાલનારા, જમીનમા દટાઈ જનાર અને તે છતા જીવતા જ રહેનાર ચમત્કારી પુરુષો તો આપણામાથી ઘણાએ જોયા હોય છે આવા પુરુષોને હાથચાલાકી વાળા જાદુગરોની કોટીના માની લેવાની ભૂલ રખે કોઈ કરે આ ચમત્કારો યોગિક બળ (Psychic Powers)ને આધારે જ થાય છે **જાદુ એ તો માત્ર સાધારણ જ સિદ્ધિ છે અને નમળી બુદ્ધિવાળા ઉપર રોફ મારી ખાવા કરતાં વિશેષ કંઈ જ નથી, પણ યોગિક બળ એ તો અસાધારણ સિદ્ધિ છે** યોગિક બળ સિદ્ધ કરવા માટે મનની એકાગ્રતા એ પહેલું જ પગથિયુ છે મનની એકાગ્રતા માટે શક્તિ, વિચાર અને સશોધનની તલ્લીનતા કેળવવી પડે છે

આપણા મનની શક્તિ કેટલી અગાધ છે તે તે તેમાથી નીપજતું યોગિક બળ બતાવી આપે છે મનુષ્યના મગજમા ૧૪૦૦ ૦૦૦૦૦૦ કોષો એટલે કે કર્મબિંદુઓ છે કોઈ કોષ અમુક કર્મ કરવા પ્રેરે તો કોઈ બીજુ કર્મ કરવા પ્રેરે જ્યારે બધા કોષો એકતાર અથવા તો એકાગ્ર થાય ત્યારે સારામાં સારુ ધારેલુ કામ થઈ શકે છે એકાગ્ર મનવાળો માણસ સ્થિરતાથી વિચાર કરી શકે છે અને તેથી તેનું આખુ વિચારબળ ધાર્યું કામ કરવામા રોકાઈ જાય છે હજારો પ્રશ્નોમા ભટકતા મનનુ વિચારબળ વહેચાઈ જાય છે અને દરેક પ્રશ્નનો ઉકેલ નબળો જ પરિણમે છે ઘણા મનુષ્યોના તો બધા યે કોષો જીવતા પણ નથી હોતા – ગાડાઓના તો ઘણાખરા કોષ મરી ગયા હોય છે વર્જ્ય ખોરાક, દારૂ દવા, થાક વિગેરેથી પુષ્કળ કોષો માદા પડે છે અને તેવા કોષોવાળા મનુષ્યો એકાગ્ર મનવાળા મનુષ્યની જેમ દરેક વસ્તુસ્થિતિ સ્પષ્ટતાથી સમજી શકતા નથી મનની એકાગ્રતા વધારવા માટે નીચેની સાધના આવશ્યક છે —

(૧) આળસ અને બેદરકારીનો સંપૂર્ણ ત્યાગ કરવો

(૨) તામસી ખોરાક અને તામસી સ્વભાવનો સર્વથા ત્યાગ કરવો

(૩) દેહસુખની ક્ષુદ્ર વાસનાઓમાથી મનને ભટકતુ અટકાવવુ

× આ કલ્પના શ્રીબુદ્ધ ભગવાનની છે અને વૈજ્ઞાનિક અવલોકનને સાનુકૂળ છે છતા આવી વાતોના પુરાવાઓ અશક્યવત્ હોવાથી જ અહીં 'કલ્પના' શબ્દ વાપર્યો છે, ધર્મશાસ્ત્રોની ટીકા કરવાના ઇરાદાથી નહિ

(૪) કપટ (malice)થી અલિપ્ત રહેવું કપટ પાછળ મનના લાખો કોષો રોકાઈ જાય છે

(૫) અને તેટલું મૌન પાળવું

(૬) અને તેટલો વીર્યસંચય કરવો

(૭) એક કામ ચાલતું હોય ત્યારે મનને બીજા કામમાં ભમતું અટકાવવું

(૮) અભિપ્રાયોનું ડામાડોળપણું દૂર કરી સ્થિરતા સ્થાપવી

આવી સાધના કરનારમાં અજબ આત્મવિશ્વાસ પ્રકટે છે અને તેથી જ તે ચમત્કારિક કાર્યો કરી શકે છે આવી સિદ્ધિઓમાં પણ ચૈતન્યભેદ પુષ્કળ હોય છે જેને આપણે "મેલી વિદ્યાઓ" કહીએ છીએ તે સિદ્ધ કરવાના હેતુથી જે લોકો આવી સાધનાઓ કરે છે તેઓ અધોગામી રાક્ષસી ચૈતન્ય તરફ ધસી રહ્યા હોય છે, અને શક્તિનો દુરુપયોગ કરવાની પ્રતિક્રિયાના અધિકારી બને છે સાધનાઓથી મેળવેલી શક્તિ જ્યારે અંગત ફાયદા માટે વપરાય છે ત્યારે સાધનામાંથી ચ્યુત થવાય છે અને સિદ્ધિ નષ્ટ થઈ જાય છે

આવી સાધનાઓથી દૃષ્ટિ શ્રવણ, સ્પર્શ ગંધ વગેરેની સામાન્ય મર્યાદાઓથી કંઈક વિશેષ પ્રમાણમાં તે ક્રિયાઓ કરી શકનારાઓના પ્રકાર આવા હોય છે —

(૧) આકાશીય અવાજો સમજી શકનારા ભૂત પ્રેતાદિ સાથે વાતચીત કરનારા

(૨) હિપ્નોટીઝમથી બીજાના વિચાર જાણી લેનારા

(૩) અગ્નિ ઉપર ચાલનારા ઝેર કાચ, વિષ્ટા વગેરે ખાઈ જનારા શરીર ઉપર ખીલા ઠોકાવનારા સામાન્ય માનવીને કઠિન દેખાતી ક્રિયાઓ કરી શકનારા હઠયોગીઓ

(૪) સમાધિથી દુઃખ અને મૃત્યુનો સામનો કરી શકનારા, ભીષ્મપિતામહ જેવા સમાધિસ્થ યોગીઓ

(૫) જ્ઞાનથી દુઃખ અને મૃત્યુને પચાવી જનારા

(૬) બીજાની પાસે ધાર્યું કરાવનારા

(૭) તાવીજો દ્વારા ભવિષ્ય કહી શકનારા

(૮) પોતાનું રૂપ બદલી શકનારા, એકી સાથે ઘણી જગ્યાએ દેખાનારા સૂક્ષ્મ રૂપે અલોપ થઈ જનારા

(૯) આશીર્વાદના બળથી બીજાઓની શક્તિ વધારી આપનારા અનુગ્રહકો

ચૈતન્યના આવા વિવિધ પ્રકારો જોતાં સર્વશ્રેષ્ઠ ચૈતન્યની કલ્પના કરી શકાય ખરી આવા ચમત્કારોનો રચ્યોપચ્યો પણ એકે દાખલો જોવા ન મળે તો આવી વાતો વાહિયાત ગણી શકાય પરન્તુ પૂર્વજન્મની હકીકત કડકડાટ બોલી જનારા બાળકો, દૃષ્ટિ માત્રથી ચાલતી ટ્રેન અટકાવી દેનારા મહમદ છેલો, અંતર્જ્ઞાનથી જ કોઈ પણ વ્યક્તિનું ભવિષ્ય કે ભૂતકાળ કહી શકનારા ત્રિકાળજ્ઞાનીઓના સમાચારો છાપાંઓમાં ઘણી વાર વાંચવામાં આવે છે એટલે આ વિષય ઊંડેથી વિચારવા જેવો છે ઉત્કટ ભક્તિયોગથી ધ્રુવ પ્રહ્લાદ તુકારામ, નરસિંહ ચૈતન્ય-મહાપ્રભુ તુલસીદાસ વગેરે મહાનુભાવોને થયેલી ઈશ્વરપ્રાપ્તિની વાત હસી કાઢવાનું ઘણાને સહેલું લાગે છે તે ચૈતન્યવિજ્ઞાનના અજ્ઞાનને લીધે જ બાકી આ જ યુગમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ સ્વામી રામતીર્થ જેવા જાણીતા અને અજાણ્યા અસંખ્ય યોગીઓ ચૈતન્યવિજ્ઞાનમાં પ્રગતિ કરીને જ ઈશ્વરપ્રાપ્તિ કરી શક્યા છે તે અજાણ્યું નથી

ચૈતન્યોત્કર્ષ માટે ધર્મ અને વિજ્ઞાનને આ પ્રમાણે વિસ્તૃત અર્થમાં સમજી લેવાની પહેલી જરૂર છે અને પછી તેમાંથી પરિણમતું જ્ઞાનજન્ય જીવન જીવવામાં જ ઈશ્વરપ્રાપ્તિનો રસ્તો સમાયેલો છે પરન્તુ આજે તો એક બાજુ ધર્મ પાળનારો વર્ગ અંધશ્રદ્ધામાં ખૂંચેલો છે અને બીજી બાજુ ધર્મ નહિ પાળનારો વર્ગ જડવાદમાં ખૂંચેલો છે ધર્મઘેલો એમ જ માનતો મનાવતો ફરે છે કે ગીતા કે વેદથી વિશેષ નવું

રહસ્ય હોઈ શકે જ નહિ, અને જડવાદી તેનો એક હાથ પાટલૂનના ખીસામાં નાખીને અને બીજે હાથ સિગારેટ ફૂંકવા મુખ આગળ ધરીને ધૂમ્રપાનના ગોટાઓ સાથે ઉચ્ચારે છે કે "આજે મોજ કરી લો, કાલ કોણે દીઠી છે?" આ બન્નેને જો જીવનનાં **મૂલ્ય સમજાવવામાં આવે તો જગતમાં આજે જે અવદશા વ્યાપી રહી છે તે પળવારમાં દૂર થઈ જાય.** વેદ, ગીતા, બાઈબલ, કુરાન, અવેસ્તા કે ગ્રંથસાહેબ ઈશ્વરપ્રાપ્તિ માટે જરૂર સહાયરૂપ છે, પરંતુ તેથી એમ નથી ઠરતું કે નવા પ્રકાશો સામે આંખ મીંચી દેવી. વિજ્ઞાન નવા પ્રકાશો સામે ઉપેક્ષાથી નથી જોતું. વૈજ્ઞાનિકોને વિરોધકોના સાચાપણા માટે કોઈ પૂર્વગ્રહ કે પોતાના સાચાપણા માટે કશો દુરાગ્રહ નથી હોતો. દ્વેષરહિત બુદ્ધિ (open mind)થી પ્રકટ (demonstrate) કરી શકાતાં રહસ્યો ઉપર જ તેઓ સાચાપણાનો આધાર રાખે છે.

વિજ્ઞાન દ્વારા ઈશ્વરપ્રાપ્તિ કરવા ઇચ્છનારો શ્રદ્ધાવાદ કે આશાવાદનો વિરોધી નથી હોતો પરંતુ તેની શ્રદ્ધા અને આશા વેવલાપણામાંથી મુક્ત હોય છે. અંધશ્રદ્ધાળુઓ બધું ઈશ્વર ઉપર જ છોડી દે છે. મારી નાખ્યા તો ઈશ્વરની ઇચ્છા, માંદા પડ્યા તો ઈશ્વરની ઇચ્છા એવી મનોવૃત્તિ ઈશ્વરને જ અવગણવા બરાબર છે. ઈશ્વર આપણી પાસે ઘટનાઓનું રહસ્ય શોધવા ઘટનાઓ મોકલે છે, ઈશ્વર ઉપર છોડી દેવા નહિ હિમાલયના પીગળતા બરફના પહાડ ઉપર ચાલતી વખતે કે ઍરોપ્લેનમાં બેઠા પછી કોઈ ઈશ્વર કે દેવદૂત આપણું રક્ષણ કરવા નથી આવનારો. કોઈ બચાવવા આવી પહોંચશે એવો ભ્રમ સેવીને ઍરોપ્લેનનું સુકાન વહેતું મૂકી દઈએ તો ચોક્કસ આપણો વિનાશ જ થાય. સાવધાની રાખવાનું કામ આપણું છે, તે ઈશ્વર ઉપર ના છોડી દેવાય. આશાવાદનો અર્થ દુર્લક્ષ અને બેદરકારી નથી થતો; ઈશ્વર ઉપર પૂર્ણ ભરોસો–તેના ન્યાય માટે સો ટકા વિશ્વાસ–હોવો તે ખરો આશાવાદ છે. ઈશ્વર આપણને ડરપોક અને સશોધનભીરૂ, અજ્ઞાની અને વેવલા જોવા નથી ઇચ્છતો. ગમે તે વાતમાં ઈશ્વરને વચમાં લાવી દેવો એ અજ્ઞાન છે. ઈશ્વર શબ્દ તો મનના વિચારોની ઉચ્ચમા ઉચ્ચ ગૂંથણી માટે ઉપાયરૂપ જ રાખવો જોઈએ અને આ ગૂંથણી પહેલેથી છેલ્લે સુધી સ્વસંગત હોવી જોઈએ.

●

પથેર પાંચાલી

[મૂળ લેખક–શ્રી. વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, અનુવાદક–શ્રી. ઊર્મિલા, પ્રકાશક–ભારતી સાહિત્ય સંઘ, શ્રીમાળી સોસાયટી, પો. બો. નં. ૭૩, અમદાવાદ; પૃષ્ઠસંખ્યા–૪૨૩; પાકુ પૂઠું; મૂલ્ય—બે રૂપિયા]

શરદબાબુની કૃતિઓથી ગુજરાતને એવું ઘેલું લાગેલું કે તેમની એક જ કૃતિના સારાનરસા અનુવાદો એક કરતાં વધારે થવા લાગ્યા તે ય તેણે સહી લીધું. પણ 'પથેર પાંચાલી'નો આ અનુવાદ ગુજરાતને એટલું કહી શકે એમ છે કે બંગાળમાં એવા બીજા સાહિત્યકારો છે, જેમની કૃતિઓનો અનુવાદ થવો ઘટે છે. ગરીબ મધ્યમવર્ગના કુટુંબજીવનના સાદા ને કૂણા ભાવો આ નવલકથામાં વણાયા છે. ઇન્દિર ઠાકુરણ, સર્વજયા, દુર્ગા કે અપુ–એ બધાં મુખ્ય પાત્રો તો ખરાં જ, પરંતુ નીરેન કે સીતા સરખાં ગૌણ પાત્રો પણ એવાં તો સુરેખ છે કે લેખકના પાત્રવિધાનની પ્રશંસા કરવી જોઈએ. ઇન્દિર ઠાકુરણ કામઢી, ખંધી, ભુખાળવી ને વત્સલ એવાં વિધવિધ સ્વરૂપે પ્રગટ થઈને પણ માનવ પ્રકૃતિના ભોળીપણાનું સુંદર સૂચન કરે છે. એને ક્યાંય ગોઠે નહિ ને જ્યાં ગોઠે ત્યાં અપમાન વેઠાય નહિ સર્વજયા એને સંઘરે નહિ, છતાં દુર્ગાની ખેંચાઈ એ આવે. એનું મૃત્યુ એ કારુણ્યની પરિસીમા છે. એ મૃત્યુ સર્વજયા પ્રત્યે અભાવો ઉત્પન્ન કરે છે, પણ રૂક્ષ લાગતી સર્વજયાની રૂક્ષતામાં ઠેકાણે ઠેકાણે છિદ્ર પડી ગયાં છે ને અને એને ઇન્દિર ઠાકુરણને કનડ્યાનો પશ્ચાત્તાપ ક્યાં નથી થતો! સર્વજયાનું માતૃત્વ, સ્નેહ, તિતિક્ષા ને ત્યાગ માનપ્રેરક છે. સુંદર, નિર્દોષ, ભોળું ને સ્નેહપૂર્ણ જીવન તો દુર્ગાનું છે. તેના મૃત્યુમાં તો વેદનાની અવધિ આવી જાય છે. આવી સાદી વાર્તા, નિત્યજીવનનું આવું સાદું વસ્તુ, છતાં ભાવના આવા તાણાવાણા–લેખકની શક્તિ માટે માન ઉત્પન્ન કરે છે. અપુનું આચારપદ, મુગ્ધ, સાહસિક વ્યક્તિત્વ પણ એવું જ સુરેખ છે. એકંદરે આખી યે વાર્તા નૈસર્ગિક ભાવોનું એક વેદનાવર્ણ્ય મધુર વાતાવરણ ઉત્પન્ન કરે છે ને વાર્તાનો અંત પણ એક નૈસર્ગિક આશાની કલ્પનામાં જ નથી આવતો! એ કલ્પના પણ કેવી આંસુભીની છે! પુસ્તકનો અનુવાદ આવું રસોદ્દીપન કરાવી શકે છે તે જ એની સફળતા સૂચવી દે છે.

'મજ્તમંધુ'

હિંદનો પોલાદ અને લોઢાનો ઉદ્યોગ

શ્રી. ડુંગરશી ધરમશી સંપટ

લોઢું

જમીનમાંથી નીકળતી સર્વ ધાતુઓમાં લોઢું સૌથી ઉપયોગી અને મહત્ત્વની ધાતુ છે. ખેતીનાં ઓજારો, કારીગરોના હથિયારો, સૈનિકોનાં શસ્ત્રો, કારખાનાંઓ અને ખાણોનાં યંત્રો, રેલવે, સ્ટીમરો, વિનાશનાં શસ્ત્રાસ્ત્રો, ઘર બાંધવાના પદાર્થો, પુલો, રેલરસ્તો, ટાવરો, અમેરિકાનાં ગગનચુંબિત મકાનો, મકાનો વગેરે આધુનિક પ્રજાઓને જોઈતા ચાલુ ઉપયોગના બધા પદાર્થોમાં લોઢાનો મહત્ત્વનો અને મુખ્ય ઉપયોગ છે. આધુનિક વિજ્ઞાનવાદીઓના મત મુજબ લોઢાનો ઉપયોગ (Iron age) થયે પાંચેક હજાર વર્ષો થયાં છે. એ સમયથી એનો ઉપયોગ વિકાસ પામતાં પામતાં છેલ્લાં બસો વર્ષમાં પથ્થરને બાદ કરતાં બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધારે મોટા પ્રમાણમાં થતો રહ્યો છે યંત્રો અને સંહારક શસ્ત્રાસ્ત્રો તેમ જ યંત્રવાહનોની શોધે એનો ઉપયોગ સહસ્રગણો વધારી દીધો છે.

જગતમાં લોઢાનો અને પોલાદની પેદાશ

જગતમાં લોઢા અને પોલાદની પેદાશ હવે ઘણી જ વિકાસ પામી છે. આ રહ્યા એની પેદાશના આંકડા :

દેશ	લોઢાની કાચી ધાતુ દસ લાખ ટનમાં ૧૯૩૬માં	કાચું લોઢું (pig iron) દસ લાખ ટનમાં ૧૯૩૭માં	પોલાદ (steel) દસ લાખ ટનમાં ૧૯૩૭માં	વિગત
યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા)	૪૮.૮	૩૭.૩	૫૦.૭	જગતમાં લોઢામાં પ્રથમ
ફ્રાન્સ	૨૦.૭	૭.૮	૭.૭	ખાણો મોટી, કારખાનાં નાનાં
સ્વીડન	૧૧.૦	૦	૧.૧	જર્મનીને કાચું લોઢું મોકલે છે
જર્મની	૫.૨	૧૫.[illegible]	૧૯.૪	પેદાશ થોડી, કારખાના ઘણાં, બહારથી કાચું મગાવે છે.
રશિયા	૨૭.૫	૧૪.૪	૧૭.૧	લોઢામાં બીજે નંબરે
બ્રિટન	૧૨.૭	૮.૫	૧૨.૯	
હિંદ	૨.૬	૧.૮	૦.	હવે સ્ટીલ પણ બને છે. લોઢાની પેદાશ પણ બેવડાઈ છે.
બેલ્જિયમ	૦	૦	૩.૬	
જાપાન	૦	૨.૨	૫.૭	
ઇટાલી	૦	૦	૨.૧	

ધાતુ ખોદી લવાય છે

આપણે જમશેદપુરની લોઢા ગાળવાની મોટી ભઠ્ઠી આગળ જઈએ. પ્રથમ બિહારના સિંગભૂમ જિલ્લામાં લોઢાની ખાણો તરફ નજર કરીએ. નાની નાની ટેકરીઓવાળા આ પ્રદેશમાં અબજો ટન લોઢાની ધાતુ જમીનની અંદર પડી છે. વીજળીની મદદથી યંત્રો એ ધાતુનું ખોદકામ કરે છે હાથમાં લોઢાનો માટીમિશ્રિત ભૂરો પથ્થર ઉપાડી જુઓ. તે કેટલો ભારે લાગે છે! એમાં ૩૦–૪૦ ટકા લોઢું અને બાકી માટી હોય છે. ખાણોમા વીજળિક શક્તિથી ચાલતી ટ્રેનો એ પથ્થરો રેલવેનાં વેગનોમાં ભરે છે. એ વેગન ભરાતાં ચાર પાંચ મિનિટ જ લાગે છે 'ભદ્રાવતી આયર્ન વર્કસ' માટેની ધાતુના પથરા ખાણમાંથી કારખાનામાં લાવવા માટે પોલાદના મજબૂત તારો ઉપર ગરેડી ગોઠવી તેમાં અદ્ધર વીજળી–શક્તિથી ચાલતી નાની ગાડીઓનો ઉપયોગ કરાય છે. તાતાના મોટા કારખાના માટે દરરોજ એકસો ટ્રેનો ભરીને લોઢાના પથ્થરો જમશેદપુરના સ્ટેશન પર આવે છે. વેગનો પરબારાં ભઠ્ઠીમાં ઠલવાય છે.

લોઢું (Pig iron) ગાળવાની ભઠ્ઠી

આ ભઠ્ઠી બહુ મોટી હોય છે. એકી સાથે હજારેક ટન લોઢું ગાળી શકે છે. અગાઉ વરાળયંત્રથી એ ભઠ્ઠી ચાલતી. હમણાં વીજળિક શક્તિથી ચાલે છે. ભઠ્ઠીમાં લોઢાના પથરા અને કોલસાનો જથ્થો સાથે નાખવામાં આવે છે. એમાં થોડો ચૂનો પણ મેળવવામાં આવે છે. કોલસામાં દરેક વસ્તુને સાફ કરવાનો ગુણ છે. લોઢાના પથ્થરમાથી એ માટીને છૂટી પાડે છે. લોઢાની ધાતુને ઓગળીને પાણી થઈ જાય છે એટલો સખત તાપ એને દેવામાં આવે છે. ભઠ્ઠી અગ્નિ–પ્રૂફ ઈંટોની બાંધેલી હોય છે. આવી ભઠ્ઠીમાં જ્યારે લોઢું કેટલાક કલાકોના સતત અને સખત તાપથી ગળી પ્રવાહી બને છે એટલે નાળીઓમાં એ પ્રવાહીના ધગધગતા મોટા પ્રવાહને છોડવામાં આવે છે. લગભગ એકથી દોઢ એકરમાં રેતીના સાંકડા ક્યારડા બનાવેલા હોય છે. નાળીઓમાંથી છૂટેલો લોઢાની ધાતુનો પ્રવાહ જોસબંધ વહી રેતીના આ ક્યારડાઓમાં ભરાય છે. બધા ક્યારડાઓ ભરાય એટલે નાળીનું ઢાંકણું બંધ કરી દેવામાં આવે છે. આ ક્યારડાઓમાંના પ્રવાહમાંથી ચિનગારીઓ ઝરે છે. એના ઉપર છૂટથી પાણી નાખવામાં આવે છે. અમે તો એ સ્થળે લોઢાની ધાતુના સખત તાપ સામે ઊભી પણ શકતા નહોતા. પરંતુ કામદારો મહાવરાને લઈને લાંબી કોશો લઈને પ્રવાહને વ્યવસ્થિત બનાવતા હતા. એઓ એ કામથી ટેવાઈ ગયા હતા, પરંતુ એમની આંખો ઉપર લાંબે ગાળે એની ખરાબ અસર થતી હોવી જોઈએ. ક્યારડાઓમા ત્રણ સાડા ત્રણ ફીટ કાચા લોઢાના ઢાળિયા ઠરીને બંધાઈ જાય છે. એમાં માટીનો થોડો ભાગ તો રહે છે, એ તદ્દન સ્વચ્છ નથી હોતું.

કાચા લોઢાના હિંદનાં મોટાં ઘરાકો બ્રિટન અને જાપાન છે. અને અર્ધા ઉપરનો ભાગ હિંદમાં પોલાદ બનાવવાના કામમાં લાગે છે.

પોલાદ કેમ બને છે?

કાચા લોઢાના ઢાળિયા બીજી બાજુની પોલાદની ભઠ્ઠીમાં લઈ જવામાં આવે છે. એની સાથે પ્રમાણસર જૂના લોઢાના કાટના કકડા, કોલસો, ચૂનો વગેરે મેળવીને એને ભઠ્ઠીમાં ફરી ગાળે છે. એ તદ્દન સ્વચ્છ લોઢું બની અતિ સખ્ત બને છે. ત્યાંથી એને પોલાદના ઢાળિયાને દાબવાના કારખાનામાં લઈ જવામાં આવે છે. ત્રણ ફીટ લાંબો ઢાળિયો મોટા ૧૦૦-૧૫૦ મણના હથોડા નીચે ટિપાઈ દબાઈ ૧૦૦–૧૫૦ ફીટ લાંબો થઈ સળિયારૂપે નીકળે છે. બીજી મિલમાં એવો જ ઢાળિયો ટિપાઈ દબાઈ પાતળો થઈને પતરારૂપે નીકળે છે. એ પતરામાંથી છાપરા ઉપર ઢાંકવાનાં Corrogated sheets બનાવવામાં આવે છે. પતરાંને કલઈ અને જસતની મિશ્ર ધાતુઓમાં બોળવામાં આવે છે. જુદાં જુદાં યંત્રોમાં ઉપયોગની અનેક મોટી ચીજો વિશાળ પ્રમાણમાં તૈયાર થાય છે. હિંદમાં પોલાદનો ઉપયોગ દિનપ્રતિદિન વધે છે અને યુદ્ધને અંગે એ ઉદ્યોગનો વિકાસ પણ ઠીક થાય છે.

લોઢામાંથી બીજી વસ્તુઓની બનાવટ

લોઢામાથી અનેક વસ્તુઓ બનાવે છે માઈસોરના ભદ્રાવતીના કારખાનામા લોઢુ ઢાળવાનો મોટો સ્વતંત્ર વિભાગ છે. અમુક પ્રમાણમા લોઢા સાથે માટી ભેળવીને લોઢાને ગાળી નાખે છ એ પ્રવાહી ગોળ ફરતા પ્લેટફોર્મ ઉપર ગોઠવેલા દસ મોટા ઊંડા બીબાંમાં વચલા ભાગમાં રેડાય છે બીબામાં માત્ર ૧ થી ૬ ઈંચ જાડા પાઈપ ટકે એટલી જગ્યા હોય છે એના ઉપર પાણી રેડી એને ઠારે છે એટલે પાઈપ તૈયાર થાય છે એ પાઈપોને કાઢી સપાટે ચડાવી એને સાફ કરે છે

બીજી બાજુ તારના થાભના, વીજળીના થાભના ઢળે છે કારખાનામા ઢાળવાના કામનો આ વિભાગ પણ એકરોના એકરો જમીન રોકે છે બીજા એક વિભાગમાં લોઢાના કચરામાથી રસાયનિક પદાર્થો બનાવવાનો વિભાગ હોય છે હમણાના રસાયન શાસ્ત્રીઓ કોઇ પણ પદાર્થને નકામો જવા દેતા નથી અહીં રસ્તા ઉપર પાથરવાનો ડામર અને કેટલાક એસિડો તૈયાર થાય છે લોઢામાથી અનેક By products બને છે એની બનાવટો માટે જુદી જુદી જાતના યંત્રો ગોઠવાયલાં રહે છે

જમશેદપુર—તાતાનુ મોટુ કારખાનાનુ શહેર

તાતાનું કારખાનુ હજારો એકરોમા છે એની પાછળ એક મોટુ શહેર વસેલ છે આ તાતાનગરનુ આધુનિક શહેર ઉંચામાં ઉંચા પ્રકારના સાધનોથી ભરપૂર છે વીજળિક શક્તિ, પીવાનુ ચોખ્ખુ પાણી, વિશાળ સ્વચ્છ રસ્તાઓ, હવા-અજવાળાની પૂરતી સગવડવાળા આધુનિક ઢબના મકાનો, બજારો, બાગબગીચાઓ, રમતગમતના મેદાનો, તાર ટેલિફોન બેંકો, સહકારી સસ્થાઓ, નિશાળો હુન્નરશાળા, પુસ્તકાલયોથી યુક્ત આ શહેરમાં પોણો લાખ માણસની વસ્તી છે શહેર ખૂબ સ્વચ્છ અને દેખાવડુ છે

હિંદી લોઢાના ઉદ્યોગનો પ્રાચીન ઇતિહાસ

હિંદમા પ્રાચીન કાળમા લોઢાની અને પોલાદની પેદાશ થતી હતી લાકડાના કોલસા બાળીને તેમાથી લોઢાની પેદાશ સારા પ્રમાણમાં કરવામા આવતી હતી. દરેક પ્રાન્તમા લોઢાની ભઠ્ઠીઓ હતી. તેમાં લોઢુ ગાળવામા આવતુ હતુ અગ્ન્યાસ્ત્ર (તોપો) ગાળવાના કારખાના પણ અસ્તિત્વમાં હતા દિલ્હીના કુતુબ મિનાર પાસે જે લોઢાનો એક થભ ૨૫૦૦ વરસો થયાં અસ્તિત્વમા છે તેવો હજારો મણના વજનનો થભ કેવી રીતે ઘડાયો અને લવાયો હશે તે સૌને અજાયબીમા નાખે છે આજે પણ એવા મોટા લોઢાના સ્મરણસ્તભની બનાવટની મુશ્કેલીઓ એન્જિનિયરો જાણે છે

હિંદમા તલવારો, તીરો તથા ભાલાના ફણા અને ગદાઓને માટે લોઢાનો ઉપયોગ ઘણા જૂના વખતથી થતો હતો જ્યારે વેદો રચાયા ત્યારે લોઢાનો યુગ હતો, પરતુ મોહે-જો-દેરો અને હરાપ્પાનાં પ્રાચીન ખડેરોમાથી લોઢાના હથિયારો મળ્યા નથી અને તેથી એ સમયમાં લોઢાનો યુગ ચાલુ હશે નહિ એવુ અનુમાન થાય છે પ્રથમ પહેલાં તો પથ્થરના અણિયાળાં હથિયારો, પછી કાંસાના હથિયારો અને છેવટે લોઢાના હથિયારો મનુષ્યજાતિના ઉપયોગમા આવ્યાના અનુમાનો છે

હિંદમા આધુનિક લોગનાં કારખાનાનો ઇતિહાસ

હિંદમા લોઢાની ધાતુ પુષ્કળ મળે છે હાથઉદ્યોગ તરીકે હજારો વર્ષો થયા લોઢાનો વહીવટ ચાલે છે પરતુ યંત્રો મારફતે લોઢુ બનાવવા માટે સોએક વર્ષો થયાં નાના નાના કારખાના થયા હતા કાચા લોઢામાથી ઢાળા ઢાળીને અનેક જાતના પદાર્થો બનાવવાના નાના કારખાના પણ હિંદમા સ્થપાયા હતાં આ નાના કારખાનાઓમાના કેટલાક હજી પણ થોડા વધારે પ્રમાણમાં વિકાસ પામેલા જોવામા આવે છે પરતુ વ્યવસ્થિત રીતે આ દિશામાં પ્રથમ કંપની ધી બારાકર આયર્ન વર્કસ લિમિટેડ લગભગ ૫૨ વર્ષ ઉપર સ્થપાઈ હતી એ કંપનીનુ કારખાનુ બગાળમા કુલથી ખાતે સ્થાપવામા આવ્યુ હતું કલકત્તાથી પશ્ચિમોત્તરમા ૧૪૦ માઈલ દૂર એ કારખાનું આવ્યુ છે એ કારખાનુ બગાળ આયર્ન કંપનીની માલિકીનુ

છે, અને ત્યારથી જ લોઢું, ઢાળિયા અને પાઈપો બનાવતું આવ્યું છે.

પોલાદનાં કારખાનાં

હિંદના સૈનિકખાતાએ ઇચ્છાપુર ખાતે ૪૨ વર્ષ પહેલાં એક નાનું કારખાનું સ્થાપ્યું હતું. એ એક નાની ભઠ્ઠીમાં પોલાદ બનાવતું હતું. હવે એ કારખાનાનો વિકાસ થઈ 'મેટલ એન્ડ સ્ટીલ વર્કસ'ના નામે ઓળખાય છે. પોલાદ બનાવવાની શરૂઆત હિંદમાં આ જ કારખાનામાં થઈ હતી. એના પછી ઈસ્ટ ઇન્ડિયા રેલવે કંપનીએ જમાલપુર ખાતે પોલાદ બનાવવાનું રેલવેનું એક નાનું કારખાનું ખોલ્યું આ બન્ને કારખાનાંમાંથી એકે ય કારખાનું વાર્ષિક ૩૦ હજાર ટનથી વધારે પોલાદ કાઢી શકતું નહોતું. પોલાદની બનાવટો બજારમાં વેચવા માટે નહિ પરંતુ પોતાના વપરાશ માટે હતી. પરંતુ રેલવેએ આ કારખાનું પાછળથી બંધ કરી દીધું હતું. ઉપરના કુલ્ટી ખાતે સ્થપાયેલા બારાકર આયર્ન વર્કસે ૩૨ વર્ષો ઉપર પોલાદ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ બે વરસના પ્રયોગને અંતે ઘણી અડચણો ઊભી થવાથી આ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો હતો.

જમશેદજી તાતાએ સ્થાપેલ લોઢાનો ઉદ્યોગ

હિંદમાં લોઢા તથા પોલાદના ઉદ્યોગના ઉત્પાદક, વિકસાવનાર અને ઉચ્ચ સ્થિતિમાં એ ઉદ્યોગને લાવી મૂકનાર શ્રી. જમશેદજી તાતા હતા. એમણે અમેરિકા સુધીનો પ્રવાસ કરી અનુભવીઓની સલાહ લઈને આ ઉદ્યોગ સ્થાપવા માટેની યોજના તૈયાર કરી હતી. સને ૧૯૦૭માં ધી તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપનીની શરૂઆત થઈ. જમશેદપુર ખાતેના કારખાનામાં બે ગાળવાની ભઠ્ઠીઓ અને એક પોલાદ ઘડવાની મિલ ચાલુ કરાઈ. શરૂઆતમાં વાર્ષિક ૧૨૦૦૦૮ ટન કાચું લોઢું અને ૮૦૦૦૦ ટન પોલાદની વસ્તુઓ બનાવવાની સને ૧૯૧૧-૧૨ માં તૈયારી થઈ ગઈ. એ પછી એમાં વિકાસ થતો રહ્યો છે. આ કારખાનું એક વખત આખા બ્રિટિશ સામ્રાજ્યમાં મોટું હતું. આ વરસે એમાં ૧૨૦૦૦૦૦ ટન કાચું લોઢું અને ૮૫૦૦૦૦ ટન પોલાદ તૈયાર થશે. આ ૩૦ વરસોમાં એના ઉપર ઘણા સારાનરસા પ્રસંગો પસાર થઈ ગયા છે. છેલ્લા મહાયુદ્ધમાં એને તડાકો પડ્યો હતો, પાછળથી ઘણાં નબળાં વરસો પણ આવ્યાં હતાં, પરદેશથી આવતા પોલાદ સામે એ મહામુશ્કેલીથી ટકી શક્યું હતું.

ઇન્ડિયન આયર્ન અને સ્ટીલ કંપની

સને ૧૯૧૮ માં ઇન્ડિયન આયર્ન અને સ્ટીલ કંપનીની સ્થાપના થઈ. હીરાપુર (બંગાળ) માં એણે બે ગાળવાની ભઠ્ઠીથી કામ શરૂ કર્યું. આ કંપનીએ જૂની બંગાળ આયર્ન કંપનીને પોતામાં મેળવી દીધી. આ કંપનીએ પાછળથી વધારે હિંદી મૂડી મેળવીને પુષ્ટ થઈ પોતાના કારખાનાંઓનો વિકાસ કર્યો, એનાં બન્ને કારખાનાઓમાંથી ૮૫૦૦૦૦ ટન કાચું લોઢું તૈયાર થાય છે, તે ઘણુંખરું જાપાન અને બ્રિટન ખરીદી લે છે. આ સિવાય આ કંપની ૧ લાખ ટન જેટલા પાઈપો અને બીજી ચીજો ઢાળીને તૈયાર કરે છે. હવે એ કંપનીના આશ્રય નીચે સ્ટીલ કોરપોરેશન ઑફ બેંગાલ સ્થપાઈ છે. આની મિલ ચાલુ થઈ છે. એટલે ઉપલી કંપનીના કાચા લોઢા માટે હવે બહારના ઘરાકની જરૂર રહેશે નહિ. તાતા કંપની સાથે આ કંપનીને જોડી દઈ એક જ તંત્ર નીચે આ ઉદ્યોગને ચલાવવાની ગોઠવણ ઘણી વાટાઘાટ પછી નિષ્ફળ થઈ હતી. આ કંપનીનો વહીવટ કલકત્તાની બર્ન કું. કરે છે.

માઇસોરની ભદ્રાવતીની મિલ

અઢાર વર્ષ ઉપર માઇસોરની સરકારે લોઢાના આ કારખાનાની સ્થાપના કરી છે. એ દર વરસે ૨૦૦૦૦ ટન કાચું લોઢું લાકડાના કોલસા બાળીને પેદા કરતું હતું. માઈસોરની જમીનમાં કોલસા નથી. જંગલો ઘણાં હોવાથી લાકડાના કોલસા બાળવા સસ્તા પડે છે. એ કારખાનું હવે વિકાસ પામતું જાય છે. દર વરસે પંદર હજાર ટન જેટલા પોલાદની વસ્તુઓ બનાવવાની મિલ પણ ત્યાં સ્થપાઈ છે, તે સિવાય અહીં પાઈપો પણ ઢાળવામાં આવે છે. આ

સિવાય લોઢામાંથી કેટલાક રસાયનિક દ્રવ્યો પણ બનાવે છે પહેલા તો ભદ્રાવતીનું કારખાનું નુકસાનમા ચાલતું હતું પરંતુ છેલ્લા ત્રણ વરસો થયા એ નફો કરતું થયું છે માઈસોરમાં લોઢાની કાચી ધાતુ મોટા પ્રમાણમાં મળે છે, અને એ માઈસોર માટે એક આશીર્વાદ સમાન છે

તાતા કંપનીની સહાયકારી પેટા કંપનીઓ

પોતાના ઉદ્યોગના ઉત્તેજન માટે તાતા કંપનીએ કેટલીક કંપનીઓની સ્થાપના કરાવી છે, તેમાં ટીનપ્લેટ કંપની અને ઇન્ડિયન સ્ટીલ વાયર પ્રોડકટસ કંપનીઓ મુખ્ય છે જમશેદપુરમા જ એમના કારખાના આવેલાં છે એમને જોઈતુ પોલાદ તાતા કંપની સસ્તે ભાવે પૂરું પાડે છે ટીનપ્લેટ કંપની દર વરસે ૫૦ હજાર ટન ડબ્બાના પતરા તૈયાર કરે છે એ કંપનીમા બરમા શેલ કંપની (તેલની કંપની) મોટો લાભ હોવાથી એ બધા પતરાના ડબા બનાવી લઈ જાય છે વાળા બનાવનાર બીજી કંપનીમા દર વરસે ૪૦ હજાર ટન વાયા, ચૂકા વગેરે બનાવે છે આ સિવાય નાળીઓ બનાવવા માટેની એક કંપની બ્રિટિશ કંપનીના સહકારથી ચાલે છે આ સિવાય કલકત્તા મુંબઈ લાહોરમા નાની નાની કંપનીઓના કારખાનાઓમા જૂના લોઢાના કાટમાથી પાઈપો, સ્ક્રૂઓ વગેરે બનાવે છે

કાચી લોઢાની ધાતુ

હિંદમાં લોઢાની ધાતુનો જથ્થો પુષ્કળ મળે છે ઉપર જણાવેલ બધી કંપનીઓ પાસે એ ધાતુની વિશાળ ખાણો છે મુખ્ય પેદાશ સિંગભૂમ (બિહાર)ની ખાણોમાથી દર વરસે ૧૨૦૦૦૦૦ ટન સને ૧૯૩૫મા થઈ હતી હમણા સવાયો માલ ખોદી કઢાય છે મયૂરભંજની ખાણોમાથી ૮ લાખ ટન લોઢાની કાચી ધાતુ અને કેઓન્ઝર રાજ્યમાથી ૩ લાખ ટન ધાતુ નીકળે છે આ બધી ખાણો બિહાર પ્રાંતમા છે લોઢાની ધાતુને ઓગાળવા માટે કોલસાની લાખો ટનની જરૂર પડે છે હિંદમા કોલસાની લોઢાની ધાતુ જેટલી ખૂટ નથી છતા જરિયાની કોલસાની ખાણોના વિભાગમા બને કંપનીઓ પાસે કીમતી કોલસાની ખાણો છે હિંદી લોઢાની ધાતુ એટલી છે, કોલસો ઊંચો નથી ૭૫ા ૨૦૦ વરસ સુધી કોલસો પહોંચી શકશે

૧૯૩૮-૩૯મા લોઢાની અને પોલાદની પેદાશ

સને ૧૯૩૮-૩૯માં જગતની કાચા લોઢાની કુલ પેદાશ ૮ કરોડ ટનની અને પોલાદની પેદાશ ૧૦॥ કરોડની થઈ હતી, જ્યારે સને ૧૯૩૭મા કાચા લોઢાની પેદાશ ૧૦ કરોડ ટન અને પોલાદની પેદાશ ૧૩॥ કરોડ ટનની હતી પેદાશ ૨૦ ટકા ઘટવાનુ કારણ જગતની મંદી હતી માત્ર જર્મની યુદ્ધનાં શસ્ત્રાસ્ત્રો મોટા પ્રમાણમા બનાવતુ હોવાથી તેની પેદાશ વધી હતી હિંદમા સને ૧૯૩૮ ૩૮મા કાચા લોઢાની પેદાશ ૧૫॥ લાખ ટન ઢાળેલા લોઢાની પેદાશ ૮૮ હજાર ટન પોલાદના ઢાળિયાની પેદાશ ૧॥ લાખ ટન અને પરચૂરણની પેદાશ ૮ લાખ ટનની થઈ હતી સને ૧૯૩૭થી કાચા લોઢાની પેદાશમાં ઘટાડો થયો હતો, પરંતુ પોલાદની પેદાશ સહેજ વધી હતી બ્રિટનની પેદાશ સને ૧૯૩૮મા ૬૭॥ લાખ ટન કાચુ લોઢુ અને પોલાદની પેદાશ ૨ કરોડ ટન હતી ચાલુ મંદીને લીધે પેદાશ ૨૦ ટકા ઘટી હતી ભાવો ખૂબ દબાયેલા રહેલા હતા. લોઢાના ભાવો સસ્તામા સસ્તા રહ્યા હતા

૧૯૪૦ની લોઢાની તથા પોલાદની સ્થિતિ

૧૯૪૦મા તો યુદ્ધ ફાટી નીકળ્યુ છે યુરોપના ઘણાખરા દેશોમા અવ્યવસ્થા અને આક્રમણોના પરિણામે પેદાશ ઘટી છે માત્ર હિંદમા મોટા ઉપાડને લીધે પેદાશ વધી છે પરદેશથી લોઢુ કે પોલાદ આવતાં નથી એટલે હિંદમા ભાવ વધ્યા છે હિંદની ઘણી ખરી જરૂરિયાતો હવે તાતા કંપની તથા બીજા નાના કારખાનાઓથી પૂરી કરવાની છે હિંદમા પોલાદની ખપત પણ વધી છે તાતા ડીફર્ડના ભાવ આથી રૂ ૧૮૦૦ થઈ રહ્યા છે આ વરસ લોઢાની કંપનીઓ માટે સારુ છે વિકાસ સારો છે હિંદનો આ ઉદ્યોગ હવે મજબૂત પાયા ઉપર સ્થપાયો છે એ ઉદ્યોગ મેસર્સ તાતા કંપનીના પુરુષાર્થથી વિકાસ પામ્યો છે હિંદી પોલાદ કસોટી કરતા ઘણુ સારુ

માલમ પડ્યું છે હજી ફાટ નહિ ખાતા પોલાદની પેદાશની અને મોટરોમાં તથા વિમાનોમાં જોઈતા ઊંચા પોલાદના વિકાસની જરૂર છે

પરદેશોથી આયાત થતું લોઢું તથા પોલાદ ૧૯૩૮–૩૯

હિંદમાં ખાસ જાતનું કાચું લોઢું ૨૮૭૦ ટન કિંમત રૂ ત્રણ લાખનું બ્રિટનથી આયાત થયું હતું દર ટને એની કિંમત રૂ ૧૦૪) દેવી પડી હતી તે સિવાય ઊંચું પોલાદ ૩૧૦૦ ટન રૂ ૭॥ લાખનું આવ્યું હતું પોલાદની અને લોઢાની વસ્તુઓ ૩૬૫૦૦૦ ટનના વજનની અને ૬॥ કરોડની કિંમતની આવી હતી દર ટને કિંમત રૂ ૨૫૧) જેટલી નોંધાઈ હતી અને ૧૯૪ માં આ આવક ઘટી ગઈ છે જ્યાં પરદેશી રાજ્યો પોતાના ઉદ્યોગોને રોકડી મદદ આપતા હોવાથી તેમજ પોતાના દેશમાં ઊંચે ભાવે વેચી પરદેશો ખાતે ઓછે ભાવે માલ મોકલતા હોવાથી હિંદમાં પરદેશી લોઢું પોસાય છે અને ૧૯૩૮–૩૯માં આપણે બ્રિટન પાસેથી ૧૩૬૦૦૦ ટન એટલે ૫૦ ટકા લોઢાનો માલ લીધો હતો બેલ્જિયમમાંથી ૩૩૦૦૦૦ ટન, જર્મનીમાંથી ૩૦ હજાર ટન અને ફ્રાન્સમાંથી ૧૦૦૦૦ ટન માલ મંગાવ્યો હતો ઉપલા બધા દેશો જર્મનીના કબજામાં હોવાથી ત્યાંથી હવે લોઢાનો માલ હિંદમાં આયાત થતો નથી એ વરસમાં જાપાનથી ૧૭૦૦૦ ટન માલ આયાત થયો હતો

હિંદમાંથી લોઢાની નિકાસ

હિંદમાંથી મુખ્યત્વે કાચા લોઢાની નિકાસ થાય છે અને ૧૯૩૭માં કુલ ૬૨૮૦૦૦ ટન કાચા લોઢાની નિકાસ થઈ હતી જ્યારે ૧૯૩૮–૩૯ માં ૫૧૪૦૦૦ ટનની નિકાસ થઈ હતી. બન્ને વર્ષની નિકાસની કિંમત એકસરખી એટલે રૂ ૨૭૦ લાખની હતી જાપાને ૩૩૦૦૦૦ ટન, બ્રિટને ૧૦૮૦૦૦ ટન અને અમેરિકાએ ૮૦૦૦ ટન કાચું લોઢું ખરીદ્યું હતું નેધરલેંડ ખાતે ૪૧૦૦૦ ટન ૨૦૦૦૦ ટન જર્મની ખાતે ચાલ્યું હતું હવે બ્રિટન અને જાપાન સિવાય હિંદનું કાચું લોઢું ખરીદનાર દેશો રહ્યા નથી એ રીતે આપણે ૬॥ કરોડનું લોઢું પરદેશો પાસેથી ૧૯૩૮–૩૯ માં ખરીદ્યું હતું, ૨॥ કરોડ રૂપિયાના લોઢાનું પરદેશોને વેચાણ કર્યું હતું આ વરસના આંકડા હજી પ્રગટ થયા નથી યુદ્ધને અંગે પરદેશોથી આયાત ઘટશે, નિકાસ પણ ઘટશે

હિંદની લોઢાની બે મોટી કંપનીઓ

તાતા કંપનીના જમશેદપુરના કારખાનાની આયર્ન કંપનીની મૂડી ૧૦॥ કરોડ રૂપિયાની છે પરંતુ એ કારખાના ઉપર મોટી રકમનું – આશરે ૨૦ કરોડનું નફામાંથી ખર્ચ થયું છે આમાં લોઢાની અને કોલસાની ખાણો, કારખાનું, યંત્રો, લાખ માણસની વસ્તીનું શહેર આવી જાય છે યંત્રો પણ નવી નવી શોધને આધારે નવાં નવાં ગોઠવવાં પડે છે તાતા કંપનીએ મોટી રકમ રીઝર્વ માટે કાઢી છે, આથી એની આર્થિક સ્થિતિ ઘણી મજબૂત છે ઇન્ડિયન આયર્ન અને સ્ટીલ કં ની મૂડી ૨૦ લાખ પાઉંડ એટલે ૨॥ કરોડ રૂપિયાની ડિબેન્ચરમાં, તે સિવાય લગભગ ૨ કરોડ રૂપિયા મૂડીમાં હતા કંપની પાસે લોઢું ગાળવાની ૪ મોટી ભઠ્ઠીઓ, ઢાળા ગાળવાના મોટા યંત્રો અને બીજાં યંત્રો તથા લોઢા-કોલસાની ખાણો અને બે નાના શહેરો છે પોલાદની કંપની (પેટા કંપની)ના દસ લાખ પાઉંડના ડિબેન્ચર અને ૩॥ કરોડ રૂપિયાની મૂડી છે ૪૦ લાખની વધારેની મૂડી અને ૧૯૩૮ માં કાઢવામાં આવી હતી ટીનપ્લેટ કંપનીની મૂડી ૬૫ લાખ અને સ્ટીલ વાયર કંપનીની મૂડી ૭૫ લાખની છે સૌ કંપનીઓની આર્થિક હાલત સદ્ધર છે

આ બે કંપનીનો મોટો નફો

આ બન્ને કંપનીઓ મોટો નફો કરે છે એમની પાસે મોટા રીઝર્વ ફંડ અને નવાં યંત્રો ગોઠવવાના ફંડ છે હિંદનો આ અતિ વિશાળ અને સદ્ધર ઉદ્યોગ છે આ કંપનીઓ પોતાના ફંડ માટે મોટી રકમ બાદ કર્યા પછી વાજબી નફો ભાગીદારીમાં વહેંચે છે, છતાં એ નફો એવડો મોટો છે કે

શેરોની કિંમત ઘણી વધેલ છે ભાગીદારોને સારુ વ્યાજ મળ્યા કરે છે એ મને કંપનીઓનો નફો ૧૯૩૪ મા ૨॥ કરોડ સને ૧૯૩૫ મા ૨॥। કરોડ, સને ૧૯૩૬ મા ૨॥ કરોડ, સને ૧૯૩૭ મા ૩ કરોડ, સને ૧૯૩૮ મા ૪॥ કરોડ રૂપિયા થયો હતો સને ૧૯૨૯ માં પણ નફો મોટો થયો છે આ નફાથી કંપનીઓ અતિ મજબૂત બની ગઈ છે, આથી એમના શેરો લેવા માટે હિંદમા પડાપડી થાય છે આ કંપનીઓ હવે નવી મૂડી કાઢ્યા સિવાય પોતાના યંત્રો અને પેદાશનો વિકાસ કરતી જ જાય છે આ કંપનીઓ અત્યારે ખૂબ જામી ગઈ છે

લોઢાના ઉદ્યોગનુ ભવિષ્ય

હિંદમાં હમણા સુધી દર વરસે ૧૦ લાખ ટન પોલાદ ખપે છે, પરંતુ કેટલુંક ખાસ જાતનુ પોલાદ હજી પરદેશથી આવે છે, હિંદમાં તે જાતનુ પોલાદ બનાવવા માટે કોશીશો ચાલુ છે હમણા યુદ્ધ ચાલે છે એટલે અવ્યવસ્થાને લીધે હિંદમા ખપત ઓછી રહેશે, પરંતુ યુદ્ધ પછી જો હિંદની આર્થિક સ્થિતિ સુધરશે તો હિંદમાં પોલાદનો ઉઠાવ વધવા સંભવ છે પરદેશોમા યુદ્ધથી થયેલી અવ્યવસ્થા ચાર પાંચ વરસો સુધી કે વધારે લાંબી ચાલવા સંભવ છે તે દરમિયાન હિંદી ઉદ્યોગે પોતાનુ બળ વધારીને હિંદને તદ્દન આત્મસંતોષી બનાવવુ જોઈએ હિંદમા લોઢાની ધાતુનો ઘણો મોટો જથ્થો જમીનમા છે હમણાથી ત્રણ ગણો પોલાદનો જથ્થો બનાવી શકે છે, પરંતુ હિંદના પોલાદની નિકાસ કરવા માટેનો સવાલ હજી ઉપસ્થિત થયો નથી પહેલા હિંદે પોતાની જરૂરિયાત પૂરી કરવાની છે હિંદી કચુ લોઢુ એટલું સરસ છે કે તેમાથી સારુ પોલાદ બની શકે છે

લોઢાના ઉદ્યોગોને સરકારી મદદ

હિંદના લોઢા-પોલાદના ઉદ્યોગ ઉપર અનેક વાદળો આવ્યા અને ગયા યુદ્ધના સમયમા એણે ઉન્નતિ ભોગવી હતી તે સમયે મોંઘા ભાવનાં યંત્રો મગાવી કારખાનાંનો વિકાસ થયો આથી હિંદી લોઢુ મોઘુ થયુ હતું પરદેશી માલ સસ્તો આવવા લાગ્યો આથી હિંદી ઉદ્યોગ અતિ નબળો બન્યો એટલે સને ૧૯૩૪માં સરકારે થોડુ જકાતી રક્ષણ અને થોડા રોકડા નાણાની મદદ આપી હતી ત્રણ વરસની અંદર જ રોકડ મદદ સરકારે બંધ કરી હતી રક્ષણીય જકાત ચાલુ રહી હતી સને ૧૯૨૭ અને ૧૯૩૪ માં એ જકાતો ઘણી ફેરફાર કરવામા આવ્યો હતો હમણા બ્રિટિશ પોલાદ ઉપર ૧૦ ટકા જકાત છે અને પરદેશોના પોલાદ ઉપર રૂ ૨૫) થી રૂ ૪૩) સુધીની જકાતો છે હિંદી સરકારે સને ૧૯૩૪થી દર ટન દીઠ રૂ ૪) હિંદી કારખાનામા પેદા થતા પોલાદ ઉપર આંતરિક જકાત (Excise duty) નાખી છે. જ્યારે વગતા તૈયાર પોલાદના આયાતની માલ ઉપર ૫॥ ટકા જકાત વધારી છે

સને ૧૯૪૦ પછી

છેલ્લા હિંદી જકાતી રક્ષણ મંડળે પોતાના રિપોર્ટમા જણાવ્યુ છે કે સને ૧૯૪૦ પછી હિંદના લોઢા તથા પોલાદના ઉદ્યોગને જકાતી રક્ષણ જોઈશે નહિ. કંપની પણ પોતાના ખર્ચ ઘટાડીને રૂ ૪૭) પોલાદના ઢીમચા માટે રૂ ૩૮) પોલાદના સળિયા માટે અને રૂ ૫૨) પતરા માટે ખર્ચ લાવી શકશે કંપનીની ધારણા મુજબ સને ૧૯૨૭ મા પોલાદની માગ ૪૦ ટકા જેટલી હતી, સને ૧૯૩૬ મા તે માગ ૧૯૨૭ કરતા ૬૦ ટકા જ રહી હતી છતા જેવી રીતે હિંદના સૈન્યનુ શસ્ત્રીકરણ થશે છે તેવી જ રીતે હિંદમા મોટર વિમાન, એન્જિનો વગેરેના ઉદ્યોગોનો વિકાસ થશે અને એટલે હિંદના પોલાદનો ઉદ્યોગ બળવાન બનશે હિંદને હવે બ્રિટન, જાપાન, બેલ્જિયમ જર્મની વગેરે ઉપર પોલાદ માટે આધાર રાખવો નહિ પડે

☆

સ્વાતંત્ર્યપ્રિય આયરલેન્ડ

[પાન ૨૯૨ થી ચાલુ]

ફ્રાન્સની હાલત

જર્મનોએ ફ્રાન્સ સાથે કાચી સંધિ કરી છે તે અનુસાર (૧) ફ્રાન્સનાં વિમાનો, વહાણો, મનવારો, ટેન્કો, તોપો, દારૂગોળો જર્મનીને કબજે ગયાં છે. જર્મની એ સાધનોનો આ યુદ્ધમાં ઉપયોગ કરશે નહિ. (૨) ફ્રાન્સના ત્રીજા ભાગની જમીન અને પેરીસ શહેર જર્મનીના હાથમાં રહેશે. (૩) ફ્રાન્સનાં બંદરો જર્મનીના સ્વાધીનમાં રહેશે તે દ્વારા જર્મની બ્રિટન ઉપર આક્રમણ કરી શકશે. (૪) જર્મની ફ્રાન્સના સૈનિક-કેદીઓને છોડશે નહિ. ફ્રાન્સે હમણાં જ સઘળા જર્મન સૈનિકોને છોડી દેવા પડશે. આ શરતો કાચી છે. છેવટે આખા યુરોપની સંધિ સમયે પાકી શરતો બનશે. ફ્રાન્સમાં રાજ્યબંધારણ ફર્યું છે. કુલ સત્તા મેં. પેટાંએ પોતાના હાથમાં લીધી છે. એ હવે ફ્રાન્સના સરમુખત્યાર બન્યા છે. જર્મનીને પ્રતિકૂળ બધા રાજદ્વારીઓને એમણે કાઢી મૂક્યા છે. પોતાની રાજ્યનીતિ જર્મનીને અનુકૂળ બનાવી દીધી છે. અંગ્રેજો સાથે ફ્રાન્સનો સંબંધ વિષાદમય બન્યો છે. ફ્રાન્સની મનવારો જર્મનોના હાથમાં જાય તો ભવિષ્યમાં પોતાના સાગરબળને મોટો ધક્કો લાગે આવા ઇરાદાથી અંગ્રેજોએ ફ્રાન્સના નૌકાદળને પોતાને શરણે આવવા જણાવ્યું. ફ્રાન્સે આ માગણી સ્વીકારી નહિ. આથી અંગ્રેજી કાફલાએ એના ઉપર આક્રમણ કરીને કેટલીક મનવારો ડુબાડી, કેટલીક પકડી લીધી અને કેટલીક નાસી ગઈ છે. ફ્રાન્સનું સાગરબળ પાંગળું બન્યું છે.

ઇટલી કેવું લડે છે?

ઇટલી હજી સુધી જાણવાજોગ યુદ્ધો લડ્યું નથી. એના કાફલાએ બહાર નીકળી ભૂમધ્ય સમુદ્રમાં દેખાવ દીધો. અંગ્રેજી કાફલાએ તરત એના ઉપર હલ્લો કર્યો. બન્ને પક્ષની નુકસાની માટે જુદાં જુદાં પરસ્પરવિરોધી જાહેરપત્રો નીકળ્યાં છે. પરંતુ ઇટલીના કાફલાને ભાગીને રક્ષિત બંદરોમાં ભરાઈ જવું પડ્યું છે. એ પાછું બહાર નીકળતું નથી. એને જિબ્રાલ્ટર લેવું છે. સ્પેન એને સરસ સહકાર આપશે એવું લાગે છે. છતાં જિબ્રાલ્ટરની કિલ્લેબંદી અંગ્રેજોએ એવી મજબૂત બનાવી છે કે એને એ લેવું મુશ્કેલ થઈ પડશે. દરમિયાન ઇટલીનાં વિમાનો માલ્ટા, એલેક્ઝાંડ્રિયા અને એડન ઉપર બોંબમારો દરરોજ ચલાવે છે. ત્યાં વસની બધી ખાલી કરવામાં આવી છે ઇટલી અને અંગ્રેજોનું યુદ્ધ આફ્રિકામાં ચાલુ છે. ઇજિપ્તે આ યુદ્ધમાં તટસ્થપણું જાહેર કરવાથી હવે બ્રિટનનું સૈન્ય ઇજિપ્તનો કબજો લઈ ઇટલી સાથે લડે છે. આફ્રિકામાં બ્રિટન અને ઇટલી વચ્ચે નાનાં નાનાં યુદ્ધો અને વિમાની લડાઈઓ પુષ્કળ થાય છે. પ્રથમ બ્રિટન જીત્યું હતું. હમણાં ઇટલીએ મોયલા અને બીજાં કેટલાંક મથકો લઈ લીધાં છે. એબિસિનિયામાં અંગ્રેજોએ ત્યાંના શહેનશાહ હેલ સીલાસીને પુષ્કળ સૈનિકમદદ સાથે મોકલ્યો છે. ત્યાં તે બળવો જગાવશે.

અમેરિકાના રાજ્યરંગો

અમેરિકામાં નવા પ્રેસિડેન્ટની ચૂંટણી થવાની છે. ત્યાં બે મોટા પક્ષો છે. તેમાં રિપબ્લિક પક્ષે મિ. વિલ્કીને ચૂંટ્યો છે, જ્યારે ડેમોક્રેટીક પક્ષે મિ. રૂઝવેલ્ટને નિયુક્ત કર્યા છે. હવે આ વરસની આખરીમાં જેને વધારે મતો મળશે તે પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાશે અમેરિકાની વલણ બ્રિટન પ્રત્યે છે. જર્મનીની એ વિરુદ્ધ છે. પરંતુ અમેરિકા આ યુદ્ધમાં સીધો ભાગ લેવા હજી માગતું નથી. શસ્ત્રાસ્ત્રોની મદદ એ અંગ્રેજોને આપે છે અને આપતું રહેશે. અમેરિકા પાસે યુદ્ધની તૈયારીઓ જોઈતા પ્રમાણમાં નથી એ પાંચ-સાત અબજ ડૉલરો ખર્ચી બધી તૈયારીઓ કરી રહ્યું છે, પરંતુ એ તૈયારીઓ પૂરી થવાને બે વરસ લાગશે. અમેરિકાને જાપાન ઉપર મોટી રીસ છે. પૂર્વના દેશોમાં જાપાન જેવી રીતે બધું ઓહિયા

કરી જાય છે તે અમેરિકાને પસંદ નથી જર્મનીના વધતા જતા બળ સામે પણ અમેરિકા શંકાની નજરે જુએ છે આથી અમેરિકા સપૂર્ણ લડાયક તૈયારીઓ કરવા પાછળ અનર્ગળ દોલત ખર્ચે છે

જાપાન લાભ લે છે

ફ્રાન્સ પડ્યું અગ્રેજો તદ્દન જર્મનીની સામે રોકાયેલા છે આવી સ્થિતિનો લાભ જાપાન લેવાનુ ચૂકે એમ નથી જાપાનને કોઈ પણ ઉપાયે ચીન સાથેના યુદ્ધનો અત કુનેહ સાથે લાવવો છે આથી ફ્રાન્સના ઇન્ડો-ચાઇના અને અગ્રેજોના બ્રહ્મદેશને રસ્તે જતા ચીન માટેના લશ્કરી સરજામને અટકાવવા જાપાને માગણી કરી તે માટે કસ્ટમમા પોતાના ઇન્સ્પેક્ટરો નીમવાની શરત પણ કરી હતી ઉપલા બે રાજ્યોને આ અણીનો સમય જોઈ આવી હીન શરતો પણ સ્વીકારી લેવી પડી છે જાપાને રશિયા સાથે કામચલાઉ સધિ કરી છે, પણ મચુરિયાની સરહદ પર બંને વચ્ચે છમકલાં થયા જ કરે છે એટલે પરસ્પર સપૂર્ણ અવિશ્વાસ છે જાપાનમા રાજ્યનીતિ સૈનિક સત્તાવાળાઓના હાથમા છે એમણે પ્રધાનમડળ બદલાવી નાખી ફરી પ્રિન્સ કોનોયાનું પ્રધાનમડળ નીમ્યું છે જાપાન જર્મની-ઇટલી સાથે વધારે ગાઢ દોસ્તી કરે તેવુ લાગે છે ચીને અત સુધી લડી લેવાનો મરણિયો નિશ્ચય કર્યો જ છે ત્યાથી હમણા મોટા યુદ્ધોના કશા ખબરો આવતા નથી.

રશિયાની રમત

રશિયાએ રૂમાનિયા પાસેથી બેસરેબિયા પ્રાત (વસ્તી ૩૦ લાખ) લઈ લીધો છે હવે રશિયાની સરહદ સને ૧૯૧૪ના સમયમા હતી તે પ્રમાણે થઈ ગઈ છે રશિયા કોઈ નવો દેશ કે જમીન લેતું નથી પોતાનુ જૂનુ સભાળી લેતુ છે જર્મનીના રશિયા તુર્કી સાથે અથડાવી મારવાના પ્રયત્નો નિષ્ફળ ગયા છે છતા તુર્કીને કોઈ રીતે રશિયા સાથે મોડીવહેલી સમજૂતી કરવી રહેશે રશિયાને ડાર્ડેનલ્સની સામુદ્રધુનિમાથી પોતાની મનવારોને પસાર કરવાનો રસ્તો જોઈએ છે તે કદાચ તુર્કી આપે પણ ખરુ રશિયા અને જર્મની વચ્ચે સુલેહની સંધિ કે, પરતુ હૃદયનો મેળ નથી રશિયા જર્મનીના વિજયોથી ભારે ચોંકી ગયુ છે પણ સધિભગ કરી જર્મની સાથેની દુશ્મનાવટને માટે તે તૈયાર નથી રશિયાએ પોતાના આશ્રિત રાજ્યો લેટવિયા લીથુનિયા અને એસ્ટોનિયા પાસેથી સામ્યવાદી રાજ્યતંત્ર ધારણ સ્વીકારાવ્યુ છે

પરચૂરણ રાજ્યો

રૂમાનિયાએ જર્મનીનુ નેતૃત્વ અને લાગવગ સ્વીકાર્યા છે, આથી હગરીના ટ્રાન્સલ્વેનિયા જિલ્લાનો તોડ જર્મની કાઢશે ને તે સ્વીકારશે બીજા બાલ્કન રાજ્યો પણ રશિયા અને જર્મનીને નમી પડ્યા છે, માત્ર તુર્કી નમ્યુ નથી સ્પેનનો સરમુખત્યાર જનરલ ફ્રાંકો પણ જર્મની અને ઇટલીનો બેલી બનશે એમ લાગે છે યુરોપની પુષ્કળ અશાતિના પડઘા એશિયાના રાજ્યોમા પણ પડ્યા છે સૌ સ્થળે અશાતિ વધી છે જર્મની હવે યુરોપમા ચક્રવર્તી બન્યુ છે ઇંગ્લેડને હરાવી એ ચક્રવર્તી થવાની ઉમેદ સેવી રહ્યુ છે આવતા થોડાક અઠવાડિયાઓમા મોટા પરિવર્તનો થવાનો સભવ છે બ્રિટન ઉપર મોટુ ભયકર આક્રમણ આજે હવામાં ગુજે છે કો જાને કલ્કી !

તા ૧૨-૭-૪૦

☆

સાહિત્યના પ્રદેશમાં

પ્રકાશનો ઉપર લડાઈની અસર

જેમ બીજા વેપારોમાં તેમ સાહિત્યનાં પ્રકાશનોમાં પણ લડાઈની અસર ગયા મહાયુદ્ધ કરતાં ઊલટી જ થઈ છે. કાગળો વગેરેના ભાવો તો વધ્યા જ છે, પરંતુ એને તો પહોંચી વળાય એવું છે. સાહિત્યનાં પ્રકાશનોની કિંમતમાં કાગળનું પ્રમાણ વર્તમાનપત્ર જેટલું નથી હોતું. ખરી મુશ્કેલી તો ખરીદનારની છે. શ્રીમંતોની સંખ્યા જ ઘણી ઓછી અને તેમાં યે સાહિત્યમાં રસ લે એવા શ્રીમંતો તો અતિ ઓછા. સાહિત્ય ખરીદનારો ખરો વર્ગ તો મધ્યમ વર્ગ. આ લડાઈથી એની આવકમાં વધારો થવાનો તો દૂર રહ્યો, પણ મોઘવારીને લઈ ખર્ચ વધ્યું અને બીજી બાજુ કામ ન હોવાથી નોકરી જવાનો ભય ઊભો થયો. સાહિત્યનું વાચન કરવા જેવી ખિરસાની કે મનની સ્થિતિ જ ન રહી. સાહિત્યના વેચાણ ઉપર આની જબરી અસર થઈ છે.

યુદ્ધરંગી પ્રકાશનો

નવાં પુસ્તકો પ્રગટ થાય છે, માસિકો પણ નીકળે છે, પણ સામાન્ય કાળમાં એને ખપાવવાની જે મુશ્કેલી હતી તે આજે લગભગ ચાર ગણી વધી છે. આ સ્થિતિ લાંબો કાળ ચાલે-ચાલે એવો સંભવ તો નથી, કારણ કે હિટલર ઘણો ઉતાવળો છે, પણ જો ચાલે-તો આપણી પ્રકાશનપ્રવૃત્તિને મોટો ફટકો પડે. લડાઈના આરંભમાં એમ લાગેલું કે જેમ પરદેશમાં લડાઈ સાથે સંબંધ ધરાવે એવાં પુસ્તકો પુષ્કળ પ્રમાણમાં ત્યારે પ્રગટ થાય છે ને ખપે છે તેવું આપણે ત્યાં પણ બની શકશે, પણ એવું કશું થઈ શક્યું નથી. આ લડાઈ ધાર્યા કરતાં ઘણી જ વધુ ઝડપી બની છે. આજે પ્રગટ થયેલું એક પુસ્તક બે દિવસમાં તો વાસી બની જાય. ગુજરાતમાં પુસ્તક પ્રગટ થતાંની સાથે હજારો નકલો ખપી જાય એ સ્થિતિ આવતાં તો કદાચ વર્ષો લાગશે.

સહકાર જોઈશે

આ સ્થિતિ લાંબો વખત ચાલશે નહિ, પણ જો ચાલે તો ગુજરાતની મુખ્ય મુખ્ય પ્રકાશન-સંસ્થાઓએ સાથે મળી આ બાબતની વિચારણા કરવી જોઈએ. જ્યારે ઓછાં જ પ્રકાશનો થઈ શકે એમ હોય ત્યારે ઉપયોગી જ પ્રકાશનો વધુ થાય એવી કોઈ યોજના વિચારવી ઘટે. અને એ જ રીતે જે પ્રકાશન-પ્રવૃત્તિ નબળી હોય તે સબળી સાથે ભળી જઈ એને વધુ બળવાન કરે એવી ગોઠવણ પણ થવી જોઈએ. ગુજરાતમાં જેમ લેખકોનું મંડળ નથી તેમ પ્રકાશકોનું પણ મંડળ નથી. અત્યારે આવું મંડળ રચવાનો વધુ યોગ્ય સમય નથી? લેખકોને પણ લડાઈની અસર તો પહોંચી જ હશે.

આટલું ન થઈ શકે?

સાહિત્યમાં અપહરણ ચોરી વગેરેના બહુ તો નહિ, પણ કોઈ કોઈ બનાવો આપણે ત્યાં બને છે. આવે વખતે એ ચોરી ઉઘાડી પાડવાનો કોઈ પણ સાહિત્યકારનો ધર્મ છે – વિવેચકનો વિશેષ, પરંતુ અમને એમ થાય છે કે એમાં કટુતા આણવાની કે સામા પક્ષને ઊભા ને ઊભા બાળી નાખે એવી ભાષા વાપરવાની જરૂર છે? એણે ચોરી કરી છે એટલું જ હકીકતથી સાબિત કરીએ તો શું ઓછી અસર થાય! ચોરને કેટલું માન આપવું એ વિષે લોકો સમજતા થઈ ગયા છે. તેઓ ઉશ્કેરાય એવી ભાષા વાપરવાની જરૂર નથી જણાતી. આવા પ્રસંગમાં કોઈને હલકા પાડનારી ભાષા જ્યારે વપરાય છે ત્યારે ઘણીવાર એમ લાગે છે કે આ ભાઈ આવો લાગ જ શોધી રહ્યા હતા. આવા પ્રસંગોમાં વધુ દુઃખદાયક તો એ બને છે કે ચોરીની જોરશોરપૂર્વક જાહેરાત કરતાં પહેલાં સાચી સ્થિતિ સમજવાનો પ્રયત્ન પણ કરવામાં આવતો નથી,

બધા સાહિત્યકારો – વિવેચકો કોઈના વિષે આવું લખવાનું હોય ત્યારે એક વખત એને પૂછી – પુછાવી જોવાનો નિયમ ન કરી શકે ? ગુજરાત બહુ નાનું છે. આવા પ્રસંગો ઘણા ઓછા બને છે જેના તરફથી બને છે તે મોટે ભાગે એકબીજાને ઓળખતા પણ હોય છે, જો તેઓ એક વખત પત્રવ્યવહાર કરી લે તો અમને લાગે છે કે જો ગેરસમજ હોય તો દૂર થઈ જાય, આક્ષેપો સાચા હોય તો વધુ સચોટ થાય અને છતા એમાથી કટુતા નીકળી જાય.

જાહેરખબરનો પ્રશ્ન

"બાળમાસિકોમા ને બાળપુસ્તકોમા જે જાહેરખબરો આવે છે તે સામે યોગ્ય વાંધો ઊઠ્યો છે અમને લાગે છે કે તમામ સાહિત્યપ્રકાશન પરત્વે આ વિષે ચર્ચા થવી જોઈએ બાળકોની આખ સામે હલકી જાહેરખબરો ન હોવી જોઈએ એ અત્યત અગત્યનું છે પણ એક વાત સમજવા જેવી છે કે બાળકો એ જા ખ વાચીને કાઈ કરતા નથી, જ્યારે અબુધ (અભણ નહિ) સ્ત્રી-પુરુષો તો એનો ઉપયોગ લઈ જિંદગી બરબાદ કરે છે જા. ખ બાબતમા ઘણીવાર એમ લાગે છે કે કોઈએ કઈ બોલવા જેવુ જ નથી કારણ કે જે પાનામા જા ખ વિષે ટીકા થયેલી હોય તે જ પાનામા કે બીજા પાનામા એવી જ જા ખ આકર્ષક રીતે મૂકી હોય છે સાહિત્યપ્રેમીઓની એટલી ફરજ અમને લાગે છે કે આ બાબતમા જે સાહિત્યસસ્થા લોકહિતને નજરમા રાખતી હોય તેને સાહિત્યપ્રેમીઓએ નજરમા રાખવી જોઈએ

આપણું વિવેચનસાહિત્ય

રેખાના જુલાઈના અકમા શ્રી મનસુખલાલ ઝવેરીએ 'આપણા વિવેચનસગ્રહો' નામનો લેખ લખ્યો છે, તેમા એક સાચુ અને મહત્ત્વનું વિધાન છે ' આ દસ સગ્રહો જોયા પછી એક બીજી હકીકત પણ ધ્યાન ખેચે છે, (૧) આપણે ત્યા કાવ્યેતર વિભાગ કરતા કાવ્યોનું વિવેચન વધારે થાય છે (૨) અને કાવ્યોમા પણ પ્રાચીન કરતા અર્વાચીન કાવ્યો તરફ જ આપણા વિવેચકો વધારે ઢળ્યા છે (૩) અર્વાચીન કાવ્યોમા પણ કવિઓનું યથાક્રમ અને સમગ્ર પરીક્ષણ કરવાને બદલે આપણા વિવેચકો છૂટી છવાઈ કૃતિઓ પર જ ઘણુખરુ લખી ગયા છે (૪), આપણે ત્યા પદ્યના જે જે સ્વરૂપો પ્રચલિત હતા અને છે આખ્યાન ખડકાવ્ય, રાસ, રાસડો, ગરબી, ગરબા વગેરે – ના શુદ્ધ સ્વરૂપની શાસ્ત્રીય તલસ્પર્શી અને પ્રમાણભૂત મીમાસા કરતુ એક પણ પુસ્તક નથી. (૫) નરસિંહ, મીરા પ્રેમાનદ, દયારામ અખો, શામળ વગેરે પ્રાચીનો (૬) અને નર્મદ, દલપત, 'કાન્ત' મણિભાઈ વગેરે અર્વાચીનોના જીવનનો અને કવનનો ખ્યાલ આપતા પ્રમાણભૂત પુસ્તકો નથી (૭) ગોવર્ધનરામ, નાનાલાલ અને મુનશી જેવા આપણા પ્રથમ પક્તિના સર્જકોનું સમગ્ર અને સપ્રમાણ મૂલ્યાકન કરતા નિબધો કે પુસ્તિકાઓ નથી (૮) સાહિત્યના મૌલિક અને તાત્ત્વિક સિદ્ધાતોની ચર્ચા કરનાર [કાવ્યની શક્તિ કાવ્યમા વર્ણ્યનું મહત્ત્વ, ક્લાસિકલ અને રોમાન્ટિક પ્રતિરૂપો વગેરે જેવા] લેખોની પણ આપણે ત્યા અછત છે '

આ વિધાન સર્વાશે તો નહિ પણ કેટલેક અંશે સત્ય છે તેનો સ્વીકાર કરીને જ તેનો વિસ્તાર કરવાનો ઉદ્દેશ છે શ્રી ઝવેરીને ટૂકા લેખમા ઘણું કહેવાનું હોઈ, તે કદાચ કેટલીક હકીકતો નહિ જણાવી શક્યા હોય આપણે એક પછી એક એક મુદ્દો જોઈએ અને આપણા વિવેચનસાહિત્યમા તેની કેટલી ચર્ચા થઈ છે તે પણ જોઈ લઈએ આમા શ્રી ઝવેરી સાથે ચર્ચામા ઊતરવાનો કે તેમના વિધાનનો વિરોધ કરવાનો મુદ્દો હેતુ નથી આટલા સ્પષ્ટીકરણ પછી પહેલો મુદ્દો જોઈએ

(૧) આપણે ત્યા કાવ્યેતર વિભાગ કરતાં કાવ્યોનું વિવેચન વધારે થાય છે

આપણે મધ્યકાલીન સાહિત્ય તરફ કે પ્રાચીન સાહિત્ય તરફ નજર કરીશું તો એક વસ્તુ તો પહેલામાં પહેલી તરે સ્પષ્ટ જણાઈ આવશે કે તે વખતે કાવ્યેતર જેવો કોઈ વિભાગ ન હતો. અરે, છેક દલપતરામ સુધી એવી માન્યતા ઘર કરી રહી હતી કે જે કંઈ પદ્યમાં લખાય તે સર્વ કવિતા કહેવાય. એટલે પ્રાચીન સાહિત્યનું વિવેચન કરતાં આપોઆપ વિવેચકને કાવ્યોનું જ વિવેચન કરવું પડે. શ્રી. ઝવેરી તો એમ કહે છે કે કાવ્યેતર વિભાગ કરતાં કાવ્યોનું વિવેચન વધારે થાય છે. પણ આપણે તો આગળ વધી એમ પણ કહી શકીએ કે 'વધારે' તો નહિ પણ સર્વ વિવેચન કાવ્યોને અનુલક્ષીને જ કરેલું છે.

આ વિધાન અર્વાચીન વિવેચન માટે સમગ્રપણે નહિ લાગુ કરી શકાય વધારે તો નહિ પણ આ દસ વિવેચનસંગ્રહ જ જોઈએ. 'કાવ્યતત્ત્વવિચાર' માં આનંદશંકરભાઈ કલા અને કાવ્યની મીમાંસા કરે છે. અહીં કાવ્ય એ તેના સંકુચિત અર્થમાં નથી, પણ તે સમગ્ર સાહિત્ય માટે યોજાયેલો શબ્દ છે. ભામહને પણ કહ્યું છે ને शब्दार्थौ सहितं काव्यं गद्यं पद्यं च तद् द्विधा। એટલે 'કાવ્ય' અંગે જે ચર્ચા થઈ છે તે ગદ્ય અને પદ્ય એમ ઉભય અંગોને માટે ચર્ચેલી છે. 'સાહિત્યવિમર્શ'માં કાવ્યોનું વિવેચન મુદ્દલે નથી. 'વિવેચના' માં તો કાવ્યનું તેમ કાવ્યેતરનું વિવેચન છે. 'જૂઈ અને કેતકી' એ તો છૂટાંછવાયાં વિવેચનનો સંગ્રહ છે. અને વાચક જોઈ શકશે કે તેમાં કાવ્ય કરતાં કાવ્યેતર વિભાગનું વિવેચન વધારે છે. 'વિવેચનમુકુર'માં તો 'નર્મદની કવિતા' સિવાય કાવ્યનું વિવેચન એક નથી. અને શ્રી. વિશ્વનાથે પણ આજ સુધી કાવ્યેતર વિભાગનું જ સુંદર અને સચોટ વિવેચન વધારે પ્રમાણમાં કર્યું છે. 'આપણું વિવેચનસાહિત્ય' તેમાં તો માત્ર આપણા સિદ્ધહસ્ત અને અમુક ઉમરથી વધારે એવા વિવેચકોના વિવેચનકાલની સમીક્ષા છે. 'વિવેચનસાહિત્ય' તેમ 'સાહિત્યકલા' એમાં પણ નર્યું કાવ્યવિભાગનું વિવેચન નથી. આ દસ ગ્રંથોમાં માત્ર 'સાહિત્યવિમર્શ' એ એક જ ગ્રંથ એવો છે કે જે માત્ર કવિતા અને કવિ પર વિવેચન કરે છે.

એટલે આ દસ જ વિવેચનસંગ્રહ જોતાં પણ શ્રી. ઝવેરીનું વિધાન ખોટું ઠરે છે. આપણા વિવેચકો જેમ કાવ્ય અને તેનાં અંગોની ચર્ચા કરે છે તેમ કાવ્યેતર વિભાગની પણ છૂટથી ચર્ચા કરે છે. કોલેજોના ગુજરાતીના ઉચ્ચ વિભાગોના અભ્યાસક્રમમાં નાટક, જીવનચરિત્ર, નવલકથા વગેરેનાં સ્વરૂપો (Form) શીખવવામાં આવતાં હોઈ તે અંગે પણ સાહિત્ય લખાવા માંડ્યું છે. શ્રી. નવલરામ ત્રિવેદીએ તેમનાં 'કેટલાંક વિવેચનો'માં શ્રી મુનશીની તેમ શ્રી. ર. વ. દેસાઈની નવલકથા પર, ગોવર્ધનરામના સરસ્વતીચંદ્ર પર વેધક પ્રકાશ પાડ્યો છે. 'વિવેચનમુકુર' માં શ્રી. વિશ્વનાથ ભટ્ટે શ્રી. રમણલાલ દેસાઈની સમગ્ર નવલકથા-પ્રવૃત્તિ પર સચોટ અને અભ્યાસપૂર્ણ સમીક્ષા કરી છે. એ રીતે ટૂંકી વાર્તા પર શ્રી. ધૂમકેતુએ, રા. વિ. પાઠકે અને નરસિંહરાવે પણ લખેલું છે. 'નિબંધમાળા' ના ઉપોદ્ઘાતમાં શ્રી. વિશ્વનાથ ભટ્ટે નિબંધ પર સુંદર નિબંધ લખેલો છે એવી રીતે આપણા સમગ્ર નાટ્યસાહિત્ય ઉપર શ્રી. અનંતરાય રાવળે એક લાંબું વિવેચન કરેલું છે. એટલે કાવ્યેતર વિભાગનું વિવેચન થયું નથી, તેમ થતું નથી તે કહેવું ઠીક નથી.

(૨) કાવ્યોમાં પણ પ્રાચીન કરતાં અર્વાચીન કાવ્યો તરફ જ આપણા વિવેચકો વધારે ઢળ્યા છે.

પ્રાચીન કાવ્યસાહિત્યની સમગ્ર ચર્ચા કરતું એક પુસ્તક નથી એ સાચું, પણ તે તરફ પણ ઠીક ઠીક પ્રયાસો પણ થયા છે તે આપણે પાંચમા મુદ્દામાં જોઈશું આપણા વિવેચકો અર્વાચીન કાવ્યો તરફ ઢળ્યા છે તેનું પણ કારણ છે. સર્જક અને વિવેચક એક જ યુગમાંથી પસાર થતા હોઈ યુગનાં ગ્રંથનો, યુગના સળગતા પ્રશ્નો અને યુગના સમગ્ર જીવનથી તે બરાબર વાકેફ છે. અને હમેશાં માણસને વર્તમાન પરિસ્થિતિ વધારે ધ્યાન ખેંચે છે. પ્રવર્તમાન કવિતામાં આપણા જ પ્રશ્નો મૂર્ત થતા હોઈ તેમાં

વધારે રસ પડે તે સ્વાભાવિક છે એથી વિવેચકો અર્વાચીન કવિતાની ચર્ચા વધારે કરે છે તે સમજી શકાય તેવી વાત છે

આ ઉપરાંત બીજું કારણ એ છે કે અર્વાચીન યુગથી જ સાચી કવિતાનાં મંડાણ થાય છે અર્વાચીન કવિતામાં જ વિવિધ વિષયો, વિવિધ ભાવો, વિવિધ રચનાઓ થવા લાગી વસ્તુમાં તેમ આયોજન પદ્ધતિમાં અર્વાચીન કાવ્યસાહિત્યે પ્રગતિ કરી છે તેમાં શક નથી એટલે વિવેચક પણ અર્વાચીન કવિતાની પ્રગતિમાં સામેલ થાય તે પણ સ્વાભાવિક છે અને અર્વાચીન કવિતાની છણાવટ વિવિધ રીતે થાય તે પણ શુભ વસ્તુ છે

(૩) અર્વાચીન કાવ્યોમાં પણ કવિઓનું યથાક્રમ અને સમગ્ર પરીક્ષણ કરવાને બદલે આપણા વિવેચકો છૂટી છવાઈ કૃતિઓ પર જ ઘણું ખરું લખી રહ્યા છે

છૂટીછવાઈ કૃતિઓ પર તો શ્રી નરસિંહરાવ વિવેચન કરતા હતા તે હકીકત સાચી છે હાલમાં તો 'છૂટીછવાઈ કૃતિઓ'ને બદલે સમગ્ર કાવ્યસંગ્રહ પર જ વિવેચન થાય છે. 'વિવેચના'માં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કેટલાક કાવ્યસંગ્રહો પર અને તે સંગ્રહના કવિ પર વિવેચના કરેલી છે અને એ કવિઓમાંના ઘણાખરાના તો તે પહેલા જ સંગ્રહો હોઈ તેમની કવિતાપ્રવૃત્તિનું તેમાં સમગ્ર દર્શન થાય છે 'વિવેચનમુકુર'માં નર્મદની કવિતા પરનો લેખ તેની સમગ્ર કવિતાને સ્પર્શ કરતો નથી? 'કાવ્યની શક્તિ'માં કવિ નાનાલાલની કવિતા પરનો શ્રી પાઠકનો લેખ કવિની કાવ્યપ્રવૃત્તિને સ્પર્શ કરે છે. આ આક્ષેપ તો થોડેક અંશે 'જૂઈ અને કેતકી' અને 'કવિતાની શક્તિ'માં સંગ્રહાયેલાં ટૂંકાં વિવેચનોને લાગુ પડે તેમ છે. 'છૂટીછવાઈ કૃતિઓ'નો અર્થ લેખક શું કરતા હશે તેની તો કલ્પના જ કરવી રહી બાકી અર્વાચીન યુગનો વિવેચક એકલદોકલ કૃતિનું તો વિવેચન કરતો જ નથી, કોઈ પાઠ્યપુસ્તકના સંગ્રહમાં તે પણ હોય તો ભલે આજે તો કાવ્યસંગ્રહો પર વિવિધ વિવેચનો થાય છે દા ત 'શેષના કાવ્યો'નું શ્રી સુન્દરમનું 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયેલું અને 'કાવ્યની કવિતા' કરીને 'વિવેચના'માં સંગ્રહાયેલું વિવેચન શ્રી 'શેષ'ને કવિ તરીકે સમજવા માટે પૂરતા નથી? તે વિવેચનો તેમની સમગ્ર કાવ્યપ્રવૃત્તિનો નિર્દેશ કરતા નથી? તે જ રીતે શ્રી પૂજાલાલના 'પારિજાત'નું વિવેચન પણ પ્રો બ૦ ક૦ ઠાકોરે તેમની પ્રસ્તાવનામાં અને શ્રી વિષ્ણુપ્રસાદે 'વિવેચના'માં કરેલ છે પૂજાલાલને સમજવા માટે આથી શું વધારે જોઈએ?

અને અર્વાચીન કવિતાનું સમગ્ર વિવેચન તો શ્રી પાઠકના 'અર્વાચીન કવિતાસાહિત્ય' અને 'અર્વાચીન કાવ્યસાહિત્યના વહેણો'માં મળે છે આવું સમગ્ર વિવેચન આ પહેલાં થયેલું જાણમાં નથી આ ઉપરાંત શ્રી ખબરદારના અપ્રસિદ્ધ ભાષણો પણ અર્વાચીન સમગ્ર કવિતાને જ સ્પર્શ કરે છે એટલે 'છૂટીછવાઈ કૃતિઓ પર જ ઘણું ખરું લખી રહ્યા છે' તે કહેવું યોગ્ય નથી આપણા કવિઓના સમગ્ર વિવેચનો કેટલા થયાં છે તે છઠ્ઠા મુદ્દામાં જોઈશું

(૪) આપણે ત્યાં પદ્યના જે જે સ્વરૂપો પ્રચલિત હતા અને છે તે આખ્યાન, ખંડકાવ્ય, રાસ રાસડા, ગરબી ગરબા વગેરેના શુદ્ધ સ્વરૂપની શાસ્ત્રીય, તલસ્પર્શી અને પ્રમાણભૂત મીમાંસા કરતું એક પણ પુસ્તક નથી

શ્રી ઝવેરીનું આ વિધાન બહુ અંશે સાચું છે અને તેમના અસંતોષમાં વજૂદ છે હાલમાં આપણા વિવેચકો ઊર્મિકાવ્ય (Lyric) સૉનેટ વગેરે પર શાસ્ત્રીય લેખો લખે છે પણ જૂના સ્વરૂપો વિશે કોઈ લખતું નથી શ્રી પાઠકે તેમના 'અર્વાચીન કાવ્યસાહિત્યના વહેણો'માં મહાકાવ્ય આખ્યાન કાવ્ય ખંડકાવ્ય વગેરે પર ટૂંકી પણ તલસ્પર્શી ચર્ચા કરી છે પણ શાસ્ત્રીય ચર્ચા તો કોઈએ કરી હોય તેમ લાગતું નથી અને આખ્યાનકાવ્ય, રાસડા ગરબાઓ વગેરે સ્વરૂપો હવે તો લુપ્ત થતાં ચાલ્યાં છે

(૫) નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, દયારામ અખો, શામળ વગેરે પ્રાચીનોના જીવનનો અને કથનનો ખ્યાલ આપતાં પ્રમાણભૂત પુસ્તકો નથી

નરસિંહ અને મીરાં એ પ્રાચીન હોઈ તેમની સાચી તારીખ પણ નક્કી થઈ નથી અને તેમની કેટલીક કૃતિઓ તો સંદિગ્ધ છે લેખકો કહે છે તેમ એ એના જીવન અને કવનનો સંપૂર્ણ ખ્યાલ આપે તેવું પ્રમાણભૂત પુસ્તક એકે નથી

નરસિંહની તારીખ અંગે શ્રી મુનશી, શ્રી આનંદશંકર ધ્રુવ, ગુજરાતી પ્રેસ વગેરેએ ઘણી ચર્ચા કરી છે ખરી, છતાં તેના જીવનનો અનેકવિધ પ્રકાશ પાડે, તેના કવનની સર્વાંશી જાણ કરે તેવું પુસ્તક આપણે ત્યાં એકે નથી

પ્રેમાનંદ દયારામ, અખો અને શામળ પર તો પ્રમાણભૂત વિવેચનો થયાં છે વડોદરા સાહિત્ય સભાએ થોડાક વર્ષ પહેલાં પ્રેમાનંદ-અંક કાઢેલો આ વર્ષે શામળ-અંક પ્રગટ કર્યો છે 'પ્રેમાનંદ અંક' જોયા પછી એક સચોટ છાપ તો એ જ પડે છે કે એવું પ્રમાણભૂત પુસ્તક બીજું એકે નથી તેમ પ્રેમાનંદના જીવનનો તેમ તેના કવનનો સંપૂર્ણ ખ્યાલ તેમાંથી મળે છે તે જ રીતે 'શામળ-અંક' પણ કવિ શામળના અભ્યાસીઓ માટેનો પ્રમાણભૂત ગ્રંથ છે

દયારામ તો પ્રાચીનોના છેલ્લા કવિ હોઈ તેમના વિશે ઘણાએ લખ્યું છે શ્રી ગોવર્ધનરામે 'કવિ દયારામનો અક્ષરદેહ' નામનું પુસ્તક લખ્યું છે શ્રી. હીરાબેન મહેતા કહે છે તેમ, 'આખા પુસ્તકનો હેતુ દયારામનાં શૃંગારી કાવ્યોને ભક્તિના અર્થમાં ઘટાવવાના પ્રયત્નરૂપે પ્રત્યક્ષ થાય છે!'

અખા ઉપરનો એક સ્વાધ્યાય શ્રી ઉમાશંકર જોષી ટૂંક મુદતમાં પ્રગટ કરવાના છે એમ એ ના અભ્યાસક્રમમાં જૂના કવિઓ ભણવાના આવતા હોવાથી ઉપર જણાવ્યા છે તે બધા જ કવિઓનો લંબાણપૂર્વકનો અભ્યાસ થાય છે એટલે તે ઉપર હવે અભ્યાસપૂર્ણ પુસ્તકો પણ મળશે

(૬) નર્મદ, દલપત, કાન્ત મણિભાઈ વગેરે અર્વાચીનોના જીવનનો અને કવનનો ખ્યાલ આપનાં પ્રમાણભૂત પુસ્તકો નથી

અર્વાચીનોમાં આદ્ય અને અર્વાચીન ગુજરાતનો લાડકડો કવિ નર્મદ અણુશીઓ તો નથી જ રહ્યો તેની શતાબ્દિ પ્રસંગે તેના વિશે ઘણું લખાયું હતું અને અમદાવાદ સાહિત્યસભા તરફથી પ્રગટ થયેલા 'વીર નર્મદ' માં શ્રી વિશ્વનાથ ભટ્ટે તેના જીવનનું સુંદર ખ્યાન કર્યું છે, અને તેની કવિતાનો ઊંડો અભ્યાસ કરી રસદૃષ્ટિએ અને ઐતિહાસિક દૃષ્ટિએ તેની કવિતાનું મૂલ્યાંકન કર્યું છે નર્મદની કવિતા સમજવા માટે આથી વધારે કંઈ પણ ન વાંચે તો પણ ચાલે તેમ છે શ્રી રા વિ પાઠકે પણ 'કવિ નર્મદાશંકર' માં તેની કવિતા વિશે અને ફાર્બસ સભાના આશ્રયે આપેલા એક વ્યાખ્યાનમાં તેના ગદ્ય વિશે અભ્યાસપૂર્ણ નિબંધો લખ્યા છે એટલે નર્મદ ઉપર તો આપણને પ્રમાણભૂત પુસ્તક મળે છે

દલપતરામના જીવનની ઝીણામાં ઝીણી વિગત જાણવી હોય તો આપણને 'કવીશ્વર દલપતરામ'ના ત્રણ ભાગ તેના સુપુત્ર કવિ નાનાલાલે આપ્યા છે તેમાં તેમના કવનનો કંઈક અતિશયોક્તિભર્યો પરિચય પણ થાય છે તેમની સાહિત્યપ્રવૃત્તિ પર આપણને પ્રમાણભૂત સામગ્રી બહુ ઓછી મળે છે તેમાં ના નહિ કહેવાય.

'કાન્ત' મુખ્યત્વે તો કવિ હતા અને તે મશહૂર છે તેમનાં ખંડકાવ્યો માટે 'પૂર્વાલાપ'ના દીર્ઘ ઉપોદ્‌ઘાતમાં તેમના શિષ્ય અને સમર્થ વિવેચક શ્રી. રા. વિ પાઠકે તેમની કવિતા ઉપર ઘણું કહ્યું છે અને જે કંઈ કહ્યું છે તે પ્રમાણભૂત છે એટલું જ નહિ, પણ તે પછી બીજાઓને ભાગે તો તેનો વિસ્તાર જ કરવાનો રહે છે આ ઉપરાંત 'કાન્તમાલા'માં તેમના જીવનનો સંપૂર્ણ ખ્યાલ આપણને મળે છે

મણિભાઈ નભુભાઈએ ગુજરાતને સુંદર નિબંધો અને સુંદર ગદ્ય આપ્યું પણ તેમના સાહિત્યજીવનને લગતું અભ્યાસપૂર્ણ પુસ્તક તો એકે લખાયું નથી. આવા બાકી રહી ગયેલા આપણા સન્માન્ય લેખકોને પકડીને હવે અભ્યાસીઓએ આરંભ કરવા જોઈએ.

(૭) ગોવર્ધનરામ, નાનાલાલ અને મુનશી જેવા આપણા પ્રથમ પંક્તિના સાક્ષરોનું સમગ્ર અને સપ્રમાણ મૂલ્યાંકન કરતા નિબંધો કે પુસ્તિકાઓ નથી .

ગોવર્ધનરામનું નામ દેતાં જ આપણને 'સરસ્વતીચંદ્ર' યાદ આવે છે અને સરસ્વતીચંદ્રની તો વિવિધ દૃષ્ટિએ ચર્ચાઓ ઘણી થઈ છે સરસ્વતીચંદ્રના પાત્રો ઉપર શ્રી અનંતરાય રાવળે ક્ષમણું જ ભાષણ આપેલું સરસ્વતીચંદ્રની કલાસૃષ્ટિ અને ગોવર્ધનરામની શૈલી ઉપર તો શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ અભ્યાસપૂર્ણ અને ચિંતનશીલ બે નિબંધો આપ્યા છે તેમની [illegible]નીની મીમાંસા આટલી સચોટ તો કોઈએ કરી નથી, એટલે ગોવર્ધનરામ ઉપર તો ઘણાએ લખ્યું છે એટલે તેમના અભ્યાસીઓને હવે પૂરતી સામગ્રી મળી રહે તેમ છે

નાનાલાલ આજના મહાકવિ છે તેમની સમગ્ર કવિતા ઉપર શ્રી રા વિ પાઠકે એક લેખ લખેલો છે તે ઉપરાંત શ્રી નવલરામ ત્રિવેદીએ 'કેટલાક વિવેચકો'માં પણ તેમની કવિતા પર કેટલીક ચર્ચા કરેલી છે છતાં કહેવું પડશે કે તેમની સમગ્ર સાહિત્યપ્રવૃત્તિ ઉપર પ્રકાશ પાડતું એકે પુસ્તક તો નથી જ.

શ્રી મુનશીની નવલકથાઓ ઉપર તેમના નાટકો ઉપર, તેમના સ્ત્રીપાત્રો ઉપર—તો આપણા વિવેચકોએ વિવિધ લેખો લખ્યા છે અને જેમ જેમ સાહિત્ય તરફ વાચકોની અભિરુચિ વધશે તેમ તેમ ઘણું લખાતું જશે.

શ્રી ત્રિભુવનદાસ લુહારે પ્રો બ ક ઠાકોરની કવિતાસમૃદ્ધિ પર લાંબો નિબંધ લખ્યો છે તેમાં પ્રો ઠાકોરની સમગ્ર કવિતાની સમીક્ષા છે તેમના ગદ્ય ઉપર શ્રી વિશ્વનાથ ભ. પણ મનનશીલ નિબંધ લખ્યો છે નરસિંહરાવના મૃત્યુટાણે 'ગુજરાત'નો વિશેષાંક તેમનાં જીવન અને કવનનો સંપૂર્ણ ખ્યાલ આપે છે પ્રો અનંતરાય રાવળનો તેમની કવિતા પરનો લેખ તેમની સમગ્ર કવિતાનું સાચું મૂલ્યાંકન કરે છે આમ 'આપણા પ્રથમ પંક્તિના સર્જકોનું સમગ્ર અને સપ્રમાણ મૂલ્યાંકન કરતા' નિબંધો અને લેખો લખાયે જશે

૮ મૌલિક અને તાત્વિક સિદ્ધાંતોની ચર્ચા
કરનારા લેખોની પણ આપણે ત્યાં અછત છે
દરેક સાહિત્યમાં મૌલિક અને સિદ્ધાંતોની ચર્ચા કરનારા લેખો તો ઓછા જ હોય છે અને ગુજરાતી સાહિત્યના વિવેચન ઇતિહાસમાં આવી મૌલિક ચર્ચા પણ ઠીક પ્રમાણમાં છે શ્રી રમણભાઈએ 'કવિતા એટલે શું?'વાળો લેખ, 'હાસ્યરસ' પરનો તેમનો સુદીર્ઘ લેખ, શ્રી મણિભાઈની રસ અને માન પરની ચર્ચા, રસિકલાલ પરીખનો 'રસ' પરનો નિબંધ શ્રી વિશ્વનાથ ભટ્ટનો 'કલાનો મહિમા', 'વિવેચનનો આદર્શ', શ્રી વૈદ્યનો સાહિત્ય પરનો લેખ આવી ચર્ચા કરનારા લેખોમાં વૃદ્ધિ કરે છે શ્રી ઝવેરી રા વિ. પાઠકના 'કાવ્યની શક્તિ'વાળા લેખનો ઉલ્લેખ કરે છે તે સાથે 'જીવન અને સાહિત્ય'નો પણ ઉલ્લેખ કરવો ઘટે તેમાં તો શ્રી પાઠક અંગ્રેજ વિવેચક એબરક્રોમ્બીથી પણ જુદા પડે છે અને નવો જ મૌલિક સિદ્ધાંત રજૂ કરે છે શ્રી આનંદશંકર ધ્રુવનો 'સાહિત્ય અને સાક્ષર' એ લેખ પણ ઘણો જ મહત્ત્વનો છે શ્રી નરસિંહરાવે પણ કેટલાક મૌલિક સિદ્ધાંતોની ચર્ચા કરેલી છે

મુંબઈ યુનિવર્સિટીની પી એચ ડી ની ડીગ્રી માટે કેટલાક અભ્યાસીઓ સ્વાધ્યાય તૈયાર કરી રહ્યા છે એટલે હવે આપણને કેટલાક દટાઈ ગયેલા કવિઓ, કેટલાક અણઉકલ્યા પ્રશ્નો કેટલીક ખૂટતી સામગ્રી વગેરે લભ્ય બનશે વધારે તો નહિ પણ પાંચેક વર્ષમાં આપણું વિવેચનસાહિત્ય જરૂર સમૃદ્ધ બનશે વિવેચનસાહિત્ય ખીલ્યું નથી તેની પાછળ વિવેચકો નથી તે માત્ર કારણ નથી સાહિત્યના રસિકો અભ્યાસક્રમમાં તેનું યોગ્ય સ્થાન વિવેચનગ્રંથોનું કઠિન પ્રકાશન વગેરે કારણો જોવાલેવા તો નથી જ આજે પણ જેટલી વાર્તા કે નવલકથા વંચાશે તેનાથી પાંચમા કે દશમા ભાગનું પણ વિવેચનસાહિત્ય વંચાતું નથી વિવેચન સમજી શકે તેવો વિશાળ વાચકવર્ગ નથી તેમ હામ ભીડી પ્રકાશન કરે તેવી કોઈ સમૃદ્ધ સંસ્થા નથી જેમ જેમ વાચકવર્ગ વધતો જશે તેમ તેમ જરૂર વિવેચન સાહિત્ય પણ ખીલતું જશે અને શ્રી ઝવેરી જે ઓછાપણું દેખાડે છે તે દૂર થશે. આજનો [illegible] તો દેખાડી આપે છે કે આવતી કાલ ઓજસ્વી છે

પીતામ્બર પટેલ

जैनीओने

श्री. काकासाहेब कालेलकर

વેદમાં ગાયને 'અઘ્ન્યા' કહી છે. બધાં પશુઓમાંથી ગાયને જુદી ગણીને એને ન મારવી જોઈએ એવો વેદકાળમાં જ નિયમ થયેલો. ગાયનું દૂધ અત્યંત પૌષ્ટિક, સુપાચ્ય અને નિર્દોષ આહાર છે. એનું દૂધ મળ્યા પછી જ માણસે માંસાહાર ઓછો કરી નાંખ્યો છે. જો દૂધની પ્રાપ્તિ ન થઈ હોત તો માણસ માટે માંસાહાર છોડવાનું મુશ્કેલ થયુ હોત. માણસે ગાય-બળદને જંગલમાંથી લઈ આવીને પોતાના કૌટુંબિક જીવનમાં સ્થાન આપ્યું. ગાયે દૂધ આપીને અને બળદે હળ ખેંચીને માણસના આહારમાં ભારે ક્રાન્તિ કરી હળની મદદથી માણસે ખેતી શરૂ કરી અને અનાજની પેદાશ વધારી. ગાયને પાળીને તેમ જ ભયમુક્ત બનાવીને અને એને ખાસ ખોરાક આપીને તેનું દૂધ વધાર્યું, આ રીતે ગાય તથા બળદે પોતાની સેવાથી માણસ માટે અહિંસાધર્મની સ્થાપના ઊભી કરી. જંગલી ગાયને ગામડાનું પશુ બનાવવા માટે માણસને હજારો વર્ષ સુધી પ્રયત્ન કરવો પડ્યો હશે. ગાય, બળદ, ઘોડો, ગધેડું, ઊંટ, હાથી એ બધા પશુઓને માણસે જ્યારે પાળેલાં બનાવ્યાં ત્યારે માનવી સંસ્કૃતિ એકદમ ઊંચી વધી.

હવે એક પગલું આગળ ભરવાનું આવ્યુ છે. ઘાસનું દૂધ બનાવવાનું કામ ગાયે કર્યું હવે ઘાસનાં ફૂલોમાં જે બિંદુરૂપી અમૃત-રસ રહે છે અને જેને એકઠો કરીને ઉપયોગમાં લેવાનું માણસને માટે અશક્ય છે તે બિંદુઓ એકઠાં કરીને એનું મધ બનાવવાનું કામ મધમાખોનુ છે. મધમાખીઓને મારીને અથવા બાળી મૂકીને તેનો પૂડો લૂંટી લેવાનું કામ માણસજાતે જીવનના પ્રારંભથી જ કર્યું છે. મધ જેવી સ્વાદિષ્ટ અને સુંદર ચીજ માણસ કેવી રીતે છોડી શકે? પણ આટલી મહેનત કરીને મધ લાવી આપનાર માખીઓને મારી નાંખવી, તેનાં ઈંડાં-બચ્ચાંનો નાશ કરવો અને મધની સાથે ઈંડાં પણ નિચોવી નાખવાં એ ખૂબ ક્રૂર, મૂર્ખાઈભરેલુ તેમ જ ગંદું છે. આજે પણ આપણા દેશમાં એ પ્રથા ચાલુ છે. પણ હવે તેમાં અહિંસક પરિવર્તન થઈ રહ્યું છે. મધમાખીઓની અમુક જાતના આખા ટોળાને પકડી લઈને કૃત્રિમ ઘરોમાં રાખવું, તેમને માટે જરૂરના ખાણા-પીણાની વ્યવસ્થા કરવી અને તેને અને તેનાં બચ્ચાં માટે જોઈતું મધ રાખી દઈને બાકીનું મધ આપણા ઉપયોગ માટે લેવું એ સંસ્કૃતિનું પ્રગતિસૂચક પગલું છે. મધ માણસને માટે અત્યંત રુચિકર, પથ્ય અને સરસ ચીજ છે. જો આપણે મધમાખોને પાળી શકીએ તો ગોરક્ષા પછીનું મનુષ્ય-સંસ્કૃતિનું આગળનું પગલું ભર્યું એવો આપણને અનુભવ થશે. આ માખોના પાલનનું ખર્ચ બહુ જ ઓછું આવે છે. તેમનો સ્વભાવ ઓળખી લેવામાં આનંદ આવે છે અને આ ધંધાની કમાણી તો બીજા ધંધા કરતાં પણ વધારે હોય છે. અહિંસાવાદીઓને માટે ગાય તથા મધમાખોના પાલનનો ધંધો માત્ર લાભકારી જ નહિ પરંતુ જીવનમાં નવી દિશા સૂચવનાર સિદ્ધ થશે.

મધ ભેગું કરવામાં હિંસા થાય છે એટલુ જાણી જૈનોએ મધ નિષિદ્ધ આહાર છે એમ નક્કી કર્યું. જે કર્યું તે ઠીક કર્યું પણ આપણા લોકોએ શાસ્ત્રો જીવતાં રાખવાની જરૂર સમજવી જોઈએ. આપણે મધ ન ખાઈએ તો આપણે માખીઓ મારવાની હિંસામાંથી બચી ગયા, પણ માણસજાત કંઈ મધમાખને છોડે એમ નથી, અને નવી ઢબે જો મધમાખોને ઉછેરીએ નહિ તો મધમાખોની હિંસા ટળવાની નથી માટે જૈનોએ પોતાનાં શાસ્ત્રોમાં ઉમેરો કરવો જોઈએ કે મધમાખોને ઉછેરીને અહિંસક ઢબે ભેગું કરેલું મધ નિષિદ્ધ નથી, એટલું જ નહિ પણ તેનું સેવન કરવામાં લાભ છે અને પુણ્ય પણ છે. બહુ જ ઓછી મૂડીથી ચલાવી શકાય અને અઢળક ધન મેળવી શકાય એવો આ ધંધો જો જૈનો ખાસ પોતાનો કરે તો તે વાત એમની વાણિજ્યબુદ્ધિને છાજે એવી છે.*

ઓગસ્ટ, ૧૯૩૯.

---

*હિંદી 'सर्वोदय'માંથી.

 RECD No. B 1001

ત્રણ જીવનચરિત્રો

૧ મહાન મુસાફરો

દોઢ રૂપિયો

૨ વૈજ્ઞાનિક જગત

સવા રૂપિયો

૩ કુદરતની કમાલ

દોઢ રૂપિયો

અમારા બીજા પ્રકાશનોની યાદી
અંદર જુઓ.